શ્રી વીતરાગાય નમઃ



ઉપ્પનેઈવા
વિગમેઈવા
ધુવેઈવા

# શ્રી આચારાંગ સૂત્ર - ૧

ગુરુપ્રાણ આગમ બત્રીસી
આશીર્વાદ દાતા : તપસ્વી ગુરુદેવ પૂજ્ય શ્રી રતિલાલજી મહારાજ સાહેબ
પ્રધાન સંપાદિકા : અપૂર્વ શ્રુત આરાધક પૂ. શ્રી લીલમબાઈ મહાસતીજી

"આણાએ મામગં ધમ્મં"
આ. અ. ૬-ઉ.-૨

આત્માર્થીએ સમજી લેવું કે ભગવાનની આજ્ઞા અનુસાર ચાલવું તે મારો ધર્મ છે. તદનુસાર ચારિત્ર ધર્મમાં દૃઢ રહીને જ્ઞાન-દર્શનનો વિકાસ કરતો રહે.

(આજ્ઞાનુસાર ચાલવું તે જ મારો ધર્મ છે.)

"સચ્ચંમિ ધિઇં કુવ્વહા. (કુવ્વહા)
આચા. અ. ૩ ઉ-૨

જે સત્યરૂપ છે અને જે સત્યની આજ્ઞાના સ્વરૂપની અવસ્થાઓમાં સ્થિત છે તેમાં બુદ્ધિમાન પુરુષે પોતાનું ચિત્ત સ્થિર કરવું જોઈએ. એવા સત્યમાં દીર્ઘ કાળ રહેવું જોઈએ તેમાં પ્રવૃત્તિ કાળ પર્યંત કરવી.

(સત્યમાં જ બુદ્ધિને સ્થાપિત કરો).



# આગમ શાસ્ત્ર

આગમ શાસ્ત્ર



શ્રી વીતરાગાય નમઃ

ગોંડલ ગચ્છ જયવંત હો

પૂ. શ્રી ડુંગર - દેવ - જય - માણેક - પ્રાણ - રતિ ગુરુભ્યો નમઃ

**શ્રી ગુરુ પ્રાણ આગમ બત્રીસી**

**સૌરાષ્ટ્ર કેસરી ગુરુદેવ પૂ. શ્રી પ્રાણલાલજી મ. સા. ની ચીર સ્મૃતિ તથા**
**તપસમ્રાટ ગુરુદેવ પૂ. શ્રી રતિલાલજી મ. સા. મહાપ્રયાણ દશાબ્દીવર્ષ ઉપલક્ષ**

ગણધર રચિત પ્રથમ અંગ

# શ્રી આચારાંગ સૂત્ર - ૧

**પ્રથમ શ્રુતસ્કંધ**

*(મૂળપાઠ, ભાવાર્થ, વિવેચન, પરિશિષ્ટ)*

**: પાવન નિશ્રા :**

ગોંડલ ગચ્છ શિરોમણી પરમદાર્શનિક **પૂ. શ્રી જયંતમુનિ મ. સા.**

**: સંપ્રેરક :**

વાણીભૂષણ **પૂ. શ્રી ગિરીશમુનિ મ. સા.** અને આગમ દિવાકર **પૂ. જનકમુનિ મ. સા.**

**: પ્રકાશન પ્રેરક :**

ધ્યાનસાધક **પૂ. શ્રી હસમુખમુનિ મ. સા.** અને શાસનઅરુણોદય **પૂ. શ્રી નમ્રમુનિ મ.સા.**

**: શુભાશિષ :**

મંગલમૂર્તિ પૂજ્યવરા

પૂ. શ્રી મુક્તાબાઈ મ.

**: અનુવાદિકા :**

પૂ. શ્રી હસુમતીબાઈ મ.

**: પ્રધાન સંપાદિકા :**

અપૂર્વ શ્રુત આરાધક

પૂ. શ્રી લીલમબાઈ મ.

**: પરામર્શ પ્રયોજિકા :**

ઉત્સાહધરા

પૂ. શ્રી ઉષાબાઈ મ.

**: સહ સંપાદિકા :**

ડૉ. સાધ્વી શ્રી આરતીબાઈ મ.

તથા સાધ્વી શ્રી સુબોધિકાબાઈ મ.

: પ્રકાશક :

શ્રી ગુરુ પ્રાણ પ્રકાશન

PARASDHAM

પારસધામ, વલ્લભબાગ લેન, ઘાટકોપર(ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૭૭

: આગમ પ્રકાશન પ્રારંભ :
ઈ. સ. ૧૯૯૭ – ૧૯૯૮ **પૂ. શ્રી પ્રાણગુરુ જન્મશતાબ્દી વર્ષ• ગુરુપ્રાણ ફાઉન્ડેશન, રાજકોટ.**

પુનઃ પ્રકાશન – ઈ. સ. ૨૦૦૯
**પ્રકાશક : શ્રી ગુરુ પ્રાણ પ્રકાશન, પારસધામ, ઘાટકોપર**

પ્રથમ આવૃત્તિ પ્રત : ૧૦૫૦ ★ દ્વિતીય આવૃત્તિ પ્રત : ૧૦૦૮
પ્રકાશન તારીખ : આસોવદ અમાસ – વીર નિર્વાણ કલ્યાણક તથા
તપસમ્રાટ ગુરુદેવ પૂજ્ય શ્રી રતિલાલજી મ. સા. જન્મદિન

ગુરુ પ્રાણ પ્રકાશન

શ્રી પરાગભાઈ શાહ • શ્રી શૈલેષભાઈ દેસાઈ • શ્રી બર્જીશભાઈ દેસાઈ
શ્રી સુમતિભાઈ શાહ • શ્રી ગિરીશભાઈ શાહ • શ્રી જિતેનભાઈ શાહ

**પ્રાપ્તિ સ્થાન :**

**www.parasdham.org ★ www.jainaagam.org**

૧. મુંબઈ –

**પારસધામ**
વલ્લભબાગ લેન,
ઘાટકોપર(ઈસ્ટ), મુંબઈ – ૪૦૦૦૭૭
ફોન – ૩૨૦૪ ૩૨૩૨.

2. U. S. A. -

**Girish P. Shah**
4048, Twyla Lane, Campbell
CA - 95008-3721. U.S.A.
Ph. : (India) 09867054439
(U.S.A) 001- 408-373-3564

૩. રાજકોટ –

**શેઠ ઉપાશ્રય**
પ્રસંગ હોલ પાછળ,
૧૫૦ ફુટ રીંગ રોડ,
કાલાવડ રોડ,રાજકોટ – ૩૬૦૦૦૫
ફોન – ૯૮૨૪૦૪૩૭૬૯

૪. વડોદરા –

**શ્રી હરેશભાઈ લાઠીયા**
ગૌતમ, ૧૨, પંકજ સોસાઈટી,
નર્મદા ગેસ્ટ હાઉસની સામે,
ઈલોરા પાર્ક, વડોદરા – ૩૯૦૦૨૩
ફોન – ૯૮૨૪૦૫૮૪૮૯

મુદ્રક : શિવકૃપા ઑફસેટ પ્રિન્ટર્સ, અમદાવાદ – ફોન : ૦૭૯-૨૫૬૨૩૮૨૮

અ

ર્પ

ણ

સૌરાષ્ટ્ર કેસરી

બા. બ્ર. પૂ. ગુરુદેવ

શ્રી પ્રાણલાલજી મ. સા. ને અનન્ય શ્રદ્ધાભાવે..

## સમર્પણ

આત્મ જાગૃતિના પંથમાં,

સ્વાનુભૂતિના પથદર્શક,

આગમના રહસ્યને સહજ અને

સરળભાવે ઉદ્‌ઘાટિત કરનાર

મારા ભાવ પ્રાણને ખીલવવામાં પ્રેરક

એવા પંડિત રત્ન પરમ શ્રદ્ધેય

પૂ. બા. બ્ર. પ્રાણલાલજી મહારાજ સાહેબના

જ્ઞાન, દર્શનરૂપ કરકમળોમાં

આચારમય જીવન બનાવવા

'આચારાંગ' સૂત્રનો

ભાવાનુવાદ સાદર સમર્પણ.

- પૂ. મુક્ત - લીલમ ગુરુણીના સુશિષ્યા

સાધ્વી હસુમતી

તપ સમ્રાટ તપસ્વી ગુરુદેવ પૂ. રતિલાલજી મ. સા. ના

# આશીર્વચન

ગુરુ મહારાજની
જન્મ શતાબ્દી નિમિત્તે
આગમોનું પ્રકાશન થઈ રહ્યું છે,
તેનો મને આનંદ છે,
તમે સહુ સાધ્વીવૃંદ આગમનો અભ્યાસ કરી,
તેનાં મૂળભૂત તત્ત્વોને સમજો,
જીવનને પંચાચારમય બનાવો,
સમાજમાં જૈન ધર્મનો પ્રચાર કરો.
ગુરુ મહારાજના નામને અમર બનાવો અને
સંયમી જીવનને સફળ બનાવો.
એ જ મારા અંતરના આશીર્વાદ છે.

*મારી સાથે ચાતુર્માસ અર્થે રોયલ પાર્ક સંઘમાં બિરાજમાન સાધ્વીવૃંદ
ભગવાન મહાવીરની વાણીને સમગ્ર વિશ્વમાં
ગુંજતી કરે તેવા શુભાશિષ.*

**– મુનિ રતિલાલ**
**તા. ૧૪/૯/૯૭**
**રોયલ પાર્ક ઉપાશ્રય,**
**રાજકોટ.**

## ગોંડલ ગચ્છ શિરોમણિ પૂ. શ્રી જયંતમુનિ મ. સા. ના સ્વહસ્તાક્ષરે

# આશીર્વચન

ૐ

ૐ ણમો ણાણસ્સ

અત્ર અનુજ્ઞાપયતે વચંચ અનુમન્યતે ચ
યદ્ "ગુરુપ્રાણ આગમ બત્રીશી" પુનર્પ્રકાશનં
અવશ્યં કાર્યં । ઇદં મહા કાર્યં પૂજ્ય –
ગોંડલ ગચ્છ કીર્તિધર અરુણોદય
નમ્રમુનિના પ્રારભ્યતે ઇતિ મમ ભાવઃ
અત્ર કોઽપિ દોષો ન સ્યાત્ ઇતિ સદ –
વિશ્વાસેન અનુમોદનં ક્રિયતે –
શુભં સ્યાત્
ઇતિ આશીર્વચનં અપિ સુન્દરં સ્યાત્
અર્પ્યતે –

આનંદ મંગલમ્ 27-4-2009
અક્ષયતૃતીયા
સોમવાર

હું આજ્ઞા આપું છું તથા આ કાર્યને સ્વીકૃતિ આપું છું કે ગુરુપ્રાણ આગમ બત્રીસીનું પુનઃ પ્રકાશન અવશ્ય કરવું જોઇએ. આ મહાકાર્ય પૂજ્ય ગોંડલ ગચ્છ કીર્તિધર અરુણોદય શ્રી નમ્રમુનિ પ્રારંભ કરે, આ મારા ભાવ છે. આ કાર્યની અનુમોદના કરું છું.

આનંદ મંગલમ્.

શુભ થાઓ... સુંદર થાઓ...
આ આશીર્વચન અર્પિત કરું છું.

તા. ૨૭-૦૪-૨૦૦૯
અક્ષયતૃતીયા - સોમવાર.

# ગુરુપ્રાણ આગમ બત્રીસી અનુવાદિકા મહાસતીજીઓ

**પ્રધાન સંપાદિકા ભાવયોગિની**
બા. બ્ર. પૂ. શ્રી લીલમબાઈ મ.
**સહસંપાદિકા**
ડૉ. સાધ્વી શ્રી આરતીબાઈ મ. તથા
સાધ્વી શ્રી સુબોધિકાબાઈ મ.

**સાંનિધ્ય**
પૂ. શ્રી જયંતમુનિ મ. સા.
પૂ. શ્રી ગિરીશચન્દ્રજી મ. સા.
**જ્ઞાનદાનના સંપૂર્ણ સહયોગી**
પૂ. શ્રી ત્રિલોકમુનિ મ. સા.

| સૂત્રનું નામ | અનુવાદિકા |
|---|---|
| શ્રી આચારાંગ સૂત્ર(ભાગ ૧–૨) | પૂ. હસુમતીબાઈ મ., પૂ. પુષ્પાબાઈ મ. |
| શ્રી સૂયગડાંગ સૂત્ર(ભાગ ૧–૨) | પૂ. ઉર્મીલાબાઈ મ. |
| શ્રી ઠાણાંગ સૂત્ર(ભાગ ૧–૨) | પૂ. વીરમતીબાઈ મ. |
| શ્રી સમવાયાંગ સૂત્ર | પૂ. વનીતાબાઈ મ. |
| શ્રી ભગવતી સૂત્ર(૧ થી ૫ ભાગ) | પૂ. ડૉ. આરતીબાઈ મ. |
| શ્રી જ્ઞાતા સૂત્ર | પૂ. સુમનબાઈ મ. |
| શ્રી ઉપાસકદશાંગ સૂત્ર | પૂ. ઉર્વશીબાઈ મ. |
| શ્રી અંતગડદશાંગ સૂત્ર | પૂ. ભારતીબાઈ મ. |
| શ્રી અનુત્તરોવવાઈ સૂત્ર | પૂ. સન્મતિબાઈ મ. |
| શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્ર | પૂ. સુનિતાબાઈ મ. |
| શ્રી વિપાક સૂત્ર | પૂ. ઉષાબાઈ મ. |
| શ્રી ઉવવાઈ સૂત્ર | પૂ. કલ્પનાબાઈ મ. |
| શ્રી રાજપ્રશ્રીય સૂત્ર | પૂ. બિંદુ–રૂપલ દ્વય મ. |
| શ્રી જીવાભિગમ સૂત્ર | પૂ. પુનિતાબાઈ મ. |
| શ્રી પ્રજ્ઞાપના સૂત્ર(ભાગ–૧ થી ૩) | પૂ. સુધાબાઈ મ. |
| શ્રી જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ સૂત્ર | પૂ. મુક્તાબાઈ મ. |
| શ્રી જ્યોતિષગણરાજ પ્રજ્ઞપ્તિ સૂત્ર (ચંદ્રપ્રજ્ઞપ્તિ, સૂર્યપ્રજ્ઞપ્તિ) | પૂ. રાજેમતીબાઈ મ. |
| શ્રી ઉપાંગસૂત્ર(શ્રી નિરયાવલિકાદિ) | પૂ. કિરણબાઈ મ. |
| શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર(ભાગ–૧, ૨) | પૂ. ડૉ. અમિતાબાઈ મ. પૂ. સુમતિબાઈ મ. |
| શ્રી દશવૈકાલિક સૂત્ર | પૂ. ગુલાબબાઈ મ. |
| શ્રી નંદી સૂત્ર | પૂ. પ્રાણકુંવરબાઈ મ. |
| શ્રી અનુયોગદ્વાર સૂત્ર | પૂ. સુબોધિકાબાઈ મ. |
| શ્રી નિશીથ સૂત્ર | પૂ. લીલમબાઈ મ. |
| શ્રી ત્રણ છેદ સૂત્ર | પૂ. ડૉ. ડોલરબાઈ મ. |
| શ્રી આવશ્યક સૂત્ર | પૂ. રૂપાબાઈ મ. |

# શ્રુત સેવાનો સત્કાર

## શ્રુતાધાર (મુખ્યદાતા)

### પિતાશ્રી ડો. નાનાલાલ ગુલાબચંદ શાહ (હેમાણી)
### માતુશ્રી સવિતાબેન નાનાલાલ શાહ

પિતા ગુલાબચંદભાઈ તથા માતુશ્રી જવેરબેનના ધર્મ સંસ્કારે રંગાયેલા ડો. નાનુભાઈ શાહે વેરાવળ બંદરને પોતાની કર્મભૂમિ બનાવી. અનેક દર્દીઓના મસિહા બની, સ્વાસ્થ્ય દાતા બન્યા.

વેરાવળ, ઉના શ્રી સંઘમાં પ્રમુખ પદે રહી શાસન સેવાના કાર્ય કર્યા. સવિતાબેન પણ શ્રાવિકા મહિલા મંડળના, કસ્તુરબા મહિલા મંડળના પ્રમુખા બની સામાજિક, ધાર્મિક ક્ષેત્રે મહિલા ઉન્નતિના કાર્ય કરતા રહ્યા.

ધર્મપરાયણ, ચોથા આરાના જુગલિયા જેવા આ દંપત્તિ બંને સાથે મળીને ધર્મ આરાધના કરતાં હોય તે દશ્ય અનુપમ બની જતું.

નિવૃત્તિના સમયમાં આત્માના ડોક્ટર બની જૈનાગમ, કર્મ સિદ્ધાંત આદિના વાંચન દ્વારા તેઓએ પોતાના જ્ઞાન ખજાનાને એવો સમૃદ્ધ બનાવ્યો કે સંત-સતીજીઓને વેરાવળ ચાતુર્માસ પધારવા માટે તેઓ આકર્ષણનું કેન્દ્ર બની ગયા હતા.

ભત્રીજી ભદ્રા (પૂ. સુબોધિકાબાઈ મ.) ને દીક્ષાની પ્રેરણા, અનુજ્ઞા આપી શાસનસેવા, કર્મક્ષયના ભાગીદાર બન્યા છે. આપના સંસ્કારોની સુવાસ સાથે લઈ અમેરીકા વસતા સુપુત્ર શ્રી સતીષભાઈ અને પુત્રવધુ સૌ. રશ્મીબેન સામાજિક, ધાર્મિકક્ષેત્રે યોગદાન આપી રહ્યાં છે. સુપુત્રી ડો. ભારતી શાહ, જમાઈરાજ ડો. શ્રી રશ્મિકાંતભાઈ વિશાળ કુટુંબમાં સ્વ કર્તવ્યોને નિભાવતા, વડિલોની સેવા દ્વારા નિજ હૃદયને પુલકિત તથા જીવનને સભર બનાવી રહ્યા છે.

શાસનના સ્તંભસમા આગમ પ્રકાશનમાં સહયોગ આપી, આપે ભદ્રકર્મ-પુણ્યકર્મને સંચિત કર્યું છે. આપની આ શ્રુતસેવાના ઘણા-ઘણા ધન્યવાદ છે.

ગુરુપ્રાણ પ્રકાશન

PARASDHAM

# શાસ્ત્ર સ્વાધ્યાય
## સદ્વિવેક

- તીર્થંકર પ્રભુના પવિત્ર ઉપદેશરૂપ આગમગ્રંથો દરેક ધર્મનિષ્ઠ સ્વાધ્યાયપ્રેમી શ્રમણોપાસકે પોતાના ઘરમાં વસાવવા જોઈએ.
- તીર્થંકરોની અનુપસ્થિતિમાં તીર્થંકરોના ઉપદેશરૂપ ગ્રંથો સાક્ષાત્ તીર્થંકર તુલ્ય માનીને આગમગ્રંથોને ઘરમાં કબાટ કે શોકેશમાં સુવ્યવસ્થિત રૂપે રાખવા.
- પ્રતિદિન તીર્થંકરોને સ્મૃતિપટ પર લાવી અહોભાવપૂર્વક ત્રણ ભાવ વંદન કરવા .
- ઘરના સદસ્યોએ સાથે મળી શ્રધ્ધાપૂર્વક આગમવાંચન કરવું.
- વિનય ધર્મનું મૂળ છે તેથી શાસ્ત્ર સ્વાધ્યાય માટે ગુરુની આજ્ઞા લેવી.
- ૩૨ આગમગ્રંથોમાંથી કાલિક સૂત્રના મૂળપાઠનો સ્વાધ્યાય દિવસના પ્રથમ અને ચોથા પ્રહરમાં અને ઉત્કાલિક સૂત્રના મૂળપાઠનો સ્વાધ્યાય અસ્વાધ્યાય કાલને છોડીને એટલે કે બે સંધ્યા અને બે મધ્યાહ્ન કાલીન ૪૮ મિનિટને છોડીને ગમે ત્યારે કરી શકાય છે.
- પ્રાતઃ ઉષાકાલ, સંધ્યાકાલ, મધ્યાહ્ન અને અર્ધરાત્રિએ બે – બે ઘડી શાસ્ત્રનો મૂળપાઠ વાંચવો નહીં.
- ૩૨ અસ્વાધ્યાયમાં શાસ્ત્ર સ્વાધ્યાય થાય નહીં.
- ઘરમાં સંડાસ – બાથરૂમ હોય, સ્ત્રીઓને માસિકધર્મ હોય, વગેરે કારણોથી ઘરમાં આગમ રાખવાથી અશાતના થાય, તેવી માન્યતા યોગ્ય નથી કારણકે સાધ્વીજી પોતાની પાસે આગમ ગ્રંથો રાખે છે.
- માસિક ધર્મવાળા બહેનોએ શાસ્ત્રના મૂળપાઠનો સ્વાધ્યાય કરવો નહીં. તે વ્યક્તિની સામે પણ સ્વાધ્યાય કરવો નહીં. તેનાથી દૂર અલગ સ્થાનમાં બેસીને સ્વાધ્યાય કરી શકાય છે. ગુજરાતી અનુવાદ, ભાવાર્થ, વિવેચન, માસિક ધર્મમાં પણ બહેનો વાંચી શકે છે. તેમાં કોઈ જાતની અશાતના નથી.
- **આ સમસ્ત નિયમો મૂળપાઠ વાંચવા કે સ્વાધ્યાય કરવા માટેના છે.** કેવળ શાસ્ત્રોના ગુજરાતી ભાવાર્થ વાંચવા હોય, તો ઉપરોક્ત નિયમો લાગુ પડતા નથી.
- આગમગ્રંથોના આધારે જ ભૂતકાલમાં અનંત જીવોએ આત્મકલ્યાણ કર્યું છે. આગમગ્રંથોના આધારે જ પાંચમા આરાના અંત સુધી જિનશાસન જયવંતું રહેશે. તેથી આગમગ્રંથોનું સંપૂર્ણતઃ બહુમાન જાળવવું.

સિંહ સમા પરાક્રમી, હંસ સમા ઉજ્જવલ યશોમૂર્તિ, સૌરાષ્ટ્ર કેસરી પૂજ્ય ગુરુદેવ શ્રી પ્રાણલાલજી મ. સા. નાં શ્રી ચરણોમાં શતગુણ

# પ્રણામાંજલિ




શતાદિ સદ્‌ગુણાલંકૃત તવ વપુઃ ભૂયાદ્ ભવાલંબનમ્

પૂ. શ્રી ડુંગર-દેવ-જય-માણેક-પ્રાણ-રતિ-જગ-ગુરુભ્યો નમઃ
પૂ. હીર-વેલ-માન-દેવ-ઉજમ-ફૂલ-મોતી-આમ્ર-અમૃત-ગુરુણીભ્યો નમઃ

# ગોંડલ સંપ્રદાય-ગુરુપ્રાણ રતિ પરિવાર

## મંગલ મનીષી મુનિવરો
## શાસ્ત્ર શુશ્રૂષિકા શ્રમણીવૃંદ

૦૧. પૂ. શ્રી જયંતમુનિ મ. સા.
૦૨. પૂ. શ્રી ગિરીશચંદ્રજી મ.સા.
૦૩. પૂ. શ્રી જનકમુનિ મ.સા.
૦૪. પૂ. શ્રી જગદીશમુનિ મ.સા.
૦૫. પૂ. શ્રી હસમુખમુનિ મ.સા.
૦૬. પૂ. શ્રી મનહરમુનિ મ. સા.
૦૭. પૂ. શ્રી ગજેન્દ્રમુનિ મ. સા.
૦૮. પૂ. શ્રી સુશાંતમુનિ મ. સા.
૦૯. પૂ. શ્રી નમ્રમુનિ મ. સા.
૧૦. પૂ. શ્રી પીયુષમુનિ મ. સા.

૦૧. પૂ. ગુલાબબાઈ મ.
૦૨. પૂ. પ્રાણકુંવરબાઈ મ.
૦૩. પૂ. લલિતાબાઈ મ.
૦૪. પૂ. લીલમબાઈ મ.
૦૫. પૂ. વિમળાબાઈ મ.
૦૬. પૂ. હંસાબાઈ મ.
૦૭. પૂ. પુષ્પાબાઈ મ.
૦૮. પૂ. વિજયાબાઈ મ.
૦૯. પૂ. તરૂલતાબાઈ મ.
૧૦. પૂ. જસવંતીબાઈ મ.
૧૧. પૂ. વસુબાઈ મ.
૧૨. પૂ. પ્રભાબાઈ મ.
૧૩. પૂ. લતાબાઈ મ.
૧૪. પૂ. ભદ્રાબાઈ મ.
૧૫. પૂ. સુમિત્રાબાઈ મ.
૧૬. પૂ. સાધનાબાઈ મ.
૧૭. પૂ. અરુણાબાઈ મ.
૧૮. પૂ. સરલાબાઈ મ.
૧૯. પૂ. વનિતાબાઈ મ.
૨૦. પૂ. દીક્ષિતાબાઈ મ.
૨૧. પૂ. ધીરમતીબાઈ મ.
૨૨. પૂ. રાજેમતીબાઈ મ.
૨૩. પૂ. હસુમતીબાઈ મ.
૨૪. પૂ. સુમતિબાઈ મ.
૨૫. પૂ. અનુમતિબાઈ મ.
૨૬. પૂ. વીરમતીબાઈ મ.
૨૭. પૂ. યશોમતીબાઈ મ.
૨૮. પૂ. જ્ઞાનશીલાબાઈ મ.
૨૯. પૂ. દર્શનશીલાબાઈ મ.
૩૦. પૂ. વિનોદીનીબાઈ મ.
૩૧. પૂ. પ્રજ્ઞાબાઈ મ.
૩૨. પૂ. પ્રિયદર્શનાબાઈ મ.
૩૩. પૂ. કૃપાબાઈ મ.
૩૪. પૂ. મીરાબાઈ મ.
૩૫. પૂ. કુંદનબાઈ મ.
૩૬. પૂ. જ્યોતિબાઈ મ.
૩૭. પૂ. પ્રીતિસુધાબાઈ મ.
૩૮. પૂ. મીનળબાઈ મ.
૩૯. પૂ. મનીષાબાઈ મ.
૪૦. પૂ. કિરણબાઈ મ.
૪૧. પૂ. હસ્મિતાબાઈ મ.
૪૨. પૂ. શૈલાબાઈ મ.
૪૩. પૂ. ઉર્મિબાઈ મ.
૪૪. પૂ. સુધાબાઈ મ.
૪૫. પૂ. ઉર્વશીબાઈ મ.
૪૬. પૂ. સ્મિતાબાઈ મ.
૪૭. પૂ. ઉર્મિલાબાઈ મ.
૪૮. પૂ. ડોલરબાઈ મ.
૪૯. પૂ. કલ્પનાબાઈ મ.
૫૦. પૂ. સંગીતાબાઈ મ.
૫૧. પૂ. નંદાબાઈ મ.
૫૨. પૂ. સુનંદાબાઈ મ.
૫૩. પૂ. જયેશાબાઈ મ.
૫૪. પૂ. અર્ચિતાબાઈ મ.
૫૫. પૂ. અજિતાબાઈ મ.
૫૬. પૂ. અમિતાબાઈ મ.
૫૭. પૂ. પુનિતાબાઈ મ.
૫૮. પૂ. સુનિતાબાઈ મ.
૫૯. પૂ. ગીતાબાઈ મ.
૬૦. પૂ. વિદુબાઈ મ.
૬૧. પૂ. તરુબાઈ મ.
૬૨. પૂ. મીનાબાઈ મ.
૬૩. પૂ. પૂર્ણાબાઈ મ.
૬૪. પૂ. રશ્મિતાબાઈ મ.
૬૫. પૂ. બિંદુબાઈ મ.
૬૬. પૂ. વિરલબાઈ મ.
૬૭. પૂ. રૂપલબાઈ મ.
૬૮. પૂ. તેજલબાઈ મ.
૬૯. પૂ. સુજીતાબાઈ મ.
૭૦. પૂ. સ્વાતિબાઈ મ.
૭૧. પૂ. શ્વેતાબાઈ મ.
૭૨. પૂ. રેણુકાબાઈ મ.
૭૩. પૂ. નલિનીબાઈ મ.
૭૪. પૂ. રક્ષિતાબાઈ મ.
૭૫. પૂ. રોશનીબાઈ મ.
૭૬. પૂ. અંજીતાબાઈ મ.
૭૭. પૂ. સંજીતાબાઈ મ.
૭૮. પૂ. સંઘમિત્રાબાઈ મ.
૭૯. પૂ. આરતીબાઈ મ.
૮૦. પૂ. રૂપાબાઈ મ.
૮૧. પૂ. મિતલબાઈ મ.
૮૨. પૂ. શ્રેયાબાઈ મ.
૮૩. પૂ. શ્રીદત્તાબાઈ મ.
૮૪. પૂ. શ્રુતિબાઈ મ.
૮૫. પૂ. ભાવનાબાઈ મ.
૮૬. પૂ. ભવિતાબાઈ મ.
૮૭. પૂ. જીજ્ઞેષાબાઈ મ.
૮૮. પૂ. શ્રેયાંસીબાઈ મ.
૮૯. પૂ. પરિજ્ઞાબાઈ મ.
૯૦. પૂ. શ્વેતાંસીબાઈ મ.
૯૧. પૂ. સુબોધિકાબાઈ મ.
૯૨. પૂ. શીલાબાઈ મ.
૯૩. પૂ. હેમાંશીબાઈ મ.
૯૪. પૂ. નમ્રતાબાઈ મ.
૯૫. પૂ. પત્રાબાઈ મ.
૯૬. પૂ. પૂર્વીબાઈ મ.
૯૭. પૂ. જાગૃતિબાઈ મ.
૯૮. પૂ. પ્રબોધિકાબાઈ મ.
૯૯. પૂ. પ્રિયલબાઈ મ.
૧૦૦. પૂ. સ્વરૂપાબાઈ મ.
૧૦૧. પૂ. સુહાનીબાઈ મ.
૧૦૨. પૂ. હૃદયાબાઈ મ.
૧૦૩. પૂ. વૈદેહીબાઈ મ.
૧૦૪. પૂ. ભવ્યાંશીબાઈ મ.
૧૦૫. પૂ. જયણાબાઈ મ.
૧૦૬. પૂ. સંબોહીબાઈ મ.
૧૦૭. પૂ. ભવ્યાનીબાઈ મ.

# વિષયાનુક્રમણિકા


| વિષય | પૃષ્ટ |
|---|---|
| પૂ. શ્રી ડુંગરસિંહજી મ.સા.નું જીવન દર્શન | 13 |
| પૂ. શ્રી પ્રાણલાલજી મ.સા.નું જીવન દર્શન | 15 |
| પૂ. શ્રી રતિલાલજી મ.સા.નું જીવન દર્શન | 17 |
| પુનઃ પ્રકાશનના બે બોલ | 19 |
| પૂર્વ પ્રકાશનના બે બોલ | 21 |
| અભિગમ | 23 |
| સંપાદકીય | 27 |
| સંપાદન અનુભવો | 33 |
| અનુવાદિકાની કલમે | 35 |
| ૩૨ અસ્વાધ્યાય | 54 |
| [redacted] | |
| **અધ્યયન–૧ : શસ્ત્રપરિજ્ઞા** | |
| અધ્યયન પરિચય | ૧ |
| **ઉદ્દેશક–૧** | |
| આત્માસ્વરૂપનો સબોધ | ૨ |
| આત્મ અસ્તિત્ત્વનો બોધ | ૪ |
| કર્મજનક સત્યાવીશ ક્રિયાઓ | ૫ |
| ક્રિયાઓનું પરિણામ અને તેના કારણો | ૬ |
| આત્મબોધનો ઉપસંહાર | ૮ |
| **ઉદ્દેશક–૨** | |
| પૃથ્વીકાયની સજીવતા | ૯ |
| પૃથ્વીકાયની હિંસાના હેતુ | ૧૦ |
| હિંસાનું પરિણામ | ૧૧ |
| પૃથ્વીકાયિક જીવોની વેદના | ૧૩ |
| પૃથ્વીકાય હિંસા ત્યાગ | ૧૫ |
| **ઉદ્દેશક–૩** | |
| અણગારના લક્ષણ | ૧૭ |
| અપ્કાયિક જીવોની સજીવતા | ૧૮ |
| અપ્કાયિકની હિંસા સંબંધી પરિજ્ઞા | ૧૯ |
| પાણીની સજીવતા અને હિંસાનું સૂક્ષ્મજ્ઞાન | ૨૦ |
| અપ્કાય હિંસાત્યાગ | ૨૨ |
| **ઉદ્દેશક–૪** | |
| અગ્નિકાયની સજીવતા | ૨૩ |
| અગ્નિકાયની હિંસાનું પરિજ્ઞાન | ૨૫ |
| અગ્નિકાયથી થતી અન્ય વિરાધના | ૨૭ |
| અગ્નિકાય હિંસા ત્યાગ | ૨૮ |
| **ઉદ્દેશક–૫** | |
| ઈન્દ્રિય વિષય અને સંસાર | ૨૯ |
| વનસ્પતિકાયની હિંસાનું પરિજ્ઞાન | ૩૦ |
| વનસ્પતિમાં મનુષ્યનાં લક્ષણોની સમાનતા | ૩૧ |
| વનસ્પતિકાય હિંસાત્યાગ | ૩૨ |
| **ઉદ્દેશક–૬** | |
| ત્રસ જીવોનો દુઃખમય સંસાર | ૩૩ |
| ત્રસકાય હિંસા પરિજ્ઞાન | ૩૬ |
| પંચેન્દ્રિય જીવોની હિંસાના હેતુ | ૩૭ |
| ત્રસકાય હિંસા ત્યાગ | ૩૮ |
| **ઉદ્દેશક–૭** | |
| વાયુકાયની સૂક્ષ્મતા અને શ્રદ્ધા | ૩૯ |
| વાયુકાયિક જીવોની હિંસાનું જ્ઞાન | ૪૧ |
| વાયુકાય સાથે બીજી વિરાધના | ૪૨ |
| વાયુકાય હિંસા ત્યાગ | ૪૩ |
| છ જીવનિકાય હિંસા ત્યાગ | ૪૪ |
| **અધ્યયન–૨ : લોકવિજય** | |
| અધ્યયન પરિચય | ૪૭ |
| **ઉદ્દેશક–૧** | |
| સંસારનું મૂળ – વિષયાસકિત | ૪૯ |
| અશરણતાનો પરિબોધ | ૫૦ |
| પ્રમાદ પરિવર્જન | ૫૨ |
| આત્મ જાગૃતિ | ૫૪ |
| **ઉદ્દેશક–૨** | |
| અરતિ ત્યાગનું પરિણામ | ૫૬ |
| સંયમમાં સફળ સાધક | ૫૮ |

| વિષય | પૃષ્ટ | વિષય | પૃષ્ટ |
|---|---|---|---|
| સાવદ્ય અનુષ્ઠાનો અને પ્રયોજનો | ૫૯ | કર્મ અને સંયમના જ્ઞાતા | ૧૦૯ |
| દંડ ત્યાગ | ૬૦ | કર્મથી જ સંસાર | ૧૧૦ |
| **ઉદ્દેશક–૩** | | **ઉદ્દેશક–૨** | |
| ગોત્રમૂલક માન–અપમાનનો ત્યાગ | ૬૧ | સંયમ પુષ્ટિ અને કર્મક્ષય પ્રેરણા | ૧૧૨ |
| પ્રાણીઓની કર્મજન્ય અવસ્થાઓ | ૬૩ | સાંસારિક સુખ ચાળણી સમાન | ૧૧૮ |
| મરણ નિશ્ચિત છતાં દરેકને જીવનપ્રિય | ૬૬ | સંયમ સમુત્થાન | ૧૧૯ |
| ધનની વૃદ્ધિ અને ગતિ | ૬૬ | કષાય અને હિંસાત્યાગ બોધ | ૧૨૦ |
| સંસાર પ્રવાહના અપારગામી | ૬૮ | **ઉદ્દેશક–૩** | |
| બોધની પાત્રતા | | વૈરાગ્યમય બોધ | ૧૨૨ |
| **ઉદ્દેશક–૪** | | ભૂત–ભાવી સંબંધી માન્યતાઓ | ૧૨૪ |
| રોગક્રાંત વ્યક્તિની દશા | ૭૦ | અરતિ, આનંદ, હાસ્ય આદિ નો ત્યાગ | ૧૨૭ |
| આશા અને સ્વચ્છંદતાનો ત્યાગ | ૭૨ | આત્મા નિગ્રહથી મુક્તિ | ૧૨૭ |
| કામાસક્ત મનુષ્યોની દશા | ૭૨ | સત્ય–સંયમમાં સમુત્થાન | ૧૨૮ |
| ભિક્ષાચરીમાં સમભાવ | ૭૪ | **ઉદ્દેશક–૪** | |
| **ઉદ્દેશક–૫** | | કષાયોનું વમન | ૧૩૦ |
| ગૃહસ્થાચાર–નિર્દોષભિક્ષાવૃત્તિ | ૭૫ | આત્મજ્ઞાતા સંયમજ્ઞાની | ૧૩૧ |
| દુસ્ત્યાજ્ય કામભોગ, તેનું પરિણામ | ૮૧ | પ્રમાદીને ભય | ૧૩૨ |
| દીર્ઘદૃષ્ટા સાધક | ૮૨ | આત્મવિજયી સર્વવિજયી | ૧૩૩ |
| દેહની અસારતા | ૮૩ | એક કષાય જયથી સર્વ કષાયજય | ૧૩૫ |
| ઈહલૌકિક પ્રવૃત્તિશીલ માનવોની દશા | ૮૫ | શ્રદ્ધાવાનને સંયમનો આદેશ | ૧૩૫ |
| સદોષચિકિત્સા નિષેધ | ૮૬ | શસ્ત્ર – અશસ્ત્રનો તફાવત | ૧૩૬ |
| **ઉદ્દેશક–૬** | | ક્રોધાદિ આત્મદોષોનું વિસર્જન | ૧૩૭ |
| દોષની પરંપરા | ૮૮ | **અધ્યયન–૪ : સમ્યક્ત્વ** | |
| મમત્ત્વ અને લોકસંજ્ઞા ત્યાગ | ૯૦ | અધ્યયન પરિચય | ૧૩૯ |
| અરતિ–રતિ વિવેક | ૯૧ | **ઉદ્દેશક–૧** | |
| કુસાધુ તથા કુશળજ્ઞાની સાધક | ૯૩ | અહિંસાનો ત્રૈકાલિક સિદ્ધાંત | ૧૪૦ |
| કુશળ ઉપદેષ્ટા | ૯૫ | નિર્વેદ ભાવ અને લોકૈષણા ત્યાગ | ૧૪૩ |
| પ્રજ્ઞા પુરુષનો વિવેક | ૯૭ | પ્રજ્ઞાવાનને પ્રબોધ | ૧૪૪ |
| **અધ્યયન–૩ : શીતોષ્ણીય** | | **ઉદ્દેશક–૨** | |
| અધ્યયન પરિચય | ૧૦૧ | અવિવેક–વિવેકથી બંધ, મુકિત | ૧૪૫ |
| **ઉદ્દેશક–૧** | | મૃત્યુની નિશ્ચિતતા | ૧૪૭ |
| ભાવથી સુપ્ત – જાગૃત | ૧૦૩ | હિંસા વિષયક આર્ય–અનાર્યની પ્રરૂપણા | ૧૪૯ |
| દુ:ખની અપ્રિયતા | ૧૦૪ | **ઉદ્દેશક–૩** | |
| સહનશીલતાથી દુ:ખમુક્તિ | ૧૦૬ | ધર્મવિમુખનો સંગ ત્યાગ | ૧૫૨ |

| વિષય | પૃષ્ટ | વિષય | પૃષ્ટ |
|---|---|---|---|
| કુશળ ઉપદેષ્ટાની પરિજ્ઞા | ૧૫૩ | સમ્યક્ત્વની શુદ્ધિ | ૨૦૨ |
| શરીર નિર્મોહ આરાધના | ૧૫૪ | સંપ્રેક્ષણનો દિશાવબોધ | ૨૦૫ |
| દૃઢ સંકલ્પીનો ક્રોધાદિ ત્યાગ | ૧૫૬ | ઉત્થિત અને સ્થિતની સ્થિતિ | ૨૦૬ |
| **ઉદ્દેશક–૪** | | આત્મોપમ્યથી અહિંસાની પુષ્ટિ | ૨૦૭ |
| વિવિધ તપારાધના | ૧૫૮ | આત્મવિજ્ઞાતાની સંયમ પર્યાય | ૨૦૯ |
| જિનાજ્ઞા વિરાધક શ્રમણ | ૧૬૦ | **ઉદ્દેશક–૬** | |
| નિષ્કર્મદર્શીની આરાધના | ૧૬૨ | સંયમ સુરક્ષા | ૨૧૦ |
| આરાધકોનું અનુકરણ | ૧૬૩ | સાધકની સ્વાવલંબી સાધના | ૨૧૧ |
| **અધ્યયન–૫ : લોકસાર** | | આગમ આજ્ઞાની પ્રમુખતા | ૨૧૨ |
| અધ્યયન પરિચય | ૧૬૫ | ત્રણે લોકમાં આશ્રવ અને બંધ | ૨૧૪ |
| **ઉદ્દેશક–૧** | | મુક્તાત્માનું સ્વરૂપ | ૨૧૬ |
| જીવહિંસાનું પરિણામ | ૧૬૭ | **અધ્યયન–૬ : ધૂત** | |
| ત્યાગીને બાલજીવોની અવસ્થાઓનું જ્ઞાન | ૧૬૮ | અધ્યયન પરિચય | ૨૨૦ |
| બ્રહ્મચર્યની આરાધના | ૧૭૦ | **ઉદ્દેશક–૧** | |
| જીવો આરંભજીવી | ૧૭૧ | વક્તા–શ્રોતાનો પરિબોધ | ૨૨૨ |
| દૂષિત એકલવિહાર ચર્ચા | ૧૭૨ | આત્મઉત્થાન રહિત પ્રાણીની ઉપમા | ૨૨૩ |
| **ઉદ્દેશક–૨** | | વ્યાધિગ્રસ્ત પ્રાણીજગત | ૨૨૫ |
| અનારંભી સાધકની સાધના | ૧૭૪ | શરીર માટે હિંસાનિષેધ | ૨૨૮ |
| ધૈર્યવાન સાધક | ૧૭૭ | માનવનો મહામુનિ સુધીનો વિકાસ ક્રમ | ૨૨૯ |
| પરિગ્રહધારીને મહાભય | ૧૭૮ | દીક્ષાર્થી સામે આવતા પ્રલોભનો | ૨૩૧ |
| પરિણામોથી બંધ–મોક્ષ | ૧૮૦ | **ઉદ્દેશક–૨** | |
| **ઉદ્દેશક–૩** | | સાધકનું ઉત્થાન – પતન | ૨૩૩ |
| અપરિગ્રહી શ્રમણનો પુરુષાર્થ | ૧૮૧ | મુનિની એકત્ત્વભાવના | ૨૩૫ |
| સાધકની ચડતી–પડતી દશા | ૧૮૩ | પરીષહોની તિતિક્ષા | ૨૩૭ |
| આત્મયુદ્ધ અને તેના સાધન | ૧૮૫ | જિનાજ્ઞાની સર્વોત્તમતા | ૨૩૯ |
| સંવિગ્નપથ સંયમી મુનિ | ૧૮૭ | પ્રશસ્ત એકચર્યા | ૨૪૦ |
| સાધ્વાચાર પાલનની મહત્તા | ૧૮૮ | **ઉદ્દેશક–૩** | |
| **ઉદ્દેશક–૪** | | અચેલકમુનિના સંયમ–તપ | ૨૪૧ |
| અપરિપક્વ ભિક્ષુનો એકલવિહાર | ૧૯૦ | અસંદીન–દ્વીપ સમાન ધર્મ | ૨૪૫ |
| સમર્પણ ભાવે ગુરુ સાંનિધ્ય | ૧૯૩ | શિષ્ય પ્રતિ ગુરુનું કર્તવ્યબોધ | ૨૪૭ |
| ઈર્યા સમિતિવંતને લઘુકર્મબંધ | ૧૯૫ | **ઉદ્દેશક–૩** | |
| ચલ–વિચલ પરિણામોની ચિકિત્સા | ૧૯૭ | શિષ્યની અવિનીતતા | ૨૪૮ |
| **ઉદ્દેશક–૫** | | સંયમપતિત સાધકો | ૨૫૧ |
| સરોવર સમાન મહર્ષિની મહત્તા | ૨૦૦ | | |

| વિષય | પૃષ્ટ | વિષય | પૃષ્ટ |
|---|---|---|---|
| આગમાનુસારી આરાજના | ૨૫૬ | અભિગ્રહધારીનો સ્વાદ પરિત્યાગ | ૩૦૮ |
| **ઉદ્દેશક–૪** | | સંલેખના–ઈંગિતમરણ | ૩૧૦ |
| સાધકની સહિષ્ણુતા | ૨૫૭ | **ઉદ્દેશક–૭** | |
| ધર્મોદેષ્ટા મહામુનિ | ૨૫૮ | અચેલક મુનિ | ૩૧૪ |
| પરિનિર્વાણદાયક ગુણો | ૨૬૨ | આહારના આદાન – પ્રદાન સંબંધી અભિગ્રહ | ૩૧૬ |
| કષાયથી મુક્તની મુક્તિ | ૨૬૩ | પાદપોપગમન અનશન | ૩૧૮ |
| મૃત્યુ સમયે શરીરનું વિસર્જન | ૨૬૪ | **ઉદ્દેશક–૮** | |
| **અધ્યયન–૭ : મહાપરિજ્ઞા** | | વિમોક્ષનું જ્ઞાન | ૩૨૧ |
| અધ્યયન પરિચય | ૨૬૭ | ભક્ત પ્રત્યાખ્યાન આરાધના | ૩૨૨ |
| **અધ્યયન–૮ : વિમોક્ષ** | | ઈંગિતમરણ – અનશન આરાધના | ૩૨૭ |
| અધ્યયન પરિચય | ૨૬૯ | પાદપોપગમન – અનશન આરાધના | ૩૩૦ |
| **ઉદ્દેશક–૧** | | **અધ્યયન–૯ : ઉપધાનશ્રુત** | |
| શ્રમણોમાં આહરનું આદાન–પ્રદાન | ૨૭૧ | અધ્યયન પરિચય | ૩૩૬ |
| અન્યધર્મી સાથે આહાર વ્યવહાર નિષેધ | ૨૭૨ | **ઉદ્દેશક–૧** | |
| અન્યધર્મીના આચાર–વિચાર | ૨૭૪ | ભગવાન મહાવીરની દીક્ષા | ૩૩૮ |
| અનેકાંતિક વીતરાગધર્મ | ૨૭૭ | વિહારચર્યામાં જનવ્યવહાર | ૩૪૦ |
| દંડ સમારંભ – વિમોક્ષ | ૨૭૮ | દીક્ષાપૂર્વે ત્યાગ સાધના | ૩૪૩ |
| **ઉદ્દેશક–૨** | | સમિતિમય સાધના | ૩૪૮ |
| વધ પરીષહ | ૨૮૧ | શીત આતાપના | ૩૫૦ |
| સાધુઓનો પરસ્પર વ્યવહાર | ૨૮૬ | **ઉદ્દેશક–૨** | |
| **ઉદ્દેશક–૩** | | સાધનાકાળના સ્થાનો | ૩૫૨ |
| મધ્યમવયમાં નિર્ગ્રંથ સાધના | ૨૮૮ | પ્રભુની અપ્રમત્તદશા | ૩૫૩ |
| સંયમ નિપુણની ગુણવત્તા | ૨૯૦ | વિવિધ ઉપસર્ગ | ૩૫૫ |
| **ઉદ્દેશક–૪** | | **ઉદ્દેશક–૩** | |
| ત્રણ વસ્ત્રના અભિગ્રહધારી મુનિ | ૨૯૩ | લાઢ દેશમાં ઉપસર્ગમય સાધના | ૩૫૯ |
| બ્રહ્મચર્ય અસમાધિમાં વૈહાનસમરણ | ૨૯૮ | **ઉદ્દેશક–૪** | |
| **ઉદ્દેશક–૫** | | ભગવાન મહાવીરની ઉગ્ર તપશ્ચર્યા | ૩૬૫ |
| બે વસ્ત્રના અભિગ્રહધારી મુનિ | ૩૦૦ | પ્રભુની એષણા સમિતિ | ૩૬૯ |
| સામે લાવેલા આહાર ગ્રહણનો નિષેધ | ૩૦૧ | પ્રભુની ધ્યાન પરાયણતા | ૩૭૧ |
| આહાર અભિગ્રહ | ૩૦૨ | **પરિશિષ્ટ–૧** | |
| ભક્ત પ્રત્યાખ્યાન અનશન | ૩૦૫ | મુનિશ્રી સંતબાલજીના ચિંતનો | ૩૭૫ |
| **ઉદ્દેશક–૬** | | **પરિશિષ્ટ–૨** | |
| એક વસ્ત્રના અભિગ્રહધારી મુનિ | ૩૦૬ | વિવેચિત વિષયોની અકરાદિ અનુક્રમણિકા | ૪૩૯ |
| ભિક્ષુની એકત્ત્વ અનુપ્રેક્ષા | ૩૦૭ | ❖❖❖ | |

# ગોંડલ ગચ્છાધિપતિ, એકાવતારી આચાર્ય પ્રવર
# પૂ. ગુરુદેવ શ્રી ડુંગરસિંહજી મ.સા.
# જીવન દર્શન

| | | |
|---|---|---|
| **નામ** | : | શ્રી ડુંગરસિંહભાઈ. |
| **જન્મ** | : | વિ. સં. ૧૭૯૨. |
| **જન્મભૂમિ** | : | માંગરોળ. |
| **પિતાશ્રી** | : | ધર્મનિષ્ઠ શ્રી કમળસિંહભાઈ બદાણી. |
| **માતુશ્રી** | : | સંસ્કાર સંપન્ના શ્રીમતી હીરબાઈ. |
| **જન્મ સંકેત** | : | માતાએ સ્વપ્નમાં લીલોછમ પર્વત અને કેસરી સિંહને પોતાની સમીપે આવતો જોયો. |
| **ભ્રાતૃ ભગિની** | : | ચાર બેન – બે ભાઈ. |
| **વૈરાગ્ય નિમિત્ત** | : | પૂ. શ્રી રત્નચંદ્રજી મ.સા.નો ઉપદેશ. |
| **સંયમ સ્વીકાર** | : | વિ. સં. ૧૮૧૫ કારતક વદ – ૧૦ દિવબંદર. |
| **સદ્‌ગુરુદેવ** | : | પૂ. શ્રી રત્નચંદ્રજી મ.સા. |
| **સહ દીક્ષિત પરિવાર** | : | સ્વયં, માતુશ્રી હીરબાઈ, બહેન વેલબાઈ, ભાણેજી – માનકુંવરબેન અને ભાણેજ – હીરાચંદભાઈ. |
| **સંયમ સાધના** | : | અપ્રમત્તદશાની પ્રાપ્તિ માટે સાડા પાંચ વર્ષ નિદ્રાત્યાગ, જ્ઞાનારાધના, ધર્મશાસ્ત્રો, દર્શનશાસ્ત્રો અને તત્ત્વજ્ઞાનનો અભ્યાસ. |
| **તપ આરાધના** | : | રસેન્દ્રિય વિજયના વિવિધ પ્રયોગો, મિતાહાર. સ્વાધ્યાય, સાડાપાંચ વરસ નિદ્રાત્યાગ, ધ્યાનરૂપ આભ્યંતર તપ. |
| **ગોંડલ ગચ્છ સ્થાપના તથા આચાર્ય પદ પ્રદાન** | : | વિ. સં. ૧૮૪૫ મહાસુદ – ૫ ગોંડલ. |
| **જ્વલંત ગુણો** | : | વિનય, વિવેક, વિચક્ષણતા, વિરક્તિ, કરૂણા, સમયસૂચકતા વગેરે... |

| | | |
|---|---|---|
| **પ્રમુખ શિષ્ય** | : | આચાર્ય પૂ. શ્રી ભીમજી સ્વામી. |
| **પ્રમુખ શિષ્યા** | : | પૂ. શ્રી હીરબાઈ મ., પૂ. શ્રી વેલબાઈ મ., પૂ. શ્રી માનકુંવરબાઈ મ. |
| **સાધુ સંમેલન** | : | વિ. સં. ૧૮૬૧માં આજ્ઞાનુવર્તી ૪૫ જેટલા સાધુ-સાધ્વીજીઓનું સંમેલન કરી સંતોની આચાર વિશુધ્ધિ માટે ૧૩ નિયમો બનાવ્યાં. |
| **વિહાર ક્ષેત્ર** | : | કાઠિયાવાડ, ઝાલાવાડ, કચ્છ, માંગરોળ, વેરાવળ, પોરબંદર, દીવબંદર આદિ કંઠાળ પ્રદેશમાં ગ્રામાનુગ્રામ. |
| **પ્રતિબોધિત શ્રાવકવર્ય** | : | શ્રી શોભેચંદ્ર કરસનજી શાહ – વેરાવળ. |
| **સ્થિરવાસ** | : | વિ. સં. ૧૮૭૧ ચૈત્ર સુદ – ૧૫ થી ગોંડલમાં. |
| **અનશન આરાધના** | : | વિ. સં. ૧૮૭૭ ફાગણ સુદ – ૧૩ થી અનશન પ્રારંભ, વૈશાખ સુદ – ૧૫ સમાધિમરણ. |
| **આયુષ્ય** | : | ૮૪ વર્ષ, સંયમ પર્યાય – ૬૨ વર્ષ, આચાર્ય પદ – ૩૨ વર્ષ. |
| **ઉત્તરાધિકારી** | : | આચાર્ય પૂ. શ્રી ભીમજી સ્વામી. |
| **ઉપનામ** | : | ગચ્છાધિપતિ, નિદ્રાવિજેતા, યુગપ્રધાન, એકાવતારી. |
| **પાટ પરંપરા** | : | ગોંડલ ગચ્છાધિપતિ આચાર્ય પ્રવર ગુરુદેવ<br>પૂ. શ્રી ડુંગરસિંહજી મ.સા.<br>દ્વિતીય પટ્ટધર – આચાર્ય પૂ. શ્રી ભીમજી સ્વામી.<br>તૃતીય પટ્ટધર – આચાર્ય પૂ. શ્રી નેણસી સ્વામી.<br>ચતુર્થ પટ્ટધર – આચાર્ય પૂ. શ્રી જેસંગજી સ્વામી.<br>પંચમ પટ્ટધર – આચાર્ય પૂ. શ્રી દેવજી સ્વામી.<br>મહાતપસ્વી પૂ. શ્રી જયચંદ્રજી સ્વામી<br>યુગદૃષ્ટા તપસ્વી પૂ. શ્રી માણેકચંદ્રજી મ.સા.<br>સૌરાષ્ટ્ર કેસરી ગુરુદેવ પૂ. શ્રી પ્રાણલાલજી મ.સા.<br>તપસમ્રાટ ગુરુદેવ પૂ. શ્રી રતિલાલજી મ.સા. |
| **વિદ્યમાન વિચરતો પરિવાર** | : | ૧૧ સંતો, ૩૦૦ જેટલા સતિજીઓ. |

# સૌરાષ્ટ્ર કેસરી, મુનિપુંગવ
# પૂ. ગુરુદેવ શ્રી પ્રાણલાલજી મ.સા.
# જીવન દર્શન

| | |
|---|---|
| **શુભ નામ** | પ્રાણલાલભાઈ. |
| **જન્મભૂમિ** | વેરાવળ. |
| **પિતા** | શ્રીમાન શ્રી કેશવજીભાઈ મીઠાશા. |
| **માતા** | સંસ્કાર સંપન્ના કુંવરબાઈ. |
| **જ્ઞાતિ** | વીસા ઓસવાળ. |
| **જન્મદિન** | વિ. સં. ૧૯૫૪, શ્રાવણ વદ પાંચમ, સોમવાર. |
| **ભ્રાતૃ–ભગિની** | ચાર ભાઈ, ત્રણ બહેનો. |
| **વૈરાગ્ય બીજારોપણ** | બે વર્ષની બાલ્યવયે. |
| **વૈરાગ્ય ભાવ–પ્રગટીકરણ** | ૧૩ વર્ષની કુમાર અવસ્થામાં. |
| **સંયમ સ્વીકાર** | ૨૧ માં વર્ષે વિ. સં. ૧૯૭૬ ફાગણ વદ છઠ્ઠ, ગુરુવાર. તા. ૧૩–૩–૧૯૨૦ |
| **દીક્ષા ભૂમિ** | બગસરા–દરબાર વાજસુરવાળાના ઉદ્યાનમાં વટવૃક્ષ નીચે. |
| **ગચ્છ પરંપરા** | ગોંડલ ગચ્છ. |
| **સંયમદાતા** | મહાતપસ્વી પૂ. જયચંદ્રજી મ.સા. |
| **શિક્ષા દાતા** | પરમ શ્રદ્ધેય તપસ્વી માણેકચંદ્રજી મ. સા. |
| **ધાર્મિક અભ્યાસ** | આગમજ્ઞાન, તત્ત્વજ્ઞાન, કથા સાહિત્ય, રાસ સાહિત્ય, વ્યાકરણ, મહાકાવ્યો, કર્મસાહિત્ય, જૈનેતર ગ્રંથોનું વિશાળ અવલોકન, દર્શન શાસ્ત્રના તજજ્ઞ. |
| **સંઘ નેતૃત્વ** | ત્રણ વર્ષની દીક્ષા પર્યાયે તપસ્વી પૂ. માણેકચંદ્રજી મ. સા. ના સંથારાના સમયથી. |
| **સેવા શુશ્રૂષા** | વડીલ સાત ગુરુભ્રાતા અને અનેક સંતોની સેવા કરી. |

| | |
|---|---|
| **સમાજોત્કર્ષ** | ચતુર્વિધ સંઘ સમાધિ માટે તારવેલા ત્રણ સિદ્ધાંત (૧) લોકોના પરોપકાર માટે દાનધર્મની પ્રધાનતા (૨) અ ખંડન વાદ (૩)નીતિ અને પ્રામાણિકતાનું આંદોલન, જૈન–જૈનેતરો (કાઠી, દરબાર, આહિર)ને સપ્ત વ્યસનથી મુક્તિ, અનેક સ્થાને સાધર્મિક રાહત યોજના. |
| **જ્ઞાન પ્રસાર** | રાજકોટ, ગોંડલ, જેતપુર, ધોરાજી, વડિયા, વેરાવળ, પોરબંદર, માંગરોળ, જામનગર, ભાવનગર વગેરે અનેક સ્થાને જ્ઞાન ભંડાર, વિદ્યાલયની સ્થાપના અને જીર્ણોધ્ધાર. |
| **દેહ વૈભવ** | લાવણ્યમયી મુદ્રા, સૂર્ય સમ તેજસ્વી મુખ, ચંદ્રસમી શાંત આભા, વિશાળ ભાલ, નૂરભર્યા નયનો, ઘૂઘરાળા કેશ, વીણા જેવો સુમધુર કંઠ અને સિંહ જેવી ગર્જના. |
| **આભ્યંતર વૈભવ** | વિનય સંપન્નતા, વિવેક, સાદાઈ, પ્રેમ, વૈરાગ્ય, સેવા, પ્રવચન–પટુતા, ગુરુચરણ સેવા, દીર્ઘ દષ્ટિ, ત્યાગમસ્તી. |
| **વિહાર ક્ષેત્ર** | સૌરાષ્ટ્ર, ગુજરાત. |
| **ગોંડલ ગચ્છ સંમેલન** | વિ. સં. ૨૦૦૭માં ગચ્છ ઐક્યતા માટે મહત્ત્વનું યોગદાન. |
| **ઉપનામ** | પંજાબ કેસરી કાશીરામજી મ. સા. દ્વારા પ્રદત્ત **'સૌરાષ્ટ્ર કેસરી'** |
| **સ્વહસ્તે દીક્ષિત પરિવાર** | ચાર સંત– તપોધની પૂ. રતિલાલજી મ. સા., અનશન આરાધક તપસ્વી પૂ. જગજીવનજી મ. સા., પૂ. નાના રતિલાલજી મ. સા., પરમ દાર્શનિક પૂ. જયંતમુનિજી મ. સા., પૂ. મોટા પ્રભાબાઈ મ. આદિ ૧૫ સતીજી. |
| **અંતિમ ચાતુર્માસ** | બગસરા. |
| **દેહ વિલય** | વિ. સં. ૨૦૧૩ માગસર વદ તેરસ, શનિવાર પ્રાતઃ ૭–૩૦ કલાકે ઈ. સ. ૨૯–૧૨–૧૯૫૬. |
| **અંતિમ વિધિ** | સાતલડી નદીના કિનારે (બગસરા) |
| **શિષ્ય પરિવાર** | વર્તમાને ૧૧૮ સંત–સતિજીઓ 'પ્રાણ પરિવાર' ના નામે સમગ્ર ભારતમાં પ્રસિદ્ધ છે. |

# તપસમ્રાટ પૂ. ગુરુદેવ શ્રી રતિલાલજી મ.સા. નું

# જીવન દર્શન

| | |
|---|---|
| **શુભ નામ** | રતિલાલભાઈ |
| **જન્મસ્થાન** | પરબવાવડી (સૌરાષ્ટ્ર) |
| **જન્મદિન** | આસોવદ અમાસ વિ. સં. ૧૯૬૯ |
| **પિતા** | શ્રીમાન માધવજીભાઈ રૈયાણી |
| **માતા** | સદાચાર સંપન્ના જમકુબાઈ |
| **વૈરાગ્ય ભાવ** | ૧૭ મા વર્ષે |
| **દીક્ષા** | ફાગણ વદ પાંચમ, ગુરુવાર વિ. સં. ૧૯૮૯–જૂનાગઢ |
| **ગુરુદેવ** | સૌરાષ્ટ્ર કેસરી પૂ. પ્રાણલાલજી મ.સા. |
| **ગચ્છ પરંપરા** | ગોંડલ ગચ્છ. |
| **અભ્યાસ યોગ** | વ્યાવહારિક– પાંચ ધોરણ, ધાર્મિક– ૧૯ આગમ કંઠસ્થ, શ્વેતામ્બર–દિગંબર સાહિત્ય, કાર્મગ્રંથિક સાહિત્ય, દાર્શનિક સાહિત્ય, વ્યાકરણ સાહિત્ય |
| **સાધના યોગ** | રાત્રિ–દિવસ નિરંતર જાગૃતદશાએ આત્મસાધના અલ્પનિદ્રા. |
| **સેવાયોગ** | વડીલ વૃદ્ધ ૯ સંતોની સેવા કરી. |
| **તપયોગ** | ૧૯ વર્ષ એકાંતર ઉપવાસ, ૯૯૯ આયંબિલ તપ (સાગાર), ૧૯ વર્ષ પાણીનો ત્યાગ, ૯ વર્ષ મકાઈ સિવાય શેષ અનાજ ત્યાગ. |

| | |
|---|---|
| **મૌનયોગ** | દીક્ષા પછી ૯ વર્ષ એકાંત મૌન સાધના. ઈ. સ. ૧૯૯૨ નવેમ્બરથી આજીવન મૌન આરાધના. |
| **પુણ્ય પ્રભાવ** | ગુરુદેવના પુણ્ય પ્રભાવે અનેક આત્માઓએ માસખમણ આદિ નાની મોટી તપશ્ચર્યાઓ તથા હજારોની સંખ્યામાં વર્ષીતપની આરાધના કરી છે. તેમજ દાન, શીલ અને ભાવની વૃદ્ધિ થઈ છે. |
| **વિહાર ક્ષેત્ર** | ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, ઓરિસ્સા, બિહાર, બંગાળ |
| **જ્ઞાન અનુમોદન** | શ્રમણી વિદ્યાપીઠના પ્રેરક બની ૩૦ શિષ્યાઓ અને ૩૦ વૈરાગી બહેનોને અભ્યાસાર્થે રહેવાની આજ્ઞા આપી. ત્રણ સામૂહિક ચાતુર્માસ કરાવી શાસ્ત્રવાચના કરાવી. |
| **દીક્ષા પ્રદાનસંખ્યા** | ૧૪૫ મુમુક્ષુઓને અણગાર બનાવ્યા. |
| **આચરિત સૂત્રો** | જતું કરવું, ગમ ખાવો, વાદ–વિવાદ કે દલીલ ન કરવા, જે થાય તે સારા માટે, કોઈ પણ જીવની ટીકા કે નિંદા ન કરવી. |
| **જીવંત ગુણો** | વિશાળતા, ઉદારતા, માધ્યસ્થતા, સહિષ્ણુતા, ભદ્રિકતા, સમાધાન વૃત્તિ, જ્ઞાનરુચિ. |
| **અનશન પ્રત્યાખ્યાન** | ઈ. સ. ૧૯૯૨ રાજકોટમાં પૂ. ભાગ્યવંતાબાઈ મ. ને ૫૯ દિવસની અનશન આરાધના કરાવી. |
| **અંતિમ ચાતુર્માસ** | રાજકોટ, શ્રી રોયલપાર્ક સ્થાનકવાસી જૈન મોટા સંઘ સંચાલિત ઓમાનવાળા ઉપાશ્રય.(૧૯૯૭) |
| **મહાપ્રયાણ** | રાજકોટ, તા. ૮–૨–૧૯૯૮ મહા સુદ ૧૧ા રવિવાર મધ્યાહ્ન કાળે ૧.૩૫ કલાકે. |
| **અંતિમ દર્શન તથા પાલખી** | શ્રી રોયલ પાર્ક સ્થાનકવાસી જૈન મોટા સંઘ, રાજકોટ. |
| **અંતિમક્રિયા સ્થાન** | 'તપસમ્રાટ તીર્થધામ', રાજકોટ–અમદાવાદ હાઈ–વે, સાત હનુમાન સામે, રાજકોટ. |

# પુનઃ પ્રકાશનના બે બોલ

(બીજી આવૃત્તિ)

તીર્થંકર ભગવાનના અમૃતસમા વચનોને 'આગમ' રૂપે ગણધર ભગવંતોએ ઝીલીને શિષ્ય પરંપરાને અર્પણ કર્યાઅને આપણને અમૃત વચનો પ્રાપ્ત થયા.

**તીર્થંકર ભગવાને અનંતજ્ઞાનને શ્રીમુખેથી પ્રગટકરી મહા ઉપકાર કર્યો...**

**ગણધર ભગવંતોએ આગમજ્ઞાનને હૃદયસ્થ કરી મહા ઉપકાર કર્યો...**

**શિષ્ય પરંપરાએ આગમ જ્ઞાનને કંઠસ્થ કરી મહા ઉપકાર કર્યો...**

**દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણે આગમજ્ઞાનને ગ્રંથસ્થ કરી મહા ઉપકાર કર્યો...**

ગ્રંથસ્થ આગમોને અનેક આચાર્યોએ સમયાનુસાર લોકભોગ્ય ભાષાશૈલીમાં અનુવાદ કરીને સર્વજન સહજ બનાવ્યા. આ જ પરંપરામાં **સૌરાષ્ટ્રકેસરી પૂ. ગુરુદેવ શ્રી પ્રાણલાલજી મ. સા.** ની જન્મશતાબ્દી અવસરે તેમના જ પરિવારના મહાસતીજીઓએ ગુજરાતીમાં અનુવાદ કરીને જૈન સમાજની જ્ઞાન સાધનાને આગમિક બનાવવામાં બહુમૂલો ફાળો આપ્યો છે. આ મહા કાર્યમાં અપૂર્વ શ્રુત આરાધિકા પ્રધાન સંપાદિકા **ભાવયોગિની શ્રી લીલમબાઈ મ.** અને સહ સંપાદિકા **શ્રી આરતીબાઈ મ., શ્રી સુબોધિકાબાઈ મ.** ના સહયોગ મળ્યો છે.

આ આગમ બત્રીસીની પ્રથમ આવૃત્તિને ગુજરાતના દરેક સંપ્રદાયના સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાઓનો બહોળો પ્રતિસાદ મળતા ટૂંક સમયમાં ૧૦૦૦ આગમ ગ્રંથો અનુપલબ્ધ થઈ ગયા અને પુનઃ પ્રકાશનની આવશ્યકતા ઉભી થઈ.

અહીં એક ખાસ ઉલ્લેખ કરવાનો કે જ્યારે પ્રથમવાર આગમ પ્રકાશનની તૈયારી ચાલતી હતી ત્યારે જ તપસમ્રાટ **પૂ. ગુરુદેવ શ્રી રતિલાલજી મ. સા.** એ શાસન પ્રભાવક પૂ. શ્રી નમ્રમુનિ મ. સા. પર કૃપાદૃષ્ટિ વરસાવી. તેમણે પાટીમાં લખી આપ્યું કે **નમ્રમુનિ આગમ પ્રકાશનનું કાર્ય સંભાળશે.**

પૂ. ગુરુદેવની દીર્ઘદષ્ટિ અને કૃપાદષ્ટિને અનુભવતા પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ. સા. એ અમોને આજ્ઞા આપી કે આપણે આગમ ગ્રંથો પ્રકાશનની બીજી આવૃતિ 'પારસધામ' ના ઉપક્રમે પ્રગટ કરવી છે.

પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ. સા. ની આજ્ઞાને શિરોધાર્ય કરીને પારસધામ - ઘાટકોપરના ઉપક્રમે ગુરુપ્રાણ આગમ બત્રીસીને પુનઃ પ્રગટ કરતા આનંદ અનુભવીએ છીએ.

અમારા આ અણમોલ કાર્યમાં અમને શ્રી ગિરીશભાઈ શાહ (હેમાણી)-U.S.A. તથા શ્રી જિતેનભાઈ શાહ (કલકત્તા) નો અનન્ય સહકાર મળ્યો, જેના કારણે અમારું કાર્ય સરળ બન્યું છે. તેવી જ રીતે ઉદારદિલા દાતાશ્રીઓ એ પણ અમને સહયોગ આપીને અમારું કાર્ય વેગવાન બનાવેલ છે.

અમે તે સર્વના આભારી છીએ.

અંતમાં આગમ પ્રકાશન આપણા સહુના આત્માને અનંતજ્ઞાન પ્રાગટ્યમાં સહયોગી બને એ જ ભાવના.

— શ્રી ગુરુપ્રાણ પ્રકાશન —

PARASDHAM
વલ્લભબાગ લેન, તિલક રોડ, ઘાટકોપર(ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૭૭
ફોન - ૩૨૦૪ ૩૨૩૨.

# પૂર્વ પ્રકાશકના બે બોલ

(પહેલી આવૃત્તિ)

અનંત તીર્થંકર સહ પ્રભુ મહાવીરના અનંત જ્ઞાનની અમૂલ્ય નિધિ છે આપણા આગમગ્રંથો. જેના માધ્યમથી જ જિનશાસન જયવંતું રહ્યું છે, રહે છે અને રહેશે. તેને જીવંત રાખવા અને જન જનનાં મન સુધી પહોંચાડવા તે પ્રત્યેક જૈન નામ ધરાવતી વ્યક્તિની પવિત્ર ફરજ છે. આ પવિત્ર ફરજને જ ધર્મ સમજીને જે તેનું આચરણ કરે છે અને પોતાનાં તન–મન અને ધનને તે કાર્યમાં સમર્પિત કરે છે, તેનું મનુષ્ય જીવન સફળ થાય છે. એટલું જ નહીં પરંતુ તે સાધક જિનશાસનની પ્રભાવનાનો અમૂલ્ય લાભ પ્રાપ્ત કરે છે.

આવો જ અપૂર્વ લાભ પ્રાપ્ત કરવા આપણા ગુજરાતી સમાજને માટે આગમોના મૂળ પાઠ તથા સરળ ગુજરાતી અનુવાદ વિવેચન સહિત પ્રકાશન કરવા માટે પૂ. મુક્ત લીલમ પરિવારને એક ચિંતનધારા જૂનાગઢની પુણ્યભૂમિ પર સ્પર્શી અને જેને રાજાણા નગરી રાજકોટમાં રોયલપાર્ક ઉપાશ્રયમાં સાકાર સ્વરૂપ મળ્યું.

આપણા સૌના પરમ ઉપકારી ગોંડલ ગચ્છાધિપતિ, નિદ્રા વિજેતા, એકાવતારી, યુગપુરુષ પૂ. શ્રી ડુંગરસિંહજી મ. સા.ની પાટ પરંપરાએ પૂ. શ્રી જય–માણેકના લાડીલા શિષ્યરત્ન સૌરાષ્ટ્ર કેસરી પૂ. શ્રી પ્રાણલાલજી મ. સા.ની જન્મ શતાબ્દી નિમિત્તે આ વિરાટ આયોજન કર્યું. પૂ. મહાસતીજીઓએ પોતાની ચિંતનધારાને પૂજ્ય ગુરુવર્યોની સમક્ષ પ્રગટ કરી. સહુના હર્ષોલ્લાસ અને આશીર્વાદ સાથે સ્વીકૃતિના સમાચાર પ્રાપ્ત થયા. રોયલપાર્ક સ્થા. જૈન મોટા સંઘની નિશ્રામાં અમે તુરંત સમિતિ રચવાની જાહેરાત કરી.

રાજકોટ પ્રાણ પરિવારના સામૂહિક ચાતુર્માસ દરમ્યાન જન્મ શતાબ્દી વર્ષ નિમિત્તે વિ. સં. ૨૦૫૩ સન્ ૧૯૯૭ માં "પૂ. પ્રાણગુરુ શતાબ્દી પ્રકાશન સમિતિ રાજકોટ"ની સ્થાપના થઈ. ત્યાર પછી તપસમ્રાટ શ્રી રતિલાલજી મ. સા., ગુજરાત કેસરી પૂ. શ્રી ગિરીશચંદ્રજી મ. સા. ઠા. પાંચ તથા પ્રાણ પરિવારના ૭૩ સાધ્વીજીઓના પાવન સાંનિધ્યમાં જન્મ શતાબ્દીના પ્રથમ ચરણની તપ–જપ, સાધના સાથે ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવી.

શ્રી ગુરુ પ્રાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા ૩૨ આગમો અને પ્રાણગુરુ સ્મૃતિ ગ્રંથનું પ્રકાશન કરવાનું નિશ્ચિત થયું. આગમોનું લેખન કાર્ય પ્રાણ પરિવારના સતીવૃંદે સહર્ષ સ્વીકારી લીધું. આ રીતે સર્વ સમવાયનો સુયોગ થતાં કાર્યનો પ્રારંભ વેગવંત થયો અને બત્રીસ આગમો ક્રમશઃ ગુજરાતી ભાષામાં અનુવાદિત થયા.

આ પ્રકાશનના અણમોલ અવસરે આશીર્વાદ વરસાવી સહર્ષ સ્વીકૃતિ આપનાર તપ સમ્રાટ ગુરુદેવ **પૂ. શ્રી રતિલાલજી મ. સા.** તથા દરેક આગમના રહસ્યોને પ્રગટ કરતો, તત્ત્વોનું વાસ્તવિક દર્શન કરાવતો, આશીષ વરસાવતો અમારા ઉત્સાહને વધારતો અભિગમ પ્રેષિત કરનારા ગોંડલ ગચ્છના સંત શિરોમણિ પરમ દાર્શનિક **પૂ. શ્રી જયંતીલાલજી મ. સા.**, અમ માર્ગદર્શક ગુજરાત કેસરી **પૂ. શ્રી ગિરીશચંદ્રજી મ. સા.**, તથા આગમ દિવાકર **પૂ. શ્રી જનક મુનિજી મ. સા.** નીડર વક્તા **પૂ. શ્રી જગદીશમુનિજી મ. સા.** આદિ મુનિ ભગવંતો તથા આગમને સુવ્યવસ્થિત સ્વરૂપ આપનાર, અથાગ પરિશ્રમ સહિત નિઃસ્વાર્થ ભાવે સંપૂર્ણ સહયોગ આપનાર આગમ મનીષી **પૂ. શ્રી ત્રિલોકમુનિજી મ. સા.** ના પણ અમો ઋણી છીએ.

વાત્સલ્ય વરિષ્ઠા પૂજયવરા **પૂ. મુક્તાબાઈ મ.**, પ્રધાન સંપાદિકા અપૂર્વશ્રુત આરાધક **પૂ. લીલમબાઈ મ.**, અમ પ્રકાશન કાર્યના ઉદ્ભાવિકા, ઉત્સાહધરા **પૂ. ઉષાબાઈ મ.**, સહ સંપદિકા **ડો. પૂ. શ્રી આરતીબાઈ મ.** તથા **પૂ. સુબોધિકાબાઈ મ.** અને પ્રાણ પરિવારના અનુવાદિકા સર્વ મહાસતીજીઓના અમે ઋણી છીએ.

શ્રુતાધાર સહયોગીઓ, અમ આગમ પ્રકાશનમાં નિષ્ઠાથી સેવા આપનાર શ્રી મુકુંદભાઈ પારેખ, શ્રી મણિભાઈ શાહ, શ્રી નવનીતભાઈ – તરૂબેન, કુમારી ભાનુબેન, શ્રી જયવંતભાઈ શાહ તથા આગમને કોમ્પ્યુટરાઈઝડ્ કરી મુદ્રણ કરી આપનાર ભાઈ શ્રી નેહલ હસમુખભાઈ મહેતાના અમો આભારી છીએ.

આગમ પ્રકાશન કાર્યમાં શુદ્ધિકરણનું ખૂબ જ ધ્યાન રાખવામાં આવ્યું છે. છતાં ક્યાં ય અશુદ્ધિ રહી ગઈ હોય તો શુદ્ધ વાંચી તે તરફ અમારું ધ્યાન દોરવા નમ્ર વિનંતી છે.

અંતમાં સૌના સહિયારા પુરુષાર્થ બદલ શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન સદાને માટે સૌના કૃતજ્ઞ બની રહેશે.

જય જિનેન્દ્ર

શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન – ટ્રસ્ટી મંડળ


શ્રી ચંદ્રકાંત માણેકચંદ શેઠ (પ્રમુખ)

શ્રી રમણીકલાલ નાગરદાસ શાહ (ચેરમેન)

શ્રી અશ્વિનભાઈ કુંભાણી (ટ્રેઝરર)

શ્રી ટી. આર. દોશી (ઉપપ્રમુખ)

શ્રી કે. પી. શાહ (ટ્રસ્ટી)

શ્રી કીરીટભાઈ શાહ (ટ્રસ્ટી)

# અભિગમ

ગોંડલ ગચ્છ શિરોમણી પરમ દાર્શનિક
પૂ. શ્રી જયંતમુનિ મ.સા.

જૈન વાઙમયના પ્રાચીન સાહિત્યમાં આગમ એ જૈનધર્મમાં એક પ્રકારના વેદ જેવા છે. અને તે આગમોનું ઘણા આદરપૂર્વક અક્ષરશઃ શ્રધ્ધાન કરી તે પ્રમાણે આચરણ કરવા માટે જૈન મુનિવર્યો અને સાધ્વીજીઓ પ્રયાસ કરે છે તદનકૂળ આચરણ ન કરી શકે તો, તે માટે પ્રાયશ્ચિત પણ કરે છે. આચારકાંડ એ જૈનધર્મનો પ્રાણ છે. સમગ્ર જ્ઞાનતત્ત્વને આચાર રૂપે પરિણન કરવા માટે આગ્રહપૂર્વક સચોટ ઉપદેશ આપવામાં આવ્યો છે. આ વાતને અનુમોદન આપે, તેવું જૈનઆગમોનું પ્રથમ પ્રમાણ સુપ્રસિદ્ધ પ્રથમ આગમ આચારાંગસૂત્ર છે. આ શાસ્ત્રનું નામ પ્રથમ અંગ તરીકે 'આચારાંગ' રાખવામાં આવ્યું છે. ઘણું જ વિલક્ષણ અને પ્રાચીન ભાવોથી ભરેલું આ શાસ્ત્ર દિવ્ય પ્રકાશ આપી જાય છે. વ્યવહારમાં કે ભારતમાં ધર્મને નામે પ્રચારિત થયેલી તે, જેના મૂળ મજબૂત થયેલા છે તેવી હિંસાઓ પ્રત્યે પ્રતિકાર કરવામાં આવ્યો છે, એક પ્રકારે અહિંસક ક્રાંતિનું બ્યુગલ બજાવ્યું છે. પદે-પદે ક્રાંતિકારી શબ્દોના ચમકારા જોવા મળે છે. આચારનો પાયો મજબૂત થાય તો જ્ઞાન-દર્શનનો વિકાસ અનુકૂળ થાય છે. आचारः भ्रष्टा निर्ग्रंथा न शोभन्ते किंशुका रुप । અર્થાત્ આચારહીન માણસો ગમે તેવી જ્ઞાનની વાતો કરતા હોય તે શૈભતા નથી. જેમ રૂપ-રંગવાળા કેશૂડાના ફૂલ ગંધ રહિત હોવાથી મૂલ્યવાન બનતા નથી.

આ શાસ્ત્રના પ્રથમ અધ્યયનમાં જ હિંસાનો ઘોર વિરોધ કરી અબુધ માણસોને કે પરંપરાથી હિંસામાં બંધાયેલા ધર્મગુરુઓને અથવા એવા ત્યાગી વર્ગને પડકારવામાં આવ્યા છે કે જેઓ ધર્મના નામે લોહીનો વ્યાપાર કરીને દુર્ગતિ પ્રાપ્ત કરે છે. આમ તો આખું શાસ્ત્ર જ પ્રધાન રૂપે અહિંસકભાવોથી ભરેલું છે. હિંસા ન કરવી એટલું કહીને શાસ્ત્રકાર અટક્યા નથી પરંતુ જે હિંસા ચાલી રહી છે તેનો સખત શબ્દોમાં વિરોધ કર્યો છે અને અહિંસાનો ધ્વજ ફરકાવવા કોશિષ કરી છે, પરંતુ આ અહિંસાની બળપૂર્વક સ્થાપના કરી નથી. તેમાં અભુસાને ઉપદેશાત્મક રીતિથી સમજાવવા માટે પૂરો પ્રયાસ કર્યો છે. જો બળપૂર્વક હિંસાને રોકવામાં આવે તો એક નવી હિંસાનો જન્મ થાય, તેથી જૈન સિધ્ધાંતો આ બાબતમાં ઘણા જ સચેત છે અને બહુ સાવધાનીપૂર્વક અહિંસાના બગીચામાં પ્રવેશ કરે છે.

આ સિવાય શાસ્ત્રમાં વિશ્વ સંબંધી પણ જે કાંઈ વિજ્ઞાન છે તેનો પણ ખ્યાલ

આપવામાં આવ્યો છે. આખું વિશ્વ ભૌતિક રીતે શબ્દ, રૂપ, રસ, ગંધ રૂપી વિષયોથી આબદ્ધ રહી પરિવર્તન પામી રહ્યું છે. અર્થાત ભૌતિક જગતનો અને તેના સૂક્ષ્મ-સ્થૂલ પરિવર્તનનો આભાસ આપી સાધક મુનિવરો કે આત્મસાધક આત્માઓ ફક્ત તે પરિવર્તનના દષ્ટા બની તેનાથી દૂર રહી પોતાના સ્વભાવમાં સ્થિર થાય તેવો 'લોકસાર' ઈત્યાદિ અધ્યયનોમાં અંગૂલી નિર્દેશ કર્યો છે. આચારાંગ સૂત્રના પ્રથમ શ્રુતસ્કંધના નવ અધ્યયન છે. તેમાંથી સાતમું અધ્યયન વિચ્છિન છે, તેમ શાસ્ત્રના અદ્યેતાઓ જણાવે છે. આ આઠ અધ્યયનો ઘણા-ઘણા ઊંચ કોટિના સિધ્ધાંતો અને ઉપદેશોથી ભરપૂર છે. તેમાં પણ નવમું અધ્યયન - ભગવાન મહાવીરની મૌનચર્યા ઉપર અલૌકિક પ્રકાશ નાંખે છે, તેમની ઘોર તપશ્ચર્યાનું ચિત્ર નજર સામે ઉપસ્થિત કરે છે. ભગવાન મહાવીરનું તિતિક્ષામય જીવન અને તેમનો આભાસ આ સૂત્રમાં કરવામાં આવ્યો છે. આ દિવ્ય આત્માએ જે પ્રચંડ પુરૂષાર્થ કર્યો છે અને જે જાતના પરિષહોને જીતીને કઠોર સાધના કરી છે, તે તો બેજોડ છે. આ શ્રુતસ્કંધના બધા અધ્યયનો સ્વતંત્રરૂપે ઉચ્ચારેલા ચમકતા હીરા-મોતી જેવા છે અને સાથે-સાથે સળંગ વિચાર શ્રેણી જેવો સૂત્રો પણ છે જેમાં એક વિષય ઉપર સ્પષ્ટ પ્રકાશ નાંખવામાં આવ્યો છે.

આચારાંગ સૂત્રની અને ખાસ કરીને આ શ્રુતસ્કંધની ભાષા બીજા અન્ય શાસ્ત્રો કરતા થોડી નિરાળી દેખાય છે અને તેમાં પ્રાચીન ઐતિહાસિક ભાવોની સૌરભ પણ અનુભવાય છે. આ શાસ્ત્રમાં દષ્ટાંત ક્યા નથી પરંતુ સ્વયં સમજી શકે તેવા વાક્યો છે. આચારાંગશાસ્ત્રની પ્રથમ અધ્યયનના પ્રથમ ઉદ્દેશકના પ્રથમ વાક્યથી જૈન વારીઃમયનો શુભારંભ થાય છે તેમાં આત્મવાદની પ્રતિષ્ઠા કરી છે. માણસ સ્વયં પોતે પોતાની જાતથી કેટલા અનભિજ્ઞ છે, તેનું સર્વ પ્રથમ દર્શન કરાવવામાં આવ્યું છે. માનો કે આ જ પેરેગ્રાફનો ભાવ શ્રીમદ્ રાજચંદ્રજીએ 'બહુ પુણ્ય કેરા પુંજથી' કવિતામાં સાક્ષાત ઉપાડી લીધો છે.

'હું કોણ છું, ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારું ખરું ?'

માનો આ જ વાક્યનોજ વિસ્તાર આચારાંગ સૂત્રમાં છે અને 'હું' પૂર્વ-પશ્ચિમ-ઉત્તર-દક્ષિણ કે કંઈ દિશા - વિદિશામાંથી આવ્યો છું તેનું જેને ભાન નથી અને પોતે પોતાના વિષે સર્વથા અજાણ છે તેવા જીવને લક્ષમાં રાખીને ઉપદેશનો આરંભ કર્યો છે. અર્થાત્ 'કોઽહં' હું કોણ છું ? તેના ઉપર પ્રકાશ પાથરી આત્મતત્ત્વની સ્થાપના કરવાનો

અથાગ્ પ્રયાસ કરવામાં આવ્યો છે. સમગ્ર જૈન તત્ત્વજ્ઞાનનો પાયો તે 'આત્મા' છે અર્થાત્ બ્રહ્મતત્ત્વ છે. આચારાંગ શાસ્ત્રના આરંભમાં જ તેનો ઉલ્લેખ કરીને મૂળભૂત વિષયની સ્થાપના કરી છે. ત્યારબાદ બીજા અધ્યયનોમાં તે કાળમાં પ્રવર્તમાન મતાંતરોનું પરોક્ષભાવે નિરાકરણ કર્યું છે. ખાસ કરીને હિંસાવાદને ધિક્કારવામાં આવ્યો છે. જૈન પરંપરમાં ઉદ્ભવેલાં તીર્થંકર અને એવા જ મહાન જ્યોર્તિવિદ્ અરિહંતોને ધર્મમાં પ્રવેશેલી હિંસા કાંટાની જેમ ખટકી છે. આંખમાં પડેલું કણું જેમ દુઃખદાયી છે તે જ રીતે જ્ઞાનનેત્ર આપતા ધર્મમાં કે ધર્મશાસ્ત્રમાં પ્રવિષ્ટ હિંસા ઘણી જ પીડાદાયક છે. આચારાંગ શાસ્ત્ર આ પીડાની સ્પષ્ટ અભિવ્યક્તિ કરે છે.

આ જ રીતે નવમા 'ઉપધાન શ્રુત'અધ્યયનમાં પ્રભુની ચર્યાના વિવરણમાં એકાંત વિહારી વીર પરમાત્મા ક્યાં ક્યાં બેસતાં, ઊભા રહેતાં કે ધ્યાન કરતાં હતાં તેનો ઉલ્લેખ વાંચીને આંખમાંથી ભક્તિના અશ્રુ વહેવા માંડે છે. પરમાત્મા ક્યારેક સ્મશાન ઘાટમાં, ક્યારેક સૂના ઘરોમાં, ક્યારેક ઘાસના ઝૂંપડા નીચે અથવા વૃક્ષની નીચે ઊભા રહીને કાઉસ્સગ કરી આત્મનિષ્ઠ થઈ જતાં. તેઓ એકાંતમાં ઊભા રહીને 'अज्झतथं चिंतइ' અધ્યાત્મમાં પ્રવેશ કરી જતાં. વાસનાના મૂળ ક્યાં છે? કર્મ બંધન કેવી રીતે થાય છે ? તેનું આંતર નિરિક્ષણ કરીને આવા વિભાવોથી પર થઈ શુધ્ધ સ્વભાવમાં પ્રવેશ કરી સાધનાના અંતે અરિહંત બની તીર્થંકર પદ પામી ગયા.

નવમું ઉપધાનશ્રુત અધ્યયન, તે આ શ્રુતસ્કંધનો સુવર્ણકળશ છે. કોઈ પ્રકારનો આડંબર કે અતિશયોકિત વિના પ્રભુના નિર્મળ ત્યાગને જ તેમાં સ્પર્શ છે. ૭૦ ગાથામાં ફક્ત તેમના ત્યાગની ચર્યાનું વર્ણન છે. સમી સાંજના હેમંતઋતુમાં ઘરેથી ચાલી નીકળ્યા. આ રીતે આરંભ કરીને તેમની શ્રમણવૃત્તિને દેદિપ્યમાન કરી છે. જે લોકો આ અધ્યયન ધ્યાનથી વાંચશે તેને નિર્ગ્રંથ મુનિઓના કઠોર ત્યાગમય જીવનની ઝાંખી થાય છે.

આવા ઘણા ભાવો આમુખમાં આલેખવા માટે મન લલચાય પરંતુ આપણા વિદ્વાન સાધ્વીજી મહારાજોએ ભાષાંતર કરીને ઘણા ભાવો સ્પષ્ટ કર્યા છે જેથી એ પ્રસંગોને ફરીથી ન આલેખતા તેમની ભવ્યતા વિષે જ બે શબ્દો કહ્યા છે. સમ્યગ્દર્શન વિષે જે સચોટ ઉદાહરણ મૂક્યું છે. સેવાળના ઘર નીચે રહેતો દેડકો ક્યારેક તે ઘરમાં છિદ્ર થતાં ઉપર આકાશમાં ચંદ્રના દર્શન કરી નવાઈ પામે છે અને કૂવામાં જ પોતાની દુનિયા સમજી બેઠેલો

આ દેડકો વિશાળ વિશ્વના દર્શન કરે છે. એ જ રીતે અહીં જીવને કર્મરૂપી સેવાળના દળમાં શુધ્ધ ઉપયોગ રૂપી છિદ્ર થતાં ચંદ્રરૂપ શીતળ પ્રભાવી આત્માના દર્શન થાય છે ત્યારે તે દેહરૂપી પરિગ્રહની નાની દુનિયાથી બહાર નાકળી અસંખ્ય પ્રદેશી લોકાકાશને સ્પર્શી શકે તેવી જ્ઞાનાત્મક આત્મારૂપી દુનિયામાં પ્રવેશ કરી સમ્યક્ભાવને પ્રાપ્ત કરે છે. જેમ-જેમ આ શાસ્ત્ર વાંચતા જઈએ છીએ તેમ-તેમ તેના એક-એક શબ્દ રણભૂમિમાં લડતા યોધ્ધાને શૂરાતન ચડાવે છે. આવા શબ્દો કર્મશત્રુ સાથે લડતા આત્મારૂપી યોધ્ધાને શૂરાતન ચડાવી અરિ કહેતા દુશ્મનના સંહાર કરવાની કળા શીખવી અરિહંત બનાવે છે. આચારાંગ શાસ્ત્ર એ, સમગ્ર જૈનતત્ત્વજ્ઞાનનો પાયો છે. તેમાં જૈન સંપ્રદાયની શાખાનો ઉલ્લેખ મળતો નથી. તેમજ પરસ્પરનો કોઈ પ્રતિભાવ પણ પ્રગટ થતો નથી. સમગ્ર જૈન સમાજ નહીં માનવમાત્રને સ્પર્શી જાય તેવી અલૌકિક સિધ્ધાંતોની માળા શાસ્ત્રકારે અર્પણ કરી છે.

શ્રી લીલમબાઈ મહાસતીજીએ ગુરુપ્રાણ ફાઉન્ડેશનના નામે એક વિરાટ ઐતિહાસિક કાર્યમાં પગલા ભરવા શરૂ કર્યા છે અને સૌભાગ્યથી વિદ્વાન શિષ્યા રત્નાઓ મહાસતીજીઓએ આ કાર્યના સંપાદન કાર્ય માટે ભેખ લીધો છે. તપસમ્રાટ શ્રી રતિલાલજી મહારાજની કૃપા મેળવી ધનાઢ્ય શ્રાવકોને માર્ગદર્શન આપી કરોડોના ખર્ચે આ આગમમાળા ઊભી કરી છે. અરીસા જેવા નિર્મળ સ્વચ્છ અક્ષરો અને ઉત્તમ સંપાદન દ્વારા શાસ્ત્રો પ્રકાશિત થઈ રહ્યા છે, તે સમાજનું અહોભાગ્ય છે અને ગોંડલગચ્છનું મહા ગૌરવ છે. આ વર્તમાન કાળે પ્રમાદ અવસ્થાને ખંખેરી તપશ્ચર્યાનું અવલંબન કરી ત્રિલોકમુનિ જેવા સંતનું આવશ્યક માર્ગદર્શન મેળવી જે જ્ઞાનનો રાજમાર્ગ તૈયાર કર્યો છે તે ખરેખર પરમાનંદ આપે તેવો અવસર છે.

આ સ્થળે અમે આચારાંગ શાસ્ત્રનો સંક્ષિપ્ત આમુખ લખ્યા પછી આપણા સાધનારત મહાસતીજીઓને હૃદયના આશીર્વાદ આપી તેઓ આગળના બધા આગમોનું સંપાદન સુંદર રીતે સ્વસ્થ રહી કરી શકે તેવી ભાવના પ્રગટ કરતા અપાર હર્ષ થાય છે....... આ આગમના કાર્યને શબ્દોથી ન્યાય આપી શકાય તેમ નથી. અદ્વિતીય મૌનભાવે હર્ષિત હૃદયે બિરદાવી શકાય તેવું છે. આગમરૂપી સમુદ્રમાં સ્નાન કરી ડૂબકી મારી આ રત્નાકરમાંથી રત્નો પ્રગટ કરી સમાજને અર્પણ કરવાનું ભગીરથ કાર્ય ખરેખર આપણા સંપ્રદાયની કીર્તિનો સાર્વભૌમ ધ્વજ ફરકાવશે ને નિઃશંક છે.

પુનઃ ધન્યવાદ.

**જયંતમુનિ**
**પેટરબાર.**

# સંપાદકીય

ભાવયોગિની બા. બ્ર. પૂ. લીલમબાઈ મ. સ.

પ્રિય પાઠક ગણ !

જૈન આગમ સાહિત્યનું, પ્રાચીન ભારતીય સાહિત્યમાં એક વિશિષ્ટ અને ગૌરવપૂર્ણ સ્થાન છે. તે સ્થૂળ અક્ષરદેહથી જ વિશાળ અને વ્યાપક નથી પરંતુ જ્ઞાન–વિજ્ઞાન, ન્યાય–નીતિ, આચાર–વિચારનું, ધર્મ–દર્શન, અધ્યાત્મ અને અનુભવનો અનુપમ અક્ષય ખજાનો છે. ભારતીય ચિંતનમાંથી થોડી ક્ષણો માટે જૈન આગમ–સાહિત્યને પૃથક્ કરવામાં આવે તો ભારતીય સાહિત્યની આધ્યાત્મિક ગરિમા તથા દિવ્ય અને ભવ્ય જ્ઞાનની તેજસ્વિતા ઝાંખી–ધૂંધળી લાગશે અને એવી પ્રતીતિ થશે કે આપણે બહુ મોટા નિધાનથી વંચિત છીએ.

અમારી નિષ્ઠા, શ્રદ્ધાનું પ્રતિનિધિત્વ કરનાર એક શબ્દ છે 'આગમ'. આચાર્ય મલયગિરિના ભાવાનુસાર 'આગમ' અધ્યાત્મજ્ઞાનનું એક પવિત્ર એવં અક્ષય સ્રોત છે. 'આગમ' અધ્યાત્મનું નિર્મળ દર્પણ છે. જેમાં આપણે આત્માનું વાસ્તવિક પ્રતિબિંબ જોઈ શકીએ છીએ. આગમ અર્થાત્ આત્મબોધનું માધ્યમ.

જૈન પરંપરામાં આગમના મૂળ ઉદ્ગાતા–તીર્થંકર દેવ છે પરંતુ આગમના રચનાકાર ગણધર કહેવાય છે. વીતરાગ સર્વજ્ઞ અરિહંતોની વાણી હોવાથી "આગમની" પ્રામાણિકતા અને સાર્વભૌમિકતા સર્વથા અસંદિગ્ધ હોય છે. ગણધરો દ્વારા નિબદ્ધ (ગુંથિત) જ્ઞાન 'અંગપ્રવિષ્ટ' આગમના નામથી પ્રસિદ્ધ થાય છે તથા તેના આધારે અન્ય બહુશ્રુત શ્રમણો દ્વારા રચિત તદનુસારી શ્રુતજ્ઞાન 'અંગબાહ્ય' આગમ કહેવાય છે. અંગ પ્રવિષ્ટ આગમ–દ્વાદશાંગી નામથી પ્રસિદ્ધ છે. તેમાં પ્રથમ અંગ છે– આચારાંગ. જૈન આચાર શાસ્ત્રનો તે મૂળભૂત આધાર ગ્રંથ છે. તેમાં સાધકના આભ્યંતર એવં બાહ્ય વ્યક્તિત્વની પરિપૂર્ણ આભા તરવરે છે. સદ્વિચારની શબ્દ–સંધિઓમાં સદાચારનો સંચાર કરવો તે જ મૂળાધાર છે. મહત્ત્વપૂર્ણ વાત એ છે કે દર્શન અને તત્ત્વજ્ઞાન પ્રધાન

સૂત્રકૃતાંગ તથા વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ જેવા આગમોને બીજા તથા પાંચમા સ્થાને રાખીને આચારપ્રધાન શાસ્ત્રને પ્રથમ સ્થાન આપ્યું છે. તેનાથી 'આચાર' ધર્મની મહત્તા સ્વયં પ્રગટ થાય છે. આચારાંગ સૂત્રમાં જૈન પરંપરાનો અખૂટ ખજાનો છે અને સ્વસ્થ આચારદર્શન છે.

આચાર્ય શ્રી ભદ્રબાહુના કથનાનુસાર સંપૂર્ણ અંગ સૂત્રોનો સાર આચાર છે, આચારનો સાર સમ્યક્ ચારિત્ર, સમ્યક્ ચારિત્રનો સાર નિર્વાણ અને નિર્વાણનો સાર આત્માનું અવ્યાબાધ સુખ. આ પ્રમાણે અવ્યાબાધ અનંત સુખ પ્રાપ્તિનું મૂળભૂત કારણ બને છે સમ્યક્ આચાર. સમ્યક્ આચારનું પ્રતિપાદન કરનાર પ્રથમ અંગ "આચારાંગ" છે. આ દષ્ટિથી પણ આચારાંગ સૂત્રની સ્વાધ્યાય, આત્માના અવ્યાબાધ સુખોનું આધારભૂત કારણ સિદ્ધ થાય છે.

આવુ આ 'આચારાંગ' પરમેષ્ટિ મુનિ પુંગવોના પરમ પ્રસાદે પરમ કૃપાળુ પરમ ઉપકારી ગુરુદેવશ્રી પૂ. પ્રાણલાલજી મહારાજ સાહેબની જન્મશતાબ્દીના શુભ નિમિત્તે પ. પૂ. તપોનિધિ ગુરુદેવની અસીમકૃપાએ તેમજ ગોંડલ ગચ્છ શિરોમણી પરમદાર્શનિક પૂ. શ્રી જયંત ગુરુદેવની નેશ્રાએ પૂ. વાણીભૂષણ ગિરીશ ગુરુવર્યોના માર્ગદર્શન બળે, પૂ. ત્રિલોકમુનિવર્યના સિદ્ધાંતના શુદ્ધિકરણપૂર્વકના અવલોકન સહયોગે, ગુજરાતી ભાષામાં અનુવાદ લખવાનો અમે સતીવૃંદ અલ્પ પ્રયાસ કરી રહ્યા છીએ. વિશ્વાસ છે કે તે જ્ઞાની પુરુષના પ્રભાવયોગથી પરમાર્થ રૂપમાં દરેક સાધકવૃંદને પરિણમન થશે. ધન્ય હો કરુણાનિધિ અનન્ય શરણદાતા નિર્ગ્રંથ ગુરુવર્યોને, જેના કૃપાબળે મારા સમી પામર સાધ્વીને આજે આગમ અવગાહન કરવાનો અણમોલ અવસર પ્રાપ્ત થયો, તેથી મારી સંયમ યાત્રા કૃતાર્થ બની રહેશે.

પ્રિય સાધકવૃંદ–વાચકગણ !

તમારા કરકમળમાં કલ્યાણકારી, મંગલકારી, બીયારણમાં રહેલ આત્માનું ઉદ્ભવન કરવાના કેન્દ્રરૂપ પ્રથમ અંગ આચારાંગ સૂત્ર પ્રેષિત કરવામાં આવે છે. નયન કમળ ખોલીને "આગમ"ના ઉપરનું કવર તું ફક્ત દ્રશ્યનો દષ્ટા બની, અન્ય વિચાર કર્યા વિના, સંકલ્પ વિકલ્પના તરંગો શાંત કરી, વિલીન કરીને જોવાનું જ કાર્ય કરજે. તો પ્રથમ નજરે આભા મંડળમાં પ્રસન્ન, નિર્મળ, અવ્યયી, અચિંત્ય, તીર્થંકર દેવાધિદેવનો દેદીપ્યમાન મુદ્રાયુક્ત ચહેરો દેખાશે. તેમાંથી જ દ્રવિત થતું અદ્ભુત ત્રિપદીના રૂપમાં

સુવર્ણ અક્ષરમાં ગોઠવાયેલું " ઉપ્પન્નેઈવા, "વિગમેઈવા", "ધુવેઈવા" રૂપ જગત નજરે પડશે. આ ત્રિપદીમાં ત્રણે ય લોકના સર્વ પદાર્થનું પૂર્ણ જ્ઞાન સમાયેલું છે. 'ઉપ્પન્નેઈવા' પદમાં સર્વ જીવ અને અજીવની નવી નવી અવસ્થાઓ ઉત્પન્ન થતી નજરે પડે છે. જ્યારે 'વિગમેઈવા' પદમાં દરેક પદાર્થની અવસ્થાઓનો વિનાશ થતો નજરે પડે છે અર્થાત્ જગતમાં જોવાતા દરેક પદાર્થની નૂતન અવસ્થાઓ ઉપજે છે અને પુરાતન અવસ્થાઓ વિગમ–વિલય થઈ જાય છે, નષ્ટ થઈ જાય છે. આ બંનેનો સમન્વય કરી 'ધુવેઈવા' પદ તે પદાર્થના મૌલિક અસ્તિત્વને દેખાડે છે કે મૌલિક રૂપમાં પદાર્થ શાશ્વત છે.

આ રીતે આ ત્રણ પદ ત્રણે લોકના સમસ્ત પદાર્થોના સમસ્ત સ્વરૂપને સમાવીને શોભી રહ્યા છે. તેને સમજવા આગળ વધતાં આચારાંગ સૂત્ર બહુ રંગોમાં દેખાયછે. ઉપરથી જોઈ તેના અંદર પ્રવેશતાં જીવને ભાન થાય છે કે અનાદિકાળથી આ કાયાની માયા, રાગદ્વેષ, મોહના સંગાથી બનીને સંસારમાં રમી છે. તેને નિસંગ, નિશાંત બનાવવા માટે સદાચરણમાં લાવવાનો પુરુષાર્થ કરવો અને કાયાના દરેક અવયવોને પરમાંથી ખસેડી સ્વમાં લાવવા માટે, વ્યવસ્થિત બનાવવા માટે અસદ્ વાતાવરણમાંથી પાછા વળીને સમતુલામાં મુકવાનો બહુ બહુ આયામ, વ્યાયામ, વૃત્તિના સંગ્રહ સાથે વિગ્રહ કરવો પડે, યુદ્ધ ખેલવું પડે છે. ત્યાર પછી કાયાની આક્રમક આદતનો નિગ્રહ થાય છે. નિગ્રહ કરતાં કરતાં નિરંજન નિરાકાર બનાય છે.

આવું જ્ઞાન આપતું આ સિદ્ધાંત છે. તેના બે શ્રુત સ્કંધ છે. પહેલો શ્રુતસ્કંધ જાણપણા માટે જ્ઞાન પ્રગટ કરવા માટેનો છે અને બીજો શ્રુતસ્કંધ સંપૂર્ણ આચરણ માટેનો છે. બાંધેલા કર્મ કેવા ક્યારે ઉદયમાં આવે ત્યારે ઉપસર્ગ કે પરીષહને તું કોઈને નિમિત્ત બનાવ્યા વિના સ્વકૃત છે તેમ જાણતા શીખ. આ પ્રથમ શ્રુતસ્કંધના નવ અધ્યયન છે. બીજા શ્રુતસ્કંધના ૧૬ અધ્યયન છે. કુલ મળી ૨૫ અધ્યયન છે. પ્રથમ નવ અધ્યયનમાં પહેલા અધ્યયનનું નામ છે "શસ્ત્રપરિજ્ઞા." શસ્ત્રને તું જાણ, તારા ત્રણ યોગ સાધન બને તેના માટે ચારે ય બાજુનુ જ્ઞાન કર. અત્યાર સુધી યોગ શસ્ત્ર બનીને પરિનિમિત્તને પોતાનું માની દંડિત કર્યા છે તેથી પરિભ્રમણ થયું છે. પરિભ્રમણ પૂર્વાદિ દસ દિશામાં રહેલા સર્વ જીવો સાથે જડ જગતનું મમત્વ બાંધી સંધિ કરી ભમી રહ્યો છે. તે સંધિને તું જો– નીચે જો, ઉપર જો, તીરછું જો અને વિપશ્યના–અનુપ્રેક્ષા કર. તને લાગશે કે કર્મ જુદા અને જીવ પણ જુદો. ભ્રમણ કરાવનાર તત્ત્વ અલગ છે અને ભ્રમણ કરનાર હું પણ

અલગ છું. મેં જ પોતે જડ સાથે સંધિ કરી છે. તેથી પરિભ્રમણ થાય છે. આવું શસ્ત્રનું જ્ઞાન કર્યા પછી અસ્તિત્વનો બોધ થાય છે. પોતે જ કર્મ બાંધે છે. તેથી આત્મા કર્તા થયો. તે જ લોકમાં રહીને કર્મ બાંધે છે તેથી લોકમાં રહેનારો થયો. કર્મના આશ્રવે ક્રિયા કરતો રહે છે તેવો બોધ આત્માવાદી, લોકવાદી, કર્મવાદી, ક્રિયાવાદીનો થાય છે. ત્યારે તે સંવરમાં આવવાનો નિર્ણય કરે છે. સંવરમાં આવવા માટે છકાયનું સ્વરૂપ સમજે તેની વાતો આ સૂત્રમાં આવેલ બહુ બહુ નાના નાના વાક્યો અને વિરાટ અર્થવાળી સુક્તિઓને અવધારે છે. અરેરે, મારા સમાન સર્વ જીવોને સુખ પ્રિય છે. તેઓ શરીર ધારણ કરીને નાની નાની કાયામાં રહેલા છે. હું મોટી કાયામાં રહ્યો છું, મને મન મળ્યું છે, મારે વિચાર કરવો પડે. મને શરીરરૂપ મહેલ મળ્યો તે કોઈના નાના ઝૂંપડાનો નાશ કરવા માટે નથી.

અત્યાર સુધી આ મહેલની મરામત માટે નાના ઝૂંપડાને કચડી નાખ્યા છે. તારા અવયવો શસ્ત્ર બની બીજાનો નાશ કરવા માટે નથી પણ અભયદાન આપી તેમાંથી તરી જવાનું છે. આ જ્ઞાન કર્યા પછી સાધક આગળ વધે છે. કર્મ સંધિકાળનો મર્મ જાણી પોતાના યોગનું શસ્ત્ર બનાવી જીવોનો નાશ નહીં કરતાં કર્મનો નાશ કરે છે. અર્થાત્ યોગનો ઉપયોગ કરી, લોક વિજય માટે કટિબદ્ધ થાય છે. માટે બીજું અધ્યયન 'લોકવિજય'નું આપ્યું. લોકવિજયના ઉપાયો બતાવ્યા. આસક્તિ તોડ, અશરણનો બોધ પ્રાપ્ત કર, પ્રમાદ ત્યાગ, અરતિ લોભનો ત્યાગ, અભિમાનનું નિરસન, પરિગ્રહની મૂર્છાનો ત્યાગ થાય તો જ લોકનો વિજય થાય. જેઓને લોકવિજય કરવો હોય તેઓએ સહનશીલતા કેળવવી પડે. તેથી ઠંડી, ગરમી, આકુળતા, વ્યાકુળતા, વ્યથા, કથા કરવાનો ત્યાગ યમ નિયમમાં ઉત્થાન કરવું. ઠંડી–ગરમી સહન કરવી તેથી ત્રીજા અધ્યયનનું નામ 'શીતોષ્ણીય' આપ્યું. જાગૃતિપૂર્વક ક્રિયા કરતાં સમતામાં રહેવું પડે તે ગુણ કેળવાય તો જ સમદર્શી બનાય છે તેથી ચોથા અધ્યયનનું નામ 'સમ્યક્ત્વ' આપ્યું. સમકિત પ્રગટ થયા પછી જ લોકના સારભૂત એવા આત્માની શ્રદ્ધા થાય છે અને પછી જબરો પુરુષાર્થ શસ્ત્ર પ્રયોગનો કર્મ સાથે કરે છે. જેથી આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રગટે છે. તે જ લોકનો સાર છે માટે પાંચમું 'લોકસાર' અધ્યયન આપ્યું છે. જે લોકનો સાર પામે છે તે બાંધેલા કર્મ ઉદયમાં આવતા તથા નહીં આવેલાની ઉદીરણા કરીને સમભાવે જ્ઞાતા દૃષ્ટા બનીને ધૂત–કર્મને ખંખેરી નાંખે છે માટે પછીના અધ્યયનનું નામ 'ધૂત' રાખ્યું અને ખંખેરવાની કેવી કેવી ક્રિયા કરાય તેને માટે અતિ તીક્ષ્ણ પ્રજ્ઞા કરવી પડે છે.

આત્માના મૂળમાં જવું પડે છે. તેમાં જવાની રીતોને અપનાવવાની કળા જેમાં છે તે અધ્યયનનું નામ સાતમું 'મહા પરિજ્ઞા' રાખ્યું. મહાપરિજ્ઞા પામે તે જ કષાયનો નાશ કરી શકે છે તેથી આઠમા અધ્યયનનું નામ 'વિમોક્ખ = વિમોક્ષ' રાખ્યું. આ વિકારમાંથી સ્વસ્થ બની મોક્ષમાં કેમ જવાય તેના માટે તપ કેવા કરાય તેની વાતો બતાવતા ખુદ ભગવાને જ પ્રયોગ સિદ્ધ કરી પોતાની જ ચર્યા બતાવી. અહીંથી કરેલા જ્ઞાનને ક્રિયાન્વિત બનાવવા માટે ઉપધાન નામનું નવમું અધ્યયન બતાવ્યું. અહીંથી જ જ્ઞાનપૂર્વકની આરાધના સાધકની ચાલુ થાય છે. લાગે છે કે સાધકે પોતાની જ વસંતઋતુ ખીલવવી હોય તો તેઓને પાંચે ય ઋતુમાંથી પસાર થવું પડે છે. જેમ કે ગ્રીષ્મ ઋતુમાંથી જ વર્ષાઋતુ બને છે, વર્ષામાંથી શરદ અને શરદમાંથી શિશિર અને તેમાંથી હેમંત અને ત્યાર પછી જ વસંતઋતુ બને છે. એવી રીતે જ્ઞાનબળીઓ આત્મા પૂર્ણ જ્ઞાન મેળવી, સંવેગ વૈરાગ્યપૂર્વકનો અટલ નિર્ણયવાન બની પરાક્રમપૂર્વક કર્મ ક્ષય કરવા ઝંપલાવે છે. તે કાયાને પંપાળતો નથી પરંતુ કાયક્લેશ તપ દ્વારા સમજણપૂર્વક ધ્યાન યોગી બની ઝૂઝે છે, યુદ્ધ કરે છે. ગમે તેવા કર્મના નિમિત્તે દેવ, મનુષ્ય, તિર્યંચના ઉપસર્ગ આવે તોપણ ઉપધ્યાન—આત્માનું ધ્યાન ધરતો હોવાથી તે સર્વનો સાક્ષી જ રહે છે. અનાદિકાળ થી લેપાયેલાં કર્મો તપરૂપી ગ્રીષ્મઋતુ દ્વારા પીગળી ઊઠે છે. આત્મપ્રદેશથી કર્મ જુદા પડી પ્રવાહિત થાય છે. જાણે કે શરીરમાં ગરમી થતાં પસીનો છૂટતો ન હોય ! વર્ષાઋતુની જલધારાથી ધરતી નિર્મળ બને તેમ જ્ઞાનામૃત રૂપી વર્ષાથી કર્મમળ ધોવાતાં આત્મા નિર્મળ શરદઋતુ સમાન બની જાય છે. શરદઋતુ સમાન બનેલા આત્માને શાંતિ શીતળતાનો અનુભવ થાય છે. જાણે કે શિશિર ઋતુએ વાસ કર્યો. જેમ ખેતરોમાં વાવેલા ધરતી પરનાં ધાન્ય બધાને પકાવી શીતળતાના ગુલાબી રંગે રંગી નાખે. અંકુરમાંથી થડ, શાખા, પ્રશાખા, કૂંપળો, ધાન્ય, બીજ પાકીને લાલ બની જાય તેમ સાધકના ગુણો વિકસિત થવા લાગે. સહિષ્ણુતાના સહારે સાધક ઉત્કૃષ્ટ વૈરાગ્યના રંગે રંગાઈ તેમાં રસ તરબોળ બની આગળ વધતાં આત્મ સ્વરૂપમાં લીન થઈ અને આરોગે અર્થાત્ હેમંતમાં પ્રવેશ કરે ત્યારે અશુભ આદતો વિનાશ પામી જેમ વિષ્ટામાંથી મિષ્ટાન પાકે તેમ આત્મા અશુભમાંથી નીકળી મહાવ્રતીરૂપ હેમંતમાં પ્રવેશ કરી અષ્ટ પ્રવચન માતાના ખોળામાં ખેલવા કુદવા યોગ્ય રસનાં રસાયણવાળી વસંતને પ્રગટાવે છે. અષ્ટ પ્રવચન માતાની કાળજી રાખનારો સાધક આત્માની વસંત ખીલાવી સ્વરૂપમાં વાસ કરે છે અને સદાને માટે જન્મ મરણ કરાવનારા કર્મથી છૂટકારો પામે છે. જ્ઞાન અને ક્રિયાનો સમન્વય કરાવતું આ આચારાંગ સૂત્ર છે. તો ખોલો અને સાધક બની વસંતઋતુમાં રસ તરબતર

બની, આત્માના ગુણોને માણો.

આવું સુંદર સત્વ તત્ત્વથી ભરપૂર ગહનતમ વાતોને ગદ્ય–પદ્યમાં બતાવીને આત્માના ગુણોથી સભર જ્ઞાન કરાવતાં પ્રસ્તુત સૂત્રના અનુવાદિકા છે અમારા વિદુષી **સુશિષ્યા હસુમતીશ્રી.** તેમણે શ્રમણી વિદ્યાપીઠમાં શાસ્ત્ર વિશારદ સુધીનો અભ્યાસ કર્યો છે. પંડિત શોભાચંદ્ર ભારિલ્લ સાહેબના હોંશિયાર વિદ્યાર્થિની થઈ પ્રિયપાત્રી બની રહ્યા છે. તેઓએ ગુજરાતી અનુવાદનો પ્રશંસનીય પુરુષાર્થ કર્યો છે. તેઓ સિદ્ધાંત અનુસાર સાધક દશા કેળવે તેવી શુભેચ્છા. આ આગમને સુશોભિત બનાવનાર, સુંદર હાર્દનો ભાવ ભરી અલંકૃત કરનાર પૂ. ત્રિલોકમુનિરાજને શત્ કોટી વંદના. આ આગમ અવગાહન કરાવનાર સહયોગી સાધ્વીવૃંદને અનેકશઃ સાધુવાદ.

શ્રમણોપાસક મુકુંદભાઈ વગેરેને ધન્યવાદ. પ્રકાશન સમિતિના માનદ શ્રી પરમાગમ પ્રત્યે અવિહડ ભક્તિ ભાવથી ભરેલા ભામાશા રમણિકભાઈ એવં આગમ પ્રકાશન કરવાનાં અડગ ભેખધારી દઢ સંકલ્પી તપસ્વિની માતુશ્રી વિજયાબેન તથા ભક્તિસભર શ્રી માણેકચંદભાઈ શેઠના સુપુત્ર નરબંકા રોયલપાર્ક સ્થા. જૈન સંઘના પ્રમુખશ્રી ચંદ્રકાંતભાઈ તથા કાર્યાન્વિત સર્વ સભ્યગણ, કાર્યકર્તાઓ, મુદ્રણ કરનાર નેહલભાઈ, તેમના પિતાશ્રી હસમુખભાઈ તથા આગમના શ્રુતજ્ઞાન દાતાઓ વગેરેને અભિનંદન સહ અનેકશઃ ધન્યવાદ.

આ આગમના અનુવાદ સંશોધન સંપાદનમાં ઉપયોગી થયેલા, પૂર્વે પ્રકાશિત આગમોના પ્રકાશક સંપાદકોને આભારસહ અનેકશઃ સાધુવાદ. આ આગમ અવગાહન કરવામાં કોઈ ત્રૂટિ રહી જવા પામી હોય, વીતરાગ વચન વિરુદ્ધ લખાયું હોય તો ત્રિવિધે ત્રિવિધે મિચ્છામિ દુક્કડં.

**બોધિ બીજ દીક્ષા–શિક્ષા દોરે બાંધી, મુક્ત–લીલમ તણા તારક થયા,**<br>
**એવા ગુરુણી "ઉજમ–ફૂલ અંબામાત" ને, વંદન કરું ભાવભર્યા ;**<br>
**વીતરાગ વચન વિરુદ્ધ લખાયું હોય તો, માગુ પુનઃ ક્ષમાપના,**<br>
**મંગલ મૈત્રી પ્રમોદ ભાવમાં વહો સહુ, એવી કરું વિજ્ઞાપના.**

પ.પૂ. શ્રી સૌમ્યમૂર્તિ અંબાબાઈ મ.સ.ના સુશિષ્યા

**–આર્યા લીલમ**

# સંપાદન અનુભવ

ડો. સાધ્વી આરતી તથા સાધ્વી સુબોધિકા

आचारो प्रथमो धर्मः । જૈન ધર્મ આચાર પ્રધાન છે. સાધકોના આધ્યાત્મિકવિકાસ ક્રમમાં પણ સાધક ક્રમશઃ દર્શનમોહનીય એન ચારિત્રમોહનીય કર્મનો નાશ કરવા પુરુષાર્થશીલ રહી આચાર વિશુદ્ધિથી ચારિત્રગુણ પ્રગટ કરે છે. ચારિત્રવિશુદ્ધિથી વીતરાગદશા પ્રગટ થાય ત્યાર પછી જ કેવળજ્ઞાન પ્રગટ થાય છે. આ રીતે સાધનાના ક્ષેત્રમાં આચારની મહત્તા છે, તેથી જ દ્વાદશાંગી ગણિપિટકમાં શ્રી આચારાંગસૂત્રનું સ્થાન પ્રથમ છે.

આગમ પ્રકાશનના ક્રમ અનુસાર શ્રી આચારાંગસૂત્રના સંપાદનનો પ્રારંભ થયો. આ શાસ્ત્ર ગદ્યાત્મક છે, તેની ભાષા અન્ય શાસ્ત્રોથી વધુ પ્રચીન હોય તેમ પ્રતીત થાય છે. તેમાં ઘણા સૂત્રો નાના છતાં અર્થસભર અને ગંભીર છે, તેથી અહીં સૂત્રોના અર્થ વૃત્તિ, ટીકા વગેરે ગ્રંથોના આધારે કર્યા છે. ઘણી વાર એક શબ્દના એક થી અધિક અર્થ થતાં હોય છે, તે દરેક અર્થને જોતાં સૂત્રના અર્થની વિશાળતા સમજી શકાય છે.

જેમ કે અધ્ય. ૧/૨ શસ્ત્રપરિજ્ઞામાં ગ્રંથે શબ્દનો પ્રયોગ છે. સામાન્ય રીતે 'ગ્રંથ' શબ્દનો અર્થ પુસ્તક થ ાય છે. શબ્દકોષમાં ગ્રંથ શબ્દનો અર્થ 'ગાંઠ' કર્યો છે. શરીરવિજ્ઞાનમાં ગાંઠ અર્થ સ્વીકાર્ય છે. જૈનાગમોમાં ગ્રંથે શબ્દનો વિશિષ્ટ અર્થ કર્યો છે. ટીકાકાર શ્રી મલયગિરીના કથનાનુસાર જેના દ્વારા જીવ બંધાય છે, તે ગ્રંથ છે. જીવ કર્મ દ્વારા જ બંધાય છે અને કર્મબંધનું મુખ્ય કારણ કષાય હોવાથી કષાય જ ગ્રંથ કે ગ્રંથી રૂપ છે. આ રીતે દરેક શબ્દોની વિવિધ દષ્ટિકોણથી વિચારણા થતાં શાસ્ત્રના ભાવોની વિશાળતા પ્રતીત થાય છે.

અધ્ય. ૩/૧માં पमाई – પ્રમાદ શબ્દની સ્પષ્ટતા માટે પ્રમાદના પાંચ પ્રકાર, છ પ્રકાર અને આઠ પ્રકાર બતાવ્યા છે.

અધ્ય. ૨/૧માં खणं जाणाहि पंडिए । સૂત્રમાં 'ક્ષણ' શબ્દનો પ્રયોગ છે. વિવેચનમાં ટીકાના આધારે દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવની અપેક્ષાએ ક્ષણના ચાર અર્થ કર્યા છે.

અધ્ય. ૫/૬માં સિદ્ધદશાનું નિરૂપણ છે. પ્રસ્તુત શાસ્ત્રના વિવેચનમાં શાસ્ત્રપાઠના અર્થ ઉપરાંત ઔપપાતિક સૂત્રના આધારે સિદ્ધદશાનું સ્વરૂપ સ્પષ્ટ કર્યું છે.

અધ્ય. ૨/૩માં से असइं उच्चागोए... સૂત્રમાં સંસારી જીવોના વિવિધ યોનિઓમાં થતાં પરિભ્રમણનું કથન કરીને સાધકોને અહંકાર ત્યાગનો ઉપદેશ આપ્યો છે. વિવેચનમાં શ્રી ભગવતી સૂત્ર શતક ૧૨/૭ નો સંદર્ભ આપી સંસારના સ્વરૂપની સ્પષ્ટતા કરી સંસારભાવનાનું દશ્ય ખડું કર્યું છે. જે સાધકોને માટે વૈરાગ્યપ્રેરક છે. पुरिसा! तुममेव तुम मित्तं જેવા અન્ય અનેક અનુપ્રેક્ષા કરવા યોગ્ય સૂત્રોને વિસ્તારથી સમજાવ્યા છે. તે ઉપરાંત શ્રી સંતબાલજી મ. સા. એ આચારાંગસૂત્રના દરેક અધ્યયન પર ચિંતનાત્મક નોંધ લખી છે. તે સાધકોને ચિંતન – મનન માટે ઉપયોગી હોવાથી પ્રસ્તુત સંસ્કરણના પરિશિષ્ટમાં તેનું ગ્રહણ કર્યું છે.

સર્વ જિજ્ઞાસુ સાધકોને સંવેગ અને નિર્વેદ ભાવની વૃદ્ધિમાં સહાયક બને, તે રીતે આ શાસ્ત્રનું વિવેચન તૈયાર થયું છે.

તેમાં તપસમ્રાટ ગુરુદેવની કૃપા, આગમમનીષી પૂ. ત્રિલોકમુનિ મ. સા. નો આગમરુચિ પૂર્વકનો અથાગ પુરુષાર્થ તથા ગુરુણીમૈયા પૂ. લીલમબાઈ મ. નો આચારપ્રધાન સમગ્ર જીવનવ્યવહાર અમારા માટે પ્રેરક અને સહાયક બન્યો છે. કાર્યસફળતાની આ ક્ષણે તેઓશ્રીના પાવન ચરણોમાં અહોભાવપૂર્વક સાદર વંદન કરી વિરામ પામીએ છીએ.

અંતે આ શાસ્ત્રનું પ્રકાશન સર્વ સાધકોને આચારવિશુદ્ધિમાં કારણભૂત બને, એ જ શુભકામના...

વીતરાગવાણીની પ્રરૂપણામાં કોઈ પણ પ્રકારે સ્ખલના થઈ હોય તો ત્રિવિધે ત્રિવિધે મિચ્છામિ દુક્કડમ્.

સદા ઋણી માત–તાત **ચંપાબેન-શામળજીભાઈ !**
કર્યું તમે સંસ્કારોનું સિંચન,
અનંત ઉપકારી ઓ તપસમ્રાટ **ગુરુદેવ શ્રી !**
આપ્યું અણમોલું સંયમ જીવન
શરણુ ગ્રહ્યું પૂ. **મુક્ત - લીલમ** ગુરુણીશ્રી !
ખોલ્યા આપે દિવ્ય જ્ઞાનરૂપ નયન
દેવગુરુ–ધર્મની મળે એવી કૃપા
શ્રુત **આરતી**એ પામું આત્મદર્શન.

સદા ઋણી માત–તાત **લલિતાબેન-પોપટભાઈ !**
કર્યું તમે સંસ્કારોનું સિંચન,
અનંત ઉપકારી ઓ તપસમ્રાટ **ગુરુદેવ શ્રી !**
આપ્યું અણમોલું સંયમ જીવન
શરણુ ગ્રહ્યું પૂ. **મુક્ત - લીલમ - વીર** ગુરુણીશ્રી !
ખોલ્યા આપે દિવ્ય જ્ઞાનરૂપ નયન
દેવગુરુ–ધર્મની મળે એવી કૃપા
શ્રુત **સુબોધે** કરું કષાયોનું શમન.

# અનુવાદિકાની કલમે

બા. બ્ર. પૂ. હસુમતીબાઈ મ. સ.

**આગમનું મહત્ત્વ :-**

પ્રાચીન ભારતીય સાહિત્યમાં જૈન આગમ સાહિત્યનું પોતાનું એક વિશિષ્ટ અને ગૌરવપૂર્ણ સ્થાન છે. તે સ્થૂલ અક્ષરદેહથી જ વિશાળ તેમજ વ્યાપક નથી પરંતુ જ્ઞાન અને વિજ્ઞાનનો, ન્યાય અને નીતિનો, આચાર અને વિચારનો, ધર્મ અને દર્શનનો, અધ્યાત્મ અને અનુભવનો અનુપમ તેમજ અક્ષય કોષ છે.

વૈદિક પરંપરામાં જે સ્થાન વેદોનું છે, બૌદ્ધ પરંપરામાં જે સ્થાન ત્રિપિટકનું છે, પારસી ધર્મમાં જે સ્થાન અવેસ્તાનું છે, ઈસાઈ ધર્મમાં જે સ્થાન બાઈબલનું છે, ઈસ્લામ ધર્મમાં જે સ્થાન કુરાનનું છે. જૈન પરંપરામાં તે સ્થાન આગમ સાહિત્યનું છે. ઋષિઓના નિર્મળ વિચારોનું સંકલન તે વેદ છે. તેઓ તેમના વિચારોને મુખ્ય કરે છે પરંતુ જૈન આગમ અને બૌદ્ધ ત્રિપિટક ક્રમથી ભગવાન મહાવીર અને તથાગત બુદ્ધની વાણી અને વિચારોનું તેમજ તેમના જ્ઞાનનું પ્રતિનિધિત્વ કરે છે.

**આગમની પરિભાષા :-**

આગમ શબ્દની આચાર્યોએ જુદી–જુદી પરિભાષા કરી છે. જેનાથી પદાર્થોની પરિપૂર્ણતાની સાથે મર્યાદિત જ્ઞાન થાય છે તે આગમ છે. જેનાથી પદાર્થોનું યથાર્થ જ્ઞાન થાય છે તે આગમ છે. ભગવતી, અનુયોગદ્વાર અને ઠાણાંગમાં આગમ શબ્દ શાસ્ત્રના અર્થમાં વપરાયેલો છે. પ્રમાણના પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન અને આગમ આ ચાર ભેદ છે. આગમના લૌકિક અને લોકોત્તર આ બે ભેદ કર્યા છે. તેમાં 'મહાભારત' 'રામાયણ' વગેરે ગ્રંથોને લૌકિક આગમ ગણ્યા છે અને આચારાંગ, સૂયગડાંગ વગેરે આગમોને લોકોત્તર આગમ કહેલ છે. જૈન દૃષ્ટિએ જેઓએ રાગ, દ્વેષને જીતી લીધા છે તે જિન તીર્થંકર અને સર્વજ્ઞ છે. તેઓનું તત્ત્વચિંતન, ઉપદેશ અને તેઓની વિમલ વાણી

આગમ છે.

તીર્થંકર ભગવાન કેવળ અર્થ રૂપે જ ઉપદેશ આપે છે અને ગણધર જ તેને બીજાંકુરમાં પરિણમન કરી વિશાળ દ્વાદશાંગીનું જ્ઞાન પ્રાપ્ત કરે છે. ત્યાર બાદ શાસન માટે સૂત્રબદ્ધ કરે છે. આગમ સાહિત્યની જે પ્રમાણિકતા છે તેનું મૂળકારણ ગણધરકૃત છે માટે નહિ પરંતુ તેના મૌલિક ઉદ્ગમ રૂપ તીર્થંકરની વીતરાગતા અને સર્વજ્ઞતા કારણ છે. ગણધર તો કેવળ દ્વાદશાંગીની જ રચના કરે છે, પરંતુ કાલાંતરે આવશ્યકતા પ્રમાણે અંગબાહ્ય આગમોની રચના સ્થવિરો કરે છે. તીર્થંકરના ઉપદેશ, શ્રવણ તેમજ અનુપ્રેક્ષણથી ગણધરોને દ્વાદશાંગી શ્રુતની ઉપલબ્ધિ ક્ષયોપશમથી થઈ જાય છે. તેઓને જ ગણધર પદથી વિભૂષિત કરાય છે. પ્રાપ્ત કરેલ જ્ઞાનના આધારે શાસનયોગ્ય દ્વાદશાંગીની રચના તેઓ કરે છે. તે જ શિષ્ય પરંપરામાં ચાલે છે. તે આગમ સાહિત્ય અંગપ્રવિષ્ટના રૂપમાં વિશ્રુત થાય છે. આ રીતે દ્વાદશાંગી ગણધરકૃત પણ કહેવાય છે.

સ્થવિરના બે ભેદ છે– (૧) ચૌદપૂર્વી (૨) દશપૂર્વી. તેઓ સૂત્ર અને અર્થની દૃષ્ટિથી અંગ સાહિત્યના પૂર્ણ જ્ઞાતા હોય છે. તેઓ જે કાંઈ રચના કરે છે કે કાંઈ પણ કહે છે તેમાં કિંચિત્ માત્ર વિરોધ હોતો નથી.

આચાર્ય સંઘદાસગણીનો મત છે કે જે તીર્થંકર કહે છે તેને શ્રુતકેવળી પણ તે જ રૂપે કહી શકે છે. કેવળજ્ઞાની સંપૂર્ણ તત્ત્વને પ્રત્યક્ષ જાણે છે, તો શ્રુતકેવળી શ્રુતજ્ઞાન દ્વારા પરોક્ષરૂપે જાણે છે, આ બંને વચ્ચેનું અંતર છે. તે શ્રુતકેવળી પણ નિયમથી સમ્યગ્દૃષ્ટિ છે તેથી પણ તેઓના વચન પ્રમાણિક હોય છે.

આજે જેને આપણે આગમ કહીએ છીએ. તેને પ્રાચીન કાળમાં 'ગણિપિટક' કહેવામાં આવતું હતું. તેમાં સંપૂર્ણ દ્વાદશાંગીનો સમાવેશ થઈ જાય છે. ભગવાન મહાવીર પછીના ઘણા સમય બાદ અંગ, ઉપાંગ, મૂળ, છેદ, આ રીતના ભેદો કરવામાં આવ્યા છે. જ્યારે લખવાની પરંપરા ન હતી ત્યારે આગમોને સ્મરણના આધારે ગુરુ પરંપરાથી સુરક્ષિત રાખવામાં આવતા હતા. ભગવાન મહાવીર પછી લગભગ એક હજાર વર્ષ સુધી 'આગમ' સ્મૃતિ પરંપરાએ ચાલ્યા. સ્મૃતિ ઓછી થવા લાગી તેમજ ગુરુ પરંપરાનો વિચ્છેદ તથા બીજા પણ અનેક કારણોથી ધીરે ધીરે આગમજ્ઞાન લુપ્ત થવા લાગ્યું. ત્યારે દેવર્ધિગણી ક્ષમાશ્રમણે શ્રમણોનું સંમેલન બોલાવ્યું અને લુપ્ત થતાં આગમજ્ઞાનને

સુરક્ષિત રાખવાના પવિત્ર ઉદ્દેશ્યથી લિપિબદ્ધ કરવાનો ઐતિહાસિક પ્રયત્ન કર્યો. ભાવિ પેઢીને માટે અવર્ણનીય ઉપકાર કર્યો. આ જૈનધર્મ, દર્શન તેમજ સંસ્કૃતિની ધારાને વહેતી રાખવાનો અદ્‌ભુત ઉપક્રમ હતો. આગમનું આ પ્રથમ લિખિત સંપાદન વીરનિર્વાણ પછી ૯૮૦ કે ૯૯૩ વર્ષમાં થયું.

જૈન આગમો પુસ્તકારૂઢ થયા પછી મૂળ રૂપે તે સુરક્ષિત થઈ ગયા, પરંતુ કાળ દોષ, લિપિદોષ, બહારના આક્રમણો તેમજ આંતરિક આક્રમણ, મતભેદ, વિગ્રહ, સ્મૃતિની ક્ષીણતા, પ્રમાદ તેમજ મતિભ્રમાદિ કારણોથી મૂળ આગમ જ્ઞાનની શુદ્ધ ધારા, અર્થબોધની સમ્યક્ ગુરુપરંપરા ધીરે ધીરે ક્ષીણ થતી રહી. આગમોના અનેક મહત્ત્વપૂર્ણ સંદર્ભો, પદ તથા ગૂઢાર્થ છિન્ન–ભિન્ન થતા ગયા. જે આગમ લખાતા હતા તે પણ પૂર્ણ શુદ્ધ થતાં ન હતા. તેનું સમ્યક્ અર્થજ્ઞાન આપનારા પણ વિરલ જ હતા. બીજા પણ અનેક કારણોથી આગમજ્ઞાનની ધારા સંકુચિત થતી ગઈ.

**આચારાંગસૂત્રનું મહત્ત્વ :-**

અંગસાહિત્યમાં આચારાંગનું સર્વપ્રથમ સ્થાન છે કારણ કે સંઘ વ્યવસ્થામાં સૌથી પહેલા આચારની વ્યવસ્થા આવશ્યક જ નહિ પણ અનિવાર્ય છે. શ્રમણ જીવનની સાધનાનું જે માર્મિક વિવેચન આચારાંગમાં મળે છે તેવું બીજે ક્યાંય નથી. આચારાંગ નિર્યુક્તિમાં આચાર્ય ભદ્રબાહુએ સ્પષ્ટ કહ્યું છે કે મુક્તિના અવ્યાબાધ સુખ પ્રાપ્ત કરવાનું મૂળ સાધન આચાર છે. અંગોનો સાર આગમમાં છે. મોક્ષનું સાક્ષાત્ કારણ હોવાથી આચાર સંપૂર્ણ પ્રવચનની આધારશિલા છે. ભૂતકાળમાં આચારાંગનું અધ્યયન સૌથી પહેલા કરવામાં આવતું હતું. આચારાંગ સૂત્રના અધ્યયન અભ્યાસ વિના સૂયગડાંગ આદિ આગમ સાહિત્યનું અધ્યયન કરવામાં આવતું ન હતું. જિનદાસ મહત્તરે લખ્યું છે કે– આચારાંગનું અધ્યયન કર્યા પછી જ ધર્મકથાનુયોગ, ગણિતાનુયોગ અને દ્રવ્યાનુયોગને ભણવા જોઈએ. જો કોઈ સાધક આચારાંગને ભણ્યા વિના બીજા આગમ સાહિત્યનું અધ્યયન કરે તો તેને ચાતુર્માસિક પ્રાયશ્ચિત આવે છે. –*(નિશીથ સૂત્ર ઉ. ૧૯)*. વ્યવહાર ભાષ્યમાં વર્ણન છે કે આચારાંગના શસ્ત્રપરિજ્ઞા અધ્યયનથી નવદિક્ષિત સાધકની ઉપસ્થાપના કરવામાં આવતી હતી અને તેના અધ્યયનથી જ શ્રમણ ભિક્ષા લાવવાને યોગ્ય બનતા હતા. આચારાંગનું અધ્યયન કર્યા વિના કોઈ પણ શ્રમણ આચાર્ય જેવી ગૌરવ–ગરિમા યુક્ત પદને પ્રાપ્ત કરી શકતા ન હતા. **"आयारम्मि अहीए जं**

नाओ होइ समणधम्मो उ । तम्हा आयारधरो, भण्णइ पढमं गणिट्ठाणं ।" (આચારાંગ નિર્યુક્તિ ગા. ૧૦) ગણિ બનવા માટે આચારધર બનવું આવશ્યક છે. આચારાંગને જૈનદર્શનનું વેદ માનેલ છે. ભદ્રબાહુ સ્વામી આદિએ આચારાંગના મહત્ત્વના વિષયમાં જે તેમના મૌલિક વિચારો પ્રગટ કર્યા છે, તે આચારાંગની ગૌરવ–ગરિમાનું દિગ્દર્શન છે. ગણધરોએ પહેલાં દષ્ટિવાદનું ગ્રથન કર્યું એવો ઉલ્લેખ ક્યાંય પણ નથી. માટે નિર્યુક્તિકારનું કથન છે કે આચારાંગ રચના અને સ્થાપનાની દષ્ટિએ પ્રથમ છે તે યુક્તિ યુક્ત છે.

સંઘ વ્યવસ્થાની દષ્ટિથી આચારસંહિતાની સૌથી પ્રથમ જરૂરત છે, તેથી આચારાંગને સર્વપ્રથમ સ્થાન આપવામાં આવ્યું છે. આચારસંહિતાની સ્પષ્ટ રૂપરેખા જ્યાં સુધી ન હોય ત્યાં સુધી સમ્યક્ રીતે આચારનું પાલન કરી શકાતું નથી. તેથી કોઈનો પણ આચારાંગની પ્રાથમિકતામાં વિરોધ નથી. શ્વેતાંબર, દિગંબર બંને પરંપરાના અંગ સાહિત્યમાં આચારાંગને સૌથી પ્રથમ સ્થાન આપ્યું છે. આચારાંગમાં વિચારોના જે મોતી પરોવ્યા છે તે જ્ઞાની પાઠકોના દિલને આકર્ષિત કરે છે, મનને મોહિત કરે છે. સૂત્રની શૈલી સંક્ષિપ્ત છે પરંતુ તેનું અર્થરૂપ શરીર વિરાટ છે. જ્યારે આપણે આચારાંગને વાંચીએ છીએ ત્યારે સ્પષ્ટ જણાય છે કે બિંદુ સ્વરૂપ સૂત્રમાં અર્થ સિન્ધુ સમાયેલો છે. એક એક સૂત્ર પર અને એક એક શબ્દ ઉપર વિસ્તારથી તર્ક સહ ચિંતન કરવામાં આવ્યું છે. જ્ઞાનની નિર્મળ ગંગા વહેતી જોવાય છે. શ્રમણાચારનું સૂક્ષ્મ વિવેચન અને આટલું સ્પષ્ટ ચિત્ર બીજી જગ્યાએ દુર્લભ છે. આચારાંગમાં બાહ્ય અને આભ્યંતર આ બંને પ્રકારના આચારનું ઊંડાણથી વિશ્લેષણ કરવામાં આવ્યું છે.

**આચારાંગસૂત્રનો વિષય :–**

આચારાંગનો મુખ્ય પ્રતિપાદ્ય વિષય "આચાર" છે. સમવાયાંગ અને નંદીસૂત્રમાં આચારાંગમાં આવેલા વિષયનું સંક્ષેપમાં નિરૂપણ આ પ્રમાણે છે–

આચાર–ગોચર, વિનય, વૈનયિક(વિનયનું ફળ), ઉત્થિતાસન, નિષદ્યાસન અને શયનાસન, ગમન, ચંક્રમણ, આહારાદિની માત્રા, સ્વાધ્યાય વગેરેમાં યોગનું જોડાણ, ભાષા સમિતિ, ગુપ્તિ, શય્યા, ઉપધિ, ભક્તપાન, ઉદ્ગમ–ઉત્થાન, એષણા વગેરેની શુદ્ધિ, શુદ્ધાશુદ્ધના ગ્રહણનો વિવેક, વ્રત નિયમ, તપ, ઉપધાનાદિ.

આચારાંગના પ્રથમ શ્રુતસ્કંધના નવ અધ્યયન છે. બીજા શ્રુતસ્કંધમાં સોળ અધ્યયન છે, આ રીતે કુલ ૨૫ અધ્યયન છે. આચારાંગ નિર્યુક્તિમાં જે અધ્યયનનો ક્રમ છે તે સમવાયાંગના અધ્યયનના ક્રમથી પૃથક્ છે. તુલનાત્મક દષ્ટિથી અધ્યયનનો ક્રમ આ પ્રમાણે છે.

| આચારાંગ નિર્યુક્તિ | | સમવાયાંગ | |
|---|---|---|---|
| ૧. | સત્થપરિણ્ણા | ૧. | સત્થપરિણ્ણા |
| ૨. | લોગવિજય | ૨. | લોકવિજય |
| ૩. | સીઓસણિજ્જ | ૩. | સીઓસણિજ્જ |
| ૪. | સમ્મત્ત | ૪. | સમ્મત્ત |
| ૫. | લોગસાર | ૫. | આવંતી |
| ૬. | ધુત | ૬. | ધુત |
| ૭. | મહાપરિણ્ણા | ૭. | વિમોહાયણ |
| ૮. | વિમોક્ખ | ૮. | ઉવહાણસુય |
| ૯. | ઉપહાણસુય | ૯. | મહાપરિણ્ણા |

આચાર્ય ઉમાસ્વાતિએ પ્રશમરતિ પ્રકરણમાં સમવાયાંગના ક્રમનું જ અનુસરણ કર્યું છે. પાંચમા અધ્યયનના બે નામ મળે છે– લોકસાર અને આવંતી. આચારાંગ વૃત્તિથી એ જણાય છે કે તેઓને બંને નામ માન્ય હતા. આચારાંગ નિર્યુક્તિમાં મહાપરિજ્ઞા અધ્યયનને સાતમું અધ્યયન માન્યું છે. ચૂર્ણિકાર તથા વૃત્તિકારે આચારાંગ નિર્યુક્તિના મતને માન્ય કરેલ છે પરંતુ ઠાણાંગ, સમવાયાંગ અને પ્રશમરતિ પ્રકરણમાં મહાપરિજ્ઞા અધ્યયનને સાતમું ન ગણતા નવમું અધ્યયન કહેલ છે.

આવશ્યક નિર્યુક્તિ તથા પ્રભાવક ચરિત આદિ ગ્રંથોના આધારથી એ સ્પષ્ટ થાય છે કે વજ્રસ્વામીએ મહાપરિજ્ઞા અધ્યયનથી જ આકાશગામિની વિદ્યા પ્રાપ્ત કરી હતી, તેથી સ્પષ્ટ થાય છે કે વજ્રસ્વામીના સમય સુધી મહાપરિજ્ઞા અધ્યયન હતું પરંતુ આચારાંગ વૃત્તિકારના સમયમાં મહાપરિજ્ઞા અધ્યયન ન હતું. વિદ્વાનોનો મત છે કે ચૂર્ણિકારના સમયે મહાપરિજ્ઞા અધ્યયન અવશ્ય હતું પરંતુ તેને ભણવા– ભણાવવાનો ક્રમ બંધ કરી દીધો હશે. આચારાંગ નિર્યુક્તિમાં આઠમા અધ્યયનનું નામ "વિમોક્ખ" છે. જ્યારે સમવાયાંગમાં તેનું નામ "વિમોહાયતન" છે. આચારાંગમાં ચાર જગ્યાએ

"વિમોહાયતન" શબ્દનો પ્રયોગ કર્યો છે. જેથી આ અધ્યયનનું નામ "વિમોહાયતન" રાખ્યું છે અથવા તો વિમોક્ષની ચર્ચા હોવાથી વિમોક્ષ કહેલ છે.

સમવાયાંગ સૂત્ર અને નંદી સૂત્રના સૂત્ર પરિચયમાં આચારાંગ સૂત્રના બે શ્રુતસ્કંધ અને તેના અધ્યયન તથા ઉદ્દેશક કહેલ છે. ચૂડા ચૂલિકા, ચૂલા કે ચાર ચૂલા વગેરે ઉલ્લેખ ત્યાં સૂત્ર પરિચયમાં આવેલ નથી. છતાં ચૂલા, ચૂલિકા અને ચૂડા જેવા શબ્દો આચારાંગ સાથે ક્યારે જોડાઈ ગયા અને સૂત્રોમાં પણ કોઈ સ્થાને જોડાઈ ગયા, એ શોધનો વિષય છે. ઈતિહાસ ગ્રંથોમાં કોઈ જગ્યાએ અને કોઈ સ્થળે ચાર ચૂલિકાઓ મહાવિદેહ ક્ષેત્રથી લાવવાનું કથન છે. જેમાં આચારાંગના ભાવના અને વિમુક્તિ અધ્યયનને પણ મહાવિદેહથી લાવેલ ચૂલિકા કહેલ છે. જ્યારે સમવાયાંગ અને નંદીમાં તેનો અધ્યયનમાં જ સમાવેશ કરેલ છે. ઐતિહાસિક સમ્મિશ્રણોના કારણે આજે પણ દ્વિતીય શ્રુતસ્કંધને આચાર ચૂલા કહેવામાં આવે છે અને તેને ચાર ચૂલિકાઓનો સમૂહ માનવામાં આવે છે.

ગોમ્મટસાર, ધવલા, જયધવલા, અંગપણ્ણતિ, તત્ત્વાર્થ રાજવાર્તિક આદિ દિગંબર પરંપરાના મનનીય ગ્રંથોમાં આચારાંગનો જે પરિચય આપ્યો છે તેનાથી એ સ્પષ્ટ થાય છે કે આચારાંગમાં મન, વચન, કાયા, ભિક્ષા, ઈર્યા, ઉત્સર્ગ, શયનાસન અને વિનય, આ આઠ પ્રકારની શુદ્ધિઓના વિષયમાં ચિંતન કરાયું છે. આચારાંગના બીજા શ્રુતસ્કંધમાં સંપૂર્ણ આ વર્ણન મળે છે.

## આચારાંગસૂત્રનું પદ પ્રમાણ :-

આચારાંગ નિર્યુક્તિ, હરિભદ્રીય નંદીવૃત્તિ, નંદીસૂત્ર ચૂર્ણિ અને આચાર્ય અભયદેવસૂરીની સમવાયાંગવૃત્તિમાં આચારાંગ સૂત્રનું પરિમાણ અઢારહજાર પદ નિર્દિષ્ટ છે. પદ પરિમાણના વિષયમાં પરંપરાનો અભાવ હોવાથી પદનું સાચું પ્રમાણ જાણવું કઠિન છે. પ્રાચીન ટીકાકારોએ પણ સ્પષ્ટરૂપે કોઈ સમાધાન કર્યું નથી.

વર્તમાનમાં જે આચારાંગ સૂત્ર ઉપલબ્ધ છે તેમાં કેટલીક પ્રતિઓમાં બેહજાર છસો ચુમાલીસ શ્લોકો મળે છે પરંતુ કેટલીક પ્રતિઓમાં બે હજાર ચારસો ચોપ્પન તો કેટલીક પ્રતિઓમાં બે હજાર પાંચસો ચોપ્પન શ્લોકો પણ મળે છે. તેનું કારણ લેખનકાળ –લેખનયુગ છે. લેખન પ્રવૃત્તિમાં સૂત્રોનું અનેક પ્રકારથી સંક્ષિપ્તકરણ અને ક્યારેક

વિસ્તૃતિકરણ થયું છે. સામાન્ય રીતે આ સૂત્ર ૨૫૦૦ (પચ્ચીસ સો) શ્લોક પ્રમાણ માનવામાં આવે છે. અહીં એ યાદ રાખવાનું છે કે સમવાયાંગ અને નંદીસૂત્રમાં આચારાંગની જે અઢાર હજાર પદ સંખ્યા કહી છે તે નિશીથ સહિત આચારાંગના ૨૮ અધ્યયનની અપેક્ષાએ છે.

મહાપરિજ્ઞા અધ્યયનનું જે પઠન પાઠન બંધ થયું તેમાં કારણ એ છે કે આ અધ્યયનમાં અનેક ચમત્કારિક મંત્રાદિ વિદ્યાઓ હતી. બ્રહ્મચર્યાદિ, શીલરક્ષાદિના માટે ક્યારેક ઉપયોગ કરવામાં આવતો હતો પરંતુ સમય જતાં ગંભીર પાત્રનો અભાવ થતો ગયો જેથી આ અધ્યયનની વાચના બંધ કરવામાં આવી.

**આચારાંગસૂત્રના નામ :-**

૧. **आयार**– આચરણનું પ્રતિપાદન કરનાર છે તેથી તે આચાર કહેવાય છે.

૨. **आचाल**– સઘન બંધનને આચાલિત–ચલાયમાન કરે છે તેથી આચાલ કહેવાય છે.

૩. **आगाल**– સમધરાતળમાં ચેતનાને અવસ્થિત કરે છે તેથી આગાલ કહેવાય છે.

૪. **आगर**– આત્મિક શુદ્ધિના રત્નોને ઉત્પન્ન કરનાર છે તેથી આગર કહેવાય છે.

૫. **आसास**– સંત્રસ્ત ચેતનાને આશ્વાસન પ્રદાન કરવામાં સક્ષમ છે તેથી આશ્વાસ કહેવાય છે.

૬. **आयरिस**– ઈતિ કર્તવ્યતાનું સ્વરૂપ જોઈ શકાય છે તેથી તે આદર્શ છે કહેવાય છે.

૭. **अंग**– અંતસ્તલમાં અહિંસાદિ જે ભાવ છે તેને વ્યક્ત કરે છે તેથી તે અંગ છે કહેવાય છે.

૮. **आइण्ण**– આગમમાં આચીર્ણ ધર્મનું નિરૂપણ કર્યું છે તેથી આ આચીર્ણ છે કહેવાય છે.

૯. **आजाइ**– એનાથી જ્ઞાનાદિ આચારોની ઉત્પત્તિ થાય છે તેથી તે 'આજાઈ' છે કહેવાય છે.

૧૦. **आमोक्ख**– બંધન મુક્તિનું આ સાધન છે તેથી આમોક્ષ કહેવાય છે.

## આચારાંગસૂત્ર રચયિતા :-

આચારાંગના પ્રથમ શ્રુતસ્કંધની ભાષાથી બીજા શ્રુતસ્કંધની ભાષા બિલકુલ જુદી જ છે, તેના કારણે ચિંતકોની ધારણા છે કે બંનેના રચયિતા અલગ–અલગ વ્યક્તિ છે પરંતુ આગમ પ્રત્યે જેવો અત્યંત નિષ્ઠાવાન છે તેઓનો અભિપ્રાય એ છે કે બંને શ્રુતસ્કંધોના રચયિતા એક જ છે. પ્રથમ શ્રુત સ્કંધમાં ઉપદેશ વચનની મુખ્યતા હોવાથી સૂત્ર શૈલીની રચના તેને અનુરૂપ કરવામાં આવી છે, તેથી તેના ભાવ, ભાષા અને શૈલીમાં ક્લિષ્ટતા છે અને બીજા શ્રુતસ્કંધમાં આચાર સાધનાને વ્યાખ્યાત્મક દષ્ટિથી સમજાવેલ છે, તેથી તેની શૈલી ઘણી જ સુગમ અને સરળ કરવામાં આવી છે. આધુનિક યુગમાં કોઈ લેખકો જ્યારે દાર્શનિક દષ્ટિએ ચિંતન કરે છે ત્યારે તેની ભાષાનું સ્તર જુદુ હોય છે અને બાળસાહિત્યનું લેખન કરે છે તે સમયની ભાષા અલગ હોય છે. તેમાં લાલિત્ય હોતું નથી તેમજ ગંભીરતા પણ  હોતી નથી. આ જ વાત પહેલા અને બીજા શ્રુત સ્કંધના ભાષાના વિષયમાં સમજવી જોઈએ. નિષ્કર્ષ એ છે કે બંને શ્રુતસ્કંધ અર્થાત્ સંપૂર્ણ આચારાંગ સૂત્ર ગણધર રચિત છે.

આચારાંગ સૂત્ર સહુથી વધારે પ્રાચીન આગમ છે. તે સત્યને સર્વ મૂર્ધન્ય મનીષિઓએ એક અવાજથી સ્વીકારેલ છે. તેમાં જે આચારનું વિશ્લેષણ થયું છે તે ઘણું જ મૌલિક છે.

## રચનાશૈલી :-

આચારાંગ સૂત્રમાં ગદ્ય અને પદ્ય બંને શૈલીનું મિશ્રણ છે. ગદ્યનો પ્રયોગ વિશેષરૂપે થયો છે. દશવૈકાલિક ચૂર્ણિમાં આચારાંગના પ્રથમ શ્રુતસ્કંધને ગદ્યના વિભાગમાં રાખેલ છે. ઉપલબ્ધ આચારાંગ સૂત્રમાં ગદ્યની સાથે પદ્ય પણ છે. પ્રથમ શ્રુતસ્કંધના આઠમા અધ્યયનનો આઠમો ઉદ્દેશક અને નવમું અધ્યયન સંપૂર્ણ પદ્ય રૂપમાં છે. શેષ છ અધ્યયન પ્રાયઃ ગદ્યમય છે. આ સૂત્રના કેટલાક વાક્યોને આપણે ગદ્ય રૂપમાં વાંચીને પણ આનંદ અનુભવી શકીએ છીએ અને કોઈને પદ્ય રૂપમાં વાંચીને પણ આનંદની અનુભૂતિ થઈ શકે છે. બીજા શ્રુતસ્કંધનો અધિકાંશ ભાગ ગદ્યરૂપમાં  છે. સોળમું અધ્યયન પદ્ય રૂપમાં છે. સમવાયાંગ અને નંદી સૂત્રમાં આચારાંગનો પરિચય મળે છે.

## આચારાંગસૂત્રની ભાષા :-

જૈન આગમોની સામાન્ય રૂપે અર્ધમાગધી ભાષા છે. જૈન પરંપરાનું ઐતિહાસિક દૃષ્ટિથી ચિંતન કરીએ તો સૂર્યના પ્રકાશની જેમ સ્પષ્ટ જણાશે કે આ પરંપરામાં ભાષાનું મહત્ત્વ રહ્યું નથી, તેઓનું સ્પષ્ટ મંતવ્ય છે કે કેવળ ભાષાજ્ઞાનથી માનવના ચિત્તની શુદ્ધિ કે આત્મવિકાસ થઈ શકતો નથી. ચિત્તશુદ્ધિનું મૂળકારણ સદ્‌વિચાર છે. ભાષા એ તો વિચારોનું વાહન છે માટે જૈન મનીષીગણો સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ અને અન્ય પ્રાન્તીય ભાષાઓને સ્વીકારતા રહ્યા છે અને તેમાં વિપુલ સાહિત્યનું સર્જન કરતા રહ્યા છે. આ રીતે મૌલિક આગમ તો અર્ધમાગધીમાં જ છે, અન્ય સાહિત્ય અનેક ભાષાઓમાં છે.

## આચારાંગસૂત્રમાં દાર્શનિક વિષય :-

આચારાંગ સૂત્રમાં જૈનદર્શનના મૂળતત્ત્વો સમાયેલા છે, તે આચારાંગના અધ્યયનથી સ્પષ્ટ થાય છે. તે યુગના અન્ય દાર્શનિકોના વિચારોથી શ્રમણ ભગવાન મહાવીરસ્વામીની વિચારધારા અત્યધિક ભિન્ન હતી. પાલી–પિટકોના અધ્યયનથી પણ આ વાત સ્પષ્ટ થાય છે કે ભગવાન મહાવીરના સમયમાં બીજી અનેક શ્રમણ પરંપરાઓ પણ હતી. તે શ્રમણોની વિચારધારા ક્રિયાવાદી, અક્રિયાવાદીના રૂપમાં ચાલી રહી હતી. જે કર્મ અને તેના ફળને માનતા હતા તે ક્રિયાવાદી હતા, જે કર્મ તથા કર્મ ફળ ને માનતા ન હતા તે અક્રિયાવાદી હતા. ભગવાન મહાવીરસ્વામી અને તથાગત બુદ્ધ ક્રિયાવાદી હતા, છતાં બંનેના ક્રિયાવાદમાં અંતર હતું. તથાગત બુદ્ધ ક્રિયાવાદને સ્વીકારતા હોવા છતાં શાશ્વત આત્મવાદનો સ્વીકાર કર્યો નથી. જ્યારે ભગવાન મહાવીરે આત્મવાદના મૂળ પાયા ઉપર જ ક્રિયાવાદનો ભવ્ય મહેલ ઊભો કર્યો છે. જે આત્મવાદી છે તે લોકવાદી છે. જે લોકવાદી છે તે કર્મવાદી છે. જે કર્મવાદી છે તે ક્રિયાવાદી છે. આ રીતે ભગવાન મહાવીરનો ક્રિયાવાદ તથાગત બુદ્ધથી અલગ છે. કર્મવાદની મુખ્યતા હોવાના કારણે ઈશ્વર, બ્રહ્મ આદિથી સંસારની ઉત્પત્તિ માનવામાં આવી નથી. સૃષ્ટિ અનાદિની છે તેથી જ તેનો કોઈ કર્તા નથી. ભગવાન મહાવીરે સ્પષ્ટ કહ્યું છે કે– જ્યાં સુધી કર્મ છે, આરંભ છે, સમારંભ છે, હિંસા છે ત્યાં સુધી સંસારમાં પરિભ્રમણ છે, દુઃખ છે.

જ્યારે આત્મા કર્મ સમારંભનો પૂર્ણરૂપથી ત્યાગ કરે છે ત્યારે તેના સંસાર પરિભ્રમણની પરંપરા અટકી જાય છે. જેણે કર્મ સમારંભનો ત્યાગ કર્યો છે તે શ્રમણ છે.

કર્મ સમારંભનો નિષેધ કરવાનું મૂળ કારણ આ છે કે આ વિશાળ વિશ્વમાં જેટલા જીવો છે તેઓને સુખ પ્રિય છે. કોઈ પણ જીવ દુઃખને ઈચ્છતા નથી. જીવોને જે દુઃખનું નિમિત્ત બને છે તે કર્મ છે, હિંસા છે. આ જાણવું જરૂરી છે કે જીવ કોણ છે? ક્યાં છે? આચારાંગમાં જીવ વિદ્યાને લઈને ઊંડાણપૂર્વક ચિંતન કરવામાં આવ્યું છે. પૃથ્વી, પાણી, અગ્નિ, વનસ્પતિ, ત્રસકાય અને વાયુકાય આ જીવોનો પરિચય કરાવાયો છે. અન્ય આગમ સાહિત્યમાં વાયુને પાંચ સ્થાવરોની સાથે ગણેલ છે. જ્યારે અહીંયા ત્રસકાયના કથન પછી વાયુનુ કથન છે. આ અતિક્રમ વિશેષ અપેક્ષાએ થયો છે. તેની વિશેષતા એ છે– વાયુકાયના શરીરની સૂક્ષ્મતા અને અચાક્ષુષતા. માનવી આ જીવોની હિંસા તેના સ્વાર્થના માટે કરે છે, એ સ્પષ્ટ કર્યું છે, પરંતુ હિંસાથી કેટલા કર્મોનું બંધન થાય છે તેનો તેને ખ્યાલ નથી. માટે સર્વ તીર્થંકરોએ એક જ ઉપદેશ આપ્યો છે કે તમો કોઈપણ જીવની હિંસા કરો નહિ. હિંસાથી સર્વ જીવોને દુઃખ થાય છે, માટે હિંસા કર્મબંધનું કારણ છે.

વાસ્તવમાં તો સર્વ આત્માઓ સમાન સ્વભાવવાળા છે પરંતુ કર્મના કારણે તેના બે ભેદ છે– સંસારી અને મુક્તાત્મા. કર્મથી રહિત થાય ત્યારે આત્મા મુક્ત બને છે. કર્મના નાશનું મૂળ આચારાંગમાં પ્રાપ્ત થાય છે. આત્માને વિજ્ઞાતા પણ કહ્યો છે. આત્મા જ્ઞાનમય છે. આ પ્રકારની માન્યતાઓ આપણને ઉપનિષદોમાં પણ મળે છે.

ભગવાન મહાવીરસ્વામીએ લોકને ઊર્ધ્વ, મધ્યમ અને નીચે, એમ ત્રણ વિભાગથી વિભાજિત કર્યો છે. અધોલોકમાં દુઃખની પ્રધાનતા છે. મધ્યલોકમાં સુખ અને દુઃખની મધ્યમ સ્થિતિ છે. ઊર્ધ્વલોકમાં સુખની પ્રધાનતા છે. લોકાતીત સ્થાન સિદ્ધિ સ્થાન–મુક્તસ્થાન કહેવાય છે. ઊર્ધ્વલોકમાં દેવલોક છે, મધ્યલોકમાં માનવ પ્રધાન છે. અધોલોકમાં નરક છે. મધ્યલોક એ એક એવું સ્થાન છે કે જ્યાંથી જીવ ઉપર અને નીચે બંને જગ્યાએ જઈ શકે છે. નારકી દેવ બની શકતા નથી. દેવ નારકી થતા નથી પરંતુ માનવ નરકમાં પણ જઈ શકે છે અને દેવ પણ થઈ શકે છે. ઉત્કૃષ્ટ પાપને ભોગવવાનું સ્થાન નરક છે અને પુણ્યના ફળને ભોગવવાનું સ્થાન સ્વર્ગ છે. સારા કાર્યો કરનાર સ્વર્ગમાં ઉત્પન્ન થાય છે, ખરાબ કાર્યો કરનાર નરકમાં જાય છે. જે મનુષ્ય સાધના કરે છે તે કર્મથી મુક્ત પણ બની જાય છે. તે સંસારચક્રને સમાપ્ત કરી દે છે.

આચારાંગ સૂત્ર અનુસાર અહિંસક જીવનનો અર્થ છે–સંયમી જીવન. ભગવાન મહાવીરે અને બુદ્ધે સદાચાર ઉપર જોર આપ્યું છે. અહીં જાતિવાદને જરા પણ મહત્ત્વ આપ્યું નથી.

## આચારાંગસૂત્રમાં તુલનાત્મક સાધનાપક્ષ :-

તથાગત બુદ્ધ સાધનાના ઉષાકાળમાં ઉગ્રતમ તપસાધના કરતા રહ્યા પરંતુ તેનાથી તેને આનંદની પ્રાપ્તિ થઈ નહિ. તેથી તેઓ ઉગ્ર તપસાધનાનો ત્યાગ કરીને ધ્યાનનું આલંબન લીધું. તેનો અભિમત એ બની ગયો કે ઉગ્ર તપસાધના ધ્યાન સાધનામાં બાધક છે. આચારાંગમાં પ્રભુ મહાવીરની ધ્યાન સાધનાનું જે શબ્દચિત્ર મળે છે તે ઘણું જ કઠોર હતું. પ્રભુ મહાવીર ચાર–ચાર માસ સુધી એક જ જગ્યાએ સ્થિર થઈને સાધના કરતા હતા. તેઓએ છ મહિના સુધી આહાર–પાણી ગ્રહણ કર્યા ન હતા. છતાં તેઓની તે સાધના ધ્યાનમાં બાધક નહિ પરંતુ સાધક હતી. પ્રભુ મહાવીર હંમેશાં ધ્યાન સાધનામાં લીન રહેતા હતા. તેઓએ તેમની શ્રમણ સંઘની જે આચારસંહિતા અપનાવી તે પણ અત્યંત ઉગ્ર તપસાધના યુક્ત હતી. શ્રમણના અશન, વસન(વસ્ત્ર), પાત્ર, નિવાસ સ્થાનના વિષયમાં આ નિયમો બતાવ્યા કે શ્રમણના નિમિત્તે જો કોઈ વસ્તુ બનાવવામાં આવી હોય કે જૂની વસ્તુના નવા સંસ્કાર કર્યા હોય અર્થાત્ તેને વ્યવસ્થિત કરી હોય તોપણ તે સાધુને ગ્રાહ્ય નથી. તે ઉદ્દિષ્ટ ત્યાગી છે.(પોતાના ઉદ્દેશ્યથી બનાવેલી ન હોવી જોઈએ). જો તેને અનુદ્દિષ્ટ મળી જાય અને ઉપયોગી હોય તો તેને ગ્રહણ કરી શકે છે.

જૈન સાધુ અન્ય બૌદ્ધ અને વૈદિક પરંપરાના ભિક્ષુઓની જેમ કોઈના ઘરનું ભોજનનું નિમંત્રણ પણ સ્વીકારતા નથી. બૌદ્ધ સાહિત્યમાં બૌદ્ધ શ્રમણોના માટે જગ્યાએ જગ્યાએ આવાસના કારણરૂપ વિહારોના નિર્માણનું વર્ણન છે. વૈદિક પરંપરાના તાપસોના માટે આશ્રમોની વ્યવસ્થા બતાવી છે પરંતુ જૈન શ્રમણોને માટે કોઈ પણ પ્રકારના નિવાસ–સ્થાનના નિર્માણનો નિષેધ કર્યો છે. જો તેના નિમિત્તે નિર્માણ થયું હોય તો તેમાં શ્રમણ રહી શકતા ન હતા.

બૌદ્ધ ભિક્ષુઓના માટે વસ્ત્ર ગ્રહણ કરવું અનિવાર્ય હતું. શ્રમણોના માટે ખરીદ કરીને ગૃહસ્થ જો વસ્ત્ર આપતા તો તેને તથાગત બુદ્ધ સહર્ષ સ્વીકારતા હતા. બુદ્ધે શ્રમણોના નિમિત્તે આપવામાં આવેલા વસ્ત્રોને ગ્રહણ કરવાનું યોગ્ય માન્યું હતું. પરંતુ જૈન શ્રમણો તેના નિમિત્તે બનાવેલ–ખરીદેલ વસ્ત્રને ગ્રહણ પણ કરી શકતા ન હતા તેમજ બહુમૂલ્ય ઉત્કૃષ્ટ–શ્રેષ્ઠ વસ્ત્રોને ગ્રહણ કરતા ન હતા. ઉનાળાદિમાં વસ્ત્ર ધારણની આવશ્યકતા ન હોય તો તે વસ્ત્ર પહેરતા નહિ. જો જરૂરત હોય તો લજ્જા નિવારણ માટે

અનાસક્ત ભાવથી તેનો ઉપયોગ કરતા. ભિક્ષાથી શ્રમણ જીવન યાપન કરતા હતા. ભોજનના નિમિત્તે થતી સર્વ હિંસાથી તે મુક્ત હતા.

ભગવાન મહાવીરના યુગમાં સ્થૂલ જીવોની હિંસાથી જનમાનસ પરિચિત હતું, પરંતુ સૂક્ષ્મ હિંસાનું જ્ઞાન ત્યાગી અને સંન્યાસી કહેવાતી વ્યક્તિને પણ હતું નહિ. તેથી દરરોજ નવી માટી ખોદીને લાવતા અને આશ્રમનું લીંપણ કરતા હતા. અનેકવાર સ્નાન કરવામાં ધર્મ સમજતા હતા. તથાગત બુદ્ધ પણ પાણીમાં જીવ માનતા ન હતા. **न हि महाराज उदकं जीवति, नत्थि उदके जीवो वा सत्ता वा ।** – (મિલિન્દ **पण्णे** પૃ. ૨૫૩ થી ૨૫૫). વૈદિક પરંપરામાં **चउसट्ठीअे मट्टियाहि स ण्हाति ।** તે ચોસઠવાર માટીથી સ્નાન કરે છે. પંચાગ્નિ તપ તપવામાં ઉત્કૃષ્ટતા માનવામાં આવતી હતી. અનેક પ્રકારના વાયુકાયના જીવોની વિરાધના કરવામાં આવતી અને કંદ–મૂળ –ફળ–ફૂલના આહારને નિર્દોષ આહાર માનવામાં આવતો હતો. વૈદિક પરંપરાના ઋષિગણ ઘરનો ત્યાગ કરીને પત્નીની સાથે જંગલમાં રહેતા હતા. તેઓ ઘરનો ત્યાગ કરતા હતા પરંતુ પત્નીનો ત્યાગ કરતા ન હતા.

ભગવાન મહાવીરે સ્પષ્ટ કર્યું હતું કે શ્રમણે સ્ત્રી સંગનો સંપૂર્ણરૂપે ત્યાગ કરવો જોઈએ. કારણ કે સ્ત્રીના સંગથી અનેક પ્રકારના પ્રપંચો કરવા પડે છે. જેમાં કેવળ બંધન જ બંધન છે. તેથી સંતોએ કેવળ ઘરનો જ ત્યાગ નહિ પણ સર્વના ત્યાગી થવું જોઈએ. અહિંસા મહાવ્રતનું પૂર્ણરૂપથી પાલન કરવાથી અન્ય સર્વ મહાવ્રતોનું પાલન સહજ થાય છે. શ્રમણ કોઈ પણ પ્રકારની હિંસા પોતે કરે નહિ, બીજાને કરવાની પ્રેરણા કરે નહિ અને હિંસા કરનારની અનુમોદના કરે નહિ. મન, વચન, કાયાથી આ ત્યાગ કરે છે. અહિંસા મહાવ્રતની સુરક્ષાના માટે રાત્રિ ભોજનનો ત્યાગ આવશ્યક છે.

શ્રમણને ભિક્ષામાં જે પણ વસ્તુ મળે તેને તે સમભાવ પૂર્વક ગ્રહણ કરે. પરિષહોને સહન કરવાના સમયે તેના મનમાં જરામાત્ર પણ અસમાધિ ભાવ કરતા નથી. તેના મનમાં આનંદની ઊર્મીઓ તરંગિત થાય છે. શારીરિક કષ્ટની અસર મન ઉપર થતી નથી. કારણ કે ધ્યાનાગ્નિથી તે કષાયોને બાળી નાખે છે. ભગવાન મહાવીરનું મુખ્ય લક્ષ્ય શરીર શુદ્ધિ નહિ પણ આત્મશુદ્ધિ છે. જેના જીવનમાં અહિંસાની નિર્મળધારા પ્રવાહિત થઈ રહી છે તેને જ આર્ય કહેલ છે. જેના જીવનમાં હિંસાની પ્રધાનતા છે તે અનાર્ય છે. આચારાંગ સૂત્રમાં એવા અનેક શબ્દોનો ઉપયોગ થયો છે કે જેમાં વિશાળ

ચિંતન રહ્યું છે. આચારાંગના વ્યાખ્યાકારોએ તે પારિભાષિક શબ્દોનો અર્થ કરવા માટે પ્રયત્ન કર્યો છે. આચારાંગમાં પવિત્ર આત્માર્થી શ્રમણોના માટે "વસુ" શબ્દનો પ્રયોગ મળે છે. વસુ શબ્દ વેદ અને ઉપનિષદોમાં પવિત્ર આત્માનું પ્રતીક છે. તેને હંસ પણ કહેલ છે. વસુ શબ્દનો અર્થ પારસી ધર્મના મુખ્ય ગ્રંથ "અવેસ્તા"માં પણ છે. ક્યાંક વસુનો પ્રયોગ 'દેવ' અને 'ધન'ના અર્થમાં પણ થયો છે.

આચારાંગમાં 'આમગંધ' શબ્દનો પ્રયોગ થયો છે. તે અપવિત્ર પદાર્થના અર્થમાં છે. તે અર્થ બૌદ્ધ સાહિત્યમાં પણ મળે છે. બુદ્ધે કહ્યું– પ્રાણઘાત, વધ, છેદ, ચોરી, અસત્ય, છેતરવું, લૂંટ, વ્યભિરાચારાદિ જે પણ અનાચાર મૂલક પ્રવૃત્તિ છે તે સર્વ આમગંધ છે. આ પ્રમાણે અનેક શબ્દ ભાષા પ્રયોગની દષ્ટિથી વ્યાપકતાવાળા છે.

આચારાંગમાં અનેક પદ તેમજ શબ્દ એવા છે કે જે વ્યાકરણ, સંધિ તથા લેખનના અલ્પતમ પરિવર્તનથી અન્ય અર્થના દ્યોતક બની જાય છે. જેમ કે **'समत्तदंसी'** તેને જો સમ્મત્તદંસી માનવામાં આવે તો ત્રણ અર્થ અલગ અલગ થાય છે. (૧) સમત્તદંસી– સમત્વદર્શી (સમતાશીલ). (૨) સમસ્તદર્શી (કેવળજ્ઞાની) (૩) સમ્યક્ત્વદર્શી (સમ્યગ્દષ્ટિ). પ્રસંગાનુસાર ત્રણે ય અર્થ અલગ અલગ ઢંગથી અર્થની સાર્થકતા કરે છે. આમા સમત્ત્વદર્શી એ અર્થ આચારાંગમાં વિશેષ પ્રાસંગિક છે.

## વ્યાખ્યા સાહિત્ય :–

આચારાંગના ગંભીર રહસ્યને સ્પષ્ટ કરવા માટે સમયે સમયે વ્યાખ્યા સાહિત્યનું નિર્માણ થયું છે. તે આગમિક વ્યાખ્યા સાહિત્યને આપણે પાંચ વિભાગોમાં વિભક્ત કરી શકીએ છીએ. તે આ પ્રમાણે છે– (૧) નિર્યુક્તિ (૨) ભાષ્ય (૩) ચૂર્ણિ (૪) સંસ્કૃત ટીકા (૫) લોકભાષામાં લખાયેલું વ્યાખ્યા સાહિત્ય.

## નિર્યુક્તિ :–

જૈન આગમ સાહિત્યમાં પ્રાકૃત ભાષામાં જે પદ્યબદ્ધ ટીકાઓ લખવામાં આવી છે તે નિર્યુક્તિના નામથી પ્રસિદ્ધ છે. નિર્યુક્તિમાં પ્રત્યેક પદ ઉપર વ્યાખ્યા ન કરતા મુખ્ય રૂપથી પારિભાષિક શબ્દોની વ્યાખ્યા કરી છે– નિર્યુક્તિની વ્યાખ્યા શૈલી નિક્ષેપ પદ્ધતિમય છે. નિક્ષેપ પદ્ધતિમાં કોઈ એક પદના સંભાવિત અનેક અર્થો કહીને પછી

તેમાંથી અપ્રસ્તુત અર્થનો નિષેધ કરીને પ્રસ્તુત અર્થને ગ્રહણ કરવામાં આવે છે. આ શૈલી ન્યાયશાસ્ત્રમાં પ્રશસ્ત માનવામાં આવી છે. દ્વિતીય ભદ્રબાહુસ્વામીએ નિર્યુક્તિઓનું નિર્માણ કર્યું છે. નિર્યુક્તિઓ સૂત્ર અને અર્થનો નિશ્ચિત અર્થ બતાવતી વ્યાખ્યા છે. નિશ્ચયથી અર્થનું પ્રતિપાદન કરનાર યુક્તિ તે નિર્યુક્તિ છે.

જર્મન વિદ્વાન શારપેન્ટિયરે નિર્યુક્તિની પરિભાષા કરતા લખ્યું છે કે નિર્યુક્તિ શાસ્ત્રના પ્રધાન ભાગનું કેવળ અનુક્રમણિકાનું કામ કરે છે. તે વિસ્તારવાળી સર્વ ઘટનાઓનો સંક્ષેપથી ઉલ્લેખ કરે છે. ડૉકટર ઘાટકે એ નિર્યુક્તિઓને ત્રણ ભાગમાં વિભક્ત કરેલ છે–

(૧) મૂળ નિર્યુક્તિઓ, જેમાં કાળના પ્રભાવથી કંઈપણ જોડાયું નથી, જેમ આચારાંગ અને સૂયગડાંગની નિર્યુક્તિઓ.

(૨) જેમાં મૂળ ભાષ્યોનું મિશ્રણ થઈ ગયું છે, છતાં પણ તે વ્યવચ્છેદ્ય છે, જેમ દશવૈકાલિક અને આવશ્યક સૂત્ર આદિની નિર્યુક્તિઓ.

(૩) જેને આજ કાલ ભાષ્ય કે બૃહદ્‌ભાષ્ય કહે છે તે નિર્યુક્તિઓ છે. જેમાં નિર્યુક્તિ અને ભાષ્યમાં એટલું મિશ્રણ થઈ ગયું છે કે તે બંનેને અલગ અલગ કરી શકાય તેમ નથી. જેમ કે બૃહત્કલ્પ, વ્યવહાર અને નિશીથ આદિની નિર્યુક્તિઓ.

આ વર્ગીકરણ વર્તમાનમાં જે નિર્યુક્તિ સાહિત્ય ઉપલબ્ધ છે તેના આધારે કરેલ છે. દશ આગમોની નિર્યુક્તિઓની રચના થઈ છે. તે આ પ્રમાણે છે–

(૧) આવશ્યક (૨) દશવૈકાલિક (૩) ઉત્તરાધ્યયન (૪) આચારાંગ (૫) સૂત્રકૃતાંગ (૬) દશાશ્રુતસ્કંધ (૭) બૃહત્કલ્પ (૮) વ્યવહાર (૯) સૂર્યપ્રજ્ઞપ્તિ (૧૦) ઋષિભાષિત.

ઉત્તરાધ્યયન નિર્યુક્તિ પછી અને સૂત્રકૃતાંગની નિર્યુક્તિની પહેલાં આચારાંગ નિર્યુક્તિની રચના થઈ છે. તેમાં સહુથી પ્રથમ સિદ્ધોને નમસ્કાર કરીને આચાર, અંગ, શ્રુત, સ્કંધ, બ્રહ્મ, ચરણ, શસ્ત્રપરિજ્ઞા, સંજ્ઞા અને દિશા પર નિક્ષેપ દષ્ટિથી ચિંતન કર્યું છે. ચરણના છ નિક્ષેપ છે, દિશાના સાત નિક્ષેપ છે અને શેષ ચાર– ચાર નિક્ષેપ છે. આચારના પર્યાયવાચી એકાર્થક શબ્દોનો ઉલ્લેખ કરતા આચારાંગના મહાત્મ્યનું પ્રતિપાદન કર્યું છે. આચારાંગના નવ જ અધ્યયનનો સાર સંક્ષેપમાં કહ્યો છે. શસ્ત્ર અને પરિજ્ઞા આ શબ્દો પર નામ, સ્થાપના આદિ નિક્ષેપોથી ચિંતન કર્યું છે.

## ભાષ્ય :–

નિર્યુક્તિ પછી ભાષ્યોની રચના થઈ. જિનભદ્રગણી, ક્ષમાશ્રમણ વગેરે ભાષ્યના રચનાકાર થયા. ભાષ્યની રચના નિર્યુક્તિના આધારે પ્રાકૃત ભાષામાં પદ્યમય છે. નિર્યુક્તિમાં કહેલ તત્ત્વોને વિસ્તૃત રૂપે સમજાવવાનો હેતુ ભાષ્યોનો છે. કાલાંતરે નિર્યુક્તિ અને ભાષ્ય બંનેનું મિશ્રણ થઈ ગયું કારણ કે બંને પદ્યમય તથા પ્રાકૃત ભાષામાં છે. જે આગમોની નિર્યુક્તિ થઈ તે બધાના ભાષ્યો રચાયા નથી, છતાં છેદ સૂત્રોના ભાષ્યો આજે ઉપલબ્ધ છે. જેમાં ભાષ્યના નામે બે શાસ્ત્ર પ્રસિદ્ધ છે– (૧) બૃહત્કલ્પ ભાષ્ય (૨) વ્યવહાર ભાષ્ય. આ બંને પ્રકાશિત ઉપલબ્ધ છે.

## ચૂર્ણિ :–

નિર્યુક્તિ પછી "હિમવંત થેરાવલી" અનુસાર **આચાર્ય ગંધહસ્તી** જેનું બીજું નામ **સિદ્ધસેન** હતું તેના દ્વારા વિરચિત આચારાંગ સૂત્રના વિવરણની સૂચના છે. આચારાંગ સૂત્ર પર કોઈ પણ ભાષ્ય લખાયું નથી. આચારાંગથી છૂટા થયેલ અધ્યયન રૂપ નિશીથ સૂત્ર પરનું ભાષ્ય મળે છે. નિર્યુક્તિ પદ્યાત્મક છે, પરંતુ ચૂર્ણિ ગદ્યાત્મક છે. ચૂર્ણિની ભાષા સંસ્કૃત મિશ્રિત પ્રાકૃત છે. આચારાંગ ચૂર્ણિમાં તે જ વિષયોનો વિસ્તાર કરાયો છે કે જે વિષયો પર આચારાંગ નિર્યુક્તિમાં ચિંતન કરાયું છે. અનુયોગ, બ્રહ્મ, વર્ણ, આચરણ, શસ્ત્ર, પરિજ્ઞા, સંજ્ઞા, દિક્, સમ્યક્ત્વ, યોનિ, કર્મ, પૃથ્વી, અપ્, તેઉકાય, લોકવિજય, પરિતાપ, વિહાર, રતિ–અરતિ, લોભ, જુગુપ્સા, ગોત્ર, જ્ઞાતિ, જાતિસ્મરણ, એષણા, દેશના, બંધ, મોક્ષ, પરીષહ, તત્ત્વાર્થશ્રદ્ધા, જીવરક્ષા, અચેલકત્વ, મરણ, સંલેખના, સમનોજ્ઞત્વ, ત્રણ યામ, ત્રણ વસ્ત્ર, ભગવાન મહાવીરની દીક્ષા, દેવદૂષ્ય આદિ પ્રમુખ વિષયો પર વ્યાખ્યા કરી છે. ચૂર્ણિકારે પણ નિર્યુક્તિકારની જેમ નિક્ષેપ દૃષ્ટિનો ઉલ્લેખ કરીને શબ્દોના અર્થને બતાવ્યા છે.

ચૂર્ણિકારના વિષયમાં સ્પષ્ટ પરિચય પ્રાપ્ત થતો નથી. આ ચૂર્ણિના રચયિતા જિનદાસગણી માન્યા છે.

## ટીકા :–

ચૂર્ણિ પછી આચારાંગના વ્યાખ્યા સાહિત્યમાં ટીકા સાહિત્યનું સ્થાન છે. ચૂર્ણિમાં પ્રધાનતાએ પ્રાકૃત ભાષાનો પ્રયોગ થયો હતો અને ગૌણતાએ સંસ્કૃતભાષાનો

પરંતુ ટીકામાં સંસ્કૃતભાષાનો પ્રયોગ થયો છે. તેઓએ પ્રાચીન વ્યાખ્યા સાહિત્યના આલોકમાં એવા અનેક નવીન તથ્યોને કહ્યા છે કે જેને ભણીને પાઠક આનંદવિભોર બની જાય છે. ઐતિહાસિક દૃષ્ટિથી જે સમયે ટીકાઓનું નિર્માણ થયું તે સમયે અન્ય મતાવલંબી જૈનાચાર્યોને શાસ્ત્રાર્થને માટે પડકારતા હતા. જૈનાચાર્યોએ અકાટ્ય તર્કોથી તેઓના મતનું ખંડન કરવાનો પ્રયત્ન કર્યો હતો.

આચારાંગ પર પ્રથમ સંસ્કૃત ટીકાકાર આચાર્ય શીલાંક છે. તેનું બીજું નામ શીલાચાર્ય અને તત્ત્વાદિત્ય પણ મળે છે. પ્રભાવક ચરિતાનુસાર તેઓએ નવ અંગો પર ટીકાઓ લખી હતી. પરંતુ વર્તમાનમાં આચારાંગ અને સૂત્રકૃતાંગ આ બે આગમો પર જ તેની ટીકાઓ પ્રાપ્ત થાય છે. શીલાંકાચાર્યનો સમય વિક્રમની નવમી, દશમી શતાબ્દી છે. આચારાંગની ટીકા મૂળ અને નિર્યુક્તિ પર આધારિત છે. પ્રત્યેક વિષય પર વિસ્તારથી વિવેચન કર્યું છે. શૈલી અને ભાષા સુબોધ(સરળ) છે. પૂર્વના વ્યાખ્યા સાહિત્યથી આ વધારે વિસ્તૃત છે. વર્તમાને આચારાંગને સમજાવવામાં આ ટીકા અત્યંત ઉપયોગી છે. આ વૃત્તિ ૧૨૦૦૦ શ્લોક પ્રમાણ છે. વૃત્તિકારે વૃત્તિમાં અનેક સ્થલે ચૂર્ણિનો ઉલ્લેખ કર્યો છે.

આચાર્ય શીલાંક પછી જે આચાર્યોએ આચારાંગ ઉપર ટીકા લખી, તે સર્વનો મુખ્ય આધાર આચાર્ય શીલાંકની વૃત્તિ છે. અચલગચ્છના મેરુતુંગસૂરિના શિષ્ય માણિક્ય શેખરે દીપિકા રચી છે જે પ્રાપ્ત થાય છે. જિનસમુદ્રસૂરિના શિષ્યરત્ન જિનહંસની દીપિકા પણ મળે છે. હર્ષ કલ્લોલના શિષ્ય લક્ષ્મીકલ્લોલની અવચૂરિ અને પાર્શ્વચંદ્ર સૂરિનું બાલાવબોધ મળે છે. સ્થાનકવાસી પરંપરાના વિદ્વાન આચાર્ય ઘાસીલાલજી મ. દ્વારા આગમો પરની રચેલી સંસ્કૃત ટીકાઓ પણ ઉપલબ્ધ છે.

ટીકા સાહિત્ય પછી અંગ્રેજી, હિન્દી અને ગુજરાતીમાં આચારાંગનું અનુવાદ સાહિત્ય પણ પ્રકાશિત થયું છે. ડૉકટર હર્મન જેકોબીએ આચારાંગનો અંગ્રેજીમાં અનુવાદ કર્યો અને તેની મહત્ત્વપૂર્ણ ભૂમિકા લખી છે. મુનિ શ્રી સંતબાલજીએ આચારાંગ સૂત્રનો ભાવાનુવાદ ગુજરાતીમાં પ્રકાશિત કર્યો. શ્રમણી વિદ્યાપીઠ ઘાટકોપર(મુંબઈ)થી મૂળ પાઠની સાથે ગુજરાતીમાં અનુવાદક સાધ્વી શ્રી લીલમબાઈ. મ. નું બહાર પડેલ છે. આ પહેલા રવજીભાઈ દેવરાજનું અને ગોપાલદાસ જીવાભાઈ પટેલનો ગુજરાતીમાં સુંદર અનુવાદ પ્રકાશિત થયો હતો. આચાર્ય અમોલકઋષિજી મ.,પંડિતરત્ન

સૌભાગ્યમલજી મ. અને આચાર્ય સમ્રાટ આત્મારામજી મ.એ આચારાંગ પર હિંદીમાં હૃદયગ્રાહી વિવેચન લખ્યું છે. પ્રબુદ્ધ પાઠકોના માટે તે વિવેચન ઉપયોગી છે. હીરાકુમારી જૈને આચારાંગનો પ્રથમ શ્રુતસ્કંધ બંગાળી ભાષામાં અનુવાદ કરી પ્રકાશિત કર્યો હતો. તેરાપંથી સમુદાયના પંડિત મુનિ શ્રી નથમલજીએ મૂળ અને અર્થ સાથે જ વિશેષ સ્થળે ટિપ્પણ લખી છે. આ રીતે આધુનિક યુગમાં અનુવાદની સાથે આચારાંગના અનેક સંસ્કરણો પ્રકાશિત થયા છે. મૂળપાઠ રૂપે પણ કોઈ ગ્રંથો થયા છે. તેમાં આગમ પ્રભાવક મુનિ શ્રી પુણ્યવિજયજી દ્વારા સંપાદિત મૂળપાઠ સંશોધનની દષ્ટિએ અત્યંત મહત્ત્વપૂર્ણ છે. સાથે વિશ્વભારતી લાડનૂંનો મૂળ પાઠ પણ શ્રમયુક્ત છે.

સ્થાનકવાસી સમાજ એક મહાન ક્રાંતિકારી સમાજ છે. સમયે સમયે તેણે જે ક્રાંતિકારી ચિંતનપૂર્વકના પગલા ભર્યા છે તેથી વિદ્વદ્‌ગણ આશ્ચર્યચકિત થતા રહે છે.

આચાર્ય અમોલખઋષિજી મ., પૂજ્ય ઘાસીલાલજી મ., ધર્મોપદષ્ટા ફૂલચંદજી મ. દ્વારા આગમ બત્રીસીનું પ્રકાશન થયું છે. તેમજ દઢ સંકલ્પી પૂ. મધુકરમુનિજી મ. હિંદી વિવેચન સાથે આગમ પ્રકાશનની યોજનાને મૂર્ત સ્વરૂપ આપ્યું છે. તેનો મુખ્ય આધાર લઈ અમો પણ ગુજરાતીમાં અનુવાદ વિવેચન કરવાના સદ્‌ભાગી બન્યા છીએ.

આગમ મનીષી ત્રિલોકમુનિએ બત્રીસ શાસ્ત્રોનું મંથન કરી હિંદીમાં સારાંશ પ્રકાશિત કરાવ્યો છે જે જૈનાગમ નવનીત નામથી પ્રસિદ્ધ છે. તે સામાન્ય, પ્રૌઢ અને વૃદ્ધજનોને ઉપયોગી થાય એમ છે.

શ્રમણસંઘીય આગમજ્ઞાતા પં. ર. શ્રી કન્હૈયાલાલજી મ.સા. "કમલ" એ આગમોનું વિષયવાર વિભાજન કરી ચાર અનુયોગના નામે આઠ ભાગોમાં બત્રીસ સૂત્રોના સંપૂર્ણ મૂળપાઠ અને અર્થને સમાવિષ્ટ કરનારા વિશાળ ગ્રંથો પ્રકાશિત કરાવ્યા છે. તે દરેક ગ્રંથ આગમ વિષયોના અન્વેષણકર્તાઓ માટે ઘણાં જ ઉપયોગી છે.

**પ્રસ્તુત સંસ્કરણ :-**

આગમિક ભાવોને જેઓએ હૃદયસ્થ કર્યા હતા તેવા પૂ. ગુરુપ્રાણની જન્મશતાબ્દીના અવસરે મારા ગુરુભગિની પૂ. બા.બ્ર. ઉષાબાઈ મહાસતીજીને શાસ્ત્રોના ભાવોને માતૃભાષામાં સહજ અને સરળ કરવાની ભાવના યોગાનુયોગ જાગી. પૂ. ગુરુણી દેવોએ તેમજ સંયમી સાથીઓએ તે ભાવોને ઉલ્લાસિત કર્યા. આ સર્વની ભાવનાને

સાકાર કરવા આજીવન મૌનવ્રતધારી પૂ. તપસ્વી ગુરુદેવનું અસીમકૃપાનું બળ સાંપડ્યું. જેના બળે સ્વલ્પ સમયમાં એક પછી એક આગમોનું ગુજરાતી અનુવાદ સાથે પ્રકાશન થવા લાગ્યું છે.

ગુરુવર્યોના આશીષે મારા સદ્ભાગ્યે આચારાંગ સૂત્રની સ્પર્શનાનો અવસર પ્રાપ્ત થયો. વીતરાગવાણી તો અનુપમિત છે છતા એક દષ્ટિએ તેને ઈક્ષુની ઉપમા ઘટી શકે છે કારણ કે ઈક્ષુને જ્યારે પણ જ્યાંથી ચૂસીએ ત્યારે તેમાંથી મીઠાસ જ પ્રાપ્ત થાય છે. તેમ આગમવાણીમાં જીવન ઉપયોગી અમૃતરસ જ ભર્યો છે. આગમોના અવલોકનમાં આચારાંગ સૂત્ર પણ રસ સભર છે. જેમ કે– **जे अज्झत्थं जाणइ से बहिया जाणइ, जे बहिया जाणइ से अज्झत्थं जाणइ** । જે પોતાના સુખ દુઃખને જાણે છે તે બીજાના સુખ દુઃખને જાણે છે. જે બીજાના સુખ દુઃખને જાણે છે તે પોતાના સુખ દુઃખને જાણે છે. આવી રહસ્ય યુક્ત અનેક સૂક્તિઓનો ખજાનો આ આગમમાં ભર્યો પડ્યો છે. તેના ભાવને પામી ભાવાનુવાદ કરવો એ મારા જેવી અલ્પજ્ઞ સાધ્વી માટે ઘણું કઠિન છે પરંતુ જેના મૂળમાં, જેના સ્રોતમાં પૂ. તપસ્વી ગુરુદેવ અને પૂ. ગુરુણી મૈયાનું કૃપા ઝરણું વહેતું હોય પછી તે કઠિન કાર્ય પણ સહજ બની જાય છે. આ જે કાંઈ તૈયાર થયું છે તે મારા ઉપકારી પૂ. તપસ્વી ગુરુદેવ અને પૂ.ગુરુણી દેવા પૂજ્યવરા મોટાસ્વામી તથા ભાવયોગિની પૂ. સ્વામીની અંતર પ્રેરણાના યોગે થયું છે. તેથી તે આપનું જ છે. આપની વસ્તુ આપને સમર્પિત કરું છું.

આગમના અવગાહનમય જ જેમનું જીવન છે અને જેઓ આગમ મનીષીના વિશેષણથી અલંકૃત છે તેવા પૂ. ત્રિલોકમુનિ મહારાજે અપ્રમત્તભાવે સતત જાગૃતિપૂર્વક મૂળપાઠ, અર્થપાઠ આદિનું અવલોકન કરી જે ઉપકાર કર્યો છે તે શબ્દાતીત છે. તેથી મનોયોગ અને કાયયોગના સાથે અંતરભાવની વંદના સહ જેટલો ઉપકાર માનું તેટલો ઓછો છે.

જેમનો કિંમતી સમય શાસ્ત્રના નિરીક્ષણ અને નિદિધ્યાસન સિવાય પ્રાયઃ ક્યાંય પણ બહાર નથી એવા મારા ગુરુણીમૈયા ભાવયોગિની પૂ. બા. બ્ર. લીલમબાઈ મહાસતીજીએ એક એક અર્થ, ભાવાર્થ આદિને અવગાહીને રસ સભર કર્યું છે. તે ઉપકાર બદલ તેઓશ્રીના ચરણમાં હાર્દિક ભાવ વંદન સહ શું કહું ? પૂ. ગુરુણી દેવા આપના ઉપકારે તો હું આ ભાર સભર છું. અમારા સહુના વડીલ ગુરુભગિની પૂ. બા.

બ્ર. પુષ્પાબાઈ મહાસતીજી જેઓ પૂ. "દીદી સ્વામી" ના સંબોધનને પામ્યા છે તેમનો સાનુકૂળ સુયોગ અને મારા સર્વ સાથી સહયોગીઓની સહાયતાના કારણે આ સર્વ થયું છે. ડો. સાધ્વી આરતીબાઈ મ. સા. અને સાધ્વી સુબોધિકાબાઈ મ. સા. એ ભાષા સંશોધનનું કાર્ય કરી ઉપકૃત કર્યું, તે સર્વનો ભાવપૂર્વક આભાર માનું છું. આ શાસ્ત્રના સંપાદન કાર્યમાં આચાર્યશ્રી આત્મારામજી મ.સા., યુવાચાર્ય શ્રી મધુકરમુનિ, યુવાચાર્ય મુનિ નથમલ અને મુનિશ્રી સંતબાલજીના આચારાંગ સૂત્રનો મુખ્યત્વે ઉપયોગ કર્યો છે, અન્ય પણ જે જે શાસ્ત્રોનો સહયોગ લીધો છે, તે સર્વ સંપાદક–પ્રકાશકનો આભાર માનું છું.

મારા આ આગમને પ્રકાશમાં લાવનાર શ્રી ગુરુ પ્રાણ ફાઉન્ડેશન પ્રકાશન સમિતિના માનદ સભ્યોશ્રી તથા સર્વ પ્રકાશન કાર્યને પ્રમુખરૂપે વહન કરનાર શ્રી રોયલપાર્ક સ્થા. જૈન મોટા સંઘના પ્રમુખશ્રી ચંદ્રકાંતભાઈ માણેકચંદ શેઠનો પણ આભાર માનું છું. પ્રુફ સંશોધનમાં નિઃસ્વાર્થભાવે સહયોગી થનાર સુશ્રાવકશ્રી મુકુંદભાઈનો પણ આભાર માનું છું.

આત્મભાવમાં સ્થિરતા કરાવનાર એવા આ "આચારાંગ " સૂત્રના અનુવાદન કાર્યમાં છદ્મસ્થના યોગે ક્યાંય પણ ક્ષતિ રહી જવા પામી હોય તો મિચ્છામિ દુક્કડં..

પૂ. મુક્તલીલમ ગુરુણીના
**સુશિષ્યા સાધ્વી હસુમતી**

# ૩૨ અસ્વાધ્યાય

## શાસ્ત્રના મૂળપાઠ સંબંધી

| ક્રમ | વિષય | અસ્વાધ્યાય કાલ |
|---|---|---|
| | **આકાશસંબંધી દસ અસ્વાધ્યાય** | |
| ૧ | આકાશમાંથી મોટો તારો ખરતો દેખાય | એક પ્રહર |
| ૨ | દિગ્દાહ–કોઈ દિશામાં આગ જેવું દેખાય | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| ૩ | અકાલમાં મેઘગર્જના થાય [વર્ષાઋતુ સિવાય] | બે પ્રહર |
| ૪ | અકાલમાં વીજળી ચમકે [વર્ષાઋતુ સિવાય] | એક પ્રહર |
| ૫ | આકાશમાં ઘોરગર્જના અને કડાકા થાય | આઠ પ્રહર |
| ૬ | શુક્લપક્ષની ૧, ૨, ૩ની રાત્રિ | એક પ્રહર |
| ૭ | આકાશમાં વીજળી વગેરેથી યક્ષનું ચિહ્ન દેખાય | જ્યાં સુધી દેખાય ત્યાં સુધી |
| ૮ | કરા પડે | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| ૯ | ધુમ્મસ | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| ૧૦ | આકાશ ધૂળ–રજથી આચ્છાદિત થાય | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| | **ઔદારિક શરીર સંબંધી દસ અસ્વાધ્યાય** | |
| ૧૧ | તિર્યંચ, મનુષ્યના હાડકાં બળ્યા, ધોવાયા વિના હોય, | ૧૨ વર્ષ |
| ૧૨–૧૩ | તિર્યંચના લોહી, માંસ ૬૦ હાથ, મનુષ્યના ૧૦૦ હાથ [ફૂટેલા ઈંડા હોય તો ત્રણ પ્રહર] | દેખાય ત્યાં સુધી |
| ૧૪ | મળ–મૂત્રની દુર્ગંધ આવે અથવા દેખાય | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| ૧૫ | સ્મશાન ભૂમિ [૧૦૦ હાથની નજીક હોય] | – |
| ૧૬ | ચંદ્રગ્રહણ–ખંડ/પૂર્ણ | ૮/૧૨ પ્રહર |
| ૧૭ | સૂર્યગ્રહણ–ખંડ/પૂર્ણ | ૧૨/૧૬ પ્રહર |
| ૧૮ | રાજાનું અવસાન થાય તે નગરીમાં | નવા રાજા થાય ત્યાં સુધી |
| ૧૯ | યુદ્ધસ્થાનની નિકટ | યુદ્ધ ચાલે ત્યાં સુધી |
| ૨૦ | ઉપાશ્રયમાં પંચેન્દ્રિયનું કલેવર | જ્યાં સુધી હોય ત્યાં સુધી |
| | **ચાર મહોત્સવ–ચાર પ્રતિપદા** | |
| ૨૧–૨૮ | અષાઢ, આસો, કારતક અને ચૈત્રની પૂર્ણિમા અને ત્યાર પછીની એકમ | સંપૂર્ણ દિવસ–રાત્રિ |
| ૨૯–૩૨ | સવાર, સાંજ, મધ્યાહ્ન અને અર્ધરાત્રિ. | એક મુહૂર્ત |

[**નોંધ :–** પરંપરા અનુસાર ભાદરવા સુદ પૂનમ અને વદ એકમના દિવસે પણ અસ્વાધ્યાય મનાય છે. તેની ગણના કરતાં ૩૪ અસ્વાધ્યાય થાય છે.]

# શ્રી આચારાંગ સૂત્ર

ગણધર રચિત પ્રથમ અંગ

## ભાગ - ૧

## પ્રથમ શ્રુતસ્કંધ

**મૂળપાઠ, ભાવાર્થ, વિવેચન, પરિશિષ્ટ**

: અનુવાદિકા :

સાધ્વીશ્રી હસુમતી

આ કાલિકસૂત્ર છે. તેના મૂળપાઠનો સ્વાધ્યાય દિવસ અને રાત્રિના પહેલા તથા ચોથા પ્રહરમાં થઈ શકે છે.

# પ્રથમ અધ્યયન

## પરિચય

આ અધ્યયનનું નામ 'શસ્ત્ર પરિજ્ઞા' છે.

'શસ્ત્ર'નો અર્થ છે– હિંસાનું સાધન. જે જેના માટે વિનાશક હોય છે તે તેના માટે શસ્ત્ર છે. **जं जस्स विणासकारणं तं तस्स सत्थं भण्णइ ।** – [નિ.ચૂ.ઉ.૧, અભિધાન રાજેન્દ્ર કોષ ભા. ૭ પૃ. ૩૩૧]. ચાકુ, તલવારાદિ દ્રવ્યશસ્ત્ર છે અને રાગ–દ્વેષ વગેરે ભાવશસ્ત્ર છે. રાગ–દ્વેષથી આત્મગુણોનો ઘાત થાય છે, તેથી રાગ–દ્વેષ આત્મા માટે શસ્ત્રરૂપ છે.

પરિજ્ઞા એટલે જ્ઞાન. પરિજ્ઞાના બે પ્રકાર છે– (૧) જ્ઞપરિજ્ઞા એટલે જાણવું અને (૨) પ્રત્યાખ્યાન પરિજ્ઞા અટલે ત્યાગ કરવો. હિંસાના સ્વરૂપને જાણી તેનો ત્યાગ કરવો તે શસ્ત્રપરિજ્ઞાનો સરળ અર્થ છે.

હિંસાના ત્યાગને જ  અહિંસા કહેવામાં આવે છે, અહિંસાનો મુખ્ય આધાર છે આત્મા. આત્માનું જ્ઞાન થયા પછી જ અહિંસામાં શ્રદ્ધા દઢ થાય છે અને અહિંસાનું સમ્યક્ પરિપાલન કરી શકાય છે.

પ્રથમ ઉદ્દેશકના પ્રથમ સૂત્રમાં આત્મસંજ્ઞા–આત્મબોધની ચર્ચા કરતાં કહ્યું છે કે કોઈ માનવને સ્વયં, તો કોઈને ઉપદેશ શ્રવણથી અથવા શાસ્ત્ર અધ્યયન આદિથી આત્મબોધ થાય છે. આત્મબોધ થયા પછી આત્માના અસ્તિત્વમાં વિશ્વાસ થાય છે, ત્યારે તે આત્મવાદી બને છે. આત્મવાદી જ અહિંસાનું સારી રીતે પાલન કરી શકે છે. આ પ્રમાણે આત્માના અસ્તિત્વની ચર્ચા કર્યા પછી હિંસા–અહિંસાની ચર્ચા કરવામાં આવી છે. હિંસાનાં નિમિત્ત કારણોની ચર્ચા, છકાયના જીવોનું સ્વરૂપ, છકાય જીવોની સિદ્ધિ, હિંસાથી આત્માને થતો પરિતાપ, કર્મબંધ તથા તેનાથી વિરક્ત થવાનો ઉપદેશ આદિ વિષયોનું જીવંત શબ્દચિત્ર પ્રથમ અધ્યયનના સાત ઉદ્દેશકોમાં જોવા મળે છે.

❖❖❖❖❖

# પ્રથમ અધ્યયન–શસ્ત્રપરિજ્ઞા

## પહેલો ઉદ્દેશક

**આત્મસ્વરૂપનો અબોધ :–**

**१** **सुयं मे आउसं ! तेणं भगवया एवमक्खायं– इहमेगेसिं णो सण्णा भवइ । तं जहा– पुरत्थिमाओ वा दिसाओ आगओ अहमंसि, दाहिणाओ वा दिसाओ आगओ अहमंसि, पच्चत्थिमाओ वा दिसाओ आगओ अहमंसि, उत्तराओ वा दिसाओ आगओ अहमंसि, उड्ढाओ वा दिसाओ आगओ अहमंसि, अहे दिसाओ वा आगओ अहमंसि, अण्णयरीओ दिसाओ वा अणुदिसाओ वा आगओ अहमंसि।**

**एवमेगेसिं णो णायं भवइ– अत्थि मे आया उववाइए, णत्थि मे आया उववाइए, के अहं आसी, के वा इओ चुओ इह पेच्चा भविस्सामि ।**

**શબ્દાર્થ :–** **सुयं** = સાંભળ્યું છે, **मे** = મેં, **आउसं** = હે આયુષ્યમાન્ શિષ્ય ! **तेणं** = તે, **भगवया** = ભગવાન મહાવીર સ્વામીએ, **एवं** = આ પ્રમાણે, **अक्खायं** = કહ્યું છે કે, **इहं** = આ લોકમાં, **एगेसिं** = કોઈ પ્રાણીને, **सण्णा** = સંજ્ઞા, જ્ઞાન, **णो भवइ** = હોતું નથી, **तं जहा** = જેમકે, **पुरत्थिमाओ** = પૂર્વ, **दिसाओ** = દિશામાંથી, **वा** = અથવા, **आगओ अंसि** = આવ્યો છું, **अहं** = હું, **दाहिणाओ दिसाओ** = દક્ષિણ દિશામાંથી, **पच्चत्थिमाओ दिसाओ** = પશ્ચિમ દિશામાંથી, **उत्तराओ दिसाओ** = ઉત્તર દિશામાંથી, **उड्ढाओ दिसाओ** = ઊંચી દિશામાંથી, **अहे दिसाओ** = નીચી દિશામાંથી, **अण्णयरीओ दिसाओ** = કોઈ એક અન્ય દિશામાંથી, **अणुदिसाओ** = અનુદિશામાંથી, વિદિશામાંથી.

**एवं** = આ પ્રમાણે, **णायं** = જ્ઞાન, **मे** = મારો, **आया** = આત્મા, **उववाइए अत्थि** = ભિન્ન ભિન્ન ગતિમાં ઉત્પન્ન થનારો છે, **मे आया** = મારો આત્મા, **उववाइए णत्थि** = ભિન્ન ગતિમાં ઉત્પન્ન થનારો નથી, **अहं** = હું, **के आसी** = કોણ હતો ? **इओ चुओ** = આ શરીરથી છૂટીને, **इह** = આ સંસારમાં, આ પછી, **पेच्चा** = બીજા જન્મમાં, **के भविस्सामि** = શું થઈશ ?

**ભાવાર્થ :–** હે આયુષ્યમાન્ ! મેં સાંભળ્યું છે, તે ભગવાન મહાવીર સ્વામીએ આ પ્રમાણે કહ્યું છે કે– આ સંસારમાં કેટલાંક પ્રાણીને જ્ઞાન હોતું નથી કે– હું પૂર્વ દિશામાંથી આવ્યો છું કે દક્ષિણ દિશામાંથી

આવ્યો છું કે પશ્ચિમ દિશામાંથી આવ્યો છું કે ઉત્તર દિશામાંથી આવ્યો છું કે ઊર્ધ્વ દિશામાંથી આવ્યો છું કે અધો દિશામાંથી આવ્યો છું કે કોઈ અન્ય દિશામાંથી કે વિદિશામાંથી આવ્યો છું ?

કોઈ પ્રાણીને એ જ્ઞાન પણ હોતું નથી કે– મારો આત્મા ઔપપાતિક–જન્મ ધારણ કરનારો છે કે નહિ ? હું પૂર્વ જન્મમાં કોણ હતો ? હું ક્યાંથી ચ્યવીને અહીં આવ્યો છું ? અને હવે આયુષ્ય પૂર્ણ કરીને પરલોકમાં ક્યાં જઈશ ?

## વિવેચન :–

**सुयं मे आउसं :–** ચૂર્ણિ તથા શીલાંકવૃત્તિમાં **आउसं** ના બે પાઠાંતર છે– **आवसंतेणं** તથા **आमुसंतेणं** ક્રમથી તેનો અર્થ આ પ્રમાણે છે– ભગવાનની સમીપે રહેતાં તથા તેના ચરણોને સ્પર્શતાં, મેં આ સાંભળ્યું છે. તેનાથી એમ જણાય છે કે સુધર્માસ્વામીએ ભગવાન મહાવીરસ્વામી પાસે સાક્ષાત્ રહીને આ વાણી સાંભળી છે.

**सण्णा :–** સંજ્ઞાનો અર્થ છે ચેતના; ચેતના બે પ્રકારની છે– જ્ઞાનચેતના અને અનુભવચેતના. સંવેદન તે અનુભવચેતના છે. તે પ્રત્યેક પ્રાણીમાં હોય છે. જ્ઞાનચેતના અર્થાત્ વિશેષબોધ, તે જીવોમાં હીનાધિક અંશે વિકસિત હોય છે. અનુભવ ચેતનાના ૧૬ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– આહાર, ભય, મૈથુન, પરિગ્રહ, સુખ, દુઃખ, મોહ, વિચિકિત્સા, ક્રોધ, માન, માયા, લોભ, શોક, લોક, ધર્મ તેમજ ઓઘસંજ્ઞા. જ્ઞાન ચેતનાના પાંચ ભેદ છે– મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ તથા કેવળજ્ઞાન.

આત્માનું વર્તમાન અસ્તિત્વ તો સર્વજનો સ્વીકારે છે પરંતુ ભૂતકાળ–પૂર્વજન્મ અને ભવિષ્ય–પુનર્જન્મના અસ્તિત્વમાં સર્વલોકો વિશ્વાસ કરતા નથી. **આત્માની ત્રૈકાલિક સત્તામાં જે વિશ્વાસ રાખે છે, તે આત્મવાદી છે.** આત્મવાદીઓમાં પણ ઘણાને પોતાના પૂર્વજન્મનું સ્મરણ હોતું નથી. સંસારમાં હું કઈ દિશા અથવા વિદિશામાંથી અહીં આવ્યો છું ? હું પૂર્વજન્મમાં કોણ હતો ? તે યાદ નથી હોતું. તેમજ ભવિષ્યનું પણ જ્ઞાન હોતું નથી કે હું અહીંથી આયુષ્ય પૂર્ણ કરીને ક્યાં જઈશ ? અને હું શું થઈશ ? પૂર્વજન્મ અને પુનર્જન્મ સંબંધી જ્ઞાનચેતનાની ચર્ચા આ સૂત્રમાં કરી છે.

**दिसाओ :–** નિર્યુક્તિકારે 'દિશા' શબ્દનું વિસ્તારથી વિવેચન કર્યું છે. જે તરફ સૂર્યોદય થાય છે, તે પૂર્વ દિશા કહેવાય છે. પૂર્વાદિ ચાર દિશાઓ; ઈશાન, અગ્નિ, નૈઋત્ય તેમજ વાયવ્યકોણ, એ ચાર અનુદિશાઓ છે તથા તેઓનાં અંતરાલમાં આઠ વિદિશાઓ છે, ઊંચી દિશા અને નીચી દિશા, આ પ્રમાણે ૧૮ દ્રવ્ય દિશાઓ છે. આગમમાં ઉત્કૃષ્ટ ૧૦ દિશાઓ કહેલ છે. વ્યાખ્યાકારે કહેલ આઠ અંતરાલ વધારાના છે કારણ કે વિદિશાઓ એક પ્રદેશી છે, જે ચારે ય દિશાઓની વચ્ચે આવેલ છે. તે જ અંતરાલરૂપ છે. બીજા આઠ અંતરાલ બને તેવી શક્યતા નથી.

૧૮ ભાવદિશાઓ છે, તે આ પ્રમાણે છે– મનુષ્યની ૪ દિશાઓ– (૧) સંમૂર્ચ્છિમ (૨) કર્મભૂમિજ (૩) અકર્મભૂમિજ (૪) અંતરદ્વીપજ. તિર્યંચની ૪ દિશાઓ– (૧) બેઈન્દ્રિય (૨) તેઈન્દ્રિય (૩) ચતુરિન્દ્રિય (૪) પંચેન્દ્રિય. સ્થાવર કાયની ૪ દિશાઓ– (૧) પૃથ્વીકાય (૨) અપ્કાય (૩) તેઉકાય (૪) વાઉકાય.

વનસ્પતિની ૪ દિશાઓ– (૧) અગ્રબીજ (ર) મૂળબીજ (૩) સ્કન્ધબીજ (૪) પર્વબીજ. આ ૧૬ તથા દેવ અને નારકી, આ રીતે ૧૮ ભાવદિશાઓ છે. એ અઢાર ભેદ પણ અપેક્ષાથી એટલે કે સંખ્યા મેળવવાના લક્ષ્યથી કહેલ છે. શ્રી દશવૈકાલિકસૂત્રમાં વનસ્પતિના છ ભેદનું કથન છે. તેમાં સૂત્રોક્ત ચાર ભેદ સહિત **बीयरूहा** અને **संमुच्छिमा** નું કથન છે. બીજથી ઉત્પન્ન થનારી વનસ્પતિને **बीयरूहा** અને સમૂર્ચ્છિમ–સ્વયં ઉત્પન્ન થનારી વનસ્પતિ. તે વનસ્પતિ જ લોકમાં વધારે હોય છે.

**આત્મ અસ્તિત્વનો બોધ :–**

**૨ से जं पुण जाणेज्जा सहसम्मइयाए परवागरणेणं अण्णेसिं वा अंतिए सोच्चा, तं जहा– पुरत्थिमाओ वा दिसाओ आगओ अहमंसि** *जाव* **अण्णयरीओ दिसाओ वा अणुदिसाओ वा आगओ अहमंसि ।**

**एवमेगेसिं जं णायं भवइ अत्थि मे आया उववाइए, जो इमाओ दिसाओ वा अणुदिसाओ वा अणुसंचरइ, सव्वाओ दिसाओ सव्वाओ अणुदिसाओ जो आगओ अणुसंचरइ, सोऽहं । से आयावाई लोयावाई कम्मावाई किरियावाई ।**

**શબ્દાર્થ :– से** = તે પુરુષ, **जं** = જેને, **सहसम्मइयाए** = પોતાની બુદ્ધિથી, **परवागरणेणं** = તીર્થંકરાદિના ઉપદેશથી, **अण्णेसिं** = બીજાની, **अंतिए** = પાસેથી, **सोच्चा** = સાંભળીને, **पुण** = ફરી, **जाणेज्जा** = જાણી લે છે, **तंजहा** = જેમકે.

**एवं** = આ પ્રમાણે, **एगेसिं** = કોઈ જીવોને, **णायं भवइ** = જ્ઞાન થાય છે, **जं** = કે, **मे आया** = મારો આત્મા, **उववाइए** = વિવિધ ગતિમાં ભ્રમણ કરનાર, **अत्थि** = છે, **जो** = જે આત્મા, **इमाओ** = આ, **अणुसंचरइ** = સંસારમાં પરિભ્રમણ કરે છે, **सव्वाओ दिसाओ** = સર્વદિશાઓમાંથી, **सव्वाओ अणुदिसाओ** = સર્વ અનુદિશાઓમાંથી, **जो** = જે, **आगओ** = આવીને, **अणुसंचरइ** = પરિભ્રમણ કરે છે, **सोऽहं** = તે આત્મા હું છું, **आयावाई** = આત્મવાદી, **लोयावाई** = લોકવાદી, **कम्मावाई** = કર્મવાદી, **किरियावाई** = ક્રિયાવાદી છે.

**ભાવાર્થ :–** કોઈ પ્રાણી પોતાની સ્વમતિ એટલે કે પૂર્વજન્મના સ્મરણથી અથવા તીર્થંકરાદિ પ્રત્યક્ષ જ્ઞાનીઓનાં વચનથી અથવા અન્ય વિશિષ્ટ શ્રુતજ્ઞાનીઓની પાસેથી ઉપદેશ સાંભળીને જાણી લે છે કે– હું પૂર્વ દિશામાંથી આવ્યો છું ***યાવત્*** અન્ય કોઈ દિશાઓમાંથી અથવા તો વિદિશાઓમાંથી આવ્યો છું.

કોઈ વ્યક્તિને એવું જાણપણું થાય છે કે– ભવાન્તરમાં મારો આત્મા પરિભ્રમણ કરનારો છે, આ દિશાઓ અને અનુદિશાઓમાં કર્માનુસાર જે પરિભ્રમણ કરે છે, ગમનાગમન કરે છે તે હું છું, આત્મા છું.

ગમનાગમન કરનારા નિત્ય પરિણામી આત્માને જે જાણી લે છે તે આત્મવાદી, લોકવાદી, કર્મવાદી તેમજ ક્રિયાવાદી છે.

## વિવેચન :–

આ સૂત્રોમાં ચર્મચક્ષુથી પરોક્ષ એવા આત્મતત્ત્વને જાણવાનાં ત્રણ સાધન કહ્યાં છે– (૧) સ્વમતિ– પૂર્વજન્મનાં સ્મરણરૂપ જાતિસ્મરણજ્ઞાન તથા અવધિજ્ઞાનાદિ વિશિષ્ટજ્ઞાન થવાથી. (૨) તીર્થંકરના ઉપદેશથી–તીર્થંકર, કેવળી આદિનાં પ્રવચન સાંભળીને. (૩) વિશિષ્ટ જ્ઞાનીના ઉપદેશથી– તીર્થંકરોનાં પ્રવચનાનુસાર ઉપદેશ આપનાર વિશિષ્ટ જ્ઞાની પાસેથી ઉપદેશાદિ સાંભળીને.

આ દર્શાવેલાં કારણોમાંથી કોઈપણ કારણથી પૂર્વજન્મ સંબંધી જ્ઞાન થઈ શકે છે. પૂર્વાદિ દિશાઓમાં જે ગમનાગમન કરે છે, તે આત્મા 'હું' જ છું. તેવો નિશ્ચય થઈ જાય છે.

પહેલા સૂત્રમાં **के अहं आसी ?** હું કોણ હતો ? એ પદ આત્મવિષયક જિજ્ઞાસાની જાગૃતિનું સૂચક છે. બીજા સૂત્રમાં **सोऽहं** 'તે હું છું.' આ પદ જિજ્ઞાસાનું સમાધાન છે, આમાં આત્મવાદી શ્રદ્ધાનો સ્વીકાર છે. કોઈ વિદ્વાન આગમમાં આવેલા **सोऽहं** પદની, ઉપનિષદોના **सोऽहं** પદ સાથે તુલના કરે છે પરંતુ વિચાર કરતાં આ બંને શબ્દોમાં શાબ્દિક સમાનતા હોવા છતાં પ્રાસંગિક દૃષ્ટિએ અર્થમાં ભિન્નતા છે. પ્રસ્તુત પ્રસંગમાં જે **सोऽहं** શબ્દ છે તે ભવાન્તરમાં ભ્રમણ કરનાર આત્માની પ્રતીતિ કરાવે છે. જ્યારે ઉપનિષદમાં **सोऽहं** શબ્દ છે તે આત્મા અને પરમાત્માની સમાન અનુભૂતિ માટે છે. જેમ કે– **सोहमस्सि, स एवाहमस्सि** –*[છા. ઉપનિષદ ૪/૧૧/૧ આદિ]*. મનુષ્ય આત્મવાદી ત્યારે જ કહેવાય કે જ્યારે તેને પરિણામી તેમજ શાશ્વત એવા આત્મામાં વિશ્વાસ હોય.

આત્માને માનનારા આત્મવાદીઓ લોકનો પણ સ્વીકાર કરે છે કારણ કે આત્માનું પરિભ્રમણ ત્રણે લોકમાં થાય છે. આત્માનું પરિભ્રમણ લોકમાં કર્મના કારણે થાય છે તેથી લોકને માનનારા કર્મને પણ માનશે. કર્મબંધનું કારણ છે ક્રિયા અર્થાત્ શુભાશુભ યોગોની પ્રવૃત્તિ. આ રીતે આત્માનું સમ્યક્ પરિજ્ઞાન થઈ જવાથી લોકનું, કર્મનું, ક્રિયાનું પરિજ્ઞાન પણ થઈ જાય છે તેથી તે આત્મવાદી, લોકવાદી, કર્મવાદી અને ક્રિયાવાદી પણ છે. આ પ્રમાણે આત્મા, લોક, કર્મ અને ક્રિયાનાં સ્વરૂપને અને આત્મા તથા લોકના અસ્તિત્વને સમજીને, સ્વીકાર કરનારા જ વાસ્તવમાં આત્મવાદી, આત્મવેત્તા, આત્મસ્વીકારકર્તા અને સમ્યગ્દષ્ટિ છે. આત્મબોધ થયા પછી જ અહિંસા કે સંયમની સાધના થઈ શકે છે. અહિંસાનો આધાર આત્મા છે. અહિંસાની પૃષ્ઠભૂમિના રૂપે આ સૂત્રમાં આત્માનું વર્ણન કર્યું છે.

## કર્મજનક સત્યાવીસ ક્રિયાઓ :–

**૩ अकरिस्सं च हं, कारवेसुं च हं, करओ यावि समणुण्णे भविस्सामि । एयावंति सव्वावंति लोगंसि कम्मसमारंभा परिजाणियव्वा भवंति ।**

**શબ્દાર્થ :– हं** = હું, મેં, **अकरिस्सं** = કર્યું, **कारवेसुं** = કરાવું છું, **करओ** = કરતાને, **यावि** = પણ, **समणुण्णे** = અનુમોદના, **भविस्सामि** = કરીશ, **एयावंति** = એટલા જ, **सव्वावंति** = સંપૂર્ણ, **लोगंसि** = લોકમાં, **कम्मसमारंभा** = કર્મસમારંભ, **परिजाणियव्वा** = જાણવા યોગ્ય, **भवंति** = હોય છે.

**ભાવાર્થ :–** આત્મવાદી મનુષ્ય એ જાણે છે કે– મેં ક્રિયા કરી હતી, હું ક્રિયા કરાવું છું, હું ક્રિયા કરનારને અનુમોદન કરીશ. આ સર્વ કર્મ સમારંભ લોકમાં જાણવા યોગ્ય છે.

## વિવેચન :–

આ સૂત્રમાં ક્રિયાના ભેદ–પ્રભેદોનું દિગ્દર્શન કરાવ્યું છે. ક્રિયા કર્મબંધનું કારણ છે. આત્મા કર્મના કારણે સંસારમાં પરિભ્રમણ કરે છે તેથી સંસાર ભ્રમણથી મુક્ત થવા માટે ક્રિયાનું સ્વરૂપ જાણવું અને તેનો ત્યાગ કરવો, એ અત્યંત જરૂરી છે. 'મેં ક્રિયા કરી હતી', આ પદમાં ભૂતકાળના નવ ભેદોને સંગ્રહિત કર્યા છે. તે આ પ્રમાણે– મેં ક્રિયા કરી હતી, ક્રિયા કરાવી હતી, ક્રિયા કરનારને અનુમોદન કર્યું હતું. આ ત્રણે ક્રિયા મનથી, વચનથી, કાયાથી થાય, તેથી પ્રત્યેકના ત્રણ ત્રણ ભેદો, ૩×૩ = ૯, એમ કુલ નવ ભેદો થયા. આ જ રીતે વર્તમાનકાળમાં હું મનથી કરું છું, હું મનથી કરાવું છું, હું મનથી કરનારની અનુમોદના કરું છું. આ રીતે મનના ૩, વચનના ૩, કાયાના ૩ = ૯ ભેદ થાય. ભવિષ્યકાળ સંબંધી પણ આ જ પ્રમાણે નવ ભેદ થાય. જેમ કે હું મનથી ક્રિયા કરીશ, હું મનથી ક્રિયા કરાવીશ, હું મનથી ક્રિયા કરનારની અનુમોદના કરીશ. મનની જેમ જ વચન અને કાયાના ત્રણ–ત્રણ ભેદો થતાં નવ ભેદો બને છે. સર્વ મળીને ભૂતકાળ, વર્તમાનકાળ અને ભવિષ્યકાળના ૨૭ વિકલ્પો થાય છે. આ ૨૭ ભેદો જ હિંસાનાં નિમિત્ત છે. તેને સારી રીતે જાણી લેવાથી, ક્રિયાનું સ્વરૂપ જાણી લેવાય છે.

ક્રિયાનું સ્વરૂપ જાણી લીધા પછી જ તેનો ત્યાગ કરી શકાય છે. ક્રિયા એ સંસારનું કારણ છે અને અક્રિયા એ મોક્ષનું કારણ છે. **अकिरिया सिद्धि** (ભગ.શ.૨ ઉ.પ.) આ આગમ વચનનો ભાવ એ છે કે ક્રિયા–આશ્રવનો નિરોધ થાય તો જ મોક્ષ થાય.

## ક્રિયાઓનું પરિણામ અને તેનાં કારણો :–

**૪ अपरिण्णायकम्मे खलु अयं पुरिसे, जो इमाओ दिसाओ वा अणुदिसाओ वा अणुसंचरइ, सव्वाओ दिसाओ सव्वाओ अणुदिसाओ साहेइ, अणेगरूवाओ जोणीओ संधेइ, विरूवरूवे फासे पडिसंवेदेइ ।**

**શબ્દાર્થ :– अपरिण्णायकम्मे** = કર્મોનાં રહસ્યને જાણતા નથી, અપરિજ્ઞાત કર્મા, **खलु** = નિશ્ચયથી, **अयं** = આ, **पुरिसे** = જીવ, **साहेइ** = કરેલાં કર્મો સાથે જાય છે, સાધે છે, ભરે છે, **अणेगरूवाओ** = અનેક પ્રકારની, **जोणीओ संधेइ(संधावइ)** = યોનિઓને પ્રાપ્ત કરે છે, યોનિઓમાં ભટકે છે, **विरूवरूवे** = વિવિધ પ્રકારના, **फासे** = સ્પર્શોને, કષ્ટોને, દુઃખોને, **पडिसंवेदेइ** = અનુભવ કરે છે, ભોગવે છે.

**ભાવાર્થ :–** જે વ્યક્તિ કર્મના રહસ્યને જાણતા નથી અથવા ક્રિયાના સ્વરૂપથી અજાણ છે તેઓ તેનો ત્યાગ કરી શકતા નથી અને તેથી જ તેઓ દિશાઓ અથવા અનુદિશાઓમાં પરિભ્રમણ કરે છે. પોતાનાં કરેલાં કર્મો અનુસાર સર્વ પ્રાણીઓ દિશાઓ–અનુદિશાઓમાં જાય છે. સર્વ દિશાઓને જન્મમરણથી

પૂર્ણ કરે છે. તેઓ અનેક પ્રકારની જીવાયોનિને પ્રાપ્ત કરે છે અને ત્યાં અનેક પ્રકારના સ્પર્શોનો અર્થાત્ સુખ–દુઃખનો અનુભવ કરે છે.

**૫** **तत्थ खलु भगवया परिण्णा पवेइया– इमस्स चेव जीवियस्स, परिवंदण– माणण–पूयणाए, जाई–मरण–मोयणाए, दुक्खपडिघाय हेउं । एयावंति सव्वावंति लोगंसि कम्मसमारंभा परिजाणियव्वा भवंति ।**

**શબ્દાર્થ :–** **तत्थ** = અહીં, આ વિષયમાં, **भगवया** = ભગવાને, **खलु** = આ અવયવ છે, **परिण्णा पवेइया** = બોધ આપેલ છે, **इमस्स** = આ, **जीवियस्स** = જીવન માટે, **चेव** = અને, **परिवंदणमाणणपूयणाए** = પ્રશંસા, માન, પૂજા, પ્રતિષ્ઠા માટે, **जाईमरण–मोयणाए** = જન્મ મરણથી છૂટવા માટે, **दुक्खपडिघाय हेउं** = દુઃખોનો નાશ કરવા માટે, **एयावंति** = એટલા, આ પ્રકારના, **सव्वावंति** = બધા, સંપૂર્ણ, **लोगंसि** = લોકમાં, **कम्मसमारंभा** = કર્મસમારંભ, ક્રિયાઓ, **परिजाणियव्वा भवंति** = જાણવા યોગ્ય છે, જ્ઞ પરિજ્ઞાથી જાણવા યોગ્ય છે અને પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી છોડવા યોગ્ય છે.

**ભાવાર્થ :–** (કર્મબંધનાં કારણોના વિષયમાં) ભગવાને પરિજ્ઞા–વિવેકનો ઉપદેશ આપ્યો છે. માનવ આ આઠ કારણે હિંસા કરે છે– પોતાના વર્તમાન જીવન માટે, પ્રશંસા કે યશ માટે, સમ્માનની પ્રાપ્તિ માટે, પૂજાને માટે, જન્મ મરણથી મુક્તિ મેળવવા માટે અર્થાત્ ધર્મ માટે, દુઃખોના પ્રતિકાર માટે અર્થાત્ રોગ, આતંક–અસાધારણ બીમારી, ઉપદ્રવાદિ દૂર કરવા માટે. લોકમાં આ સર્વ કર્મ સમારંભ–હિંસાનાં કારણો જાણવા યોગ્ય છે અને ત્યાગવા યોગ્ય છે.

### વિવેચન :–

**फासा :–** 'સ્પર્શ' શબ્દ આગમમાં અનેક અર્થોમાં આવેલો છે. સામાન્ય રીતે ત્વચા–ઈન્દ્રિયગ્રાહ્ય સુખ, દુઃખાત્મક સંવેદનને સ્પર્શ કહે છે પરંતુ પ્રસંગાનુસાર 'સ્પર્શ' શબ્દના અન્ય ભાવો પણ આગમમાં સૂચિત કર્યા છે. જેમ કે– **एते भो कसिणा फासा** –[સૂત્રકૃતાંગ. ૧/૩/૧]. અહીં સ્પર્શનો અર્થ પરીષહ કર્યો છે. આચારાંગ સૂત્રમાં અનેક અર્થોમાં તેનો પ્રયોગ છે. જેમ કે– ઈન્દ્રિયસુખ[અધ્ય.૫,ઉ.૪], ગાઢ પ્રહારાદિથી ઉત્પન્ન થયેલી પીડા [અધ્ય.૬, ઉ.૧ ], ઉપતાપ એટલે કે દુઃખ વિશેષ [અધ્ય.૮, ઉ.ર. ].

અન્ય સૂત્રોમાં પણ 'સ્પર્શ' શબ્દના ભિન્ન–ભિન્ન અર્થ પ્રસંગાનુસાર કહ્યા છે, જેમ કે– પરસ્પરનું સંઘટ્ટન– (બૃહત્કલ્પ ૧/૩). સંપર્ક–સંબંધ (સૂત્રકૃતાંગ ૧/૫/૧). સ્પર્શના–આરાધના (બૃહત્કલ્પ ૧/૨). સ્પર્શન– અનુપાલન કરવું (ભગવતી સૂત્ર શતક. ૧૫, ઉ.૭).

**परिण्णा :–** પરિજ્ઞા બે પ્રકારની છે– (૧) 'જ્ઞ' પરિજ્ઞા– વસ્તુનું જ્ઞાન કરવું–સાવદ્યક્રિયાથી કર્મબંધ થાય છે એમ જાણવું. (૨) પ્રત્યાખ્યાન પરિજ્ઞા– બંધના કારણોનો અર્થાત્ સાવદ્યયોગનો ત્યાગ કરવો. तत्र ज्ञपरिज्ञया– सावद्य व्यापारेण बंधो भवतीत्येयं भगवता परिज्ञा प्रवेदिता । प्रत्याख्यान परिज्ञया च–सावद्ययोगा बंधहेतवः प्रत्याख्येया इत्येवंरूपा चेति । – [આચારાંગશીલાંક ટીકા પૃ.૨૩].

**હિંસા કરવાનાં કારણ :–** સૂત્રમાં હિંસા કરવાનાં કારણો બતાવ્યા છે, ટીકામાં તે જ કારણોના આઠ પ્રકાર કરીને તેનું વિવેચન કર્યું છે. સાર સ્વરૂપે જોતા મુખ્ય ચાર કારણો જણાય છે, તે આ પ્રમાણે છે– (૧) ઐહિક જીવન માટે (૨) માન સન્માન માટે (૩) જન્મ મરણથી મુક્ત થવા માટે એટલે ધર્મક્રિયા માટે, (૪) રોગાતંક, આપત્તિ આદિને દૂર કરવા માટે. આ ચારમાં પ્રશંસા, સન્માન, પૂજા આ ત્રણને જુદા ગણવાથી અને જન્મ નિમિત્તે, મરણ નિમિત્તે તથા મુક્તિ માટે આ ત્રણને જુદા ગણવાથી ચારના આઠ ભેદ થાય છે.

परिवंदणमाणणपूयणाए :– ટીકા–परिवंदनं संस्तवः प्रशंसातदर्थमाचेष्टते । माननं–अभ्युत्थान, आसनदान, अंजलि प्रग्रहादि रूपं तदर्था वा चेष्टमानः । पूजनं–पूजा द्रविण वस्त्र अन्नपान सत्कार प्रणाम सेवा विशेषरूपं तदर्थं च प्रवर्तमानम् । પરિવંદનમાં પ્રશંસા સ્તુતિનું ગ્રહણ થાય છે. 'माणण' માં ઊઠવું, આસન દેવું, પ્રણામ કરવા વગેરે માન સન્માનનું ગ્રહણ થાય છે. पूयणं માં વસ્ત્ર, આહાર વગેરે પ્રદાન કરવાનો સમાવેશ થાય છે.

## આત્મબોધનો ઉપસંહાર :–

**૬ जस्सेते लोगंसि कम्मसमारंभा परिण्णाया भवंति, से हु मुणी परिण्णायकम्मे। त्ति बेमि ।**

**॥ पढमो उद्देसो समत्तो ॥**

**શબ્દાર્થ :– जस्स** = જેને, **एते** = આ, **कम्मसमारंभा** = સાવદ્યક્રિયાઓનાં સ્થાન, કારણો, **परिण्णाया भवंति** = જાણી લીધા છે અને છોડી દીધા છે, **हु** = નિશ્ચયથી, **मुणी** = મુનિ, **परिण्णायकम्मे** = કર્મના રહસ્યને જાણનાર છે, વાસ્તવમાં જ્ઞાતા છે, પરિજ્ઞાતકર્મા છે, **त्ति बेमि** = એમ હું કહું છું.

**ભાવાર્થ :–** લોકમાં જે આ કર્મસમારંભ–હિંસાનાં કારણો છે, તેને જે જાણી લે છે અને ત્યાગી દે છે, તે જ પરિજ્ઞાતકર્મા મુનિ હોય છે. –એમ હું કહું છું અર્થાત્ ભગવાને આ પ્રમાણે કહ્યું છે.

**॥ પ્રથમ ઉદ્દેશક સમાપ્ત ॥**

## વિવેચન :–

**परिज्ञातकर्मा :– परिज्ञातानि ज्ञपरिज्ञया स्वरूपतोऽवगतानि प्रत्याख्यानपरिज्ञया च परिहृतानि कर्माणि येन स परिज्ञातकर्मा ।** –*[સ્થાનાંગ વૃત્તિ ૩–૩. અભિ.રા. ભા. ૫ પૃ.૬૨૨]* જ્ઞ પરિજ્ઞાથી પદાર્થના સ્વરૂપને જાણવું, સમજવું અને પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી હિંસાદિ પ્રવૃત્તિઓનો ત્યાગ કરવો, આવું આચરણ કરનાર મુનિ વાસ્તવમાં પરિજ્ઞાતકર્મા છે.

**त्ति बेमि(इति ब्रवीमि) :–** એમ હું કહું છું. સુધર્મા સ્વામી જંબૂ સ્વામીને કહે છે, જેમ મેં ભગવાન

પાસેથી સાંભળ્યું છે તેમ હું(તમને) કહું છું. અર્થાત્ ભગવાને આ પ્રમાણે કહ્યું છે.

પ્રત્યેક ઉદ્દેશક અને અધ્યયનના અંતે **त्ति बेमि** શબ્દપ્રયોગ છે, તેનો સર્વ સ્થાને આ જ અર્થ થાય છે. ઉદ્દેશકની વચ્ચે–વચ્ચે પણ વિષયની સમાપ્તિ સૂચક આ શબ્દનો પ્રયોગ છે.

**॥ અધ્યયન–૧/૧ સંપૂર્ણ ॥**

## પહેલું અધ્યયન : બીજો ઉદ્દેશક

### દુઃખી પ્રાણી :–

**૧ अट्टे लोए परिजुण्णे दुस्संबोहे अविजाणए । अस्सिं लोए पव्वहिए तत्थ तत्थ पुढो पास आउरा परितावेंति ।**

**શબ્દાર્થ :– अट्टे** = આર્ત–દુઃખી છે, **लोए** = લોકમાં જીવો, **परिजुण्णे** = વિવેક રહિત છે, હીન છે, **दुस्संबोहे** = દુઃખથી બોધ કરાવવા યોગ્ય છે, **अविजाणए** = અજ્ઞાની છે, **अस्सिं लोए** = આ લોકમાં, **पव्वहिए** = પીડિત થવા પર, **आउरा** = જે આતુર જીવ, **तत्थ तत्थ** = ત્યાં ત્યાં, **पुढो** = અલગ અલગ, **पास** = જુઓ, **परितावेंति** = પરિતાપ આપે છે.

**ભાવાર્થ :–** સંસારના જીવો પીડિત છે. તેઓ આત્મિક ગુણથી હીન, વિવેક રહિત છે. તેમની અજ્ઞાનદશા હોવાના કારણે તેમને બોધ થવો કઠિન છે. તે અજ્ઞાની જીવ લોકમાં વ્યથા–પીડાનો અનુભવ કરે છે. કામ ભોગ તેમજ સુખ માટે આતુર બનેલાં પ્રાણી અનેક સ્થાને પૃથ્વીકાય આદિ જીવોને કષ્ટ, પીડા આપતા રહે છે. આ તું જો, સમજ.

### પૃથ્વીકાયની સજીવતા :–

**૨ संति पाणा पुढो सिआ । लज्जमाणा पुढो पास । अणगारा मो त्ति एगे पवयमाणा, जमिणं विरूवरूवेहिं सत्थेहिं पुढविकम्मसमारंभेणं पुढविसत्थं समारंभमाणे अण्णे वि अणेगरूवे पाणे विहिंसइ ।**

**શબ્દાર્થ :– संति** = છે, **पाणा** = જીવો, **पुढो** = અલગ અલગ, **सिआ** = પૃથ્વીમાં રહેલા, **लज्जमाणा** = પાપથી લજ્જિત થનાર શ્રમણોને, **पुढो** = પૃથક્, **पास** = જુઓ, **अणगारा मो त्ति** = અમે અણગાર છીએ એમ, **एगे** = કેટલાક, **पवयमाणा** = કહેતા, **जं** = જે, **इणं** = આ, **विरूवरूवेहिं** = વિવિધ

પ્રકારનાં, **सत्थेहिं** = શસ્ત્રોથી, **पुढवीकम्मसमारंभेणं** = પૃથ્વીકાયના આરંભથી, **पुढवीसत्थं** = પૃથ્વીકાયરૂપ શસ્ત્રનો, **समारंभमाणे** = આરંભ કરતાં, **अण्णे** = અન્ય, **अणेगरूवे** = અનેક પ્રકારના, **पाणे विहिंसइ** = પ્રાણીઓની હિંસા કરે છે.

**ભાવાર્થ :–** પૃથ્વીકાયિક જીવ અલગ–અલગ શરીરમાં રહે છે અર્થાત્ તે પ્રત્યેક શરીરી હોય છે. આત્મસાધક લજ્જાવાન હોવાથી હિંસા કરવામાં સંકોચનો અનુભવ કરતાં સંયમમય જીવન જીવે છે. તેને તું જુદા ઓળખ. કોઈ સાધુ કેવળ વેષધારી હોય છે, તેઓ 'અમે ગૃહત્યાગી છીએ' એવું કહેતાં હોવા છતાં વિવિધ પ્રકારનાં શસ્ત્રોથી પૃથ્વીકાયિક જીવોની હિંસા કરે છે. પૃથ્વીકાય જીવોની હિંસાની સાથે તેને આશ્રિત બીજા અનેક પ્રકારના જીવોની પણ હિંસા કરે છે.

## વિવેચન :–

જે વસ્તુ, જે જીવો માટે મારક હોય છે, તે વસ્તુ તે જીવો માટે શસ્ત્રરૂપ છે. નિર્યુક્તિકારે પૃથ્વીકાયનાં વિવિધ શસ્ત્રો (ગાથા.૯૫–૯૬ માં) આ રીતે કહ્યા છે– (૧) કોદાળી આદિ–ધરતીને ખોદવાનાં સાધન (૨) હળાદિ– ભૂમિને ખેડવાનાં સાધન (૩) મૃગશૃંગ (૪) કાષ્ઠ, તૃણાદિ (૫) અગ્નિકાય (૬) ઉચ્ચાર–પ્રસ્રવણ(મળ–મૂત્રાદિ) (૭) સ્વકાય શસ્ત્ર (૮) પરકાયશસ્ત્ર (૯) તદુભયશસ્ત્ર (૧૦) ભાવશસ્ત્ર–અસંયમ.

**સ્વકાયશસ્ત્ર :–** પૃથ્વીકાયના અનેક ભેદો છે, તે સર્વ એક હોવાના કારણે સ્વકાય છે. એક રંગની માટી અન્ય રંગની માટી માટે શસ્ત્ર રૂપ બને છે, જેમ કે દરિયાની રેતી તળાવની માટી માટે શસ્ત્રરૂપ છે.

**પરકાય શસ્ત્ર :–** એક બીજાથી સર્વથા ભિન્નકાય તે પરકાય કહેવાય છે. જેમ કે મીઠું પૃથ્વીકાય છે, તેના માટે પાણી પરકાય છે. તે બંને એકબીજા માટે શસ્ત્રરૂપ બને છે. પાણીમાં મીઠું નાખવાથી બંને અચિત્ત થઈ જાય છે.

**તદુભયશસ્ત્ર :–** સ્વકાય અને પરકાય બંનેના યોગે જે શસ્ત્ર થાય તે તદુભય શસ્ત્ર કહેવાય છે. જેમ કે મીઠું મિશ્રિત પાણી ઉભયકાય છે. પીળી આદિ માટી માટે મીઠાંનું પાણી તદુભય શસ્ત્રરૂપ છે.

આ રીતે અગ્નિ, વાયુ, વનસ્પતિ વગેરે માટે પણ સમજી શકાય છે.

## પૃથ્વીકાયની હિંસાના હેતુઓ :–

**३ तत्थ खलु भगवया परिण्णा पवेइया । इमस्स चेव जीवियस्स परिवंदण– माणणपूयणाए, जाई–मरण–मोयणाए, दुक्खपडिघायहेउं; से सयमेव पुढविसत्थं समारंभइ, अण्णेहिं वा पुढविसत्थं समारंभावेइ, अण्णे वा पुढविसत्थं समारंभंते समणुजाणइ । तं से अहियाए, तं से अबोहीए ।**

**શબ્દાર્થ :– तत्थ** = ત્યાં, આ વિષયમાં, **खलु** = ખરેખર, **भगवया** = ભગવાને, **परिण्णा** = પરિજ્ઞા, બોધ, **पवेइया** = ફરમાવેલ છે, આપેલ છે, **इमस्स** = આ, **जीवियस्स** = જીવન માટે, **चेव** = અને, **परिवंदण–माणण पूयणाए** = પ્રશંસા, માન, પૂજા, પ્રતિષ્ઠા માટે, **जाई–मरण–मोयणाए** = જન્મ મરણથી છૂટવા માટે, **दुक्खपडिघायहेउं** = દુઃખોનો નાશ કરવા માટે, **सयमेव** = સ્વયં, **पुढविसत्थं** = પૃથ્વીરૂપ શસ્ત્રનો, **समारंभइ** = આરંભ કરે છે, **अण्णेहिं** = બીજા દ્વારા, **पुढविसत्थं** = પૃથ્વીરૂપ શસ્ત્રનો, **समारंभावेइ** = આરંભ કરાવતાં, **अण्णे** = બીજા, **पुढविसत्थं** = પૃથ્વીરૂપ શસ્ત્રનો, **समारंभंते** = આરંભ કરનારની, **समणुजाणइ** = અનુમોદના કરે છે, **से** = તે પુરુષને, તેના માટે, **तं** = તે આરંભ, **अहियाए** = અહિત માટે હોય છે, **अबोहिए** = અબોધિ માટે હોય છે, બોધ થવામાં અંતરાયરૂપ થાય છે.

**ભાવાર્થ :–** આ વિષયમાં ભગવાન મહાવીર સ્વામીએ પરિજ્ઞા–વિવેકનો ઉપદેશ આપ્યો છે. કોઈ વ્યક્તિ (૧) આ જીવન માટે (૨) વંદના–પ્રશંસા, સન્માન અને પૂજા માટે (૩) જન્મ મરણથી મુક્ત થવા માટે (૪) દુઃખનો પ્રતિકાર કરવા માટે, પોતે પૃથ્વીકાયિક જીવોની હિંસા કરે છે, બીજા પાસે હિંસા કરાવે અથવા હિંસા કરનારનું અનુમોદન કરે છે. **આ બધી હિંસાની પ્રવૃત્તિઓ તેના અહિત માટે છે અને અબોધિ અર્થાત્ જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ બોધિના અભાવનું કારણ બને છે.**

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં પૃથ્વીકાયની હિંસાના વિવિધ પ્રયોજનોનું કથન છે. તેના બે વિભાગ થાય છે– (૧) સંસાર રુચિને કારણે (૨) ધર્મ માટે. આ બધા કારણો કહેવાનું શાસ્ત્રકારનું તાત્પર્ય એ છે કે કોઈ પણ લક્ષ્યથી હિંસા થાય, પરંતુ તેનું પરિણામ તો દુઃખ અને ધર્મની બોધિમાં અંતરાયરૂપ જ થાય છે. તાત્પર્ય એ છે કે સુખ માટે હિંસા થાય, તો તેના પરિણામે ભવિષ્યમાં દુઃખની પ્રાપ્તિ થાય અને ધર્મ કે મોક્ષને માટે ખોટી સમજણથી હિંસા થાય, તોપણ તેના પરિણામે ધર્મ પ્રાપ્તિનો અભાવ થાય છે.

## હિંસાનું પરિણામ :–

**૪ से तं संबुज्झमाणे आयाणीयं समुट्ठाए । सोच्चा भगवओ अणगाराणं वा अंतिए इहमेगेसिं णायं भवइ– एस खलु गंथे, एस खलु मोहे, एस खलु मारे, एस खलु णरए ।**

**इच्चत्थं गढिए लोए । जमिणं विरूवरूवेहिं सत्थेहिं पुढविकम्मसमारंभेणं पुढविसत्थं समारंभमाणे अण्णे अणेगरूवे पाणे विहिंसइ ।**

**શબ્દાર્થ :– तं** = પૃથ્વીકાયના આરંભને, **संबुज्झमाणे** = સમજનાર, **आयाणीयं** = ગ્રહણ કરવા યોગ્ય સમ્યગ્દર્શનાદિને, **समुट्ठाए** = સ્વીકાર કરીને વિચરે છે, **सोच्चा** = સાંભળીને, **भगवओ** = ભગવાન પાસેથી, **अणगाराणं वा अंतिए** = સાધુઓ પાસેથી, **इहं** = આ, **एगेसिं** = કોઈ જીવોને,

**णायं भवइ** = જ્ઞાન થઈ જાય છે, **एस** = આ પૃથ્વીકાયનો આરંભ, **खलु** = નિશ્ચયથી, **गंथे** = કર્મબંધનું કારણ છે, **मोहे** = મોહનું કારણ છે, **मारे** = મૃત્યુનું કારણ છે, **णरए** = નરકનું કારણ છે, **इच्चत्थं** = વર્તમાન સુખોમાં જ, સ્વાર્થ માટે, **गढिए** = આસક્ત થયેલ, આસક્ત બને છે, **लोए** = જીવ.

**ભાવાર્થ :–** સાધક ઉપર કહેલા હિંસાનાં દુષ્પરિણામોને સારી રીતે સમજીને આદાનીય–સંયમ સાધનામાં તત્પર બની જાય છે. ભગવાન પાસેથી અથવા તો અણગાર પાસેથી ધર્મ સાંભળીને કોઈ માનવીને જ્ઞાન થાય છે કે આ જીવહિંસા–ગ્રંથી છે, મોહ છે, મૃત્યુ છે અને નરક છે.

આ જાણવા છતાં જે મનુષ્ય ઈહલૌકિક સુખમાં આસક્ત બને છે, તે વિવિધ પ્રકારનાં શસ્ત્રોથી પૃથ્વી સંબંધી હિંસામાં લીન બની પૃથ્વીકાયના જીવોની હિંસા કરે છે, ત્યારે પૃથ્વીકાય રૂપ શસ્ત્રનો આરંભ કરતાં તદાશ્રયી બીજા અનેક પ્રકારના જીવોની પણ હિંસા કરે છે.

## વિવેચન :–

**आयाणीयं :–** ચૂર્ણિમાં 'આદાનીય'નો અર્થ સંયમ તથા વિનય કર્યો છે.

**गंथे :–** આ સૂત્રમાં આવેલ 'ગ્રંથ' આદિ શબ્દ એક વિશેષ પારંપરિક અર્થ સૂચવે છે. સામાન્ય રૂપે 'ગ્રંથ' શબ્દ પુસ્તક વિશેષનો સૂચક છે. શબ્દકોષમાં ગ્રંથનો અર્થ 'ગાંઠ'(ગ્રંથિ)પણ કર્યો છે. શરીરવિજ્ઞાન અને મનોવિજ્ઞાનમાં તેનો પ્રયોગ અધિક થાય છે. જૈનસૂત્રોમાં આવેલો ગ્રંથ શબ્દ તેનાથી અલગ અર્થ દર્શાવે છે. આગમના વ્યાખ્યાકાર આચાર્ય મલયગિરિના કથન અનુસાર, "જેના દ્વારા, જેનાથી અને જેમાં જીવ બંધાઈ જાય છે તે ગ્રંથ છે." ગ્રંથ–ગ્રંથિ એટલે કષાય, એવો અર્થ ઉત્તરાધ્યયન, આચારાંગ, સ્થાનાંગ, વિશેષાવશ્યક ભાષ્ય આદિમાં કરવામાં આવ્યો છે. આત્માને બાંધનાર કષાય અથવા કર્મને પણ ગ્રંથ કહે છે.

ગ્રંથના બે ભેદ છે– દ્રવ્યગ્રંથ અને ભાવગ્રંથ. દ્રવ્યગ્રંથ દશ પ્રકારના પરિગ્રહરૂપ છે– (૧) ક્ષેત્ર (૨) વાસ્તુ (૩) ધન (૪) ધાન્ય (૫) સંચય–ઘાસ, કાષ્ઠાદિ (૬) મિત્ર–જ્ઞાતિ સંયોગ (૭) યાન–વાહન (૮) શયનાસન (૯) દાસ–દાસી (૧૦) કુપ્ય–તમામ ઘરવખરી. ભાવગ્રંથના ૧૪ ભેદ છે– (૧) ક્રોધ (૨) માન (૩) માયા (૪) લોભ (૫) રાગ (૬) દ્વેષ (૭) મિથ્યાત્વ (૮) વેદ (૯) અરતિ (૧૦) રતિ (૧૧) હાસ્ય (૧૨) શોક (૧૩) ભય અને (૧૪) જુગુપ્સા.

આ સૂત્રમાં **'एस'** શબ્દનો પ્રયોગ કરેલ છે. તેનું તાત્પર્ય એ છે કે આ સર્વ હિંસાનાં મૂળ કારણ માત્ર જ નથી, પરંતુ સ્વયં પણ હિંસા છે તેથી 'ગ્રંથ' વગેરે સર્વ શબ્દોમાં આ ભાવ સમાયેલો છે.

**मोहे :–** આ શબ્દ રાગ અથવા વિકારી પ્રેમના અર્થમાં પ્રસિદ્ધ છે. જૈન શાસ્ત્રોમાં 'મોહ' શબ્દ અનેક અર્થોમાં વ્યાપક છે. રાગ અને દ્વેષ બંને મોહરૂપ જ છે. સત્–અસત્‌ના વિવેકનો નાશ, હેયોપાદેય બુદ્ધિનો અભાવ, અજ્ઞાન, વિપરીત બુદ્ધિ, મૂઢતા, ચિત્તની વ્યાકુળતા, મિથ્યાત્વ તથા વિષય કષાયની અભિલાષા, આ સર્વ મોહ છે.

'મોહ'ના બે ભેદ છે– ૧. સત્ય તત્ત્વને યથાર્થરૂપે ન સમજવું, તે દર્શનમોહ છે અને ૨. વિષયોની આસક્તિ, તે ચારિત્રમોહ છે. આ ભાવો હિંસાનું પ્રબળ કારણ હોવાથી તેને પણ હિંસા કહેવામાં આવે છે.

**मारे** :– આ શબ્દ મૃત્યુના અર્થમાં વપરાય છે પરંતુ અહીં આ શબ્દથી જન્મ અને મરણ બંનેનું ગ્રહણ થાય છે.

**णरए** :– 'નરક' શબ્દ પાપીઓના યાતના સ્થાન માટે વપરાય છે. સૂત્રકૃતાંગ ટીકામાં 'નરક' શબ્દનું અનેક પ્રકારે વિવેચન કર્યું છે. અશુભ રૂપ, રસ, ગંધ, શબ્દ, સ્પર્શને પણ 'નોકર્મ દ્રવ્યનરક' કહેલ છે. નરક પ્રાયોગ્ય કર્મના ઉદય (અપેક્ષાએ કર્મોપાર્જનની ક્રિયા)ને 'ભાવનરક' કહે છે. આ કારણે હિંસાને નરક કહી છે. નરક યોગ્ય કર્મોપાર્જનનું પ્રબળ કારણ હિંસા છે. હિંસા પોતે જ નરક છે. હિંસકની મનોદશા પણ નારકની જેમ ક્રૂર તેમજ અશુભતર હોય છે.

તાત્પર્ય એ છે કે આત્માને કર્મોથી ગ્રથિત કરનાર, સંસારમાં જોડી રાખનાર, મોહિત કરનાર, જન્મ મરણ પ્રાપ્ત કરાવનાર તેમજ નરકનાં દુઃખ પ્રાપ્ત કરાવનાર જીવહિંસા જ છે. આ તત્ત્વને સમજીને સાધક હિંસાનો ત્યાગ કરે છે.

### પૃથ્વીકાયિક જીવોની વેદના :–

**૫** **से बेमि– अप्पेगे अंधमब्भे, अप्पेगे अंधमच्छे ।**

**अप्पेगे पायमब्भे, अप्पेगे पायमच्छे, अप्पेगे गुप्फमब्भे, अप्पेगे गुप्फमच्छे, अप्पेगे जंघमब्भे, अप्पेगे जंघमच्छे, अप्पेगे जाणुमब्भे, अप्पेगे जाणुमच्छे, अप्पेगे ऊरुमब्भे, अप्पेगे ऊरुमच्छे, अप्पेगे कडिमब्भे, अप्पेगे कडिमच्छे, अप्पेगे णाभिमब्भे, अप्पेगे णाभिमच्छे, अप्पेगे उयरमब्भे, अप्पेगे उयरमच्छे, अप्पेगे पासमब्भे, अप्पेगे पासमच्छे, अप्पेगे पिट्ठिमब्भे, अप्पेगे पिट्ठिमच्छे, अप्पेगे उरमब्भे, अप्पेगे उरमच्छे, अप्पेगे हिययमब्भे, अप्पेगे हिययमच्छे, अप्पेगे थणमब्भे, अप्पेगे थणमच्छे, अप्पेगे खंधमब्भे, अप्पेगे खंधमच्छे, अप्पेगे बाहुमब्भे, अप्पेगे बाहुमच्छे, अप्पेगे हत्थमब्भे, अप्पेगे हत्थमच्छे, अप्पेगे अंगुलिमब्भे, अप्पेगे अंगुलिमच्छे, अप्पेगे णहमब्भे, अप्पेगे णहमच्छे, अप्पेगे गीवमब्भे, अप्पेगे गीवमच्छे, अप्पेगे हणुयमब्भे, अप्पेगे हणुयमच्छे, अप्पेगे होट्ठमब्भे, अप्पेगे होट्ठमच्छे, अप्पेगे दंतमब्भे, अप्पेगे दंतमच्छे, अप्पेगे जिब्भमब्भे, अप्पेगे जिब्भमच्छे,अप्पेगे तालुमब्भे, अप्पेगे तालुमच्छे, अप्पेगे गलमब्भे, अप्पेगे गलमच्छे, अप्पेगे गंडमब्भे,**

**अप्पेगे गंडमच्छे, अप्पेगे कण्णमब्भे, अप्पेगे कण्णमच्छे, अप्पेगे णासमब्भे, अप्पेगे णासमच्छे, अप्पेगे अच्छिमब्भे, अप्पेगे अच्छिमच्छे, अप्पेगे भमुहमब्भे, अप्पेगे भमुहमच्छे, अप्पेगे णिडालमब्भे, अप्पेगे णिडालमच्छे, अप्पेगे सीसमब्भे, अप्पेगे सीसमच्छे । अप्पेगे संपमारए । अप्पेगे उद्दवए ।**

**શબ્દાર્થ :–** **से बेमि** = તે હું કહું છું, હવે આગળ હું કહું છું, બતાઉં છું, **अप्पेगे** = કોઈ, **अंधं** = જન્માંધ પુરુષને, **अब्भे** = ભેદન કરે, ઈજા પહોંચાડે, **अंधं** = અંધને, **अच्छे** = છેદન કરે.

**पायमब्भे** = પગનું ભેદન કરે, **पायमच्छे** = પગનું છેદન કરે, **गुप्फमब्भे** = ઘૂંટીનું ભેદન કરે, **गुप्फमच्छे** = ઘૂંટીનું છેદન કરે, **जंघं** = જાંઘનું, પીંડીનું, **जाणुं** = ગોઠણનું, **ऊरुं** = સાથળનું, **कडिं** = કમરનું, **णाभिं** = નાભિનું, **उयरं** = પેટનું, **पासं** = પડખાનું, **पिट्ठिं** = પીઠનું, **उरं** = છાતીનું, **हिययं** = હૃદયનું, **थणं** = સ્તનનું, **खंधं** = કાંધ–ખંભાનું, **बाहुं** = ભુજાનું, **हत्थं** = હાથનું, **अंगुलिं** = આંગળીનું, **णहं** = નખનું, **गीवं** = ગર્દનનું, **हणुयं** = દાઢીનું, **होट्ठं** = હોઠનું, **दंतं** = દાંતનું, **जिब्भं** = જીભનું, **तालुं** = તાળવાનું, **गलं** = ગળાનું, **गंडं** = ગાલનું, **कण्णं** = કાનનું, **णासं** = નાકનું, **अच्छिं** = આંખનું, **भमुहं** = ભ્રકુટિનું, ભ્રમરનું, **णिडालं** = કપાળનું, **सीसं** = મસ્તકનું,

**संपमारए** = એક જ પ્રહારમાં મારે, **उद्दवए** = ઉપદ્રવ કરે, મૂર્ચ્છિત કરે, ઘાયલ કરે.

**ભાવાર્થ :–** હું કહું છું– (૧) જેમ કોઇ વ્યક્તિ જન્માંધ વ્યક્તિને સાંબેલાથી, ભાલા આદિથી વીંધે, ઈજા પહોંચાડે કે તલવારાદિથી છેદન કરે; તે સમયે તે જન્માંધ વ્યક્તિને જે પીડા થાય છે, તેવી જ પીડા પૃથ્વીકાયિક જીવોને થાય છે.

(૨) જેમ કોઇ એક વ્યક્તિ, બીજી વ્યક્તિના પગ, ઘૂંટી, પિંડી, ગોઠણ, સાથળ, કમર, નાભિ, પેટ, પડખાની પાંસળી, પીઠ, છાતી, હૃદય, સ્તન, ખંભા, બાહુ, હાથ, આંગળી, નખ, ગ્રીવા, દાઢી, હોઠ, દાંત, જીભ, તાળવું, ગ્રીવા(ગળું), ગાલ, કાન, નાક, આંખ, ભ્રમર, લલાટ અને મસ્તકનું શસ્ત્રથી છેદન, ભેદન કરે ત્યારે તે સ્વસ્થ પુરુષને જેવી વેદના થાય છે, તેવી જ વેદના પૃથ્વીકાયિક જીવોને થાય છે.

(૩) કોઇ પુરુષ અન્ય વ્યક્તિને જોરદાર પ્રહાર કરી એક જ વારમાં પ્રાણરહિત કરે, તે સમયે તેને જે દુઃખની અનુભૂતિ થાય છે, તેવી જ દુઃખની અનુભૂતિ પૃથ્વીકાયના જીવોને થાય છે.

(૪) કોઇ પુરુષ અન્ય પુરુષને ઘાયલ–મૂર્ચ્છિત કરે અને તેને જે વેદના થાય છે, તેવી જ વેદના પૃથ્વીકાયના જીવોને પણ થાય છે.

## વિવેચન :–

પૂર્વનાં સૂત્રોમાં પૃથ્વીકાયિક જીવોની હિંસા કરવાનો નિષેધ કર્યો છે. પૃથ્વીકાયમાં ચેતના અવ્યક્ત હોય છે. તેમાં હલન ચલન વગેરે ક્રિયાઓ પણ સ્પષ્ટ દેખાતી નથી. પૃથ્વીકાયના જીવો ચાલતા, બોલતા,

જોતા, સાંભળતા નથી તો પછી તેમાં જીવ છે તે કેમ માની શકાય ? આ શંકા સ્વાભાવિક છે. આ શંકાનું સમાધાન કરવા સૂત્રકારે ચાર દષ્ટાંતો આપીને પૃથ્વીકાયની વેદનાનો બોધ તથા અનુભૂતિ કરાવવાનો પ્રયત્ન કર્યો છે.

**૧.** કોઈ મનુષ્ય જન્મથી જ અંધળો, બહેરો, મૂંગો અથવા અપંગ છે. તેનું કોઈ વ્યક્તિ છેદન– ભેદન કરે તો તે વાણીથી વ્યક્ત કરી શકતો નથી, દુઃખ થવા છતાં ચાલી શકતો નથી તેમજ અન્ય કોઈ પ્રતિક્રિયાથી વેદનાને વ્યક્ત કરી શકતો નથી, તેટલા માત્રથી તેમાં જીવ નથી. અથવા તેને છેદન–ભેદન કરવાથી પીડા થતી નથી તેમ કહી શકાતું નથી. જેમ તે જન્માંધ વ્યક્તિ વાણી, આંખ, ગમન આદિના અભાવમાં પણ પીડાનો અનુભવ કરે છે, તેમ પૃથ્વીકાયના જીવો પણ અપૂર્ણ ઈન્દ્રિયના યોગમાં પીડાને અનુભવે છે.

**૨.** આ દષ્ટાંતમાં કોઈ સ્વસ્થ મનુષ્યની ઉપમા આપીને સમજાવ્યું છે. જે રીતે સ્વસ્થ વ્યક્તિના પગથી લઈને મસ્તક સુધીના બત્રીસ અવયવોનું કોઈ એક સાથે છેદન, ભેદન કરે, તે સમયે તે વ્યક્તિ સ્પષ્ટ રૂપે દુઃખાનુભૂતિ કરે છે તે જ રીતે પૃથ્વીકાયમાં પ્રગટ ચેતનાનો અભાવ હોવા છતાં તેને પણ દુઃખાનુભૂતિ હોય છે. કારણ કે તેનામાં પ્રાણોનું સ્પંદન–ચેતના છે અને તેની આ વેદનાને અવ્યક્ત વેદના કહી છે.

**૩.** જેમ કોઈ એક વ્યક્તિને બીજી વ્યક્તિ એક જ પ્રહારમાં પ્રાણરહિત કરી દે ત્યારે તેને વેદના થાય છે, તેમ પૃથ્વીકાયના જીવોને પણ વેદના થાય છે.

**૪.** જેમ કોઈ વ્યક્તિને અન્ય વ્યક્તિ માર મારીને મૂર્ચ્છિત કરે અથવા મૂર્ચ્છિત કરીને કષ્ટ આપે, તો તેને વેદના થાય છે, તેમ પૃથ્વીકાયના જીવોને પણ વેદના થાય છે. ભગવતી સૂત્ર શ. ૧૯, ઉ. ૩. માં કહ્યું છે કે– જે રીતે કોઈ તરુણ અને બલિષ્ઠ પુરુષ, કોઈ વૃદ્ધાવસ્થાથી ક્ષીણ થયેલ વ્યક્તિના મસ્તક ઉપર બંને હાથથી પ્રહાર કરે, તેને મારે ત્યારે તે જે અનિષ્ટ વેદનાનો અનુભવ કરે છે, તેનાથી પણ અનિષ્ટતર વેદનાનો અનુભવ પૃથ્વીકાયિક જીવોને પ્રહાર કરવાથી થાય છે.

## પૃથ્વીકાયની હિંસાનો ત્યાગ :–

**६ एत्थ सत्थं समारंभमाणस्स इच्चेते आरंभा अपरिण्णाया भवंति । एत्थ सत्थं असमारंभमाणस्स इच्चेते आरंभा परिण्णाया भवंति ।**

**तं परिण्णाय मेहावी णेव सयं पुढविसत्थं समारंभेज्जा, णेवऽण्णेहिं पुढवि सत्थं समारंभावेज्जा, णेवऽण्णे पुढविसत्थं समारंभंते समणुजाणेज्जा ।**

**जस्सेते पुढविकम्मसमारंभा परिण्णाया भवंति । से हु मुणी परिण्णायकम्मे। त्ति बेमि ।**

## ॥ बिइओ उद्देसो समत्तो ॥

**શબ્દાર્થ :– एत्थ** = આ રીતે, આ પૃથ્વીકાય પર, **सत्थं** = શસ્ત્રોને, **समारंभमाणस्स** = આરંભ કરતા, પ્રયોગ કરતા પુરુષને, **इच्चेते** = તે પૂર્વોક્ત, **आरंभा** = આરંભ, **अपरिण्णाया भवंति** = જાણેલા કે છોડેલા હોતા નથી, તે અજાણ હોય છે, **असमारंभमाणस्स** = આરંભ ન કરનારને, અનારંભી પુરુષને, **परिण्णाया** = જાણેલા અને છોડેલા, **भवंति** = હોય છે, તે સાચો જાણનાર કહેવાય છે.

**तं** = પૃથ્વીકાયના આરંભને, **परिण्णाय** = જાણીને, **मेहावी** = બુદ્ધિમાન પુરુષ, **सयं** = સ્વયં, **पुढविसत्थं** = પૃથ્વીકાયના શસ્ત્રનો, **णेव समारंभेज्जा** = આરંભ કરે નહિ, **अण्णेहिं** = બીજા દ્વારા, **णेव समारंभावेज्जा** = આરંભ કરાવે નહિ, **समारंभंते** = આરંભ કરનાર, **अण्णे** = બીજાને, **णेव समणुजाणेज्जा** = અનુમોદન પણ કરે નહિ.

**जस्स** = જેણે, **एते** = આ, **पुढविकम्मसमारंभा** = પૃથ્વીકાયના આરંભને, **परिण्णाया भवंति** = જાણીને ત્યાગ કરી દીધો છે, **से** = તે, **हु** = નિશ્ચયથી, **मुणी** = મુનિ, **परिण्णायकम्मे** = કર્મના રહસ્યને જાણનાર છે.

**ભાવાર્થ :–** આ લોકમાં જે પૃથ્વીકાય ઉપર શસ્ત્રનો પ્રયોગ કરે છે, તે વાસ્તવિક રીતે આરંભ અને તેના પરિણામથી અજાણ છે. જે પૃથ્વીકાય જીવો પર શસ્ત્રનો પ્રયોગ કરતા નથી, તે વાસ્તવમાં હિંસા સંબંધી પ્રવૃત્તિ અને તેના પરિણામને જાણનાર છે.

આ પૂર્વોક્ત કથનને જાણીને બુદ્ધિમાન વ્યક્તિ પૃથ્વીકાયનો સ્વયં આરંભ કરે નહિ, પૃથ્વીકાયનો આરંભ બીજા પાસે કરાવે નહિ અને કોઈ પૃથ્વીકાયનો આરંભ કરતું હોય તો તેની અનુમોદના કરે નહિ.

પૃથ્વીકાયના સમારંભને જેણે જાણી લીધો છે અર્થાત્ હિંસાનાં દુઃખદ પરિણામને જાણીને તેનો ત્યાગ કરી દીધો છે, તે પરિજ્ઞાત કર્મા(હિંસાના ત્યાગી) મુનિ હોય છે. –એમ ભગવાને કહ્યું છે.

**॥ બીજો ઉદ્દેશક સમાપ્ત ॥**

### વિવેચન :–

આ ઉદ્દેશકમાં વિકલાવસ્થામાં રહેલા પંચેન્દ્રિય જીવોના દુઃખ સાથે પૃથ્વીકાયિક જીવોના દુઃખની તુલના કરીને પૃથ્વીકાય જીવોનું અસ્તિત્વ પ્રગટ કર્યું છે. પૃથ્વીકાયનો આરંભ(વિરાધના) અને તેનું પરિણામ બતાવ્યું છે. અહીં સૂક્ષ્મ જણાતા એકેન્દ્રિય જીવોને પણ દુઃખ થાય છે, તે સમજાવવા માટે પંચેન્દ્રિય જીવોના દુઃખાનુભવ ચાર પ્રકારે વર્ણવીને પૃથ્વીકાયની હિંસા ન કરવાની પ્રેરણા કરી, અંતે સૂચિત કર્યું છે કે જે આ બધું જાણીને પૃથ્વીકાયની હિંસાનો કે તેની વિરાધનાનો પૂર્ણ રીતે ત્યાગ કરે, તે જ સાચો જ્ઞાની મુનિ છે.

## ॥ અધ્યયન–૧/૨ સંપૂર્ણ ॥

# પહેલું અધ્યયન : ત્રીજો ઉદ્દેશક

## અણગારના લક્ષણ :–

**१ से बेमि– से जहा वि अणगारे उज्जुकडे णियागपडिवण्णे अमायं कुव्वमाणे वियाहिए ।**

**શબ્દાર્થ :– से** = તે, હવે આગળ, **बेमि** = હું કહું છું, **से** = તે, **जहा वि** = જે રીતે, **अणगारे** = અણગાર બને છે, **उज्जुकडे** = સરળતા યુક્ત, **णियागपडिवण्णे** = મોક્ષમાર્ગને પ્રાપ્ત થયેલા, **अमायं कुव्वमाणे** = માયા નહિ કરનારા, પૂર્ણ અણગાર, **वियाहिए** = કહેવાય છે.

**ભાવાર્થ :–** અણગારના વાસ્તવિક સ્વરૂપને હું કહું છું. જે આચરણથી અણગાર છે, સરળતા સભર જેનું જીવન છે, મોક્ષમાર્ગમાં જે ગતિશીલ છે, છળકપટના ત્યાગી છે, તે અણગાર મુનિ કહેવાય છે.

## વિવેચન :–

અહીં અણગારનાં લક્ષણો વર્ણવ્યાં છે. (૧) **ઋજુ**– સરળ. જેના મન, વાણી કપટ રહિત હોય, કથની અને કરણી એક સરખી હોય તે ઋજુ છે. ઉત્તરાધ્યયન અધ્ય. ૩, ગા. ૧૨ માં કહ્યું છે કે– **सोही उज्जुयभूयस्स धम्मो सुद्धस्स चिट्ठइ** । ઋજુ આત્માની શુદ્ધિ થાય છે. ધર્મ શુદ્ધ હૃદયમાં સ્થિર રહે છે, માટે ઋજુતા એ ધર્મનો–સાધુતાનો મુખ્ય આધાર છે. (૨) **નિયાગ પ્રતિપન્ન**– સરળ વ્યક્તિ જ મોક્ષમાર્ગમાં ગતિશીલ થઈ શકે છે, તેથી અણગારનું બીજું લક્ષણ નિયાગ પ્રતિપન્ન કહ્યું છે. તેની સાધનાનું લક્ષ્ય ભૌતિક ઐશ્વર્ય કે યશ પ્રાપ્તિ નહીં, પરંતુ આત્મા કર્મમળથી મુક્ત બને તે જ છે. (૩) **અમાયં**– અમાયંનો અર્થ સંગોપન કરવું નહીં, છુપાવવું નહીં તેવો થાય છે. આ માર્ગ પર ગતિશીલ સાધક કપટ રહિત હોય છે. તે પોતાની સંપૂર્ણ શક્તિને સાધનામાં જોડી દે છે, તે સ્વપર કલ્યાણના કાર્યમાં સ્વશક્તિને ગોપવતા નથી. આ ત્રણ લક્ષણોથી જ્ઞાનાચારાદિની શુદ્ધતા કહી છે. ઋજુકૃતથી વીર્યાચારની શુદ્ધિ, નિયાગ પ્રતિપન્નતાથી જ્ઞાનાચારની અને દર્શનાચારની શુદ્ધિ તથા **अमायं** માં ચારિત્રાચાર અને તપાચારની સંપૂર્ણ શુદ્ધિ જણાય છે. આ રીતે આ સૂત્રમાં સાધના તેમજ સાધ્યની શુદ્ધિનો નિર્દેશ કર્યો છે.

## સંયમના ઉત્સાહની સુરક્ષા :–

**२ जाए सद्धाए णिक्खंतो तमेव अणुपालिया वियहित्तु विसोत्तियं । पणया वीरा महावीहिं ।**

**શબ્દાર્થ :– जाए** = જે, **सद्धाए** = શ્રદ્ધાથી, **णिक्खंतो** = દીક્ષા ધારણ કરી છે, **तमेव** = તે જ શ્રદ્ધાથી, **अणुपालिया** = પાલન કરવું જોઈએ, ઝીણવટપૂર્વક પાલન કરવું જોઈએ, **वियहित्तु(विजहित्ता)** =

છોડીને, દૂર કરીને, **विसोत्तियं** = શંકાને, બાધાઓને, **वीरा** = વીર પુરુષ, **महावीहिं** = મહાવીથી અર્થાત્ સંયમરૂપ રાજમાર્ગને, **पणया** = પ્રાપ્ત કરે છે, સમર્પિત થાય છે.

**ભાવાર્થ :–** મુનિ, જે શ્રદ્ધા–નિષ્ઠાથી(વૈરાગ્યથી) ગૃહત્યાગ કરી સંયમમાં ડગ ભરે છે, તે જ શ્રદ્ધાપૂર્વક સંયમનું અનુપાલન કરે. શ્રદ્ધા સાથે શંકાથી રહિત બની, બાધાઓને દૂર કરતાં જીવનપર્યંત સંયમનું પાલન કરે. પરીષહ, ઉપસર્ગ અને કષાયાદિ ઉપર વિજય પ્રાપ્ત કરનાર ધીર–વીર પુરુષો દ્વારા આ સંયમ માર્ગ આસેવિત છે અર્થાત્ વીરપુરુષ આ મહાપથમાં સમર્પિત થાય છે.

## વિવેચન :–

આ સૂત્રમાં સાધકને દીક્ષા સમયનો ઉત્સાહ યાદ કરાવી જાગૃત રહેવાની સૂચના કરી છે. **विसोत्तियं :–** વિસ્રોતસિકા– સંયમમાં આવનારી મુશ્કેલીઓ; સાધકના મનને ચંચળ કરનારી દ્રવ્ય અને ભાવથી અનેક વિટંબણાઓ આવે તો તેને દૂર કરવાની પ્રેરણા આપીને શાસ્ત્રકારે સંયમભાવોમાં પૂર્ણ સ્થિર તેમજ સુદઢ રહેવાનો નિર્દેશ કર્યો છે.

અહીં મૂળપાઠમાં **अणुपालिया, अणुपालिज्जा, अणुपालेज्जा** તથા **विजहित्तु, वियहित्तु, विजहित्ता** આવા વૈકલ્પિક પાઠો પણ મળે છે. તે સમાનાર્થક છે.

અહિંસા અને સંયમનો પ્રશસ્ત માર્ગ મહાપથ છે. અહિંસા, સંયમની સાધનામાં દેશ, કાળ, સંપ્રદાય કે જાતિની કોઈ મર્યાદા કે બંધન હોતું નથી, તે સર્વને માટે સર્વત્ર સમાન હોય છે. સંયમ શાંતિના આરાધક સર્વ જીવો આ માર્ગ પર ચાલ્યા છે, ચાલે છે અને ચાલશે. છતાં તે માર્ગ ક્યારે ય સંકીર્ણ થતો નથી, તેથી જ તે મહાપથ છે. અણગાર તેના પ્રતિ સંપૂર્ણ સમર્પિત રહે છે.

## અપ્કાયિક જીવોની સજીવતા :–

**३ लोगं च आणाए अभिसमेच्चा अकुतोभयं ।**

**से बेमि– णेव सयं लोगं अब्भाइक्खेज्जा, णेव अत्ताणं अब्भाइक्खेज्जा । जे लोगं अब्भाइक्खइ, से अत्ताणं अब्भाइक्खइ; जे अत्ताणं अब्भाइक्खइ, से लोगं अब्भाइक्खइ ।**

**શબ્દાર્થ :–** **लोगं** = અપ્કાયરૂપ લોકને, **च** = અને, **आणाए** = તીર્થંકરના ઉપદેશાનુસાર, **अभिसमेच्चा** =જાણીને, સમજીને, **अकुतोभयं** = સર્વ ભયોથી રહિત એવા સંયમનું પાલન કરે.

**से बेमि** = હું કહું છું, **सयं** = સ્વયં, **लोगं** = અપ્કાયના જીવોના અસ્તિત્વને, **णेव अब्भाइक्खेज्जा** = અપલાપ કરે નહિ, અસ્વીકાર કરે નહીં, **जे** = જે પુરુષ, **अब्भाइक्खइ** = અપલાપ કરે છે, **से** = તે, **अत्ताणं** = આત્માનો.

**ભાવાર્થ :–** પ્રભુની આજ્ઞાથી લોકને અર્થાત્ અપ્કાયના સ્વરૂપને જાણીને, હૃદયમાં ધારણ કરીને તે જીવોને ભય મુક્ત બનાવે છે. તાત્પર્ય એ છે કે કોઈ પણ પ્રકારે તેને ભય–પીડા પહોંચાડે નહીં, તેના પ્રત્યે સંયમી રહે.

આ વિષયમાં વિશેષ કહું છું કે મુનિ અપ્કાયિક જીવોનાં અસ્તિત્વનો નિષેધ કરે નહિ, પોતાના આત્માનો પણ નિષેધ કરે નહિ. જે લોકનો–અપ્કાયના અસ્તિત્વનો નિષેધ કરે છે તે પોતાના આત્માના અસ્તિત્વનો પણ નિષેધ કરે છે. જે પોતાનો અપલાપ કરે છે તે લોક–અપ્કાયનો પણ અપલાપ કરે છે.

## વિવેચન :–

પ્રસંગાનુસાર લોકનો અર્થ અહીં અપ્કાય છે. પૂર્વના ઉદ્દેશકમાં પૃથ્વીકાયનું વર્ણન છે. આ ઉદ્દેશકમાં અપ્કાયનું વર્ણન છે.

**अकुतोभयं :–** ટીકાકારે આ શબ્દના બે અર્થ કર્યા છે– (૧) જે સાધના કે ક્રિયાથી કોઈ પણ જીવને કોઈ પણ પ્રકારનો ભય રહે નહિ, તે સંયમ સાધનાને અકુતોભય કહેવાય છે. (૨) જે કોઈનાથી પણ ભય ન ઈચ્છે તે અપ્કાય જીવ અકુતોભય છે. આ બે અર્થોમાં સંયમ અર્થ વાંછિત છે.

**से बेमि :–** અને એ પણ કહું છું કે– જે અપ્કાયિક જીવોની સત્તાનો સ્વીકાર કરતા નથી તે વાસ્તવમાં પોતાના અસ્તિત્વનો પણ સ્વીકાર કરતા નથી. જે રીતે પોતાનું અસ્તિત્વ સ્વીકૃત છે, અનુભવગમ્ય છે, તે જ રીતે અન્ય જીવોના અસ્તિત્વનો પણ સ્વીકાર કરવો જોઈએ.

**अब्भाइक्खेज्जा(अभ्याख्यान) :–** આ શબ્દ વિશેષભાવ યુક્ત છે. કોઈના અસ્તિત્વનો નિષેધ કરવો તે અભ્યાખ્યાન છે, અપલાપ છે. સત્યને અસત્ય અને અસત્યને સત્ય, જીવને અજીવ અને અજીવને જીવ કહે તે અસત્ય આરોપણ સમાન છે. આગમોમાં અભ્યાખ્યાનના અર્થો આ પ્રમાણે છે– (૧) દોષાવિષ્કરણ– દોષ પ્રગટ કરવા(ભગવતી શતક ૫ ઉ.૬) (૨) અસદ્ દોષનું આરોપણ કરવું–(પ્રજ્ઞાપના પદ ૨૨ અને પ્રશ્ન.૨) (૩) બીજાની સામે નિંદા કરવી–(પ્રશ્ન.૨) (૪) અસત્ય અભિયોગ કરવો–(આચારાંગ ૧–૩).

## અપ્કાયની હિંસા સંબંધી પરિજ્ઞા :–

**૪ लज्जमाणा पुढो पास । 'अणगारा मो' त्ति एगे पवयमाणा, जमिणं विरूवरूवेहिं सत्थेहिं उदयकम्मसमारंभेणं उदयसत्थं समारंभमाणे अण्णे वि अणेगरूवे पाणे विहिंसइ ।**

**तत्थ खलु भगवया परिण्णा पवेइया– इमस्स चेव जीवियस्स, परिवंदण माणण पूयणाए, जाई मरण मोयणाए, दुक्खपडिघायहेउं, से**

**सयमेव उदयसत्थं समारंभइ, अण्णेहिं वा उदयसत्थं समारंभावेइ, अण्णे वा उदयसत्थं समारंभंते समणुजाणइ । तं से अहियाए तं से अबोहीए ।**

**से तं संबुज्झमाणे आयाणीयं समुट्ठाए । सोच्चा खलु भगवओ, अणगाराणं वा अंतिए, इहमेगेसिं णायं भवइ– एस खलु गंथे, एस खलु मोहे, एस खलु मारे, एस खलु णरए ।**

**इच्चत्थं गढिए लोए । जमिणं विरूवरूवेहिं सत्थेहिं उदयकम्मसमारंभेणं उदयसत्थं समारंभमाणे अण्णे वि अणेगरूवे पाणे विहिंसइ ।**

**ભાવાર્થ :–** સાચો સાધક અપ્કાયની હિંસા કરવામાં શરમ અનુભવે છે, તેને ભિન્ન જાણો અને બીજા સાધકને પણ ભિન્ન જાણો. જે પોતાને અણગાર માનતાં, કહેતાં પણ અપ્કાયિક જીવોનો અનેક પ્રકારના શસ્ત્રોથી આરંભ, સમારંભ કરતાં તે જીવોની હિંસા કરે છે, પાણીના શસ્ત્રનો સમારંભ કરતાં પાણીની હિંસાની સાથે તેના આશ્રયે રહેલા અન્ય અનેક જીવોની પણ હિંસા કરે છે. (તે) તું જો.

આ વિષયમાં ભગવાને પરિજ્ઞા–વિવેકનું નિરૂપણ કર્યું છે. કોઈ વ્યક્તિ (૧) પોતાના આ જીવન માટે (૨) પ્રશંસા, સન્માન, પૂજા માટે (૩) જન્મ–મરણથી મુક્ત થવા માટે (૪) દુઃખને દૂર કરવા માટે અપ્કાયની હિંસા કરે છે, બીજા પાસે અપ્કાયની હિંસા કરાવે છે અને અપ્કાયની હિંસા કરનારાની અનુમોદના કરે છે. જે હિંસા કરે છે, તે તેના અહિતનું કારણ તેમજ અબોધિનું કારણ થાય છે.

સાધક આ સમજીને સંયમસાધનામાં તત્પર બની જાય છે. ભગવાન પાસેથી કે અણગાર મુનિઓ પાસેથી સાંભળીને કોઈ વ્યક્તિને એ સમજાય જાય છે કે આ અપ્કાય જીવોની હિંસા ગ્રંથી છે, મોહ છે, સાક્ષાત્ મૃત્યુ છે, નરક છે, છતાં જે માનવી જીવન, પ્રશંસા, કીર્તિ આદિમાં આસક્ત છે, તે વિવિધ પ્રકારના શસ્ત્રોથી અપ્કાયની હિંસા કરે છે અને સાથે તેના આશ્રિત અન્ય પ્રકારના જીવોની પણ હિંસા કરે છે.

### પાણીની સજીવતા અને હિંસાનું સૂક્ષ્મજ્ઞાન :–

**૫ से बेमि– संति पाणा उदयणिस्सिया जीवा अणेगे । इहं च खलु भो अणगाराणं उदय जीवा वियाहिया । सत्थं चेत्थ अणुवीइ पास । पुढो सत्थं पवेइयं । अदुवा अदिण्णादाणं ।**

**શબ્દાર્થ :– उदयणिस्सिया** = અપ્કાયના આશ્રયે રહેનારા, **अणेगे(गा)** = અનેક, **पाणा** = પ્રાણી તેમજ, **जीवा** = જીવ, **संति** = છે, **इहं** = આ જૈનશાસ્ત્રમાં, **भो** = હે શિષ્ય! **अणगाराणं** = સાધુઓ માટે, **उदयजीवा** = જલરૂપ જીવ, **वियाहिया** = કહ્યા છે, **एत्थ** = આ અપ્કાયના વિષયમાં, **अणुवीइ**

= ઊંડાણપૂર્વક વિચાર કરીને, **पुढो** = ભિન્ન ભિન્ન, **सत्थं** = અપ્કાયનાં શસ્ત્ર, **पवेइयं** = કહ્યા છે, **अदुवा** = અથવા, **अदिण्णादाणं** = અદત્તાદાનનું સેવન કરે છે.

**ભાવાર્થ :–** હું બીજું પણ કહું છું– હે માનવ ! પાણીની નિશ્રાએ બીજા અનેક જીવો રહે છે એટલું જ નહિ પણ આ જૈનદર્શનમાં જળને 'જીવ' કહેલ છે અર્થાત્ પાણી સજીવ છે. અપ્કાયના જે શસ્ત્ર છે તેના પર ચિંતન કરીને જુઓ. ભગવાને અપ્કાયના અનેક શસ્ત્રો કહ્યા છે. અપ્કાયની હિંસા કેવળ હિંસા જ નથી, તે અદત્તાદાન–ચોરી પણ છે.

## વિવેચન :–

અપ્કાયને સજીવ માનવું તે જૈનદર્શનની મૌલિક માન્યતા છે. ભગવાન મહાવીરસ્વામીના સમકાલીન અન્ય દર્શનીઓ પાણીને સજીવ માનતા ન હતા પરંતુ પાણીના આશ્રયે રહેલા અન્ય જીવોની સત્તા સ્વીકારતા હતા. વર્ષાને પાણીનો ગર્ભ(તૈત્તિરીય આરણ્યકમાં) કહ્યો છે. પાણી વર્ષાનું સંતાન છે, તેમ સ્વીકારેલ છે. સંતાનને ઉત્પન્ન કરવાની ક્ષમતા સજીવમાં જ હોય છે. તેથી પાણી સજીવ હોવાની ધારણાનો પ્રભાવ વૈદિક ચિંતન ઉપર પડ્યો છે, એમ માની શકાય છે. વાસ્તવમાં તો અણગારદર્શન સિવાય અન્ય સર્વ દાર્શનિકો જળને સજીવ માનતા નથી તેથી બે તથ્યો અહીં સ્પષ્ટ કર્યા છે– (૧) પાણી સ્વયં સજીવ છે (૨) પાણીની નિશ્રાએ બીજા અનેક નાના મોટા જીવો રહે છે.

જૈન દર્શનમાં પાણી ત્રણ પ્રકારનું કહ્યું છે– (૧) સચિત્ત (૨) અચિત્ત (૩) મિશ્ર. સચિત્ત જળની હિંસા શસ્ત્રથી થાય છે. નિર્યુક્તિકારે જળના સાત શસ્ત્રો આ પ્રમાણે કહ્યા છે– (૧) ઉત્સેચન– કૂવામાંથી પાણી કાઢવું (૨) ગાલન– પાણી ગાળવું (૩) ધોવણ– પાણીથી વાસણાદિ ધોવાં (૪) સ્વકાયશસ્ત્ર– એક જગ્યાનું જળ બીજા સ્થળના જળનું શસ્ત્ર છે ( જેમ કે નદીનું જળ સમુદ્રના જળનું શસ્ત્ર) (૫) પરકાયશસ્ત્ર– માટી, તેલ, ક્ષાર, સાકર, અગ્નિ આદિ અપ્કાય માટે શસ્ત્ર છે. (૬) તદુભયશસ્ત્ર– પાણીથી ભીંજાયેલી માટી આદિ (૭) ભાવશસ્ત્ર– અસંયમ.

**હિંસામાં અદત્ત :–** અપ્કાયના જીવોની હિંસાને 'અદત્તાદાન' કહેવાની પાછળ એક વિશેષ કારણ છે. તે સમયના પરિવ્રાજકાદિ કોઈ સંન્યાસી પાણીને સજીવ માનતા ન હતા, પરંતુ અદત્ત પાણીનો ઉપયોગ કરતા ન હતા. તેઓ જલાશયાદિના માલિકની આજ્ઞા લઈને પાણીનો ઉપયોગ કરવામાં દોષ માનતા ન હતા. તેઓની આ ધારણા મૂળથી ભ્રામક છે, શાસ્ત્રકારનો આશય સૂક્ષ્મ દષ્ટિ ભરેલો છે કે– જલાશયના માલિક જલકાયના જીવોના સ્વામી શું બની શકે ? પાણીના જીવોએ પોતાના પ્રાણ લેવાનો અથવા પ્રાણ સોંપવાનો અધિકાર જલાશયના માલિકને આપ્યો નથી, તેથી પાણીના પ્રાણ હરણ કરવા તે હિંસા જ છે. તેમજ તેઓના શરીરને ગ્રહણ કરવામાં અને તેનો ઉપયોગ કરવામાં, હિંસાની સાથે અદત્ત ગ્રહણરૂપ અદત્તાદાનનું પાપ પણ છે. અહિંસાના વિષયમાં આ ઘણું જ સૂક્ષ્મ અને તર્ક પૂર્ણ ગંભીર ચિંતન છે.

## હિંસામાં અહિંસાની કલ્પના કરનારાઓની પણ અમુક્તિ :–

**६** कप्पइ णे, कप्पइ णे, पाउं अदुवा विभूसाए । पुढो सत्थेहिं

**विउट्टंति । एत्थ वि तेसिं णो णिकरणाए ।**

**શબ્દાર્થ :– णे** = અમોને, **कप्पइ** = કલ્પે છે, **पाउं** = કાચું પાણી પીવું, **विभूसाए** = વિભૂષા–હાથ, પગાદિ ધોવા, સ્નાન કરવું તેમજ વસ્ત્ર ધોવા, **पुढो** = ભિન્ન ભિન્ન, **सत्थेहिं** = શસ્ત્રોથી, **विउट्टंति** = અપ્કાયના જીવોની હિંસા કરે છે, **एत्थ वि** = આ વિષયમાં, એમ માનવા છતાં, **तेसिं** = તે અન્યતીર્થિકોની, **णो णिकरणाए** = કર્મથી કે પાપથી મુક્તિ થઈ શકતી નથી.

**ભાવાર્થ :–** અન્યદર્શનીઓ કહે છે કે– પાણી અમને કલ્પે છે. અમારા સિદ્ધાન્તાનુસાર પીવા માટે અથવા સ્નાનાદિ વિભૂષા માટે અમે જલનો ઉપયોગ કરી શકીએ છીએ. આ પ્રમાણે પોતાનાં શાસ્ત્રોનું પ્રમાણ આપીને વિવિધ પ્રકારના શસ્ત્રોથી પાણીના જીવોની હિંસા કરે છે. પોતાનાં શાસ્ત્રોનું પ્રમાણ આપીને પાણીની હિંસા કરનારા સાધુ હિંસાના પાપથી નિવૃત્ત થઈ શકતા નથી. તેઓનો હિંસા નહિ માનવાનો વિચાર હોવા છતાં તે હિંસાના પાપથી છૂટી શકતા નથી.

**અપ્કાયહિંસા ત્યાગ :–**

**૭ एत्थ सत्थं समारंभमाणस्स इच्चेते आरंभा अपरिण्णाया भवंति । एत्थ सत्थं असमारंभमाणस्स इच्चेते आरंभा परिण्णाया भवंति ।**

**तं परिण्णाय मेहावी णेव सयं उदयसत्थं समारंभेज्जा, णेवण्णेहिं उदयसत्थं समारंभावेज्जा, उदयसत्थं समारंभंते वि अण्णे ण समणुजाणेज्जा ।**

**जस्सेते उदयसत्थसमारंभा परिण्णाया भवंति, से हु मुणी परिण्णायकम्मे । त्ति बेमि ।**

**॥ तइओ उद्देसो समत्तो ॥**

**ભાવાર્થ :–** શસ્ત્રનો ઉપયોગ કરીને જે જલકાયનો આરંભ કરે છે તે આરંભ–હિંસાના દુઃખદ પરિણામથી અજ્ઞાત છે અર્થાત્ હિંસા કરનાર શાસ્ત્રોનું ગમે તેટલું પ્રમાણ આપે પણ વાસ્તવમાં તે અજ્ઞાની છે. જલકાય ઉપર શસ્ત્રનો પ્રયોગ નહિ કરનાર જ આરંભને જાણે છે, તે જ હિંસાના દોષથી મુક્ત થાય છે અર્થાત્ જ્ઞપરિજ્ઞાથી હિંસાને જાણીને પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી તેનો ત્યાગ કરે છે.

આ જાણીને બુદ્ધિમાન પુરુષ સ્વયં અપ્કાયની હિંસા કરે નહીં, બીજા પાસે અપ્કાયની હિંસા કરાવે નહિ અને અપ્કાયની હિંસા કરનારની અનુમોદના કરે નહીં. જે પાણી સંબંધી સમારંભનું જ્ઞાન કરી તેનો ત્યાગ કરે છે તે પરિજ્ઞાતકર્મા(મુનિ) છે. –એમ ભગવાને કહ્યું છે.

**॥ ત્રીજો ઉદ્દેશક સમાપ્ત ॥**

## વિવેચન :–

આ ઉદ્દેશકમાં બતાવેલ અણગારનું સ્વરૂપ, અપ્કાયનું સ્વરૂપ, જીવત્વની શ્રદ્ધા અર્થાત્ પાણી સ્વયં જીવ છે અને તેની અંદર ત્રસ જીવોનું અસ્તિત્વ જુદું છે, અપ્કાયનાં શસ્ત્રો છે, હિંસાપાપ સાથે અદત્ત પાપ પણ થાય છે વગેરે જાણી સમજી જે અપ્કાયની હિંસાનો સંપૂર્ણ ત્યાગ કરે, તે મુનિ જ વાસ્તવમાં સમ્યગ્ જ્ઞાતા કહેવાય છે અર્થાત્ જે હિંસાને જાણીને, સમજીને તેનો ત્યાગ કરે તેનું જાણવું જ સફળ કહેવાય છે.

**॥ અધ્યયન–૧/૩ સંપૂર્ણ ॥**

# પહેલું અધ્યયન : ચોથો ઉદ્દેશક

## અગ્નિકાયની સજીવતા :–

**૧ से बेमि– णेव सयं लोगं अब्भाइक्खेज्जा, णेव अत्ताणं अब्भाइक्खेज्जा । जे लोगं अब्भाइक्खइ, से अत्ताणं अब्भाइक्खइ । जे अत्ताणं अब्भाइक्खइ, से लोगं अब्भाइक्खइ । जे दीहलोगसत्थस्स खेयण्णे, से असत्थस्स खेयण्णे । जे असत्थस्स खेयण्णे, से दीहलोगसत्थस्स खेयण्णे ।**

**શબ્દાર્થ :–** **सयं** = પોતે, **लोगं** = અગ્નિકાયનો, **णेव अब्भाइक्खेज्जा** = અપલાપ કરે નહિ, **अत्ताणं** = આત્માનો, **जे** = જે વ્યક્તિ, **लोगं अब्भाइक्खइ** = લોકનો અપલાપ કરે છે, **दीहलोगसत्थस्स** = દીર્ઘલોક, વનસ્પતિના શસ્ત્રરૂપ અગ્નિના, **खेयण्णे** = ખેદજ્ઞ છે, સ્વરૂપને જાણે છે, **असत्थस्स** = અશસ્ત્રના, સંયમના.

**ભાવાર્થ :–** તે મુમુક્ષુ આત્મા ક્યારે ય પણ લોક–અગ્નિકાયના જીવત્વનો નિષેધ કરે નહિ. પોતાના આત્માનો અપલાપ પણ કરે નહિ, કારણ કે જે અગ્નિનો અપલાપ કરે છે, તે પોતે પોતાનો અપલાપ કરે છે. જે પોતે પોતાનો અપલાપ કરે છે, તે અગ્નિ લોકનો અપલાપ કરે છે.

જે દીર્ઘલોકશસ્ત્ર–અગ્નિકાયના સ્વરૂપને જાણે છે, તે અશસ્ત્ર–સંયમના સ્વરૂપને જાણે છે. જે સંયમના સ્વરૂપને જાણે છે તે દીર્ઘલોકશસ્ત્રના સ્વરૂપને પણ જાણે છે.

## વિવેચન :–

**से बेमि :–** આ શબ્દથી ચાલતાં પ્રકરણનું સૂચન કરેલ છે અર્થાત્ છકાયનું સ્વરૂપ અને છકાયની હિંસા અહિંસાના વિષયમાં હું કહું છું.

**लोगं** :– અહીં પ્રસંગથી 'લોક' શબ્દ અગ્નિકાયનો બોધક છે. પ્રાચીન કાળથી અન્ય ધર્મ પરંપરામાં જળને તથા અગ્નિને દેવતા માનીને પૂજવામાં આવતા હતા, પરંતુ તેની હિંસાના વિષયમાં કોઈ વિચાર થયો ન હતો. પાણીથી શુદ્ધિ અને પંચાગ્નિ તપાદિથી સિદ્ધિ માનીને તેનો પ્રગટરૂપે જ ઉપયોગ કરાતો હતો, પરંતુ જિનશાસનમાં અહિંસાની દષ્ટિથી આ બંનેને સજીવ સિદ્ધ કરીને તેની હિંસાનો નિષેધ કર્યો છે.

અગ્નિની સજીવતા સ્વયં જ સિદ્ધ છે કારણ કે તેમાં પ્રકાશ અને ઉષ્ણતાના ગુણો છે. આ ગુણો સજીવમાં હોય છે. અગ્નિ વાયુ વિના જીવી શકે નહિ. **ण विणा वाउयाएणं अगणिकाए उज्जलइ**– [ભગવતી શ.૧૬ ઉ.૧. ટીકા]અગ્નિ સ્નેહ, વાયુ, કાષ્ટાદિનો આહાર લઈને વધે છે. આહારના અભાવમાં તે ઘટે છે. આ સર્વ અગ્નિની સજીવતાનું સ્પષ્ટ લક્ષણ છે.

સચેતન દ્રવ્યની સચેતનતા સ્વીકારવામાં ન આવે તો તે અભ્યાખ્યાન દોષ છે. તેના અસ્તિત્વમાં નાસ્તિત્વનું દોષારોપણ થાય છે. બીજા જીવની સત્તાને ન માનવી તે પોતાના આત્માને નહિ માનવા બરાબર છે.

**दीहलोगसत्थस्स** :– દીર્ઘલોકનો અર્થ છે વનસ્પતિ. પાંચ સ્થાવર એકેન્દ્રિય જીવોમાં ચાર સ્થાવર જીવોની અવગાહના આંગુલના અસંખ્યાતમા ભાગની છે જ્યારે વનસ્પતિની ઉત્કૃષ્ટ અવગાહના એક હજાર યોજનથી પણ વધારે છે. વનસ્પતિનું ક્ષેત્ર પણ અત્યંત વ્યાપક છે માટે વનસ્પતિને આગમમાં 'દીર્ઘલોક' કહેલ છે. અગ્નિ તેનું શસ્ત્ર છે માટે અગ્નિને દીર્ઘલોકશસ્ત્ર કહેલ છે. તેનો બીજો અર્થ એ છે કે અગ્નિ સહુથી વધારે તીક્ષ્ણ અને પ્રચંડ શસ્ત્ર છે. **णत्थि जोइसमे सत्थे, तम्हा जोइं ण दीवए ।** [ઉત્ત. અધ્ય. ૩૫ ગા. ૧૨.] અગ્નિ સમાન અન્ય કોઈ તીક્ષ્ણ શસ્ત્ર નથી, મોટા મોટા ભયાવહ અને સઘન જંગલોને તે થોડા સમયમાં બાળી નાખે છે. અગ્નિ વડવાનળના રૂપે સમુદ્રમાં પણ છુપાઈને રહે છે.

**खेयण्णे**– ના સંસ્કૃતમાં બે રૂપો થાય છે– ક્ષેત્રજ્ઞ અને ખેદજ્ઞ. તેમાં (૧) **ક્ષેત્રજ્ઞ**– અથવા ક્ષેત્ર એટલે શરીર કે આત્મા, તેના સ્વરૂપને જાણનાર તે ક્ષેત્રજ્ઞ. (૨) **ખેદજ્ઞ**– એટલે જીવ માત્રના દુઃખને જાણનાર. (૩) આચાર અને પ્રાયશ્ચિત્ત વિધિના જ્ઞાતા ગીતાર્થ (૪) સૂત્રકૃતાંગ સૂત્રમાં ભગવાન મહાવીરસ્વમીને **खेयण्णए से कुसले महेसी** આ વિશેષણ આપીને લોકાલોક સ્વરૂપના જ્ઞાતા, પ્રત્યેક આત્માના સુખ–દુઃખના જાણનાર કહ્યા છે. ગીતામાં શરીરને ક્ષેત્ર અને આત્માને ક્ષેત્રજ્ઞ કહેલ છે. બૌદ્ધ ગ્રંથોમાં ક્ષેત્રજ્ઞનો અર્થ 'કુશળ' કર્યો છે.

**असत्थस्स** :– આ શબ્દ 'સંયમ'ના અર્થમાં વપરાયો છે. અસંયમને ભાવશસ્ત્ર કહેલ છે. **भावे य असंजमो सत्थं** ।–[નિર્યુકિત ગા. ૯૬.] તેથી તેનો પ્રતિપક્ષી સંયમ અશસ્ત્ર છે, તે જીવમાત્રનો રક્ષક–બંધુ છે. આ કથનનો ભાવ એ છે કે જે હિંસાને જાણે છે તે અહિંસાને જાણે છે, જે અહિંસાને જાણે છે તે હિંસાને પણ જાણે છે.

## અગ્નિકાય હિંસાત્યાગનો સંકલ્પ :–

**२ वीरेहिं एयं अभिभूय दिट्ठं, संजएहिं, सया जएहिं, सया अप्पमत्तेहिं । जे पमत्ते गुणट्ठिए, से हु दंडे पवुच्चइ । तं परिण्णाय मेहावी इयाणिं**

**णो जमहं पुव्वमकासी पमाएणं ।**

**શબ્દાર્થ :– वीरेहिं** = વીરે, **एयं** = આ, **अभिभूय** = પરીષહાદિનો પરાભવ કરીને, **दिट्ठं** = જોયું છે, **संजएहिं** = સંયમીએ, **सया** = હંમેશાં, **जएहिं** = યત્નશીલ, **अप्पमत्तेहिं** = પ્રમાદ રહિત, **जे**= જે, **पमत्ते** = પ્રમાદી, પ્રમાદ કરે છે, **गुणट्ठिए** = ગુણાર્થી, વિષયાર્થી કોઈ પ્રયોજન માટે અગ્નિનો આરંભ કરે છે, **दंडे** = દંડ દેનાર, **पवुच्चइ** = કહેવાય છે, **तं** = તે આરંભને, **परिण्णाय** = જાણીને, **मेहावी** = બુદ્ધિમાન, **इयाणिं णो** = હવે પછી આરંભ કરીશ નહિ, **जमहं** = જે હું, **पुव्वमकासी** = પહેલાં આરંભ કર્યો હતો, **पमाएणं** = પ્રમાદથી, અજ્ઞાનથી.

**ભાવાર્થ :–** સદા યત્નશીલ અપ્રમત્ત સંયમી, વીર પુરુષોએ કર્મશત્રુ અને પરીષહો ઉપર વિજય પ્રાપ્ત કરીને કેવળજ્ઞાન દ્વારા અગ્નિકાયરૂપ શસ્ત્ર અને સંયમરૂપ અશસ્ત્રને જોયું છે.

જે પ્રમાદી છે, ગુણો (ઈન્દ્રિય વિષયો)ના અર્થી છે, તે દંડ એટલે હિંસક કહેવાય છે. આ જાણીને મેધાવી પુરુષ સંકલ્પ કરે કે પ્રમાદને વશ થઈને મેં પહેલાં હિંસા કરી હતી, હવે તે હિંસા હું કરીશ નહિ.

## વિવેચન :–

અહીં વીર આદિ વિશેષણો સંપૂર્ણ આત્મજ્ઞાન(કેવળજ્ઞાન) પ્રાપ્ત કરવાની પ્રક્રિયાના સૂચક છે.

**વીર**– પરાક્રમી–સાધનામાં આવતા સર્વ વિઘ્નો ઉપર વિજય પ્રાપ્ત કરનાર. **સંયમ**– ઈન્દ્રિય અને મનનો વિવેકથી નિગ્રહ કરવો. **યત્નશીલ**– મૂલગુણ ઉત્તરગુણોનું નિરતિચાર પાલન કરવામાં પ્રયત્નશીલ. **અપ્રમત્તતા**– સ્વરૂપનું સ્મરણ રાખવું, હંમેશાં જાગૃત રહેવું અને વિષયાભિમુખી પ્રવૃત્તિઓથી દૂર રહેવું.

આ પ્રક્રિયાથી (આત્મદર્શન) કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે. તે કેવલી ભગવાને જીવ હિંસાનું સ્વરૂપ જોઈને અશસ્ત્ર–સંયમની પ્રરૂપણા કરી છે.

**पमत्ते :–** મદ્ય, વિષય, કષાય, નિદ્રા અને વિકથા એ પાંચ પ્રમાદ છે. માનવી પ્રમાદમાં આસક્ત થાય છે ત્યારે તે અગ્નિનો ઉપયોગ રાંધવામાં, પ્રકાશ, તાપ વગેરેમાં કરે છે અને તે જીવોની હિંસા કરીને હિંસક બને છે.

**इयाणिं णो :–** હિંસાનું સ્વરૂપ જ્યારે સમજાય છે ત્યારે બુદ્ધિમાન વ્યક્તિ તેનો ત્યાગ કરવાનો સંકલ્પ કરે છે. મનમાં દૃઢ નિશ્ચય કરી અહિંસાની સાધનામાં આગળ વધે છે અને પૂર્વે કરેલી હિંસાદિનો પશ્ચાત્તાપ કરે છે.

## અગ્નિકાયની હિંસાનું પરિજ્ઞાન :–

**૩ लज्जमाणा पुढो पास । अणगारा मो त्ति एगे पवयमाणा, जमिणं**

**विरूवरूवेहिं सत्थेहिं अगणिकम्मसमारंभेणं अगणिसत्थं समारंभमाणे अण्णे वि अणेगरूवे पाणे विहिंसइ।**

**तत्थ खलु भगवया परिण्णा पवेइया– इमस्स चेव जीवियस्स, परिवंदण माणण पूयणाए, जाई–मरण–मोयणाए, दुक्खपडिघायहेउं, से सयमेव अगणिसत्थं समारंभइ, अण्णेहिं वा अगणिसत्थं समारंभावेइ, अण्णे वा अगणिसत्थं समारंभमाणे समणुजाणइ । तं से अहियाए, तं से अबोहीए । से तं संबुज्झमाणे आयाणीयं समुट्ठाए ।**

**सोच्चा खलु भगवओ अणगाराणं वा अंतिए इहमेगेसिं णायं भवइ– एस खलु गंथे, एस खलु मोहे, एस खलु मारे, एस खलु णरए । इच्चत्थं गढिए लोए, जमिणं विरूवरूवेहिं सत्थेहिं अगणिकम्मसमारंभेणं अगणिसत्थं समारंभमाणे अण्णे वि अणेगरूवे पाणे विहिंसइ ।**

**ભાવાર્થ :–** સંયમી વ્યક્તિ હિંસામાં લજ્જાનો અનુભવ કરે છે. કેટલાક "અમે અણગાર સાધુ છીએ" એવું કહેવા છતાં જે અનેક પ્રકારનાં શસ્ત્રોથી અગ્નિકાયની હિંસા કરે છે, તેઓને તું સાધુત્વથી ભિન્ન જાણ. અગ્નિકાયના જીવોની હિંસા કરતાં બીજા અનેક પ્રકારના જીવોની પણ હિંસા કરે છે. (તે) તું જો.

આ વિષયમાં ભગવાને વિવેકનું કથન કર્યું છે. કોઈ મનુષ્ય આ જીવન માટે, પ્રશંસા–સન્માન કે પૂજા માટે, જન્મ–મરણથી મુક્ત થવા માટે તેમજ દુઃખોને દૂર કરવા માટે પોતે અગ્નિનો આરંભ કરે છે, બીજા પાસે અગ્નિનો આરંભ કરાવે છે, અગ્નિનો આરંભ કરતા હોય તેની અનુમોદના કરે છે. આ હિંસા તેને માટે અહિતનું તેમજ અબોધિનું કારણ બને છે. સાધક હિંસાના પરિણામને સારી રીતે સમજીને સંયમ–સાધનામાં લીન બને છે.

તીર્થંકરાદિ પ્રત્યક્ષ જ્ઞાની કે શ્રુતજ્ઞાની મુનિઓ પાસેથી સાંભળીને કોઈને જ્ઞાન થાય છે કે આ જીવહિંસા ગ્રંથિ છે, મોહ છે, મૃત્યુ છે, નરક છે, તોપણ કેટલાંક પ્રાણી વર્તમાન પ્રાપ્ત સાધનોમાં જ આસક્ત બની વિવિધ પ્રકારનાં શસ્ત્રોથી અગ્નિનો આરંભ કરે છે. અગ્નિનો આરંભ કરવાની સાથે તેઓ બીજા અનેક જીવોની પણ હિંસા કરે છે.

**વિવેચન :–**

અગ્નિકાયનાં શસ્ત્રોનો ઉલ્લેખ નિર્યુક્તિમાં આ પ્રમાણે છે– (૧) માટી અથવા ધૂળ. (૨) પાણી (૩) લીલી વનસ્પતિ (૪) ત્રસ પ્રાણી (૫) સ્વકાય શસ્ત્ર–એક અગ્નિ બીજી અગ્નિનું શસ્ત્ર છે. (૬) પરકાયશસ્ત્ર–પાણી આદિ. (૭) તદુભયશસ્ત્ર અર્થાત્ સ્વ–પરકાય મિશ્રિતશસ્ત્ર. જેમ કે તુષ નિશ્રિત અગ્નિ બીજી અગ્નિનું શસ્ત્ર છે. (૮) ભાવશસ્ત્ર–અસંયમ.

## અગ્નિથી થતી અન્ય વિરાધના :–

**૪** से बेमि– संति पाणा पुढविणिस्सिया तणणिस्सिया पत्तणिस्सिया कट्ठणिस्सिया गोमयणिस्सिया कयवरणिस्सिया । संति संपातिमा पाणा आहच्च संपयंति । अगणिं च खलु पुट्ठा एगे संघायमावज्जंति । जे तत्थ संघायमावज्जंति ते तत्थ परियावज्जंति । जे तत्थ परियावज्जंति ते तत्थ उद्दायंति ।

**શબ્દાર્થ :–** **संति पाणा** = જીવ હોય છે, **पुढविणिस्सिया** = પૃથ્વીને આશ્રિત, **तणणिस्सिया** = તૃણને આશ્રિત , **पत्तणिस्सिया** = પાંદડાને આશ્રિત , **कट्ठणिस्सिया** = કાષ્ઠને આશ્રિત, **गोमयणिस्सिया** = ગોબરને આશ્રિત, **कयवरणिस्सिया** = કચરાને આશ્રિત, **संपातिमा पाणा** = ઊડનારા પતંગિયા વગેરે જીવો, **आहच्च** = કદાચ, **संपयंति** = ઊડીને અગ્નિમાં પડે છે, **पुट्ठा** = સ્પર્શ પામીને, **एगे** = કોઈ, **संघायमावज्जंति** = ઘાયલ થાય છે, **जे तत्थ** = જે ત્યાં, **ते तत्थ** = તે ત્યાં, **परियावज्जंति** = મૂર્ચ્છિત થઈ જાય છે, **उद्दायंति** = મૃત્યુ પામે છે.

**ભાવાર્થ :–** ઘણા જીવો પૃથ્વી, ઘાસ, કાષ્ઠ, કચરા આદિને આશ્રિત રહે છે, તે જીવો અગ્નિથી બળી જાય છે. કેટલાક ઊડતા તીડ, પતંગિયા આદિ જીવો તેમાં પડી જાય છે, તે જીવો અગ્નિનો સ્પર્શ પામીને સંકોચાય જાય છે. સંકોચ પામવાની સાથે ઉષ્ણતાથી મૂર્ચ્છા પામે છે અને અંતે મૃત્યુ પણ પામે છે. તેમ હું કહું છું.

## અગ્નિ વિરાધના ત્યાગ :–

**૫** एत्थ सत्थं समारंभमाणस्स इच्चेते आरंभा अपरिण्णाया भवंति । एत्थ सत्थं असमारंभमाणस्स इच्चेते आरंभा परिण्णाया भवंति ।

तं परिण्णाय मेहावी णेव सयं अगणिसत्थं समारंभेज्जा, णेवऽण्णेहिं अगणिसत्थं समारंभावेज्जा, अगणिसत्थं समारंभंते वि अण्णे ण समणुजाणेज्जा ।

जस्सेते अगणिकम्मसमारंभा परिण्णाया भवंति, से हु मुणी परिण्णायकम्मे। त्ति बेमि ।

॥ चउत्थो उद्देसो समत्तो ॥

**ભાવાર્થ :–** અગ્નિકાયની હિંસા કરનારા આરંભ, સમારંભની ક્રિયાના દુષ્પરિણામોને જાણતા નથી. જે અગ્નિકાય ઉપર શસ્ત્રનો પ્રયોગ કરતા નથી, તે જ વાસ્તવિક રીતે આરંભને જાણનાર છે અર્થાત્ હિંસાથી

મુક્ત થઈ જાય છે.

બુદ્ધિમાન મનુષ્ય આ કથનને જાણીને સ્વયં અગ્નિકાયનો સમારંભ કરે નહિ, બીજા પાસે આરંભ કરાવે નહિ અને અગ્નિનો આરંભ કરનારની અનુમોદના કરે નહિ.

જેણે અગ્નિના આ આરંભને સારી રીતે જાણીને તેનો ત્યાગ કર્યો છે, તે મુનિ પરિજ્ઞાતકર્મા– કર્મનો જ્ઞાતા અને ત્યાગી મુનિ છે. – એમ ભગવાને કહ્યું છે.

**॥ ચતુર્થ ઉદ્દેશક સમાપ્ત ॥**

## વિવેચન :–

આ ઉદ્દેશકમાં હિંસા કરનારને પ્રમાદી અને હિંસા નહીં કરનારને અપ્રમાદી કહ્યા છે. અગ્નિકાયમાં જીવત્વની શ્રદ્ધાના ભાવો, તેનું સ્વરૂપ અને તેની હિંસાનું સ્વરૂપ દર્શાવીને અગ્નિને કારણે બીજા કેટલા ય પૃથ્વી તૃણ આદિમાં રહેલા ત્રસ જીવોની હિંસાનું સૂચન કરેલ છે. તે બધું જાણી જે અગ્નિકાયના આરંભનો ત્યાગ કરે તે જ સાચો જ્ઞાની કહેવાય છે.

**॥ અધ્યયન–૧/૪ સંપૂર્ણ ॥**

# પહેલું અધ્યયન : પાંચમો ઉદ્દેશક

## અણગારના લક્ષણ :–

**૧ तं णो करिस्सामि समुट्ठाए मत्ता मइमं अभयं विदित्ता, तं जे णो करए एसोवरए, एत्थोवरए, एस अणगारे त्ति पवुच्चइ ।**

**શબ્દાર્થ :– तं** = વનસ્પતિકાયનો આરંભ, **णो करिस्सामि** = કરીશ નહિ, **समुट्ठाए** = પ્રવ્રજ્યા ધારણ કરીને, **मत्ता** = જીવાદિને જાણીને, સ્વીકારીને, મનન કરીને, **मइमं** = બુદ્ધિમાન પુરુષ, **अभयं** = ભય રહિત, સંયમને, **विदित्ता** = જાણીને, **जे** = જે વ્યક્તિ, **तं** = તેને, પાપાચરણને, હિંસાને, **णो करए** = કરે નહિ, **एसोवरए** = તે સાવદ્ય કર્મથી ઉપરત છે, નિવૃત્ત છે, **एत्थोवरए** = તે જ પુરુષ આ જિનશાસનમાં સ્થિત છે, **एस अणगारे त्ति** = તે જ અણગાર, **पवुच्चइ** = કહેવાય છે.

**ભાવાર્થ :–** બુદ્ધિમાન પુરુષ તત્ત્વને જાણીને, અભયરૂપ સંયમના સ્વરૂપને સમજીને, પ્રવ્રજ્યા અંગીકાર કરે અને સંકલ્પ કરે છે કે હું કોઈ પણ પ્રાણીને પીડા આપીશ નહિ અને ત્યાર પછી સંકલ્પાનુસાર કોઈને પણ પીડા આપતા નથી, તે જ હિંસાદિથી નિવૃત્ત છે(વ્રતી) છે, અર્હત્ શાસનમાં સ્થિત છે, લીન છે, તે જ

અણગાર કહેવાય છે.

## વિવેચન :–

અહિંસાને આત્મસાત્ કરવાનાં બે સાધન આ સૂત્રમાં કહ્યાં છે. (૧) **मत्ता** (મનન)= બુદ્ધિમાન સાધક જીવોના સ્વરૂપ આદિના વિષયમાં ગંભીરતા પૂર્વક ચિંતન મનન કરે (૨) **अभयं विदित्ता** = અભયને જાણે. હું નિર્ભય થવા ઈચ્છું છું, મને અભય પ્રિય છે, તેમ બીજા જીવો પણ ભય ઈચ્છતા નથી, આ સિદ્ધાંતને સમજીને મનન કરવાથી પ્રત્યેક જીવની સાથે આત્મા સમત્વાનુભૂતિ અનુભવે છે, તેનાથી અહિંસાની આસ્થા સુદઢ તેમજ સુસ્થિત થાય છે કારણકે અહિંસાના પાયામાં અભય છે. ટીકાકારે ' અભય ' નો અર્થ સંયમ પણ કર્યો છે– **अविद्यमानं भयमस्मिन् सत्त्वानामित्यभयः संयमः ।** તે અનુસાર **अभयं विदित्ता** નો અર્થ સંયમને જાણીને કરવામાં આવે છે.

## ઈન્દ્રિય વિષય અને સંસાર :–

**२ जे गुणे से आवट्टे, जे आवट्टे से गुणे । उड्ढं अहं तिरियं पाईणं पासमाणे रूवाइं पासइ, सुणमाणे सद्दाइं सुणेइ । उड्ढं अहं तिरियं पाईणं मुच्छमाणे रूवेसु मुच्छइ, सद्देसु यावि । एस लोए वियाहिए । एत्थ अगुत्ते अणाणाए पुणो पुणो गुणासाए वंकसमायारे पमत्ते अगारमावसे ।**

**શબ્દાર્થ :– जे** = જે, **गुणे** = શબ્દાદિ ગુણ છે, **से आवट्टे** = તે આવર્ત–સંસાર છે, **उड्ढं** = ઉપર, **अहं** = નીચે, **तिरियं** = તિરછે, **पाईणं** = પૂર્વાદિ દિશાઓમાં, **पासमाणे** = જોતાં, **रूवाइं पासइ** = રૂપોને જુએ છે, **सुणमाणे** = સાંભળતાં, **सद्दाइं** = શબ્દોને, **सुणेइ** = સાંભળે છે, **मुच्छमाणे** = રાગ કરતા જીવો, **रूवेसु मुच्छइ** = રૂપોમાં મૂર્ચ્છા પામે છે, **सद्देसु यावि** = શબ્દોમાં પણ રાગ કરી કર્મ બાંધે છે, **एस** = આ, **लोगे** = લોક–પાંચે ય ઈન્દ્રિયોના વિષયરૂપ લોક, **वियाहिए** = કહેલો છે, **एत्थ** = આ વિષયમાં, **अगुत्ते** = અગુપ્ત છે, **अणाणाए** = ભગવાનની આજ્ઞામાં નથી, **पुणो पुणो** = વારંવાર, **गुणासाए** = વિષયાસક્ત બને, તેનો ઉપભોગ કરે, **वंकसमायारे** = વક્રાચરણ કરનાર, **पमत्ते** = પ્રમત્ત, પ્રમાદી, **अगारं** = ગૃહસ્થવાસમાં, **आवसे** = નિવાસ કરે છે.

**ભાવાર્થ :–** જે ગુણ–શબ્દાદિ વિષય છે તે આવર્ત–સંસાર છે. જે આવર્ત છે તે ગુણ છે. પ્રાણીઓ ઉપર, નીચે, તિરછી દિશામાં દેખાતા રૂપોને જુએ છે, સંભળાતા શબ્દો સાંભળે છે. ઊર્ધ્વાદિ દિશાઓમાં જોયેલી રૂપવાળી વસ્તુઓમાં અને મનોજ્ઞ શબ્દોમાં તે આસકત બને છે. આ ઈન્દ્રિય વિષયોની આસક્તિ જ સંસાર છે.

જે વ્યક્તિ વિષયોમાં અગુપ્ત છે, ઈન્દ્રિય અને મનથી અસંયત છે, તે ભગવાનની આજ્ઞાથી દૂર છે. જે વારંવાર વિષયોનો અનુભવ કરે છે, તેનો ભોગોપભોગ કરે છે, કુટિલતાનું–અસંયમનું આચરણ કરે છે,

તે પ્રમત્ત છે. ગૃહત્યાગી હોવા છતાં ગૃહસ્થભાવના કારણે ગૃહસ્થ સમાન થઈ જાય છે.

## વિવેચન :–

'ગુણ' શબ્દના અનેક અર્થ છે. વ્યાખ્યાકારોએ ગુણ શબ્દની ૧૫ વ્યાખ્યા કરી છે. અહીં ગુણનો અર્થ પાંચ ઈન્દ્રિયોથી ગ્રાહ્ય વિષય છે. વિષયો પાંચ છે– શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ. આ પાંચે ય વિષયો ઊર્ધ્વાદિ સર્વ દિશાઓમાં છે. ઈન્દ્રિયોનાં માધ્યમે આત્મા તેને ગ્રહણ કરે છે, સાંભળે છે, જુએ છે, સૂંઘે છે, સ્વાદ લે છે, સ્પર્શ કરે છે. ગ્રહણ કરવું તે ઈન્દ્રિયનો ગુણ છે. ગ્રહણ કરાયેલા વિષયોમાં આસક્તિ રાખવી તે મન અથવા ચેતનાનું કાર્ય છે. જ્યારે મન વિષયો તરફ આસક્ત થાય છે ત્યારે તે વિષય મન માટે બંધન અથવા આવર્તરૂપ બની જાય છે. સમુદ્રાદિમાં જ્યાં પાણી વેગપૂર્વક ગોળાકારે ફરતું હોય અર્થાત્ વમળ થાય, તેને આવર્ત કહે છે. આ આવર્તમાં જે પ્રાણી ફસાય છે તે પાણીમાં અંદર ખેંચાય જાય છે અને મૃત્યુ પામે છે. શબ્દાદિ વિષયોમાં, ગુણોમાં જે વ્યક્તિ આસક્ત બને, તે તેમાં ફસાય જાય છે અને કર્મબંધન વધારી સંસારમાં જન્મ મરણ કરે છે માટે ઈન્દ્રિય વિષયોની આસક્તિને અહીં આવર્ત કહેલ છે.

શાસ્ત્રકારોએ કહ્યું છે કે– રૂપ તેમજ શબ્દાદિને જોવા, સાંભળવામાં દોષ નથી પરંતુ તેમાં જે રાગદ્વેષ થાય, તેમાં આત્મા ગૃદ્ધ બની જાય તો, તે આસક્તિ જ સંસાર છે. અનાસક્ત આત્મા સંસારમાં રહેવા છતાં સંસારથી મુક્ત કહેવાય છે.

સંયમી બનીને જે મુનિ વિષયમાં આસક્ત થાય, વિષયોનું વારંવાર સેવન કરે, તે માયાચારનું સેવન કરે છે કારણ કે તે બહારથી ત્યાગી દેખાય છે, તેણે મુનિના વેષને ધારણ કરેલ છે પરંતુ વાસ્તવમાં તે પ્રમાદી છે, ગૃહસ્થની સમાન આચરણ કરે છે, તે જિનેશ્વરની આજ્ઞાથી બહાર છે.

આ ઉદ્દેશકમાં વનસ્પતિકાયની હિંસાનો નિષેધ છે. પરમાર્થથી વિચારતાં શબ્દાદિ વિષયોની પ્રાસંગિકતા પ્રતીત થાય છે. શબ્દાદિ વિષયોની ઉત્પત્તિનું મુખ્ય સાધન વનસ્પતિ છે. વનસ્પતિમાંથી જ વીણાદિ વાજિંત્રો તથા અનેક પ્રકારના રંગ, રૂપ, ફૂલાદિની ગંધ, ફળાદિનો રસ તેમજ રૂ આદિના સ્પર્શની ઉત્પત્તિ થાય છે તેથી સૂત્રકારે વનસ્પતિના વર્ણનની પહેલાં વનસ્પતિથી ઉત્પન્ન થતી વસ્તુઓમાં અનાસક્ત રહેવાનો ઉપદેશ આપ્યો છે. હિંસાનું મૂળ કારણ પણ આસક્તિ જ છે. આસક્તિ જો ન હોય તો અનેક દિશાઓમાં રહેલા શબ્દાદિ વિષયો આત્માનું કાંઈ પણ અહિત કરી શકતા નથી.

## વનસ્પતિકાયની હિંસાનું પરિજ્ઞાન :–

**३** **लज्जमाणा पुढो पास । अणगारा मो त्ति एगे पवयमाणा, जमिणं विरूवरूवेहिं सत्थेहिं वणस्सइकम्मसमारंभेणं वणस्सइसत्थं समारंभमाणे अण्णे वि अणेगरूवे पाणे विहिंसइ ।**

**तत्थ खलु भगवया परिण्णा पवेइया– इमस्स चेव जीवियस्स**

**परिवंदण माणण पूयणाए, जाई मरण मोयणाए, दुक्खपडिघायहेउं, से सयमेव वणस्सइसत्थं समारंभइ, अण्णेहिं वा वणस्सइसत्थं समारंभावेइ, अण्णे वा वणस्सइसत्थं समारंभमाणे समणुजाणइ । तं से अहियाए, तं से अबोहीए । से तं संबुज्झमाणे आयाणीयं समुट्ठाए ।**

**सोच्चा खलु भगवओ अणगाराणं वा अंतिए इहमेगेसिं णायं भवइ– एस खलु गंथे, एस खलु मोहे, एस खलु मारे, एस खलु णरए ।**

**इच्चत्थं गढिए लोए, जमिणं विरूवरूवेहिं सत्थेहिं वणस्सइकम्म– समारंभेणं वणस्सइसत्थं समारंभमाणे अण्णे वि अणेगरूवे पाणे विहिंसइ ।**

**ભાવાર્થ :–** જ્ઞાની હિંસાથી લજ્જાશીલ રહે છે, તેમને તું ભિન્ન જાણ. 'અમે ત્યાગી છીએ' એમ કહેનારા પણ અનેક પ્રકારના શસ્ત્રોથી વનસ્પતિકાયિક જીવોનો આરંભ કરે છે. વનસ્પતિની હિંસા કરવાની સાથે તે બીજા અનેક પ્રકારના જીવોની પણ હિંસા કરે છે, તેને તું જો !

આ વિષયમાં ભગવાને પરિજ્ઞા–વિવેકની પ્રરૂપણા કરી છે. સાંસારિક જીવો આ જીવન માટે, પ્રશંસા, સન્માન, પૂજા માટે, જન્મ–મરણથી મુક્ત થવા માટે અને દુઃખને દૂર કરવા માટે, સ્વયં વનસ્પતિકાયની હિંસા કરે છે, બીજા પાસે કરાવે છે અને હિંસા કરનારની અનુમોદના કરે છે. તે હિંસા તેના માટે અહિત અને અબોધિનું કારણ છે. તેમ સમજીને સાધક સંયમમાં ઉપસ્થિત થાય છે.

ભગવાન અથવા ત્યાગી અણગારોની પાસેથી આ સાંભળીને તેઓને જ્ઞાન થાય છે કે– હિંસા ગ્રંથી છે, મોહ છે, મૃત્યુ છે, નરક છે, તોપણ કેટલાંક પ્રાણી વર્તમાન પ્રાપ્ત સાધનોમાં આસક્ત થઈને વિવિધ પ્રકારના શસ્ત્રોથી વનસ્પતિકાયનો સમારંભ કરે છે અને વનસ્પતિનો આરંભ કરતાં બીજા અનેક જીવોની પણ હિંસા કરે છે.

### વનસ્પતિમાં મનુષ્યનાં લક્ષણોની સમાનતા :–

**૪ से बेमि इमं पि जाइधम्मयं, एयं पि जाइधम्मयं । इमं पि वुड्ढिधम्मयं, एयं पि वुड्ढिधम्मयं । इमं पि चित्तमंतयं, एयं पि चित्तमंतयं । इमं पि छिण्णं मिलाइ, एयं पि छिण्णं मिलाइ । इमं पि आहारगं, एयं पि आहारगं । इमं पि अणिच्चयं, एयं पि अणिच्चयं । इमं पि असासयं, एयं पि असासयं । इमं पि चयावचइयं, एयं पि चयावचइयं । इमं पि विप्परिणामधम्मयं, एयं पि विप्परिणामधम्मयं ।**

**શબ્દાર્થ :– इमं पि जाइधम्मयं** = આ મનુષ્યશરીર ઉત્પત્તિ ધર્મવાળું છે, **एयं पि जाइधम्मयं** = આ વનસ્પતિ પણ ઉત્પત્તિ ધર્મવાળી છે, **इमं पि वुड्ढिधम्मयं** = આ મનુષ્યનું શરીર વૃદ્ધિધર્મવાળું છે,

**एयं पि वुड्ढिधम्मयं** = આ વનસ્પતિ પણ વધવાના સ્વભાવવાળી છે, **चित्तमंतयं** = ચૈતન્યવાન છે, **छिण्णं मिलाइ** = કાપવાથી સુકાઈ જાય છે, **आहारगं** = આહાર કરે છે, **अणिच्चयं** = આ મનુષ્યનું શરીર અનિત્ય છે, **असासयं** = અશાશ્વત છે, **चयावचइयं** = વધઘટ પામે છે, હાનિ–વૃદ્ધિને પામે છે, **विप्परिणामधम्मयं** = વિવિધ પરિણામી છે, પરિણમનશીલ છે.

**ભાવાર્થ :–** મનુષ્ય જન્મે છે, વનસ્પતિ પણ જન્મે છે; મનુષ્ય વધે છે, વનસ્પતિ પણ વધે છે; મનુષ્ય ચૈતન્યશીલ છે, વનસ્પતિ પણ ચૈતન્યશીલ છે; મનુષ્યનું શરીર છેદન કરવાથી સૂકાઈ છે, વનસ્પતિનું શરીર પણ છેદન કરવાથી કરમાય છે; મનુષ્ય આહાર કરે છે, વનસ્પતિ પણ આહાર કરે છે, મનુષ્યનું શરીર અનિત્ય છે, વનસ્પતિનું શરીર પણ અનિત્ય છે; મનુષ્યનું શરીર અશાશ્વત છે, વનસ્પતિનું શરીર પણ અશાશ્વત છે; મનુષ્યનું શરીર આહારથી વધે છે અને આહારના અભાવમાં દુર્બળ થાય છે; વનસ્પતિનું શરીર પણ આ જ રીતે આહારથી વધે છે, આહારના અભાવથી દુર્બળ થાય છે; મનુષ્યનું શરીર અનેક પ્રકારની અવસ્થાઓને પ્રાપ્ત થાય છે; વનસ્પતિનું શરીર પણ વિવિધ પ્રકારની અવસ્થાઓને પ્રાપ્ત થાય છે.

## વિવેચન :–

ભારતના સર્વ દાર્શનિકોએ ઘણું કરીને વનસ્પતિને સજીવ માનેલ છે, પરંતુ વનસ્પતિમાં જ્ઞાન–ચેતના અલ્પ હોવાના કારણે દાર્શનિકોએ તદ્વિષયક સૂક્ષ્મ ચિંતન–મનન કર્યું નથી. જૈન દર્શનમાં તેનું સૂક્ષ્મ તેમજ વિસ્તૃત ચિંતન થયું છે. માનવના શરીરની સાથે તેની સમાનતા દર્શાવવામાં આવી છે. તે આજના વૈજ્ઞાનિકો માટે પણ આશ્ચર્યજનક તેમજ ઉપયોગી તથ્ય છે. જ્યારે સર જગદીશચંદ્ર બોઝે વનસ્પતિમાં માનવની સમાન જ ચેતના છે તે પ્રયોગાત્મક સિદ્ધ કરી બતાવ્યું, ત્યારથી જૈન દર્શનનો વનસ્પતિ વિષયક સિદ્ધાંત વૈજ્ઞાનિક સિદ્ધાંતનાં રૂપમાં પ્રતિષ્ઠિત થઈ ગયો છે.

આજે વનસ્પતિ વિજ્ઞાન જીવવિજ્ઞાનનું મુખ્ય અંગ બની ગયું છે. સર્વ જીવોને જીવન નિર્વાહ કરવા, વધવા, જીવતા રહેવા અને સંતાનની ઉત્પત્તિ માટે ભોજન અથવા ઊર્જાની આવશ્યકતા રહે છે. આ ઊર્જા સૂર્યથી ફોટોન (Photon) તરંગોના રૂપમાં પૃથ્વી ઉપર આવે છે. તેને ગ્રહણ કરવાનું સામર્થ્ય ફક્ત વૃક્ષમાં જ હોય છે. પૃથ્વીના સર્વ પ્રાણીઓ વૃક્ષમાંથી જ ઊર્જા (જીવનશક્તિ) પ્રાપ્ત કરે છે. તેથી વનસ્પતિનો માનવ જીવનની સાથે ઘનિષ્ઠ સંબંધ છે. વૈજ્ઞાનિકો તેમજ ડૉક્ટરો માનવ શરીરના અલગ અલગ અવયવોના રોગોનું તથા પરંપરાના ગુણોનું અધ્યયન કરવા માટે વનસ્પતિનું અધ્યયન કરે છે, તેથી વનસ્પતિ વિજ્ઞાનના વિષયમાં વનસ્પતિકાયની માનવ શરીર સાથે જે તુલના આગમમાં કરાયેલી છે, તેનું મહત્ત્વ ઘણું છે.

## વનસ્પતિ હિંસાત્યાગ :–

**૫ एत्थ सत्थं समारंभमाणस्स इच्चेते आरंभा अपरिण्णाया भवंति । ए**

त्थ सत्थं असमारंभमाणस्स इच्चेते आरंभा परिण्णाया भवंति ।

तं परिण्णाय मेहावी णेव सयं वणस्सइसत्थं समारंभेज्जा, णेवऽण्णेहिं वणस्सइसत्थं समारंभावेज्जा, णेवऽण्णे वणस्सइसत्थं समारंभंते समणुजाणेज्जा ।

जस्सेते वणस्सइसत्थसमारंभा परिण्णाया भवंति, से हु मुणी परिण्णायकम्मे। त्ति बेमि ।

॥ पंचमो उद्देसो समत्तो ॥

**ભાવાર્થ :–** જે વનસ્પતિકાય ઉપર શસ્ત્રનો આરંભ કરે છે, તે આરંભથી ઉત્પન્ન થતાં દુઃખદ પરિણામથી અજ્ઞાત છે. જે વનસ્પતિકાય ઉપર શસ્ત્રનો ઉપયોગ કરતા નથી તે આરંભના જ્ઞાતા છે.

આ જાણીને મેધાવી વ્યક્તિ વનસ્પતિનો સ્વયં આરંભ કરે નહિ, બીજા પાસે કરાવે નહિ અને આરંભ કરનારની અનુમોદના કરે નહિ.

જેને વનસ્પતિ વિષયક આરંભનું જ્ઞાન અને ત્યાગ હોય છે તે પરિજ્ઞાતકર્મા(હિંસાના ત્યાગી) મુનિ છે તેમ ભગવાને કહ્યું છે.

॥ પાંચમો ઉદ્દેશક સમાપ્ત ॥

**વિવેચન :–**

આ ઉદ્દેશકમાં અણગારનું સ્વરૂપ બતાવી,પાંચ ગુણ–ઈન્દ્રિય વિષયમાં આસક્ત સાધકને પ્રમાદી અને ગૃહસ્થ સમાન કહેલ છે. ત્યાર પછી વનસ્પતિના જીવોનું અસ્તિત્વ સિદ્ધ કરવા મનુષ્યના શરીર સાથે તેની તુલના કરી છે. તેને જાણી, શ્રદ્ધા કરી જે સાધક વનસ્પતિના આરંભનો ત્યાગ કરે તે જ સાચો જ્ઞાની અણગાર છે.

**॥ અધ્યયન–૧/૫ સંપૂર્ણ ॥**

## પહેલું અધ્યયન : છઠ્ઠો ઉદ્દેશક

**ત્રસ જીવોનો દુઃખમય સંસાર :–**

**१** से बेमि– संतिमे तसा पाणा, तं जहा– अंडया पोयया जराउया रसया संसेइया सम्मुच्छिमा उब्भिया उववाइया । एस संसारे त्ति पवुच्चइ । मंदस्स अवियाणओ ।

**णिज्झाइत्ता पडिलेहित्ता पत्तेयं परिणिव्वाणं । सव्वेसिं पाणाणं सव्वेसिं भूयाणं सव्वेसिं जीवाणं सव्वेसिं सत्ताणं अस्सायं अपरिणिव्वाणं महब्भयं दुक्खं ति बेमि ।**

**तसंति पाणा पदिसो दिसासु य । तत्थ तत्थ पुढो पास आउरा परितावेंति। संति पाणा पुढो सिया ।**

**શબ્દાર્થ :–** **इमे** = આ, **तसा** = ત્રસ, **पाणा** = પ્રાણી, **संति** = છે, **अंडया** = ઈંડાથી ઉત્પન્ન થનાર, **पोयया** = પોતજ, **जराउया** = જરાયુજ, **रसया** = રસજ, **संसेइया** = પસીનામાં ઉત્પન્ન થનાર, **सम्मुच्छिमा** = સંમૂર્ચ્છિમ, **उब्भिया** = ઉદ્‌ભિજ–જમીન ફોડીને ઉત્પન્ન થનાર, **उववाइया** = ઔપપાતિક, **एस** = આ સર્વ, **संसारेत्ति** = 'સંસાર' આ પ્રમાણે, **पवुच्चइ** = કહેવાય છે, **मंदस्स** = મંદ વ્યક્તિ, **अवियाणओ** = અજ્ઞાની જ સંસારમાં ઉત્પન્ન થાય છે.

**णिज्झाइत्ता** = મનથી ચિંતન કરીને, **पडिलेहित्ता** = પર્યાવલોકન કરીને, **पत्तेयं** = અલગ અલગ, **परिणिव्वाणं** = સુખ, **सव्वेसिं पाणाणं** = સર્વ પ્રાણીઓને, **सव्वेसिं भूयाणं** = સર્વ ભૂતને, **सव्वेसिं जीवाणं** = સર્વ જીવોને, **सव्वेसिं सत्ताणं** = સર્વ સત્ત્વોને, **असायं** = અશાતા, **अपरिणिव्वाणं** = અપરિનિર્વાણ, **महब्भयं** = મહાન ભય, **दुक्खं** = દુઃખનો અનુભવ થાય છે,

**तसंति** = નાશની શંકાથી ડરતા રહે છે, ત્રાસ પામે છે, **पाणा** = સર્વ ત્રસ જીવો, **पदिसो दिसासु** = દિશાઓ અને વિદિશાઓમાં, **तत्थ तत्थ पुढो** = ત્યાં ભિન્ન–ભિન્ન પ્રયોજનો માટે, **आउरा** = આતુર, વિષયાસક્ત પ્રાણી, **परितावेंति** = આ જીવોની હિંસા કરે છે, **पास** = જુઓ, **संतिपाणा** = પ્રાણી છે, **पुढो** = ભિન્ન ભિન્ન સ્થાનોમાં, **सिया** = પૃથ્વી આદિને આશ્રિત છે.

**ભાવાર્થ :–** આ સર્વ ત્રસ જીવો છે, તે આ પ્રમાણે છે– અંડજ, પોતજ, જરાયુજ, રસજ, સંસ્વેદજ, સંમૂર્ચ્છિમ, ઉદ્‌ભિજ અને ઔપપાતિક. આ આઠ પ્રકારમાં સર્વ સંસારી ત્રસ જીવો સમાય જાય છે. આ જીવોનો સમુદાય જ સંસાર કહેવાય છે. આ સંસાર પરિભ્રમણ મંદ તથા અજ્ઞાની જીવોને હોય છે. તેમ ભગવાને કહ્યું છે.

હું ચિંતન કરીને, સારી રીતે જોઈને કહું છું કે પ્રત્યેક પ્રાણી સુખેચ્છુક હોય છે. સર્વ પ્રાણી, ભૂત, જીવ, સત્ત્વને અશાતા અને અશાંતિ મહાન ભયકારી તથા દુઃખદાયી છે. મનને હંમેશાં પીડા કરે છે તેથી સર્વ જીવો દુઃખને મહાભયરૂપ માને છે. આ સંસારના જીવો દિશા અને વિદિશાઓમાં ચારે તરફથી ભયાક્રાંત બની ત્રાસ પામે છે.

વિષય–સુખાભિલાષી, વ્યાકુળ માનવી અનેક સ્થાનો પર તે જીવોને દુઃખ આપતા રહે છે, તેને તું જો. ત્રસકાયિક પ્રાણીઓનું પૃથક્ પૃથક્ અસ્તિત્વ છે.

## વિવેચન :–

આ સૂત્રમાં ત્રસકાયિક જીવોના વિષયનું વર્ણન છે. આગમમાં સંસારી જીવોના બે ભેદ કહ્યા છે, સ્થાવર અને ત્રસ. દુઃખથી પોતાની રક્ષા કરે અને સુખનો સ્વાદ લેવા માટે હલન ચલન કરવાનું સામર્થ્ય જે જીવમાં હોય છે, તે ત્રસ જીવ છે. તેનાથી વિપરીત જે પ્રાયઃ સ્થિર રહે છે તથા પોતાની ઈચ્છાનુસાર એક સ્થાનેથી બીજા સ્થાને જે ન જઈ શકે તે સ્થાવર કહેવાય છે. તેને માત્ર એક સ્પર્શેન્દ્રિય જ હોય છે. ઉત્પત્તિ સ્થાનની અપેક્ષાએ ત્રસ જીવોના આઠ ભેદ કહ્યા છે, તે આ પ્રમાણે છે– ૧. અંડજ– ઈંડાથી જેનો જન્મ થાય છે તે મોર, કબૂતર, હંસ આદિ. ૨. પોતજ– પોત અર્થાત્ ચર્મરૂપ થેલી. પોતથી ઉત્પન્ન થનારા પોતજ કહેવાય છે, જેમ કે– હાથી, ચામાચીડિયા વગેરે. ૩. જરાયુજ– ગર્ભને જર વીંટળાયેલ હોય છે. તે જન્મ સમયે બાળકને ઢાંકી રાખે છે. તે જરાયુની સાથે જે ઉત્પન્ન થાય છે તેને જરાયુજ કહેવાય છે. જેમ કે ગાય, ભેંસ આદિ. ૪. રસજ– છાશ, દહીં આદિ રસ બગડી જાય ત્યારે તેમાં જે કીડા ઉત્પન્ન થાય તેને રસજ કહેવાય છે. ૫. સંસ્વેદજ– પસીનામાં ઉત્પન્ન થનારા જીવ, જેમ કે જૂ, લીખ આદિ ૬. સંમૂર્ચ્છિમ– બહારના વાતાવરણના સંયોગથી ઉત્પન્ન થનારા જીવો, જેમ કે માખી, મચ્છર, કીડી, ભમરા આદિ. ૭. ઉદ્‌ભિજ– ધરતીને ભેદીને નીકળનારા જીવો. જેમ કે તીડ, પતંગિયા વગેરે. ૮. ઔપપાતિક– ઉપપાતનો અર્થ છે આગમની દૃષ્ટિએ દેવશય્યામાં દેવ અને કુંભિમાં નારકી ઉત્પન્ન થઈ એક મુહૂર્તમાં સંપૂર્ણ યુવાન બની જાય છે, તેથી તેને ઔપપાતિક કહેવાય છે.

આ આઠ પ્રકારના જીવોમાં પ્રથમના ત્રણ **ગર્ભજ**, ચોથાથી સાતમા સુધીના **સંમૂર્ચ્છિમ** અને આઠમા દેવ, નારકી **ઔપપાતિક** જન્મવાળા હોય છે. આ રીતે જન્મની અપેક્ષાએ જીવના ત્રણ પ્રકાર છે. આ ત્રણ પ્રકારમાં સંસારના સર્વ જીવોનો સમાવેશ થઈ જાય છે. આ જીવોને સંસાર કહેવાનો અભિપ્રાય એ છે કે આઠ પ્રકારનો યોનિસંગ્રહ જ જીવોના જન્મ, મરણ તથા ગમનાગમનનું કેન્દ્ર છે તેથી તેને જ સંસાર સમજવો જોઈએ. (૧) મંદતા– વિવેક બુદ્ધિની અલ્પતા તથા (૨) અજ્ઞાન. આ બંને સંસાર પરિભ્રમણનાં–જન્મ મરણનાં મુખ્ય કારણ છે. વિવેક દૃષ્ટિ તેમજ જ્ઞાનનો વિકાસ થયા પછી માનવી સંસારથી મુક્તિને પ્રાપ્ત કરી શકે છે.

**परिणिव्वाणं** : પરિનિર્વાણ :– આ શબ્દ મોક્ષનો વાચક છે. નિર્વાણનો શબ્દાર્થ છે બુઝાઈ જવું. જેમ તેલ ખલાસ થઈ જતાં દીપક બૂઝાઈ જાય છે, તેમ રાગ દ્વેષનો ક્ષય થવાથી સંસારનો ક્ષય થાય છે અને આત્મા સર્વ દુઃખોથી મુક્ત બનીને અનંત સુખમય સ્વરૂપને પ્રાપ્ત કરે છે. અહીં 'પરિનિર્વાણ'નો આવો પ્રસિદ્ધ અર્થ ગ્રહણ કરાયો નથી પરંતુ સુખ, શાંતિરૂપ અર્થ ગ્રહણ કર્યો છે. કહ્યું છે કે પ્રત્યેક જીવ સુખ, શાંતિ અને અભયના અભિલાષી છે. અશાંતિ, ભય, વેદના તેના માટે મહાનભયકારી તેમજ દુઃખદાયી છે, તેથી કોઈ જીવની હિંસા કરવી નહીં.

પ્રાણી, ભૂત, જીવ, સત્ત્વ સામાન્યરૂપે જીવના જ વાચક છે. સમભિરૂઢનયની અપેક્ષાએ ભગવતી સૂત્ર શ. ૨. ઉ. ૧માં તેના અલગ અલગ અર્થ કહ્યા છે, તે આ પ્રમાણે છે– (૧) **પ્રાણ**– પ્રાણોથી યુક્ત હોય

તે બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય જીવો (૨) **ભૂત**– ત્રણે ય કાળમાં રહેવાના કારણે ભૂત છે. તે વનસ્પતિકાયના જીવો (૩) **જીવ**– આયુષ્યકર્મના કારણે જીવન ધારણ કરે તે જીવ. તે પંચેન્દ્રિય જીવો– નારકી, તિર્યંચ, મનુષ્ય, દેવ (૪) **સત્ત્વ**– અનેક પર્યાયોનું પરિવર્તન થવા છતાં આત્મદ્રવ્યની સત્તામાં કોઈ અંતર પડતું નથી તેથી સત્ત્વ છે, તે પૃથ્વી, પાણી, અગ્નિ અને વાયુકાયના જીવો છે. આ ચારે પરિભાષા સર્વ જીવોમાં લાગુ પડે છે છતાં તે શબ્દોનો પ્રયોગ વિશેષ અર્થયુક્ત છે માટે ટીકાકારશ્રી શીલાંગાચાર્યે કહ્યું છે કે–

प्राणाः द्वित्रिचतुः प्रोक्ता, भूतास्तु तरवः स्मृताः ।
जीवाः पंचेन्द्रियाः प्रोक्ताः, शेषाः सत्त्वा उदीरिताः ॥

### ત્રસકાય હિંસા પરિજ્ઞાન :–

**२ लज्जमाणा पुढो पास । अणगारा मो त्ति एगे पवयमाणा, जमिणं विरूव- रूवेहिं सत्थेहिं तसकायसमारंभेणं तसकायसत्थं समारंभमाणे अण्णे वि अणेगरूवे पाणे विहिंसइ ।**

**तत्थ खलु भगवया परिण्णा पवेइया– इमस्स चेव जीवियस्स, परिवंदण माणण पूयणाए, जाई मरण–मोयणाए, दुक्खपडिघायहेउं, से सयमेव तसकायसत्थं समारंभइ, अण्णेहिं वा तसकायसत्थं समारंभावेइ, अण्णे वा तसकायसत्थं समारंभमाणे समणुजाणइ । तं से अहियाए, तं से अबोहीए । से तं संबुज्झमाणे आयाणीयं समुट्ठाए ।**

**सोच्चा खलु भगवओ अणगाराणं वा अंतिए इहमेगेसिं णायं भवइ– एस खलु गंथे, एस खलु मोहे, एस खलु मारे, एस खलु णरए ।**

**इच्चत्थं गढिए लोए, जमिणं विरूवरूवेहिं सत्थेहिं तसकायसमारंभेणं तसकायसत्थं समारंभमाणे अण्णे वि अणेगरूवे पाणे विहिंसइ ।**

**ભાવાર્થ :–** સંયમી સાધક જીવ હિંસા કરતાં સંકોચનો અનુભવ કરે છે તેઓને તું ભિન્ન જાણ અને 'અમે ત્યાગી છીએ' એવું કહેતાં અનેક પ્રકારના શસ્ત્રોથી ત્રસકાયનો આરંભ કરનાર બીજા અનેક જીવોની પણ હિંસા કરે છે, તેને પણ તું ભિન્ન જાણ !

આ વિષયમાં ભગવાને પરિજ્ઞા–વિવેકનું કથન કર્યું છે. કોઈ માનવી આ જીવન માટે, પ્રશંસા, સન્માન, પૂજા માટે, જન્મ મરણથી મુક્ત થવા માટે, દુઃખને દૂર કરવા માટે ત્રસકાય જીવોની સ્વયં હિંસા કરે છે, બીજા પાસે હિંસા કરાવે છે તથા હિંસા કરનારની અનુમોદના પણ કરે છે. આ હિંસા તેના અહિત

અને અબોધિ માટે છે.

તે સંયમી હિંસાનાં દુષ્પરિણામને સારી રીતે સમજીને સંયમમાં લીન બની જાય છે. ભગવાન પાસેથી અથવા અણગારો પાસેથી સાંભળીને કોઈ મનુષ્યો જાણે છે કે આ હિંસા ગ્રંથી છે, મૃત્યુ છે, મોહ છે, નરક છે છતાં જે માનવી વર્તમાન સુખમાં આસક્ત થાય છે, તે અનેક પ્રકારના શસ્ત્રોથી ત્રસકાય જીવોનો આરંભ કરે છે, ત્રસકાયનો આરંભ કરતાં બીજા અનેક પ્રકારના જીવોની હિંસા કરે છે.

## પંચેન્દ્રિય જીવોની હિંસાના વિવિધ હેતુ :–

**૩ से बेमि– अप्पेगे अच्चाए वहंति, अप्पेगे अजिणाए वहंति, अप्पेगे मंसाए वहंति, अप्पेगे सोणियाए वहंति, अप्पेगे हिययाए वहंति एवं पित्ताए वसाए पिच्छाए पुच्छाए वालाए सिंगाए विसाणाए दंताए दाढाए णहाए ण्हारुणीए अट्ठिए अट्ठिमिंजाए अट्ठाए अणट्ठाए ।**

**अप्पेगे हिंसिंसु मे त्ति वा वहंति, अप्पेगे हिंसंति मेत्ति वा वहंति, अप्पेगे हिंसिस्संति मे त्ति वा वहंति ।**

**શબ્દાર્થ :– अप्पेगे** = કેટલાક જીવ, કોઈ, **अच्चाए** = પ્રાણીઓના શરીરનો ભોગ દેવા માટે, **वहंति** = વધ કરે છે, **अजिणाए** = ચર્મ–ચામડા માટે, **मंसाए** = માંસ માટે, **सोणियाए** = લોહી માટે, **हिययाए** = હૃદય માટે, **एवं** = આ પ્રમાણે, **पित्ताए** = પિત્ત માટે, **वसाए** = ચરબી માટે, **पिच्छाए** = પાંખ – પીંછા માટે, **पुच्छाए** = પૂંછ માટે, **बालाए** = વાળ માટે, **सिंगाए** = શીંગડા માટે, **विसाणाए** = અંધકાર વિનાશક દાંત વિશેષ માટે, **दंताए** = દાંત માટે, **दाढाए** = દાઢ માટે, **णहाए** = નખ માટે, **ण्हारुणीए** = સ્નાયુ માટે, **अट्ठिए** = હાડકાં માટે, **अट्ठिमिंजाए** = હાડકાની મજ્જા માટે, **अट्ठाए** = પ્રયોજનથી, **अणट्ठाए** = પ્રયોજન વિના, **मे** = મારા સ્વજન, પરિજનને, **हिंसिंसु** = માર્યા હતા, **त्ति** = આવા દ્વેષના કારણે, **हिंसंति** = મારે છે, **हिंसिस्संति** = મારશે.

**ભાવાર્થ :–** તે હું કહું છું (ભગવાને કહ્યું છે કે)– કેટલાક મનુષ્યો દેવતાની પૂજા માટે કે મંત્રની સાધના માટે જીવહિંસા કરે છે. કોઈ ચામડા, માંસ, લોહી, હૃદય, પિત્ત, ચરબી, પીંછા, કેશ, પૂંછ, શીંગડા, વિષાણ, દાંત, દાઢ, નખ, સ્નાયુ, હાડકાં અને અસ્થિમજ્જા માટે પ્રાણીઓની હિંસા કરે છે. કોઈ વ્યક્તિ પ્રયોજનવશ અને કોઈ પ્રયોજન વિના–નિરર્થક જીવોની હિંસા કરે છે.

કેટલાક મનુષ્યો 'તેઓએ મારા સ્વજનાદિની હિંસા કરી છે' તેવી પ્રતિશોધની ભાવનાથી હિંસા કરે છે. મારા સ્નેહીજનોની હિંસા કરે છે તેવા પ્રતિકારની ભાવનાથી પણ કેટલાક મનુષ્યો હિંસા કરે છે અને મારા સ્નેહીજનોને કે મને મારશે તે પ્રકારના આતંકના ભયથી કેટલાક હિંસા કરે છે.

## વિવેચન :–

શાસ્ત્રમાં ત્રસ પ્રાણીઓને મારવા માટે જે પ્રયોજનો કહ્યા છે તેને વ્યાખ્યાકારોએ પશુ, પક્ષીઓ સાથે સંબંધ જોડીને સ્પષ્ટીકરણ કર્યું છે તેનું સંકલન આ પ્રમાણે છે– **अच्चाए**– અર્ચાના બે અર્થ થાય છે પૂજા અને શરીર. (૧) પૂજા– દેવી દેવતાને પ્રસન્ન કરવા માટે (૨) શરીર– વિદ્યા કે મંત્રની સાધના માટે બત્રીસ લક્ષણોથી યુક્ત પુરુષ કે પશુની હિંસા કરવામાં આવે. તાત્પર્ય એ છે કે બલિ માટે અનેક જીવોનો ભોગ ધરવામાં આવે છે, તે પૂજાર્થ છે અને સુવર્ણ પુરુષને બનાવવા માટે જે વધ કરવામાં આવે તે શરીરાર્થ છે. વર્તમાનમાં શરીર શણગારની અનેક વસ્તુઓ માટે પણ અનેક જીવોની હિંસા થાય છે, જેમ કે લીપ્સ્ટીકાદિ. તે શરીરના અવયવોના અર્થે હિંસા કહેવાય છે.

**अजिणाए :–** ચર્મ માટે અનેક પ્રાણીઓનો વધ કરાય છે. મૃગચર્મ, સિંહચર્મ અને વ્યાઘ્રચર્મ આદિનો કોઈ સંન્યાસીઓ પણ ઉપયોગ કરે છે. આજ કાલ ચામડાના બૂટ, હેંડબેગ, ઘડિયાળ, કમ્મરના પટ્ટા આદિ માટે અનેક ગાયો, ગાયના વાછરડા તેમજ ભેંસ આદિને મારવામાં આવે છે. **मंसाए सोणियाए**– માંસ અને લોહી માટે બકરા, મૃગ, બોકડા, સૂવર આદિને મારવામાં આવે છે. **हिययाए**– હૃદય માટે વાંદરાદિ પ્રાણીનો વધ કરવામાં આવે છે. **पित्ताए–पिच्छाए**– પિત્ત તેમજ પીંછા માટે મોર, કલગીવાળા કુકડા તથા ગીધ આદિને મારવામાં આવે છે. **वसाए**– ચરબી માટે વાઘ, મગરમચ્છ, ભેંસ, સૂવર, માછલી વગેરે. **पुच्छाए**–પૂંછ માટે અર્થાત્ સુંવાળા રેશમ જેવા વાળ માટે ચમરીગાય કે રોઝ આદિને.

**बालाए :–** વાળ માટે ડુક્કર, ચમરીગાય. **सिंगाए**– શિંગડા માટે શૃંગવાળા પશુઓને, જેમ કે મૃગ, રુરુમૃગ આદિ. **विसाणाए**– આ શબ્દના બે પ્રકારે અર્થ છે– (૧) શિંગડામાં પ્રતિશિંગડા (૨) ચમકતા દાંત. પહેલા અર્થમાં બારશિંગા–હરણ વિશેષ વગેરે છે અને બીજા અર્થમાં સૂવરના દાંતને કહેલ છે. વિષાણ શબ્દનો પ્રયોગ બૃહત્કલ્પસૂત્રમાં થયો છે. ત્યાં નાના નાના શિંગડા જેવા આકારવાળા વિષાણ યુક્ત પાટ પાટલાનું પ્રકરણ છે. **दंताए**– દાંતને માટે હાથી આદિનો. **दाढाए**– દાઢ માટે ડુક્કર, વરાહાદિનો. **णहाए**– નખો માટે નહોરવાળા વાઘાદિ પશુઓને મારવામાં આવે. **ण्हारूणीए**– સ્નાયુ માટે ગાય, ભેંસ આદિને. **अट्ठिए**– અસ્થિ માટે શંખ, છીપ આદિનો. **अट्ठिमज्जाए**– અસ્થિ મજ્જા માટે સૂવર, ભેંસ આદિનો વધ કરે છે.

કેટલાક મનુષ્યો લોકો પ્રયોજનવશ પશુ, પક્ષીઓની હિંસા કરે છે અને કેટલાક નિષ્પ્રયોજન, કુતૂહલતા કે મનોરંજન માટે અનેક જીવોની હિંસા કરે છે, શિકાર કરે છે. કૂતરા કે ઊંટાદિના પૂંછ સાથે ફટાકડાના ડબ્બા આદિ બાંધી તેને દોડાવવામાં આવે તેમજ ક્ષુદ્ર જીવોને પાણીમાં ધક્કો મારી પરેશાન કરવામાં આવે છે. આ પ્રકારની મનોરંજનની ક્રિયાઓ અનર્થક હિંસાનું કારણ છે.

## ત્રસકાય હિંસા ત્યાગ :–

**૪ एत्थ सत्थं समारंभमाणस्स इच्चेते आरंभा अपरिण्णाया भवंति । एत्थ सत्थं असमारंभमाणस्स इच्चेते आरंभा परिण्णाया भवंति ।**

**तं परिण्णाय मेहावी णेव सयं तसकायसत्थं समारंभेज्जा, णेवऽण्णेहिं तसकायसत्थं समारंभावेज्जा, णेवऽण्णे तसकायसत्थं समारंभंते समणुजाणेज्जा ।**

**जस्सेते तसकायसत्थसमारंभा परिण्णाया भवंति । से हु मुणी परिण्णायकम्मे । त्ति बेमि ।**

**॥ छट्ठो उद्देसो समत्तो ॥**

**ભાવાર્થ :–** જે ત્રસકાય જીવોની હિંસા કરે છે તે આરંભનાં દુષ્પરિણામોથી અજ્ઞાત છે. જે ત્રસકાય જીવોની હિંસા કરતા નથી તે આરંભને જાણનાર છે અને આરંભથી દૂર રહે છે.

આ જાણીને બુદ્ધિમાન મનુષ્ય ત્રસકાયનો આરંભ પોતે કરે નહિ, બીજા પાસે આરંભ કરાવે નહિ અને આરંભ કરનારની અનુમોદના પણ કરે નહિ.

જેણે ત્રસકાય સંબંધી સમારંભ, હિંસાનાં કારણો, દુષ્પરિણામોને જાણી લીધા છે અને તેની હિંસાનો ત્યાગ કરી દીધો છે, તે પરિજ્ઞાતકર્મા (હિંસા ત્યાગી) મુનિ છે.

**॥ છઠ્ઠો ઉદ્દેશક સમાપ્ત ॥**

**વિવેચન :–**

આ ઉદ્દેશકમાં હાલતા ચાલતા ત્રસ પ્રાણીઓના વિવિધ પ્રકાર અને તે જીવોનું દુઃખી જીવન બતાવ્યું છે. સંસારના સ્વાર્થી જીવો પોતાના વિવિધ સ્વાર્થ માટે પ્રાણીઓનો ઘાત કરીને સંસારની વૃદ્ધિ કરે છે. હિંસાનું આ વિસ્તૃત સ્વરૂપ સમજી, હૃદયમાં ઉતારી, ત્રસકાયની વિવિધ હિંસા કે અવિવેકનો ત્યાગ કરનાર મુનિ જ સાચો જ્ઞાની કે સફળ સાધક કહેવાય છે.

**॥ અધ્યયન–૧/૬ સંપૂર્ણ ॥**

## પહેલું અધ્યયન : સાતમો ઉદ્દેશક

**વાયુકાયની સજીવતા :–**

**१** **पहू एजस्स दुगुंछणाए । आयंकदंसी अहियं ति णच्चा । जे अज्झत्थं जाणइ से बहिया जाणइ, जे बहिया जाणइ से अज्झत्थं जाणइ । एयं तुलमण्णेसिं। इह संतिगया दविया णावकंखंति जीविउं ।**

**શબ્દાર્થ :–** **पहू** = સમર્થ હોય છે, **एजस्स** = વાયુકાયના, **दुगुंछणाए** = આરંભથી નિવૃત્ત થવામાં, **आयंकदंसी** = કર્મોનાં ફળને જાણનાર, વાયુકાયના આરંભથી થતા દુઃખોને જોનાર તેમજ જાણનાર, **अहियं ति** = આરંભને અહિતકારી, **णच्चा** = જાણીને તેઓ ત્યાગ કરી દે છે, **जे अज्झत्थं** = જે પોતાના સુખ દુઃખને, **जाणइ** = જાણે છે, **से** = તે, **बहिया** = બહારના અર્થાત્ બીજા જીવોના સુખ દુઃખને પણ, **जाणइ** = જાણે છે, **एयं** = આ પ્રમાણે, **अण्णेसिं** = બીજા જીવોને પણ, **तुलं** = પોતાના સમાન જ જોવા જોઈએ, **इह** = આ શાસનમાં, **संतिगया** = શાંતિને પ્રાપ્ત, **दविया** = દ્રવિક અર્થાત્ સંયમી મુનિ, **जीविउं** = જીવનની (અસંયમી જીવનની), **णावकंखंति** = ઈચ્છા કરે નહિ.

**ભાવાર્થ :–** જે શારીરિક માનસિક પીડાઓને, કર્મ પરિણામને સારી રીતે પણ જાણે છે અને આરંભને અહિતકર સમજે છે તે વાયુકાયની હિંસાથી નિવૃત્ત થવામાં સમર્થ છે.

જે પોતાનાં સુખ દુઃખાદિને જાણે છે તે બીજાનાં સુખ દુઃખાદિને પણ જાણે છે. જે બીજાનાં સુખ દુઃખાદિને જાણે છે તે જ પોતાનાં સુખ દુઃખાદિને જાણે છે તેથી પોતાને અને બીજાને પરસ્પર સમાન જાણવા જોઈએ.

આ રીતે સમજીને જિનશાસનમાં જે શાંતિને પામ્યા છે (જેના કષાય ઉપશાંત થઈ ગયા છે) અને દયાથી જેનું હૃદય પ્લાવિત છે, તે મુનિ છે. તે જીવહિંસા કરીને જીવવાની ઈચ્છા રાખતા નથી.

## વિવેચન :–

આ સૂત્રમાં વાયુકાયના જીવોની હિંસાથી નિવૃત્ત થવાનું વર્ણન કર્યું છે. **एज** નો અર્થ વાયુ છે. વાયુકાયની હિંસાથી નિવૃત્ત થવા **दुगुंछणाए**– અહીં જુગુપ્સા શબ્દનો પ્રયોગ નવીન અર્થમાં છે. ઘણું કરીને આગમમાં **दुगंछा** શબ્દ ગર્હા, ગ્લાનિ, લોકનિંદા, પ્રવચન હીલના તેમજ સાધ્વાચારની નિંદાના અર્થમાં આવે છે પરંતુ અહીં 'નિવૃત્તિ–ત્યાગ' અર્થનો બોધ કરાવે છે. હિંસા નિવૃત્તિના મુખ્ય ત્રણ કારણો કહ્યાં છે–

**(૧) आयंकदंसी (आतंकदर्शी) :–** હિંસાથી થતાં કષ્ટ, ભય તેમજ પરલોક સંબંધી દુઃખ આદિને આગમવાણી તથા આત્મ અનુભવથી જોવા. કર્મજનિત દુઃખોને સારી રીતે સમજેલા, અનુભવેલા જ્ઞાનીને આતંકદર્શી કહે છે.

**(૨) अहियं ति णच्चा :–** હિંસાથી આત્માનું અહિત થાય છે તેમજ જ્ઞાન, દર્શન, ચારિત્રાદિની પ્રાપ્તિ દુર્લભ થાય છે, તેમ જાણવું અને સમજવું.

**(૩) एयं तुलमण्णेसिं :–** પોતાનાં સુખ દુઃખ અને લાગણીની સાથે બીજા જીવોની તુલના કરવી, જેમકે મને સુખ પ્રિય છે, દુઃખ અપ્રિય છે, તેવી જ રીતે બીજા જીવોને પણ સુખ પ્રિય અને દુઃખ અપ્રિય છે. સર્વનું ચૈતન્ય સમાન છે. કર્મોની અસર પણ ઓછાવત્તા પ્રમાણમાં સર્વ જીવોને સરખી રીતે થતી હોય છે. આવું વિચારનાર કદી બીજાના ભોગે પોતાના સુખને ઈચ્છતા નથી.

અહિંસાનું પાલન, આંધળુ અનુકરણ કે માત્ર પારંપરિક ન હોવું જોઈએ, પરંતુ જ્ઞાન અને કરુણા

પૂર્વક હોવું જોઈએ. જીવ માત્રને પોતાના આત્મા સમાન સમજવા બીજાનું દુઃખ તે પોતાનું જ દુઃખ છે તેમ સમજનાર, હિંસા કરતા અટકી જાય છે. બીજાની હિંસાથી તે જીવોને જ દુઃખ થાય છે, તેમ નહિ પરંતુ પોતાને પણ કષ્ટ, ભય, ઉપદ્રવ થાય છે અને જ્ઞાનાદિની હીનતા થાય છે તેમજ પોતાનું અકલ્યાણ થાય છે. આ રીતનું આત્મચિંતન, આત્મમંથન કરી અહિંસાની ભાવનાને પુષ્ટ કરવાની મુખ્ય વાત છે.

**जे अज्झत्थं जाणइ :–** જે અધ્યાત્મને જાણે છે તે બાહ્યને જાણે છે. તેનું ચિંતન અનેક દષ્ટિકોણથી કરી શકાય છે.

(૧) અધ્યાત્મ એટલે ચેતન–આત્મસ્વરૂપ. ચેતનના સ્વરૂપનો બોધ થઈ ગયા પછી તેના પ્રતિપક્ષી એવા 'જડ' ના સ્વરૂપનો બોધ સ્વયં જ થઈ જાય છે. જેમ ધર્મને જાણનાર અધર્મને, પુણ્યને જાણનાર પાપને, પ્રકાશને જાણનાર અંધકારને જાણી લે છે. (૨) અધ્યાત્મનો બીજો અર્થ છે– આંતરિક જગત એટલે જીવની મૂળવૃત્તિઓ–સુખની ઈચ્છા, જીવવાની ભાવના, શાંતિની અભિલાષા વગેરે. પોતાની આ વૃત્તિઓને જાણી લેવી અર્થાત્ પોતાના સમાન જ બીજા જીવો સુખના કે શાંતિના ઈચ્છુક છે તેમ જાણી લેવું, તે અધ્યાત્મ છે. તેનાથી આત્મસમાનતાની ધારણા પુષ્ટ થાય છે.

**संतिगया :–** (શાંતિગત)જેના વિષય, કષાયાદિ શાંત થઈ ગયા છે. જેનો આત્મા પરમ પ્રસન્નતાનો અનુભવ કરે છે. અથવા **संतेगइया** એટલે જિનશાસનમાં ઉપસ્થિત કોઈ સાધક, એ અર્થ પણ થાય છે.

**दविया :–** દ્રવ્યનો અર્થ છે દ્રવવું–મળવું અથવા પ્રવાહી પદાર્થ. અધ્યાત્મશાસ્ત્રમાં દ્રવનો અર્થ છે હૃદયની સરળતા, દયાળુતા અને સંયમ તેથી 'દ્રવિક'નો અર્થ ટીકાકારે કરુણાશીલ સંયમી પુરુષ કર્યો છે. બીજાના દુઃખથી દ્રવીભૂત થવું તે સજ્જનોનું લક્ષણ છે. કર્મોની કઠોરતાને પીગાળનાર 'દ્રવિક' કહેવાય છે. સંયમધનથી ધનવાનને પણ દવિએ–દ્રવિક કહેવામાં આવે છે.

**जीविउं :–** કોઈ પ્રતમાં **वीजिउं** પાઠ પણ છે. વાયુકાયની હિંસાનું વર્ણન હોવાથી તેનો અર્થ–તે સંયમી વીંજણ(હવા ખાવા)ની ઈચ્છા કરે નહિ, તે યથા સંગત છે. ચૂર્ણિકારે પણ કહ્યું છે કે– મુનિ તાડપત્રાદિ બાહ્ય વસ્તુઓથી વીંજવું–હવા ખાવાનું ઈચ્છતા નથી. ચૂર્ણિમાં **जीवितुं** પાઠાંતર પણ છે. પ્રસ્તુતમાં जीविउंનો અર્થ અસંયમી જીવન કરવામાં આવેલ છે.

## વાયુકાયિક જીવોની હિંસાનું પરિજ્ઞાન :–

**२ लज्जमाणा पुढो पास । अणगारा मो त्ति एगे पवयमाणा जमिणं विरूवरूवेहिं सत्थेहिं वाउकम्मसमारंभेणं वाउसत्थं समारंभमाणे अण्णे वि अणेगरूवे पाणे विहिंसइ ।**

**तत्थ खलु भगवया परिण्णा पवेइया– इमस्स चेव जीवियस्स, परिवंदण, माणण पूयणाए, जाई–मरण मोयणाए, दुक्खपडिघायहेउं,**

**से सयमेव वाउसत्थं समारंभइ, अण्णेहिं वा वाउसत्थं समारंभावेइ, अण्णे वा वाउसत्थं समारंभंते समणुजाणइ । तं से अहियाए, तं से अबोहीए । से तं संबुज्झमाणे आयाणीयं समुट्ठाए ।**

**सोच्चा खलु भगवओ अणगाराणं वा अंतिए इहमेगेसिं णायं भवइ– एस खलु गंथे, एस खलु मोहे, एस खलु मारे, एस खलु णरए ।**

**इच्चत्थं गढिए लोए । जमिणं विरूवरूवेहिं सत्थेहिं वाउकम्मसमारंभेणं वाउसत्थं समारंभमाणे अण्णे वि अणेगरूवे पाणे विहिंसइ ।**

**ભાવાર્થ :–** હિંસામાં સંકોચનો અનુભવ કરતાં સંયમી સાધકોને ભિન્ન જાણ અને 'અમે અણગાર છીએ', સાધુ છીએ એમ કહેતા સાધુઓ અનેક પ્રકારનાં શસ્ત્રો વડે વાયુકાયનો આરંભ કરે છે, વાયુકાયનો આરંભ કરતાં તેઓ અન્ય અનેક જીવોની હિંસા કરે છે, તેને તું ભિન્ન જાણ.

વાયુકાયના વિષયમાં ભગવાને પરિજ્ઞા–વિવેકનું કથન કર્યું છે. કોઈ મનુષ્ય આ જીવન માટે, પ્રશંસા, સન્માન, પૂજા માટે, જન્મ મરણથી મુક્ત થવા માટે, દુઃખ દૂર કરવા વાયુકાયનો આરંભ કરે છે, બીજા પાસે વાયુકાયનો આરંભ કરાવે છે, વાયુકાયનો આરંભ કરનારની અનુમોદના કરે છે. આ હિંસા તેના અહિત અને અબોધિ માટે છે. હિંસાના જે પરિણામો કહ્યાં તેને સારી રીતે સમજીને કોઈ સંયમમાં ઉપસ્થિત થાય છે.

ભગવાનની પાસે અથવા અણગાર એવા શ્રમણોની પાસેથી સાંભળીને તેઓએ એ જાણ્યું છે કે આ હિંસા ગ્રંથી છે, મોહ છે, મૃત્યુ છે, નરક છે.

તોપણ કોઈ મનુષ્ય વર્તમાન જીવનમાં આસક્ત થઈને વિવિધ પ્રકારનાં શસ્ત્રોથી વાયુકાયની હિંસા કરે છે. તે વાયુકાયની હિંસા કરતાં અન્ય અનેક પ્રકારના જીવોની હિંસા કરે છે.

## વાયુકાયની વિરાધના સાથે બીજી વિરાધના :–

**३ से बेमि– संति संपाइमा पाणा आहच्च संपयंति । फरिसं च खलु पुट्ठा एगे संघायमावज्जंति । जे तत्थ संघायमावज्जंति ते तत्थ परियावज्जंति । जे तत्थ परियावज्जंति ते तत्थ उद्दायंति ।**

**શબ્દાર્થ :– संति** = છે, **संपाइमा** = ઊડનારા, **पाणा** = ઘણા જીવો, **आहच्च** = ક્યારેક વાયુના આઘાતથી, **संपयंति** = પડે છે, **फरिसं** = વાયુના સ્પર્શને, **पुट्ठा** = પ્રાપ્ત કરીને, **एगे**= તે જીવો, **संघायमावज्जंति** = ઘાયલ થાય છે, **जे तत्थ** = જે ત્યાં, **ते तत्थ** = તે ત્યાં, **परियावज्जंति** = મૂર્ચ્છિત થઈ જાય છે, **उद्दायंति** = મૃત્યુ પામે છે.

**ભાવાર્થ :–** સંપાતિમ–હવામાં ઊડનારા નાના જીવો વાયુથી આઘાત પામીને નીચે પડી જાય છે. વાયુના સ્પર્શથી તે જીવો સંકોચાઈ જાય છે, સંકોચાઈને મૂર્ચ્છિત થઈ જાય છે અને મૂર્ચ્છિત થઈને પામે છે ત્યારે મરી પણ જાય છે.

### વાયુકાય હિંસાત્યાગ :–

**૪** **एत्थ सत्थं समारंभमाणस्स इच्चेते आरंभा अपरिण्णाया भवंति । एत्थ सत्थं असमारंभमाणस्स इच्चेते आरंभा परिण्णाया भवंति ।**

**तं परिण्णाय मेहावी णेव सयं वाउसत्थं समारंभेज्जा, णेवऽण्णेहिं वाउसत्थं समारंभावेज्जा, णेवऽण्णे वाउसत्थं समारंभंते समणुजाणेज्जा ।**

**जस्सेते वाउसत्थसमारंभा परिण्णाया भवंति, से हु मुणी परिण्णायकम्मे । त्ति बेमि ।**

**ભાવાર્થ :–** જે વાયુકાયના જીવોનો આરંભ કરે છે, તે વાસ્તવિક રીતે આ આરંભથી અજ્ઞાત છે. જે વાયુકાયના જીવો પર શસ્ત્રનો આરંભ કરતા નથી તેણે વાસ્તવમાં આરંભને જાણી લીધો છે.

આ વાતને જાણીને બુદ્ધિમાન વ્યક્તિ વાયુકાયનો આરંભ પોતે કરે નહિ, બીજા પાસે કરાવે નહિ, વાયુકાયનો આરંભ કરનારની અનુમોદના કરે નહિ.

જેણે વાયુકાયના આરંભને અને તેના પરિણામને જાણેલ છે તે મુનિ પરિજ્ઞાતકર્મા (હિંસાના ત્યાગી) છે, તેમ ભગવાને કહ્યું છે.

### વિવેચન :–

આ સૂત્રોમાં વાયુકાયની હિંસાનો નિષેધ કર્યો છે. વાયુને સજીવ માનવો અને તેની હિંસાથી બચવું, તે નિર્ગ્રંથદર્શનની મૌલિકતા છે.

સામાન્ય રીતે પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ અને ત્રસ આ ક્રમ હોય છે પરંતુ અહીં ક્રમનો ભંગ કરીને વાયુકાયનું વર્ણન છેલ્લે કર્યું છે. તેનું કારણ ટીકાકાર આપે છે કે– છકાયમાં વાયુકાયનાં શરીર આપણા ચર્મચક્ષુથી જોઈ શકાતા નથી, બીજા પાંચે કાયના શરીરો આંખથી જોઈ શકાય છે. પાંચની અપેક્ષાએ વાયુકાયનો વિષય સમજવો કઠિન છે તેથી પાંચેયનું વર્ણન પહેલાં કરી છેલ્લે વાયુકાયનું વર્ણન કર્યું છે.

### વિરતિનો બોધ :–

**૫** **एत्थं पि जाण उवादीयमाणा, जे आयारे ण रमंति, आरंभमाणा**

**विणयं वयंति, छंदोवणीया अज्झोववण्णा आरंभसत्ता पकरेंत्ति संगं ।**

**से वसुमं सव्वसमण्णागयपण्णाणेणं अप्पाणेणं अकरणिज्जं पावं कम्मं तं णो अण्णेसिं ।**

**શબ્દાર્થ :–** **एत्थं पि जाण** = આ વિષયમાં પણ એમ જાણો, આરંભ ત્યાગ કરનાર મુનિના વિષયમાં એ પણ જાણો કે, **उवादीयमाणा** = સંયમ ગ્રહણ કરીને પણ, **आयारे** = આચારમાં, સંયમભાવમાં, **ण रमंति** = રમણ કરતા નથી, **आरंभमाणा** = છકાય જીવોનો આરંભ કરતાં, **विणयं** = તે પોતાને સંયમી, **वयंति** = કહે છે, **छंदोवणीया** = તેઓ પોતાની ઈચ્છાનુસાર આચરણ કરે છે, **अज्झोववण्णा** = વિષયોમાં આસક્ત રહે છે, **आरंभसत्ता** = તેઓ આરંભમાં આસક્ત થઈને, **संगं पकरेंति** = સાવદ્ય અનુષ્ઠાન કરે છે, કર્મસંગ્રહ કરે છે.

**से** = તે, **वसुमं** = સમ્યક્ત્વાદિ ભાવ ધનથી યુક્ત છે, **सव्वसमण्णागयपण्णाणेणं अप्पाणेणं** = વસ્તુના યથાર્થ સ્વરૂપને જાણીને પોતાના આત્મા દ્વારા, **अकरणिज्जं** = નહિ કરવા યોગ્ય સમજે, **पावं कम्मं** = પાપકર્મ, **तं** = આ વિષયની, **णो अण्णेसिं** = ચાહના કરે નહિ.

**ભાવાર્થ :–** તમો અહીં એ પણ જાણો કે જે સંયમનો સ્વીકાર કરીને આચારમાં, સંયમની વિધિમાં તલ્લીન થતા નથી, આરંભ કરવા છતાં પોતાને સંયમી કહેવડાવે છે અથવા બીજાને વિનય–સંયમનો ઉપદેશ આપે છે, તેઓ સ્વચ્છંદાચારી તેમજ વિષયોમાં આસક્ત અને આરંભમાં આસક્ત રહેતાં ફરી ફરી કર્મને બાંધે છે.

વસુમાન (જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ ધનથી યુક્ત) સંયમવાન સાધક સર્વ પ્રકારના વિષયો પર જ્ઞાનપૂર્વક વિચાર કરે છે, હૃદયથી પાપકર્મને અકરણીય જાણે છે તથા મનથી પણ તેને ઈચ્છતા નથી.

### છજીવનિકાય હિંસાત્યાગ :–

**૬ तं परिण्णाय मेहावी णेव सयं छज्जीवणिकायसत्थं समारंभेज्जा, णेवऽण्णेहिं छज्जीवणिकायसत्थं समारंभावेज्जा, णेवऽण्णे छज्जीवणिकायसत्थं समारंभंते समणुजाणेज्जा । जस्सेते छज्जीवणिका–यसत्थसमारंभा परिण्णाया भवंति, से हु मुणी परिण्णायकम्मे ॥ त्ति बेमि ।**

**॥ सत्तमो उद्देसो समत्तो ॥ पढमं अज्झयणं समत्तं ॥**

**ભાવાર્થ :–** આ જાણીને બુદ્ધિમાન સાધક છકાય જીવનો આરંભ પોતે કરે નહિ, બીજા પાસે આરંભ કરાવે નહિ, આરંભ કરનારની અનુમોદના કરે નહિ. જેણે છકાય જીવના શસ્ત્રપ્રયોગ(હિંસા)ને સારી રીતે સમજી લીધેલ છે, તેનો ત્યાગ કરી દીધો છે તે પરિજ્ઞાતકર્મા મુનિ કહેવાય છે – એમ ભગવાને કહ્યું છે.

**॥ સાતમો ઉદ્દેશક સમાપ્ત ॥ પ્રથમ અધ્યયન સમાપ્ત ॥**

## વિવેચન :–

આ અંતિમ ઉદ્દેશકમાં વાયુકાયની હિંસાનો નિષેધ અને અહિંસાનું પ્રતિપાદન છે. ચક્ષુગ્રાહ્ય નહિ હોવાના કારણે તેની હિંસાનો ત્યાગ સમર્થ વ્યક્તિ જ કરી શકે એમ સૂચવીને, આત્મ સાદશ્યતાનો નિર્દેશ કર્યો છે. આ રીતે વાયુકાય જીવના અસ્તિત્વની શ્રદ્ધાનું મહત્ત્વ દર્શાવેલ છે. અંતે વાયુકાયની હિંસાના ત્યાગીને સમ્યગ્જ્ઞાની કહ્યા છે. વાયુકાયના વર્ણન પછી સમસ્ત છકાય જીવોની હિંસાના ત્યાગનો સંદેશ આપ્યો છે.

## સાતમો ઉદ્દેશક સંપૂર્ણ

**અધ્યયન ઉપસંહાર :–** આમ આ સંપૂર્ણ અધ્યયનમાં છકાયના જીવોનું અસ્તિત્વ, કર્મબંધન અને મુક્તિના કારણો બતાવી જીવન વિકાસ માટે વિચાર, વિવેક અને સંયમનુ વર્ણન કરી, ભાવહિંસાથી છૂટવાનો સરળ ઉપાય કહ્યો છે. અહિંસા સંયમથી સાધ્ય છે. દ્રવ્ય અને ભાવથી અહિંસક બની પ્રાણીમાત્રને આત્મ સમાન ગણી વિવેકથી આગળ વધવાનું છે. ભગવાન મહાવીરે સૂક્ષ્મથી લઈને સ્થૂલ સુધીના સર્વ જીવો (છકાય જીવો) સાથે મૈત્રીનો સંદેશો આ અધ્યયનમાં પ્રરૂપ્યો છે.

**॥ અધ્યયન–૧/૭ સંપૂર્ણ ॥**

# વારંવાર આવનારા શબ્દાર્થ

**अहं** = હું
**अप्पा, आया** = આત્મા
**अत्थि** = છે
**अहे, अहो** = નીચે, નીચી
**अणगार** = મુનિ, સાધુ
**अण्णेसिं** = બીજાને, બીજા પાસેથી
**अविसमेच्चा** = સમજીને
**अप्पणो** = પોતાના
**अप्पा, अप्पाणं** = આત્મા, આત્માને, પોતાને
**अहो य राओ** = રાત–દિન
**असायं** = અસાતા, દુઃખરૂપ
**अण्णं, अण्णेहिं** = અન્ય, બીજા પાસે
**आणाए** = આજ્ઞાથી
**इमे** = આ
**इह** = આ સંસારમાં, આ જિન શાસનમાં
**उड्ढं** = ઊર્ધ્વ, ઉપર
**एते** = આ
**एस, एयं** = આ
**एवं** = આ પ્રકારે, આ પ્રમાણે
**एगे** = કોઈ, કોઈ એક, કેટલાક
**एगो** = એકલો
**एगया** = કોઈવાર, ક્યારેક
**ओए** = રાગદ્વેષ રહિત, એકલા
**कम्मसमारंभ** = સાવદ્યકાર્ય, હિંસાનાં કારણો
**खलु** = નિશ્ચયથી
**खणं** = અવસર
**गढिए** = અત્યંત આસક્ત
**च, चेव** = અને, તથા
**चइत्ता, चिच्चा** = ત્યાગ કરીને, છોડીને
**जाणइ** = જાણે છે
**जे** = જે પુરુષ, તે, જે, જેઓ
**जस्स** = જેણે
**जहित्ता** = છોડીને, ત્યાગ કરીને
**जीवा** = જીવ, પ્રાણી, પંચેન્દ્રિય
**जं** = જે, જેને, જો, કે
**जाई–मरण** = જન્મ મરણ
**जाणित्तु** = જાણીને
**जाण** = જાણો
**णत्थि, णेव, णो** = નહીં
**णच्चा** = જાણીને
**णिसम्म, णिसामिया** = હૃદયમાં ધારણ કરી, વિચાર કરી, સમજીને
**ते** = તેઓ, તે
**त्ति बेमि** = એમ હું કહું છું, એમ ભગવાને કહ્યું છે. વિષય સમાપ્તિ સૂચક શબ્દ છે
**तत्थ** = ત્યાં, આ વિષયમાં, તેમાં
**तं** = તેને
**त्ति** = આ પ્રમાણે
**तं जहा** = તે આ પ્રકારે છે, જેમ કે
**तम्हा** = માટે, તેથી
**तएणं, तओ** = ત્યારે, તે પછી
**दिसाओ** = દિશા
**दुक्खं** = દુઃખ, દુઃખરૂપ
**धीरा, धीरे** = ધીરપુરુષ
**पंडिए** = પંડિત
**पावकम्मं** = પાપકર્મ
**परिण्णा** = સાચું જ્ઞાન
**पास, पासह** = જુઓ
**पाणा** = પ્રાણી, જીવો, દ્વિન્દ્રિયાદિ
**परिण्णाय** = જાણીને
**पमत्ते** = પ્રમાદી, પ્રમત્ત
**पत्तेयं** = પ્રત્યેક, દરેકના
**पुणो पुणो** = વારંવાર
**फासे** = કષ્ટોને, સ્પર્શોને
**बालस्स, बाले** = અજ્ઞાની
**भवइ** = છે, થાય છે
**भविस्सइ** = થશે
**भगवया** = ભગવાને, મહાવીરે
**भूया** = જીવ, વનસ્પતિ જીવ
**भो** = હે શિષ્ય !, સંબોધન શબ્દ છે.
**भोयणाए** = ભોજન માટે, ઉપયોગ માટે
**मे** = હું
**मुणी** = મુનિ, સાધુ
**मुणिणा** = ભગવાને, તીર્થંકરોએ
**मेहावी** = મેધાવી, બુદ્ધિમાન
**मंदस्स** = અજ્ઞાની, વિવેકરહિત, મંદબુદ્ધિ
**मूढे** = મંદબુદ્ધિ, મૂર્ખ, મૂઢ બનીને
**मोहे, मोहेण** = મોહથી, મોહકર્મથી, મોહમાં
**राया, रायाणो** = રાજા
**लोगंसि** = લોકમાં
**लोए** = પ્રાણી, સાંસારિક લોકો
**व** = અને
**वा** = અથવા
**विदित्ता** = જાણીને
**वीरा, वीरे** = વીરપુરુષ, કર્મક્ષય કરવામાં સમર્થ
**वयंति** = કહે છે
**वयं** = આયુ, ઉંમર, અમે
**वसुमं** = સંયમી, સંયમવાન, જ્ઞાનાદિ રત્નત્રય યુક્ત
**विप्परियासमुवेइ** = વિપરીત અવસ્થાઓ, વિભિન્ન યોનિઓ, વિવેકહીન અવસ્થાઓ પામે છે
**विरूवरूवेहिं** = વિવિધ પ્રકારના
**सुयं** = સાંભળ્યું છે
**सोच्चा** = સાંભળીને
**से** = તે, તે પુરુષ
**सव्वे** = સર્વ, બધા, સમસ્ત
**सत्ता** = પ્રાણી, ચાર સ્થાવર
**सव्वओ** = સર્વપ્રકારે
**सव्वत्ताए** = પૂર્ણ રીતે
**सम्मत्तमेव** = સમ્યક્ રૂપે, સારી રીતે
**समभिजाणेज्जा** = સેવન કરે
**से बेमि** = તે હું કહું છું, ભગવાન કહે છે, વાક્યાલંકાર, વિષય પ્રારંભ સૂચક શબ્દ
**सत्थेहिं** = શસ્ત્રો વડે
**संति** = છે
**सयं** = પોતે
**सया** = હંમેશાં
**संपेहाए** = વિચારીને, જોઈને
**समुट्ठाए** = ઉદ્યત થઈને, સ્વીકારીને, તત્પર થઈને
**हु** = નિશ્ચયથી, વાક્યાલંકાર શબ્દ

# બીજું અધ્યયન

## પરિચય

આ અધ્યયનનું પ્રસિદ્ધ નામ લોક વિજય છે. પ્રથમ અધ્યયનમાં અહિંસામૂલક ધર્મનું વર્ણન કરીને આ બીજા અધ્યયનમાં લોકવિજયનું વર્ણન કર્યું છે.

આ અધ્યયનના 'લોકવિજય' નામમાં 'લોક' શબ્દથી ભાવલોકનું ગ્રહણ કરવામાં આવે છે. રાગ–દ્વેષ, ક્રોધાદિ કષાયો ભાવલોક કહેવાય છે. રાગ–દ્વેષથી કર્મબંધન અને કર્મબંધનના કારણે ચારે ગતિમાં પરિભ્રમણ થતું રહે છે. ચારે ગતિના પરિભ્રમણને જ સંસાર કહેવામાં આવે છે. આ સંસાર, સંબંધો અને સંયોગો, તે દ્રવ્યલોક કહેવાય છે. ભાવલોક કષાયરૂપ પર વિજય મેળવી લેવાથી દ્રવ્યલોક પર વિજય મળી જ જાય છે. જીવનું સંસરણ અટકી જાય છે. આ અધ્યયનમાં કષાયાદિ પર વિજય મેળવવાની તેની ચાવીઓ છે તેથી લોકવિજય નામ સાર્થક છે.

કેટલાક વિદ્વાનોનું કથન છે કે આ અધ્યયનનું પ્રાચીન નામ 'લોકવિચય' હોવું જોઈએ. પ્રાકૃત ભાષામાં 'ચ'ના સ્થાને 'જ' થઈ જાય છે. જ્યારે ટીકાકારે 'વિજય' ને 'વિચય' નહિ માનતા 'વિજય' એ નામ જ આપ્યું છે. વિચય એ ધર્મધ્યાનનો એક ભેદ છે. તેનો અર્થ છે ચિંતન કરવું, શોધવું તથા ચારે બાજુથી નિરીક્ષણ કરવું. વિજયનો અર્થ છે પરાક્રમ, પુરુષાર્થ તથા આત્મનિયંત્રણ.

આ અધ્યયનનો ભાવ જોતા એમ લાગે છે કે એનું 'વિચય' નામ પણ સાર્થક છે કારણ કે એમાં સંસાર, એનું સ્વરૂપ, શરીરનો ક્ષણભુંગર સ્વભાવ, જ્ઞાતિજનોની અશરણતા, ઈન્દ્રિય વિષયરૂપ પદાર્થોની અનિત્યતતા આદિનો વિચાર કરતાં આસક્તિનાં બંધન તોડવાની હૃદયસ્પર્શી પ્રેરણા આપી છે. આજ્ઞા વિચય, અપાય વિચય આદિ ધર્મધ્યાનના ભેદોમાં પણ આ પ્રકારનું ચિંતન મુખ્ય રહ્યું છે તેથી 'વિચય' એ નામની પણ સફળતા સિદ્ધ થઈ જાય છે.

સંયમમાં પુરુષાર્થ, અપ્રમાદભાવ તથા સાધનામાં આગળ વધવાની પ્રેરણા તેમજ કષાયાદિ અંતરંગ શત્રુઓ પર 'વિજય' પ્રાપ્ત કરવાનો ઉપદેશ પણ આ અધ્યયનમાં વિશેષ રૂપથી દેખાય છે તેથી 'વિજય' નામ પણ સાર્થક છે. **વિચય**– ધ્યાનનું તેમજ નિર્વેદનું પ્રતિક છે, **વિજય**– પરાક્રમ અને પુરુષાર્થનું બોધક છે.

નિર્યુક્તિમાં લોક શબ્દનો આઠ પ્રકારે નિક્ષેપ કર્યો છે તે આ પ્રમાણે છે – (૧) નામ (૨) સ્થાપના (૩) દ્રવ્ય (૪) ક્ષેત્ર (૫) કાળ (૬) ભાવ (૭) ભવ (૮) પર્યાય. અહીં 'ભાવલોક'નો પ્રસંગ છે. નિર્યુક્તિકારે પણ કહ્યું છે કે– **भावे कसायलोगो, अहिगारो तस्स विजएणं** । ક્રોધ, માન, માયા, લોભ આદિ કષાયરૂપ ભાવલોકના વિજયનો અધિકાર છે કારણ કે કષાય લોક ઉપર વિજય પ્રાપ્ત કરનાર સાધક

કામથી નિવૃત્ત થઈ જાય છે અને કામથી નિવૃત્ત થયેલ સાધક સંસારથી શીઘ્ર તરી જાય છે.

આ અધ્યયનમાં છ ઉદ્દેશક છે. તેમાં સંક્ષિપ્ત વિષય વર્ણન આ પ્રમાણે છે–

**પ્રથમ ઉદ્દેશકમાં** ભાવલોક(સંસાર)નું મૂળ શબ્દાદિ ઈન્દ્રિય વિષય તથા સ્વજનાદિ પ્રતિ અનાસક્ત રહેવાનો ઉપદેશ છે.

**બીજા ઉદ્દેશકમાં** સંયમમાં થતી અરતિને  દૂર કરવાનો નિર્દેશ છે.

**ત્રીજા ઉદ્દેશકમાં** ગોત્રાદિના મદનો ત્યાગ કરવાનું કથન છે.

**ચોથા ઉદ્દેશકમાં** પરિગ્રહમાં આસક્ત થનારની દશા, ભોગ એ રોગની ઉત્પત્તિનું મૂળ છે, આશા ને તૃષ્ણાનો ત્યાગ તથા ભોગથી વિરતિ વગેરે વિષયોનું કથન છે.

**પાંચમા ઉદ્દેશકમાં** સંસારમાં વિચરણ કરવા છતાં પણ સંયમમાં પ્રયત્નશીલ રહેવાનો ઉપદેશ છે.

**છઠ્ઠા ઉદ્દેશકમાં** મમત્વનો ત્યાગ આદિ અનેક વિષયોનું માર્મિક વર્ણન છે.

❖❖❖❖❖

# બીજું અધ્યયન–લોક વિજય

## પહેલો ઉદ્દેશક

**સંસારનું મૂળ : વિષયાસક્તિ :–**

**૧** **जे गुणे से मूलट्ठाणे जे मूलट्ठाणे से गुणे । इति से गुणट्ठी महया परियावेणं पुणो पुणो वसे पमत्ते । तं जहा– माया मे, पिया मे, भाया मे, भगिणी मे, भज्जा मे, पुत्ता मे, धूया मे, सुण्हा मे, सहि– सयण– संगंथ–संथुया मे, विवित्तोवगरण– परियट्टणभोयणच्छायणं मे ।**

**इच्चत्थं गढिए लोए वसे पमत्ते । अहो य राओ य परितप्पमाणे कालाकाल– समुट्ठाई संजोगट्ठी अट्ठालोभी आलुंपे सहसक्कारे विणिविट्ठचित्ते एत्थ सत्थे पुणो पुणो ।**

**શબ્દાર્થ :– गुणे** = શબ્દાદિ ગુણ છે, **मूलट्ठाणे** = સંસારના મૂળ કારણ કષાયોના સ્થાન છે, **इति** = માટે, **गुणट्ठी** = શબ્દાદિ વિષયોનો ઈચ્છુક, **महया** = મહાન, **परियावेणं** = પરિતાપની સાથે, **वसे** = સંસારમાં જન્મ ધારણ કરે છે, **पमत्ते** = પ્રમાદમાં રહે છે, **तंजहा** = તે આ પ્રમાણે, **माया मे** = મારી માતા , **पिया मे** = મારા પિતા, **भाया मे** = મારો ભાઈ, **भगिणी मे** = મારી બહેન, **भज्जा मे** = મારી સ્ત્રી, **पुत्ता मे** = મારો પુત્ર, **धूया मे** = મારી પુત્રી, **सुण्हा मे**= મારી પુત્રવધૂ, **सहि–सयण–संगंथ–संथुया मे** = મારા મિત્ર, સ્વજન, સંબંધી પરિચિત લોકો, **विवित्त** = વિવિધ પ્રકારના **उवगरण** = ઉપકરણ, **परियट्टण** = હાથી, ઘોડા આદિ વાહન, **भोयण** = ભોજન અને, **अच्छायणं मे** = વસ્ત્રાદિ મારા છે.

**इच्चत्थं** = આ પ્રમાણે પોતાનું સમજીને, **लोए** = અજ્ઞાની જીવ, **गढिए वसे** = અત્યંત આસક્ત રહે છે, **पमत्ते** = પ્રમાદનું આચરણ કરે છે, **अहो य राओ य** = રાત અને દિવસ, **परितप्पमाणे** = તેની ચિંતાથી સંતપ્ત રહેતાં, તેની રક્ષા માટે, **कालाकालसमुट्ठाई** = કાળ, અકાળમાં અત્યંત શ્રમ કરે છે, **संजोगट्ठी** = હંમેશાં તેનો સંયોગ ઈચ્છે છે, **अट्ठालोभी** = ધનનો લોભી બનીને, **आलुंपे** = ચોરી કરે છે, **सहसक्कारे** = વિચાર્યા વિના પાપ કાર્ય કરે છે, **विणिविट्ठचित्ते** = આત્મીય અને પ્રિયજનોમાં દત્તચિત્ત રહે છે, **एत्थ सत्थे** = છકાયના જીવોનો આરંભ કરતા રહે છે.

**ભાવાર્થ :–** જે ગુણ–શબ્દાદિ વિષય છે, તે સંસારનું મૂળ સ્થાનરૂપ છે. જે મૂળસ્થાન છે તે ગુણ છે. તેથી

જે વિષયાર્થી હોય છે તે મહાન પરિતાપથી વારંવાર વિષયાધીન બનીને પ્રમાદાચરણ કરતા રહે છે.

તે આ પ્રમાણે માને છે– મારી માતા, મારા પિતા, મારો ભાઈ, મારી બહેન, મારી પત્ની, મારો પુત્ર, મારી પુત્રી, મારી પુત્રવધૂ, મારો મિત્ર, મારા સ્વજન–સંબંધી, મારા સ્વજન–પરિજન, મારા હાથી ઘોડા, મકાનાદિ સાધનો, મારી ધન સંપત્તિ, મારી ખાદ્યસામગ્રી, મારા વસ્ત્રો, આવા અનેક પ્રકારના પ્રપંચોમાં ફસાયેલા જીવો, જીવનના અંત સુધી પ્રમાદી બનીને કર્મબંધન કરે છે. આ રીતે મારાપણામાં અથવા વર્તમાનમાં જ આસક્ત થયેલ વ્યક્તિ તેને વશ થઈને અનેક પ્રકારના પ્રમાદનું આચરણ કરે છે.

તે પ્રમાદી તથા આસક્ત વ્યક્તિ સ્વજનો માટે ધન કમાવવા અને તેની રક્ષા કરવા માટે રાત દિવસ પરિશ્રમ કરતાં કાળ, અકાળ જોયા વિના પ્રયત્નશીલ રહે છે. કુટુંબ અને ધનાદિમાં લુબ્ધ બનીને વિષયોમાં દત્તચિત્ત બનીને કર્તવ્ય, અકર્તવ્યનો વિચાર કર્યા વિના નિર્ભયપણે સંસારમાં ચોરી–લૂંટફાટ કરે છે તથા છકાય જીવોની વારંવાર હિંસા કરે છે.

## વિવેચન :–

પ્રથમ અધ્યયનના પાંચમા ઉદ્દેશકમાં પાંચ ઈન્દ્રિયના વિષયરૂપ 'ગુણ'ને આવર્ત કહેલ છે. તે ગુણને અહીં 'મૂળસ્થાન' કહેલ છે. પ્રિય વિષયમાં રાગ અને અપ્રિય વિષયમાં દ્વેષની ભાવના જાગૃત થાય છે. રાગદ્વેષની જાગૃતિથી કષાયનો વધારો થાય છે. કષાયો જન્મ મરણના મૂળિયાંને સીંચે છે. કહ્યું છે કે–

**कोहो य माणो य अणिग्गहीया, माया य लोभो य पवड्ढमाणा ।**
**चत्तारि एए कसिणा कसाया, सिंचंति मूलाइं पुणब्भवस्स** ॥ [દશવૈ., અધ્ય.૮, ગા.૪૦]

નિગ્રહ નહીં કરાયેલાં ક્રોધ અને માન તથા વધતાં માયા અને લોભ આ ચારે કષાયો પુનર્ભવ–જન્મમરણના મૂળને સીંચે છે. ટીકાકારે 'મૂળ' શબ્દથી અનેક અભિપ્રાયો સ્પષ્ટ કર્યા છે. **મૂળ** એટલે ચાર ગતિરૂપ સંસાર, આઠ પ્રકારના કર્મ તથા મોહનીય કર્મ. આ સર્વનો સાર એ છે કે શબ્દાદિ વિષયોમાં આસક્ત થવું એ જ સંસારની વૃદ્ધિનું અને કર્મ બંધનું કારણ છે.

ઈન્દ્રિય વિષયાસક્ત વ્યક્તિની મનોવૃત્તિ મમત્વ પ્રધાન હોય છે. તે વ્યક્તિ માતા પિતા આદિ સર્વ સ્વજનો તેમજ પોતાની સંપત્તિ સાથે મમત્વના ગાઢ બંધનથી બંધાય જાય છે. મમત્વથી પ્રમાદ વધે છે. મમત્વ અને પ્રમાદ, આ બે ભૂત જેના મસ્તક ઉપર સવાર થઈ જાય છે તે પ્રાણી પોતાની ઈચ્છાઓની પૂર્તિ માટે રાત દિવસ પ્રયત્ન કરે છે. તેઓ અનેક પ્રકારના પાપકારી ઉપાયો યોજે છે, તેઓ ચોર, હત્યારા અને કઠોર સાહસી પણ બની જાય છે. તેની વૃત્તિ સંરક્ષક નહિ પણ આક્રમક અને બીજાને પીડાકારી બની જાય છે. આ સર્વ અનિયંત્રિત અવસ્થા, વિષયેચ્છાનું દુષ્પરિણામ છે.

## અશરણતાનો પરિબોધ :–

**२ अप्पं च खलु आउयं इहमेगेसिं माणवाणं । तं जहा– सोयपण्णाणेहिं**

**परिहायमाणेहिं चक्खुपण्णाणेहिं परिहायमाणेहिं घाणपण्णाणेहिं परिहाय- माणेहिं रसपण्णाणेहिं पारिहायमाणेहिं फासपण्णाणेहिं परिहायमाणेहिं, अभिकंतं च खलु वयं संपेहाए तओ से एगया मूढभावं जणयंति ।**

**जेहिं वा सद्धिं संवसइ ते वा णं एगया णियगा तं पुव्विं परिवयंति, सो वा ते णियगे पच्छा परिवएज्जा । णालं ते तव ताणाए वा सरणाए वा, तुमं पि तेसिं णालं ताणाए वा सरणाए वा । से ण हासाए, ण किड्डाए, ण रईए, ण विभूसाए ।**

**શબ્દાર્થ :– अप्पं** = અલ્પ હોય છે, **आउयं** = આયુષ્ય, **इहं** = આ સંસારમાં, **एगेसिं माणवाणं** = કોઈ મનુષ્યોનું, **सोयपण्णाणेहिं** = શ્રોતેન્દ્રિયની સાંભળવાની શક્તિ, **परिहायमाणेहिं** = ક્ષીણ થઈ જવા પર, **चक्खुपण्णाणेहिं** = ચક્ષુની જોવાની શક્તિ, **घाणपण्णाणेहिं** = નાકની સૂંઘવાની શક્તિ, **रसपण्णाणेहिं** = જીભની રસ ગ્રહણ કરવાની શક્તિ, **फासपण्णाणेहिं** = સ્પર્શેન્દ્રિયની સ્પર્શની શક્તિ, **अभिक्कतं** = પસાર થઈ ગયેલ, **वयं** = આયુષ્યને, **संपेहाए** = જોઈ વિચારીને, **तओ** = ત્યાર પછી, **से** = તે મનુષ્ય, **एगया** = ક્યારેક, કોઈ સમયે, **मूढभावं** = મૂઢતાને, **जणयंति** = પ્રાપ્ત કરે છે.

**जेहिं सद्धिं** = જેની સાથે, **संवसइ** = તે રહે છે, **ते** = તેઓ, **णं** = તેની, **णियगा** = આત્મજન, **पुव्विं** = પહેલાં, **परिवयंति** = નિંદા કરે છે, **सो** = તે, **ते** = તેઓની, **णियगे** = આત્મજનોની, **पच्छा** = પાછળથી, **णालं** = સમર્થ નથી, **तव** = તમારું, **ताणाए** = રક્ષણ કરવા માટે, **सरणाए** = શરણ દેવામાં, **तुमं पि** = તમે પણ, **तेसिं** = તેઓનું, **ण हासाए** = હાસ્યને યોગ્ય રહેતા નથી, **ण किड्डाए** = ક્રીડાને યોગ્ય રહેતા નથી, **ण रईए** = રતિને યોગ્ય રહેતા નથી, **ण विभूसाए** = વિભૂષાને યોગ્ય રહેતા નથી.

**ભાવાર્થ :–** આ સંસારમાં કેટલાક માનવીઓનું આયુષ્ય થોડું હોય છે. તે અલ્પાયુ જીવનની સ્પષ્ટતા કરતાં કહ્યું છે કે– કાન, આંખ, નાક, જીભ અને સ્પર્શેન્દ્રિયનું જ્ઞાન ક્ષીણ થતું જાય છે. ઈન્દ્રિયોની ક્ષમતા ધીરે–ધીરે ઘટતી જાય છે, યૌવન વ્યતીત થતાં એકાએક વૃદ્ધાવસ્થા આવવા પર પ્રાણી દિગ્મૂઢ બની જાય છે.

તે જેની સાથે રહે છે તે સ્વજન (પત્ની, પુત્ર આદિ) કયારેક તેનો તિરસ્કાર કરે છે. તેને કડવાં અને અપમાનજનક વચનો કહે છે. પાછળથી તે વૃદ્ધ પણ સ્વજનોની નિંદા કરવા લાગે છે માટે શાસ્ત્રકાર કહે છે કે હે પુરુષ ! તે સ્વજનો તારું રક્ષણ કરવામાં કે તને શરણ આપવામાં સમર્થ નથી. તું પણ તેનું રક્ષણ કરવામાં કે તેમને શરણ દેવામાં સમર્થ નથી. વૃદ્ધાવસ્થાને પ્રાપ્ત તે વૃદ્ધ પુરુષ હાંસીમજાક, રમતગમત, કામક્રીડા, મનોવિનોદ કે શરીરની શોભા–શણગારને યોગ્ય રહેતો નથી.

**વિવેચન :–**

આ સૂત્રમાં માનવ શરીરની ક્ષણભંગુરતા તથા અશરણતાનું દિગ્દર્શન છે.

**सोयपण्णाणेहिं :–** સાંભળીને જ્ઞાન કરનારી ઈન્દ્રિય–શ્રોત્રેન્દ્રિય તથા શ્રોત્રેન્દ્રિયથી સાંભળીને થનારું જ્ઞાન, તેમજ જોઈને, સૂંઘીને, ચાખીને, સ્પર્શ કરીને જ્ઞાન કરનારી ઈન્દ્રિયો અને આ ઈન્દ્રિયોથી થનારું જ્ઞાન વૃદ્ધાવસ્થામાં ક્ષીણ થઈ જાય છે.

મનુષ્યનું જઘન્ય આયુષ્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ આયુષ્ય ૩ પલ્યોપમ પ્રમાણ છે. તેમાં સંયમ સાધનાનો સમય અંતર્મુહૂર્તથી લઈને દેશોનક્રોડ પૂર્વ સુધીનો હોય છે. સાધનાની દષ્ટિએ આ સમય ઘણો થોડો છે, તેથી અહીં મનુષ્યના આયુષ્યને અલ્પ કહ્યું છે.

વર્તમાનમાં સામાન્ય રીતે મનુષ્યનું આયુષ્ય ૧૦૦ વર્ષનું મનાય છે. તે દશ અવસ્થાઓમાં વિભાજિત થાય છે– (૧) બાલા (૨) ક્રીડા (૩) મંદા (૪) બલા (૫) પ્રજ્ઞા (૬) હાયની (૭) પ્રપંચા, (૮) પ્રચારા (૯) મુમ્મુખી (૧૦) શાયની– (ઠાણાંગસૂત્ર સ્થાન– ૧૦.)

સામાન્ય રીતે ૪૦ વર્ષ સુધી(ચોથી દશા સુધી) મનુષ્યના શરીરની તેજસ્વિતા, કાંતિ, બળ આદિ પૂર્ણરૂપે ખીલતાં રહે છે. ત્યારબાદ ક્રમશઃ ક્ષીણ થવા લાગે છે. જ્યારે ઈન્દ્રિયોની શક્તિ ક્ષીણ થવા લાગે છે ત્યારે સામાન્યજનોનાં મનમાં સહજ ચિંતા, ભય અને શોક વધવા લાગે છે. ઈન્દ્રિયોની શક્તિ ઓછી થવાથી તે શારીરિક દષ્ટિએ અસમર્થ થવા લાગે છે, તેનું મનોબળ પણ ક્ષીણ થવા લાગે છે. તેની સાથે વૃદ્ધાવસ્થામાં ઈન્દ્રિય–વિષયો તરફ આસક્તિ વધવા લાગે છે. ઈન્દ્રિય શક્તિની હીનતા અને વિષયાસક્તિની વૃદ્ધિના કારણે તેનામાં એક વિચિત્ર પ્રકારની મૂઢતા–વ્યાકુળતા ઉત્પન્ન થાય છે.

આવી વ્યક્તિ પરિવારને માટે સમસ્યારૂપ બની જાય છે. અરસપરસમાં ક્લેશ તેમજ તિરસ્કારની ભાવના વધે છે. પરિવારના સ્વજનો તેના પ્રતિ ગમે તેટલો સ્નેહાદિ રાખે છતાં પણ તે વૃદ્ધ માનવને વૃદ્ધાવસ્થા, બીમારી અને મૃત્યુથી કોઈ બચાવી શકતું નથી. આ જ જીવનની અશરણતા છે. તેના પર માનવીએ હંમેશાં ચિંતન–મનન કરતા રહેવાનું છે, તેમજ આવી દશામાં જે શરણદાતા બની શકે તેવા ધર્મ તથા સંયમનું શરણ લેવું જોઈએ.

**ताणाए–सरणाए :– ताणाए** નો અર્થ રક્ષણ કરનાર તથા **सरणाए** નો અર્થ આશ્રયદાતા છે. 'રક્ષણ' શબ્દ રોગ કે બાહ્ય ઉપદ્રવના પ્રતિકારનો સૂચક છે અને 'શરણ' શબ્દ આશ્રય તેમજ પોષણનો સૂચક છે. આગમોમાં અનેક સ્થાને આ બંને શબ્દોનો પ્રયોગ એક સાથે થયો છે.

**પ્રમાદ–પરિવર્જન :–**

**३ इच्चेवं समुट्ठिए अहोविहाराए । अंतरं च खलु इमं संपेहाए धीरे मुहुत्त- मवि णो पमायए । वओ अच्चेइ जोव्वणं च ।**

**जीविए इह जे पमत्ता, से हंता छेत्ता भेत्ता लुंपिता विलुंपित्ता उद्दवित्ता उत्तासइत्ता, अकडं करिस्सामि त्ति मण्णमाणे ।**

**जेहिं वा सद्धिं संवसइ ते वा णं एगया णियगा तं पुव्विं पोसेंति, सो वा ते णियगे पच्छा पोसेज्जा । णालं ते तव ताणाए वा, सरणाए वा, तुमं पि तेसिं णालं ताणाए वा सरणाए वा ।**

**શબ્દાર્થ :–** **इच्चेवं** = આ જાણીને, **समुट्ठिए** = ઉદ્યત થાય છે, **अहोविहाराए** = સંયમમાં, **इमं** = આ, મનુષ્યભવરૂપ, **अंतरं** = સુઅવસરને, **संपेहाए** = જોઈને, વિચારીને, **धीरे** = ધીર પુરુષ, **मुहुत्तमवि** = ક્ષણ માત્ર પણ, **णो पमायए** = પ્રમાદ કરે નહિ, **वओ** = આયુ, **अच्चेइ** = જલ્દી પસાર થઈ રહ્યું છે, **जोव्वणं** = યૌવન પણ પસાર થઈ રહ્યું છે.

**जीविए** = જીવનમાં, **इह** = આ, **जे** = જે અજ્ઞાની, **पमत्ता** = પ્રમાદયુક્ત છે, **से** = તે અજ્ઞાની, **हंता** = જીવોની હિંસા કરે છે, **छेत्ता** = અંગોનું છેદન કરે છે, **भेत्ता** = આંખ આદિનું ભેદન કરે છે, **लुंपित्ता** = લોકોને લૂંટે છે, **विलुंपित्ता** = સર્વસ્વ લૂંટે છે, ઈન્દ્રિયોનું છેદન ભેદન કરે છે, **उद्दवित्ता** = વિષ અને શસ્ત્રાદિના પ્રયોગથી પ્રાણીઓના પ્રાણોને હરે છે, **उत्तासइत्ता** = જીવોને અનેક પ્રકારે ભય અને ત્રાસ આપે છે, **अकडं करिस्सामि** = આજ સુધી કોઈએ નહિ કરેલા કાર્યને હું કરીશ, **त्ति** = આ પ્રમાણે, **मण्णमाणे** = માનતાં, **तं** = તેનું, **पोसेंति** = પોષણ કરે છે, **पोसेज्जा** = પાલન પોષણ કરે છે.

**ભાવાર્થ :–** આ રીતે પૂર્વોક્ત ચિંતન કરતા માનવી વિરક્ત બનીને સંયમ સાધના માટે પ્રયત્નશીલ બને અર્થાત્ સમ્યક્ પ્રકારે સંયમમાં ઉપસ્થિત થઈ જાય તેમજ આ મનુષ્ય જીવન સંયમ આરાધનાનો અમૂલ્ય અવસર છે એમ સમજીને ધીર પુરુષ મુહૂર્ત માત્ર પણ પ્રમાદ કરે નહિ–એક ક્ષણ પણ વ્યર્થ જવા દે નહિ. બાલ્યાદિ અવસ્થાઓ પસાર થઈ રહી છે, ઉંમર ઘટતી જાય છે, યૌવન પણ જઈ રહ્યું છે.

આવા આ માનવ જીવનમાં વિષય કષાયાદિના સેવનમાં જે પ્રમત્ત–આસક્ત છે, તે પ્રાણીઓને હણવા, છેદવા, ભેદવામાં કે ચોરી, લૂંટફાટમાં અથવા ઉપદ્રવ–જીવોનો વધ કરવામાં અને અતિ ત્રાસદાયક પ્રવૃત્તિઓમાં જોડાયેલા રહે છે. આજ સુધી કોઈએ જે નથી કર્યું તે હું કરીશ, આ પ્રમાણે તેઓ મનોરથ કરતા રહે છે અને આવા અહંભાવના સંકલ્પોમાં સૂત્રોક્ત વિવિધ સાવદ્ય પ્રવૃત્તિઓ કરે છે. જે સ્વજનાદિની સાથે પુણ્યના યોગે રહે છે. તે સ્વજનો પહેલાં તેનું પોષણ કરે છે, પછી તે પણ તે સ્વજનોનું બની શકે તેટલું પોષણ કરે છે. આટલો સ્નેહ સંબંધ હોવા છતાં શાસ્ત્રકાર કહે છે કે હે પુરુષ ! તેઓ મૃત્યુ કે રોગ આવે ત્યારે તમારા રક્ષણ અથવા શરણ માટે સમર્થ હોતા નથી. તમો પણ તેનું રક્ષણ કરવા કે તેને શરણ દેવામાં સમર્થ થતા નથી.

## વિવેચન :–

આ સૂત્રમાં સંયમના અર્થમાં **अहोविहार** શબ્દનો પ્રયોગ થયો છે. માનવી સામાન્ય રીતે વિષય તેમજ પરિગ્રહના પ્રત્યે અનુરાગી હોય છે. તે વિચારે છે કે આના વિના જીવન વ્યતીત થઈ શકે નહીં પરંતું સંયમી, અપરિગ્રહી અણગારનું જીવન જોતાં તેને આશ્ચર્ય થાય છે કે અણગાર વિષયોનો ત્યાગ કરીને

અપરિગ્રહી બનીને પણ શાંતિપૂર્વક જીવન પસાર કરે છે. સામાન્ય જનની દષ્ટિમાં સંયમ એ આશ્ચર્યપૂર્વકની જીવનયાત્રા હોવાથી તેને 'અહો વિહાર' કહેલ છે.

**રોગોત્પતિ સમયે અશરણતા :–**

**૪** **उवाईयसेसेण वा सण्णिहिसण्णिचयो कज्जइ इहमेगेसिं असंजयाणं (माणवाणं) भोयणाए । तओ से एगया रोगसमुप्पाया समुप्पज्जंति ।**

**जेहिं वा सद्धिं संवसइ ते वा णं एगया णियगा तं पुव्विं परिहरंति, सो वा ते णियगे पच्छा परिहरेज्जा ।**

**णालं ते तव ताणाए वा सरणाए वा, तुमंपि तेसिं णालं ताणाए वा सरणाए वा ।**

**શબ્દાર્થ :–** **उवाईयसेसेण** = ઉપભોગ પછી અવશેષ ધનને, **सण्णिहिसण्णिचओ** = એકત્રિત કરીને સંગ્રહ, **कज्जइ** = કરે છે, **इहं** = આ સંસારમાં, **एगेसिं** = કેટલાક, **असंजयाणं** = અસંયત, **माणवाणं** = મનુષ્યો માટે, **भोयणाए** = ઉપયોગ માટે, **ततो** = ધનોપાર્જન કર્યા પછી, **से** = તે પુરુષના શરીરમાં, **रोगसमुप्पाया समुप्पज्जंति** = રોગોત્પત્તિ થઈ જાય છે, **परिहरंति** = છોડી દે છે.

**ભાવાર્થ :–** કેટલીક વ્યક્તિઓ પોતે ઉપભોગ કર્યા પછી અવશેષ ધન, અસંયત એવા પોતાના પારિવારિક સ્વજનોના ઉપભોગ માટે એકત્રિત કરે છે. આવી સંપન્ન વ્યક્તિઓને પણ ક્યારેક શરીરમાં રોગોત્પત્તિ થઈ જાય છે. ત્યારે તે જે સ્વજન–સ્નેહીઓની સાથે રહે છે તે જ સ્નેહીઓ તેને રોગ આદિના કારણે ઘૃણા કરીને પહેલાં છોડી દે છે, પછી તે પણ પોતાના સ્વજન સ્નેહીઓને નિરાશ થઈને છોડી દે છે, માટે શાસ્ત્રકાર કહે છે– હે જીવ ! તેઓ તારું રક્ષણ કરવામાં કે તને શરણ દેવામાં સમર્થ નથી અને તું પણ તેમનું રક્ષણ કરવામાં કે શરણ દેવામાં સમર્થ થઈ શકતો નથી.

**આત્મજાગૃતિ :–**

**૫** **जाणित्तु दुक्खं पत्तेयं सायं । अणभिक्कंतं च खलु वयं संपेहाए खणं जाणाहि पंडिए ।**

**जाव सोयपण्णाणा अपरिहीणा, जाव णेत्तपण्णाणा अपरिहीणा, जाव घाणपण्णाणा अपरिहीणा जाव जीहपण्णाणा अपरिहीणा जाव फासपण्णाणा अपरिहीणा, इच्चेतेहिं विरूवरूवेहिं पण्णाणेहिं**

## अपरिहीणेहिं आयट्ठं सम्मं समणुवासेज्जासि ॥ त्ति बेमि ।
## ॥ पढमो उद्देसो समत्तो ॥

**શબ્દાર્થ :– जाणित्तु** = જાણીને, **पत्तेयं** = પ્રત્યેક જીવોના, **सायं** = સુખને, **अणभिक्कंतं** = પસાર ન થયેલ, **संपेहाए** = જોઈને, વિચારીને, **खणं** = અવસરને, **जाणाहि** = જાણે, સમજે, **पंडिए** = પંડિત આત્મતત્ત્વજ્ઞ.

**जाव** = જ્યાં સુધી, **सोय** = શ્રોત્રેન્દ્રિયની સાંભળવાની, **पण्णाणा** = જ્ઞાન શક્તિ, **अपरिहीणा** = ક્ષીણ થઈ નથી, **इच्चेतेहिं** = આ પ્રમાણે, **विरूवरूवेहिं** = વિવિધ પ્રકારની, **पण्णाणेहिं** = જ્ઞાન શક્તિઓ, **अपरिहीणेहिं** = જ્યાં સુધી ક્ષીણ થઈ નથી ત્યાં સુધી, **आयट्ठं** = પોતાના કલ્યાણ માટે, **सम्मं समणुवासिज्जासि** = સારી રીતે પ્રયત્ન કરવો જોઈએ.

**ભાવાર્થ :–** પ્રત્યેક પ્રાણીઓના સુખ અને દુઃખ પોતપોતાનાં છે, આ જાણીને સાધક આત્મદષ્ટા બને. જ્યાં સુધી યૌવનાવસ્થા પસાર થઈ નથી ત્યાં સુધી તેનો વિચાર કરી પંડિત પુરુષ ક્ષણ–અવસરને જાણે અને સંયમ તથા આત્મકલ્યાણના અવસરનો સદુપયોગ કરી લે. જ્યાં સુધી શ્રોત્રેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, રસેન્દ્રિય અને સ્પર્શેન્દ્રિયની જ્ઞાન શક્તિ ક્ષીણ થઈ નથી અને આ સર્વ વિવિધ પ્રકારની પ્રજ્ઞાશક્તિઓ નષ્ટ થઈ નથી ત્યાં સુધીમાં સાધકે આત્મહિતાર્થ સંયમ તપનું સમ્યક્પ્રકારે પાલન કરી લેવું જોઈએ. – તેમ ભગવાને કહ્યું છે.

**॥ પ્રથમ ઉદ્દેશક સમાપ્ત ॥**

## વિવેચન :–

**आयट्ठं :–** આ પદનો અર્થ છે આત્માર્થ. જે સાધનાથી આત્માનું હિત થાય તેનું નામ આત્માર્થ છે. પ્રસ્તુત પ્રકરણમાં આત્માર્થી માટે આત્માનો વાસ્તવિક ખજાનો જ્ઞાન, દર્શન, ચારિત્ર બતાવેલ છે, કારણ કે આ રત્નત્રયની સમ્યગ્ આરાધનાથી જ મોક્ષરૂપ સાધ્યની સિદ્ધિ થઈ શકે છે અને સાધકનું તે મૂળ લક્ષ્ય છે. આ અપેક્ષાએ રત્નત્રય જ આત્મા માટે હિતકર છે, કારણ કે તેની સાધનાથી જ આત્મા કર્મબંધથી સર્વથા મુક્ત થઈ શકે છે. તે સિવાય **आयट्ठं** નું સંસ્કૃત રૂપ **आयतार्थ** પણ થાય છે. જેની ક્યારે ય સમાપ્તિ ન હોય તેવું સ્વરૂપ છે જેનું તે મોક્ષને 'આયત' કહે છે, તેથી મોક્ષ પ્રાપ્તિ માટે જે સાધના કરાય તેને આયતાર્થ કહે છે. આ અપેક્ષાએ પણ જ્ઞાન દર્શન અને ચારિત્રરૂપ રત્નત્રયની સાધનાનો જ સ્વીકાર થાય છે.

સાર એ છે કે શરીરની સ્વસ્થતા હોય તેમજ ઈન્દ્રિયો શક્તિ સંપન્ન હોય ત્યાં સુધી સાધકે સંયમ સાધનામાં પ્રમાદ કરવો જોઈએ નહિ. વિષયવાસના, ધન તેમજ પરિજનોની આસક્તિનો ત્યાગ કરી આત્મસાધનામાં પ્રવૃત્ત થવું જોઈએ. તેનાથી આત્મા લોક ઉપર વિજય પ્રાપ્ત કરી પૂર્ણ સુખશાંતિરૂપ

નિર્વાણને પામી શકે છે.

**खणं :–** **'ક્ષણ'** શબ્દ સામાન્યરૂપે નિમેષમાત્ર કાળ એટલે આંખનો પલકારો થાય તેટલા કાળનો સૂચક છે પરંતુ અધ્યાત્મશાસ્ત્રમાં 'ક્ષણ' એ જીવનમાં એક મહત્વપૂર્ણ અવસર માટે પ્રયુક્ત છે. સૂત્રકૃતાંગ સૂત્રમાં પણ 'ક્ષણ' નો આ અર્થમાં પ્રયોગ થયો છે. જેમ કે– **इणमेव खणं वियाणिया** આ ક્ષણને સર્વથી મહત્વપૂર્ણ સમજો. – (સૂત્ર. શ્રુ.૧, અ.૨., ઉ.૩., ગા.૧૯ )

ટીકાકારે 'ક્ષણ'ની અનેક દષ્ટિએ વ્યાખ્યા કરી છે, જેમ કે કાળરૂપ ક્ષણ–સમય. ભાવરૂપ ક્ષણ–અવસર. અન્ય રીતે પણ ક્ષણના ચાર અર્થ કર્યા છે, જેમ કે (૧) **દ્રવ્યક્ષણ**– મનુષ્ય જન્મ. (૨) **ક્ષેત્રક્ષણ**– આર્યક્ષેત્ર (૩) **કાળક્ષણ**– ધર્માચરણનો સમય. (૪) **ભાવક્ષણ**– ઉપશમ, ક્ષયોપશમાદિ ઉત્તમ ભાવોની પ્રાપ્તિ. આ ઉત્તમ અવસરનો લાભ લેવા માટે સાધકે તત્પર રહેવું જોઈએ.

**ઉપસંહાર :–** પારિવારિક તેમજ સંપતિ પ્રત્યેનો મોહ સંયમ સાધનામાં અવરોધક છે. આ સર્વની આસક્તિના કારણે સાધક પ્રગતિ કરી શકતો નથી. આત્માની સ્વતંત્રતા પ્રાપ્ત કરવા માટે આ સર્વના વ્યામોહથી છૂટવા અને વિવેકપૂર્વક ગતિ કરવાનું આ ઉદ્દેશકમાં કહ્યું છે.

**॥ અધ્યયન–૨/૧ સંપૂર્ણ ॥**

# બીજું અધ્યયન : બીજો ઉદ્દેશક

## અરતિ ત્યાગનું પરિણામ :–

**१ अरइं आउट्टे से मेहावी खणंसि मुक्के ।**

**શબ્દાર્થ :– अरइं** = અરતિ, સંયમ પ્રત્યે અરુચિનો, **आउट्टे** = દૂર કરે, ત્યાગ કરે, **खणंसि** = ક્ષણવારમાં જ, **मुक्के** = મુક્ત થઈ જાય છે.

**ભાવાર્થ :–** જે અરતિથી નિવૃત્ત થઈ જાય છે, તે અરતિ ભાવોને દૂર કરનાર બુદ્ધિમાન સાધક માનસિક વ્યથાથી ક્ષણવારમાં જ મુક્ત થઈ જાય છે.

## વિવેચન :–

સંયમમાં પ્રયત્નશીલ સાધકનું ચિત્ત જ્યાં સુધી સ્થિર રહે છે ત્યાં સુધી તેને આનંદનો અનુભવ થાય છે. સંયમમાં રમણતા કરવી, આનંદનો અનુભવ કરવો તે રતિ છે. તેનાથી વિપરીત ચિત્તની વ્યાકુળતા કે ઉદ્વિગ્નતા, તે અરતિ છે. જ્ઞાન અને ચિંતનમાં લીન રહેવાથી સાધકના અરતિજન્ય દુઃખો દૂર થાય છે.

## સંયમમાં અસફળ સાધક :–

**૨ अणाणाए पुट्ठा वि एगे णियट्टंति मंदा मोहेण पाउडा । अपरिग्गहा भविस्सामो समुट्ठाए, लद्धे कामे अभिगाहइ ।अणाणाए मुणिणो पडिलेहेंति । एत्थ मोहे पुणो पुणो सण्णा, णो हव्वाए णो पाराए ।**

**શબ્દાર્થ :–** **अणाणाए** = ભગવાનની આજ્ઞાથી વિપરીત, **पुट्ठावि** = આચાર કે વિચારનો સંયોગ થતા જ, **एगे** = કેટલાક, **णियट्टंति** = સંયમથી ભ્રષ્ટ થઈ જાય છે, **मंदा** = અજ્ઞાની જીવ, **मोहेण** = મોહ કર્મથી, **पाउडा** = ઘેરાયેલા.

**अपरिग्गहा भविस्सामो** = અમે પરિગ્રહથી રહિત થઈશું એવી પ્રતિજ્ઞા સાથે, **कामे** = ઈન્દ્રિય વિષયો, કામભોગો, **लद्धे** = પ્રાપ્ત થવા પર, **अभिगाहइ** = તેને ગ્રહણ કરે છે, **मुणिणो** = વેષધારી મુનિ, **पडिलेहेंति** = વિષયભોગની પ્રાપ્તિના ઉપાયોમાં પ્રવૃત હોય છે, **एत्थ** = આ પ્રમાણે, **मोहे** = મોહમાં, **पुणो पुणो** = પ્રવૃત્ત થતા રહે છે, વારંવાર, **सण्णा** = આસક્ત થતા જીવ, **णो हव्वाए णो पाराए** = ન આ પાર કે ન પેલી પાર થાય છે અર્થાત્ સંસારમાં ડૂબી જાય છે.

**ભાવાર્થ :–** વીતરાગ પરમાત્માની આજ્ઞાથી વિપરીત આચાર–વિચાર તથા મોહકર્મના ઉદયે કોઈ કોઈ સાધક સંયમથી ભ્રષ્ટ થઈ જાય છે. તે મંદબુદ્ધિ તેમજ મોહથી આવૃત થાય છે અર્થાત્ મોહ અને અજ્ઞાનથી પ્રેરિત મતિવાળા થાય છે.

કેટલીક વ્યક્તિઓ "અમે અપરિગ્રહી થઈશું" એવો સંકલ્પ કરીને સંયમ ધારણ કરવા છતાં જ્યારે ઈન્દ્રિયોના વિષયોની સામગ્રી ઉપલબ્ધ થાય છે ત્યારે તેનો સ્વીકાર કરી લે છે, તે સાધક વીતરાગ પ્રભુની આજ્ઞાથી વિપરીત અસંયમના આચરણોમાં ખેંચાતા જાય છે, આકર્ષાય છે, સંલગ્ન રહે છે.

આ રીતે તે ઈન્દ્રિયોના વિષયોના મોહમાં વારંવાર લીન બની જાય છે. આ કારણે તેઓ ન તો ગૃહસ્થ જીવનમાં રહે છે ન તો ભાવ શ્રમણપણામાં રહે છે. તેઓની "ન આ પાર કે ન પેલે પાર" જેવી દશા થઈ જાય છે.

## વિવેચન :–

આ સૂત્રમાં અરતિને પ્રાપ્ત થયેલા વ્યાકુળ ચિત્તવાળા બે પ્રકારના સાધકોની દયનીય મનોદશાનું ચિત્રણ છે. (૧) કેટલાક સાધકો મોહકર્મના તીવ્ર ઉદયના કારણે સંયમ જીવનનો ત્યાગ કરી ગૃહસ્થ જીવનનો સ્વીકાર કરી લે છે. (૨) કેટલાક સાધક મુનિ વેષમાં જ રહેતાં સંયમ વિપરીત આચરણો કરતાં ગૃહસ્થ તુલ્ય થઈ જાય છે. આ સાધક ન તો સંયમ જીવનનો આનંદ પ્રાપ્ત કરી શકે અને ન તો ગૃહસ્થના સુખોનો ઉપભોગ કરી શકે. તેની અવસ્થાને દર્શાવતાં **णो हव्वाए णो पाराए** વાક્યનો પ્રયોગ છે. તેનો સાર એ છે કે તે સાધક ન ઘર નો કે ન ઘાટનો બની જાય છે. **उभयभ्रष्टो न गृहस्थो नापि प्रव्रजितः** । –

(આચા. ટીકા.) ન તો તે ગૃહસ્થ બને છે કે ન તો તે મુનિભાવમાં રહે છે. તે આ પાર નથી કે પેલે પાર નથી, બંને તરફથી ભ્રષ્ટ છે. કાદવમાં ફસાયેલા હાથી ની જેમ ત્રિશંકુ જેવી તેની દશા છે. તે પોતાના મનુષ્ય જીવનને બરબાદ કરે છે. આ બંને પ્રકારના સાધક મનુષ્ય જીવન અને સંયમના સંયોગને પ્રાપ્ત કરવા છતાં તેના લાભથી વંચિત રહી જાય છે. તે બંને દયાપાત્ર છે. આવા અસફળ સાધકોનું કથન કરીને શાસ્ત્રકાર આગળના સૂત્રમાં સફળ સાધકનું દિગ્દર્શન કરાવે છે.

**સંયમમાં સફળ સાધક :–**

**३ विमुक्का हु ते जणा जे जणा पारगामिणो, लोभमलोभेण दुगुंछमाणे लद्धे कामे णाभिगाहइ । विणा वि लोभं णिक्खम्म एस अकम्मे जाणइ पासइ । पडिलेहाए णावकंखइ, एस अणगारे त्ति पवुच्चइ ।**

**શબ્દાર્થ :– जणा** = સાધક પુરુષ, **पारगामिणो** = સંયમને સફળ કરનાર, વિષયોથી દૂર રહેનાર, પારગામી છે, **हु** = ખરેખર, નિશ્ચયથી, **विमुक्का** = મુક્તિને પ્રાપ્ત કરનાર, **अलोभेण** = અલોભવૃત્તિથી, **दुगुंछमाणे** = દૂર કરતાં, ઘૃણા કરનાર પુરુષ, **णाभिगाहइ** = સ્વીકારતા નથી, સેવન કરતા નથી, **लोभं विणा वि** = લોભ રહિત થઈને, લોભનો ત્યાગ કરીને, **णिक्खम्म** = પ્રવ્રજ્યા અંગીકાર કરીને, **एस** = આ પુરુષ, **अकम्मे** = કર્મથી રહિત, **जाणइ** = જાણે છે, **पासइ** = જુએ છે, **त्ति** = અણગાર છે એમ, **पवुच्चइ** = કહેવાને યોગ્ય છે, **पडिलेहाए** = પ્રતિલેખન કરીને, કષાયના પરિણામોનો વિચાર કરીને, **णावकंखइ** = વિષયોની આકાંક્ષા કરતા નથી.

**ભાવાર્થ :–** જે સાધક ઈન્દ્રિયના વિષયોને પાર પામીને, તેનો ત્યાગ કરીને સંયમમાં પારગામી થઈ જાય છે, સંયમની સફળતાપૂર્વક આરાધના કરે છે તે સાધક ખરેખર મુક્ત થઈ જાય છે. તે સાધક ઈન્દ્રિયોના વિષયોની લાલસાને સંતોષના પરિણામ દ્વારા દૂર કરે છે અને સહજ પ્રાપ્ત કામભોગોને સ્વીકારતા નથી. આવી રીતે લોભ રહિત થઈને સંયમ સાધના કરતા તે ઘાતીકર્મનો ક્ષય કરીને સર્વજ્ઞ સર્વદર્શી બને છે. આ પ્રકારે જે સાધક અધ્યાત્મ દોષોનું પ્રતિલેખન કરી, અસંયમરૂપ વિષય કષાયાદિના પરિણામોનો વિચાર કરી તેની આકાંક્ષા રહિત બને છે, તે સાચા અણગાર કહેવાય છે.

**વિવેચન :–**

**लोभमलोभेण :–** જેમ આહારનો ત્યાગ તાવનું ઔષધ છે તેમ લોભનો ત્યાગ તૃષ્ણાનું ઔષધ છે. સંતોષભાવમાં આવી જવાથી તૃષ્ણા વધતી નથી.

**पारगामिणो :–** (૧) જે વિષયોથી મુક્ત થઈ જાય છે તે સંસારના પારગામી છે. (૨) સંયમ વિધિઓનું પૂર્ણ રીતે પાલન કરનાર સંયમના પારગામી છે. એ બંને પ્રકારના પારગામી સંસારથી મુક્ત થાય છે.

**विणावि लोभं** અને **विणइत्तु लोभं** આ બે પ્રકારનો પાઠ પ્રતિઓમાં મળે છે. બંનેનો અર્થ સમાન છે–

**पडिलेहाए :–** પ્રતિલેખનાનો અર્થ છે સારી રીતે જોવું. સાધક જ્યારે પોતાના આત્મહિતનો વિચાર કરે છે ત્યારે વિષયોના કડવાં પરિણામ તેની સામે આવે છે અને તે તેનાથી દૂર રહે છે. આ રીતે અનુપ્રેક્ષા પૂર્વકનો જાગેલો વૈરાગ્ય સ્થિર હોય છે. તે વિષયો તરફ ક્યારે ય પાછા ફરતા નથી. તે જ વાસ્તવિક રીતે 'અણગાર' કહેવાય છે.

## સાવધઅનુષ્ઠાનના પ્રયોજનો :–

**૪ अहो य राओ य परितप्पमाणे कालाकालसमुट्ठायी संजोगट्ठी अट्ठालोभी आलुंपे सहसक्कारे विणिविट्ठचित्ते एत्थ सत्थे पुणो पुणो ।**

**से आयबले, से णायबले, से मित्तबले, से पेच्चबले, से देवबले, से रायबले, से चोरबले, से अतिहिबले, से किवणबले, से समणबले, इच्चेतेहिं विरूवरूवेहिं कज्जेहिं दंडसमायाणं । संपेहाए भया कज्जइ, पावमोक्खो त्ति मण्णमाणे अदुवा आसंसाए ।**

**શબ્દાર્થ :– आयबले** = બળવાન બનવા માટે, **णायबले** = જ્ઞાતિબળની વૃદ્ધિ માટે, **मित्तबले** = મિત્રબળ માટે, **पेच्चबले** = મર્યા પછી પરભવમાં બળવાન થવા માટે, **देवबले** = દેવબળ માટે, **रायबले** = રાજબળ માટે, **चोरबले** = ચોરબળ માટે, **अतिहिबले** = અતિથિબળ માટે, **किवणबले** = કૃપણબળ માટે, **समणबले** = શ્રમણબળ માટે, **कज्जेहिं** = કાર્યોથી, **दंडसमायाणं** = પ્રાણીઓને દંડ આપે છે, હિંસાનું આચરણ કરે છે, **भया** = ભયથી, **कज्जइ** = કરે છે, **पावमोक्खोत्ति** = અમે પાપથી મુક્ત થઈ જશું એમ, **मण्णमाणे** = માનતાં કોઈ, **आसंसाए** = ભાવીમાં શુભ ફળ મળે તે ભાવથી.

**ભાવાર્થ :–** તે પ્રમાદી તથા આસક્ત વ્યકિત સ્વજનો માટે ધન કમાવા અને તેની રક્ષા કરવા માટે રાતદિવસ, કાળ–અકાળ જોયા વિના પ્રયત્નશીલ રહે છે અને પરિતાપ પામે છે. તે કુટુંબ અને ધનાદિમાં લુબ્ધ બનીને, વિષયોમાં દત્ત ચિત્ત બનીને કર્તવ્ય અકર્તવ્યનો વિચાર કર્યા વિના નિર્ભયપણે સંસારમાં ચોરી–લૂંટફાટ કરે છે તથા છકાયના જીવોની વારંવાર હિંસા કરે છે.

તે આત્મબળ (શરીરબળ), જ્ઞાતિબળ, મિત્રબળ, પ્રેતબળ, દેવબળ, રાજબળ, ચોરબળ અતિથિબળ, કૃપણબળ અને શ્રમણ બળનો સંગ્રહ કરવા માટે, આવા અનેક પ્રકારના પ્રયોજનોથી હિંસાનું આચરણ કરે છે.

આ પ્રકારે શરીરબલ વૃદ્ધિ વગેરેની વિચારણાથી કે ભયભીત બની માનવ હિંસા કરે છે. કોઈ માનવ પાપથી મુક્ત થવા માટે અથવા તો કોઈ ગમતાં સુખોને પ્રાપ્ત કરવા માટે સાવદ્યાનુષ્ઠાન કરે છે.

## વિવેચન :–

આ સૂત્રમાં હિંસા કરનાર મનુષ્યની અંતરંગ વૃત્તિઓ તેમજ અનેક પ્રયોજનોનું સૂક્ષ્મ વિશ્લેષણ છે.

અર્થનો લોલુપ માનવી રાતદિવસ અંદરને અંદર બળે છે. તૃષ્ણાનો દાવાનળ તેને હંમેશાં દુઃખી અને પ્રજ્વલિત રાખે છે. તે અર્થલોભી બનીને ચોર, ખૂની તથા દુઃસાહસી–વિચાર્યા વિનાનું કામ કરનાર, ડાકુ આદિ બની જાય છે. માનવનું ચોર, ડાકુ, ખૂની આદિ બનવાનું મૂળ કારણ તૃષ્ણાની અધિકતા જ છે.

આ સૂત્રમાં હિંસાનાં અન્ય પ્રયોજનોની ચર્ચા છે.તેમાં વિવિધ પ્રકારના બળ વૃદ્ધિનું કથન છે તે બળ આ પ્રમાણે છે– (૧) **શરીર બળ**– શરીરની શક્તિ વધારવા માટે માંસ, મદિરાદિનું સેવન કરે છે. (૨) **જ્ઞાતિબળ**– પોતે અજેય બનવા માટે સ્વજન સંબંધીઓની સંખ્યા વધારે છે. સ્વજન સમૂહની શક્તિને પણ પોતાની શક્તિ માને છે. (૩) **મિત્રબળ**– ધન પ્રાપ્તિ તથા પોતાની પ્રતિષ્ઠા–માન–સન્માનાદિ, મનના સંતોષ માટે મિત્રોની સંખ્યા વધારે છે. (૪–૫) **પ્રેત્યબળ, દેવબળ**– પરલોકમાં સુખ પ્રાપ્ત કરવા માટે અથવા પ્રેતાત્મા–સામાન્ય જાતિના દેવો માટે તથા વિશેષ જાતિના દેવતાદિને પ્રસન્ન કરવા, તેની શક્તિ મેળવવા યજ્ઞ, પશુનો બલિ, પિંડદાન આદિ કરે છે. (૬) **રાજબળ**– રાજાનું સન્માન અને સહારો મેળવવા માટે કપટ પ્રવૃત્તિ કરે, દુશ્મન આદિને હરાવવા માટે સહાયક બને છે. (૭) **ચોરબળ**– ધન પ્રાપ્તિ અર્થે તથા પોતાની ધાક જમાવવા ચોર આદિ સાથે મિત્રતા કરે, સંબંધ રાખે. (૮–૯) **અતિથિબળ, કૃપણબળ,** (૧૦) **શ્રમણબળ**– અતિથિ એટલે મહેમાન, ભિક્ષુક આદિ, કૃપણ એટલે અનાથ, અપંગ, માગણ અને શ્રમણ આજીવક, શાક્ય તથા નિર્ગ્રંથને યશ, કીર્તિ અને ધર્મ–પુણ્યની પ્રાપ્તિ માટે દાન દે છે.

આ પ્રકારે સંસારનાં પ્રાણીઓ (૧) પોતાની તૃષ્ણા પૂર્તિ માટે (૨) બળવૃદ્ધિ માટે (૩) ભયથી (૪) સુખ અને લાભની આશાથી અને (૫) કેટલાક અજ્ઞાન દશાના કારણે અથવા ખોટા સંસ્કારના કારણે ધર્મ માટે કે પાપથી છૂટવા માટે પણ સાવદ્ય પ્રવૃત્તિઓ કરે છે. જેમ કે– યજ્ઞ, બલિ, હવન, પૂજન વગેરે માટે અગ્નિ, પાણી, ફૂલ, વનસ્પતિ અને ત્રસ પંચેન્દ્રિય પ્રાણીઓની પણ હિંસા કરે છે. આ પ્રમાણે આ સૂત્રમાં હિંસાના પ્રયોજનોનું સૂચન કરી આગળના સૂત્રમાં તેના ત્યાગની પ્રેરણા આપવામાં આવી છે.

**'સંપેહાએ'** શબ્દપ્રયોગના સ્થાને અન્ય પ્રયોગ પણ મળે છે. **સંપેહાએ**– વિવિધ પ્રકારથી ચિંતન કરીને, **સયં પેહાએ**– સ્વયં વિચાર કરીને, **સપેહાએ**– કોઈ વિચારના કારણે, કોઈપણ પ્રકારની આશાથી.

## દંડ ત્યાગ :–

**૫ तं परिण्णाय मेहावी णेव सयं एतेहिं कज्जेहिं दंडं समारंभेज्जा, णेव अण्णं एतेहिं कज्जेहिं दंडं समारंभावेज्जा, णेवण्णे एतेहिं कज्जेहिं दंडं समारंभंतेवि समणुजाणेज्जा । एस मग्गे आरिएहिं पवेइए, जहेत्थ**

**कुसले णोवलिंपेज्जासि त्ति बेमि ।**

**॥ बिइओ उद्देसो समत्तो ॥**

**શબ્દાર્થ :– एतेहिं** = આ પૂર્વોક્ત, **कज्जेहिं** = કાર્યો માટે, **णेव सयं दंडं समारंभेज्जा** = પોતે જીવોની હિંસા કરે નહિ, **अण्णं** = બીજા પાસે, **एस मग्गे** = આ માર્ગ, **आरिएहिं** = આર્યપુરુષોએ, **पवेइए** = પ્રરૂપ્યો છે, **जहेत्थ** = જેમાં, આ જીવહિંસારૂપ વ્યાપારમાં, **कुसले** = કુશળ પુરુષ, **णोवलिंपेज्जासि** = લેપાય નહિ.

**ભાવાર્થ :–** આ જાણીને પ્રબુદ્ધ પુરુષ ઉપરોક્ત કાર્યો માટે પોતે હિંસા કરે નહિ, બીજા પાસે હિંસા કરાવે નહિ અને હિંસા કરનારની અનુમોદના પણ કરે નહિ.

આ લોક વિજયનો–સંસાર તરવાનો માર્ગ આર્ય પુરુષોએ તીર્થંકરોએ કહ્યો છે. તેને સારી રીતે જાણીને, સમજીને કુશળ પુરુષ કર્મબંધનોથી લેપાય નહિ, સંસારમાં લેપાય નહીં. – એમ ભગવાને કહ્યું છે.

**॥ બીજો ઉદ્દેશક સમાપ્ત ॥**

**વિવેચન :–**

ઉદ્દેશકના અંતિમ સૂત્રમાં સૂત્રકારે પ્રજ્ઞાવાન સાધકોને સંદેશ આપ્યો છે કે પૂર્વ સૂત્રમાં દર્શાવેલ પાપ કરવાના બધા પ્રયોજનોને જાણીને, તેનો ત્યાગ કરવો જોઈએ. પાપ કાર્યો આત્માને દંડિત કરનારા છે માટે તેને 'દંડ' શબ્દથી દર્શાવેલ છે અને આ ઉપદેશને દઢ કરવા કહ્યું છે કે આ આદેશ તીર્થંકર પ્રભુનો છે તો કુશળ ચતુર પુરુષોએ સંસારમાં કે પાપકાર્યોમાં જોડાવું ન જોઈએ.

**સાર :–** સંયમી જીવનમાં અવસરના જ્ઞાતા સાધકને ક્યાંય પણ અસ્થિરતા આવી જાય તેમજ પરીષહાદિથી પરાજિત થવાનો યોગ આવે તો આયુષ્યની, યૌવનની ક્ષણભંગુરતા જાણી તીર્થંકરો દ્વારા પ્રરૂપિત, હિંસાદિથી રહિત આત્મ સુખાનુભૂતિના માર્ગ પર સાધક આત્મ સ્વરૂપમાં રમણતા કરે, બાહ્ય પદાર્થોમાં કે સંસારમાં રમણતાનો ત્યાગ કરે.

**॥ અધ્યયન–૨/૨ સંપૂર્ણ ॥**

## બીજું અધ્યયન : ત્રીજો ઉદ્દેશક

**ગોત્રમૂલક માન અપમાનનો ત્યાગ :–**

**१ से असइं उच्चागोए, असइं णीयागोए । णो हीणे, णो अइरित्ते । णो पीहए । इति संखाए को गोयावाई ? को माणावाई ? कंसि वा एगे**

**गिज्झे ? तम्हा पंडिए णो हरिसे, णो कुज्झे ।**

**શબ્દાર્થ :– से** = આ જીવ, **असइं** = અનેકવાર, **उच्चागोए** = ઊંચ ગોત્રમાં ઉત્પન્ન થયો છે, **णीयागोए** = નીચગોત્રને પામ્યો છે, **णो हीणे** = નીચ ગોત્રમાં કોઈ હીનતા નથી કે, **णो अइरित्ते** = ઊંચ ગોત્રમાં કોઈ વિશેષતા કે શ્રેષ્ઠતા નથી, **णो पीहए** = અભિલાષા–સ્પૃહા કરે નહિ, **इति** = આ પ્રમાણે, **संखाए** = જાણીને, **को(के)** = કોણ, **गोयावादी** = ગોત્રનો વાદ કરે, **को (के) माणावाई** = કોણ માન અપમાનનો વાદ કરે, **कंसि** = કયા સ્થાનમાં, **एगे गिज्झे** = કોણ આસક્ત થશે, અથવા લોભ કરશે ? **तम्हा** = માટે, **णो हरिसे** = ઊંચ ગોત્ર પામી હર્ષિત ન થાય, **णो कुज्झे** = નીચ ગોત્ર પામી દુઃખી ન થાય.

**ભાવાર્થ :–** આ જીવ અનેકવાર ઊંચગોત્ર, અનેકવાર નીચગોત્રને પામ્યો છે, તેથી કોઈ હીન નથી કે કોઈ ઊંચ નથી. આ જાણીને ઊંચ ગોત્રની ઈચ્છા કે આકાંક્ષા કરે નહિ.

આ તથ્યવાતને જાણી લીધા પછી કોણ ગોત્રવાદી–ગોત્રાભિમાની થશે ? કોણ માનવાદી થશે ? અર્થાત્ બળ આદિનું માન કરશે ? અને કોણ ગોત્રના વિષયમાં આસક્તિ કે અહંકાર કરશે ?

તેથી વિવેકશીલ પંડિત પુરુષ ઊંચગોત્ર મળે તો હર્ષ ન કરે અને નીચગોત્ર મળે તો દુઃખી ન થાય. ઊંચગોત્રના અહંમાં ફૂલાય નહિ અને નીચગોત્રમાં દીનતા કે મ્લાનતાને પ્રાપ્ત કરે નહિ.

**વિવેચન :–**

આ સૂત્રમાં આત્માની વિવિધ યોનિઓનું પરિભ્રમણ બતાવતાં કહ્યું છે કે વિવેકશીલ માનવ જાતિ, ગોત્ર આદિ અંગે અહંકાર કે હીનતાના ભાવો અનુભવે નહીં. અનાદિકાળથી કર્મના ઉદયાનુસાર પ્રાણીઓ સંસારમાં પરિભ્રમણ કરે છે. વિશ્વમાં એક પણ એવું સ્થાન નથી કે જ્યાં તેણે અનેકવાર જન્મ મરણ કર્યા ન હોય, કહ્યું છે કે–

**ण सा जाई न सा जोणी ण तं ठाणं ण तं कुलं ।**
**जत्थ ण जाओ मओ वावि एस जीवो अणंतसो ॥**

એવી કોઈ જાતિ, યોનિ, સ્થાન અને કુળ નથી કે જ્યાં આ જીવે અનંતવાર જન્મ, મરણ કર્યા ન હોય. ભગવતી સૂત્રમાં પણ કહ્યું છે કે– **एयंसि णं एमहालगंसि लोगंसि, णत्थि केई परमाणुपोग्गलमेत्ते वि पएसे, जत्थ णं अयं जीवे ण जाए वा ण मए वावि ।** – (ભગવતી સૂત્ર, શ.૧૨ ઉ.૭.) આ વિરાટ વિશ્વમાં પુદ્‌ગલ પરમાણુ જેટલો પણ કોઈ પ્રદેશ નથી કે જ્યાં આ જીવે જન્મ ધારણ કર્યો ન હોય કે મૃત્યુ પામ્યો ન હોય.

અહીં ઊંચગોત્ર, નીચગોત્રનું વર્ણન છે. અહીં ગોત્ર શબ્દનો અર્થ છે– "જે કર્મના ઉદયથી શરીરધારી આત્મા જે શબ્દોથી(સંસ્કારથી) ઓળખાય છે તે ગોત્ર છે" ઊંચ શબ્દ દ્વારા ઓળખવું તે

ઊંચગોત્ર છે. નીચ શબ્દ (નબળા સંસ્કાર)દ્વારા ઓળખવું તે નીચગોત્ર છે. તેનો સાર એ છે કે જે કુળની વાણી, વિચાર, સંસ્કાર અને વ્યવહાર સારા હોય તે ઊંચગોત્ર અને જે કુળના વાણી, વિચાર, સંસ્કાર અને વ્યવહાર સારા ન હોય તે નીચગોત્ર કહેવાય છે.

ગોત્રનો સંબંધ જાતિ સાથે નથી અથવા સ્પૃશ્યતા–અસ્પૃશ્યતા સાથે જોડવો તે પણ ભ્રમ છે. કર્મસિદ્ધાંતાનુસાર દેવગતિમાં ઊંચગોત્રનો ઉદય હોય છે. તિર્યંચ માત્રમાં નીચગોત્રનો ઉદય હોય છે. પરંતુ દેવગતિમાં પણ કિલ્વિષિક દેવ, ઊંચદેવોની દષ્ટિમાં નીચ અર્થાત્ અસ્પૃશ્ય(અસન્માનનીય) જેવા છે. જ્યારે તેનાથી વિરુદ્ધ કેટલાંક પશુ જેમ કે ગાય, ઘોડા, હાથી તથા કેટલાંક ઊંચ જાતિના કૂતરાં ઘણી જ સન્માનની દષ્ટિથી જોવાતા દેખાય છે. તે અસ્પૃશ્ય(હલકા) મનાતા નથી. જેમ ઊંચગોત્રમાં નીચ જાતિ હોય છે તેમ નીચ ગોત્રમાં પણ ઊંચ જાતિ હોય છે.

શાસ્ત્રકારે આ સૂત્રમાં જાતિમદ, ગોત્રમદ આદિને ખંડિત કરતાં એ સ્પષ્ટ કહ્યું છે કે આત્મા પોતે અનેકવાર ઊંચ–નીચગોત્રને પ્રાપ્ત થયો છે. વર્તમાને પણ તેવા ગોત્રને અનુભવી રહ્યો છે તો પછી કોણ ઊંચો ને કોણ નીચો ? ઊંચ–નીચની ભાવના કેવળ એક અહંકાર છે અને અહંકાર એ 'મદ' છે. 'મદ' એ નીચગોત્રના બંધનું મુખ્ય કારણ છે તેથી આ ગોત્રવાદ તેમજ માનવાદની ભાવનાથી મુક્ત બની જે તેમાં તટસ્થ રહે છે, સમત્વશીલ છે તે પંડિત કે બુદ્ધિમાન છે.

## પ્રાણીઓની કર્મજન્ય અવસ્થાઓ :–

**૨ भूएहिं जाण पडिलेह सायं । समिए एयाणुपस्सी । तं जहा– अंधत्तं बहिरत्तं मूयत्तं काणत्तं कुंटत्तं खुज्जत्तं वडभत्तं सामत्तं सबलत्तं । सह पमाए णं अणेगरूवाओ जोणीओ संधेइ, विरूवरूवे फासे पडिसंवेदेइ । से अबुज्झमाणे हतोवहते जाई–मरणं अणुपरियट्टमाणे ।**

**શબ્દાર્થ :– भूएहिं** = સર્વ પ્રાણીઓ માટે, **जाण** = જાણો, જાણ, જો, **पडिलेह** = વિચારો કે, **सायं** = તે સુખાભિલાષી છે, **समिए** = વિવેક સંપન્ન પુરુષ, **एयाणुपस्सी** = આ અવસ્થાઓને જુઓ.

**अंधत्तं** = અંધત્વ(આંધળાપણું), **बहिरत्तं** = બધિરત્વ(બહેરાપણું), **मूयत्तं** = મૂંગા પણું, **काणत्तं** = કાણાપણું, **कुंटत्तं** = પાંગળાપણું, ઠૂંઠાપણું, **खुज्जत्तं** = કુબડાપણું,, **वडभत्तं** = વામનપણું, **सामत्तं** = શ્યામપણું, **सबलत्तं** = કાબરાપણું, **पमाएणं सह** = પ્રમાદને કારણે, **अणेगरूवाओ** = અનેક પ્રકારની, **जोणीओ** = યોનિઓમાં, **संधेइ** = જન્મે છે, જાય છે, **विरूवरूवे फासे** = વિવિધ પ્રકારના સ્પર્શને–દુ:ખોને, **पडिसंवेदेइ** = સંવેદન કરે છે, **से अबुज्झमाणे** = તે અજ્ઞાની જીવ, **हतोवहते** = અનેક વ્યાધિઓથી પીડાય છે, **जाई– मरणं अणुपरियट्टमाणे** = વારંવાર જન્મ મરણના ચક્રમાં ભ્રમણ કરતો રહે છે.

**ભાવાર્થ :–** પ્રત્યેક જીવને સુખ પ્રિય છે, આ તું જો ! અને આના ઉપર સૂક્ષ્મદષ્ટિએ વિચાર કર. વિવેક

સંપન્ન પુરુષ જીવોની આ કર્મજન્ય અવસ્થાઓને જાણે અને તેનો વિચાર કરે, જેમ કે– અંધપણું, બહેરાપણું, મૂંગાપણું, કાણાપણું, ઠૂંઠા–પાંગળાપણું, કૂબડાપણું, ઠીંગણાપણું, કાળાપણું, (કદરૂપાપણું) આદિની પ્રાપ્તિ પ્રાણીઓને પોતાના પ્રમાદના કારણે થાય છે. તેઓ પોતાના પ્રમાદ કર્મના કારણે જ અનેક પ્રકારની યોનિઓમાં જાય છે અને ત્યાં વિવિધ પ્રકારનાં દુઃખોનો અનુભવ કરે છે.

તે પ્રમાદી પુરુષ આત્મસ્વરૂપને નહીં સમજતો, જન્મ મરણના ચક્રમાં પરિભ્રમણ કરતો, શારીરિક માનસિક પીડાઓથી પીડિત થાય છે.

**વિવેચન :–**

આ સંસારમાં દરેક પ્રાણીને સુખ સુવિધા અતિ પ્રિય છે છતાં પોતાના કર્મોના ઉદયે મનુષ્ય જીવનમાં પણ અંધત્વ આદિ વિવિધ અવસ્થાઓ થાય છે. કેટલાક મનુષ્ય આંધળા, બહેરા, મૂંગા હોય છે તો કેટલાક કાણા, કૂબડા કે ઠીંગણા હોય છે. કેટલાક માનવ કાળા, કાબર ચીતરા હોય છે અને કેટલાક હાથપગથી અપંગ તથા હીનાંગ હોય છે.

આ બધી અવસ્થાઓ પ્રાણી પોતાના પ્રમાદાચરણથી સંગ્રહ કરેલાં કર્મોના કારણે પ્રાપ્ત કરે છે અને ફરી કર્મ બાંધી અનેક યોનિઓમાં ભટકતા અનેક કષ્ટો ભોગવે છે.

આ વર્ણન કરી શાસ્ત્રકાર સમજાવે છે કે જો તમોને સુખની ઈચ્છા હોય તો પ્રમાદાચરણનો ત્યાગ કરી કર્મ બાંધવાના કાર્યોને છોડો અર્થાત્ પાપકાર્યોનો ત્યાગ કરી તપ–સંયમનું આચરણ કરો.

**સુખભોગમાં આસક્ત–અનાસક્ત :–**

**३** **जीवियं पुढो पियं इहमेगेसिं माणवाणं खेत्त–वत्थु ममायमाणाणं । आरत्तं विरत्तं मणिकुंडलं सह हिरण्णेण इत्थियाओ परिगिज्झ तत्थेव रत्ता । ण एत्थ तवो वा दमो वा णियमो वा दिस्सइ । संपुण्णं बाले जीविउकामे लालप्पमाणे मूढे विप्परियासमुवेइ ।**

**इणमेव णावकंखंति जे जणा धुवचारिणो । जाई–मरणं परिण्णाय चरे संकमणे दढे ।**

**શબ્દાર્થ :–** **इह** = આ જગતમાં, **पुढो** = પ્રત્યેક જીવને **जीवियं** = અસંયમ જીવન, **पियं** = પ્રિય લાગે છે, **एगेसिं माणवाणं** = કેટલાક મનુષ્યોને, **खेत्त–वत्थु–ममायमाणाणं** = ખેતર, મકાન, વગેરેમાં મમત્વ રાખનારાને, **आरत्तं विरत्तं** = રંગ બેરંગી વસ્ત્રો, **मणि–कुंडलं** = મણિઓ અને કાનના કુંડલો, **हिरण्णेण सह इत्थियाओ** = સુવર્ણથીઅલંકૃત સ્ત્રીઓને, **परिगिज्झ** = ગ્રહણ કરીને, **तत्थेव रत्ता** = તેમાં જ આસક્ત રહે છે, **एत्थ** = આ સંસારમાં, **तवो** = ઉપવાસ વગેરે તપ, **दमो** =

ઈન્દ્રિયનિગ્રહ, સમભાવ, **णियमो** = સંયમ–અહિંસાદિ વ્રત, **ण दिस्सइ** = કંઈપણ ફળ જોવા મળતું નથી, **संपुण्णं** = ભોગ સામગ્રીથી સંપન્ન તે પુણ્ય સંપન્ન, **जीविउकामे** = અસંયમી જીવનનો કામી, **लालप्पमाणे** = લાલાયિત થતો, **मूढे** = તે મૂઢ જીવ, **विप्परियासमुवेइ** = દુઃખની વિપરીત અવસ્થાઓ પ્રાપ્ત કરે છે, આત્માની વિપરીત અવસ્થાઓ પ્રાપ્ત કરે છે, **इणमेव** = આ જ સાંસારિક ભોગોની, **णावकंखंति** = ઈચ્છા કરતા નથી, **जणा** = મનુષ્ય, **धुवचारिणो** = ધ્રુવચારી– મોક્ષપ્રાપ્તિ માટે ગમન કરનારા અર્થાત્ સંયમનું સમાચરણ કરનારા, સમ્યગ્ચારિત્રવાન મુમુક્ષુ, **दढे** = દઢતા પૂર્વક, **संकमणे** = સંયમમાં, **चरे** = વિચરે છે.

**ભાવાર્થ :–** જમીન–મકાનાદિમાં મમત્વ રાખનાર કેટલાક મનુષ્યોને અસંયમી જીવન જ પ્રિય લાગે છે. તે રંગ–બેરંગી વસ્ત્રો તેમજ મણિ કુંડલ અને સુવર્ણ આદિથી અલંકૃત સ્ત્રીઓને ગ્રહણ કરીને તેમાં અનુરક્ત રહે છે અને એવું માને છે કે આ લોકમાં તપ, દમ, નિયમ વગેરેનું પાલન ફળદાયી દેખાતું નથી.

તે અજ્ઞાની જીવ ભોગ સામગ્રીથી યુક્ત વૈભવી જીવન જીવવાની ઈચ્છા રાખે છે. વારંવાર તેની જ તે અભિલાષા કરે છે. તેવા ભોગમય જીવનના પરિણામે તે વિવેક વિકલ થઈને વિપર્યાસ–સુખના બદલે દુઃખ ને જ પ્રાપ્ત કરે છે, તે પોતાની ઈચ્છા વિરૂદ્ધ ફળને પ્રાપ્ત કરે છે.જે વ્યક્તિ ધ્રુવચારી– શાશ્વત સુખના કેન્દ્રરૂપ મોક્ષ તરફ ગતિશીલ હોય છે અર્થાત્ સંયમશીલ છે તેઓ આવું વિરોધાત્મક જીવન ઈચ્છતા નથી. તે જન્મ મરણના ચક્રને જાણીને દઢતાપૂર્વક મોક્ષના માર્ગરૂપ સંયમમાં અગ્રસર રહે છે.

## વિવેચન :–

આ સંસારમાં બે પ્રકારનાં પ્રાણીઓ હોય છે. જ્ઞાની અને અજ્ઞાની અથવા સંસારમાં આસક્ત અને વિરક્ત.

પ્રથમ પ્રકારના અજ્ઞાની કે આસક્ત જીવો વર્તમાનમાં ઉપલબ્ધ પૌદ્‌ગલિક સુખોને જ સર્વસ્વ સમજે છે. ભવિષ્યના વિચાર માટે તેઓની બુદ્ધિ કુંઠિત હોય છે. તેઓ વિષયભોગ, સ્ત્રીઓ, ધનવૈભવ, મોજશોખ વગેરેને જીવનનું લક્ષ્ય માને છે. પુદ્‌ગલાનંદી જીવો ધર્મ, કર્મ કે મોક્ષને માનતા જ નથી. સંસારમાં આસક્ત માનવીનું ભવિષ્ય અંધકારમય હોય છે કારણ કે ચક્રવર્તીના સુખભોગ પણ તેને દુર્ગતિદાયક જ હોય છે. તે રોગ કે મૃત્યુના સમયે અત્યંત દુઃખી થઈ જાય છે. ધર્મભાવના અભાવે તેઓને સદ્‌બુદ્ધિ જાગતી નથી. અંતે તેઓ દુર્ગતિના મહેમાન થઈ દુઃખ ભોગવે છે. પૂર્વ સૂત્રમાં દર્શાવેલ આંધળા, મૂંગા, બહેરા આદિ અવસ્થાઓ પ્રાપ્ત કરે છે. ત્યારે બીજા પ્રકારના જ્ઞાની અને વિરક્ત જીવો વિવેકબુદ્ધિથી સંપન્ન હોય છે. તેઓ યથાસમય ધર્માચરણ આચરી, સંયમ અંગીકાર કરે છે. તેઓ જન્મ મરણના ચક્ર અને સંસારના દુઃખોને સારી રીતે સમજીને વર્તમાન સુખોમાં આસક્ત થતા નથી. મનુષ્યભવને મહામૂલો અવસર માની તેઓ આત્મકલ્યાણ સાધવા મોક્ષમાર્ગને અંગીકાર કરે છે અને દઢતા સાથે તપ સંયમમાં જ પુરુષાર્થ કરે છે. આ પ્રકારે તેઓ પોતાને મળેલા માનવ જીવનને ધન્ય બનાવે છે.

આ બંને પ્રકારના જીવોની અવસ્થાને સમજીને દરેક સુખના અભિલાષી માનવે પોતાના જીવન

કર્તવ્યનો વિવેકથી નિર્ણય કરવો જોઈએ અને શક્તિ અનુસાર ધર્માનુષ્ઠાનમાં જોડાવું જોઈએ.

**મરણ નિશ્ચિત – જીવન પ્રિય :–**

**૪ णत्थि कालस्स णागमो । सव्वे पाणा पियाउया सुहसाया दुक्खपडिकूला अप्पियवहा पियजीविणो जीविउकामा । सव्वेसिं जीवियं पियं ।**

**શબ્દાર્થ :– कालस्स णागमो णत्थि** = કાળ ક્યારે ય ન આવે એવું નથી, **पियाउया** = આયુષ્ય પ્રિય છે, **सुहसाया** = સુખ અનુકૂળ હોય છે, **दुक्खपडिकूला** = દુઃખ પ્રતિકૂળ હોય છે, **अप्पियवहा** = બધાને વધ અપ્રિય છે, **पियजीविणो** = જીવન વહાલું છે, **जीविउकामा** = જીવવાના કામી છે, જીવવાની ઈચ્છાવાળા છે, **सव्वेसिं जीवियं पियं** = સર્વને જીવન પ્રિય છે.

**ભાવાર્થ :–** કાળ ન આવે એવું કયારે ય હોતું નથી, મૃત્યુ નિશ્ચિત સમયે આવવાનું જ છે. સર્વ જીવોને આયુષ્ય પ્રિય છે. સર્વને સુખ અનુકૂળ અને દુઃખ પ્રતિકૂળ લાગે છે, સર્વને મૃત્યુ અપ્રિય છે, જીવન પ્રિય છે. સર્વ જીવવાની ઈચ્છા રાખે છે. સર્વને જીવન પ્રિય લાગે છે.

**વિવેચન :–**

દરેક પ્રાણીને સુખ અને જીવન પ્રિય હોય છે. આ સિદ્ધાંત આ સૂત્રમાં વિવિધ શબ્દોના માધ્યમે દર્શાવેલ છે. તેમાં શાસ્ત્રકારનો આશય એ છે કે પ્રત્યેક પ્રાણીને સુખ ગમે છે, દુઃખ ગમતું નથી. જીવવું ગમે છે, મરવું ગમતું નથી. જીવવા માટે કે મરણથી બચવા માટે જીવો અનેક પ્રકારના પ્રયત્નો કરતા રહે છે, તેથી આત્મહિતેચ્છુકોએ કોઈ પણ જીવને દુઃખી કરવો જોઈએ નહીં, કોઈની હિંસા કરવી નહીં. પોતાના જીવન કે સુખ માટે પણ બીજાની હિંસા કરવી નહીં કારણ કે એક દિવસ મરવું સહુને નિશ્ચિત જ છે. **णत्थि कालस्स णागमो ।** મૃત્યુ કોઈને ન આવે એવું તો બને નહીં. **ग्रहित इव केशेषु मृत्युना धर्ममाचरेत् ।** મરણને યાદ રાખીને અહિંસા અને ધર્મનું આચરણ કરી જીવન સફળ બનાવવું જ જોઈએ.

**ધનની વૃદ્ધિ અને તેની ગતિ :–**

**૫ तं परिगिज्झ दुपयं चउप्पयं अभिजुंजियाणं संसिंचियाणं तिविहेण जा वि य से तत्थ मत्ता भवइ अप्पा वा बहुगा वा । से तत्थ गढिए चिट्ठइ भोयणाए ।**

**तओ से एगया विप्परिसिट्ठं संभूयं महोवगरणं भवइ । तं पि से एगदा दायादा वा विभयंति, अदत्तहारो वा से अवहरइ, रायाणो वा से विलुंपंति, णस्सइ वा से, विणस्सइ वा से अगारदाहेण वा से डज्झइ । इति**

**से परस्सऽट्ठाए कूराइं कम्माइं बाले पकुव्वमाणे तेण दुक्खेण मूढे विप्परियासमुवेइ ।**

**શબ્દાર્થ :– तं परिगिज्झ** = અસંયમ જીવનનો સ્વીકાર કરીને, **दुपयं चउप्पयं** = દ્વિપદ, ચતુષ્પદને, **अभिजुंजियाणं** = કામમાં લગાડીને, **संसिंचियाणं** = ધનની વૃદ્ધિ કરે, **तिविहेण** = મન, વચન અને કાયા ત્રણ યોગથી, **जा वि** = જે કંઈ પણ, **से** = તે (ધનની), **मत्ता भवइ**= માત્રા હોય છે, **अप्पा वा बहुगा वा** = થોડી કે ઘણી, **चिट्ठइ** = રહે છે, **भोयणाए** = ભોગવવા માટે.

**तओ** = ત્યાર પછી, **से एगया** = તે કોઈવાર, **विपरिसिट्ठं** = ભોગવતા બચેલી સંપત્તિ, **संभूयं भवइ** = ભેગી થાય છે, **महोवगरणं** = પુષ્કળ સંગ્રહ થાય, **तं पि** = તે સંપત્તિને પણ, **दायादा** = પૈતૃક સંપત્તિના ભાગીદાર, **विभयंति** = વહેંચી લે છે, **अदत्तहारो** = ચોર, **अवहरइ** = ચોરી લે છે, **रायाणो** = રાજા, **विलुंपंति** = છીનવી લે છે, **णस्सइ** = નાશ પામે છે, **विणस्सइ** = વિશેષરૂપે નાશ પામે છે, **अगारदाहेण** = ઘરમાં આગ લાગવાથી, **डज्झइ** = બળી જાય છે, **इति** = આ પ્રમાણે, **से** = તે, **परस्स अट्ठाए** = બીજા માટે, **कूराइं कम्माइं** = ક્રૂર કર્મ, **पकुव्वमाणे** = કરતો, **तेण दुक्खेण** = તે પાપથી ઉત્પન્ન થયેલ દુઃખથી, **विप्परियासमुवेइ** = કર્તવ્યાકર્તવ્યના વિવેકથી હીન થઈ જાય છે.

**ભાવાર્થ :–** પરિગ્રહમાં આસક્ત બનેલ માનવી નોકર ચાકરાદિ બેપગા અને પશુ આદિ ચોપગાનું પરિગ્રહણ કરીને, તેઓનો ઉપયોગ કરે છે. તેઓને કાર્યમાં જોડી પછી ધનનો સંગ્રહ કરે છે. ત્રણે ય યોગના પ્રયત્નથી તેની પાસે થોડું કે ઘણું ધન એકત્રિત થઈ જાય છે. તે ધનના ભોગોપભોગમાં તે આસક્ત થાય છે. ત્યાર પછી ક્યારેક ભોગવતાં બચેલી તે સંપત્તિ સંગ્રહિત થતાં તે ઋદ્ધિ સંપન્ન બની જાય છે.

ક્યારેક સંગ્રહિત ધનનો સ્વજન સંબંધી ભાગ પાડી લે છે, ચોર ચોરી જાય છે, રાજા લઈ લે છે, તે ધનરાશિમાં નુકશાન થઈ જાય છે, સર્વથા વિનષ્ટ થઈ જાય છે તો ક્યારેક ઘરમાં આગ લાગવાથી તે બળીને રાખ થઈ જાય છે. આ રીતે તે અજ્ઞાની જીવ બીજાને માટે ક્રૂર કર્મો કરીને પોતે દુઃખ ઉત્પન્ન કરે છે. જેથી મૂઢ બનીને કર્તવ્યાકર્તવ્યના વિવેકથી હીન થઈ જાય છે.

## વિવેચન :–

ધનના નાશની અનેક રીત છે, જેમ કે (૧) પાપથી સંચિત અથવા પુણ્યની પ્રબળતાથી ઉપલબ્ધ થયેલી સંપત્તિ ભાઈબંધુ, ભાગીદારો વહેંચી લે (૨) ચોર લૂંટારા તેને લૂંટી લે (૩) રાજા–અધિકારીગણ લઈ લે (૪) ઘરના સભ્યો સંપત્તિને ખર્ચી નાખે, (૫)ધાડ પડવાથી સંપત્તિ ચાલી જાય (૬) પાણી, ધરતીકંપથી સંપૂર્ણ સંપત્તિનો નાશ થઈ જાય (૭) અગ્નિથી સંપૂર્ણ ઘર જ બળી જાય ઈત્યાદિ પ્રકારે ભેગી કરેલી સંપત્તિ નષ્ટ થઈ શકે છે અને છેલ્લે મરણ પછી તો સંપૂર્ણ સંપત્તિ અહીં જ રહી જાય છે પરંતુ તેને મેળવવા માટે કરેલાં પાપથી સંચિત કર્મ સાથે જ જાય છે. સંચિત કર્મને કોઈ લઈ શકતું નથી. તે સંચિત કર્મ અનેક અવસ્થાઓ, કષ્ટોનો અનુભવ કરાવે છે.

માટે ધન સંગ્રહ કરનારાઓએ બિનજરૂરી ધન સંગ્રહમાં વિવેક અને અંકુશ રાખવો અત્યંત

આવશ્યક છે. ધન આદિ મેળવવાની ઈચ્છારૂપ લોભ અને પ્રાપ્તિના સંગ્રહરૂપ પરિગ્રહસંજ્ઞાને સીમિત કરવી જોઈએ.

**तिविहेण :–** (૧) મન, વચન, કાયા આ ત્રણે ય યોગોથી (૨) પોતાના, બીજાના અને બંનેના સહયોગથી (૩) પૂર્વ મૂડી, શ્રમ અને વિવેકબુદ્ધિ આ ત્રણે ય. આ રીતે **तिविहेण** ના વિભિન્ન અર્થ કરાય છે. આગમમાં જ્યાં **तिविहं तिविहेणं** પ્રયોગ મળે છે ત્યાં **तिविहेण** શબ્દ ત્રણ યોગના અર્થમાં પ્રયુક્ત થયો છે, તેથી અહીં મુખ્યત્વે ત્રણ યોગનો અર્થ સ્વીકાર કર્યો છે.

**णस्सइ–विणस्सइ :–** (૧) કંઈક નુકશાન અને વધારે નુકશાન (૨) વ્યાપારમાં હાનિ અને જળમાં ડૂબી જાય.

### સંસાર પ્રવાહના અપારગામી :–

**૬ मुणिणा हु एयं पवेइयं । अणोहंतरा एते, णो य ओहं तरित्तए । अतीरंगमा एते, णो य तीरं गमित्तए । अपारंगमा एते, णो य पारं गमित्तए । आयाणिज्जं च आदाय तम्मि ठाणे ण चिट्ठइ । वितहं पप्प अखेयण्णे तम्मि ठाणम्मि चिट्ठइ ।**

**શબ્દાર્થ :– मुणिणा** = તીર્થંકર પ્રભુએ, મુનિએ, **एयं पवेइयं** = આ પ્રરૂપેલ છે, **अणोहंतरा** = સંસાર સાગરને પાર કર્યો નથી, **एते** = તે, **ओहं तरित्तए णो** = સંસાર સાગરને પાર કરવામાં સમર્થ નથી, **अतीरंगमा**= સંસાર સાગરના કાંઠે ગયા નથી, **तीरं गमित्तए णो** = કિનારે જવામાં સમર્થ નથી, **अपारंगमा** = સંસાર સાગરને પાર પામ્યા નથી, **पारं गमित्तए णो** = પાર થવામાં સમર્થ નથી.

**आयाणिज्जं च आदाय** = સંયમને કે સંયમના અવસરને પ્રાપ્ત કરીને પણ, **तम्मि ठाणे** = તેમાં તે સર્વજ્ઞોક્ત માર્ગમાં, **ण चिट्ठइ** = સ્થિર થતા નથી, ઉપસ્થિત થતા નથી, સંયમ સ્વીકાર કરતા નથી, **वितहं** = અસંયમ માર્ગનો, અસત્ય માર્ગનો, **पप्प** = આશ્રય લઈને, સંયોગ મળતા, **अखेयण्णे** = અકુશળ પુરુષ, **तम्मि ठाणम्मि** = તે સ્થાનમાં, **चिट्ठइ** = રહી જાય છે, સ્થિર થઈ જાય છે.

**ભાવાર્થ :–** ભગવાને કહ્યું છે કે– તે સાધક સંસારના પ્રવાહને તર્યા નથી અને તરવામાં સમર્થ પણ નથી. તે સંસારના કિનારે પહોંચ્યા નથી અને કિનારે પહોંચવામાં સમર્થ પણ નથી. તે સંસારને પાર પામ્યા નથી અને પાર પામવા સમર્થ પણ નથી કે જે સાધક આદાનીય–સંયમમાર્ગ પ્રાપ્ત કરીને પણ તે સ્થાનમાં સ્થિર રહેતા નથી પરંતુ સંયમ વિપરીત સંયોગો મળતા પોતાની મૂઢતાના કારણે તેમાં ઢળી જાય છે, તેમાં સ્થિર થઈ જાય છે.

### વિવેચન :–

આ સૂત્રના બે પ્રકારે અર્થ થાય છે– ભોગાસક્ત જીવોની અપેક્ષાએ અને સંયમમાં અસ્થિર બનેલ સાધકની અપેક્ષાએ. (૧) પૂર્વોક્ત ભોગાસક્ત પ્રાણી સંસાર પ્રવાહને તર્યા નથી અને એવી વૃત્તિથી

તરી શકતા નથી. તે પ્રમાણે અતીરંગમ અને અપારંગમનો અર્થ સમજવો. તે પ્રાણીઓ સંયમ પ્રાપ્તિનો સંયોગ પ્રાપ્ત થતા તેને સ્વીકારતા નથી પરંતુ અસત્ માર્ગમાં સ્થિર રહે છે. (૨) જે સાધકો સંયમને પ્રાપ્ત કરીને તેમાં સ્થિર રહેતા નથી પરંતુ સંયમ વિપરીત સંયોગોમાં ફસાઈને સંયમથી ચ્યુત થઈ જાય છે, તે સાધકો સંસાર પ્રવાહને તર્યા નથી અને એવી પરિણતિના કારણે તરી શકતા પણ નથી તેમજ તીરને પ્રાપ્ત થયા નથી અને થઈ શકતા પણ નથી. સંસારને પાર પામ્યા નથી અને પાર પામી શકશે પણ નહીં.

આ બંને પ્રકારના અર્થનો સંકેત વ્યાખ્યાકારે પણ કરેલ છે. તાત્પર્ય એ છે કે પહેલાં અર્થમાં પૂર્વ સૂત્ર સાથે સંબંધ કરી અર્થ ઘટિત કરેલ છે અને બીજા અર્થમાં પૂર્વ સૂત્ર સાથે સંબંધ ન જોડતાં સૂત્રનો અન્વય કરી અર્થ ઘટિત કર્યો છે.

**आयाणिज्जं च आदाय :–** આ વાક્યના બે અર્થ છે– (૧) સંયમ ગ્રહણનો અવસર પ્રાપ્ત કરીને પણ તે સંયમ માર્ગમાં ઉપસ્થિત થતા નથી અર્થાત્ સંયમ સ્વીકારતા નથી. (૨) સંયમ સ્વીકારી લે તો પણ તેમાં સ્થિરતાથી રહેતા નથી.

**अखेयण्णे :–** (અક્ષેત્રજ્ઞ) અજ્ઞાની છે, મૂઢ છે તે અસત્ય માર્ગનો આધાર લઈ, તે સ્થાન (સંસાર)માં રહે છે. **अखेयण्णो अपंडिओ से तेहिं चेव संसारट्ठाणे चिट्ठइ**– ચૂર્ણિ.

## બોધની પાત્રતા :–

**૭ उद्देसो पासगस्स णत्थि । बाले पुण णिहे कामसमणुण्णे असमियदुक्खे दुक्खी दुक्खाणमेव आवट्टं अणुपरियट्टइ । त्ति बेमि ।**

**॥ तइओ उद्देसो समत्तो ॥**

**શબ્દાર્થ :– उद्देसो** = નિર્દેશ, ઉદ્દેશ્ય, ઉપદેશ, **पासगस्स** = પ્રબુદ્ધ જ્ઞાનવાન માટે, **पुण** = અને, **णिहे** = રાગદ્વેષથી મોહિત અને કષાયોથી પીડિત, **कामसमणुण्णे** = કામભોગોમાં તન્મય, **असमियदुक्खे** = અનુપશાંત દુઃખી, **दुक्खी** = શારીરિક, માનસિક દુઃખોથી પીડિત, **दुक्खाणमेव** = દુઃખોના જ, **आवट्टं** = ચક્રમાં, **अणुपरियट्टइ** = પરિભ્રમણ કરતો રહે છે.

**ભાવાર્થ :–** પૂર્વ સૂત્રોક્ત અતીરંગમ વગેરે સર્વ નિર્દેશ કે ઉપદેશ પ્રબુદ્ધ પુરુષો માટે નથી પરંતુ અજ્ઞાની કે અખેદજ્ઞ સાધકો માટે છે. તે રાગ યુક્ત અને વિષય ભોગોમાં આસક્ત હોય છે તેથી તેનાં દુઃખ ઉપશાંત થતાં નથી, એવાં દુઃખી પ્રાણી દુઃખોનાં ચક્રમાં જ પરિભ્રમણ કરતા રહે છે. – એમ ભગવાને કહ્યું છે.

**॥ ત્રીજો ઉદ્દેશક સમાપ્ત ॥**

## વિવેચન :–

**पासगस्स :–** જ્ઞાનીઓ માટે, પ્રબુદ્ધ પુરુષો માટે, સમ્યગ્ દષ્ટાઓ માટે, આત્મદષ્ટાઓ માટે, વિવેકદષ્ટિ રાખનારાઓ માટે અથવા સંયમનો સ્વયં ખ્યાલ રાખનારાઓ માટે.

આ સૂત્રમાં તત્ત્વજ્ઞ અને અતત્ત્વજ્ઞ, આ બે પ્રકૃત્તિઓનું ચિત્ર બતાવ્યું છે. તત્ત્વજ્ઞ કે પ્રબુદ્ધ પુરુષોને ઉપદેશની આવશ્યકતા નથી કારણ કે તે વિષય વાસનાના દુઃખદ ફળને સારી રીતે જાણે છે. તેનાથી તે નિવૃત્ત થઈ ગયા છે. તે પોતાની સાધનામાં હંમેશાં જાગૃત છે, તેથી પાપકર્મ બાંધતા નથી અને દુઃખના પ્રવાહમાં વહેતા નથી.

જે વાસનાના દુઃખને જાણતા નથી તે અજ્ઞાની દુઃખોને ઉપશાંત કરવા વિષય ભોગોનું આસેવન કરે છે. ગરમીમાં રમતો બાળક પસીનાથી તરબતર થઈ ઘરમાં આવે અને વસ્ત્રોને ઉતારી નિર્વસ્ત્ર બની પસીનાને સૂકવવા તાપમાં ઊભો રહે છે. તે સમજે છે કે ભીના વસ્ત્રો જેમ તડકામાં સુકાઈ જાય છે તેમ મારો પસીનો સુકાય જશે પરંતુ પરિણામ તેનાથી વિપરીત આવે. પસીનો સુકાવાના બદલે વધુ વળે છે. અજ્ઞાની જીવની પણ આ જ સ્થિતિ છે. તે ભોગોથી દુઃખ દૂર કરવા પ્રયત્ન કરે છે પરંતુ દુઃખ દૂર થવાને બદલે દુઃખ વધે છે. દુઃખનું મૂળ કારણ રાગદ્વેષ, આસક્તિ તેમજ મોહ છે. તેથી દુઃખોની તેમજ જન્મ મરણની પરંપરામાં અભિવૃદ્ધિ થાય છે. આ સમજીને સાધકે ભોગોથી હંમેશાં દૂર રહેવું જોઈએ.

**॥ અધ્યયન–૨/૩ સંપૂર્ણ ॥**

## બીજું અધ્યયન : ચોથો ઉદ્દેશક

**રોગાક્રાંત વ્યક્તિની દશા :–**

**१** **तओ से एगया रोगसमुप्पाया समुप्पज्जंति । जेहिं वा सद्धिं संवसइ ते वा णं एगया णियगा पुव्विं परिवयंति, सो वा ते णियगे पच्छा परिवएज्जा । णालं ते तव ताणाए वा सरणाए वा, तुमं पि तेसिं णालं ताणाए वा सरणाए वा । जाणित्तु दुक्खं पत्तेयं सायं । भोगामेव अणुसोयंति, इहमेगेसिं माणवाणं ।**

**तिविहेण जा वि से तत्थ मत्ता भवइ अप्पा वा बहुगा वा । से तत्थ गढिए चिट्ठइ भोयणाए ।**

**तओ से एगया विप्परिसिट्ठं संभूयं महोवगरणं भवइ तं पि से एगया दायादा वा विभयंति अदत्तहारो वा से अवहरइ, रायाणो वा से विलुंपंति, णस्सइ वा से, विणस्सइ वा से, अगारदाहेण वा से डज्झइ । इति से परस्स अट्ठाए कूराइं कम्माइं बाले पकुव्वमाणे तेण दुक्खेण मूढे विप्परियासमुवेइ ।**

**શબ્દાર્થ :–** परिवयंति, परिवएज्जा = અવહેલના, નિંદા કરે છે, जाणित्तु = જાણીને, पत्तेयं =

પ્રત્યેક પ્રાણીને, **सायं दुक्खं** = સુખ અને દુઃખ ભોગવવા પડે છે. **भोगामेव** = = ભોગોનો જ, **अणुसोयंति** = વિચાર, શોક કરે છે, **इहमेगेसिं** = આ સંસારમાં કેટલાક, **माणवाणं** = મનુષ્યોને.

**ભાવાર્થ :–** ક્યારેક કોઈ સમયે માનવના શરીરમાં અનેક પ્રકારના રોગો ઉત્પન્ન થાય છે. ત્યારે તે જે સ્વજન–સ્નેહીઓની સાથે રહે છે તે જ સ્નેહીઓ રોગ આદિના કારણે તેની નિંદા–અવહેલના કરવા લાગે છે, પછી તે પણ દુઃખી થઈને તેઓની નિંદા–અવહેલના કરે છે માટે શાસ્ત્રકાર કહે છે– હે પુરુષ ! સ્વજનાદિ તારું રક્ષણ કરવામાં કે તને શરણ દેવામાં સમર્થ નથી અને તું પણ તેનું રક્ષણ કરવામાં કે શરણ દેવામાં સમર્થ થઈ શકતો નથી. દુઃખ અને સુખ પ્રત્યેક આત્માના પોત પોતાનાં છે, તે જાણીને કુટુંબીજનો પર સમભાવ રાખવો જોઈએ. આવી દુઃખની સ્થિતિમાં પણ કેટલાક મનુષ્યો સદા સુખોપભોગની જ ચિંતા કરે છે.

ત્રણે ય યોગના પ્રયત્નથી તેની પાસે થોડું કે ઘણું ધન એકત્રિત થઈ જાય છે. ધનના ભોગોપભોગમાં તે આસક્ત થાય છે. ત્યાર પછી ક્યારેક ભોગવતાં બચેલી તે સંપત્તિ સંગ્રહિત થતાં તે ઋદ્ધિ સંપન્ન બની જાય છે. કયારેક સંગ્રહિત ધનને સ્વજન સંબંધી વહેંચી લે છે, ચોર ચોરી જાય છે, રાજા લઈ લે છે, તે ધનરાશિનું નુકશાન થાય છે, સર્વથા વિનષ્ટ થાય છે અથવા તો કોઈવાર આગ લાગવાથી તે બળી જાય છે. આ રીતે તે અજ્ઞાની જીવ બીજાને માટે ક્રૂર કર્મો કરીને પોતે દુઃખ ઉત્પન્ન કરે છે અને તેનાથી મૂઢ બનીને વિપર્યાસતાને પ્રાપ્ત થાય છે.

## વિવેચન :–

**जाणित्तु दुक्खं पत्तेयं सायं :–** પ્રત્યેક પ્રાણીને સુખ અને દુઃખ બંને હોય છે. સંસારમાં એકાંત સુખી કે એકાંત દુઃખી કોઈ હોતા નથી, કારણ કે આઠ કર્મ દરેકને હોય છે. તેમાં પુણ્ય પ્રકૃતિ પણ છે અને પાપ પ્રકૃતિ પણ છે. સમસ્ત પ્રાણીઓ પોતાનાં કર્મના ઉદયે સુખી કે દુઃખી હોય છે.

**भोगामेव अणुसोयंति :–** રોગાક્રાંત હોવા છતાં આ સંસારના અજ્ઞાની પ્રાણીઓ માત્ર સુખ ભોગોની વિચારણામાં જ લીન રહે છે. તેઓ બ્રહ્મદત્ત ચક્રવર્તીની જેમ શોક કરે છે કે મારી પાસે સર્વ સુખસામગ્રી છે છતાં રોગના કારણે તેનો ઉપભોગ કરી શકતો નથી અર્થાત્ આત્મ કલ્યાણ સાધવાની તેઓને કોઈ વિચારણા હોતી નથી.

એવા પ્રાણી સુખ ભોગ માટે ધન સંગ્રહ કરીને અંતે તે ધનને તથા તે ક્ષણિક સુખોને છોડીને ભવભ્રમણનાં દુઃખો પ્રાપ્ત કરે છે.

આ સૂત્રના પ્રારંભના સૂત્રાંશ પૂર્વે આ અધ્યયનમાં આવી ગયા છે તેમ છતાં સ્નેહીજનો, કુટુંબીજનો ધન– દોલત શરણરૂપ નથી, રક્ષણરૂપ નથી, તેવું સમજાવવા તથા આ દુનિયાની વસ્તુઓ કે વ્યકિતઓથી અનાસકત બનવા સૂત્રકારે વાંરવાર તેનું સૂચન કર્યું છે.

## આશા અને સ્વચ્છંદતાનો ત્યાગ :–

**૨ आसं च छंदं च विगिंच धीरे । तुमं चेव तं सल्लमाहट्टु । जेण सिया तेण णो सिया । इणमेव णावबुज्झंति जे जणा मोहपाउडा ।**

**શબ્દાર્થ :– आसं च छंद च** = આશા અને ભોગની ઈચ્છાને, **विगिंच** = છોડીદો, **धीरे** = હે ધીર પુરુષ! **तुमं चेव** = તું પોતે જ, **तं सल्लं** = ભોગની આશારૂપ શલ્યને, **आहट्टु** = હૃદયમાં રાખીને દુઃખ ભોગવે છે, **जेण सिया** = જે ઉપાયથી ભોગની પ્રાપ્તિ થાય છે, **तेण णो सिया** = તે ઉપાયોથી ભોગની પ્રાપ્તિ થતી પણ નથી, **इणमेव** = આ વાતને, **णावबुज्झंति** = જાણતા નથી, **जे जणा मोहपाउडा** = જે લોકો મોહથી આવૃત્ત છે.

**ભાવાર્થ :–** હે ધીર પુરુષ ! તું આશા અને સ્વચ્છંદતા–મનનું ધાર્યુ કરવાનું છોડી દે અર્થાત્ સંસારેચ્છાનો ત્યાગ કર અને જિનાજ્ઞામાં વિચર. એ ભોગેચ્છારૂપ કાંટાને તેં જ પોતે ઉત્પન્ન કર્યો છે તેથી તેનો ત્યાગ પણ તું જ કરી શકે છે. જે ભોગ સામગ્રીથી તને સુખ લાગે છે તેનાથી ક્યારેક સુખ ન પણ મળે અર્થાત્ તે જ સુખનું સાધન દુઃખદાયક થઈ શકે છે. જે મનુષ્યો મોહોદયથી ઘેરાયેલા છે તે આ તથ્યને જાણતા નથી, સમજતા નથી.

### વિવેચન :–

ઉપરના બંને સૂત્રોમાં ક્રમથી મનુષ્યની ભોગેચ્છા તેમજ કામેચ્છાના કડવા પરિણામને બતાવ્યાં છે. ભોગેચ્છાને અંતર હૃદયમાં ખટકતો કાંટો કહ્યો છે અને આ કાંટાને ઉત્પન્ન કરનાર આત્મા પોતે જ છે. આત્મા પોતે જ તે કાંટાને કાઢનાર છે પરંતુ મોહથી ઘેરાયેલી બુદ્ધિવાળો માનવ આ સત્ય–તથ્યને જાણી શક્તો નથી તેથી સંસારના સુખની લાલસાથી તે દુઃખ પામે છે.

**जेण सिया तेण णो सिया :–** સુખના સાધન અને સુખના સંયોગ એક સરખા રહેતા નથી અર્થાત્ તે સાધન અને સંયોગ કયારેક સુખદાયી થાય છે તે જ સુખ સાધન અને સંયોગ ક્યારેક દુઃખદાયી પણ થઈ જાય છે માટે પુદ્ગલજન્ય સુખ, સંયોગજન્ય આશા અને મનની સ્વચ્છંદતાનો ત્યાગ કરવો જોઈએ તથા જિનાજ્ઞામાં રમણ કરી આત્મકલ્યાણ કરવું જોઈએ.

## કામાસક્ત મનુષ્યોની દશા :–

**३ थीभि लोए पव्वहिए । ते भो ! वयंति एयाइं आयतणाइं । से दुक्खाए मोहाए माराए णरगाए णरग–तिरिक्खाए । सययं मूढे धम्मं णाभिजाणइ ।**

**શબ્દાર્થ :– थीभि** = સ્ત્રીઓના મોહથી, **लोए** = લોક, સંસારના પ્રાણીઓ, **पव्वहिए** = પીડિત છે, **भो** = હે શિષ્ય ! **ते** = તે કામી પુરુષ, સ્ત્રીમોહિત તે જીવ, **वयंति** = આ રીતે કથન કરે છે કે, **एयाइं**

**आयतणाइं** = આ સ્ત્રીઓ વગેરે ઉપભોગના સાધનો છે, **णरग–तिरिक्खाए** = નરકમાંથી નીકળી તિર્યંચ યોનિ માટે હોય છે, **सययं** = નિરંતર, **णाभिजाणइ** = જાણતા નથી.

**ભાવાર્થ :–** આ સંસારના પ્રાણીઓ સ્ત્રીઓના મોહથી પીડિત છે. હે શિષ્ય ! તે કામી પુરુષ આ પ્રકારે કથન કરે છે કે– સંસારમાં જે સ્ત્રીઓ છે તે આયતન–સુખભોગનું સ્થાન છે અર્થાત્ આ સ્ત્રીઓ જ મનુષ્યના માટે સુખ રૂપ છે, સુખનો ભંડાર છે. **(No life without wife)** પરંતુ તેઓની સ્ત્રીના પ્રત્યેની આ આસક્તિ તેઓના દુઃખના કારણરૂપ તેમજ મોહ, મૃત્યુ અને નરકના કારણરૂપ થાય છે તથા નરક અને તિર્યંચ ગતિમાં ક્રમથી ભ્રમણ કરાવનાર થાય છે. તોપણ આ આસક્તિમાં સતત મૂઢ રહેનાર મનુષ્ય ધર્મને જાણતો નથી.

## વિવેચન :–

સૂત્રમાં મનુષ્યની કામેચ્છાના સ્વરૂપને પ્રગટ કરતા કહ્યું છે કે આ સંપૂર્ણ સંસાર કામથી પીડિત છે, પરાજિત છે. સ્ત્રી એ કામનું રૂપ છે તેથી કામી વ્યક્તિ સ્ત્રીઓથી પરાજિત બને છે અને સ્ત્રીઓને ભોગની સામગ્રી માનીને નિકૃષ્ટ ભાવનાથી ઘેરાઈ જાય છે.

**આયતન :–** આ શબ્દ અહીં ભોગ સામગ્રી, ભોગ સાધન અથવા સુખના સ્થાનરૂપ એવા અર્થમાં છે. આગમોમાં તથા ટીકા ગ્રંથોમાં 'આયતન' શબ્દ પ્રસંગાનુસાર અલગ અલગ અર્થોમાં વપરાય છે, જેમ કે– ગુણોનો આશ્રય, ભવન, ગૃહ, સ્થાન, દેવ યક્ષાદિનું સ્થાન દેવકુલ, જ્ઞાન, દર્શન, ચારિત્રધારી સાધુ, તેમજ જ્ઞાનીજનોને મળવાનું સ્થાન.

**दुक्खाए :–** સ્ત્રીઓને આયતન–ભોગ સામગ્રી માનીને અર્થાત્ સુખનું સાધન કે સુખમૂલક માનીને તેના ભોગમાં લેપાઈ જવું તે દુઃખનું કારણ છે તથા તે મોહ, મૃત્યુ, નરક તેમજ નરક–તિર્યંચગતિમાં ભવ ભ્રમણનું કારણ છે.

**णरग–तिरिक्खाय :–** 'નરક–તિર્યંચગતિ' આ બંને શબ્દોને સાથે આપવાનો સાર એ છે કે–નરકથી નીકળીને તિર્યંચ ગતિમાં જવું અને ત્યાંથી નીકળી ફરી નરક ગતિમાં જવું, આ રીતે ભવભ્રમણ કરવું.

## મોહસ્થાનમાં જાગૃતિ :–

**૪ उदाहु वीरे अप्पमाओ महामोहे, अलं कुसलस्स पमाएणं, संतिमरणं संपेहाए भेउरधम्मं संपेहाए । णालं पास । अलं ते एतेहिं । एयं पास मुणि ! महब्भयं । णाइवाएज्ज कं च णं । एस वीरे पसंसिए जे ण णिव्विज्जइ आयाणाए ।**

**શબ્દાર્થ :– उदाहु** = કહ્યું છે કે, **वीरे** = ભગવાન મહાવીરે, **अप्पमाओ** = અપ્રમત્ત બનવું, **महामोहे** = મહામોહરૂપ સ્ત્રીઓમાં, **अलं** = દૂર રહેવું જોઈએ, બચવું જોઈએ, સમર્થ, **कुसलस्स** =

કુશળ–સૂક્ષ્મદર્શી પુરુષે, **पमाएणं** = પ્રમાદથી, **संतिमरणं** = શાંતિ અર્થાત્ મોક્ષ અને મરણ અર્થાત્ સંસારના સ્વરૂપને, **संपेहाए** = વિચારીને, **भेउरधम्मं** = ક્ષણભંગુરતા, શરીરની નશ્વરતા, **संपेहाए** = વિચારીને, **णालं** = સમર્થ નથી, **अलं** = દૂર રહે, **ते(तव)** = તને, **एतेहिं** = આ ભોગોથી, **एयं** = આ, **महब्भयं** = મહાનભયનું કારણ છે, **णाइवाएज्ज** = વધ કરવો નહિ, **कं च णं** = કોઈ પણ પ્રાણીનો, **एस वीरे** = તે વીર, **पसंसिए**= પ્રસંશનીય છે, **ण णिविज्जइ** = ગભરાતા નથી, ખિન્ન થતા નથી, અલગ થતા નથી, **आयाणाए** = સંયમથી.

**ભાવાર્થ :–** ભગવાન મહાવીરે કહ્યું છે કે સાધક સ્ત્રી સંગરૂપ મહામોહથી સદા સાવધાન રહે, વિષયો પ્રતિ અનાસક્ત રહે. કુશલ પુરુષે સ્ત્રી મોહરૂપ પ્રમાદથી બચવું જોઈએ, દૂર જ રહેવું જોઈએ, શાંતિ(મોક્ષ) અને મરણનું સમ્યક્ ચિંતન કરવું જોઈએ અથવા મરણના અસ્તિત્વનું ચિંતન કરવું જોઈએ તથા આ શરીર ક્ષણભંગુર સ્વભાવવાળું છે, આ પણ સારી રીતે વિચારતા રહેવું જોઈએ. આ ભોગો તારી અતૃપ્ત લાલસાને શાંત કરવામાં સમર્થ નથી, આ તું જો, અને તું એનાથી દૂર રહે. હે મુનિ ! આ ભોગો અતિ ભયરૂપ છે, દુઃખ રૂપ છે, તે પણ તું જો અને કોઈ પણ જીવની હિંસા કર નહિ. તે વીર પ્રશંસનીય છે, જે સંયમથી ઉદ્વિગ્ન બનતા નથી અને જે સંયમમાં હંમેશાં લીન રહે છે.

## વિવેચન :–

આ સૂત્રમાં સૂત્રકારે પ્રભુ મહાવીરના નિર્દેશથી સાધકોને સાવધાન કર્યા છે કે સ્ત્રીમોહાસક્ત પુરુષોના માનસને, વચનોને અને તેમના દુઃખોને જાણી સંયમી સાધકોએ સ્ત્રી આસક્તિરૂપ મહામોહથી સદા દૂર રહેવું જોઈએ. સાધક ક્યારે ય સ્ત્રી મોહમાં આકર્ષાય નહિ પરંતુ તેને મહા ભયકારી, દુઃખકારી માની, સમજી, સદા સંયમભાવોમાં સ્થિર રહે. અંતે સૂત્રમાં એવા સ્થિર સાધકોને વીર અને પ્રશંસનીય કહી સમ્માનિત કર્યા છે.

## ભિક્ષાચરીમાં સમભાવ :–

**૫** **ण मे देइ ण कुप्पेज्जा, थोवं लद्धुं ण खिंसए । पडिसेहिओ परिणमेज्जा। एयं मोणं समणुवासेज्जासि । त्ति बेमि ।**

**॥ चउत्थो उद्देसो समत्तो ॥**

**શબ્દાર્થ :–** **मे** = મને, **ण देइ** = ભિક્ષા આપતા નથી, **ण कुप्पेज्जा** = ક્રોધ કરવો ન જોઈએ, **थोवं लद्धुं** = થોડું મળવા પર, **ण खिंसए** = નિંદા કરે નહિ, **पडिसेहिओ** = ગૃહસ્થ ના કહે તો, **परिणमेज्जा** = તે ગૃહસ્થના ઘરેથી પાછો ફરી જાય, **एयं मोणं** = આ રીતે મુનિવ્રતનું, **समणुवासेज्जासि** = સમ્યક્ આચરણ કરવું જોઈએ.

**ભાવાર્થ :–** સાધુએ 'આ મને ભિક્ષા આપતા નથી' એવું વિચારી ગુસ્સે ન થવું. થોડી માત્રામાં જ ભિક્ષા મળે તોપણ દાતાની નિંદા ન કરવી. ગૃહસ્થ ભિક્ષા માટે કદાચ ના કહી દે તો પણ શાંત ભાવથી પાછા ફરી

જવું જોઈએ.

આ રીતે મુનિધર્મનું સારી રીતે પાલન કરવું જોઈએ અર્થાત્ સમત્વમાં રહેવું જોઈએ

॥ ચોથો ઉદ્દેશક સમાપ્ત ॥

**વિવેચન :–**

આ સૂત્રમાં ભોગ નિવૃત્તિના પ્રસંગે ભિક્ષા વિધિનું વર્ણન કર્યું છે. ટીકાકારની દષ્ટિમાં તેની યથાર્થતા આ પ્રમાણે છે– મુનિ સંસાર ત્યાગીને ભિક્ષાવૃત્તિથી જીવન પસાર કરે છે. ભિક્ષા એ તેના ત્યાગનું સાધન છે પરંતુ જો ભિક્ષા આસક્તિ, ઉદ્વેગ તથા ક્રોધાદિ આવેશ સાથે ગ્રહણ કરાય, તો તે સંસારરૂપ બની જાય છે. શ્રમણની ભિક્ષાવૃત્તિ વિકૃત બને નહિ તે માટે ભિક્ષાચર્યામાં મનને શાંત, પ્રસન્ન અને સમતા ભાવમાં રાખવાની પ્રેરણા અહીં આપી છે.

પૂર્વ સૂત્રોમાં સ્ત્રી પ્રત્યેની આસક્તિ સંબંધી વિવેકનું સૂચન છે. આ સૂત્રમાં ગોચરીના નિમિત્તથી સ્ત્રીઓ પ્રત્યે સમભાવ સૂચવેલ છે. ગોચરીમાં અધિકાંશતઃ સ્ત્રીઓનો જ સંયોગ હોય છે. બંને વિષયોનું તાત્પર્ય એ છે કે સ્ત્રીઓ પ્રત્યે આસક્તિ રાખવી નહિ તેમજ તેમના પ્રત્યે દ્વેષભાવ ન રાખતાં સમભાવ રાખવો જોઈએ.

॥ અધ્યયન–૨/૪ સંપૂર્ણ ॥

## બીજું અધ્યયન : પાંચમો ઉદ્દેશક

**ગૃહસ્થાચાર અને નિર્દોષ ભિક્ષાવૃત્તિ :–**

**૧ जमिणं विरूवरूवेहिं सत्थेहिं लोगस्स कम्मसमारंभा कज्जंति । तं जहा– अप्पणो से पुत्ताणं धूयाणं सुण्हाणं णाइणं धाईणं राईणं दासाणं दासीणं कम्मकराणं कम्मकरीणं आएसाए पुढो पहेणाए सामासाए पायरासाए सण्णिहि सण्णिचयो कज्जइ इहमेगेसिं माणवाणं भोयणाए ।**

**શબ્દાર્થ :– जमिणं**= જે આ, **लोगस्स** = લોકોને માટે, **कज्जंति** = કરે છે, **अप्पणो** = પોતાના, **णाईणं** = જ્ઞાતિજનો, **धाईणं** = ધાત્રીઓ, **राईणं** = રાજા, **कम्मकराणं** = કર્મચારીઓ, **कम्मकरीणं** = કર્મચારિણીઓ, **आएसाए** = અતિથિઓ માટે, **पुढो पहेणाए** = પોતાના સંબંધીઓને મોકલવા માટે, **सामासाए** = સાંજે જમવા માટે, **पायरासाए** = પ્રાતઃકાળના નાસ્તા માટે, **सण्णिहिसण्णिचयो** = ખાદ્ય પદાર્થોનો સંગ્રહ કરે છે, **इहमेगेसिं** = આ સંસારમાં કોઈ.

**ભાવાર્થ :–** અસંયમી પુરુષ વિવિધ પ્રકારનાં સાધનોવડે લોકોને માટે–પોતાના તેમજ બીજાને માટે

કર્મસમારંભ–પચન પાચનાદિ ક્રિયાઓ કરે છે. જેમ કે– પોતાના પુત્ર, પુત્રી, પુત્રવધૂ, જ્ઞાતિજન, ધાવમાતા, રાજા, દાસ–દાસી, કર્મચારી, કર્મચારીસ્ત્રી, મહેમાન આદિના માટે તથા અનેક પ્રકારના લોકોને દેવા માટે તેમજ સાંજનું, સવારનું ભોજન કરવા માટે સન્નિધિ–દૂધ, દહીં આદિનો સંગ્રહ અને સન્નિચય–ખાંડ, ઘી આદિનો સંગ્રહ કરતા રહે છે. આ પ્રમાણે તેઓ મનુષ્યોના ભોજન માટે સંગ્રહ કરે છે.

**२ समुट्ठिए अणगारे आरिए आरियपण्णे आरियदंसी अयं संधी ति अदक्खु; से णाइए, णाइयावए, णाइयंतं समणुजाणए । सव्वामगंधं परिण्णाय णिरामगंधे परिव्वए । अदिस्समाणे कयविक्कएसु । से ण किणे, ण किणावए, किणंतं ण समणुजाणए ।**

**શબ્દાર્થ :–** **समुट्ठिए** = સંયમમાં ઉદ્યમવંત, **आरिए** = આર્ય, **आरियपण्णे** = આર્યબુદ્ધિવંત, **आरियदंसी** = આર્યદર્શી, **अयं संधी त्ति** = આ મનુષ્યભવ આત્મ કલ્યાણનો સુંદર અવસર છે, ભિક્ષાનો સમય, **अदक्खु** = આ પરમાર્થ તત્ત્વને જેણે જોયેલું જાણેલું છે, **णाइए** = અકલ્પનીય પદાર્થને સ્વયં ગ્રહણ કરે નહિ, **णाइयावए** = બીજા પાસે ગ્રહણ કરાવે નહિ, **णाइयंतं समणुजाणए** = ગ્રહણ કરનારનું અનુમોદન કરે નહિ, **सव्वामगंधं** = સર્વપ્રકારના આમગંધ–આધાકર્મી આદિ દોષયુક્ત આહારનો, **परिण्णाय** = ત્યાગ કરતાં, **णिरामगंधे** = નિર્દોષ આહાર માટે, **परिव्वए** = ગમન કરે, **कयविक्कएसु** = ખરીદવા, વેચવાના વ્યવહારમાં, **अदिस्समाणे** = નહિ દેખાતા, **ण किणे** = સ્વયં કોઈ વસ્તુ ખરીદે નહિ, **ण किणावए** = બીજા પાસે ખરીદાવે નહિ, **किणतं ण समणुजाणए** = ખરીદનારને અનુમોદન કરે નહિ.

**ભાવાર્થ :–** સંયમ સાધનામાં તત્પર બનેલા આર્ય, આર્યપ્રજ્ઞ અને આર્યદર્શી અણગાર દરેક ક્રિયા યોગ્ય સમયે જ કરે છે. આ માનવભવ સંધિ–આત્મકલ્યાણનો અવસર છે, એમ સમજીને અથવા ભિક્ષાના સમયને જાણીને તે સમયે ભિક્ષા ગ્રહણ કરે પરંતુ સાવદ્ય તેમજ સંગ્રહ પ્રવૃત્તિઓ કરે નહિ, બીજા પાસે કરાવે નહિ તથા કરનારની અનુમોદના પણ કરે નહિ.

તે અણગાર ભિક્ષાથી નિર્વાહ કરે છે. સર્વ પ્રકારના આમગંધ – આધાકર્માદિ દોષયુક્ત આહારનો ત્યાગ કરતાં નિર્દોષ ભોજન માટે ગમન કરે તે ક્રય–વિક્રયની પ્રવૃત્તિઓમાં જોડાય નહિ, સ્વયં ખરીદે નહિ, બીજા પાસે ખરીદાવે નહિ અને ખરીદનારની અનુમોદના કરે નહિ.

**३ से भिक्खू कालण्णे बलण्णे मायण्णे खेयण्णे खणयण्णे विणयण्णे समयण्णे भावण्णे, परिग्गहं अममायमाणे कालेणुट्ठाई अपडिण्णे । दुहओ छेत्ता णियाइ ।**

**શબ્દાર્થ :–** **कालण्णे** = કાળને જાણનાર, **बलण्णे** = આત્મ બળને જાણનાર, **मायण्णे** = માત્રા–પરિમાણને જાણનાર, **खेयण्णे** = ખેદને જાણનાર, **खणयण्णे** = અવસરને જાણનાર, **विणयण्णे** = વિનયને જાણનાર, **समयण्णे** = સ્વ સિદ્ધાંતને જાણનાર, **भावण्णे** = ભાવને જાણનાર છે, **परिग्गहं** =

પરિગ્રહમાં, **अममायमाणे** = મૂર્ચ્છિત ન થતાં, **कालेणुट्ठाई** = કાલાનુસાર અનુષ્ઠાન કરનાર, **अपडिण्णे** = આસક્તિ ભાવોના સંકલ્પયુક્ત પ્રતિજ્ઞાથી રહિત, **दुहओ** = રાગદ્વેષ બંનેથી કરાતી પ્રતિજ્ઞાને, **छेत्ता** = છેદન કરીને, છોડીને, **णियाइ** = સંયમમાં પ્રગતિ કરે.

**ભાવાર્થ :–** ભિક્ષા માટે ભ્રમણ કરનાર તે ભિક્ષુ કાલજ્ઞ, બલજ્ઞ, માત્રજ્ઞ, ક્ષેત્રજ્ઞ, ક્ષણજ્ઞ, વિનયજ્ઞ, સમયજ્ઞ, ભાવજ્ઞ (આ ગુણોથી યુક્ત) હોય ; પરિગ્રહ ઉપર મમત્વ નહિ રાખતા તેનો સંગ્રહ નહિ કરતા, યોગ્ય સમયે ભિક્ષાવૃત્તિ કરે, તેમાં કોઈ પણ પ્રકારનો રાગયુક્ત કે આસક્તિયુક્ત સંકલ્પ કરે નહિ. એવો સાધક રાગ અને દ્વેષનો નાશ કરતાં સંયમમાં પ્રગતિ કરે છે.

**૪ वत्थं पडिग्गहं कंबलं पायपुंछणं उग्गहं च कडासणं एतेसु चेव जाणेज्जा । लद्धे आहारे अणगारे मायं जाणेज्जा । से जहेयं भगवया पवेइयं । लाभोत्ति ण मज्जेज्जा, अलाभोत्ति ण सोएज्जा, बहुं पि लद्धुं ण णिहे । परिग्गहाओ अप्पाणं अवसक्केज्जा । अण्णहा णं पासए परिहरेज्जा । एस मग्गे आरिएहिं पवेइए, जहेत्थ कुसले णोवलिंपिज्जासि । त्ति बेमि ।**

**શબ્દાર્થ :– वत्थं** = વસ્ત્ર, **पडिग्गहं** = પાત્રા, **कंबलं** = કામળી, **पायपुंछणं** = પાદપ્રોંછન, **उग्गहं** = અવગ્રહ, **कडासणं** = કટાસણ અર્થાત્ સંસ્તારક, **एतेसु चेव** = આ વિષયમાં પણ, **जाणेज्जा** = ઉપયોગ રાખે અર્થાત્ શુદ્ધ ગ્રહણ કરે. **लद्धे आहारे** = આહાર પ્રાપ્ત થવા છતાં, **मायं जाणेज्जा** =પરિમાણને જાણે, **जहा** = જેમકે, **इयं** = આહારની માત્રાને, **लाभो त्ति** = લાભ થવાથી, **ण मज्जेज्जा** = સાધુ ગર્વ કરે નહિ, **अलाभो त्ति** = લાભ ન થાય તો, **ण सोएज्जा** = શોક કરે નહિ, **बहुं पि लद्धुं** = ઘણું બધુ પ્રાપ્ત થઈ જવા છતાં, **ण णिहे** = સંગ્રહ કરે નહિ, **परिग्गहाओ** = પરિગ્રહથી, **अवसक्केज्जा** = દૂર રાખે, **अण्णहा णं** = અન્ય દષ્ટિથી, ઉપેક્ષા દષ્ટિથી, **पासए** = જોતા સાધુ, **परिहरेज्जा** = પરિગ્રહનો ત્યાગ કરે, **एस मग्गे** = આ ન્યાય માર્ગ, **आरिएहिं** = આર્યપુરુષોએ, તીર્થંકરોએ, **पवेइए** = પ્રરૂપ્યો છે, **जहेत्थ** = જેને સાંભળીને, **कुसले** = કુશળ તત્ત્વજ્ઞ પુરુષ, **णोवलिंपिज्जासि** = પરિગ્રહરૂપ સંસારમાં લેપાય નહિ.

**ભાવાર્થ :–** તે સંયમી વસ્ત્ર, પાત્ર, કાંબળી, પાદપ્રોંછન (પગ લૂંછવાનું વસ્ત્ર), અવગ્રહ–ઉપાશ્રય અને આસન–ચટાઈ આદિ (જે ગૃહસ્થના માટે બનાવ્યાં છે) તેની યાચના કરે. આ સર્વના વિષયમાં પણ નિર્દોષ ગ્રહણ કરવાનું ધ્યાન રાખે. આહાર પ્રાપ્ત થવા પર પણ અણગાર જિનાજ્ઞા અનુસાર તેની માત્રાનું ધ્યાન રાખે અને તેમાં પરિગ્રહ કે મમત્વ કરે નહિ. મનગમતા આહારાદિ મળી જાય, તો સાધક તેનો અહંકાર કરે નહિ અને ન મળે, તો ચિંતા કે શોક કરે નહિ. જો આહારાદિ વધારે પ્રમાણમાં પ્રાપ્ત થાય તો તેનો સંગ્રહ કરે નહિ. પોતે પરિગ્રહથી દૂર રહે. જે રીતે ગૃહસ્થ પરિગ્રહને મમત્વ ભાવથી જુએ છે, તે રીતે સાધક જુએ નહિ પરંતુ વિરક્તિ ભાવથી જુએ અને પરિગ્રહનો ત્યાગ કરે. આ નિર્દોષ ભિક્ષાવૃત્તિનો, અનાસક્તિનો અને અપરિગ્રહનો માર્ગ તીર્થંકરોએ પ્રતિપાદિત કર્યો છે. તેને સમજીને, સ્વીકારીને કુશળ પુરુષ પરિગ્રહમાં લેપાય નહિ.

## વિવેચન :–

ચોથા ઉદ્દેશામાં ભોગનિવૃત્તિનો ઉપદેશ આપ્યો છે. ભોગનિવૃત્ત ગૃહત્યાગી પૂર્ણ અહિંસાચારી શ્રમણની સામે જ્યારે શરીર નિર્વાહ માટે ભોજનનો પ્રશ્ન ઉપસ્થિત થાય ત્યારે તે શું કરે ? શરીરને ધારણ કરવા માટે આહાર ક્યાંથી, કેવી રીતે પ્રાપ્ત કરે કે જેથી તેની જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ યાત્રા સુખ પૂર્વક ગતિશીલ રહે, આ પ્રશ્નનું સમાધાન આ ઉદ્દેશકમાં કર્યું છે.

સૂત્રમાં કહ્યું છે કે ગૃહસ્થ પોતાના માટે તથા પોતાના સંબંધીઓ માટે અનેક પ્રકારના ભોજન તૈયાર કરે છે. ગૃહત્યાગી શ્રમણ તે ભોજનમાંથી યોગ્ય સમયે, યોગ્ય વિધિથી નિર્દોષ આહાર પ્રાપ્ત કરે છે.

તે ભોજનની **સંધિ**–સમયને જુએ. ગૃહસ્થના ઘરે ભિક્ષા મળે તે સમયને–અવસરને જાણે. ચૂર્ણિકારે **સંધિ** ના બે અર્થ કર્યા છે– (૧) સંધિ–ભિક્ષાકાળ અથવા (૨) જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ સંધિ. સંધિનો સુઅવસર માનવજીવન છે, તેને જાણે, તેનો સદુપયોગ સંયમ આરાધનાથી કરે.

ભિક્ષાકાળના સમયનું જ્ઞાન રાખવું તે અણગાર માટે ઘણું આવશ્યક છે. ભગવાન મહાવીરના સમયમાં ભિક્ષાનો કાળ દિવસનો ત્રીજો પ્રહર મનાતો હતો. **तइयाए भिक्खायरियं**– (ઉત્તરા. અ. ૨૬ ગા.૧૨) વર્તમાને જે દેશકાળમાં ભિક્ષાનો જે સમય હોય તેને જ ભિક્ષાકાળ કહેવાય છે. દશવૈકાલિક સૂત્રના પિંડૈષણા અધ્યયનમાં ભિક્ષાચરીનો કાળ, વિવિધ દોષ આદિનું વિસ્તારથી વર્ણન કર્યું છે.

શ્રમણ માટે અહીં ત્રણ વિશેષણો આપ્યા છે– (૧) આર્ય (૨) આર્યપ્રજ્ઞ અને (૩) આર્યદર્શી. આ ત્રણે ય વિશેષણો સાર્થક છે. (૧) આર્યનો અર્થ છે–શ્રેષ્ઠ આચરણવાળા અથવા ગુણી. આચાર્ય શીલાંકના મતાનુસાર જેનું અંતઃકરણ નિર્મળ હોય તે આર્ય છે. (૨) જેની બુદ્ધિ પરમાર્થમાં પ્રવૃત્ત હોય તે આર્યપ્રજ્ઞ છે. (૩) જેની દષ્ટિ હંમેશાં ગુણોમાં રમણ કરે તે અથવા ન્યાય માર્ગના દષ્ટા આર્યદર્શી છે, તે 'શ્રમણ' છે.

**सव्वामगंधं :–** આ શબ્દમાં, આમગંધ શબ્દ અશુદ્ધ, અગ્રહણીય આહારનો વાચક છે. સામાન્ય રીતે 'આમ'નો અર્થ અપક્વ છે. વૈદિક ગ્રંથોમાં અપક્વ–કાચા ફળ કે અન્ન આદિના માટે 'આમ' શબ્દ વપરાયો છે. પાલીભાષાના ગ્રંથોમાં 'પાપ'ના અર્થમાં 'આમ' શબ્દનો પ્રયોગ થયો છે. જૈન સૂત્રો તેમજ ટીકાઓમાં 'આમ' કે 'આમગંધ' શબ્દ આધાકર્માદિ દોષથી દૂષિત અશુદ્ધ ભિક્ષાને માટે, અકલ્પનીય આહાર માટે, સચિત્ત પદાર્થ માટે અનેક જગ્યાએ વપરાયો છે.

આ સૂત્રમાં 'આમ' શબ્દનો પ્રયોગ ઉદ્ગમના ૧૬, ઉત્પાદના ના ૧૬ દોષો તેમજ 'ગંધ' શબ્દથી એષણાના ૧૦ દોષ યુકત આહાર, અર્થમાં કર્યો છે. સાધુ દોષયુકત આહારને જાણીને, તેનો ત્યાગ કરે. ભિક્ષાચરી માટે યોગ્ય ભિક્ષુના આઠ ગુણો બતાવ્યા છે તેનો વિશેષ આશય આ પ્રમાણે છે–

**कालण्णे :–** કાલજ્ઞ–ભિક્ષાના યોગ્ય સમયને જાણનારા અથવા કાલ–પ્રત્યેક આવશ્યક ક્રિયાના યોગ્ય સમયને જાણનાર, યથાસમયે પોતાનું કર્તવ્ય પુરું કરનાર 'કાલજ્ઞ' હોય છે.

**बलण्णे :–** બલજ્ઞ–પોતાની શક્તિ તેમજ સામર્થ્યને ઓળખનાર તેમજ પોતાની શક્તિનો તપ, સેવાદિમાં યોગ્ય ઉપયોગ કરનારા. સ્વપરના, ઉભયના બળ અને આહારની ક્ષમતાને જાણનારા.

**मायण्णे :–** માત્રજ્ઞ–ભોજન આદિ ઉપયોગમાં લેવાતી પ્રત્યેક વસ્તુનું પરિમાણ–માત્રાને જાણનારા. પર સ્વ– પરની આહાર માત્રાને જાણનાર તેમજ ગૃહસ્થના ઘરેથી ગોચરી લેવામાં પણ માત્રાને જાણનાર.

**खेयण्णे :–** ખેદજ્ઞ–બીજાનાં દુઃખ તેમજ પીડાદિને સમજનારા તથા ક્ષેત્રજ્ઞ અર્થાત્ જે સમયે કે જે સ્થાને ભિક્ષા માટે જવાનું હોય તેનું સારી રીતે જાણપણું રાખનાર.

**खणयण्णे :–** ક્ષણજ્ઞ–ક્ષણને અર્થાત્ અવસરને ઓળખનારા. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની અપેક્ષાએ ઉપયોગી, અનુપયોગી અવસરને સમજનાર 'ક્ષણજ્ઞ' છે.

**विणयण्णे :–** વિનયજ્ઞ– (૧) જ્ઞાન, દર્શન, ચારિત્રને વિનય કહે છે. આ ત્રણેયના સ્વરૂપને સારી રીતે જાણનાર. (૨) નાના મોટા સાથે કરાતો વિનય વ્યવહાર. વ્યવહારના ઔચિત્યનું જેને જ્ઞાન હોય, જે લોક વ્યવહારના જ્ઞાતા હોય. (૩) વિનયનો અર્થ આચાર પણ છે તેથી વિનયજ્ઞનો અર્થ આચારના જ્ઞાતા પણ છે.

**समयण्णे :–** સમયજ્ઞ. અહીં સમયનો અર્થ સિદ્ધાંત છે. પોતાના અને અન્ય દર્શનના સિદ્ધાંતોના સમ્યક્ જ્ઞાતાને 'સમયજ્ઞ' કહેવાય છે.

**भावण्णे :–** ભાવજ્ઞ–વ્યક્તિના ભાવોને–ચિત્તના અવ્યક્ત આશયને, તેના હાવભાવ, ચેષ્ટા તેમજ વાણીથી ધ્વનિત થતા ગુપ્તભાવોને સમજવામાં કુશળ વ્યક્તિ 'ભાવજ્ઞ' કહેવાય છે.

**परिग्गहं अममायमाणे :–** સંયમમાં અનાવશ્યક, અનુપયોગી પદાર્થો મળતાં તેને પરિગ્રહ સંજ્ઞાથી ગ્રહણ કરે નહીં, તેનો ત્યાગ કરે. તેમજ સંયમોપયોગી ગૃહિત ઉપકરણોમાં મમત્વ કરે નહીં કારણ કે સંયમના ઉપકરણો પર મમત્વ હોય તો તે પણ પરિગ્રહ બની જાય છે.

**कालेणुट्ठाई :–** કાલાનુષ્ઠાયીનું તાત્પર્ય એ છે કે યોગ્ય સમયે યોગ્ય ઉદ્યમ તેમજ પુરુષાર્થ કરનાર. યોગ્ય સમયે યોગ્ય કાર્ય કરનાર તેમજ અસમયમાં કાર્ય નહિ કરનાર કાલાનુષ્ઠાયી કહેવાય છે.

**अपडिण्णे :–** અપ્રતિજ્ઞ–કોઈપણ પ્રકારના ભૌતિક સંકલ્પ–નિદાન નહિ કરનાર. પ્રતિજ્ઞાનો એક અર્થ અભિગ્રહ પણ છે. શાસ્ત્રોમાં અનેક પ્રકારના અભિગ્રહોનું વર્ણન છે. તપસ્વી સાધુ એવા અભિગ્રહ કરે છે પરંતુ આ અભિગ્રહોના મૂળમાં કેવળ આત્મનિગ્રહ તેમજ કર્મક્ષયની ભાવના હોય છે, જ્યારે અહીં રાગદ્વેષથી યુક્ત કોઈ ભૌતિક સંકલ્પ–પ્રતિજ્ઞાના વિષયમાં કહ્યું છે. તેનાથી રહિત હોય, તે અપ્રતિજ્ઞ છે. શ્રમણ કોઈ પણ વિષયમાં પ્રતિજ્ઞાબદ્ધ–એકાંત આગ્રહી ન હોય, પરંતુ અનેકાંત દૃષ્ટિએ

વિચાર કરનારો હોય.

સાધુ જીવન પસાર કરતાં મમત્વથી કેવી રીતે દૂર રહેવું. તેનું મનોવૈજ્ઞાનિક વિશ્લેષણ આ સૂત્રમાં બતાવેલ છે–

વસ્ત્ર, પાત્ર, આહારાદિ જીવન ઉપયોગી વસ્તુઓ વિના જીવનનો નિર્વાહ થઈ શકતો નથી. સાધુએ આ વસ્તુઓની યાચના ગૃહસ્થ પાસે કરવી પડે છે, પરંતુ સાધક પરિગ્રહસંજ્ઞાથી તેનું ગ્રહણ કરે નહિ. સચિત્ત પરિગ્રહમાં શિષ્ય તેમજ અચિત્તમાં સંયમોપયોગી ઉપકરણોમાં મમત્વ નહિ રાખતાં સાધક સંયમમાં રહે અને બાહ્ય સાધનોનું ગ્રહણ પણ સંયમનિર્વાહની દષ્ટિએ કરે. શરીર અને સંયમના ઉપયોગી ઉપકરણમાં મમત્વ હોય તો તે પણ પરિગ્રહ બની જાય છે.

અનેકાંતદષ્ટિ પણ એકાંત નથી. પ્રત્યાખ્યાનમાં અનેકાંત માનવું યોગ્ય નથી. વિવશતા કે દુર્બળતાના કારણે પ્રત્યેક અપવાદનું સેવન અનેકાંત હોતું નથી. જેમ સમુદ્રને પાર કરવા માટે નાવની જરૂર રહે છે પરંતુ સમુદ્રયાત્રી નાવને સાધ્ય કે લક્ષ્ય માનતા નથી, તેમાં આસક્ત પણ થતા નથી, તેને સાધન માત્ર સમજે છે અને સામે કાંઠે પહોંચીને નાવને છોડી દે છે. તેવી જ રીતે સાધક વિવશતાએ સ્વીકારેલી પ્રવૃત્તિ અને ગ્રહણ કરેલા ધર્મનાં ઉપકરણોને પરિસ્થિતિ સમાપ્ત થતાં છોડી દે છે.

**उग्गहं :–** અવગ્રહ. આ શબ્દના બે અર્થ છે. (૧) સ્થાન– ઉપાશ્રય (૨) આજ્ઞા લઈને કોઈપણ વસ્તુ ગ્રહણ કરવી. આજ્ઞાના અર્થમાં પાંચ અવગ્રહ છે– (૧) દેવેન્દ્ર અવગ્રહ (૨) રાજ અવગ્રહ (૩) ગૃહપતિ અવગ્રહ (૪) શય્યાતર અવગ્રહ (૫) સાધર્મિક અવગ્રહ. આ પાંચ અવગ્રહનું વર્ણન ભગવતી સૂત્ર અને આચારાંગ સૂત્ર દ્વિતીય શ્રુતસ્કંધમાં છે.

**मायं जाणेज्जा :–** માત્રાને જાણવી. માત્રા એટલે આહારના પરિમાણને જાણે. સામાન્ય રીતે ભોજનની માત્રાનું કોઈ નિશ્ચિત માપ હોઈ શકે નહિ કારણ કે આહારનો સંબંધ ક્ષુધા સાથે હોય છે. સર્વની ભૂખ કે ખોરાક એક સરખા હોતા નથી. તેથી ભોજનની મર્યાદા પણ સમાન નથી. 'માત્રા' આ શબ્દ આહાર સિવાય વસ્ત્ર, પાત્ર આદિ, ઉપકરણોની સાથે પણ જોડવો જોઈએ. ભિક્ષુ પ્રત્યેક ગ્રાહ્ય વસ્તુની આવશ્યક્તા તેમજ શાસ્ત્રોક્ત માત્રાને સમજે તથા તેમાં પણ આવશ્યકતા હોય તેટલું જ ગ્રહણ કરે.

સાધુને ગોચરી કરતાં સમયે ત્રણ માનસિક દોષો લાગવાની સંભાવના હોય છે. (૧) અભિમાન– આહારાદિ પર્યાપ્ત માત્રામાં મળી જવા પર પોતાના પ્રભાવ કે લબ્ધિ આદિનો ગર્વ થાય. (૨) પરિગ્રહ– આહારાદિ વિપુલ પ્રમાણમાં મળતા જોઈને તેના સંગ્રહની ભાવના જાગે અથવા તેમાં આસક્તિ થાય. (૩) શોક– ઈચ્છિત વસ્તુ ન મળે તો પોતાના ભાગ્યને અથવા ગામના લોકોને નિંદે, તેના ઉપર રોષ કરે તથા આક્રોશ કરે તેમજ મનમાં દુઃખી થાય.

**अण्णहा णं :–** આ શબ્દના બે પ્રકારે અર્થ થાય છે– (૧) વસ્તુના ઉપયોગમાં ગૃહસ્થથી અન્ય ભાવ (૨) પરિગ્રહ પ્રતિ ગૃહસ્થથી અન્ય ભાવ.

(૧) જેમ સામાન્ય ગૃહસ્થ(અજ્ઞાની મનુષ્ય) વસ્તુનો ઉપયોગ કરે છે તે રીતે ઉપયોગ કરે નહિ. જ્ઞાની અને અજ્ઞાની બંને વસ્તુઓનો ઉપયોગ તો કરે છે પરંતુ તેઓના ઉદ્દેશ્ય, ભાવના તથા વિધિમાં ઘણું અંતર હોય છે. જ્ઞાની પુરુષ આત્મવિકાસ તેમજ સંયમ યાત્રા માટે અનાસક્ત ભાવનાની સાથે યત્ના તેમજ વિધિપૂર્વક ઉપયોગ કરે છે. અજ્ઞાની મનુષ્ય પૌદ્‌ગલિક સુખને માટે આસક્તિપૂર્વક અસંયમ તથા અવિધિથી વસ્તુનો ઉપયોગ કરે છે. જ્ઞાનીનું ચિંતન અને આચરણ અજ્ઞાની કરતા 'અન્યથા દષ્ટિવાળું' અર્થાત્ ઉપેક્ષા વૃત્તિવાળું હોય છે. (૨) ધન, પરિગ્રહને ગૃહસ્થ સંગ્રહ દષ્ટિથી જુએ છે અને સાધક તેનાથી વિપરીત ઉપેક્ષા દષ્ટિથી જુએ છે તથા અન્ય દષ્ટિથી જોતાં તેનો ત્યાગ કરે, ગ્રહણ અને સંગ્રહ કરે નહિ.

**परिहरेज्जा :–** 'પરિહાર' શબ્દથી પણ ચૂર્ણિકારે બે પ્રકારની દષ્ટિ બતાવી છે– (૧) ધારણા પરિહાર– બુદ્ધિથી વસ્તુનો ત્યાગ–મમત્વ ત્યાગ કરવો તે છે. (૨) ઉપભોગ પરિહાર–શરીરથી વસ્તુના ઉપયોગનો ત્યાગ (વસ્તુ–સંયમ)તે ઉપભોગ પરિહાર છે. **परिहारो दुविहो धारणा परिहारो व उवभोग परिहारो य ।** –[આચા. ચૂર્ણિ.]

આ મોક્ષમાર્ગ ઉપર ચાલનાર કુશળ પુરુષની જલકમળવત્ નિર્લેપ જીવન જીવવાની જીવન કળા છે. તે પરિગ્રહમાં લેપાતો નથી.

## દુસ્ત્યાજ્ય કામભોગ અને તેનું પરિણામ :-

**૫** **कामा दुरतिक्कमा । जीवियं दुप्पडिबूहगं । कामकामी खलु अयं पुरिसे, से सोयइ जूरइ तिप्पइ पिट्टइ परितप्पइ ।**

**શબ્દાર્થ :–** **कामा** = કામ વાસનાનો, **दुरतिक्कमा** = ત્યાગ કરવો અત્યંત કઠિન છે, **जीवियं** = ગૃહસ્થ જીવન, **दुप्पडिबूहगं** = ચલાવવું, નિર્વાહ કરવો, ઘણો કઠિન છે, **कामकामी** = કામભોગોની લાલસા રાખનાર, **अयं पुरिसे** = આ પુરુષ, સંસારના પ્રાણીઓ, **से सोयइ** = તે શોક કરે છે, **जूरइ** = ઝૂરણા કરે છે, **तिप्पइ** = આંસુ ટપકાવે છે, **पिट्टइ–पिड्डइ** = પીટે છે, દુઃખી થાય છે, **परितप्पइ** = પરિતાપ પામે છે, વિશેષ કષ્ટ પામે છે.

**ભાવાર્થ :–** કામવાસનાને જીતવી મુશ્કેલ છે. ગૃહસ્થ જીવનનો નિર્વાહ કરવો પણ અતિ કઠિન છે. કામભોગોની ઈચ્છા રાખનાર ખરેખર આ પુરુષ(સંસારના પ્રાણીઓ) તે કામભોગો માટે શોક કરે છે, ઝૂરે છે, રડે છે, પીટે છે(પીડિત થાય છે), પરિતાપ પામે છે.

## વિવેચન :-

આ સૂત્રમાં કામભોગોનાં કડવાં ફળોને બતાવ્યાં છે. ટીકાકાર આચાર્ય શીલાંકે કામના બે ભેદ

કહ્યા છે– (૧) ઈચ્છાકામ (૨) મદનકામ. આશા, તૃષ્ણા, રતિરૂપ ઈચ્છાઓ ઈચ્છાકામ છે. તે મોહનીય કર્મના હાસ્ય, રતિ આદિ કારણોથી ઉત્પન્ન થાય છે. વાસના અથવા વિકારરૂપ કામેચ્છા મદનકામ છે, તે મોહનીય કર્મના ત્રણ વેદથી ઉત્પન્ન થાય છે.

**कामा दुरतिक्कमा :–** માનવ કામભોગના દુષ્પરિણામને જ્યાં સુધી જાણતો નથી ત્યાં સુધી તેને તેનાથી વિરક્ત બનવું કઠિન છે. જેમ કામભોગોનો ત્યાગ કરવો કઠિન છે તેમ ગૃહસ્થ જીવનનો નિર્વાહ કરવો પણ કઠિન છે, છતાં કામભોગોને ત્યાગવા અસમર્થ માનવ ગૃહસ્થ જીવનના નિર્વાહના ભારથી દુઃખી થઈ જાય છે તેનું જીવંત ચિત્ર શાસ્ત્રકારે **'सोयइ झूरइ'** શબ્દો વડે પ્રગટ કર્યું છે.

## દીર્ઘદૃષ્ટા અને કર્મક્ષય કરનાર સાધક :–

**६ आयतचक्खू लोगविपस्सी लोगस्स अहोभागं जाणइ, उड्ढं भागं जाणइ तिरियं भागं जाणइ, गढिए लोए अणुपरियट्टमाणे । संधिं विदित्ता इह मच्चिएहिं, एस वीरे पसंसिए जे बद्धे पडिमोयए ।**

**શબ્દાર્થ :– आयतचक्खू** = દીર્ઘદૃષ્ટિવાળા, દીર્ઘદર્શી, **लोगविपस्सी** = લોકને જોનાર, **लोगस्स अहोभागं** = લોકના અધોભાગને, **अणुपरियट्टमाणे** = પરિભ્રમણ કરે છે, **संधिं विदित्ता** = સંધિ–ધર્મ પ્રાપ્તિના અવસરને જાણીને, **इह मच्चिएहिं** = આ મનુષ્ય જન્મમાં જ, **पसंसिए** = પ્રશંસનીય છે, **जे बद्धे** = જે કર્મોથી બંધાયેલા આત્માને, **पडिमोयए** = મુક્ત કરવામાં સમર્થ છે.

**ભાવાર્થ :–** દીર્ઘદર્શી અને લોકસ્વરૂપદર્શી સાધક લોકના અધોભાગને જાણે છે, ઊર્ધ્વભાગને જાણે છે, તિરછા ભાગને જાણે છે અને ત્યાં રહેલાં પ્રાણી વિષય કષાયમાં લુબ્ધ બની જન્મમરણ કરે છે, તે પણ જાણે છે.

તે દીર્ઘદૃષ્ટા સાધક મરણધર્મા આ માનવદેહના માધ્યમથી મોક્ષ, તેમજ સંસારની સંધિને સમજીને, પોતાના આત્માને બંધાયેલા કર્મોથી મુક્ત કરે છે, તે જ વીર છે, તે જ પ્રશંસાને યોગ્ય છે.

## વિવેચન :–

**आयतचक्खू :–** દીર્ઘદૃષ્ટિ, સર્વાંગ ચિંતનશીલતા, અનેકાંત દૃષ્ટિ. અનેકાંતદૃષ્ટિથી તે વિવિધ વિષયો પર ગંભીરતાપૂર્વક વિચારણા કરવામાં સમર્થ હોય છે. આ લોક, પરલોકનાં દુઃખને જોવાની ક્ષમતા રાખનાર આયતચક્ષુ છે.

**लोगविपस्सी :–** (લોક દર્શન) લોકને જોવો. અહીં અધોભાગનો અર્થ છે અધોભાગવર્તી નૈરયિકોને જાણવા. તે વિષય કષાયના કારણે શોક–પીડાદિથી દુઃખી થાય છે. લોકના ઊર્ધ્વભાગવર્તી દેવ તથા મધ્યભાગવર્તી મનુષ્ય તેમજ તિર્યંચ વગેરે પણ વિષય કષાયમાં આસક્ત બની શોક તેમજ પીડાથી દુઃખી

છે. દીર્ઘદર્શી સાધક આ વિષયમાં ચિંતન કરે કે આ સમસ્ત લોકના જીવો વિષય કષાયને વશીભૂત થઈને દુ:ખી થાય છે અને પરિભ્રમણ કરે છે, માટે વિષય કષાયથી મુક્ત થવાનો જ નિરંતર પ્રયત્ન કરવો જોઈએ.

કામભોગના સેવનથી ક્યારે ય કામવાસના શાંત કે તૃપ્ત થતી નથી પરંતુ અગ્નિમાં ઘી હોમવાથી જેમ અગ્નિ વધે છે તેમ વિષય રૂપી અગ્નિ કામ સેવનથી વધારે પ્રજ્વલિત થાય છે. કામી વ્યક્તિ વારંવાર કામભોગની પાછળ દોડે છે, દોડને અંતે તો અશાંતિ અને અતૃપ્તિ જ થાય છે. તેથી કામને અકામ(વૈરાગ્ય)થી શાંત કરવાનો પ્રયત્ન કરવો જ હિતકારી છે.

શરીરના ત્રણ ભાગની કલ્પના કરી તેના ઉપર ચિંતન કરવું તે શરીર દર્શન છે, જેમકે– (૧) અધોભાગ–નાભિથી નીચેનો ભાગ (૨) ઊર્ધ્વભાગ–નાભિથી ઉપરનો ભાગ (૩) તિર્યગ્ભાગ– નાભિનું સ્થાન. એ ત્રણે ય ભાગો ઉપર ચિંતન કરે. આ ચિંતન અશુચિ ભાવનાનું એક સુંદર માધ્યમ પણ છે. તેનાથી શરીરની ક્ષણભંગુરતા, અસારતા આદિની ભાવના દઢ બની જાય છે, તેથી શરીર પ્રત્યે નિર્મમત્વ ભાવ જાગૃત રહે છે.

ત્રણે ય લોક ઉપર જુદી જુદી દષ્ટિઓથી ચિંતન કરવું તે ધ્યાનની એક વિલક્ષણ પદ્ધતિ છે. ભગવાન મહાવીર પોતાના સાધના કાળમાં ઊર્ધ્વલોકમાં, અધોલોકમાં તથા તિરછા લોકમાં રહેલાં તત્ત્વો ઉપર ધ્યાન કેન્દ્રિત કરીને સમાધિ ભાવમાં લીન બની જતા હતા. તે નવમાં અધ્યયનમાં કહેલ છે. 'લોક ભાવના' માં પણ ત્રણે ય લોકના સ્વરૂપનું ચિંતન તથા ત્યાં રહેલા પદાર્થો ઉપર ધ્યાન કેન્દ્રિત કરીને એકાગ્ર બની શકાય છે.

**संधिं विदित्ता :–** ટીકાકારે સંધિનો અર્થ અવસર કર્યો છે. આ મનુષ્ય જન્મ જ્ઞાનાદિની પ્રાપ્તિનો, આત્મ વિકાસ કરવાનો તથા અનંત આત્મવૈભવ પ્રાપ્ત કરવાનો સુવર્ણ અવસર છે. તેને જાણીને સાધક કામથી વિરક્ત બને અને 'કામવિજયી' બને.

સંધિ દર્શનનો એક અર્થ એ પણ કર્યો છે કે શરીરના સાંધાઓનું સ્વરૂપ જોઈને શરીર પ્રત્યે રાગ રહિત થવું. શરીર તો કેવળ હાડકાંનું માળખું માત્ર છે, તેના પ્રત્યેની આસક્તિને ઓછી કરવી. શરીરમાં ૧૮૦ સંધિઓ માનેલી છે. તેમાં ૧૪ મહાસંધિઓ છે, તેના ઉપર વિચાર કરવો તે પણ સંધિદર્શન છે.

**जे बद्धे पडिमोयए :–** (૧) જે સાધક પોતાને કામવાસનાથી, કર્મબંધથી મુક્ત કરે તે વીર છે, પ્રશંસનીય છે. (૨) જે સાધક ઉપદેશ દ્વારા સંસારમાં આબદ્ધ પ્રાણીઓને મુક્ત કરાવે તે વીર અને પ્રશંસનીય છે.

## દેહની અસારતા :–

**૭ जहा अंतो तहा बाहिं, जहा बाहिं तहा अंतो । अंतो अंतो पूइदेहंतराणि पासइ पुढो वि सवंताइं । पंडिए पडिलेहाए । से मइमं परिण्णाय मा य हु लालं**

**पच्चासी । मा तेसु तिरिच्छमप्पाण मावायए ।**

**શબ્દાર્થ :– जहा अंतो** = આ શરીરમાં અંદર જેવા અશુચિ પદાર્થો છે, **तहा बाहिं** = તેવા બહાર આવે છે, **जहा बाहिं** = જેવા બહાર દેખાય છે, **तहा अंतो** = તેવા જ ભીતર છે,

**अंतो अंतो** = શરીરના અંદરના, **पूइदेहंतराणि** = અપવિત્ર પદાર્થોથી ભરેલી દેહની અવસ્થાઓને, **पासइ** = જાણે છે, જુએ છે, **पुढो वि** = અલગ અલગ, **सवंताइं** = બહાર નીકળ તા(સ્રવતા)અપવિત્ર પદાર્થોને, **पंडिए पडिलेहाए** = પંડિત પુરુષ આ શરીરના સ્વરૂપની સારી રીતે પ્રેક્ષા કરે, **मा पच्चासी** = ત્યાગેલા ભોગોની ફરી ઈચ્છા કરે નહિ, **य** = જે, **हु** = નિશ્ચયથી, **लालं** = મુખની લાળની જેમ, **तेसु** = સમ્યગ્જ્ઞાનાદિથી, **तिरिच्छं** = પ્રતિકૂળ, વિપરીત, **मा आवायए** = થવા ન દે.

**ભાવાર્થ :–** આ દેહની અંદર જેવા અશુચિમય પદાર્થ ભર્યા છે તેવા જ બહાર આવે છે અને જેવા પદાર્થ બહાર દેખાય છે તેવા જ ભીતરમાં ભર્યા છે. આ શરીરની અંદર અશુદ્ધિ ભરેલી છે. તે દેહની અવસ્થાઓને સાધક જુએ અને શરીરના નવ દ્વારમાંથી ઝરતા અશુચિમય પદાર્થોને પણ જુએ. આ રીતે પંડિતજન શરીરની અશુચિને સારી રીતે જુએ, વિચાર કરે.

તે બુદ્ધિમાન સાધક ભોગોનો ત્યાગ કર્યા પછી તેને વમન કરેલી મુખ લાળની સમાન સમજીને ક્યારે ય ફરીથી ચાટે નહીં, સ્વીકારે નહીં અને સંયમથી વિપરીત આચરણોમાં ક્યારે ય આત્માને જોડે નહીં.

## વિવેચન :–

આ સૂત્રમાં અશુચિ ભાવનાનું વર્ણન છે. શરીરની અશુચિને દર્શાવતાં કહ્યું છે કે– આ શરીર મળ, મૂત્ર, લોહી, માંસ, અસ્થિ, મજ્જા, શુક્રાદિ ભરેલ છે, તે જ પદાર્થો બહાર આવે છે. જેવી રીતે અશુચિથી ભરેલો ઘડો અંદરથી અપવિત્ર હોય છે તેને બહારથી ધોવા છતાં શુદ્ધ બનતો નથી. એ જ રીતે અંદરથી અપવિત્ર શરીર સ્નાનાદિ કરવા છતાં બહારથી અપવિત્ર જ રહે છે. અશુચિ ભરેલા માટીના ઘડામાંથી જેમ છિદ્રો દ્વારા અશુચિ ઝરે છે તેમ શરીરના રૂંવાડાં તથા અન્ય છિદ્રો દ્વારા અશુચિ બહાર નીકળતી રહે છે. તે પ્રકારનું ચિંતન કરી શરીરની સુંદરતા પ્રત્યે રાગ તથા મોહને દૂર કરવા જોઈએ.

આ અશુભ નિમિત્તથી શુભ તરફ ગતિશીલ થવાની એક રીત છે. શરીરની અશુચિ તેમજ અસારતાનું ચિંતન કરવાથી સ્વાભાવિક રીતે જ તેના તરફની આસક્તિ તથા મમત્વ છૂટી જાય છે.

**जहा अंतो तहा बाहिं :–** નો એક અર્થ ભાવાર્થમાં કર્યો છે અને બીજો અર્થ આ પ્રકારે છે કે સાધકે પૂર્ણ સરળ હૃદયી રહેવું જોઈએ. તેના ભીતરમાં જે વાસ્તવિક ભાવો છે તે જ વચનથી વ્યક્ત થવા જોઈએ અને વચનથી પોતાના જેવા ભાવો બતાવે, તેવા જ ભાવો અંતરમાં રાખવા જોઈએ. અંદર અને બહાર નીકળતા ભાવોમાં કોઈ પણ જાતનો તફાવત ન હોવો જોઈએ. છળકપટના ભાવોનો ત્યાગ તેના જીવનમાં નિતાંત આવશ્યક છે. તાત્પર્ય એ છે કે બહાર તથા અંદર એકરૂપ સર્વાંગ શુદ્ધિ હોવી અનિવાર્ય છે.

**लालं पच्चासी :–** જેમ સજ્જન પુરુષ માટે મોઢાથી ત્યજેલી લાળને પાછી ખેંચવી યોગ્ય નથી તેમ સાધકને ત્યજેલા ભોગોને કે ગૃહસ્થ જીવનને પુનઃ સ્વીકારવું યોગ્ય નથી.

**मा तेसु तिरिच्छं अप्पाणमावायए :–** હે સાધક ! જ્ઞાન, દર્શન, ચારિત્રનો માર્ગ સહજ, સરળ તથા સીધો છે. તેનાથી મિથ્યાત્વ, કષાયાદિનો માર્ગ ઊલટો તિરછો છે અર્થાત્ વક્ર છે. જ્ઞાનાદિથી વિપરીત સંસાર માર્ગમાં ન જવું જોઈએ. આત્માને મોક્ષથી વિપરીત માર્ગમાં ક્યારે ય જોડવો ન જોઈએ.

## ઈહલૌકિક પ્રવૃત્તિશીલ માનવની દશા :-

**૮ कासंकासे खलु अयं पुरिसे, बहुमायी, कडेण मूढे, पुणो तं करेइ लोहं, वेरं वड्ढेइ अप्पणो । जमिणं परिकहिज्जइ इमस्स चेव पडिबूहणयाए । अमरायइ महासड्ढी । अट्टमेयं तु पेहाए । अपरिण्णाए कंदइ ।**

**શબ્દાર્થ :– कासंकासे** = આ કર્યું, આ કરીશ, આવા સંકલ્પવાળો, **बहुमायी** = ઘણી માયા કરે છે, **कडेण मूढे** = કિંકર્તવ્યમૂઢ થઈને દુઃખ ભોગવે છે, **पुणो** = ફરી, **तं लोहं करेइ** = તે વિષય ભોગોમાં આસક્તિ કરે છે, **वेरं वड्ढेइ** = વેર વધારે છે, **अप्पणो** = પોતાનું, **जमिणं** = જે આ, **परिकहिज्जइ** = વારંવાર કથન કરે છે, **इमस्स चेव** = આ નાશવંત શરીરની, **पडिबूहणयाए** = વૃદ્ધિ માટે પ્રાણાતિપાત આદિ કરે છે, **अमरायइ** = દેવની જેમ હંમેશ અમર માને છે, **महासड्ढी** = જીવવાની મહાશ્રદ્ધા રાખનાર, **अट्टं** = દુઃખ પામે છે, **एयं** = આ, **पेहाए** = જોઈને બુદ્ધિમાન ભોગની ઈચ્છા કરે નહિ, **अपरिण्णाए** = અપરિજ્ઞાત– વિષયભોગના પરિણામથી અજાણ અને તેમાં આસક્ત, **कंदइ** = આક્રંદન કરે છે, રડે છે.

**ભાવાર્થ :–** કામભોગોમાં આસક્ત આ પુરુષ વિચારે છે કે–મેં આ કાર્ય કર્યું, હું આ કાર્ય કરીશ. આ પ્રકારની આકુળતાના કારણે તે બીજાને ઠગે છે, માયા–કપટ કરે છે અને ફરી પોતે કરેલી માયાજાળમાં ફસાઈને મૂઢ બની જાય છે. તે મૂઢભાવથી ગ્રસિત થઈને ફરી લોભ કરે છે અને તેના કારણે પાપ કૃત્યો કરી જીવોની સાથે પોતાનું વેર વધારે છે. જે કંઈ પણ તે કહે છે અને કરે છે તે આ જીવનને પુષ્ટ કરવા માટે જ કરે છે. તે દેવતાની જેમ પોતાને અમર માનીને અર્થાત્ અત્યંત દીર્ઘાયુ માનીને જીવવાની અસીમ શ્રદ્ધાથી ચાલતો રહે છે. તાત્પર્ય એ છે કે મરવાનું છે એ વાતને ક્યારેય યાદ કરતો નથી. તું જો ! આવા તે પ્રાણી સંસારમાં મહાપીડિત તેમજ દુઃખી છે. અજ્ઞાનદશામાં પડેલાં તે પ્રાણી પોતાના દુઃખના કારણે રડે છે, ક્રંદન કરે છે.

## વિવેચન :-

આ સૂત્રમાં અશાંતિ અને દુઃખનાં મૂળ કારણો પર પ્રકાશ પાડ્યો છે. 'આ કર્યું, હવે આ કરવાનું છે' આ પ્રકારની સંકલ્પની જાળમાં ફસાઈને માનવી મૂઢ થઈ જાય છે. તે વાસ્તવિક જીવનથી દૂર થઈને સ્વપ્નની દુનિયામાં જીવે છે. સૂત્રકારે મનની આ સ્થિતિને **कासंकासे**– શબ્દ દ્વારા વ્યક્ત કરેલ છે.

આવો સ્વપ્નદર્શી મનુષ્ય કામ અને ભૂખની વૃત્તિઓને સંતુષ્ટ કરવા માટે અનેકવિધ દુષ્પ્રવૃત્તિઓનું આચરણ કરે છે, વેર વધારે છે. જીવનમાં તે એવો આસક્ત બની જાય છે કે બીજાને મરતાં જોઈને પણ પોતાને અમર માનવા લાગે છે.

શ્રી શીલાંકાચાર્યે તેનું ઉદાહરણ આપતા વ્યાખ્યા કરી છે કે–'અર્થલોભી વ્યકિત સૂવાના સમયે સૂઈ શકતો નથી, સ્નાનના સમયે સ્નાન કરી શકતો નથી. તે બિચારો ભોજનના સમયે ભોજન પણ કરી શકતો નથી. તે રાત દિવસ ધનનું ચિંતન કરે છે. આ સ્થિતિમાં તે પોતે પોતાને વિસરી જાય છે. મૃત્યુ જેવી અવશ્ય થનારી ક્રિયાને પણ તે ભૂલી જાય છે. મૃત્યુ આવવાનું છે તે વાતને તે ક્યારે ય યાદ કરતો નથી.

એક વાર રાજગૃહીમાં ધન નામનો સાર્થવાહ આવ્યો. તે દિવસ–રાત ધનને ઉપાર્જન કરવામાં જ લીન રહેતો. તેની વિશાળ સમૃદ્ધિની ચર્ચા સાંભળીને મગધસેના નામની ગણિકા તેના આવાસે ગઈ. સાર્થવાહ ધનના આવક–જાવકના હિસાબમાં અને સોનામહોરને ગણવામાં એટલો લીન હતો કે તેના દરવાજે ઊભેલી સુંદરી તરફ તેનું ધ્યાન ન ગયું, તેને જોઈ નહિ. મગધસેનાનો અહંકાર જાગી ઊઠ્યો. દાંત કચકચાવતી ઉદાસીન ભાવે સમ્રાટ જરાસંઘના દરબારમાં ગઈ. જરાસંઘે પૂછ્યું–સુંદરી તમે ઉદાસ કેમ છો ? કોણે તમારું અપમાન કર્યું ? મગધસેનાએ વ્યંગ સાથે કહ્યું કે તે અમરે. જરાસંઘે આશ્ચર્યપૂર્વક પૂછ્યું કે કોણ અમર ? ગણિકા એ કહ્યું કે ધન સાર્થવાહ. તે ધનની ચિંતામાં, સોનામહોરો ગણવામાં એવો મસ્ત હતો કે હું તેના દ્વારે પહોંચી ગઈ તો પણ તે મને જોઈ ન શક્યો. તો પછી તેના મૃત્યુને તે કેવી રીતે જોશે ? તે તેની જાતને અમર માને છે. આ રીતે અર્થલોલુપ વ્યક્તિની માનસિક દુર્બળતાને પ્રકાશિત કરતાં શાસ્ત્રકાર કહે છે કે–ભોગ અને ધનમાં આસક્ત વ્યક્તિ પોતાને અમર માનવા લાગે છે.

**अपरिण्णाय कंदइ :–** અતિ આસક્તિનું પરિણામ છે– આર્તતા, પીડા, અશાંતિ અને રડવું. ભોગને મેળવવાની આકાંક્ષામાં પ્રાણી પહેલાં પણ રડે છે અને પછી ભોગ ચાલ્યા જવાના કારણે પણ રડે છે. આ રીતે ભોગાસક્તિનું સમસ્ત પરિણામ રડવાનું જ છે.

**बहुमायी :–** આ શબ્દથી ક્રોધ, માન, માયા અને લોભ, આ ચારે ય કષાયનો બોધ થાય છે. અવ્યવસ્થિત ચિત્તવાળી વ્યક્તિ ક્યારેક માયા, ક્યારેક ક્રોધ, ક્યારેક અહંકાર અને ક્યારેક લોભ કરે છે. વિક્ષિપ્ત ચિત્તવાળી વ્યક્તિ પાગલ જેવું આચરણ કરે છે.

## સદોષચિકિત્સા નિષેધ :–

**९ से तं जाणह जमहं बेमि । तेइच्छं पंडिए पवयमाणे से हंता छेत्ता भेत्ता लुंपित्ता विलुंपित्ता उद्दवइत्ता 'अकडं करिस्सामि' त्ति मण्णमाणे जस्स वि य णं करेइ, अलं बालस्स संगेणं, जे वा से कारेइ बाले । ण एवं अणगारस्स जायइ । त्ति बेमि ।**

## ॥ पंचमो उद्देसो समत्तो ॥

**શબ્દાર્થ :– से तं** = માટે આ વાતને, **जाणह** = સમજો, **जमहं** = જે હું, **बेमि** = કહું છું, **तेइच्छं** = કામ ચિકિત્સાનો, **पंडिए** = પોતાને પંડિત માનતા, **पवयमाणे** = કથન કરનાર, ઉપદેશક, **से** = પ્રાણીઓનું, **अकडं करिस्सामि त्ति** = જે કાર્ય બીજાએ નથી કર્યું તે હું કરીશ આ પ્રમાણે, **मण्णमाणे** = માનતો, **जस्स वि य णं** = જે કોઈને માટે પણ તે એવું, **करेइ** = અહિત કરે છે, **संगेणं अलं** = સંગ કરવો જોઈએ નહિ, **वा** = અને, **से** = તેનાથી, પ્રાણી હિંસાથી, **कारेइ** = ચિકિત્સા કરાવે છે, **एवं** = આ રીતે, **ण जायइ** = કલ્પતું નથી.

**ભાવાર્થ :–** હું જે કહું છું તે તમે જાણો અર્થાત્ આગળ કહેવામાં આવતા વિશેષ વિષયને પણ તમો સાંભળો અને સમજો. પોતાને ચિકિત્સા પંડિત કહેવડાવતા કેટલાક વૈદ્ય, સાવદ્ય ચિકિત્સામાં પ્રવૃત્ત હોય છે. તેઓ ચિકિત્સા માટે અનેક જીવોની હિંસા કરે છે, છેદન ભેદન કરે છે, પ્રાણીઓના સુખનો નાશ કરે છે, વિશેષ નાશ કરે છે. તેઓ પ્રાણીનો વધ કરે છે. 'પહેલાં કોઈએ જે નથી કર્યું તેવું હું કરીશ' એમ માનતા તે કોઈની પણ ચિકિત્સા કરે છે. તેવા અજ્ઞાનીના સમાગમથી પણ દૂર જ રહેવું જોઈએ અને જે આવી ચિકિત્સા કરાવે છે, તે પણ અજ્ઞાની છે, તેનાથી પણ દૂર રહેવું જોઈએ. તેની સંગતિ કે સંપર્ક કરવો જોઈએ નહિ. અણગારને આવી કોઈ પણ ચિકિત્સા કરવી કે કરાવવી કલ્પતી નથી. –એમ ભગવાને કહ્યું છે.

**॥ પાંચમો ઉદ્દેશક સમાપ્ત ॥**

### વિવેચન :–

આ સૂત્રમાં હિંસાજન્ય ચિકિત્સાનો નિષેધ કર્યો છે. તેનું ત્રણ પ્રકારે સ્પષ્ટીકરણ થાય છે (૧) પૂર્વનાં સૂત્રોમાં કામ વિષયકનું વર્ણન હોવાથી પ્રસ્તુત સૂત્રમાં કામચિકિત્સાને લક્ષ્યમાં લઈને કથન કર્યું હોય તેમ જણાય છે. કામવાસનાની તૃપ્તિ માટે મનુષ્ય અનેક પ્રકારની ઔષધિઓનું સેવન કરે છે, શરીરના અવયવો ઢીલા કે શક્તિક્ષીણ થવા પર અન્ય પશુઓના અંગ, ઉપાંગ–અવયવ લગાડીને કામસેવનની શક્તિને વધારવાની ઈચ્છા કરે છે. તે નિમિત્તે વૈદ્ય અનેક પ્રકારની હિંસા કરે છે. તેથી ચિકિત્સક અને ચિકિત્સા કરાવનાર બંને આ હિંસાના ભાગીદાર બને છે. સાધકને માટે આ પ્રકારની ચિકિત્સાનો અહીં નિષેધ કર્યો છે.

(૨) બીજો દષ્ટિકોણ વ્યાધિ ચિકિત્સા (રોગોપચાર)નો પણ છે.

શ્રમણ બે પ્રકારના છે– જિનકલ્પી અને સ્થવિરકલ્પી (૧) જિનકલ્પી શ્રમણ સંઘથી અલગ, સ્વતંત્ર, એકાકી રહી સાધના કરે છે. તે પોતાના શરીરની સાર સંભાળ, રોગોપચારાદિ કરતા નથી અને કરાવતા પણ નથી. (૨) સ્થવિરકલ્પી શ્રમણ સંઘ સાથે જીવન જીવે છે. સંયમયાત્રાનો સમાધિપૂર્વક નિર્વાહ કરવા માટે નિર્દોષ ભોજન અને નિર્દોષ ઔષધિ આદિનો ઉપયોગ કરીને સાધનાને જાળવી રાખે છે પરંતુ સ્થવિરકલ્પી શ્રમણ શરીરના મોહથી બીમારી આદિના નિવારણ માટે હિંસક કે દોષિત ચિકિત્સા કરાવતા

નથી. સૂત્રમાં તેનો સ્પષ્ટ નિષેધ કર્યો છે.

(૩) મંત્ર, તંત્રથી પણ કોઈ પણ પ્રકારની ચિકિત્સા કે પરપીડાકારી પ્રવૃત્તિ થાય, તે પ્રકારની ક્રિયા મુનિને કરવી, કરાવવી યોગ્ય નથી. સાધુ માટે આવી ચિકિત્સાનો નિષેધ કર્યો છે. આ રીતે મુનિને સાવદ્ય ચિકિત્સાનો સૂત્રકારે નિષેધ કર્યો છે.

**॥ અધ્યયન–૨/૫ સંપૂર્ણ ॥**

## બીજું અધ્યયન : છઠ્ઠો ઉદ્દેશક

**દોષની પરંપરા :–**

**१** **से तं संबुज्झमाणे आयाणीयं समुट्ठाए तम्हा पावं कम्मं णेव कुज्जा ण कारवेज्जा । सिया तत्थ एगयरं विप्परामुसइ छसु अण्णयरम्मि कप्पइ । सुहट्ठी लालप्पमाणे सएण दुक्खेण मूढे विप्परियासमुवेइ ।**

**सएण विप्पमाएण पुढो वयं पकुव्वइ जंसिमे पाणा पव्वहिया । पडिलेहाए णो णिकरणयाए । एस परिण्णा पवुच्चइ कम्मोवसंति ।**

**શબ્દાર્થ :–** **तं** = તે પૂર્વે આપેલા ઉપદેશને, **संबुज्झमाणे** = સમજતાં, જાણતાં, **आयाणीयं** = સંયમને, **समुट्ठाए** = ગ્રહણ કરીને, **सिया** = કદાચિત, જો, **तत्थ** = ત્યાં, **एगयरं** = કોઈ એક કાયનો પણ, **विप्परामुसइ** = આરંભ કરે છે, **छसु अण्णयरम्मि** = છએમાંથી કોઈપણ કાયનો આરંભ, **कप्पइ** = કરે છે, **सुहट्ठी** = વિષય સુખેચ્છુ, **लालप्पमाणे** = મન, વચન કાયાથી સાવદ્ય ક્રિયા કરતો, **सएण** = પોતે કરેલા, **दुक्खेण** = કર્મ કૃત દુઃખથી, **विप्परियासमुवेइ** = વિપરીત ભાવ પ્રાપ્ત કરે છે, દુઃખ પ્રાપ્ત કરે છે, **सएण** = પોતાના, **विप्पमाएण** = પ્રમાદના કારણે, **पुढो** = પૃથક્–પૃથક્ રૂપે, **वयं पकुव्वइ** = પોતાના સંસારને વધારે છે, **जंसि** =જે સંસારમાં, **इमे** = આ પ્રાણી, **पव्वहिया** = કષ્ટ પ્રાપ્ત કરે છે, **पडिलेहाए** = જ્ઞાની આ જાણીને, **णो णिकरणयाए** = શારીરિક, માનસિક ક્લેશ થાય તેવા કર્મો કરે નહિ, **एस** = આ સાવદ્ય નિવૃત્તિ જ, **परिण्णा** = સાચું જ્ઞાન, **पवुच्चइ** = કહેવાય છે, **कम्मोवसंति** = કર્મ ઉપશાંત થાય છે.

**ભાવાર્થ :–** પૂર્વે કહેલા વિષયને સમ્યક્ પ્રકારે જાણી સાધક સંયમ સાધનામાં સમુદ્યત બને ત્યાર પછી તે સંયમમાં સાવધાન રહી સ્વયં પાપ કરે નહિ, બીજા પાસે પાપ કરાવે નહિ અને તેની અનુમોદના પણ કરે નહિ. કદાચ પ્રમાદ કે અજ્ઞાનવશ જ્યારે તે કોઈ એક જીવકાયનો આરંભ કરે છે, ત્યારે તે છએ જીવકાયોમાંથી કોઈનો પણ સમારંભ કરે છે. તે સુખનો અભિલાષી વારંવાર સુખની ઈચ્છા કરે છે, પરંતુ સ્વકૃત કર્મોનાં કારણે અથવા કર્મોદય જન્ય દુઃખોનાં કારણે મૂઢ બની જાય છે અને વિષયાદિ સુખને બદલે

દુઃખને પ્રાપ્ત કરે છે. તે પોતાના અત્યંત પ્રમાદના કારણે જ અનેક યોનિઓમાં પરિભ્રમણ કરે છે. ત્યાં તે અત્યંત દુઃખ ભોગવે છે. સંસારમાં પ્રાણીઓ કષ્ટ પ્રાપ્ત કરે છે, તે જાણીને જ્ઞાની પુરુષ શારીરિક માનસિક ક્લેશ થાય તેવા કર્મ કરે નહીં.

સાવદ્ય પ્રવૃત્તિથી નિવૃત્તિ એ જ સાચું જ્ઞાન, વિવેક કહેવાય છે અને તેનાથી જ કર્મોની શાંતિ, મુક્તિ પ્રાપ્ત થાય છે. આ જાણીને વિવેકી પુરુષ સાવદ્ય કાર્યોનો ત્યાગ કરી દે.

## વિવેચન :–

પૂર્વના ઉદ્દેશકોમાં પરિગ્રહ તથા કામની આસક્તિથી ગ્રસ્ત મનુષ્યની મનોદશાનું વર્ણન કર્યું છે. આ સંદર્ભમાં અહીં કહ્યું છે– આસક્તિથી થનારાં દુઃખોને સમજીને સાધક કોઈ પણ પ્રકારનાં પાપકાર્ય કરે નહિ.

પાપકાર્ય નહિ કરવાના વિષયમાં ટીકાકારે પ્રસિદ્ધ અઢાર પાપસ્થાનનો નિર્દેશ કર્યો છે તે ઉપરાંત મનના જેટલા પાપપૂર્ણ સંકલ્પો હોય તેટલા પાપ થઈ શકે છે. તેની ગણના કરવી શક્ય નથી. સાધક મનને પવિત્ર કરી લે તો પાપ સ્વયં નષ્ટ થઈ જાય છે. તેથી તે કોઈ પણ પ્રકારના પાપ કરે નહિ, પાપ કરાવે નહિ, પાપની અનુમોદના પણ કરે નહિ.

**छसु अण्णयरम्मि कप्पइ :–** આ સૂત્રમાં એક ગૂઢ આધ્યાત્મિક કોયડાને સ્પષ્ટ કર્યો છે. ક્યારેક સાધક પ્રમાદી બની જાય અને કોઈ એક જીવ નિકાયની હિંસા કરે ત્યારે તે એક જીવનિકાયની હિંસા કરનાર છકાયમાંથી કોઈની પણ હિંસા કરે છે. કેમ કે જ્યારે સાધકનાં ચિત્તમાં કોઈ એક જીવકાયની હિંસાનો સંકલ્પ થાય, તો અન્ય જીવકાયની હિંસા પણ તે કરી શકે છે. તેનું તાત્પર્ય એ છે કે અખંડ અહિંસાની ચિત્તધારા જેની ખંડિત થઈ ગઈ હોય અને અહિંસાની પવિત્ર ચિત્તવૃત્તિ મલિન થઈ હોય, ત્યારે તે એક જીવકાયની હિંસા કરે અને બીજા પ્રતિ મૈત્રી અથવા કરુણા ભાવ રાખે એમ થવું અત્યંત કઠિન છે. એ સિવાય દરેક કાયની હિંસાની સાથે બીજી અનેક કાયની હિંસા, ત્રસકાયની હિંસા પણ સંભવિત છે.

બીજી અપેક્ષાએ **'छसु'** શબ્દથી પાંચ મહાવ્રત તથા છટ્ઠું રાત્રિભોજન વિરમણવ્રત એવો અર્થ પણ થાય છે. તેમાં એમ સમજવું કે જો એક અહિંસાવ્રત ખંડિત થાય તો સત્યવ્રત પણ ખંડિત થાય. કારણ કે સાધકે હિંસા ત્યાગ આદિ સર્વની પ્રતિજ્ઞા કરી હોય છે. એક પ્રતિજ્ઞાનો ભંગ કરનાર બીજી પ્રતિજ્ઞાનો પણ ભંગ કરી શકે છે, કારણ કે તેના વ્રતપાલનની નિષ્ઠા અને મનોબળમાં જ્યારે એકવાર એક વ્રત માટે ઢીલાશ આવી જાય તો પછી તેના બીજા વ્રતોમાં પણ શિથિલતા થવાની પૂરેપૂરી શક્યતા રહે છે. બીજી રીતે એમ પણ સમજી શકાય કે જ્યારે અહિંસા મહાવ્રત ખંડિત થાય તો પૂર્વે કરેલી પ્રતિજ્ઞાનો ભંગ થતાં બીજું મહાવ્રત પણ દૂષિત થાય છે. જીવોના પ્રાણોને તેની આજ્ઞા વિના નાશ કરવાથી અને તે જીવોના શરીરને ગ્રહણ કરવાથી ત્રીજું મહાવ્રત દૂષિત થાય. આ રીતે એક મહાવ્રત ખંડિત થતાં અનેક મહાવ્રત ખંડિત થાય છે.

એક પાપના સેવનથી સર્વ પાપો આવી જાય છે– **छिद्रेष्वनर्था बहुली भवन्ति** આ કથન

અનુસાર એક છિદ્ર થતાં જ અનેક અવગુણ આવી જાય છે તેથી અહીં અહિંસાવ્રતની અખંડ–નિરતિચાર સાધનાનો નિર્દેશ કર્યો છે.

**जंसि मे पाणा पव्वहिया :–** આ સૂત્રનો બીજી રીતે ભાવાર્થ આ પ્રમાણે છે– **विप्पमाएण** = પ્રમાદ દૂર થવાથી, **पुढो** = પૃથક્ પૃથક્, **वयं** = વ્રતનું, **पकुव्वइ** = પાલન કરે છે, **जंसि** = જે, **मे** = મેં, **पाणापव्वहिया** = પ્રાણીઓને પીડિત કર્યા છે, **पडिलेहाए** = કોઈ પણ વિચારોથી, **णो णिकरणाए** = તે કર્મોથી છુટકારો થઈ શકતો નથી, **एस परिण्णा पवुच्चइ** = આ પરિજ્ઞા કહેવાય છે, બોધ–જાગૃતિ કહેવાય છે, **कमोवसंति** = તે જાગૃતિ ચારિત્ર મોહકર્મના ઉપશાંત થવાથી થાય છે.

**ભાવાર્થ :–** કોઈ સાધક પોતાનો પ્રમાદ દૂર થવા પર તે પુનઃ એક એક વ્રતની આરાધના કરે છે. તે વિચારે છે કે કોઈપણ વિચારણાથી કરેલી વિરાધનાથી બંધાયેલા કર્મ ભોગવ્યા વિના નષ્ટ થઈ શકતા નથી. આ પ્રકારે કર્મો ઉપશાંત થવાથી તેની વિચારણા વિરાધનાથી પુનઃ આરાધનામાં પરિવર્તિત થાય છે. તે પરિજ્ઞા–પુનર્બોધ, જાગૃતિ કહેવાય છે.

## મમત્વ અને લોકસંજ્ઞાનો ત્યાગ :–

**२ जे ममाइयमइं जहाइ से जहाइ ममाइयं । से हु दिट्ठपहे मुणी जस्स णत्थि ममाइयं । तं परिण्णाय मेहावी विदित्ता लोगं, वंता लोगसण्णं, से मइमं परक्कमेज्जासि । त्ति बेमि ।**

**શબ્દાર્થ :– जे ममाइयमइं** = જે પુરુષ મમત્વબુદ્ધિને, **जहाइ** = છોડે છે, **ममाइयं** = મમત્વને, સ્વીકૃત પરિગ્રહને, **दिट्ठपहे** = મોક્ષમાર્ગને જોનાર, **विइत्ता लोगं** = લોક સ્વરૂપને જાણીને, **लोगसण्णं** = લોકસંજ્ઞાને, **वंता** =છોડીને, **मइमं** = મતિમાન પુરુષ, **परक्कमेज्जासि** = સંયમ પાલન કરે, સંયમ અનુષ્ઠાનમાં પરાક્રમ કરે.

**ભાવાર્થ :–** જે મમત્વ બુદ્ધિનો ત્યાગ કરે છે તે મમત્વ–પરિગ્રહનો ત્યાગ કરે છે અર્થાત્ તે જ અપરિગ્રહી થાય છે.

જેણે મમત્વનો ત્યાગ કરી દીધો છે તે જ સત્યપથનો દૃષ્ટા–મોક્ષ માર્ગને જોનાર, સમજનાર મુનિ છે. આ જાણીને મેધાવી લોક સ્વરૂપને જાણે, લોક સંજ્ઞાનો–સંસાર પ્રવાહની રુચિનો ત્યાગ કરે તથા સંયમમાં પુરુષાર્થ કરે. વાસ્તવમાં તે જ જ્ઞાનીપુરુષ કહેવાય છે.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં મમત્વ બુદ્ધિ અને લોકસંજ્ઞાથી મુક્ત થવાની વાત કહી છે. મમત્વ–મૂર્ચ્છા તેમજ આસક્તિ બંધનનું મુખ્ય કારણ છે. પદાર્થના સંયોગ માત્રથી ચિત્ત મલિન થતું નથી અને કર્મ બંધન પણ

થતું નથી પરંતુ પદાર્થની સાથે જ્યારે મમત્વ બુદ્ધિ જોડાઈ જાય છે ત્યારે તે પદાર્થ પરિગ્રહરૂપ બને છે અને તેનાથી કર્મ બંધાય છે. માટે સૂત્રમાં કહ્યું છે કે–જે મમત્વબુદ્ધિનો ત્યાગ કરે છે તે સંપૂર્ણ મમત્વ અથવા પરિગ્રહનો ત્યાગ કરી શકે છે. પરિગ્રહના ત્યાગી જ વાસ્તવમાં સત્ય માર્ગના જોનારા છે. તેઓ કેવળ માર્ગને જાણનારા જ હોય તેમ નહિ પરંતુ તે માર્ગ ઉપર ચાલનારા પણ હોય છે. આ તથ્યનો અહીં સંકેત કર્યો છે.

લોકને જાણવાનો આશય એ છે કે સંસારમાં પરિગ્રહ તથા હિંસાના કારણે જ સર્વ દુઃખ તેમજ પીડાઓ થાય છે તથા સંસારનું પરિભ્રમણ વધે છે.

**लोगसण्णं :–** લોક સંજ્ઞાના ત્રણ અર્થ છે–(૧) આહાર, ભયાદિ દશ પ્રકારની લોકસંજ્ઞા. (૨) યશકામના, અહંકાર, પ્રદર્શનની ભાવના, મોહ, વિષયાભિલાષા, વિચાર–મૂઢતા, ગતાનુગતિક વૃત્તિ આદિ. (૩) મનકલ્પિત લૌકિક રિવાજ, જેમ કે કૂતરો યક્ષરૂપ છે, બ્રાહ્મણ દેવરૂપ છે, અપુત્રની ગતિ નથી.

આ ત્રણે ય પ્રકારની સંજ્ઞાઓ– વૃત્તિઓનો ત્યાગ કરવાનું ધ્યેય અહીં અપેક્ષિત છે. 'લોક સંજ્ઞાષ્ટક'માં આ વિષય ઉપર વિસ્તારથી વિવેચન કરતા આચાર્યોએ કહ્યું છે કે–

**लोकसंज्ञोज्झितः साधुः परब्रह्म समाधिमान् ।**
**सुखमास्ते गतद्रोह, ममता मत्सरज्वरः ।।८।।** (અભિ. રાજે. કોશ ભા. ૬. પૃ. ૭૪૧ 'લોગસણ્ણા.')

**અર્થ–** શુદ્ધ આત્મ સ્વરૂપ સમાધિમાં સ્થિત, દ્રોહ, મમતા, (દ્વેષ તેમજ રાગ) ઈર્ષ્યારૂપ તાવથી રહિત અને લોક સંજ્ઞાથી મુક્ત સાધુ સંસારમાં સુખપૂર્વક રહે છે.

## અરતિ–રતિ–વિવેક :–

**३** **णारइं सहइ वीरे, वीरे णो सहइ रइं ।**
**जम्हा अविमणे वीरे, तम्हा वीरे ण रज्जइ ॥१॥**

**सद्दे फासे अहियासमाणे, णिव्विंद णंदिं इह जीवियस्स ।**
**मुणी मोणं समादाय, धुणे कम्मसरीरगं ॥२॥**

**पंतं लूहं सेवंति, वीरा समत्तदंसिणो ।**
**एस ओहंतरे मुणी, तिण्णे मुत्ते विरए वियाहिए ॥३॥ त्ति बेमि ।**

**શબ્દાર્થ :– अरइं** = સંયમમાં અરતિને, **ण सहइ** = સહન કરતા નથી અર્થાત્ સંયમમાં અરતિ કરતા નથી, **रइं** = અસંયમમાં રતિને, **णो सहइ** = સહન કરે નહિ, **जम्हा** = જેનાથી, કારણકે, **अविमणे** = મન દૂષિત ન થાય, સ્વસ્થ મનવાળા રહે, **तम्हा** = તેથી, **ण रज्जइ** = શબ્દાદિ વિષયોમાં આસક્ત થતા નથી,

**सद्दे फासे** = શબ્દોના સ્પર્શને, **अहियासमाणे** = સહન કરતાં , **इह** = આ લોકમાં, **णिव्विंद** = નિવૃત્ત થાય, ત્યાગ કરે, **णंदिं** = આનંદ, વિષયાનંદને, **जीवियस्स** = અસંયમી જીવનમાં, **मुणी मोणं** = મુનિ સંયમને, **समादाय** = સ્વીકારીને, **धूणे** = ખંખેરે, **कम्मसरीरगं** = કર્મ–કાર્મણ શરીરને, **पंतलूहं** = નીરસ, રૂક્ષ આહારને, **सेवंति** = સેવે છે, **सम्मत्तदंसिणो** = સમત્વદર્શી, **ओहंतरे** = તરી જાય છે, **तिण्णे** = સંસાર સાગરને તીર્ણ, **मुत्ते** = મુક્ત, **विरए** = વિરત, **वियाहिए** = કહેવાય છે.

**ભાવાર્થ :–** વીર સાધક સંયમમાં ઉત્પન્ન થયેલ અરુચિને સહન કરતા નથી અને બાહ્ય પદાર્થોમાં થતી રતિ–રુચીને પણ સહન કરતા નથી, કારણ કે વીર સાધક અન્યમનસ્ક થતા નથી, શાંત સ્વસ્થ ચિત્તવાળા હોય છે. વીર સાધક કોઈ પદાર્થ ઉપર રાગવૃત્તિ ઉત્પન્ન થવા દેતા નથી.

શબ્દ, સ્પર્શ આદિ જન્ય કષ્ટોને સહન કરતા હે મુનિ ! ઈહલૌકિક પુદ્ગલ જન્ય આનંદથી નિવૃત્ત થા, નિર્વેદ ભાવને પામ. હે મુનિ ! સંયમને ગ્રહણ કરીને કર્મશરીરને ખંખેરી નાખ.

તે સમત્ત્વદર્શી વીર સાધક સમભાવ પૂર્વક લૂખો–સૂકો નીરસ આહાર કરે છે. આવા રૂક્ષ આહારી તેમજ સમત્વસેવી મુનિ જન્મ મરણરૂપ સંસાર પ્રવાહને તરી જાય છે, તે જ વાસ્તવમાં તીર્ણ, મુક્ત અને વિરત કહેવાય છે.

## વિવેચન :–

આ ગાથાઓમાં સાધકને સમત્વદર્શી, શાંત અને મધ્યસ્થ બનવાનું પ્રતિપાદન કર્યું છે. રતિ અરતિથી મુક્ત થઈ સ્વસ્થચિત્તથી સફળ સાધના કરવાની પ્રેરણા આપી છે.

**अरइं, रइं :–** રતિ અને અરતિ માનવના અંતઃકરણમાં છુપાયેલી નિર્બળતા છે. રાગદ્વેષની વૃત્તિઓના જામેલા ગાઢ કે સૂક્ષ્મ સંસ્કાર જ મનુષ્યને મોહક વિષયો તરફ ખેંચે છે તેમજ પ્રતિકૂળ વિષયોનો સમાગમ થાય ત્યારે ચંચળ બનાવી દે છે.

અહીં **અરતિ**નો અર્થ છે સંયમ સાધનામાં, તપશ્ચર્યામાં, સેવામાં, સ્વાધ્યાય આદિમાં ઉત્પન્ન થતી અરુચિ તેમજ અનિચ્છા. આ પ્રકારની અરુચિ સંયમ સાધના માટે બાધક છે.

**રતિ**નો અર્થ છે– શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ આદિ મોહક વિષયોથી ઉત્પન્ન થયેલી ચિત્તની પ્રસન્નતા–રુચિ અથવા આકર્ષણ.

અરતિ અને રતિ બંને મનોવૃત્તિઓથી સંયમ સાધના ખંડિત અને નષ્ટ થઈ શકે છે તેથી વીર, પરાક્રમી, ઈન્દ્રિય વિજેતા સાધક પોતાનું અનિષ્ટ કરનારી આવી વૃત્તિઓને સહન કરે નહીં અથવા તેની ઉપેક્ષા કરે નહિ.

**सद्दे फासे :–** પાંચ ઈન્દ્રિયોના વિષયોમાં પહેલા અને છેલ્લા વિષયનું કથન કરીને વચ્ચેના રૂપ, રસ, ગંધ ત્રણે ય વિષયો તેમાં સમાવ્યા છે. આ વિષયો ક્યારેક મધુર–મોહકરૂપમાં મનને લલચાવે છે તો

ક્યારેક અપ્રિયરૂપમાં આવી ચિત્તમાં ઉદ્વેગ ઉત્પન્ન કરે છે. સાધક પ્રિય–અપ્રિય, અનુકૂળ–પ્રતિકૂળ બંને પ્રકારના સ્પર્શોના અનુભવમાં સમભાવ રાખે છે.

સાધક પ્રિયમાં રતિ, અપ્રિયમાં અરતિ તથા પ્રસન્નતા કે ખિન્નતા લાવ્યા વિના સમભાવમાં રહે. આ વિષયો જ સંયમી જીવનમાં પ્રમાદનું કારણ બને છે, તેથી તેના પ્રત્યે ઉદાસીન રહેવાનો સંકેત કર્યો છે.

**मोणं :–** મૌનના બે અર્થ કરી શકાય છે, મૌન–મુનિનો ભાવ એટલે **સંયમ** અથવા મુનિ જીવનનો મૂળ આધાર–**જ્ઞાન**.

**धुणे कम्मसरीरगं :–** રાગદ્વેષથી ઉત્પન્ન કર્મ (કાર્મણ) શરીરને જ્યાં સુધી ક્ષીણ કરવામાં ન આવે ત્યાં સુધી આ ઔદારિક શરીરને ક્ષીણ કરવાથી કોઈ લાભ થતો નથી. સાધનાનું લક્ષ્ય બિંદુ કાર્મણ શરીર–આઠ પ્રકારના કર્મને ક્ષીણ કરવાનું છે. આ ઔદારિક સંયમનું સાધન માત્ર છે, તેથી તેના પ્રત્યે મમત્વ ન રાખે અને સરસ તથા મધુર આહારથી તેને પુષ્ટ પણ ન કરે. એ વાતનો ખુલાસો કરતા કહ્યું છે કે– **पंतं लूहं सेवंति**– સાધકે શરીરથી ધર્મસાધના કરવાની છે, તેના માટે લૂખો સૂકો, નિર્દોષ વિધિથી જે આહાર મળે તે વાપરે.

**समत्तदंसिणो** ની જગ્યાએ **सम्मत्तदंसिणो** પાઠ પણ મળે છે. શીલાંકાચાર્યે તેનો પહેલો અર્થ 'સમત્વદર્શી તથા વિકલ્પે બીજો અર્થ, સમ્યક્ત્વદર્શી કર્યો છે. (૧) નીરસ ભોજનમાં 'સમભાવ'નો અવસર હોવાથી સમત્વદર્શી અર્થ વધારે યોગ્ય લાગે છે. સમત્વદર્શીમાં પણ સર્વભાવો સમાઈ જાય છે. (૨) સમ્યક્ત્વદર્શી વાસ્તવમાં સંસાર સમુદ્રને તરી ચૂક્યા છે, કારણ કે સમ્યક્ત્વની ઉપલબ્ધિ સંસાર પ્રવાહને તરવાનું નિશ્ચિત કારણ છે.

## કુસાધુ તથા કુશળજ્ઞાની સાધક :–

**૪ दुव्वसुमुणी अणाणाए, तुच्छए गिलाइ वत्तए । एस वीरे पसंसिए अच्चेइ लोगसंजोगं । एस णाए पवुच्चइ । जं दुक्खं पवेइयं इह माणवाणं तस्स दुक्खस्स कुसला परिण्णमुदाहरंति, इति कम्मं परिण्णाय सव्वसो ।**

**શબ્દાર્થ :– दुव्वसुमुणी** = સંયમ ધનથી રહિત નબળા સાધુ, **अणाणाए** = ભગવાનની આજ્ઞા નહિ પાળનાર, **तुच्छए** = સામાન્ય કષ્ટોમાં, જ્ઞાનાદિથી શૂન્ય, **गिलाइ** = ગ્લાનિ, ખેદ, કષ્ટાનુભૂતિ, **वत्तए** = પામે છે.

**एस** = આ (ભગવાનની આજ્ઞાના આરાધક), **वीरे** = વીર–કર્મોનો ક્ષય કરવામાં સમર્થ હોય છે તે, **अच्चेइ** = ઉલ્લંઘન કરે છે, **लोगसंजोगं** = લોકના સંયોગો, દુનિયાની જંજાળ, **णाए** = જ્ઞાતા, ન્યાય માર્ગ, **पव्वुच्चइ** = કહેવાય છે.

**इह** = આ સંસારમાં, **जं दुक्खं** = જે દુઃખ, **माणवाणं** = મનુષ્યોનું, **पवेइयं** = કહ્યું છે, **तस्स**

**दुक्खस्स** = તે દુઃખને, **कुसला** = કુશળ પુરુષ, **परिण्णं** = જાણીને,તેનો ત્યાગ કરવાનો, **उदाहरंति** = ઉપદેશ આપે છે, **इति** = આ રીતે, **कम्मं** = કર્મને, **परिण्णाय** = જાણીને, **सव्वसो** = સર્વથા અર્થાત્ ત્રણ કરણ, ત્રણ યોગથી ત્યાગ કરે.

**ભાવાર્થ :–** જે પુરુષ વીતરાગની આજ્ઞાનું પાલન કરતા નથી તે સંયમ ધન– જ્ઞાનાદિ રત્નત્રયથી રહિત 'દુર્વસુ' છે. તે સંયમની સામાન્ય વિધિઓ અને નિયમોનાં પાલન કરવામાં પણ ગ્લાનિ–કષ્ટનો અનુભવ કરે છે.

તે વીર પુરુષ સર્વત્ર પ્રશંસા પ્રાપ્ત કરે છે, જે લોક સંયોગ ધન, પરિવારાદિ જંજાળથી દૂર થઈ જાય છે, મુક્ત બની જાય છે. તે જ વાસ્તવમાં ન્યાયમાર્ગને, મોક્ષમાર્ગને પ્રાપ્ત કરનારા 'જ્ઞાતા' કહેવાય છે.

આ સંસારમાં મનુષ્યોનાં જે દુઃખ કે દુઃખના કારણ કહ્યાં છે, તેનાથી મુક્ત થવાનો માર્ગ કુશળ પુરુષ દેખાડે છે. આ રીતે કર્મ તથા કર્મનાં કારણોને જાણીને સાધક તેનો સર્વથા ત્યાગ કરે, સંયમગ્રહણ કરે.

## વિવેચન :–

આ સૂત્રમાં નબળા અને વીર બંને પ્રકારના સાધકનો પરિચય આપેલ છે. જે સાધક વીતરાગની આજ્ઞાની આરાધના કરતા નથી અર્થાત્ આજ્ઞાનુસાર સારી રીતે આચરણ કરતા નથી તે જ્ઞાનાદિ રત્નત્રયરૂપ ધનથી ગરીબ બની જાય છે. જિનશાસનમાં વીતરાગ આજ્ઞાની આરાધનાને જ સંયમની આરાધના માનેલ છે. **आणाएमामगं धम्मं**– આદિ વચનોમાં આજ્ઞા અને ધર્મનું સહ અસ્તિત્વ બતાવ્યું છે.

જ્યાં આજ્ઞા છે ત્યાં ધર્મ છે, જ્યાં ધર્મ છે ત્યાં આજ્ઞા છે. આજ્ઞાથી વિપરીત આચરણનો અર્થ છે– સંયમ વિરુદ્ધ આચરણ. જે વીતરાગની આજ્ઞાના આરાધક છે તે સર્વત્ર પ્રશંસાને પ્રાપ્ત કરે છે. તે જ વાસ્તવમાં વીર હોય છે. તે ધર્મનો ઉપદેશ આપવામાં ક્યારે ય અચકાતા નથી. તેની વાણીમાં સત્યનો પ્રભાવ ગૂંજે છે.

**अच्चेइ लोगसंजोगं :–** વીર સાધક ધર્માચરણ કરતાં સંસારના સંયોગો–બંધનોથી મુક્ત થઈ જાય છે. સંયોગના બે પ્રકાર છે– (૧) બાહ્ય સંયોગ–ધન, મકાન, પુત્ર પરિવારાદિ. (૨) આભ્યંતર સંયોગ–રાગ, દ્વેષ, કષાય, આઠ પ્રકારના કર્માદિ. આજ્ઞાના આરાધક સંયમી આ બંને પ્રકારના સંયોગોથી મુક્ત થાય છે.

**एस णाए :–** આ શબ્દના બે અભિપ્રાય છે. (૧) આ ન્યાય માર્ગ છે (સન્માર્ગ છે). તીર્થંકરો દ્વારા પ્રરૂપિત માર્ગ છે. સૂયગડાંગ સૂત્રમાં– **नेआउयं सुयक्खायं** તેમજ **सिद्धिपहं णेआउयं धुवं ।** પદ દ્વારા સમ્યગ્જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ મોક્ષમાર્ગનું તથા મોક્ષ સ્થાનનું સૂચન કર્યું છે. (૨) **एष नायक** –આજ્ઞામાં ચાલનાર મુનિ, મોક્ષ માર્ગની તરફ લઈ જનારા નાયક, જ્ઞાની કહેવાય છે

**जं दुक्खं पवेइयं :–** દુઃખ શબ્દથી દુઃખનાં કારણોને પણ ગ્રહણ કર્યા છે. દુઃખનાં કારણો રાગદ્વેષ છે અથવા રાગ, દ્વેષાત્મક વૃત્તિથી બદ્ધ કર્મ પણ દુઃખના કારણ છે. ઉત્તરાધ્યયન સૂત્ર અ.૩ર. ગા.૭ અનુસાર

જન્મ અને મરણ એ દુ:ખ છે અને જન્મ મરણનું મૂળ કર્મ છે, તેથી કર્મ જ વાસ્તવમાં દુ:ખ છે. કુશળ પુરુષ= તીર્થંકર આ દુ:ખની પરિજ્ઞા કહે છે અર્થાત્ દુ:ખથી મુક્ત થવાનો માર્ગ બતાવે છે.

**इति कम्मं परिण्णाय सव्वसो :–** સાધક કર્મને અર્થાત્ દુ:ખનાં સમસ્ત કારણોને સારી રીતે જાણીને તે કારણોનો સર્વથા ત્યાગ કરે, સંયમ સ્વીકાર કરે.

## આત્મદર્શી સાધક :–

**૫ जे अणण्णदंसी से अणण्णारामे, जे अणण्णारामे से अणण्णदंसी ।**

**શબ્દાર્થ :– अणण्णदंसी** = અન્ય તરફ દષ્ટિ ન રાખનારા, વસ્તુ તત્ત્વને યથાર્થરૂપે જાણનારા, **अणण्णारामे** = આત્મરમણ કરનારા મોક્ષમાર્ગથી બહાર રમણ કરતા નથી, **अणण्णारामे** = મોક્ષમાર્ગમાં રમણ કરે છે, **अणण्णदंसी** = વસ્તુસ્વભાવને યથાર્થરૂપે જાણે છે, અન્ય તરફ દષ્ટિ રાખતા નથી.

**ભાવાર્થ :–** જે અન્ય તરફ દષ્ટિ રાખતા નથી તે આત્મરમણ કરનાર છે. જે આત્મરમણ કરનારા છે તે ક્યારે ય પરદોષ દષ્ટિ રાખતા નથી અથવા જે પુરુષ અનન્ય(આત્મા)ને જુએ છે, તે અનન્ય(આત્મા)માં રમણ કરે છે. જે અનન્યમાં રમણ કરે છે તે અનન્યને જુએ છે.

## વિવેચન :–

**अणण्णदंसी अणण्णारामे :–** આ બંને શબ્દો આધ્યાત્મિક રહસ્યને બતાવે છે. અધ્યાત્મ ભાષામાં ચેતનને 'સ્વ' અને જડ ને 'પર' કહે છે. પરિગ્રહ, વિષય, કષાય આદિ સર્વ અન્ય છે. જે અન્ય નથી તે અનન્ય અર્થાત્ ચેતનનું સ્વરૂપ, આત્મ સ્વભાવ તે અનન્ય છે. આત્મરમણ તેમજ આત્મદર્શનનો આ ક્રમ છે કે જે પહેલાં આત્મદર્શન કરે છે તે પછી આત્મરમણ કરે છે. જે આત્મરમણ કરે છે તે અતિ નજીકથી, સૂક્ષ્મતાથી તેમજ તન્મયતાથી સંપૂર્ણ રીતે આત્મદર્શન કરી લે છે.

રત્નત્રયની ભાષામાં એમ કહેવાય કે આત્માને જાણવો તે સમ્યગ્જ્ઞાન અને તેની શ્રદ્ધા કરવી, તે સમ્યગ્દર્શન છે અને આત્મામાં રમણ કરવું તે સમ્યક્ચારિત્ર છે.

પરદષ્ટિની અપેક્ષાએ આ સૂત્રોનો અર્થ આ પ્રમાણે છે– જે બીજાના દોષોને જોતા નથી તે આત્મરમણ કરી શકે છે. જે સ્વમાં જ રમણ કરે છે તેને બીજાના જીવનને જોવાની આવશ્યકતા રહેતી નથી. તાત્પર્ય એ છે કે પરદોષ દર્શનની વૃત્તિને ત્યાગીને સ્વદોષ દર્શનની વૃત્તિને મુખ્ય કરનાર સાધક સાચા આત્મદષ્ટા બની શકે છે.

## કુશળ ઉપદેષ્ટા :–

**૬ जहा पुण्णस्स कत्थइ तहा तुच्छस्स कत्थइ । जहा तुच्छस्स**

**कत्थइ तहा पुण्णस्स कत्थइ । अवि य हणे अणाइयमाणे । एत्थं पि जाण सेयं ति णत्थि । केऽयं पुरिसे, कं च णए । एस वीरे पसंसिए जे बद्धे पडिमोयए, उड्ढं अहं तिरियं दिसासु ।**

**શબ્દાર્થ :– जहा** = જે રીતે, **पुण्णस्स कत्थइ** = પુણ્યવાનને ધર્મ કહે છે, બોધ આપે છે, **तहा** = તેવી જ રીતે, **तुच्छस्स कत्थइ** = તુચ્છને–પુણ્યહીન વ્યક્તિને કહે છે, બોધ આપે છે, **अवि य** = જો કદાચ, **अणाइयमाणे** = અપમાનિત થતાં રાજા આદિ, **हणे** = દંડ દે, સાધુને મારે, **एत्थं पि जाण** = આ પણ જાણવું જોઈએ કે જાણ્યા વિના ઉપદેશ આપવો, **सेयं ति णत्थि** = શ્રેયસ્કર નથી, **केऽयं पुरिसे** = આ પુરુષ કોણ છે, **च** = અને, **कं** = કોને, **णए** = નમસ્કાર કરે છે.

**ભાવાર્થ :–** આત્મદર્શી સાધક જેવી રીતે પુણ્યવાન વ્યક્તિને ધર્મોપદેશ કરે છે તેવી જ રીતે તુચ્છ– સામાન્ય વ્યક્તિને પણ ધર્મોપદેશ કરે છે અને જે રીતે સામાન્ય વ્યક્તિને ધર્મોપદેશ કરે છે તેવી જ રીતે પુણ્યવાનને પણ ધર્મોપદેશ કરે છે.

ક્યારેક ધર્મોપદેશ કાળમાં કોઈ વ્યક્તિ કે શ્રોતા તેના સિદ્ધાંતનો અનાદર થાય તો ધર્મકથા કરનારને મારવા લાગે છે. ઉપદેશની વિધિ જાણ્યા વિના ધર્મકથા કરવી તે કલ્યાણકારી નથી તેમ જાણવું જોઈએ. ધર્મોપદેશ દેનારે પહેલાં એ જાણી લેવું જોઈએ કે આ વ્યક્તિ(શ્રોતા) કોણ છે ? કયા દેવને કે કયા સિદ્ધાંતને માને છે ?

તે વીર પ્રશંસાને યોગ્ય છે જે યોગ્ય ધર્મકથા કહીને ઊંચી, નીચી અને તિરછી દિશાઓમાં રહેલ કર્મથી બંધાયેલા માનવીને મુક્ત કરે છે.

## વિવેચન :–

આ સૂત્રમાં ધર્મકથા કરનારની કુશળતાનું વર્ણન કર્યું છે. તત્ત્વજ્ઞ ઉપદેશક નિર્ભય બની સમભાવપૂર્વક ઉપદેશ કરે છે. ઉપસ્થિત શ્રોતા સમૂહમાં કોઈ ધનાદિથી સંપન્ન હોય અથવા કોઈ ગરીબ કે સામાન્ય હોય, ધર્મનો મર્મ સમજાવવામાં સાધકને ભેદભાવ હોતો નથી. તે નિર્ભયી, નિસ્પૃહી અને યથાર્થવાદી બની સમાનરૂપે ધર્મનો ઉપદેશ આપે છે.

**पुण्णस्स :– 'पूर्णस्य'** અર્થ પણ કરી શકાય છે. પૂર્ણની વ્યાખ્યા ટીકામાં આ પ્રમાણે છે–

**ज्ञानैश्वर्य– धनोपेतो जात्यन्वयबलान्वित : ।**
**तेजस्वी मतिवान् ख्यातः पूर्णस्तुच्छो विपर्ययात् ।।**

જે વ્યક્તિ જ્ઞાન, પ્રભુતા, ધન, જાતિ અને બળથી યુક્ત હોય, તેજસ્વી હોય, બુદ્ધિમાન હોય પ્રખ્યાત હોય તેને 'પૂર્ણ' કહેલ છે. તેનાથી વિપરીત જે છે તેને તુચ્છ–અપૂર્ણ સમજવા જોઈએ.

સૂત્રના પ્રથમ વિભાગમાં વક્તાની નિસ્પૃહતા તથા સમભાવને કહ્યા છે પરંતુ પછીના ચરણમાં

બૌદ્ધિક કુશળતા દર્શાવી છે. વક્તા સમયને જાણનારા અને શ્રોતાના મનને સમજનારા હોવા જોઈએ. વક્તાએ શ્રોતાની યોગ્યતા, તેની વિચારધારા અને તેના સિદ્ધાંતને તથા સમયની ઉપયુક્તતાને સમજવી આવશ્યક છે. તે દ્રવ્યથી અવસર ઓળખે, ક્ષેત્રથી આ નગરમાં કયા ધર્મ–સંપ્રદાયનો પ્રભાવ છે તે જાણે, કાળથી પરિસ્થિતિ ઓળખે તથા ભાવથી શ્રોતાના વિચારો તેમજ માન્યતાઓનું સૂક્ષ્મ નિરીક્ષણ કરે.

આ પ્રકારનું કુશળ નિરીક્ષણ કર્યા વિના જ જો વક્તા ધર્મકથા કરે તો ક્યારેક શ્રોતા પોતાના સંપ્રદાય અથવા માન્યતાઓનું અપમાન સમજી વક્તાને મારે તો ધર્મની વૃદ્ધિના બદલે ક્લેશ વધી જાય છે માટે આ પ્રકારની ઉપદેશ કુશળતા પ્રાપ્ત કર્યા વિના ઉપદેશ ન આપવો એ જ કલ્યાણકારી છે. યોગ્ય વિધિ વિના તેમજ કુશળતાના અભાવમાં કોઈપણ કાર્ય કરવું તે ઉચિત નથી.

ટીકાકારે ચાર પ્રકારની ધર્મકથાઓનું કથન કર્યું છે–આક્ષેપણી, વિક્ષેપણી, સંવેગની અને નિર્વેદની બહુશ્રુત વક્તા આ ચારે ય પ્રકારની કથા કરી શકે છે. અલ્પજ્ઞાની ફક્ત સંવેગની (મોક્ષની અભિલાષા જાગૃત કરે તેવી) તથા નિર્વેદની (વૈરાગ્ય પ્રધાન) કથા જ કરે, તે આક્ષેપણી(સ્વસિદ્ધાંત મંડન કરનારી) તથા વિક્ષેપણી(પર સિદ્ધાંતનું નિરાકરણ કરનારી) કથા કરે નહિ.

**बद्धे पडिमोयए :–** અહીં કુશળ વક્તાનું વર્ણન કર્યું છે. તે કુશળ ધર્મકથાકાર વિષયાસક્ત મનુષ્યોને બોધ આપીને મુક્તિ માર્ગમાં આગળ વધારે છે. વાસ્તવમાં બંધનથી મુક્ત થવું એ આત્માના પુરુષાર્થથી જ સંભવે છે પરંતુ ધર્મકથાકાર તેમાં પ્રેરક બને છે, માટે તેને એક નયથી **'બંધ પ્રતિ મોચક'** કહેવાય છે.

## પ્રજ્ઞા સંપન્ન પુરુષનો વિવેક :–

**૭ से सव्वओ सव्वपरिण्णाचारी ण लिप्पइ छणपएण वीरे । से मेहावी अणुग्घायणस्स खेयण्णे जे य बंधपमोक्खमण्णेसी । कुसले पुण णो बद्धे णो मुक्के । से जं च आरभे, जं च णारभे, अणारद्धं च णारभे । छणं छणं परिण्णाय लोगसण्णं च सव्वसो ।**

**શબ્દાર્થ :– से सव्वओ** = તે પુરુષ સર્વકાળમાં સર્વ પ્રકારથી, **सव्वपरिण्णाचारी** = સર્વ પ્રકારની વિવેક બુદ્ધિથી આચરણ કરનાર, **ण लिप्पइ** = લેપાતા નથી, **छणपएण** = હિંસાથી.

**अणुघायणस्स** = કર્મોનો નાશ કરવામાં, **खेयण्णे** = કુશળ છે, **बंधपमोक्खं** = બંધનથી મુક્ત થવાના ઉપાયનું, **अण्णेसी** = શોધન કરે છે, **पुण** = વળી, **णो बद्धे** = કર્મોથી બંધાતા નથી, **णो मुक्के** = કોઈપણ રીતે સંયમનો ત્યાગ કરતા નથી, **से** = તે કુશળ પુરુષ, **जं च आरभे** = જે આચરણ કરવા યોગ્ય છે તેનું જ આચરણ કરે છે, **जं च णारभे** = જે આચરણ કરવા યોગ્ય નથી તેનું આચરણ કરતા નથી, **अनारद्धं च णारभे** = અને જેનો શાસ્ત્રમાં નિષેધ છે તેનું ક્યારે ય આચરણ કરતા નથી.

**छणं छणं** = જે જે કાર્યોથી હિંસા થાય છે તેને, **परिण्णाय** = જાણીને તેનો ત્યાગ કરવો જોઈએ,

**लोगसण्णं** = લોકસંજ્ઞા, વિષય સુખની ઈચ્છા અને પરિચય, **सव्वसो** = સર્વથા–ત્રણ કરણ, ત્રણ યોગથી ત્યાગ કરી દેવો જોઈએ.

**ભાવાર્થ :–** જે વીર(સાધક) સર્વ પ્રકારે સંપૂર્ણ વિવેકજ્ઞાન સાથે સંયમ પાલન કરે છે તે હિંસાના સ્થાનોથી લેપાતા નથી.

જે કર્મોના બંધનથી મુક્ત થવાના ઉપાયને શોધનાર છે, તે બુદ્ધિમાન કર્મોને દૂર કરવામાં નિપુણ છે. કુશલ પુરુષ કર્મોથી બંધાતા નથી અને સંયમને ક્યારે ય છોડતા નથી. તે સાધક જે આચરણ કરવા યોગ્ય છે તેનું જ આચરણ કરે છે, જે આચરણ કરવા યોગ્ય નથી તેનું આચરણ કરતા નથી અને જેનો શાસ્ત્રમાં નિષેધ છે તેનું ક્યારે ય આચરણ કરતા નથી. જે જે કાર્યોથી હિંસા થાય છે તેને જાણીને તથા લોકસંજ્ઞાને જાણીને તેનો સર્વથા ત્રણ કરણ ત્રણ યોગથી ત્યાગ કરે અથવા સર્વ પ્રકારનાં પાપ કાર્યોને જાણીને સમજીને તેનો ત્યાગ કરે, સંયમ સ્વીકાર કરે.

## વિવેચન :–

**अणुग्घायणस्स खेयण्णे :–** આ પદના બે અર્થ છે. (૧) કર્મપ્રકૃતિનાં મૂળ તેમજ ઉત્તરભેદોને જાણીને તેનો નાશ કરવાનો ઉપાય જાણનારા. (૨) ઉદ્ઘાત શબ્દ 'ઉદ્' અને 'ઘાત' આ બે શબ્દોથી બનેલ છે, તેમાં ઘાત એ હિંસાવાચક શબ્દ છે. તેથી અન્+ઉદ્+ઘાત = અનુદ્ઘાત તેનો અર્થ અહિંસા અથવા સંયમ પણ થાય છે. સાધક અહિંસા તેમજ સંયમના રહસ્યોને સારી રીતે જાણે છે તેથી તે અનુદ્ઘાતનો ખેદજ્ઞ કહેવાય છે.

**बंधप्पमोक्खमण्णेसी :–** આ પદનો પાછલા પદ સાથે સંબંધ છે કે– જે કર્મોના સંપૂર્ણ સ્વરૂપને અથવા અહિંસાના સંપૂર્ણ રહસ્યને જાણે છે તે બંધનથી મુક્ત થવાના ઉપાયોનું આચરણ પણ કરે છે.

**कुसले पुण णो बद्धे :–** આ વાક્ય પણ રહસ્યાત્મક છે. આનો અર્થ બે પ્રકારે થાય છે. (૧) કુશળ પુરુષ કર્મોનો બંધ કરતા નથી અને પોતે ગ્રહણ કરેલા સંયમને છોડતા પણ નથી. (૨) કર્મનું જ્ઞાન અથવા મુક્તિની શોધ આ બંને આચરણો છદ્મસ્થ સાધકના છે. જે કેવળી બની જાય છે તેઓએ ચાર ઘાતી કર્મોનો ક્ષય કર્યો હોવાથી, તે સર્વથા બદ્ધ હોતા નથી અને ચાર ભવોપગ્રાહી કર્મ શેષ હોવાથી તેઓ સર્વથા મુક્ત પણ નથી.

**कुसले** નો અર્થ છે– ધર્મકથા કરવામાં દક્ષ, ઈન્દ્રિયો પર વિજય પ્રાપ્ત કરનાર, જુદા જુદા સિદ્ધાંતોના પારગામી, પરીષહ વિજેતા તથા દેશકાળના જ્ઞાતા મુનિ 'કુશળ' કહેવાય છે.

**छणं छणं :–** આ શબ્દનો બે વાર ઉપયોગ થયો છે. તેનો અર્થ એ થાય છે કે લોકમાં જેટલા પણ હિંસાના કાર્યો છે તથા હિંસાનાં કારણો છે, તેનો ત્યાગ કરવો. લોક સંજ્ઞાને સંપૂર્ણરૂપે જાણીને તેનો પણ ત્યાગ કરવો.

આ સૂત્રમાં અતિ સંક્ષિપ્ત સૂત્ર શૈલીના કારણે **बद्धे, मुक्के, आरभे, णारभे** શબ્દોના અર્થમાં અંતર છે તેને ધ્યાનથી સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ.

### અજ્ઞાની માટે ઉપદેશની આવશ્યકતા :-

**૮** उद्देसो पासगस्स णत्थि । बाले पुण णिहे कामसमणुण्णे असमियदुक्खे दुक्खी दुक्खाणमेव आवट्टं अणुपरियट्टइ । त्ति बेमि ।

॥ छट्ठो उद्देसो समत्तो ॥ बिइयं अज्झयणं समत्तं ॥

**શબ્દાર્થ :– उद्देशो** = ઉપરોક્ત ઉપદેશ, ઉદ્દેશ્યની આવશ્યકતા, **पासगस्स** = જ્ઞાનવાન, આત્મદષ્ટાઓ, યથાર્થ દષ્ટાને માટે.

**ભાવાર્થ :–** ઉપરોક્ત ઉપદેશનો ઉદ્દેશ્ય આત્મદષ્ટાઓ કે વિવેકશીલ સંયમ આરાધક માટે નથી પરંતુ જે સ્વતઃ હિતાહિતનો નિર્ણય કરી શકતા નથી તેઓને ઉદ્દેશીને સૂત્રનો ઉપદેશ આપ્યો છે. કેટલાક બાળ –અજ્ઞાની જીવ રાગયુક્ત અને વિષયોમાં આસક્ત હોય છે, કામ–ઈચ્છા અને વિષયોને મનોજ્ઞ સમજી તેનું સેવન કરે છે, તેથી દુઃખોને શાંત કરી શકતા નથી. તેને શારીરિક દુઃખો તેમજ માનસિક રોગ–ઉદ્વેગ, ચિંતા, વ્યાકુળતા રહે છે. આ દુઃખોથી દુઃખી થયેલ વ્યક્તિ દુઃખના ચક્રમાં જ પરિભ્રમણ કરે છે. આવા જીવો માટે પણ જ્ઞાનીનો ઉપદેશ છે. – એમ ભગવાને કહ્યું છે.

**॥ છઠ્ઠો ઉદ્દેશક સમાપ્ત ॥ બીજું અધ્યયન સમાપ્ત ॥**

### વિવેચન :-

આ અધ્યયનમાં વિવિધ પ્રકારનો ઉપદેશ છે. જે સંસારના પ્રાણીઓ માટે અને સાધકો માટે પણ છે. છતાં જે સાધક સાધનામાં અનવરત સાવધાન રહે છે, આત્મપ્રજ્ઞા અને વિવેકબુદ્ધિથી સ્વતઃ સંયમમાં અપ્રમત્ત ભાવે ઉન્નતિશીલ રહે છે, તે સાચા આત્મદષ્ટા હોય છે. આવા દષ્ટાઓ માટે કોઈ શિક્ષા સારણા–વારણાની આવશ્યકતા હોતી નથી. જ્યારે આ અધ્યયનના અનેક સૂત્રોમાં સાધકો માટે વિધિનિષેધ સંબંધી શિક્ષાઓ છે તે કારણે આ અંતિમ સૂત્રમાં શાસ્ત્રકારે સ્પષ્ટ કર્યું છે કે આત્મદષ્ટાઓને લક્ષ કરીને તે સૂચન અને નિર્દેશ નથી પરંતુ અનાત્મપ્રજ્ઞ સાધક અને સંસારના દુઃખી અજ્ઞાની પ્રાણીઓને અનુલક્ષીને જ બધો ઉપદેશ છે.

## છઠ્ઠો ઉદ્દેશક સંપૂર્ણ

**ઉપસંહાર :–** શાશ્વત સુખ પ્રાપ્ત કરવું એ આત્માનું લક્ષ્ય છે પરંતુ અનાદિકાળથી આત્મા વિષયોની આસક્તિથી સંસારના સંબંધોમાં જોડાઈને સ્વભાવને ચૂકી વિભાવમાં ડૂબી જાય છે. વૈભાવિક અધ્યાસને કારણે આત્માને જે યોગ સંયોગ મળે છે, તેમાં મારાપણાની બુદ્ધિથી જકડાઈને સંસારની અભિવૃદ્ધિ કરે છે. ક્યારેક પુણ્યયોગે આત્મા પરમ પદને પ્રાપ્ત કરનાર પરમાત્માના વચનોની શ્રદ્ધા કરી, તેની આજ્ઞા અનુસાર ભોગોથી વિરક્ત થાય છે કારણ કે ભોગનું ફળ અતિ દુઃખદાયી અને સંયમનું ફળ સુખદાયી છે,

તેમ જાણી સંયમમાં સ્થિર થાય છે. સંયમી જીવનમાં સાધક પ્રેમ, ત્યાગ અને નિર્ભયતાના સહારે આત્માનો વિકાસ કરી મમત્વથી દૂર થાય છે અને વિષયો પ્રત્યેની આસક્તિથી બંધાયેલા તથા આત્મભાવમાં અવસ્થિત પડેલાં કર્મબંધના કારણોથી નિવૃત્ત થાય છે. ત્યાર પછી શુદ્ધાત્મ ભાવમાં સ્થિત થઈ તે સાધક લોકમાં પરિભ્રમણ કરાવનાર રાગદ્વેષના વિજેતા બની શાશ્વત સ્થાનને પામી જાય છે. છકાયના સ્વરૂપના જ્ઞાતા જ લોક ઉપર વિજય પ્રાપ્ત કરી શકે છે, લોકનો વિચાર કરી શકે છે, માટે પ્રથમ અધ્યયનમાં છકાયનું સ્વરૂપ સમજાવ્યા પછી આ અધ્યયનમાં સંસાર ઉપર વિજય મેળવવાનો ઉપદેશ કર્યો છે.

**॥ અધ્યયન–૨/૬ સંપૂર્ણ ॥**

# ત્રીજું અધ્યયન

## પરિચય

આ અધ્યયનનું નામ 'શીતોષ્ણીય' છે. અહીં શીતનો અર્થ છે અનુકૂળ અને ઉષ્ણનો અર્થ છે પ્રતિકૂળ. આ બંને પ્રકારના પરીષહ આદિને સમભાવપૂર્વક સહન કરવાના ભાવ આ અધ્યયનમાં સૂચિત કર્યા છે.

શ્રમણચર્યામાં કહેલા ૨૨ પરીષહોમાંથી બે પરીષહો 'શીત પરીષહ' છે, યથા– (૧) સ્ત્રી પરીષહ (૨) સત્કાર પરીષહ, શેષ વીસ પરીષહો 'ઉષ્ણ પરીષહ' છે.

મનોજ્ઞ શબ્દ રૂપ આદિ ઈન્દ્રિય વિષયોની પ્રાપ્તિ અને અન્ય પણ ઐહિક મનોજ્ઞ સંયોગોની પ્રાપ્તિ થવી તેમજ આદર સત્કારની પ્રાપ્તિ તે શીતમાં સંગ્રહિત છે. અમનોજ્ઞ ઈન્દ્રિય વિષયોની પ્રાપ્તિ અને બીજા પણ અમનોજ્ઞ સંયોગ પ્રાપ્ત થવા તેમજ કષ્ટ, ઉપસર્ગ, રોગાતંક આદિ ઉત્પન્ન થવા, તે ઉષ્ણમાં સંગ્રહિત છે. આ પ્રકારે આ સંપૂર્ણ અધ્યયનમાં ભાવ શીત અને ભાવ ઉષ્ણનો સંગ્રહ છે.

મુમુક્ષુ સાધકે શીત અને ઉષ્ણ બન્ને અવસ્થાઓને સમભાવપૂર્વક પાર કરવી જોઈએ. સુખમાં પ્રસન્ન અને દુઃખમાં ખિન્ન ન થવું જોઈએ. અનુકૂળ પ્રતિકૂળ બંને પરિસ્થિતિઓમાં સમભાવ રાખી કર્મબંધની સર્વસ્થિતિઓથી સાવધાન રહેવું જોઈએ.

**પ્રથમ ઉદ્દેશકમાં** સુપ્ત કોણ અને જાગૃત કોણ ? આ વિષયથી અધ્યયનનો પ્રારંભ થાય છે. ત્યાર બાદ આદર્શ સાધુત્વના ગુણ, સમભાવ પ્રેરણા, દુઃખ, જન્મ–મરણ કોને અને કેમ, તેનાથી મુક્તિ કોને ? પર્યવજાત શસ્ત્ર અને અશસ્ત્રનો સંબંધ, કર્મ જ સંસાર છે, તેનાથી થતાં પાપ અને રાગદ્વેષથી મુક્ત થવાના ઉપાય વગેરે વિષયનું કથન છે.

**બીજા ઉદ્દેશકમાં** પાપકર્મોનો સંગ્રહ કોણ કરે ? ધૈર્યની સાથે કર્મક્ષય કરવાની પ્રેરણા, સંસારી વૃત્તિને ચાળણીમાં પાણી ભરવાની ઉપમા, હિંસાથી, સ્ત્રીઓથી અને કષાયથી નિવૃત્ત થવાનો ઉપદેશ આદિ વિષયોનું વર્ણન છે. અંતે મનુષ્યભવના અવસરને અહિંસક બની સફળ કરવાની પ્રેરણા કરવામાં આવેલ છે.

**ત્રીજા ઉદ્દેશકમાં** અહિંસામાં અંતર માનસનો ભાવ, સંયમની સાવધાની અને તેનાથી લાભ, લૌકિક ભ્રમપૂર્ણ માન્યતા અને સાચી સમજ, સંયમમાં દઢતા, આત્મનિગ્રહથી મુક્તિ ઈત્યાદિ મુખ્ય વિષય છે.

**ચોથા ઉદ્દેશકમાં** કષાય ત્યાગ અને પ્રમાદ ત્યાગ તથા તેનું ઉત્તમ પરિણામ બતાવેલ છે.

આ પ્રમાણે ચારે ઉદ્દેશકોમાં આત્માના પરિણામોમાં થનારી ભાવ શીતલતા અને ભાવ ઉષ્ણતાને

લઈને વિવિધ વિષયોની વ્યાખ્યા કરી છે.

આ પ્રકારે સંપૂર્ણ  અધ્યયનમાં સહિષ્ણુતા અને અપ્રમત્તતાનો ભાવ ગુંજી રહ્યો છે.

❖❖❖❖❖

# ત્રીજું અધ્યયન–શીતોષ્ણીય

## પહેલો ઉદ્દેશક

**ભાવથી સુપ્ત જાગૃત :–**

**૧ सुत्ता अमुणी, मुणिणो सया जागरंति ।**

**શબ્દાર્થ :– सुत्ता** = સુતા હોય છે, **अमुणी** = અમુની–અજ્ઞાની, **मुणीणो** = મુનિ, **सया** = હંમેશાં, **जागरंति** = જાગૃત રહે છે.

**ભાવાર્થ :–** આ લોકમાં અજ્ઞાની જીવો હંમેશાં સૂતેલા છે, જ્ઞાની મુનિ હંમેશાં જાગૃત રહે છે.

**વિવેચન :–**

**अमुणी–मुणी :–** અહીં મુનિ શબ્દ સમ્યગ્જ્ઞાની, સમ્યગ્દષ્ટિ અને મોક્ષ માર્ગના સાધક અર્થમાં વપરાયો છે. વૃત્તિકારે મુનિ શબ્દની વ્યાખ્યા આ પ્રકારે કરી છે કે જે જગતની ત્રૈકાલિક અવસ્થા ઉપર મનન કરે, તેને જાણે તે મુનિ છે. મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને અશુભયોગ રૂપ ભાવનિદ્રાનો ત્યાગ કરી, જે સમ્યક્ બોધને પ્રાપ્ત થયા છે તે મુનિ છે. જે મિથ્યાત્વ, અજ્ઞાનાદિથી ઘેરાયેલા મિથ્યાદષ્ટિ છે, તે 'અમુનિ'–અજ્ઞાની છે. અહીં ભાવનિદ્રાની મુખ્યતાથી અજ્ઞાનીને સૂતેલા અને જ્ઞાનીને જાગૃત કહેલ છે.

**सुत्ता(सुप्त) :–** સૂતેલા બે પ્રકારના છે. (૧) દ્રવ્યસુપ્ત અને (૨) ભાવસુપ્ત. નિદ્રાધીન હોય, તે દ્રવ્યસુપ્ત છે. જે મિથ્યાત્વ, અજ્ઞાનાદિરૂપ મોહનિદ્રાથી વ્યામોહ પામેલ છે, જે આધ્યાત્મિક વિકાસની દષ્ટિથી બિલકુલ શૂન્ય, મિથ્યાદષ્ટિ, અસંયમી અને અજ્ઞાની છે તે ભાવસુપ્ત છે. નિદ્રા ત્યાગી જે જાગી ગયા છે તે દ્રવ્ય જાગૃત છે અને જે વિરત છે, સંયમી છે, મોક્ષમાર્ગમાં ઉદ્યમશીલ છે, તે ભાવથી જાગૃત છે. જે દેશવિરતિ શ્રાવક છે તે સુપ્ત–જાગૃત છે.

જે મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિ, પ્રમાદ આદિના કારણે હિંસાદિમાં હંમેશાં પ્રવૃત્ત રહે છે તે પણ ભાવસુપ્ત છે. સમ્યકત્વ, જ્ઞાન, વિરતિ, અપ્રમાદ આદિ દ્વારા અહિંસાદિ સ્વરૂપને પ્રાપ્ત થયા છે તે ભાવથી જાગૃત છે.

દીર્ઘ સંયમના આધારભૂત શરીરને ટકાવવા માટે દ્રવ્યથી જે તે નિદ્રાધીન હોવા છતાં

આત્મસ્વરૂપમાં જાગૃત રહે છે. તે ધર્મની દષ્ટિએ જાગૃત છે, તેથી અહીં મુનિને સદા જાગૃત કહ્યા છે. આ પ્રકારે અહીં ભાવ સુપ્ત અને ભાવ જાગૃત આ બંને અવસ્થાઓ ધર્મની અપેક્ષાએ કહી છે.

### દુઃખની અપ્રિયતા :–

**२ लोगंसि जाण अहियाय दुक्खं । समयं लोगस्स जाणित्ता एत्थ सत्थोवरए ।**

**શબ્દાર્થ :– लोगंसिं** = લોકના વિષયમાં, સમસ્ત પ્રાણીઓના વિષયમાં, **जाण** = જાણો, **अहियाय** = અહિતકર, **दुक्खं** = દુઃખ, કષ્ટ, **समयं** = આ સિદ્ધાંતને, **लोगस्स** = લોકના પ્રાણીના, **जाणित्ता** = જાણીને, **एत्थ** = છકાય પ્રતિ, **सत्थोवरए** = શસ્ત્રનો પ્રયોગ નહિ કરે, શસ્ત્ર પ્રયોગથી ઉપરત થઈ જાય.

**ભાવાર્થ :–** હે શિષ્ય ! લોકના સર્વ પ્રાણીઓના વિષયમાં તું જાણ કે દુઃખ સર્વને માટે અહિતકર છે. સર્વ પ્રાણીઓને લાગુ પડતા આ સિદ્ધાંતને જાણી સર્વ જીવોની હિંસાથી ઉપરત થા અર્થાત્ હિંસાનો ત્યાગ કર.

### વિવેચન :–

**समयं :– समया–शपथाचारकाल–सिद्धांत–संविदः** (અમરકોષ). 'સમય' શબ્દના અનેક અર્થ છે, યથા– શપથ, આચાર, કાલ, સિદ્ધાંત અને સંવિદ–પ્રતિજ્ઞા કે શરત. આ સૂત્રમાં સમય શબ્દ સિદ્ધાંતના અર્થમાં વપરાયો છે. આ સૂત્રમાં એક ધ્રુવ–અટલ સિદ્ધાંત કહ્યો છે કે **अहियाय दुक्खं**–દુઃખ સર્વને અહિતકર હોય છે, અપ્રિય હોય છે. તે કોઈને પ્રિય હોતું નથી. આ સિદ્ધાંતને સમજનાર જ્ઞાનીપુરુષ કોઈપણ પ્રાણીને દુઃખરૂપ થાય તેવા શસ્ત્રનો પ્રયોગ કરે નહિ અર્થાત્ હિંસાદિનો ત્યાગ કરે.

### ઈન્દ્રિય વિષયના ત્યાગી મુનિ :–

**३ जस्सिमे सद्दा य रूवा य गंधा य रसा य फासा य अभिसमण्णागया भवंति से आयवं णाणवं वेयवं धम्मवं बंभवं पण्णाणेहिं परियाणइ लोगं, मुणीति वच्चे धम्मविउ त्ति अंजू आवट्टसोए संगमभिजाणइ ।**

**શબ્દાર્થ :– जस्स इमे** = જેણે આ, **सद्दा** = શબ્દ, **रूवा** = રૂપ, **गंधा** = ગંધ,**रसा** = રસ, સ્વાદ, **फासा** = સ્પર્શ, **अभिसमण्णागया भवंति** = પૂર્ણરૂપથી જાણી લીધા છે, **आयवं** = આત્મવાન છે, **णाणवं** = જ્ઞાનવાન છે, **वेयवं** = વેદજ્ઞ છે, આગમજ્ઞ છે, **धम्मवं** = ધર્મજ્ઞ છે, **बंभवं** = બ્રહ્મચર્યથી સંપન્ન છે, શીલવાન છે, **पण्णाणेहिं** = જ્ઞાન, વિજ્ઞાન દ્વારા, **परियाणइ** = જાણે છે, **लोगं** = લોકના સ્વરૂપને, **मुणी ति** = મુનિ છે એમ, **वच्चे** = કહેવા યોગ્ય છે, **धम्मविउ त्ति** = ધર્મવેત્તા છે, આ પ્રમાણે, **अंजू** = સરળ આત્મા, **आवट्ट** = સંસાર ચક્રને, **सोए** = આશ્રવોને, **संगं** = કર્મબંધને, **अभिजाणइ** = સારી રીતે જાણે છે, જાણીને તેનો ત્યાગ કરે છે.

**ભાવાર્થ :–** જે પુરુષે શબ્દ, રૂપ, ગંધ, રસ અને સ્પર્શને સમ્યક્ પ્રકારથી જાણી લીધા છે અને તેમાં જે રાગદ્વેષ કરતા નથી, તે આત્મવાન, જ્ઞાનવાન, વેદવાન(આચારાંગાદિ આગમોના જ્ઞાતા), ધર્મવાન અને શીલવાન હોય છે. જે પુરુષ પોતાના જ્ઞાન વિવેકથી જગતના જીવોને સારી રીતે જાણે છે અને તેની હિંસાનો ત્યાગ કરે છે, તે મુનિ કહેવાય છે. તે ધર્મવેત્તા, ઋજુ–સરળ હોય છે. તે મુનિ સંસાર, આશ્રવ અને કર્મબંધના સ્વરૂપને જાણી તે સર્વનો ત્યાગ કરે છે.

## વિવેચન :–

આ સૂત્રમાં વિષયોના યથાર્થ સ્વરૂપને જાણનાર તથા તેનો ત્યાગ કરનારને જ મુનિ, નિર્ગ્રંથ તેમજ વીર કહ્યા છે.

**अभिसमण्णागया :–** (અભિસમન્વાગત) વિષયોના ઈષ્ટ–અનિષ્ટ, મનોજ્ઞ–અમનોજ્ઞ સ્વરૂપને, તેના ઉપભોગના દુષ્પરિણામોને જ્ઞ પરિજ્ઞા દ્વારા સારી રીતે જાણે તથા પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી તેમનો ત્યાગ કરે તે અભિસમન્વાગત કહેવાય છે.

**आयवं :–** આત્મવાન– શબ્દાદિ વિષયોનો ત્યાગ કરીને કર્મબંધથી આત્માની રક્ષા કરનાર આત્માર્થી.

**णायवं :–** જ્ઞાનવાન– જીવાદિ પદાર્થોનું અને હિતાહિતનું યથાવસ્થિત જ્ઞાન કરનાર.

**वेयवं :–** વેદવાન– જીવાદિનું સ્વરૂપ જેનાથી જાણી શકાય તે વેદો– આચારાંગાદિ આગમોના જ્ઞાતા.

**धम्मवं :–** ધર્મવાન– શ્રુત, ચારિત્રરૂપ ધર્મના અથવા સાધનાની દષ્ટિથી આત્મસ્વભાવ(ધર્મ)ના જ્ઞાતા.

**बंभवं :–** બ્રહ્મવાન– અઢાર પ્રકારના બ્રહ્મચર્યથી યુક્ત શીલવાન પુરુષ. અઢાર હજાર શીલાંગ ગુણોને ધારણ કરનાર.

જે પુરુષ શબ્દાદિ વિષયોને સારી રીતે જાણી લે છે અને તેમાં રાગ, દ્વેષ કરતા નથી તે જ વાસ્તવમાં આત્મવિદ, જ્ઞાનવિદ,વેદવિદ, ધર્મવિદ તેમજ બ્રહ્મવિદ હોય છે. વાસ્તવમાં શબ્દાદિ વિષયોની આસક્તિ, આત્મસ્વરૂપના બોધના અભાવમાં હોય છે. જેણે આત્માને સારી રીતે જાણી લીધો છે તે વિષયોમાં આસક્ત થતા નથી.

**पण्णाणेहिं :–** પ્રજ્ઞાથી લોકને જે જાણે તે મુનિ કહેવાય છે. જે સાધક મતિશ્રુત જ્ઞાનથી ઉત્પન્ન સત્–અસત્‌ની વિવેક બુદ્ધિથી સર્વ પ્રાણીઓને સમ્યક્ પ્રકારે જાણે તે મુનિ કહેવાય છે. અહીં 'જ્ઞાની'ના અર્થમાં 'મુનિ' શબ્દનો પ્રયોગ થયો છે.

**अंजू :–** જે પદાર્થોના યથાર્થ સ્વરૂપને જાણવાને કારણે સરળાત્મા છે. સર્વ ઉપાધિઓથી અથવા કપટથી રહિત હોવાથી સરળગતિ–સરળમતિ છે, તે ઋજુ કહેવાય છે.

**आवट्टसोयं :–** આ સૂત્રમાં આવર્ત શબ્દથી જન્મ, જરા, મૃત્યુ, રોગ, શોકાદિ દુઃખરૂપ સંસારનું (ભાવ

આવર્ત)ગ્રહણ કરવામાં આવેલ છે અને સ્રોત શબ્દથી મિથ્યાત્વાદિ કર્મબંધના કારણો ગ્રહણ કર્યા છે. આવર્ત શ્રોતનો અર્થ થાય છે સંસારના કારણભૂત આશ્રવો.

**संगं :–** વિષયો પ્રત્યેના રાગદ્વેષ રૂપ સંબંધ, લગાવ કે આસક્તિ અને તે દ્વારા થતાં કર્મબંધને આ સૂત્રમાં સંગ કહેલ છે. "આવર્તશ્રોતસંગ" શબ્દનો અર્થ થયો સંસાર, મિથ્યાત્વાદિ આશ્રવો અને કર્મસંગ તથા કર્મસંગ કરાવનારી આસક્તિઓ.

### સહનશીલતાથી દુઃખ મુક્તિ :–

**૪ सीओसिणच्चाई से णिग्गंथे, अरइ–रइ सहे फरुसियं णो वेदेइ । जागर वेरोवरए वीरे । एवं दुक्खा पमोक्खसि ।**

**શબ્દાર્થ :– सीओसिणच्चाई** = શીત,ઉષ્ણના ત્યાગી, સુખ દુઃખની લાલસાના ત્યાગી, **से** = તે, **णिग्गंथे** = નિર્ગ્રંથ, **अरइ रइ सहे** = અરતિ અને રતિના સંયોગોમાં સમભાવ, **फरुसियं** = કષ્ટોનો, **णो वेदेइ** = અનુભવ ન કરે, **जागर** = જાગૃત, **वेरोवरए** = વેરભાવથી નિવૃત્ત રહે છે, **वीरे** = વીર, **एवं दुक्खा** = આ રીતે દુઃખોથી, **पमोक्खसि** = છૂટી જઈશ, મુક્ત થઈ જઈશ.

**ભાવાર્થ :–** જે સુખ અને દુઃખની લાલસાથી મુક્ત હોય છે, તે નિર્ગ્રંથ છે. તેઓ રતિ, અરતિકર પુદ્‌ગલોના સંયોગમાં સમભાવ રાખે છે તથા કષ્ટ અને દુઃખનુ વેદન કરતા નથી. એટલે કે હે વીર ! તું સદા જાગૃત, સાવધાન રહે, તેમજ વેરાનુબંધથી અથવા પાપથી ઉપરત થા. આમ કરવાથી જ તું દુઃખ રૂપ સંસારથી મુક્ત થઇ જઈશ.

### વિવેચન :–

**सीओसिणच्चाई :–** શીતોષ્ણ ત્યાગી સાધક અનુકૂળ અને પ્રતિકૂળ પરીષહને સહન કરતાં તેમાં સુખ અને દુઃખનો અનુભવ ન કરે. તે શીતોષ્ણ ત્યાગી કહેવાય છે.

**अरइ रइ सहे :–** જે સંયમ તપમાં થનારી અપ્રીતિ અને અરુચિને અને પૌદગલિક સુખની પ્રીતિને સમભાવપૂર્વક સહન કરે છે, તેના પર વિજય પ્રાપ્ત કરે છે, તે બાહ્ય આભ્યંતર પરિગ્રહથી રહિત નિર્ગ્રંથ સાધક છે.

**फरुसियं णो वेदेइ :–** નિર્ગ્રંથ સાધકને પરીષહો અને ઉપસર્ગો ને સહન કરવામાં જે કઠોરતા કે પીડાનો અનુભવ થાય છે તેને તે પીડારૂપે અનુભવ કરતા નથી કારણ કે તેઓ માને છે કે હું તો કર્મક્ષય કરવા ઉદ્યત થયો છું, મારાં કર્મોનો ક્ષય કરવામાં આ પરીષહ, ઉપસર્ગાદિ સહાયક છે. વાસ્તવમાં અહિંસા આદિ ધર્મના આચરણ સમયે કેટલા ય કષ્ટો આવે છે. અજ્ઞાની કષ્ટનું વેદન કરે છે જ્યારે જ્ઞાની કષ્ટને તટસ્થ ભાવે જાણે છે પણ તેનું વેદન કરતા નથી.

**जागर वेरोवरए :–** આ સૂત્રાંશના બે પ્રકારે અર્થ થાય છે. (૧) જે સાધક જાગૃત છે અને વેરાનુબંધથી નિવૃત્ત છે તે વીર છે, કર્મોનો નાશ કરવામાં સમર્થ છે. (૨) હે વીર સાધક ! સાવધાની રાખ, પાપોનો ત્યાગ કર અને હિંસાથી દૂર થા. 'જાગર' શબ્દનો આશય એ છે કે– અસંયમરૂપ ભાવ નિદ્રાનો ત્યાગ કરીને જાગૃત રહેનારા.

### અપ્રમત્ત થવાની પ્રેરણા :–

**૫ जरामच्चुवसोवणीए णरे सययं मूढे धम्मं णाभिजाणइ । पासिय आउरे पाणे अप्पमत्तो परिव्वए । मंता एयं मइमं पास, आरंभजं दुक्खमिणं ति णच्चा, माई पमाई पुणरेइ गब्भं । उवेहमाणो सद्द–रूवेसु अंजू माराभिसंकी मरणा पमुच्चइ । अप्पमत्तो कामेहिं, उवरओ पावकम्मेहिं, वीरे आयगुत्ते खेयण्णे ।**

**શબ્દાર્થ :– जरामच्चुवसोवणीए** = જરા અને મૃત્યુને વશવર્તી, **णरे** = પુરુષ, **सययं** = નિરંતર, **मूढे** = મૂઢ છે, **धम्मं** = ધર્મને, **णाभिजाणइ** = જાણતા નથી, **पासिय** = જોઈને, **आउरे पाणे** = આતુર પ્રાણીઓને, **अप्पमत्तो** = અપ્રમત્ત બનીને, **परिव्वए** = સંયમનું અનુષ્ઠાન કરે, **मंता** = માનીને, **एयं** = આ પ્રમાણે, **मइमं** = હે મતિમાન !, **पास** = જો, **आरंभजं** = આરંભજનિત છે, **इणं** = આ, **दुक्खं** = દુઃખને, **ति** = આ પ્રમાણે, **णच्चा** = જાણીને, **माई** = માયાવી, **पमाई** = પ્રમાદી, **पुणरेइ** = વારંવાર પ્રાપ્ત થાય છે, **गब्भं** = ગર્ભવાસને, **उवेहमाणो** = ઉપેક્ષા કરતાં, રાગ,દ્વેષ નહિ કરતાં, **सद्द–रूवेसु** = શબ્દ અને રૂપાદિમાં, **अंजू** = સરળ,માયા આદિ કષાયોથી રહિત, **माराभिसंकी** = મૃત્યુની શંકા રાખનાર, **मरणा पमुच्चइ** = જન્મમરણથી છૂટી જાય છે, **अप्पमत्तो** = અપ્રમત્ત, **कामेहिं** = કામભોગોથી, **उवरओ** = નિવૃત્ત થયેલ, **पावकम्मेहिं** = પાપકર્મોથી, **वीरे** = વીર, કર્મ ક્ષય કરવામાં સમર્થ, **आयगुत्ते** = આત્માની રક્ષા કરનાર, **खेयण्णे** = ખેદજ્ઞ, જીવોના ખેદને જાણનાર, નિપુણ.

**ભાવાર્થ :–** વૃદ્ધાવસ્થા અને મૃત્યુને વશ થયેલો માનવી શરીરાદિના મોહથી સતત મૂઢ બની જાય છે, તે ધર્મને જાણી શકતો નથી. આ સંસારમાં શારીરિક–માનસિક દુઃખોથી આતુર પ્રાણીઓને જોઈને સાધક સતત અપ્રમત્ત બનીને સંયમમાં વિચરણ કરે.

હે મતિમાન ! તું મનનપૂર્વક આ ભાવસુપ્ત–દુઃખી પ્રાણીઓને જો. તેઓના તે સમસ્ત દુઃખ આરંભજન્ય છે. તે જાણીને તું અનારંભી બન. માયાવી અને પ્રમાદી જીવ વારંવાર ગર્ભમાં આવે છે અને જન્મ મરણ કરે છે.

જે સાધક શબ્દ, રૂપ આદિ પ્રત્યે ઉપેક્ષાભાવ રાખી રાગદ્વેષ કરતા નથી, તે ઋજુભૂત, આર્જવ ધર્મથી યુક્ત હોય છે અને સદા મૃત્યુની આશંકા રાખતા સંયમમાં તત્પર રહે છે. તે સાધક જન્મ મરણથી મુક્ત બની જાય છે.

જે કામભોગો પ્રત્યે અપ્રમત્ત છે, પાપકર્મોથી ઉપરત–રહિત થઈ ગયા છે તે વીરપુરુષ આત્મગુપ્ત–આત્માને સુરક્ષિત રાખનાર અને ખેદજ્ઞ– પ્રાણીઓને અને પોતાને થનાર ખેદને જાણનાર હોય છે.

## વિવેચન :-

આ સૂત્રોમાં સાધકને વૃદ્ધત્વ, મૃત્યુ આદિ જુદા જુદા દુઃખોથી વ્યાકુળ પ્રાણીઓની દશા તેમજ તેનાં કારણો અને પરિણામો ઉપર ગંભીરતાથી વિચાર કરવાનો નિર્દેશ કર્યો છે. સાથે એ પણ બતાવ્યું છે કે શબ્દ, રૂપાદિ કામો પ્રત્યે અનાસક્ત રહેનાર સરળાત્મા મુનિ મૃત્યુના ભયથી મુક્ત થઈ જાય છે.

અહીં વૃત્તિકારે એક શંકા કરી છે કે– દેવતા 'નિર્જર' અને 'અમર' કહેવાય છે, તો શું તેઓ મોહમૂઢ થતા નથી ? અને તે શું ધર્મને સારી રીતે જાણી લેતા હશે ? તેનુ સમાધાન આ પ્રમાણે કર્યું છે કે – 'દેવ નિર્જર કહેવાય છે પરંતુ તેમનામાં પણ જરાનો સદ્ભાવ છે કારણ કે ચ્યવન કાળ પહેલાં લેશ્યા, બળ, સુખ,પ્રભુત્વ, વર્ણાદિ ક્ષીણ થવા લાગે છે. આ એક પ્રકારની જરાવસ્થા જ છે અને મૃત્યુ તો દેવોને પણ હોય જ છે. શોક, ભયાદિ દુઃખ પણ તેને હોય છે માટે દેવ પણ મોહમૂઢ બની શકે છે. આશય એ છે કે જ્યાં શબ્દ, રૂપાદિ કામભોગો પ્રત્યે રાગ, દ્વેષાત્મક વૃત્તિ છે ત્યાં પ્રમાદ, મોહ, માયા, મૃત્યુ અને ભયાદિ અવશ્ય હોય જ છે.

**आउरेपाणे :–** શારીરિક તેમજ માનસિક દુઃખોના અગાધ સાગરમાં ડૂબેલા, આતુર, કિંકર્તવ્યમૂઢ– શું કરવું, શું ન કરવું તે વિવેકના અભાવવાળા પ્રાણીઓ.

**माई :–** અહીં મધ્યમ પદરૂપ માયાનું કથન કરીને ઉપલક્ષણથી આદિ અને અંતના ક્રોધ, માન અને લોભ કષાયોનું પણ ગ્રહણ કરેલ છે. આ દષ્ટિએ જ વૃત્તિકારે માયીનો અર્થ કષાયવાન કરેલ છે.

**पमाई :–** પાંચ, છ કે આઠ પ્રકારના પ્રમાદોનું સેવન કરનાર અથવા પાપાચરણને કરનારા પ્રમાદી કહેવાય છે. પાંચ પ્રમાદ આ પ્રમાણે છે– (૧) મદ્ય (૨) વિષય (૩) કષાય (૪) નિદ્રા (૫) વિકથા.

પ્રમાદના છ પ્રકાર – (૧) મદ્ય (૨) નિદ્રા (૩) વિષય (૪) કષાય (૫) દ્યૂત (૬) અપ્રતિલેખન. –(ઠાણાંગ સૂત્ર–૬).

પ્રમાદના આઠ પ્રકાર – (૧) અજ્ઞાન–મૂઢતા (૨) સંશય (૩) મિથ્યાજ્ઞાન (૪) રાગ (૫) દ્વેષ (૬) સ્મૃતિભ્રંશ (૭) ધર્મમાં અનાદર (૮) યોગ દુષ્પ્રણિધાન–અશુભયોગ. (પ્રવચન સારોધ્ધાર).

ઉપરોક્ત પ્રમાદમાં કહેલા મદ્ય શબ્દનો અર્થ શરાબ આદિ માદક પદાર્થ જાણવા પરંતુ જાતિ આદિ આઠ મદ નહિ.

**उवेहमाणो, अंजु, माराभिसंकी :–** આ ત્રણ શબ્દોના રહસ્યાર્થ આ પ્રમાણે છે (૧) શબ્દાદિ વિષયોની ઉપેક્ષા કરનારા અનાસક્તિ રાખનારા. (૨) સરળતા– સર્વ માયાદિ કષાયોથી રહિત થનાર(૩) હંમેશાં

મૃત્યુનું સ્મરણ  રાખનાર સાધક સફળ સાધના કરીને મુક્ત થાય છે.

**मरणा पमुच्चइ :–** મરણના ભયથી અથવા દુઃખથી તે અપ્રમત્ત સાધક મુક્ત થઈ જાય છે કારણ કે આત્માના અમરત્વમાં તેને દઢ આસ્થા હોય છે.

આ સૂત્રમાં શબ્દ, રૂપાદિ કામભોગોથી સાવધાન તેમજ જાગૃત રહેનાર તથા હિંસાદિ અનેક પાપકર્મોથી વિરક્ત રહેનાર સાધકને વીર, આત્મગુપ્ત અને ખેદજ્ઞ કહીને તેને શબ્દાદિ કામભોગોની વિભિન્ન પર્યાયોથી થનાર શસ્ત્ર(અસંયમ) અને તેનાથી વિપરીત અશસ્ત્ર(સંયમ)ના ખેદજ્ઞ કહેલ છે.

### કર્મ અને સંયમના જ્ઞાતા :–

**६ जे पज्जवजायसत्थस्स खेयण्णे से असत्थस्स खेयण्णे । जे असत्थस्स खेयण्णे से पज्जवजायसत्थस्स खेयण्णे ।**

**શબ્દાર્થ :– जे** = જે, **पज्जवजायसत्थस्स** = વિવિધ ભેદ–પ્રભેદવાળા શસ્ત્રને, શબ્દાદિ વિષયોની પ્રાપ્તિ માટે પ્રાણઘાતક કર્મ રૂપ શસ્ત્રને, વિષય ભોગ રૂપ શસ્ત્રને.

**ભાવાર્થ :–** જે વિવિધ પ્રકારના સંયમ ઘાતક શસ્ત્રોના સ્વરૂપને જાણે છે તે સંયમને જાણે છે. જે સંયમના સ્વરૂપને સારી રીતે જાણે છે તે વિભિન્ન શબ્દાદિ વિષયરૂપ શસ્ત્રોને પણ જાણે છે.

### વિવેચન :–

**सत्थस्स, असत्थस्स :–** આ સૂત્રમાં શસ્ત્રનો અર્થ અસંયમ અને અશસ્ત્રનો અર્થ સંયમ લેવાય છે. વિષયભોગોની પ્રાપ્તિ માટે થનારી પાપ પ્રવૃત્તિઓ આત્મગુણો અને અન્ય જીવો માટે ઘાતક છે, તેથી તે અસંયમ, શસ્ત્ર કહેવાય છે. સંયમ સ્વપર હિતકારી અને પાપરહિત અનુષ્ઠાન હોવાથી અશસ્ત્ર છે. જે ઈષ્ટ,અનિષ્ટ શબ્દાદિ વિષયોની સર્વ પર્યાયોને, તેના સંયોગ વિયોગને અને શસ્ત્રરૂપ અસંયમને જાણે છે તે સ્વપર ઉપકારી એવા અશસ્ત્રરૂપ સંયમને પણ સમજે છે. આ પ્રમાણે શસ્ત્ર અને અશસ્ત્ર બંનેને સારી રીતે જાણીને અશસ્ત્રને પ્રાપ્ત કરે છે, શસ્ત્રનો ત્યાગ કરે છે.

**पज्जवजायसत्थस्स :–** 'પર્યવજાત' શબ્દના ત્રણ અર્થ કરવામાં આવે છે. તે આ પ્રમાણે છે–

(૧) પર્યવજાત  એટલે આત્મા. ગુણ અને પર્યાયથી યુક્ત હોવાના કારણે આત્મા 'પર્યવજાત' કહેવાય છે. આત્માની(આત્મગુણોની) ઘાત કર્મ કરે છે માટે તે શસ્ત્રરૂપ છે. આ રીતે પર્યવજાત શસ્ત્રનો અર્થ થયો કર્મ. કર્મ સ્વરૂપને જાણી, તેનો ત્યાગ કરનાર પર્યવજાત શસ્ત્રનો ખેદજ્ઞ કહેવાય છે.

(૨) પર્યવજાતનો બીજો અર્થ છે કર્મ. ભેદ–પ્રભેદ રૂપ પર્યાયથી યુક્ત હોવાના કારણે કર્મ પર્યવજાત કહેવાય છે. સંયમ અને તપ નિર્જરાની પ્રવૃત્તિઓ કર્મ માટે શસ્ત્રરૂપ છે. આ વ્યાખ્યા અનુસાર પર્યવજાત શસ્ત્ર એટલે  નિર્જરાના કારણો, નિર્જરાની પ્રવૃત્તિઓ.

(૩) શબ્દાદિ વિષયો વિવિધ પ્રકારના હોવાના કારણે પર્યવજાત છે. તેની પ્રાપ્તિ માટે થતી વિવિધ પાપ પ્રવૃત્તિઓ, પર્યવજાત શસ્ત્ર કહેવાય છે.

**કર્મથી જ સંસાર :–**

## ૭ अकम्मस्स ववहारो ण विज्जइ । कम्मुणा उवाहि जायइ । कम्मं च पडिलेहाए, कम्ममूलं च जं छणं ।

**શબ્દાર્થ :– अकम्मस्स** = જે કર્મરહિત બની જાય છે, **ववहारो** = સંસાર ભ્રમણરૂપ વ્યવહાર, **ण विज्जइ** = હોતો નથી, **कम्मुणा** = કર્મથી જ, **उवाहि जायइ** = ઉપાધિઓ ઉત્પન્ન થાય છે, **कम्मं** = કર્મને **पडिलेहाए** = જાણીને, **कम्ममूलं** = કર્મનું મૂળકારણ, **च** = અને, **जं** = જે, **छणं** = હિંસાને.

**ભાવાર્થ :–** કર્મોથી મુક્ત શુદ્ધ આત્મા માટે સંસારભ્રમણાદિ વ્યવહાર હોતો નથી. કર્મથી જ ઉપાધિ ઉત્પન્ન થાય છે. કર્મનો સારી રીતે વિચાર કરી, કર્મનું મૂળ હિંસાદિ પાપ છે તેમ જાણી, તેનો ત્યાગ કરવો જોઈએ.

**વિવેચન :–**

કર્મ અને તેના સંયોગથી થનારી આત્મહિતની હાનિ તથા કર્મબંધના હિંસાદિ મૂળ કારણોને સારી રીતે જાણવાનો અને તેનો ત્યાગ કરવાનો નિર્દેશ આ સૂત્રમાં કર્યો છે.

**ववहारो :–** જે સર્વથા કર્મમુક્ત થઈ જાય છે તેના માટે નારક, તિર્યંચ, મનુષ્ય, દેવ, બાળ, વૃદ્ધ, યુવક, પર્યાપ્ત, અપર્યાપ્તાદિ વ્યવહારની સંજ્ઞાઓ હોતી નથી.

જે કર્મયુક્ત છે તેના માટે જ કર્મના કારણે નારક, તિર્યંચ,મનુષ્યાદિની અથવા એકેન્દ્રિયાદિથી લઈને પંચેન્દ્રિય સુધીની, મંદ બુદ્ધિ, તીવ્રબુદ્ધિ, ચક્ષુદર્શની, સુખી, દુઃખી, સમ્યગ્દષ્ટિ, મિથ્યાદષ્ટિ, સ્ત્રી, પુરુષ, કષાયી, અલ્પાયુ, દીર્ઘાયુ, સુભગ, દુર્ભગ, ઊંચગોત્રી, નીચગોત્રી, કંજૂસ, ધનવાન, સશક્ત, અશક્ત આદિ પર્યાયરૂપ સર્વ વ્યવહાર થાય છે. આ સર્વ વિભાગોનું કારણ કર્મ છે માટે જ કર્મ ઉપાધિનું કારણ છે.

**कम्मं च पडिलेहाए :–** કર્મનું સ્વરૂપ, કર્મોની મૂળ પ્રકૃતિ, ઉતર પ્રકૃતિઓ, કર્મબંધના કારણ, પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ અને પ્રદેશરૂપ બંધના પ્રકાર, કર્મોનો ઉદય, ઉદીરણા, સત્તાદિ તથા કર્મનો ક્ષય તેમજ આશ્રવ, સંવરનું સારી રીતે ચિંતન કરીને કર્મોનો ક્ષય કરવાનો પ્રયત્ન કરવો જોઈએ.

**कम्ममूलं च जं छणं :–** કર્મબંધનાં મૂળ કારણ પાંચ છે– (૧) મિથ્યાત્વ, (૨) અવિરતિ, (૩) પ્રમાદ, (૪) કષાય (૫) યોગ. તેનો વિચાર કરે અને **छणं** એટલે પ્રાણીઓને પીડાકારક જે પ્રવૃત્તિઓ છે, તેનું પણ નિરીક્ષણ કરે તેમજ ત્યાગ કરે.

આદ્ય શબ્દના ગ્રહણથી સમસ્તનું ગ્રહણ થઈ જાય છે, તેથી આ સૂત્રમાં હિંસાના કથનથી

સર્વપાપોનું ગ્રહણ થઈ જાય છે. કર્મોનાં મૂળકારણ સર્વ પાપ છે, તેનો પરિહાર કરવો જોઈએ.

## રાગદ્વેષ અને લોકસંજ્ઞાનો ત્યાગ :–

**૮ पडिलेहिय सव्वं समायाय दोहिं अंतेहिं अदिस्समाणे । तं परिण्णाय मेहावी विदित्ता लोगं वंता लोगसण्णं । से मइमं परक्कमेज्जासि । त्ति बेमि ।**

**॥ पढमो उद्देसो समत्तो ॥**

**શબ્દાર્થ :– पडिलेहिय** = જાણીને તેનો ત્યાગ કરી દે, **सव्वं** = સર્વ ઉપદેશોને, સર્વ વિરતિરૂપ સંયમને, **समायाय** = ગ્રહણ કરીને, **दोहिं अंतेहिं** = રાગદ્વેષ બંનેને, **अदिस्समाणे** = અદશ્યમાન કરતાં, તેને ન જોતાં, તેમાં ન લેપાતા, **तं परिण्णाय** = તેને જાણીને, સમજીને, **मेहावी** = બુદ્ધિમાન, **विदित्ता** = જાણીને, **लोगं** = લોકને, **वंता** = છોડીને, **लोगसण्णं** = લોકસંજ્ઞાને, **से मइमं** = તે બુદ્ધિમાન પુરુષ, મતિમાન, **परक्कमेज्जासि** = સંયમ અનુષ્ઠાનમાં પરાક્રમ કરે.

**ભાવાર્થ :–** પૂર્વ સૂત્રમાં કહેલાં કર્મ અને તત્સંબંધી કારણનું સમ્યક્ નિરીક્ષણ કરી, સંયમને ગ્રહણ કરનાર અણગાર રાગદ્વેષથી સદા દૂર રહે. આ બંનેનો ત્યાગ કરતાં બુદ્ધિમાન સાધક સંસાર સ્વરૂપને જાણે અને લોકસંજ્ઞા–સાંસારિક રુચિનો ત્યાગ કરે. આ પ્રકારે રાગદ્વેષ અને વિષયૈષણા, વિત્તૈષણા, લોકૈષણાદિરૂપ લોકસંજ્ઞાનો ત્યાગ કરતાં મતિમાન મુનિ સંયમમાં પરાક્રમ કરે. –એમ ભગવાને કહ્યું છે.

**॥ પ્રથમ ઉદ્દેશક સમાપ્ત ॥**

## વિવેચન :–

**दोहिं अंतेहिं अद्दिस्समाणे :–** કર્મોનાં બીજ– રાગદ્વેષ છે. તેનો મૂળથી ત્યાગ કરીને વિષય,કષાયરૂપ લોકને જાણીને, લોકસંજ્ઞાને છોડી સંયમમાં પુરુષાર્થ કરવાની પ્રેરણા આ સૂત્રમાં આપી છે. આત્માની અંદર જ રહેનાર, આત્મામાં જ ઉત્પન્ન થનારા રાગદ્વેષ છે. રાગ અને દ્વેષથી જીવ દશ્યમાન થાય છે. તેનાથી ઓળખાય છે પરંતુ વીતરાગ માર્ગને સ્વીકાર્યા પછી સાધક રાગદ્વેષથી દશ્યમાન થતા નથી અર્થાત્ રાગદ્વેષ કરતા નથી.

**लोगसण्णं :–** પ્રાણીલોકની આહારાદિ ચાર સંજ્ઞાઓ અથવા દશ સંજ્ઞાઓ છે પરંતુ પ્રસ્તુતમાં વિત્તૈષણા, કામૈષણા અને લોકૈષણા રૂપ ત્રણ લોકસંજ્ઞા અપેક્ષિત છે. લોકસંજ્ઞાનો સંક્ષિપ્ત અર્થ છે લોક પ્રવાહ, લૌકિક રુચિઓ. આ પ્રકારના લોકને જાણીને સંસાર પ્રવાહમાં વહેતા પ્રાણીઓમાં પ્રાપ્ત થતી વિવિધ રુચિઓનો બુદ્ધિમાન સાધકે હંમેશાં ત્યાગ કરી દેવો જોઈએ. તે લોકરુચિથી દૂર રહીને સંયમનું યર્થાથ પાલન કરવું જોઈએ.

**विदित्ता लोगं :–** લોક શબ્દના અનેક અર્થ છે. (૧) રાગાદિથી મોહિત લોક (૨) વિષય–કષાયરૂપ

લોક (૩) સમસ્ત સંસાર સ્વરૂપ લોક. **विदित्ता** નો અર્થ છે આ સર્વ પ્રકારના લોકને જાણીને.

**परक्कमेज्जासि :–** આ ક્રિયાપદ દ્વારા સંયમ, તપ, ત્યાગ, ધર્માચરણાદિમાં પુરુષાર્થ કરવાનો નિર્દેશ કર્યો છે.

**॥ અધ્યયન–૩/૧ સંપૂર્ણ ॥**

## ત્રીજું અધ્યયન : બીજો ઉદ્દેશક

**સંયમ પુષ્ટિ અને કર્મક્ષય પ્રેરણા :–**

**१** जाइं च वुड्ढिं च इहऽज्ज पास, भूएहिं जाण पडिलेह सायं ।
तम्हाऽतिविज्जो परमं ति णच्चा, समत्तदंसी ण करेइ पावं ॥१॥

उम्मुंच पासं इह मच्चिएहिं, आरंभजीवी उभयाणुपस्सी ।
कामेसु गिद्धा णिचयं करेंति, संसिच्चमाणा पुणरेंति गब्भं ॥२॥

अवि से हासमासज्ज, हंता णंदीति मण्णइ ।
अलं बालस्स संगेणं, वेरं वड्ढेइ अप्पणो ॥३॥

तम्हाऽतिविज्जं परमं ति णच्चा, आयंकदंसी ण करेइ पावं ।
अग्गं च मूलं च विगिंच धीरे, पलिछिंदिया णं णिक्कम्मदंसी ॥४॥

एस मरणा पमुच्चइ, से हु दिट्ठभए मुणी । लोगंसि परमदंसी विवित्तजीवी उवसंते समिए सहिए सया जए कालकंखी परिव्वए ।

बहुं च खलु पावं कम्मं पगडं । सच्चंमि धिइं कुव्वह । एत्थोवरए मेहावी सव्वं पावं कम्मं झोसेइ ।

**શબ્દાર્થ :–** **जाइं** = જન્મ, **वुड्ढिं** = વૃદ્ધિને, **इह** = આ જગતમાં, **अज्ज** = આજે જ, હે આર્ય, **पास** = જુઓ, **भूएहिं** = પ્રાણીઓના વિષયમાં, **जाण** = જાણો, **पडिलेह** = વિચાર કરીને, જુઓ, **सायं** = સાતા, પોતાના સુખને, **अतिविज्जो** = વિદ્વાન, **परमं ति** = મોક્ષમાર્ગને, **णच्चा** = જાણીને, **समत्तदंसी** = સમત્વદર્શી, સંયમમાં રમણ કરનાર, **पावं** = પાપ, **ण करेइ** = કરતા નથી.

**उम्मुंच** = છોડી ધ્યો, **पासं** = બંધનને, **इह** = આ લોકમાં, **मच्चिएहिं** = આ મૃત્યુલોકના માનવીઓ સાથેના, **आरंभजीवी** = આરંભથી જીવન પસાર કરનાર, **उभयाणुपस्सी** = ઉભયદર્શી, શારીરિક

અને માનસિક દુઃખના ભાગી, **कामेसु गिद्धा** = કામભોગોમાં આસક્ત, **णिचयं करेंति** = સંચય કરે છે, **संसिच्चमाणा** = કર્મોના સંચયથી ભારે બનેલ જીવ, **पुणरेंति** = વારંવાર પ્રાપ્ત કરે છે, **गब्भं** = ગર્ભવાસને.

**अवि से** = ફરી તે વિષયી જીવ, **हासमासज्ज** = હાંસી મજાકમાં, **हंता अवि** = જીવોને મારીને પણ, **णंदीति** = આનંદ, **मण्णइ** = માને છે, **बालस्स संगेणं अलं** = અજ્ઞાનીના સંગથી બસ છે, દૂર રહેવું, **अप्पणो** = પોતપોતાની સાથે, **वेरं वड्ढइ** = વેર વધારે છે.

**आयंकदंसी** = નરકાદિના દુઃખના કારણ અને પરિણામના દષ્ટા, **अग्गं च** = ભવોપગ્રાહી કર્મ, અઘાતિકર્મ, **मूलं च** = અસંયમ, મૂળગુણના ઘાતક ઘાતીકર્મને, **विगिंच** = કર્મોનાં પરિણામને દૂર કર, **धीरे** = ધીરપુરુષ, **पलिछिंदिया** = સંપૂર્ણ કર્મ ક્ષયકરીને, કર્મબંધનોને કાપીને, **णिक्कम्मदंसी** = નિષ્કર્મા, કર્મરહિત થઈ જાય છે, જગતના દષ્ટા બની જાય છે.

**एस मरणा** = આ સાધક મરણથી, **पमुच्चइ** = મુક્ત થઈ જાય છે, **से हु** = તે નિશ્ચયથી, **दिट्ठभए** = સાતભયને જોનાર, (ભયદર્શી), **परमदंसी**= મોક્ષદર્શી, **विवित्तजीवी** = ભાવથી રાગદ્વેષ રહિત, દ્રવ્યથી સ્ત્રી, પશુ, નંપુસકાદિથી રહિત સ્થાનમાં, **उवसंते** = ઉપશાંત, **समिए** = પાંચ સમિતિ યુક્ત, **सहिए** = જ્ઞાનાદિ સહિત, **सया** = હંમેશાં, **जए** = યત્નાવાન, **कालकंखी** = મરણ સુધી, **परिव्वए** = સંયમમાં વિચરે, **पगडं** = કર્યા છે, **सच्चंमि** = સત્ય–સંયમમાં, **धिइं** = ધીરતાને, **कुव्वह** = રાખો, કરો, **एत्थोवरए** = આ સંયમમાં સ્થિત, **झोसेइ** = ક્ષય કરી દે છે.

**ભાવાર્થ :–** હે આર્ય ! તું આ સંસારમાં જન્મ અને વૃદ્ધિને જો. તું પ્રાણીઓના વિષયમાં જાણ કે સર્વ જીવો શાતાની ઈચ્છા કરે છે તેથી ઉત્તમ જ્ઞાની, સમત્વદર્શી સાધક મોક્ષમાર્ગ રૂપ સંયમને જાણીને, સ્વીકાર કરીને, સર્વ જીવોને પોતાના આત્મા સમાન સમજીને પાપાચરણ કરે નહિ, પ્રાણીવધ કરે નહિ.

આ મૃત્યુ લોકના માનવીઓનીસાથે જે રાગાદિ બંધન છે તેને તોડી નાખ અથવા હે મુમુક્ષુ ! આ માનવ શરીરને પ્રાપ્ત કરી એના દ્વારા રાગાદિ બંધનને તોડી નાખ કારણ કે આ લોકમાં હિંસાદિ પાપરૂપ આરંભ કરનાર પ્રાણી શારીરિક અને માનસિક દુઃખોને પ્રાપ્ત કરે છે. આવા તે પ્રાણીઓ કામભોગોમાં આસક્ત થઈને કર્મોનો સંચય કરે છે અને કર્મોના મૂળનું વારંવાર સિંચન કરીને ફરીફરી જન્મધારણ કરે છે.

તે કામભોગાસક્ત મનુષ્ય હાંસી–મજાકને આધીન થઈને જીવોનો વધ કરી ખુશી મનાવે છે. એવા અજ્ઞાની જીવોના સંસર્ગથી આત્મા વેરની વૃદ્ધિ કરે છે માટે તેનાથી દૂર રહેવું જોઈએ.

આ રીતે ઉત્તમ જ્ઞાની અને નરકાદિ દુર્ગતિના દુઃખોને જાણનાર આતંકદર્શી પુરુષ સંયમને જાણીને, સ્વીકાર કરીને હિંસાદિ પાપકર્મનું આચરણ કરતા નથી. હે ધીર ! તું આ દુઃખના અગ્ર અર્થાત્–કર્મનો અને દુઃખનું મૂળ એટલે અસંયમનો વિવેક કરીને ત્યાગ કર. આ રીતે સાધક તપ, સંયમ દ્વારા કર્મોનું પૂર્ણ રીતે છેદન કરી નિષ્કર્મદર્શી બને છે, કર્મરહિત બની જગતના દષ્ટા થઈ જાય છે.

તે નિષ્કર્મદર્શી સાધક મરણથી મુક્ત થઈ જાય છે. તે જ સાધક વાસ્તવમાં પથદર્શી છે અર્થાત્ તેઓએ મોક્ષમાર્ગને સારી રીતે જોયો છે, સમજ્યો છે. તે આત્મદર્શી મુનિ લોકમાં પરમદર્શી સંયમના જ્ઞાતા છે. તે રાગદ્વેષ રહિત શુદ્ધ જીવન જીવે છે, તે કષાયોથી ઉપશાંત, પાંચસમિતિથી સમિત, જ્ઞાનાદિથી સહિત હોય છે. હંમેશાં યત્નાશીલ થઈને તે પંડિત મરણની આકાંક્ષા કરતાં જીવનની અંતિમ ક્ષણ સુધી સંયમમાં વિચરણ કરે છે.

આ જીવે ભૂતકાળમાં અનેક પ્રકારનાં બહુ પાપકર્મોનો બંધ કર્યો છે. કર્મોનો નાશ થવામાં ક્યારેક વિલંબ પણ થઈ શકે છે, તેથી હે સાધક ! સંયમ તપના પાલનમાં ધૈર્ય રાખ. તપ, સંયમમાં ધૈર્યની સાથે લીન રહેનાર સાધક સમસ્ત પાપકર્મોનો ક્ષય કરી શકે છે.

## વિવેચન :-

આ સર્વ સૂત્રોમાં બંધ અને મોક્ષ તથા તેના કારણોથી સંબંધિત શ્રેષ્ઠ બોધ આપ્યો છે. પ્રારંભમાં જન્મ અને તેની વૃદ્ધિને જોવાની પ્રેરણા આપી છે. તેનો સાર એ છે કે જિનવાણીના આધારે તે પોતાના પૂર્વજન્મોના વિષયમાં વિચાર કરે કે હું એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના જીવોમાં તથા નારક, તિર્યંચ, દેવાદિ યોનિઓમાં અનેકવાર જન્મ લઈને પુનઃ મનુષ્ય લોકમાં આવ્યો છું. તે જન્મોમાં મેં કેવા કેવા દુઃખો સહ્યાં હશે ? સાથે તે એ પણ જાણે કે મારી પાસે પ્રચુર પુણ્યનો જથ્થો અને ઘણી નિર્જરા થઈ કે જેથી એકેન્દ્રિય થી વિકાસ કરતો આજે માનવભવમાં આવ્યો છું. તેમાં પણ પ્રબળ પુણ્યોદયે આર્યક્ષેત્ર, ઉત્તમકુળ, પંચેન્દ્રિયની પૂર્ણતા, ઉત્તમસંયોગ, દીર્ઘાયુ, શ્રેષ્ઠ સંયમી જીવન આદિ પામીને હું ઉન્નતિ કરી શક્યો છું.

આ સૂત્રનો બીજો આશય એ પણ છે કે સંસારમાં જીવોના જન્મ અને તેની સાથે જોડાયેલાં તેના દુઃખો તેમજ બાળક, કુમાર, યુવાન અને વૃદ્ધાવસ્થારૂપ વિવિધ અવસ્થા, તેમાં આવતાં શારીરિક, માનસિક દુઃખોને જુઓ અર્થાત્ પોતાના ભૂતકાળના અનેક જન્મોની તથા વિકાસની શ્રૃંખલાને જોઈને તેના ઊંડાણમાં ઉતરી સંપ્રેક્ષણ કરવાનું છે. જન્મોના કારણ અને તેમાં પ્રાપ્ત દુઃખ તેમજ આજ સુધીનો જીવનનો વિકાસક્રમ આ સર્વ પર ધ્યાન કેન્દ્રિત કરવાથી મૂઢતા દૂર થઈ જાય છે અને ક્યારેક પોતાના પૂર્વજન્મોનું સ્મરણ (જાતિ સ્મરણ) જ્ઞાન પણ થઈ જાય છે. કોઈ વ્યક્તિ આ જીવનના ૫૦–૬૦ વર્ષ પૂર્વે બનેલી ઘટનાને સ્મૃતિપટ પર લાવે છે. તેમ જ તેમાં વિશેષ પ્રયત્ન કરે અને બુદ્ધિ સંમોહિત ન હોય તો પૂર્વજન્મનું સ્મરણ પણ સ્મૃતિપટ પર આવી જાય છે. પૂર્વજન્મની સ્મૃતિ નહિ થવાનું કારણ આ પ્રકારે કહ્યું છે–

**जायमाणस्स जं दुक्खं, मरमाणस्स जंतुणो ।**
**तेण दुक्खेण संमूढो , ण सरइ जाइमप्पणो ॥**

જન્મ અને મૃત્યુના સમયે જીવને જે દુઃખ થાય છે, તે દુઃખથી મૂઢ બનેલ વ્યક્તિ પોતાના પૂર્વજન્મનું સ્મરણ કરી શકતી નથી.

**भूएहिं जाण पडिलेह सायं :–** સંસારના સર્વપ્રાણીઓ ચૌદ ભાગોમાં વિભાજિત છે તેમ જાણ. તે

પ્રાણીઓની સાથે પોતાનાં સુખની સમાનતાનું પર્યાલોચન કર કે – જેમ મને સુખ પ્રિય છે અને દુઃખ અપ્રિય છે તેવી જ રીતે સંસારનાં સર્વપ્રાણીઓને સુખ પ્રિય અને દુઃખ અપ્રિય છે. એવું સમજીને તું કોઈનું અપ્રિય કર નહિ. તું કોઈને દુઃખજનક થા નહિ, દુઃખ પહોંચાડ નહિ. એમ કરવાથી તું જન્મ–મરણાદિનું દુઃખ પામીશ નહી.

**अतिविज्जो :–** આ શબ્દના બે રૂપ થાય છે. (૧) અતિવિદ્ય (૨) ત્રિવિદ્ય. અતિવિદ્યાનો અર્થ છે–વિદ્વાન, વિશેષજ્ઞ, ઉત્તમજ્ઞાની, વિશેષજ્ઞાની. ત્રિવિદ્યનો અર્થ છે–પૂર્વોક્ત ત્રણ વિદ્યાનો જાણનાર. તે ત્રિવિદ્યા આ પ્રમાણે છે– (૧) પૂર્વ જન્મ–શ્રૃંખલા અને વિકાસનું સ્મરણ (૨) પ્રાણી જગતને સારી રીતે જાણવું (૩) પોતાના સુખ દુઃખની સાથે તેઓનાં સુખ દુઃખની સમાનતા કરીને વિચાર કરવો. આ ત્રણ વિષયોનું જ્ઞાન પ્રાપ્ત કરવું તે ત્રિવિદ્યા છે.તે જેને પ્રાપ્ત થઈ તે ત્રૈવિદ્ય કહેવાય છે.

બૌદ્ધ દર્શનમાં પણ ત્રિવિદ્યાનું નિરૂપણ આ પ્રમાણે છે– (૧) પૂર્વજન્મને જાણવાનું જ્ઞાન (૨) મૃત્યુ તથા જન્મને જાણવાનું જ્ઞાન (૩) ચિત્તની મલિનતાને નાશ કરવાનું જ્ઞાન. આ ત્રણ વિદ્યાઓને પ્રાપ્ત કરી લેનારને ત્યાં **'तिविज्ज'** (ત્રૈવિદ્ય) કહેલ છે.

**परमं :–** આ શબ્દના અનેક અર્થ છે– નિર્વાણ, મોક્ષ, સત્ય, પરમાર્થ, સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ ચારિત્ર વગેરે.

**सम्मत्तदंसी :–** જે સમત્ત્વદર્શી છે તે પાપ કરતા નથી. આ સૂત્રાંશનો સાર એ છે કે પાપ અને વિષમતાનું મૂળ કારણ રાગ અને દ્વેષ છે. જે પોતાના ભાવને રાગદ્વેષથી કલુષિત કરતા નથી અને કોઈ પ્રાણીને રાગ દ્વેષાત્મક ભાવથી જોતા નથી, તે સમત્ત્વદર્શી હોય છે. તે પાપકર્મના મૂળ કારણ રૂપ રાગદ્વેષને અંતઃકરણમાં આવવા દેતા નથી અર્થાત્ આવા સમત્ત્વદર્શી અપ્રમત્તભાવે સંયમમાં જ રમણ કરતા હોય છે. તેથી તે પાપાચરણ કરતા નથી.

**सम्मत्तदंसी** નો બીજો અર્થ સમ્યકત્વદર્શી પણ કરાય છે. તેનો ભાવાર્થ એ છે કે સમ્યક્ત્વી જીવ તીવ્ર પાપકર્મોનું આચરણ કરતા નથી અર્થાત્ મિથ્યાત્વ મોહકર્મનો બંધ કરતા નથી.

**पासं :–** આ શબ્દથી પાપકર્મોનો સંચય કરનારની વૃત્તિ, પ્રવૃતિ અને પરિણતિ બતાવી છે, ફળ બતાવ્યું છે. **'पास'**નો અર્થ બંધન છે. તેના બે પ્રકાર છે– દ્રવ્યબંધન અને ભાવબંધન. અહીં ભાવબંધન મુખ્ય છે. ભાવબંધન–રાગ, મોહ, સ્નેહ, આસક્તિ, મમત્વાદિ છે. આ ભાવબંધન જ બધા સાધકને જન્મ મરણની જાળમાં ફસાવનાર 'પાશ' છે.

**आरंभजीवी :–** આ પદમાં આરંભથી મહારંભ અને તેનું કારણ મહાપરિગ્રહ, આ બંનેનું ગ્રહણ થઈ જાય છે. આરંભ પરિગ્રહથી જીવન ચલાવનાર તે આરંભજીવી કહેવાય છે.

**उभयाणुपस्सी :–** આરંભ–હિંસાના કાર્યોથી જીવન ચલાવનારા માનવ આ લોક અને પરલોક ઉભયસ્થાને દુઃખ, વેદનાને પામે છે. અહીં **'पस्सी'** શબ્દ દુઃખ ભોગવવાના અર્થમાં પ્રયુક્ત થયો છે

અથવા **'उ'** ને અલગ કરીને **'भयाणुपस्सी'** પાઠ પણ હોય છે. તેનો અર્થ એ છે કે– મહારંભ, મહાપરિગ્રહના કારણે તે ફરી ફરી નરકાદિના ભયનો–દુઃખનો અનુભવ કરે છે.

ચાર પુરુષાર્થમાં કામરૂપ પુરુષાર્થ સામાન્ય જનસાધ્ય હોય છે ત્યારે અર્થ તેનું સાધન બને છે. માટે કામભોગની આસક્તિ મનુષ્યને વિવિધ ઉપભોગ્ય ધનાદિ પદાર્થોના સંગ્રહ માટે લાલાયિત કરે છે. તે આસક્તિ મહારંભ–મહાપરિગ્રહનું મૂળ છે.

**संसिच्चमाणा पुणरेंति गब्भं :–** હિંસા, અસત્ય, ચોરી, કામવાસના, પરિગ્રહાદિ પાપ તે કર્મનું મૂળ છે. તેને જે અજ્ઞાની નિરંતર સીંચતા રહે છે, તે વારંવાર અનેક પ્રકારની ગતિ, યોનિઓમાં જન્મ લેતા રહે છે.

**अलं बालस्स संगेणं :–** વૃત્તિકારે આ વાક્યના બે અર્થ કર્યા છે. (૧) હાસ્યાદિની વૃત્તિવાળા બાલજીવોની સંગતિ કરવાથી વેરની વૃદ્ધિ થાય છે. (૨) બાલજીવોની સંગતિ કરવાથી દેખાદેખી, હાસ્યપ્રમોદ વગેરેની પ્રવૃતિ થાય તેમજ સાધકની બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાય, મનનીવૃત્તિઓ ચંચળ થાય તેમજ દેખાદેખીથી હિંસાદિ પાપ કરવા પ્રેરાય. બંને પ્રકારના અર્થનું તાત્પર્ય એક જ છે કે બાલજીવ સંગ કરવા લાયક નથી. માટે સાધકે તેનાથી દૂર જ રહેવું જોઈએ.

**वेरं वड्ढइ अप्पणो :–** કોઈ મહારંભી મહાપરિગ્રહી મનુષ્ય બીજાને માર મારીને, પાણીમાં ડૂબાડીને, કોરડાદિ ફટકારીને અથવા મરાવી નાખવા માટે સિંહાદિ હિંસક પશુઓની સામે મનુષ્યને છોડી ક્રૂર મનોરંજન કરે છે અથવા યજ્ઞાદિમાં નિર્દોષ પશુ–પક્ષીઓના બલિ આપીને અથવા તેનો શિકાર કરીને, તેની હત્યા કરીને ક્રૂર કર્મ કરે છે. આ પ્રમાણે કેટલાક લોકો અસત્ય બોલીને, ચોરી કરીને કે સ્ત્રીઓની સાથે વ્યભિચાર કરીને કે બીજાનું ધન ,મકાનાદિ છીનવી લઈને કે પોતાની માલિકીના કરીને તેમાં હાંસી–મજાકની કે આનંદની અનુભૂતિ કરે છે. આ અજ્ઞાની લોકો જીવો સાથે વેર વધારે છે અને પોતાના જ કર્મોની વૃદ્ધિ કરે છે.

**आयंकदंसी :–** જ્ઞાની પુરુષો પાપ કરતા નથી તેનું રહસ્ય આ શબ્દમાં બતાવ્યું છે કે કર્મ અથવા હિંસાનું ફળ દુઃખરૂપ હોય છે. જે આ જાણી લે છે, હૃદયંગમ કરી લે છે તે આતંકદર્શી છે. તે સ્વયં પાપાનુબંધી કર્મ કરતા નથી અને બીજા પાસે કરાવતા નથી, તેમજ પાપ કરનારની અનુમોદના પણ કરતા નથી.

**अग्गं च मूलं च विगिंच धीरे :–** આ પદમાં **'अग्र'** અને **'मूल'** બે શબ્દો છે. અગ્રનો અર્થ છે અંતિમ અને મૂળનો અર્થ છે પ્રારંભિક. દુઃખનું મૂળકારણ છે અસંયમ અને અંતિમ કારણ છે કર્મ અર્થાત્ નિકટતમ અગ્ર કારણરૂપ કર્મોથી જ દુઃખની પ્રાપ્તિ થાય છે અને તે કર્મની ઉત્પત્તિ અસંયમથી થાય છે માટે અહીં અગ્ર શબ્દથી કર્મોનું કથન છે અને મૂળ શબ્દથી અસંયમનું કથન છે.

અગ્ર અને મૂળના બીજા અર્થ પણ કરાય છે, જેમ કે– (૧) વેદનીયાદિ ચાર ભવોપગ્રાહી અઘાતીકર્મ અગ્ર છે અને મોહનીયાદિ ચાર ઘાતી કર્મ મૂળ છે. (૨) મોહનીય એ સર્વકર્મોનું મૂળ છે, શેષ સાત કર્મ અગ્ર છે. (૩) મિથ્યાત્વ મૂળ છે, શેષ અવ્રત, પ્રમાદાદિ અગ્ર છે.

ધીર સાધકે પાપકર્મોના અગ્ર અને મૂળ બંને કારણ ઉપર ઊંડાણથી ચિંતન–મનન કરવું જોઈએ. કોઈપણ દુષ્કર્મથી પ્રાપ્ત સંકટાપન્ન સમસ્યાના કેવળ અગ્ર–પરિણામ પર વિચાર કરવાથી તેનો ઉકેલ આવતો નથી પરંતુ તેના મૂળ ઉપર ધ્યાન આપવાથી જ સમાધાન થઈ શકે છે અર્થાત્ મૂળ અસંયમ છે તેના ઉપર ધ્યાન આપી તેનો જ ત્યાગ કરવાથી દુઃખ અને કર્મની સમાપ્તિ રૂપ સમાધાન થઈ જાય છે.

**पलिछिंदियाणं णिक्कम्मदंसी :–** તપ અને સંયમ દ્વારા રાગદ્વેષાદિ બંધનોનો અથવા તેનાં કાર્યરૂપ કર્મોનો સર્વથા નાશ કરીને આત્મા નિષ્કર્મદર્શી–કર્મરહિત અવસ્થાને પ્રાપ્ત કરે છે. અહીં નિષ્કર્મદર્શીનું તાત્પર્ય છે કે સાધક, આત્માની નિષ્કર્મ દશાને જુએ અથવા કર્મરહિત સિદ્ધ અવસ્થાને પ્રાપ્ત કરે છે. આ શબ્દના બીજા અર્થો પણ થાય છે, તે આ પ્રમાણે છે– (૧) કર્મ રહિત શુદ્ધ આત્મદર્શી (૨) રાગદ્વેષનો સર્વથા છેદ થવાથી સર્વદર્શી (૩) વૈભાવિક ક્રિયાઓનો સર્વથા અભાવ થવાથી અક્રિયાદર્શી અને (૪) જ્યાં કર્મોનો સર્વથા અભાવ છે એવા મોક્ષ સ્થાનને જોનારા, પરમદર્શી.

**दिट्ठभए–दिट्ठपहे :–** આ બંને પાઠ મળે છે. (૧) ભય–દુઃખ આપનારા જે કર્મ છે તેને સારી રીતે સમજનારા 'દષ્ટભય' કહેવાય છે. (૨) મોક્ષમાર્ગરૂપ સંયમના સ્વરૂપને સારી રીતે સમજનારા 'દષ્ટપથ' પથદર્શી કહેવાય છે.

**कालकंखी :–** સંલેખનાના પાંચ અતિચારોમાંથી એક અતિચાર છે **मरणासंसप्पओगे**–મૃત્યુની આશંસા કરવી નહિ. તો પછી અહીં કાળકાંક્ષી કહેવાની પાછળ શું રહસ્ય છે ? વૃત્તિકાર આ પ્રશ્નનું સમાધાન કરે છે કે કાળનો અર્થ છે મૃત્યુકાળ. તેનો આકાંક્ષી મુનિ મૃત્યુનો સમય આવે ત્યારે 'પંડિતમરણ'ની આકાંક્ષા (મનોરથ) કરતા વિચરણ કરે છે. 'પંડિતમરણ' એ જીવનની સાર્થકતા છે. પંડિતમરણની ઇચ્છા કરવી તે મૃત્યુને જીતવાની એક દિશા છે.

**बहुं च खलु पावं कम्मं पगडं :–** ભૂતકાળની અવસ્થાઓને આત્મશુદ્ધિ અથવા દોષ પરિમાર્જનની દષ્ટિથી યાદ કરવી, સાધકને માટે આવશ્યક છે. અહીં શાસ્ત્રકારે યાદી આપી છે કે સાધક પોતાની પ્રત્યેક દુઃખની ઘડીમાં આ પ્રમાણે વિચાર કરે કે મારા આત્માએ ઘણા પાપકર્મ બાંધેલા છે, તદ્જન્ય આ દુઃખોની સ્થિતિ આવી છે અને લાંબા સમય સુધી ટકી રહી છે. તેમ વિચારીને ધૈર્યની સાથે સંયમમાં સ્થિર રહે, દુઃખથી મ્લાન થાય નહીં. ખરેખર કર્મોનું ઊંડાણપૂર્વક ચિંતન કરવાથી આત્માને સમાધિ અને શાંતિ પ્રાપ્ત થાય છે.

**सच्चंम्मि :–** આ સૂત્રમાં સાધકને સત્યમાં સ્થિર રહેવાનું અપ્રતિમ મહત્ત્વ સમજાવ્યું છે. વૃત્તિકારે વિભિન્ન દષ્ટિઓથી સત્યના અનેક અર્થ કર્યા છે–

(૧) પ્રાણીઓના માટે જે હિતકર છે, તે સત્ય છે, તે સંયમ છે. (૨) જિનેશ્વરદેવે કહેલ આગમ પણ સત્ય છે, કારણ કે તે યથાર્થ વસ્તુસ્વરૂપને પ્રકાશિત કરે છે. (૩) વીતરાગે પ્રરૂપિત વિભિન્ન પ્રવચન રૂપ આદેશ પણ સત્ય છે.

આ સૂત્રમાં શાસ્ત્રકારનો એવો સ્વર ગુંજે છે કે જ્ઞાતા દષ્ટા બનો. પોતાના મનના ઊંડાણમાં

ઊતરીને પ્રત્યેક વસ્તુ કે વિચારને જાણો–જુઓ, ચિંતન કરો, પરંતુ તેમાં રાગદ્વેષ ન કરો. પ્રકૃતિના ઉદયમાં ભળો નહિ. તટસ્થ થઈને વસ્તુ સ્વરૂપનો વિચાર કરો, આનું નામ જ્ઞાતા દષ્ટા છે. આ સૂત્રમાં ચાર પ્રકારના દષ્ટા બનવાનો ઉલ્લેખ કર્યો છે– (૧) સમત્વદર્શી (૨) આતંકદર્શી, (૩) નિષ્કર્મદર્શી અને (૪) પરમદર્શી. આવી જ રીતે દષ્ટભય–દષ્ટપથ થઈને, અગ્ર અને મૂળનું ઉન્મૂલન કરવાનો અને અંતે સંપૂર્ણ કર્મક્ષય કરવાનો સંદેશ છે.

## સાંસારિક સુખ ચાળણી સમાન :–

**૨ अणेगचित्ते खलु अयं पुरिसे, से केयणं अरिहइ पूरइत्तए । से अण्णवहाए अण्णपरियावाए अण्णपरिग्गहाए जणवयवहाए जणवय परियावाए जणवय– परिग्गहाए ।**

**શબ્દાર્થ :– अणेगचित्ते** = ચંચળચિત્તવાળા, **अयं पुरिसे** = આ પુરુષ, સંસારના પ્રાણી, **केयणं** = ચાળણીને, લોભેચ્છા અથવા તૃષ્ણાને, **अरिहइ** = પ્રયત્ન કરે છે, **पूरइत्तए** = ભરવાની, પૂર્ણ કરવાની, **अण्णवहाए** = બીજા જીવોના વધ માટે, **अण्णपरियावाए** = બીજાને પરિતાપ આપવા માટે, **अण्णपरिग्गहाए** = બીજાના પરિગ્રહણ માટે, **जणवयवहाए** = જનપદના વધ માટે, **जणवयपरियावाए** = જનપદને પરિતાપ આપવા માટે, **जणवयपरिग्गहाए** = જનપદના પરિગ્રહણ માટે.

**ભાવાર્થ :–** સંસારના પ્રાણીઓ અનેક ચિત્તવાળા, લાલસાઓવાળા હોય છે. જાણે તે ચાળણીને પાણીથી ભરવાની ઈચ્છા કરે છે. તૃષ્ણાની પૂર્તિ માટે વ્યાકુળ તે મનુષ્ય અન્ય જીવોના તેમજ જનપદના વધ, પરિતાપ અને પરિગ્રહણ(આધીન કરવા) માટે પાપપ્રવૃત્તિ કરે છે.

## વિવેચન :–

આ સૂત્રમાં વિષયાસક્ત અસંયમી પુરુષની અનેક ચિત્તતા–વ્યાકુળતા તથા વિવેકહીનતા તેમજ તેના કારણે થનારા અનર્થોનું દિગ્દર્શન કરાવ્યું છે.

સંસારના સુખાભિલાષી પુરુષને અહીં અનેકચિત્ત બતાવેલ છે કારણ કે લોભાર્થી મનુષ્ય ખેડ, વ્યાપાર, કારખાના આદિ અનેક ધંધા કરે છે. તેનું ચિત્ત રાત દિવસ તે અનેક ધંધાઓની ઊથલ પાથલમાં લાગેલું રહે છે.

અનેક ચિત્ત પુરુષ અતિલોભી બનીને અશક્યની ઈચ્છા કરે છે તેના માટે શાસ્ત્રકારે ચાળણીનું દષ્ટાંત આપ્યું છે. જેમ ચાળણીને કોઇ પાણીથી ભરવાની ઈચ્છા કરે તો ભરી શકાય નહિ. તેમ ચાળણીરૂપ મહાતૃષ્ણાને ધનરૂપી જળથી ભરી શકાય નહિ છતાં વ્યકિત તે ભરવાની ઈચ્છા કરે છે. તે તૃષ્ણાના ખપ્પરને ભરવા અન્ય પ્રાણીઓના વધ કરે છે; તેઓને શારીરિક અને માનસિક સંતાપ આપે છે; નોકર, ચાકરાદિ અને ગાય, ભેંસાદિનો સંગ્રહ કરે છે. એટલું જ નહિ તે અત્યંત લોભથી ઉન્મત્ત થઈને સર્વ ગામ અથવા

નાગરિકોનો નાશ કરવા કટિબદ્ધ થઈ જાય છે; તેઓને અનેક પ્રકારની યાતનાઓ દેવા ઉદ્યત બને છે; અનેક દેશોને જીતીને પોતાના અધિકારમાં લઈ લે છે. આ છે તૃષ્ણાથી વ્યાકુળ બનેલ માનવીની અનેક ચિત્ત દશા. આવી અનેક ચિત્ત દશાથી કરવામાં આવેલ પાપકર્મ અને આ કૃત્યોથી સુખી થવાની ભ્રમણામાં તે નરકાદિના અસહ્ય દુઃખોને પ્રાપ્ત કરે છે.

## સંયમ સમુત્થાન :–

**૩** **आसेवित्ता एयमट्ठं इच्चेवेगे समुट्ठिया । तम्हा तं बिइयं णो सेवे णिस्सारं पासिय णाणी । उववायं चवणं णच्चा अणण्णं चर माहणे । से ण छणे, ण छणावए, छणंतं णाणुजाणइ । णिव्विंद णंदिं अरए पयासु अणोमदंसी णिसण्णे पावेहिं कम्मेहिं ।**

**શબ્દાર્થ :–** **आसेवित्ता** = સેવન કરીને, **एयमट्ठं** = આ અર્થને, **एगे** = કોઈ, **इच्चेव** = આ પ્રમાણે, **समुट्ठिया** = સંયમમાં સ્થિત, **तम्हा** = તેથી, **बिइयं** = તે બીજીવાર, **णो सेवे** = સેવન કરવું જોઈએ નહિ, **णिस्सारं** = વિષય સેવન નિઃસાર છે, **पासिय** = જાણીને, **उववायं** = જન્મ, **चवणं** = મરણને, **अणण्णं** = સંયમનું, **चर** = પાલન કરે, **माहणे** = માહણ–મુનિ, **ण छणे** = હિંસા કરે નહિ, **ण छणावए** = હિંસા કરાવે નહિ, **छणंतं णाणुजाणइ** = હિંસા કરનારની અનુમોદના કરે નહિ, **णंदिं** = વિષયાનંદથી, **णिव्विंद** = નિવૃત્ત થા, નિર્વેદ પ્રાપ્ત કર, **पयासु** = સ્ત્રીઓમાં, **अरए** = અનુરક્ત ન થા, **अणोमदंसी** = સમ્યગ્જ્ઞાન, દર્શન ચારિત્રવાન બની, **णिसण्णे** = નિવૃત્ત થઈ જાય છે, **पावेहिं कम्मेहिं** = પાપકર્મોથી.

**ભાવાર્થ :–** કોઈ વ્યક્તિ આ સંસાર વધારનાર અસંયમનું આચરણ કરીને પણ છેલ્લે આ સર્વને છોડી સંયમ સાધનામાં જોડાઈ જાય છે. ત્યાર પછી તે જ્ઞાની પુરુષ કામભોગોને અને હિંસાદિ આસ્રવોને નિઃસાર જાણી ક્યારે ય પણ તેનું પુનઃ સેવન કરતા નથી.

હે માહણ મુનિ ! દેવોના પણ ઉપપાત–જન્મ અને ચ્યવન–મરણ નિશ્ચિતં છે. આ જાણીને વિષય સુખમાં આસક્ત ન થતાં તું અનન્ય–સંયમ રૂપ મોક્ષમાર્ગનું આચરણ કર. તે સંયમશીલ મુનિ ક્યારે ય પ્રાણીઓની હિંસા સ્વયં કરે નહિ, બીજા પાસે હિંસા કરાવે નહિ અને હિંસા કરનારની અનુમોદના કરે નહિ.

હે સાધક ! તું વિષયાનંદથી વિરક્ત થા અર્થાત્ તેનો ત્યાગ કર અને સ્ત્રીઓમાં આસક્ત ન થા. અનવમદર્શી–સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ મોક્ષદર્શી સાધક પાપકર્મોથી નિવૃત્ત થઈ જાય છે.

## વિવેચન :–

આ સૂત્રમાં વિષયભોગોથી વિરક્ત બનીને સંયમ સાધનામાં જોડાયેલા સાધકને સંયમમાં સ્થિર રહેવા માટે વિષય–ભોગોની અસારતા તેમજ જીવનની અનિત્યતાનો સંદેશ આપીને હિંસા, ઐહિક આનંદ

અને સ્ત્રીઓથી વિરક્ત રહેવાની પ્રેરણા આપી છે.

જે મનુષ્ય વિષયભોગોમાં અત્યંત આસક્તિ રાખે છે, તે તેને પ્રાપ્ત કરવા માટે ક્રૂર હિંસા, મનોવિનોદ, અસત્ય ભાષણ, વ્યભિચાર, ક્રોધાદિ કષાય, પરિગ્રહાદિ વિવિધ પાપકર્મોમાં પ્રવૃત થાય છે. અહીં મુમુક્ષુઓને ઉપદેશ આપ્યો છે કે વિષયભોગોની નિસ્સારતા તેમજ જીવનની ક્ષણભંગુરતાને જાણી સર્વ પાપકર્મોથી દૂર રહેવું. સાથે એ પણ કહ્યું છે કે કર્મોથી મુક્ત થઈ સંસાર સાગરથી પાર થવાનો પુરુષાર્થ તથા તેના ફળરૂપ મોક્ષની પ્રાપ્તિ આ માનવલોકમાં માનવથી જ થાય છે. દેવલોકાદિમાં દેવાદિને મોક્ષની પ્રાપ્તિ થતી નથી. જેમ નિસ્સાર વસ્તુનું ગમે તેટલું સેવન કરો તોપણ તેનાથી તૃપ્તિ થતી નથી તેમ વિષયભોગોના સેવનથી ક્યારે ય તૃપ્તિ થતી નથી. અનેક મહાપુરુષો વિષયભોગોને નિસ્સાર સમજીને સંયમાનુષ્ઠાન માટે ઉદ્યત થઈ ગયા પછી કયારે ય પણ તેમાં લેપાતા નથી.

**उववायं चवणं** :– આ બંને પદોને કહેવાનો આશય એ છે કે મનુષ્યનાં જન્મ મરણને સર્વ લોકો જાણે છે પણ દેવોના વિષયમાં એ ભ્રમણા છે કે તેઓનું વિષયસુખોથી ભરેલું જીવન અમર હોય છે. તેઓ જન્મતા–મરતા નથી. તે વિચારણાના સમાધાન માટે ઉપપાત અને ચ્યવન આ બંને પદો દ્વારા કહ્યું છે કે દેવોનો પણ જન્મ છે, મૃત્યુ છે એટલું જ નહિ પણ વિષયભોગોની નિસ્સારતા અને જીવનની અનિત્યતા આ બંનેથી સંસારની તેમજ સંસારનાં સર્વ સ્થાનોની ક્ષણિકતા, નશ્વરતાનો ભાવ પ્રગટ કર્યો છે.

**अणण्णं** :– અનન્ય અર્થાત્ સંયમ – મોક્ષમાર્ગ. મોક્ષમાર્ગથી કે સંયમથી અન્ય અસંયમ છે અને જે અન્યરૂપ–અસંયમરૂપ નથી તે જ્ઞાનાદિ રત્નત્રયાત્મક મોક્ષમાર્ગ 'અનન્ય' છે અને આત્મપરિણતિરૂપ જ છે, તેથી તે આત્માથી અભિન્ન 'અનન્ય' છે.

**ण छणे ण छणावए** :– આ પદોમાં **'छण'** શબ્દનું રૂપાંતર ક્ષણ છે. **'क्षणु हिंसायाम्'** હિંસાર્થક **'क्षणु'** ધાતુથી **'क्षण'** શબ્દ બન્યો છે. તેથી આ બંને પદોનો અર્થ એ છે કે પોતે હિંસા કરે નહિ, બીજા પાસે હિંસા કરાવે નહિ, ઉપલક્ષણથી હિંસા કરનારની અનુમોદના પણ કરે નહિ.

**अणोमदंसी** :– અવમનો અર્થ છે હીન, અનવમનો અર્થ છે ઉચ્ચ. લોકમાં સર્વોચ્ચ વસ્તુ છે સંયમ માટે સંયમી અણોમદર્શી કહેવાય છે અને તેથી વિપરીત મિથ્યાત્વ, અવિરતિ આદિથી યુક્ત અસંયમી અવમદર્શી કહેવાય છે.

### કષાય અને હિંસાત્યાગનો બોધ :-

**૪ कोहाइमाणं हणिया य वीरे, लोभस्स पासे णिरयं महंतं।**
**तम्हा हि वीरे विरए वहाओ, छिंदिज्ज सोयं लहुभूयगामी ॥५॥**

**गंथं परिण्णाय इहऽज्ज वीरे, सोयं परिण्णाय चरेज्ज दंते ।**
**उम्मज्ज लद्धुं इह माणवेहिं, णो पाणिणं पाणे समारभेज्जासि ॥६॥**
**–त्ति बेमि ।**

**॥ बिइओ उद्देसो समत्तो ॥**

**શબ્દાર્થ :– कोहाइमाणं** = ક્રોધ, માન આદિ, **हणिया** = હનન કરે, **वीरे** = વીરપુરુષ, **लोभस्स** = લોભનું ફળ, **पासे** = જુએ, વિચાર કરે, **णिरयं महंतं** = મહાન નરક, **तम्हा** = તેથી, **हि** = નિશ્ચયથી, **सोयं** = શોક ને, ભાવ સ્રોતને, **विरए** = નિવૃત થઈ જાય, **वहाओ** = હિંસા આદિથી, **लहुभूयगामी** = લઘુભૂત બને, **छिंदिज्ज** = છેદન કરે.

**गंथं परिण्णाय** = ગાંઠ–બંધનને જાણીને, **इह** = આ લોકમાં, **अज्ज** = હે આર્ય ! સાધક, **सोयं** = વિષયસંગરૂપ સંસાર સ્રોતોને, **परिण्णाय** = જાણીને, ત્યાગીને, **चरेज्ज दंते** = સંયમનું પાલન કરે, ઈન્દ્રિય, મનનું દમન કરીને, **उम्मज्ज (उम्मुग्ग)** = ઊપર ઉઠવાનું સ્થાન, તરવાનો માર્ગ, ઊંચ સ્થાન, **लद्धुं** = પ્રાપ્ત કરીને, **इह माणवेहिं** = આ માનવ ભવમાં, **पाणिणं** = પ્રાણીઓના, **पाणे** = પ્રાણોનો, **णो समारभेज्जासि** = આરંભ કરવો જોઈએ નહિ.

**ભાવાર્થ :–** વીર પુરુષ ક્રોધ માન આદિને નષ્ટ કરે. લોભને અતિ દુઃખદાયક નરકના રૂપમાં જુએ અને તેનો ત્યાગ કરે. લઘુભૂત બનવાના અભિલાષી વીર સાધક હિંસા આદિ પાપોથી વિરત થઈને વિષય વાસનાઓનું છેદન કરે.

હે વીર ! તું લોકમાં રહેલ ગ્રંથ(પરિગ્રહ)ને જ્ઞપરિજ્ઞાથી જાણીને પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી આજે જ વિના વિલંબે છોડી દે. આ જ રીતે સંસારના સ્રોતરૂપ વિષયોને પણ જાણીને ઇન્દ્રિય અને મનનું દમન કરીને સંયમમાં વિચરણ કર. અહીં(મનુષ્ય જન્મમાં) મનુષ્યોને જ સંસાર સાગરથી તરવાનો, કર્મોથી મુક્ત થવાનો અવસર મળે છે. આ જાણીને મુનિ ક્યારે ય પ્રાણીઓના પ્રાણોનો સમારંભ–સંહાર કરે નહિ. – એમ ભગવાને કહ્યું છે.

**॥ બીજો ઉદ્દેશક સમાપ્ત ॥**

## વિવેચન :–

**लोभस्स पासे :–** લોભના કારણે હિંસાદિ અનેક પાપ થાય છે માટે અહીં લોભને નરક કહી છે, જેનાથી પ્રાણી સીધો નરકમાં જાય છે. ગીતામાં પણ કહ્યું છે કે–

**त्रिविधं नरकस्येदं, द्वारं नाशनमात्मनः ।**
**कामः क्रोधस्तथा लोभः तस्मादेतत् त्रयं त्यजेत् ॥**

**અર્થ–** કામ, ક્રોધ અને લોભ, આ ત્રણે ય આત્મનાશક અને નરકનાં દ્વાર છે માટે મનુષ્ય તેનો ત્યાગ કરે.

**लहुभूयगामी :–** આ શબ્દના બે રૂપ છે– લઘુભૂતગામી અને લઘુભૂતકામી, (૧) જે કર્મભારથી સર્વથા રહિત છે, મોક્ષ અથવા સંયમને મેળવવા માટે જે ગતિશીલ છે, તે લઘુભૂતગામી છે. (૨) જે લઘુભૂત– અપરિગ્રહી અથવા પાપરહિત થઈ હળવા બનવાની કામના કરે છે તે લઘુભૂતકામી છે. જ્ઞાતાસૂત્ર અધ્ય.૬માં લઘુભૂત તુંબડીનું ઉદાહરણ આપીને કહ્યું છે કે જેમ તુંબડી લેપ રહિત થયા પછી પાણીની ઉપર આવી જાય છે તેમ લઘુભૂત આત્મા સંસારથી ઉપર ઊઠી મોક્ષમાં પહોંચી જાય છે. લઘુભૂત શબ્દ અહીં સંયમનો પર્યાયવાચી શબ્દ છે. બીજો અર્થ મોક્ષનો પર્યાયવાચી છે.

**॥ અધ્યયન–૩/૨ સંપૂર્ણ ॥**

## ત્રીજું અધ્યયન : ત્રીજો ઉદ્દેશક

**વૈરાગ્યમય બોધ :–**

**१ संधिं लोगस्स जाणित्ता आयओ बहिया पास । तम्हा ण हंता ण विघायए । जमिणं अण्णमण्णवितिगिच्छाए पडिलेहाए ण करेइ पावं कम्मं । किं तत्थ मुणी कारणं सिया ? समयं तत्थुवेहाए अप्पाणं विप्पसायए ।**

**अणण्णपरमं णाणी, णो पमाए कयाइ वि । आयगुत्ते सया धीरे, जायामायाए जावए । विरागं रूवेहिं गच्छेज्जा, महया खुड्डएहिं वा । आगइं गइं परिण्णाय दोहिं वि अंतेहिं अदिस्समाणेहिं से ण छिज्जइ, ण भिज्जइ, ण डज्झइ, ण हम्मइ कं च णं सव्वलोए ।**

**શબ્દાર્થ :– संधिं** = અવસરને, **लोगस्स** = લોકના પ્રાણીઓને, **जाणित्ता** = જાણીને પ્રમાદ કરવો જોઈએ નહિ, **आयओ** = આત્મ સમાન, **बहिया** = બીજા જીવોને પણ, **ण हंता** = મારવા નહીં, **ण विघायए** = બીજા જીવોદ્વારા ઘાત ન કરાવવો, **जमिणं** = જે આ, **अण्णमण्णवितिगिच्छाए** = પરસ્પરની આશંકાથી, ભયથી, લજ્જાથી, **पडिलेहाए** = વિચારથી, **किं** = શું, **तत्थ** = ત્યાં, **मुणी** = મુનિત્વ, **कारणं सिया ?** = કારણ છે ? **समयं** = સમભાવને, **तत्थ** = ત્યાં, **उवेहाए** = વિચારીને, પર્યાલોચન કરીને, **विप्पसायए** = સંયમાનુષ્ઠાનમાં સાવધાન, પ્રસન્ન રહે.

**अणण्ण** = સંયમ, **परमं णाणी** = મોક્ષને જાણનાર જ્ઞાની, **णो पमाए** = પ્રમાદ ન કરે, **कयाइ वि** = ક્યારે ય પણ, **आयगुत्ते** = આત્મગુપ્ત, **जायामायाए** = સંયમના નિર્વાહ અને આહારની માત્રાથી, **जावए** = સંયમનો નિર્વાહ કરે, **विरागं** = વૈરાગ્ય, **रूवेहिं** = રૂપ વગેરેમાં, **गच्छेज्जा** = પામે, **महया** = મહાન, દિવ્ય, **खुड्डएहिं** = ક્ષુદ્ર, તુચ્છ, **आगइं गइं** = આગતિ, ગતિને, **परिण्णाय** = જાણીને, **दोहिं वि अंतेहिं** = રાગ, દ્વેષ બંનેનો, **अदिस्समाणेहिं** = ત્યાગ કરનાર, **ण छिज्जइ** =

છેદાતો નથી, **ण भिज्जइ** = ભેદાતો નથી, **ण डज्झइ** = અગ્નિથી બળાતો નથી, **ण हम्मइ** = હણાતો નથી, **कं च णं** = કોઈથી.

**ભાવાર્થ :–** હે સાધક ! ધર્માનુષ્ઠાનનો અપૂર્વ અવસર આ મનુષ્ય ભવમાં છે એમ સમજીને તું પ્રત્યેક આત્માને પોતાના આત્માની સમાન જો. તેના સુખની કાળજી રાખ અને તેઓને દુઃખ આપ નહિ. સર્વ જીવોને મારા સમાન જ સુખ પ્રિય છે, દુઃખ અપ્રિય છે, એમ સમજીને મુનિ જીવોની હિંસા કરે નહિ અને બીજા પાસે ઘાત કરાવે નહિ.

શ્રમણ થઈને પણ જે પરસ્પર એક બીજાની આશંકાથી, ભયથી અથવા બીજાની હાજરીમાં તેની શરમના કારણે પાપકર્મ કરતો નથી, તો આ સ્થિતિમાં શું (પાપકર્મ નહિ કરવામાં) તેનું મુનિપણું કારણરૂપ છે ? (ના). આ સ્થિતિમાં સંયમનિષ્ઠ મુનિ સંયમ સંબંધી સિદ્ધાંતનો વિચાર કરીને આત્માને સંયમાનુષ્ઠાનમાં પ્રસન્ન રાખે.

આત્મપરિણતિપૂર્વક સંયમ અને મોક્ષના જ્ઞાતા મુનિ સંયમના પરિપાલનમાં ક્યારે ય પણ પ્રમાદ કરે નહિ. ભાવોની અપ્રમત્તતાને ટકાવી રાખે. આ પ્રકારે આત્મગુપ્ત વીરપુરુષ સદા પોતાની સંયમયાત્રાનો નિર્વાહ પરિમિત આહારથી કરે. તે સાધક નાના કે મોટા તુચ્છ કે મહાન દેખાતા સર્વ પદાર્થો પ્રત્યે વિરક્તિભાવ ધારણ કરે, આસક્તિ રાખે નહિ પણ ઉદાસીનતા રાખે.

સર્વ પ્રાણીઓના ગમનાગમન, જન્મ–મરણ તેમજ તેના દુઃખોને સારી રીતે જાણીને જે સાધક રાગ અને દ્વેષરૂપ આભ્યંતર દોષોથી દૂર રહે છે તે લોકમાં કોઈથી (ક્યાંય પણ) છેદાતા, ભેદાતા, દઝાડાતા અને મરાતા નથી. તે રાગદ્વેષથી રહિત આત્મા દુઃખોથી મુક્ત થઈ જાય છે.

## વિવેચન :–

આ સૂત્રમાં મનુષ્ય ભવરૂપી અણમૂલા અવસરમાં આત્માનો વિકાસ, સમતા, આત્મશુદ્ધિ, પ્રસન્નતા, જાગૃતિ, આત્મરક્ષા, સંયમ, પરાક્રમ, વિષયોથી વિરક્તિ અને રાગદ્વેષથી દૂર રહી આધ્યાત્મિક આરોહણ કરવાનો રણકાર ગુંજી રહ્યો છે.

**संधिं लोगस्स जाणित्ता :–** સૂત્રમાં પ્રયુક્ત 'સંધિ' શબ્દના અર્થ આ પ્રમાણે છે– (૧) અજ્ઞાનનો નાશ અને આત્મવિકાસનો ઉદય, તે ભાવસંધિ છે. (૨) ઉદીર્ણ દર્શનમોહનીયનો ક્ષય તથા શેષ દર્શનમોહનો ઉપશમ થવાથી પ્રાપ્ત સમ્યક્ત્વ ભાવ સંધિ છે. (૩) વિશિષ્ટ ક્ષાપોપશમિક ભાવ પ્રાપ્ત થવાથી સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ તે ભાવસંધિ છે. (૪) ચારિત્ર મોહનીયના ક્ષયોપશમથી પ્રાપ્ત સમ્યક્ ચારિત્ર તે ભાવસંધિ છે. (૫) ધર્માનુષ્ઠાનના અવસરને પણ સંધિ કહેવાય છે. (૬) સંધાન, મળવું, જોડવું, કર્મોદયવશ જ્ઞાન, દર્શન, ચારિત્રના શિથિલ થતાં અધ્યવસાયને ફરી જોડવા તે સર્વ સંધિ શબ્દમાં અંતર્નિહિત છે.

આધ્યાત્મિક (ક્ષાયોપશમિકાદિ ભાવ) સંધિને જાણીને પ્રમાદ કરવો તે કલ્યાણકારી નથી. આધ્યાત્મિક લોકના ત્રણ સ્તંભો– જ્ઞાન, દર્શન, ચારિત્ર છે; તે તૂટે નહિ તેમ તેનું સતત રક્ષણ કરવું જોઈએ.

**आयओ बहिया पास :–** અધ્યાત્મ જગતમાં પોતાના આત્મા સુધી જ કે પોતાના સુખ સુધી જ

રહેવાનું નથી પરંતુ તેમાં પોતાના આત્માથી બહારના લોકમાં વ્યાપ્ત સર્વ આત્માઓનાં સુખનો વિચાર કરવાની ઘોષણા છે, તેથી સર્વ જીવોને અહીં આત્મવત્ જાણવાનું કથન છે.

**तम्हा ण हंता ण विघायए :–** સર્વ જીવો પ્રત્યે આત્મવત્ સમદષ્ટિ રાખનારનું હૃદય દયા–અનુકંપાથી એવું દ્રવિત થઈ જાય કે તે કોઈની હિંસા કરે નહીં, કરાવે નહીં.

**वितिगिच्छाए :–** અધ્યાત્મજ્ઞાની મુનિ પાપકર્મનો ત્યાગ ફક્ત કાયાથી કે વચનથી કરતા નથી પણ મનથી પણ કરે છે. આ સ્થિતિમાં તે પોતાના ત્યાગ પ્રતિ સતત વફાદાર રહે છે. જે વ્યક્તિ બીજા કોઈની મર્યાદા, દબાણ કે ભયથી અથવા તેના દેખતાં પાપકર્મ કરતા નથી, પરંતુ પરોક્ષમાં પાપકર્મ કરે છે તે વ્યક્તિ તેના ત્યાગમાં વફાદાર રહેતા નથી.

ખરેખર જે વ્યક્તિ વ્યવહાર–બુદ્ધિથી પ્રેરાઈને બીજાના ભય, દબાણ કે દેખતાં તેના શરમથી પાપકર્મ કરતો નથી તે સાચો ત્યાગી નથી, કારણકે તેના અંતરમાં પાપ કર્મના ત્યાગની ભાવના જાગી નથી. નિશ્ચયદષ્ટિથી તે મુનિ નથી, માત્ર વ્યવહારથી મુનિ કહેવાય છે. તેનાં પાપકર્મના ત્યાગમાં તેનું મુનિપણું કારણ નથી.

**समयं :–** આ શબ્દના ત્રણ અર્થ છે– સમતા, આત્મા અને સિદ્ધાંત. આ ત્રણેયના અનુસંધાનમાં સાધકને પાપકર્મના ત્યાગની પ્રેરણા આપી છે. તેનાથી આત્મિક પ્રસન્નતા– ઉલ્લાસનો અનુભવ કરવાનું પણ કહેલ છે.

**आगइं गइं परिण्णाय :–** ગતિ ચાર છે. તેમાંથી કઈ ગતિનો જીવ કઈ ગતિમાં જઈ શકે છે? તેની વિચારણા કરવી જોઈએ. જેમ કે તિર્યંચ અને મનુષ્યની આગતિ અને ગતિ– ગમનાગમન ચારે ય ગતિમાં થઈ શકે છે પરંતુ દેવ અને નારકનું ગમનાગમન તિર્યંચ અને મનુષ્ય, આ બે ગતિમાં જ થઇ શકે છે. મનુષ્ય ચારે ય ગતિની ગમનાગમન ક્રિયાને છેદીને પંચમગતિ, મોક્ષગતિમાં પણ જઇ શકે છે. જ્યાંથી ક્યારે ય પાછા ફરી અન્ય ગતિમાં જવાનું રહેતું નથી, કારણ કે પરિભ્રમણના મૂળ કારણરૂપ રાગ અને દ્વેષનો તેને નાશ થઈ ગયો છે અને વિશુદ્ધ મુક્તાત્માનું છેદન, ભેદન થતું નથી.

## ભૂત અને ભાવી સંબંધી માન્યતાઓ :–

**૨** **अवरेण पुव्वं ण सरंति एगे, किमस्सऽतीतं किं वाऽऽगमिस्सं ।**
**भासंति एगे इह माणवा उ, जमस्स तीतं तं आगमिस्सं ॥१॥**

**णातीतमट्ठं ण य आगमिस्सं अट्ठं णियच्छंति तहागया उ ।**
**विधूतकप्पे एयाणुपस्सी णिज्झोसइत्ता खवए महेसी ॥२॥**

**શબ્દાર્થ :– अवरेण** = પછી થનારી ઘટનાને, ભવિષ્યની વાતને, **पुव्वं** = પૂર્વે થયેલી ઘટનાને,

ભૂતકાળની વાતને, **ण सरंति** = યાદ કરતા નથી, સ્વીકારતા નથી, **किं** = કઈ અવસ્થાઓ, **अस्स** = આ જીવની, **तीतं** = વ્યતીત થઈ ભૂતકાળમાં, **आगमिस्सं** = ભવિષ્યમાં થશે, **भासंति** = આ પ્રમાણે કહે છે કે, **एगे** = કોઈ, **इह** = આ સંસારમાં, **जमस्स** = જે આ જીવને, **तीतं** = ભૂતમાં પ્રાપ્ત થઈ ગયું, **तं** = તે, **आगमिस्सं** = ભવિષ્યમાં થશે, **अतीतमट्ठं** = ભૂતકાળના અર્થને, **ण णियच्छंति** = સ્મરણ કરે નહિ, **य** = અને, **आगमिस्सं** = ભવિષ્યના, **अट्ठं** = અર્થનો, પદાર્થનો, **ण णियच्छंति** = નિશ્ચય કરે નહિ,સ્વીકાર કરે નહિ, **उ** = એજ રીતે, **तहागया** = તથાગત, **विधूतकप्पे** = સંયમમાં કર્મક્ષય માટે ઉદ્યમવંત, વીતરાગી મુનિ, **एयाणुपस्सी** = આ માર્ગનું અનુસરણ કરે છે, **णिज्झोसइत्ता खवए** = પૂર્વોપાર્જિત કર્મોનો ક્ષય કરે, **महेसी तवस्सी** = મહર્ષિ, તપસ્વી.

**ભાવાર્થ :–** કેટલાક મતાવલંબી મનુષ્યો ભવિષ્યકાળ અને ભૂતકાળનો સ્વીકાર કરતા નથી. તેઓ ભૂતકાળ શું હતો અને ભવિષ્ય કેવું હશે ? તેનો વિચાર જ કરતા નથી. તેઓ કેવળ વર્તમાનને જ સર્વ રીતે સ્વીકારે છે. કેટલાક મનુષ્યો એમ કહે છે કે જેનો જેવો ભૂતકાળ હતો તેવો જ તેનો ભવિષ્યકાળ થશે અર્થાત્ મનુષ્ય મરીને મનુષ્ય જ થાય છે, સ્ત્રી મરીને સ્ત્રી જ થાય છે, ગાય મરીને ગાય જ થાય છે, તેઓની ગતિ બદલાતી નથી. તથાગત બૌદ્ધ દાર્શનિકો ભૂતકાળ સંબંધી પદાર્થોને અને ભવિષ્યકાળ સંબંધી પદાર્થો નો સ્વીકાર કરતા નથી અને વિધૂતકલ્પ શુદ્ધ સંયમના પરિપાલક મહર્ષિ ત્રણે ય કાળનું અન્વેષણ કરીને, તેનો સ્વીકાર કરતાં તપશ્ચરણ દ્વારા કર્મોનો ક્ષય કરે છે.

## વિવેચન :–

આ સૂત્રમાં ભૂત અને ભવિષ્યકાળ સંબંધી દાર્શનિક માન્યતાઓનું કથન આ પ્રમાણે છે–

(૧) કેટલાક દાર્શનિકો અતીત–ભૂતકાળ અને અનાગત–ભવિષ્યકાળને સ્મૃતિમાં રાખતા નથી. ભૂત અને ભવિષ્ય વચ્ચે કાર્ય–કારણભાવને સ્વીકારતા નથી. તેઓના મતે જીવ ભૂતકાળમાં ન હતો, ભવિષ્યમાં જીવ હશે નહીં, માત્ર વર્તમાનમાં પાંચ ભૂતોના ભેગા થવાથી જીવ ઉત્પન્ન થાય છે અને પાંચ ભૂતોના નાશથી જીવ નાશ પામી જાય છે.

(૨) કેટલાક દાર્શનિકો માને છે કે જીવની ભૂતકાળમાં જેવી અવસ્થા હોય તેવી જ અવસ્થા ભવિષ્યમાં થાય છે. ભૂતકાળમાં જીવ સ્ત્રી, પુરુષ, નપુંસક, સુભગ, દુર્ભગ, સુખી, દુઃખી, કૂતરા, બિલાડા, ગાય, બ્રાહ્મણ, ક્ષત્રિય વગેરે જે રૂપ હોય તે જ રૂપ વર્તમાનમાં અને તે જ રૂપ ભવિષ્યમાં પ્રાપ્ત કરે છે.

(૩) તથાગત, વર્તમાન ક્ષણને જ સ્વીકારે છે. તેઓના મતે ભૂત ક્ષણ નિરન્વય નાશ પામે છે. ભવિષ્ય હજુ ઉત્પન્ન નથી, બધા પદાર્થ ક્ષણિક છે, વર્તમાન એક ક્ષણ પછી તે નાશ પામે છે, માટે તેઓના મતે કોઈ પણ પદાર્થનો ભૂત અને ભવિષ્ય હોય નહીં.

(૪) શ્રમણ મહર્ષિ (જૈનમત) ભૂત, ભવિષ્ય, વર્તમાન ત્રણેને સ્વીકારે છે. દ્રવ્ય ત્રણે કાળમાં નિત્ય રહેનાર છે જ્યારે પર્યાય(અવસ્થા) ઉત્પન્ન થાય અને નાશ પામે છે.

મહર્ષિ આ મતોની પર્યાલોચના કરે છે કે પાંચ ભૂતોથી આત્મા ઉત્પન્ન થાય નહીં. આત્મા અનાદિ અનંત છે. જો ભૂત–ભવિષ્ય ન હોય, આત્મા ત્રૈકાલિક ન હોય તો આ તપ, જપ, સંયમ સાધના કોના માટે ? ભૂતકાલીન અને ભવિષ્યકાલીન જીવની અવસ્થાના વિચારે આત્મા જાગૃત બને છે.

પર્યાલોચન–વિચારણા કરતાં મહર્ષિને જણાય છે કે જીવ જે ક્રિયા કરે છે તે નિષ્ફળ નથી. શુભ ક્રિયાનું ફળ શુભ અને અશુભ ક્રિયાનું ફળ અશુભ મળે છે. જેવો ભૂતકાળ તેવો જ ભવિષ્ય માનવાથી પુરુષાર્થ નિષ્ફળ બની જાય, માટે કર્માનુસાર ગતિ, જાતિ, લિંગ વગેરે અવસ્થાઓ પલટાતી રહે છે અને વર્તમાન પુરુષાર્થ પ્રમાણે કર્મમાં સંક્રમણ, નિર્જરા, ઉદીરણા કરી શકાય છે એમ માનવું યોગ્ય છે.

ચિંતન–મનન કરતાં ભૂતક્ષણનો નિરન્વય નાશ પણ યુક્તિ સંગત લાગતો નથી. ભૂતક્ષણ સંપૂર્ણતયા નાશ પામે તો "આ વસ્તુ તે જ છે" તેવી પ્રતીતિ કેવી રીતે થઈ શકે ? જો દરેક પદાર્થ એક ક્ષણ પછી નાશ જ પામી જવાના હોય તો સાધના આરાધના શા માટે ?

શ્રમણ મહર્ષિ પ્રત્યેક દ્રવ્યને ભૂત–ભવિષ્ય–વર્તમાન ત્રિકાલવર્તી માને છે. દ્રવ્યગુણ ત્રિકાળવર્તી છે જ્યારે પર્યાય ક્ષણવર્તી છે. દ્રવ્ય ગુણ પર્યાયનો આશ્રય લઈ મહર્ષિ રાગ–દ્વેષથી મુક્ત બની, તપશ્ચરણ દ્વારા કર્મોનો ક્ષય કરે છે.

**સાધના દષ્ટિએ આ સૂત્રની વ્યાખ્યા આ પ્રમાણે થાય છે–**

(૧) કેટલાક સાધકો ભૂતકાળના ભોગોની સ્મૃતિ અને ભવિષ્યના ભોગોની અભિલાષા ન કરતાં સમભાવપૂર્વક વર્તમાનમાં વિચરે છે.

(૨) કેટલાક સાધકો કહે છે ભૂતકાળના ભોગોથી તૃપ્તિ થઈ નથી, તેના દ્વારા બોધ મળે છે કે ભવિષ્યમાં પણ ભોગોથી તૃપ્તિ નહીં મળે. જેવો ભૂતકાળ–ભોગોથી અતૃપ્તિવાળો, તેવો જ ભવિષ્યકાળ–ભોગોથી અતૃપ્તિ– વાળો જાણવો.

(૩) અતીતના ભોગોની સ્મૃતિ અને ભવિષ્યના ભોગોની અભિલાષાથી રાગદ્વેષ અને મોહ ઉત્પન્ન થાય છે. તેથી તથાગત–વીતરાગતાના સાધક, અતીત અને અનાગત(ભવિષ્ય)માં ન રહેતા વર્તમાનમાં વિચરે છે અને તેથી રાગ–દ્વેષાત્મક ચિત્તનું નિર્માણ કરતાં નથી.

**विधूतकप्पे :–** જે આચાર, રાગદ્વેષ અને મોહને શાંત કે ક્ષીણ કરે, કર્મોનો ક્ષય કરે તે વિધૂતકલ્પ કહેવાય છે. જે સાધક આ વિધૂતકલ્પ આચારને આચરણમાં મૂકે તે વિધૂતકલ્પી કહેવાય છે.

**एयाणुपस्सी :–** આ શબ્દના ત્રણ સંસ્કૃતરૂપ છે– (૧) **એતદનુપશ્યી**– એટલે વર્તમાનમાં જે કાંઈ યથાર્થ હોય તે જુએ. (૨) **એકાનુપશ્યી**– પોતાના આત્માને એકલો જુએ. (૩) **એજાનુપશ્યી**– ધુતાચાર દ્વારા થતાં પરિવર્તનોને જુએ.

તથાગત સર્વજ્ઞના અનુયાયી વિધૂતકલ્પી અને એતદનુદર્શી મહર્ષિ તપ સંયમની સાધના દ્વારા

રાગદ્વેષથી મુક્ત બની કર્મનો ક્ષય કરે છે.

## અરતિ–આનંદ, હાસ્યાદિનો ત્યાગ :–

**૩ का अरई के आणंदे ? एत्थंपि अग्गहे चरे । सव्वं हासं परिच्चज्ज अल्लीणगुत्तो परिव्वए ।**

**શબ્દાર્થ :– अरइ** = અરતિ, **का** = શું છે ? **आणंदे** = આનંદ–સુખ, **के** = શું છે ? **एत्थं पि** = હર્ષ શોકના વિષયમાં, **अग्गहे** = અનાસક્ત, **चरे** = વિચરે, **सव्वं हासं** = સર્વ હાસ્યને, **परिच्चज्ज** = ત્યાગીને, **अल्लीणगुत्तो** = ગુપ્તેન્દ્રિય બનીને, અલીન બનીને, **परिव्वए** = સંયમપાલન કરે.

**ભાવાર્થ :–** તે વિધૂતકલ્પી યોગીને માટે અરતિ શું ? કે આનંદ શું ? તે આ અરતિ અને આનંદના વિષયમાં અનાસક્ત ભાવે વિચરણ કરે. તે સર્વ પ્રકારના હાસ્યાદિ પ્રમાદનો ત્યાગ કરીને ઇન્દ્રિય નિગ્રહ તથા મન, વચન કાયાને ત્રણ ગુપ્તિથી ગુપ્ત કરતાં વિચરણ કરે.

## વિવેચન :–

**का अरई के आणंदे :–** ઇષ્ટ વસ્તુ ન મળે ત્યારે અથવા તો તેનો વિયોગ થાય ત્યારે જે ભાવ થાય છે તે અરતિ છે અને ઇષ્ટ વસ્તુની પ્રાપ્તિથી જે આનંદ થાય તે રતિ છે. જે સાધકનું ચિત્ત ધર્મ કે શુક્લધ્યાનમાં રત છે, જેને આત્મધ્યાનમાં જ આત્મરતિ કે આત્માનંદની પ્રાપ્તિ થઈ ગઈ છે તેને આ બાહ્ય અરતિ કે રતિ (આનંદ) સાથે કોઈ સંબંધ રહેતો નથી તેથી જ સાધકને પ્રેરણા આપી છે કે– **एत्थंपि अग्गहे चरे** અર્થાત્ આધ્યાત્મિક જીવનમાં રહેતા કયારે ય પણ અરતિ–રતિ (શોક કે હર્ષ)ના મૂળ રાગ–દ્વેષને ગ્રહણ ન કરતાં વિચરણ કરે.

## આત્મનિગ્રહથી મુક્તિ :–

**૪ पुरिसा! तुममेव तुमं मित्तं, किं बहिया मित्तमिच्छसि ? जं जाणेज्जा उच्चालइयं तं जाणेज्जा दुरालइयं, जं जाणेज्जा दुरालइयं तं जाणेज्जा उच्चालइयं । पुरिसा ! अत्ताणमेव अभिणिगिज्झ, एवं दुक्खा पमोक्खसि ।**

**શબ્દાર્થ :– पुरिसा** = હે પુરુષ ! **तुममेव** = તું જ, **तुमं** = તારો, **मित्तं** = મિત્ર છે, **किं** = શા માટે, **बहिया** = બાહ્ય, **मित्तं** = મિત્રની, **इच्छसि** = ઈચ્છા કરે છે ? **जं** = જે પુરુષને, **जाणेज्जा** = જાણો, **उच्चालइयं** = કર્મોને ક્ષય કરનાર, વિષયસંગ છોડનાર, **तं जाणेज्जा** = તેને જાણો, **दूरालइयं** = મોક્ષગામી, **जं** = જેને, **जाणेज्जा** = જાણો, **दूरालइयं** = મોક્ષગામી, સંયમવાન, **अत्ताणमेव** = પોતાના આત્માનો જ, **अभिणिगिज्झ** = નિગ્રહ કરવાથી, **एवं** = આ રીતે, **दुक्खा** = દુઃખોથી, **पमोक्खसि** = છૂટી જાય છે.

**ભાવાર્થ :–** હે પુરુષ ! (આત્મન્ !) તું જ તારો મિત્ર છે, તો પછી તું બહાર, તારાથી અન્ય મિત્રને શા માટે શોધે છે ?

જે(આત્મા)ને તમે કર્મોની તીવ્રતાથી ક્ષય કરનારા જાણો છો તેને જ મોક્ષ પ્રાપ્ત કરનાર કે મોક્ષના સાધક જાણો. જેને તમે દૂર– મોક્ષમાર્ગમાં સ્થિત સમજો છો, તેને તમે અત્યંત કર્મક્ષય કરનાર સમજો.

હે પુરુષ ! પોતાના આત્માનો જ નિગ્રહ કર. આ વિધિથી તું દુઃખથી (કર્મથી) મુક્તિ પ્રાપ્ત કરી શકીશ.

## વિવેચન :–

**उच्चालइयं दूरालइयं :–** उत् + चालइयं । उत् = प्राबल्येन = પ્રબળતાથી, **चालइयं**– કર્મો ને આત્માથી દૂર કરનાર અર્થાત્ કર્મક્ષય કરનાર. દૂર–મોક્ષ, તેને પ્રાપ્ત કરાવનાર સંયમ જ દૂરાલયિક છે. સંયમપ્રાપ્ત જીવન મોક્ષગામી છે.

તેનું તાત્પર્ય એ છે કે જે કર્મક્ષય કરવામાં તત્પર છે તે સંયમવાન છે અને જે સંયમી સાધક છે તે હંમેશાં કર્મક્ષય કરતા રહે છે.

અહીં આત્માની અનંત શક્તિનો નિર્દેશ છે. જે આત્મશક્તિ કર્મોને આત્માથી દૂર કરે છે, તે આત્મશક્તિ મોક્ષ પ્રાપ્ત કરાવે છે. આત્મશક્તિ–સામર્થ્ય દ્વારા કર્મોનો ક્ષય કરી મોક્ષ પ્રાપ્ત કરી શકાય છે.

કર્મક્ષયના કારણરૂપ કોઈ પણ પ્રકારનું બાહ્ય કે આભ્યંતર તપ ચાલુ રહે તો જ સાધકની સંયમ સાધના પ્રગતિશીલ બને. તપ નિર્જરા વિના સંયમની નિરાબાધ પ્રગતિશીલતા રહેવી કઠિન છે તેથી સંયમી સાધકે હંમેશાં નિર્જરાકારી તપ–ધ્યાનાદિમાં લીન રહેવું જોઈએ.

## સત્ય–સંયમથી મુક્તિ :–

**૫ पुरिसा ! सच्चमेव समभिजाणाहि । सच्चस्स आणाए उवट्ठिए से मेहावी मारं तरइ । सहिए धम्ममादाय सेयं समणुपस्सइ । दुहओ जीवियस्स परिवंदण–माणण–पूयणाए, जंसि एगे पमायंति । सहिए दुक्खमत्ताए पुट्ठो णो झंझाए । पासिमं दविए लोगालोगपवंचाओ मुच्चइ । त्ति बेमि ।**

**॥ तइओ उद्देसो समत्तो ॥**

**શબ્દાર્થ :– सच्चमेव** = સત્યને જ, સંયમને જ, **समभिजाणाहि** = સમ્યક્ પ્રકારે જાણો, સંયમ આરાધના કરો, **सच्चस्स** = સંયમ સંબંધી, **आणाए** = આજ્ઞામાં, **उवट्ठिए** = ઉપસ્થિત, ઉદ્યમવંત, **मारं**

= જન્મમરણનો, સંસારનો, **तरइ** = પાર પામે છે, **सहिए** = જ્ઞાન, દર્શન, ચારિત્ર સંપન્ન પુરુષ, **धम्ममादाय** = શ્રુત ચારિત્રરૂપ ધર્મનો સ્વીકાર કરીને, **सेयं** = શ્રેયને, આત્મહિતને **समणुपस्सइ** = સમ્યક્ પ્રકારે જુએ છે, **दुहओ** = રાગદ્વેષમાં પીડિત પ્રાણી, **जीवियस्स** = આ જીવન માટે, **परिवंदण–माणण–पूयणाए** = વંદનીય, માનનીય, પૂજનીય બનવા માટે, **जंसि** = જેમાં, **एगे** = કોઈ, **पमायंति** = પ્રમાદનું સેવન કરે છે, **सहिए** = જ્ઞાનાદિથી સહિત, **दुक्खमत्ताए** = દુઃખની માત્રાથી, **पुट्ठो** = સ્પર્શ થતાં, **णो झंझाए** = દ્વેષ કરતો નથી, વ્યાકુળ થતો નથી, **इमं** = આ, **पास** = જુઓ, **दविए** = શુદ્ધ સંયમી, **लोगालोगपवंचाओ** = લોકાલોકના પ્રપંચથી, આ લોક પરલોકના પરિભ્રમણથી, **मुच्चइ** = મુક્ત થાય છે.

**ભાવાર્થ :–** હે પુરુષ ! તું સત્ય–સંયમને જ સારી રીતે સમજ. સંયમની આજ્ઞા(મર્યાદા)માં ઉપસ્થિત રહેનાર તે મેધાવી જન્મ,મરણરૂપ સંસારને તરી જાય છે. સમ્યક્ જ્ઞાનાદિથી યુક્ત સાધક સંયમ ધર્મને ગ્રહણ કરીને આત્મહિતનું સમ્યક્ પ્રકારે અવલોકન કરે.

સંસારમાં રાગ અને દ્વેષમાં રહેલાં પ્રાણીઓ પોતાનાં જીવન માટે, વંદના, સન્માન અને પૂજા માટે હિંસાદિ પાપોમાં પ્રવૃત્ત થાય છે. કોઈ સાધક સન્માન આદિ માટે પ્રમાદ આચરણ અર્થાત્ પાપકારી પ્રવૃત્તિઓ કરે છે.

જ્ઞાનાદિથી યુક્ત સાધક ઉપસર્ગ કે વ્યાધિ આદિ દ્વારા ઉત્પન્ન દુઃખથી વ્યાકુળ થતાં નથી. આવા આત્મદષ્ટા વીતરાગી પુરુષોને જુઓ કે જે સંયમ સાધકો આ લોક પરલોકના ભવ ભ્રમણરૂપ સર્વ પ્રપંચોથી મુક્ત થઈ જાય છે. –એમ ભગવાને કહ્યું છે.

**॥ ત્રીજો ઉદ્દેશક સમાપ્ત ॥**

## વિવેચન :–

આ સૂત્રમાં પરમ સત્ય ને ગ્રહણ કરવાની અને તદનુસાર પ્રવૃત્તિ કરવાની પ્રેરણા આપી છે. તેની સાથે સત્ય સાધકની ઉપલબ્ધિઓનું પણ સંક્ષેપમાં દર્શન થાય છે.

**सच्चमेव समभिजाणाहि :–** અહીં વૃત્તિકારે સત્યના ત્રણ અર્થ કર્યા છે– (૧) પ્રાણીમાત્ર માટે હિતકર–સંયમ (૨) ગુરુસાક્ષીથી ગ્રહણ કરેલ પવિત્ર સંકલ્પ(સોગંદ) (૩) સિદ્ધાંત અથવા સિદ્ધાન્તના પ્રતિપાદક આગમ.

સાધક કોઈ પણ કિંમતે સત્યને છોડે નહિ, સત્યનું જ સેવન અને આચરણ પ્રતિજ્ઞાપૂર્વક કરે, સર્વ પ્રવૃત્તિઓમાં સત્યને જ આગળ રાખીને ચાલે. સત્ય– સ્વીકૃત સંકલ્પ તેમજ સિદ્ધાંત–સંયમ વ્રતનું પાલન કરે.

**दुहओ(दुहतः) :–** આ શબ્દના વૃત્તિકારે ચાર અર્થ કર્યા છે– (૧) રાગ અને દ્વેષથી (૨) સ્વ અને પરના નિમિત્તે (૩) આ લોક અને પરલોક માટે (૪) રાગ અને દ્વેષ આ બંનેથી જે હણાયેલ છે, તે દુર્હત છે.

**जीवियस्स परिवंदण–माणण–पूयणाए :–** આ વાક્યનો અર્થ પણ ગહન છે. મનુષ્ય પોતાના ગુણગ્રામ, સ્તુતિ, નમન, સન્માન તેમજ પૂજા–પ્રતિષ્ઠા માટે અનેકવિધ પ્રવૃત્તિઓ કરે છે. પોતાની પ્રસિદ્ધિ માટે ઘણાં જ આરંભ–સમારંભ, આડંબર અને પ્રદર્શન કરે છે, સત્તાધીશ બની પ્રશંસા, પૂજા–પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવા માટે અનેક પ્રકારના છલ, કપટ તેમજ ચાલાકી કરે છે. આવા કામો માટે હિંસા, અસત્ય, માયા, છલ–કપટ, દગાબાજી, છેતરપિંડી કરવામાં કેટલા ય લોકો કુશળ હોય છે. તુચ્છ, ક્ષણિક એવા જીવનમાં રાગ, દ્વેષાધીન થઈ પૂજા, પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવા મોટા નામધારી સાધક પણ પોતાના ત્યાગ, વૈરાગ્ય તેમજ સંયમને વેચી નાખે છે. તેઓ માન, સન્માન માટે હિંસા, અસત્યાદિનું આચરણ કરવામાં દોષ માનતા નથી. જે પ્રગટ રૂપે છલપ્રપંચ કરતા નથી, તે મનમાં ને મનમાં જ રાગ, દ્વેષ, મોહ અને ઘૃણા, ઈર્ષ્યા આદિના તરંગો રચ્યા કરે છે. પણ કાંઈ કરી શકતા નથી, તોપણ તેને કર્મબંધ જરૂર થાય છે. આ બંને પ્રકારની વ્યક્તિઓ પૂજા, સન્માનના કામી અને પ્રમાદગ્રસ્ત છે.

**झंझाए :–** મનુષ્ય દુઃખ અને સંકટના સમયે હતપ્રભ થઈ જાય છે. તેની બુદ્ધિ કુંઠિત થઈ જવાથી કિંકર્તવ્યમૂઢ બની જાય છે. તે સાધનાના માર્ગને–સત્યને ત્યાગી દે છે. ઝંઝાનું સંસ્કૃતરૂપ છે **ध्यन्धता (धी+अन्धता)** બુદ્ધિ ની અંધતા. સાધકને માટે આ મોટો દોષ છે. ઝંઝા બે પ્રકારે છે. રાગ ઝંઝા અને દ્વેષ ઝંઝા. પ્રિયવસ્તુની પ્રાપ્તિ થવા પર રાગ ઝંઝા હોય છે અને અપ્રિયવસ્તુની પ્રાપ્તિ થવાથી દ્વેષ ઝંઝા થાય છે. આ બંને અવસ્થામાં સમજણ લોપાઈ જાય છે. સફળ સાધક આ પ્રકારની કોઈ ઝંઝામાં આવતા નથી.

**॥ અધ્યયન–3/3 સંપૂર્ણ ॥**

## ત્રીજું અધ્યયન : ચોથો ઉદ્દેશક

**કષાયોનું વમન :–**

**१ से वंता कोहं च माणं च मायं च लोभं च । एयं पासगस्स दंसणं उवरयसत्थस्स पलियंतकरस्स, आयाणं णिसिद्धा सगडब्भि ।**

**શબ્દાર્થ :– से** = તે, **वंता** = છોડે છે, વમન કરે છે, **एयं** = આ, **दंसणं** = ઉપદેશ, અભિપ્રાય, **पासगस्स** = સર્વજ્ઞ તીર્થંકરોનો છે, **उवरयसत्थस्स** = શસ્ત્રથી નિવૃત્ત, **पलियंतकरस्स** = કર્મોનો અંત કરનાર, સંસારનો અંત કરનાર, **आयाणं** = આશ્રવોને, **णिसिद्धा** = રોકીને, **सगडब्भि** = સ્વકૃત કર્મોનો નાશ કરે છે, ભેદન કરે છે.

**ભાવાર્થ :–** હિંસાથી નિવૃત્ત તથા સર્વ કર્મોનો અંત કરનાર સર્વજ્ઞ, સર્વદર્શી તીર્થંકરનો આ ઉપદેશ છે કે સાધક ક્રોધ, માન, માયા, અને લોભનો પૂર્ણરૂપે ત્યાગ કરે છે. કષાય ત્યાગી તે સાધક આશ્રવનો નિરોધ કરી પોતાના કરેલાં કર્મોનો નાશ કરે છે.

## વિવેચન :–

**वंताकोहं :–** આ સૂત્રમાં ક્રોધાદિ ચારે કષાયોના વમનનું કથન કરવામાં આવ્યું છે. આ એક એક કષાય ક્યારેક સંયમને પૂર્ણતયા નાશ કરે છે. તેથી સાધક તે કષાયોને વમનની જેમ ત્યાગે. વમનને કોઈ ક્યારે ય પાછું ગ્રહણ કરતા નથી તે જ રીતે સાધક પણ કષાયોને વમન તુલ્ય સમજીને તેનું પુનરાવર્તન ન કરે. સાધુ જીવનમાં ઓછામાં ઓછો અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની અને પ્રત્યાખ્યાની ક્રોધ માન, માયા અને લોભનો તો અવશ્ય ત્યાગ હોય છે. કોઈ સાધકના જીવનમાં ક્યારેક ચારિત્રમોહનીય કર્મના ઉદયવશ તીવ્ર ક્રોધ આવી જાય; જાતિ, કુળ, બળ, રૂપ, શ્રુત, તપ, લાભ તેમજ ઐશ્વર્યાદિનો મદ ઉત્પન્ન થઈ જાય; બીજાને છેતરવા કે દોષ છુપાવવાદિના રૂપમાં માયાનું સેવન થઈ જાય અથવા વધારે પડતા પદાર્થોના સંગ્રહનો લોભ જાગી જાય, તો તરત જ આત્મભાવોને સંભાળીને તે પ્રવૃત્તિઓનો ત્યાગ કરવો જોઇએ. મનમાંથી તે કષાયોને શીઘ્ર કાઢી નાખવા જોઇએ, અન્યથા તે ભાવો દઢ અને દઢતમ બની જાય છે, માટે શાસ્ત્રકારે **'वंता'** શબ્દનો પ્રયોગ કર્યો છે, વૃત્તિકારે કહ્યું છે કે– ક્રોધ, માન, માયા, અને લોભનો ત્યાગ કરી દેવાથી સાધક વાસ્તવિક શ્રમણ થાય છે.

**एयं पासगस्स दंसणं :–** લોકના સમસ્ત પદાર્થોના યથાર્થ દષ્ટાને 'પશ્યક' કહે છે. તે સર્વજ્ઞ સર્વદર્શી અંતિમ તીર્થંકર ભગવાન મહાવીર સ્વામી છે અને તેના ઉપદેશ તથા દર્શનને **''पासगस्स दंसण''** કહેવાય છે.

**आयाणं णिसिद्धा सगडब्भि :–** આ વાક્ય આ ઉદ્દેશકમાં બે વાર આવ્યું છે. આ સૂત્રમાં અને ઉદ્દેશકના અંતિમ સૂત્રમાં કેટલીક પ્રતોમાં **'णिसिद्धा'** શબ્દ નથી, 'આદાન' શબ્દનો અર્થ છે– આઠ પ્રકારના કર્મોને આત્મપ્રદેશોની સાથે જે કારણોથી ગ્રહણ કરાય છે, તે મિથ્યાત્વ આદિ પાંચ આસ્રવ, અઢાર પાપસ્થાનક અને તેના નિમિત્ત રૂપ કષાય તે સર્વ આદાન–આશ્રવ કહેવાય છે.

આ આશ્રવદ્વારોને જે રોકે છે, તે સાધક પૂર્વોપાર્જિત સ્વકૃત કર્મોનો નાશ કરે છે. આ સૂત્રાંશનું તાત્પર્ય એ છે કે કર્મનો સર્વથા ક્ષય કરનારને આશ્રવનો ત્યાગ કરવો આવશ્યક છે. આશ્રવોનો ત્યાગ કરવા માટે દેશવિરતિ કે સર્વવિરતિ ધર્મને સ્વીકારવો આવશ્યક છે, જે લોકો આશ્રવનો ત્યાગ કરતા નથી, સંવર સામાયિકને ગ્રહણ કરતા નથી, કોઈપણ વ્રત પ્રત્યાખ્યાન કરતા નથી, તેઓએ આ સૂત્રથી બોધ પ્રાપ્ત કરવો જોઈએ કે કર્મ ક્ષય કરવા માટે આશ્રવોનો નિરોધ કરવો, હિંસાદિનો ત્યાગ કરવો તથા સંવર, સામાયિક, પૌષધ અને સંયમનો સ્વીકાર કરવો પણ આવશ્યક છે. યથાશક્તિ સૂત્રોક્ત વ્રત નિયમોને ધારણ કરવા જ જોઈએ.

## આત્મજ્ઞાતા સંયમજ્ઞાની :–

**૨** जे एगं जाणइ से सव्वं जाणइ, जे सव्वं जाणइ से एगं जाणइ ।

**શબ્દાર્થ :– जे एगं** = જે એકને, એક આત્માને, **जाणइ** = જાણે છે, **से** = તે, **सव्वं जाणइ** =સર્વને, સંયમને જાણે છે.

**ભાવાર્થ :–** જે એકને જાણે છે તે સર્વને જાણે છે, જે સર્વને જાણે છે તે એકને જાણે છે. તાત્પર્ય એ છે કે જે એક(આત્મતત્ત્વ)ને સારી રીતે સમજી લે છે તે સર્વ(સર્વવિરતિ–સંયમ)ને સારી રીતે સમજીને સ્વીકારી લે છે. જે સર્વવિરતિ–સંયમને યથાવિધિ સમજી ને પાલન કરે છે તે આત્મતત્ત્વને સારી રીતે સમજી શકે છે.

## વિવેચન :–

**एगं जाणइ :–** જે એક આત્મસ્વરૂપને સારી રીતે જાણે છે અર્થાત્ આત્માના જન્મ, મરણ, કર્મબંધ, સંસાર પરિભ્રમણ, તેમજ કર્મક્ષય કરી મોક્ષ પ્રાપ્ત કરવા સુધીની સર્વ અવસ્થાઓને જાણે છે, સમજે છે, હૃદયમાં શ્રદ્ધાથી ધારણ કરે છે, તે 'સવ્વં' સર્વવિરતિ–સંયમને પણ સમજી લે છે. તેઓ જાણીને, સમજીને સંયમનો સ્વીકાર કરે છે. ખરેખર જાણવાની સફળતા એ જ છે કે તે જ્ઞાન આચરણમાં આવી જાય. સાર એ છે કે જે એક આત્મસ્વરૂપને સમજી લે છે, તે સંયમને સમજે સ્વીકારે છે. જે સંયમને સમજીને સ્વીકારે છે, તે આત્મસ્વરૂપને સારી રીતે જાણી લે છે. આ સૂત્રમાં આગળ–પાછળ સંયમનો જ વિષય છે અને અધ્યયન પણ 'શીતોષ્ણીય' સંયમના પાલન વિષયક છે માટે આ અર્થ પ્રસંગાનુસાર છે.

વ્યાખ્યાકારે આ સૂત્રની વ્યાખ્યા આ પ્રમાણે કરી છે– દ્રવ્યની ત્રૈકાલિક પર્યાયોને જાણનાર વ્યક્તિનું જ્ઞાન એટલુ વિકસિત હોય છે કે તેનામાં સર્વ દ્રવ્યોને જાણવાની ક્ષમતા હોય છે. તે જ વાસ્તવમાં એક દ્રવ્યને જાણી શકે છે. દ્રવ્યની પર્યાયો બે પ્રકારની હોય છે– સ્વપર્યાય અને પરપર્યાય. જેમ કે આત્મામાં જ્ઞાનદર્શન વગેરે સ્વપર્યાય અસ્તિરૂપ પર્યાય છે. તે સિવાયના આખા જગતની પેન, પાટલા, કાગળ વગેરે સર્વ વસ્તુ પરપર્યાય છે, નાસ્તિપર્યાય છે. ગાય–ગાયરૂપ છે તે સ્વપર્યાય, ગાય પેન નથી, પુસ્તક નથી, ઘર નથી, ભેંસ નથી, આ બધી જ ગાયની પરપર્યાય–નાસ્તિપર્યાય છે. પોતાના દ્રવ્ય ગુણ સિવાય સમસ્ત જગતનો સમાવેશ વસ્તુના નાસ્તિપર્યાયમાં થઈ જાય છે. આ બંને પર્યાયોને જાણ્યા વિના એક દ્રવ્યને પૂર્ણતયા જાણી શકાય નહિ, માટે સ્વપર્યાય અને પરપર્યાયના આધારે એક દ્રવ્યને જાણવું એ જ સર્વ દ્રવ્યને જાણવું છે.

આધ્યાત્મિક ભાષામાં તાત્પર્ય એ છે કે– જે આત્માને જાણે છે, તે સર્વને જાણે છે. જે સર્વને જાણે છે, તે આત્માને જાણે છે. જે આત્મ સ્વરૂપને સંપૂર્ણતયા જાણી લે છે, તેમાં વસી જાય છે તે કેવલ્ય દ્વારા સર્વને જાણી લે છે. કેવળી ભગવાન જ સર્વ પર્યાય સહિત સર્વ દ્રવ્ય જાણે છે. તેઓ એક આત્મતત્ત્વને યથાર્થ રૂપે જાણે છે.

## પ્રમાદીને ભય :–

**३ सव्वओ पमत्तस्स भयं, सव्वओ अप्पमत्तस्स णत्थि भयं ।**

**શબ્દાર્થ :– सव्वओ पमत्तस्स** = પ્રમાદીને ચારે બાજુથી, **भयं** = ભય છે, **अप्पमत्तस्स सव्वओ** = અપ્રમાદીને ચારે બાજુથી, **भयं णत्थि** = ભય હોતો નથી,

**ભાવાર્થ :–** પ્રમાદીને ચારે બાજુથી ભય હોય છે, અપ્રમાદીને ક્યાંયથી પણ ભય હોતો નથી.

**વિવેચન :–**

**सव्वओ पमत्तस्स भयं :–** પ્રમાદી એવા પાપનો ત્યાગ નહિ કરનાર સંસારીને સર્વત્ર ભય રહે છે. પાપત્યાગી સંયમી અપ્રમત્તને કોઈ ભય રહેતો નથી. તે સર્વ રીતે નિર્ભય બની જાય છે અથવા જે પ્રમાદી છે તેને ભય–કર્મબંધ અને દુઃખની પ્રાપ્તિ થાય છે પરંતુ જે અપ્રમત્ત–સંયમભાવમાં લીન છે તેને કર્મબંધ અને દુઃખરૂપ કોઈ ભય હોતો નથી. આત્મજાગૃતિ કે આત્મસ્મૃતિના અભાવમાં જ કષાયની ઉત્પત્તિ થાય છે, માટે આ પણ એક પ્રકારનો પ્રમાદ છે. જે પ્રમાદ ગ્રસ્ત છે, તેને કષાય કે તેનાથી ઉત્પન્ન થયેલાં કર્મોના કારણે ચારે બાજુથી ભય છે. પ્રમાદી દ્રવ્યથી સર્વાત્મ પ્રદેશોથી કર્મને એકઠા કરે છે, ક્ષેત્રથી છએ દિશાઓમાંથી, કાળથી સમયે સમયે, ભાવથી હિંસાદિ તથા કષાયોથી કર્મનો સંચય કરે છે માટે પ્રમત્તને આ લોકમાં પણ ભય છે, પરલોકમાં પણ ભય છે. જે આત્મહિતમાં જાગૃત છે, તેને સંસારનો કે કર્મોનો ભય રહેતો નથી. ભયનો અર્થ દુઃખ પણ થાય છે માટે પ્રમાદાચરણ કરનાર પ્રાણીઓને સર્વત્ર દુઃખ અને માત્ર દુઃખની જ પ્રાપ્તિ થાય છે પરંતુ પ્રમાદાચરણનો ત્યાગ કરનાર અપ્રમાદી સાધક સદા દુઃખોથી મુક્ત થતા રહે છે.

**अपमत्तस्स णत्थि भयं :–** ભય મોહજન્ય છે. તે ચારિત્રમોહનીયની એક પ્રકૃતિ છે, તેથી અસંયમી વ્યક્તિના જીવનમાં તેનો ઉદય હોય છે. આ સૂત્રમાં બતાવ્યું છે કે– પ્રમાદી વ્યક્તિને સર્વ પ્રકારે ભય હોય છે. જ્યાં પ્રમાદ છે ત્યાં ભય છે. જ્યારે આત્મા અપ્રમત્તભાવમાં વિચરણ કરે છે, ત્યારે મનુષ્યને કોઈ ભય રહેતો નથી. તેનું કારણ એ છે કે પ્રમાદી વ્યક્તિની દૃષ્ટિમાં ભૌતિક પદાર્થોની મુખ્યતા છે, તેથી તેના નાશ કે વિયોગની પરિસ્થિતિ સર્જાતા જ મનમાં ભય અને કંપન ઉત્પન્ન થઈ જાય છે પરંતુ અપ્રમત્ત મુનિનું ચિંતન આત્માભિમુખી હોય છે, શરીર તેમજ અન્ય ભૌતિક સાધન તેની દૃષ્ટિમાં કેવળ આત્મવિકાસનાં સાધન માત્ર છે. આ સાધનો તો શું પણ દેહના નાશનો પ્રસંગ આવે તોપણ તે ભયભીત થતા નથી. બલકે પ્રસન્ન ભાવથી દેહનો ત્યાગ કરે છે. સંયમનિષ્ઠ અપ્રમત્ત વ્યક્તિને કોઈ પણ પ્રકારનો ભય હોતો નથી, તે હંમેશાં નિર્ભય થઈને વિચરે છે. અભયના દેવતા સ્વયં ભયભીત થતા નથી અને અન્ય કોઈ પણ પ્રાણીને ભયભીત કરતા નથી.

**આત્મવિજયી સર્વવિજયી :–**

**૪ जे एगं णामे से बहुं णामे जे बहुं णामे से एगं णामे ।**

**શબ્દાર્થ :– जे एगं** = જે એકને, **णामे** = નમાવે છે, ક્ષય કરે છે, જીતે છે, **से बहुं** = તે ઘણાને.

**ભાવાર્થ :–** જે એક આત્મા ને નમાવે છે, વશમાં કરે છે; તે મન, ઇન્દ્રિય, કષાયો આદિ સર્વને નમાવે છે, વશમાં કરે છે, જીતે છે. જે સર્વને ઇન્દ્રિય અને કષાયોને નમાવે છે, વશમાં કરે છે; તે એક(આત્મા)ને નમાવે છે.

**વિવેચન :–**

**जे एगं णामे :–** જે એક આત્માને વશ કરે છે; તે મન, ઇન્દ્રિય આદિ સર્વને વશ કરે છે. જે મન, ઇન્દ્રિય આદિને વશ કરે છે; તે અવશ્ય આત્મા પર વિજય પ્રાપ્ત કરે છે, આ એક અર્થ છે અને બીજો અર્થ કષાય અને કર્મથી પણ થાય છે અર્થાત્ જે અનંતાનુબંધી ક્રોધનો ક્ષય કરે છે તે માનાદિનો અથવા અપ્રત્યાખ્યાનાદિ કષાયોનો પણ ક્ષય કરે છે. તેમજ જે મોહનીય કર્મને ખપાવે છે, તે બાકીનાં સર્વ કર્મને પણ ખપાવે છે. અહીં કષાય અને કર્મના અર્થ કરતાં આત્મા, મન અને ઇન્દ્રિયને વશ કરવાનો અર્થ વિશેષ અનુકૂળ છે.

**પ્રગતિશીલ વીર સાધક :–**

**૫ दुक्खं लोगस्स जाणित्ता, वंता लोगस्स संजोगं, जंति वीरा महाजाणं । परेण परं जंति, णावकंखंति जीवियं ।**

**શબ્દાર્થ :– लोगस्स** = લોકના, પ્રાણીઓના, **वंता** = ત્યાગીને, **संजोग** = સંયોગ, ધન, પુત્રાદિ સંબંધ, **जंति** = પ્રાપ્ત કરે છે, **महाजाणं** = મહાયાન, સંયમને, મોક્ષને, **परेण परं** = સાધનામાં આગળ ને આગળ, **जीवियं** = અસંયમ જીવનની, **णावकंखंति** = ઈચ્છા કરતા નથી.

**ભાવાર્થ :–** વીરસાધક પ્રાણીસમૂહના દુઃખને જાણીને, સંસારના સંયોગ(મમત્વ)નો ત્યાગ કરીને, મહાયાન (મોક્ષપથ) સંયમને પ્રાપ્ત કરે છે. તેઓ તેમાં આગળને આગળ વધતા જાય છે. તેઓને પછી અસંયમી જીવનની આકાંક્ષા રહેતી નથી.

**વિવેચન :–**

**दुक्खं लोगस्स :–** સંસારનાં દુઃખોને જાણીને વીરપુરુષ સર્વ સંસારી સંયોગોનો ત્યાગ કરીને સંયમ સાધનામાં લીન બને છે.

**परेण परं :–** આ શબ્દના વિવિધ અપેક્ષાઓથી અર્થ થાય છે. (૧) સાધનામાં આગળ વધતાં કર્મયોગે સ્વર્ગ અને પરંપરાએ મોક્ષને પ્રાપ્ત કરે છે. (૨) સમ્યગ્દષ્ટિ જીવ ગુણસ્થાનથી ઉત્તરોત્તર આગળ વધતાં અયોગી કેવલી ગુણસ્થાન સુધી પહોંચી ભવોપગ્રાહી–અઘાતી કર્મોનો ક્ષય કરી અંતે મોક્ષને પ્રાપ્ત કરે છે. (૩) અનંતાનુબંધી કષાયનો ક્ષય થવાથી ક્રમિક દર્શનમોહ અને ચારિત્રમોહનો ક્ષય થાય છે (૪) સંયમ સાધનામાં અધ્યવસાયની વિશુદ્ધિ થતાં ઉત્તરોત્તર શુભ લેશ્યાની પ્રાપ્તિ થાય છે.

**णावकंखंति :–** આ રીતે આગળ વધનાર સાધક ક્યારે ય પણ અસંયમ જીવનની આકાંક્ષા કરતા નથી,

સંયમથી ક્યારે ય વિચલિત થતા નથી. તેઓ સંયમના નિયમોના પાલનમાં પ્રમાદ કરતા નથી, સદા પ્રગતિ જ કરતા રહે છે.

### એક કષાય વિજયી સર્વકષાય વિજયી :–

**૬ एगं विगिंचमाणे पुढो विगिंचइ, पुढो विगिंचमाणे एगं विगिंचइ ।**

**શબ્દાર્થ :– एगं** = એકને, કષાયને, **विगिंचमाणे** = ક્ષય કરતા, **पुढो** = બીજાને પણ , **विगिंचइ** = ક્ષય કરે છે.

**ભાવાર્થ :–** જે કોઈપણ એક કષાયને ક્રોધને દૂર કરવામાં સફળ થાય છે તે શેષ અન્ય કષાયોને પણ દૂર કરવામાં સફળ થઈ શકે છે. જે અન્ય કષાયો માયાદિને દૂર કરી શકે છે તે ક્રોધને પણ દૂર કરી શકે છે. (વિંગિચ શબ્દ ક્રોધને દૂર કરવાના અર્થમાં આવ્યો છે).

### વિવેચન :–

**एगं विगिंचमाणे :–** જે એક ક્રોધ કષાયને દૂર કરવામાં સફળ થાય છે તે બીજા માન, માયા તેમજ લોભને પણ દૂર કરી શકે છે. તાત્પર્ય એ છે કે જે કોઈ પણ એક કષાય પર વિજય મેળવે છે તે અન્ય કષાયો પર પણ વિજય પ્રાપ્ત કરી શકે છે. બીજે પણ કહ્યું છે કે– **विगिंच कोहं अविकंपमाणे इमं णिरुद्धाउयं–संपेहाए ।** આ વાક્યમાં પણ ક્રોધને દૂર કરવા માટે **'विगिंच'** શબ્દનો પ્રયોગ કર્યો છે.

વ્યાખ્યાકારોએ આ સૂત્રની વ્યાખ્યા આ પ્રમાણે પણ કરી છે– મોહકર્મ જ સર્વ કર્મોનો રાજા છે. મોહનો નાશ થતાં શેષ કર્મોનો નાશ કરવો સરળ બની જાય છે. જે વ્યક્તિ મોહકર્મની એક પ્રકૃતિ અનંતાનુબંધી ક્રોધનો ક્ષય કરે છે, તે શેષ પ્રકૃતિઓનો પણ ક્ષય કરે છે અને જે મોહકર્મની ઘણી પ્રકૃતિઓનો ક્ષય કરે છે તે અનંતાનુબંધી ક્રોધનો નાશ કરે છે અથવા જે મોહકર્મનો ક્ષય કરે છે, તે ઘણા કર્મોનો અર્થાત્ ત્રણ ઘાતીકર્મો– જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય કર્મનો તે જ સમયે ક્ષય કરે છે અને શેષ કર્મોનો આયુકર્મના ક્ષયની સાથે ક્ષય કરે છે. જે ઘણા કર્મોનો ક્ષય કરે છે તે મોહનીય કર્મનો પણ ક્ષય કરે જ છે.

### શ્રદ્ધાવાનને સંયમનો આદેશ :–

**૭ सड्ढी आणाए मेहावी लोगं च आणाए अभिसमेच्चा अकुतोभयं ।**

**શબ્દાર્થ :– सड्ढी** = શ્રદ્ધાવાન, **आणाए** = આજ્ઞા આરાધક, **मेहावी** = બુદ્ધિમાન, **लोगं** = છકાયજીવરૂપ લોક, **आणाए** = જિનાજ્ઞાનુસાર, ઉપદેશથી, **अभिसमेच्चा** = સમીક્ષા કરીને, જાણીને, **अकुतोभयं** = અભયદાતા.

**ભાવાર્થ :–** વીતરાગની આજ્ઞામાં શ્રદ્ધા રાખનાર મેધાવી સાધક જિનવાણીની આજ્ઞા અનુસાર છકાયરૂપ

લોકને જાણીને તે પ્રાણીઓને જરા પણ ભયભીત કરે નહિ પરંતુ અકુતોભય–અભયદાતા સંયમી બની જાય.

**વિવેચન :–**

**सड्ढी आणाए ... अकुतोभयं :–** બુદ્ધિમાન સાધક શ્રદ્ધાપૂર્વક સંસાર પરિભ્રમણના સ્વરૂપને સમજીને જિનાજ્ઞાનુસાર સંયમ સ્વીકાર કરે, સર્વ જીવોને અભયદાન આપે. આ પ્રકારે આ સૂત્રમાં શ્રદ્ધાવાન થવાનું ફળ સંયમ બતાવેલ છે.

**શસ્ત્ર અશસ્ત્રનો તફાવત :–**

**૮ अत्थि सत्थं परेण परं, णत्थि असत्थं परेण परं ।**

**શબ્દાર્થ :– अत्थि** = છે, **परेण परं** = એક એકથી ચઢિયાતું.

**ભાવાર્થ :–** શસ્ત્ર એટલે પાપ–અસંયમ, તેમાં તરતમતા હોય છે જ્યારે અશસ્ત્ર એટલે સંયમ તેમાં તરતમતા નથી, તે એકરૂપ જ હોય છે.

**વિવેચન :–**

**अत्थि सत्थं परेण परं :–** સામાન્ય રીતે માનવમાત્રને શસ્ત્રથી ભય લાગે છે. સાધકને પણ ભય લાગે છે તે ભય રહિત કેવી રીતે થઈ શકે ? તેનું સમાધાન આ સૂત્રમાં કર્યું છે. દ્રવ્યશસ્ત્ર એક એક કરતાં તીક્ષ્ણ– ચઢિયાતાં હોય છે. જેમકે તલવાર. તલવાર કરતાં પણ વધારે તીક્ષ્ણ બીજું શસ્ત્ર હોય છે. આ રીતે શસ્ત્રોમાં ઉત્તરોત્તર તીક્ષ્ણતા હોય છે પરંતુ અશસ્ત્રમાં તીક્ષ્ણતા હોતી નથી. અશસ્ત્ર એટલે સંયમ. તેમાં દ્રવ્ય અને ભાવ બંને પ્રકારના શસ્ત્રોનો અભાવ છે. સાધક સમભાવની દૃષ્ટિથી આગળ વધે છે તેથી તેમાં તરતમતા હોતી નથી. ભાવશસ્ત્ર– દ્વેષ, ઘૃણા, ક્રોધાદિ કષાય આ સર્વ ઉત્તરોત્તર તીવ્ર–મંદ હોય છે. તેમજ સંજ્વલન, પ્રત્યાખ્યાની, અપ્રત્યાખ્યાની અને અનંતાનુબંધીમાં ઉત્તરોત્તર તીવ્રતા હોય છે, પરંતુ અશસ્ત્રમાં સમતા હોય છે. સમભાવ એકરૂપ હોય છે. તેમા તીવ્રતા–મંદતાનો ભાવ હોતો નથી. સાર એ છે કે સંસારમાં પાપ કાર્ય એકથી એક ચઢિયાતાં હોય છે પરંતુ સર્વ પાપના ત્યાગરૂપ સંયમ તો એક જ હોય છે.

**ક્રોધાદિ આત્મદોષોનું વિસર્જન :–**

**૯ जे कोहदंसी से माणदंसी, जे माणदंसी से मायादंसी, जे मायादंसी से लोभदंसी, जे लोभदंसी से पेज्जदंसी, जे पेज्जदंसी से दोसदंसी, जे दोसदंसी से मोहदंसी, जे मोहदंसी से गब्भदंसी, जे गब्भदंसी से जम्मदंसी, जे जम्मदंसी से मारदंसी, जे मारदंसी से णिरयदंसी, जे**

**णिरयदंसी से तिरियदंसी जे तिरियदंसी से दुक्खदंसी ।**

**से मेहावी अभिणिवट्टेज्जा कोहं च माणं च मायं च लोभं च पेज्जं च दोसं च मोहं च गब्भं च जम्मं च मारं च णरगं च तिरियं च दुक्खं च ।**

**શબ્દાર્થ :–** **जे** = જે, **कोहदंसी** = ક્રોધને અનર્થકારી જુએ છે, **से** = તે, **माणदंसी** = માનને અનર્થકારી જુએ છે, **अभिणिवट्टेज्जा** = ત્યાગી દે, **पेज्जं** = રાગને, **दोसं** = દ્વેષને.

**ભાવાર્થ :–** જે ક્રોધદર્શી હોય અર્થાત્ ક્રોધને અનર્થકારી સમજે છે, તે માનદર્શી હોય છે. જે માનદર્શી હોય છે, તે માયાદર્શી હોય છે. જે માયાદર્શી હોય છે, તે લોભદર્શી હોય છે. જે લોભદર્શી હોય છે, તે રાગદર્શી હોય છે. જે રાગદર્શી હોય છે, તે દ્વેષદર્શી હોય છે. જે દ્વેષદર્શી હોય છે, તે મોહદર્શી હોય છે. જે મોહદર્શી હોય છે, તે ગર્ભદર્શી હોય છે. જે ગર્ભદર્શી હોય છે, તે જન્મદર્શી હોય છે. જે જન્મદર્શી હોય છે તે મૃત્યુદર્શી હોય છે, જે મૃત્યુદર્શી હોય છે, તે નરકદર્શી હોય છે. જે નરકદર્શી હોય છે, તે તિર્યંચદર્શી હોય છે. જે તિર્યંચદર્શી હોય છે, તે દુઃખદર્શી–દુઃખના સ્વરૂપને જાણનાર હોય છે.

તેથી મેધાવી પુરુષ જ્ઞાન દ્વારા, ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, મોહ, ગર્ભ, જન્મ, મૃત્યુ, નરક, તિર્યંચ, અને દુઃખથી દૂર થાય છે.

## વિવેચન :–

**जे कोहदंसी :–** અહીં ક્રોધાદિના ક્રમ યુક્ત નિરૂપણનો આશય પણ ક્રોધાદિનાં સ્વરૂપને જાણીને તેનો ત્યાગ કરનાર સાધકની ઓળખાણ કરાવવાનો છે. ક્રોધદર્શી આદિમાં જે 'દર્શી' શબ્દ છે તેનો અર્થ એ છે કે ક્રોધાદિ સ્વરૂપને તથા તેના પરિણામને સાધક પહેલાં જ્ઞપરિજ્ઞાથી જાણે છે, જુએ છે પછી પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી તેનો ત્યાગ કરે છે. જ્ઞાન હંમેશાં અનર્થનો પરિત્યાગ કરાવે છે. **'ज्ञानस्य फलं विरति'** જ્ઞાનનું ફળ પાપોનો ત્યાગ છે. અહીં આ દીર્ઘક્રમને બતાવ્યા બાદ શાસ્ત્રકાર સ્વયં નિરૂપણ કરે છે કે–

**से मेहावी अभिणिवट्टेज्जा कोहं :–** ક્રોધાદિના સ્વરૂપને જાણી લીધા પછી બુદ્ધિમાન સાધક ક્રોધાદિથી તરત જ મુક્ત થઈ જાય, નિવૃત્ત થઈ જાય, અંતે સર્વ દુઃખોથી અને સંસારના પ્રપંચોથી પણ મુક્ત થઈ જાય છે.

## જ્ઞાની ઉપાધિથી મુક્ત :–

**૧૦ एयं पासगस्स दंसणं उवरयसत्थस्स पलियंतकरस्स । आयाणं णिसिद्धा सगडब्भि । किमत्थि उवाहि पासगस्स, ण विज्जइ ? णत्थि । त्ति बेमि ।**

**॥ चउत्थो उद्देसो समत्तो ॥ बिइयं अज्झयणं समत्तं ॥**

**શબ્દાર્થ :–** **किमत्थि** = શું છે ? **उवाहि** = ઉપાધિ, **पासगस्स** = સર્વજ્ઞને, જ્ઞાનીને, **ण विज्जइ** =

હોતી નથી, **णत्थि** = નથી.

**ભાવાર્થ :–** આ ઉપદેશ હિંસાદિ અસંયમથી નિવૃત્ત, સર્વકર્મનો નાશ કરનાર તથા નિરાવરણ દષ્ટા સર્વજ્ઞ પ્રભુનો છે કે જે પુરુષ કર્મગ્રહણનાં કારણોને રોકે છે તે પોતે કરેલાં પૂર્વ કર્મનું ભેદન કરી શકે છે. પ્રશ્ન એ છે કે સર્વદર્શી જ્ઞાનીઓને કોઇ ઉપાધિ હોય કે ન હોય ? જવાબ એ છે કે તેને ઉપાધિ હોતીનથી. – એમ ભગવાને કહ્યું છે.

**॥ ચતુર્થ ઉદ્દેશક સમાપ્ત ॥ ત્રીજું અધ્યયન સમાપ્ત ॥**

## વિવેચન :–

**पासगस्स उवरय सत्थस्स :–** આ અધ્યયનગત સમસ્ત ઉપદેશ સામાન્ય વ્યક્તિનો નથી પરંતુ સર્વજ્ઞ વીતરાગ તીર્થંકર પ્રભુનો છે, જેણે સ્વયં સમસ્ત શસ્ત્રોનો, સાવદ્ય વ્યાપારોનો ત્યાગ કરી, સમસ્ત ઘાતી કર્મોનો ક્ષય કર્યો હતો. આ સર્વજ્ઞ પ્રભુના ઉપદેશને હૃદયંગમ કરી જે સમસ્ત આશ્રવનો નિરોધ કરશે, વિષય, કષાય, સંસારી સંયોગ તથા સંસાર રુચિનો ત્યાગ કરશે, તે જ સ્વકૃત કર્મોનું ભેદન કરી મુક્તિને પ્રાપ્ત કરશે. અંતે જ્ઞાનીના જીવનનું મહત્ત્વ દર્શાવતાં કહ્યું છે કે સંસારની સમસ્ત આધિ વ્યાધિ ઉપાધિઓ જ્ઞાનીને હોતી નથી. તે તો અપ્રમત્ત ભાવે શીઘ્ર મુક્તિનું વરણ કરી સંસાર પ્રપંચોથી મુક્ત થઈ જાય છે.

## ચતુર્થ ઉદ્દેશક સંપૂર્ણ

**ઉપસંહાર :–** સંસાર પરિભ્રમણનું કારણ આસક્તિ છે. આસક્તિથી મુક્ત થવા સંયમ આવશ્યક છે. સંયમી જીવન માટે અહિંસા, સત્ય, બ્રહ્મનિષ્ઠતા, પરિગ્રહ વિરક્તિ તથા પંચેન્દ્રિય વિજેતા બનવું જરૂરી છે. સર્વ જીવોની સાથે મૈત્રીના યોગે જ સંયમ માર્ગમાં આગળ વધી શકાય છે. તેમાં ય અજાગૃતિ ક્ષમ્ય નથી. બાહ્ય ભાવોના યોગે સંયમ સાધનામાં પ્રમાદ આવવો શક્ય છે પરંતુ અજાગૃતિના કારણરૂપ પ્રમાદ અને કષાયની પરિણતિ, સમભાવ મૂલક સંયમના માધ્યમે દૂર થઈ જાય છે. સાનુકૂળ–પ્રતિકૂળ પરીષહ, ઉપસર્ગમાં પણ કષાયોથી વિરક્તિ આત્મશુદ્ધિના માર્ગમાં આગેકૂચ કરાવે છે કારણ કે તે સાધકની પાસે જ્ઞાનદશા હોય છે. તેના દ્વારા તે કર્મના મૂળને જાણી લે છે, અને તેનો ક્ષય કરીને સર્વજ્ઞ બને છે.

જીવમાત્રના અસ્તિત્વનો સ્વીકાર કરનાર લોક પર વિજય પ્રાપ્ત કરવા, અનુકૂળતા કે પ્રતિકૂળતામાં ખેંચાયા વિના સ્વમાં સ્થિત થઈ જાય છે. આ જ સાધનાનો રાજમાર્ગ છે.

**॥ અધ્યયન–૩/૪ સંપૂર્ણ ॥**

# ચોથું અધ્યયન

## પરિચય

આ અધ્યયનનું નામ સમ્યક્ત્વ છે.

આ અધ્યયનમાં આધ્યાત્મિક જીવન સાથે સંબંધિત સત્યો કે સમ્યક્ વસ્તુ તત્ત્વનું નિરૂપણ છે. યથાર્થ વસ્તુ સ્વરૂપનું જ્ઞાન અને શ્રદ્ધાન, તેનું નામ સમ્યક્ત્વ છે. સમ્યક્ત્વ એ મોક્ષ પ્રાપ્તિ માટેનો મૂળ પાયો છે.

ઉત્તરાધ્યયન સૂત્ર અ. ૨૮માં મોક્ષના ચાર અંગ કહ્યા છે. તેમાં પણ સમ્યક્ત્વને પ્રથમ સ્થાન આપેલ છે, જેમ કે– (૧) સમ્યગ્દર્શન (૨) સમ્યગ્જ્ઞાન (૩) સમ્યક્ચારિત્ર (૪) સમ્યક્તપ. આ ચારે ય ભાવોનું પ્રતિપાદન કરવું, એ જ સમ્યક્ત્વ અધ્યયનનો ઉદ્દેશ છે.

સમ્યક્ત્વ અધ્યયનના ચાર ઉદ્દેશક છે. ચારે ઉદ્દેશકમાં વસ્તુ તત્ત્વનું સાંગોપાંગ પ્રતિપાદન કર્યું છે.

**પ્રથમ ઉદ્દેશકમાં** તીર્થંકરોનો અહિંસામૂલક ઉપદેશ, તેના ધર્મની મહત્તા અને અપ્રમત્ત ભાવથી આચરણની પ્રેરણા છે.

**બીજા ઉદ્દેશકમાં** વિવેક બુદ્ધિથી આશ્રવના સ્થાનોમાં પણ નિર્જરા, સંસારી જીવોના દુઃખ સ્થાનોનો પરિચય, મિથ્યા મતવાળાઓના હિંસામૂલક સિદ્ધાંતનું ખંડન અને અહિંસાની સ્થાપના કરવામાં આવી છે.

**ત્રીજા ઉદ્દેશકમાં** આત્મ લક્ષ્યની મુખ્યતાની સાથે વૈરાગ્ય વૃદ્ધિનો ઉપદેશ, શરીરના મોહ ત્યાગ યુક્ત વીરતાથી કર્મક્ષયની પ્રેરણા અને અંતે કષાય અને નોકષાય ત્યાગની પ્રેરણા આપી છે.

**ચોથા ઉદ્દેશકમાં** શરીરના અલક્ષ્ય સાથે તપ દ્વારા કર્મક્ષયની પ્રેરણા, કર્મસંબંધી વિચારણા અને કર્મોની સફળતા, અંતે વીતરાગ માર્ગમાં પ્રવૃત્ત થવાનાં પ્રતિજ્ઞા વાક્યો છે.

આ રીતે ચારેય ઉદ્દેશકોમાં ક્રમથી સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન, સમ્યક્ચારિત્ર, સમ્યક્તપ આ ચારે ભાવોનું સારી રીતે વિશ્લેષણ કર્યું છે.

❖❖❖❖❖

# ચોથું અધ્યયન–સમ્યક્ત્વ

## પહેલો ઉદ્દેશક

### અહિંસાનો ત્રૈકાલિક સિદ્ધાંત :-

**१** से बेमि– जे य अईया जे य पडुप्पण्णा जे य आगमिस्सा अरहंता भगवंतो ते सव्वे एवमाइक्खंति, एवं भासंति, एवं पण्णवेंति, एवं परूवेंति– सव्वे पाणा सव्वे भूया सव्वे जीवा सव्वे सत्ता ण हंतव्वा, ण अज्जावेयव्वा, ण परिघेयव्वा, ण परियावेयव्वा, ण उद्दवेयव्वा ।

एस धम्मे सुद्धे णिइए सासए समिच्च लोयं खेयण्णेहिं पवेइए । तं जहा– उट्ठिएसु वा अणुट्ठिएसु वा, उवट्ठिएसु वा, अणुवट्ठिएसु वा, उवरयदंडेसु वा अणुवरयदंडेसु वा सोवहिएसु वा अणुवहिएसु वा, संजोगरएसु वा असंजोगरएसु वा ।

**શબ્દાર્થ :–** **से बेमि** = હું કહું છું, **जे य अईया** = જે ભૂતકાળમાં, પૂર્વકાળમાં, **पडुप्पण्णा** = વર્તમાન કાળમાં, **आगमिस्सा** = ભવિષ્યકાળમાં, **अरहंता भगवंतो** = અરિહંત ભગવાન, **एवमाइक्खंति** = આ પ્રમાણે કહે છે, **एवं भासंति** = આ પ્રમાણે ભાષણ કરે છે, **एवं पण्णवेंति** = આ પ્રમાણે પ્રજ્ઞાપન કરે છે, **एवं परूवेंति** = આ પ્રમાણે પ્રરૂપણા કરે છે, **सव्वे पाणा** = સર્વ પ્રાણી, **सव्वे भूया** = સર્વભૂત, **सव्वे जीवा** = સર્વજીવો, **सव्वे सत्ता** = સર્વ સત્ત્વો, **ण हंतव्वा** = ડંડા, ચાબુક આદિથી હણવા નહીં, **ण अज्जावेयव्वा** = બળજબરીથી શાસન ચલાવવું નહીં, હુકમ ચલાવવો નહીં, **ण परिघेयव्वा** = ગુલામ બનાવવા નહીં, **ण परियावेयव्वा** = ત્રાસ આપવો નહીં, **ण उद्दवेयव्वा** = ઉપદ્રવ કરવો નહીં.

**एस धम्मे** = આ ધર્મ, **सुद्धे** = શુદ્ધ છે, **णिइए** = નિત્ય છે, **सासए** = શાશ્વત છે, **लोयं समेच्च** = લોકને જોઈને, **खेयण्णेहिं** = તીર્થંકારો દ્વારા, **पवेइए** = કહેવાયેલ છે, **उट्ठिएसु** = ધર્માચરણમાં પ્રવૃત્ત થયેલા, **अणुट्ठिएसु** = ધર્માચરણમાં નહિ જોડાયેલા, **उवट्ठिएसु** = ઉપસ્થિત થયેલ, **अणुवट्ठिएसु** = અનુપસ્થિત રહેલા, **उवरयदंडेसु** = હિંસાથી નિવૃત્ત, **अणुवरयदंडेसु** = હિંસાથી અનિવૃત્ત, **सोवहिएसु** = ઉપધિસહિત, પરિગ્રહી, **अणुवहिएसु** = ઉપધિથી રહિત, અપરિગ્રહી, **संजोगरएसु** = સંયોગમાં અનુરક્ત, **असंजोगरएसु** = સંયોગોમાં વિરાગી.

**ભાવાર્થ :–** હું કહું છું– અરિહંત ભગવાન જે ભૂતકાળમાં થયા છે, વર્તમાને જે છે અને ભવિષ્યમાં જે થશે; તે સર્વ આ પ્રમાણે કથન કરે છે, આ પ્રમાણે પરિષદમાં ભાષણ કરે છે; (શિષ્યોના સંશયનું નિવારણ કરવા માટે) આ પ્રમાણે પ્રજ્ઞાપન કરે છે; (તાત્ત્વિક દષ્ટિથી) આ પ્રમાણે પ્રરૂપણા કરે છે કે– સર્વ પ્રાણી, ભૂત, જીવ અને સર્વ સત્ત્વને લાકડી આદિથી મારવા ન જોઈએ, બળજબરીથી તેના ઉપર શાસન ચલાવવું ન જોઈએ, તેઓને દાસ બનાવવા ન જોઈએ, તેઓને પરિતાપ દેવો ન જોઈએ અને તેના પ્રાણોનો નાશ કરવો ન જોઈએ.

આ અહિંસા ધર્મ શુદ્ધ, નિત્ય અને શાશ્વત છે. ખેદજ્ઞ અરિહંતોએ લોકને સારી રીતે જાણી સર્વ માટે આ ધર્મનું પ્રતિપાદન કર્યું છે, જેમ કે– (૧) જેઓ ધર્માચરણ માટે પ્રયત્નશીલ થયા છે (૨) હજુ પ્રયત્નશીલ થયા નથી (૩) જેઓ ધર્મ શ્રવણ માટે ઉપસ્થિત થયા છે (૪) ઉપસ્થિત થયા નથી (૫) જેઓ (જીવોને માનસિક, વાચિક અને કાયિક) દંડ દેવાના પાપથી નિવૃત્ત થયા છે (૬) નિવૃત્ત થયા નથી (૭) જેઓ પરિગ્રહરૂપ ઉપધિ સહિત છે (૮) ઉપધિ રહિત છે (૯) જેઓ સંયોગો(મમત્વ સંબધો)માં લીન છે (૧૦) સંયોગોમાં લીન નથી.

## વિવેચન :–

આ સૂત્રમાં અહિંસાનું સમ્યક્ નિરૂપણ, અહિંસાની ત્રૈકાલિક તથા સાર્વભૌમિક માન્યતા, સાર્વજનિકતા તેમજ તેની સત્ય–તથ્યતાનું પ્રતિપાદન કર્યું છે. અહિંસા ધર્મ શુદ્ધ, નિત્ય, શાશ્વત છે. જે કોઈ ધર્મમાં પ્રયત્નશીલ હોય કે હજુ ધર્મમાં પ્રયત્નશીલ બન્યા ન હોય, ધર્મશ્રવણ કરવા આવ્યા હોય કે ન આવ્યા હોય, પાપી હોય કે પુણ્યશાળી, આવા સર્વ જીવો માટે અહિંસા ધર્મનું પ્રતિપાદન કર્યું છે. સર્વ માટે અહિંસાધર્મ હિતકારી છે.

**से बेमि :–** આ પદથી તીર્થંકર ભગવાન મહાવીર દ્વારા જ્ઞાત, અતીત, અનાગત અને વર્તમાનના તીર્થંકરો દ્વારા પ્રરૂપિત, અનુભૂત, કેવળજ્ઞાનથી જોયેલ અહિંસા ધર્મની સાર્વભૌમિકતાની ગણધર ભગવંતે ઘોષણા કરી છે.

**आइक्खइ भासइ :–** આખ્યાન, ભાષણ, પ્રજ્ઞાપન અને પ્રરૂપણા. આ ચાર શબ્દના અર્થમાં થોડું અંતર છે, તે આ પ્રમાણે છે– (૧) કોઈ પશ્ન પૂછે અને તેનો ઉત્તર આપવો તે આખ્યાન–કથન છે. (૨) દેવ, મનુષ્યાદિની પરિષદમાં બોલવું તે ભાષણ કહેવાય છે. (૩) શિષ્યોની શંકાનું સમાધાન કરવા માટે કહેવું તે 'પ્રજ્ઞાપન' છે. (૪) તાત્ત્વિક દષ્ટિથી કોઈ તત્ત્વનું કે પદાર્થનું નિરૂપણ કરવું તે 'પ્રરૂપણ' છે.

**सव्वे पाणा :–** પ્રાણ, ભૂત, જીવ અને સત્ત્વ એક દષ્ટિએ એકાર્થક છે, જેમકે આચાર્ય જિનદાસ કહે છે કે– **'एगट्ठिता वा एते'** પરંતુ બીજી દષ્ટિએ આ શબ્દોમાં કંઈક વિશેષ અર્થ પણ કહ્યો છે. જે પૂર્વ અધ્યયનમાં સ્પષ્ટ કરેલ છે.

**ण हंतव्वा :–** અહીં **हंतव्वा** થી લઈને **उद्दवेयव्वा** સુધી હિંસાના જ વિવિધ પ્રકાર બતાવ્યા છે તે આ

પ્રમાણે છે–

(૧) **ण हंतव्वा**– પ્રાણીઓને ડંડા, ચાબુકાદિથી મારવા, પીટવા નહીં. (૨) **ण अज्झावेयव्वा**– જબરજસ્તીથી કામ લેવું નહીં, જબરજસ્તીથી આદેશનું પાલન કરાવવું નહીં કે શાસિત કરવું નહીં. (૩) **ण परिघेयव्वा**– ગુલામ બનાવવા નહીં, આધીન કરવા નહીં. (૪) **ण परियावेयव्वा**– પરિતાપ, સંતાપ, હેરાન કરવા, વ્યથિત કરવા નહીં. (૫) **ण उद्दवेयव्वा**– પ્રાણથી રહિત કરવા કે મારી નાંખવા નહીં.

આ અહિંસા ધર્મ શુદ્ધ છે, નિત્ય છે, શાશ્વત છે. તેના ભાવ આ પ્રમાણે છે– **सुद्धं**– આ ધર્મમાં હિંસાદિનું મિશ્રણ નથી તેમજ પાપાનુબંધ યુક્ત નથી માટે શુદ્ધ છે. **णिच्चं**– અપરિવર્તનીય છે, સદા એક સમાન છે માટે નિત્ય છે. **सासए**– હંમેશાં રહેનાર છે, નાશ પામવાનો નથી તેથી શાશ્વત છે અથવા આ ધર્મ ત્રૈકાલિક અને સાર્વદેશિક(હંમેશાં સર્વત્ર) હોવાથી 'નિત્ય' કહેલ છે કારણ કે પંચમહાવિદેહક્ષેત્રમાં તો હંમેશાં હોય છે. તે શાશ્વત–સિદ્ધગતિનું કારણ છે માટે શાશ્વત છે.

## સમ્યક્ત્વ સિદ્ધાંતની સુરક્ષા :-

**૨ तच्चं चेयं तहा चेयं अस्सिं चेयं पवुच्चइ । तं आइत्तु ण णिहे, ण णिक्खिवे, जाणित्तु धम्मं जहा तहा ।**

**શબ્દાર્થ :– चेयं** = અને આ, **तच्चं** = સત્ય છે, **तहा** = તેમજ છે, **अस्सिं** = આ જિનપ્રવચનમાં જ, **पवुच्चइ** = પ્રતિપાદન કરેલ છે, **ते** = તે સમ્યગ્દર્શનને, **आइत्तु** = પ્રાપ્ત કરીને, **ण णिहे** = ગોપન કરે નહિ, **ण णिक्खिवे** = ત્યાગ ન કરે, **जहातहा** = યથાર્થરૂપે આજીવન પાલન કરે.

**ભાવાર્થ :–** તે અર્હત પ્રરૂપિત અહિંસા ધર્મ સત્ય છે, તથ્ય છે. આ કથન અહીં અર્હંત પ્રવચનમાં જ સમ્યક્ પ્રકારથી પ્રતિપાદિત કર્યું છે. સાધક તે અરિહંત ભાષિત અહિંસા ધર્મની શ્રદ્ધાને ગ્રહણ કરી તેના આચરણ માટે પોતાની શક્તિને છુપાવે નહિ અને શ્રદ્ધાને છોડે નહિ. ધર્મનું જેવું સ્વરૂપ છે તેવું જાણી જીવન પર્યંત તેનું આચરણ કરે.

## વિવેચન :-

**तच्चं चेयं :–** આ સૂત્રમાં અહિંસા ધર્મની શ્રદ્ધાને દઢ કરવામાં આવી છે. સાથે જિન શાસનનો મહિમા પણ કર્યો છે કે આ અનુપમ અહિંસાનો સિદ્ધાંત જિનશાસનમાં જ કહેલ છે.

**तं आइत्तु ण णिहे :–** આ સૂત્ર વાક્યમાં કહ્યું છે કે અહિંસામય શ્રેષ્ઠ ધર્મને પામીને, તેનો સ્વીકાર કરીને ત્યાં જ રોકાઈ જવું નહીં પરંતુ તે શ્રદ્ધાનો વિકાસ થાય તેમ વર્તવું જોઈએ. આ સૂચન **'ण णिहे'** શબ્દથી આપેલ છે.

**ण णिक्खिवे :–** સાધક ગૃહીત ધર્મની શ્રદ્ધાને ક્યારે ય છોડે નહીં. યથાતથ્ય ધર્મને પ્રાપ્ત કર્યા પછી તે ધર્મનું દઢતાથી પાલન કરે. આ પ્રકારે અહીં અહિંસા ધર્મની શ્રદ્ધાના વિકાસની પ્રેરણા આપી છે.

## નિર્વેદભાવ અને લોકૈષણા ત્યાગ :–

**૩ दिट्ठेहिं णिव्वेयं गच्छेज्जा । णो लोगस्सेसणं चरे । जस्स णत्थि इमा णाई अण्णा तस्स कओ सिया ।**

**શબ્દાર્થ :– दिट्ठेहिं** = પ્રાપ્ત વિષયોના રંગરાગમાં, **णिव्वेयं गच्छेज्जा** = વિરક્ત થઈ જાય, **लोगस्सेसणं** = સંસાર પ્રવાહ, લોકૈષણા, **णो चरे** = ન કરે, **जस्स** = જેને, **इमा** = આ લોકૈષણાને ત્યાગવાની, **णाई णत्थि** = બુદ્ધિ નથી, **तस्स** = તેને, **अण्णा** = બીજી સાવદ્ય પ્રવૃત્તિઓ ત્યાગવાની ભાવના, **कओ सिया** = કેમ હોઈ શકે ?

**ભાવાર્થ :–** મુનિ પ્રાપ્ત ઈષ્ટ–અનિષ્ટ ઈન્દ્રિય વિષયોથી નિર્વેદભાવ પ્રાપ્ત કરે, ઉદાસીનભાવ રાખે. લોકરુચિમાં ખેંચાય નહિ, લોકૈષણામાં તણાય નહિ. જે મુમુક્ષુમાં આ લોકૈષણા બુદ્ધિ (જ્ઞાતિ–સંજ્ઞા) નથી, તેનાથી અન્ય સાવદ્ય પ્રવૃતિ કેવી રીતે થશે ? અથવા જેનામાં સમ્યક્ત્વ સંજ્ઞા નથી કે અહિંસા બુદ્ધિ નથી, તેમાં વિવેકબુદ્ધિ કેવી રીતે થશે ? અર્થાત્ ન જ થાય અથવા જેનામાં લોકૈષણા ત્યાગવાની બુધ્ધિ નથી તેનામાં બીજી સાવદ્ય પ્રવૃત્તિ ત્યાગવાની ભાવના કેમ હોઈ શકે ? અર્થાત્ ન હોઈ શકે.

## વિવેચન :–

**दिट्ठेहिं णिव्वेयं गच्छेज्जा :–** સંયમ સાધક મુનિ ઈષ્ટ કે અનિષ્ટ દેખાતા શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શમાં નિર્વેદ–વૈરાગ્ય ધારણ કરે. ઈષ્ટ પ્રત્યે રાગ અને અનિષ્ટ પ્રત્યે દ્વેષ–ઘૃણા કરે નહિ.

આ સૂત્ર વાક્યમાં અહિંસાના ઉપાસકોએ પદાર્થો પ્રત્યે મોહ ઘટાડવો જોઈએ એમ બતાવ્યું છે. જ્યાં મોહ છે ત્યાં પ્રત્યક્ષ કે પરોક્ષ હિંસા થવાનો સંભવ છે જ. અહિંસાના પાલન માટે પોતાની રૂઢ માન્યતાઓ અને આદતો છોડવી પડે છે. બહારના રંગરાગ પરનો મોહ ઘટાડવાનો પ્રયોગ કરવો પડે છે. ત્યારે જ જીવનમાં નિર્વેદભાવ પ્રગટ થાય છે. દષ્યમાન પદાર્થો પ્રત્યે મોહ ઘટાડવા માટે સાધક વિચારે કે આ બહાર દેખાતું વિશ્વ એ વિચિત્ર નાટકશાળા છે. અહીં હાસ્ય, રુદન, સૌંદર્ય, ભયંકરતા, પ્રેમ, નિર્દયતા, સ્વાભાવિકતા, કૃત્રિમતા આદિ અનેક વિવિધ દશ્યો તેમાં એક પછી એક પલટાતાં નજરે પડે છે તથા એક જ સ્થાને ક્ષણે ક્ષણે નવાં નવાં રૂપો દેખાય છે. એ બધા દેખાવો જોઈ સાધક તેમાં તન્મય ન બની જતાં તેનાં કારણોને તપાસે અને દરેક પદાર્થને સમદષ્ટિથી અવલોકી, તેના મૂળકારણ અને સ્વભાવનું પૃથક્કરણ કરી તેમાંથી સદ્‌બોધ ગ્રહણ કરીને સદ્‌વૃત્તિને વિકસાવે. તે પદાર્થો પ્રત્યેની જોવા, સાંભળવાની આસક્તિને ઘટાડે તો જ નિર્વેદની સાધના સફળ થઈ શકે છે.

**लोकैषणा :–** સામાન્ય રીતે સર્વ જીવો પ્રિય વિષયોના સંયોગની અને અપ્રિય વિષયોના વિયોગની કામના કરે છે. લોકૈષણા એ પણ સંસારનું મૂળ છે. પુત્ર, ધન, કામભોગ, વિષયવાસના, વિલાસતા આદિની કામના તથા જગતમાં સારા દેખાવાની ભાવના તેમજ યશકીર્તિની ઈચ્છા થવી તે સર્વ લોકૈષણા છે. લોકૈષણાની વૃત્તિ માનકષાયનું પોષણ કરે છે. તે વૃત્તિની પૂર્તિ માટે જીવ હિંસા આદિ અનેક પાપપ્રવૃત્તિઓનું સેવન કરે છે, તેથી તે કર્મબંધનું કારણ છે, આ રીતે સાધકોએ સદા સાવધાન રહી લોકૈષણાનો ત્યાગ કરવો જોઈએ.

**પ્રજ્ઞાવાનને પ્રબોધ :–**

**૪ दिट्ठं सुयं मयं विण्णायं जमेयं परिकहिज्जइ । समेमाणा पलेमाणा पुणो पुणो जाइं पकप्पंति । अहो य राओ य जयमाणे धीरे सया आगयपण्णाणे, पमत्ते बहिया पास, अप्पमत्ते सया परक्कमेज्जासि । त्ति बेमि ।**

**॥ पढमो उद्देसो समत्तो ॥**

**શબ્દાર્થ :– दिट्ठं** = સર્વજ્ઞ દ્વારા જોયેલા, **सुयं** = સાંભળેલ, **मयं** = માનેલ, મનન કરેલ, **विण्णायं** = વિશેષ રૂપથી જાણેલ છે, **जमेयं** = જે આ, **परिकहिज्जइ** = મારાથી કહેવાય છે, **समेमाणा** = બાહ્ય પદાર્થોમાં આસક્ત બનેલ, **पलेमाणा** = ઈન્દ્રિય વિષયોમાં–સુખોમાં તલ્લીન થયેલ, **जाइं** = એકેન્દ્રિયાદિ જાતિને, **पकप्पंति** = પ્રાપ્ત કરે છે, **अहो य राओ य** = દિવસ અને રાત, **जयमाणे** = મોક્ષમાર્ગમાં પ્રયત્ન કરનારા, **आगयपण्णाणे** = વિવેકશીલ હોય છે, **पमत्ते** = પ્રમાદીને, **बहिया** = ધર્મથી વિમુખ, **अप्पमत्ते** = પ્રમાદ રહિત થઈને, **परक्कमेज्जासि** = સંયમ–મોક્ષમાર્ગમાં જ પરાક્રમ કરો.

**ભાવાર્થ :–** આ જે અહિંસા ધર્મ કહેવાય છે તે સર્વજ્ઞો દ્વારા જોયેલો, સાંભળેલો, માનેલો અને વિશેષરૂપથી અનુભવેલો છે. હિંસાદિમાં પ્રવૃત્તિ કરનાર તથા તેમાં આસક્તિપૂર્વક તલ્લીન રહેનાર મનુષ્ય વારંવાર જન્મ ધારણ કરતા રહે છે. પ્રજ્ઞાવાન, ધીર સાધક મોક્ષમાર્ગમાં રાત દિવસ નિરંતર પ્રયત્ન કરે છે અને જે પ્રમાદી છે તેઓને ધર્મથી બહાર જાણ અર્થાત્ તેઓથી હંમેશાં દૂર રહે અને પોતે અપ્રમત્ત બનીને હંમેશાં અહિંસાદિ રૂપ ધર્મમાં પરાક્રમ કરે.–એમ ભગવાને કહ્યું છે.

**॥ પ્રથમ ઉદ્દેશક સમાપ્ત ॥**

**વિવેચન :–**

ભગવાન મહાવીરે પ્રત્યેક આત્મામાં જ્ઞાનાદિ અનંત ક્ષમતાઓનું નિરૂપણ કરીને સર્વને સ્વતંત્રરૂપથી સત્યની શોધ કરવાની પ્રેરણા આપી છે. **अप्पणा सच्चमेसेज्जा**– આ સૂત્રથી એ કહ્યું છે કે હું કહું છું માટે સ્વીકારો એમ નહિ પરંતુ તમે તમારા આત્મામાં જ સત્યને શોધો, નિરીક્ષણ કરો. આ જ

વાત ભૂતકાલીન, ભવિષ્યકાલીન અને વર્તમાનકાલીન સર્વ તીર્થંકરોએ પ્રરૂપી છે. અહિંસાધર્મ સાર્વભૌમિક છે, સર્વજન ગ્રાહ્ય છે, વ્યવહાર્ય છે. સર્વજ્ઞોએ કેવળજ્ઞાનના પ્રકાશમાં તેને જોયો છે, અનુભવ્યો છે, હળુકર્મી ભવ્યજીવોએ તેને સાંભળ્યો છે, ઈષ્ટ માન્યો છે. જીવનમાં આચરેલો છે, તેના શુભ પરિણામને જાણ્યાં છે, દેખ્યાં છે. આ રીતે અહિંસા ધર્મની મહત્તા તેમજ ઉપયોગિતા બતાવવા માટે જ **'उट्ठिएसु'**થી લઈને **'असंजोगरएसु वा'** સુધીનાં શબ્દોથી સર્વ અવસ્થાના જીવો માટે તેની ઉપાદેયતા બતાવી છે. આ પ્રકારના ઉલ્લેખથી સાધકની દષ્ટિ, મતિ, ગતિ, નિષ્ઠા અને શ્રદ્ધા સહજ અહિંસા ધર્મમાં સ્થિર થઈ જાય છે.

**॥ અધ્યયન–૪/૧ સંપૂર્ણ ॥**

# ચોથું અધ્યયન : બીજો ઉદ્દેશક

## વિવેક અવિવેકથી મોક્ષ–બંધ :–

**૧ जे आसवा ते परिस्सवा, जे परिस्सवा ते आसवा । जे अणासवा ते अपरिस्सवा, जे अपरिस्सवा ते अणासवा ।**

**एते य पए संबुज्झमाणे लोगं च आणाए अभिसमेच्चा पुढो पवेइयं ।**

**શબ્દાર્થ :– जे आसवा** = આશ્રવસ્થાન છે, **ते परिस्सवा** = તે નિર્જરાનાં કારણભૂત થઈ જાય, **जे परिस्सवा** = નિર્જરાનાં સ્થાન છે, **ते आसवा** = તે આશ્રવ સ્થાન થઈ જાય, **जे अणासवा** = આશ્રવનાં સ્થાન નથી, સંવરનાં સ્થાન છે, **ते अपरिसवा** = તે નિર્જરાનાં સ્થાન થતા નથી, **जे अपरिसवा** = નિર્જરાના સ્થાન નથી, **ते अणासवा** = તે આશ્રવનાં સ્થાન પણ થતા નથી, સંવરનાં પણ સ્થાન થાય, **एते य पए** = આ પદોને, **संबुज्झमाणे** = સમજીને, **लोगं** = લોકને, **आणाए** = ભગવાનની આજ્ઞાથી, **अभिसमिच्चा** = વિચારીને, **पुढो** = અલગ અલગ, **पवेइयं** = કહેલ છે, પ્રરૂપેલ છે.

**ભાવાર્થ :–** (૧) જે આશ્રવોનું સ્થાન છે, તે જ ક્યારેક પરિસ્રવ–કર્મનિર્જરાઓનું સ્થાન બની જાય છે. (૨) જે પરિસ્રવનું સ્થાન છે તે ક્યારેક આસ્રવ બની જાય છે. (૩) જે અનાસ્રવ–વ્રત વિશેષ છે, તે પણ ક્યારેક પ્રમાદના કારણે અપરિસ્રવ–કર્મ નિર્જરાઓનું કારણ ન બને. (૪) જે અપરિસ્રવ–કર્મનિર્જરાઓનું સ્થાન નથી તે પણ ક્યારેક પરિણામોની વિચિત્રતાથી અનાસ્રવ–કર્મબંધનાં કારણ થતા નથી.

આ અલગ અલગ કહેલ વિકલ્પોને સમ્યક્ પ્રકારે સમજીને લોકના સ્વરૂપને જિનાજ્ઞાનુસાર જાણીને, વિચારીને આસ્રવોનું સેવન કરે નહિ.

## વિવેચન :–

આ સૂત્રમાં કર્મબંધ અને કર્મ નિર્જરાના વિષયમાં સ્પષ્ટીકરણ કર્યું છે. બંધ અને નિર્જરાનો મુખ્ય

આધાર અધ્યવસાય છે. બાહ્ય કારણો ગૌણ છે. વ્યક્તિની સાવધાની કે વિવેકબુદ્ધિ જાગૃત હોય તો તે સફળતાને પ્રાપ્ત કરે છે, તે વાત અહીં કહી છે. ચાર ભંગથી તેનું સ્પષ્ટીકરણ કર્યું છે, તે આ પ્રમાણે– (૧) જે આશ્રવના કાર્ય છે, પાપના કાર્ય છે ત્યાં વિવેકશીલ આત્માર્થી પોતાના ભાવથી, સમ્યક્ ચિંતનથી અને પ્રવૃતિના વિવેકથી કર્મોની નિર્જરા કરી શકે છે, જેમ કે સ્થુલિભદ્રમુનિ માટે કોશાને ત્યાં સર્વ નિમિત્તો વિકારવર્ધક તેમજ આસ્રવના સ્થાન હતા પરંતુ ઉપાદાનરૂપ ચિત્તવૃતિ તેઓની શુદ્ધ હતી, તેથી તે આસ્રવનું સ્થાન સંવરરૂપમાં પરિણત થયું.

(૨) જે નિર્જરાનું સ્થાન છે, કાર્ય છે, પ્રસંગ છે, ત્યાં અનાત્માર્થી અને અવિવેકી જીવ આશ્રવ–કર્મસંગ્રહ કરી લે છે. જેવી રીતે નાગશ્રી બ્રાહ્મણીને સુપાત્રદાનનો અવસર મળ્યો પરંતુ માસખમણના તપસ્વીને કડવી તુંબીનુ શાક ઉકરડો સમજી વહોરાવી દીધું. સુપાત્રદાન તે કર્મોનો ક્ષય કરવાનું સ્થાન હતું પરંતુ ત્યાં પરિણામની મલિનતાના કારણે તેણીએ કર્મો બાંધી લીધાં, માટે તેને નિર્જરાનું સ્થાન આશ્રવનું કારણ બન્યું.

(૩) જે અનાશ્રવ–સંવરનું સ્થાન છે, કાર્ય છે ત્યાં પણ આળસુ–પ્રમાદી વ્યક્તિ નિર્જરાનો લાભ પ્રાપ્ત કરી શકતી નથી. જેમ કે વ્યાખ્યાન, સામાયિક, પૌષધાદિના સમયે આળસ–નિદ્રામાં સમય પસાર કરવો, તેથી અનાશ્રવનું (સંવરનું) સ્થાન અપરિસ્રવનું અનિર્જરાનું સ્થાન બને છે.

(૪) જે નિર્જરાનું સ્થાન–કાર્ય નથી, સાંસારિક કે શારીરિક કાર્ય છે, ત્યાં પણ શાંત ચિત્ત હોય તો કોઈ પ્રકારનો આશ્રવ–અશુભ કર્મનો સંગ્રહ થતો નથી. જેમ કે રાગદ્વેષ રહિત શૂન્ય ચિત્તથી કે શાંત પ્રકૃતિથી ભોજન કરવું. અહીં ભોજન કરવું અનિર્જરાનું સ્થાન શારીરિક કાર્ય છે, શૂન્યચિતના કારણે ત્યાં અપરિશ્રવ–અશુભ કર્મ સંગ્રહનો અભાવ થાય છે.

વ્યાખ્યાકારોએ ત્રીજા ભંગમાં કંડરીક અને ચોથા ભંગમાં ઈલાયચીકુમારનું દષ્ટાંત આપીને સમજાવ્યું છે પરંતુ ઘટિત થયેલા સર્વ દષ્ટાંતોનો સમાવેશ તો શરૂના બે ભંગમાં જ થઈ જાય છે અર્થાત્ કંડરીકનું દષ્ટાંત બીજા ભંગમાં અને ઈલાયચીકુમારનું દષ્ટાંત પહેલા ભંગમાં સમાઈ જાય છે.

આ ચાર ભંગમાં સહુથી શ્રેષ્ઠ ભંગ પહેલો છે ત્યાર પછી ચોથો ભંગ, ત્યાર બાદ ત્રીજો ભંગ અને છેલ્લે બીજો ભંગ સહુથી કનિષ્ઠ છે.

### દુઃખથી પીડિતને ઉપદેશ :–

**૨ आघाइ णाणी इह माणवाणं संसारपडिवण्णाणं संबुज्झमाणाणं विण्णाण पत्ताणं । अट्टा वि संता अदुवा पमत्ता । अहासच्चमिणं । त्ति बेमि ।**

**શબ્દાર્થ :–** **आघाइ** = ધર્મનું કથન કરે છે, **इह** = અહીં, **माणवाणं** = મનુષ્યોને, **संसारपडिवण्णाणं** = સંસારવર્તી, **संबुज्झमाणाणं** = સમજનારા–જાગૃત, **विण्णाणपत्ताणं** = વિજ્ઞાનપ્રાપ્ત, હિતાહિત સમજનારા,

**अट्टा वि संता** = જે કોઈ પ્રાણી દુઃખી, **पमत्ता** = પ્રમાદી છે, **अहासच्चं** = યથાતથ્ય, સત્ય, **इणं** = આ.

**ભાવાર્થ :–** જ્ઞાનીજન સંસારવર્તી સમજદાર વિવેકી મનુષ્યોને ઉપદેશ આપે છે. જે પ્રાણી દુઃખી અથવા પ્રમાદી હોય તેઓને પણ આ યથાતથ્ય–સત્ય ધર્મનું કથન કરે છે.

**વિવેચન :–**

**अट्टा वि संता अदुवा पमत्ता :–** આ સૂત્રનો આશય ઘણો ગહન છે. કોઈ લોકો સંસારમાં પડેલા, વિષય– સુખોમાં લેપાયેલા, બંધાયેલા લોકોને જોઈને કહે છે કે "આ શું ધર્માચરણ કરશે ? તેઓ પાપકર્મોના ક્ષય માટે શું ઉદ્યત થશે ?" પરંતુ શાસ્ત્રકાર કહે છે કે અહીં અનેકાંતદષ્ટિથી વિચાર કરવાનો છે. જે વિષયકષાયમાં ફસાયેલા છે તે તથાપ્રકારનો ક્ષયોપશમ થાય ત્યારે ધર્મબોધની પ્રાપ્તિથી જાગૃત પણ થઈ જાય છે. તેઓ કર્મબંધના કારણને અને ધર્મના માર્ગને સમજીને, ધર્માચરણ કરીને કલ્યાણ કરી શકે છે, જેમ કે અર્જુન માળી, આ પ્રમાણે દરેક આત્મામાં વિકાસ અને કલ્યાણની અનંત શક્તિઓ પડી છે, તેથી કોઈની વર્તમાન અવસ્થા જોઈને તેની ઘૃણા કરવી નહીં.

કોઈ જગ્યાએ એવો પણ અર્થ કર્યો છે કે– "આર્ત અને પ્રમત્ત મનુષ્ય ધર્મનો સ્વીકાર કરતા નથી." પરંતુ સામાન્ય નિયમ એવો છે કે દુઃખી જીવો દુઃખથી છૂટવા માટે ધર્મનું શરણ જ ગ્રહણ કરે છે. તેમજ વિષય પણ આશ્રવ–પરિશ્રવ નો છે માટે દુઃખી વ્યક્તિ ધર્મને સ્વીકારીને શાંત અને અપ્રમત્ત બની શકે છે. તેનામાં વિકાસનો, સુધરવાનો અવકાશ છે, માટે પ્રથમ કરેલ અર્થ જ બરાબર લાગે છે અને તે જ શાસ્ત્રકારનો આશય છે.

**મૃત્યુની નિશ્ચિતતા :–**

**३ णाणागमो मच्चुमुहस्स अत्थि । इच्छापणीया वंकाणिकेया कालग्गहीया णिचये णिविट्ठा पुढो पुढो जाइं पकप्पेंति ।**

**इहमेगेसिं तत्थ तत्थ संथवो भवइ । अहोववाइए फासे पडिसंवेदयंति । चिट्ठं कूरेहिं कम्मेहिं चिट्ठं परिचिट्ठइ । अचिट्ठं कूरेहिं कम्मेहिं णो चिट्ठं परिचिट्ठइ।**

**શબ્દાર્થ :– अणागमो** = ન આવવાનું, **ण अत्थि** = એમ નથી, **मच्चुमुहस्स** = મૃત્યુના મુખમાં, **इच्छापणीया** = ઈચ્છાને આધીન થયેલા, **वंकाणिकेया** = અસંયમનું ઘર, **कालग्गहीया** = કાળથી ગ્રહણ કરાયેલા, **णिचये** = કર્મસંગ્રહમાં, **णिविट्ठा** = તલ્લીન, **पुढो पुढो जाइं** = જુદી–જુદી જાતીઓને, **पकप्पेंति** = પ્રાપ્ત કરે છે, ધારણ કરે છે.

**इह** = આ લોકમાં, **एगेसिं** = કોઈ કોઈ જીવોને, **तत्थ तत्थ** = તે તે સ્થાન, **संथवो भवइ** = પરિચિત થઈ જાય છે, **अहोववाइए** = નરકાદિના તીવ્ર દુઃખોના, **फासे** = સ્પર્શ, કષ્ટોનો, **पडिसंवेदयंति**

= તે અનુભવ કરે છે, ભોગવે છે, **चिट्ठं कूरेहिं कम्मेहिं** = ક્રૂર કર્મોના આચરણમાં સ્થિત થઈને, **चिट्ठं परिचिट्ठइ** = તીવ્ર દુઃખોના સ્થાન–નરકાદિમાં ચિરકાલ રહે છે, **अचिट्ठं कूरेहिं कम्मेहिं** = અત્યંત ક્રૂર કર્મોના આચરણને નહીં કરનાર, **णो चिट्ठं परिचिट्ठइ** = નરકાદિ સ્થાનોમાં નિવાસ કરતા નથી.

**ભાવાર્થ :–** પ્રાણીને મૃત્યુના મુખમાં ક્યારે ય ન જવું પડે એમ બનતું નથી. તોપણ કેટલાક લોકો ઈચ્છાને આધીન, માયાના નિકેતન બની અસંયમમાં લીન રહે છે, મૃત્યુથી ગ્રસિત તેઓ કર્મોનો સંગ્રહ કરી અનેક પ્રકારની યોનિઓમાં વારંવાર જન્મ ગ્રહણ કરતા રહે છે.

આ લોકમાં કેટલાક લોકો એવા છે કે તેઓને સંસારમાં વારંવાર જન્મ મરણ કરવાના કારણે દુઃખનાં સ્થાનો પરિચિત થઈ જાય છે. તેઓ ત્યાં પ્રાપ્ત થતાં દુઃખોને ભોગવતા રહે છે. અત્યંત ક્રૂર કર્મો કરવાથી તેઓને અતિભયંકર દુઃખદાયક સ્થાનમાં ઉત્પન્ન થવું પડે છે અને જે જીવ અત્યંત ક્રૂર કર્મો કરતા નથી તેને એવાં દુઃખમય સ્થાનોમાં ઉત્પન્ન થવું પડતું નથી.

### વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં એ કહ્યું છે કે– પ્રમાદી જીવ વિષય કષાયમાં આસક્ત રહે છે. પોતાની અતૃપ્ત વાસનાને પૂરી કરવાની ભાવનાથી તેઓ અનેક જીવોને દુઃખ તેમજ કષ્ટ આપે છે. પોતાના સ્વાર્થને સાધવા તેઓ અનેક પ્રાણીઓનો નિર્દયતાથી વધ કરે છે. આ રીતે તેઓ ક્રૂર કર્મોમાં પ્રવૃત્ત થઈ પાપકર્મોનો સંગ્રહ કરે છે અને પરિણામે નરક, તિર્યંચાદિ યોનિઓમાં જન્મ ધારણ કરે છે. જે પ્રમાદનું સેવનકરતા નથી, તે આરંભ સમારંભાદિ દોષોથી બચી જાય છે, તેના પરિણામે નરક આદિ યોનિઓની વેદના ભોગવવી પડતી નથી, તેથી સ્પષ્ટ થાય છે કે સંસાર પરિભ્રમણનું કારણ કર્મ છે. પ્રમાદના સેવનથી પાપકર્મનો બંધ થાય છે. અને તેના કારણે નરક આદિમાં મહાવેદનાનું સંવેદન કરવું પડે છે. સાર એ છે કે સંસાર ભ્રમણના વિવિધ દુઃખોથી છૂટવા માટે સંસારના પ્રમાદાચરણનો ત્યાગ કરવો આવશ્યક છે.

### છદ્મસ્થોનાં વચન પણ સમાદરણીય :–

**૪ एगे वयंति अदुवा वि णाणी, णाणी वयंति अदुवा वि एगे ।**

**શબ્દાર્થ :– एगे** = કોઈ–ચૌદ પૂર્વધારી, શ્રુતજ્ઞાનધારી, **वयंति** = કહે છે, **अदुवा वि**= તેમજ, અથવા, પણ, **णाणी** = જ્ઞાની, કેવળજ્ઞાની, **णाणी वयंति** = કેવળજ્ઞાની જે કથન કરે છે, **एगे** = કોઈ એક શ્રુત– કેવળી પણ કહે છે.

**ભાવાર્થ :–** જે કથન સામાન્ય શ્રુતજ્ઞાની કે શ્રુતકેવળી કરે છે તે જ કથન કેવલજ્ઞાની કરે છે, જે કથન કેવળજ્ઞાની કરે છે તે જ કથન કોઈ સામાન્ય શ્રુતજ્ઞાની કે ચૌદપૂર્વધારી શ્રુતકેવળી પણ કરે છે અર્થાત્ સમ્યગ્શ્રદ્ધા તેમજ સમ્યગ્જ્ઞાનવાન સાધક કેવળજ્ઞાનીઓનું અનુસરણ કરતાં પ્રરૂપણા કરે છે.

## વિવેચન :-

**एगे वयंति अदुवा वि णाणी :–** આ સૂત્રનો આશય ચાર પ્રકારે સમજી શકાય છે– (૧) સૂત્રમાં **'एगे'** શબ્દ શ્રુતજ્ઞાની કે સામાન્ય જ્ઞાની માટે છે અને **'णाणी'** શબ્દ સર્વજ્ઞ સર્વદર્શી તીર્થંકર પ્રભુને માટે છે. (૨) આ બંને શબ્દો પૂર્ણ જ્ઞાની અને અપૂર્ણ જ્ઞાની માટે કહ્યા છે. (૩) 'એગે' શબ્દથી છદ્મસ્થ અને 'જ્ઞાની' શબ્દથી કેવળજ્ઞાની સમજવા. (૪) 'એગે' શબ્દથી ચૌદ પૂર્વી વગેરે વિશિષ્ઠ શ્રુતજ્ઞાની શ્રુતકેવળી સમજવા અને 'જ્ઞાની' શબ્દથી કેવળજ્ઞાની સમજવા. આ પ્રકારે અહીં 'એગે' શબ્દની ગૂઢતાના કારણે વિવિધ અર્થ થાય છે.

આ સૂત્રથી બે પ્રકારના મર્મ પ્રગટ થાય છે– (૧) આત્મ કલ્યાણનો કે જીવન સુધારવાનો. સર્વને હિતકારી ઉપદેશ સર્વજ્ઞ તો સારી રીતે આપે જ છે, પરંતુ અલ્પજ્ઞાની કે અપૂર્ણ જ્ઞાની પણ તે સર્વજ્ઞોના જ્ઞાનને હૃદયંગમ કરી એવો જ કલ્યાણકારી ઉપદેશ કરી શકે છે. સર્વજ્ઞના અભાવમાં સામાન્ય જ્ઞાનીઓનો ઉપદેશ પણ સમાદરણીય હોય છે. સર્વજ્ઞોના અભાવમાં સર્વજ્ઞોની વાણીને સર્વ રીતે સત્ય સમજનાર, સર્વજ્ઞોની પરંપરાથી પ્રાપ્ત આગમ શાસ્ત્રોને સર્વોપરી માનીને તેના આધારે ધર્મોપદેશ દેનાર શ્રમણોથી પણ શુદ્ધ મોક્ષમાર્ગ મેળવી શકાય છે, આત્મકલ્યાણ કરી શકાય છે. (૨) બીજો મર્મ એ છે કે 'એગે– શબ્દથી નવ પૂર્વથી ચૌદ પૂર્વ સુધીના જ્ઞાનીઓ એકાંત સમ્યગ્દૃષ્ટિ હોવાથી તેઓનું પ્રરૂપણ કેવળજ્ઞાનીની સમાન હોય છે. તેઓ કેવળીની જેમ પૂર્ણ સત્યકથન કરી શકે છે. તે છદ્મસ્થ છતાં શ્રુતકેવળી કહેવાય છે અને તેઓના વચન કેવળજ્ઞાની તુલ્ય શ્રદ્ધેય હોય છે. સર્વજ્ઞ અને શ્રુતકેવળીની તત્ત્વ પ્રરૂપણાની શૈલી એક સમાન છે તો પછી સર્વજ્ઞ અને છદ્મસ્થતામાં અંતર શું ? આ પ્રશ્ન થવો સહજ છે. તેનું સમાધાન એ છે કે સર્વજ્ઞનું જ્ઞાન નિરાવરણ હોય છે અને શ્રુત કેવળીનું જ્ઞાન સાવરણ હોય છે. કેવળી કોઈની પણ સહાયતા વિના જાણે છે અને શ્રુતકેવળી સર્વજ્ઞના ઉપદેશ દ્વારા જાણે છે.

તાત્પર્ય એ છે કે જેને સમ્યક્શ્રદ્ધા હોય, વિશિષ્ટ જ્ઞાની પાસેથી સમ્યક્ રીતે શ્રવણ, ગ્રહણ, અને ધારણ કર્યું હોય, મતિ શ્રુતજ્ઞાનનો ક્ષયોપશમ નિર્મળ હોય તેવા સાધકો જ્ઞાનીઓના ભાવને સ્વયં સમજીને, સ્વીકારીને જિજ્ઞાસુઓને સમજાવી શકે છે. ગુરુના સાંનિધ્યથી પ્રાપ્ત જ્ઞાનના આધારે તેઓ આત્મોન્નતિનો સંદેશ કે આત્મોન્નતિનો માર્ગ બતાવી શકે છે, તેથી શુદ્ધ ધર્મતત્ત્વ વિશિષ્ટજ્ઞાનીના અભાવમાં સામાન્યજ્ઞાનીથી પણ પ્રાપ્ત કરી શકાય છે અને તેના દ્વારા સાધક સ્વયંની સાધના કરી શકે છે.

## હિંસા વિષયક આર્ય અનાર્યની પ્રરૂપણા :-

**૫ आवंती केयावंती लोयंसि समणा य माहणा य पुढो विवायं वयंति से दिट्ठं च णे, सुयं च णे, मयं च णे, विण्णायं च णे, उड्ढं अहं तिरियं दिसासु सव्वओ सुपडिलेहियं च णे– सव्वे पाणा, सव्वे भूया,**

**सव्वे जीवा, सव्वे सत्ता, हंतव्वा, अज्जावेयव्वा, परिघेयव्वा, परियावेयव्वा, उद्दवेयव्वा । एत्थ वि जाणह णत्थित्थ दोसो ।**

**શબ્દાર્થ :– आवंती** = જે, જેટલા, **लोयंसि** = આ લોકમાં, **केयावंति** = કેટલાક, કોઈ, **पुढो विवायं वयंति** = જુદા–જુદા વિવાદ કરે છે, **दिट्ठं च** = દિવ્યજ્ઞાનથી જોયેલ છે, **णे** = અમે, **णे सुयं** = અમે ગુરુ પાસેથી સાંભળેલ છે, **णे मयं** = અમારો આ સિદ્ધાંત મનન કરેલ છે, માનેલ છે, સ્વીકારેલ છે, **णे विण्णायं** = અમે વિશેષ જાણેલ છે, **उड्ढं अहं तिरियं दिसासु** = ઊંચી,નીચી, તિરછી દિશાઓમાં, **सव्वओ** = સર્વ પ્રકારે, **सुपडिलेहियं** = સારી રીતે વિચારેલ છે, **एत्थ वि** = આ વિષયમાં પણ, **जाणह** = જાણવું જોઈએ કે, **अत्थ** = આમાં, આ પ્રમાણે, **दोसो णत्थि** = દોષ નથી.

**ભાવાર્થ :–** આ લોકમાં જે કોઇ પણ શ્રમણ કે બ્રાહ્મણ છે તેઓ ભિન્ન–ભિન્ન મતનું પ્રતિપાદન કરે છે. તેમાં કોઈ કહે છે– અમે આ જોઇ લીધું છે, સાંભળી લીધું છે, મનન કરી લીધું છે અને વિશેષરૂપથી પણ જાણી લીધું છે. એટલું જ નહિ પણ ઊંચી, નીચી અને તિરછી સર્વદિશાઓમાં સર્વ તરફથી સારી રીતે તેનું નિરીક્ષણ પણ કરી લીધું છે કે સર્વ પ્રાણી, સર્વભૂત, સર્વજીવ અને સર્વ સત્ત્વ હણવા યોગ્ય છે, શાસન કરવા યોગ્ય છે, ગુલામ–દાસ બનાવવા યોગ્ય છે, પરિતાપ પહોંચાડવા યોગ્ય છે, પ્રાણ રહિત કરવા યોગ્ય છે. અહીં જાણો કે હિંસા કરવામાં કોઇ દોષ નથી.

**६ तत्थ जे ते आरिया ते एवं वयासी– से दुद्दिट्ठं च भे, दुस्सुयं च भे, दुम्मयं च भे, दुव्विण्णायं च भे, उड्ढं अहं तिरियं दिसासु सव्वओ दुप्पडिलेहियं च भे, जं णं तुब्भे एवं आइक्खह, एवं भासह, एवं पण्णवेह, एवं परूवेह– सव्वे पाणा, सव्वे भूया, सव्वे जीवा, सव्वे सत्ता, हंतव्वा, अज्जावेयव्वा, परिघेयव्वा, परियावे–यव्वा, उद्दवेयव्वा । एत्थं वि जाणह णत्थित्थ दोसो । अणारियवयणमेयं ।**

**શબ્દાર્થ :– तत्थ** = આ વિષયમાં, **ते** = તે, **जे आरिया** = જે આર્ય પુરુષ છે, **ते** = તેઓ, **एवं वयासी** = આ પ્રમાણે કહે છે, **दुदिट्ठं च भे** = તમારો આ સિદ્ધાંત ખોટો જોયેલો છે, દોષ સહિત જોયેલો છે, **जं णं तुब्भे** = જે તમે, **अणारियवयणमेयं** = આ અનાર્ય વચન છે,

**ભાવાર્થ :–** આ જગતમાં જે પણ આર્ય–પાપકર્મોથી દૂર રહેનારા છે તેઓ અનાર્ય લોકોને એમ કહે છે કે– તમોએ ખોટું જોયું છે, ખોટું સાંભળ્યું છે, ખોટું મનન કર્યું છે, ખોટું સમજ્યા છો, ઊંચી, નીચી, તિરછી સર્વ દિશાઓમાં સર્વથા ખોટું નિરીક્ષણ કર્યું છે. જે તમે આ રીતે કહો છો, ભાષણ કરો છો, પ્રજ્ઞાપન કરો છો અને પ્રરૂપણા કરો છો કે સર્વ પ્રાણી, ભૂત, જીવ અને સત્ત્વોને હણવા યોગ્ય છે, શાસન કરવા યોગ્ય છે, પકડીને દાસ બનાવવા યોગ્ય છે; પરિતાપ દેવા યોગ્ય છે; પ્રાણ રહિત કરવા યોગ્ય છે અને આ વિષયમાં એ નિશ્ચિત સમજો કે હિંસામાં કોઈ દોષ નથી. આવું તમારું આ કથન એકાંત અનાર્ય છે.

**૭** **वयं पुण एवमाइक्खामो, एवं भासामो, एवं पण्णवेमो, एवं परूवेमो– सव्वे पाणा, सव्वे भूया, सव्वे जीवा, सव्वे सत्ता, ण हंतव्वा, ण अज्जावेयव्वा, ण परि– घेयव्वा, ण परियावेयव्वा, ण उद्दवेयव्वा । एत्थ वि जाणह णत्थित्थ दोसो । आरियवयणमेयं ।**

**શબ્દાર્થ :–** **वयं** = અમે, **पुण** = પરંતુ, **एवं** = આ પ્રમાણે, **आइक्खामो** = કહીએ છીએ, **आयरियवयणमेयं** = આ આર્યપુરુષોનાં વચન છે.

**ભાવાર્થ :–** અમે આ પ્રમાણે કહીએ છીએ, ભાષણ કરીએ છીએ, પ્રજ્ઞાપના કરીએ છીએ, પ્રરૂપણા કરીએ છીએ કે સર્વ પ્રાણી, ભૂત, જીવ અને સત્ત્વોની હિંસા કરવી જોઈએ નહિ. તેમના પર જબરજસ્તીથી શાસન કરવું જોઈએ નહિ; પકડીને દાસ બનાવવા જોઈએ નહિ; પરિતાપ દેવો જોઈએ નહિ; પ્રાણ રહિત કરવા જોઈએ નહિ. આ વિષયમાં નિશ્ચયરૂપથી સમજો કે અહિંસાનું પાલન સર્વથા દોષ રહિત છે. આ અહિંસાનું પ્રતિપાદન આર્યવચન છે.

**૮** **पुव्वं णिकाय समयं पत्तेयं पत्तेयं पुच्छिस्सामो– हं भो पावादुया ! किं भे सायं दुक्खं उदाहु असायं ? समिया पडिवण्णे या वि एवं बूया– सव्वेसिं पाणाणं सव्वेसिं भूयाणं सव्वेसिं जीवाणं सव्वेसिं सत्ताणं असायं अपरिणिव्वाणं महब्भयं दुक्खं । त्ति बेमि ।**

**॥ बिइओ उद्दसो समत्तो ॥**

**શબ્દાર્થ :–** **पुव्वं** = પહેલાં, **समयं णिकाय** = સ્વસિદ્ધાંતની વ્યવસ્થા કરીને, સિદ્ધાંતને નિશ્ચિત કરીને, **पत्तेयं पत्तेयं** = પ્રત્યેક પ્રત્યેક પરમતાવલંબીઓને માટે, **पुच्छिस्सामो** = પ્રશ્ન કરીશ, **हं भो पावादुया** = હે પ્રવાદુકો ! **किं भे** = શું તમોને, **सायं दुक्खं** = દુઃખ સાતાકારી છે, પ્રસન્ન કરે છે ? **उदाहु** = કહો કે, અથવા તો, **असायं** = પ્રતિકૂળ છે ? **समिया पडिवण्णे या वि** = સમ્યક્ પ્રકારે સ્વીકાર કરતાં, વાસ્તવિકતાનો સ્વીકાર કરતાં, **एवं बूया** = આ પ્રમાણે કહેવું જોઈએ, કહે છે, **असायं** = દુઃખ, **अपिरिणिव्वाणं** = પ્રતિકૂળ છે, અપ્રિય, અનિષ્ટકારી, **महब्भयं** = મહા ભયકારી, **दुक्खं** = દુઃખરૂપ છે.

**ભાવાર્થ :–** આ રીતે આર્યસિદ્ધાંતને વ્યવસ્થાપિત કરી, પ્રત્યેક દાર્શનિકને અમે પૂછીએ છીએ કે હે દાર્શનિકો ! પ્રખરવાદીઓ ! તમોને દુઃખ પ્રિય છે કે અપ્રિય ? સત્યનો સ્વીકાર કરીને તેઓએ એવું કહેવું પડશે કે સર્વ પ્રાણી, ભૂત, જીવ અને સત્ત્વોને દુઃખ અપ્રિય–પ્રતિકૂલ છે, મહાભય ઉપજાવનાર છે, દુઃખકારી છે.– એમ ભગવાને કહ્યું છે.

**॥ બીજો ઉદ્દેશક સમાપ્ત ॥**

**વિવેચન :–**

**णत्थित्थ दोसो :–** આ સૂત્રથી સાંખ્ય, મીમાંસક, ચાર્વાક, વૈશેષિક, બૌદ્ધાદિ અન્ય મતવાદીઓની હિંસા સંબંધી ભિન્નમાન્યતા, સૂક્ષ્મજીવોની હિંસાનો અસ્વીકાર, આત્માના અસ્તિત્વના નિષેધાદિ દોષો પ્રકાશિત કર્યા છે. "હિંસામાં કોઈ દોષ નથી" તેને અનાર્ય વચન કહીને શાસ્ત્રકારે યુક્તિથી તેની અનાર્યવચનતા સિદ્ધ કરી છે. તેમજ તેઓને પ્રતિપ્રશ્ન કર્યો છે કે તમોને દુઃખ પ્રિય છે કે અપ્રિય ? જો તમોને દુઃખ પ્રિય હોય તો તે કથન પ્રત્યક્ષથી બાધિત છે કારણ કે સહુનો પ્રયત્ન સુખ માટે જ હોય છે. જો તમે કહો કે દુઃખ અપ્રિય છે તો પછી જેમ તમને દુઃખ પ્રિય નથી તેમ જગતના કોઈ પણ જીવોને દુઃખ પ્રિય નથી. તો શા માટે તેની હિંસા કરો છો ? જગતના સર્વજીવોને સુખ જ પ્રિય છે માટે સહુને સુખી કરવાનો પ્રયત્ન કરવો. દુઃખી કરવાથી તો દુઃખની જ પ્રાપ્તિ થાય છે.

**॥ અધ્યયન–૪/૨ સંપૂર્ણ ॥**

## ચોથું અધ્યયન : ત્રીજો ઉદ્દેશક

**ધર્મવિમુખનો સંગ ત્યાગ :–**

**૧ उवेहि णं बहिया य लोगं । से सव्वलोगंसि जे केइ विण्णू ।**

**શબ્દાર્થ :– उवेहि** = ઉપેક્ષા કરે, **बहिया लोगं** = ધર્મથી વિમુખ માણસોની, **णं** = નિશ્ચયથી, **से सव्वलोगंसि** = તે સર્વલોકમાં, **जे केइ** = જે કોઈ, **विण्णु** = વિદ્વાન.

**ભાવાર્થ :–** હે આર્ય ! અહિંસા ધર્મથી વિરુદ્ધ આચરણ કરનારની તું ઉપેક્ષા કર. ઉપેક્ષા કરનારા વ્યક્તિ સર્વ લોકમાં વિજ્ઞાતા ગણાય છે.

**વિવેચન :–**

આ સૂત્રમાં ધર્મથી વિમુખ રહેનાર લોકોથી સાધકને સુરક્ષિત રહેવાની સૂચના કરી છે.

**उवेहि णं :–** આ પદમાં જે અહિંસાદિ ધર્મથી વિમુખ છે, તેઓની ઉપેક્ષા કરવાનું તાત્પર્ય એ છે કે– તેના વિધિ વિધાનોને, તેની નીતિ રીતિને માનો નહિ, તેના સંપર્કમાં આવો નહિ, તેનો આદર કરો નહિ, ધર્મવિરુદ્ધના તેના ઉપદેશને યથાર્થ માનો નહિ, તેના આડંબર અને છટાદાર ભાષણોથી પ્રભાવિત થાઓ નહિ અને તેઓના કથનને અનાર્ય વચન સમજો.

**से सव्व लोगंसि जे केइ विण्णू :–** અહીં સર્વલોકનો અર્થ છે કે સમસ્ત દાર્શનિક જગત. જે વ્યક્તિ ધર્મથી વિરુદ્ધ હિંસાદિની પ્રરૂપણા કરે છે, તેના વિચારોથી જે ભ્રાંત થતા નથી, તે પોતાની સ્વતંત્ર બુદ્ધિથી ચિંતન, મનન કરે છે, હેયોપાદેયનો વિવેક કરે છે. સર્વ સંસારી જીવોના દુઃખનો આત્મસમ દૃષ્ટિથી વિચાર

કરે છે. તે સર્વ દાર્શનિક જગતમાં શ્રેષ્ઠ વિદ્વાન કહેવાય છે.

## કુશળ ઉપદેષ્ટાની પરિજ્ઞા :–

**૨ अणुवीइ पास णिक्खित्तदंडा जे केइ सत्ता पलियं चयंति । णरा मुयच्चा धम्मविउ त्ति अंजू आरंभजं दुक्खमिणं ति णच्चा । एवमाहु समत्तदंसिणो । ते सव्वे पावाइया दुक्खस्स कुसला परिण्णमुदाहरंति । इति कम्मं परिण्णाय सव्वसो ।**

**શબ્દાર્થ :– अणुवीइ** = વિચાર કરીને, **णिक्खित्तदंडा** = દંડત્યાગી, હિંસાત્યાગી, **जे केइ सत्ता** = જે કોઈ સત્ત્વશીલ, **पलियं चयंति** = કર્મોનો ત્યાગ કરે છે, **णरा** = મનુષ્ય, **मुयच्चा** = શરીરની વિભૂષા નહિ કરનાર, **धम्मविउ त्ति** = ધર્મના જ્ઞાતા, **अंजू** = સરળ છે, **आरंभजं** = આરંભથી ઉત્પન્ન થાય છે, **इणं** = આ, **दुक्खं** = દુઃખ, **ति णच्चा** = આ પ્રમાણે જાણીને, **एवमाहु** = આ પ્રમાણે કહ્યું છે, **समत्तदंसिणो** = સમત્વદર્શી, સમ્યગ્દર્શી, **ते सव्वे पावाइया** = તે સર્વ તત્ત્વ વક્તા, પ્રાવચનિક, **दुक्खस्स** = દુઃખનો નાશ કરવામાં, **कुसला** = કુશલ, **परिण्णं** = પરિજ્ઞા, જાણીને ત્યાગવાની શિક્ષા, **उदाहरंति** = કહે છે, ઉપદેશ આપે છે, **इति** = આ પ્રમાણે, **कम्मं** = કર્મને, **परिण्णाय** = જાણીને, **सव्वसो** = સર્વ રીતે.

**ભાવાર્થ :–** હે સાધક ! તું વિચાર કરીને જો કે જે કોઈ સત્વશીલ સાધક મન, વચન, કાયાથી દંડનો અર્થાત્ હિંસાનો ત્યાગ કરે છે તે કર્મોનો ક્ષય કરે છે. જે પુરુષ દેહ પ્રત્યે અનાસક્ત છે તે જ ધર્મને જાણી શકે છે અને ધર્મને જાણનાર ઋજુ–સંયમી હોય છે. દુઃખ હિંસાથી ઉત્પન્ન થાય છે, આ જાણી હિંસાનો ત્યાગ કરવો જોઈએ. સમત્વદર્શી પ્રવચનકારોનો આ ઉપદેશ છે. તે સર્વ સમત્વદર્શી કુશળ પ્રવચનકાર તીર્થંકર પ્રભુ દુઃખથી મુક્ત થવાની પરિજ્ઞાનું પ્રતિપાદન કરે છે કે કર્મબંધના સ્વરૂપને જાણીને તેનો સર્વથા ત્યાગ કરવો જોઈએ.

## વિવેચન :–

**दंडा :–** મન, વચન, કાયાથી પ્રાણીઓનો નાશ કરનારી પ્રવૃત્તિ ને 'દંડ' કહેલ છે. અહીં દંડ એ હિંસાનો પર્યાયવાચી શબ્દ છે. હિંસાયુક્ત વૃત્તિ ભાવદંડ છે.

**मुयच्चा (मृतार्चाः) :– अर्चा** શબ્દ અહીં બે અર્થમાં વપરાયો છે– શરીર અને ક્રોધ. તેથી મૃતાર્ચાના બે અર્થ છે– (૧) જેની દૃષ્ટિ દેહની શુશ્રૂષા પ્રતિ નથી અર્થાત્ જે શરીર પ્રત્યે અત્યંત ઉદાસીન કે અનાસક્ત છે, તે મૃતાર્ચા કહેવાય છે. (૨) ક્રોધ, અગ્નિની જેમ તેજ હોય છે તેથી તેને અર્ચા કહેલ છે. ઉપલક્ષણથી સર્વ કષાયોને ગ્રહણ કરી લેવા જોઇએ. જેનો કષાય રૂપી અગ્નિ મૃત–નાશ થઈ ગયો છે તે પણ 'મૃતાર્ચા' કહેવાય છે.

**समत्तदंसिणो :–** સંસ્કૃતમાં તેના ત્રણ રૂપો બને છે– **समत्वदर्शिनः, सम्यक्त्वदर्शिनः** અને

**समस्तदर्शिनः** (૧) સર્વજ્ઞ અરિહંત દેવની પ્રાણી માત્ર ઉપર સમત્વદષ્ટિ હોય છે. તે સર્વને આત્મ સમાન જાણે છે, જુએ છે, માટે તે **સમત્વદર્શી** છે. (૨) પ્રત્યેક વસ્તુ, વ્યક્તિ, વિચારધારા, ઘટના આદિના ઊંડાણમાં જઈને તેની સચ્ચાઈને યથાર્થરૂપે જાણે છે, જુએ છે માટે તે **સમ્યક્ત્વદર્શી** છે. (૩) સર્વજ્ઞ હોવાને કારણે તે સમસ્તદર્શી અને સર્વદર્શી પણ છે.

**एवमाहु समत्तदंसिणो :–** નો બીજો અર્થ એ પણ થાય છે કે ઉપર કહેલ ધર્મવેત્તા 'મૃતાર્ચા' આરંભ ત્યાગી સાધક સમત્વદર્શી કહેવાય છે.

અહીં **सव्वसो** ના બે પ્રકારે અર્થ થાય છે– (૧) કર્મોનો સંપૂર્ણતયા ત્યાગ કરવો જોઈએ. (૨) જ્ઞપરિજ્ઞાથી કર્મોને સર્વપ્રકારે જાણીને પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી તેનો ત્યાગ કરવો જોઈએ. કર્મોને સર્વ પ્રકારે જાણવું અર્થાત્ કર્મોનું લક્ષણ, તેના બંધનના કારણો, તેની મૂળ પ્રકૃતિ આઠ અને ઉત્તર પ્રકૃતિ ૧૪૮, તેમજ પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ અને પ્રદેશરૂપે ચાર પ્રકારનો બંધ તથા સમસ્ત બાંધેલા કર્મોને ક્ષય કરવાના ઉપાયો ઈત્યાદિ. આ રીતે મોક્ષાર્થી સાધકે કર્મોનું સમસ્ત જ્ઞાન મેળવવું જોઈએ અને કર્મથી મુક્ત થવાનો પુરુષાર્થ કરવો જોઈએ.

## શરીર નિર્મોહ આરાધના :–

**૩ इह आणाकंखी पंडिए अणिहे एगमप्पाणं संपेहाए धुणे सरीरं, कसेहि अप्पाणं, जरेहि अप्पाणं । जहा जुण्णाइं कट्ठाइं हव्ववाहो पमत्थइ एवं अत्तसमाहिए अणिहे।**

**શબ્દાર્થ :– इह** = આ જૈનશાસનમાં, **आणाकंखी** = આજ્ઞાના આરાધક, **अणिहे** = અલિપ્ત, **एगं** = એક માત્ર, **अप्पाणं** = આત્માને, **संपेहाए** = સમ્યક્ રીતે જાણીને, **सरीरं** = કાર્મણ શરીરને, **धुणे** = દુર્બળ કરે, **कसेहि अप्पाणं** = પોતાના શરીરને કૃશ કરે, **अप्पाणं जरेहिं** = પોતાના શરીરને જીર્ણ કરે, **जहा** = જેવી રીતે, **जुण्णाइं कट्ठाइं** = જીર્ણ લાકડાને, **हव्ववाहो** = અગ્નિ, **पमत्थइ** = બાળે છે, **एवं** = આ પ્રમાણે, **अत्तसमाहिए** = આત્મસમાધિ અનુસાર મુનિ કર્મક્ષય કરે પરંતુ, **अणिहे** = શરીર પ્રત્યે રાગ ન કરે.

**ભાવાર્થ :–** અહીં અર્હત્ પ્રવચનમાં જિનાજ્ઞાની આરાધનાના ઈચ્છુક પંડિત સાધક શરીર પ્રત્યે સ્નેહ રહિત થઈને એકમાત્ર આત્માને સમ્યક્ રીતે જાણીને કર્મશરીરને કૃશ કરે. હે આર્ય ! તપશ્ચર્યાથી પોતાના કષાયાત્માને કૃશ કર, જીર્ણ કર. જેવી રીતે અગ્નિ જીર્ણ કાષ્ઠને જલદી બાળી નાખે છે, તેવીજ રીતે મુનિવર શરીરના માધ્યમથી કર્મોનો નાશ કરે, કર્મશરીરને (તપ ધ્યાનની અગ્નિથી) જલદી બાળી નાખે છે પરંતુ શરીરનું મમત્વ કરે નહીં. એવી રીતે હે આર્ય ! તું પણ આત્મ સમાધિનું ધ્યાન રાખ પરંતુ શરીર પ્રત્યે મમત્વ ન રાખ.

## વિવેચન :–

**आणाकंखी :–** સર્વજ્ઞના ઉપદેશ અનુસાર અનુષ્ઠાન કરનાર, આગમ આદેશોનું પૂર્ણ લક્ષ્ય રાખનારા

અર્થાત્ કેવળ શાસ્ત્રજ્ઞાનની જ અપેક્ષા રાખનાર, તેના સિવાય કોઈ લક્ષ્ય નહિ રાખનાર સાધક આણાકંખી– આજ્ઞાકાંક્ષી કહેવાય છે.

**अणिहे :–** સ્નેહ રહિત. આજ્ઞાકાંક્ષી પંડિત સાધક શરીર પ્રત્યે અથવા કોઈ પણ પદાર્થ પ્રત્યે સ્નેહ–રાગ ભાવ રાખે નહીં. તાત્પર્ય એ છે કે મોક્ષ સાધનામાં શરીરનો કિંચિત્ પણ મોહ કરવો નહીં.

**एगमप्पाणं संपेहाए :–** શરીરનો મોહ ન રાખતાં માત્ર આત્માની અનુપ્રેક્ષા કરે, આત્મહિતનો જ વિચાર કરે અથવા આત્મા સંબંધી એકત્વ ભાવના, અન્યત્વ ભાવનાની અનુપ્રેક્ષા આ પ્રમાણે કરે, જેમ કે–

**एकः प्रकुरुते कर्म, भुनक्त्येकश्च तत्फलम् ।**
**जायते म्रियते चैक, एको याति भवान्तरम् ॥१॥**

આત્મા એકલો જ કર્મ કરે છે, એકલો જ તેનું ફળ ભોગવે છે, એકલો જ જન્મે છે અને એકલો જ મરે છે, એકલો જ ભવાન્તરમાં જાય છે.

**सदैकोऽहं, न मे कश्चित्, नाहमन्यस्य कस्यचित् ।**
**न तं पश्यामि यस्याऽहं, नासौ भावीति यो मम ॥२॥**

હું હંમેશાં એકલો જ છું, મારું કોઈ નથી. હું કોઈનો નથી, જેનો હું છું તેને જોઈ શકતો નથી, જે મારું થઈ શકે તેને પણ હું જોઈ શકતો નથી. જેને મારું માનું છું તે મારું બની શકતું નથી.

**संसार एवाऽयमनर्थसारः, कः कस्य, कोऽस्वजनः परो वा ।**
**सर्वे भ्रमन्ति स्वजनाः परे च, भवन्ति भूत्वा, न भवन्ति भूयः ॥३॥**

આ સંસારમાં અનર્થની જ મુખ્યતા છે આ જગતમાં કોણ કોનું છે? કોણ સ્વજન કે પરજન છે? સંસારચક્રમાં પરિભ્રમણ કરતાં કોઈ જન્મમાં સ્વજન બને છે અને પાછા તે જ પરજન બની જાય છે. એક સમય એવો આવે છે કે જ્યારે કોઈ સ્વજન રહેતું નથી કે કોઈ પરજન રહેતું નથી.

**विचिन्त्यमेतद् भवताऽहमेको, न मेऽस्ति कश्चित्पुरतो न पश्चात् ।**
**स्वकर्मभिर्भ्रान्तिरियं ममैव, अहं पुरस्तादहमेव पश्चात् ॥४॥**

હું એકલો જ છું એવું તમે વિચારો. પહેલાં પણ મારું કોઈ ન હતું અને પછી પણ મારું કોઈ નથી, પોતાનાં કર્મોનાં કારણે મને બીજાને મારા માનવાની ભ્રાંતિ થઈ રહી છે. વાસ્તવમાં પહેલાં પણ હું એકલો હતો અને અત્યારે પણ એકલો છું અને ભવિષ્યમાં પણ હું એકલો જ રહીશ.

**एकः सदा शाश्वतिको ममात्मा, विनिर्मलः समाधिगम–स्वभावः।**
**बहिर्भवाः सन्त्यपरे समस्ताः, न शाश्वताः कर्मभवाः स्वकीयाः ॥५॥**

જ્ઞાન સ્વભાવવાળો શુદ્ધ અને શાશ્વત એકલો આત્મા જ મારો છે, બીજા સર્વ પદાર્થો આત્માથી બહાર છે, તે શાશ્વત નથી. તે સર્વ કર્મોદયથી પ્રાપ્ત થવાના કારણે પોતાના કહેવાય છે, પણ વાસ્તવિક રૂપે તે આપણા નથી, બાહ્ય ભાવ છે.

**कसेहिं अप्पाणं :–** અહીં **अप्पाणं** શબ્દના બે પ્રકારે અર્થ થાય છે– દ્રવ્યની અપેક્ષાએ અને ભાવની અપેક્ષાએ. (૧) દ્રવ્યની અપેક્ષાએ શરીરને કૃશ અને જીર્ણ કરવાની સમ્યગ્ વિવેક યુક્ત પ્રેરણા છે. સંયમ, નિયમ તેમજ તપની શક્ય હોય તેટલી વૃદ્ધિ કરે. તેમાં શરીરનું લક્ષ્ય ઓછું રાખે. કર્મથી મુક્ત થવા અને મોક્ષને પ્રાપ્ત કરવા, ઉત્કૃષ્ટતમ લક્ષ્યને પૂર્ણ સફળ કરવા માટે શરીરની ઉપેક્ષા કરીને શરીરને કૃશ કરે, શરીરની શક્તિ ક્ષીણ થઈ જાય તો પણ પરવા કરે નહિ. (૨) ભાવની અપેક્ષાએ કષાય આત્માને કૃશ કરે, જીર્ણ કરે અર્થાત્ નિરંતર કષાયોને શાંત–ઉપશાંત કરે.

**अत्त समाहिए :–** અહીં શાસ્ત્રકારે સાધકને કંઈક વિશેષરૂપે સાવધાન કરેલ છે કે પ્રબળતમ વૈરાગ્યની સાથે ઉગ્ર તપશ્ચર્યા કરતાં પણ આત્માની સમાધિ, ચિત્તની પ્રસન્નતા, અધ્યવસાયોની વિશુદ્ધિની પૂર્ણ કાળજી રાખે. આત્મ પરિણામ અને ઉત્સાહ સદા પ્રગતિશીલ રહે એવી પૂર્ણ સાવધાની રાખે. તાત્પર્ય એ છે કે તપશ્ચરણમાં એવો કોઈ પ્રકારનો અવિવેક ન થાય કે જેનાથી ભાવોમાં ખેદ ઉત્પન્ન થાય અથવા મનમાં ગ્લાનિ દીનતા થઈ જાય. દશવૈકાલિક સૂત્રમાં પણ કહ્યું છે કે **बलं थामं च पेहाए** = પોતાનું સામર્થ્ય જોઈને સાધક કર્મક્ષય કરવામાં શક્તિનો સદુપયોગ કરે.

## ક્રોધ ત્યાગ :–

**૪ विगिंच कोहं अविकंपमाणे इमं णिरुद्धाउयं संपेहाए । दुक्खं च जाण अदुवागमेस्सं । पुढो फासाइं च फासे । लोयं च पास विप्फंदमाणं ।**

**શબ્દાર્થ :– कोहं विगिंच** = ક્રોધ કષાયને નષ્ટ કરો, દૂર કરો, **अविकंपमाणे** = અકંપ થઈને, સ્થિરતાથી, દઢતાથી, ચંચળચિત્ત થયા વિના, **इमं** = આ, **णिरुद्धाउयं** = રૂંધાતુ આયુષ્ય, સોપક્રમવાળું આયુ, અલ્પઆયુ, **संपेहाए** = જોઈને, **दुक्खं च** = દુઃખ, માનસિક દુઃખ, **जाण** = જાણો, **अदुवा** = વર્તમાન, અથવા, **आगमेस्सं** = ભવિષ્યકાળમાં, **पुढो फासाइं** = ભિન્ન–ભિન્ન સ્પર્શો, દુઃખો, **फासे** = સ્પર્શે છે–પ્રાપ્ત થાય છે, **लोगं** = લોક–જીવોને, **विप्फंदमाणं** = દોડધામ કરતાં.

**ભાવાર્થ :–** આ મનુષ્યજીવન અલ્પાયુ છે એમ સંપ્રેક્ષા કરતાં હે સાધક ! સ્થિરતાપૂર્વક ક્રોધનો ત્યાગ કર. ક્રોધાદિથી ઉત્પન્ન થતાં વર્તમાન અથવા ભાવિના દુઃખોને જાણ. ક્રોધના કારણે જીવ ભિન્ન–ભિન્ન નરકાદિ સ્થાનોમાં દુઃખોનો અનુભવ કરે છે. આ વિષયમાં તું જો કે જગતના પ્રાણીઓ દુઃખના પ્રતિકાર માટે ચારે બાજુ દોડ દોડ કરે છે.

## વિવેચન :–

**विगिंच कोहं :–** પૂર્વના વાક્યમાં દ્રવ્યની મુખ્યતા સાથે ભાવનું કથન છે અને આ વાક્યમાં ભાવની

મુખ્યતાએ કથન છે કે કોઈ પણ વ્યવહારમાં કે કોઈ પણ સંયોગમાં સ્થિર ચિત્ત રહીને મનોબળને દ્રઢ રાખતા ચિત્તની જરાપણ ચંચળતા કર્યા વિના ક્રોધથી હંમેશાં દૂર રહો, તો જ ઉપર કહેલી દ્રવ્ય સાધના પૂર્ણ સફળ થાય. પૂર્વ સૂત્રમાં **अत्त समाहिए** શબ્દથી ભાવ સમાધિને જ કહેલ છે. **विगिंचकोहं** સૂત્રથી અહીં પુષ્ટી કરવામાં આવી છે કે ક્રોધ પણ આત્માની અસમાધિનું એક રૂપ છે, કારણ કે ક્રોધ આવવાથી મનુષ્યનું હૃદય, મસ્તક તેમજ શરીર ધ્રૂજવા લાગે છે, મુખથી અયોગ્ય વચન નીકળવા લાગે છે માટે સાધનાની સફળતામાં ક્રોધનો ત્યાગ દઢ મનોયોગ સાથે આવશ્યક છે અર્થાત્ સમાધિસ્થ થઈને ક્રોધ પર વિજય પ્રાપ્ત કરવો જોઈએ.

પૂર્વના સૂત્રમાં **अणिहे** પદથી રાગની નિવૃત્તિનું અને અહીં ક્રોધત્યાગનો નિર્દેશ કરીને દ્વેષની નિવૃત્તિ કથન કર્યું છે.

**दुक्खं च जाण ... विप्फंदमाणं :–** આ વાક્ય દ્વારા ક્રોધથી થનાર વર્તમાન અને ભવિષ્યનાં દુઃખોને જ્ઞપરિજ્ઞાથી જાણીને પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી છોડવાની પ્રેરણા આપી છે. ક્રોધના કારણે ભવિષ્યમાં નરક યોનિ અને સર્પાદિ યોનિમાં પ્રાપ્ત થનાર દુઃખોનું દિગ્દર્શન કરાવ્યું છે, સાથે એ પણ સ્પષ્ટ કર્યું છે કે ક્રોધાદિને વશ થઈને સર્વ સંસારી જીવ શારીરિક, માનસિક દુઃખોથી ઘેરાઈને તેના નિવારણ માટે ચારેબાજુ દોડાદોડી કરે છે. તું આ વિવેક ચક્ષુથી જો. **विप्फंदमाणं** નો અર્થ વૃત્તિકારે કર્યો છે કે– "પરાધીન પણે દુઃખ નિવારણ માટે ચારેબાજુ દોડતા પ્રાણી."

### પાપ અને કષાય ત્યાગ :-

**૫** **जे णिव्वुडा पावेहिं कम्मेहिं अणियाणा ते वियाहिया । तम्हाऽतिविज्जो णो पडिसंजलिज्जासि । त्ति बेमि ।**

**॥ तइओ उद्देसो समत्तो ॥**

**શબ્દાર્થ :– जे निव्वुडा** = જે નિવૃત્ત છે, **अणियाणा** = નિયાણા રહિત, **ते वियाहिया** = તે કહેવાયા છે, **तम्हा** = તેથી, **अतिविज्जो** = પ્રબુદ્ધ પુરુષ, શાસ્ત્રના રહસ્યને જાણનાર, **णो पडिसंजलिज्जासि** = ક્રોધથી આત્માને બાળે નહિ.

**ભાવાર્થ :–** જે વ્યક્તિ પાપકર્મોથી નિવૃત્ત છે, તેઓ અનિદાન–કર્મોથી મુક્ત કહેવાય છે. માટે હે ઉત્તમજ્ઞાની સાધક ! તું કષાયની અગ્નિથી ક્યારે ય પણ પ્રજવલિત ન થા. – એમ ભગવાને કહ્યું છે.

**॥ ત્રીજો ઉદ્દેશક સમાપ્ત ॥**

### વિવેચન :-

**जे णिव्वुडा पावेहिं कम्मेहिं, अणियाणा :–** નિદાન શબ્દ અહીં કર્મસત્તા–અસ્તિત્વ તેમજ કર્મ

બંધના અર્થમાં વપરાયો છે તેથી આ સૂત્રનું તાત્પર્ય એ છે કે જે પાપકર્મોથી પૂર્ણ રૂપે નિવૃત્ત થઈ જાય છે, અલગ રહે છે, ત્રણ કરણ ત્રણયોગથી સાવદ્ય આચરણ કરતા નથી, પૂર્ણ સંવૃત્ત રહે છે તે અકર્મક–કર્મરહિત, અલ્પકર્મી કહેવાય છે, તે હળુકર્મી જીવ કર્મોથી મુક્ત થાય છે.

**णो पडिसंजलिज्जासि :–** આ શબ્દના બે પ્રકારે અર્થ થાયછે– (૧) સંજ્વલન અર્થાત્ કષાય કરે નહિ અને પ્રતિ સંજ્વલન એટલે કે ક્રોધ કરનારની સામે પણ ક્રોધ કરે નહીં. (૨) આત્માને કષાયાગ્નિથી સંજ્વલિત કરે નહીં અને 'પ્રતિ' ઉપસર્ગ સાથે આવવાથી અર્થ થાય કે વારંવાર કષાયાગ્નિથી આત્માને પ્રજ્વલિત કરે નહીં, બાળે નહીં અર્થાત્ કષાયથી આત્મગુણોનો નાશ કરે નહીં.

**॥ અધ્યયન–૪/૩ સંપૂર્ણ ॥**

## ચોથું અધ્યયન : ચોથો ઉદ્દેશક

### વિવિધ તપારાધના :–

**१ आवीलए पवीलए णिप्पीलए जहित्ता पुव्वसंजोगं हिच्चा उवसमं । तम्हा अविमणे वीरे सारए समिए सहिए सया जए । दुरणुचरो मग्गो वीराणं अणियट्ट– गामीणं । विगिंच मंस–सोणियं । एस पुरिसे दविए वीरे आयाणिज्जे वियाहिए जे धुणाइ समुस्सयं वसित्ता बंभचेरंसि ।**

**શબ્દાર્થ :– आवीलए** = તપશ્ચર્યાથી દેહનું દમન કરે, પીડિત કરે, કૃશ કરે, **पवीलए** = વિશેષ દેહ દમન કરે, વિશેષ પીડિત કરે, **णिप्पीलए** = સંપૂર્ણ રીતે દેહદમન કરે, શરીરને પીડિત કરે, **जहित्ता पुव्वसंजोगं** = પૂર્વસંયોગોને છોડીને, **उवसमं हिच्चा** = ઉપશમને પ્રાપ્ત કરી, સંયમ ધારણ કરી, **तम्हा** = તેથી, **अविमणे** = સ્વસ્થચિત્ત, વિષય–કષાયથી મુક્ત ચિત્ત, અનુદ્વેગ ચિત્ત, **सारए** = સંયમ પાલનમાં લીન, **समिए** = સમિતિ યુક્ત, **सहिए** = જ્ઞાન યુક્ત, **जए** = યત્ના કરે, **दुरणुचरो** = આચરણ કરવું કઠિન છે, **वीराणं मग्गो** = વીરોનો માર્ગ, **अणियट्टगामीणं** = મોક્ષગામી, **मंससोणियं विगिंच** = માંસ અને લોહીને સૂકવી દે, ઓછા કરે, **दविए** = સંયમવાન, **आयाणिज्जे** = અનુકરણીય, મોક્ષાર્થી, **वियाहिए** = કહેવાયા છે, **धुणाइ** = કૃશ કરે છે, **समुस्सयं** = કર્મ સમૂહને, શરીરને, **बंभचेरंसि वसित्ता** = બ્રહ્મચર્યમાં નિવાસ કરતાં, સંયમમાં રહીને.

**ભાવાર્થ :–** મુનિ પૂર્વસંયોગોનો ત્યાગ કરી, સંયમનો સ્વીકાર કરીને તપ દ્વારા શરીરને પીડિત કરે, વિશેષ પીડિત કરે અને પછી સંપૂર્ણ રીતે પીડિત કરે.

આ રીતે તપનું આચરણ કરનાર મુનિ સદા અવિમન–સ્વસ્થ ચિત્ત રહે. તપ કરતાં પણ કયારે ય ખેદ ખિન્ન ન થાય, પ્રસન્ન રહે, આત્મભાવમાં સદા લીન રહે, સ્વમાં રમણ કરે, પાંચ સમિતિથી અને

જ્ઞાનથી યુક્ત થઈ સદા યત્ના પૂર્વક ક્રિયા કરે. અપ્રમત્ત બનીને જીવનપર્યંત સંયમ સાધના કરનાર અનિવૃત્ત ગામી–મોક્ષાર્થી વીર મુનિઓનો માર્ગ અત્યંત વિકટ છે. તેમાં સાધક શરીરનાં માંસ, લોહીને તપશ્ચર્યાથી ઓછાં કરે, શરીરને કૃશ કરે.

જે પુરુષ બ્રહ્મચર્યમાં–સંયમમાં સ્થિર રહીને કર્મસમૂહને તપશ્ચર્યાદિથી ખંખેરી નાંખે, ક્ષય કરે તે જ પુરુષ સંયમી, રાગદ્વેષના વિજેતા હોવાથી પરાક્રમી અને બીજાના માટે અનુકરણીય આદર્શરૂપ હોય છે અથવા મુક્તિગમનને યોગ્ય હોય છે.

## વિવેચન :–

આ ઉદ્દેશકમાં સમ્યક્ચારિત્રની સાધનાના વિષયમાં આત્માની સાથે શરીર અને શરીર સાથે સંબંધિત બાહ્ય પદાર્થોના સંયોગો, મોહ બંધનો, આસક્તિઓ, રાગ–દ્વેષ તેમજ તેનાથી થનાર કર્મબંધનોનો ત્યાગ કરવાની પ્રેરણા આપી છે.

**आवीलए पवीलए णिप्पीलए :–** આ ત્રણ શબ્દો મુનિ જીવનની સાધનાના ક્રમને બતાવે છે. આપીડન, પ્રપીડન અને નિષ્પીડન. આ ક્રમથી મુનિ જીવનની સાધનાની ત્રણ ભૂમિકા છે. મુનિ જીવનની પ્રાથમિક તૈયારી માટે બે વાત અનિવાર્ય છે, જે આ સૂત્રમાં બતાવી છે– **जहित्ता पुव्वसंजोगं** અને **हिच्चा उवसमं** (૧) મુનિ જીવનને અંગીકાર કરતાં પહેલાં પૂર્વના ધન, ધાન્ય, જમીન–જાગીર, કુટુંબ–પરિવારાદિના મમત્વનો અને સંયોગનો ત્યાગ કરે (૨) ઈન્દ્રિય અને મનની ઉપશાંતિ અર્થે સંયમનો સ્વીકાર કરે.

પ્રવ્રજ્યા ગ્રહણ કર્યા પછી મુનિ સાધનાની ત્રણ ભૂમિકામાંથી પસાર થાય છે. (૧) દીક્ષા લીધા પછી શાસ્ત્રાધ્યનના સમય સુધીની પહેલી ભૂમિકા છે. તેમાં તે સંયમ રક્ષા તેમજ શાસ્ત્રાધ્યયન માટે આવશ્યક તપ(આયંબિલ, ઉપવાસાદિ) કરે છે તે 'આપીડન' છે. (૨) ત્યાર પછી બીજી ભૂમિકા પોતાના શિષ્યો કે નાના સંતોના અભ્યાસ તેમજ ધર્મપ્રચાર–પ્રસારની છે. આ સમયે તે સંયમની ઉત્કૃષ્ટ સાધના અને દીર્ઘ તપશ્ચર્યા કરે છે, આ 'પ્રપીડન' છે. (૩) ત્યારબાદ ત્રીજી ભૂમિકા આવે છે– શરીરત્યાગની. મુનિ આત્મકલ્યાણની ભાવના સાથે સંયમ તપની સાધનામાં પરિપક્વ થઈ જાય તેમ જ શરીર પણ જીર્ણ–શીર્ણ અથવા વૃદ્ધ થઈ જાય, ત્યારે તે સમાધિ મરણની તૈયારીમાં જોડાઈ જાય છે, તે સમયે તે મોક્ષાભિલાષી સાધક એકાંગી તપ સાધનામાં જ લીન થઈ દેહ વિસર્જનની ઉત્કૃષ્ટ સાધના કરે છે, તે 'નિષ્પીડન' છે.

સાધનાની આ ત્રણ ભૂમિકાઓમાં શાસ્ત્રકારે બાહ્ય, આભ્યંતર તપ તેમજ શરીર તથા આત્માનું ભેદવિજ્ઞાન કરીને તેને અનુરૂપ સ્થૂલ શરીર માટે આપીડન, પ્રપીડન અને નિષ્પીડનની પ્રેરણા આપી છે. આ તપશ્ચર્યા કર્મક્ષય માટે હોય છે માટે અહીં કર્મ કે કાર્મણ શરીરનું પીડન પણ સમજી શકાય છે.

વૃત્તિકારે ગુણસ્થાન સાથે ત્રણ ભૂમિકાઓનો સંબંધ કાર્મણ શરીર–કર્મની અપેક્ષાએ બતાવ્યો છે. અપૂર્વકરણાદિ ગુણસ્થાનોમાં કર્મોનું આપીડન થાય છે, અનિવૃત્તિબાદર ગુણસ્થાનમાં પ્રપીડન તથા

સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનમાં નિષ્પીડન થાય છે અથવા ઉપશમશ્રેણીમાં આપીડન, ક્ષપકશ્રેણીમાં પ્રપીડન અને શૈલેશી અવસ્થામાં નિષ્પીડન થાય છે.

**विगिंच मंस–सोणियं :–** શરીરના લોહી–માંસને ચૂકવી નાંખે. અહીં શરીર પ્રતિ નિર્મોહ બની તપશ્ચર્યા કરવાની પ્રેરણા આપી છે અને સાધકને વીર તથા આદર્શ શ્રમણ કહી બિરદાવેલ છે. બ્રહ્મચર્યની સાધના માટે પણ શરીરને કૃશ કરવું આવશ્યક છે. આ આશયને સ્પષ્ટ કરતાં ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે કે–

**जहा दवग्गि पउरिंधणे वणे, समारुओ णोवसमं उवेइ ।**
**एविंदियग्गी वि पगामभोइणो, ण बंभयारिस्स हियाय कस्सइ ।** –(ઉત્ત. અ. ૩૨. ગા.૧૧)

જે રીતે પ્રચુર ઈંધણવાળા વનમાં પવન સાથે લાગેલો દાવાનળ શાંત થતો નથી તે જ રીતે પ્રકામભોજીની ઈન્દ્રિયરૂપી અગ્નિ(વાસના) શાંત થતી નથી માટે બ્રહ્મચારીને અતિભોજન કરવું કયારે ય હિતકારી નથી.

પ્રકામ (રસયુક્ત ઈચ્છિત) ભોજનથી લોહી, માંસ વધે છે; પ્રકામ ભોજનના ત્યાગથી શરીરમાં લોહી, માંસ વધતા નથી અને ક્રમશઃ ચરબી, હાડકા, મજ્જા અને વીર્ય સૂકાઈ જાય છે; તેની વૃદ્ધિ થતી નથી. આ કારણે સહજ રીતે જ આ પીડનાદિની સાધના થઈ જાય છે.

**वसित्ता बंभचेरंसि :–** બ્રહ્મચર્યમાં નિવાસ કરવાનું તાત્પર્ય પણ ગહન છે. બ્રહ્મચર્યના ચાર અર્થો થાય છે– (૧) બ્રહ્મ આત્મામાં રમણ કરવું. (૨) મૈથુનથી વિરતિ અથવા સર્વ ઈન્દ્રિયોનો સંયમ. (૩) ગુરુકુળવાસ(૪) સદાચાર.

બ્રહ્મચર્યના આ સર્વ અર્થો અહીં ઘટી શકે છે છતાં અહીં સમ્યક્ચારિત્રનો પ્રસંગ છે. બ્રહ્મચર્ય એ ચારિત્રનું એક મુખ્ય અંગ છે. આ દષ્ટિથી બ્રહ્મચર્યમાં અર્થાત્ ચારિત્રમાં રહી કર્મનો ક્ષય કરે એ અર્થ પ્રાસંગિક છે.

## જિનાજ્ઞાવિરાધક શ્રમણ :-

**૨ णेत्तेहिं पलिछिण्णेहिं आयाणसोयगढिए बाले अव्वोच्छिण्णबंधणे अणभिक्कंत संजोए । तमंसि अविजाणओ आणाए लंभो णत्थि त्ति बेमि । जस्स णत्थि पुरा पच्छा, मज्झे तस्स कुओ सिया ?**

**શબ્દાર્થ :– णेत्तेहिं** = નેત્રાદિ ઈન્દ્રિયોને, **पलिछिण्णेहिं** = પોત–પોતાના વિષયોથી નિવૃત્ત કરીને, રોકીને, **आयाण** = હિંસાદિ પાપોમાં, **सोय** = ઈન્દ્રિય વિષયરૂપ સ્રોતમાં, **गढिए** = આસક્ત, **बाले** = અજ્ઞાની, **अव्वोच्छिण्णबंधणे** = કર્મબંધન છેદી શકતા નથી, **अणभिक्कंतसंजोए** = સંયોગોનું

ઉલ્લંઘન કરી શકતા નથી, **तमंसि** = મોહાંધકારમાં, ડૂબી જાય છે, **अविजाणओ** = અજાણ થઈને, **आणाए** = તેઓને આજ્ઞાનો, **लंभो णत्थि** = લાભ થતો નથી, આરાધના થતી નથી, **जस्स** = જેને, **पुरा** = પહેલાં, પ્રારંભમાં, પૂર્વભવમાં, **णत्थि** = બોધિનો લાભ થયો નથી, આરાધના નથી, **पच्छा** = પછી, અંતમાં, આગામી ભવમાં, **तस्स** = તેને, **मज्झे** = વચ્ચે, વર્તમાન ભવમાં, **कुओ सिया** = ક્યાંથી થઈ શકે ?

**ભાવાર્થ :–** નેત્રાદિ ઈન્દ્રિયો પર નિયંત્રણ–સંયમનો અભ્યાસ કરતાં પણ મોહાદિ ઉદયવશ બાલજીવ ઈન્દ્રિય વિષયોમાં અને હિંસાદિ પાપોમાં આસક્ત થઇ જાય છે, તે કર્મ બંધનોને તોડી શકતા નથી. (શરીર તથા પરિવારાદિના) સંયોગોને છોડી શકતા નથી. તે આત્મહિતને નહીં સમજતાં મોહાંધકારમાં ડૂબી જાય છે. તે સાધકને તીર્થંકરોની આજ્ઞા પાલનનો લાભ પ્રાપ્ત થતો નથી અર્થાત્ તે સાધક જિનાજ્ઞાના આરાધક થઈ શકતા નથી.

પૂર્વોક્ત જિનાજ્ઞાની આરાધના જેના સંયમી જીવનના પ્રારંભમાં પણ નથી અને અંતિમ જીવનમાં પણ નથી, તો પછી વચ્ચેના સમયમાં હોવી સંભવિત નથી.

## વિવેચન :–

**आयाणसोयगढिए :–** 'આદાન' શબ્દથી અહીં હિંસાદિ સમસ્ત પાપોનું ગ્રહણ કર્યું છે અને શ્રોત શબ્દથી પાંચે ય ઈન્દ્રિયના વિષયોને ગ્રહણ કર્યા છે. આ પ્રકારે સમસ્ત આસ્રવદ્વારોને આદાનશ્રોત શબ્દથી કહ્યા છે. એવા આશ્રવ સ્થાનોમાં લીન રહેનારા લોકો સદ્બુદ્ધિ કે સદ્સંયોગના અભાવે ક્યારે ય સંસારના સંયોગોનો ત્યાગ કરી શકતા નથી, બંધનોથી મુક્ત થઈ શકતા નથી અથવા જે સાધક આ આશ્રવનું સેવન કરતા થઈ જાય તે પણ પૌદ્ગલિક સંયોગોની આસક્તિને પાર પામી શકતા નથી અને કર્મબંધનથી છૂટી શકતા નથી. સંયમી હોવા છતાં આવા સાધકોને ભગવદ્ આજ્ઞાની આરાધનાનો લાભ મળી શકતો નથી.

**जस्स णत्थि पुरा पच्छा, मज्झे तस्स कुओ सिया :–** આ સૂત્રની વ્યાખ્યા સુખ, વિષયાસક્તિ, સમકિત આદિ વિષયોને લક્ષ્ય કરીને અનેક રીતે કરવામાં આવી છે, તેમાં મુખ્ય આ પ્રમાણે છે–

(૧) જેના જીવનમાં પ્રારંભમાં કે અંતમાં પ્રભુ આજ્ઞાની, સંયમની આરાધના નથી તો મધ્યમાં આજ્ઞાની આરાધના કરી ન કરી સમાન છે. જો સાધક સંયમનું પાલન કર્યા પછી વિષયોમાં ફસાઈ જાય તો તે સંયમ પાલન નિરર્થક છે. એટલે કે જેનું પ્રારંભિક જીવન અને અંતિમ જીવન સફળ આરાધના યુક્ત નથી તો મધ્યમાં સાર્થક આરાધના થતી નથી તેથી સાધકે પ્રારંભથી જ જિતેન્દ્રિય થઈ પાપ ત્યાગમાં સાવધાન રહેવું જોઈએ અને અંત સુધી પણ તે જ સાવધાનીથી સંયમ તપની આરાધના કરવી જોઈએ.

પ્રારંભ બગડે તો વિકાસની આશા નથી અને અંત બગડે તો કરેલા કાર્યની સફળતાના લાભથી વંચિત રહેવું પડે છે તેથી આદિ અને અંતને સુધારવાનું લક્ષ્ય રાખવું જરૂરી છે.

(૨) સાધના દ્વારા જ્યારે ભોગેચ્છાના સંસ્કારનો નાશ થાય છે ત્યારે ભોગેચ્છાની ત્રૈકાલિક નિવૃત્તિ થઈ જાય છે. તેથી તે ભોગેચ્છા પહેલા હોતી નથી અને પછી પણ હોતી નથી તેમજ મધ્યમાં પણ ક્યારે ય હોતી નથી. અતીતના સંસ્કાર હોય નહિ તો ભવિષ્યની કલ્પના થતી નથી તથા સંસ્કાર અને કલ્પના વિના વર્તમાનનું ચિંતન થતું નથી.

(૩) કોઈ જીવ એવા હોય છે કે જેઓએ ભૂતકાળમાં સમ્યક્ત્વની સ્પર્શના કરી નથી અને ભવિષ્યમાં કરશે નહિ. આગમની પરિભાષામાં તેને અભવ્ય જીવ કહેવાય છે. તેઓને ક્યારે ય સમ્યક્ત્વની સ્પર્શના થતી નથી. તે જીવોને ભૂતકાળ કે ભાવિમાં સમ્યક્ત્વ ન હોય તો પછી એક સમયરૂપ વર્તમાન કાળમાં તો હોય જ ક્યાંથી ? અર્થાત્ ન જ હોય. આ જીવોને ક્યારે ય સમ્યક્ત્વની પ્રાપ્તિ થતી નથી.

## નિષ્કર્મદર્શીની આરાધના :–

**૩ से हु पण्णाणमंते बुद्धे आरंभोवरए । सम्ममेयं ति पासह । जेण बंधं वहं घोरं परियावं च दारुणं । पलिछिंदिय बाहिरगं च सोयं णिक्कम्मदंसी इह मच्चिएहिं । कम्माणं सफलं दट्ठुणं तओ णिज्जाइ वेयवी ।**

**શબ્દાર્થ :– पण्णाणमंते** = ઉત્તમજ્ઞાની છે, **बुद्धे** = તત્ત્વજ્ઞ, **आरंभोवरए** = જે આરંભથી ઉપશાંત છે, **सम्मं एयं** = આ સત્ય છે, **ति** = આ પ્રમાણે છે, **पासह** = જુઓ, જાણો, **जेण** = જેનાથી, જે આરંભથી, **बंधं** = બંધ, **वहं** = વધ, **घोरं** = ઘોર, **परियावं** = પરિતાપ, **दारुणं** = દારુણ દુઃખને પ્રાપ્ત કરે છે, **पलिछिंदिय** = છેદીને, **बाहिरगं** = બાહ્ય, **सोयं** = સ્રોતને, **णिक्कम्मदंसी** = મોક્ષદર્શી છે, નિષ્કર્મદર્શી, **इह** = આ લોકમાં, **मच्चिएहिं** = મૃત્યુલોકમાં, માનવદેહના માધ્યમે, **कम्माणं** = કર્મોની, **सफलं** = સફળતાને, **दट्ठुणं** = જોઈને, જાણીને, **तओ** = કર્મ આસ્રવોથી, **णिज्जाइ** = બહાર નીકળે છે, **वेयवी** = વેદજ્ઞ, આગમના રહસ્યને જાણનાર

**ભાવાર્થ :–** જે આરંભથી હંમેશાં દૂર રહે છે તે સાધક વાસ્તવમાં પ્રજ્ઞાવાન, બુદ્ધિમાન કે પ્રબુદ્ધ છે. આ તત્ત્વને સમ્યક્ પ્રકારે જાણો, સમજો કે આ આરંભ–હિંસાદિના સેવનના કારણે જ પુરુષ સંસારની યોનિઓમાં બંધ, વધ, ઘોર પરિતાપ અને ભયંકર દુઃખને પ્રાપ્ત કરે છે, માટે પરિગ્રહાદિ બાહ્ય તેમજ રાગ–દ્વેષાદિ આભ્યંતર સ્રોતને બંધ કરીને સંસારમાં આ માનવ શરીરના માધ્યમે તમે નિષ્કર્મદર્શી– કર્મમુક્ત બની જાઓ. કર્મ અવશ્ય ફલદાયી હોય છે, આ જાણીને શાસ્ત્રજ્ઞ મુનિ તે કર્મબંધનોથી અવશ્ય નિવૃત્ત થઈ જાય છે.

## વિવેચન :–

**णिक्कम्मदंसी :–** નિષ્કર્મના પાંચ અર્થ છે– (૧) મોક્ષ, (૨) સંવર, (૩) કર્મરહિત શુદ્ધઆત્મા, (૪) અમૃત અને (૫) શાશ્વત. મોક્ષ, અમૃત અને શાશ્વત એ ત્રણ શબ્દો ઘણું કરીને સમાનાર્થક છે. કર્મરહિત આત્મા પોતે અમૃતસ્વરૂપ બની જાય છે અને સંવર એ મોક્ષ પ્રાપ્તિનું એક અનન્ય સાધન છે. જેની સર્વ

ઈન્દ્રિયોનો વેગ, વિષયો કે સાંસારિક પદાર્થો તરફથી હટીને મોક્ષ સન્મુખ થઈ જાય છે તે નિષ્કર્મદર્શી હોય છે. સંયમ તપ સાધનાની મસ્તીમાં મસ્ત સાધક આ માનવ શરીરથી નિષ્કર્માવસ્થા પ્રાપ્ત કરે છે.

## આરાધકોનું અનુકરણ :–

**૪ जे खलु भो वीरा समिया सहिया सया जया संघडदंसिणो आतोवरया अहा तहा लोगं उवेहमाणा पाईणं पडीणं दाहिणं उदीणं इति सच्चंसि परिविचिट्ठिंसु । साहिस्सामो णाणं वीराणं समियाणं सहियाणं सया जयाणं संघडदंसीणं आतोवरयाणं अहा तहा लोगमुवेहमाणाणं । किमत्थि उवाहि पासगस्स, ण विज्जइ ? णत्थि । त्ति बेमि ।**

**॥ चउत्थो उद्देसो समत्तो ॥ चउत्थं अज्झयणं समत्तं ॥**

**શબ્દાર્થ :–** **भो** = હે શિષ્ય ! **समिया** = સમિતિ યુક્ત, **सहिया** = જ્ઞાનાદિથી યુક્ત, **सया जया** = હંમેશાં યત્નાવાન, **संघडदंसिणो** = સતત જાગરૂક, નિરંતર સાવધાન, શ્રેયાર્થી, **आतोवरया** = પાપકર્મથી નિવૃત્ત, **अहातहा** = યથાતથ્ય, **लोगं उवेहमाणा** = લોકને જોનાર, **पाईणं पडीणं दाहिणं उदीणं** = પૂર્વ, પશ્ચિમ, દક્ષિણ, ઉત્તર દિશામાં, **इति** = આ પ્રમાણે, **सच्चंसि** = સંયમમાં, **परिविचिट्ठिंसु** = સ્થિત રહેતાં, **साहिस्सामो** = કહીશ, (તો તમે સાંભળો), **णाणं** = જ્ઞાનને, **वीराणं** = વીર પુરુષોએ, **समियाणं सहियाणं** = સમિતિયુક્ત, જ્ઞાન યુક્ત, **सया जयाणं** = હંમેશાં યત્નવાન, **संघडदंसीणं** = શ્રેયાર્થી, પ્રતિક્ષણ જાગૃત, **आतोवरयाणं** = પાપકર્મથી નિવૃત્ત, **अहा तहा** = યથાર્થ, **लोगमुवेहमाणाणं** = લોકને જોનાર.

**ભાવાર્થ :–** હે આર્યો ! જે સાધક વીર છે, પાંચ સમિતિઓથી યુક્ત છે, જ્ઞાનાદિથી સહિત છે, સદા સંયત છે, સતત શુભાશુભદર્શી, પ્રતિક્ષણ જાગૃત છે, પાપકર્મોથી નિવૃત્ત છે, લોકને યથાર્થરૂપે જોનાર છે, પૂર્વ, પશ્ચિમ, દક્ષિણ અને ઉત્તર સર્વ દિશાઓમાં સારી રીતે સત્યમાં સ્થિર થઈ ચૂક્યા છે; તે વીર, સમિતિ સહિત, સદા યત્નાવાન, પ્રતિક્ષણ જાગૃત, શુભાશુભદર્શી, પાપથી ઉપરત, લોકના યથાર્થદષ્ટા, જ્ઞાનીઓના સમ્યગ્જ્ઞાનનું અનુકરણ કરે છે. અમે પણ તે માર્ગનું સમ્યક્ આરાધન કરીશું. (મોક્ષાર્થી સાધક આવો સંકલ્પ કરે).

પ્રશ્ન– સત્યદષ્ટા વીરને કોઈ કર્મજનિત ઉપાધિ હોય છે ? કે નથી હોતી ? ઉત્તર– તે સત્ય દષ્ટાઓને ભવભ્રમણ રૂપ સંસારની કોઈ ઉપાધિ હોતી નથી. —એમ ભગવાને કહ્યું છે.

**॥ ચોથો ઉદ્દેશક સમાપ્ત ॥ ચોથું અધ્યયન સમાપ્ત ॥**

## વિવેચન :–

આ સૂત્રમાં સંયમ આરાધકોના આદર્શને સામે રાખી દરેક સાધક આવી આરાધના કરવાનું લક્ષ્ય

નિશ્ચિત કરે તેવું સૂચન કરવામાં આવ્યું છે.

**साहिस्सामो णाणं (साधिष्यामः)**– તે જ્ઞાનની સાધના કરીશ, જીવનમાં તેને કાર્યાન્વિત કરીશ.

**संघडदंसीणं :–** આ શબ્દનું વૈકલ્પિક રૂપ **'संथडदंसी'** મળે છે તેનો અર્થ છે– શ્રેયાર્થી, મોક્ષાર્થી, કલ્યાણાર્થી. પ્રસ્તુતમાં **संघडदर्शी** = નિરંતર સાવધાન રહેનાર.

## ચોથો ઉદ્દેશક સંપૂર્ણ

**ઉપસંહાર :–** જગતના પ્રાણીમાત્ર પ્રત્યે સમતાનો ભાવ તે જ સાચી અહિંસા છે. ત્રણે ય યોગ સાથે જોડાયેલી, વણાયેલી એવી અહિંસાના ઉપદેશક તીર્થંકર પરમાત્મા છે. તેઓએ પ્રાણીમાત્રમાં આત્મ સમદષ્ટિનો ઉપદેશ આપ્યો છે. ધર્મનો પાયો અહિંસા છે. જ્યાં હિંસા છે ત્યાં ધર્મ ટકતો નથી. બીજાના ભોગે કદી ધર્મ ન હોય. અહિંસક ભાવના જ સર્વ જીવો સાથે મૈત્રીનો સંબંધ જોડાવે છે. હિંસા ત્યાં કર્માશ્રવ છે. આશ્રવ તે જ સંસાર છે. તેનાથી મુક્ત થવા માટે મોક્ષના ઉપાય સ્વરૂપે જ્ઞાનીઓએ સંવર અને નિર્જરા કહ્યા છે. કર્મબંધ અને કર્મ મુક્તિનો આધાર કેવળ બાહ્ય ક્ષેત્ર, સ્થાન કે ક્રિયા ઉપર નથી, પરંતુ પોતાની આંતરિક વૃત્તિ ઉપર આધાર રાખે છે. નિષ્કામી, નિર્ભયી એવા જ્ઞાનીને જેટલા કર્મબંધનનાં સ્થાન છે તેટલા કર્મ નિર્જરાનાં કારણ બને છે. નિર્ભય વ્યક્તિ જ બીજાને નિર્ભય બનાવી શકે છે. નિર્ભયી બનવા એકત્વભાવને કેળવી શરીર, ઈન્દ્રિય, વૃત્તિઓ પર વિજય મેળવી કર્મોને કૃશ કરી શકાય છે. વૃત્તિ પર વિજય પ્રાપ્ત કરવાની તપ સાધના વિવેકપૂર્વકની હોવી જોઈએ.

એકેન્દ્રિયથી લઈને પંચેન્દ્રિયનો જ્ઞાતા લોકનો વિજેતા બનવા તૈયાર થાય છે, તે અનુકૂળ, પ્રતિકૂળ વાતાવરણમાં સમજણથી, વિવેકથી અહિંસાનું પાલન કરી શકે છે.

## ॥ અધ્યયન–૪/૪ સંપૂર્ણ ॥

# પાંચમું અધ્યયન

## પરિચય

આ અધ્યયનનું નામ છે– 'લોકસાર.'

'લોક' શબ્દ અનેક દષ્ટિકોણથી અનેક અર્થોને બતાવે છે, જેમ કે નામલોક–'લોક' સંજ્ઞાવાળી કોઈપણ સજીવ કે નિર્જીવ વસ્તુ. સ્થાપનાલોક–ચૌદ રાજુ પ્રમાણ લોકની સ્થાપના, નકશામાં દોરવામાં આવેલું લોકનું ચિત્ર. દ્રવ્યલોક–જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળરૂપ છ પ્રકારનો છે. ભાવલોક–ઔદયિકાદિ છ ભાવાત્મક લોક કે સર્વદ્રવ્ય–પર્યાયાત્મક લોક અથવા ક્રોધ, માન, માયા, લોભરૂપ કષાયલોક. ગૃહસ્થલોક આદિ માટે પણ 'લોક' શબ્દ નો પ્રયોગ થાય છે.

અહીં સૂત્રમાં 'લોક' શબ્દ મુખ્યરૂપે પ્રાણીલોક–સંસારના અર્થમાં વપરાયો છે.

'સાર' શબ્દના પણ અનેક અર્થ થાય છે–નિષ્કર્ષ, નિચોડ, તાત્પર્ય, તત્ત્વ, સર્વસ્વ, નક્કર, પ્રકર્ષ, સાર્થક, સાર સ્વરૂપ આદિ.

સાંસારિક ભોગપરાયણ લોકોની દષ્ટિમાં ધન, કામભોગ, ભોગસાધન, શરીર, જીવન, ભૌતિક ઉપલબ્ધિઓ આદિ સાર સ્વરૂપ માનવામાં આવે છે, પરંતુ આધ્યાત્મિક દષ્ટિએ આ સર્વ પદાર્થ સાર રહિત છે, ક્ષણિક છે, નાશવંત છે, આત્માને પરાધીન બનાવનાર છે અને અંતે દુઃખદાયી છે માટે તેમાં કોઈ સાર નથી.

આધ્યાત્મિક દષ્ટિએ મોક્ષ, પરમપદ, પરમાત્મપદ, શુદ્ધ નિર્મળ, જ્ઞાનાદિ સ્વરૂપ આત્મા, મોક્ષ પ્રાપ્તિના સાધન–ધર્મ, જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, સંયમ, સમત્વાદિ સાર સ્વરૂપ છે.

નિર્યુક્તિકારે લોકસારના સંબંધમાં પ્રશ્ન ઊઠાવીને સમાધાન કર્યું છે કે લોકનો સાર ધર્મ છે, ધર્મનો સાર જ્ઞાન છે, જ્ઞાનનો સાર સંયમ છે અને સંયમનો સાર નિર્વાણ–મોક્ષ છે.

**लोगस्ससारं धम्मो, धम्मंपि य नाणसारियं बिंति ।**
**नाणं संजमसारं, संजमसारं च निव्वाणं ॥२४४॥––** (આચા. નિર્યુક્તિ ,આચા. ટીકા)

લોકસાર અધ્યયનનો અર્થ થયો–સર્વ જીવલોકના સારભૂત મોક્ષાદિના વિષયમાં ચિંતન અને કથન કરવું.

લોકસાર અધ્યયનનો ઉદ્દેશ્ય છે– લોકના સારભૂત પરમપદ (પરમાત્મા, આત્મા અને મોક્ષ)ના વિષયમાં સાધક પ્રેરણા પ્રાપ્ત કરે અને મોક્ષથી વિપરીત આશ્રવ, બંધ, અસંયમ, અજ્ઞાન અને મિથ્યાદર્શનાદિનું સ્વરૂપ તથા તેના પરિણામોને સારી રીતે જાણીને સાધક તેમનો ત્યાગ કરે.

આ અધ્યયનનું બીજું નામ 'આવંતી' પણ પ્રસિદ્ધ છે. તેનું કારણ એ છે કે અધ્યયનના ઉદ્દેશક ૧,૨,૩ નો પ્રારંભ **આવંતી** પદથી જ થયો છે, તેથી પ્રથમ પદના કારણે તેનું નામ 'આવંતી' પણ છે.

લોકસાર અધ્યયનના છ ઉદ્દેશક છે, પ્રત્યેક ઉદ્દેશકમાં ભાવલોકના સારભૂત તત્ત્વને કેન્દ્રમાં રાખીને કથન કર્યું છે.

**પ્રથમ ઉદ્દેશકમાં** સંસારી જીવોની પરિણતિ, ભોગાસક્તિ, તેનું પરિણામ, બ્રહ્મચર્ય, બ્રહ્મચર્ય સુરક્ષા, અયોગ્ય એકાકી ભિક્ષુ ઈત્યાદિ વિષયોનું વર્ણન કરીને અંતે અજ્ઞાનવાદીનું કથન છે.

**બીજા ઉદ્દેશકમાં** અમૂલ્ય માનવદેહ, શરીર સ્વભાવ, પરિગ્રહ, બ્રહ્મચર્ય અને પરિણામથી બંધ તથા મુક્તિનો સંકેત કરીને અંતે અપ્રમત્ત સાધનાની પ્રેરણા કરી છે.

**ત્રીજા ઉદ્દેશકમાં** અપરિગ્રહી સંયમી અને તેની ત્રિવિધ અવસ્થા, ઈન્દ્રિય વિષયાસક્તિ અને પાપ સેવનથી સંયમભાવનું પતન, આત્મ યુદ્ધ, સમ્યક્ સંયમ પાલન પ્રેરણા, અંતે વાસ્તવિક મુક્ત અને વિરત આત્માનું કથન છે.

**ચોથા ઉદ્દેશકમાં** અપરિપક્વ મુનિની એકાકી ચર્યાનો નિષેધ અને ગુરુકુલવાસની પ્રેરણા, સ્ત્રી પરીષહ અને તેના ઉપાયરૂપ બ્રહ્મચર્ય સમાધિનું કથન છે.

**પાંચમા ઉદ્દેશકમાં** મહર્ષિને દ્રહની ઉપમા, સમ્યક્ત્વની વિશુદ્ધિ, સંયમના વિચારોમાં સમ્યક્ અસમ્યક્ વિવિધ પરિણતિ, અહિંસક ભાવની સ્પષ્ટતા, અંતે આત્મવાદી અને આત્મજ્ઞાનીનું કથન છે.

**છઠ્ઠા ઉદ્દેશકમાં** અનાજ્ઞાથી આજ્ઞામાં, અન્યમતથી સ્વમતમાં સ્થિર થવાની પ્રેરણા, આગમાનુસાર સંયમ પરાક્રમ પ્રેરણા, સંસાર સ્રોત, તેનાથી મુક્તિ અને અંતે સિદ્ધાત્માનું સ્વરૂપ સ્પષ્ટ કર્યું છે.

❖❖❖❖❖

# પાંચમું અધ્યયન–લોકસાર

## પહેલો ઉદ્દેશક

### જીવહિંસાનું પરિણામ :–

**૧ आवंती केयावंती लोयंसि विप्परामुसंति, अट्ठाए अणट्ठाए वा, एतेसु चेव विप्परामुसंति ।**

**શબ્દાર્થ :– आवंती** = જે, જેટલા, **केयावंती** = કોઈ મનુષ્ય, પ્રાણી, **लोयंसि** = આ લોકમાં, **विप्परामुसंति** = પ્રાણીઓનો ઘાત કરે છે, **अट्ठाए** = પ્રયોજન પૂર્વક, **अणट्ठाए** = નિષ્પ્રયોજન, **एतेसु चेव** = તે તે પ્રાણીઓની યોનિમાં જ, **विप्परामुसंति** = વિવિધ જન્મ ધારણ કરે છે, જન્મ મરણના પ્રવાહમાં પ્રવહમાન રહે છે.

**ભાવાર્થ :–** આ લોકમાં જે કોઈ પ્રાણી સપ્રયોજન કે નિષ્પ્રયોજન જીવોની હિંસા કરે છે, તેઓ તે જીવોની ગતિમાં જ ઉત્પન્ન થઈ જન્મ મરણના વિવિધ દુઃખોને પામે છે.

### વિવેચન :–

આ સૂત્રમાં પંચેન્દ્રિય વિષયક કામભોગો અને તેની પૂર્તિ માટે કરવામાં આવતા હિંસાદિ પાપકર્મોની તથા આવા મૂઢ અજ્ઞાનીના જીવનની સ્થિતિનું દિગ્દર્શન કરાવ્યું છે.

**विप्परामुसंति :–** આ ક્રિયાપદનો સૂત્રમાં બે વાર પ્રયોગ થયો છે. (૧) જે વિભિન્ન અભિલાષાઓથી પ્રાણીઓની વિવિધ પ્રકારે હિંસા કરે છે. (૨) હિંસા કરનાર તે હિંસાના પરિણામે પોતે પણ તે વિવિધ યોનિઓમાં ભિન્ન–ભિન્ન પ્રકારે દુઃખ અને મરણને પ્રાપ્ત કરે છે.

**अट्ठाए अणट्ठाए :–** 'અર્થ' એટલે કે પ્રયોજન કે કારણ. હિંસાના ત્રણ પ્રયોજન છે– કામ, અર્થ અને ધર્મ. વિષય ભોગોના સાધનોને મેળવવા માટે બીજા જીવોનો વધ કરવામાં આવે છે કે તેને વિશેષ પીડા આપવામાં આવે છે તે કામાર્થક હિંસા છે. વ્યાપાર ધંધા, યંત્ર કારખાના કે ખેતી આદિના માટે હિંસા કરાય છે તે અર્થાર્થક હિંસા છે. બીજા ધર્મ–સંપ્રદાયવાળાને મારવામાં આવે કે સતાવવામાં આવે, તેઓ પર અન્યાય અને અત્યાચાર ગુજારવામાં આવે, ધર્મના નામે કે ધર્મના નિમિત્તે પશુની બલિ દેવામાં આવે, અથવા ત્રસ કે સ્થાવર કોઈપણ પ્રાણીની હિંસા કરવામાં આવે તો તે ધર્માર્થક હિંસા છે. આ ત્રણે ય પ્રકારની હિંસા પ્રયોજન સહિત છે શેષ હિંસા અનર્થક છે, જેમ કે– મનોરંજન માટે નિર્દોષ પ્રાણીઓનો

શિકાર કરવામાં આવે; મનુષ્યને ભૂખ્યા સિંહ આગળ ધકેલી દેવામાં આવે; મરઘાં, સાંઢ, ભેંસાદિને પરસ્પર લડાવવામાં આવે; આ સર્વ નિરર્થક નિષ્પ્રયોજન હિંસા છે. ચૂર્ણિકારે કહ્યું છે કે– **आत पर उभय हेतु अट्ठा, सेसं अणट्ठाए**– પોતાના, પરના કે બન્નેના પ્રયોજનને સિદ્ધ કરવા માટે કરાતી હિંસા પ્રયોજનભૂત છે અને પ્રયોજન વિના કરાતી હિંસા નિરર્થક કે અનર્થક હિંસા છે. પ્રયોજન વિના આદતના કારણે કે અવિવેકના કારણે જે ત્રસ–સ્થાવર જીવોની હિંસાની પ્રવૃત્તિઓ કરવામાં આવે તે પણ અનર્થક હિંસા છે, જેમ કે– માર્ગ હોવા છતાં લીલોતરી પર ચાલવું, જરૂર વિના લાઈટ પંખા ચાલુ રાખવા, પાણીના નળ ખુલ્લા મૂકવા, માખી–મચ્છર વગેરેને હાથમાં પકડવા, મારવા આદિ પ્રવૃત્તિઓ.

### દુસ્ત્યાજ્ય કામભોગ :–

## ૨ गुरु से कामा । तओ से मारस्स अंतो । जओ से मारस्स अंतो, तओ से दूरे ।

**શબ્દાર્થ :– कामा गुरु** = કામભોગોનો ત્યાગ કરવો કઠિન છે, **तओ** = તેથી, **मारस्स अंतो** = જન્મમરણના પ્રવાહમાં પ્રવહમાન, **जओ** = જેથી, **दूरे** = મોક્ષના ઉપાયથી દૂર છે, સુખથી દૂર છે.

**ભાવાર્થ :–** શબ્દાદિ કામ–ભોગનો ત્યાગ કરવો પ્રાણીઓ માટે ઘણો કઠિન છે અને તેથી જ તેઓ જન્મ મરણના પ્રવાહમાં વહે છે. જન્મમરણના ચક્રમાં ફરતા તેઓ મોક્ષ કે મોક્ષના ઉપાયોથી દૂર રહે છે.

### વિવેચન :–

**गुरु से कामा :–** અજ્ઞાની અને અલ્પ સામર્થ્યવાન વ્યક્તિઓ માટે કામેચ્છા દુસ્ત્યાજ્ય હોય છે અને તેઓ માટે કામેચ્છાનું અતિક્રમણ કરવું પણ સહેલું નથી. તેવી અલ્પ આત્મશક્તિવાળી વ્યક્તિ કામની કામનામાં જ અથવા તેનાં ભોગમાં જ ફસાઈ જાય છે.

**जओ से मारस्स अंतो :–** સુખાર્થી કામભોગનો ત્યાગ કરી શકતો નથી. કામભોગના ત્યાગ વિના તે મૃત્યુની પકડમાં આવી જાય છે. મૃત્યુની પકડના કારણે જન્મ, જરા, મરણ, રોગ, શોકાદિથી ઘેરાયેલા રહે છે. તેની અને સુખથી વચ્ચે સેંકડો ગાઉનું અંતર પડી જાય છે.

### બાલજીવોની અવસ્થાઓ :–

## ૩ णेव से अंतो णेव से दूरे । से पासइ फुसियमिव कुसग्गे पणुण्णं णिवइयं वाएरियं । एवं बालस्स जीवियं मंदस्स अवियाणओ । कूराइं कम्माइं बाले पकुव्वमाणे तेण दुक्खेण मूढे विप्परियासमुवेइ, मोहेण गब्भं मरणाइ एइ । एत्थ मोहे पुणो पुणो ।

**શબ્દાર્થ :– अंतो** = વિષય સુખની અંદર, જન્મ મરણની અંદર, **णेव** = નથી, **दूरे** = મોક્ષથી દૂર, વિષય સુખોથી દૂર પણ, **से पासइ** = તે જુએ છે, **फुसियमिव** = જલબિન્દુની જેમ, **कुसग्गे** = કુશાગ્રે, **पणुण्णं** = હાલવાથી, **णिवइयं** = પડી જાય છે, **वाएरियं** = પવનના ઝપાટાથી, **एवं** = એજ રીતે, **बालस्स** = અજ્ઞાનીનું, **जीवियं** = જીવન, **मंदस्स** = મંદબુદ્ધિ, **अवियाणओ** = પરમાર્થને નહિ જાણનાર, અજ્ઞાની, **कूराइं कम्माइं** = ક્રૂર કર્મો, **पकुव्वमाणो** = કરતો, **बाले** = બાળ જીવ, **तेण दुक्खेण** = તે દુઃખથી, **मूढे** = મૂર્ખ, **विप्परियासमुवेइ** = વિપર્યાસ–દુઃખને પ્રાપ્ત કરે છે, **मोहेण** = મોહથી, **गब्भं** = ગર્ભને, **मरणाइ** = મરણાદિને, **एइ** = પ્રાપ્ત કરે છે, **एत्थ मोहे** = આ મોહથી સંસારભ્રમણ કરે છે.

**ભાવાર્થ :–** કામનાઓનું નિવારણ કરનાર સાધક મૃત્યુની સીમામાં રહેતા નથી કે મોક્ષથી દૂર રહેતા નથી. તે ત્યાગી પુરુષ જાણે છે કે તૃણના અગ્રભાગ ઉપર રહેલ જલબિંદુ ઉપર બીજું બિંદુ પડવાથી અથવા વાયુના ઝપાટાથી તે નીચે પડે છે. તેવી જ રીતે અજ્ઞાની, અવિવેકી, પરમાર્થને નહિ જાણનાર જીવોનું જીવન પણ અસ્થિર છે. તે બાળ–અજ્ઞાની અજ્ઞાનના કારણે હિંસાદિ ક્રૂર કર્મ કરતા, દુઃખથી મૂઢ બની વિપરીતતાને પ્રાપ્ત થાય છે. મોહના કારણે તે વારંવાર ગર્ભ અને જન્મ મરણને પ્રાપ્ત થાય છે. તેઓ જન્મ મરણની પરંપરારૂપ સંસારમાં જ વારંવાર મોહથી પરિભ્રમણ કરે છે.

## વિવેચન :–

પૂર્વ સૂત્રમાં કામભોગ ત્યાગવામાં અસમર્થ જીવોની અવસ્થાનું કથન છે અને આ સૂત્રમાં બાલ જીવોના દુઃખની પરંપરાનું દર્શન કરાવી વિષયભોગના ત્યાગી સાધકોને સાધના માટે પ્રોત્સાહિત કર્યા છે.

**णेव से अंतो णेव से दूरे :–** કામભોગના ત્યાગી સાધક જન્મમરણના ચક્રમાં પણ નથી અને મોક્ષથી દૂર પણ નથી. આ વાક્યના બીજા પણ વૈકલ્પિક અર્થ થાય છે, તે આ પ્રમાણે છે– (૧) સમ્યગ્દષ્ટિ પુરુષ ગ્રંથી ભેદ થઈ જવાના કારણે કર્મોની લાંબી સ્થિતિમાં રહ્યા નથી અને દેશોન ક્રોડાક્રોડી કર્મ સ્થિતિ રહેવાના કારણે કર્મોથી દૂર પણ નથી. (૨) કેવળજ્ઞાનીને ચારઘાતિ કર્મોનો ક્ષય થઈ જવાથી તે સંસારમાં નથી અને ભવોપગ્રાહી ચાર અઘાતિ કર્મો બાકી હોવાથી સંસારથી દૂર પણ નથી. (૩) જે સાધક શ્રમણવેશ લઈને વિષય–સામગ્રીને ત્યાગી દે છે પરંતુ અંતઃકરણથી કામના છોડી શકતા નથી, તે ભાવથી નિર્ગ્રંથ દશામાં નથી અને સાધુવેશના કારણે દ્રવ્ય સંયમથી દૂર પણ નથી.

**बालस्स, मंदस्स, अवियाणओ :–** આ ત્રણ સમાનાર્થક શબ્દો એકજ સૂત્રમાં આવ્યા છે. તેનો વિશેષાર્થ આ પ્રમાણે છે– (૧) **बाल**– બાલકની જેમ સાવ અજાણ. (૨) **मंद**– અલ્પબુદ્ધિ, પ્રજ્ઞા સંપન્નતાનો અભાવ, હિતાહિતનો નિર્ણય કરવામાં અસમર્થ. (૩) **अवियाणओ** –પ્રજ્ઞા સંપન્ન હોવા છતાં અજ્ઞાનદશા કે મિથ્યાત્વ દશાના કારણે મોક્ષ કે ધર્મના મર્મના અજાણ. સંસારના ઘણાં પ્રાણીઓ આવી અજ્ઞાનદશાના કારણે અસ્થિર અને ક્ષણભંગુર જીવનને અજર અમર માની સુખ માટે ક્રૂર કર્મ કરે છે, સુખને બદલે દુઃખ પામે છે, વારંવાર જન્મ મરણને પ્રાપ્ત કરતા રહે છે.

## બ્રહ્મચર્યની આરાધના :–

**૪ संसयं परियाणओ संसारे परिण्णाए भवइ, संसयं अपरियाणओ संसारे अपरिण्णाए भवइ । जे छेए से सागारियं ण सेवए । कट्टु एवं अवियाणओ बिइया मंदस्स बालया । लद्धा हुरत्था पडिलेहाए आगमेत्ता आणवेज्जा अणासेवणयाए त्ति बेमि । पासह एगे रूवेसु गिद्धे परिणिज्जमाणे । एत्थ फासे पुणो पुणो ।**

**શબ્દાર્થ :– संसयं परियाणओ** = સંશયને જાણનાર, **संसारे** = સંસારને, **परिण्णाए भवइ** = જાણનાર હોય છે, **संसयं अपरियाणओ** = સંશયને નહિ જાણનાર, **संसारे अपरिण्णाए भवइ** = સંસારને જાણનાર નથી અર્થાત્ સંસાર સ્વરૂપથી અજાણ છે, **जे छेए** = જે નિપુણ છે, **सागारियं** = મૈથુન, **ण सेवए** = સેવતા નથી, **एवं कट्टु** = આ પ્રમાણે કરીને અર્થાત્ મૈથુન સેવન કરીને, **अवियाणओ** = ગુરુ સમક્ષ કૃત્યનું નિવેદન કરે નહિ, **बिइया** = બીજી, **मंदस्स** = તે મૂર્ખની, **बालया** = મૂર્ખતા છે, **लद्धा** = કામભોગ પ્રાપ્ત થવા પર, **हुरत्था** = કદાચિત્, **पडिलेहाए** = તેના ફળનો વિચાર કરીને, પરિણામને વિચારીને, **आगमेत्ता** = દુઃખદાયી જાણીને, **अणासेवणाए** = વિષય સેવન ન કરવા માટે, **आणवेज्जा** = બીજાને કે આત્માને આજ્ઞા આપે, **रूवेसु** = રૂપાદિ વિષયોમાં, **गिद्धे** = આસક્ત, **एगे** = કોઈ એક, **पासह** = જુઓ, **परिणिज्जमाणे** = નરક આદિમાં જતાં, **एत्थ** = આ સંસારમાં, **फासे** = સ્પર્શોનો અનુભવ કરે છે અર્થાત્ દુઃખ ભોગવે છે.

**ભાવાર્થ :–** જે સંશયને જાણે છે તે સંસારના સ્વરૂપને જાણે છે, જે સંશયને જાણતા નથી તે સંસારને પણ જાણતા નથી. તાત્પર્ય એ છે કે બ્રહ્મચર્ય પરિણામોમાં સંશય ઉત્પન્ન કરનાર તત્ત્વોને જ્ઞ પરિજ્ઞાથી જાણીને જે તેનાથી દૂર રહે છે, તે સંસારથી મુક્ત થઈ શકે છે અને જે સંશય ઉત્પાદક તત્ત્વોને સમજે પણ નહિ તેમજ ત્યાગ પણ કરે નહિ તે સંસાર પાર કરી શકતા નથી. જે કુશળ સાધક છે તે મૈથુન સેવન કરતા નથી. જે ગુપ્ત રીતે મૈથુનનું સેવન કરી ગુરુ આદિથી છુપાવે છે, પૂછવા પર અસ્વીકાર કરે છે, તો તે કામમૂઢની બીજી મૂર્ખતા છે.

સાચો સાધક ઉપલબ્ધ થતાં કામભોગના પરિણામોનો વિચાર કરીને, સર્વ રીતે તેનાં કટુ ફળનું જ્ઞાન કરીને આત્માને તેનું સેવન ન કરવામાં આજ્ઞાપિત કરે. વાસના વાસિત આત્માને ઉપાસનાદિથી અનુશાસિત કરે. જ્ઞાનાત્મા દ્વારા અજ્ઞાન આત્મા પર અંકુશ રાખે.

હે સાધકો ! વિવિધ કામભોગોમાં આસક્ત જીવોને સંસાર પરિભ્રમણ કરતાં જુઓ. તેઓ આ સંસારમાં વારંવાર દુઃખ ભોગવે છે.

## વિવેચન :–

**संसयं परियाणओ :–** 'સંશય' શબ્દનો અર્થ સંદેહ છે. અહીં બ્રહ્મચર્ય વિષય પ્રરૂપણ હોવાથી તેનો અર્થ એ થાય છે કે બ્રહ્મચર્યની સાધનામાં ઉત્પન્ન થતાં સંશયોને જે જ્ઞ પરિજ્ઞાથી જાણી તેનો પ્રત્યાખ્યાન

પરિજ્ઞાથી ત્યાગ કરે છે, જે ક્યારે ય કુશીલનું સેવન કરતા નથી, તે જ સાધક વાસ્તવમાં સંસારત્યાગી અર્થાત્ સંસાર મુક્ત થાય છે.

ઉત્તરાધ્યયન સૂત્રના ૧૬ માં અધ્યયનની ૧૪ મી ગાથામાં કહ્યું છે કે– **संका ठाणाणि सव्वाणि वज्जेज्जा पणिहाणवं** = બ્રહ્મચર્યમાં શંકા ઉત્પન્ન કરનારા સર્વ બાધક તત્ત્વોને જાણી વિવેકવાન સાધક તેનો ત્યાગ કરે. અહીં પણ તે શંકા સ્થાનોને 'સંશય' શબ્દથી દર્શાવેલ છે માટે સાધક બ્રહ્મચર્યના પાલનની ભાવનાને ચલ–વિચલ કરનાર પ્રવૃત્તિઓ, આચરણોને સમજીને ત્યાગ કરે, તેનાથી દૂર રહે અને બ્રહ્મચર્યના પરિણામોને દઢ અને નિર્મળ રાખે.

**संसयं अपरियाणओ :–** જે સાધક બ્રહ્મચર્યમાં શંકા ઉત્પન્ન કરનાર પ્રવૃત્તિઓને સમજે નહિ અથવા સમજીને દૂર રહે નહિ, પોતાને સુરક્ષિત રાખે નહિ, તે વાસ્તવમાં સંસારના ત્યાગી થતા નથી અને મુક્તિ પ્રાપ્ત કરી શકતા નથી.

**बिइया मंदस्स बालया :–** આ સૂત્રમાં કહ્યું છે કે પ્રમાદથી ભૂલ થઈ જાય તો તેનો સરળતાપૂર્વક સ્વીકાર કરી લેવો જોઈએ. આમ કરવાથી દોષની શુદ્ધિ થઈ જાય છે. જો દોષને છુપાવવાનો પ્રયત્ન કરે તો કુશીલ સેવનનો એક દોષ અને છુપાવવાનો બીજો દોષ લાગે છે, આ રીતે તે બમણું પાપ સેવન કરનાર કહેવાય છે.

**लद्धा हुरत्था ... फासे पुणो पुणो :–** કદાચ કામભોગોના સેવનનો સંયોગ ઉપસ્થિત થઈ જાય તો સંયમી સાધક પોતાના કર્તવ્ય, અકર્તવ્યને જાણીને, ગુપ્ત દોષ સેવનના પરિણામનો વિચાર કરીને, આત્મા પર જ્ઞાનનો અંકુશ રાખીને કુશીલનું સેવન કરે નહિ. જે સ્ત્રીના રૂપાદિમાં આસક્ત થાય છે તે વારંવાર કષ્ટોને પ્રાપ્ત કરે છે. તે આ ભવમાં અપમાન અને અનેક મુશ્કેલીઓ તથા તિરસ્કારને પામે છે અને ભવાંતરમાં નરક તિર્યંચાદિ દુર્ગતિનાં અનેક દુઃખોને ભોગવે છે. સંશયકારક આ સ્થાનોને જાણીને સંયમી સાધકે તેનો ત્યાગ કરવામાં સાવધાન રહેવું જોઈએ. આવી સાવધાની રાખનાર સાધક નિરાબાધ રૂપે બ્રહ્મચર્યમાં સફળ થઈ શકે છે.

સંશય શબ્દનો બીજો અર્થ "જિજ્ઞાસા" થાય છે. તે અર્થ લેતાં સૂત્રનો ભાવાર્થ આ પ્રમાણે થાય છે. જિજ્ઞાસાને જાણનાર, જિજ્ઞાસાથી યુક્ત સાધક સંસારના સ્વરૂપને જાણે છે. જેઓ જિજ્ઞાસાયુક્ત નથી તે સંસારના સ્વરૂપને જાણી શકતા નથી.

## આરંભજીવી જીવો :–

**૫ आवंती केयावंती लोयंसि आरंभजीवी एतेसु चेव आरंभजीवी । एत्थ वि बाले परिपच्चमाणे रमइ पावेहिं कम्मेहिं असरणं सरणं ति मण्णमाणे।**

**શબ્દાર્થ :– आवंती** = જેટલા, **केयावंती** = કોઈ, કેટલા, **लोयंसि** = આ લોકમાં, **आरंभजीवी** = હિંસા કરનારા છે તે, **एतेसु चेव** = આ લોકમાં જ, આ લોકમાં રહેલ જીવો પ્રત્યે, **आरंभजीवी** = હિંસા કરીને આજીવિકા ચલાવે છે, **एत्थवि** = અહીં જ, આ આરંભમાં જ, **परिपच्चमाणे** = લીન થતાં, **रमइ** = રમે છે, રત

રહે છે, પ્રવૃત્ત થાય છે, **असरणं** = અશરણભૂત તે પાપકર્મોને, **सरणं ति** = શરણરૂપ છે એમ, **मण्णमाणे** = માનીને.

**ભાવાર્થ :–** આ લોકમાં જે કોઈ હિંસા કરનારા છે તે આ લોકમાં રહેલા જીવોની જ હિંસા કરીને આજીવિકા કરે છે. તે અજ્ઞાની આરંભમાં જ તલ્લીન રહીને અશરણભૂત પાપકાર્યોને શરણભૂત માનીને તેમાં જ રમણ કરે છે, પ્રવૃત્ત થાય છે.

## વિવેચન :–

આ સૂત્રમાં આરંભ સમારંભમાં રચ્યાપચ્યા રહેનારા અને તેને જ શરણભૂત માનનારા સંસારી જીવોની દશા દર્શાવી છે. સૂત્રમાં આવેલા **एतेसु चेव** અને **एत्थ वि** સર્વનામ શબ્દોના કારણે વ્યાખ્યા ગ્રંથોમાં બીજી રીતે પણ અર્થ કર્યો છે, તે આ પ્રમાણે છે– આ લોકમાં જે કોઈ સંસારી જીવો આરંભ સમારંભથી આજીવિકા ચલાવે છે, તેઓ દુઃખ ભોગવે છે અને જે અન્યતીર્થિક સાધુ કે શિથિલાચારી શ્રમણ પણ સાવદ્ય કાર્યોમાં પ્રવૃત્ત થાય છે તે પણ દુઃખ ભોગવે છે. અજ્ઞાનદશામાં રહેલા તે વિષયાભિલાષાથી પીડિત થઈને પાપકર્મોમાં રમણ કરે છે, તેમાં તલ્લીન થાય છે અને અશરણભૂત પાપાચરણોને શરણભૂત માનવાની અજ્ઞાનતા કરે છે. તાત્પર્ય એ છે કે સંસારી જીવો તો હિંસા કરે જ છે પરંતુ ગૃહત્યાગી સંન્યાસી કે શ્રમણ થઈને પણ કેટલાક અજ્ઞાન દશામાં આવા આરંભ સમારંભ કરતા થઈ જાય છે, તે પણ આત્મકલ્યાણના બદલે દુઃખ જ પ્રાપ્ત કરે છે.

## દૂષિત એકલવિહાર ચર્યા :–

**૬ इहमेगेसिं एगचरिया भवइ । से बहुकोहे बहुमाणे बहुमाए बहुलोभे बहुरए बहुणडे बहुसढे बहुसंकप्पे आसवसक्की पलिओछण्णे उट्ठियवायं पवयमाणे, मा मे केइ अदक्खु, अण्णाण पमायदोसेणं । सययं मूढे धम्मं णाभिजाणइ ।**

**શબ્દાર્થ :–** **इह** = આ જગતમાં, **एगेसिं** = કેટલાક સાધકોની, કોઈની, **एगचरिया भवइ** = એકલવિહારચર્યા હોય છે, **से बहुकोहे** = તે બહુક્રોધી, **बहुमाणे** = બહુમાની, **बहुमाए** = બહુ માયાવી, બહુ કપટી, **बहुलोभे** = બહુલોભી, **बहुरए** = પાપકર્મમાં બહુરત અથવા બહુકર્મ રજ યુક્ત, **बहुणडे** = બહુરૂપી, અનેક વેશધારી નટ, **बहुसढे** = અત્યંત શઠ, **बहुसंकप्पे** = ઘણા સંકલ્પ યુક્ત, **आसवसक्की** = આસ્રવોમાં આસક્ત, **पलिओछण्णे** = દોષોને છુપાવનાર,કર્મોથી ઢંકાયેલા, **उट्ठियवायं** = પોતાને પ્રવ્રજ્યાધારી, ઉત્કૃષ્ટાચારી, **पवयमाणे** = કહેનારા, **मे** = મને, **केइ** = કોઈ, **मा अदक्खू** = જોઈ ન જાય, **अण्णाण पमायदोसेणं** = અજ્ઞાન પ્રમાદ દોષથી, **सययं मूढे** = અત્યંત મૂઢ, **धम्मं** = ધર્મને, ધર્મના મર્મને, **णाभिजाणइ** = સમજતા નથી, જાણતા નથી.

**ભાવાર્થ :–** આ સંસારમાં કોઈ સાધક એકલા વિચરે છે. તે સાધક બહુ ક્રોધી, બહુમાની, બહુમાયાવી,

બહુલોભી, ભોગોમાં અત્યંત આસક્ત, નટની જેમ બહુરૂપી અનેક પ્રકારની શઠતા કરનાર, અનેક પ્રકારના સંકલ્પ–વિકલ્પ કરનાર, હિંસાદિ આસ્રવોમાં આસક્ત અને ગુપ્તરીતે દોષ સેવન કરનાર હોય છે અથવા કર્મોથી લિપ્ત હોય છે, છતાં "હું સાધુ ધર્માચરણ માટે ઉપસ્થિત થયો છું, આચારશીલ છું" આ રીતે પોતાની પ્રશંસા કરે છે, બડાઈ મારે છે, પરંતુ 'મને કોઈ જોઈ ન જાય' એવી શંકાથી છાની રીતે અનાચાર સેવે છે. તે અજ્ઞાન અને પ્રમાદના દોષથી સતત મૂઢ બનેલ છે. તે મોહમૂઢ ધર્મને જાણતો નથી.

## વિવેચન :–

આ સૂત્રમાં એકલવિહારી અજ્ઞાની સાધકના વિષયમાં કથન છે. એકચર્યા બે પ્રકારની હોય છે. (૧) વિશિષ્ટ તપાચરણની સાધના માટે (૨) પરિસ્થિતિ કે કર્મસંયોગના કારણે. પ્રથમ પ્રકારના એકાકી સાધુ ગુરુ નિશ્રામાં હોય છે જ્યારે બીજા પ્રકારના એકાકી સાધુ ગુરુ નિશ્રામાં હોતા નથી. પરિસ્થિતિવશ સ્વતંત્ર વિચરણ કરનાર એકાકી વિહારી બે પ્રકારના હોય છે. પ્રશસ્ત અને અપ્રશસ્ત. અહીં અપ્રશસ્તનું કથન છે. જે એકચર્યાની પાછળ વિષયલોલુપતા હોય, સ્વાર્થ હોય, બીજા દ્વારા પૂજા–પ્રતિષ્ઠા કે પ્રસિદ્ધિ પ્રાપ્ત કરવાનો લોભ હોય, કષાયોની ઉત્તેજના હોય, બીજાની સેવા કરવી ન પડે, પોતાના દોષ કે અનાચારની બીજાને ખબર ન પડી જાય, આ કારણોથી એકાકી વિચરણ સ્વીકારવું તે અપ્રશસ્ત એકચર્યા છે.

અહીં સૂત્રમાં અયોગ્ય એકચર્યા કરનારની ખોટી રીતભાતનું, વિવિધ પ્રકારનાં દૂષણોનું નિરૂપણ કર્યું છે. તે સૂત્રના ભાવાર્થથી જ સ્પષ્ટ થઈ જાય છે.

**उट्ठियवायं :–** આ પદથી એકચર્યા કરનારની મિથ્યા વાતોનું ખંડન કર્યું છે. "હું એકલો એટલા માટે વિચરું છું કે બીજા સાધુઓ શિથિલાચારી છે, હું તો ઉગ્ર આચારી છું, હું તેની સાથે કેવી રીતે રહી શકું ?" આ રીતે તે ચારેબાજુ કહેતો ફરે છે પરંતુ આ પ્રકારની તેની આત્મ પ્રશંસામાં ફક્ત તેનું વાક્ચાતુર્ય છે. પોતાને સંયમમાં ઉત્થિત બતાવવાની માત્ર માયા જાળ છે.

## અજ્ઞાનથી મુક્તિની ખોટી પ્રરૂપણા :–

**૭ अट्टा पया माणव ! कम्मकोविया, जे अणुवरया अविज्जाए पलिमोक्खमाहु, आवट्टमेव अणुपरियट्टंति । त्ति बेमि ।**

**॥ पढमो उद्देसो समत्तो ॥**

**શબ્દાર્થ :– अट्टा** = આર્ત, દુઃખી, **पया** = પ્રજાવર્ગ,સર્વ પ્રાણીઓ, **माणव** = હે મનુષ્ય ! **कम्मकोविया** = કર્મબાંધવામાં નિપુણ, કર્મકોવિદ, **जे** = જે પુરુષ, **अणुवरया** = અનુપરત–પાપથી અનિવૃત્ત, **अविज्जाए** = અવિદ્યાથી, **पलिमोक्खं** = મોક્ષ, **आहु** = બતાવે છે, કહે છે, **आवट्टमेव** = સંસાર ચક્રમાં જ, **अणुपरियट्टंति** = પરિભ્રમણ કરે છે.

**ભાવાર્થ :–** હે માનવ ! વિષય–કષાયથી પ્રાણી પીડિત છે, કર્મબંધ કરવામાં કોવિદ છે, પાપકર્મથી

અનિવૃત્ત છે, અજ્ઞાનથી મોક્ષ પ્રાપ્ત થાય એમ કથન કરે છે. તેઓ જન્મ, મરણાદિ રૂપ સંસાર આવર્તમાં જ પરિભ્રમણ કરતા રહે છે.

॥ પ્રથમ ઉદ્દેશક સમાપ્ત ॥

**વિવેચન :–**

**अविज्जाए :–** મોક્ષ પ્રાપ્તિનાં બે સાધન છે. સૂયગડાંગ સૂત્રના અ. ૧૨. ગા.૧૧ માં કહ્યું છે કે– **आहंसु विज्जा चरणं पमोक्खो**–જ્ઞાન અને ચારિત્ર એ મોક્ષનાં બે સાધન છે. અવિદ્યા મોક્ષનું કારણ નથી પરંતુ આળસના પ્રભાવથી પ્રભાવિત કેટલાક અજ્ઞાની, મિથ્યાવાદી અવિદ્યાથી મુક્તિ બતાવે છે, તે અજ્ઞાનવાદી છે. આ સૂત્રની વ્યાખ્યામાં ચૂર્ણિકારે **अविज्जाए** ની જગ્યાએ **विज्जाए** પાઠ માનીને તેનો અર્થ કર્યો છે કે– જેવી રીતે મંત્રથી વિષનો નાશ થઈ જાય છે, ઝેર ઉતરી જાય છે તેવી જ રીતે વિદ્યાથી, એકલા શુષ્કજ્ઞાનથી કોઈ મોક્ષને ઈચ્છે છે. સાંખ્યોનો મત એવો જ છે. તે વિદ્યા–તત્ત્વજ્ઞાનથી જ મોક્ષ માને છે.

पंचविंशति तत्त्वज्ञे यत्रकुत्राश्रमे रतः ।
जटी मुंडी शिखी वाऽपि, मुच्यते नात्र संशयः ॥

જેણે ૨૫ તત્ત્વોને જાણી લીધાં છે તે ગમે તે આશ્રમમાં રહે તોપણ તેની મુક્તિ અવશ્ય થાય છે પછી ભલે તે જટાધારી હોય કે મુંડિત હોય કે શિખાધારી હોય.

મોક્ષથી વિપરીત સંસાર છે. અવિદ્યા સંસારનું કારણ છે તેથી જે દાર્શનિકો અવિદ્યાને વિદ્યા માનીને મોક્ષનું કારણ બતાવે છે, તે સંસારના આવર્તમાં વારંવાર પરિભ્રમણ કરતા રહે છે. તેના સંસારનો અંત ક્યારે ય આવતો નથી.

॥ અધ્યયન–૫/૧ સંપૂર્ણ ॥

## પાંચમું અધ્યયન : બીજો ઉદ્દેશક

**અનારંભી સાધક :–**

**१** आवंती केयावंती लोगंसि अणारंभजीवी, एतेसु चेव अणारंभजीवी । एत्थोवरए तं झोसमाणे अयं संधी ति अदक्खू, जे इमस्स विग्गहस्स अयं खणे त्ति अण्णेसी । एस मग्गे आरिएहिं पवेइए ।

उट्ठिए णो पमायए, जाणित्तु दुक्खं पत्तेयं सायं । पुढो छंदा इह माणवा । पुढो दुक्खं पवेइयं । से अविहिंसमाणे अणवयमाणे पुट्ठो फासे

**विप्पणोल्लए । एस समियापरियाए वियाहिए ।**

**શબ્દાર્થ :– अणारंभजीवी** = અનારંભ જીવી, આરંભત્યાગી, **एतेसु चेव** = ગૃહસ્થના ઘરેથી નિર્દોષ આહાર લાવીને, **अणारंभजीवी** = નિરારંભી જીવન જીવે છે, ત્યાગી, **एत्थोवरए** = સાવદ્ય આરંભથી નિવૃત્ત, **तं** = કર્મોને, **झोसमाणे** = ક્ષય કરતા, **अयं** = આ, **संधी ति** = અવસર છે, **अदक्खू** = દેખે, જોયેલ છે, **जे इमस्स** = જે પુરુષ આ, **विग्गहस्स** = શરીરનો, **अयं** = આ, **खणे त्ति** = ક્ષણ, અવસર છે એમ, **अण्णेसी** = અન્વેષણ કરે,સદુપયોગ કરે, **एस मग्गे** = આ માર્ગ, **आरिएहिं पवेइए** = આર્ય પુરુષોએ કહ્યો છે, તીર્થંકરોએ બતાવ્યો છે, **उट्ठिए** = ઊઠો, ઉદ્યત થાઓ, **णो पमायए** = પ્રમાદ ન કરો, **पुढो** = ભિન્ન–ભિન્ન, **छंदा** = અભિપ્રાયો, મતો, **इह** = આ જગતમાં, **माणवा** = મનુષ્યોના, **पवेइयं** = કહેલ છે, **से** = તે, **अविहिंसमाणे** = હિંસા ન કરનાર, **अणवयमाणे** = ખોટું ન બોલનાર, **पुट्ठो** = સ્પર્શ થતા, **फासे** = પરિષહોને, દુઃખોને, **विप्पणोल्लए(विपणुवणए)** = નાના પ્રકારની ભાવનાઓ દ્વારા, સમભાવપૂર્વક સહન કરે, **एस** = આ, **समिया परियाए** = સમ્યક્ પર્યાય યુક્ત, **वियाहिए** = કહેવાયેલા છે.

**ભાવાર્થ :–** આ જગતમાં જે નિરારંભજીવી છે, તે હિંસાદિ આરંભ પ્રવૃત્તિ કરનાર ગૃહસ્થોની વચ્ચે રહેવા છતાં અનારંભથી જીવે છે. આ સાવદ્ય પ્રવૃત્તિથી નિવૃત્તિમાં સ્થિત અથવા અર્હત્ શાસનમાં સ્થિત અપ્રમત્ત મુનિ 'આ મનુષ્ય જન્મ સંધિ–ઉત્તમ અવસર છે' એમ જાણીને કર્મક્ષયમાં લાગી જાય. આ ઔદારિક શરીરની વર્તમાન ક્ષણ અમૂલ્ય અવસર છે, આ રીતે જાણીને ક્ષણાન્વેષી બને. એક–એક ક્ષણનું અન્વેષણ કરે, પ્રત્યેક ક્ષણનું મહત્ત્વ સમજે, તેનો સદુપયોગ કરે. આ અપ્રમાદનો માર્ગ તીર્થંકરોએ બતાવ્યો છે.

મોક્ષની સાધના માટે સાધકોએ સદા ઉદ્યત રહેવું જોઈએ પરંતુ ક્યારે ય પ્રમાદ કરવો જોઈએ નહિ. દરેકના દુઃખ અને સુખ પોત–પોતાના હોય છે, આ જાણીને પ્રમાદ કરે નહિ. આ જગતમાં મનુષ્યોના અભિપ્રાય ભિન્ન–ભિન્ન હોય છે તેથી તેનાં દુઃખ પણ ભિન્ન–ભિન્ન હોય છે, એમ તીર્થંકરોએ કહ્યું છે, તેથી અનારંભજીવી સાધક કોઈ પણ જીવની હિંસા નહિ કરતાં, અસત્ય નહિ બોલતાં, તેમજ સમસ્ત મહાવ્રતોનું પાલન કરતાં પરીષહ ઉપસર્ગજન્ય દુઃખ આવે તો તેને સમભાવપૂર્વક સહન કરે. આવા અહિંસક સહિષ્ણુ અને ઉત્તમ ચારિત્ર સંપન્ન સાધકની સંયમ પર્યાય સમ્યક્ કહેવાય છે.

## વિવેચન :–

**સાધુજીવનમાં આરંભ અને અનારંભ :–** સાધુ ગૃહસ્થાશ્રમના બાહ્ય આરંભથી બિલકુલ દૂર રહે છે. પરંતુ સાધના જીવનમાં દૈનિકચર્યા દરમ્યાન કેટલા ય આરંભ પ્રમાદવશ થઈ જાય છે. તે પ્રમાદને અહીં આરંભ કહેલ છે–

आदाणे निक्खेवे, भासुस्सग्गे य ठाण–गमणाई ।
सव्वो पमत्तजोगो, समणस्सऽवि होइ आरंभो ।।

પોતાનાં ધર્મોપકરણો કે સંયમોપયોગી સાધનોને લેતાં, મૂકતાં, બોલતાં, બેસતાં, ચાલતાં, ગોચરી જતાં, આહારાદિ ગ્રહણ કરતાં, વાપરતાં તેમજ મળ મૂત્રાદિને પરઠતાં શ્રમણના જે મન, વચન, કાયાના યોગ પ્રમાદપૂર્વક હોય તો તે આરંભ ગણાય છે.પરંતુ તે સમસ્ત પ્રવૃત્તિઓ વિવેકયુક્ત અને યતનાપૂર્વક હોય તો તે અનારંભ કહેવાય છે માટે સંયમની દરેક પ્રવૃત્તિને વિધિ સહિત વિવેકપૂર્વક કરનાર સાધક અનારંભી કહેવાય છે. તે અનારંભી સાધક આરંભજીવી ગૃહસ્થોની વચ્ચે રહેવા છતાં જલકમળની જેમ નિર્લેપ રહે છે.

આ સૂત્રમાં સાવદ્ય કાર્યોના ત્યાગી અનારંભજીવી શ્રમણોનું વર્ણન છે. જેમાં તેના જ્ઞાન, વૈરાગ્ય, ત્યાગ અને અપ્રમાદનું ચિત્ર દોર્યું છે.

**एतेसु चेव :–** આ પદના ત્રણ અર્થ થાય છે– (૧) આ લોકમાં રહેતાં જ તે અનારંભી રહે છે. (૨) આ સંસારના જીવો પ્રત્યે તે અનારંભી હોય છે. (૩) આરંભ કરનાર ગૃહસ્થોની વચ્ચે રહેતાં પણ તેઓ અનારંભી રહે છે.

**अयं संधि ,अयं खणे :–** આ સૂત્રમાં એક જ વાક્યમાં એકી સાથે આ બંને પર્યાયવાચી શબ્દોનો પ્રયોગ થયો છે. તોપણ શબ્દ સંયોગ અનુસાર બંનેના જુદા જુદા અર્થ આ પ્રમાણે છે– (૧) **સંધિ**– અનારંભી સાધક સંયમમાં લીન રહેતાં 'મને આ અણમૂલો અવસર મળ્યો છે' એમ સમજીને કર્મોનો ક્ષય કરવામાં પ્રયત્નશીલ રહે (૨) **ખણે**– આ માનવ દેહરૂપી અણમૂલો અવસર છે, તેનું અન્વેષણ–સદુપયોગ કરી લેવો જોઈએ. આ પ્રકારે બે વિભાગ યુક્ત આ એક સળંગ ઉપદેશાત્મક વાક્ય છે. ત્યાર પછીના વાક્યમાં કહ્યું છે કે આ ઉપદેશ આર્ય પુરુષોએ, તીર્થંકરોએ કહેલ છે માટે સંયમ આરાધનામાં સદૈવ તત્પર રહે પરંતુ પ્રમાદ ન કરે.

અપ્રમાદના માર્ગે ચાલવા એક સજાગ ચોકિયાતની જેમ કાળજીપૂર્વક જાગૃત રહેવું જોઈએ. ખાસ કરીને સ્થૂલશરીર પર જ નહિ, પણ સૂક્ષ્મ–કાર્મણ શરીર પર વિશેષ ધ્યાન રાખવું જોઈએ. આઠ પ્રકારના પ્રમાદમાંથી કોઈપણ પ્રમાદ આત્માની પ્રગતિને રોકે છે માટે પ્રમાદના મોરચારૂપ સંધિ પર બરાબર નજર રાખવી જોઈએ. જેમ જેમ સાધક અપ્રમત્ત બની સ્થૂલ શરીરની ક્રિયાઓ ઉપર અને તેનાથી મન પર પડતા પ્રભાવને જોવાનો અભ્યાસ કરતો જાય છે, તેમ તેમ કાર્મણ શરીરની ગતિ વિધિને જોવાની શક્તિ પણ આવતી જાય છે. શરીરના સૂક્ષ્મ દર્શનનો આરીતે દઢ અભ્યાસ થઈ જાય ત્યારે અપ્રમાદની સાધના દઢતમ થતી જાય છે અને તે જ માર્ગે આગળ વધતાં ચૈતન્ય તત્ત્વની ઉપલબ્ધિ થાય છે.

**अयं खणेत्ति अण्णेसी :–** આ પદનો અર્થ છે કે શરીરની વર્તમાન ક્ષણનું ચિંતન કરે, શરીરમાં જે પ્રતિક્ષણ પરિવર્તન થઈ રહ્યું છે, રોગાદિ ઉદયમાં આવે છે તેને જુએ. એક ક્ષણનું ઊંડાણપૂર્વકનું ચિંતન પણ શરીરની નશ્વરતાને સ્પષ્ટ કરે છે, તેથી શરીરની વર્તમાનક્ષણનું ગંભીરતાપૂર્વક સંશોધન કરે. માનવ જીવનના અવસરનો પૂર્ણ સદુપયોગ કરે.

## ધૈર્યવાન સાધકની સાધના :–

**૨ जे असत्ता पावेहिं कम्मेहिं उदाहु ते आयंका फुसंति । इति उदाहुवीरे ते फासे पुट्ठो अहियासए । से पुव्वं पेयं पच्छा पेयं भेउरधम्मं विद्धंसणधम्मं अधुवं अणितियं असासयं चयोवचइयं विप्परिणामधम्मं । पासह एयं रूवसंधिं समुपेहमाणस्स एगायतणरयस्स इह विप्पमुक्कस्स णत्थि मग्गे विरयस्स । त्ति बेमि ।**

**શબ્દાર્થ :– जे असत्ता** = જે આસક્ત નથી, **पावेहिं कम्मेहिं** = પાપકર્મોથી, **उदाहु** = કદાચિત્, ક્યારેક, **ते** = તે, **आयंका** = રોગ, આતંક, અસાધારણ બીમારી, **फुसंति** = સ્પર્શ કરે, **इति उदाहु** = ત્યારે તેના વિષયમાં કહે છે કે, **धीरे** = તે ધૈર્યવાન પુરુષ, **फासे पुट्ठो** = રોગોનો સ્પર્શ થવા પર, **अहियासए** = સમભાવ પૂર્વક સહન કરે, **से** = તે વિચારે, **पुव्वं पेयं** = પહેલાં ભોગવવા પડે, **पच्छापेयं** = પાછળથી ભોગવવા પડે, **भेउरधम्मं** = આ શરીર ભેદ પામવાના સ્વભાવવાળું, **विद्धंसणधम्मं** = વિધ્વંસન ધર્મી, **अधुवं** = અધ્રુવ, **अणितियं** = અનિત્ય, **असासयं** = અશાશ્વત, **चयोवचइयं** = ક્ષય, વૃદ્ધિ પામવાના સ્વભાવ વાળું, **विप्परिणामधम्मं** = વિનાશી સ્વભાવવાળું, **पासह** = જુઓ, **एयं** = આ, **रूवसंधिं** = માનવ ભવરૂપી અવસર, **समुपेहमाणस्स** = સમ્યક્ વિચારણા કરી જાણનાર, **एगायतणरयस्स** = સંયમમાં જ્ઞાન, દર્શન, ચારિત્રમાં રત, **इह** = આ લોકમાં, **विप्पमुक्कस्स** = પાપકર્મોથી મુક્ત, **मग्गे** = નરક, તિર્યચાદિ ગતિરૂપ માર્ગ, **णत्थि** = નથી, **विरयस्स** = વિરતિયુક્તને.

**ભાવાર્થ :–** જે સાધક પાપકર્મોમાં આસક્ત નથી, તેને કદાચ આતંક–મારણાંતિક બીમારી આવી જાય તો તે માટે તીર્થંકરોએ કહ્યું છે કે ધીરપુરુષ તે દુઃખોને સમભાવપૂર્વક સહન કરે. આ શરીર પહેલા કે પછી(એક દિવસ) અવશ્ય છૂટી જવાનું છે. વિધ્વંસ થવું તે તેનો સ્વભાવ છે. આ શરીર અધ્રુવ, અનિત્ય, અશાશ્વત છે, તેમાં વધ–ઘટ થતી રહે છે. તેનો સ્વભાવ પરિવર્તનશીલ છે. આ રીતે સંધિ–દેહ સ્વરૂપને તેમજ પ્રાપ્ત થયેલા અમૂલ્ય અવસરને જુઓ. શરીરની અનિત્યતાની સમ્યક્ પ્રેક્ષા કરનાર સંયમમાં લીન, આ સંસારના સુખો કે તેની આસક્તિથી પૂર્ણ વિરક્ત સાધકો માટે સંસાર ભ્રમણનો માર્ગ નથી. તે શીઘ્ર મોક્ષગામી હોય છે.

## વિવેચન :–

**आयंका फुसंति :–** પંચમહાવ્રતધારી સાધકને તેની પ્રતિજ્ઞાને ટકાવવામાં કેટલા ય પરીષહ, ઉપસર્ગ, દુઃખ, બીમારી(આતંક) આવી જાય તે સમયે શું કરવું જોઈએ ? તે માટે શાસ્ત્રકાર કહે છે કે–

**ते फासे पुट्ठोऽहियासए से पुव्वं पेयं पच्छा पेयं :–** સાધક અવ્યાકુળપણે, ધૈર્યતાપૂર્વક દુઃખોના ઉદયને સહન કરે. સંસારની અસારતાનું ચિંતન, ભાવના અને કર્મ નિર્જરાની ભાવનાથી દુઃખોને સહન કરે અને મનમાં સમભાવ રાખે. આ શરીર અનિત્ય, અશાશ્વત, ક્ષણભંગુર, નાશવંત અને પરિવર્તનશીલ

છે એમ સમજીને તેના પ્રત્યેની આસક્તિ દૂર કરે, દેહાધ્યાસ (શરીરમાં આત્માનો ભ્રમ) રાખે નહિ, સાથે એ પણ વિચારે કે મેં પૂર્વે જે અસાતાવેદનીય કર્મ બાંધ્યું છે તેના વિપાક–ફળ રૂપે દુઃખ ઉદયમાં આવ્યું છે, તે મારે જ સહન કરવાનું છે. બીજા મારા દુઃખને સહન કરી દેશે નહિ. કરેલાં કર્મોને ભોગવ્યાં વિના છુટકારો નથી.પહેલાં કે પછી તે અસાતાવેદનીય કર્મનાં ફળ ભોગવવાં પડશે. સંસારમાં એવી કોઈ વ્યક્તિ નથી કે જેને અસાતાવેદનીય કર્મના ફળ રૂપે દુઃખ રોગાદિ આતંક આવ્યા ન હોય. વીતરાગ તીર્થંકર જેવા મહાપુરુષોને પણ પૂર્વકૃત કર્મોનો ઉદય ભોગવવો પડયો છે, તો પછી મારે ગભરાવું જોઈએ નહિ, સમભાવ પૂર્વક તેને સહન કરતાં કર્મનાં ફળને ભોગવવા જોઈએ.

**णत्थि मग्गे विरयस्स :–** હિંસાદિ આશ્રવથી નિવૃત્ત મુનિ માટે કોઈ માર્ગ નથી. તેના ત્રણ અર્થ ફલિત થાય છે–

(૧) આ જન્મમાં વિવિધ પરમાર્થ ભાવનાઓનું ચિંતન કરવાને કારણે શરીરાદિની આસક્તિથી મુક્ત સાધક માટે નરક, તિર્યંચાદિમાં જવાનો માર્ગ બંધ થઈ જાય છે.

(૨) આ જ જન્મમાં સર્વકર્મનો ક્ષય થઈ જવાથી તે વિરત મુનિને ચાર ગતિનું પરિભ્રમણ રહેતું નથી.

(૩) જન્મ, જરા, વ્યાધિ અને મૃત્યુ, આ ચાર દુઃખના મુખ્ય માર્ગ છે. વિરત અને વિશેષ પ્રકારે શરીર મોહથી મુક્ત થયેલ સાધકને દુઃખના આ સમસ્ત માર્ગ બંધ થઈ જાય છે.

## પરિગ્રહધારીને મહાભય :–

**૩** **आवंती केयावंती लोगंसि परिग्गहावंती, से अप्पं वा बहुं वा अणुं वा थूलं वा चित्तमंतं वा, अचित्तमंतं वा, एतेसु चेव परिग्गहावंती । एतदेवेगेसिं महब्भयं भवइ । लोगवित्तं च णं उवेहाए । एते संगे अवियाणओ ।**

**से सुपडिबद्धं सूवणीयं ति णच्चा पुरिसा ! परमचक्खु विपरिक्कम । एतेसु चेव बंभचेरं । ति बेमि ।**

**શબ્દાર્થ :–** **परिग्गहावंती** = પરિગ્રહી છે, **एतेसु चेव** = આ પદાર્થના વિષયોમાં જ, આ પરિગ્રહોના કારણે, **परिग्गहावंती** = પરિગ્રહધારી બને છે, **एतदेव** = આ પરિગ્રહ, **एगेसिं** = આ પરિગ્રહ રાખનાર કોઈ એકને, **महब्भयं** = મહાભયકારી, **भवइ** = હોય છે, **लोगवित्तं** = લોકવૃત્તિ, લોકસંજ્ઞા, **उवेहाए** = જાણીને ત્યાગે, **एते संगे** = આ પરિગ્રહોને, આ કર્મબંધ કરાવનાર છે, **अवियाणओ** = નહીં જાણનારને, સમજી શકતા નથી.

**से** = પરિગ્રહ ત્યાગને, **सुपडिबुद्धं** = સારી રીતે પ્રતિષ્ઠિત કરેલ, **सूवणीयं ति** = સારી રીતે પુષ્ટ કરેલ, **परमचक्खू** = પરમચક્ષુ, મોક્ષ દષ્ટા, સંયમ દષ્ટા, **विपरिक्कम** = સંયમમાં પરાક્રમ કરો, **एतेसु चेव** = મોક્ષમાં દષ્ટિ રાખનારમાં, સમ્યક્ પુરુષાર્થ કરનારમાં, **बंभचेरं** = બ્રહ્મચર્ય, સંયમ.

**ભાવાર્થ :–** આ જગતમાં જેટલાં પ્રાણી પરિગ્રહવાન છે, તેઓ તે પરિગ્રહ થોડો હોય કે ઘણો, સૂક્ષ્મ કે સ્થૂલ હોય, સચિત્ત હોય કે અચિત્ત તેને મમત્વ પૂર્વક ગ્રહણ કરે છે. તેઓ તે વસ્તુમાં મમતા રાખે છે તેથી પરિગ્રહવાન છે. આ પરિગ્રહ જ કેટલાક પરિગ્રહીઓના માટે મહાભયનું કારણ બને છે અને કોઈને મહા દુઃખદાયી પણ બની જાય છે. સાધકો ! અસંયમી–પરિગ્રહી લોકોના વિત્ત–ધનને અથવા લોકસંજ્ઞાને જુઓ. આ સર્વ પરિગ્રહ વૃત્તિરૂપ લોકસંજ્ઞા કર્મબંધનું કારણ છે, તેમ તે લોકો સમજી શકતા નથી.

પરિગ્રહ મહાભયનું કારણ છે એ સર્વજ્ઞોએ સારી રીતે કહેલ છે, પ્રતિષ્ઠિત કરેલ છે અને સારી રીતે પુષ્ટ કરેલ છે. એ જાણીને હે પુરુષ ! પરમચક્ષુવાન મોક્ષદષ્ટા થઈને સંયમમાં પરાક્રમ કરો. આ રીતે વીતરાગ માર્ગમાં સમ્યક્ પુરુષાર્થ કરનારા જ વાસ્તવિક બ્રહ્મચર્યવાન અર્થાત્ સંયમી બને છે.

## વિવેચન :–

**एतेसु चेव परिग्गहावंती :–** આ સૂત્રનો ભાવાર્થ આ રીતે પણ થાય છે પરિગ્રહ થોડો હોય કે ઘણો; સૂક્ષ્મ હોય કે સ્થૂલ હોય; શિષ્ય, ભક્તાદિ રૂપ હોય કે પુસ્તક, પાત્ર, વસ્ત્રાદિ રૂપ હોય; અલ્પ મૂલ્યવાન હોય કે કિંમતી હોય; હળવો હોય કે ભારે હોય. આવા કોઈપણ પ્રકારના પદાર્થો પર મહાવ્રતધારી મુનિરાજની થોડી પણ આસક્તિ હોય તથા આહાર, શરીરાદિના પ્રત્યે જરા પણ મમતા હોય તો તે સાધકની ગણતરી પરિગ્રહીમાં થાય છે, તેથી તેણે અપ્રમત્તપણે સાવધાન રહેવું જોઈએ.

**एतदेवेगेसिं महब्भयं भवइ :–** આ વાક્યના બે પ્રકારે અર્થ થાય છે– (૧) પરિગ્રહ ધારણ કરનાર કેટલાક જીવોને પરિગ્રહ મહાન ભયકારી, પીડાકારી થઈ જાય છે. (૨) કેટલાક સંયમી સાધકોને પણ તે પરિગ્રહ દુઃખદાયી થઈ જાય છે કારણ કે તેઓએ અપરિગ્રહવ્રત ધારણ કર્યું હોવા છતાં પણ પોતાનાં ઉપકરણો કે શિષ્યાદિ પર મમતા રાખે છે. જેમ ગૃહસ્થના મનમાં પરિગ્રહના રક્ષણનો ભય રહે છે તેવી રીતે(સજીવ કે નિર્જીવ) પદાર્થો પ્રત્યે મમતા રાખનાર સાધકના મનમાં પણ સુરક્ષાનો ભય રહે છે. માટે પરિગ્રહને મહાભયરૂપ કહેલ છે. આ રીતે ગૃહસ્થ કે સંયમી સાધક તે બન્નેને માટે પરિગ્રહ દુઃખકારી, ભયકારી, પીડાકારી થાય છે તેથી સાધકો પરિગ્રહથી હંમેશાં દૂર રહે.

**लोगवित्तं :–** આ શબ્દના બે અર્થ થાય છે– (૧) લોકવૃત્તિ– લોકોનું વ્યાવહારિક કષ્ટમય જીવન (૨) લોકસંજ્ઞા– લોકોની પરિગ્રહ વૃત્તિની સંજ્ઞા અથવા આહાર, ભય, મૈથુન અને પરિગ્રહરૂપ લોકસંજ્ઞાને ભયરૂપ જાણીને તેની ઉપેક્ષા કરે, ત્યાગ કરે.

**एतेसु चेव बंभचेरं :–** બંભચેર શબ્દ સંયમના અર્થમાં પ્રયુક્ત છે તેથી આ વાક્યનો અર્થ છે કે સમ્યક્ પુરુષાર્થ કરનાર સાધકોમાં જ સંયમ હોય છે. બીજી રીતે આ સૂત્રનો અર્થ એમ સમજી શકાય કે પ્રાચીનકાળમાં સ્ત્રીને પણ પરિગ્રહ માનવામાં આવતી હતી તેથીજ પાર્શ્વનાથ ભગવાને ચાર યામરૂપ ધર્મની પ્રરૂપણા કરી હતી. તેઓએ બ્રહ્મચર્યવ્રતનો અપરિગ્રહવ્રતમાં સમાવેશ કર્યો હતો.

બ્રહ્મચર્યનો ભંગ મોહવશ થાય છે. મોહ આભ્યંતર પરિગ્રહ છે તેથી જ બ્રહ્મચર્યભંગને અપરિગ્રહવ્રતના ભંગનું કારણ સમજવામાં આવે છે. આ દષ્ટિકોણથી જ કહ્યું છે કે પરિગ્રહથી વિરક્ત વ્યક્તિઓમાં જ વાસ્તવમાં બ્રહ્મચર્ય હોય છે. શરીર અને વસ્તુઓ પ્રત્યે જેને મમતા છે, તે ઈન્દ્રિય સંયમરૂપ બ્રહ્મચર્યનું પાલન કરી શકતા નથી તેમજ અહિંસાદિ અન્ય વ્રતોના આચરણરૂપ બ્રહ્મચર્યનું પાલન કરી શકતા નથી, ગુરુકુળવાસ રૂપ બ્રહ્મચર્યમાં રહી શકતા નથી અને તે આત્મા–પરમાત્મા રૂપ બ્રહ્મમાં વિચરણ કરી શકતા નથી.

**परमचक्खु :–** આ શબ્દના વૃત્તિકારે બે અર્થ કર્યા છે– (૧) જેની પાસે પરમજ્ઞાનરૂપી ચક્ષુ–નેત્ર છે તે પરમચક્ષુ (૨) પરમ–મોક્ષ ઉપર જ જેની દષ્ટિ કેન્દ્રિત થઈ છે તે પણ પરમચક્ષુ છે.

## પરિણામોથી બંધ–મોક્ષ :–

## ૪ से सुयं च मे अज्झत्थयं च मे, बंधपमोक्खो अज्झत्थेव ।

**શબ્દાર્થ :– मे** = મારા, **अज्झत्थं** = અનુભવેલ છે, ચિંતન કરેલ છે, **बंधपमोक्खो** = બંધનથી છુટકારો, બંધ અને મોક્ષ, **अज्झत्थेव** = અધ્યાત્મથી જ, પરિણામોથી જ.

**ભાવાર્થ :–** મેં જ્ઞાની ગુરુઓ પાસેથી સાંભળ્યું છે, અધ્યવસિત–અનુભવિત કર્યું છે કે કર્મોનો બંધ અને મોક્ષ આત્મપરિણામોથી, અધ્યવસાયની મુખ્યતાથી જ થાય છે.

## વિવેચન :–

**बंधपमोक्खो अज्झत्थेव :–** આ સૂત્રાંશમાં શાસ્ત્રકારે **मन एव मनुष्याणां कारणं बंध मोक्षयोः** આ પ્રચલિત ઉક્તિને શબ્દશઃ સાર્થક કરેલ છે. તે ભાવ આ શબ્દોમાં વ્યક્ત થયા છે કે મેં સર્વજ્ઞો પાસેથી સાંભળીને, વિચારીને, અનુભવ કરીને જાણ્યું છે કે જીવોને કર્મબંધ અને કર્મમુક્તિ આત્મ પરિણામોથી જ થાય છે, વિચારોથી જ થાય છે.

આત્મ પરિણામ એ સૂક્ષ્મ દષ્ટિ છે અને તેને જ સ્થૂલ દષ્ટિથી ચિંતન મનન કહે છે. ચિંતન–મનન મનરૂપ સાધનથી થાય છે. શુભાશુભ આત્મપરિણામ એકેન્દ્રિયાદિ સર્વ જીવોને મનના સાધન વિના આત્મ પરિણતિથી હોય છે.

વ્યવહારદષ્ટિ અથવા સ્થૂલ દષ્ટિએ ચિંતન–મનન અને આત્માના પરિણામને અલગ અલગ સમજવા કઠિન હોવાથી બંનેનો સમન્વય કરાય છે.

એક અપેક્ષાએ મનયોગના અભાવમાં એકેન્દ્રિયાદિને આત્માના અધ્યવસાયો=પરિણામોથી અને કાયયોગના માધ્યમથી અથવા વિગલેન્દ્રિયાદિ જીવોને વચનયોગના માધ્યમથી પણ અલ્પ કર્મબંધ થાય છે.

અહીં ઉક્ત સૂત્રમાં ગણધર પ્રભુએ પોતાના માટે મેં શબ્દનો પ્રયોગ કર્યો છે અને ચિંતન તથા આત્મ પરિણામો બંને માટે **अज्झत्थ** શબ્દનો પ્રયોગ કર્યો છે.

**સહનશીલતા અને અપ્રમત્તભાવ :–**

**૫** **एत्थ विरए अणगारे दीहरायं तितिक्खए । पमत्ते बहिया पास, अप्पमत्तो परिव्वए । एयं मोणं सम्मं अणुवासेज्जासि । त्ति बेमि ।**

**॥ बिइओ उद्देसो समत्तो ॥**

**શબ્દાર્થ :– एत्थ** = આ જિનશાસનમાં, **विरए** = પરિગ્રહ આદિ પાપોથી નિવૃત્ત, **दीहरायं** = જીવન પર્યંત, **तितिक्खए** = પરીષહ, ઉપસર્ગ સહન કરે, **पमत्ते** = પ્રમાદમાં રહેલ, **बहिया** = ધર્મથી બહાર, સંયમથી બહાર, **अप्पमत्तो** = પ્રમાદ રહિત થઈને, **परिव्वए** = સંયમનું પાલન કરે, **एयं** = આ, **मोणं** = મુનિવ્રતનું, **सम्मं** = સારી રીતે, **अणुवासेज्जासि** = પાલન કર.

**ભાવાર્થ :–** આ જિન શાસનમાં પાપોની વિરતિને પ્રાપ્ત, પરિગ્રહથી વિરક્ત અણગાર પરીષહોને જીવન પર્યંત સહન કરે. જે સંયમ પાલનમાં પ્રમાદ કરે છે તે નિર્ગ્રંથ ધર્મથી બહાર છે એમ તું જો, સમજ અને અપ્રમત્તભાવે સંયમમાં વિચરણ કર. આ રીતે ઉપરોક્ત સર્વ સંયમ અનુષ્ઠાનોનું સમ્યક્ પ્રકારે પાલન કર. — એમ ભગવાને કહ્યું છે.

**॥ બીજો ઉદ્દેશક સમાપ્ત ॥**

**વિવેચન :–**

**दीहरायं :– रायं** શબ્દનો અર્થ 'રાત્રિ' થાય છે તેમ છતાં ક્યારેક રાત દિવસ બંને માટે પણ **रायं** શબ્દનો પ્રયોગ થાય છે અને ક્યારેક આ જીવન માટે પણ તેનો પ્રયોગ થાય છે. તેથી અહીં દીર્ઘરાત્રિનો અર્થ જીવનપર્યંત, આજીવન, આ રૂપમાં છે. આગળના સૂત્રમાં પણ **पुव्वावररायं** શબ્દનો પ્રયોગ નિરંતર જીવનભર જયણા કરવા માટે થયો છે.

આ સૂત્રમાં **दीहरायं** શબ્દથી સાધકને જીવનપર્યંત સહનશીલ થઈ સંયમ આરાધનાનો અને અપ્રમત્ત ભાવોમાં રહેવાનો ઉપદેશ છે. સાથે જ પ્રમાદ કરનારાઓ, સંયમને દૂષિત કરનારાઓ પ્રત્યે ધ્યાન ન દેતાં પોતે સદા અપ્રમત ભાવમાં જ, શુદ્ધ સંયમની આરાધનામાં જ રહે, એવી ખાસ ભલામણ છે.

**॥ અધ્યયન–૫/૨ સંપૂર્ણ ॥**

## પાંચમું અધ્યયન : ત્રીજો ઉદ્દેશક

**અપરિગ્રહી શ્રમણનો પુરુષાર્થ :–**

**१** **आवंती केयावंती लोगंसि अपरिग्गहावंती, एएसु चेव**

**अपरिग्गहावंती । सोच्चावई मेहावी पंडियाणं णिसामिया । समियाए धम्मे आरिएहिं पवेइए । जहेत्थ मए संधी झोसिए एवमण्णत्थ संधी दुज्झोसए भवइ । तम्हा बेमि णो णिण्हवेज्ज वीरियं ।**

**શબ્દાર્થ :– अपरिग्गहावंती** = અપરિગ્રહી, **एतेसु चेव** = થોડા, ઘણા તે પરિગ્રહની અપેક્ષાએ જ ત્યાગી, **अपरिग्गहावंती** = અપરિગ્રહી બને છે, **वई** = તીર્થંકરોના વચનોને, **णिसामिया** = અવધારીને, **समियाए** = સમ્યક્‌પ્રકારે, સમભાવથી, **आरिएहिं** = આર્ય પુરુષોએ, **पवेइए** = કહ્યો છે, **जहेत्थ** = જે રીતે આ ધર્મમાં, **मए** = મે, **संधी** = ચારિત્રની સાધના, કર્મોની સંધી, **झोसिए** = કરી છે, **एवं** = તે રીતે, **अणत्थ** = અન્યધર્મમાં, **दुज्झोसए भवइ** = કર્મક્ષય કરવાનું કઠિન છે, **तम्हा** = તેથી, **बेमि** = કહું છું કે, **वीरियं** = શક્તિને, **णो णिण्हवेज्ज** = છુપાવવી ન જોઈએ,

**ભાવાર્થ :–** આ લોકમાં જે અપરિગ્રહી સાધક છે, તે લોકના કોઈ પણ પદાર્થોમાં મમતા નહિ રાખવાથી અને તેનો સંગ્રહ નહિ કરવાથી જ અપરિગ્રહી છે. મેધાવી સાધક તીર્થંકરોની વાણીને આચાર્યાદિ વિદ્વાનો દ્વારા સાંભળીને તેના વચનો ઉપર ચિંતન મનન કરે. તીર્થંકરોએ આ સમ્યક્ ધર્મ કહ્યો છે.

ભગવાન મહાવીરે કહ્યું છે– જેવી રીતે મેં જ્ઞાન, દર્શન, ચારિત્ર આ ત્રણેયની સંધિરૂપ સાધના કરી છે. તેવી રીતે તે સાધના અન્ય માર્ગમાં દુરારાધ્ય છે માટે હું કહું છું કે મોક્ષમાર્ગને પ્રાપ્ત કરી સાધક પોતાની શક્તિને ગોપવે નહિ પરંતુ સમર્થ બની સંયમમાં પરાક્રમ કરે.

**વિવેચન :–**

આ સૂત્રમાં પરિગ્રહીના પ્રતિપક્ષમાં અપરિગ્રહી સાધકનો નિર્દેશ કરી તે સાધકોને પોતાના ગ્રહણ કરેલા સંયમ તપમાં શક્તિ નહીં છુપાવવાનો સંદેશ આપી ક્ષમતાનુસાર નિરંતર પરાક્રમ કરવાની પ્રેરણા આપી છે. તાત્પર્ય એ છે કે સંયમ ગ્રહણ કર્યા પછી સાધક સ્વાધ્યાય તપ, ધ્યાન વગેરે વિવિધ પુરુષાર્થ, પરાક્રમ કરતા જ રહે, પરતું પ્રમાદી ન બને.

**समियाए धम्मे आरिएहिं पवेइए :–** આ વાક્યના વૃત્તિકારે ચાર અર્થ કર્યા છે– (૧) આર્યો– તીર્થંકરોએ સમતામાં ધર્મ કહ્યો છે. (૨) દેશાર્ય, ભાષાર્ય, ચારિત્રાર્યાદિ આર્યોમાં સમતા– સમભાવપૂર્વક–નિષ્પક્ષપાત ભાવથી ભગવાને ધર્મનું કથન કર્યું છે. (૩) સર્વ હેયોથી દૂર આર્યોએ શમિતા (કષાયાદિની ઉપશાંતિ)માં પ્રકર્ષરૂપથી ધર્મ કહ્યો છે. (૪) જેની ઈન્દ્રિયો અને મન ઉપશાંત હતાં તેને તીર્થંકરોએ ધર્મ–પ્રવચન કહ્યું છે.

તીર્થંકર આર્ય–અનાર્ય સર્વને ઉપદેશ આપે છે તેથી તીર્થંકરોએ સમ્યક્‌ધર્મ કે સમતા ભાવયુક્ત ધર્મસ્વરૂપને બતાવ્યું છે.

**जहेत्थ मए संधी झोसिए :–** વૃત્તિકારે આ વાક્યના બે અર્થ કર્યા છે– (૧) જેમ મેં મોક્ષના વિષયમાં જ્ઞાનાદિ ત્રણેયની સમન્વિત સાધના કરી છે...

(૨) જેમ મેં મુમુક્ષુ બનીને જ્ઞાન, દર્શન, ચારિત્રાત્મક મોક્ષની પ્રાપ્તિ માટે સ્વયં દીર્ઘ તપશ્ચર્યા કરીને આઠ પ્રકારનાં કર્મોની પરંપરાને  ક્ષીણ કરી છે.

તે યુગમાં કેટલાક દાર્શનિકો એકલા જ્ઞાનથી જ મોક્ષ માનતા હતા. કોઈ કર્મ(ક્રિયા)થી જ મુક્તિ કહેતા હતા અને કોઈ ભક્તિવાદી ફક્ત ભક્તિથી જ મોક્ષ પ્રાપ્તિ માનતા હતા પરંતુ તીર્થંકર મહાવીરે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર આ ત્રણેની સમ્યગ્ સાધનાને મોક્ષ માર્ગ કહ્યો છે કારણ કે ભગવાને પોતે આ ત્રણેયની સાધના કરી હતી અને અતિ ગાઢ કર્મોને ખપાવવા આ ત્રણેયની સાથે દીર્ઘ તપશ્ચર્યાઓ કરી હતી, તેથી જ સ્વાનુભવે કહ્યું છે કે જ્ઞાનાદિ રત્નત્રય જ મોક્ષમાર્ગ છે.

**तम्हा बेमि णो णिण्हवेज्ज वीरियं :–** ભગવાન મહાવીરે દીર્ઘ તપશ્ચર્યા કરીને તથા પરીષહાદિને સમભાવપૂર્વક સહન કરીને પોતાના પૂર્વકૃત–કર્મોનો ક્ષય કર્યો અને જ્ઞાનાદિ રત્નત્રય પૂર્વક તપનો ઉપદેશ પોતાના શિષ્યોને આપ્યો છે કે હે સાધકો ! તમે પણ જ્ઞાનાદિ રત્નત્રયની સાધના કરવામાં પોતાની શક્તિને જરાય ગોપવો નહિ અને જ્ઞાનાદિની સાથે યથાશક્તિ તપની આરાધના કરો.

## સાધકની ચડતી પડતી અવસ્થા :–

**૨ जे पुव्वुट्ठाई णो पच्छाणिवाई । जे पुव्वुट्ठाई पच्छाणिवाई । जे णो पुव्वुट्ठाई णो पच्छाणिवाई । से वि तारिसए सिया जे परिण्णाय लोगमण्णेसयंति । एयं णियाय मुणिणा पवेइयं ।**

**શબ્દાર્થ :– जे** = જે, **पुव्वुट्ठाई** = પહેલાં સંયમ અંગીકાર કરે છે, **णो पच्छाणिवाई** = પછી પતિત થતાં નથી, **पच्छाणिवाई** = પછી પડિવાઈ થઈ જાય છે, **णो पुव्वुट्ठाई** = પહેલાં ઉત્થાન કરતા નથી, **णो पच्छाणिवाई** = પછી પતિત થતા નથી, **से वि** = તે પણ, **तारिसए** = તેવા જ, **सिया** = છે, **परिण्णाय** = જાણીને, ત્યાગીને, **लोगं** = લોકને, **अण्णेसयंति** = અન્વેષણ કરે છે, **एयं** = આ વિષયને, **णियाय** = કેવળ– જ્ઞાનથી જાણીને, **मुणिणा** = મુનિ દ્વારા, **पवेइयं** = કહેલ છે.

**ભાવાર્થ :–** આ મુનિધર્મમાં પ્રવ્રજિત થનાર મોક્ષમાર્ગના સાધક ત્રણ પ્રકારના હોય છે. (૧) જે પહેલાં ત્યાગમાર્ગને અંગીકાર કરે છે અને તે જ રીતે જીવનપર્યંત પાલન કરતા રહે છે, કયારે ય તેનું પતન થતું નથી.(૨) જે પહેલાં સાધના માટે તૈયાર થાય છે પરંતુ પછી પતિત થઈ જાય છે. (૩) જે પહેલાં ત્યાગમાર્ગમાં ઉત્થાન કરતા નથી અને પછી પણ તેમાં પરિવર્તન કરતા નથી.

જે સાધક સંસારને જ્ઞ પરિજ્ઞાથી જાણીને પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી છોડે છે પરંતુ પછી તે ફરી તેની ઈચ્છા કરે છે તે પણ ગૃહસ્થની સમાન જ છે. આ ઉત્થાન–પતનના વિકલ્પોને કેવળજ્ઞાન દ્વારા જાણીને

તીર્થંકરે કહ્યું છે.

## વિવેચન :–

મુનિધર્મની અંદર સાધકના જીવનમાં કેટલાય ચઢાણ, ઉતાર આવે છે. તેના વિકલ્પો આ સૂત્રમાં બતાવ્યા છે. વૃત્તિકારે સિંહવૃત્તિ અને શિયાળવૃત્તિની ઉપમાં આપીને સમજાવ્યું છે. તેના ત્રણ ભંગ છે–

(૧) કોઈ સાધક સિંહવૃત્તિથી પ્રવ્રજ્યા અંગીકાર કરે છે અને તે જ ભાવ અંતસમય સુધી ટકાવી રાખે છે. યથા–ગણધરો, ધન્ના, શાલિભદ્ર આદિ. 'પૂર્વોત્થાયી પશ્ચાત્ અનિપાતી' આ પ્રથમ ભંગ છે.

(૨) કોઈ સિંહવૃત્તિથી નિષ્ક્રમણ કરે છે પરંતુ પછી શિયાળવૃત્તિવાળા થઈ જાય છે, યથા–નંદિષેણ, કંડરીક આદિ. તે 'પૂર્વોત્થાયી પશ્ચાન્નિપાતિ' આ બીજો ભંગ છે.

(૩) સૂત્રોક્ત ત્રીજા ભંગમાં ગૃહસ્થને માનવામાં આવે છે પરંતુ અહીં સંયમ સાધકોનું વર્ણન હોવાથી તેનો ભાવ એમ સમજવો કે પ્રારંભથી શિથિલ સંયમવાળા છે અને અંત સુધી તે સંયમની શિથિલતા છોડતા નથી. ત્રણે ય ભંગનું તાત્પર્ય એ છે કે (૧) શુદ્ધાચારથી શુદ્ધાચારમાં રહેનારા (૨) શુદ્ધાચારથી શિથિલાચારી થનારા (૩) પ્રારંભથી અંત સુધી શિથિલાચારમાં રહેનારા. અંતે શાસ્ત્રકારે કહ્યું છે કે સંસારનો ત્યાગ કરીને પુનઃ સાંસારિક પ્રવૃત્તિઓ કરનારા થઈ જાય છે તે ગૃહસ્થ સદશ છે, તેને ચોથો વિકલ્પ કહી શકાય

## સાધુ જીવનના વિવિધ ગુણો :–

## ૩ इह आणाकंखी पंडिए अणिहे पुव्वावररायं जयमाणे सयासीलं सुपेहाए सुणिया भवे अकामे अझंझे ।

**શબ્દાર્થ :– इह** = આ જગતમાં, **आणाकंखी** = આજ્ઞા આરાધક, **अणिहे** = સ્નેહ રહિત, **पुव्वावररायं** = પૂર્વરાત્રિમાં અને પાછલી રાત્રિમાં, **जयमाणे** = જયણાશીલ–સંયમપાલન, **सया** = સદા, **सीलं** = શીલને, **सुपेहाए** = મોક્ષનું અંગ જાણીને, **सुणिया** = સંયમપાલનના ફળને સાંભળીને, **भवे** = થાય, **अकामे** = કામરહિત, **अझंझे** = માયા રહિત બનો.

**ભાવાર્થ :–** આ જિનશાસનમાં ભગવદ આજ્ઞાના ઈચ્છુક પંડિત સાધક કોઈ સ્થાને રાગભાવ કરે નહિ, નિરંતર સાવધાનીપૂર્વક સંયમમાં જયણાશીલ રહે, હંમેશાં સંયમાચારનું સુંદર રીતે પ્રેક્ષણ કરે, શીલનું ચિંતન કરે, ધ્યાન રાખે. તે પ્રશંસા વચન સાંભળીને તેની કામના ન કરે અને નિંદા વચન સાંભળીને અશાંત ન થાય તેઓ જિનવાણી સાંભળીને ઈન્દ્રિય વિષયોથી અને કષાયોથી મુક્ત થઈ જાય છે.

## વિવેચન :–

સાધુપણામાં સાધકની ચડતી–પડતી મનોદશાને જાણીને ભગવાને સાધુધર્મમાં સ્થિરતા પ્રાપ્ત

કરવા માટે આઠ મૌલિક ગુણો બતાવ્યા છે, તેનો આ સૂત્રમાં ઉલ્લેખ છે–

**(૧) आणाकंखी :–** આજ્ઞાકાંક્ષી. તેનું તાત્પર્ય એ છે કે ચારિત્ર સંબંધી તીર્થંકરોની સમસ્ત આજ્ઞાઓનું યથાર્થ પાલન કરે.

**(૨) पंडिए :–** પંડિત, વિવેકી. ભગવદાજ્ઞાનો જ્ઞાતા હોય. **स पण्डितो यः करणैरखण्डितः ।** પંડિત તે છે જે આચારથી અખંડિત છે. ઈન્દ્રિયો અને મનથી પરાજિત થાય નહિ. **ज्ञानाग्निदग्धकर्माणं तमाहुः पण्डितं बुधाः ।** ગીતાની આ ઉક્તિ અનુસાર જે જ્ઞાનરૂપી અગ્નિથી પોતાનાં કર્મોને બાળી નાખે છે, તેનેજ તત્ત્વજ્ઞોએ પંડિત કહેલ છે.

**(૩) अणिहे :–** (અસ્નિહ) આસક્તિથી રહિત હોય.

**(૪) पुव्वावररायं जयमाणं :–** પૂર્વરાત્રિ અને અપરરાત્રિમાં યત્નાવાન રહેવું. (૧) રાત્રિના પ્રથમ ભાગને પૂર્વરાત્રિ અને પાછલા ભાગને અપરરાત્રિ કહે છે. બંને રાત્રિકાળમાં સ્વાધ્યાય, ધ્યાન, જ્ઞાન–ચર્ચા કે આત્મચિંતન કરતા અપ્રમત્ત રહેવું. (૨) જીવનમાં પહેલાં અને પછી નિરંતર સ્વાધ્યાય, ધ્યાન વગેરેમાં લીન રહેવું.

**(૫) सीलंसुपेहाए जयमाणे :–** શીલ સુપ્રેક્ષા– મહાવ્રતોની સાધના, ત્રણ ગુપ્તિનું રક્ષણ અને પંચેન્દ્રિય સંયમ, કષાયોનો નિગ્રહ આ ચાર પ્રકારે શીલ છે. ચિંતનના ઊંડાણમાં ઊતરીને પોતાનામાં તેનું સતત નિરીક્ષણ કરે.

**(૬) सुणिया :–** મોક્ષમાર્ગને સાંભળે અર્થાત્ સાધનાનું સ્વરૂપ સાંભળી તેનો સ્વીકાર કરે.

**(૭) अकामे :–** કામરહિત. ઈચ્છાકામ અને મદનકામથી રહિત અકામ થવું અથવા પ્રશંસાની આકાંક્ષા કરે નહિ.

**(૮) अझंझे :–** સર્વ કષાયોથી રહિત થવું અથવા નિંદા સાંભળી અશાંત થવું નહિ.

આ આઠે ય પ્રકારના મૌલિક ગુણોનો આધાર લઈને મુનિ સંયમ માર્ગમાં સતત આગળ વધતા રહે.

### આત્મયુદ્ધના દુર્લભ સાધન :–

**૪ इमेण चेव जुज्झाहि, किं ते जुज्झेण बज्झओ ? जुद्धारिहं खलु दुल्लहं । जहेत्थ कुसलेहिं परिण्णाविवेगे भासिए ।**

**શબ્દાર્થ :– इमेण चेव** = કષાય આત્મા સાથે જ, આભ્યંતર શત્રુઓ સાથે, **जुज्झाहि** = યુદ્ધ કરો, **बज्झओ** = બહારના, બાહ્ય શત્રુઓ સાથેના, **जुज्झेण** = યુદ્ધથી **किं** = શું પ્રયોજન છે ? **ते** = તમારે,

**जुद्धारिहं** = ઔદારિક શરીર આદિ આત્મ યુદ્ધ સામગ્રી, **खलु** = નિશ્ચયથી, **दुल्लहं** = દુર્લભ, **जहेत्थ** = આ સંસારમાં જેવીરીતે, જે આ જૈન શાસનમાં, **कुसलेहिं** = કુશળ પુરુષોએ, તીર્થંકરોએ, **परिण्णाविवेगे** = પરિજ્ઞા, વિવેક, જ્ઞાન અને ત્યાગ, સંયમાચાર, **भासिए** = કહ્યા છે.

**ભાવાર્થ :–** આ આત્મામાં રહેલા કર્મશત્રુઓની સાથે યુદ્ધ કર, બીજાની સાથે યુદ્ધ કરવામાં તને શું લાભ ? ખરેખર ભાવયુદ્ધને યોગ્ય સાધન મળવા જ દુર્લભ છે. જે આ જૈન શાસનમાં તીર્થંકરોએ આત્મયુદ્ધના સાધનરૂપે સમ્યગ્ જ્ઞાન અને સમ્યગ્ આચારરૂપ પરિજ્ઞા–વિવેકનું પ્રતિપાદન કર્યું છે.

## વિવેચન :–

**इमेण चेव जुज्झाहि :–** આ સૂત્રને વ્યાખ્યાકારે સંવાદના માધ્યમે સમજાવ્યું છે. મુમુક્ષુ પ્રશ્ન કરે છે કે હે ભંતે ! હું કર્મોથી મુક્ત થયો નથી તો કોઈ અસાધારણ ઉપાય બતાવો જેથી હું સર્વ કર્મ કલંકથી રહિત થઈ જાઉં. આપ જેમ કહેશો તેમ કરવા તૈયાર છું. સિંહ સાથે યુદ્ધ કરવું હોય તો પણ તે સહર્ષ સ્વીકારીશ. મુમુક્ષુના આ પ્રશ્નનો ઉત્તર આ સૂત્રમાં આપ્યો છે કે હે સાધક ! બહારનું યુદ્ધ કરવાની જરૂર નથી. જો તને મોક્ષની આવી ઉત્કંઠા છે, તો તેનો એકમાત્ર ઉપાય છે કે તું આત્મદર્શન કર, તેનાથી અંદરના દુર્ગુણો તને પ્રતીત થશે. તેની સાથે યુદ્ધ કર, તે જ યુદ્ધ કરવા યોગ્ય છે. બહારના યુદ્ધથી તને કંઈપણ પ્રાપ્ત થશે નહિ. અંતરના કામ, ક્રોધ, મદ, લોભ, દ્વેષ આદિ શત્રુઓની સામે યુદ્ધની ઘોષણા કર. કર્મસૈન્યને પરાજિત કરવા આત્મબળનો શંખ ફૂંક. આત્મબળના હુંકારથી કર્મસેના હચમચી જશે અને તને કર્મબંધનોથી મુક્તિ મળશે. તારો આત્મા કર્મથી સ્વતંત્ર થઈ મોક્ષના અખંડ શાસનનો અધિકારી બનશે માટે જ આત્મયુદ્ધ કર.

આત્માની સ્વાભાવિક અને વૈભાવિક શક્તિઓનો સંગ્રામ પ્રતિક્ષણ ચાલે છે. બાહ્ય યુદ્ધમાં એક પક્ષ જ્યારે પરાજિત થાય છે ત્યારે યુદ્ધ સમાપ્ત થઈ જાય છે. તેમ આત્માની વૈભાવિક શક્તિઓનું બળ વધે તો નિગોદમાં અનંતકાળ રહેવું પડે છે અને જ્યારે સ્વાભાવિક શક્તિનો વિજય થાય છે ત્યારે આત્મા સિદ્ધક્ષેત્રના વિશાળ તેમજ અક્ષય સામ્રાજ્યને પ્રાપ્ત કરે છે. વૈભાવિક શક્તિ ઉપર પ્રાપ્ત થયેલ વિજય ચરમ અને પરમ વિજય છે. આંતરિક શત્રુઓના વિનાશથી સંસારમાં તેના હવે એક પણ શત્રુ રહેતા નથી. પ્રાણીમાત્રની સાથે મૈત્રીભાવ રહે છે.

**जुद्धारिहं खलु दुल्लहं :–** ભાવયુદ્ધ ને યોગ્ય સામગ્રી પ્રાપ્ત થવી અત્યંત દુષ્કર છે, તે દુર્લભ વસ્તુ છે. ભાવ યુદ્ધ માટે ઉપયોગી માનવદેહ અને સંયમ, એ બંને ય તમને પ્રાપ્ત થયા છે, માટે ભાવયુદ્ધ કરવા તત્પર થાઓ, પ્રમાદ ન કરો.

**परिण्णाविवेगे :–** જ્ઞ પરિજ્ઞાથી આત્મશત્રુઓને, આત્મ અવગુણોને જાણવા તે 'પરિજ્ઞા' છે. પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી તે અવગુણોનો ત્યાગ કરવો, આત્મશત્રુઓને કાઢવા અને તેના માટે સંયમધર્મનું પાલન કરવું તે 'વિવેક' છે. બંને પ્રકારની પરિજ્ઞા–વિવેકનો અર્થ છે– જ્ઞાન અને આચાર, જ્ઞાન અને ક્રિયા. આ બંને આત્મયુદ્ધ માટે આવશ્યક ભાવશસ્ત્ર છે. આંતરિક યુદ્ધ માટે બે શસ્ત્રો કહ્યાં છે– પરિજ્ઞા અને વિવેક. પરિજ્ઞાથી ચારેબાજુથી વસ્તુનું જ્ઞાન કરવાનું છે અને વિવેકથી તેના પૃથક્કરણની દઢ ભાવના કરવાની છે.

વિવેક કેટલાય પ્રકારનો હોય છે– ધન, ધાન્ય, પરિવાર, શરીર, ઈન્દ્રિયો, મન આદિથી આત્માની ભિન્નતાનું ચિંતન કરવું, પરિગ્રહ–વિવેકાદિ છે. કર્મથી આત્માની પૃથક્ તત્ત્વની દઢ ભાવના કરવી તે કર્મવિવેક છે અને મમત્વાદિ વિભાવોથી આત્માને પૃથક્ સમજવો તે ભાવ વિવેક છે.

## વિવેકથી ચ્યુત સાધક :-

**૫ चुए हु बाले गब्भाइसु रज्जइ । अस्सिं चेयं पवुच्चइ, रूवंसि वा छणंसि वा ।**

**શબ્દાર્થ :– चुए** = પતિત થતાં, **हु** = નિશ્ચયથી, **गब्भाइसु** = ગર્ભ આદિમાં, જન્મ મરણમાં, **रज्जइ** = અનુરક્ત બને છે, ફસાઈ જાય છે, **अस्सिं** = આ જિનશાસનમાં, **चेयं** = અને આ વાત, **पवुच्चइ** = કહી છે, **रूवंसि** = રૂપાદિ વિષયોમાં આસક્ત, **छणंसि** = હિંસામાં પ્રવૃત્ત.

**ભાવાર્થ :–** તે આચારધર્મથી ચ્યુત થનાર અજ્ઞાની સાધક જન્મમરણના દુઃખમાં ફસાઈ જાય છે. આ અર્હત્ શાસનમાં એવું કહ્યું છે કે સાધક રૂપાદિ ઈન્દ્રિય વિષયોમાં આસક્ત થઈ પતિત થાય છે અથવા હિંસાદિ પ્રવૃત્તિઓમાં પડી સંયમથી ચ્યુત થઈ જાય છે.

## વિવેચન :-

**रूवंसि वा छणंसि वा :–** આ સૂત્રમાં અલ્પ સત્વ સાધકને સંયમભાવથી પતિત થવાના બે કારણોનું નિરૂપણ છે– (૧) શબ્દરૂપ આદિ કોઈપણ એક કે અનેક ઈન્દ્રિય વિષયોની લાલસા. (૨) હિંસાજન્ય પ્રવૃત્તિઓ કે કોઈપણ પાપની પ્રવૃત્તિઓ. આ બે મુખ્ય કારણોમાં અન્ય કારણોનો સમાવેશ પણ થઈ જાય છે.

## સંવિગ્નપથ સંયમી મુનિ :-

**૬ से हु एगे संविद्धपहे मुणी अण्णहा लोगमुवेहमाणे । इति कम्मं परिण्णाय सव्वसो । से ण हिंसइ, संजमइ, णो पगब्भइ, उवेहमाणे पत्तेयं सायं, वण्णाएसी णारभे कं च णं सव्वलोए । एगप्पमुहे विदिसप्पइण्णे णिव्विण्णचारी अरए पयासु। से वसुमं सव्वसमण्णागयपण्णाणेणं अप्पाणेणं अकरणिज्जं पावं कम्मं तं णो अण्णेसी ।**

**શબ્દાર્થ :– एगे** = એક મુનિ જ, **संविद्धपहे** = મોક્ષમાર્ગમાં ચાલનાર, **अण्णहा** = ભિન્ન દષ્ટિથી, ઉપેક્ષાભાવથી, અન્યથી, વિષય–કષાયમાં આસક્ત, **उवेहमाणे** = જોઈને, **इति** = આ પ્રકારે, **परिण्णाय** = જાણીને, **ण हिंसइ** = હિંસા કરે નહિ, **संजमइ** = સંયમ પાલન કરે, **णो पगब्भइ** = ધૃષ્ટતા કરે નહિ,

**उवेहमाणे** = જોઈને, **पत्तेयं सायं** = પ્રત્યેક જીવોના સુખ, **वण्णाएसी** = યશનો અભિલાષી, સંયમાભિલાષી, **णारभे**= આરંભ કરે નહીં, **कं च णं** = કોઈ પ્રકારથી, **सव्वलोए** = સર્વલોકમાં, **एगप्पमुहे** = કેવળ મોક્ષના અભિમુખ રહીને, **विदिसप्पइण्णे** = સંયમ વિરોધી માર્ગને પાર કરીને, **णिविण्णचारी** = ઉદાસીન ભાવે શુદ્ધ આચરણ કરનાર, **अरए**= આસક્ત થાય નહીં, **पयासु** = સ્ત્રીઓમાં, **वसुमं** = સંયમધનવાન, **सव्वसमण्णागय पण्णाणेणं** = સર્વ પદાર્થોનું જ્ઞાન ધરાવનારા, **अप्पाणेणं** = પોતાના આત્માથી, **अकरणिज्जं** = ન કરવા યોગ્ય, **णो अण्णेसी** = અન્વેષણ ન કરે, આચરણ ન કરે.

**ભાવાર્થ :–** ખરેખર તે જ મુનિ સંવિગ્ન પથ–મોક્ષમાર્ગને સમજનાર છે, જે સંસારની સમસ્ત પ્રવૃત્તિઓને ઉપેક્ષાભાવથી, ત્યાજ્ય દષ્ટિથી જોઈને તેનાથી દૂર રહે છે. આ પ્રમાણે કર્મ અને તેના કારણોને સમ્યક્ પ્રકારે જાણીને સાધક સર્વથા પાપોનો ત્યાગ કરે. તે સાધક કોઈ જીવની હિંસા કરતા નથી, સંયમનું સમ્યક્ આચરણ કરે છે પરંતુ સંયમ વિપરીત પ્રવૃત્તિઓ કરવાની ધૃષ્ટતા કરતા નથી. પ્રત્યેક પ્રાણીના સુખની વિચારણા કરી સંયમના અભિલાષી મુનિ લોકમાં કોઈ પણ પ્રકારનો આરંભ કરે નહિ. મુનિ એકમાત્ર મોક્ષાભિમુખ થઈ, મુક્તિ માર્ગથી વિપરીત સમસ્ત માર્ગના પારગામી થઈ, વિરક્ત ભાવે સંયમમાં વિચરણ કરે તથા સ્ત્રીઓ પ્રત્યે અનાસક્ત રહે. આ રીતે ઉપરોક્ત સર્વ પ્રજ્ઞાઓથી યુક્ત સંયમધની મુનિ અંતઃકરણથી પણ પાપકર્મને અકરણીય માને છે અને તેનો વિચાર માત્ર પણ કરે નહિ.

### વિવેચન :–

**वण्णाएसी :–** વર્ણ શબ્દ અહીં સંયમના અર્થમાં વપરાયો છે. સામાન્યતયા વર્ણના બે અર્થ છે– યશ અને રૂપ. 'રૂપ' અપેક્ષાએ અર્થ થાય છે કે મુનિ સૌન્દર્ય વધારવાનો ઈચ્છુક બની કોઈપણ (લેપ, ઔષધિ–પ્રયોગાદિ) પ્રવૃત્તિ કરે નહિ. 'યશ' અપેક્ષાએ અર્થ થશે કે મુનિ યશ પ્રાપ્ત કરવા આરંભના કાર્ય ન કરે. વિશિષ્ટતયા 'વર્ણ' શબ્દ સંયમનો દ્યોતક છે. સંયમ ચાહક મુનિ ક્યારે ય કોઈ પ્રકારનો આરંભ સમારંભ કરે નહીં.

**सव्वलोए :–** લોકના સમસ્ત જીવો પ્રત્યે અનારંભી રહે. કોઈની પણ હિંસા કરે નહીં.

**वसुमं :–** વસુમાન, ધનવાનને કહે છે. મુનિને સંયમ જ ધન છે, માટે 'સંયમ ધનવાન' મુનિને **वसुमं** કહેવાય છે.

### સાધ્વાચાર પાલનની મહત્તા :–

**૭ जं सम्मं ति पासह तं मोणं ति पासह, जं मोणं ति पासह तं सम्मं ति पासह । ण इमं सक्कं सिढिलेहिं अद्दिज्जमाणेहिं गुणासाएहिं वंकसमायारेहिं पमत्तेहिं गारमावसंतेहिं । मुणी मोणं समादाय धुणे कम्म सरीरगं । पंतं लूहं सेवंति वीरा सम्मत्तदंसिणो । एस ओहंतरे मुणी तिण्णे मुत्ते विरए**

**वियाहिए । त्ति बेमि ।**

**॥ तइओ उद्देसो समत्तो ॥**

**શબ્દાર્થ :– जं** =જેને, **सम्मं ति** = સમ્યગ્ આચારવાન, **पासह** = જુઓ, જાણો, **तं मोणंति** = તેને મુનિ ધર્મમાં, **पासह** = જુઓ, **जं मोणं ति** = જે મુનિભાવમાં દેખાય, **तं सम्मं ति पासह** = તેને સમ્યગ્ આચારવાન, જુએ, **इमं** = આ, સંયમ આચારનું, **ण सक्कं** = પાલન શક્ય નથી, **सिढिलेहिं** = શિથિલ વિચારવાનથી, **अद्दिज्जमाणेहिं** = ગાઢમમત્વવાળાથી, નિર્બળ મનવાળાથી, **गुणासाएहिं** = વિષયાસક્તથી, **वंकसमायारेहिं** = માયાવી, **पमत्तेहिं** = પ્રમાદી છે, **गारमावसंतेहिं** = ગૃહસ્થભાવમાં રહેનાર, ઘરનું મમત્વ રાખનાર, **मुणी मोणं समादाय** = મુનિ સંયમનો સ્વીકાર કરીને, **कम्मसरीरगं** = કાર્મણ શરીરને, **धुणे** = કૃશ કરે, **पंतं लूहं** = નિરસ, રૂક્ષ આહારનું, **सेवंति** = સેવન કરે, **एस** = આ, **ओहंतरे** = સંસાર સાગરથી તરનાર, **तिण्णे** = તરેલા, **मुत्ते** = મુક્ત, **विरए** = વિરત, **वियाहिए** = કહેવાયેલા છે.

**ભાવાર્થ :–** જેને તમે સમ્યક્રૂપથી આચરણ કરનારા જુઓ તેને તમો ભાવમુનિપણામાં સમજો અને જેને તમે ભાવમુનિપણામાં જુઓ તેને તમે સમ્યક્ આચરણવાળા સમજો. તાત્પર્ય એ છે કે જે આચારનું સમ્યક્પાલન કરે છે તે જ વાસ્તવમાં મુનિ છે. જે શિથિલાચારી, મોહ મમતાયુક્ત સ્વભાવવાળા, વિષયોમાં આસક્ત, કપટી અને પ્રમાદી તથા ગૃહવાસી(ગૃહસ્થ ભાવવાળા) છે તેઓથી આ સંયમાચારનું સમ્યક્ પાલન કરવું શક્ય નથી. તેથી મુનિ સંયમ ધર્મને સ્વીકારીને કાર્મણ શરીરને કૃશ કરે અર્થાત્ કર્મક્ષય કરવામાં પ્રયત્નશીલ બને.

કર્મક્ષય કરવામાં વીર સમત્વદર્શી મુનિ પ્રાંત–સામાન્ય તથા રૂક્ષ–લૂખાસૂખા નીરસ આહારાદિનું સેવન કરે. આ પ્રકારની વિરક્ત સાધનાથી જન્મ મૃત્યુના પ્રવાહને તરનાર મુનિ જ વાસ્તવમાં તીર્ણ, મુક્ત અને વિરક્ત કહેવાય છે. – એમ ભગવાને કહ્યું છે.

**॥ ત્રીજો ઉદ્દેશક સમાપ્ત ॥**

## વિવેચન :–

**जं सम्मं ति पासह तं मोणं ति पासह :–** અહીં સમ્યક્ શબ્દથી–સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ ચારિત્ર આ ત્રણે ય ગ્રહણ કરાયા છે તથા મૌનનો અર્થ છે– મુનિપણું. વાસ્તવમાં જ્યાં સમ્યગ્દર્શનાદિ રત્નત્રયની આરાધના હોય ત્યાં મુનિપણું અવશ્ય હોય છે અને જયાં મુનિપણું હોય ત્યાં રત્નત્રયની આરાધના હોવી અનિવાર્ય છે.

તેથી આ સૂત્રનો આશય આ પ્રકારે છે કે– સમ્યક્ સંયમ આચારનું પાલન જ્યાં દેખાય ત્યાં સાધુત્વને જુઓ. જે વાસ્તવિક સાધુત્વમાં છે તે જ્ઞાન, દર્શન, ચારિત્રનું સમ્યક્પ્રકારે પાલન કરનારા છે એમ સમજો. આ કથન કર્યા પછી બતાવ્યું છે કે આ પ્રકારનું સમ્યક્ સંયમ પાલન શિથિલ માનસવાળાઓ

માટે શક્ય નથી. મોહભાવથી પરાજિત, નિર્બળ મનવાળા, ઈન્દ્રિયોના વિષયોમાં આસક્ત, વક્રાચારી, એશ આરામમાં કે અસંયમના આચરણમાં લીન, પ્રમાદી અને ગૃહસ્થતુલ્ય પરિણામી, એવા મુનિઓને માટે સમ્યક્ સંયમ પાલન કરવું શક્ય નથી અને તેથી તેઓ ભાવ સાધુત્વમાં નથી. અહીં **पासह** શબ્દ જાણવા અને સમજવાના અર્થમાં પ્રયુક્ત છે.

**पंतं लूहं च सेवंति :–** સાધુત્વના સ્વીકાર પછી મુનિએ નિરંતર કર્મક્ષય કરવાનો પુરુષાર્થ કરવો જોઈએ. તેણે શરીરનો મોહ છોડીને સામાન્ય અને રૂક્ષ આહારનું સેવન કરવું જોઈએ. આવા સમત્વદર્શી, વીર અને સંયમાચારમાં રમણ કરનાર મુનિ સંસાર સમુદ્રને તરી જાય છે. તે સાધક વાસ્તવમાં તીર્ણ, મુક્ત અને વિરત કહેવાય છે. આ પ્રકારે આ સૂત્રમાં સાધુતાના અનેક ગુણોની પ્રેરણા આપી છે. આ રીતે આ સંપૂર્ણ ઉદ્દેશકમાં સમત્વ પ્રધાન મુનિધર્મ–મુનિઆચાર પાલનની પ્રેરણા છે.

**वंक समायारेहिं :–** વંક શબ્દના વિવિધ અર્થ છે– (૧) માયાવી (૨) માયાદિ કષાયોનું સેવન કરનાર (૩) એશઆરામમાં રહેનાર (૪) અસંયમાચરણ કરનાર.

**अद्दिज्जमाणेहि :–** જેનું મન નિર્બળ હોય, પ્રજ્ઞા અલ્પ હોય, દઢસંકલ્પી ન હોય, કોઈ કાંઈ કહે ત્યારે યોગ્ય અયોગ્યનો વિચાર કર્યા વિના પ્રવાહમાં વહી જવાના સ્વભાવવાળા હોય, તેમજ વિચાર્યા વિના શીઘ્ર માની લે, એવા અતિ નમ્ર આર્દ્ર સ્વભાવી હોય, તે બધાને અહીં આદ્રીયમાન શબ્દથી સંયમાચારની સફળ સાધના માટે અયોગ્ય કહ્યાં છે.

**गारमावसंतेहि :–** આ શબ્દનો ગૃહસ્થ અર્થ ન કરતાં સાધક અર્થ ગ્રહણ કરવામાં આવે છે, કારણ કે સંયમ પાલનમાં અસમર્થ સાધકના લક્ષણોનું અહીં વર્ણન છે. આ શબ્દનો ભાવ એ છે કે જે ગૃહસ્થતુલ્ય પરિણામવાળા, ગૃહસ્થ જેવી પ્રવૃત્તિ કરનારા અથવા સંયમનો ત્યાગ કરી ગૃહસ્થના જીવનમાં જવાના સંકલ્પવાળા.

**આવા વિવિધ વિશેષણોથી સૂત્રકારનો આશય પ્રગટ થાય છે કે સંયમાચારનું શુદ્ધ અને સંપૂર્ણ પાલન દઢ મનોબળથી, દઢ પ્રતિજ્ઞ સ્વભાવથી અને વૈરાગ્ય ભાવિત સંયમની અંતર લાગણીથી જ શક્ય અને સફળ થઈ શકે છે, માટે સાધકે સંયમ ગ્રહણ કરવાની વૈરાગ્યધારા અને ઉત્સાહ તથા શૂરવીરતાને ટકાવી સંયમના નિયમોની સાચી આરાધના કરવી જોઈએ, તો જ સાચી સાધુતા ટકી શકે છે.**

**॥ અધ્યયન–૫/૩ સંપૂર્ણ ॥**

## પાંચમું અધ્યયન : ચોથો ઉદ્દેશક

### અપરિપક્વ ભિક્ષુના એકલ વિહારની દશા :–

**૧** गामाणुगामं दूइज्जमाणस्स दुज्जायं दुप्परक्कंतं भवइ अवियत्तस्स

**भिक्खुणो। वयसा वि एगे बुइया कुप्पंति माणवा । उण्णयमाणे य णरे महया मोहेण मुज्झइ । संबाहा बहवे भुज्जो भुज्जो दुरतिक्कमा अयाणओ अपासओ । एयं ते मा होउ । एयं कुसलस्स दंसणं ।**

**શબ્દાર્થ :– गामाणुगामं** = એક ગામથી બીજે ગામ, **दूइज्जमाणस्स** = વિચરણ કરતાં, **दुज्जायं दुप्परक्कंतं भवइ** = વિહાર અને વ્યવહાર અકલ્યાણરૂપ બને છે, **अवियत्तस्स** = અવ્યક્ત, અસમર્થ, અગીતાર્થ એકલા, **भिक्खुणो** = ભિક્ષુ માટે, **वयसा** = વચનથી, **वि एगे** = પણ કોઈ, **बुइया** = કહેતાં, પ્રેરતાં, **कुप्पंति** = ગુસ્સે થાય છે, **माणवा** = મનુષ્ય, **उण्णयमाणे** = અત્યંત અભિમાન કરતાં, **महया** = મહાન, **मोहेण** = મોહથી, **मुज्झइ** = મૂંઝાઈ જાય છે, મૂઢ બની જાય છે, **संबाहा** = બાધાઓ, વિઘ્નો, **बहवे** = ઘણા, **दुरइक्कमा** = ઉલ્લંઘન કરવાનું કઠિન, **अयाणओ** = અજ્ઞાની, **अपासओ** = અતત્ત્વદર્શી, **एयं** = આ બાધાઓ, **ते** = તમને, **मा होउ** = ન થાય, **एयं** = આ, **कुसलस्स दंसणं** = કુશળ પુરુષોનું દર્શન–અભિપ્રાય.

**ભાવાર્થ :–** જે સાધુ જ્ઞાન અને વયથી અપરિપક્વ છે તેને એકલા ગ્રામાનુગ્રામ વિચરણ કરવું અયોગ્ય છે અને તેનું તે દુઃસાહસપૂર્વકનું પરાક્રમ છે. કોઈ અપરિપક્વ એકલ વિહારી સાધક થોડાક પ્રતિકૂળ વચન સાંભળતાં જ ક્રોધિત થઈ જાય છે. પોતાને શ્રેષ્ઠ માનનારા તે અભિમાની સાધક સ્વલ્પ માન–અપમાનમાં પણ પ્રબળ મોહથી મૂઢ થઈ જાય છે, વિવેક રહિત થઈ જાય છે.

તે અપરિપક્વ સાધકને એકલા વિચરતાં અનેક પ્રકારના ઉપસર્ગો તેમજ રોગાંતકાદિ પરીષહ જનિત પીડાઓ વારંવાર આવે, ત્યારે તે અજ્ઞાની, અતત્ત્વદર્શીને તે પીડાનો પાર પામવો અત્યંત કઠિન થઈ જાય છે, તેના માટે તે દુર્લંધ્ય હોય છે. એકલ વિહારી થવાની આ મનોભાવના અથવા સૂત્રોક્ત આવી દુર્દશા તમારી ન થાય, તે માટે તીર્થંકરોનો આ હિતોપદેશ છે.

## વિવેચન :–

આ સૂત્રમાં અવ્યક્ત–અપરિપક્વ સાધુના એકાકી વિચરણનો નિષેધ કર્યો છે. વૃત્તિકારે અવ્યક્તના લક્ષણ કહીને ચૌભંગી બતાવી છે. અવ્યક્ત સાધુના બે પ્રકાર છે– શ્રુતજ્ઞાનથી અવ્યક્ત અને વયથી અવ્યક્ત.

(૧) જે સાધુએ 'આચાર પ્રકલ્પ'નું અર્થ સહિત અધ્યયન કર્યું નથી, બીજા પણ ઉત્સર્ગ અપવાદરૂપ આચાર શાસ્ત્રના વિધિ નિષેધોને સમજ્યા નથી, તે શ્રુતથી અવ્યક્ત છે.(૨) એકાકીચર્યા માટે ચાલીસ(૪૦) વર્ષ સુધીની વય અવ્યક્ત કહેવાય છે કારણ કે વ્યવહાર સૂત્રના ત્રીજા ઉદ્દેશકમાં ૪૦ વર્ષથી ઓછી ઉંમરવાળાને આચાર્ય–ગુરુની નિશ્રા વિના રહેવાનો નિષેધ છે. તે સૂત્રની વ્યાખ્યામાં બતાવ્યું છે કે ૪૦ વર્ષ પછી પ્રૌઢ વય કહેવાય છે. તેની પહેલાની વય તરુણ કહેવાય છે. તરુણને આચાર્યની નેશ્રા વિના રહેવાનો મૂળપાઠમાં નિષેધ છે.

અવ્યક્તનો સીધો સરળ અર્થ એ છે કે જે સમ્યગ્દર્શન તેમજ સમ્યક્ આચારમાં ગુરુ સાનિધ્યથી

પરિપક્વ થયા ન હોય.

અવ્યક્તની ચૌભંગી– (૧) કોઈ સાધક શ્રુત અને વય બંનેથી અવ્યક્ત હોય છે. તેની એકચર્યા સંયમ અને આત્મવિરાધના કરનારી છે.

(૨) કોઈ સાધક શ્રુતથી અવ્યક્ત પરંતુ વયથી વ્યક્ત હોય છે. અગીતાર્થ હોવાના કારણે તેની એકચર્યા પણ સંયમ અને આત્મવિરાધના કરનારી છે.

(૩) કોઈ સાધક શ્રુતથી વ્યક્ત પરંતુ વયથી અવ્યક્ત હોય છે. બાળક, તરુણ કે યુવાન હોવાના કારણે તેની એકચર્યા પણ જોખમયુક્ત હોય છે.

(૪) કોઈ સાધક શ્રુત અને વયથી પૂર્ણ પરિપક્વ હોય છે. તે એકલવિહારને યોગ્ય હોય છે. તેવા યોગ્ય સાધકને પણ કોઈ અત્યાવશ્યક આગમસમ્મત પ્રયોજનથી એકલવિહાર કરવો યોગ્ય છે, પરંતુ કારણના અભાવમાં તેને પણ એકલ વિહાર કરવાની આજ્ઞા નથી. તેને પણ એકલા વિચરણ કરવાનું પ્રાયશ્ચિત આવે છે, તેવું કથન ભાષ્યમાં છે.

વય તથા શ્રુતથી અયોગ્ય, અપરિપક્વ સાધકના એકલા વિચરણમાં અનેક દોષોની સંભાવના છે. શાસ્ત્રકારે પ્રથમ ઉદ્દેશકમાં એકાકી વિચરણ કરનારા સાધુના વિભિન્ન દોષોનું વર્ણન કર્યું છે, આ ઉદ્દેશકમાં તે જ વિષયનું અન્ય પ્રકારે નિરૂપણ છે.

અહીં બે પ્રશ્ન છે કે (૧) અવ્યક્ત સાધુ એકલા વિચરણ શા માટે કરે છે ? (૨) તેનાથી તેને શું નુકસાન થાય છે ?

(૧) કોઈ અવ્યક્ત સાધુને સંયમી જીવનમાં પ્રમાદ આવી જવાથી ગુર્વાદિકો તેને ઉપાલંભ આપે કે કઠોર વચન કહે ત્યારે તે ક્રોધિત થાય છે, ક્રોધાંધ અવ્યક્ત, અપરિપક્વ સાધક મોહોદયને વશ થઈને ગચ્છને છોડીને એકલ વિહારને સ્વીકારી લે છે.

(૨) અપરિપક્વ સાધકના એકલ વિહારમાં અનેક દોષોની સંભાવના છે, (૧) તેને વાયુ, પિત્ત આદિના પ્રકોપથી બીમારી આવી જાય કે અકસ્માત થઈ જાય તો સંયમ વિરાધના અને આત્મ વિરાધના થાય તથા પ્રવચનની હિલના થાય છે. (૨) ક્યારેક સ્ત્રીના પાશમાં, ક્યારેક કુશીલના સંગમાં ફસાઈને ધર્મભ્રષ્ટ થાય છે. (૩) કૂતરા આદિ હિંસક પ્રાણીના ઉપસર્ગો આવે ત્યારે હેરાન થાય છે. (૪) અભિમાની સ્વભાવના કારણે અનેક સ્થાને કલેશ કરે, ક્યારેક પ્રસિદ્ધિ માટે દોડાદોડી કરે, ક્યારેક કોઈકની પ્રશંસા સાંભળીને ફૂલાઈ જાય, પોતાના આચાર–વિચારને છોડી દે, આવા અનેક પ્રસંગોમાં તે વિવેક જાળવી શકતા નથી.

આ રીતે તે સમુદ્રની બહાર નીકળેલી માછલીની જેમ નાશ પામે છે. સારાંશ એ છે કે ગુર્વાદિકનું નિયંત્રણ ન હોવાથી અવ્યક્ત સાધુનું એકાકી વિચરણ આત્મા અને સંયમ ઉત્થાનમાં હાનિકારક છે. ગુરુના સાન્નિધ્યમાં, ગચ્છમાં રહેવાથી ગુરુના નિયંત્રણમાં અવ્યક્ત સાધુને ક્રોધના સમયે બોધ મળે

છે–

**आकृष्टेन मतिमता तत्त्वार्थान्वेषणे मतिः कार्या ।**
**यदि सत्यं कः कोपः ? स्यादनृतं किं नु कोपेन । ॥१॥**

**अपकारिणि कोपश्चेत् कोपे कोपः कथं न ते ?**
**धर्मार्थकाममोक्षाणां, प्रसह्या परिपन्थिनि ॥२॥**

જ્યારે ક્રોધ આવે ત્યારે બુદ્ધિમાન સાધુએ વાસ્તવિક્તાનું સંશોધન કરવું જોઈએ, તેને બુદ્ધિ લગાડવી જોઈએ કે જો (બીજાએ કહેલી વાત) સાચી છે તો પછી મારે ક્રોધ શા માટે કરવો જોઈએ, જો તે વાત ખોટી છે તો પછી ક્રોધ કરવાથી શું લાભ ?

જો અપકારી પ્રત્યે ક્રોધ કરવો જ છે, તો પછી મારો વાસ્તવિક અપકારી ક્રોધ છે તેના પ્રત્યે જ ક્રોધ કેમ ન કરું? કારણ કે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચારે ય પુરુષાર્થો માટે સૌથી વધારે બાધક શત્રુ તે ક્રોધ જ છે. ઠાણાંગના ૮/ ૫૯૪ માં એકલા વિચરણ કરનાર સાધુમાં આ આઠ ગુણોનો ઉલ્લેખ છે– (૧) દઢ શ્રદ્ધાવાન, (૨) સત્પુરુષાર્થી, (૩) મેધાવી, (૪) બહુશ્રુત, (૫) (શારીરિક)શક્તિમાન, (૬) અલ્પ ઉપધિવાળા, (૭) ધૃતિમાન–ધૈર્યસંપન્ન તથા (૮) વીર્ય સંપન્ન– આત્મશક્તિ(ઉત્સાહ સંપન્ન). અવ્યક્ત સાધુમાં આ ગુણો હોતા નથી તેથી તેનું એકલું વિચરવું બિલકુલ અહિતકારી છે.

**एयं कुसलस्सदंसणं :–** કોઈપણ મોક્ષાર્થી સાધક એવી પરિસ્થિતિમાં ન આવી જાય તે માટે તીર્થંકર કે સૂત્રકારે આ પ્રમાણે બોધ આપ્યો છે. તેને સારી રીતે સમજી હૃદયમાં વિચારી દરેક સાધકે સાવધાની રાખી ગુરુકુળવાસનું સેવન કરવું તે હિતાવહ છે.

### સમર્પણભાવે ગુરુ સાંનિધ્ય :–

## ૨ तद्दिट्ठिए तम्मुत्तीए तप्पुरक्कारे तस्सण्णी तण्णिवेसणे ।

**શબ્દાર્થ :– तद्दिट्ठीए** = દ્રવ્ય અને ભાવથી ગુરુ–આચાર્યની દષ્ટિમાં, **तम्मुत्तीए** = ગુરુમાં જ તન્મય રહે, **तप्पुरक्कारे** = ગુરુના બહુમાન પૂર્વક,દરેક કાર્યમાં ગુરુની પ્રમુખતા, **तस्सण्णी** = ગુરુ નિર્દેશનું પાલન કરે,ગુરુ પ્રત્યે પૂર્ણ સમર્પણ ભાવ, **तण्णिवेसणे** = ગુરુની સમીપ વસવું.

**ભાવાર્થ :–** પરિપક્વ થવા માટે સાધક આચાર્ય–ગુરુમાં જ એક માત્ર દષ્ટિ–લક્ષ્ય રાખે, ભક્તિ અને બહુમાન પૂર્વક તેઓમાં જ તન્મય રહે, દરેક કાર્ય અને નિર્ણયમાં તેઓને જ આગળ રાખીને વિચરણ કરે, તેઓ પ્રત્યે પૂર્ણ સમર્પણ ભાવ રાખે. તેઓ દ્વારા ઉપદિષ્ટ આચારમાં તલ્લીન થઈને સ્થિત રહે, ગુરુ સાંનિધ્યમાં રહી શિક્ષણ પ્રાપ્ત કરે.

**વિવેચન :–**

પૂર્વ સૂત્રમાં અપરિપક્વ શ્રમણની આપત્તિયુક્ત એકલવિહાર ચર્યાનું કથન છે. તેથી આ સૂત્રમાં શ્રમણને પરિપક્વ થવા માટે આચાર્ય–ગુરુ સાંનિધ્યમાં રહી બહુમુખી અભ્યાસ કરવાનું વર્ણન કરવામાં આવ્યું છે. ગુરુ સાનિધ્યમાં સમર્પણતાપૂર્વક રહેવાની પાંચ શિક્ષા ફરમાવી છે તે આ પ્રમાણે છે–

**(૧) तद्दिट्ठिए :–** શિષ્ય પોતાનો આગ્રહ છોડીને આચાર્યની જે દષ્ટિ, જે વિચાર છે તે દષ્ટિથી જ ચિંતન કરે. **(૨) तम्मुत्तीए :–** ગુરુની આજ્ઞામાં જ તન્મય થઈ જાય. હાર્દિક ભક્તિ બહુમાનપૂર્વક ગુરુ પ્રત્યે લાગણી રાખે. **(૩) तप्पुरक्कारे :–** ગુરુના આદેશને હંમેશાં પોતાની સામે રાખે અથવા શિરોધાર્ય કરે. દરેક નિર્ણયમાં ગુરુની પ્રમુખતા રાખે, પોતે નિર્ણાયક ન બને. **(૪) तस्सण्णी :–** ગુરુએ બતાવેલા વિચારોનાં સ્મરણમાં એકરસ થઈ જાય. ગુરુની ઈચ્છામાં પોતાની ઈચ્છાને સમાવી દે. **(૫) तण्णिवेसणे :–** ગુરુના ચિંતનમાં પોતાના મનને પરોવી દે, દત્તચિત્ત થઈ જાય. ગુરુ સાંનિધ્યમાં રહી શિક્ષણ ગ્રહણ કરે.

પરિપકવ થવા માટે સાધક ગુરુના સૈદ્ધાન્તિક દર્શનમાં, તેમના પ્રતિ તન્મય ભાવમાં, તેમની આજ્ઞાના પુરસ્કારમાં, તેમની સ્વાભાવિક પ્રવૃત્તિઓમાં અને તેમના ચિંતનમાં તન્મય બની જાય. તત્‌નો અર્થ છે તન્મય, તદનુરૂપ, તદાકાર બનવું અર્થાત્ તે સાધક ગુરુના જીવનમાં એકાકાર બની જાય.

## ગુરુ સાંનિધ્યમાં સંયમ અભ્યાસ :–

**૩ जयं विहारी चित्तणिवाई पंथणिज्झाई पलिबाहिरे पासिय पाणे गच्छेज्जा । से अभिक्कममाणे पडिक्कममाणे संकुचेमाणे पसारेमाणे विणियट्टमाणे संपलिमज्जमाणे ।**

**શબ્દાર્થ :– जयंविहारी** = યત્નાપૂર્વક વિચરણ, **चित्तणिवाई** = ગુરુના ચિત્તને–અભિપ્રાયને અનુસરનાર, ઈર્યામાં ચિત્ત એકાગ્ર રાખનાર, **पंथणिज्झाई** = માર્ગનું અવલોકન કરનાર, **पलिबाहिरे** = મર્યાદાની બહાર નહીં જોતા, ધૂંસર પ્રમાણ જોતાં, **अभिक्कममाणे** = જતાં, **पडिक्कमाणे** = આવતાં, **संकुचेमाणे** = અંગોને સંકોચતાં, **पसारेमाणे** = ફેલાવતાં, **विणियट्टमाणे** = વળાંક લેતાં, **संपलिमज्जमाणे** = પ્રમાર્જન કરતાં.

**ભાવાર્થ :–** મુનિ પ્રત્યેક ચર્યામાં જયણા રાખીને, વિચરણ કરે; ચિત્તને એકાગ્ર કરી માર્ગનું અવલોકન કરતા ચાલે. મર્યાદિત ભૂમિમાં દષ્ટિ રાખી મર્યાદા બહારની ભૂમિમાં દષ્ટિ જવા ન દેતાં જીવજંતુને જોઈને ગમન કરે. તે ભિક્ષુ કાર્યવશ બહાર જતાં, આવતા, અવયવોને સંકોચતાં, ફેલાવતાં, પરિભ્રમણ કરતાં વળાંક લેતાં, પ્રમાર્જન કરતાં, આ સર્વ ક્રિયાઓ જોઈને, પ્રમાર્જન કરીને કરે.

**વિવેચન :–**

**से अभिक्कममाणे :–** આ સૂત્રમાં ગમનાગમન વગેરે છ પ્રક્રિયાઓનું કથન કરી તે પ્રવૃતિઓમાં ઈર્યા

સમિતિના પાલનની સૂચના કરી છે. તે છ પ્રક્રિયાઓ આ છે– (૧) ગમન (૨) આગમન (૩) અંગોપાંગ સંકોચવા (૪) અંગોપાંગ ફેલાવવા (૫) વળાંક લેવો (૬) પ્રમાર્જન કરવું. આ સમસ્ત ક્રિયાઓ અને બીજી પણ સંયમ જીવનની દરેક કાયાની પ્રવૃત્તિમાં ઈર્યા સમિતિનું પાલન કરવું અર્થાત્ જોઈ, જાણી તે પ્રવૃત્તિઓ કરવી. આ પ્રવૃત્તિઓમાં ઈર્યા સમિતિનો વિવેક ન રાખવાથી જીવ વિરાધના થાય છે અને પહેલું અહિંસા મહાવ્રત દૂષિત થાય. માટે **जयं विहारी** આદિ ચાર શબ્દોથી ચિત્તની એકાગ્રતા તથા પ્રાણીઓની રક્ષા કરતા વિવેકપૂર્વક ગમનાગમન કરવાનો ઉપદેશ છે. અહિં ગુરુ સાનિધ્યમાં અભ્યાસ રૂપે એક ઈર્યા સમિતિનું કથન કરવામાં આવ્યું છે. તેના ઉપલક્ષણથી શેષ ચાર સમિતિ અને સમસ્ત સંયમ વિધિઓનું તથા શ્રુતજ્ઞાનનું અધ્યયન ગુરુ સાંનિધ્યમાં કરવાનું સમજી લેવું જોઈએ.

## ઈર્યા સમિતિવંતને લઘુકર્મ બંધ :–

**૪ एगया गुणसमियस्स रीयओ कायसंफासं समणुचिण्णा एगइया पाणा उद्दायंति, इहलोगवेयणवेज्जावडियं, जं आउट्टिकयं कम्मं तं परिण्णाय विवेगमेइ । एवं से अप्पमाएण विवेगं किट्टइ वेयवी ।**

**શબ્દાર્થ :– एगया** = ક્યારેક, કોઈ સમયે, **गुणसमियस्स** = ગુણોથી યુક્ત, ઈર્યા સમિતિની વિધિથી યુક્ત, **रीयओ** = ઉપયોગ પૂર્વક ચાલતા, ક્રિયા કરતા સાધુના, **कायसंफासं समणुचिण्णा** = શરીરનો સ્પર્શ થવાથી, **एगइया** = કોઈ, **पाणा** = પ્રાણી–જીવજંતુ, **उद्दायंति** = મરી જાય, **इहलोगवेयण वेज्जावडियं** = આ ભવમાં કર્મફળ, ભોગવાઈ જાય એવું કર્મ બંધાય, **जं** = જે, **आउट्टिकयं–कम्मं** = જાણી બુઝીને જીવહિંસા કરવાથી કર્મ બંધાય, **तं परिण्णाय** = તેને જાણીને, **विवेगमेइ** = વિવેક કરે, વિવેક પ્રાપ્ત કરે, પ્રાયશ્ચિત કરવાથી શુદ્ધિ થાય, **एवं** = આ પ્રમાણે, **अप्पमाएण** = અપ્રમાદ અર્થાત્ પ્રાયશ્ચિતથી, **विवेगं** = વિવેક–શુદ્ધિ, **किट्टइ** = બતાવી દે, **वेयवी** = આગમજ્ઞાતા, આગમજ્ઞ.

**ભાવાર્થ :–** આ રીતે યત્નાપૂર્વક પ્રવૃત્તિ કરતાં ગુણયુક્ત અપ્રમત્ત મુનિથી પણ કયારેક શરીરના સ્પર્શથી અનિચ્છાએ પણ કોઈ જીવ પરિતાપ પામે–મરી જાય તો તેને આ ભવમાં વેદવાયોગ્ય જે અલ્પસ્થિતિના કર્મનો બંધ થાય છે અને સંકલ્પપૂર્વક હિંસા કરનારને જે લાંબી સ્થિતિનો કર્મબંધ થાય છે તે બંનેના અંતરને જાણી મુનિ વિવેક પ્રાપ્ત કરે અને યત્નાપૂર્વક દરેક પ્રવૃત્તિ કરે.

આ રીતે આગમવેત્તા મુનિ અપ્રમાદ ભાવોથી યથોચિત્ત પ્રાયશ્ચિતાદિ ગ્રહણ કરે, કર્મબંધનો વિવેક કરી સાંપરાયિક કર્મબંધનો ક્ષય કરે.

## વિવેચન :–

આ સૂત્રમાં ઈર્યાસમિતિપૂર્વક ગમન કરનાર સાધકના નિમિત્તથી થનારી આકસ્મિક જીવહિંસાના વિષયમાં ચિંતન પ્રસ્તુત કર્યું છે.

જીવ હિંસા એક સમાન થવા છતાં કર્મબંધ એક સરખો થતો નથી, કર્મની સ્થિતી કષાયોની તીવ્રતા, મંદતાનાં પરિણામ અનુસાર થાય છે.

કાયસ્પર્શથી કોઈ જીવની હિંસા કે પરિતાપ થઈ જાય તો આ સૂત્રમાં વૃત્તિકારે હિંસાના પાંચ પરિણામ બતાવ્યાં છે–

(૧) શૈલેશી અવસ્થાને(૧૪ મા ગુણસ્થાનને) પામેલા મુનિથી જો કોઈ ત્રસ સ્થાવર પ્રાણીની વિરાધના થાય તોપણ બંધનાં ઉપાદાનકારણ– કષાય અને યોગનો અભાવ હોવાથી કર્મબંધ થતો નથી.(જળમાં સિદ્ધ થતા જીવની અપેક્ષા આ કથન છે.)

(૨) ઉપશાંત મોહ, ક્ષીણમોહ અને સયોગી કેવલીને(અગિયારમા, બારમા, તેરમા ગુણસ્થાનવર્તી જીવોમાં) સ્થિતિ બંધ નિમિત્તક કષાય નહિ હોવાથી ફક્ત યોગનિમિત્તક બે સમયની સ્થિતિનો કર્મબંધ થાય છે.

(૩) અપ્રમત્ત (સાતમાથી દશમા ગુણસ્થાનવર્તી) સાધુને જઘન્ય અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ આઠ મુહૂર્તની સ્થિતિનું કર્મ બંધાય છે.

(૪) વિધિપૂર્વક પ્રવૃત્તિ કરતાં છટ્ઠા ગુણસ્થાનવર્તી પ્રમત્ત સાધુથી જો ઈચ્છા વિના કોઈ જીવની હિંસા થઈ જાય, તો તેને જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ આઠ વર્ષની સ્થિતિનું કર્મબંધ થાય છે, તેથી તે જ ભવમાં તે કર્મોનું વેદન કરીને ક્ષયકરી નાખે છે.

(૫) આગમોક્ત કારણ વિના આકુટ્ટિવશ જો કોઈ જીવની હિંસા થઈ જાય તો તેનાથી પ્રાપ્ત કર્મબંધને તે સમ્યક્ પ્રકારે પરિજ્ઞાત કરીને પ્રાયશ્ચિત્ત દ્વારા ક્ષય કરી શકે છે.

## બ્રહ્મચારી સાધકની સ્ત્રીઓ પ્રત્યે પરાઙ્મુખતા :–

**૫ से पभूयदंसी पभूयपरिण्णाणे उवसंते समिए सहिए सया जए । दट्ठुं विप्पडिवेदेइ अप्पाणं, किमेस जणो करिस्सइ ? एस से परमारामो, जाओ लोगंसि इत्थीओ ।**

**શબ્દાર્થ :– पभूयदंसी** = પ્રભૂતદર્શી, દીર્ઘદષ્ટા, **पभूयपरिण्णाणे** = વિશિષ્ટ જ્ઞાની, પ્રભૂતજ્ઞાની, સંસારના યથાર્થ સ્વરૂપને જાણનાર, **दट्ठुं** = સ્ત્રીને જોઈને, **विप्पडिवेदेइ** = વિચાર કરે છે કે, **अप्पाणं** = મારા આત્માને, **किमेस** = શું નુકસાન આ, **जणो** = સ્ત્રીઓ, **करिस्सइ** = કરી શકે ? **एस** = આ તે, **से** = પુરુષોને, **परमारामो** = અત્યંત મોહક હોય છે, પરમ રમણીય હોય છે, **जाओ** = જે.

**ભાવાર્થ :–** તે અનુભવ સંપન્ન દીર્ઘદષ્ટા, વિશિષ્ટ જ્ઞાની, ઉપશાંત, સમિતિ યુક્ત, જ્ઞાનાદિ સહિત, હંમેશાં યત્નશીલ ઈન્દ્રિય વિજેતા અપ્રમત્ત મુનિ, (બ્રહ્મચર્યથી ચલાયમાન કરનાર કે ઉપસર્ગ કરવા માટે ઉદ્યત) સ્ત્રીને જોઈને તત્સંબંધી પ્રતિપક્ષી વૈરાગ્યમય ચિંતન કરે કે 'આ સ્ત્રી મારું શું કરશે ?' અર્થાત્

તેનાથી મને શું પ્રયોજન અને એમ પણ વિચારે કે આ લોકમાં જે સ્ત્રીઓ છે તે સામાન્ય પુરુષને અત્યંત મોહ ઉત્પન્ન કરનારી હોય છે. હું તો સહજ આત્મિક સુખથી સુખી છું. સંયમમાં ઉપસ્થિત છું. આ રીતે વિરક્ત થવાની ચિંતવના કરે.

### વિવેચન :–

આ સૂત્રમાં બ્રહ્મચારી સાધકને દીર્ઘદષ્ટા, જ્ઞાની, ઉપશાંત, સમિત અને યત્ના કરનાર એવા ગુણોથી વિભૂષિત કરી તેને બ્રહ્મચર્યમાં સાવધાન કરવા વિવિધ પ્રકારે માર્ગદર્શન આપ્યું છે.

સર્વપ્રથમ બ્રહ્મચર્યભાવોની સમાધિ માટે સ્ત્રીઓ પ્રતિ વિમુખતાભર્યું ચિંતન કરવાનો નિર્દેશ કર્યો છે. જેમ કે–

**(૧) दट्ठुं विप्पडिवेदेइ :–** સ્ત્રીઓને જોઈને તેના પ્રતિ આકર્ષિત ન થાય પરંતુ વિમુખ ભાવે વૈરાગ્ય યુક્ત ચિંતન કરે અર્થાત્ રાગભાવ ઉત્પન્ન ન થાય, વૈરાગ્યભાવ ઉત્પન્ન થાય એવા વિવિધ આગમ ચિંતનોને સ્મૃતિ પટપર ઉપસ્થિત કરે.

**(૨) किमेस जणो करिस्सइ :–** આ સ્ત્રીઓ મારા આત્માનું શું હિત કરશે ? હું તો આત્માર્થી, આત્મગુણવર્ધક છું, તો તેનાથી મને શું લાભ થશે ? આ પ્રકારનું પ્રતિવેદન, પરાઙ્મુખતાનું ચિંતન કરે, આત્માને અશુચિ ભાવનાથી ભાવિત કરે.

**(૩) एस से परमारामो :–** કામુક પુરુષો માટે આ લોકમાં સ્ત્રી પરમ રમણીય, પરમ આકર્ષણનું કારણ છે પરંતુ સંયમી આત્માર્થી બ્રહ્મચારી માટે તેના રૂપરંગ, મનોહરતા વગેરે કંઈપણ હિતકારી નથી. તેઓને સ્ત્રી સંગને કીચડની જેમ સમજી સાવધાનીથી પાર પામે. સ્ત્રીઓ પ્રમાદી લોકો માટે પરમ સુખનું સ્થાન છે. જે કામુક છે, વિષયલોલુપી છે, તે સ્ત્રીઓને સુખનું કારણ માને છે પરંતુ હું તો સંયમ દ્વારા સહજ આત્મસુખને પ્રાપ્ત કરવા ઉદ્યમશીલ થયો છું, આ સ્ત્રીજન મને શું સુખ આપશે ? તે તો મને વિષય સુખોમાં લીન કરીને સંયમધન લૂટીને અસંયમજન્ય દુઃખની પરંપરા જ પ્રાપ્ત કરાવશે.

### ચલવિચલ પરિણામોની ચિકિત્સા :–

**૬ मुणिणा हु एयं पवेइयं– उब्बाहिज्जमाणे गामधम्मेहिं अवि णिब्बलासए, अवि ओमोयरियं कुज्जा, अवि उड्ढं ठाणं ठाएज्जा, अवि गामाणुगामं दूइज्जेज्जा, अवि आहारं वोच्छिंदेज्जा, अवि चए इत्थीसु मणं । पुव्वं दंडा पच्छा फासा, पुव्वं फासा पच्छा दंडा । इच्चेते कलहासंगकरा भवंति । पडिलेहाए आगमेत्ता आणवेज्जा अणासेवणाए । त्ति बेमि ।**

**શબ્દાર્થ :– मुणिणा** = મુનિએ, તીર્થંકરોએ, **उब्बाहिज्जमाणे** = પીડિત થતાં સાધુ, **गामधम्मेहिं**

= ઈન્દ્રિયોના વિષયો અંગે, **अवि** = અથવા, **णिब्बलासए** = અંત–પ્રાંત, લુખોસૂકો નીરસ આહાર કરે, **ओमोयरियं कुज्जा** = ઊણોદરી તપ કરે, **उड्ढं ठाणं ठाएज्जा** = ઊભા રહીને ધ્યાન કરે, કાયોત્સર્ગ કરે, **आहारं वोच्छिंदेज्जा** = આહારનો ત્યાગ કરે, **इत्थीसु** = સ્ત્રીઓથી, **मणं चए** = મન હટાવી લે, **पुव्वं दंडा** = પહેલા કષ્ટ થાય, **पच्छा** = પછી, **फासा** = સુખ થાય, **पुव्वं फासा** = પહેલાં સ્ત્રી સ્પર્શ સુખ થાય, **पच्छा दंडा** = પાછળથી કષ્ટ ભોગવવું પડે, નરકાદિની વેદના, **इच्चेते** = આ પ્રકારના તે સ્ત્રી સંબંધ, **कलहासंगकरा** = કલેશ અને કર્મબંધ વધારનાર, **भवंति** = હોય છે, **पडिलेहाए** = આ વિચાર કરીને, **आगमेत्ता** = જાણીને, સમજીને, **अणासेवणाए** = સેવન નહિ કરવાની, **आणवेज्जा** = આત્માને આજ્ઞા આપે.

**ભાવાર્થ :–** ક્યારેક સાધક સ્વયં વાસનાથી પ્રભાવિત થઈ જાય તો તેને માટે તીર્થંકરોએ આ પ્રમાણે ઉપદેશ આપ્યો છે કે ગ્રામધર્મ– ઈન્દ્રિયોના વિષય અંગે પીડિત મુનિ પરિણામોની શુદ્ધિ માટે (૧) લૂખો–સૂકો નીરસ આહાર કરે (૨) ઊણોદરી કરે–અલ્પઆહાર કરે (૩) ઊભા રહીને કાયોત્સર્ગ કરે (ઠંડી કે ગરમીમાં ઊભા રહીને આતાપના લે) (૪) ગ્રામાનુગ્રામ વિહાર કરે (૫) આહારનો ત્યાગ(અનશન) કરે. આમ કોઈ પણ રીતે સ્ત્રી પ્રત્યે આકર્ષિત મનને સંયમ ભાવમાં સ્થિર કરે.

મુનિ વિચાર કરે કે સ્ત્રીના સંગમાં આસક્ત વ્યક્તિને ક્યારેક તે સંયોગ પ્રાપ્ત કરવામાં પહેલાં દુઃખ પ્રાપ્ત થાય છે, પછી ભોગમાં ક્ષણિક સુખની પ્રાપ્તિ થાય છે અથવા ક્યારેક પહેલાં સ્ત્રીસુખ પ્રાપ્ત થઈ જાય તોપણ પછી તેના નિમિત્તે પારિવારિક કષ્ટો અથવા તો જેલ, નરકાદિના દુઃખો મળે છે માટે આ કામભોગ કલેશ, અશાંતિ અને કર્મબંધની વૃદ્ધિ કરાવનારા છે. સ્ત્રીના સંગથી પ્રાપ્ત થનારાં દુષ્પરિણામોનો વિચાર કરીને આગમથી તથા અનુભવથી સમજીને તેનું સેવન નહિ કરવાની આત્માને આજ્ઞા આપે અર્થાત્ સ્ત્રીનો સસંર્ગ નહિ કરવાનો દઢ સંકલ્પ કરે.

## વિવેચન :–

સાવધાન રહેવા છતાં ક્યારેક કોઈ અસાવધાની થઈ જાય, અથવા સ્વાભાવિક વેદમોહનો પ્રબળ ઉદય થઈ જાય તો તેની ચિકિત્સાની ક્રમિક વિધિ આ સૂત્રમાં બતાવી છે.

કોઈ પણ પરિસ્થિતિમાં અનાચાર સેવન–કુશીલ સેવન તો ન જ કરવું જોઈએ પરંતુ ચલ–વિચલ પરિણામોની ચિકિત્સા આગમોક્ત વિધિથી કરવી જોઈએ. યથા– **उवाहिज्जमाणे गामधम्मेहिं** જો પ્રબળ રૂપે કાય પરિચારણાની ઈચ્છા થાય, ચિત્ત વ્યાકુળ બને, કુશીલ સેવન માટે તેનું અંતઃકરણ વ્યગ્ર બની જાય, ત્યારે શીઘ્રતાથી નિમ્નોક્ત ઉપાયોનું સેવન કરવું જોઈએ.

**(૧) अवि णिब्बलासए :–** આ પ્રથમ પ્રકારના ઉપચારમાં ભોજ્ય પદાર્થોમાં અત્યંત સામાન્ય પદાર્થ ગ્રહણ કરે, મનોજ્ઞ આહારનો ત્યાગ કરીને અલ્પ દ્રવ્યોનો જ આહાર કરે. શરીરને માત્ર ટકાવવા માટે લુખો સૂકો નીરસ, વિગયરહિત આહાર કરે જેથી શરીરમાં ધાતુઓની પુષ્ટી ન થાય, તો કામોત્તેજના શાંત થઈ શકે છે.

**(૨) अवि ओमोयरियं कुज्जा :–** બીજા ઉપચારમાં અલ્પ ભોજન–ઊણોદરી કરે.નિરંતર ઘણા

દિવસ સુધી ભૂખથી ઓછો આહાર કરે.

**(૩) उड्ढं ठाणं ठाएज्जा :–** ત્રીજા ઉપચારમાં નિરંતર અધિકથી અધિક સમય સુધી ઊભા રહે કે બેસે પણ સૂવે નહીં. તાત્પર્ય એ છે કે બ્રહ્મચર્યની સાધના માટે સાધકે સુખશીલતાનો ત્યાગ કરવો જરૂરી હોય છે. ઊભા રહી કાયોત્સર્ગ કરવો તે પણ સુખશીલતાના ત્યાગનો એક પ્રકાર છે. દશવૈકાલિક સૂત્ર અ.૨ ગાથા ૫માં પણ કામવિજય માટે ઉપદેશરૂપે સુકુમારતા, સુખશીલતા છોડવાનું કહી આતાપના લેવાની પ્રેરણા કરી છે. અહીં પણ કામચિકિત્સાના ક્રમિક ઉપચાર માટે શાસ્ત્રકારે ઊભા રહી કાયોત્સર્ગ કરવાનો ઉપાય બતાવ્યો છે.

**(૪) अवि गामाणुगामं दुइज्जेज्जा :–** ત્યાર પછી ચોથા ઉપચારમાં ગ્રામાનુગ્રામ વિહાર કરે.

**(૫) अवि आहारं वोच्छिंदेज्जा :–** પાંચમા ઉપચારમાં આહારના સંપૂર્ણ ત્યાગરૂપ તપસ્યાનો પ્રારંભ કરે યા આજીવન અનશન કરે.

આ ક્રમિક ઉપચારમાં પહેલાં પહેલાંના ઉપચારથી જો સફળતા ન મળે તો આગળના ઉપચાર કરવા આવશ્યક થઈ જાય અથવા પ્રારંભથી કોઈપણ ઉપચાર કરીને ક્રમશઃ પુરુષાર્થપૂર્વક વાસનાને નિયંત્રિત કરી શકાય છે.

**अवि चए इत्थीसु मणं :–** કોઈ પણ પ્રકારે સ્ત્રી સેવનની ઈચ્છાથી મનને નિવૃત્ત કરે. સ્ત્રીઓમાં પ્રવૃત્ત મનના પરિત્યાગનો અર્થ મનને સ્ત્રી પ્રત્યેના કામ સંકલ્પથી રોકવાનું છે, મુક્ત કરવાનું છે. કારણ કે કામવાસનાનું મૂળ મનમાં ઉત્પન્ન થયેલ સંકલ્પ જ છે. માટે કહ્યું છે કે–

**काम ! जानामि ते मूलं, संकल्पात् किल जायसे ।**
**संकल्प न करिष्यामि, ततो मे न भविष्यसि ॥** – (આચા. શીલા. ટીકા. પે. ૧૯૮.)

કામ ! હું તારા મૂળને જાણું છું કે તું સંકલ્પથી ઉત્પન્ન થાય છે. હું સંકલ્પ જ કરીશ નહિ તો પછી તું મારા મનમાં ઉત્પન્ન થઈ શકીશ નહિ.

### સ્ત્રીસંપર્ક વર્જન :–

**૭ से णो काहिए, णो पासणिए, णो संपसारए, णो मामए, णो कयकिरिए, वइगुत्ते अज्झप्पसंवुडे परिवज्जए सया पावं । एयं मोणं समणुवासेज्जासि । त्ति बेमि ।**

**॥ चउत्थो उद्देसो समत्तो ॥**

**શબ્દાર્થ :– णो काहिए** = સ્ત્રીકથા કરે નહીં, **णो पासणिए** = અંગોપાંગ નીરખે નહીં, **णो**

**संपसारए** = કામુક ભાવોને પરસ્પર ન પ્રસારે, **णो मामए** = મમત્વ કરે નહિ, **णो कयकिरिए** = તેની વૈયાવચ્ચ કરે નહિ, **वइगुत्ते** = વચન ગુપ્ત રહે, **अज्झप्पसंवुडे** = મનને સંવૃત કરે, **परिवज्जए** = છોડે, **एयं मोणं** = આ મુનિવ્રતનું, **समणुवासेज्जासि** = સમ્યક્ પાલન કરે.

**ભાવાર્થ :–** બ્રહ્મચારી સાધક બ્રહ્મચર્યની રક્ષા માટે કામકથા કરે નહિ, સ્ત્રીઓના અંગોપાંગ નીરખે નહિ, કામભાવના યુક્ત–સંકેત કરે નહિ, તેના પર મમત્વ ભાવ રાખે નહિ, પરસ્પરની ક્રિયા પ્રતિક્રિયા કરે નહીં અથવા શરીરની શોભા શુશ્રુષા કરે નહિ, વાણીનો સંયમ રાખે અર્થાત્ વાણીથી કામોત્તેજક આલાપ સંલાપ કરે નહીં, મનને પણ કામવાસનાથી બચાવે અને કુશીલ સેવનરૂપ પાપનો સદા ત્યાગ કરે.

આ પ્રમાણે મુનિભાવને જીવનમાં સમ્યક્ પ્રકારે સ્થિર કરે અર્થાત્ સંયમ તેમજ બ્રહ્મચર્યની સમ્યક્ આરાધનાથી જીવનને પૂર્ણ સુવાસિત કરે. – એમ ભગવાને કહ્યું છે.

॥ **ચતુર્થ ઉદ્દેશક સમાપ્ત** ॥

### વિવેચન :–

પૂર્વ સૂત્રમાં મોહોદયથી સંયમ સાધકના થયેલ ચલવિચલ પરિણામોની વિવેકયુક્ત ચિકિત્સાનું કથન કર્યું છે. ત્યાર પછી આ સૂત્રમાં વિવિધ પ્રકારે સ્ત્રી સંપર્ક ન કરવાની ખાસ ભલામણ કરી છે.

**से णो काहिए :–** બ્રહ્મચારી સાધક સ્ત્રી સંબંધી કથા વિકથા કે કામકથા ન કરે. વાસનાપૂર્ણ દષ્ટિથી સ્ત્રીઓને ન જુએ, પરસ્પર આદાન પ્રદાન દ્વારા સ્ત્રી સંપર્ક વધારે નહીં, મમત્વ કે રાગભાવ રાખે નહીં, શરીરની શોભા વિભૂષા આદિ ન કરે, મૌન કરે અથવા વચનનો વિવેક જાળવે, પરિણામોને સંવૃત્ત કરે, શુભમાં જોડે, અશુભથી દૂર રહે, જ્ઞાન–વૈરાગ્યના સંસ્કારોથી પરિણામોને પવિત્ર રાખે, પાપને છોડે. આ રીતે તે સંયમભાવનું સમ્યક્ પાલન કરે અને નવ વાડ સહિત બ્રહ્મચર્યનું પાલન કરે.

આ ત્રણે ય સૂત્રોમાં જેમ બ્રહ્મચારી સાધક માટે સ્ત્રીથી સાવધાન રહેવાનું વિસ્તૃત વિવેચન કર્યું છે તેમ બ્રહ્મચારિણી સ્ત્રી, સાધ્વી માટે પણ પુરુષથી સાવધાન રહેવાનો સમસ્ત ઉપદેશ પ્રતિપક્ષરૂપે સમજવો જોઈએ. આગમની રચના પુરુષપ્રધાન હોવાને કારણે શાસ્ત્રમાં પુરુષની અપેક્ષાએ કથન હોય છે, છતાં જૈન દર્શનની સાપેક્ષવાદિતાને કારણે ઉભયપક્ષ સમજવું સમીચીન છે.

## ॥ અધ્યયન–પ/૪ સંપૂર્ણ ॥

## પાંચમું અધ્યયન : પાંચમો ઉદ્દેશક

### સરોવરની ઉપમાથી મહર્ષિની મહત્તા :–

**१** **से बेमि, तं जहा– अवि हरए पडिपुण्णे समंसि भोमे चिट्ठइ**

**उवसंतरए सारक्खमाणे । से चिट्ठइ सोयमज्झगए । से पास सव्वओ गुत्ते । पास लोए महेसिणो । जे य पण्णाणमंता पबुद्धा आरंभोवरया । सम्ममेयं ति पासह । कालस्स कंखाए परिव्वयंति । त्ति बेमि ।**

**શબ્દાર્થ :– अवि** = માનો કે કોઈ એક, જેવી રીતે, **हरए** = તળાવ, **पडिपुण्णे** = જલથી પરિપૂર્ણ, **चिट्ठइ** = સ્થિત છે, **समंसि** = સમથળ, **भोमे** = ભૂમિભાગ, **से चिट्ठइ** = તે સ્થિત છે, **सोयमज्झगए** = જળ સ્રોતોના મધ્યમાં, **सव्वओ** = સર્વ તરફથી, **गुत्ते** = સુરક્ષિત, **महेसिणो** = મહર્ષી, **जे य** = અને જે, **पण्णाणमंता** = આગમવિદ્, **पबुद्धा** = પ્રબુદ્ધ, **आरंभोवरया** = આરંભ રહિત, **सम्ममेयं ति** = તળાવ સમાન છે, **पासह** = જુઓ–જો, **कालस्स** = સમાધિ મરણની, **कंखाए** = આકાંક્ષા રાખતાં, **परिव्वयंति** = સંયમપાલન કરે.

**ભાવાર્થ :–** હું કહું છું કે જેવી રીતે સમતલ ભૂમિમાં કોઈ નિર્મળ જળથી ભરેલું, જળચર જીવોનું રક્ષણ કરતું જલાશય હોય છે તથા તે જળ આવવાના અનેક જળશ્રોતોની મધ્યમાં સ્થિત હોય છે. તેવી જ રીતે હે શિષ્ય ! તું જો, મહર્ષિ આચાર્ય પણ સદ્‌ગુણોથી યુક્ત, ઉપશાંત અને ગુપ્તેન્દ્રિય હોય છે. તે શ્રુતનું અનુશીલન પરિશીલન કરે છે અને અન્ય સાધુઓને પણ શ્રુતનો બોધ કરાવે છે. તે મહર્ષિ આગમવેત્તા, તત્ત્વજ્ઞ અને આરંભ સમારંભથી નિવૃત્ત હોય છે. હે શિષ્ય ! તું એ પણ સમ્યક્ પ્રકારે જો કે પ્રબુદ્ધ સાધક આ રીતે સંયમમાં આજીવન વિચરણ કરે છે.

**વિવેચન :–**

આ સૂત્રમાં જલાશયના રૂપકથી મહર્ષિઓના સંયમમય જીવનને ઉપમિત કરેલ છે. વૃત્તિકારે ચાર પ્રકારના જળના સ્થાન બતાવીને આ વિષયનું વિસ્તૃત વિવેચન કર્યું છે–

(૧) જેમાંથી જળ નીકળે છે અને આવે પણ છે, જેમ કે સીતા અને સીતોદા નામની નદીઓના પ્રવાહમાં રહેલા જળાશય.

(૨) જેમાંથી જળ નીકળે છે પરંતુ આવતું નથી, જેમ કે હિમવાન પર્વત પર રહેલ પદ્મદ્રહ.

(૩) જેમાંથી જળ નીકળતું નથી પણ આવે છે, જેમ કે લવણોદધિ.

(૪) જેમાંથી પાણી વહેતું પણ નથી અને આવતું પણ નથી, જેમ કે અઢીદ્વીપની બહારના સમુદ્ર.

શ્રુત (શાસ્ત્રજ્ઞાન) અને ધર્માચરણની દષ્ટિએ **પ્રથમ ભંગમાં** સ્થવિરકલ્પી આચાર્યનો સમાવેશ થાય છે. તેઓમાં શાસ્ત્રજ્ઞાનનું આદાન–પ્રદાન બંને હોય છે, તેઓ શાસ્ત્રજ્ઞાન તેમજ આચારનો ઉપદેશ પણ આપે છે તથા પોતે પણ ગ્રહણ અને આચરણ કરે છે. **બીજા ભંગમાં** તીર્થંકરનો સમાવેશ થાય છે. જે શાસ્ત્રજ્ઞાનનો ઉપદેશ તો આપે છે પરંતુ લેવાની તેઓને આવશ્યક્તા રહેતી નથી. **ત્રીજા ભંગમાં** 'અહાલંદિક' વિશિષ્ટ સાધના કરનાર સાધુનો સમાવેશ થાય છે, જે આપતા

નથી પણ શાસ્ત્રીય જ્ઞાન આદિ લે છે. **ચોથા ભંગમાં** પ્રત્યેકબુદ્ધનો સમાવેશ થાય છે, જે જ્ઞાન દેતા પણ નથી અને લેતા પણ નથી.

આ ઉપમા વર્ણનમાં **महेसिणं** શબ્દમાં સમસ્ત શ્રમણોનો સમાવેશ થાય છે તેથી ઉક્ત ચાર ભંગોમાં તીર્થંકર, સ્થવિરકલ્પી આચાર્ય, અહાલંદિક જિનકલ્પી સાધુ અને પ્રત્યેક બુદ્ધ શ્રમણોને બતાવ્યા છે. પ્રથમ ભંગવાળા જલાશયના રૂપકથી જે સ્થવિરકલ્પી આચાર્યના મહિમાનું વર્ણન કર્યું છે, તે આચાર્ય આચાર્યોચિત ૩૬ ગુણો, પાંચ આચારો, આઠ સંપદાઓ તેમજ નિર્મળજ્ઞાનથી પૂર્ણ હોય છે. તે સંસક્તાદિ દોષ રહિત, સુખ પૂર્વક વિહાર કરતાં યોગ્ય ક્ષેત્રમાં રહે છે અથવા જ્ઞાનાદિ રત્નત્રયરૂપ સમતાની ભાવભૂમિમાં રહે છે. તેના કષાયો ઉપશાંત હોય છે. તેઓની મોહરૂપી કર્મરજ ઉપશાંત હોય છે. છકાય જીવના તેમજ સંઘના તેઓ સંરક્ષક હોય છે. બીજાને સદુપદેશ આપીને નરકાદિ દુર્ગતિઓથી બચાવે છે, શ્રુતજ્ઞાનરૂપી સ્રોતની મધ્યમાં રહે છે, શાસ્ત્રજ્ઞાન આપે છે અને પોતે પણ લે છે.

**महेसिणो** આ શબ્દના 'મહર્ષિ' તથા 'મહૈષી' બે રૂપ થાય છે. (૧) ઋષિઓમાં મહાન સાધકને મહર્ષિ કહેવાય છે. (૨) મહાન એવા મોક્ષની ઈચ્છા કરનારા મહૈષી કહેવાય છે. વ્યાખ્યામાં પણ કહ્યું છે કે– **महान्तं एषितुं शीलं येषां ते महेसिणो** ।– (દશવૈ. ચૂર્ણિ, ટીકા.) તેથી અહીં સૂત્રોક્ત ઉપમામાં સૂચિત ગુણોના ધારક સમસ્ત શ્રમણ આ મહર્ષિ શબ્દમાં સમાવિષ્ટ છે.

**पण्णाणमंता पबुद्धा :–** અહીં ચૂર્ણિકારે સામાન્યતયા **पण्णाणमंता** નો અર્થ પ્રજ્ઞાવાન અને **पबुद्धा** નો અર્થ 'બોધ પામેલાં' કર્યો છે. શાસ્ત્રજ્ઞાનમાં પારંગત વિદ્વાનને પણ પ્રબુદ્ધ કહે છે.

**सम्ममेयं ति पासह :–** આ વાક્યના બે પ્રકારે અર્થ થાય છે– (૧) તે મહર્ષિઓને તમે સમ્યક્ પ્રકારે જુઓ, તેઓના ઉન્નત જીવનને જુઓ, પરિપ્રેક્ષણ કરો કે તે આ સમસ્ત ઉત્તમ ગુણોને કેળવતાં જીવનભર સંયમમાં સ્થિર રહી વિચરણ કરે છે (૨) આ શબ્દનો પ્રયોગ ચિંતનની સ્વતંત્રતાનો સૂચક છે. શાસ્ત્રકાર કહે છે કે હે સાધક તો સ્વયં તારી મધ્યસ્થ તેમજ કુશાગ્રબુદ્ધિથી નિષ્પક્ષ, સમ્યક્ ચિંતનથી જો અને સમ્યક્ પ્રકારે સમજ.

આ રીતે ઉત્તમ કોટિના સાધકોની સાધનાને આદર્શ બનાવીને સાધક સ્વયંની સાધનાને દઢતમ બનાવવા નિરંતર પુરુષાર્થશીલ રહે, તેવો સૂત્રકારનો આશય જણાય છે.

## સમ્યક્ત્વની શુદ્ધિ, ગૂંચવણની વિશુદ્ધિ :–

**२ वितिगिच्छासमावण्णेणं अप्पाणेणं णो लहइ समाहिं । सिया वेगे अणुगच्छंति, असिया वेगे अणुगच्छंति । अणुगच्छमाणेहिं अणणुगच्छमाणे कहं ण णिव्विज्जे ? तमेव सच्चं णीसंकं जं जिणेहिं पवेइयं ।**

**શબ્દાર્થ :– वितिगिच्छसमावण्णेणं अप्पाणेणं** = સંશય યુક્ત આત્મા, **णो लहइ** = પ્રાપ્ત

કરતા નથી, **समाहिं** = સમાધિને, **सिया** = કદાચિત્, **वेगे** = કોઈ એક, કેટલાક, **अणुगच्छंति** = આચાર્યાદિનું અનુગમન કરે છે, સંયમાનુકૂળ આચરણ કરે છે, **असिया वेगे अणुगच्छंति** = કદાચિત્ કોઈ સંયમાનુકૂળ આચરણ કરતા નથી, આચાર્યાદિનું અનુગમન કરતા નથી, ઉપદેશ જે અનુસરે છે, **अणुगच्छमाणेहिं** = ઉપદેશને અનુસારનારાઓથી, **अणणुगच्छमाणे** = ઉપદેશને નહીં અનુસરનારા, **कहं** = કેમ, **ण णिव्विज्जे** = નિર્વેદ પામતા નથી ? સમજી શકતા નથી, **तमेव** = તે જ, **सच्चं** = સત્ય છે, **णीसंकं** = નિશંક છે, **जं जिणेहिं** = જે જિનેશ્વર ભગવંતોએ, **पवेइयं** = કહેલ છે.

**ભાવાર્થ :–** ફળ મળશે કે નહિ, એવી શંકા રાખનાર આત્માને સમાધિ પ્રાપ્ત થતી નથી. કોઈ એક સાધક જિનાજ્ઞાનું પાલન કરે છે અને કોઈ એક સાધક–મુનિ જિનાજ્ઞાનું યથાર્થ પાલન કરતા નથી, તો તે જિનાજ્ઞા પાલક સાધુઓ પાસેથી જિનાજ્ઞા નહિ પાલક સાધુ કેમ સમજી લેતા નથી ? ભગવાનનો માર્ગ કે શાસ્ત્ર શું અલગ અલગ છે ?તેનું સમાધાન કરતા શાસ્ત્રકાર કહે છે કે તીર્થંકરો દ્વારા જે પ્રરૂપિત છે તે સત્ય છે. તેમાં શંકાને કોઈ અવકાશ નથી અર્થાત્ તીર્થંકરનો ઉપદેશ કે આગમનો આદેશ તો સર્વને માટે સરખો હોય છે, પરંતુ દરેકના ચારિત્ર મોહનીયકર્મનો ઉદય અને ક્ષયોપશમ વિચિત્ર હોય છે તેથી તે છદ્મસ્થ સાધક એક બીજાથી સમજી શકતા નથી.

## વિવેચન :–

**वितिगिच्छासमावण्णेणं अप्पाणेणं :–** જે તત્ત્વનો અર્થ સરળ હોય છે તે સુખાધિગમ કહેવાય છે, જેનો અર્થ સમજવો મુશ્કેલ છે તે દુરધિગમ કહેવાય છે તથા જે જાણી શકાતું નથી તે અનધિગમ તત્ત્વ છે. સામાન્ય રીતે દુરધિગમ અર્થમાં વિચિકિત્સા–શંકા થાય છે. અહીં સૂત્રમાં વિચિકિત્સા શબ્દથી કહ્યું છે કે જેનું મન ડામાડોળ કે મલિન રહે છે, તે આચાર્યાદિ દ્વારા સમજાવવા છતાં રત્નત્રયાદિના વિષયમાં સમાધાન પામી શકતા નથી.

સંદેહશીલ પ્રકૃતિવાળી વ્યક્તિ ધર્મ આરાધનામાં શાંતિ સમાધિ પામી શકતી નથી. તે સાધક જીવાદિ તત્ત્વોમાં, અન્ય સૂક્ષ્મતમ સિદ્ધાંતોમાં, આચાર સંબંધી આદેશોમાં કે બીજી કોઈ પણ બાબતમાં શંકાઓમાં ફસાતો જાય છે. તે સમાધાનની જિજ્ઞાસાબુદ્ધિ રાખતો નથી. તેને મિથ્યાત્વ મોહના ઉદયની પ્રબળતા રહે છે. જેથી તે શંકાઓમાં ધર્મભાવનાનો નાશ કરી, ધર્મ સમાધિને પ્રાપ્ત કરી શકતો નથી.

**समाहिं :–** સમાધિના ચાર અર્થ થાય છે– (૧) મનનું સમાધાન, (૨) શંકાનું નિરાકરણ, (૩) ચિત્તની એકાગ્રતા અને (૪) જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ સમ્યગ્ભાવ કે તેની સમ્યગ સફળતા, આ ભાવ સમાધિ કહેવાય છે. વૃત્તિકારે સમાધિનો અર્થ કર્યો છે કે જ્ઞાન, દર્શન, ચારિત્રથી યુક્ત ચિત્તની સ્વસ્થતા.

વિભિન્ન સૂત્રોમાં સમાધિના નિમ્ન અર્થ પણ સ્વીકારેલ છે– (૧) સમ્યગ્ મોક્ષમાર્ગમાં સ્થિત થવું. (સમ.૨૦) (૨) રાગ દ્વેષના ત્યાગરૂપ ધર્મધ્યાન –(સૂય. ૧/૨/૨). (૩) સારુ સ્વાસ્થ્ય. –(આવ.મલ.૨) (૪) મનની પ્રસન્નતા–સ્વસ્થતા. –(સમ.૩૨). (૫) નીરોગીપણું. –(વ્યવ. ઉ.૧). (૬) યોગ –(ઉત્ત.અ.ર.). (૭) સમ્યગ્દર્શન, મોક્ષાદિ વિધિ. –(સૂય. ૧/૧૩). (૮) પ્રશસ્તભાવના –(સ્થા.૨/૩).

(૯) દશવૈકાલિક સૂત્રના ૯મા અધ્યયનમાં વિનયસમાધિ, શ્રુતસમાધિ, તપસમાધિ, આચારસમાધિનું વિસ્તૃત વર્ણન કર્યું છે.

**अणुगच्छमाणेहिं अणणुगच्छमाणे कहं ण णिव्विज्जे :–** આજ્ઞાનુસાર ચાલનારા બીજા આજ્ઞાનુસાર નહિ ચાલનારને કેમ સમજાવી શકતા નથી ? આજ્ઞાનુસાર નહિ ચાલનારા આજ્ઞાનુસાર ચાલનારાઓ દ્વારા આચરિત સાચા માર્ગને કેમ સમજી શકતા નથી ? આ બંને પ્રકારના સાધુ અરસપરસ શાસ્ત્રને સમજી, સમજાવીને કેમ એક થઈ જતાં નથી, આ કેવું ધર્મશાસ્ત્ર કે ધર્મ શાસન ? જે એક બીજાને એકતાથી રહેવાનું પણ શીખવી શકે નહીં. શુદ્ધાચારી શિથિલાચારીને શિથિલાચારથી છોડાવી શકતા નથી અથવા તો શિથિલાચારી શુદ્ધાચારીને જોઈને, સમજીને પોતાના શિથિલાચારને છોડી શકતા નથી ? તેનાથી નિવૃત્ત થઈ શકતા નથી ? આવી શંકા, કુશંકાઓનું નિમ્નોક્ત રીતે સમાધાન કરવું જોઈએ–

**तमेव सच्चं णीसंकं जं जिणेहिं पवेइयं :–** જિનેશ્વર ભગવંતોએ જે માર્ગ બતાવ્યો છે, જે તત્ત્વ અને આચાર કહ્યા છે, તે સત્ય છે, નિઃશંક છે; તેમાં જરાપણ સંદેહ કરવો યોગ્ય નથી કારણ કે સર્વજ્ઞ અને સર્વદર્શી વીતરાગ પ્રભુના વચન પૂર્ણ શ્રદ્ધેય છે. વ્યક્તિગત જીવોના ચારિત્રમોહનીય કર્મના ઉદયના કારણે તેઓના આચાર પાલનમાં ભિન્નતા દેખાય છે, દર્શન મોહનીય કર્મના ક્ષયોપશમની ભિન્નતાના કારણે તેઓની શ્રદ્ધા પ્રરૂપણામાં પણ ભિન્નતા થઈ શકે છે અને જ્ઞાનાવરણીયકર્મના ક્ષયોપશમની તરતમતાના કારણે સમજણ અને સમજાવવાની પદ્ધતિમાં ફેરફાર થાય છે. છદ્મસ્થોમાં આવો ફેરફાર થવો તે કોઈ આશ્ચર્યકારી બીના નથી પરંતુ તેથી વીતરાગ માર્ગમાં શંકા કરવાની આવશ્યકતા નથી. માટે પ્રસ્તુત સૂત્ર વાક્ય ' આપણી શ્રદ્ધાને દઢ રાખીને સર્વ શંકાઓથી મુક્ત કરે છે. જિનવાણી, જિનાજ્ઞા પ્રત્યે અતૂટ, અગાઢ શ્રદ્ધા હૃદયમાં રાખવી જોઈએ. કદાચ કોઈ શંકા થઈ જાય અથવા તો વસ્તુ તત્ત્વનું યથાર્થ સ્વરૂપ ન સમજાય તો વિચારવું જોઈએ કે–

**वीतरागा हि सर्वज्ञा मिथ्या न ब्रुवते क्वचित् ।**
**यस्मात्तस्माद् वचस्तेषां तथ्यं भूतार्थदर्शनम् ॥**

મિથ્યા–વિપરીત ખોટું બોલવાના મુખ્ય બે કારણ છે. (૧) કષાય અને (૨) અજ્ઞાન. આ બંને કારણોથી રહિત વીતરાગ સર્વજ્ઞ કયારેય પણ મિથ્યા બોલતા નથી. માટે તેઓનું વચન, સત્ય, તથ્ય છે અને વસ્તુ સ્વરૂપનું યથાર્થ દર્શક છે.

ભગવતીસૂત્રમાં કાંક્ષા મોહનીય કર્મના નિવારણાર્થે પણ આ જ સૂત્ર વાક્યથી દઢ શ્રદ્ધા રાખવાનો નિર્દેશ કરેલ છે.

## પ્રવ્રજિતના પરિવર્તિત પરિણામો ચૌભંગી :–

**૩ सड्ढिस्स णं समणुण्णस्स संपव्वयमाणस्स समियं ति मण्णमाणस्स एगया समिया होइ, समियं ति मण्णमाणस्स एगया असमिया होइ,**

**असमियं ति मण्णमाणस्स एगया समिया होइ, असमियं ति मण्णमाणस्स एगया असमिया होइ ।**

**શબ્દાર્થ :– सड्ढिस्स** = ધર્મશ્રદ્ધાળુ, **समणुण्णस्स** = રુચિસંપન્ન, વૈરાગ્યથી જેનો આત્મા ભાવિત હોય, **संपव्वयमाणस्स** = પ્રવ્રજ્યા અંગીકાર કરતાં, **समियं ति** = જિનવાણી સત્ય છે એમ, **मण्णमाणस्स** = માનનાર પુરુષ, માનતા છતાં, **एगया** = એકદા, ક્યારેક,પછી પણ, **समिया होइ** = સમ્યક્ જ રહે છે, **समियं ति** = તીર્થંકરોક્ત પદાર્થને સત્ય છે એમ, **असमिया होइ** = અસમ્યક્ માનનાર થઈ જાય છે, **असमियं ति** = અસમ્યક્ છે એમ.

**ભાવાર્થ :–** શ્રદ્ધાવાન અને રુચિસંપન્ન તેમજ પ્રવ્રજ્યાને સમ્યક્ પ્રકારે સ્વીકાર કરનાર કોઈ મુનિ જિનોક્ત તત્ત્વને કે આચારને પહેલાં સમ્યક્ માને છે અને પછી પણ સમ્યક્ જ રહે છે. કોઈ મુનિ પહેલાં સમ્યક્ માને છે પરંતુ પછી તેનો વ્યવહાર અસમ્યક્ થઈ જાય છે. કોઈ મુનિ પહેલાં (અલ્પજ્ઞાનના કારણે) અસમ્યક્ માને છે પરંતુ પાછળથી શંકાનુ સમાધાન થઈ જવાને કારણે તેનો વ્યવહાર સમ્યક્ થઈ જાય છે. કોઈ સાધક પહેલાં તત્ત્વ કે આચારને અસમ્યક્ માને છે અને પછી પણ કુતર્ક બુદ્ધિના કારણે અસમ્યક્ જ માને છે.

## વિવેચન :–

**सड्ढिस्स णं समणुण्णस्स :–** સંયમ સ્વીકારનાર શ્રદ્ધાળુ અને રુચિ સંપન્ન સાધકની વિચારધારા સંયમાચાર પ્રત્યે દર્શનમોહ કે ચારિત્રમોહના ઉદય અને ક્ષયોપશમના પ્રભાવે પરિવર્તિત થઈ શકે છે અથવા તેમજ રહી શકે છે. તે સર્વ સ્થિતિની પ્રરૂપણા આ સૂત્રમાં ચાર વિકલ્પોથી કરી છે, તેનો ભાવ આ પ્રમાણે છે– શ્રદ્ધાવાન અને રુચિસંપન્ન આત્માઓ દીક્ષિત થયા પછી (૧) સંયમની સર્વ પરિસ્થિતિઓ અથવા વિધિ વિધાનોને પ્રારંભથી અંત સુધી સમ્યક્ જ માને છે, સમ્યગ્ રૂપે પરિણમાવે છે. (૨) કોઈ પ્રારંભમાં સંયમ વિધિઓ અને પરીષહ, ઉપસર્ગોને સહન કરી શકવાથી સંયમને ઉચિત સમજે છે પરંતુ પછી સહન ન થવાથી ગભરાઈ જાય છે, તે જિનાજ્ઞાને અસમ્યગ્ સમજે છે.(૩) કોઈ સાધક પ્રારંભમાં સંસ્કાર, ક્ષમતાની ન્યૂનતાના કારણે જિનોક્ત આચારોને અસમ્યક્ માને છે પરંતુ પાછળથી ક્ષમતા અને જ્ઞાનની વૃદ્ધિ થવાથી સમસ્ત આચાર, નિયમો, પરીષહો આદિને સમ્યક્ સમજે છે અને સમ્યક્ રૂપે જ પરિણમાવે છે. (૪) કોઈ અલ્પસત્ત્વ સાધક પ્રારંભથી અંત સુધી સંયમ–નિયમોની કઠોરતાથી દુઃખી થાય છે, તેને કષ્ટદાયક સમજે છે. સાધક પોતાની વિચારધારાને જ્ઞાન દ્વારા પરિમાર્જિત કરે.

## સંપ્રેક્ષણનો દિશાવબોધ :–

**૪ समियं ति मण्णमाणस्स समिया वा असमिया वा समिया होइ उवेहाए, असमियं ति मण्णमाणस्स समिया वा असमिया वा असमिया होइ उवेहाए । उवेहमाणो अणुवेहमाणं– बूया–उवेहाहि समियाए,**

**इच्चेवं तत्थ संधी झोसिओ भवइ ।**

**શબ્દાર્થ :– समियं ति** = સમ્યક્, **मण्णमाणस्स** = માનતા, પરિણમન કરનારને, **समिया वा** = પદાર્થ ભલે સમ્યક્ હોય, **असमिया वा** = પદાર્થ ભલે અસમ્યક્ હોય, **समिया होइ** = સમ્યક્ રૂપે જ થઈ જાય છે, **उवेहाए** = વિચારણાથી, **असमियं ति मण्णमाणस्स** = અસમ્યક્ પરિણમન કરનાર ને, **असमिया होइ** = અસમ્યક્ રૂપે જ થાય છે, **उवेहमाणो** = સત્ અને અસત્નો વિચાર કરનાર, **अणुवेहमाणं** = સત્ અને અસત્નો વિચાર ન કરનારને, **बूया** = કહે, **उवेहाहि** = વિચાર કરો, **समियाए** = સમ્યક્ પ્રકારે, **इच्चेवं** = આ પ્રકારે સમ્યક્ વિચારણાથી, **तत्थ** = તેમાં, **संधी** = કર્મ પરંપરા, **झोसिओ** = નષ્ટ, **भवइ** = થઈ જાય છે.

**ભાવાર્થ :–** વાસ્તવમાં જે સાધક સમ્યક્ ચિંતન કરે છે તેને સમ્યક્ કે અસમ્યક્ સર્વ તત્ત્વો પોતાના સમ્યક્ પર્યાલોચનના કારણે સમ્યક્ રૂપે જ પરિણત થઈ જાય છે. તેનાથી વિપરીત જે સાધક કોઈ વસ્તુનું અસમ્યક્ ચિંતન કરે તો તેને સમ્યક્ કે અસમ્યક્ સર્વ તત્ત્વો પોતાના અસમ્યક્ પર્યાલોચનના કારણે અસમ્યક્ રૂપે જ પરિણત થાય છે.

(માટે) સમ્યક્ અનુપ્રેક્ષણ કરનાર, અનુપ્રેક્ષણ નહિ કરનાર ને કહે કે– સમ્યક્ભાવે અનુપ્રેક્ષણ (પર્યાલોચન) કરો. આ પ્રમાણે સમ્યક્ અનુપ્રેક્ષા કરવાથી અને સંયમમાં સ્થિત રહેવાથી કર્મોની પરંપરાનો ક્ષય થાય છે.

## વિવેચન :–

**समियं ति मण्णमाणस्स :–** અનુપ્રેક્ષણનું પરિણામ એ છે કે પોતાના ચિંતનને જ્ઞાનના માધ્યમથી સમ્યક્ રાખવામાં આવે તો પ્રત્યેક પરિસ્થિતિમાં તે સાધક સ્વયં આંનદમાં રહી શકે છે, તેમજ સંયમ પ્રત્યે તથા જિનાજ્ઞા પ્રત્યેના શ્રદ્ધાના ભાવને ટકાવી શકે છે. જ્યારે અસમ્યક્ ચિંતન કરનાર પોતાના જ વિચારથી દરેક પરિસ્થિતિમાં દુઃખી થવાથી તે સર્વ પ્રસંગોને અસમ્યક્ રૂપમાં પરિણમાવે છે.

**उवेहमाणो अणुवेहमाणं बूया :–** સમ્યક્ વિચારણાના અભ્યાસી સાધક બીજાને પણ સમ્યક્ વિચારણા કરવાનું શીખવે, સમજાવે, પ્રેરણા કરે કે વિચારોના સમ્યક્ પરિવર્તનથી મુશ્કેલીઓ ઉકેલી શકાય છે, અશ્રદ્ધાને શ્રદ્ધાભાવમાં બદલી શકાય છે, અશુભ કર્મોની સંધિ–ગાંઠને તોડી શકાય છે.

## ઉત્થિત અને સ્થિતની ગતિ :–

**૫ से उट्ठियस्स ठियस्स गइं समणुपासह । कएत्थ वि बालभावे अप्पाणं णो उवदंसेज्जा ।**

**શબ્દાર્થ :– से उट्ठियस्स** = તે સંયમમાં પ્રવૃત્તિ કરનારની, **ठियस्स** =સંયમમાં સ્થિતની, **गइं** = ગતિને, **समणुपासह** = જુઓ, **एत्थ वि** = આ જિનશાસનમાં આવીને પણ, **बालभावे** = બાલભાવરૂપ

અસંયમમાં, **अप्पाणं** = આત્માને, **णो उवदंसेज्जा** = ક્યારે ય જોડે નહીં.

**ભાવાર્થ :–** આવી જ રીતે તમે સંયમમાં સમ્યક્ પ્રગતિ કરનાર સાધકોની આરાધકગતિ તથા સંયમમાં પ્રગતિ ન કરનાર સાધકોની વિરાધક ગતિને પણ જુઓ. આ રીતે ચિંતન કરીને આ જિનશાસનને પ્રાપ્ત કરતાં તમે બાળભાવમાં પોતાના આત્માને ક્યારે ય જોડો નહિ.

## વિવેચન :–

**उट्ठियस्स ठियस्स गइं :–** સંયમાચારમાં પ્રગતિશીલ અણગાર 'ઉત્થિત' કહેવાય છે અને પ્રગતિ **(progress)** ન કરનાર, ત્યાંને ત્યાં જ રોકાઈ જનાર સાધકને સ્થિત કહેવાય છે. **गइं**– ગતિના અહીં બે અર્થ થાય છે. (૧) આ બંને પ્રકારના ઉત્થિત અને સ્થિત સાધકોની દશાને તમે જુઓ. પ્રગતિશીલ સાધકને પ્રજ્ઞા, કીર્તિ, યશ, જ્ઞાન, પદ અને ધૈર્યતા વગેરે ઉચ્ચ દશાઓની ઉપલબ્ધિ થાય છે જ્યારે અવરુદ્ધ સાધકને આ ઉપલબ્ધિઓ થતી નથી. (૨) સંયમમાં પ્રગતિ કરનારની આરાધક ગતિ હોય છે અને સંયમમાં અટકી જનારાની આરાધકગતિ હોતી નથી. આ બંને સાધકોની ગતિનો વિચાર કરીને સંયમભાવોમાં પ્રગતિ કરતા રહેવું જોઈએ.

**एत्थ वि बालभावे :–** આ રીતે સમજીને અને જિનશાસનમાં આવીને બાલભાવ–અજ્ઞાન દશામાં, જિનવચનોની અશ્રદ્ધામાં પોતાના આત્માને ક્યારે ય જોડવો જોઈએ નહિ.

## આત્મોપમ્યથી અહિંસાની પુષ્ટિ :–

**६ तुमं सि णाम सच्चेव जं हंतव्वं ति मण्णसि । तुमं सि णाम सच्चेव जं अज्जावेयव्वं ति मण्णसि । तुमं सि णाम सच्चेव जं परियावेयव्वं ति मण्णसि । तुमं सि णाम सच्चेव जं परिघेयव्वं ति मण्णसि । तुमं सि णाम सच्चेव जं उद्दवेयव्वं ति मण्णसि ।**

**શબ્દાર્થ :– तुमं सि णाम सच्चेव** = તું તે પોતે જ છે, **जं हंतव्वं** = જેને તું હણવા યોગ્ય, **मण्णसि** = માને છે, **तुमं सि णाम सच्चेव** = તમે જ, તે, **जं अज्जावेयव्वं ति मण्णसि** = જેને આજ્ઞાધીન કરવા યોગ્ય માને છે, **जं परियावेयव्वं ति मण्णसि** = જેને પરિતાપ આપવા યોગ્ય માને છે, **परिघेयव्वं ति मण्णसि** = જેને તું પરિગ્રહરૂપે રાખવા યોગ્ય માને છે, પકડવા યોગ્ય માને છે, **जं उद्दवेयव्वं ति मण्णसि** = જેને ઉપદ્રવિત કરવા યોગ્ય તું માને છે.

**ભાવાર્થ :–** (હિંસાના પરિણામોથી અટકવા માટે શાસ્ત્રકાર કહે છે–) જેને તું હણવા યોગ્ય માને છે તે તું પોતે જ છે. જેને તું આજ્ઞામાં રાખવા યોગ્ય માને છે, તે તું પોતે જ છે. જેને તું દુઃખી કરવા ઈચ્છે છે, તે તું પોતે જ છે. જેને તું દાસ બનાવવા માટે પકડવા ઈચ્છે છે, તે તું પોતે જ છે. જેને તું મારવા યોગ્યમાને છે,

તે તું પોતે જ છે.

**વિવેચન :–**

**तुमं सि णाम सच्चेव :–** આ સૂત્રમાં સૂત્રકારે ભગવાન મહાવીરનો આત્મૌપમ્યવાદ–**आयतुलेपयासु** નું નિરૂપણ કરીને સર્વપ્રકારની હિંસાથી વિરક્ત થવાનો ઉપદેશ આપ્યો છે. બે ભિન્ન આત્માઓના સુખ કે દુઃખની અનુભૂતિ(સંવેદન)ની સમતા સિદ્ધ કરવી, એ જ આ સૂત્રનો ઉદ્દેશ છે. તેનો સાર એ છે કે બીજા દ્વારા કોઈપણ રૂપમાં તારી હિંસા કરવામાં આવે ત્યારે તને જે અનુભૂતિ થાય છે તેવી જ અનુભૂતિ અન્ય પ્રાણીઓને પણ થાય છે માટે કોઈને મારવાનો કે કષ્ટ આપવાનો અથવા અહિત કરવાનો સંકલ્પ જાગે તો વિચારવું જોઈએ કે તેની જગ્યાએ હું હોઉં તો મને કેવો અનુભવ થાય ? તાત્પર્ય એ છે કે જેને તમો દંડ આદિથી મારવાની ઈચ્છા કરો છો તેની જગ્યાએ તમો હો તો તમને શું થાય ? એ જ રીતે કોઈના પર જબરજસ્તીથી અનુશાસન કરવામાં, પોતાને આધીન કરવામાં, દુઃખ દેવામાં કે પ્રાણ રહિત કરવામાં આવે, ત્યારે તેની જગ્યાએ પોતાની જાતને સમજો અર્થાત્ આ ક્રિયાથી મને જે દુઃખ થાય તેવું જ દુઃખ બીજા પ્રાણીઓને પણ થાય છે. આ સૂત્રનો બીજી રીતે એ ભાવ પણ સમજી શકાય કે તું કોઈ બીજા જીવની હિંસા કરવા ઈચ્છે છે પરંતુ વાસ્તવમાં આ તેની હિંસા નથી પરંતુ તારી શુભવૃત્તિઓની હિંસા છે. તેથી તારી આ હિંસા–વૃત્તિ એક પ્રકારની આત્મહિંસા જ છે.

**પ્રતિબુદ્ધજીવી આત્માની અહિંસા :–**

**૭ अंजू चेयं पडिबुद्धजीवी । तम्हा ण हंता, ण विघायए । अणुसंवेयणमप्पाणेणं, जं हंतव्वं णाभिपत्थए ।**

**શબ્દાર્થ :– अंजू** = સરળ સ્વભાવી, **चेयं** = અને આ, **पडिबुद्धजीवी** = જાગૃતિપૂર્વક સંયમ પાલન કરનાર હોય, **तम्हा** = તેથી, **ण हंता** = કોઈ પ્રાણીને હણે નહિ, **ण वि घायए** = બીજા પાસે પ્રાણીઓનો ઘાત કરાવે નહિ, **अप्पाणेणं** = આત્માને જ, **अणुसंवेयणं** = હિંસાના ફળ–વિપાક ભોગવવા પડે, **जं हंतव्वं** = માટે હણવાની, **णाभिपत्थए** = ઈચ્છા કરે નહિ.

**ભાવાર્થ :–** જ્ઞાની પુરુષ ઋજુ–સરળ હોય છે, તે સંયમી જીવન જીવનાર હોય છે તેથી તે સાધક કોઈ જીવની હિંસા કરે નહિ અને બીજા પાસે હિંસા કરાવે નહિ, હનન કરનારની અનુમોદના પણ કરે નહિ. કરેલાં કર્મનાં ફળ ભોગવવાં પડે છે, માટે કોઈ પણ જીવને મારવાની ઈચ્છા કરવી જોઈએ નહિ.

**વિવેચન :–**

આ સૂત્રમાં પણ **'आत्मवत् सर्वभूतेषु'** ભાવનાને જ પુષ્ટ કરી છે. ઋજુ અને પ્રતિબુદ્ધજીવી જ્ઞાની સાધક હિંસાથી દૂર રહે. તે કોઈ પણ પ્રકારના ભય, પ્રલોભન કે છલકપટથી પણ હિંસાનો આચરણ કદાપિ કરે નહીં. તેઓનો આત્મબોધ બે પ્રકારનો હોય છે. (૧) બીજા જીવોનો આત્મા મારા આત્માની

સમાન જ છે અને મારી જેમજ તેઓને પણ દુઃખ થાય છે. (૨) બીજાને દુઃખ આપીને જે કર્મબંધન કરે છે તેનું ફળ તેને પોતાને જ ભોગવવુ પડે છે માટે કોઈને પણ મારવાનું કે દુઃખ દેવાનું પરિણામ ખરેખર પોતાને જ દુઃખી થવાનું છે. આવા સત્ય આત્મબોધની સાથે તે જ્ઞાની આત્મા હિંસાનો પણ ત્યાગ કરે છે.

## આત્મવિજ્ઞાતાની સંયમપર્યાય :–

**૮** **जे आया से विण्णाया, जे विण्णाया से आया । जेण वियाणइ से आया । तं पडुच्च पडिसंखाए । एस आयावाई समियाए परियाए वियाहिए । त्ति बेमि ।**

**॥ पंचमो उद्देसो समत्तो ॥**

**શબ્દાર્થ :– जे आया** = જે આત્મા, **से विण्णाया** = તે વિજ્ઞાતા છે, **जेण विजाणइ** = જેનાથી પદાર્થોને જાણી શકાય છે, **तं पडुच्च** = આત્મસંબંધી તે જ્ઞાન પરિણમનથી, **पडिसंखाए** = વિચારણા કરવી જોઈએ, **एस** = તે આત્મ વિચારણા કરનાર, આત્માને માનનાર, **आयावाई** = આત્મવાદી છે, **समियाए** = સમ્યક્, **परियाए** = સંયમ, પર્યાયવાન, **वियाहिए** = કહેવાય છે, કહેલ છે.

**ભાવાર્થ :–** જે આત્મા છે તે જ વિજ્ઞાતા છે અને જે વિજ્ઞાતા છે તે જ આત્મા છે. જે જ્ઞાનવડે વિજ્ઞાનસ્વરૂપ આત્માને જાણી શકાય છે, તે જ્ઞાન જ આત્માનો ગુણ છે અને એ જ્ઞાનથી જ સ્વ અને પરની પ્રતીતિ–ઓળખાણ થાય છે. આ રીતે જ્ઞાન અને આત્માના પારસ્પરિક સંબંધને જેઓ યથાર્થપણે જાણે છે તે જ સાચા આત્મવાદી છે અને તેવા સાધકોનું જ સંયમાનુષ્ઠાન યથાર્થ છે એમ જ્ઞાની પુરુષોએ કહ્યું છે. –એમ ભગવાને કહ્યું છે.

**॥ પાંચમો ઉદ્દેશક સમાપ્ત ॥**

## વિવેચન :–

**जे आया से विण्णाया :–** આત્માના સત્ય સ્વરૂપને સમજી સમસ્ત જીવોની સમ્યક્ શ્રદ્ધા કરનાર જ અહિંસાનું પાલન કરી શકે છે. તેથી પૂર્વ સૂત્રમાં કહેલ અહિંસાના સંદેશને પુષ્ટ કરવા, આ સૂત્રમાં આત્મ બોધ કરાવ્યો છે કે જે આત્મા છે તે જ વિજ્ઞાન–વિશેષ ચિંતન કરે છે. જે વિચાર કરે છે તે શરીર નહિ પણ આત્મા છે. જેના માધ્યમે જગતના સર્વ ભાવોને જાણી શકાય છે તે આત્મા જ છે. તેને જ જીવ અને ચૈતન્ય કહેવાય છે. નિર્જીવ, પુદ્ગલોમાં આ ભાવ હોતો નથી. આ રીતે આત્માના અસ્તિત્વને સમજીને પ્રત્યેક આત્માઓનો વિચાર કરવો જોઈએ. આ પ્રકારના આત્મવાદી પોતાને અને અન્ય સર્વ આત્માઓના સ્વરૂપને જાણનાર, માનનાર હોય છે. તેઓ કોઈ જીવને દુઃખ ન થાય તે રીતે સંયમમાં રમણ કરે છે.

બીજી એ વાત કે જે આત્મા છે તે વિજ્ઞાતા છે. જે વિજ્ઞાતા છે તે આત્મા છે. આ સૂત્રમાં દ્રવ્ય અને

ગુણની અપેક્ષાએ આત્માનું લક્ષણ બતાવ્યું છે. ચેતન જ્ઞાતા દ્રવ્ય છે, ચૈતન્ય–જ્ઞાન તેનો ગુણ છે. જ્ઞાનથી જ્ઞાનીની અભિન્નતા છે. જ્ઞાન એ આત્માનો ગુણ છે તેથી ભિન્નતા પણ છે. દ્રવ્ય અને ગુણ સર્વથા ભિન્ન પણ નથી અને અભિન્નપણ નથી. ગુણ દ્રવ્યમાં જ રહે છે અને દ્રવ્યનો જ અંશ છે, આ કારણે બંને અભિન્ન પણ છે અને આધાર, આધેયની દષ્ટિથી બંને ભિન્ન પણ છે. બંનેની અભિન્નતા અને ભિન્નતાનું સૂચન ભગવતી સૂત્રમાં મળે છે.–**जीवे णं भंते ! जीवे, जीवे जीवे ? गोयमा, जीवे ताव नियमा जीवे, जीवे वि नियमा जीवे** । ભંતે ! જીવ ચૈતન્ય છે ? કે ચૈતન્ય જીવ છે. ગૌતમ ! જીવ નિયમથી ચૈતન્ય છે, ચૈતન્ય પણ નિયમથી જીવ છે.

જ્ઞાની અને જ્ઞાન બંને આત્મા છે. જ્ઞાન જ્ઞાનીનો પ્રકાશ છે, વિકાસ છે. આ રીતે જ્ઞાનની ક્રિયા (ઉપયોગ), ઘટ–પટાદિ વિભિન્ન પદાર્થો જાણવામાં થાય છે, તેથી જ્ઞાનથી કે જ્ઞાનની ક્રિયાથી જ્ઞેય કે જ્ઞાની આત્માને જાણવામાં આવે છે. સાર એ છે કે જે જ્ઞાતા છે, તે તું જ છે, જે તું છો તે જ્ઞાતા છે. તારું જ્ઞાન તારાથી ભિન્ન નથી. આ પ્રકારે અહીં જ્ઞાન અને આત્માને અભેદ નયથી સૂચિત કર્યો છે.

**॥ અધ્યયન–૫/૫ સંપૂર્ણ ॥**

## પાંચમું અધ્યયન : છઠ્ઠો ઉદ્દેશક

**સંયમ સુરક્ષા :–**

**૧ अणाणाए एगे सोवट्ठाणा, आणाए एगे णिरुवट्ठाणा । एवं ते मा होउ । एयं कुसलस्स दंसणं । तद्दिट्ठीए तम्मुत्तीए तप्पुरक्कारे तस्सण्णी तण्णिवेसणे ।**

**શબ્દાર્થ :–** **अणाणाए** = અનાજ્ઞામાં, **एगे** = કેટલાક સંયમસાધક પુરુષ, **सोवट्ठाणा** = પ્રવૃત્તિ કરે છે, **आणाए** = આજ્ઞા અનુસાર, **णिरुवट्ठाणा** = પ્રવૃત્તિ કરતા નથી, **एवं** = આવી દશા, અવસ્થા, **ते** = તમારી, **मा होउ** = ન થાય, **एयं** = માટે આ, **कुसलस्स** = તીર્થંકરનું, **दंसणं** = દર્શન, અભિપ્રાય છે, **तद्दिट्ठीए** = ગુરુની દષ્ટિ તેમજ આગમની દષ્ટિ મુજબ વર્તવું, **तम्मुत्तीए** = ગુરુપ્રત્યે સમર્પણભાવે રહેવું, **तप्पुरक्कारे** = ગુરુનું બહુમાન સાચવનાર–આચાર્યને આગળ કરીને, દરેક વ્યવહાર કે નિર્ણય કરવો, **तस्सण्णी** = ગુરુની ઈચ્છામાં પોતાની ઈચ્છાને સમાવિષ્ટ કરીને રહેવું, **तण्णिवेसणे** = ગુરુ સાંનિધ્યમાં રહેવું.

**ભાવાર્થ :–** કેટલાક સંયમી સાધક તીર્થંકરની અનાજ્ઞામાં સંયમ વિપરીત આચરણ કરવામાં ઉદ્યમી હોય છે અને કેટલાક સાધક આજ્ઞામાં નિરુદ્યમી હોય છે, સંયમાચરણમાં પ્રવૃત્તિ કરતા નથી.

આ અનાજ્ઞામાં ઉદ્યમ અને આજ્ઞામાં અનુદ્યમની સ્થિતિ તમારા જીવનમાં ન થાય માટે તીર્થંકરોનો ઉપદેશ છે કે દીક્ષા લઈ સાધકે ગુરુદષ્ટિમાં, ગુરુની સમર્પણતામાં રહેવું જોઈએ. દરેક પ્રવૃત્તિ કે નિર્ણયમાં ગુરુને જ પ્રમુખ રાખવા જોઈએ, પોતાની સ્વતંત્ર ઈચ્છા ન રાખતાં ગુરુની ઈચ્છા આશયમાં જ સમાઈ જવું

જોઈએ અને ગુરુ સાનિધ્યમાં રહી પૂર્ણ યોગ્યતા પ્રાપ્ત કરવી જોઈએ.

## વિવેચન :–

આ સૂત્રમાં તીર્થંકરોની આજ્ઞાનું પાલન નહીં કરનારા સાધકોનો નિર્દેશ કરી સર્વ સંયમ સાધકોને સાવધાન કર્યા છે અને ગુરુ સાંનિધ્યમાં રહી યોગ્યતા પ્રાપ્ત કરવાની પ્રેરણા આપી છે.

**सोवट्ठाणा णिरुवट्ठाणा :–** આ બંને પદ આગમના પારિભાષિક શબ્દ છે. વૃત્તિકારે આ બંને શબ્દોનો અર્થ આ પ્રમાણે કર્યો છે– અનાજ્ઞામાં સોપસ્થાન અને આજ્ઞામાં ઉપસ્થાન રહિત.

(૧) ઉપસ્થાન શબ્દ અહીં ઉદ્યમશીલ રહેવું કે પુરુષાર્થ કરવો, એ અર્થમાં છે. અનાજ્ઞા એટલે તીર્થંકરાદિના ઉપદેશથી વિરુદ્ધ, પોતાની સ્વચ્છંદ બુદ્ધિથી અનાચારનું સેવન કરવું. જે ઈન્દ્રિયોના દાસ છે, પોતાના જ્ઞાન, તપ, સંયમ, શરીર–સૌન્દર્ય, વાચાળતાદિના અભિમાનથી ગ્રસ્ત છે, સદ્ અસદ્‌ના વિવેકથી રહિત છે છતાં અમે પણ દીક્ષિત સાધક છીએ, આવી અભિમાની વ્યક્તિ અનાજ્ઞામાં ઉદ્યમી કહેવાય છે. તેઓ દેખાવમાં ધર્માચરણ કરી રહ્યા છે તેવા લાગે છે, પરંતુ વાસ્તવમાં તો સાવદ્ય આચરણયુક્ત હોય છે. (૨) આજ્ઞામાં જે અનુદ્યમી હોય છે, તે આજ્ઞાના પ્રયોજનને, મહત્ત્વને અને તેના લાભને ભલે સમજતા પણ હોય, કુમાર્ગ તરફ તેનું મન જવા માગતું પણ ન હોય પરંતુ આળસ, પ્રમાદ, બેદરકારી, સંશય, ભ્રાંતિ, વ્યાધિ, બુદ્ધિની મંદતા, આત્મશક્તિના અવિશ્વાસાદિના કારણે તેઓ તીર્થંકરોએ કહેલાં ધર્માચરણ પ્રત્યે ઉદ્યમશીલ બનતા નથી.

બંને પ્રકારના સાધકો સંયમારાધના માટે યોગ્ય નથી કારણ કે કુમાર્ગનું આચરણ અને સન્માર્ગનું અનાચરણ બંને છોડવા યોગ્ય છે. તીર્થંકરનું દર્શન છે– અનાજ્ઞામાં નિરુદ્યમ અને આજ્ઞામાં ઉદ્યમ કરવો.

**तद्दिट्ठीए :–** આ પાંચ પદોનો અર્થ તીર્થંકરને અનુરૂપ અને આચાર્ય–ગુરુને અનુરૂપ, આમ બંને પ્રકારે કરી શકાય છે કારણ કે તે બંને ય દેવ અને ગુરુ સાધક માટે સમર્પણીય હોય છે. આ પાંચે ય પદોનો અર્થ અને વિવેચન ચોથા ઉદ્દેશકમાં કરવામાં આવ્યું છે.

## સાધકની સ્વાવલંબી સાધના :–

**૨ अभिभूय अदक्खु । अणभिभूए पभू णिरालंबणयाए, जे महं अबहिंमणे ।**

**શબ્દાર્થ :– अभिभूय** = પરીષહ ઉપસર્ગોને જીતીને જેણે, **अदक्खू** = સત્યનો સાક્ષાત્કાર કર્યો છે, અનુભવ કર્યો છે, **अणभिभूए** = પરીષહ ઉપસર્ગોથી પરાભવ નહીં પામનારા, **पभू** = સમર્થ હોય છે, **णिरालंबणयाए** = નિરાલંબન રહેવામાં, **जे** = જે ક્યારેય, **महं** = સંયમથી, મોક્ષમાર્ગથી, **अबहिंमणे** = બહિર્મના થતા નથી, મનને બહાર જવા દે નહીં અર્થાત્ મનને સંયમમાં સ્થિર રાખે છે, તેઓ સ્વતંત્ર વિચરણ કરવામાં તીર્થંકરની આજ્ઞા બહાર નથી.

**ભાવાર્થ :–** આ પ્રમાણે ગુરુ સાનિધ્યથી સમર્થ થઈ જેણે પરીષહ–ઉપસર્ગો જીતી લીધા છે, દરેક પરિસ્થિતિને પાર પામી સત્યનો સાક્ષાત્કાર કર્યો છે, અનુભવ કર્યો છે અને જે પરીષહોપસર્ગ કે વિઘ્નોથી પરાભવ પામતા નથી, તે નિરાલંબનતા, સ્વાવલંબી થવામાં સમર્થ હોય છે અર્થાત્ પોતાની પ્રમુખતાએ વિચરણ કરી શકે છે.

જે મહાન મોક્ષલક્ષી હળુકર્મી હોય છે, તેનું મન (સંયમથી) બહાર જતું નથી,અન્ય લોકોની ભૌતિક અથવા યૌગિક વિભૂતિઓ તેમજ ઉપલબ્ધિઓને જોઈને તેના પ્રતિ આકર્ષાતું નથી.

## વિવેચન :–

**अभिभूय; अणभिभूए :–** આ શબ્દોના અર્થ છે– (૧) જીતીને (૨) પરાભૂત ન થનાર પરંતુ કોને જીતીને અને કોનાથી પરાભૂત ન થનાર ? આ મૂળપાઠમાં બતાવ્યું નથી પરંતુ ટીકાકારે સ્પષ્ટ કર્યું છે કે સાધક પરીષહ ઉપસર્ગો પર વિજય પ્રાપ્ત કરીને તત્ત્વના દૃષ્ટા થાય છે અને કોઈ પણ પ્રકારના પરીષહ–ઉપસર્ગોથી પરાભવ ન પામનાર સાધક નિરાલંબનતામાં સમર્થ થાય છે.

**पभू णिरालंबणयाए :–** પરીષહો ઉપસર્ગોને પરાભૂત કરનાર અને તેનાથી પરાભૂત ન થનાર, અપરાભૂત કહેવાય છે. તે નિરાલંબી બનવામાં સમર્થ હોય છે. ઉત્તરાધ્યયન સૂત્રમાં નિરાલંબીની વિશેષતા બતાવતા કહ્યું છે કે–નિરાલંબીના યોગ આત્મસ્થિત થઈ જાય છે. તે પોતાના લાભમાં સંતુષ્ટ રહે છે, બીજાથી પ્રાપ્ત લાભમાં રુચિ રાખતા નથી, બીજાથી થનારા લાભ માટે રાહ જોતા નથી, બીજાની અપેક્ષા રાખતા નથી, બીજાથી થનારા લાભની આકાંક્ષા કરતા નથી. આ રીતે બીજાથી પ્રાપ્ત લાભ પ્રત્યે અરુચિ, અપ્રતીક્ષા, અનપેક્ષા, અસ્પૃહા કે અનાકાંક્ષા રાખનાર તે સાધક બીજી સુખશય્યાને પ્રાપ્ત કરીને વિચરણ કરે છે.

ખરેખર નિરાલંબતાની સાધનામાં ભૌતિક સિદ્ધિઓ, યૌગિક ઉપલબ્ધિઓ કે લબ્ધિઓ પણ બાધક છે. તેમનો આધાર લેવાથી આત્મા પરાવલંબી બની જાય છે. આ પ્રમાણે બીજા પાસેથી વધારે સહાયતાની અપેક્ષા રાખવી તે પણ પરમુખાપેક્ષિતા છે. ઈન્દ્રિય–વિષયો, મનના વિકારો આદિનો સહારો લેવો તે પણ તેને વશ થવા જેવું છે, રોગ આવે, ત્યારે ડૉકટર કે વૈદ્યની આકાંક્ષા કરવી એ પણ પરાવલંબનતા છે. તેનાથી પણ આત્મા પરાશ્રિત અને નિર્બળ બને છે. સ્વાવલંબી વ્યક્તિ પોતાની જ ઉપલબ્ધિઓમાં સંતોષ માને છે. તે બીજા પર કે બીજાથી મળેલી સહાય, પ્રશંસા કે પ્રતિષ્ઠા પર આધાર રાખતા નથી. સાધકે સ્વાવલંબી બનવું જોઈએ.

## આગમ આજ્ઞાની પ્રમુખતા :–

**३ पवाएणं पवायं जाणेज्जा– सहसम्मइयाए, परवागरणेणं, अण्णेसिं वा अंतिएसोच्चा । णिद्देसं णाइवट्टेज्जा मेहावी सुपडिलेहिय सव्वओ सव्वत्ताए सम्ममेव समभिजाणिज्जा ।**

**इह आरामं परिण्णाय अल्लीणगुत्तो परिव्वए । णिट्ठियट्ठी वीरे आगमेणं सया परक्कमेज्जासि । त्ति बेमि ।**

**શબ્દાર્થ :– पवाएणं** = સર્વજ્ઞની વાણીથી, આગમથી, **पवायं** = કોઈના પણ વચનોને, સિદ્ધાંતને, **जाणेज्जा** = પરીક્ષા કરે, કસોટી કરીને સમજે, **सहसम्मइयाए** = પોતાની બુદ્ધિથી અર્થાત્ જાતિસ્મરણ જ્ઞાનથી, **परवागरणेणं** = તીર્થંકરના ઉપદેશથી, **अण्णेसिं वा अंतिए** = બીજા પાસેથી, **सोच्चा** = સાંભળીને.

**णिद्देसं** = સર્વજ્ઞની આજ્ઞાનું, **णाइवट्टेज्जा** = ઉલ્લંઘન કરે નહિ, **मेहावी** = મેધાવી, **सुपडिलेहिय** = સારી રીતે વિચારીને, **सव्वओ** = સર્વપ્રકારથી, **सव्वत्ताए(सव्वप्पणा)** = સામાન્ય અને વિશેષરૂપેથી, સર્વાત્મના, **सम्ममेव** = સમ્યક્ પ્રકારથી, **समभिजाणिज्जा** = જાણીને, **इह** = આ જિનશાસનમાં, **आरामं** = સંયમને, **परिण्णाय** = જાણીને, સ્વીકાર કરીને, **अल्लीणगुत्तो** = લીન અને આત્મગુપ્ત થઈને, **परिव्वए** = સંયમ પાલન કરે, **णिट्ठियट्ठी** = મોક્ષાર્થી, **वीरे** = વીર અર્થાત્ કર્મનાશમાં સમર્થ, **आगमेणं** = આગમ અનુસાર, **सया** = હંમેશાં, **परक्कमेज्जासि** = પરાક્રમ કરે.

**ભાવાર્થ :–** સર્વજ્ઞ તીર્થંકરોના વચનથી વિભિન્ન દાર્શનિકોના વાદનું પરીક્ષણ કરવું જોઈએ અથવા પૂર્વજન્મની સ્મૃતિથી, સહસા ઉત્પન્ન મતિ–પ્રતિભાદિ જ્ઞાનથી, તીર્થંકર પાસેથી પ્રશ્નનો ઉત્તર પ્રાપ્ત કરીને અથવા વ્યાખ્યાન સાંભળીને અથવા કોઈ અતિશય જ્ઞાની નિર્મળ શ્રુતજ્ઞાની આચાર્યાદિ પાસેથી સાંભળીને પ્રવાદના યથાર્થતત્ત્વને જાણી શકાય છે. મેધાવી તીર્થંકરાદિના નિર્દેશ–આદેશનું અતિક્રમણ કરે નહિ. તેઓની આજ્ઞાનો સર્વપ્રકારે સંપૂર્ણરૂપે (હેય–જ્ઞેય–ઉપાદેયરૂપમાં તથા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવરૂપમાં) વિચાર કરીને સારી રીતે સંયમનું પાલન કરે.

આ જૈનશાસનમાં આત્મરમણતા રૂપ સંયમને પ્રાપ્ત કરીને આત્મલીન–મન,વચન, કાયાની ગુપ્તિથી ગુપ્ત થઈને વિચરણ કરે. મોક્ષાર્થી વીર મુનિ આગમમાં બતાવેલા અર્થ કે આદેશ–નિર્દેશ અનુસાર જ હંમેશાં પરાક્રમ કરે અને પોતાની સર્વ પ્રવૃત્તિ આગમ અનુસાર જ કરે.

## વિવેચન :–

**पवाएण पवायं जाणेज्जा :–** ભગવાન મહાવીરે પ્રત્યેક સાધકને ધર્મ અને દર્શનના ક્ષેત્રમાં સ્વતંત્ર ચિંતનનો અવકાશ આપ્યો છે.તેઓએ બીજાના પ્રવાદો(દર્શન)ની પરીક્ષા કરવાની છૂટ આપી છે. કહ્યું છે કે મુનિ પોતાના પ્રવાદ(દર્શન–સિદ્ધાંત) ને જાણીને બીજાના પ્રવાદોને જાણે–તેમની સમીક્ષા કરે. સમીક્ષાના સમયે પૂરી મધ્યસ્થતા–નિષ્પક્ષતા તેમજ સમત્વભાવ રહેવો જોઈએ. સ્વ પર વાદનું નિષ્પક્ષતાથી પરીક્ષણ કરવાથી વીતરાગ દર્શનની મહત્તા સ્વતઃ સિદ્ધ થઈ જાય છે. કોઈ પણ પ્રકારના વિચાર સામે આવે ત્યારે તેની કસોટી વીતરાગ સિદ્ધાંતથી– આગમથી કરે પરંતુ વિચાર્યા વિના કે કસોટી કર્યા વિના કોઈ પણ પ્રવાદનું અને કોઈના વિચારોનું અનુસરણ કરે નહીં.

**ત્રણેય લોકમાં આશ્રવ અને બંધ :–**

**૪ उड्ढं सोया अहे सोया, तिरियं सोया वियाहिया ।**
**एते सोया वियक्खाया, जेहिं संगं ति पासह ॥**

**શબ્દાર્થ :– उड्ढं सोया** = ઊંચે સ્રોત, **अहे सोया** = નીચે સ્રોત, **तिरियं सोया** = તિરછી દિશામાં સ્રોત, **वियाहिया** = કહેવાયેલ છે, **एते सोया** = આ કર્માસ્રવ, **वियक्खाया** = કહેવાયેલા છે, **जेहिं** = જેનાથી, **संगं** = કર્મબંધ થાય, **ति** = આ પ્રમાણે, **पासह** = જુઓ.

**ભાવાર્થ :–** ઊંચી, નીચી, તિરછી દિશામાં સર્વત્ર કર્મબંધનનાં કારણો–આશ્રવસ્થાનો છે, જે પોતાની કર્મ પરિણતિઓથી જ ઉત્પન્ન થાય છે. આ સ્રોત – કર્મ આવવાના દ્વાર આશ્રવદ્વાર કહેવાય છે, તેનાથી સર્વ પ્રાણીઓને કર્મસંગ(કર્મબંધ) થાય છે, એમ તમે જુઓ.

**વિવેચન :–**

**उड्ढं सोया :–** આ સૂત્રમાં ત્રણ પ્રકારના શ્રોત કહ્યાં છે. ઊર્ધ્વશ્રોત, અધોશ્રોત અને તિર્યક્શ્રોત. "શ્રોત" એટલે કે કર્મો આવવાના દ્વાર. તે ત્રણે ય લોકમાં હોય છે. (૧) વૈમાનિક દેવ–દેવીઓની વિષય સુખોની આસક્તિ તે ઊર્ધ્વશ્રોત છે. (૨) અધોલોકમાં ભવનપતિ દેવોની વિષયસુખોની આસક્તિ અને સાતે ય નરકમાં નારકીઓના ક્લેશ કષાય તે અધોશ્રોત છે. (૩) તિર્યક્લોકમાં વ્યંતરદેવ, મનુષ્ય, તિર્યંચ સંબંધી વિષય–સુખાસક્તિ વગેરે તિર્યક્શ્રોત છે. આ સ્રોતોથી સાધકે હંમેશાં સાવધાન રહેવું જોઈએ. એક દૃષ્ટિએ આ સ્રોતને જ આસક્તિ સમજવી જોઈએ. મનના ઊંડાણમાં ઊતરીને તેને જોતા રહેવું જોઈએ. આ સ્રોતને બંધ કરી દેવાથી જ કર્મબંધન અટકી જાય છે. કર્મબંધન સર્વથા અટકી જવાથી જ અકર્મસ્થિતિ આવે છે.

**આશ્રવત્યાગી આત્મા :–**

**૫ आवट्टं तु पेहाए एत्थ विरमेज्ज वेयवी । विणइत्तु सोयं णिक्खम्म एस महं अकम्मा जाणइ, पासइ, पडिलेहाए णावकंखइ ।**

**શબ્દાર્થ :– आवट्टं** = કર્મબંધના ચક્રને, **तु** = નિશ્ચયથી, **पेहाए** = જોઈને, જાણીને, **एत्थ** = તેનાથી, **विरमेज्ज** = નિવૃત્ત થાય, **वेयवी** = આગમવિદ્, **विणइत्तु** = દૂર કરી, **सोयं** = સ્રોત–આશ્રવદ્વાર, **णिक्खम** = પ્રવ્રજ્યા ધારણ કરીને, **एस** = આ પુરુષ, **महं** = મહાન, **अकम्मा** = કર્મ રહિત થઈને, **जाणइ** = જાણે છે, **पासइ** = જુએ છે, **पडिलेहाए** = સંસાર સ્વરૂપને સમજીને, પુદ્ગલ પ્રેક્ષાની, ઈન્દ્રિય વિષયોના પ્રેક્ષણની, સંસારના સુખોની, **णावकंखइ** = ઈચ્છા કરતા નથી, આકાંક્ષા કરતા નથી.

**ભાવાર્થ :–** આશ્રવોને સંસાર પરિભ્રમણનું કારણ જાણી આગમવિદ્(જ્ઞાની) પુરુષ તેનાથી વિરક્ત થઈ જાય. વિષયાસક્તિ વગેરે આશ્રવોના શ્રોતને દૂર કરીને નિષ્ક્રમણ કરનારા–સંયમ સ્વીકારનારા આ

મહાન અને હળુકર્મી સાધક સાચા જ્ઞાતા દૃષ્ટા બને છે. સાધક આંતર નિરીક્ષણ કરીને વિષયસુખોની આકાંક્ષા કરતા નથી.

## વિવેચન :-

**अकम्मा :–** આ શબ્દના બે પ્રકારે અર્થ છે– (૧) અકર્માનો અર્થ અહીં કર્મરહિત ન સમજતા અલ્પકર્મા કે 'હળુકર્મી આત્મા' સમજવો. (૨) ઘાતીકર્મ રહિત વીતરાગ કેવળીને પણ અકર્મા કહેવાય છે.

**जाणइ पासइ :–** આ શબ્દના ત્રણ પ્રકારે અર્થ થાય છે– (૧) હળુકર્મી સાધક આશ્રવસ્થાનોને અને સંસારભ્રમણને સારી રીતે જાણે અને જુએ છે. (૨) હળુકર્મી આત્મા સંસારના વિષય સુખોને અને પૌદ્‌ગલિક સંયોગોને જ્ઞાતા દૃષ્ટા ભાવે જુએ છે પરંતુ તેની આકાંક્ષા કરતા નથી. (૩) ઉપરોક્ત પ્રવ્રજિત થનાર મહાન આત્મા અકર્મ એટલે ઘાતીકર્મથી રહિત થઈ સર્વજ્ઞ, સર્વદર્શી થાય છે.

**पडिलेहाए णावकंखइ :–** પ્રતિલેખના કરીને આકાંક્ષા કરે નહીં. અહીં આકાંક્ષા ન કરવાની સાથે પ્રતિલેખના શબ્દનો પ્રયોગ છે તેથી તેનો અર્થ સંસારી સુખોનું પ્રેક્ષણ, પૌદગલિક સુખોનું પ્રેક્ષણ, એમ કરવો જોઈએ. **णावकंखइ** સાથે જોડતા તેનો અર્થ થાય છે કે સાધક આંતર નિરીક્ષણ કરીને ક્યારે ય સાંસારિક સુખોની, વિષયસુખોની ઈચ્છા કરે નહીં. બીજો અર્થ એમ પણ થાય છે કે સાધક ભવભ્રમણના કારણોનું પ્રતિલેખન કરી પૌદ્‌ગલિક સુખોની આકાંક્ષા કરે નહીં.

## જન્મમરણના ચક્રથી મુક્તિ :-

## ૬ इह आगइं गइं परिण्णाय अच्चेइ जाई मरणस्स वट्टमग्गं विक्खायरए ।

**શબ્દાર્થ :– इह** = આ લોકમાં, **आगइं गइं** = આગતિ–ગતિને, **अच्चेइ** = ઉલ્લંઘન કરી જાય છે, પાર કરી જાય છે, **जाई मरणस्स** = જાતિ મરણના, **वट्टमग्गं** = ચક્રાકાર માર્ગને, **विक्खायरए** = સંયમમાં, તીર્થંકરની આજ્ઞામાં લીન રહેનારા.

**ભાવાર્થ :–** જીવોની ગતિ આગતિ (સંસાર–ભ્રમણ)નાં કારણોને જાણીને મોક્ષ માર્ગમાં સ્થિત મુનિ જન્મ મરણના ચક્રાકાર માર્ગને અર્થાત્ સંસારચક્રને પાર કરી જાય છે.

## વિવેચન :-

**अच्चेइ जाई मरणस्स वट्टमग्गं :– अच्चेइ** શબ્દનો અર્થ છે ઉલ્લંઘન કરી જાય છે. અતિક્રમણ કરે છે. **वट्टमग्गं** નો અર્થ છે કે આ સંસારમાં ઉપરથી નીચે, નીચેથી ઉપર, દેવથી મનુષ્ય અને મનુષ્યથી નરક તિર્યંચ એમ સંસાર ચક્ર ચાલતું જ રહે છે. માટે આ સંસાર ભ્રમણમાર્ગને ચક્રાકાર **'वट्टमग्गं'** કહ્યો છે.

## મુક્તાત્માઓનું સ્વરૂપ :–

**७** **सव्वे सरा णियट्टंति, तक्का जत्थ ण विज्जइ, मई तत्थ ण गाहिया । ओए अप्पइट्ठाणस्स खेयण्णे ।**

**से ण दीहे, ण हस्से, ण वट्टे, ण तंसे, ण चउरंसे, ण परिमंडले, ण किण्हे, ण णीले, ण लोहिए, ण हालिद्दे, ण सुक्किले, ण सुब्भिगंधे, ण दुब्भिगंधे, ण तित्ते, ण कडुए, ण कसाए, ण अंबिले, ण महुरे, ण कक्खडे, ण मउए, ण गरुए, ण लहुए ण सीए, ण उण्हे, ण णिद्धे, ण लुक्खे, ण काऊ ण रुहे, ण संगे, ण इत्थी, ण पुरिसे, ण अण्णहा ।**

**परिण्णे, सण्णे । उवमा ण विज्जइ । अरूवी सत्ता । अपयस्स पयं णत्थि। से ण सद्दे, ण रूवे, ण गंधे, ण रसे, ण फासे, इच्चेयावंति । त्ति बेमि ।**

**॥ छट्ठो उद्देसो समत्तो ॥**

**શબ્દાર્થ :– सव्वे सरा** = સર્વે સ્વર, **णियट्टंति** = નિવૃત્ત થાય છે, **तक्का** = તર્ક, **जत्थ** = જ્યાં, **ण विज्जइ** = પહોંચતો નથી, **मई** = મતિ, **तत्थ** = તેને, **ण गाहिया** = ગ્રહણ કરાવી શકતી નથી, **ओए** = કર્મમળથી રહિત એકલો, **अप्पइट्ठाणस्स** = સંસાર સ્વરૂપ, મોક્ષ સ્વરૂપના, મોક્ષના જીવ, અપ્રતિષ્ઠાનના, **खेयण्णे** = ખેદજ્ઞ, જાણનાર, નિપુણ.

**से** = તે આત્મા, **ण दीहे** = દીર્ઘ નથી, **ण हस्से** = હ્રસ્વ નથી, ટૂંકો નથી, **ण वट्टे** = ગોળ નથી, **ण तंसे** = ત્રિકોણ નથી, **ण चउरंसे** = ચતુષ્કોણ નથી, **ण परिमंडले** = પરિમંડલાકારે નથી, **ण किण्हे** = કાળો નથી, **ण णीले** = લીલો નથી, **ण लोहिए** = લાલ નથી, **ण हालिद्दे** = પીળો નથી, **ण सुक्किले** = સફેદ નથી, **ण सुब्भिगंधे** = સુગંધ યુક્ત નથી, **ण दुब्भिगंधे** = દુર્ગંધી નથી, **ण तित्ते** = તીખો નથી, **ण कडुए** = કડવો નથી, **ण कसाए** = કસાયેલો નથી, તૂરો નથી, **ण अंबिले** = ખાટો નથી, **ण महुरे** = મધુર નથી, **ण लवणे** = ખારો નથી, **ण कक्खडे** = કર્કશ નથી, **ण मउए** = મૃદુ નથી, **ण गरुए** = ભારે નથી, **ण लहुए** = હળવો નથી, **ण सीए** = શીત નથી, **ण उण्हे** = ઉષ્ણ નથી, **ण णिद्धे** = સ્નિગ્ધ નથી, **ण लुक्खे** = રૂક્ષ નથી, **ण काऊ** = શરીરી નથી, **ण रुहे** = પુનર્જન્મ નથી, **ण संगे** = કર્મ સંગ નથી, **ण इत्थी** = સ્ત્રી નથી, **ण पुरिसे** = પુરુષ નથી, **ण अण्णहा** = અન્યથા અર્થાત્ નપુંસક નથી.

**परिण्णे** = પદાર્થોના વિશેષરૂપે જ્ઞાતા છે, **सण्णे** = પદાર્થોના સામાન્યરૂપે જ્ઞાતા, **उवमा** = ઉપમા, **ण विज्जइ** = નથી, **अरूवी सत्ता** = અરૂપી સત્તા, અસ્તિત્વ, **अपयस्स** = વચનથી અગોચર,

તેના માટે, **पयं णत्थि** = શબ્દ નથી, **से** = તે મુક્ત આત્મા, **इच्चेयावंति** = આ પ્રમાણે સિદ્ધોનું સ્વરૂપ છે.

**ભાવાર્થ :–** તે મુક્તાત્માનું સ્વરૂપ કે અવસ્થા બતાવવા માટે સર્વ શબ્દો પાછા ફરે છે અર્થાત્ પરમાત્માનું સ્વરૂપ શબ્દોથી કહી શકાતું નથી. ત્યાં કોઈ તર્ક નથી, તર્કથી તેને જાણી શકાતો નથી, ત્યાં મતિ પણ પ્રવેશ કરી શકતી નથી, તે બુદ્ધિથી ગ્રાહ્ય નથી. તે સર્વ કર્મ રૂપી મેલથી રહિત છે. મોક્ષ અને સંસાર સ્વરૂપના જાણનાર છે.

તે પરમાત્મા દીર્ઘ નથી, હ્રસ્વ નથી, ગોળ નથી, ત્રિકોણ નથી, ચતુષ્કોણ નથી અને પરિમંડળ નથી, તે કાળો નથી, લીલો નથી, લાલ નથી, પીળો નથી અને સફેદ નથી. તે સુગંધી નથી અને દુર્ગંધી પણ નથી. તે તીખો નથી, કડવો નથી, કસાયેલો–તૂરો નથી, ખાટો નથી અને મીઠો નથી. તે કર્કશ નથી, કોમળ નથી, ભારે નથી, હળવો નથી, ઠંડો નથી, ગરમ નથી, ચીકણો નથી અને રૂક્ષ નથી. તે મુક્તાત્મા શરીરધારી નથી. તે પુનર્જન્મધારી નથી (અજન્મા છે). તે કર્મ સંગ રહિત નિર્લેપ છે. તે સ્ત્રી નથી, પુરુષ નથી અને નંપુસક નથી.

તે મુક્તાત્મા જ્ઞાનદર્શન યુક્ત છે અને તેનું જ્ઞાન કરાવવા કોઈ ઉપમા નથી. તે અરૂપી અમૂર્ત અસ્તિત્વવાળા છે. તે પદાતીત, વચનથી અગોચર છે. તેનું જ્ઞાન કરાવવા કોઈ પદ નથી.આ પ્રમાણે તે સિદ્ધ ભગવાન શબ્દ નથી, રૂપ નથી, ગંધ નથી, રસ નથી અને સ્પર્શ નથી. આ પ્રમાણે સિદ્ધોનું સ્વરૂપ છે.

॥ **છઠ્ઠો ઉદ્દેશક સમાપ્ત** ॥

## વિવેચન :–

આ સૂત્રમાં સિદ્ધ પરમાત્મા–મુક્તાત્માનું સ્વરૂપ બતાવ્યું છે. આ મુક્તાત્મા જગતમાં ફરી ક્યારે ય જન્મધારણ કરતા નથી અને આ જગતની રચના પણ તે કરતા નથી કારણ કે સર્વ કર્મોથી મુક્ત જીવોને કોઈ પણ પ્રકારના સંકલ્પ વિકલ્પ હોતા નથી કે કોઈ પણ પ્રકારની પ્રવૃત્તિ હોતી નથી. યોગદર્શનમાં મુક્તાત્મા (ઈશ્વર)નું સ્વરૂપ આ પ્રમાણે બતાવ્યું છે– **क्लेश–कर्म–विपाकाशयैरपरामृष्टः पुरुषविशेषः ईश्वरः ।** –(યોગદર્શન. ૧/૨૪). કલેશ, કર્મ, વિપાક અને આશયો (વાસનાઓ)થી રહિત જે વિશિષ્ટ પુરુષ છે તે જ ઈશ્વર છે.

ઔપપાતિક આદિ શાસ્ત્રોમાં પણ સિદ્ધના સ્વરૂપનું દર્શન કરાવ્યું છે. અહીં પણ તદ્વિષયક વર્ણન છે, તે આ પ્રમાણે છે– **सव्वे सरा णियट्टंति**– સિદ્ધના સમસ્ત સ્વરૂપ કથનમાં કોઈ પણ શબ્દ સમર્થ નથી. તેનો અમુક અંશ જ શાસ્ત્રકારો કહી શકે છે. સિદ્ધ સ્વરૂપ સમજવામાં તર્કની ગતિ નથી, કેવળ શ્રદ્ધાગમ્ય છે. મતિ–બુદ્ધિ અલ્પ હોવાથી તે સ્વરૂપને પૂર્ણ રૂપે ગ્રહણ કરી શકતી નથી. **ओए**– રાગદ્વેષ રહિત નિર્મળ જ્ઞાની, સર્વજ્ઞ **अपइट्ठाणस्स** = અપ્રતિષ્ઠાનરૂપ સિદ્ધના સ્વરૂપને અથવા સમસ્ત

લોકાલોક સ્વરૂપના જ્ઞાતા છે.

સિદ્ધ ભગવાન અરૂપી, નિરંજન, નિરાકાર હોવાથી લાંબા, ટૂંકા, ગોળ, ત્રિકોણ, ચોરસ આદિ નથી, તેને કોઈ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ નથી, શરીર નથી, લેશ્યા નથી, જન્મમરણ નથી, કર્મસંગ કે કર્મબંધ નથી. ત્યાં સ્ત્રી, પુરુષ કે નપુંસકના ભેદ નથી. તે જ્ઞાન સ્વરૂપ ચૈતન્યવાન છે, જ્ઞાનભાવમાં જ રહે છે. તેના માટે સ્થૂલ જગતમાં કોઈ ઉપમા નથી તેથી તેઓ અનુપમ છે. તે અરૂપી સ્વરૂપ છે, અપદ છે. આ રીતે તેઓ શબ્દાદિથી રહિત, અરૂપી આત્મસ્વરૂપ છે. સૂત્રના અંતમાં કેટલાક શબ્દોનું પુનરાવર્તન થયેલ છે, તે ઉપસંહારરૂપ છે.

**ओए :–'ओज' एकोऽशेषमलकलंक रहित :–** સમસ્ત પાપરૂપ મેલ અથવા કર્મરૂપ કલંકથી રહિત એવા સિદ્ધ ભગવાન કેવળ આત્મસ્વરૂપમાં સ્થિત છે.

**अपइट्ठाणस्स खेयण्णे :–** ટીકાકારે આ શબ્દના ત્રણ પ્રકારે અર્થ કર્યા છે. (૧) શરીર, મન અને કર્મનું જ્યાં પ્રતિષ્ઠાન–અવસ્થાન નથી એવા મોક્ષસ્વરૂપના જાણકાર છે. (૨) અપ્રતિષ્ઠાન નરકાવાસ જીવોની સ્થિતિ, તેના દુઃખસ્વરૂપને જાણનારા. (૩) અપ્રતિષ્ઠાન નરકાવાસ લોકનાડીના છેલ્લે સ્થિત છે, તેને જાણવાનો મતલબ સમસ્ત લોક સ્વરૂપને જાણનાર. તાત્પર્ય એ છે કે સિદ્ધ પરમાત્મા સર્વજ્ઞ, સર્વદર્શી છે માટે સંસારના અને મોક્ષના સ્વરૂપને જાણે, જુએ છે. તેઓ મોક્ષ સ્વરૂપને, સંસારથી મુક્ત થવાના ઉપાયોને જાણે છે. **खेयण्णे** શબ્દ જાણવાના અર્થમાં પ્રયુક્ત છે. તેનું તાત્પર્ય એ છે કે તેઓ સંસારના અને મોક્ષના સ્વરૂપને જાણવામાં કુશળ છે, નિપુણ છે, દક્ષ છે.

**परिण्णे सण्णे :–** ટીકાકારે આ બંને શબ્દોનો અર્થ આ પ્રમાણે કર્યો છે– (૧) **सण्णे**– સામાન્યતઃ **सम्यग् जानाति पश्यतीति संज्ञः, ज्ञानदर्शन युक्त इत्यर्थः** । પદાર્થને સામાન્ય રૂપે જાણનારા જોનારા તે સંજ્ઞ કહેવાય છે. (૨) **परिसमन्ताद्विशेषतो जानातीति परिज्ञः** સર્વપ્રકારે પદાર્થોના વિશેષરૂપે જ્ઞાતા પરિજ્ઞ કહેવાય છે.

## છઠ્ઠો ઉદ્દેશક સંપૂર્ણ

**ઉપસંહાર :–** વિષયભોગોથી નિવૃત્ત થવા અને આત્માભિમુખ બનવા માટે સમજણ પૂર્વકનું ચારિત્ર–સંયમ આવશ્યક છે. સંયમ પાપ પ્રવૃત્તિઓથી નિવૃત્તિ કરાવે છે. તે નિવૃત્તિ જ આત્મિક બળને વધારે છે. દરેક કાર્યમાં સંયમ જરૂરી છે. જીવન ઉપયોગી વસ્તુઓમાં પણ આસક્તિ કે મમત્વ ન રહે તેની કાળજી રાખવી જરૂરી છે. જ્યાં પરિગ્રહની વૃત્તિ છે ત્યાં સંસાર છે. ત્યાગના માર્ગમાં પણ જો વૃત્તિ ઉપર વિજય ન મેળવ્યો તો વિકલ્પોના વંટોળમાં સાધક અટવાઈ જાય છે. તેનો ત્યાગ જો સ્વાધીનતા પૂર્વકનો હોય તો સફળ નીવડે છે પરંતુ તેમાં જો સ્વચ્છંદતા આવી જાય તો તે પતનનું કારણ બને છે. સ્વચ્છંદતામાં આત્મા વૃત્તિઓને આધીન થાય છે જેથી અનિયમિતતા, જડતા અને ઉચ્છૃંખલતા આવે છે. આવા દુર્ગુણો ન આવી જાય માટે

ગુરુકુળવાસ પ્રસંશનીય અને આદરણીય છે. મન અને ઈન્દ્રિયોની ચંચળતાને કારણે નિમિત્તો મળતા આત્મા તેને આધીન ન થઈ જાય માટે જલાશય સ્વરૂપ ગુરુવર્યનું સાનિધ્ય શ્રેષ્ઠ છે. ગુરુના સાનિધ્યે સાધક રાગદ્વેષનો નાશ કરી સ્વમાં સ્થિત થાય છે.

જીવાજીવનો જ્ઞાતા લોક પર વિજય મેળવવા સર્વ પ્રકારના પરીષહોને સહી સમજણ પૂર્વક લોકના સારભૂત અનુપમ, અરૂપી આત્માની અકર્માવસ્થાને પ્રાપ્ત કરે છે.

॥ અધ્યયન–૫/૬ સંપૂર્ણ ॥

# છઠ્ઠું અધ્યયન

## પરિચય

આ અધ્યયનનું નામ 'ધૂત' છે.

'ધૂત' એટલે શુદ્ધ કરવું. વસ્ત્રાદિ ઉપરથી ધૂળાદિને ખંખેરીને, તેને સ્વચ્છ કરી દેવું તે દ્રવ્યધૂત કહેવાય છે. જેનાથી આઠ પ્રકારના કર્મો ખરી જાય– ખંખેરાઈ જાય છે, તે ભાવધૂત છે. **द्रव्यधुतं वत्थादि, भावधुयं कम्ममट्ठविहं ।** –*(આચા. નિર્યુક્તિ. ગા. ૨૫૦.)*

ત્યાગ અને સંયમ દ્વારા કર્મો ખરી જાય છે માટે ત્યાગ સંયમને ભાવધૂત કહેવામાં આવે છે.

સંક્ષેપમાં કહીએ તો 'ધૂત'નો અર્થ છે કર્મરજથી રહિત નિર્મળ આત્મા અથવા સંસારવાસનો ત્યાગી અણગાર.

આ અધ્યયનમાં વિભિન્ન દૃષ્ટિકોણથી સ્વજન, સંગ, ઉપકરણાદિ વિવિધ પદાર્થોના ત્યાગનું પ્રતિપાદન કર્યું છે તેથી આ અધ્યયનનું નામ 'ધૂત' રાખવામાં આવ્યું છે. **धूतं संगाणां त्यजनम्, तत्प्रतिपादकमध्ययनं धूतम् ।** –*(ઠાણાંગ વૃત્તિ સ્થાન. ૯.)*

સાધક સંસારવૃક્ષનાં બીજરૂપ કર્મબંધનનાં અનેક કારણોને જાણીને, તેમનો ત્યાગ કરે અને કર્મોથી સર્વથા મુક્ત બને, આ જ આ અધ્યયનનો ઉદ્દેશ છે.

આ ધૂત અધ્યયનનાં પાંચ ઉદ્દેશક છે. પ્રત્યેક ઉદ્દેશકમાં ભાવધૂતના સૂત્રોનું જુદા જુદા દૃષ્ટિકોણથી સંકલન કરવામાં આવ્યું છે.

**પ્રથમ ઉદ્દેશકમાં** ધર્મોપદેશ સાંભળીને ત્યાગી બનનારાઓનું અને સંસારમાં રહીને અનેક રોગાંતક પ્રાપ્ત કરીને દુઃખી થનારા જીવોનું વર્ણન છે. તે સિવાય સંયમ સ્વીકારવાનો અને તેમાં સ્થિર રહેવાનો ઉપદેશ છે.

**બીજા ઉદ્દેશકમાં** સંયમ સ્વીકાર કરીને કામભોગોની ઈચ્છાથી સંયમ પતિત થનારાઓનું અને તેની સાથે જ સંયમમાં દઢ રહીને કષ્ટ, ઉપસર્ગોને સહન કરનાર સાધકોનું વિસ્તૃત વર્ણન છે. અંતે એકલવિહારચર્યા વડે પણ ઉત્તમ આરાધના કરનાર પ્રશસ્ત સાધકોનું સૂચન કર્યું છે.

**ત્રીજા ઉદ્દેશકમાં** સંયમ સાધનામાં પણ અચેલ સાધનાનું મહાત્મ્ય પ્રગટ કર્યું છે. દીર્ઘસંયમીની સાધનાની વિશેષતા સમજાવીને શિષ્ય પ્રતિ તેમના કર્તવ્યનું કથન છે.

**ચોથા ઉદ્દેશકમાં** ગુરુ દ્વારા કર્તવ્ય પાલન કરવા છતાં શિષ્યની અવિનીતતા, ધીઠતા અને સંયમથી

અધઃપતનનું વિવિધ પ્રકારે વિસ્તૃત વર્ણન કર્યું છે. અંતે પંડિત સાધકોને આગમાનુસાર વિચરણ કરવાની હિતશિક્ષા આપી છે.

**પાંચમા ઉદ્દેશકમાં** સંયમીની સહનશીલતાનું કથન કરીને, ઉપદેશ આપવાની પદ્ધતિ અને ઉપદેશના વિષયોનો નિર્દેશ કર્યો છે. ત્યાર પછી સંયમમાં દઢ રહેવાનો, કષાયમુક્તિનો અને અંતે શરીરના મમત્વનો ત્યાગ કરીને પાદપોપગમન પંડિત મરણ પ્રાપ્ત કરવાનો ઉપદેશ છે.

આ પ્રમાણે આ સંપૂર્ણ અધ્યયનમાં મુખ્યત્વે ધૂત એટલે સંયમી સાધકોને કર્મ ક્ષય સંબંધી વિભિન્ન માર્ગદર્શન છે.

❖❖❖❖❖

# છઠ્ઠું અધ્યયન–ધૂત

## પહેલો ઉદ્દેશક

### વક્તા અને શ્રોતાનો પરિબોધ :–

**१ ओबुज्झमाणे इह माणवेसु आघाइ से णरे । जस्स इमाओ जाईओ सव्वओ सुपडिलेहियाओ भवंति, आघाइ से णाणमणेलिसं ।**

**से किट्टइ तेसिं समुट्ठियाणं णिक्खित्तदंडाणं समाहियाणं पण्णाणमंताणं इह मुत्तिमग्गं ।**

**શબ્દાર્થ :– इह** = આ લોકમાં, **ओबुज्झमाणे** = સંસાર અને તેના કારણને જાણનાર, **माणवेसु** = મનુષ્યોને, **आघाइ** = ઉપદેશ આપે છે, **से** = તે, **णरे** = મનુષ્ય, **जस्स** = જેણે, **इमाओ** = આ, **जाईओ** = એકેન્દ્રિયાદિ જાતિઓ, **सव्वओ** = સર્વ પ્રકારે, **सुपडिलेहियाओ** = સારી રીતે જાણેલ, **भवंति** = હોય છે, **आघाइ** = કથન કરે છે, **अणेलिसं** = અનુપમ, **णाणं** = જ્ઞાનનું.

**किट्टइ** = ઉપદેશ આપે છે, **तेसिं** = તેઓને, **समुट्ठियाणं** = ધર્માચરણ માટે ઉત્થિત–ઉદ્યત, **णिक्खित दंडाणं** = દંડરૂપ હિંસાનો ત્યાગ કરીને, **समाहियाणं** = સમાધિને પ્રાપ્ત છે, સંયમિત–તપ, સંયમમાં પ્રવૃત્ત, **पण्णाणमंताणं** = જ્ઞાન સંપન્ન, **मुत्तिमग्गं** = મુક્તિમાર્ગનો.

**ભાવાર્થ :–** આ મનુષ્યલોકમાં ધર્મના સ્વરૂપને સમજનાર પુરુષ માનવ મેદનીને ધર્મનો ઉપદેશ આપે છે.

જેણે જન્મ મરણના સ્થાનો સર્વ પ્રકારે જાણી લીધા છે, તે જ અનુપમ જ્ઞાનનું સારી રીતે કથન કરે છે અર્થાત્ જ્ઞાનસભર સુંદર ઉપદેશ આપી શકે છે.

જે જિજ્ઞાસુ વ્યક્તિ ઉપદેશ સાંભળવા માટે ઉદ્યત છે; મન, વચન, કાયાના દંડથી સંયમિત છે; જે સમાધિને પ્રાપ્ત છે, એકાગ્રચિત છે તથા બુદ્ધિમાન છે; તેઓને સંબુદ્ધ(જ્ઞાની) પુરુષ મુક્તિમાર્ગનો ઉપદેશ આપે છે.

### વિવેચન :–

**आघाइ से णरे :–** આ વાક્યથી શાસ્ત્રકારે જૈનધર્મના એક મહાન સિદ્ધાંત તરફ સંકેત કર્યો છે. ધર્મનું, જ્ઞાનનું કે મોક્ષમાર્ગ વિષયક તત્ત્વજ્ઞાનનું નિરૂપણ જ્ઞાની પુરુષ દ્વારા જ કરવામાં આવે છે, તેથી તે નિરૂપણ

અપૌરુષેય નથી. અરિહંત ભગવાન પોતાના કેવળજ્ઞાનના પ્રકાશમાં એકેન્દ્રિયથી લઈ પંચેન્દ્રિય સુધીના પ્રાણીઓની જાતિઓ, સૂક્ષ્મ–બાદર, પર્યાપ્ત– અપર્યાપ્તાદિ સમસ્ત જીવના સ્વરૂપને સ્પષ્ટરૂપે જાણે છે અને પ્રાણીઓના હિત માટે સમવસરણમાં ધર્મનું પ્રતિપાદન કરે છે. તીર્થંકર પ્રભુની વાણીના આધારે શ્રુતજ્ઞાની એવા મુનિઓ અનુપમ, અસાધારણ જ્ઞાનનું કથન કરી શકે છે. સંક્ષેપમાં જિનવાણી અપૌરુષેય નથી પરંતુ જિનેશ્વરો દ્વારા કથિત છે.

**आघाइ से णाणमणेलिसं :–** પૂર્વે કહ્યાં તે વિશિષ્ટજ્ઞાની અનુપમ જ્ઞાનનું પ્રતિપાદન કરે છે. વૃત્તિકારના કથન અનુસાર તે અનન્ય જ્ઞાન આત્માનું જ હોય છે, તેના પ્રકાશમાં શ્રોતાને જીવ અજીવાદિ નવ તત્ત્વોનો સમ્યક્ બોધ થઈ જાય છે. અનુપમ શબ્દ અસદશ, સુંદર અર્થમાં પ્રયુક્ત છે તેથી આ સૂત્રાંશનું તાત્પર્ય એ છે કે તે લોક સ્વરૂપના જ્ઞાતા ઉપદેશક શ્રેષ્ઠ ધર્મનું, સંયમધર્મનું કથન કરે છે.

અનુપમ જ્ઞાનધારા જે શ્રોતાઓ માટે પ્રવાહિત કરવામાં આવે છે તે જ્ઞાન શ્રવણના પિપાસુ શ્રોતાઓએ ચાર ગુણોથી સંપન્ન થવું આવશ્યક છે, તે આ પ્રમાણે છે– (૧) સમુત્થિત– જેનો આત્મા ધર્મશ્રવણ માટે કે ધર્મ આચરણ માટે ઉદ્યમવંત થયો છે (૨) નિક્ષિપ્ત દંડ– હિંસાદિ પાપની પ્રવૃત્તિઓ છોડીને ધર્મશ્રવણ માટે આતુર છે (૩) સમાધિભાવમાં સ્થિત છે અર્થાત્ જે સ્વસ્થમનથી ધર્મશ્રવણનો ઈચ્છુક છે (૪) પ્રજ્ઞાવાન– જે હિતાહિતનો વિવેક સમજી શકે છે તે ઉપદેશને યોગ્ય શ્રોતા છે.

**समुट्ठियाणं :–** ધર્મના આચરણ માટે જે સમ્યક્ પ્રકારે ઉદ્યમવંત હોય તે સમુત્થિત કહેવાય છે. વૃત્તિકારે અહીં સમુત્થિતના દ્રવ્ય અને ભાવથી બે પ્રકાર કહ્યા છે– શરીરથી ઉત્થિત તે દ્રવ્ય સમુત્થિત છે અર્થાત્ ધર્મ સાંભળવા માટે શ્રોતાએ શરીરથી પણ જાગૃત થવું આવશ્યક છે. જ્ઞાનાદિથી ઉત્થિત તે ભાવથી સમુત્થિત છે. જ્ઞાનીપુરુષ દ્રવ્ય અને ભાવથી ઉત્થિત વ્યક્તિઓને ધર્મનો ઉપદેશ આપે છે.

### પાત્ર પ્રમાણે પરિણમન :–

**૨ एवं एगे महावीरा विप्परक्कमंति । पासह एगेऽवसीयमाणे अणत्तपण्णे ।**

**શબ્દાર્થ :– एवं** = આ પ્રમાણે, ઉપદેશ સાંભળીને, **विप्परक्कमंति** = સંયમમાં પરાક્રમ કરે છે, **अवसीयमाणे** = સંયમમાં કલેશને પ્રાપ્ત કરતાં, **अणत्तपण्णे** = આત્મકલ્યાણની બુદ્ધિથી રહિત હોય છે.

**ભાવાર્થ :–** પૂર્વ સૂત્રોક્ત શ્રેષ્ઠ ધર્મોપદેશ સાંભળીને કોઈ હળુકર્મી મહાન વીરપુરુષ સંયમમાં પરાક્રમ કરે છે તથા હે શિષ્ય ! તેમને પણ જો કે જે આત્મજ્ઞાનથી રહિત છે, તેઓ સંયમમાં વિષાદ પામી રહ્યા છે, દુઃખી થઈ રહ્યા છે.

### આત્મઉત્થાન રહિત પ્રાણીની ઉપમા :–

**૩ से बेमि–से जहा वि कुम्मे हरए विणिविट्ठचित्ते पच्छण्णपलासे, उम्मग्गं से णो लहइ । भंजगा इव सण्णिवेसं णो चयंति । एवं एगे**

**अणेगरूवेहिं कुलेहिं जाया । रूवेहिं सत्ता कलुणं थणंति, णियाणओ ते ण लहंति मोक्खं ।**

**શબ્દાર્થ :– से बेमि** = તે હું કહું છું, **जहा वि** = જેમ, **कुम्मे** = કાચબો, **हरए** = તળાવમાં, **विणिविट्ठचित्ते** = પોતાના ચિત્તને જોડીને રહે છે, **पच्छण्णपलासे** = કમળના પાંદડાઓથી ઢાંકેલ, **उम्मग्गं** = નીકળવાના માર્ગને, **णो लहइ** = પ્રાપ્ત કરતો નથી, **भंजगा इव** = જેમ વૃક્ષ, **सण्णिवेसं** = પોતાના સ્થાનને, **णो चयंति** = છોડતું નથી, **अणेगरूवेहिं** = અનેક પ્રકારના, **कुलेहिं** = કુળોમાં, **जाया** = ઉત્પન્ન થયેલ, **रूवेहिं** = રૂપોમાં, વિષયોમાં, **सत्ता** = આસક્ત થતા, **कलुणं थणंति** = કરુણ રુદન કરે છે પણ, **णियाणओ** = પોતાના કર્મથી, **ते** = તેઓ, **ण लहंति** = પ્રાપ્ત કરતા નથી, **मोक्खं** = મુક્તિને.

**ભાવાર્થ :–** હું કહું છું. (સુધર્મા સ્વામી જંબૂસ્વામીને કહે છે) જેમ કોઈ સરોવર હોય, તે સેવાળ અને કમળપત્રોથી ઢંકાયેલું હોય અને તેમાં રહેલ કાચબો ઉપર આવવાની ઈચ્છાથી વ્યાકુળ હોવા છતાં ક્યાંય છિદ્ર કે પ્રકાશ આવતો ન હોવાથી તે ઉપર આવવાનો રસ્તો મેળવી શકતો નથી; જેમ વૃક્ષ અનેક પ્રકારની ઠંડી, તાપ, તોફાન તથા પ્રહારોને સહેવા છતાં પોતાની જગ્યાને છોડતું નથી, તેમ આ સંસારમાં કેટલાંક લોકો એવા છે જે અનેક સાંસારિક કષ્ટ, યાતના, દુઃખાદિને વારંવાર પ્રાપ્ત થવા છતાં ગૃહસ્થવાસને છોડતા નથી.

આ રીતે કોઈ ભારે કર્મી જીવો અનેક કુળોમાં જન્મ ગ્રહણ કરીને રૂપાદિ વિષયોની આસક્તિને લીધે ગૃહવાસને છોડતાં નથી, અનેક પ્રકારના કાયિક, માનસિક દુઃખોને ભોગવતાં કરુણ આક્રંદ કરે છે, છતાં દુઃખોના કારણભૂત કર્મોથી મુક્ત થઈ શકતા નથી.

## વિવેચન :–

આત્મજ્ઞાનથી રહિત પૂર્વાગ્રહ તથા પૂર્વાધ્યાસથી ગ્રસિત(વ્યાપ્ત) બનેલાની કરુણદશાનું વર્ણન કરતા શાસ્ત્રકારે બે રૂપકો બતાવ્યા છે–

**(૧) સેવાળ :–** એક વિશાળ સરોવર હતું. અતિ સેવાળ અને કમળ પત્રોથી તે ઢંકાયેલું રહેતું હતું. નાના–મોટા અનેક પ્રકારના જળચર જીવો તેમાં રહેતાં હતાં. એકવાર સંયોગવશ તે સઘન સેવાળમાં એક નાનું એવું છિદ્ર થઈ ગયું. પારિવારિક જનોથી છૂટો પડેલો એક કાચબો રખડતો રખડતો તે છિદ્ર પાસે આવી ગયો. તેણે છિદ્રમાંથી ગર્દન બહાર કાઢી, આકાશ તરફ જોતા તે આશ્ચર્ય પામ્યો. નીલગગનમાં નક્ષત્ર અને તારાઓને ચમકતા જોઈને તે આનંદમાં લીન થઈ ગયો. તેણે વિચાર્યુ– આવું અનુપમ દશ્ય મારા પરિવારજનોને હું બતાવું. કાચબો પરિવારને બોલાવવા ગયો. ઊંડા પાણીમાં જઈને પરિવારજનોને તે અનુપમ દશ્યની વાત કહી. પરિવારજનોને પહેલાં તો તેમાં વિશ્વાસ બેઠો નહિ, પછી તેના આગ્રહને વશ થઈને છિદ્રને શોધવા ચાલ્યા પરંતુ આટલા મોટા સરોવરમાં તે છિદ્રને શોધી શક્યા નહિ, છિદ્ર તેમને મળ્યું નહિ.

તે જ રીતે સંસાર એક મહાન સરોવર છે, પ્રાણી એક કાચબો છે. કર્મ અને અજ્ઞાનરૂપી સેવાળથી

સરોવર ઢંકાયેલું છે. કોઈ શુભ સંયોગવશ સમ્યક્ત્વરૂપી છિદ્ર પ્રાપ્ત થઈ જાય અને સંયમ સાધનાના આકાશમાં ચમકતા શાંતિ આદિ નક્ષત્રોને જોઈને તેને આનંદ થાય. પરંતુ પરિવારના મોહના કારણે તે અવસરને ચૂકી જાય છે. હાથમાંથી ગયેલો તે અવસર ફરી પ્રાપ્ત થતો નથી અને માનવી ખેદ ખિન્ન થઈ જાય છે. સંયમરૂપ આકાશનું દર્શન ફરી દુર્લભ થઈ જાય છે.

**(૨) વૃક્ષ :–** ઠંડી, ગરમી, આંધી, વર્ષાદિ પ્રાકૃતિક આપત્તિઓ તથા ફળ, ફૂલ તોડવાની ઈચ્છાવાળાઓ દ્વારા જે પીડા, યાતના, પ્રહારાદિ થાય છે તેને સહન કરતું વૃક્ષ પોતાના સ્થાનમાં સ્થિર રહે છે, તે સ્થાનને છોડી શકતું નથી. તેવી જ રીતે ગૃહવાસમાં રહેલો મનુષ્ય અનેક પ્રકારના દુઃખો, પીડાઓ, સોળ મહારોગોથી ઘેરાવા છતાં તે મોહમૂઢ બનેલો, દુઃખના સ્થાન સ્વરૂપ ગૃહવાસનો ત્યાગ કરી શકતો નથી.

પહેલું ઉદાહરણ એકવાર સત્યનું દર્શન કરીને ફરી મોહમૂઢ બનેલા અવસર ભ્રષ્ટ આત્માનું છે. જે પૂર્વાધ્યાસ કે પૂર્વસંસ્કારના કારણે સંયમ માર્ગનું દર્શન કરી તે માર્ગથી ચલિત થઈ ગયા છે.

બીજું ઉદાહરણ જેઓએ હજુ સુધી સત્યદર્શન કર્યું નથી, તેનાથી દૂર છે, તેવા અજ્ઞાનગ્રસ્ત ગૃહવાસમાં આસક્ત આત્માનું છે.

બંને પ્રકારના મોહમૂઢ પુરુષ કેવળી પ્રરૂપિત ધર્મ પામવાના તથા આત્મકલ્યાણ કરવાના અવસરથી વંચિત રહી જાય છે અને સંસારનાં દુઃખોથી દુઃખી થઈ જાય છે.

જેમ વૃક્ષ દુઃખ પામવા છતાં તેનું સ્થાન છોડતું નથી, તેમ પૂર્વ સંસ્કાર, પૂર્વાગ્રહ, મિથ્યાદષ્ટિ, કુળનું અભિમાન, સાંપ્રદાયિક અભિનિવેશાદિની પકડના કારણે સંસારમાં અનેક પ્રકારનાં કષ્ટોને પામીને પણ તેને તે છોડી શકતા નથી.

**વ્યાધિગ્રસ્ત પ્રાણીજગત :–**

**૪** **अह पास तेहिं कुलेहिं आयत्ताए जाया–**
**गंडी अदुवा कोढी, रायंसी अवमारियं ।**
**काणियं झिमियं चेव, कुणियं खुज्जियं तहा ॥१॥**

**उयरिं च पास मूयं च, सूणियं च गिलासिणिं ।**
**वेवइं पीढसप्पिं च, सिलिवयं महुमेहणिं ॥२॥**

**सोलस एते रोगा, अक्खाया अणुपुव्वसो ।**
**अह णं फुसंति आयंका, फासा य असमंजसा ॥३॥**

**શબ્દાર્થ :–** **अह** = હવે, **तेहिं कुलेहिं** = તે કુળોમાં, **आयत्ताए** = પોતાના કર્મોનું ફળ ભોગવવા

માટે, **जाया** = ઉત્પન્ન થયેલા પુરુષોને, **अक्खाया** = કહ્યા છે, **अणुपुव्वसो** = ક્રમથી, **अह** = આ, **णं फुसंति** = પ્રાણીઓને ઉત્પન્ન થાય છે, **आयंका** = આતંક, **फासा** = બીજા દુઃખ, **असमंजसा** = જીવનનો જલદી નાશ કરનાર શૂળ આદિ રોગ.

**ભાવાર્થ :–** હે શિષ્ય ! તું જો કે તે મોહ–મૂઢ મનુષ્ય વિવિધ કુળોમાં પોત–પોતાનાં કરેલાં કર્મોનાં ફળને ભોગવવા માટે નીચે આપેલા રોગોથી ઘેરાઈ જાય છે– જેમ કે (૧) કંઠમાળ (૨) કોઢ (૩) ક્ષય (૪) અપસ્માર(મૂર્ચ્છા) (૫) કાણાપણું (૬) જડતા (અંગોપાંગની શૂન્યતા), લકવા, (૭) ઠૂંઠાપણું (૮) કૂબડાપણું (૯) પેટની બીમારી (જલોદર, આફરો, પેટ શૂળાદિ) (૧૦) મૂંગાપણું (૧૧) સોજા (૧૨) ભસ્મક રોગ (૧૩) કંપવા (૧૪) લંગડાપણું (૧૫) હાથી પગો અને (૧૬) મધુમેહ(ડાયાબિટીઝ). આ સોળ રોગ ક્રમથી કહેવામાં આવ્યા છે.

ક્યારેક જીવનનો નાશ કરનાર એવા આતંક(દુઃસાધ્ય રોગ) અને બીજા અનિષ્ટકારી દુઃખોને પ્રાપ્ત કરે છે.

## વિવેચન :–

**आयत्ताए :–** આસક્તિમાં ફસાયેલા જે માનવી ધર્મનું આચરણ કરી શકતા નથી, તે મોહ અને વાસનામાં ગૃદ્ધ બનીને કર્મોને એકઠા કરે છે. તે કર્મોના ત્રણ પ્રકાર છે– (૧) વર્તમાનમાં કરવામાં આવતાં કર્મ (૨) પૂર્વ સંચિત સત્તામાં રહેલાં કર્મ (૩) ઉદયમાં આવેલા કર્મ, ભોગવાતાં કર્મ.

વર્તમાનમાં જે કર્મ કરવામાં આવે છે, તે જ સંચિત થાય છે અને તે જ ભવિષ્યમાં પ્રારબ્ધના રૂપે ઉદયમાં આવે છે. કરેલાં કર્મ જ્યારે અશુભરૂપે ઉદયમાં આવે છે ત્યારે જીવો તેના ફળથી અત્યંત દુઃખી થાય છે. આ સૂત્રમાં **आयत्ताए** શબ્દથી શાસ્ત્રકારે સ્વકૃત કર્મનો સિદ્ધાંત સ્પષ્ટ કરેલ છે કે પ્રાણી પોતાનાં કરેલાં કર્મથી જ વિવિધ પ્રકારે દુઃખી થાય છે, વિવિધ રોગોને પ્રાપ્ત કરે છે. બીજાનાં કરેલાં કર્મ બીજાને ક્યારે ય ભોગવવાં પડતાં નથી.

**गंडी अदुवा :–** આ સૂત્રમાં સોળ મહારોગોનાં નામ બતાવ્યા છે, જે પ્રાયઃ લોકમાં પ્રચલિત છે. આ સોળ રોગોનાં નામ ઉપાસકદશાંગ સૂત્ર, વિપાક સૂત્ર વગેરે અનેક સૂત્રોમાં છે. વર્તમાનમાં કેન્સર, ટી.બી. હાર્ટએટેક વગેરે વિવિધ નામોથી ઘણા રોગો પ્રસિદ્ધ છે, તે સર્વનો સમાવેશ આ સોળમહારોગમાં થઈ જાય છે.

**फासा य असमंजसा :–** જેને ધૂતવાદનું તત્ત્વજ્ઞાન(આત્મજ્ઞાન) પ્રાપ્ત થતું નથી, તે પોતાના અશુભ કર્મોના ફળ સ્વરૂપ પૂર્વોક્ત સોળ તથા અન્ય અનેક રોગોનો ભોગ બને છે. ચૂર્ણિકારે અહીં ત્રણ પાઠ કહ્યાં છે– **(१) फासा य असमंजसा** = ઊલટું–સુલટું, જેનો પરસ્પર કોઈ મેળ બેસતો ન હોય, એવા દુઃખનો અનુભવ. **(२) फासा य असमंतिया** = જે સ્પર્શો પહેલાં ક્યારે ય અનુભવાયા ન હોય, એવા અપ્રત્યાશિત પ્રાપ્ત સ્પર્શ **(३) फासा य असमिता** = વિષમ સ્પર્શ, તીવ્ર, મંદ કે મધ્યમ દુઃખ સ્પર્શ. આકસ્મિક રૂપે થનાર દુઃખોનો સ્પર્શ જ અજ્ઞાની માનવને વધુ

પીડિત કરે છે.

## દુઃખમય પ્રાણીઓની કરુણતા :–

**૫ मरणं तेसिं संपेहाए उववायं चवणं च णच्चा परिपागं च संपेहाए । तं सुणेह जहा तहा । संति पाणा अंधा तमंसि वियाहिया । तामेव सइं असइं अइयच्च उच्चावयफासे पडिसंवेदेंति । बुद्धेहिं एयं पवेइयं । संति पाणा वासगा रसगा उदए उदयचरा आगासगामिणो । पाणा पाणे किलेसंति । पास लोए महब्भयं । बहुदुक्खा हु जंतवो । सत्ता कामेहिं माणवा ।**

**શબ્દાર્થ :– तेसिं** = તેના, **उववायं** = ઉત્પત્તિ, **चयणं** = ચ્યવનને, **परिपागं** = કર્મોના પરિણામને, **तं** = તેને અર્થાત્ કર્મના ફળને, **सुणेह** = સાંભળો, **जहा तहा** = જેમ છે તેમ, **अंधा** = અંધ અને, **तमंसि** = દ્રવ્ય અને ભાવ અંધકારમાં રહેલા, **वियाहिया** = કહેલા છે, **तामेव** = તે અવસ્થાને, **सइं** = એકવાર, **असइं** = અનેકવાર, **अइयच्च** = પ્રાપ્ત કરીને, **उच्चावय फासे** = તીવ્ર અને મંદ દુઃખોને, **पडिसंवेदेंति** = ભોગવે છે, **बुद्धेहिं** = સર્વજ્ઞ પુરુષોએ, **वासगा** = વર્ષામાં ઉત્પન્ન થનારા પ્રાણી, ભાષાલબ્ધિથી યુક્ત બેઈન્દ્રિયાદિ જીવો, **रसगा** = કડવાદિ રસોને જાણનારા સંજ્ઞી જીવ, **उदए** = પાણીના જીવ, **उदयचरा** = જલચર જીવ, **आगासगामिणो** = આકાશમાં ઊડનારા–ખેચર જીવો, **पाणे** = એકબીજા પ્રાણીને, **किलेसंति** = ક્લેશ આપે છે, **महब्भयं** = મહાન ભયને, **बहुदुक्खा** = ઘણાં દુઃખોથી યુક્ત, **जंतवो** = પ્રાણી, **सत्ता** = આસક્ત છે, **कामेहिं** = કામભોગોથી.

**ભાવાર્થ :–** આ રોગ, આતંક અને અનિષ્ટ દુઃખોથી પીડિત મનુષ્યોના મૃત્યુનું નિરીક્ષણ કરીને, ઉપપાત અને ચ્યવનને જાણીને તથા કર્મોનાં ફળનો સારી રીતે વિચાર કરીને સાધકે પ્રત્યેક કાર્ય કરવું જોઈએ. કર્મનાં ફળને યથાતથ્ય રૂપે સાંભળો– આ સંસારમાં અનેક પ્રાણીઓ અંધ હોય છે, તેઓ દ્રવ્ય અંધકાર અને ભાવ અંધકાર(મિથ્યાત્વાદિ)માં રહે છે. તે પ્રાણીઓ વિવિધ દુઃખપૂર્ણ અવસ્થાને એકવાર કે અનેકવાર પ્રાપ્ત કરીને તીવ્ર અને મંદ કષ્ટોનું વેદન કરે છે. તીર્થંકરોએ આ તથ્યનું પ્રતિપાદન કર્યું છે.

બીજા પણ અનેક પ્રકારનાં પ્રાણીઓ હોય છે, જેવા કે વર્ષજ–વર્ષાઋતુમાં ઉત્પન્ન થનારા દેડકાદિ અથવા વાસક–ભાષાલબ્ધિથી યુક્ત બેઈન્દ્રિયાદિ પ્રાણી, રસજ–રસમાં ઉત્પન્ન થનારા જીવો કીડાદિ અથવા રસગ–રસજ્ઞ–સંજ્ઞી જીવ, ઉદકરૂપ–એકેન્દ્રિય અપ્કાયિક જીવ, પાણીમાં ઉત્પન્ન થનારા જળચર જીવ, આકાશગામી–આકાશમાં ઊડનારા પક્ષી આદિ. તે પ્રાણીઓ પરસ્પર કષ્ટ આપતા રહે છે, તેથી તું જો લોક મહાન ભય સ્વરૂપ છે. સંસારમાં કર્મોનાં કારણે જીવો ઘણાં જ દુઃખી છે. ઘણા મનુષ્યો કામભોગોમાં આસક્ત છે.

## વિવેચન :–

આ સૂત્રમાં પ્રાણીઓના જન્મ મરણ, ઉપપાત ચ્યવન તથા કર્મવિપાકનું ચિંતન કરવા માટે સાધકને

ઉત્સાહિત કર્યા છે.

**संति पाणा अंधा :–** અંધ બે પ્રકારના છે– દ્રવ્યાંધ અને ભાવાંધ. આંખોથી રહિત વ્યક્તિ દ્રવ્યાંધ હોય છે અને સત્–અસત્‌ના વિવેકરૂપ ભાવચક્ષુથી રહિત હોય તે ભાવાંધ છે. આ જ પ્રમાણે અંધકાર પણ બે પ્રકારનો છે– દ્રવ્યાંધકાર અને ભાવાંધકાર, નરકાદિમાં ઘોર અંધારું હોય છે તે દ્રવ્યાંધકાર છે અને કર્મના ફળથી પ્રાપ્ત મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાયાદિ ભાવાંધકાર છે. જે સમ્યગ્જ્ઞાન રૂપી નેત્રથી રહિત છે તથા મિથ્યાત્વરૂપ અંધકારમાં જ ભ્રમણ કરે છે, તેવા ભાવાંધ પ્રાણીનું અહીં કથન કર્યું છે.

**पाणा पाणे किलेसंति :–** શાસ્ત્રમાં સંસારી જીવોના વિવિધ ભેદ પ્રભેદ બતાવ્યા છે. અહીં પાંચ શબ્દોથી તે પ્રાણીઓનું કથન કરીને તે જીવોની અજ્ઞાન દશા બતાવી છે કે તે જીવો પરસ્પર દુઃખોની ઉદીરણા કરતાં જ રહે છે. તેઓ પરસ્પર આહારના કારણે કે કષાય–દ્વેષાદિનાં કારણે ઝગડતા રહે છે. આ રીતે સંસારનાં પ્રાણી સદા ભયાકુળ રહે છે અને દુઃખ ભોગવતાં રહે છે. આ રીતે જીવોનું દયનીય દશ્ય ઉપસ્થિત કરીને કહ્યું છે કે એવા દુઃખી પ્રાણીઓ અને માનવ પણ મોહોદયના પ્રભાવે કામભોગોમાં આસક્ત રહે છે અને કર્મ પરંપરાને વધારે છે. પાપના પ્રભાવે તેઓ ધર્માચરણ આચરી શકતા નથી. તે દુઃખી જીવોના પાંચ પ્રકાર આ પ્રમાણે છે–

**(૧) वासगा**– આ શબ્દના બે રૂપ થવાથી તેના બે અર્થ થાય છે– **वर्षज**– વર્ષા ઋતુમાં ઉત્પન્ન થનારા જીવ જંતુ દેડકા, અળસિયા વગેરે અને **वासक**– સ્પષ્ટ કે અસ્પષ્ટ બોલનારા પ્રાણી. **(૨) रसगा**– આ શબ્દના પણ બે અર્થ છે, રસ – રસગા એટલે સ્વાદનો અનુભવ કરનારા પ્રાણી, સંજ્ઞી જીવો. રસજ– રસવિકૃત થાય ત્યારે તે વિકૃત પદાર્થમાં ઉત્પન્ન થનારા રસજ બેઈન્દ્રિયાદિ જીવ. **(૩) उदए**– પાણીના અપકાય સ્વરૂપ એકેન્દ્રિય જીવ. **(૪) उदयचरा**– મચ્છ, કચ્છ આદિ જલચર પ્રાણી. **(૫) आगासगामीणो**– આકાશમાં ઊડનારા હિંસક અને અહિંસક પ્રાણીઓ.

## શરીર માટે હિંસાનો નિષેધ :–

**૬ अबलेण वहं गच्छंति सरीरेण पभंगुरेण । अट्टे से बहुदुक्खे, इति बाले पकुव्वइ । एते रोगे बहू णच्चा आउरा परियावए ।**

**णालं पास । अलं तव एतेहिं । एयं पास मुणी ! महब्भयं । णाइवाएज्ज कं च णं ।**

**શબ્દાર્થ :– अबलेण** = બળ રહિત, **वहं** = વધને, **गच्छंति** = પ્રાપ્ત થાય છે, **सरीरेण** = શરીરના કારણે, **पभंगुरेण** = ક્ષણભંગુર, **अट्टे** = આર્ત અને, **इति** = આ કારણે, **पकुव्वइ** = પ્રાણીઓને કલેશ આપે છે, **एते** = આ પ્રકારે, **आउरा** = તેનાથી આતુર તે પ્રાણીઓ, **परियावए** = પરિતાપ આપે છે.

**णालं** = કર્મને શાંત કરવામાં સમર્થ નથી, **अलं** = પ્રયોજન નથી, **तव** = તમારે, **एतेहिं** = આ

ચિકિત્સા વિધિઓથી, **एयं** = આ સાવદ્ય ચિકિત્સામાં થતી જીવ હિંસા, **महब्भयं** = મહાન ભયદાયક, **णाइवाएज्ज** = હિંસા ન કરો, **कं च णं** = કોઈ પણ પ્રાણીની.

**ભાવાર્થ :–** પ્રાણીઓ નિર્બળ, નિઃસાર અને ક્ષણભંગુર એવા શરીરના સુખ માટે બીજા જીવોની હિંસા કરે છે. વેદનાથી પીડિત તે મનુષ્ય ઘણું દુઃખ પામે છે અને પોતાની વેદનાને ઉપશાંત કરવા તે અજ્ઞાની જીવ અનેક પ્રયત્નો કરે છે અને પ્રાણીઓને ક્લેશ પહોંચાડે છે. આ(પૂર્વોક્ત) ઉત્પન્ન થયેલા અનેક રોગોને જાણીને તે રોગોની વેદનાથી વ્યાકુળ માનવ ઔષધ માટે બીજા જીવોને પરિતાપ આપે છે.

હે શિષ્ય ! તું વિશુદ્ધ વિવેકદષ્ટિથી જો. તે પ્રાણનાશક ઔષધ પદ્ધતિ કર્મોદય જનિત રોગોને શાંત કરવા સમર્થ નથી, તેથી જીવોને પરિતાપ આપનાર અને પાપકર્મને ઉત્પન્ન કરનાર ચિકિત્સા વિધિઓથી તમારે દૂર રહેવું જોઈએ.

મુનિવર ! તું જો આ હિંસામૂલક ચિકિત્સા લોકમાં મહાનભય રૂપ છે. (માટે ચિકિત્સાના નિમિત્તે પણ) કોઈ પણ જીવનો વધ કરવો જોઈએ નહિ.

**વિવેચન :–**

**एते रोगे बहू णच्चा आउरा परियावए :–** પોતાનાં જ કરેલાં કર્મો વિવિધ રોગોના રૂપે ઉદયમાં આવે છે. આ ઉદિત કર્મને શાંત કરવા માણસ અનેક પ્રાણીઓની હિંસા કરે છે, કરાવે છે, તેમના લોહી, માંસ, કાળજા, હાડકાં આદિનો પોતાની શારીરિક ચિકિત્સા માટે ઉપયોગ કરે છે. આ રીતે ઉપચાર કરાવવા છતાં પ્રાયઃ તે રોગ જતો નથી, કારણ કે રોગનું મૂળ અનેક પ્રકારના કર્મો છે, કર્મોની નિર્જરા વિના રોગ કેવી રીતે જાય ? પરંતુ મોહથી ઘેરાયેલ અજ્ઞાની જીવ આ વાતને સમજી શકતો નથી. તે પ્રાણીઓને કષ્ટ આપીને બીજા અનેક કર્મોનો બાંધ કરે છે. તેથી સાધકને આ રીતની હિંસા મૂલક ચિકિત્સા માટે આ સૂત્રમાં નિષેધ કર્યો છે કે આ શરીર ક્ષણભંગુર છે. તેનો મોહ કરી અજ્ઞાની પ્રાણીઓ પુનઃ પુનઃ નવા કર્મોનો સંગ્રહ કરે છે. પરંતુ જ્ઞાની સાધકોએ આ શરીરનો મોહ અને સાવદ્ય ચિકિત્સાનો ત્યાગ કરવો જોઈએ.

## માનવનો મહામુનિ સુધીનો વિકાસક્રમ :–

**૭ आयाण भो ! सुस्सूस भो ! धूयवायं पवेयइस्सामि ! इह खलु अत्तत्ताए तेहिं तेहिं कुलेहिं अभिसेएण अभिसंभूया अभिसंजाया अभिणिव्वट्टा अभिसंवुड्डा अभिसंबुद्धा अभिणिक्खंता अणुपुव्वेण महामुणी ।**

**શબ્દાર્થ :– आयाण** = તમે સમજો, **भो** = હે શિષ્ય ! **सुस्सूस** = સાંભળવાની ઈચ્છા કરો, **धूयवायं** = કર્મોનો ક્ષય કરવાનો માર્ગ, **पवेयइस्सामि** = હું વર્ણન કરીશ, **अत्तत्ताए** = પોત પોતાના કર્મો અનુસાર, **अभिसेएण** = શુક્ર અને શોણિતના અભિસિંચનથી, સંયોગથી, **अभिसंभूया** = ગર્ભાવસ્થામાં કલલભાવ (પ્રવાહરૂપ)ને પ્રાપ્ત, **अभिसंजाया** = પેશીરૂપે બનેલ, **अभिणिव्वट्टा** = ત્યાર પછી અંગ, ઉપાંગથી

પરિપૂર્ણ થઈ બાળકરૂપે પરિણત, **अभिसंवुड्ढा** = ગર્ભથી બહાર નીકળીને જન્મ ધારણ કરી વૃદ્ધિને પામેલા, **अभिसंबुद्धा** = બોધ પ્રાપ્ત કરી જાગૃત થયેલ, સત્, અસત્‌ના વિવેકથી યુક્ત, **अभिणिक्खंता** = દીક્ષા અંગીકાર કરીને, **अणुपुव्वेण** = અનુક્રમથી, **महामुणी** = મહામુની થાય છે.

**ભાવાર્થ :–** હે શિષ્ય ! તમે ધ્યાનપૂર્વક સાંભળો અને સમજો. હવે ધૂતવાદ–કર્મક્ષય કરવાના માર્ગનું નિરૂપણ કરીશ. આ સંસારમાં પ્રાણી પોતે કરેલાં શુભ કર્મના ઉદયથી પ્રેરિત થઈને તે તે કુળોમાં શુક્ર–શોણિત (વીર્ય–લોહી)ના અભિષેકથી–સંયોગથી માતાના ગર્ભમાં કલલરૂપે(પ્રવાહીરૂપે) થયા; પછી અર્બુદ(માંસ) અને પેશી રૂપ બન્યા; ત્યારબાદ અંગોપાંગ–સ્નાયુ, નસ, રોમાદિના ક્રમથી વિકસિત થયા; પછી જન્મ લઈને વૃદ્ધિને પામ્યા; ત્યાર બાદ સંબોધિને પ્રાપ્ત થયા; પછી વિરક્ત બનીને અભિનિષ્ક્રમણ કર્યું, આ પ્રમાણે ક્રમથી તે મહામુનિ બને છે.

## વિવેચન :–

**धुयवायं पवेयइस्सामि :–** 'ધૂત' નો અર્થ છે કર્મધુનન અને તેનો માર્ગ તે ધૂતવાદ. કર્મ ક્ષય કરવાનો ધોરીમાર્ગ છે સંયમ, માટે આ સૂત્રમાં માનવની પ્રારંભિક ગર્ભ અવસ્થાથી લઈ ક્રમિક વિકાસ બતાવતાં પરિવારનો ત્યાગ કરી મહામુનિ થવા સુધીનો ક્રમ બતાવ્યો છે. ધૂતવાદને શા માટે સ્વીકારવો અને સાંભળવો જોઈએ? તેની ભૂમિકા અહીં બાંધી છે. વાસ્તવમાં સાંસારિક જીવોને વિવિધ પ્રકારના દુઃખ, કષ્ટ અને રોગ આવે છે. તેનો પ્રતિકાર કરવા તે બીજાને પીડા આપે છે; પરંતુ જ્યાં સુધી તેના મૂળ એવા કર્મનો નાશ નહિ કરે, ત્યાં સુધી દુઃખ, રોગ અને કષ્ટ નાશ પામતાં નથી. કર્મનો નાશ એ જ ધૂત છે. કર્મનાશનો સર્વોત્તમ ઉપાય છે, શરીર અને શરીર સંબંધિત સજીવ, નિર્જીવ દ્રવ્યો ઉપરની આસક્તિ, મોહાદિનો ત્યાગ. ત્યાગ અને તપ વિના કર્મ નિર્મૂળ થતાં નથી. તેના માટે સૌથી પ્રથમ ગૃહાસક્તિ અને સ્વજનાસક્તિનો ત્યાગ કરવો અનિવાર્ય છે અને તે સ્વચિંતનથી જ થાય છે. કર્મોનો ક્ષય કરીને પૂર્વોક્ત દુઃખોથી સર્વથા મુક્ત થઈ શકે છે. આ જ કારણે શાસ્ત્રકારે સાધકને વારંવાર પોતાને જોવા તેમજ સમજવા, વિચારવાની પ્રેરણા આપી છે. તે સ્વયં વિચાર કરીને મનને આસક્તિના બંધનમાંથી મુક્ત કરી શકે છે.

પૂર્વ સૂત્રમાં રોગ અને દુઃખોનું કરેલ વર્ણન સ્વચિંતનને પ્રેરિત કરે છે. આ સ્વચિંતન જ સંયમની ભૂમિકા છે. તેના વિરોધી અસંયમ અને તે અનુસાર વર્તવાના દુષ્પરિણામોને જાણી–સમજી તથા સારી રીતે જોઈને, સાંભળીને, સાધક તેનાથી નિવૃત્ત થઈ જાય. સંસારની મોહજાળથી મુક્ત થવા અણગારે, મુનિ બનીને મોહથી મુક્ત સંયમી જીવન પસાર કરવું અનિવાર્ય છે.

વૃત્તિકારે આઠ પ્રકારનાં કર્મોને ખંખેરવાની પ્રક્રિયાને ધૂત કહેલ છે અથવા જ્ઞાતિ–પરિજનોના ત્યાગને પણ ધૂત કહેલ છે. ચૂર્ણિકારે વ્યાખ્યા કરી છે કે જેણે તપશ્ચર્યાથી કર્મોનો ક્ષય કર્યો છે તે ધૂત કહેવાય છે. ધૂતનો વાદ–સિદ્ધાંત કે દર્શન તે ધૂતવાદ કહેવાય છે.

નાગાર્જુનીય વાચનાનુસાર પાઠ આ પ્રમાણે છે– **'धूतोवायं पवेएंति'** ધૂતોપાયનું પ્રતિપાદન કરે છે. ધૂતોપાયનો અર્થ છે કે– આઠ કર્મોનો ક્ષય કરવાનો ઉપાય.

**अणुपुव्वेण महामुणी :–** આ પદોમાં શાસ્ત્રકારે મહામુનિ બનવાનો ક્રમ બતાવ્યો છે. તે ક્રમ આ પ્રમાણે છે– (૧) અભિસંભૂત (૨) અભિસંજાત (૩) અભિનિર્વૃત્ત (૪) અભિસંવૃદ્ધ (૫) અભિસંબુદ્ધ અને (૬) અભિનિષ્ક્રાંત. આ છ સોપાન છે. તેનું સ્પષ્ટીકરણ આ પ્રમાણે છે–

**अभिसंभूया :–** પોતે કરેલાં કર્મનાં ફળને ભોગવવા સૌથી પહેલાં પિતાનું વીર્ય અને માતાના રજના અભિષેક રૂપે સાત દિવસ સુધી કલલરૂપે રહેવું તે 'અભિસંભૂત' છે.

**अभिसंजाया :–** સાત દિવસ પછી અર્બુદ રૂપ ધારણ કરી, અર્બુદથી પેશી અને પેશીથી ઘન રૂપ ધારણ કરે તે 'અભિસંજાત' કહેવાય છે.

**अभिणिवट्टा :–** ક્રમથી અંગ, પ્રત્યંગ, સ્નાયુ, શિરા, રોમાદિનું ઉત્પન્ન થવું તે 'અભિનિર્વૃત્ત' કહેવાય છે.

**अभिसंवुड्ढा :–** જન્મથી લઈને સમજદાર થાય ત્યાં સુધીના ક્રમને 'અભિસંવૃદ્ધ' કહે છે.

**अभिसंबुद्धा :–** ધર્મશ્રવણ કરવા યોગ્ય અવસ્થાને પામી, પૂર્વનાં પુણ્યફળ સ્વરૂપ ધર્મકથા સાંભળી, ગુરુ આદિના નિમિત્તથી સમ્યગ્દર્શન તેમજ સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત કરી પુણ્ય–પાપાદિ નવ તત્ત્વોને સારી રીતે જાણી, સંસારના સ્વરૂપનો બોધ પ્રાપ્ત કરવો તે 'અભિસંબુદ્ધ' કહેવાય છે.

**अभिणिक्खंता :–** વૈરાગી બની ઘર, પરિવાર, ખેતર, વાડી, ધન સંપત્તિ આદિ સર્વનો ત્યાગ કરી, સાધુ જીવન માટે સંયમ અંગીકાર કરવો તે 'અભિનિષ્ક્રાંત' કહેવાય છે.

**महामुणी :–** દીક્ષા લીધા પછી ગુરુ સમીપે શાસ્ત્રોનું ગહન અધ્યયન, રત્નત્રયની સાધનાદિથી ચારિત્ર પરિણામોની વૃદ્ધિ કરવી અને ક્રમથી ગીતાર્થ, સ્થવિર, તપસ્વી, પરિહારવિશુદ્ધ આદિ ઉત્તમ ચારિત્ર સ્થાનોને પ્રાપ્ત કરીને તે મહામુનિ થઈ જાય છે.

અભિસંભૂતથી લઈને અભિનિષ્ક્રાંત સુધીની ધૂત બનવાની આ પ્રક્રિયા જોતા એક તથ્ય સ્પષ્ટ થાય છે કે પૂર્વજન્મના સંસ્કાર, આ જન્મમાં માતાપિતાદિના લોહીના સંબંધથી ઉત્પન્ન સંસ્કાર તથા સામાજિક વાતાવરણથી મળેલા સંસ્કાર ધૂત બનવા આવશ્યક તેમજ ઉપયોગી થાય છે.

### દીક્ષાર્થી સામે આવતા પ્રલોભનો :–

**૮ तं परक्कमंतं परिदेवमाणा मा णे चयाहि इति ते वदंति । छंदोवणीया अज्झोववण्णा अक्कंदकारी जणगा रुयंति । अतारिसे मुणी णो ओहं तरए, जणगा जेण विप्पजढा ।**

**सरणं तत्थ णो समेइ । कहं णु णाम से तत्थ रमइ ? एयं णाणं सया समणुवासेज्जासि । त्ति बेमि ।**

**॥ पढमो उद्देसो समत्तो ॥**

**શબ્દાર્થ :– तं** = તે મોક્ષમાર્ગમાં, **परक्कमंतं** = જવા માટે ઉદ્યત થતા તે મુમુક્ષુને, **परिदेवमाणा** = દુઃખી થતા, માતાપિતા આદિ રડતાં, **णे** = અમને, **मा चयाहि** = છોડો નહિ, **छंदोवणीया** = અમે તમારી ઈચ્છાનુસાર ચાલનારા છીએ, **अज्झोववण्णा** = તમારા ભરોસે રહીએ છીએ, **अक्कंदकारी** = આક્રંદન કરતા, **जणगा** = માતાપિતાદિ, **रुयंति** = રુદન કરે છે, **अतारिसे मुणी** = આવા મુનિ થઈ શકતા નથી, **ओहं** = સંસારને, **णो तरए** = પાર કરતા નથી, **जणगा** = માતાપિતાદિને, **जेण** = જેણે, **विप्पजढा** = ત્યાગી દીધા છે, **सरणं णो समेइ** = શરણ સ્વીકાર કરતા નથી, **तत्थ** = ગૃહસ્થવાસમાં, **कहं णु णाम** = કેવી રીતે, તે, **रमइ** = રમણ કરી શકે છે, **समणुवासिज्जासि** = પોતાના હૃદયમાં ધારણ કરવું જોઈએ.

**ભાવાર્થ :–** ગૃહવાસથી વિમુખ તેમજ સંબુદ્ધ થઈને સંયમમાં પરાક્રમ કરવા તત્પર તે ભાવમુનિના માતાપિતા આદિ કરુણ વિલાપ કરતાં કહે છે કે– 'તમે અમને છોડો નહિ, અમે તમારી ઈચ્છાનુસાર વ્યવહાર કરીશું, તમારા ઉપર અમને ગાઢ સ્નેહ છે, આ પ્રમાણે આક્રંદ કરતાં તેઓ રુદન કરે છે.

રડતા તે સ્વજનો સમજાવે છે કે– જે માતાપિતાને આ રીતે છોડી દે છે, તે વ્યક્તિ વાસ્તવમાં મુનિ બની શકે નહીં અને સંસાર સાગરને પાર કરી શકે નહીં.

પારિવારિક જનોનો આવો વિલાપ સાંભળીને મુનિ તેમના શરણે જતા નથી અને ગૃહસ્થની વાત સ્વીકારતા નથી. વાસ્તવમાં તે તત્ત્વજ્ઞ વિરક્ત પુરુષ ગૃહવાસમાં રમણતા કેમ કરી શકે ?

મુનિ આ જ્ઞાનને હંમેશાં પોતાના આત્મામાં સમ્યક્ પ્રકારે સ્થિર કરે. — એમ ભગવાને કહ્યું છે.

॥ પ્રથમ ઉદ્દેશક સમાપ્ત ॥

## વિવેચન :–

**जणगा रुयंति :–** અહીં મહામુનિ થનાર વિરક્તાત્માની અગ્નિ પરીક્ષા બતાવી છે. ખરેખર આંતરિક અનાસક્તિની પરીક્ષા પ્રથમ મોરચે જ થાય છે, તે બતાવવા કહ્યું છે કે સ્વજન પરિત્યાગ માટે ઉદ્યત ભાવમુનિને મોહાવિષ્ટ સ્વજનો કરુણાજનક વિલાપાદિથી ગૃહવાસમાં ખેંચવા માટે વિવિધ ઉપાયો કરે છે.

મોહવશ પારિવારિક જન કહે છે કે આ રીતે માતાપિતાને નિર્દયતાપૂર્વક નિરાધાર છોડી દેનારાનું કલ્યાણ થતું નથી, તેમાં સાધુપણું હોતું નથી.

**सरणं तत्थ णो समेइ :–** સંસારના સ્વભાવને સારી રીતે જાણનાર તે મહામુની લાગણીને વશ બનેલા બંધુઓનું શરણ સ્વીકારતા નથી, મોહજાળને તોડી નાંખનાર તે સર્વ વિરક્ત આત્મા દુઃખોના સ્થાનરૂપ તેમજ મોક્ષમાં અવરોધરૂપ એવા ગૃહવાસમાં આસક્તિ રાખી શકતા નથી. તેઓ ક્યારે ય બંધુઓની મોહમય જાળમાં ફસાતા નથી. તેથી તેઓનો વિજય થઈ જાય છે. માતાપિતા, સ્વજનોનો મોહ થોડા સમય પછી શાંત થઈ જાય છે અને દીક્ષા ગ્રહણ કરી તે મુમુક્ષુ આત્મા અનુક્રમે મહામુનિ થઈ જાય છે.

**समणुवासेज्जासि :–** આ પદના વ્યાખ્યાકારોએ બે પ્રકારે અર્થ કર્યા છે– (૧) આ પૂર્વોક્ત સંયમ

સંબંધી સમસ્ત જ્ઞાનને સદા આત્મામાં સમ્યક્ પ્રકારે સ્થિર કરે. (૨) આ જ્ઞાન આચાર્યશ્રીના સાંનિધ્યમાં રહી અનુકૂળરૂપે પરિણમાવે.

**॥ અધ્યયન–૬/૧ સંપૂર્ણ ॥**

## છઠ્ઠું અધ્યયન : બીજો ઉદ્દેશક

**સાધકનું ઉત્થાન–પતન :–**

**૧ आउरं लोगमायाए चइत्ता पुव्वसंजोगं, हिच्चा उवसमं, वसित्ता बंभचेरंसि । वसु वा अणुवसु वा जाणित्तु धम्मं अहा तहा । अहेगे तमचाइ कुसीला वत्थं पडिग्गहं कंबलं पायपुंछणं विउसिज्ज अणुपुव्वेण अणहियासेमाणा परीसहे दुरहियासए ।**

**कामे ममायमाणस्स इयाणिं वा मुहुत्तेण वा अपरिमाणाए भेए । एवं से अंतराइएहिं कामेहिं आकेवलिएहिं, अविइण्णा चेए ।**

**શબ્દાર્થ :–** **आउरं** = આતુર, દુઃખી, **आयाए** = જાણીને, **चइत्ता** = છોડીને, **पुव्वसंजोगं** = પૂર્વ સંયોગને, **हेच्चा** = પ્રાપ્ત કરીને, **उवसमं** = સંયમને, ઉપશમ ભાવને, **वसित्ता** = નિવાસ કરીને, પાલન કરીને, રહીને, **बंभचेरंसि** = બ્રહ્મચર્યનું, **वसु** = સંયમધની સાધુ, સંયમવાન, **अणुवसु** = સામાન્ય સંયમી, શ્રાવક, **अहा(जहा)तहा** = યથાર્થ સ્વરૂપને, **अह** = ત્યાર પછી, **तं** = તે ધર્મને, **अचाइ** = છોડી દે છે, **कुसीला** = કુશીલ થઈ જાય છે, **वत्थं** = વસ્ત્ર, **पडिग्गहं** = પાત્ર, **कंबलं** = કામળી, **पायपुंछणं** = પાદપ્રોંચ્છન, **विउसिज्ज** = ત્યાગી દે છે અર્થાત્ સાધુ વેષને છોડીને ગૃહસ્થ બની જાય છે, **अणुपुव्वेण** = અનુક્રમથી, **अणहियासेमाणा** = સહન નહિ કરતાં, **दुरहियासए** = દુસ્સહ.

**ममायमाणस्स** = આસક્ત બનેલા તે પુરુષને, **इयाणिं** = આ સમયે, સંયમ છોડ્યા પછી, તરત જ, **मुहुत्तेण** = થોડા સમય પછી, **अपरिमाणाए** = લાંબા સમયથી, **भेए** = તે શરીર નષ્ટ થઈ જાય છે, **से** = તે ભોગાભિલાષી પુરુષ, **अंतराइएहिं** = ઘણી અંતરાય યુક્ત, **आकेवलिएहिं** = દ્વન્દ્વથી યુક્ત, અપૂર્ણ, **अविइण्णा** = સંસાર સાગરને પાર પામતા નથી, **चेए** = શરીર ભેદને પ્રાપ્ત થઈ જાય છે.

**ભાવાર્થ :–** આ જગતમાં પ્રાણીઓ કામ–રાગાદિથી આતુર દુઃખી થાય છે તેવું જાણીને, પૂર્વ સંયોગને છોડીને, ઉપશમભાવ ધારણ કરીને, બ્રહ્મચર્ય(ચારિત્ર)માં વાસ કરીને, કેટલાક આત્માઓ વિશિષ્ટ સંયમવાન(સાધુ) અથવા સામાન્ય સંયમી બને છે પરંતુ તેઓમાંથી કોઈ એક આચારનો ત્યાગ કરીને કુશીલ–મલિન ચારિત્રવાળા થઈ જાય છે.

દુસ્સહ પરીષહો સહન ન થવાથી તેઓ સાધુના ચિહ્નરૂપ એવા વસ્ત્ર, પાત્ર, કામળી, પાદપ્રોંછન વગેરેને છોડી, મુનિધર્મનો ત્યાગ કરે છે.

વિવિધ પ્રકારના કામભોગોને સ્વીકારીને તેના પર ગાઢ મમત્વ રાખનાર વ્યક્તિનું (પ્રવ્રજ્યા છોડી દીધા પછી) તરત જ, અંતર્મુહૂર્તમાં કે અપરિમિત–લાંબા સમયે શરીર છૂટી જાય છે, આત્મા અને શરીરનો ભેદ ન ઈચ્છવા છતાં ભેદ થઈ જાય છે. આ પ્રકારે વિઘ્નો અને દુઃખોથી યુક્ત જે વિષયભોગ છે તેના નિરંતર સેવનથી તે સંસાર સમુદ્રને પાર પામી શકતા નથી. ખરેખર તે કામીપુરુષ કામભોગોથી અતૃપ્ત જ રહીને શરીરનો ત્યાગ કરે છે.

## વિવેચન :-

આ સૂત્રમાં સાધકની ચાર અવસ્થાઓનું પ્રતિપાદન કર્યું છે– (૧) વૈરાગ્યભાવે સંયમ ગ્રહણ (૨) સંયમ ન છોડતાં કુશીલાચાર (૩) વસ્ત્રાદિ સાધુવેશનો ત્યાગ (૪) કામભોગમાં અતૃપ્તપણે મૃત્યુ.

**आउरं लोगमायाए :–** આ વાક્યના ત્રણ પ્રકારે અર્થ થાય છે– (૧) આ સંસારમાં પરસ્પર સ્નેહ–મોહમાં ફસાયેલા પારિવારિક લોકો આતુર રહે છે. (૨) સંસારના પ્રાણીઓ પોતાની લાલસાઓ પૂર્ણ કરવા, દુઃખથી છૂટી સુખી થવા માટે આતુર હોય છે. (૩) સંસારના સમસ્ત પ્રાણી ઈચ્છાકામ, મદનકામ અને વિવિધ દુઃખોથી પીડિત છે. **आयाय** = તે સમસ્ત આતુર–દુઃખી લોકોને જોઈ, વૈરાગ્યમય ચિંતન કરીને સંયમ સ્વીકાર કરે.

**चइत्ता पुव्वसंजोगं :–** સજીવ કે નિર્જીવ કોઈ પણ વસ્તુનો સંયોગ થવાથી ધીરે ધીરે આસક્તિ, સ્નેહરાગ, કામરાગ કે મમત્વભાવ વધતો જાય છે, માટે સંયમ ગ્રહણ કર્યા પહેલાં જ જેની સાથે મમત્વના સંબંધો બાંધ્યા હોય તેને છોડી દેવાથી જ સાચા અર્થમાં અણગાર બની શકાય છે. તેથી ઉત્તરાધ્યયન સૂત્રના અધ્ય. ૮ ગાથા.૨ માં કહ્યું છે કે– **विजहित्तु पुव्व संजोगं**– ગૃહત્યાગી અણગાર પૂર્વ સંયોગોનો ત્યાગ કરીને કોઈ સાથે સ્નેહ રાખે નહીં.

**वसित्ता बंभचेरंसि :–** બ્રહ્મચર્યમાં નિવાસ કરીને. અહીં બ્રહ્મચર્યનો અર્થ ચારિત્ર છે કારણ કે બ્રહ્મચર્ય એ ચારિત્રનું મહત્વશીલ અંગ છે. વ્યાખ્યાકારે બ્રહ્મચર્યનો અર્થ ગુરુકુળવાસ કર્યો છે.

**वसु वा अणुवसु वा :– वसु** નો અર્થ છે સંયમધનથી ધનવાન, વિશિષ્ટ સંયમી અને **अणुवसु** નો અર્થ છે– અલ્પ સંયમ ધની, સંયમથી અપુષ્ટ અર્થાત્ સામાન્ય સંયમી. વ્યાખ્યામાં **अणुवसु** નો અર્થ અણુવ્રતી શ્રાવક પણ કર્યો છે.

**अहेगे तमचाइ कुसीला :–** સર્વ પદાર્થોનો સંયોગ છોડીને, ઉપશમભાવને પ્રાપ્ત કરી, ગુરુકુળવાસમાં રહી, આત્મામાં વિચરણ કરતાં, ધર્મને યથાર્થરૂપે જાણવા છતાં કોઈક સાધક મોહોદયવશ ધર્મપાલનમાં સત્ત્વહીન થઈ જાય છે. તેના પ્રતિ શાસ્ત્રકારે ખેદ વ્યક્ત કર્યો છે. ધર્મપાલનમાં અશક્ત હોવાના કારણે જ તે કુશીલ બને છે. ચૂર્ણિકારે પણ **अच्चाई** શબ્દ માનીને તેનો અર્થ અશક્તિમાન–અસમર્થ કર્યો છે.

**तमचाई** શબ્દનો અર્થ છે. **तं** = તે સંયમને, **अचाई** = નહીં છોડતાં અને **कुसीला** = સંયમમાં શિથિલ થઈ જાય છે. તાત્પર્ય એ છે કે તે કુશીલાચારી બની જાય છે.

**वत्थं पडिग्गहं :–** વૃત્તિકાર તેનો આશય સ્પષ્ટ કરતાં કહે છે કે દુષ્કર એવો માનવ ભવ પામી, સંસાર સાગરને પાર કરવામાં સમર્થ બોધિરૂપ નાવને મેળવીને, મોક્ષ વૃક્ષના બીજરૂપ સર્વવિરતિ ચારિત્રને અંગીકાર કરવા છતાં કોઈ વ્યક્તિ કામની દુર્નિવારતા, મનની ચંચળતા, ઈન્દ્રિય વિષયોની લોલુપતા અને અનેક જન્મોના કુસંસ્કારોને વશ બની તેના પરિણામનો અને કાર્ય અકાર્યનો વિચાર કર્યા વિના સાધ્વાચારથી પડિવાઈ (પતિત) બની, મુનિ ધર્મને છોડી વસ્ત્ર, પાત્રાદિ ધર્મોપકરણોને છોડી દે છે, સાધુવેશનો ત્યાગ કરી ગૃહસ્થ થઈ જાય છે. ગૃહસ્થ થઈને કોઈ દેશવિરતિધર્મનો સ્વીકાર કરી લે છે, તો કોઈ કેવળ શ્રદ્ધામાં ટકે છે અને કોઈ તો મિથ્યાત્વી પણ બની જાય છે.

મુનિ ધર્મને છોડવાના અનેક કારણો થઈ શકે છે પરંતુ આ સૂત્રમાં બે કારણ ધ્વનિત થાય છે– (૧) અસહિષ્ણુતા– સંયમના નિયમ– ઉપનિયમ, પરીષહ ઉપસર્ગરૂપ આવતા કષ્ટોને સહન કરવાની શારીરિક કે માનસિક ક્ષમતાનો અભાવ થવાથી સંયમનો ત્યાગ કરે. (૨) કામ આસક્તિ– વિવિધ કામ–ભોગોની પ્રબળ લાલસાના કારણે સંયમનો ત્યાગ કરે છે.

સૂત્રના અંતે તેના પરિણામો પણ બતાવ્યા છે કે કોઈ દીક્ષાત્યાગી દીક્ષા છોડતાં તરત જ મૃત્યુ પામે છે, કોઈ થોડા સમય પછી મૃત્યુ પામે છે અને કોઈ લાંબા સમય સુધી જીવીને પછી મૃત્યુ પામે છે, તો પણ તે કામભોગોથી અતૃપ્તપણે જ મરે છે. તાત્પર્ય એ છે કે કોઈ પણ આશાથી તે સંયમનો ત્યાગ કરે પરંતુ આયુષ્ય તો ક્ષણિક છે, અંતે મરવું દરેકને નિશ્ચિત છે, માટે ધૈર્યપૂર્વક સંયમનું પાલન કરવું જોઈએ.

### મુનિની એકત્વભાવના :–

**૨ अहेगे धम्ममायाय आयाणप्पभिइसु पणिहिए चरे अप्पलीयमाणे दढे । सव्वं गिद्धिं परिण्णाय । एस पणए महामुणी ।**

**अइयच्च सव्वओ संगं ण महं अत्थि त्ति, इति एगो अहमंसि, जयमाणे, एत्थ विरए अणगारे सव्वओ मुंडे रीयंते जे अचेले परिवुसिए संचिक्खइ ओमोयरियाए ।**

**શબ્દાર્થ :– अह एगे** = કોઈ પુરુષ, **धम्मं** = શ્રુતધર્મ અને ચારિત્ર ધર્મને, **आयाय** = સ્વીકારીને, **आयाणप्पभिइसु** = ધર્મોપકરણો સાથે સંયમાચરણ કરતાં, **पणिहिए** = પરીષહ ઉપસર્ગોમાં સહનશીલ થઈ, **चरे** = સર્વજ્ઞોપદિષ્ટ ધર્મનું આચરણ કરે, **अप्पलीयमाणे** = માતાપિતા આદિમાં તથા લોકમાં આસક્ત ન થતાં, **दढे** = ધર્મમાં દઢ, **गिद्धिं** = ગૃદ્ધિ, ભોગાકાંક્ષાને, **परिण्णाय** = ત્યાગ કરીને સંયમનું પાલન કરે છે, **पणए** = કર્મક્ષયમાં તત્પર પુરુષ જ, **अइयच्च** = છોડીને, **सव्वओ** = સર્વ પ્રકારના, **संगं** = સંગને, **महं** = મારું, **ण अत्थि** = કોઈ નથી, **त्ति** = આ પ્રમાણે, **इति** = તેમજ, **एगो** = એકલો,

**अहमंसि** = હું છું, **जयमाणे** = દસ પ્રકારની સમાચારીનું યત્નાપૂર્વક પાલન કરતાં, **एत्थ** = આ જિનશાસનમાં, **विरए** = સાવદ્ય અનુષ્ઠાનથી વિરત, **मुंडे** = દ્રવ્ય, ભાવથી મુંડિત, **रीयंते** = સંયમાનુષ્ઠાનમાં પ્રવૃત્ત રહેતાં, **अचेले**= અલ્પ વસ્ત્રથી યુક્ત, અચેલ, **परिवुसिए** = રહે છે, અંત પ્રાંત આહાર કરે છે, **संचिक्खइ** = રહે છે, સહન કરે છે, **ओमोयरियाए** = ઊણોદરી આદિ તપ કરતા.

**ભાવાર્થ :–** કેટલાક લોકો શ્રુત–ચારિત્ર ધર્મને ગ્રહણ કરીને નિર્મમત્વ ભાવથી ધર્મોપકરણાદિથી યુક્ત થઈ સંયમાચરણ કરે, પરીષહ – ઉપસર્ગને સહન કરતાં સર્વજ્ઞોપદિષ્ટ ધર્મનું આચરણ કરે છે અથવા ધર્માચરણમાં ઈન્દ્રિય અને મનને સ્થિર કરીને વિચરણ કરે છે. માતાપિતાદિ લોકમાં કે કામભોગોમાં અનાસક્ત થઈ તપ, સંયમમાં સુદઢ રહી ધર્માચરણ કરે છે. સર્વ આસક્તિ–ભોગાકાંક્ષાને છોડી ધર્મમાં સમર્પિત થઈ મહામુનિ બને છે અને સંયમમાં રહી કર્મોનો ક્ષય કરવામાં તત્પર થઈ જાય છે.

તે મહામુનિ સર્વથા સંગ–આસક્તિ ત્યાગ કરી ભાવના કરે છે કે– "મારું કોઈ નથી, હું કોઈનો નથી, માત્ર હું એક શુદ્ધ આત્મા છું." તે આ જૈન શાસનમાં સાવદ્ય પ્રવૃત્તિઓથી વિરત તથા દશવિધ સમાચારીમાં યત્નશીલ અણગાર સર્વ પ્રકારથી મુંડિત બનીને સંયમ પાલન કરતાં વિહાર કરે છે. જે અલ્પવસ્ત્ર કે નિર્વસ્ત્ર રહે છે અને ઊણોદરી તપનું સારી રીતે પાલન કરે છે.

## વિવેચન :–

આ સૂત્રમાં વિશુદ્ધ પરિણામોથી શ્રુતચારિત્રરૂપ મુનિધર્મનો સ્વીકાર કરી જીવનપર્યંત ત્યાગ, વૈરાગ્ય, અર્પણતા દઢતાપૂર્વક આચરણમાં ઉદ્યમશીલ મહામુનિનું વર્ણન છે.

**अप्पलीयमाणे :–** આ શબ્દના વ્યાખ્યાકારે બે અર્થ કર્યા છે– (૧) વિષય કષાયથી દૂર રહેતાં ક્યાં ય તન્મય ન થતાં. (૨) કામભોગો કે માતાપિતાદિ સ્વજનોમાં અનાસક્ત.

**सव्वं गिद्धिं परिण्णाय :–** (૧) ગૃદ્ધિ– સર્વ ભોગાકાંક્ષાને દુઃખરૂપ જાણીને પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી તેનો ત્યાગ કરે. (૨) ચૂર્ણિકારે **गिद्धिं** ની જગ્યાએ **गंथं** શબ્દ માનીને અર્થ કર્યો છે કે સર્વ બાહ્ય આભ્યંતર ગ્રંથીનો ત્યાગ કરે.

**अइयच्च सव्वओ संगं :–** આ વાક્ય સર્વસંગના પરિત્યાગરૂપ સંયમનો પ્રાણ છે. સંગ એટલે આસક્તિ કે મમત્વયુક્ત સંબંધ. તેનાથી સર્વથા દૂર થવું. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ કોઈ પણ પ્રકારના પ્રતિબંધરૂપ સંબંધ, સંગને ઉત્તેજિત કરી શકે છે માટે માતાપિતાદિ પૂર્વ સંબંધીઓ અને સાંસારિક સુખભોગની સામગ્રીની આસક્તિનો ત્યાગ કરવો તે ધૂતવાદી મહામુનિ માટે અનિવાર્ય છે.

**एगो अहमंसि :–** સંગ–પરિત્યાગ માટે એકત્વ ભાવનાનો મુખ્ય આધાર છે કે મારું કોઈ નથી, હું કોઈનો નથી, હું એકલો છું. આ પ્રમાણે એકત્વભાવનાનું ચિંતન કરે. આવશ્યક સૂત્રમાં સંસ્તાર પોરસીના વિષયમાં મુનિ માટે પ્રસન્નચિત્તથી અને દીનતારહિત મનથી આ પ્રકારની એકત્વભાવનાનું ચિંતન કરવું આવશ્યક કહ્યું છે–

**एगो मे सासओ अप्पा, नाण दंसण संजुओ ।**
**सेसा मे बाहिराभावा, सव्वे संजोगलक्खणा ॥**

સમ્યગ્જ્ઞાન, સમ્યગદર્શન અને ઉપલક્ષણથી સમ્યક્ ચારિત્રથી યુક્ત એકમાત્ર શાશ્વત આત્મા જ મારો છે. આત્મા સિવાય બીજા સર્વ પદાર્થો બાહ્ય છે, તે સંયોગજન્ય છે.

**सव्वओ मुंडे रीयंते :–** સર્વ પ્રકારે મુંડિત થઈને વિચરણ કરનારા. ઠાણાંગ સૂત્રમાં ચાર કષાય મુંડન, પાંચ ઈન્દ્રિય મુંડન અને શિરમુંડન, એમ દસ પ્રકારના મુંડન કહ્યા છે. શિરમુંડન એ સંયમની બાહ્ય વિધિનું મુખ્ય અંગ છે. તેનું મુંડન પ્રારંભમાં આવશ્યક છે છતાં સાધના કરતાં સાધકને પાંચે ય ઈન્દ્રિયોને પૂર્ણ નિયંત્રણમાં અને જિનાજ્ઞા પ્રમાણે રાખવી આવશ્યક છે. તેમાં જો સાધક સફળ થઈ જાય તો તે પાંચ ઈન્દ્રિય મુંડન યુક્ત કહેવાય છે. તેમજ ચારે ય કષાયોને જીતીને શાંત, ઉપશાંત, નિર્મોહી, નિર્મમત્વી થઈ જાય, તો તે કષાયમુંડન યુક્ત કહેવાય છે. આ પ્રમાણે દસ મુંડનથી યુક્તને અહીં સર્વતઃ મુંડન કહ્યું છે.

## આક્રોશાદિ પરીષહોની તિતિક્ષા :–

**૩ से आकुट्ठे वा हए वा लूसिए वा पलियं पकत्थ अदुवा पकत्थ अतहेहिं सद्दफासेहिं इति संखाए एगयरे अण्णयरे अभिण्णाय तितिक्खमाणे परिव्वए जे य हिरी जे य अहिरीमणा ।**

**શબ્દાર્થ :– से** = તે મુનીને, **आकुट्ठे** = આક્રોશ કરે, **हए** = દંડ આદિ દ્વારા મારે, **लूसिए** = ઈજા પહોંચાડે, કેશ લુંચન કરે, **पलियं** = પૂર્વકૃત અશુભ કાર્યોને, **पकत्थ** = કહીને નિંદા કરે, **पकत्थ** = બીજી રીતે નિંદા કરે, **अतहेहिं** = અકૃતનો આક્ષેપ કરીને, ખોટા, **सद्दफासेहिं** = શબ્દો અને કષ્ટોથી પીડા કરે તો તે સાધુ, **इति** = આ પ્રમાણે, **संखाए** = પોતાના પૂર્વકૃત કર્મોનું ફળ સમજીને સહન કરે, **एगयरे** = અનુકૂળ પરીષહ છે તેને, **अण्णयरे** = પ્રતિકૂળ પરીષહ છે તેને, **अभिण्णाय** = જાણીને, **तितिक्खमाणे** = સમભાવપૂર્વક સહન કરતાં, **परिव्वए** = સંયમનું પાલન કરે, **हिरी** = મનને પ્રસન્ન કરનાર, લજ્જારૂપ પરીષહ, **अहिरीमणा** = મનને અપ્રિય લાગનારા, અલજ્જારૂપ પરીષહ.

**ભાવાર્થ :–** (કદાચ) કોઈ વિરોધી તેઓને રોષના કારણે ગાળ દે, લાકડી આદિથી મારે–પીટે, તેના વાળ ખેંચે કે ઈજા પહોંચાડે, પહેલા કરેલા નિંદિત કાર્યની યાદી આપી, ઘૃણા કરી અસભ્ય શબ્દનો પ્રયોગ કરી તેની નિંદા કરે, કોઈ વ્યક્તિ ખોટા આરોપના શબ્દોથી સંબોધિત કરે, હાથપગાદિ કાપવાનું ખોટું દોષારોપણ કરે, તેનો સારી રીતે વિચાર કરીને, મનને અનુકૂળ કે પ્રતિકૂળ, લજ્જાકારી કે અલજ્જાકારી પરીષહ ઉપસર્ગ ઉત્પન્ન થાય તો તેને મુનિ સમભાવપૂર્વક સમ્યક્ રીતે સહન કરતાં વિચરણ કરે.

## વિવેચન :–

**से आकुट्ठे व :–** આ સૂત્રમાં ધૂતવાદી મુનિ પર આવતાં વધ, આક્રોશ આદિ પરીષહોનું વર્ણન છે.

વૃત્તિકારે ઠાણાંગ સૂત્રનું ઉદ્ધરણ આપીને કહ્યું છે કે મુનિ પાંચ પ્રકારે ચિંતન કરીને પરીષહ સહન કરે–

૧. આ ઉપસર્ગ કરનાર વ્યક્તિ કોઈ યક્ષ(ભૂત–પ્રેત) આદિથી ગ્રસ્ત છે. ૨. આ પુરુષ પાગલ છે. ૩. આ અભિમાની છે. ૪. કોઈ જન્મમાં કરેલા મારા કર્મ જ ઉદયમાં આવ્યા છે તેથી આ પુરુષ મને આક્રોશ કરે છે, બાંધે છે, હેરાન કરે છે, મારે છે, સંતાપ આપે છે. ૫. આ કષ્ટોને સમભાવથી સહન કરવામાં આવે તો જ કર્મોની નિર્જરા થાય.

**तितिक्खमाणे परिव्वए :–** પરીષહો અને ઉપસર્ગોને સમભાવથી સહન કરતો મુનિ સંયમમાં વિચરણ કરે. અનુકૂળ અને પ્રતિકૂળ આ બે પ્રકારે પરીષહો બતાવ્યા છે. તેના માટે **एगयरे–अण्णयरे'** શબ્દનો પ્રયોગ કર્યો છે.

**जे य हिरी जे य अहिरीमणा :–** (૧) **'ह्री'**નો અર્થ લજ્જા છે. જે પરીષહોથી લજ્જાનો અનુભવ થાય તે યાચના, અચેલાદિ **ह्री** જનક પરીષહ કહેવાય છે તથા અલજ્જાકારી, શીત, ઉષ્ણાદિ જે પરીષહો છે તેને **अह्रीमना** પરીષહ કહે છે. (૨) **हारीणा, अहारीणा** આ રીતે પાઠાંતર માનીને વ્યાખ્યાકારે તેનો અર્થ ક્રમથી આ પ્રમાણે કર્યો છે– સત્કાર, પુરસ્કારાદિ પરીષહ સાધુના મનને હરણ કરે છે, પ્રસન્ન કરે છે તે 'હારી' કહેવાય અને જે પરીષહ પ્રતિકૂળતાના કારણે મનને આકર્ષે નહિ અથવા મનને અનિષ્ટકારી હોય તે 'અહારી' પરીષહ કહેવાય છે. ધૂતવાદી મુનિએ આ ચારે ય પ્રકારના પરીષહોને સમભાવપૂર્વક સહન કરવા જોઈએ.

## બાધાઓના પારગામી સાધુ :–

## ૪ चिच्चा सव्वं विसोत्तियं फासं संफासे समियदंसणे । एते भो णगिणा वुत्ता जे लोगंसि अणागमणधम्मिणो ।

**શબ્દાર્થ :– चिच्चा** = ત્યાગ કરીને, **विसोत्तियं** = બાધાઓને, વિકલ્પોને, **संफासे** = સમભાવપૂર્વક સહન કરે, **समियदंसणे** = સમ્યગ્દષ્ટિ સાધુ, **एते** = તેઓ, **णगिणा** = ભાવનગ્ન, **वुत्ता** = કહ્યા છે, **अणागमणधम्मिणो** = દીક્ષા લઈ ફરી ગૃહસ્થ નહિ થતા.

**ભાવાર્થ :–** સમ્યગ્દર્શન સંપન્ન મુનિ સર્વ પ્રકારની શંકાઓ, વિકલ્પો છોડી, પરીષહોથી ઉત્પન્ન થયેલા દુઃખોને સમભાવથી સહન કરે.

હે શિષ્ય ! લોકમાં જેઓ દીક્ષા લઈને ફરી ગૃહવાસમાં જતાં નથી તે ભાવનગ્ન–નિર્ગ્રંથ કે અકિંચન કહેવાય છે.

## વિવેચન :–

**चिच्चा सव्वं विसोत्तियं :–** સમસ્ત વિસ્રોતસિકાનો ત્યાગ કરીને. **विसोत्तिया** શબ્દ પ્રતિકૂળગતિ,

વિમાર્ગગમન, મનનું વિમાર્ગમાં ગમન, દુર્ધ્યાન, દુષ્ટ ચિંતન અને શંકા, આ અર્થોમાં વપરાયો છે. પરીષહ કે ઉપસર્ગ આવવા પર મનમાં આર્ત–રૌદ્ર ધ્યાન આવી જાય, વિરોધી પ્રત્યેની માઠી ચિંતવના થાય, મન ચંચળ અને ક્ષુબ્ધ બની અસંયમમાં પ્રવર્તિત થાય, મનમાં કુશંકા ઉત્પન્ન થાય કે હું આ પરીષહ અને ઉપસર્ગના કષ્ટને સહન કરું છું તો તેનું સારુ ફળ મને મળશે કે નહિ ? આ સર્વ વિસ્રોતસિકાઓને ધૂતવાદી સમ્યગ્દર્શી મુનિ ત્યાગી દે અને પ્રશસ્ત પવિત્ર સંકલ્પોથી સમસ્ત ઉપસર્ગોને સમભાવથી સહન કરે.

**अणागमणधम्मिणो :–** પાંચ મહાવ્રત અને સર્વવિરતિ ચારિત્રની પ્રતિજ્ઞાના ભારને જે સાધક જીવનના અંત સુધી વહન કરે છે, તે ક્યારે ય પરીષહો અને ઉપસર્ગોથી પરાજિત થઈ ફરી ગૃહ સંસારમાં પાછા ફરતા નથી તેમજ કામાસક્તિના કારણે પણ સંસારમાં આવવા ઈચ્છતા નથી તે **અનાગમનધર્મી** કહેવાય છે. શાસ્ત્રકારે તેઓને માટે કહ્યું છે કે લોકમાં જે અનાગમનધર્મી છે, તે જ સાચા મુનિ છે.

## જિનાજ્ઞાની સર્વોત્તમતા :–

**૫** **आणाए मामगं धम्मं, एस उत्तरवादे इह माणवाणं वियाहिए ।**
**एत्थोवरए तं झोसमाणे आयाणिज्जं परिण्णाय परियाएण विगिंचइ ।**

**શબ્દાર્થ :– आणाए** = તીર્થંકરોની આજ્ઞા જ, **मामगं** = મારો, **एस** = આ, પૂર્વોક્ત, **उत्तरवादे** = ઉત્કૃષ્ટવાદ, શ્રેષ્ઠસિદ્ધાંત, **इह** = આ લોકમાં, **माणवाणं** = ધર્મસાધકો માટે, મનુષ્યો માટે, **एत्थोवरए** = કર્મક્ષયના ઉપાય સ્વરૂપ સંયમમાં રત રહેનાર પુરુષ, **तं** = કર્મોને, **झोसमाणे** = ક્ષય કરે છે, **आयाणिज्जं** = કર્મોના સ્વરૂપને, **परियाएण** = પ્રવ્રજ્યા દ્વારા, **विगिंचइ** = દૂર કરે છે.

**ભાવાર્થ :–** આજ્ઞાનું પાલન કરવું એ જ મારો ધર્મ છે. આ લોકમાં મનુષ્યોના માટે તે ઉત્કૃષ્ટવાદ–સિદ્ધાંત પ્રતિપાદિત કર્યો છે. આ સિદ્ધાંત મનુષ્યો જ પાળી શકે છે. આ સિદ્ધાંતમાં સ્થિર થઈ કર્મક્ષયના ઉપાય સ્વરૂપ સંયમમાં રત રહેનાર સાધક કર્મસ્વરૂપને જાણી સંયમ પર્યાય દ્વારા તે કર્મોને દૂર કરે છે, મુનિજીવન દ્વારા કર્મોનો ક્ષય કરે છે.

## વિવેચન :–

આ સૂત્રમાં જિનાજ્ઞાની સર્વોત્તમતા સમજાવી છે.

**आणाए मामगं धम्मं :–** પ્રભુ આજ્ઞામાં રહેવું, એ જ મારો ધર્મ છે, આચાર છે. સાધક સંયમ પાલનમાં અથવા કષ્ટો સહવામાં વિચાર કરે કે આ કષ્ટોને સહન કરતાં જિનાજ્ઞામાં રહેવું એ જ મારો મુનિધર્મ છે, સંયમાચાર છે. વૃત્તિકારે આ પ્રમાણે અર્થ કર્યો છે– (૧) ચારે બાજુથી જેની જાણ કરાય–બતાવાય તેને આજ્ઞા કહે છે, આજ્ઞાથી શાસ્ત્રાનુસાર કે શાસ્ત્રોક્ત આદેશાનુસાર મારા ધર્મનું સમ્યક્ રીતે પાલન કરીશ.(૨) ધર્માચરણનિષ્ઠ સાધક કહે છે– એકમાત્ર ધર્મ જ મારો છે, અન્ય સર્વ પરાયું છે, તેથી હું તીર્થંકરની આજ્ઞાથી તેનું સમ્યક્ પાલન કરીશ.

**एस उत्तरवादे :–** 'ઉત્તર' શબ્દનો અર્થ છે– શ્રેષ્ઠ, ઉત્તમ, ઉત્કૃષ્ટ અને 'વાદ' નો અર્થ છે–સિદ્ધાંત. જિનાજ્ઞા પાલનને પોતાનો પરમ ધર્મ, પરમ કર્તવ્ય સમજવું એ શ્રેષ્ઠ સિદ્ધાંત છે. પરીષહ, ઉપસર્ગો આવે ત્યારે તેને સમભાવથી સહન કરવા પરંતુ મુનિધર્મથી ચલિત થઈ સ્વજનોની આસક્તિના કારણે ગૃહસ્થ જીવનમાં આવવું નહિ; કામભોગોમાં જરા પણ આસક્ત થવું નહિ; તપ, સંયમ અને તિતિક્ષા–સહિષ્ણુતામાં દઢ રહેવું, આ ઉત્તરવાદ છે. મનુષ્યો માટે આ ઉત્કૃષ્ટ ધૂતવાદ કહ્યો છે. આ ઉત્કૃષ્ટ ધૂતવાદના પાલન દ્વારા સાધક મુનિધર્મમાં સ્થિર બની આઠ કર્મોની મૂળ તથા ઉત્તર પ્રકૃત્તિઓને સાંગોપાંગ જાણીને તેનો ક્ષય કરે.

## પ્રશસ્ત એકચર્યા નિરૂપણ :–

**६ इहमेगेसिं एगचरिया होइ । तत्थियराइयरेहिं कुलेहिं सुद्धेसणाए सव्वेसणाए से मेहावी परिव्वए सुब्भिं अदुवा दुब्भिं । अदुवा तत्थ भेरवा पाणा पाणे किलेसंति। ते फासे पुट्ठो धीरे अहियासेज्जासि । त्ति बेमि ।**

**॥ बिइओ उद्देसो समत्तो ॥**

**શબ્દાર્થ :– इह** = આ જૈન શાસનમાં, **एगेसिं** = કોઈ સાધુની, **एगचरिया होइ** = એકચર્યા હોય છે, એકલા વિચરે છે, **तत्थ** = તે એકલા વિચરનાર, **इयरा इयरेहिं कुलेहिं** = ભિન્ન ભિન્ન કુળોમાં, **सुद्धेसणाए** = એષણાના દસ દોષથી રહિત શુદ્ધ, **सव्वेसणाए** = ઉદ્‌ગમાદિ સર્વ દોષોથી રહિત, **परिव्वए** = સંયમનું પાલન કરે, **सुब्भिं** = સુગંધી, સારા પદાર્થ, **दुब्भिं** = દુર્ગંધી, નરસા પદાર્થને, **भेरवा** = ભયંકર, ક્રૂર શબ્દો સંભળાઈ, **पाणे** = અન્ય પ્રાણીઓને, **किलेसंति** = કષ્ટ દે છે, મારે છે, **पुट्ठो** = અનુભવ, સ્પર્શ થવા પર, **अहियासेज्जासि** = સમભાવપૂર્વક સહન કરે.

**ભાવાર્થ :–** આ જિનશાસનમાં કોઈ હળુકર્મી સાધુ એકલા વિચરે છે. તે એકલવિહારી સાધુ વિભિન્ન કુળોમાં શુદ્ધ એષણા, ગવેષણાદિ કરી નિર્દોષ ભિક્ષા દ્વારા સંયમનું પાલન કરે. ગોચરીમાં સુગંધિ–સારો અથવા દુર્ગંધિ–નરસો ગમે તેવો આહાર મળે તેને તે મેધાવીમુનિ સમભાવથી ગ્રહણ કરે અને વાપરે અથવા એકલા વિચરતાં ભયંકર શબ્દોને સાંભળીને કે ભયંકર રૂપોને જોઈને તે એકલવિહારી સાધુ ભયભીત થાય નહિ. હિંસક પ્રાણીઓ કષ્ટ આપે, ત્યારે દુઃખ અનુભવે છતાં તે ધીરમુનિ સાધનાથી ચલિત ન થાય પરંતુ તેને સહન કરે. – એમ ભગવાને કહ્યું છે.

**॥ બીજો ઉદ્દેશક સમાપ્ત ॥**

## વિવેચન :–

આ સૂત્રમાં પ્રશસ્ત એકલવિહારચર્યાના દઢ મનોબળધારી સાધુની સમ્યગ્ સંયમ આરાધનાનું કથન છે.

**सुद्धेसणाए सव्वेसणाए :–** આ બે શબ્દો કર્મક્ષય કરવામાં ઉપસ્થિત એકલવિહારી મુનિની આહાર

સંબંધી સર્વ એષણાઓથી સંબધિત છે. અહીં એષણા શબ્દ તૃષ્ણા, ઈચ્છા, પ્રાપ્તિ કે લાભના અર્થમાં નથી પરંતુ સાધુની ત્રીજી સમિતિ માટે છે. તેના માધ્યમથી તે નિર્દોષ ભિક્ષા ગ્રહણ કરે છે. **એષણા** એટલે નિર્દોષ આહારાદિની ગવેષણા કરવી. એષણાના મુખ્ય ત્રણ પ્રકાર છે– (૧) ગવેષણૈષણા (૨) ગ્રહણૈષણા (૩) ગ્રાસૈષણા કે પરિભોગૈષણા. ગવેષણૈષણાના બત્રીશ દોષ છે– ૧૬ ઉદ્‌ગમના, ૧૬ ઉત્પાદનના અને ૧૦ ગ્રહણૈષણાના દોષ તથા ૫ ગ્રાસૈષણાના દોષ છે. આ ૪૭ દોષરહિત આહાર,ધર્મોપકરણ, શય્યા આદિ વસ્તુઓનું અન્વેષણ, ગ્રહણ અને ઉપભોગ કરવો તે શુદ્ધ એષણા કહેવાય છે. આહારાદિના અન્વેષણથી સેવન કરવા સુધી મુનિની સર્વ એષણાઓ શુદ્ધ હોવી જોઈએ.

**भेरवापाणा पाणे किलेसंति :–** સંયમી મુનિ કર્મોને શીઘ્ર ક્ષય કરવા એકલવિહાર ચર્યા અંગીકાર કરે છે. આ સાધના સામાન્ય મુનિઓની સાધનાથી કંઈક વધારે વિશિષ્ટ હોય છે. એકચર્યાની સાધનામાં મુનિની સર્વ એષણાઓ શુદ્ધ હોય અને તે ઉપરાંત મનોજ્ઞ, અમનોજ્ઞ શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શનો અનુભવ થાય તો રાગદ્વેષ કરે નહિ. જનશૂન્ય સ્થાનોમાં, શ્મશાનાદિમાં કદાચ ભૂત–પ્રેત, રાક્ષસોના ભયંકર રૂપ દેખાય કે તેના શબ્દો સંભળાય કે કોઈ હિંસક કે ભયંકર પ્રાણી કષ્ટ આપે તો તે સમયે એકલ વિહારી સાધક જરા પણ ક્ષુબ્ધ થયા વિના ધૈર્યથી સમભાવ પૂર્વક સહન કરે, તો જ તેના પૂર્વસંચિત કર્મોનો ક્ષય થઈ શકે છે.

સૂત્રકૃતાંગ સૂત્ર અધ્યયન ૧૨ ગાથા ૧૦ માં આહારાદિની શુદ્ધ ગવેષણાની દઢતા માટે મુનિને એકલા વિચરણ કરવાની પ્રેરણા કરેલ છે. આ સૂત્રમાં શુદ્ધ ગવેષણાના દઢ સંકલ્પી મુનિની એકલવિહાર ચર્યાનું કથન કર્યું છે. જ્યારે પૂર્વે પાંચમા અધ્યયનમાં અયોગ્ય અને અવ્યક્ત સાધકને ગુરુકુળવાસની પ્રેરણા કરવામાં આવી છે. ત્યાં શુદ્ધ ગવેષણા કે ઉચ્ચ આરાધનાનાના લક્ષ્યે અયોગ્ય, અવ્યક્ત, અપરિપક્વ, અબહુશ્રુત શ્રમણને અને તરુણને એકલવિહાર કરવાનો સ્પષ્ટ નિષેધ છે.

એકલવિહાર કરનાર શ્રમણને આ વાતની ખાસ નોંધ લેવી જોઈએ કે તરુણ અવસ્થામાં અને શાસ્ત્રજ્ઞાનની અપરિપક્વતામાં એકલવિહાર કરવો કદાપિ ઉચિત કે હિતાવહ નથી. પ્રૌઢ અવસ્થા અને શ્રુત સંપન્નતા પ્રાપ્ત કર્યા પછી જ શાંતિપૂર્વક એકલવિહાર કરી શકાય છે.

**भेरवापाणा :–** ભેરવા શબ્દના બે પ્રકારે અર્થ કરાય છે– (૧) આ શબ્દને સ્વતંત્ર માનીને ભયાનક એવા શબ્દ અને રૂપથી સાધક ભયાક્રાંત ન બને પરંતુ ઉપસર્ગને ધૈર્યપૂર્વક સહન કરે (૨) ભેરવા શબ્દને પ્રાણીઓનું વિશેષણ માનીને ભયાનક પ્રાણીઓ દ્વારા પ્રાપ્ત મારણાંકિત કષ્ટોને પણ તે એકાકી વિહારી શ્રમણ ધૈર્યતાપૂર્વક સહન કરે. એકલવિહાર ચર્યા માટે ધૈર્ય ગુણની વિશેષ આવશ્યકતા ઠાણાંગ સૂત્રમાં દર્શાવેલ છે.

**॥ અધ્યયન–૬/૨ સંપૂર્ણ ॥**

# છઠ્ઠું અધ્યયન : ત્રીજો ઉદ્દેશક

**અચેલક મુનિનાં સંયમ તપ :–**

**१ एयं खु मुणी आयाणं सया सुअक्खायधम्मे विधूतकप्पे णिज्झो–**

**सइत्ता । जे अचेले परिवुसिए तस्स णं भिक्खुस्स णो एवं भवइ– परिजुण्णे मे वत्थे, वत्थं जाइस्सामि, सुत्तं जाइस्सामि, सूइं जाइस्सामि, संधिस्सामि, सीविस्सामि, उक्कसिस्सामि, वोक्कसिस्सामि, परिहिस्सामि, पाउणिस्सामि ।**

**શબ્દાર્થ :– एयं खु मुणी** = આ જ સાચા મુનિ છે, **आयाणं** = કર્મોને, કર્મબંધના કારણોને, **सुअक्खायधम्मे** = સર્વજ્ઞ પ્રણીત ધર્મનું આચરણ કરનારા, **विधूतकप्पे** = સંયમમાં સાધુના આચારનું સારી રીતે પાલન કરનાર, **णिज्झोसइता** = કર્મક્ષય કરતા, **जे** = જે સાધુ, **अचेले** = અલ્પવસ્ત્રવાળા કે નિર્વસ્ત્રી થઈને, **परिवुसिए** = સંયમમાં સ્થિર છે, **तस्स णं** = તે, **भिक्खुस्स** = સાધુને, **एवं** = આવો વિચાર, **णो भवइ** = થતો નથી, **मे** = મારું, **परिजुण्णे** = જીર્ણ થઈ ગયું છે, **वत्थं जाइस्सामि** = હું વસ્ત્રની યાચના કરીશ, **सुत्तं जाइस्सामि** = દોરાની યાચના કરીશ, **सूइं जाइस्सामि** = સોયની યાચના કરીશ, **संधिस्सामि** = વસ્ત્રને જોડીશ, **सीविस्सामि** = સીવીશ, **उक्कसिस्सामि** = તેને મોટું કરીશ, **वोक्कसिस्सामि** = તેને નાનું કરીશ, **परिहिस्सामि** = તેને પહેરીશ, **पाउणिस्सामि** = ઓઢીશ.

**ભાવાર્થ :–** સમ્યક્ પ્રકારે તીર્થંકરો દ્વારા પ્રરૂપિત વીતરાગ ધર્મમાં સ્થિત, સંયમમાં ઉપસ્થિત અને આચારનું સમ્યક્ પાલન કરનાર તથા તપ દ્વારા કર્મોનો નાશ કરનાર મુનિ જ વાસ્તવમાં સાચા મુનિ છે.

જે સંયમી સાધક અચેલક રહે છે તેમને આ પ્રકારના સંકલ્પ વિકલ્પ થતા નથી કે મારું વસ્ત્ર વિશેષ જીર્ણ થઈ ગયું છે, હું વસ્ત્રની યાચના કરીશ, ફાટેલા વસ્ત્રને સીવવા માટે દોરાની યાચના કરીશ, સોયની યાચના કરીશ, પછી તે વસ્ત્રને સાંધીશ, તેને સીવીશ, નાનું છે માટે બીજા ટૂકડા સાથે જોડીને મોટું કરીશ, મોટું છે માટે ફાડીને નાનું બનાવીશ, પછી તેને પહેરીશ અને શરીરને ઢાંકીશ.

**२ अदुवा तत्थ परक्कमंतं भुज्जो अचेलं तणफासा फुसंति, सीयफासा फुसंति तेउफासा फुसंति, दंस–मसगफासा फुसंति, एगयरे अण्णयरे विरूवरूवे फासे अहियासेइ । अचेले लाघवं आगममाणे, तवे से अभिसमण्णागए भवइ । जहेयं भगवया पवेइयं । तमेव अभिसमेच्चा सव्वओ सव्वत्ताए सम्मत्तमेव समभिजाणिज्जा।**

**શબ્દાર્થ :– परक्कमंतं** = વિચરતા મુનિને, **भुज्जो** = ફરી, **अचेलं** = અલ્પવસ્ત્રવાળા, વસ્ત્ર રહિતને, **तणफासा** = તૃણસ્પર્શ, **फुसंति** = દુઃખ આપે, દુઃખ કરે, **सीयफासा** = ઠંડીનો સ્પર્શ, **तेउफासा** = ગરમીનો પરીષહ, **दंसमसगफासा फुसंति** = ડાંસ, મચ્છરનો પરીષહ દુઃખ કરે, **एगयरे** = એક કે, **अण्णयरे** = અનેક, **अहियासेइ** = સહન કરે છે, **लाघवं आगममाणे** = કર્મોથી હળવા થતાં, **तवे** = તપને, **अभिसमण्णागए भवइ** = પ્રાપ્ત થાય છે, **जहेयं** = જે રીતે, **तमेव** = તેને જ, **अभिसमेच्चा** = સારી રીતે જાણીને, **सव्वओ** = સર્વ પ્રકારે, **सव्वत्ताए** = પૂર્ણ રૂપે, **सम्मत्तमेव** = સમ્યક્ રીતે, **समभिजाणिज्जा** = અનુષ્ઠાન કરે.

**ભાવાર્થ :–** અથવા અચેલત્વ સાધનામાં પરાક્રમ કરતા નિર્વસ્ત્ર મુનિને વારંવાર ઘાસના તણખલાનો સ્પર્શ થાય, ઠંડી અને ગરમીનો અનુભવ થાય તથા ડાંસ અને મચ્છરના ડંખની વેદના થાય છે. બીજા પણ આવા એક કે અનેક કષ્ટો આવે ત્યારે મુનિ તેને સમભાવથી સહન કરે છે. તે અચેલમુનિને દ્રવ્ય અને ભાવથી લઘુતા–હળવાપણાની પ્રાપ્તિ સાથે ઉપકરણ ઊણોદરી તેમજ કાયક્લેશ તપની ઉપલબ્ધિ થાય છે.

ભગવાને જે રૂપે સંયમધર્મનું પ્રતિપાદન કર્યું છે તેને તે રૂપે જાણીને, સમજીને સર્વ પ્રકારે, સર્વાત્મના પૂર્ણતયા સમ્યક્ રીતે સેવન કરે.

**૩ एवं तेसिं महावीराणं चिरराइं पुव्वाइं वासाइं रीयमाणाणं दवियाणं पास अहियासियं ।**

**आगयपण्णाणाणं किसा बाहा भवंति, पयणुए य मंससोणिए । विस्सेणिं कट्टु परिण्णाय, एस तिण्णे मुत्ते विरए वियाहिए । त्ति बेमि ।**

**શબ્દાર્થ :– एवं** = આ પ્રમાણે, **तेसिं** = તે, **महावीराणं** = મહાવીર પુરુષોને, **चिरराइं–पुव्वाइं वासाइं** = ઘણા વર્ષો સુધી, પૂર્વ વર્ષો સુધી, **रीयमाणाणं** = સંયમ સહિત વિચારનાર, **दवियाणं** = સંયમી સાધકોની, **अहियासियं** = સમભાવપૂર્વક પરીષહની સહનશીલતાને, **आगयपण्णाणाणं** = પ્રજ્ઞાસંપન્ન મુનિઓની, જેને પદાર્થોનું જ્ઞાન થઈ ગયું છે તે મહાપુરુષોની, **किसा बाहा** = ભુજાઓ કૃશ, **भवंति** = થાય છે, **पयणुए** = પાતળા થાય છે, **मंससोणिए** = માંસ અને લોહીથી, **विस्सेणिं कट्टु** = કર્મોની શ્રેણિને છિન્ન ભિન્ન કરીને, રાગદ્વેષની સંતતિને નષ્ટ કરીને, **परिण्णाय** = જાણીને, **एस** = આ, **तिण्णे** = સંસારથી તરેલા, **मुत्ते** = મુક્ત, **विरए** = પાપોના ત્યાગી, **वियाहिए** = કહ્યા છે.

**ભાવાર્થ :–** આ રીતે જીવનના પૂર્વભાગમાં પ્રવ્રજિત થઈને લાંબાકાળ સુધી–જીવન પર્યંત, પૂર્વ વર્ષો સુધી, સંયમમાં વિચરણ કરનાર, ચારિત્ર સંપન્ન તથા સંયમમાં પ્રગતિ કરનારા તે મહાન વીર સાધુઓએ જે પરીષહાદિને સહન કર્યા છે, તેને તું જો.

તપશ્ચરણના આચરણથી પ્રજ્ઞાવાન મુનિઓની ભુજાઓ દુર્બળ થઈ જાય. તેઓના શરીરમાં લોહી–માંસ ઘણા ઓછા થઈ જાય છે.

રાગદ્વેષ અને કષાયરૂપ સંસાર વૃદ્ધિની પરંપરાને અથવા કર્મ પરંપરાને, પ્રજ્ઞાથી જાણીને ક્ષમા, સહિષ્ણુતાદિથી તેનું છેદન–ભેદન કરીને સંસાર સમુદ્રને પાર કરી ગયેલા મુનિ, મુક્ત તેમજ વિરત કહેવાય છે.

**વિવેચન :–**

આ ત્રણ સૂત્રોમાં મુનિની અચેલ સાધનાનું વર્ણન કરતાં તેની ઉપકરણ લાઘવતા અને સંકલ્પ વિકલ્પોની લાઘવતા દર્શાવી છે. સાધકને સહિષ્ણુતાની સાધના માટે જ્ઞાનપૂર્વક દેહ દમન, ઈન્દ્રિય નિગ્રહ

આવશ્યક છે, વસ્ત્રાદિ ઉપકરણોની અલ્પતા પણ અનિવાર્ય છે. તપ, સંયમ, પરીષહ સહનાદિથી શરીર અને કષાયને કૃશ કરીને લાઘવ–હળવા થવાનો અભ્યાસ કરવો જોઈએ. કર્મક્ષય કરવાનો ઉત્તમ માર્ગ આ ઉદ્દેશકમાં બતાવવામાં આવ્યો છે.

**आयाणं :–** આ શબ્દના વિવિધ અર્થ થાય છે– (૧) જે ગ્રહણ કરાય છે તે આદાન, તે કર્મ છે. (૨) ચૂર્ણિ અનુસાર આજ્ઞા અથવા ઉપદેશ તે આદાન. (૩) પરીષહ આદિ આવનારા કષ્ટો તે આદાન. (૪) તીર્થંકરો દ્વારા વિશેષરૂપે પ્રાપ્ત થયેલું દાન તે આદાન, તે જ્ઞાનરૂપ છે. (૫) ગ્રહણ કરવા યોગ્ય સંયમ તે આદાનીય. (૬) ધર્મોપકરણ ગ્રહણ કરવાની સમ્યગ્ વિધિ તે આદાન સમિતિ. (૭) **धम्ममादाय** આ શબ્દપ્રયોગમાં ધર્મ સ્વીકારવાના અર્થમાં 'આદાય' શબ્દનો પ્રયોગ છે.

તાત્પર્ય એ છે કે મુનિ વિધૂતના આચારમાં તથા સુખ્યાત ધર્મમાં તીર્થંકરોની આજ્ઞા, ઉપદેશ કે જ્ઞાનદાન અનુસાર આચરણ કરે અથવા સુખ્યાતધર્મા અને વિધૂતકલ્પ મુનિ પૂર્વોક્ત પ્રકારે કર્મોનો ક્ષય કરે.

ચૂર્ણિકારના મતાનુસાર અહીં **एस मुणी आदाण ..** પાઠ છે. **मुणी** શબ્દ સંબોધનના રૂપમાં માન્ય છે. **'एस'** શબ્દના તેઓએ બે અર્થ બતાવ્યા છે– (૧) પરીષહાદિથી ઉત્પન્ન થયેલાં દુઃખોનો અનુભવ થાય ત્યારે સમભાવથી તેને સહન કરે. (૨) હે મુનિ ! તમારા માટે તીર્થંકરોની આજ્ઞા કે ઉપદેશ છે તે આગળ કહેવામાં આવશે.

**णिज्झोसइत्ता :–** 'जुष' ધાતુ પ્રીતિપૂર્વક સેવન અર્થમાં પ્રયુક્ત થાય છે તેથી **णिज्झोसइत्ता** નો અર્થ છે– તપ, સંયમમાં અને કર્મનો ક્ષય કરવામાં પૂર્ણરૂપે લાગી જવું, તેમાં કટિબદ્ધ થઈ જવું.

**जे अचेले परिवुसिए .. :–** જે સાધક અચેલ રહે છે. વસ્ત્ર ત્યાગની સાધના કરે છે તેઓને સૂત્રમાં કહેલ સંકલ્પ વિકલ્પ હોતા નથી. જિનશાસનમાં અચેલક અને સચેલક બંને પ્રકારના સાધક હોય છે. અંતિમ તીર્થંકર ભગવાન મહાવીરના સાધુઓ સચેલ હોવા છતાં અલ્પમૂલ્ય અને મર્યાદિત વસ્ત્રના કારણે પણ અચેલ કહેવાય છે. આ બંને પ્રકારના મુનિઓને કેટલાક ધર્મોપકરણ રાખવા પડે છે. તેઓની ઉપકરણોની સંખ્યામાં અંતર છે. નિર્વસ્ત્ર બની સાધના કરનાર મુનિઓ માટે શાસ્ત્રમાં મુખવસ્ત્રિકા અને રજોહરણ આ બે ઉપકરણો આવશ્યક કહ્યા છે, જ્યારે બીજા ઉપકરણો અલ્પ કરી શકાય છે. અલ્પતમ ઉપકરણોથી કામ ચલાવવું તે કર્મ નિર્જરા જનક ઊણોદરી તપ છે. વસ્ત્રાદિ ઉપકરણો રાખવા છતાં મુનિઓને તેમાં આસક્તિ અને તેના વિયોગમાં આર્તધ્યાન કે ઉદ્વિગ્નતા થવી ન જોઈએ. કદાચ વસ્ત્ર ફાટી જાય કે સમયે શુદ્ધ એષણિક વસ્ત્ર ન મળે તો ચિંતા કે આર્તધ્યાન–રૌદ્રધ્યાન ન થવા જોઈએ. જો આર્તધ્યાન કે ચિંતા થાય તો તેની વિધૂત સાધના ખંડિત થઈ જાય. અલ્પ વસ્ત્રાદિ હોવા છતાં આવનારા પરીષહો (રતિ–અરતિ, શીત સ્પર્શ, તૃણ સ્પર્શ, દંશમશકાદિ)ને સમભાવપૂર્વક સહન કરે તો જ કર્મધૂતની સાધના થાય છે. **परिवुसिए** શબ્દથી બંને પ્રકારના મુનિઓને દરેક પરિસ્થિતિમાં સંયમમાં સ્થિર રહેવાનું સૂચન કર્યું છે.

**सम्मत्तमेव समभिजाणिज्जा :–** આ સૂત્રનો સાર એ છે કે ઉપકરણ–લાઘવાદિમાં પણ સમભાવ

રહે. બીજા સાધકોની પાસે પોતાનાથી ઓછાવત્તા ઉપકરણાદિ જોઈને તેઓ પ્રત્યે ઘૃણા, દ્વેષ, તેજોદ્વેષ, પ્રતિસ્પર્ધા, રાગભાવ, અવજ્ઞા આદિ મનમાં ન લાવે, એ જ સમત્વ ભાવની સાધના કરવાની છે. તેમજ જે સાધક ત્રણ વસ્ત્રવાન, બે વસ્ત્રવાન, એક વસ્ત્રવાન કે વસ્ત્ર રહિત છે તેઓ પરસ્પર એકબીજાની અવજ્ઞા, નિંદા, ઘૃણા કરે નહિ, કારણ કે આ સર્વ જિનાજ્ઞામાં છે. વસ્ત્રાદિના વિષયમાં સમાન આચાર હોતો નથી, તેનું કારણ સાધકોના પોતપોતાના સંહનન, ધૈર્ય, સહનશક્તિ આદિ છે. સાધક સ્વયંથી વિભિન્ન આચારવાન સાધુને જોઈને તેની અવજ્ઞા કરે નહીં, પોતાને હીન માને નહીં. સર્વ સાધક યથાવિધિ કર્મક્ષય કરવા માટે સંયમમાં પ્રયત્નશીલ છે, તે સર્વ જિનાજ્ઞામાં છે. આ પ્રમાણે જાણવું તે જ સમ્યક્ અભિજ્ઞાત છે.

**एवं तेसिं ... पास अहियासियं :–** આ સૂત્ર વાક્યનો અર્થ એ છે કે જે પરીષહ સહન આદિ ધૂતવાદનો ઉપદેશ છે તે અવ્યવહારિક કે અશક્ય અનુષ્ઠાન નથી. આ વાત સાધકોના હૃદયમાં સ્થિર કરવા માટે કહેલ છે. કેટલાય સાધકોએ અચેલકત્વપૂર્વક લાઘવતા કેળવીને વિવિધ પરીષહોને કેટલાય વર્ષો સુધી(જીવન પર્યંત) સહન કર્યા છે તથા સંયમમાં દઢ રહ્યા છે, તે ભગવાન ઋષભદેવથી ભગવાન મહાવીર સુધીના મુક્તિ ગમન યોગ્ય મહામુનિવરોને તું જો.

**किसा बाहा भवंति :–** વૃત્તિકારે આ પદનો અર્થ બે રીતે કર્યો છે– (૧) તપશ્ચર્યા તથા પરીષહ સહન કરવાથી તે પ્રજ્ઞા પ્રાપ્ત(સ્થિતપ્રજ્ઞ) મુનિઓની ભુજાઓ કૃશ થઈ જાય છે (૨) તેઓની બાધાઓ– પીડાઓ ઓછી થઈ જાય છે. તાત્પર્ય એ છે કે કર્મ ક્ષય માટે ઉદ્યત પ્રજ્ઞાવાન મુનિને તપ કે પરીષહો શરીરને પીડા આપી શકે છે પણ તેના મનને પીડા આપી શક્તા નથી.

**विस्सेणिं कट्टु :–** વિ+શ્રેણિ = માર્ગ કે દિશાનું પરિવર્તન કરવું. સંસારમાં પરિભ્રમણ કરાવનાર રાગ, દ્વેષ–કષાય આદિની જે પરંપરા છે, તેને ક્ષમાદિથી વિશ્રેણિત કરીને અર્થાત્ તે દોષોની પરંપરાને તોડી પ્રતિપક્ષી ગુણો– ક્ષમા, સરળતા, શાંતિ, નિર્લોભતા, નમ્રતા, સમતા આદિમાં પરિવર્તિત કરે.

**परिण्णाय :–** સમત્વભાવથી જાણીને. જેમ કે ભગવાન મહાવીરના ધર્મશાસનમાં કોઈ જિનકલ્પી(નિર્વસ્ત્ર) હોય છે, કોઈ એક વસ્ત્રધારી, કોઈ બે વસ્ત્રધારી અને કોઈ ત્રણ વસ્ત્રધારી હોય છે. કોઈ સ્થવિરકલ્પી માસખમણ કરે છે, કોઈ પંદર ઉપવાસનું તપ કરે છે, એ રીતે ઓછી વત્તી તપશ્ચર્યા કરનાર અને કોઈ રોજના આહાર કરનારા પણ હોય છે. તે સર્વ તીર્થંકરના વચનાનુસાર સંયમ પાલન કરે છે, તેઓની પરસ્પર નિંદા કે અવજ્ઞા કરવી નહિ, એ જ સમત્વભાવના છે. જે આ રીતે સમભાવ રાખે છે તે સમત્ત્વદર્શી છે.

આ સૂત્રનો બીજી રીતે અર્થ આ પ્રમાણે થાય છે– સંસાર વૃદ્ધિના કારણો (રાગદ્વેષ, વિષય, કષાય)ને જ્ઞ પરિજ્ઞાથી જાણીને અને પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી તેનો ત્યાગ કરીને વિશિષ્ટ શ્રેણી પર આરૂઢ થઈને સંસાર સમુદ્રને પાર કરી ગયેલા સાધક મુક્ત, વિરત કહેવાય છે.

## અસંદીન–દ્વીપ સમાન ધર્મ :–

**૪ विरयं भिक्खुं रीयंतं चिरराओसियं अरई तत्थ किं विधारए ?**

**संधेमाणे समुट्ठिए ।**

**जहा से दीवे असंदीणे एवं से धम्मे आरियपदेसिए । ते अणवकंखमाणा अणइवाएमाणा दइया मेहाविणो पंडिया ।**

**શબ્દાર્થ :– विरयं** = વિરત, **रीयंतं** = પ્રશસ્ત માર્ગમાં ગમન કરતાં, **चिरराओसियं** = લાંબા સમય સુધી સંયમમાં રહેતાં, સુદીર્ઘ સંયમ પર્યાયમાં રહેતાં, **तत्थ** = સંયમમાં, **किं** = શું, **विधारए** = ઉત્પન્ન થઈ શકે છે ? **संधेमाणे** = તે ઉત્તરોતર ગુણસ્થાનોમાં ચઢતા જાય છે, **समुट्ठिए** = કર્મક્ષય માટે ઉદ્યત સાધુ, **असंदीणे** = નહીં ડૂબનાર, આશ્રયભૂત, પાણીના પ્રતિબંધથી રહિત, **एवं** = એ જ રીતે, **आरियपदेसिए धम्मे** = તીર્થંકરોપદિષ્ટ ધર્મ કલ્યાણકારી હોય છે, **अणवकंखमाणा** = ભોગોની ઈચ્છા નહીં કરનાર, **अणइवाएमाणा** = હિંસા નહિ કરનાર, **दइया** = શુભ પ્રવૃત્તિના કારણે સર્વ લોકોને પ્રિય.

**ભાવાર્થ :–** લાંબા સમયથી મુનિધર્મમાં પ્રવ્રજિત, વિરત અને ઉત્તરોત્તર સંયમમાં ગતિશીલ ભિક્ષુને શું અરતિ, સંયમમાં ઉદ્વિગ્નતા થઈ શકે છે ? ઉત્તર– પ્રતિક્ષણ આત્માની સાથે ધર્મનું સંધાન કરનાર તથા ધર્માચરણમાં સમ્યક્ પ્રકારે ઉત્થિત મુનિને અરતિ પરાજિત કરી શક્તી નથી.

જેમ અસંદીન–પાણીમાં નહીં ડૂબેલા દ્વીપ યાત્રીઓ માટે આશ્રયનું સ્થાન હોય છે, તેવી જ રીતે આર્ય–તીર્થંકર દ્વારા કહેલો ધર્મ સંસાર સમુદ્રને પાર કરનાર માટે આશ્રયનું સ્થાન હોય છે.

ભોગોની આકાંક્ષા રહિત તથા પ્રાણીઓના પ્રાણનો નાશ નહિ કરવાના કારણે લોકપ્રિય અને ધાર્મિક જગતમાં આદરણીય એવા મેધાવી મુનિ પાપોથી દૂર રહે છે.

## વિવેચન :–

દીર્ઘકાળ સુધી પરીષહ તેમજ સંકટ સહેવાના કારણે ક્યારેક જ્ઞાની અને વૈરાગી શ્રમણનું ચિત્ત શું ચંચળ થઈ શકે છે ? તેને સંયમમાં અરતિ આવી શકે છે ? આ પ્રશ્નનું નિરાકરણ સૂત્રમાં કરવામાં આવ્યું છે.

**अरई तत्थ किं विधारए ?:–** આ વાક્યના વૃત્તિકારે બે અર્થો કર્યા છે– (૧) જે સાધક વિષયોનો ત્યાગ કરી મોક્ષ માટે લાંબા સમયથી પ્રયત્ન કરી રહ્યો છે, ઘણાં વર્ષોથી સંયમનું પાલન કરી રહ્યો છે, તેને પણ અરતિ શું ચલિત કરી શકે છે ? હા જરૂર કરી શકે છે. કારણકે ઈન્દ્રિયો દુર્બળ હોવા છતાં દુર્દમનીય છે, મોહની શક્તિ અચિંત્ય છે, કર્મની પરિણતિ શું શું નથી કરાવતી ? સમ્યગ્જ્ઞાનમાં સ્થિત વ્યક્તિને પણ સઘન, ચીકણા, ભારે કર્મ માર્ગથી ઉન્માર્ગમાં લઈ જાય છે. "હું વર્ષોથી સંયમનું પાલન કરી રહ્યો છું, દીર્ઘ દીક્ષા પર્યાયવાળો છું, અરતિ મારું શું કરી શકવાની છે ? મારું શું બગાડશે ?" સાધક આવી ગેરસમજમાં રહે નહીં. (૨) અરતિ તેને શું કરી શકે ? અર્થાત્ આટલા સુદીર્ઘ પર્યાયવાળા પરિપક્વ સાધકને અરતિ કાંઈ કરી શકતી નથી. પહેલો અર્થ અરતિ પ્રત્યે સાવધાન રહેવાની સૂચના આપે છે, જ્યારે બીજો અર્થ

અરતિની તુચ્છતા અને સાધકની મહત્તા બતાવે છે.

**दीवे असंदीणे :–** વૃત્તિકારે **दीव** શબ્દના **द्वीप** અને **दीप** બંને રૂપો માનીને વ્યાખ્યા કરી છે. **दीव** શબ્દનો 'દ્વીપ' અર્થ કરી વૃત્તિકાર જણાવે છે કે જેની ચારે બાજુ પાણી હોય તે દ્વીપ કહેવાય છે. સમુદ્રોના યાત્રિકો માટે દ્વીપ આશ્રયસ્થાન બને છે. તે દ્વીપના બે પ્રકાર છે– સંદીન દ્વીપ અને અસંદીન દ્વીપ.

(૧) સંદીન દ્વીપ– જે દ્વીપ ક્યારેક પાણીમાં ડૂબેલ હોય અને ક્યારેક ડૂબેલ ન હોય, તે દ્રવ્ય સંદીન દ્વીપ છે અને ઔપશમિક, ક્ષાયોપશમિક કે જે પ્રતિપાતિ સમ્યક્ત્વ છે, તે ભાવ સંદીન દ્વીપ છે.

(૨) અસંદીન દ્વીપ– જે દ્વીપ ક્યારે ય પાણીમાં ન ડૂબે તે દ્રવ્ય અસંદીન દ્વીપ કહેવાય છે અને અપ્રતિપાતિ એવું ક્ષાયિક સમ્યક્ત્વ ભાવ અસંદીન દ્વીપ છે.

**दीव** શબ્દનો દીપ–દીવો અર્થ કરતાં વૃત્તિકાર જણાવે છે કે અંધકારથી વ્યાપ્ત માર્ગમાં ઊંચી–નીચી જગ્યાએથી બચાવવા અને દિશા બતાવવા દીવો પ્રકાશ આપે છે. તે દીવાના બે પ્રકાર છે– સંદીન દીપ અને અસંદીન દીપ.

(૧) સંદીન દીપ– જે દીપનો પ્રકાશ બુઝાય જાય તે દ્રવ્ય સંદીન દીપ કહેવાય છે. શ્રુતજ્ઞાન ભાવ સંદીન દીપ છે.

(૨) અસંદીન દીપ– જે દીપનો પ્રકાશ ક્યારે ય બુઝાય નહીં તે દ્રવ્ય અસંદીન દીપ છે. જેમ કે ચંદ્ર–સૂર્યનો પ્રકાશ. કેવળજ્ઞાન કે આત્મજ્ઞાન ભાવ અસંદીન દીપ છે.

સમ્યક્ત્વ રૂપી ભાવ દ્વીપ અને જ્ઞાનરૂપી ભાવ દીપ મોક્ષયાત્રી માટે આશ્રય અને પ્રકાશદાયક છે. વિશિષ્ટ સાધુ પણ ભાવ અસંદીન દ્વીપ કે દીપ રૂપ છે.

સંસાર સમુદ્રમાં ડૂબતા મુસાફરોને કે ધર્મજિજ્ઞાસુઓને ચારે બાજુથી કર્માસ્રવરૂપી જળથી સુરક્ષિત ધર્મદ્વીપના શરણમાં લાવનાર સાધુ ભાવ અસંદીન દ્વીપ છે અને સમ્યગ્જ્ઞાનથી જાગૃત બનેલ પરીષહ ઉપસર્ગોથી ચલિત નહિ થનાર સાધુ અસંદીન દીપ છે, તે મોક્ષયાત્રિકોને શાસ્ત્રજ્ઞાનનો પ્રકાશ આપતા રહે છે.

સાર એ છે કે ધર્માચરણ માટે સમ્યક્ ઉદ્યત સાધુ અરતિથી પીડાતા નથી. આર્યપુરુષે બતાવેલા ધર્મ અનેક પ્રાણીઓના માટે હંમેશાં શરણદાયક તેમજ આશ્વાસનનું કારણ હોવાથી અસંદીન દ્વીપ છે. તીર્થંકરો દ્વારા ઉપદિષ્ટ ધર્મ, કષ, તાપ, છેદ દ્વારા સોનાની જેમ પરીક્ષિત છે અર્થાત્ તે કુતર્કોથી અકાટ્ય તેમજ અક્ષોભ્ય છે માટે આ ધર્મ અસંદીન છે.

### શિષ્ય પ્રતિ ગુરુનું કર્તવ્ય :–

**૫ एवं तेसिं भगवओ अणुट्ठाणे जहा से दियापोए । एवं ते सिस्सा**

**दिया य राओ य अणुपुव्वेण वाइया । त्ति बेमि ।**

**॥ तइओ उद्देसो समत्तो ॥**

**શબ્દાર્થ :– भगवओ** = તીર્થંકર ભગવાનના, **अणुट्ठाणे** = અનુષ્ઠાન, ધર્મમાં જે સમ્યક્ પ્રકારે ઉત્થિત નથી, **दियापोए** = પક્ષી પોતાના બચ્ચાનું પાલન કરે છે, **सिस्सा** = શિષ્ય સંસારને પાર કરવામાં સમર્થ થઈ જાય છે, **दिया** = દિવસ, **अणुपुव्वेण** = ક્રમથી, **वाइया** = ભણાવેલ.

**ભાવાર્થ :–** જે રીતે પક્ષીના બચ્ચાને પાંખ આવે ત્યાં સુધી માતાપિતા દ્વારા તેનું પાલન કરાય છે, તેવી જ રીતે ભગવાન મહાવીરના ધર્મમાં જે અનુત્થિત અવિકસિત સાધક છે, હજુ સુધી ધર્મમાં જેમની બુદ્ધિ પૂર્ણ સંસ્કારબદ્ધ પરિપક્વ થઈ નથી, તે શિષ્યોનું આચાર્ય ગુરુવર્ય વગેરે ક્રમથી વાચનાદિ દ્વારા દિવસ–રાત પાલન કરે છે – એમ ભગવાને કહ્યું છે.

**॥ ત્રીજો ઉદ્દેશક સમાપ્ત ॥**

**વિવેચન :–**

**जहा से दीया पोए :–** નવદીક્ષિત સાધુને વીતરાગ ધર્મમાં દીક્ષિત–પ્રશિક્ષિત કરવાના વ્યવહારની તુલના પક્ષીના બચ્ચા સાથે કરવામાં આવી છે. જેમ પક્ષિણી તેના બચ્ચાને ઈંડામાં રહ્યું હોય ત્યારથી લઈને પાંખ આવ્યા પછી સ્વતંત્ર ઊડવા યોગ્ય ન થાય ત્યાં સુધી પાલન પોષણ કરે છે. તે જ રીતે મહાભાગ્યવાન આચાર્ય પણ નવદીક્ષિત સાધુનું દીક્ષા પ્રદાનથી ગીતાર્થ થાય ત્યાં સુધી સમાચારીના શિક્ષણ, શાસ્ત્ર અધ્યાપનાદિ દ્વારા પાલન, પોષણ અને સંવર્ધન કરે છે. આ રીતે ભગવાનના ધર્મમાં સ્થિત થયેલ શિષ્યોને સંસારસમુદ્ર પાર કરવામાં સમર્થ બનાવી દેવા, એ પરોપકારી આચાર્ય કે ગુરુ પોતાનું કર્તવ્ય સમજે છે.

**॥ અધ્યયન–૬/3 સંપૂર્ણ ॥**

## છઠ્ઠું અધ્યયન : ચોથો ઉદ્દેશક

**શિષ્યની અવિનીતતા :–**

**१** **एवं ते सिस्सा दिया य राओ य अणुपुव्वेण वाइया । तेहिं महावीरेहिं पण्णाणमंतेहिं । तेसिं अंतिए पण्णाणमुवलब्भ हिच्चा उवसमं फारुसियं समादियंति। वसित्ता बंभचेरंसि आणं तं णो त्ति मण्णमाणा ।**

**आघायं तु सोच्चा णिसम्म समणुण्णा जीविस्सामो एगे णिक्खम्म, ते असंभवंता विडज्झमाणा कामेसु गिद्धा अज्झोववण्णा**

**समाहिमाघायमझोसयंता सत्थारमेव फरुसं वयंति ।**

**सीलमंता उवसंता संखाए रीयमाणा, असीला अणुवयमाणस्स बिइया मंदस्स बालया ।**

**શબ્દાર્થ :– पण्णाणमंतेहिं** = જ્ઞાની(પ્રજ્ઞાવાન) પાસેથી, **तेसिं अंतिए** = તે આચાર્યની પાસેથી, **पण्णाणं** = જ્ઞાનને, **उवलब्भ** = પ્રાપ્ત કરીને, **हिच्चा** = છોડીને, **उवसमं** = ઉપશમભાવને, **फारुसियं** = કઠોરતાને, **समादियंति** = ધારણ કરે છે, અભિમાની બની જાય છે, **वसित्ता** = રહેતાં, **बंभचेरंसि** = બ્રહ્મચર્યમાં, **तं** = તે, **आणं** = આજ્ઞાને, **णो त्ति मण्णमाणा** = નહિ માનતા પ્રવૃત્તિ કરે છે, **आघायं** = ઉપદેશને, **तु** = નિશ્ચયથી, **समणुण्णा** = લોકમાં માનનીય થઈને, તીર્થંકરની આજ્ઞાનુસાર, **जीविस्सामो** = સંયમપાલન કરતાં, અમે જીવન પસાર કરશું, **णिक्खम्म** = ગૃહબંધનથી નીકળીને, **असंभवंता** = મોક્ષમાર્ગમાં ચાલવામાં અસમર્થ થઈ, **विडज्झमाणा** = વિવિધ પ્રકારે હૃદયમાં બળતાં તેમજ, **अज्झोववण्णा** = ત્રણ પ્રકારના ગર્વોમાં આસક્ત થયેલા, **समाहिं** = સમાધિને, **आघायं** = તીર્થંકર ભગવાન દ્વારા કહેલી, **अझोसयंता** = સેવન નહિ કરતાં, **सत्थारमेव** = ઉપદેશકને જ, અનુશાસ્તાને જ, **सीलमंता** = શીલસંપન્ન, **उवसंता** = ઉપશાંત, **संखाए** = વિવેકપૂર્વક, **रीयमाणा** = સંયમનું પાલન કરનાર સાધુઓને, **असीला** = આ અશીલ છે, **अणुवयमाणस्स** = એવું કહેનારાની.

**ભાવાર્થ :–** આ પ્રમાણે તે મહાવીર અને પ્રજ્ઞાવાન ગુરુ દ્વારા, શિષ્યો દિવસ અને રાત સ્વાધ્યાય– કાળ માં ક્રમપૂર્વક પ્રશિક્ષિત કરવામાં આવે છે.

આચાર્યાદિની પાસેથી વિશુદ્ધ જ્ઞાન પ્રાપ્ત કરીને બહુશ્રુત થવા પર ઉપશમ ભાવને છોડી જ્ઞાન પ્રાપ્તિથી ગર્વિષ્ઠ થઈને કોઈ શિષ્યો કઠોરતા અપનાવે છે અર્થાત્ ગુરુજનોનો અનાદર કરે છે.

તેઓ બ્રહ્મચર્યમાં– ગુરુકુલમાં નિવાસ કરીને પણ આચાર્યાદિની આજ્ઞાને આ તીર્થંકરની આજ્ઞા નથી એમ માનીને ગુરુજનોના વચનોની અવહેલના કરે છે.

કોઈ સાધક આચાર્યાદિ દ્વારા ધર્મને સાંભળી, સમજીને 'અમે ઉત્કૃષ્ટ સંયમી જીવન જીવશું' આ પ્રકારના સંકલ્પથી પ્રવ્રજિત થઈ મોહોદયવશ પોતાના સંકલ્પમાં સ્થિર રહેતા નથી. તેઓ અનેક પ્રકારે ઈર્ષ્યાદિથી બળતા રહે છે. તેઓ કામભોગોમાં ગૃદ્ધ કે સુખની સંવૃદ્ધિમાં રચ્યા પચ્યા રહી, તીર્થંકર પ્રરૂપિત સંયમ સમાધિને તો અપનાવતા નથી પરંતુ અનુશાસ્તા આચાર્યાદિને પણ કઠોર વચન કહે છે. શીલવાન, ઉપશાંત તેમજ પ્રજ્ઞાપૂર્વક સંયમપાલનમાં પરાક્રમ કરનાર મુનિઓને પણ તેઓ અશીલવાન કહીને બદનામ કરે છે. મંદબુદ્ધિ જીવોની આ બીજી મૂઢતા–અજ્ઞાનતા છે.

**વિવેચન :–**

આ સૂત્રમાં ગુરુ દ્વારા શિક્ષણ પ્રાપ્ત શિષ્યોમાંથી અવિનીત થઈ જનારા શિષ્યોની પ્રવૃત્તિનું ચિત્રણ

કરવામાં આવ્યું છે.

**पण्णाणमुवलब्भ :–** હે શિષ્ય ! કેટલાક સાધક મુનિધર્મ જેવી પવિત્ર ઉચ્ચ સંયમ સાધનામાં પ્રવ્રજિત થઈ મહાન પરાક્રમી પ્રબુદ્ધ આચાર્ય ગુરુજનો દ્વારા રાતદિન ક્રમથી પ્રશિક્ષિત, સંવર્દ્ધિત થઈને, જ્ઞાન પ્રાપ્ત કર્યા પછી પણ ગર્વિષ્ઠ થઈ જાય છે. બહુશ્રુત થઈ જવાના મદમાં ઉન્મત્ત થઈ ગુરુએ કરેલા સર્વ ઉપકારોને તે ભૂલી જાય છે, તેથી તેઓના પ્રતિ વિનય, નમ્રતા, આદર, સત્કાર, બહુમાન, ભક્તિભાવાદિને રાખી શકતા નથી અને જ્ઞાન, દર્શન, ચારિત્ર દ્વારા અજ્ઞાન, મિથ્યાત્વ તેમજ ક્રોધાદિ ઉપશમ કરવાને બદલે તેઓ ઉપશમ ભાવને છોડીને ઉપકારી ગુરુજનો પ્રત્યે કઠોરતા ધારણ કરે છે. તે ગુરુજનોને અજ્ઞાની, કુદષ્ટિવાન તેમજ ચારિત્રભ્રષ્ટ કહી નિંદા કરે છે, આ રીતે તે કૃતઘ્ની બની જાય છે.

આ સૂત્રમાં ઋદ્ધિ ગૌરવની અંતર્ગત જ્ઞાનઋદ્ધિગર્વ કેવો ભયંકર હોય છે તેનું આબેહૂબ ચિત્ર પ્રગટ કર્યું છે. જ્ઞાન ગર્વથી યુક્ત સાધક ગુરુજનોની સાથે વિતંડાવાદમાં ઊતરી જાય છે. જેમ કે કોઈ આચાર્યે તેના શિષ્યને કોઈ શબ્દોનું રહસ્ય બતાવ્યું, તો તે શિષ્ય સામે તર્ક કરે કે તમે જે અર્થ કહ્યો છે તે બરાબર નથી, તમે તે અર્થ ને જાણતા નથી અથવા સહાધ્યાયી કોઈ સાધક એમ કહે કે– 'અમારા આચાર્ય આ રીતે કહે છે,' તે સાંભળીને અવિનીત તેમજ અભિમાની શિષ્ય તરત જ જવાબ આપે છે કે– અરે ! તે તો બુદ્ધિહીન છે, તેની વાણી પણ જડ છે, તે શું જાણે છે ? તું પણ તેના દ્વારા પોપટની જેમ કેવળ પઢાવાયેલો છે, તારી પાસે કોઈ તર્ક–વિતર્ક નથી, યુક્તિ નથી. આ પ્રમાણે કોઈ શબ્દને દુરાગ્રહપૂર્વક પકડીને તે અવિનીત શિષ્ય જ્ઞાનને વિપરીત રૂપ આપી ઉદ્દંડતાપૂર્વક કઠોર વચન બોલે છે.

**आणं तं णो त्ति मण्णमाणा :–** કોઈ સાધક ગુરુજનોના સાનિધ્યમાં વર્ષો સુધી રહીને તેના દ્વારા અનુશાસિત થયા પછી પણ જ્ઞાન સમૃદ્ધિના ગર્વથી આવેશમાં આવીને તેઓની આજ્ઞાનો તિરસ્કાર કરતાં આવેગ પૂર્વક બોલી ઊઠે છે કે આ તીર્થકરની આજ્ઞા નથી. શાતા –સુવિધા માટે અપવાદ સૂત્રોનો આધાર લે છે, જ્યારે આચાર્ય તેને ઉત્સર્ગ સૂત્રાનુસાર ચાલવા પ્રેરણા કરે છે તો તે કહી દે છે કે આ તીર્થંકરની આજ્ઞા નથી. વાસ્તવમાં આવા સાધક શારીરિક સુખની શોધમાં અપવાદ માર્ગનો ધ્રુવ આશ્રય લઈ લે છે.

**समणुण्णा जीविस्सामो :–** સંયમ ગ્રહણ કરતાં પહેલાં પ્રત્યેક સાધકનો એ સંકલ્પ હોય છે કે જિનાજ્ઞાના અનુરૂપ સંયમી જીવન જીવીશ પરંતુ કોઈ એક સાધક નીચે કહેલા દુર્ગુણોથી ઘેરાઈ જાય છે–

(૧) રત્નત્રયરૂપ મોક્ષમાર્ગે ચાલવાના પોતાના પ્રારંભિક સંકલ્પ પ્રત્યે નિષ્ઠાવાન રહેતા નથી. (૨) શબ્દાદિ કામભોગોમાં અત્યંત આસક્ત થઈ જાય છે. (૩) સુખ મેળવવા હંમેશાં લાલાયિત રહે છે. (૪) તીર્થંકરોએ કહેલી સમાધિનું આચરણ કરતા નથી. (૫) ઈર્ષા, દ્વેષ, કષાયાદિથી બળતા રહે છે. (૬) આચાર્યાદિ શાસ્તા શાસ્ત્રવચનના માધ્યમે તેને અનુશાસિત કરે, તો તેઓનો કઠોર વચનોથી તિરસ્કાર કરે છે.

**कामेहिं गिद्धा अज्झोववण्णा :–** શબ્દાદિ કામોમાં આસક્ત તેમજ વધારેમાં વધારે વિષયોમાં ગ્રસ્ત

થાય છે.

**सत्थारमेव फरुसं वयंति :–** આચાર્યાદિ દ્વારા શાસ્ત્રના અભિપ્રાયપૂર્વક પ્રેરિત કરવા પર તે શાસ્તાને જ આ પ્રમાણે કઠોર વચનો કહેવા લાગે છે– 'આપ આ વિષયમાં કાંઈ પણ જાણતા નથી. સૂત્રોના અર્થ, શબ્દશાસ્ત્ર, ગણિત કે નિમિત્ત(જ્યોતિષ) હું જેટલું જાણું છું તેટલું બીજા કોણ જાણે છે ?' આ પ્રમાણે આચાર્યાદિ શાસ્તાની અવજ્ઞા કરતા તે માર્મિક શબ્દો કહે છે.

**बिइया मंदस्स बालया :–** તે અવિનીત સાધક બે પ્રકારની કે બમણી મૂર્ખતા કરે છે– (૧) અનુશાસ્તા પ્રત્યે અવિનીત થઈ તેની સામે પ્રતિવાદ કરે અને તેઓની અવહેલના કરે. આ તેની પહેલી મૂર્ખતા છે. (૨) સમ્યક્ પુરુષાર્થ કરનારા શ્રમણો ઉપર દોષારોપણ કરે આ તેની બીજી મૂર્ખતા છે.

આ પદનો બીજી રીતે અર્થ થાય છે કે– પોતે ચારિત્રથી ભ્રષ્ટ થઈ જાય તે એક મૂર્ખતા અને ઉત્કૃષ્ટ સંયમપાલકોની નિંદા કે બદનામી કરે તે તેની બીજી મૂર્ખતા છે.

## સંયમ પતિત સાધકો :–

**२ णियट्टमाणा वेगे आयारगोयरमाइक्खंति । णाणब्भट्ठा दंसणलूसिणो णममाणा वेगे जीवियं विप्परिणामेंति ।**

**શબ્દાર્થ :– णियट्टमाणा** = સંયમથી નિવૃત્ત થતા, **वेगे** = કોઈએક, **आयारगोयरं** = આચારના સ્વરૂપને યથાર્થ, **आइक्खंति** = કહે છે, **णाणब्भट्ठा** = જ્ઞાનભ્રષ્ટ, **दंसणलूसिणो** = દર્શનનો નાશ કરનાર કોઈ એક, **णममाणा** = વિનય કરતાં પણ, ચારિત્રનું પાલન કરતાં પણ, **जीवियं** = સંયમ જીવનથી, **विप्परिणामेंति** = પોતાને નીચે ઉતારે છે.

**ભાવાર્થ :–** કોઈ સાધક સંયમ ભાવથી નિવૃત્ત થઈને પણ કે વેશ પરિત્યાગ કરીને પણ સંયમના આચાર–વિચારના વખાણ કરે છે. કોઈ સાધક સમ્યગ્ જ્ઞાનથી ભ્રષ્ટ થઈને સમ્યગ્દર્શનથી રહિત થઈ જાય છે તેઓ તીર્થંકરોક્ત સંયમમાર્ગનું પાલન કરવા છતાં દર્શન મોહોદયવશ સંયમી જીવનને નિસ્સાર કરી દે છે.

## વિવેચન :–

આ સૂત્રમાં બે પ્રકારના ધર્મભ્રષ્ટ સાધકોનું સ્વરૂપ બતાવ્યું છે– (૧) સંયમ આચારથી ભ્રષ્ટ થનારા (૨) શ્રદ્ધાથી ભ્રષ્ટ થનારા.

**णियट्टमाणा वेगे :–** આ સૂત્ર વાક્યમાં ચ્યુત સાધકોની કંઈક ગુણવત્તા દર્શાવી છે. કોઈ સાધક સુખ સુવિધાના અભિલાષી બની સંયમ પથથી નિવૃત્ત થઈ જાય તોપણ તેઓ વિનયને છોડતા નથી, અન્ય સાધુ ઉપર દોષારોપણ કરતા નથી, કઠોર વચનો બોલતા નથી, ખોટા અભિમાનમાં આવી બીજા પ્રકારની

મૂર્ખતા કરતા નથી. પોતાના આચારમાં દંભ કે દેખાવ કરતા નથી, ખોટું બહાનું બતાવી અપવાદમાર્ગનું સેવન કરતા નથી, પરંતુ સરળતા તેમજ ખુલ્લા હૃદયે કહે છે કે– મુનિધર્મનો મૌલિક આચાર તો આ પ્રમાણે છે પરંતુ અમે તેવું પાળવામાં સમર્થ નથી.

તેઓ એમ નથી કહેતા કે– અમે જેવું પાળીએ છીએ તેવો જ સાધ્વાચાર છે. અત્યારે દુ:ષમકાળના પ્રભાવે બળ, વીર્ય આદિ ઘટી જવાના કારણે મધ્યમમાર્ગ જ શ્રેષ્ઠ છે. ઉત્કૃષ્ટ આચરણ થઈ શકે તેવો સમય નથી. જેમ સારથી ઘોડાની લગામ અતિ ઢીલી કે અત્યંત કડક ન ખેંચતા મધ્યમ રીતે ખેંચે તો ઘોડો બરાબર ચાલે છે, એ રીતે મુનિ જીવનમાં આચરણ મધ્યમ રીતે હોય તો પ્રશંસનીય બને છે. આ રીતની કોઈપણ ખોટી પ્રરૂપણા તેઓ કરતા નથી. તેની શ્રદ્ધા દઢ છે. તે જ તે સાધકોની ગુણવત્તા છે.

**णाणब्भट्ठा दंसणलूसिणो :–** આ સૂત્રવાક્યથી સાધ્વાચારનું યથાર્થ પાલન કરનારાઓની મૂર્ખતા દર્શાવેલ છે. તે સાધક ગુરુજનો, તીર્થંકરો તથા તેમના દ્વારા ઉપદિષ્ટ જ્ઞાન, દર્શન, ચારિત્ર પ્રત્યે વિનીત હોય છે અર્થાત્ અર્પણતા સાથે ચારિત્રનું યથાર્થ પાલન કરે છે પરંતુ કેટલાક તત્ત્વોમાં કે આચારોમાં વિપરીત શ્રદ્ધા, પ્રરૂપણા કરે છે. ખરેખર તે જ્ઞાનભ્રષ્ટ અને સમ્યગ્દર્શનના નાશક સાધક પોતે તો શ્રદ્ધાથી ભ્રષ્ટ હોય છે અને બીજાને પણ આ દોષમાં ખેંચે છે, સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનથી ભ્રષ્ટ કરીને સન્માર્ગથી ચલાયમાન કરે છે. આવી શ્રદ્ધા, પ્રરૂપણાથી ભ્રષ્ટ સાધુના જીવનનું પરિણામ શાસ્ત્રકારે બતાવ્યું છે કે તેઓ પોતાના સંયમ જીવનને બગાડે છે અર્થાત્ સંયમાચારનું પાલન કરવા છતાં વિરાધક બની જાય છે, શ્રમ કરીને પણ તેના ફળથી વંચિત રહે છે. આ તેઓની મૂર્ખતા કહેવાય છે.

## ચારિત્રભ્રષ્ટનો વક્ર વ્યવહાર :-

**३ पुट्ठा वेगे णियट्टंति जीवियस्सेव कारणा । णिक्खंतं पि तेसिं दुण्णिक्खंतं भवइ । बालवयणिज्जा हु ते णरा, पुणो पुणो जाइं पकप्पेंति । अहे संभवंता विद्दायमाणा, अहमंसीति विउक्कसे । उदासीणे फरुसं वयंति, पलियं पकत्थ अदुवा पकत्थ अतहेहिं । तं मेहावी जाणेज्जा धम्मं ।**

**શબ્દાર્થ :– पुट्ठा** = પરીષહો આવવા પર, **णियट्टंति** = સંયમથી દૂર થઈ જાય છે, **जीवियस्सेव कारणा** = અસંયમજીવન માટે, **णिक्खंतं पि** = નિષ્ક્રમણ પણ, **तेसिं** = તેઓનું, **दुण्णिक्खंतं** = દુર્નિષ્ક્રમણ, **बालवयणिज्जा** = અજ્ઞાની દ્વારા પણ નિંદનીય થાય છે, **पकप्पेंति** = પ્રાપ્ત થાય છે, **संभवंता** = રહેતાં પણ, **विद्दायमाणा** = તેઓ પોતાને વિદ્વાન સમજે છે, **अहमंसी ति** = હું જ બહુશ્રુત છું એમ માનતા, **विउक्कसे** = તેઓ અભિમાન કરે છે, **उदासीणे** = રાગદ્વેષ રહિત પુરુષોને, **फरुसं** = કઠોર વચન, **वयंति** = કહે છે, **पलियं** = સાધુના પૂર્વાચરણને કહીને, **पकत्थ** = નિંદા કરે છે, **अतहेहिं** = મિથ્યાદોષો દ્વારા.

**ભાવાર્થ :–** કેટલાક સાધક પરીષહોથી આક્રાન્ત થતાં સુખપૂર્વક જીવન જીવવા માટે સંયમ અને સંયમી વેશથી નિવૃત્ત થઈ જાય છે–સંયમ છોડી દે છે. તેમનું ગૃહવાસથી નિષ્ક્રમણ પણ દુર્નિષ્ક્રમણ થઈ જાય છે. સાધારણ અજ્ઞાનીજનો દ્વારા પણ તેઓ નિંદનીય બની જાય છે તથા ફરી ફરી જન્મધારણ કરે છે.

તેઓ જ્ઞાન, દર્શન, ચારિત્રથી નીચે ઊતરી ગયા હોવા છતાં પોતાની જાતને વિદ્વાન માનીને હું જ સર્વાધિક વિદ્વાન છું, આ રીતે પોતાની શ્રેષ્ઠતા બતાવે છે અને જે સાધક સંસારથી ઉદાસીન રહીને નિર્મળ સાધના કરે છે તેઓના પૂર્વ જીવનના દોષોને લઈને કે તેની અંગ વિકલતાને લઈને નિંદા કરે છે, તેઓને કઠોર વચન સંભળાવે છે અથવા અસત્ય આરોપણ કરી તેઓને બદનામ કરે છે. બુદ્ધિમાન મુનિ આ સર્વને બાલજીવોની ચેષ્ટા સમજીને પોતાના શ્રુત ચારિત્રરૂપ મુનિધર્મને સારી રીતે જાણે, ઓળખે અને પાલન કરે.

## વિવેચન :–

આ સૂત્રમાં સંયમ પતિત શિથિલાચારી સાધકની ધીઠ પ્રવૃત્તિનું કથન કર્યું છે.

**पुट्ठा वेगे णियट्टंति :–** કોઈ એક સાધક શ્રદ્ધાભ્રષ્ટ થવાથી સંયમ જીવનને નષ્ટ કરી દે છે અને કોઈ પરીષહ ઉપસર્ગ આવતાં જ કાયર બનીને સુખ સુવિધાપૂર્ણ અસંયમી જીવન માટે સંયમ આચારને છોડી દે છે.

**अहे संभवंता विद्दायमाणा :–** સાધક સંયમ સ્થાનોથી નીચે ઊતરતા જાય છે. પોતે અલ્પજ્ઞાની હોવા છતાં 'અમે વિદ્વાન છીએ' તેવી ખોટી પ્રશંસા કરતા રહે છે. 'હું બહુશ્રુત છું. આચાર્યને જેટલું શાસ્ત્રજ્ઞાન છે તેટલું તો મેં થોડા સમયમાં જ ભણી લીધું હતું. તેની અભિમાનપૂર્વકની વાત સાંભળીને જો કોઈ સાધક મૌન રહે અથવા તો તેની હા માં હા કરે નહિ અથવા (૨) બહુશ્રુત હોવાના કારણે રાગદ્વેષ અને અશાંતિથી દૂર રહે તો તેઓને પણ કઠોર શબ્દો કહે છે. કોઈ તેની ભૂલને બતાવે કે ઈશારો કરે ત્યાં તો વિશેષ ક્રોધિત થાય છે અને કહે છે કે– પહેલાં તમારા કર્તવ્ય, અકર્તવ્યને જાણો પછી બીજાને ઉપદેશ આપો.

**पलियं पकत्थ अदुवा पकत्थ अतहेहिं :–** સંયમ પતિત વક્રાચારી સાધક કઈ રીતે હીલના કરે છે, તે આ સૂત્રાંશમાં બતાવવામાં આવ્યું છે. જે સંયમવાન મુનિ વિષયોથી, સુખોથી, ઉદાસીન છે તેનો અપકર્ષ અને હીલના કરે છે અને પોતાની મોટાઈ બતાવે છે. સંયમીની હીલના તે આ પ્રમાણે કરે છે– (૧) તે સાધુના પૂર્વાશ્રમનું કોઈ કર્મ કે દુષ્ટ આચરણને યાદ કરાવીને કહે કે– તું તો તે જ ઝગડાખોર છે ને ? તું તે જ ચોર છે ને ? (૨) તેના કોઈ એક અંગની વિકલતાને લઈને મોઢું મરડવું આદિ ચેષ્ટાઓ કરતાં અવજ્ઞા કરે (૩) અસત્ય મનોકલ્પિત આક્ષેપો દ્વારા અવજ્ઞા કરે.

## હિતશિક્ષા પ્રતિ અવિનીતતા :–

**૪ अहम्मट्ठी तुमं सि णाम बाले आरंभट्ठी अणुवयमाणे, हणमाणे,**

**घायमाणे, हणओ यावि समणुजाणमाणे । घोरे धम्मे उदीरिए । उवेहइ णं अणाणाए । एस विसण्णे वितद्दे वियाहिए । त्ति बेमि ।**

**શબ્દાર્થ :– अहम्मट्ठी** = અધર્માર્થી, **तुमं** = તમે, **सि** = હોય કારણકે, **बाले णाम** = તમે અજ્ઞાની છો, **आरंभट्ठी** = તમે આરંભમાં પ્રવૃત્ત રહો છો, **अणुवयमाणे** = પ્રાણીઓની હિંસા થાય તેવા વચનો તમે કહો છો કે, **हणमाणे** = પ્રાણીઓની ઘાત કરતા, **घायमाणे** = બીજા પાસે પ્રાણીઓની ઘાત કરાવતા, **हणओ यावि** = ઘાત કરનારાની, **समणुजाणमाणे** = અનુમોદના કરતા અધર્મમાં રત રહો છો, **घोरे** = ઘોર **धम्मे** = ધર્મ, **उदीरिए** = કહ્યો છે માટે તેનું આચરણ કઠિન છે એમ કહીને તે, **उवेहइ** = ઉપેક્ષા કરે, **णं** = નિશ્ચયથી, **अणाणाए** = તીર્થંકર ભગવાનની આજ્ઞાની વિરુદ્ધ પોતાની ઈચ્છાનુસાર પ્રવૃત્તિ કરે, **एस** = આ વ્યક્તિ, **विसण्णे** = વિષય ભોગોમાં આસક્ત, **वितद्दे** = પ્રાણીઓના હિંસક, **वियाहिए** = કહેલ છે.

**ભાવાર્થ :–** ધર્મથી પતિત થનાર અહંકારી સાધકને આચાર્યાદિ આ રીતે અનુશાસિત કરે છે કે તમે અધર્મથી–સંયમ ધર્મથી વિપરીત આચરણ કરો છો, બાળભાવમાં વર્તી રહ્યા છો, આરંભ પરિગ્રહની પ્રવૃત્તિઓમાં ભાગ લઈ રહ્યા છો, હિંસાનો આદેશ કરો છો. સ્વયં હિંસાના કાર્ય કરો છો, કરાવો છો તેમજ અનુમોદના પણ કરો છો. આ રીતે શિક્ષા આપવા પર તે અહંકારી સાધક કહી દે છે કે ભગવાને તો ઘણો કઠિન ધર્મ કહ્યો છે. તેનું પાલન શક્ય નથી. તેમ કહી ઉપેક્ષા કરે છે અને જિનાજ્ઞાનું અતિક્રમણ કરે છે. ધર્મની ઉપેક્ષા કરનાર તે કામભોગોના કીચડમાં આસક્ત અને સંયમનો નાશ કરનાર કહેવાય છે.

## વિવેચન :–

પૂર્વના સૂત્રોમાં સૂત્રકારે શ્રુતાદિના મદથી ઉન્મત્ત શ્રમણની માનસિક તેમજ વાચિક હીન વૃત્તિઓનું કથન કર્યું છે. જ્યારે આ સૂત્રમાં ગુરુ દ્વારા તેનું નિયંત્રણ કરવાનું કથન કર્યું છે.

**अहमट्ठी तुमंसि णाम बाले :–** માર્ગ ચ્યુત તે સાધકોને ગુરુ કહે છે કે હે શિષ્ય ! તમે પોતે જ સંયમ વિપરીત અધર્માનુચરણ કરી રહ્યા છો. આ તમારી ગેરસમજ છે. તમે જ અયોગ્ય વચન બોલીને બીજાઓની અવહેલના કરો છો અથવા તમે જ પાછા જેમ તેમ બોલો છો, એ ઠીક નથી. તમે અહિંસા ધર્મનું પાલન ન કરતાં પ્રાણીઓની હિંસા કરો છો, કરાવો છો અને અનુમોદન પણ કરો છો. આ પ્રકારે સ્વયં આચારનું પાલન કરતા નથી અને જેમ તેમ બોલીને પાલન કરનારનો અનાદર કરો છો એ તમારા માટે ઉચિત નથી. આવી શિક્ષા આપતા ગુરુને તેઓ આ પ્રમાણે પ્રત્યુત્તર આપતા કહે છે કે **घोरे धम्मे उदीरिए** = ભગવાને ઘણાં જ કઠિન નિયમો ઘડ્યા છે, એવા કોઈથી પાળી શકાય નહીં વગેરે, એમ કહી હિતશિક્ષાની ઉપેક્ષા કરે છે, આજ્ઞા બહાર સ્વચ્છંદ આચરણ કરતા રહે છે.

**अणुवयमाणे :–** અવિનીત, ઘમંડી અને નિરંકુશ સાધકને જ્યારે ગુરુ આદિ શિક્ષા આપે ત્યારે તે ગુરુની સામે બોલે છે.

**वितद्दे :–** વિતર્દનો અર્થ આ પ્રમાણે છે– (૧) અનેક પ્રકારે હિંસક (૨) સંયમ ઘાતક કે સંયમથી પ્રતિકૂળ

આચરણ કરનાર (૩) વિતંડાવાદ કરનાર. સાર એ છે કે ગુરુની હિતશિક્ષાને પણ ન માનનાર પ્રમાદી સાધુ પોતાના સંયમ જીવનનો નાશ કરી દે છે. માનવ જીવનને બરબાદ કરે છે.

## અવ્રતી થનારનો અપયશ :–

**૫ किमणेण भो जणेण करिस्सामि त्ति मण्णमाणा, एवं एगे वइत्ता मायरं पियरं हिच्चा णायओ य परिग्गहं । वीरायमाणा समुट्ठाए अविहिंसा सुव्वया दंता । पस्स दीणे उप्पइए पडिवयमाणे । वसट्टा कायरा जणा लूसगा भवंति । अहमेगेसिं सिलोए पावए भवइ– से समणविब्भंते । समणविब्भंते ।**

**શબ્દાર્થ :– किं** = શું, **अणेण** = આ, **भो** = હે આત્મન્, **जणेण** = લોકથી, **करिस्सामित्ति** = કરીશ, એ પ્રમાણે, **मण्णमाणे** = માનતા, **वइत्ता** = વૈરાગ્યભાવથી કહીને, સમજીને, **वीरायमाणा** = વીરની જેમ આચરણ કરતાં, **समुट्ठाए** = પ્રવ્રજ્યા ધારણ કરીને, **अविहिंसा** = હિંસા રહિત, **सुव्वया** = શ્રેષ્ઠવ્રતવાળા, **दंता** = ઈન્દ્રિયોનું દમન કરનાર, **दीणे** = દીન બનીને, **उप्पइए** = ઉન્નત થઈને પણ તે, **पडिवयमाणे** = કર્મના ઉદયથી દીક્ષાનો ત્યાગ કરીને પડિવાઈ થઈ જાય છે, **वसट्टा** = ઈન્દ્રિયોના વશીભૂત, **कायरा** = કાયર, **जणा** = લોકો, **लूसगा** = વ્રતોનો નાશ કરનાર, **अह** = ત્યારપછી, **एगेसिं** = દીક્ષા ત્યાગી પતિત થયેલા કોઈ પુરુષની, **पावए सिलोए** = કીર્તિ ઝાંખી થઈ જાય, જગતમાં નિંદા થાય, **से** = તે શ્રમણ, **समण विब्भंते** = તે સાધુતાથી પતિત છે, તે પડિવાઈ સાધુ છે, **समणविब्भंते** = આ દીક્ષાથી ભ્રષ્ટ છે, પડિવાઈ છે.

**ભાવાર્થ :–** હે આત્મન્ ! આ સ્વાર્થી સ્વજનનું હું શું કરીશ ? (તેઓથી મારે શું પ્રયોજન ?)એમ માનતા અને કહેતા કોઈ લોકો માતા, પિતા, જ્ઞાતિજન અને પરિગ્રહને છોડીને વીરવૃત્તિથી મુનિધર્મમાં સમ્યક્ પ્રકારે પ્રવ્રજિત થાય છે અને અહિંસક, સુવ્રતી અને દાંત બની જાય છે. આ પ્રકારે પહેલાં સિંહની જેમ પ્રવ્રજિત થઈને, ઉન્નત થઈને પછી કોઈ પાપના ઉદયથી દીન અને પતિત થતા સાધકોને તું જો, વિષયોથી પીડિત તે કાયરજનો વ્રતોના નાશક બની જાય છે.

તેમાંથી કોઈ સાધક સંયમનો ત્યાગ કરી દે છે, તેની કીર્તિ નષ્ટ થઈ જાય છે, તે બદનામ થઈ નિંદાને પામે છે, લોકો તેને કહે છે કે– આ સાધુતાથી ભ્રષ્ટ છે, આ સંયમ જીવનનો ત્યાગી પડિવાઈ છે.

## વિવેચન :–

**उप्पइए पडिवयमाणे :–** આ સૂત્રમાં સાધકોના ઉત્થાનથી પતનનું ચિત્ર ઉપસ્થિત કર્યું છે, પહેલાં જે વીર વૃત્તિથી સ્વજન, જ્ઞાતિજન, પરિગ્રહાદિ છોડીને વૈરાગ્યભાવથી પ્રવ્રજિત થાય છે, અને અહિંસક, દાંત અને સુવ્રતી બની લોકોને અત્યંત પ્રભાવિત કરી દે છે. ધીરે ધીરે તેની પ્રસિદ્ધિ, પ્રશંસા અને પૂજા–પ્રતિષ્ઠા વધતી જાય છે તેથી સુખ સુવિધાની વિપુલતા, સ્વાદિષ્ટ આહાર–પાણી, ઉભરાતો માનવ મહેરામણ

અને વૈભવી વાતાવરણ પ્રાપ્ત થતાં સાધક ઈન્દ્રિય સુખો તરફ ઢળી જાય છે. શરીર પણ સુકોમળ બની જાય છે. આ સમયે તેઓ સંયમમાં પુરુષાર્થ કરવાના બદલે દીન–હીન થઈ ભોગાકાંક્ષાના દાસ બની જાય છે. સંયમને છોડી દેવા પણ તત્પર થઈ જાય છે. આ તેઓનું મહાન ઉત્થાનમાંથી મહા પતન છે.

**समणविब्भंते :–** પતનના માર્ગે જતાં અને સાધુ વેશનો ત્યાગ કરી ગૃહસ્થ જીવન સ્વીકારનાર તે સાધુને જન–સાધારણ લોકો પણ વિવિધ તિરસ્કારના શબ્દોથી તિરસ્કૃત કરે છે. જેમ કે આ સાધુતાથી ભ્રષ્ટ છે, પડિવાઈ છે, દીક્ષા છોડીને આવ્યો છે, બેશરમ છે વગેરે. તેની અપકીર્તિ થાય છે.

આ સૂત્રમાં **समणविब्भंते** ની જગ્યાએ **समणे भवित्ता विब्भंते** પાઠ પણ મળે છે. બંને પાઠનો ભાવ એક જ છે. તેમાં **भवित्ता** ક્રિયા વિના પણ પાઠનો ભાવાર્થ બરાબર છે.

## ઉન્નત ગચ્છમાં ગુણહીન સાધક :–

**૬ पासहेगे समण्णागएहिं असमण्णागए, णममाणेहिं अणममाणे, विरएहिं अविरए दविएहिं अदविए ।**

**શબ્દાર્થ :– समण्णागएहिं** = સમ્યગ્ સમજનારાઓની સાથે રહેવા છતાં, **असमण्णागए** = અસમ્યગ્ થઈ જાય છે, **णममाणेहिं** = વિનયવાનની સાથે, સમર્પિત સાધકો સાથે રહેવા છતાં, **अणममाणे** = અસમર્પિત, વિનય રહિત હોય છે, **विरएहिं** = પાપથી વિરત પુરુષોની સાથે રહેવા છતાં, **अविरए** = અવિરત રહે છે, તેમજ, **दविएहिं** = મુક્તિ ગમન યોગ્ય પુરુષોની સાથે, સંયમવાનોની સાથે, ચારિત્રનિષ્ઠની સાથે રહેવા છતાં, **अदविए** = અપવિત્ર, સંયમહીન થઈ જાય છે.

**ભાવાર્થ :–** તેનાથી વિપરીત હે શિષ્ય ! તું એ પણ જો ! કોઈ મુનિ સમ્યગ્ સમજદારોની વચ્ચે સંયમ પ્રત્યે અસમ્યક્ રહે છે. સંયમ પ્રત્યે સમર્પિત મુનિઓની વચ્ચે સંયમપ્રત્યે અસમર્પિત રહે છે, પાપથી વિરત રહેનારાઓની સાથે પણ પાપસેવી થાય છે તથા ચારિત્ર સંપન્ન સાધુઓની વચ્ચે રહીને પણ ચારિત્રહીન થઈ જાય છે.

## વિવેચન :–

**दविएहिं :–** જેની પાસે દ્રવ્ય છે તે દ્રવ્યિક છે. દ્રવ્યનો અર્થ ધન થાય છે. સાધુની પાસે જ્ઞાનાદિ રત્નત્રય રૂપ ધન હોય છે, તેથી દ્રવિકનો અર્થ સંયમવાન થાય છે અથવા દ્રવ્યનો અર્થ ભવ્ય છે– મુક્તિગમનને યોગ્ય અર્થાત્ મોક્ષાર્થી છે. 'દ્રવિક' નો ત્રીજો અર્થ દયાળું પણ થાય છે.

આ સૂત્રમાં બતાવ્યું છે કે ઉન્નત ગચ્છ અને ઉન્નત સંયોગમાં રહીને પણ પોતાના ઉદયભાવે કોઈ સાધક ગુણ હીન થઈ જાય છે માટે સાધકે સાવધાન રહી પોતાના ગુણોની સુરક્ષા કરતા રહેવું જોઈએ.

## આગમાનુસારી આરાધના :–

**૭ अभिसमेच्चा पंडिए मेहावी णिट्ठियट्ठी वीरे आगमेणं सया**

**परक्कमेज्जासि। त्ति बेमि ।**

**॥ चउत्थो उद्देसो समत्तो ॥**

**શબ્દાર્થ :– अभिसमेच्चा** = ઉપરોક્ત કથનને જાણીને, **णिट्ठियट्ठी** = મોક્ષાર્થી, **आगमेणं** = આગમાનુસાર, **परक्कमेजासि** = સંયમપાલનમાં પુરુષાર્થ કરે.

**ભાવાર્થ :–** આ રીતે સંયમભ્રષ્ટ સાધકો તથા સંયમ ભ્રષ્ટતાના પરિણામોને સારી રીતે જાણીને પંડિત, મેધાવી, મોક્ષાર્થી વીર મુનિ હંમેશાં આગમમાં કહેલા સાધનાપથ અનુસાર સંયમમાં પરાક્રમ કરે અર્થાત્ શાસ્ત્રાનુસાર જ જીવન બનાવે. –એમ ભગવાને કહ્યું છે.

**॥ ચોથો ઉદ્દેશક સમાપ્ત ॥**

**વિવેચન :–**

**णिट्ठियट्ठी :–** ઉદ્દેશકના અંતે શાસ્ત્રકારે મોક્ષાર્થી સાધકને આ સૂત્રથી ભલામણ કરી છે કે ઉપરોક્ત વિવિધ દષ્ટિઓથી પતિત થનારા સાધુઓને, તેના જીવન વ્યવહારને અને પરિણામોને જાણી પોતાના જીવનને સાવધાન કરવું જોઈએ. જીવનની દરેક પ્રવૃત્તિ, દરેક વચન વ્યવહાર અને દરેક વિચારણા પ્રરૂપણા કરવામાં આગમ આશયને આગમ આજ્ઞાને જ સર્વોપરિ રાખે. આગમ એ જ તીર્થંકરનું પ્રતીક છે, સાધકના જીવન માટે એ જ સાચું માર્ગદર્શન છે. માટે આગમજ્ઞાન પ્રાપ્ત કરીને સંયમજીવનના સમયનો સદુપયોગ કરીને અને તેના આદેશોને જ જીવનમાં સાકાર કરી દેવા જોઈએ. એ જ આ અંતિમ સૂત્રનો ધ્વનિ છે.

અહીં બીજો પાઠ **णिट्ठियट्ठे** માનીને નિષ્ઠિતાર્થ પ્રાપ્ત અર્થ કરાય છે પરંતુ આ અર્થ પ્રસંગ સંગત નથી. કારણ કે મોક્ષ પ્રાપ્ત. વ્યક્તિ કૃતકૃત્ય બની ગઈ, તેને આગમાનુસાર ચાલવાના ઉપદેશની આવશ્યકતા રહેતી નથી તેથી અહીં **णिट्ठियट्ठी** શબ્દનો અર્થ મોક્ષાર્થી–મોક્ષનો ઈચ્છુક એ જ થાય છે.

**॥ અધ્યયન–૬/૪ સંપૂર્ણ ॥**

## છઠ્ઠું અધ્યયન : પાંચમો ઉદ્દેશક

**સાધકની સહિષ્ણુતા :–**

**१ से गिहेसु गिहंतरेसु वा गामेसु वा गामंतरेसु वा णगरेसु वा णगरंतरेसु वा जणवएसु वा जणवयंतरेसु वा संतेगइया जणा लूसगा भवंति अदुवा फासा फुसंति । ते फासे पुट्ठो धीरो अहियासए ओए समियदंसणे ।**

**શબ્દાર્થ :– ओए** = રાગદ્વેષ રહિત, **समियदंसणे** = સમ્યગ્દષ્ટિ, સમિતદર્શી થઈને.

**ભાવાર્થ :–** તે શ્રમણને ઘરોમાં, ગૃહાન્તરોમાં અથવા ઘરોની આસપાસ, ગામોમાં, ગામોની વચમાં, નગરોમાં, નગરોની વચમાં, જનપદોમાં કે જનપદોની વચમાં વિચરણ કરતાં કોઈ ક્રૂર ઉપદ્રવી લોકો મળી જાય, જે વિવિધ પ્રકારના અનુકૂળ કે પ્રતિકૂળ ઉપસર્ગ આપે છે અથવા તો ઠંડી, ગરમી, ડાંસ, મચ્છરાદિના પરીષહો પ્રાપ્ત થાય છે. તેનો સ્પર્શ થવા પર ધીરમુનિ તે સર્વને સમિતદર્શી–સમ્યગ્ વિચારણા સાથે, રાગદ્વેષ રહિત થઈને સમભાવથી સહન કરે.

**વિવેચન :–**

આ સૂત્રમાં ગ્રામ, નગર કે જંગલ સર્વત્ર પરીષહ ઉપસર્ગને સમભાવથી સહન કરવાની પ્રેરણા આપી છે.

**लूसगा भवंति :– 'लूषक'** શબ્દના અનેક અર્થ છે જેમ કે– હિંસક, ઉત્પીડક, વિનાશક, ક્રૂર હત્યારા, હેરાન કરનારા, દૂષિત કરનાર, આજ્ઞા નહિ માનનારા, વિરાધક વગેરે. આવા લૂષક લોકો પાદવિહારી સાધુઓને જંગલોમાં, નાના ગામોમાં, શૂન્ય સ્થાનોમાં કે ઘરોમાં મળી જાય છે અને સાધુને ઉપદ્રવ કરે છે, કનડગતિ કરે છે. આ સૂત્રમાં **'जणा'** શબ્દના પ્રયોગથી મનુષ્ય, તિર્યંચ, દેવ સર્વનું ગ્રહણ થઈ જાય છે. ઉપદ્રવી કે હિંસક મનુષ્ય જ હોય તેમ નથી, દેવ કે તિર્યંચ પણ હોય શકે છે. સાધુ તો વિચરણશીલ જ હોય છે, કારણ વિના એક જગ્યાએ સ્થિર રહેતા નથી. આ દષ્ટિથી વ્યાખ્યાકારે આ સૂત્રનો ખુલાસો કરતાં કહ્યું છે કે સાધુ ભિક્ષાદિ માટે જઈ રહ્યા હોય, જુદા–જુદા ગામાદિમાં હોય, માર્ગમાં વિહાર કરી રહ્યા હોય, ગુફા કે જનશૂન્ય સ્થાનમાં કાયોત્સર્ગ, સ્વાધ્યાય, ધ્યાન, પ્રતિલેખન, પ્રતિક્રમણાદિ સાધનામાં લીન હોય, તે સમયે સંયોગવશ કોઈ મનુષ્ય, તિર્યંચ કે દેવ દ્વેષ, વેર, કુતૂહલ, પરીક્ષા, ભય, સ્વરક્ષણ આદિ કોઈ પણ દષ્ટિથી ઉપદ્રવ આપે, તો તે સમયે કર્મક્ષયાર્થી મુનિએ શાંતિ, સમાધિ પૂર્વક અને સંયમ નિષ્ઠાનો ભંગ ન કરતાં સમભાવપૂર્વક તેને સહન કરવા જોઈએ.

**ओए :–** અહીં **'ओज'** શબ્દનો અર્થ છે એકલા, રાગદ્વેષ રહિત, એક આત્મામાં લીન રહેનારા, શરીર વગેરે પરભાવમાં આસક્તિ અથવા સંબંધ ન રાખનારા. એવા અનાસક્ત નિર્મોહી મુનિ જ કષ્ટોને સહન કરવામાં સમર્થ થાય છે.

**समियदंसणे :–** ટીકાકારે સમિતદર્શન પદના ત્રણ અર્થ કર્યા છે– (૧) જેનું દર્શન સમ્યક્ થઈ ગયું હોય તે સમ્યગ્દષ્ટિ, (૨) જેનું દર્શન–(દષ્ટિ, જ્ઞાન કે અધ્યવસાય) શમિત–શાંત કે ઉપશાંત થઈ ગયું છે, તેમાં ચંચળતા કે અસ્થિરતા ન હોય તે સમિતદર્શન અને (૩) જેની દષ્ટિ સમતાને પ્રાપ્ત થઈ ચૂકી હોય, તે સમિતદર્શન–સમદષ્ટિ કહેવાય છે. આવા સમિતદર્શી મુનિ જ ઉપસર્ગ–પરીષહને સમભાવપૂર્વક સહી શકે છે. આ રીતે આ બન્ને વિશેષણથી આગમકારે મુનિની પરીષહ ઉપસર્ગને સહન કરવાની પૂર્ણ યોગ્યતા પ્રગટ કરી છે.

**ધર્મોપદેશ વિષયક જિનાજ્ઞા :–**

**૨ दयं लोगस्स जाणित्ता पाईणं पडीणं दाहिणं उदीणं आइक्खे**

**विभए किट्टए वेयवी ।**

**से उट्ठिएसु वा अणुट्ठिएसु वा सुस्सूसमाणेसु पवेयए– संतिं विरइं उवसमं णिव्वाणं सोयं अज्जवियं मद्दवियं लाघवियं अणइवत्तियं सव्वेसिं पाणाणं सव्वेसिं भूयाणं सव्वेसिं जीवाणं सव्वेसिं सत्ताणं, अणुवीइ भिक्खू धम्ममाइक्खेज्जा ।**

**શબ્દાર્થ :– दयं** = દયાને, **लोगस्स** = લોકની, જગતજીવોની, **जाणित्ता** = જાણીને, સંસારી પ્રાણીઓ પર દયા કરીને, **आइक्खे** = ધર્મનું કથન, **विभए** = ધર્મનું વિસ્તારથી કથન કરે તથા, **किट्टए** = કીર્તન કરે, **वेयवी** = વેદજ્ઞ પુરુષ, **से** = તે સાધુ, **उट्ठिएसु** = ધર્મનું આચરણ કરવામાં ઉદ્યમવંત, **अणुट्ठिएसु** = ધર્માચરણમાં અનુત્થિત, **सुस्सूसमाणेसु** = ધર્મને સાંભળવાની ઈચ્છા કરનાર પ્રાણીઓ માટે, **पवेयए** = ધર્મનો ઉપદેશ કરે, **संतिं** = શાંતિ, **विरइं** = વિરતિ, **उवसमं** = ઉપશમ, **णिव्वाणं** = નિર્વાણ, **सोयं** = શૌચ, વિચારોની પવિત્રતા, **अज्जवियं** = આર્જવ, સરળતા, **मद्दवियं** = મૃદુતા, નમ્રતા, **लाघवियं** = લઘુતા **अणइवत्तियं** = અહિંસા, નિરતિચાર વ્રતપાલન, યથાયોગ્ય, **अणुवीइ** = વિચાર કરીને, **भिक्खू** = સાધુ, **धम्ममाइक्खेज्जा** = ધર્મનું કથન કરે.

**ભાવાર્થ :–** આગમજ્ઞ મુનિ પૂર્વ, પશ્ચિમ, ઉત્તર અને દક્ષિણ સર્વ દિશાઓ અને વિદિશાઓમાં રહેલાં પ્રાણીઓ ઉપર દયા–અનુકંપાના ભાવપૂર્વક ધર્મનું આખ્યાન(ઉપદેશ) કરે. તેને સરળ કરી વિસ્તારથી સમજાવે તેમજ ધર્માચરણના સુંદર ફળનું પ્રતિપાદન કરે.

તે મુનિ સદ્જ્ઞાન સાંભળવાના ઈચ્છુક, સાંભળવા માટે ઉપસ્થિત, લાલાયિત વ્યક્તિઓને ધર્મોપદેશ આપે. પછી ભલે તે પૂર્વે ધર્માચરણ કરનાર હોય કે ન હોય. ધર્મોપદેશક મુનિ– ક્ષમા, દેશવિરતિ, સર્વવિરતિ, ઉપશમ–અકષાય, નિર્વાણ–કર્મક્ષય, વિમુક્તિ, શૌચ–પવિત્રતા, આર્જવ–સરળતા, માર્દવ–કોમળતા, નમ્રતા, લાઘવતા, અપરિગ્રહ તેમજ અહિંસા, આ વિષયોનું પ્રતિપાદન કરે તથા સમસ્ત પ્રાણીઓ, સર્વ ભૂતો, સર્વ જીવોનું, સર્વ સત્વોનું હિત વિચારીને ધર્મનું કથન કરે.

## વિવેચન :–

આ સૂત્રમાં ધર્મોપદેષ્ટાને ઉપયોગી અનેક વિષયોનું સૂચન છે, જેમ કે– ઉપદેશ શા માટે ? કેવી રીતે ? અને કોને અપાય ? તથા કયા વિષયો પર ઉપદેશ કરવો ? ઈત્યાદિ.

**दयं लोगस्स :–** મુનિ જગતના સમસ્ત પ્રાણીઓ પ્રત્યે દયાભાવ, અનુકંપા ભાવની લાગણી સાથે ઉપદેશ આપે.

મુનિ જીવનની ઉદારતા તેમજ વિરાટતાને બતાવતા અહીં મહત્ત્વપૂર્ણ વાત કહી છે કે મુનિ સર્વ જીવો પર દયા ભાવ રાખે. તે ઉપકારી હોય કે અપકારી, અમીર હોય કે અધર્મી આદિ કોઈ પણ જાતના

ભેદભાવ વિના સર્વ જીવોના કલ્યાણ માટે ઉપદેશ આપે તથા વિશ્વબંધુત્વની ભાવનાથી સર્વને સન્માર્ગે ચઢાવવાનો પ્રયત્ન કરે.

**आइक्खे :–** સામાન્ય રૂપે વસ્તુ સ્વરૂપને દર્શાવતાં ઉપદેશ આપે.

**विभए :–** તે વિષયને વિસ્તારથી ભેદ પ્રભેદ કરતાં સ્પષ્ટીકરણ કરીને સમજાવે.

**किट्टए :–** વ્રત, નિયમ, પ્રત્યાખ્યાન, સંયમ અને તપનો મહિમા કરે, ઉત્તમ ફળ બતાવે.

**सुस्सूसमाणेसु :–** જે સાંભળવાના ઈચ્છુક છે, શાંતિથી બેસીને સાંભળવા ઈચ્છે છે તે **ઉત્થિત**– ધર્મમાં જોડાઈ ગયેલ હોય અથવા **અનુત્થિત**– ધર્મ ક્યારે ય ન પામ્યા હોય એવા કોઈપણ બાલ, વૃદ્ધ જે ઉપસ્થિત થયા હોય તે સર્વને સંસાર સાગર પાર કરવા માટે મુનિ ધર્મનું કથન કરે.

અહીં શાસ્ત્રકારે ઉપદેશના વિષયોને ૯ શબ્દોમાં સમાવિષ્ટ કર્યા છે–

(૧) **संति**– જીવાદિ પદાર્થોનું, તત્ત્વનું કથન કરે. દ્રવ્યોના અસ્તિત્વ ભાવને સમજાવે, સમ્યક્ શ્રદ્ધા યોગ્ય તત્ત્વોને સમજાવે.

(૨) **विरइं**– હિંસાદિ પાપકાર્યોના ત્યાગને, દેશવિરતિ ધર્મ અર્થાત્ ગૃહસ્થ જીવનના વ્રત નિયમો સમજાવે અથવા યોગ્ય પાત્ર સમજીને સર્વવિરતિ ધર્મનું સ્વરૂપ સમજાવે તેમજ સંસારથી વિરક્ત થવાનો ઉપદેશ આપે. અન્ય પણ સપ્તવ્યસન, રાત્રિભોજન ત્યાગ, ચૌદ નિયમ ધારણા વગેરેનો ઉપદેશ આપે.

(૩) **उवसमं**– કષાય ત્યાગનો, ઉપશમ ભાવ રાખવાનો ઉપદેશ આપે. ક્રોધ ત્યાગના ઉપદેશ સાથે ક્ષમાનું મહાત્મ્ય સમજાવે.

(૪) **णिव्वाणं**– આત્મભાવમાં પરમશાંતિ, ધૈર્ય, કર્મ નિર્જરા અને નિર્વાણનો વિષય સમજાવે.

(૫) **सोयं**– હૃદયની પવિત્રતા, નિર્મળતા રાખવાનો, હંમેશાં કલુષિતતા રહિત રહેવાનો ઉપદેશ આપે.

(૬) **अज्जवियं**– સરળ નિષ્કપટ ભાવમાં રહેવાનો, માયા, છળકપટ ત્યાગનો ઉપદેશ આપે.

(૭) **मद्दवियं**– નમ્ર, નિરહંકારી, મૃદુ, કોમળ, વિનીત બનવાનો ઉપદેશ આપે.

(૮) **लाघवियं**– આસક્તિભાવ છોડવાનો, નિર્મમત્વી રહેવાનો, મોહ મમત્વ ઓછા કરવાનો, પરિગ્રહ અલ્પ કરવાનો અને બાહ્ય જવાબદારીથી નિવૃત્ત થઈ લઘુભૂત બનવાનો ઉપદેશ આપે.

(૯) **अणइवत्तियं**– આ શબ્દના ત્રણ અર્થ થાય છે– (૧) લીધેલા વ્રતોને શુદ્ધ દઢતા સાથે પાલન કરવાનો. (૨) સૂક્ષ્મ, બાદર હિંસાનું સ્વરૂપ બતાવી અહિંસા ધર્મમાં જોડવાનો ઉપદેશ આપવો. (૩) આગમોમાં જે વસ્તુ જે રૂપે કહી છે, તેને તે જ વસ્તુસ્વરૂપે કહેવી અર્થાત્ વસ્તુ સ્વરૂપથી વિરુધ્ધ કથન કરે નહિ, તેનું અતિક્રમણ કરીને ધર્મકથા કરે નહિ.

આ રીતે શાસ્ત્રકારે નવ શબ્દોમાં ઉપદેશના સર્વ વિષયોનું સંકલન કરી દીધું છે. વ્યાખ્યાતાએ આ વિષયોમાંથી યોગ્ય સમયે વિવેક સાથે ઉપદેશ આપવો જોઈએ. અનાવશ્યક મનોરંજનકારી, નિંદાકારી કે

સાવદ્યપ્રેરક, અવિવેકી ઉપદેશ ન આપવો જોઈએ.

## ધર્મોપદેષ્ટા મહામુનિ :–

**३ अणुवीइ भिक्खू धम्ममाइक्खमाणे णो अत्ताणं आसाएज्जा णो परं आसाएज्जा णो अण्णाइं पाणाइं भूयाइं जीवाइं सत्ताइं आसाएज्जा ।**

**से अणासायए अणासायमाणे वज्झमाणाणं पाणाणं भूयाणं जीवाणं सत्ताणं जहा से दीवे असंदीणे एवं से भवइ सरणं महामुणी ।**

**શબ્દાર્થ :– अणुवीइ** = વિચાર કર, **आइक्खमाणे** = કથન કરતા, **परं** = બીજાની, **णो आसाएज्जा** = આશાતના ન કરે, **अण्णाइं** = બીજા.

**अणासायए** = સ્વયં આશાતના નહિ કરતાં, **अणासायमाणे** = બીજા દ્વારા પણ આશાતના નહિ કરાવતાં, **वज्झमाणाणं** = વધ કરાતાં, સંસારમાં ડૂબતાં, **जहा** = જે રીતે, **असंदीणे** = પાણીની બાધાઓથી રહિત, અસંદીન, **दीवे** = દ્વીપ (વિશ્રામનું સ્થાન હોય છે), **एवं** = આજ રીતે, **सरणं भवइ** = શરણરૂપ થાય છે.

**ભાવાર્થ :–** ભિક્ષુ ઉક્ત વિવેક પૂર્વક ધર્મનું કથન કરતાં સ્વયંની આશાતના, અવહેલના કે અહિત કરે નહિ તેમજ શ્રોતાઓની પણ આશાતના, અવહેલના કરે નહીં અને અન્ય કોઈ પણ પ્રાણી, ભૂત, જીવ તથા સત્ત્વોને બાધા પહોંચાડે નહિ. આ પ્રમાણે કોઈની પણ આશાતના, અવહેલના ન કરનારા, આશાતના રહિત ધર્મોપદેશ કરનારા તે મહામુનિ અસંદીન દ્વીપની જેમ સંસારમાં ડૂબતાં વ્યથિત સર્વ પ્રાણી, ભૂત, જીવ, સત્ત્વને આશ્રયભૂત થાય છે.

## વિવેચન :–

આ સૂત્રમાં ધર્મકથા કરનારને શાસ્ત્રકારે ચાર પ્રકારનો વિવેક બતાવ્યો છે– (૧) પોતાનું અહિત કરે નહીં (૨) બીજાની અવહેલના કરે નહીં (૩) પ્રાણી, ભૂત, જીવ, સત્ત્વને આઘાત પહોંચાડે નહીં (૪) હિંસાજનક ઉપદેશ આપે નહીં.

**णो अत्ताणं आसाएज्जा :–** વૃત્તિકારે આત્માની આશાતનાનો અર્થ કર્યો છે કે પોતાના સમ્યગ્દર્શનાદિના આચરણમાં બાધા પહોંચાડવી તે આત્માશાતના છે. શ્રોતાની આશાતના, અવજ્ઞા કે બદનામી કરવી તે પરાશાતના છે. કોઈ પણ ત્રસ સ્થાવર જીવોની હિંસા થાય તેવો ઉપદેશ કરવો તે પ્રાણ, ભૂત, જીવ અને સત્વની આશાતના છે. મુનિ આ સર્વ આશાતનાઓથી રહિત ઉપદેશ કરે.

અહીં વ્યાખ્યાકારે ધર્માખ્યાન કર્તાની સાત યોગ્યતાઓ કહી છે– (૧) નિષ્પક્ષતા (૨) સમ્યગ્દર્શન (૩) સર્વભૂતદયા (૪) પૃથક્–પૃથક્ વિશ્લેષણ કરવાની ક્ષમતા (૫) આગમોનું જ્ઞાન (૬) ચિંતન કરવાની

ક્ષમતા (૭) આશાતનાનો ત્યાગ.

બીજી અપેક્ષાએ નીચેના ગુણોથી યુક્ત મુનિ ધર્માખ્યાન કરવામાં સમર્થ હોય છે– (૧) જે બહુશ્રુત હોય (૨) આગમજ્ઞાનમાં પ્રબુદ્ધ હોય (૩) ઉદાહરણ તેમજ હેતુ–અનુમાનમાં કુશળ હોય (૪) ધર્મકથાની લબ્ધિથી યુક્ત હોય (૫) ક્ષેત્ર, કાળ અને પુરુષના પરિચયમાં આવવા પર આ પુરુષ કોણ છે ? કયા દર્શનને માને છે ? આ રીતની પરીક્ષા કરવામાં કુશળ હોય. આ ગુણોથી સુસંપન્ન સાધક જ ધર્મકથા કરી શકે છે.

સૂયગડાંગ સૂત્રમાં ધર્માખ્યાનકર્તાની આધ્યાત્મિક ક્ષમતાઓનું પ્રતિપાદન કર્યું છે, જેમ કે– (૧) મન, વચન, કાયાથી જેનો આત્મા ગુપ્ત હોય (૨) હંમેશ દાંત–ઈન્દ્રિયો ને વશમાં રાખનાર હોય (૩) સંસાર સ્રોતને જેણે છોડી દીધો હોય (૪) જે આશ્રવ રહિત છે, તે જ શુદ્ધ, પરિપૂર્ણ અને અદ્વિતીય ધર્મનું કથન કરે છે. આ પ્રકારે અનાશાતનાકારી યોગ્ય ઉપદેશક સંસારના પ્રાણીઓ માટે અસંદીન દ્વીપની જેમ સંસાર સમુદ્ર પાર કરાવવામાં ઉપકારક થાય છે.

## પરિનિર્વાણદાયક ગુણો :–

**૪ एवं से उट्ठिए ठियप्पा अणिहे अचले चले अबहिल्लेस्से परिव्वए । संखाय पेसलं धम्मं दिट्ठिमं परिणिव्वुडे ।**

**શબ્દાર્થ :– से उट्ठिए** = તે સંયમમાં ઉત્થિત, **ठियप्पा** = મોક્ષમાં સ્થિત, **अणिहे** = રાગ, દ્વેષ રહિત, **अचले** = પરીષહ, ઉપસર્ગથી ચલાયમાન નહિ થનાર, **चले** = કર્મોનો ક્ષય કરનાર અપ્રતિબદ્ધ વિહારી, **अबहिल्लेस्से** = સંયમથી બહાર લેશ્યા ન કરતાં, અબહિર્લેશી, વિશુદ્ધલેશી, **परिव्वए** = પ્રવ્રજ્યાનું પાલન કરે, **संखाय** = જાણીને, **पेसलं** = ઉત્તમ, **दिट्ठिमं** = સમ્યગ્દષ્ટિ પુરુષ, **परिणिव्वुडे** = સર્વ રીતે શાંત રહે, કર્મબંધનથી નિવૃત્ત રહે.

**ભાવાર્થ :–** આ રીતે સંયમમાં ઉત્થિત, સ્થિતાત્મા, સ્નેહ, રાગભાવ રહિત, પરીષહો અને ઉપસર્ગોમાં અડગ રહેનાર, વિહાર ચર્યા કરનાર–અપ્રતિબદ્ધ વિહારી; અબહિર્લેશી અર્થાત્ સંયમ પરિણામોને સુરક્ષિત રાખતાં સંયમભાવમાં વિચરણ કરે. તે સમ્યગ્દષ્ટિવંત મુનિ પવિત્ર, ઉત્તમ ધર્મને સમ્યક્રૂપે જાણી કષાયો અને વિષયોને સર્વથા ઉપશાંત કરે, પ્રવ્રજ્યાનું સમ્યક્પાલન કરે, કર્મબંધથી નિવૃત્ત રહે.

## વિવેચન :–

આ સૂત્રમાં પરિનિર્વાણના ઈચ્છુક સાધક માટે અથવા ઉપદેશ સાંભળીને સંયમમાં ઉપસ્થિત થનાર સાધક માટે અનેક ગુણોનું વર્ણન કરેલ છે, જેમ કે– (૧) સંયમમાં ઉદ્યમશીલ (૨) સ્થિતાત્મા– સંયમભાવોમાં સ્થિર (૩) સ્નેહ કે આસક્તિ રહિત (૪) પરીષહ, ઉપસર્ગોથી અચલાયમાન (૫) વિચરણશીલ અથવા કર્મક્ષય કરવામાં પ્રયત્નશીલ (૬) સંયમથી અબહિર્લેશી અર્થાત્ સંયમમાં

અપ્રમત્તભાવે રહેનાર (૭) ઉત્તમ અને મનોહર ધર્મના વિચારક, સંથારાના સંકલ્પી (૮) દષ્ટિમાન– એકમાત્ર આત્મદષ્ટિ, આત્મકલ્યાણનું લક્ષ્ય. આ આઠ ગુણોથી યુક્ત સાધક **परिणिव्वुडे** = પરમનિવૃત્ત થાય છે અર્થાત્ કષાયોથી અને કર્મ પ્રવૃત્તિઓથી નિવૃત્ત થાય છે. પરિનિવૃત્તનો અર્થ એ છે કે તે સાધક ગુણ સંપન્ન અથવા મોક્ષગામી બને.

### કષાયથી મુક્તની મુક્તિ :–

**૫ तम्हा संगं ति पासह । गंथेहिं गढिया णरा विसण्णा कामक्कंता । तम्हा लूहाओ णो परिवित्तसेज्जा । जस्सिमे आरंभा सव्वओ सव्वत्ताए सुपरिण्णाया भवंति, जस्सिमे लूसिणो णो परिवित्तसंति, से वंता कोहं च माणं च मायं च लोभं च । एस तुट्टे वियाहिए । त्ति बेमि ।**

**શબ્દાર્થ :–** **तम्हा** = તેથી–(કારણ કે મિથ્યાદષ્ટિ પુરુષ), **संगं ति** = આસક્તિ અને કર્મબંધને, **गंथेहिं** = પરિવાર પરિગ્રહ, બાહ્ય, આભ્યંતર ગ્રંથિથી, **गढिया** = જકડાયેલા તથા, **विसण्णा** = તેમાં ખૂંચેલા, ડૂબેલા, આસક્ત, **कामक्कंता** = કામભોગોથી આક્રાંત, **लूहाओ** = રૂક્ષ, સંયમના અનુષ્ઠાનથી, સંયમનાં દુઃખથી, **णो परिवित्तसेज्जा** = ત્રાસ ન પામવું જોઈએ, ડરવું જોઈએ નહિ, ધૈર્યપૂર્વક સંયમનું પાલન કરવું જોઈએ, **जस्सिमे** = જે મુનિનો આ, **सुपरिण्णाया** = સુપરિજ્ઞાત, **लूसिणो** = વિષય કષાય, આત્મધન લૂંટનાર, **णो परिवित्तसंति** = ત્રાસ આપતા નથી, ડરતા નથી, **वंता** = ત્યાગકર, **कोहं** = ક્રોધ, **माणं** = માન, **मायं** = માયા, **लोभं** = લોભનો, **एस** = આ, **तुट्टे (तिउट्टे)** = મોહનીયાદિ કર્મોના બંધનથી છૂટેલા, **वियाहिए** = કહેલ છે.

**ભાવાર્થ :–** હે શિષ્ય ! તું કર્મથી નિવૃત્ત થવા માટે સંગ–આસક્તિ કે કર્મબંધના કારણોને જો. પરિવાર તથા પરિગ્રહમાં ગૃદ્ધ મનુષ્ય મોહરૂપ કીચડમાં ખૂંચતા જાય છે અને પછી વિષય વાસનાથી આક્રાંત થઈ જાય છે, તેઓને પણ તું જો કે તે પ્રાણી દુઃખ અને સંતાપમાં નિમગ્ન, ડૂબેલા રહે છે. આ જાણીને મુનિ સંયમ અને સંયમના કષ્ટોથી ક્યારે ય પણ ઉદ્વિગ્ન–ખેદખિન્ન થાય નહિ.

જે જ્ઞાની મુનિ સર્વ આરંભોને સર્વ પ્રકારે, સર્વાત્મના ત્યાગ કરે છે; જેઓને કામવાસનાઓ જરા માત્ર પણ પીડિત કરતી નથી; વાસ્તવમાં તે મુનિ ક્રોધ, માન, માયા અને લોભનો ત્યાગ કરનારા હોય છે. આવા મુનિ જ સંસાર સાંકળને તોડનારા કહેવાય છે.

### વિવેચન :–

આ સૂત્રમાં સંસારાસક્ત અને કામાસક્ત પુરુષોને તથા તેની દુઃખપૂર્ણ અવસ્થાઓને જોઈને સંયમમાં સ્થિર રહેવાની પ્રેરણા કરી છે. ત્યાર પછી આરંભ અને વિષયોથી મુક્ત થનારને કષાયમુક્ત કહ્યા છે અને તે કષાયમુક્ત સાધક કર્મમુક્ત કહેવાય છે. આ પ્રકારે આ સૂત્રમાં આરંભ, વિષય અને કર્મના

ત્યાગનું ક્રમબદ્ધ કથન છે.

**लूहाओ (लूसिणो) :–** અહીં **'लूह'** શબ્દ સંયમના અર્થમાં છે. તે શબ્દથી સંયમમાં સ્થિર રહેવાનું કહ્યું છે. "લૂસિણો" શબ્દથી વિષયોને આત્મધનના લૂંટારા કહી એમ સમજાવ્યું છે કે જેને વિષય બાધિત કરતા નથી તે કષાયોનો ત્યાગી થઈ જાય છે.

## મૃત્યુ સમયે શરીરનું વિસર્જન :–

**६** **कायस्स वियाघाए एस संगामसीसे वियाहिए । से हु पारंगमे मुणी । अवि हम्ममाणे फलगावतट्ठी कालोवणीए कंखेज्ज कालं जाव सरीरभेउ । त्ति बेमि ।**

**॥ पंचमो उद्देसो समत्तो ॥ छट्ठं अज्झयणं समत्तं ॥**

**શબ્દાર્થ :– कायस्स** = શરીરને, **वियाघाए** = વિનાશ, **एस** = આ, **संगामसीसे** = સંગ્રામભૂમિ, **वियाहिए** = કહ્યું છે, **पारंगमे** = સંસારના પરાગામી છે, **अवि हम्ममाणे** = જે પરીષહ, ઉપસર્ગોથી પીડિત કરાતા, **फलगावतट्ठी** = કાષ્ટની જેમ સ્થિર રહે છે, **कालोवणीए** = મૃત્યુકાળ નજીક આવવા પર, **कंखेज्ज** = પ્રતીક્ષા કરે, **कालं** = પંડિતમરણની, મૃત્યુની, **जाव** = જ્યાં સુધી, **सरीरभेउ** = શરીરનો નાશ થાય.

**ભાવાર્થ :–** શરીરનો સર્વથા ત્યાગ એ જ સંગ્રામ શીર્ષ, કર્મયુદ્ધનો મુખ્ય મોરચો કહ્યો છે. તે શરીરનો ત્યાગ કરનારા મુનિ જ પારગામી હોય છે, સંસારનો પાર પામી શકે છે. શરીર વ્યુત્સર્જનરૂપ સંથારામાં સ્થિત મુનિ પર કોઈ ઘાતક પ્રહાર કરે તો ઉદ્વિગ્ન ન થતાં લાકડાના પાટિયાની જેમ સ્થિર રહે. મૃત્યુ સમય નજીક જાણી સંથારો ગ્રહણ કરી તે મૃત્યુને વધાવે. જ્યાં સુધી શરીર આત્માથી છૂટું ન પડે ત્યાં સુધી સહજ સમાધિ ભાવોમાં રહે.

**॥ પાંચમો ઉદ્દેશક સમાપ્ત ॥ છઠ્ઠું અધ્યયન સમાપ્ત ॥**

## વિવેચન :–

સમસ્ત સાધનાનું પરિણામ છે કષાયમુક્તિ અને શરીરમોહથી મુક્તિ. સાધકે સાધનાના અંતે મૃત્યુ સમયે વિવેક સાથે શરીરનો પૂર્ણરૂપે ત્યાગ કરવો, તેના મોહ મમત્વ છાંડવા તત્પર થવું આવશ્યક છે. તે સાધનાને સંલેખના, સંથારો કહેવાય છે. તેને જ શાસ્ત્રકારે આ સૂત્રમાં કર્મ સંગ્રામનું શીર્ષ કહેલ છે અને ધૈર્ય સહનશીલતા સાથે તે સંથારાને પાર પામવા માટે ઉત્સાહિત કર્યા છે.

**संगामसीसे :–** શરીરનો સર્વથા વિનાશ–ત્યાગ એ જ સાધકના માટે સંગ્રામનો અગ્રિમ મોરચો છે. મૃત્યુનો ભય સંસારમાં સહુથી મોટો ભય છે. આ ભય પર વિજય પ્રાપ્ત કરનાર સર્વ પ્રકારના ભયોને

જીતી લે છે. મૃત્યુ આવે ત્યારે મારણાન્તિક વેદના સમયે શાંત, અવિચલ રહી, સંલેખના સંથારાનો સ્વીકાર કરે તે મૃત્યુના મોરચાને જીતી જાય છે. આ મોરચે જે હારી જાય છે તે ઘણું કરીને સંયમી જીવનની સર્વ ઉપલબ્ધિઓને ગુમાવે છે. તે સમયે શરીર પ્રત્યે સર્વથા નિરપેક્ષ અને નિર્ભય બનવું જરૂરી છે, અન્યથા કરેલી, કરાવેલી સર્વ સાધનાઓ નિષ્ફળ થઈ જાય છે. શરીર પ્રત્યેના મોહ–મમત્વ કે આસક્તિથી બચવા માટે પહેલેથી જ કષાય અને શરીરની સંલેખના (કૃશ કરવાની ક્રિયા) કરવાની હોય છે.

**से हु पारंगमे गुणी :–** જે મુનિ મૃત્યુ સમયે મોહમૂઢ થતો નથી, શરીરનો પૂર્ણ રીતે મોહ છોડી દે છે, પરીષહો અને ઉપસર્ગોને સમભાવથી સહન કરે છે, તે અવશ્ય પારગામી બને છે. તે સંસારનો અને કર્મનો અંત કરનાર થાય છે.

**अवि हम्ममाणे :–** સાધકે અંતિમ સમયે પરીષહો અને ઉપસર્ગોથી ગભરાવું જોઈએ નહિ, તેનાથી પરાજિત થવું ન જોઈએ પરંતુ તે આવે ત્યારે લાકડાના પાટિયાની જેમ સ્થિર રહેવું જોઈએ અન્યથા સમાધિ મરણનો અવસર ગુમાવીને બાલમરણને પ્રાપ્ત થઈ જાય.

**फलगावतट्ठी :–** આ શબ્દના બે પ્રકારે અર્થ સમજી શકાય છે– (૧) બંને બાજુથી છોલેલા પાટિયાની ઉપમા આપીને બતાવ્યું છે કે જેમ– લાકડાને બંને બાજુથી છોલીને તેના પાટિયાં બનાવવામાં આવે છે, તેમ સાધક શરીર અને કષાયથી કૃશ–પાતળો થઈ જાય છે. એવા સાધકને **फलगावतट्ठी** ની ઉપમા આપવામાં આવી છે. (૨) છોલાતા સમયે પાટિયામાં કોઈ પ્રકારની સંવેદના કે પ્રતિક્રિયા જણાતી નથી તેમ સાધક મૃત્યુ સમયે ગંભીર મુદ્રાથી સર્વ કષ્ટ સહન કરે. બીજી રીતે પાટિયાના દૃષ્ટાંતથી એમ પણ સમજવું કે પાટિયાને ઘસવાથી અને છોલવાથી તેને નુકશાન ન થતાં તેની ચમક ખીલી ઊઠે છે અને મૂલ્ય પણ વધી જાય છે. તેવી જ રીતે મૃત્યુ મોરચાના વીર સાધક કષ્ટો સહન કરવાથી આત્મ શુદ્ધિને પામે છે તેમજ તેમની તેજસ્વિતા વધી જાય છે. તેઓનો આત્મા આત્મવૈભવથી દેદિપ્યમાન થઈ જાય છે.

**कालोवणीए कंखेज्ज कालं जाव सरीर भेओ :–** આ સૂત્રાંશનો આશય છે કે **काल** = મૃત્યુ, **उपनीतः** = નિકટ આવી જાય ત્યારે અર્થાત્ મૃત્યુ સમયે સાધક **कंखेज्ज कालं** = મૃત્યુને ચાહે અર્થાત્ મૃત્યુને સ્વીકારી લે, વધાવી લે. મૃત્યુનો સમય આવવા પર મૃત્યુ પહેલાં સંથારો કરી લેવો એ મૃત્યુની કાંક્ષા કહેવાય. તે ઈચ્છાપૂર્વકનું મરણ કહેવાય. ખરેખર સફળ સાધક અનિચ્છાએ પરવશપણે મરતા નથી. તે તો હસતાં હસતાં સ્વેચ્છાએ મરણને પંડિત મરણથી વધાવીને સ્વીકારે છે અને શરીરનો આત્માથી ભેદ ન થાય ત્યાં સુધી તે પંડિત મરણની આકાંક્ષાના ઉન્નત પરિણામોને જાળવી રાખે છે.

## પાંચમો ઉદ્દેશક સંપૂર્ણ

**ઉપસંહાર :–** જીવ અને કર્મના અનાદિના સંબંધે અનંત–અનંતકાળનું પરિભ્રમણ ચાલું છે. અનંત જીવો ભય અને દુઃખથી ત્રસ્ત થઈ રહ્યા છે. સંસારરૂપી આ જલાશયમાં આસક્તિના આવરણે મોહરૂપી અંધકારના ઊંડાણમાં અથડાતો આત્મા નિર્મળ, સ્વચ્છ, અવકાશને પામી શકતો નથી. અંતઃકરણમાં જ્ઞાન રશ્મિઓને પ્રવેશવાનો અવસર રહેતો નથી. મોહના સઘન અંધકારમાં અથડાતો જીવ ક્યારેક માનવ

જીવનને પ્રાપ્ત કરે છે. તેમાં અનાસક્ત યોગને કેળવવા એકત્વભાવના, ઉપયોગમય જીવન, વૈરાગ્યભાવના અને વૃત્તિ પરનું નિયંત્રણ કરવું આવશ્યક છે. કામ વિકારો પર વિજય પ્રાપ્ત કરવા પૂર્વ સંબંધોથી નિવૃત્ત થયેલ સાધક જો તેને આધીન થાય તો પતનના માર્ગે ફેંકાઈ જાય છે. એ સ્થિતિ ન આવે માટે દેહ દમનની જરૂર છે સાથે ઉપકરણોની અલ્પતા પણ ઉપયોગી છે કારણ કે જેટલી સામગ્રી ઓછી તેટલી ઉપાધિ અને પાપ ઓછા થાય છે. બાહ્ય દૃષ્ટિના કારણે સાધક ત્રણ પ્રકારના ગર્વથી ગ્રસિત થાય તો લક્ષ્ય ચૂકાઈ જાય છે, તેથી સાધક આત્મલક્ષી બની જ્ઞાનીના અમૃતનો આસ્વાદન કરી સહિષ્ણુ બને.

પ્રાણીમાત્રના અસ્તિત્વને આત્મસાત કરી તેના નિવાસ સ્થાન રૂપ લોક પર વિજય મેળવવા અનેક પ્રકારના પરીષહોને સહી, વિવેક પૂર્વક લોકના નિષ્કર્ષ સ્વરૂપ રૂપાતીત, શબ્દાતીત આત્મસ્વરૂપને પામવા સાંયોગિક સંબંધે સંબંધિત અનાદિ કર્મોને નષ્ટ કરે છે.

**॥ અધ્યયન–૬/૫ સંપૂર્ણ ॥**

# સાતમું અધ્યયન

## પરિચય

આ અધ્યયનનું નામ 'મહાપરિજ્ઞા' છે. 'મહાપરિજ્ઞા'નો અર્થ છે, મહાન–વિશિષ્ટ જ્ઞાન દ્વારા મોહજનિત દોષોને જાણીને પ્રત્યાખ્યાન–પરિજ્ઞા દ્વારા તેમનો ત્યાગ કરવો.

સાર એ છે કે સાધક મોહ ઉત્પન્ન થવાના કારણોને તેમજ આકાંક્ષાઓ, કામનાઓ, વિષયભોગોની લાલસાઓ આદિથી બંધાતા મોહનીય કર્મના દુષ્પરિણામોને જાણીને તેમનો ક્ષય કરવા માટે મહાવ્રત, સમિતિ, ગુપ્તિ,પરીષહ ઉપસર્ગને સહન કરવા રૂપ તિતિક્ષા, વિષય–કષાય વિજય, બાહ્ય–આભ્યંતર તપ, સંયમ, સ્વાધ્યાય તેમજ આત્માની આલોચના આદિનો સ્વીકાર કરે એ મહાપરિજ્ઞા છે.

આચારાંગ નિર્યુક્તિ જે રૂપમાં આજે મળે છે, તેમાં નિર્યુક્તિકારે **'મહાપરિન્ના'** શબ્દના **'મહા'** અને **'પરિન્ના'** આ બે પદોનું નિરૂપણ કરીને,**'પરિન્ના'**ના પ્રકારોનું પણ વર્ણન કર્યું છે, તેમજ છેલ્લી ગાથામાં કહ્યું છે કે સાધકે દેવાંગના, નરાંગના આદિના મોહજનિત પરીષહો તથા ઉપસર્ગોને સહન કરી મન, વચન, કાયાથી તેનો ત્યાગ કરવો જોઈએ. આ પરિત્યાગનું નામ મહાપરિજ્ઞા છે.

સાત ઉદ્દેશકથી અલંકૃત આ સાતમું મહાપરિજ્ઞા નામનું અમૂલ્ય અધ્યયન વિચ્છેદ ગયું છે. આજે ઉપલબ્ધ નથી. તેના નામનો ઉલ્લેખ શ્રી સમવાયાંગ સૂત્રમાં છે. તેમાં સંયમની, બ્રહ્મચર્યની વિશેષ સાવધાની અને પરિસ્થિતિઓમાં પરાજિત ન થવાની પરિજ્ઞાનું વર્ણન હોવાથી તેનું મહાપરિજ્ઞા નામ સાર્થક છે. પ્રાચીન ટીકા, ચૂર્ણિ નિર્યુક્તિ અને અન્ય વ્યાખ્યાગ્રંથોને જોતાં લાગે છે કે આ અધ્યયનમાં અધિકાંશતઃ દેવાંગનાઓ અને નરાંગનાઓ જનિત ઉપસર્ગોનું, મોહોત્પાદક વિવિધ પરિસ્થિતિઓનું વર્ણન હતું. તેનાથી મુનિએ અંશ માત્ર પણ ચલિત ન થતાં અડગ રહેવાનો ઉપદેશ હતો. તેમજ કોઈ પ્રાચીન વર્ણન અનુસાર અસહ્ય ઉપસર્ગોના સમયે સામાન્ય, વિશેષ સાધુઓની સુરક્ષા માટે આકાશગામિની આદિ સહજ વિદ્યાના સૂત્ર પણ તેમાં હતા. આવશ્યક નિર્યુક્તિમાં કહ્યું છે કે–

**जेणुद्धरिया विज्जा आगाससमा महापरिण्णाओ ।**
**वंदामि अज्जवइरं अपच्छिमो जो सुयधराणं ॥ ७६९ ॥**

આ ગાથાથી એ જણાય છે કે આર્ય વજસ્વામીએ મહાપરિજ્ઞા અધ્યયનમાંથી કેટલીક વિદ્યાઓ ઉદ્ધૃત કરી હતી. પ્રભાવકચરિત વજપ્રબન્ધ (૧૪૮)માં પણ કહ્યું છે– વજસ્વામીએ આચારાંગના મહાપરિજ્ઞાધ્યયનમાંથી 'આકાશગામિની' વિદ્યા ઉદ્ધૃત કરી હતી.

મોહોત્પાદક અને વિશિષ્ટ વિદ્યાઓથી યુક્ત આ અધ્યયનના લેખનને અનુચિત્ત સમજીને શ્રી દેવર્ધિગણી ક્ષમાશ્રમણે અન્ય બહુશ્રુતોની સમ્મતિપૂર્વક તેને વિચ્છિન્ન કર્યું. શાસ્ત્ર લેખન કાળમાં શાસ્ત્ર

સંપાદનનો પૂર્ણ અધિકાર આચાર્યોએ જ રાખ્યો હતો કારણ કે મૌખિકજ્ઞાન તો સીમિત રહે છે. જ્યારે લેખિત વિષય, પરંપરાએ અસીમિત થાય તે નિશ્ચિત છે. તેથી ભવિષ્યની હિતબુદ્ધિથી, પારદર્શી આચાર્યોએ શાસ્ત્ર સંપાદન સ્વયં અધિકારપૂર્વક કર્યું હતું તે ઉચિત જ હતું. કેટલાક સૂત્રોના ભિન્ન ભિન્ન વર્ણન આજે ઉપલબ્ધ છે, તેનું પણ સરળ સમાધાન તે જ છે અન્યથા અનેક તર્ક–વિતર્ક થઈ શકે છે.

આજે સૂયગડાંગ સૂત્ર અધ્ય. ૪ ઉદ્દે.૨ માં સ્ત્રીચર્યાનું સાંગોપાંગ વર્ણન છે જેની વાંચના આપવી કે સાંભળવી તે પણ સંકોચજન્ય છે. તેમાં જે મોહત્પાદક વર્ણન છે, તેનાથી ઘણું વિસ્તૃત વર્ણન મહાપરિજ્ઞા અધ્યયનમાં હતું. તેથી લેખનકાલમાં તેને વિચ્છિન્ન કર્યું છે, એમ સમજવાથી યોગ્ય સમાધાન થઈ જાય છે.

નિર્યુક્તિકાર શ્રી દ્વિતીય ભદ્રબાહુસ્વામી શ્રી દેવર્દ્ધિગણીથી ૪૦–૫૦ વર્ષ પછી જ થયા હતા. ત્યાં સુધી આંશિક પરંપરા હતી, જેથી તેઓએ નિર્યુક્તિમાં તે અધ્યયનના નામની વ્યાખ્યા અને વિષય પરિચય આપ્યો છે. અધ્યયનના સાત ઉદ્દેશક હોવાનું કથન કરીને કોઈ પણ સૂત્ર વાક્ય, તેના અર્થ કે વિવેચનનો ઉલ્લેખ કર્યો નથી, તેથી સ્પષ્ટ થાય છે કે નિર્યુક્તિકારની પૂર્વે જ આ અધ્યયન વિચ્છિન્ન થયું હતું અને તે શાસ્ત્રલેખન કાલે જ વિચ્છિન્ન થયું હતું. ત્યાર પછી ચૂર્ણિકારે પણ નિર્યુક્તિના આધારે જ પોતાનો અભિપ્રાય પ્રગટ કર્યો છે. તત્પશ્ચાત્ ટીકાકારશ્રી શીલાંકાચાર્યે માત્ર વિચ્છેદ થયાનું જ કથન કર્યું છે.

આ પ્રશ્નનું મૂળભૂત કારણ એ છે કે શાસ્ત્ર લેખનકાળમાં જે સંશોધન, સંપાદનનું અધિકારપૂર્વક કામ કર્યું હતું તેનું વિવરણ ઈતિહાસરૂપે અલગ સંકલિત કર્યું નહીં હોય અથવા કદાચિત્ કર્યું હોય તો પણ તે એક બે પ્રત હોવાથી વિલીન થઈ ગયું હશે. તેનું જ્વલંત ઉદાહરણ છે–પ્રશ્નવ્યાકરણ સૂત્ર. નંદીસૂત્રમાં પ્રશ્નવ્યાકરણ અંગે ભિન્ન જ કથન છે અને ઠાણાંગ સૂત્ર, સમવાયાંગ સૂત્રમાં પ્રશ્નવ્યાકરણ સૂત્ર અંગે ભિન્ન કથન છે તેમાં એકરૂપતા નથી. વર્તમાને ઉપલબ્ધ પ્રશ્નવ્યાકરણનો વિષય ત્રણે સૂત્રોથી સર્વથા ભિન્ન છે.

આ રીતે અંગસૂત્રમાં પૂર્ણ પરિવર્તન કર્યા પછી પણ તેનું કોઈ લેખિત ઐતિહાસિક પ્રમાણ આચાર્યોએ સુરક્ષિત રાખ્યું નથી, તે જ અનેક પ્રશ્નોનું કે મૂંઝવણનું મૂળભૂત કારણ છે. આ પ્રમાણે વિચારવાથી યોગ્ય સમાધાન થઈ શકે છે.

**સાર :–** સ્ત્રી પરીષહનું મોહોત્પાદક વર્ણન અને વિશિષ્ટ વિદ્યાઓનો સંકેત હોવાથી લેખનકાળમાં આ અધ્યયન વિચ્છિન્ન કર્યું હતું પરંતુ સમવાયાંગ સૂત્રમાંથી તેનું નામ વિચ્છેદ કર્યું નથી. પ્રશ્નવ્યાકરણ સૂત્ર નવું કર્યું તોપણ નંદી, ઠાણાંગ, સમવાયાંગમાં પરિચય વિષય યથાવત્ રાખ્યો છે. જેથી આજના તાર્કિક જિજ્ઞાસુઓને અનેક સત્યાસત્ય વિષયક કલ્પનાઓ કરવી પડે છે.

ગમે તે હો, પરંતુ આવું ઉત્તમ અધ્યયન આજે આપણી દષ્ટિથી છેક જ વેગળું થયું છે તે બદલ સમવેદના પ્રકટ કર્યા સિવાય આપણે બીજું શું કરી શકીએ ?

❖❖❖❖❖

# આઠમું અધ્યયન

## પરિચય

આ અધ્યયનનું નામ 'વિમોક્ષ' છે. અધ્યયનની વચ્ચે અને છેલ્લે **'વિમોહ'** શબ્દનો પ્રયોગ થયો છે અને તેમાં કર્મ વિમોક્ષનું અધિકતમ વર્ણન છે, તેથી આ અધ્યયનનું 'વિમોક્ષ' નામ સાર્થક છે.

'વિમોક્ષ'નો અર્થ ત્યાગ કરવો, અલગ થઈ જવું છે અને વિમોહનો અર્થ મોહરહિત થઈ જવું તેવો થાય છે. તાત્ત્વિક દષ્ટિએ વિમોક્ષ અને વિમોહના અર્થમાં કોઈ વિશેષ અંતર નથી કારણ કે મોહરહિત થવાથી જ ત્યાગ થાય છે.

બેડી આદિ કોઈ બંધનરૂપ દ્રવ્યથી છૂટી જવું તે 'દ્રવ્ય વિમોક્ષ' છે અને આત્માને બંધનમાં નાખનાર કષાયો અથવા આત્માને લાગેલા કર્મોનાં બંધનરૂપ સંયોગથી મુક્ત થઈ જવું તે ભાવવિમોક્ષ છે.

આ અધ્યયનમાં ભાવ વિમોક્ષનું કથન કરવામાં આવ્યું છે. તેના બે પ્રકાર છે– દેશ વિમોક્ષ અને સર્વ વિમોક્ષ. અવિરતિ સમ્યગ્દષ્ટિને અનંતાનુંબંધી કષાયોનો જેટલો ક્ષયોપશમ, દેશવિરતિને અનંતાનુબંધી તેમજ અપ્રત્યાખ્યાની કષાયોનો જેટલો ક્ષયોપશમ અને સર્વવિરતિ સાધુને અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની તેમજ પ્રત્યાખ્યાની કષાયોનો જેટલો ક્ષયોપશમ તથા ક્ષપકશ્રેણીમાં જેના જેટલા કષાયો ક્ષીણ થયા છે તેઓનો તેટલો 'દેશવિમોક્ષ' કહેવાય છે. સર્વથા મુક્ત સિદ્ધોનો 'સર્વવિમોક્ષ' કહેવાય છે.

અનાદિ કર્મ બંધનથી બદ્ધ જીવનો કર્મથી સર્વથા મુક્તિરૂપ વિમોક્ષ તે ભાવવિમોક્ષ, તેવો પણ અર્થ કરી શકાય છે. આ ભાવ વિમોક્ષ માટે ભક્તપરિજ્ઞા, ઈંગિતમરણ અને પાદપોપગમન રૂપ સમાધિ મરણમાંથી કોઈ એક મરણનો અવશ્ય સ્વીકાર કરવાનો હોય છે. તે મરણ પણ ભાવવિમોક્ષનું કારણ હોવાથી ભાવવિમોક્ષ છે અને તેના અભ્યાસ માટે સાધક દ્વારા વિવિધ બાહ્ય–આભ્યંતર તપથી શરીર અને કષાયની સંલેખના કરવી, તેમને કૃશ કરવા તે પણ ભાવ વિમોક્ષ છે.

વિમોક્ષ અધ્યયનના આઠ ઉદ્દેશકો છે, તેમાં વિવિધ દષ્ટિકોણથી વિમોક્ષનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

**પ્રથમ ઉદ્દેશકમાં** સમનોજ્ઞ સમાચારીવાળા, અસમનોજ્ઞ સમાચારીવાળા અને અન્ય તીર્થિક સાધુની સાથે આહારના આદાન–પ્રદાનનું, અન્યતીર્થિકોની પ્રરૂપણાના જ્ઞાનનું અને જિનમતના અહિંસક આચારનું વર્ણન છે.

**દ્વિતીય ઉદ્દેશકમાં** આહાર, વસ્ત્ર આદિનું નિમંત્રણ અને ગવેષણા તથા તન્નિમિત્તક વધપરીષહ અને સમનોજ્ઞ–અસમનોજ્ઞ જૈન શ્રમણની સાથે આહાર આદિ વ્યવહારનું નિરૂપણ છે.

**તૃતીય ઉદ્દેશકમાં** યુવાનીમાં દીક્ષિત સાધુની વિકટ સાધના, લોકોનો ભ્રમ, તેનું નિવારણ અને સાવધાનીથી સંયમ સમાચારી પાલનનું કથન છે.

**ચોથા ઉદ્દેશકમાં** આઠ માસ પર્યંત ત્રણ વસ્ત્ર(પછેડી)ની પ્રતિજ્ઞા ધારણ કરનારની સાધના અને અંતે બ્રહ્મચર્ય ભંગ ન કરવા માટે વૈહાયસ મરણ(ફાંસીથી મરણ)નો સંકેત અને આરાધના નિરૂપિત છે.

**પાંચમા ઉદ્દેશકમાં** બે વસ્ત્રની પડિમા–પ્રતિજ્ઞા, નિર્બળતામાં પણ સામે લાવેલું કાંઈ પણ ગ્રહણ ન કરવાની દઢતા, વૈયાવચ્ચ સંબંધી પ્રતિજ્ઞાની ચૌભંગી, અંતે અસ્પષ્ટ ભક્ત પ્રત્યાખ્યાનનો સંકેત અને તેની આરાધનાનું સ્પષ્ટ કથન છે.

**છઠ્ઠા ઉદ્દેશકમાં** એક વસ્ત્રની આઠ માસની પ્રતિજ્ઞાનું વર્ણન, અનાસક્ત ભાવે આહાર કરવાની વિધિનો નિર્દેશ, અંતે ઈંગિનીમરણ અનશનનું વર્ણન છે.

**સાતમા ઉદ્દેશકમાં** આઠ માસ પર્યંત નિર્વસ્ત્ર રહેવાની પ્રતિજ્ઞા અથવા કટિબંધન (ચોલપટ્ટક) માત્ર ધારણ કરવાની પ્રતિજ્ઞા, આહાર આદાન–પ્રદાન સંબંધી પ્રતિજ્ઞા અને ચૌભંગી, અંતે પાદપોપગમન સંથારાનું વર્ણન છે.

**આઠમા ઉદ્દેશકમાં** ત્રણ પ્રકારના પંડિતમરણ–સંથારાનું પદ્યાત્મક વર્ણન છે.

❖❖❖❖❖

# આઠમું અધ્યયન–વિમોક્ષ

## પહેલો ઉદ્દેશક

**શ્રમણોમાં આહારનું આદાન–પ્રદાન :–**

**१ से बेमि– समणुण्णस्स वा असमणुण्णस्स वा असणं वा पाणं वा खाइमं वा साइमं वा वत्थं वा पडिग्गहं वा कंबलं वा पायपुंछणं वा णो पाएज्जा, णो णिमंतेज्जा, णो कुज्जा वेयावडियं परं आढायमाणे । त्ति बेमि ।**

**શબ્દાર્થ :– से बेमि** = હું કહું છું કે, **समणुण्णस्स** = જેના આચાર વિચાર સમાન છે, લિંગવેશ સમાન છે, પરંતુ આહાર વ્યવહારની મર્યાદા નથી, **असमणुण्णस्स** = જેના આચાર વિચાર સમાન નથી, **णो पाएज्जा** = આપે નહિ, **णो णिमंतेज्जा** = તેને દેવા નિમંત્રણ કરે નહિ, **णो कुज्जावेयावडियं** = વૈયાવચ્ચ પણ કરે નહિ, **परं** = અતિશય, **आढायमाणे** = આદરપૂર્વક આપે.

**ભાવાર્થ :–** જેનો વેશ અને શ્રદ્ધા સમાન છે અથવા જેના આચાર વિચાર સમાન છે પરંતુ આહાર વ્યવહારની મર્યાદા નથી તેવા સમનોજ્ઞ સાધુને તથા જેના આચાર વિચાર સમાન નથી તેવા અસમનોજ્ઞ સાધુને અશન, પાન, ખાદિમ, સ્વાદિમ તથા વસ્ત્ર, પાત્ર, કામળી કે પાદપ્રોંછન કોઈ પ્રયોજન વિના આદરપૂર્વક આપે નહિ, આપવા માટે નિમંત્રણ કરે નહિ અને તેઓની વૈયાવચ્ચ કરે નહિ.

**વિવેચન :–**

આ સૂત્રમાં જૈન શ્રમણોના પરસ્પરના આહાર વ્યવહારની વિશેષ મર્યાદાનું કથન છે.

**समणुण्णस्स :–** આ શબ્દના ત્રણ અર્થ છે. (૧) વેશ અને શ્રદ્ધાથી સમાન તે સમનોજ્ઞ (૨) આચાર વિચારથી સમાન તે સમનોજ્ઞ (૩) જેના વેશ, દર્શન આચારનું અનુમોદન કરી શકાય તે સમનોજ્ઞ.

**असमणुण्णस्स :–** આ શબ્દના પણ ત્રણ અર્થ છે. (૧) વેશ અને શ્રદ્ધાથી ભિન્ન (૨) આચાર વિચારથી ભિન્ન (૩) જેના વેશ દર્શન અને આચારનું અનુમોદન ન કરી શકાય તે અસમનોજ્ઞ.

જૈન શ્રમણોમાં કુલ, ગણ, સંઘ આદિ આગમ કથિત વિભાગો છે, તે તેની આભ્યંતર સુવ્યવસ્થા માટે છે. પ્રત્યેક ગણનાયક પોતાની નિશ્રાગત શ્રમણ–શ્રમણીઓની શાંતિ અને સંયમ સમાધિ માટે આહારાદિના આદાન–પ્રદાન સંબંધી સુનિયોજિત એવી એક આચારસંહિતા–વ્યવસ્થા સુનિશ્ચિત કરે છે.

આ વ્યવસ્થા અનુસાર જેટલા શ્રમણો એક સાથે એક માંડલામાં બેસી(એક સાથે બેસી) આહાર કરે, તે સાંભોગિક સાધુ કહેવાય છે અને તેમાં પરસ્પર આહારાદિ પદાર્થોનું આદાન પ્રદાન થઈ શકે છે. તે સિવાયના શ્રમણોની સાથે વિશિષ્ટ ગુરુ આજ્ઞા વિના આહારાદિ પદાર્થોનું આદાન પ્રદાન થઈ શકતું નથી. આ વ્યવસ્થા સાધુની વ્યાવહારિક પ્રવૃત્તિઓને સીમિત કરી, આત્મસાધનાના વિકાસ માટે છે.

ઉપરોક્ત દષ્ટિકોણને લક્ષ્યમાં રાખી સૂત્રકારે આ સૂત્રમાં સમનોજ્ઞ કે અસમનોજ્ઞ સર્વ જૈન શ્રમણોને પરસ્પર આહારાદિ કે વસ્ત્રાદિ આપવાનો અથવા નિમંત્રણ આપવાનો નિષેધ કર્યો છે.

**परं आढायमाणे :–** આ શબ્દ સૂચવે છે કે અત્યંત આદર સાથે નહિ પરંતુ ઓછા આદર સાથે એટલે અપવાદિક સ્થિતિમાં અસમનોજ્ઞ સાધુને આહારાદિ આપી શકાય છે. તેમાં સંસર્ગ કે સંપર્ક વધારવાની દષ્ટિનો નિષેધ હોવા છતાં વાત્સલ્ય તેમજ સેવા ભાવનાનો અવકાશ છે. તાત્પર્ય એ છે કે કદાચ સમનોજ્ઞ કે અસમનોજ્ઞ સાધુ અત્યંત બીમાર, અસહાય, અશક્ત, ગ્લાન, સંકટગ્રસ્ત કે એકાકી હોય તો તે સાધુઓ સાથે આહારાદિનું આદાન–પ્રદાન કરી શકાય, તેને નિમંત્રણ પણ આપી શકાય અને તેની સેવા પણ કરી શકાય. વાસ્તવમાં તો અલ્પ વ્યવહારના લક્ષ્યે અને સંસર્ગ જનિત દોષથી બચવા માટે જ આ પ્રકારનો નિષેધ કર્યો છે,

આ નિષેધ ભિન્ન ભિન્ન સમનોજ્ઞ કે અસમનોજ્ઞની સાથે રાગ, દ્વેષ, ઈર્ષ્યા, ઘૃણા, વેર, વિરોધ, ભેદભાવાદિ વધારવા માટે નથી, કેવળ પોતાના જ્ઞાન, દર્શન, ચારિત્રની નિષ્ઠામાં શિથિલતા આવી ન જાય તે લક્ષ્યે નિષેધ છે. સમાધિમરણની સાધનામાં પોતાના સમનોજ્ઞ સાધર્મિક મુનિની સેવા લેવાનો પણ નિષેધ કર્યો છે, તે પણ જ્ઞાન, દર્શન, ચારિત્રની દઢતા માટે જ છે પરંતુ મૈત્રી, કરુણા, પ્રમોદ, અને માધ્યસ્થ ભાવનાના અવકાશ માટે સૂત્રમાં આ **परं आढायमाणे** શબ્દ મૂક્યો છે.

## અન્યધર્મી સાથે આહાર વ્યવહાર નિષેધ :–

**૨ धुवं चेयं जाणेज्जा असणं वा *जाव* पायपुंछणं वा, लभिय णो लभिय भुंजिय णो भुंजिय, पंथं विउत्ता विउक्कम्म, विभत्तं धम्मं झोसेमाणे समेमाणे चलेमाणे पाएज्ज वा, णिमंतेज्ज वा कुज्जा वेयावडियं । परं अणाढायमाणे । त्ति बेमि ।**

**શબ્દાર્થ :–धुवं चेयं जाणेज्जा** = તમે આ નિશ્ચિત્ત સમજો, **लभिय** = પ્રાપ્ત થાય, મળ્યા હોય, **णो लभिय** = મળ્યા ન હોય, પ્રાપ્ત નહિ થાય, **भुंजिय** = જમીને, **णो भुंजिय** = જમ્યા વિના, **पंथं** = માર્ગને, **विउत्ता** = બદલીને, **विउकम्म** = ઉલ્લંઘન કરીને, મારી જગ્યાએ આવતા રહો, **विभत्तं** = ભિન્ન, **धम्मं** = ધર્મને, **झोसेमाणे** = સેવન કરતાં, **समेमाणे** = આવતાં, **चलेमाणे** = જાતાં, **पाएज्जा** = (આહારાદિ)આપે, **णिमंतेज्जा** = નિમંત્રણ કરે, **कुज्जा** = કરે, **वेयावडियं** = વૈયાવચ્ચ, **परं** = પૂર્ણરૂપે, **अणाढायमाणे** = આદર ન કરે, અસ્વીકાર કરે.

**ભાવાર્થ :–** શાક્યાદિ અન્ય શ્રમણ કદાચ મુનિને કહે– હે મુનિવર ! તમે આ વાતને નિશ્ચિત સમજો કે–અમારે ત્યાં તમારે આવવાનું જ છે; અશન, પાન, ખાદિમ, સ્વાદિમ કે વસ્ત્ર, પાત્ર, કંબલ, કે પાદપ્રોચ્છન આદિ તમને મળ્યા હોય કે ન મળ્યા હોય; તમોએ ભોજન કરી લીધું હોય કે ન કર્યું હોય; રસ્તો સીધો હોય કે વાંકોચૂકો હોય; અમારાથી તમારો આચાર અલગ હોવા છતાં તમારે અમારે ત્યાં અવશ્ય આવવાનું છે. આ આમંત્રણ તે ઉપાશ્રયમાં આવીને કરે કે રસ્તામાં ચાલતા કરે અથવા ઉપાશ્રયમાં આવીને કે રસ્તામાં ચાલતા તે અશન પાનાદિ આપે, તેના માટે નિમંત્રણ કરે કે અન્ય કોઈ પણ પ્રકારની વૈયાવચ્ચ કરે તો મુનિ તેની વાતનો આદર ન કરે, સ્વીકાર ન કરે. – એમ ભગવાને કહ્યું છે.

## વિવચેન :–

આ સૂત્રમાં ભિન્નધર્મી શ્રમણો સાથે આહાર વ્યવહારના સંબંધમાં વિવેક બતાવ્યો છે.

**धुवं चेयं जाणेज्जा :–** કોઈ ભિન્ન ધર્મવાળા શ્રમણ કોઈપણ પ્રકારે આહારાદિ માટે આગ્રહ કરે. તેઓના તે આગ્રહપૂર્ણ વ્યવહારભાવને આ શબ્દમાં બતાવેલ છે. તે કહે છે કે હે શ્રમણ ! તમે નિશ્ચિત સમજો કે તમારે અમારે ત્યાં આવવું જ પડશે.

તથાકથિત અન્યતીર્થિક ભિક્ષુઓ તરફથી કઈ કઈ રીતે સાધુને પ્રલોભન, આદરભાવ, વિશ્વાસાદિથી ફુલાવવામાં આવે, ફોસલાવવામાં આવે અને ફસાવવામાં આવે છે, તે અહીં બતાવ્યું છે. સાધુ પ્રલોભનમાં ફસાય ન જાય તે આશયથી જ શાસ્ત્રકારે તેની વાતનો અનાદર કરવાનો, ઉપેક્ષા કરવાનો નિર્દેશ કર્યો છે. મિથ્યાદષ્ટિની સાથે સંસ્તવ, અતિપરિચય તથા તેની પ્રશંસા, પ્રતિષ્ઠા આદિ રત્નત્રયને દૂષિત કરે છે.

**परं अणाढायमाणे :–** પૂર્ણ ઉપેક્ષા ભાવ. સંપર્ક નિષેધની અપેક્ષાએ અહીં અનાદર શબ્દનો પ્રયોગ છે. તેનો ભાવ એ છે કે ભિન્ન ધર્મવાળા શ્રમણોનું કોઈપણ પ્રકારે આમંત્રણ સ્વીકારે નહીં.

સૂત્રમાં જૈનેતર ભિક્ષુઓનું નિમંત્રણ હોવા છતાં આહારાદિ સ્વીકારવાનો નિષેધ છે. તે જ રીતે જૈન શ્રમણોમાં પણ જેનું લિંગ ભિન્ન હોય, સિદ્ધાંતોમાં વિપરીતતા હોય તો તેની સાથે આહારાદિ વ્યવહારનો નિષેધ સમજવો જોઈએ.

વિભિન્ન માન્યતા અને પ્રરૂપણાઓનાં કારણે અતિ સંપર્ક હાનિકારક બની શકે છે. વ્યાખ્યાગ્રંથો અનુસાર માન્યતા ભેદના કારણે એક બીજાને અભક્ષ્ય પદાર્થ ખાવામાં આપી દે અથવા સ્વતઃ અશાતાનો સંયોગ થઈ જાય તો એક બીજા પર સંદેહ ઉત્પન્ન થાય, તેથી ક્યારેક ધાર્મિક, સામાજિક વિરોધપૂર્ણ વાતાવરણ સર્જાય, આ કારણે સંયમ સાધક મુનિ અનાવશ્યક પરિસ્થિતિમાં વૃત્તિસંક્ષેપ રૂપ આગમ વિધાનોનું ઉલ્લંઘન ન કરે.

વિશેષ પરિસ્થિતિમાં અપવાદ રૂપે ક્યારેક ઉપરોક્ત આચરણ કરવું પડે, તો તેનો નિર્ણય ગીતાર્થ

શ્રમણ વિવેકપૂર્વક કરી શકે છે. તે કાર્ય તત્કાલીન માત્ર હોય છે. તે નિયમિત પ્રવૃત્તિરૂપ ન થાય તેવો છેદ સૂત્રોના વ્યાખ્યાકારોનો આશય છે.

## અન્યધર્મીના આચાર–વિચાર :–

**३ इहमेगेसिं आयारगोयरे णो सुणिसंते भवइ । ते इह आरंभट्ठी अणुवयमाणा हणपाणे घायमाणा, हणओ यावि समणुजाणमाणा, अदुवा अदिण्णमाइयंति, अदुवा वायाओ विउंजंति, तं जहा– अत्थि लोए, णत्थि लोए, धुवे लोए, अधुवे लोए, सादिए लोए, अणादिए लोए, सपज्जवसिए लोए, अपज्जवसिए लोए, सुकडे त्ति वा दुकडे त्ति वा कल्लाणे त्ति वा पावए त्ति वा साहु त्ति वा असाहु त्ति वा सिद्धी ति वा असिद्धी ति वा णिरए त्ति वा अणिरए त्ति वा । जमिणं विप्पडिवण्णा मामगं धम्मं पण्णवेमाणा । एत्थ वि जाणह अकम्मा ।**

**શબ્દાર્થ :–** **इह** = તે અન્ય ધર્મમાં, આ સંસારમાં, **एगेसिं** = કેટલાક મનુષ્ય, **आयारगोयरे** = આચાર સંબંધી જ્ઞાનથી, **णो सुणिसंते भवइ** = સારી રીતે પરિચિત હોતા નથી, **इह** = આ લોકમાં, **आरंभट्ठी** = આરંભ કરનારા હોય છે, **अणुवयमाणा** = આ પ્રમાણે બોલે છે, **हण** = મારો, **पाणे** = પ્રાણીઓને, **घायमाणा** = પ્રાણી હિંસાની આજ્ઞા આપે છે, પ્રાણીની હિંસા કરાવે છે, **अदिण्णमाइयंति** = અદત્તને ગ્રહણ કરે છે, **वायाओ** = વિવિધ પ્રકારના વચનને, **विउजंति** = બોલે છે, **सपज्जवसिए लोए** = લોક પર્યવસિત–સાંત છે, **अपज्जवसिए लोए** = લોક અપર્યવસિત–અંત રહિત છે, **सुकडे त्ति** = તેણે દીક્ષા લઈને સારુ કર્યું છે, સુકૃત છે, **दुक्कडे त्ति** = તેણે દીક્ષા લીધી તે સારું કર્યું નથી, દુષ્કૃત **कल्लाणे त्ति** = આ કાર્ય કલ્યાણકારી છે, પુણ્યકારી છે **पावए त्ति** = આ કાર્ય પાપકારી છે, પાપ **साधु त्ति** = આ સાધુ છે, સારું, **असाधु त्ति वा** = અસાધુ છે, ખરાબ, **सिद्धी ति वा** = સિદ્ધિ છે **असिद्धी ति वा** = સિદ્ધિ નથી, **णिरए ति वा** = નરક છે, **अणिरए त्ति वा** = નરક નથી, **जमिणं** = આ રીતે, **विप्पडिवण्णा** = વિવિધ આગ્રહોથી, પરસ્પર મતભેદ રાખનારા વાદી લોક, **मामगं** = પોત પોતાના, **धम्मं** = ધર્મને, **पण्णवेमाणा** = શ્રેષ્ઠ બતાવે છે, **जाणह** = જાણો, **एत्थवि** = આ અમારા ધર્મથી પણ, **अकम्मा** = કર્મ રહિત થવાય છે, મુક્તિ થાય છે.

**ભાવાર્થ :–** આ મનુષ્ય લોકમાં કોઈ અન્યતીર્થિક ભિક્ષુઓને જૈન આચાર–ગોચર અર્થાત્ શાસ્ત્રોક્ત આચરણ સુપરિચિત હોતું નથી. તેઓ પચન પાચનાદિ સાવદ્ય ક્રિયાઓ દ્વારા આરંભના અર્થી હોય છે, આરંભ કરનારના વચનોની અનુમોદના કરે છે. તે પોતે જીવહિંસા કરે છે, બીજા પાસે જીવહિંસા કરાવે છે, અને પ્રાણીવધ કરનારની અનુમોદના કરે છે. અથવા તે અદત્તને પણ ગ્રહણ કરે છે.

તેઓ વિવિધ પ્રકારના એકાંત તેમજ નિરપેક્ષ વચનોનો પ્રયોગ કરે છે અર્થાત્ પરસ્પર વિસંગત–વિરુદ્ધ એકાંતવાદની પ્રરૂપણા કરે છે. જેમકે– કેટલાક 'લોક છે' તેમ કહે છે તો કેટલાક 'લોક નથી' તેમ કહે

છે. કેટલાક લોકને ધ્રુવ, કેટલાક અધ્રુવ, કેટલાક લોકને સાદિ, કેટલાક અનાદિ, કેટલાક લોકને સાંત, કેટલાક અનંત માને છે. આ જ રીતે સુકૃત–દુષ્કૃત, પુણ્ય–પાપ, સારું–નરસું, સિદ્ધિ–અસિદ્ધિ અને સ્વર્ગ–નરકની બાબતમાં પરસ્પર વિરોધી માન્યતાઓ પ્રવર્તે છે.

આ પ્રમાણે પરસ્પર વિરોધી વાદોને માનતા, અનેક પ્રકારના આગ્રહને રાખતા, આ મતવાદી પોત પોતાના ધર્મની પ્રરૂપણા કરે છે અને કહે છે કે અમારા આ ધર્મનો સ્વીકાર કરવાથી કર્મ રહિત અવસ્થાની પ્રાપ્તિ થાય છે, એમ તમે જાણો.

## વિવેચન :–

પૂર્વ સૂત્રમાં અન્યધર્મી શ્રમણોના સંપર્કનો નિષેધ છે તેના આચાર અને વિચારની ભિન્નતારૂપ બે કારણ આ સૂત્રમાં બતાવ્યા છે. (૧) લોકમાં અન્ય ધર્મી સાધુઓના આચાર વિભિન્ન પ્રકારના હોય છે. કેટલાકના આચાર ગૃહસ્થ જેવા હોય છે. તેઓ જમીન, જાયદાદ, સ્ત્રી, પરિવાર, મઠ વગેરે રાખે છે. તેઓને સ્નાન, મંજન, ક્રય, વિક્રય, વાહન વ્યવહાર હોય છે, તો કેટલાક આ બધાના ત્યાગી હોય તોપણ પૃથ્વી, પાણી, અગ્નિ, કંદમૂળ આદિ વનસ્પતિની હિંસા વિવિધ પ્રકારે કરતા કે કરાવતા હોય છે. (૨) તેઓના વિચારો અને સિદ્ધાંતો એકાંતિક છે. તેને શાસ્ત્રકારે લોક, કૃત્ય, સાધુ અને સિદ્ધિ તથા નરકના આલંબને પ્રકટ કર્યા છે. આમાંથી કોઈ, કોઈ તત્ત્વનું પ્રતિપાદન કરે તો બીજા તેનો સર્વથા નિષેધ કરી અન્ય રીતે પ્રતિપાદન કરે છે. કોઈ લોકની ઉત્પત્તિ ઈંડાથી માને છે. કોઈ લોકને નિત્ય માને, કોઈ અનિત્ય માને છે. વેદાંત દર્શન લોકને ધ્રુવ માને છે તો બૌદ્ધદર્શન લોકને અધ્રુવ માને છે. કોઈ વિષ્ણુની નાભિથી ઉત્પન્ન થતા કમલથી સૃષ્ટિનું સર્જન માને છે.

કોઈ દીક્ષા–ગૃહત્યાગ ને શ્રેષ્ઠ કહે તો કોઈ તેનો નિષેધ કરે છે, કોઈ ઉંમરથી દીક્ષાનો સંબંધ કરે છે, તો કોઈ બાલ બ્રહ્મચારી ઋષિ મહર્ષિઓને સ્વીકારે છે. કોઈ ધર્મને કલ્યાણકારી માને છે. તો કોઈ ધર્મને નિરર્થક કૃત્ય કહે છે. કોઈ સાધુઓનું મહત્વ સ્વીકારે છે, તો કોઈ તેઓને ઢોંગી કે પૃથ્વી પર ભારભૂત માનીને તિરસ્કાર કરે છે. કોઈ નરક, સ્વર્ગ આ મૃત્યુલોકમાં જ માની લે છે, સ્વતંત્ર અસ્તિત્વ માનતા નથી. કોઈ મોક્ષ, મુક્તિ, સિદ્ધાત્માને જ માનતા નથી. આ પ્રકારે વિભિન્ન એકાંતવાદ લોકમાં પ્રવર્તે છે. વર્તમાને કોઈ એકાંત નિશ્ચયવાદી હોય છે, કોઈ ભાવવાદી હોય છે, કોઈ પુનર્જન્મ સ્વીકારતા નથી તો કોઈ યોનિ પરિવર્તન માનતા નથી અર્થાત્ મનુષ્ય મનુષ્ય જ થાય, પશુ પશુ જ થાય, સ્ત્રી સ્ત્રી જ થાય, આવા ઘણા એકાંતવાદ છે. જ્યારે વીતરાગ સિદ્ધાંત અનેકાંતમય છે. તે સર્વનો સમન્વય સ્યાદ્વાદથી કરે છે. વસ્તુના અનેક ધર્મને યથાર્થરૂપે જાણીને તેની પ્રરૂપણા કરે છે.

**सुणिसंते :–** આ શબ્દના બે પ્રકારે અર્થ છે– (૧) તે અન્ય ધર્મીઓને જૈન સાધુઓના આચારનું સાચું જ્ઞાન હોતું નથી. (૨) તેઓનો આચાર સુવિચારપૂર્ણ કે યોગ્ય નથી, માટે સાધુ થઈને પણ તે આરંભ સમારંભ કરે છે. અદત્ત પણ(આજ્ઞા વિના–આપ્યા વિના)ગ્રહણ કરી લે છે.

**अणुवयमाणा :–** આ શબ્દના વિવિધ પ્રકારે અર્થ થાય છે– (૧) ઔદ્દેશિક આહારાદિ ગ્રહણમાં ધર્મ કહે છે. (૨) પ્રાણીઓની હિંસા કરો તેમ કહી હિંસાનો આદેશ કરે છે. (૩) તે આરંભના કાર્યની અનુમોદના

કરે છે. (૪) તે બીજાઓનું અનુસરણ કરી બોલે છે.

**अकम्मा :–** દરેક મત–મતાંતરવાળા પોતપોતાના સિદ્ધાંત કે વિચારણાઓનું અનુસરણ કરવાથી મુક્તિ કે કલ્યાણ થવાનું માને છે અને અમારા ધર્મથી કર્મ રહિત અવસ્થા પ્રાપ્ત કરી શકાય છે તેવી પ્રરૂપણા કરે છે. આ **अकम्मा** શબ્દની જગ્યાએ ઘણી પ્રતોમાં સંસ્કૃત શબ્દ **अकस्मात्** પણ મળે છે અને તેના વિવિધ પ્રકારે અર્થ કરાય છે. તે એક લિપિદોષ છે.

## વિવિધ વાદ પ્રતિ વચનગુપ્તિ :–

**૪ एवं तेसिं णो सुअक्खाए णो सुपण्णत्ते धम्मे भवइ । से जहेयं भगवया पवेइयं आसुपण्णेण जाणया पासया । अदुवा गुत्ति वओगोयरस्स । त्ति बेमि ।**

**શબ્દાર્થ :– तेसिं** = તેઓનો ધર્મ, **णो सुअक्खाए** = સારી રીતે કહેલો નથી, **णो सुपण्णत्ते** = સુપ્રજ્ઞપ્ત પણ નથી, **जहेयं** = જે આ યથાર્થ, **आसुपण्णेण** = આશુપ્રજ્ઞ, **जाणया** = જાણનાર–કેવળજ્ઞાની, **पासया** = જોનાર–કેવળદર્શની, **गुत्ति** = ગુપ્તિ, **वओगोयरस्स** = વચનની ગુપ્તિ, ભાષા સમિતિનો ઉપદેશ આપ્યો છે.

**ભાવાર્થ :–** આ રીતે તે એકાંતવાદીઓએ કહેલો ધર્મ સુઆખ્યાત–યુક્તિસંગત પણ નથી અને સુપ્રરૂપિત પણ નથી. જે રીતે આશુપ્રજ્ઞ સર્વજ્ઞ સર્વદર્શી ભગવાન મહાવીરે અનેકાંતરૂપ સમ્યક્ સિદ્ધાંતનું પ્રતિપાદન કર્યું છે તેવું તેઓનું પ્રતિપાદન નથી. મહાવીર સ્વામીએ વાણીનો વિવેક, પ્રરૂપણા વિવેક બતાવ્યો છે તે પૂર્ણ શુદ્ધ અને અનેકાંતિક છે.

## વિવેચન :–

**णो सुयक्खाए सुपण्णत्ते :–** અન્યતીર્થિકોનો ધર્મ(દર્શન) સમ્યક્ હેતુ, યુક્તિ, તર્ક પૂર્વકનો નથી અને સમ્યક્ પ્રકારે પ્રરૂપિત પણ નથી. તેમ છતાં સાધુઓ એકાંતવાદમાં ફસાઈ ન જાય તેથી સૂત્રકારે તેનું કથન કર્યું છે.

**गुत्ति वओगोयरस्स :–** ભગવાન મહાવીરે અનેકાંતરૂપ સમ્યગ્વાદનું પ્રતિપાદન કર્યું છે. અન્યદર્શની એકાંતવાદી સાધક સરળ હોય, જિજ્ઞાસુ હોય, તત્ત્વ સમજવા ઈચ્છતો હોય, તેને શાંતિ, ધૈર્ય અને યુક્તિથી સમજાવવામાં આવે તો તે અસત્ય અને મિથ્યાત્વથી મુક્ત થાય છે. જો તે જિજ્ઞાસુ કે સરળ ન હોય, વક્ર હોય, વિતંડાવાદી હોય, વચન યુદ્ધ કરવા તત્પર હોય અથવા દ્વેષ અને ઈર્ષ્યાના કારણે લોકોમાં જૈન સાધુઓને બદનામ કરતો હોય, વાદ–વિવાદ અને ઝઘડા કરવા તૈયાર હોય તો શાસ્ત્રકાર કહે છે કે– આવી સ્થિતિમાં મુનિ વાણીની ગુપ્તિ રાખે. તે વચન ગુપ્તિના અહીં ત્રણ અર્થ છે– (૧) તે મુનિ પોતાની (સત્યમયી) વાણીની સુરક્ષા કરે, ભાષા સમિતિ પૂર્વક વસ્તુનું યથાર્થ સ્વરૂપ કહે. (૨) વચન ગુપ્તિ રાખે અર્થાત્ સર્વથા મૌન રાખે. (૩) અન્યમતની અનેક વાણી સંબંધી એકાંત પ્રરૂપણાના પ્રતિપક્ષમાં કહ્યું છે કે જિન શાસનમાં આવી એકાંત પ્રરૂપણા નથી પરંતુ વાણીનો પૂરો વિવેક રાખીને દરેક તત્ત્વોની પ્રરૂપણા

કરવામાં આવી છે.

## અનેકાંતિક વીતરાગ ધર્મ :–

**૫ सव्वत्थ सम्मयं पावं । तमेव उवाइकम्म, एस महं विवेगे वियाहिए । गामे अदुवा रण्णे, णेव गामे णेव रण्णे, धम्ममायाणह पवेइयं माहणेण मइमया । जामा तिण्णि उदाहिया जेसु इमे आयरिया संबुज्झमाणा समुट्ठिया, जे णिव्वुडा पावेहिं कम्मेहिं अणियाणा ते वियाहिया ।**

**શબ્દાર્થ :– सव्वत्थ** = સર્વ મત મતાંતરોમાં, **सम्मयं** = માનેલ છે, સ્વીકારેલ છે, સંમતિ આપે છે, **पावं** = પાપાનુષ્ઠાન, **तमेव** = તે પાપાનુષ્ઠાનને, **उवाइकम्म** = ઉલ્લંઘન કરીને રહેવું, તે પાપોનો ત્યાગ કરવો, **एस** = આ, **महं** = મહાન, **विवेगे** = વિવેક, **वियाहिए** = કહ્યો છે, **गामे** = ગામમાં, **रण्णे**= જંગલમાં, **णेव** = ન તો, **आयाणह** = આ જાણો, જાણીને, **पवेइयं** = આ કહ્યું છે, **माहणेण** = ભગવાને, **मइमया** = કેવળજ્ઞાની, **जामा** = વય–અવસ્થા, યામ, વ્રત, **तिण्णि** = ત્રણ, **उदाहिया** = કહ્યા છે, **जेसु** = જેમાં, **इमे** = આ, **आयरिया(आरिया)** = આર્ય પુરુષ, આચાર્ય, **संबुज्झमाणा** = બોધને પ્રાપ્ત થયેલા, **समुट्ठिया** = સમુપસ્થિત છે, **जे** = જો, **णिव्वुडा** = નિવૃત્ત થયા છે, **अणियाणा** = કર્મરહિત.

**ભાવાર્થ :–** સર્વ મતોમાં હિંસાદિ પાપોનો કોઈને કોઈ સ્વરૂપે સ્વીકાર કર્યો છે. પ્રભુ મહાવીરે તેનો અસ્વીકાર કરીને આ મહાન વિવેક કહ્યો છે કે પાપનો ત્યાગ એ જ ધર્મ છે. આ પાપ ત્યાગરૂપ ધર્મ ગામમાં પણ થઈ શકે છે અને જંગલમાં પણ થઈ શકે છે પરંતુ એકાંતરૂપે ધર્મ ગામમાં જ થાય એવું નથી અથવા જંગલમાં જ થાય તેવું પણ નથી. ધર્મ તો વ્યક્તિના અંતરમાં હોય છે, તે ગમે ત્યાં થઈ શકે છે. આ રીતે અનેકાંતિક તત્ત્વજ્ઞાનથી જાણીને સર્વજ્ઞ મહામાહણ ભગવાન મહાવીરે ફરમાવ્યું છે.

ભગવાને આ પણ અનેકાંતિક માર્ગ બતાવ્યો છે કે જીવનની ત્રણ વય છે. આ ત્રણે ય વયોમાં બોધ પ્રાપ્ત કરીને કેટલા ય આચાર્ય સંયમમાં ઉપસ્થિત થયા છે, જે પાપકર્મથી અને કષાયોથી નિવૃત્ત થયા છે અને થાય છે તેઓને નિદાન રહિત–કર્મરહિત કહ્યા છે.

## વિવેચન :–

આ સૂત્રમાં ત્રણ પ્રકારે વિવેક બતાવ્યો છે– (૧) પાપનું ઉલ્લંઘન અર્થાત્ પાપોનો પૂર્ણતયા ત્યાગ એ જ વિવેકમય ધર્મ છે. (૨) ધર્માચરણ માટે કોઈપણ ક્ષેત્ર નડતું નથી. (૩) જીવનની કોઈ પણ અવસ્થામાં ધર્માચરણ કરવું હિતકારક જ છે. આત્મકલ્યાણ માટે પાપનો સર્વથા ત્યાગ એ જ મહત્ત્વનું છે. આ પ્રકારે અહીં ધર્માચરણની ક્ષેત્રકાલ સંબંધી અનેકાંતતા દર્શાવી છે. પ્રાચીન કાળમાં કેટલાક લોકોની શ્રદ્ધા અને પ્રરૂપણા આ પ્રકારની હતી કે ગામ, નગર આદિ જનસમૂહમાં રહીને જ સાધના થઈ શકે છે. જંગલ આદિ એકાંત સ્થાનમાં સાધુને પરીષહની સંભાવના બહુ અલ્પ રહે છે અને કદાચ પરીષહ આવે તોપણ તે

ચલિત થઈ જાય છે. એકાંતમાં રહેનાર વ્યક્તિ ક્યારેક સ્વછંદી બની જાય, તેની પાપવૃત્તિ વધી જાય છે.

કેટલાકની શ્રદ્ધા અને પ્રરૂપણા સર્વથા વિપરીત જ હતી. તેઓના મતાનુસાર સાધના માટે જંગલ આદિ એકાંત સ્થાન જ યોગ્ય છે. જનસમૂહની વચ્ચે રહેવાથી રાગદ્વેષ થવાની કે મોહભાવનાની વૃદ્ધિ થવાની સંભાવના રહે છે. આ બંને એકાંતવાદોનું પ્રતિવાદ કરતાં શાસ્ત્રકાર કહે છે–

**णेव गामे, णेव रण्णे :–** ગામમાં રહેવાથી કાંઈ ધર્મ થતો નથી કે જંગલમાં વનવાસી થઈને રહેવાથી કાંઈ ધર્મ થતો નથી. ધર્મનો આધાર ગામ, જંગલાદિ કોઈપણ સ્થાન નથી, તેનો આધારતો આત્મા છે, આત્માના ગુણ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રમાં ધર્મ છે. જેને જીવ, અજીવાદિનું જ્ઞાન હોય, તત્ત્વો પર યથાર્થ શ્રદ્ધા હોય અને મોક્ષમાર્ગનું યથાર્થ આચરણ હોય તો તે કોઈ પણ સ્થાને ધર્મ ક્રિયા કરી શકે છે.

**जामा तिण्णि उदाहिया :–** 'યામ' શબ્દના ત્રણ અર્થ છે– પ્રહર, અવસ્થા, વ્રત. અહીં અનેકાંતનો પ્રસંગ હોવાથી અને ગ્રામાદિ સર્વત્ર ધર્મ થઈ શકે એ કથનને અનુરૂપ જીવનની ત્રણ અવસ્થાનો અર્થ વિશેષ પ્રાસંગિક છે. અર્થાત્ બાલ, યુવા અને વૃદ્ધ આ ત્રણે અવસ્થા ધર્મારાધન માટે યોગ્ય છે. ટીકામાં કહ્યું છે કે– મુનિધર્મની ત્રણ અવસ્થાઓ છે– પહેલી આઠ વર્ષથી લઈને ત્રીસ વર્ષ સુધીની, બીજી અવસ્થા એકત્રીસ વર્ષથી લઈને સાઠ વર્ષ સુધીની અને ત્રીજી અવસ્થા તેનાથી આગળની છે. આ ત્રણ અવસ્થા સંયમ ધર્મની તે 'ત્રિયામ' છે. ઠાણાંગ સૂત્રમાં આ કથન પ્રથમ, મધ્યમ અને અંતિમ 'યામ' થી કર્યું છે.

યામ શબ્દનો મહાવ્રત અર્થ પણ થાય છે અને **तिण्णि** શબ્દથી અહિંસા, સત્ય અને અપરિગ્રહ આ ત્રણ મહાવ્રત ગ્રહણ કરાય છે. અપરિગ્રહમાં અદત્તાદાન અને મૈથુન વિરમણ સમાઈ જાય છે.

મનુસ્મૃતિ અને મહાભારતાદિ ગ્રંથોમાં એક પ્રહરને યામ કહે છે, તે દિવસનો અને રાત્રિનો ચોથો ભાગ હોય છે. દિવસ રાતના કુલ આઠ યામ થાય છે.આ રીતે યામ શબ્દ કાલાવધિને પણ બતાવે છે.

**अणियाणा :–** નિદાન શબ્દ અહીં કર્મો માટે વપરાયો છે. તેથી અનિયાણનો અર્થ છે, કર્મથી રહિત, કર્મોથી મુક્ત. અહીં કહ્યું છે કે જે પાપકાર્યોથી નિવૃત્ત થાય છે તે કર્મોથી મુક્ત કહેવાય છે.

## દંડ સમારંભ–વિમોક્ષ :–

**६ उड्ढं अहं तिरियं दिसासु सव्वओ सव्वावंति च णं पाडियक्कं जीवेहिं कम्मसमारंभेणं । तं परिण्णाय मेहावी णेव सयं एतेहिं काएहिं दंडं समारंभेज्जा, णेवऽण्णेहिं एतेहिं काएहिं दंडं समारंभावेज्जा, णेवण्णे एतेहिं काएहिं दंडं समारभंते वि समणुजाणेज्जा। जे य अण्णे एतेहिं काएहिं दंडं समारभंति तेसिं पि वयं लज्जामो । तं परिण्णाय मेहावी तं वा दंडं, अण्णं वा दंडं, णो दंडभी दंडं समारंभेज्जासि । त्ति बेमि ।**

**॥ पढमो उद्देसो समत्तो ॥**

**શબ્દાર્થ :– सव्वावंति** = સર્વ અનુદિશાઓમાં, **पाडियक्कं** = પ્રત્યેક, **जीवेहिं** = જીવોમાં, **कम्मसमारंभेण** = જે કર્મનો સમારંભ થાય છે, **वयं** = અમે, **लज्जामो** = શરમાઈએ છીએ, તેઓ પર અમને દયા આવે છે, તે પણ જોઈ શકીએ નહીં, **परिण्णाय** = જાણીને, **तं** = તે, **अण्णं** = મૃષાવાદાદિ, બીજા, **दंडभी** = ઉપમર્દનરૂપ દંડથી ભય કરનારા, **णो समारंभेज्जासि** = આરંભ કરે નહિ.

**ભાવાર્થ :–** ઊંચી, નીચી તેમજ તિરછી સર્વ દિશાઓ અને વિદિશાઓમાં સર્વ પ્રકારથી એકેન્દ્રિયાદિ જીવોમાંથી પ્રત્યેક દ્વારા કર્મ સમારંભ કરાય છે. મેધાવી સાધક તેનું જ્ઞાન કરીને, સ્વયં આ છકાયજીવોની હિંસા–સમારંભ કરે નહિ, બીજા પાસે આ જીવનિકાયનો દંડ–સમારંભ કરાવે નહિ અને આ જીવનિકાય પ્રતિ દંડ–સમારંભ કરનારની અનુમોદના કરે નહિ.

જે અન્ય ભિક્ષુ આ જીવનિકાયોનો દંડ સમારંભ કરે છે, તેના આ હલકા કૃત્યથી અમે લજ્જિત થઈએ છીએ અર્થાત્ તે કાર્યને અમે જોઈ શક્તા નથી, સહન કરી શક્તા નથી.

ઉપર કહેલા તત્ત્વોને સમજીને દંડનો ભય રાખનાર મેધાવી મુનિ તે જીવહિંસારૂપ દંડનો અથવા મૃષાવાદ આદિ કોઈ અન્ય દંડ–પાપનો સમારંભ કરે નહિ, હિંસાદિ પાપોનું આચરણ કરે નહિ. એમ ભગવાને કહ્યું છે.

**॥ પ્રથમ ઉદ્દેશક સમાપ્ત ॥**

## વિવેચન :–

આ સૂત્રમાં ઉદ્દેશકનો ઉપસંહાર કરતાં શાસ્ત્રકારે હિંસાથી નિવૃત્ત થવાનો ઉપદેશ આપ્યો છે.

**उड्ढं अहं :–** સર્વ દિશાઓ અને વિદિશાઓમાં નાના મોટા જીવો રહેલા છે. પ્રત્યેક જીવ પોતાના જીવન–નિર્વાહ અર્થે વિવિધ ક્રિયાઓ કરે છે. તે સર્વ ક્રિયાઓમાં આરંભ–હિંસા અનિવાર્ય રીતે રહેલ છે. તેથી સર્વ જીવો કર્મ સમારંભવાળા છે. સાંસારિક ક્રિયા માત્ર કર્મબંધનરૂપ પાપ–પુણ્યમય છે. બુદ્ધિમાન સાધક હિંસાદિરૂપ આરંભ સમારંભ કરે, કરાવે કે અનુમોદે નહીં.

શબ્દકોષ અનુસાર 'દંડ' શબ્દના અર્થ આ પ્રકારે છે– (૧) લાકડી આદિ (૨) નિગ્રહ કે સજા કરવી (૩) અપરાધીને અપરાધ અનુસાર શારીરિક કે આર્થિક દંડ આપવો (૪) દમન કરવું (૫) મન, વચન, કાયાના અશુભ વ્યાપાર (૬) જીવહિંસા તથા પ્રાણીઓને પીડા દેવી આદિ. અહીં 'દંડ' શબ્દ પ્રાણીઓને પીડા દેવી, તેને મસળવા તથા મન, વચન અને કાયાનો દુષ્પ્રયોગ કરવાના અર્થમાં વપરાયો છે.

**દંડના પ્રકાર :–** દંડના ત્રણ પ્રકાર છે– (૧) મનોદંડ (૨) વચનદંડ (૩) કાયદંડ. મનોદંડના ત્રણ ભેદ છે– (૧) રાગાત્મક મન (૨) દ્વેષાત્મક મન અને (૩) મોહયુક્ત મન.

વચન દંડના સાત પ્રકાર છે– (૧) ખોટું બોલવું (૨) વચન કહીને કોઈના જ્ઞાનનો નાશ કરવો

(૩) ચાડી–ચુગલી કરવી (૪) કઠોર વચન કહેવા (૫) પોતાની પ્રશંસા અને બીજાની નિંદા કરવી (૬) સંતાપ થાય તેવા વચનો કહેવા તથા (૭) હિંસાકારી વાણી બોલવી.

કાયદંડના સાત પ્રકાર છે– (૧) જીવહિંસા કરવી (૨) ચોરી કરવી (૩) મૈથુન સેવન કરવું (૪) પરિગ્રહ રાખવો (૫) આરંભ કરવો (૬) મારવું (૭) ઉગ્રતા–આવેશપૂર્વક ડરાવવું–ધમકાવવું.

**દંડ–સમારંભ** નો અર્થ અહીં દંડ પ્રયોગ છે. જોકે મુનિ માટે ત્રણ કરણ (૧. કરવું, ૨. કરાવવું, ૩. અનુમોદન) તથા ત્રણ યોગ (૧. મન, ૨. વચન, ૩. કાયા)ના વ્યાપારથી હિંસાદિ દંડનો ત્યાગ કરવો અનિવાર્ય છે માટે અહીં કહ્યું છે કે–મુનિ પહેલાં, સર્વ દિશા, વિદિશાઓમાં સર્વત્ર, સર્વપ્રકારે છકાય જીવોની હિંસા, અનેક પ્રકારના કારણોથી તથા વિવિધ પ્રકારના શસ્ત્રોથી થાય છે, તેને સારી રીતે જાણીલે. પછી ત્રણ કરણ, ત્રણ યોગથી તે સર્વ હિંસાનો ત્યાગ કરે. નિર્ગ્રંથ શ્રમણ દંડ સમારંભથી પોતે ડરે તેમજ લજ્જા રાખે, દંડ સમારંભ કરતા સાધુઓને જોઈને સાધુના નાતે તેમના માટે શરમ અનુભવે. જીવહિંસાની જેમ અસત્ય, ચોરી આદિ સર્વ દંડ–સમારંભોને મહાન અનર્થકારી જાણીને સાધુ પોતે તેનાથી ભય રાખનાર હોય છે તેથી તેણે તે દંડથી મુક્ત થવું જોઈએ.

આ સૂત્રમાં દંડ–સમારંભક અન્ય ભિક્ષુઓથી લજ્જિત થવાની વાત કહી છે કારણ કે તેઓ દ્વારા રાંધવું–રંધાવવું આદિ ક્રિયાઓ દ્વારા દંડ–સમારંભ થતો હતો. અમુક પરંપરામાં ભિક્ષુ પોતે ભોજન પકાવતા ન હતા, બીજા પાસે ભોજન કરાવતા હતા અથવા જે ભિક્ષુ સંઘને ભોજન માટે આમંત્રિત કરતા, તેને ત્યાંથી પોતાના માટે બનાવેલું ભોજન લઈ લેતા હતા. તેઓ સંઘના નિમિત્તે થનારી હિંસામાં પાપ માનતા ન હતા. આ પ્રકારના ભિક્ષુના સંગથી સાધક પતિત ન થાય તેવો સૂત્રકારનો આશય જણાય છે.

## કુસંગ ત્યાગ પરિશીલન :–

આ ઉદ્દેશકમાં સંગત્યાગની વિચારણા છે. સંગતિની અસર જીવન પર બહુ મહત્ત્વનો ભાગ ભજવે છે. તેમાંય બાળમાનસ પર તો વિશેષ, એમ માનસશાસ્ત્રીઓ માને છે. સાધક પણ જ્યારે સાધનામાર્ગ તરફ વળે છે ત્યારે પ્રથમ તો તે દ્વિજ એટલે ફરીથી જન્મેલો અને સાધનાના ક્ષેત્રનો તદ્દન બિન અનુભવી હોવાથી બાળ ગણાય છે. તે બાલ સાધકના જીવનમાં સંગની અસર વિશેષ રૂપે જણાય છે.

જેના સંગથી સત્ય તરફ રુચિ ઢળે તે સત્સંગ. એ લોહચુંબક છે. જિજ્ઞાસાવૃત્તિ એ લોખંડ છે. પ્રત્યેક સાધકમાં જિજ્ઞાસાવૃત્તિ મુખ્યત્વે હોવાથી સત્સંગ તરફ તે હંમેશાં આકર્ષાતો રહે છે. સત્સંગ તેના સાધનામાર્ગનું નંદનવન છે. એના શરણમાં જઈને એ સંશય, ગ્લાનિ અને થાક ઉતારી નાખવા મથે છે. આવા પ્રસંગે તે બાળ સાધકનું હૃદય પ્રેમ અને શ્રદ્ધાથી એટલું તો તરબોળ હોય છે કે તેને પ્રાપ્ત સત્સંગનું કલ્પવૃક્ષ છે કે ઉપરથી દેખાતા દંભી સત્સંગરૂપ કુસંગનું કિંપાક વૃક્ષ છે તે જોવાની તપાસવાની અન્વેષક બુદ્ધિ હોવા છતાં તે તેનો ઉપયોગ કરવા રોકાતો નથી. આવા પ્રસંગે સાધક બીજા દંભી સંગની જાળમાં ન ફસાઈ જાય અને સાધનામાં દત્તચિત્ત (લીન) રહી પરિપક્વ બનતો જાય, તે માટે આ સૂત્રમાં સંગદોષથી બચવા માટે સાધકને સાવધાન કર્યા છે. આ સૂત્ર વિશાળ દૃષ્ટિથી અવલોકવા યોગ્ય અને વિવેકબુદ્ધિથી

આચરવા યોગ્ય છે.

પ્રથમ તકે તો પાઠકને આ સૂત્રમાં સંકુચિતતાનું દર્શન થશે. જૈનદર્શન જો વિશ્વદર્શનની યોગ્યતા ધરાવતું હોય તો એ દર્શન માટે આટલી સંકુચિતતા પણ અક્ષમ્ય ગણાય, એમ પણ કદાચ જણાશે પરંતુ આ સૂત્ર અંગે આટલું યાદ રાખવાનું છે : (૧) ઉપરની બીના મુનિ સાધકને ઉદ્દેશીને કહેવાયેલી છે. ગૃહસ્થ સાધક અને મુનિ સાધકમાં જેટલો ત્યાગનો તફાવત છે, એટલો જ નિયમોનો તફાવત છે અને તે તફાવત તેની ભૂમિકા અનુસાર અનિવાર્ય છે.

ગૃહસ્થ સાધક અલ્પસંયમી અથવા અલ્પત્યાગી ગણાય છે અને મુનિ સાધક પૂર્ણત્યાગી ગણાય છે; કારણ કે એમને સર્વ પદાર્થો પરથી પોતાનો માલિકી હક ઉઠાવી લઈ ભિક્ષુજીવન સ્વીકાર્યું છે. એટલે જ મુનિ સાધક ભિક્ષા માગીને સાધનાની દષ્ટિએ જરૂરિયાત પૂરતું લઈ શકે છે. (૨) જ્યાં પોતાને માટે જરૂરિયાત પૂરતું જ લઈ શકાય ત્યાં બીજાને આપવાનું વિધાન ન હોઈ શકે એ સ્વાભાવિક છે. મુનિ સાધક ભિક્ષુ જ ગણાય છે. એ ગૃહસ્થ પાસેથી લઈને બીજાને આપવા માટે દાતા બનતો જાય તો તેમાં એનું દાતારપણું કે ઉદારપણું નથી,પણ વૃત્તિની શિથિલતા છે અને તેની પોતાની ભૂમિકાની અપેક્ષાએ એ નીચેનું સ્થાન છે. દાનીથી સંયમીની અને સંયમીથી ત્યાગીની એમ ઉત્તરોત્તર ઉચ્ચ ભૂમિકાઓ છે. એક ત્યાગી આદર્શ ત્યાગ પાળતો હોય, આત્મભાનમાં મસ્ત હોય, તો તે જગત પર ઘણો જ ઉપકાર કરે છે. એ વાત સ્પષ્ટ સમજાય તેવી છે.

એક અપેક્ષાએ આ વૃત્તિ તજવા યોગ્ય છે. છતાં એક ભિક્ષુ સાધક બીજા ભિક્ષુ સાધકને અન્ન, પાન કે વસ્ત્રાદિ ઉપકરણોની ખૂબ જરૂર હોય અને તોયે તેને ન આપે તો આખી ભિક્ષુસંસ્થા વ્યવસ્થિત અને પ્રેમમય જીવન ન ગાળી શકે. એ હેતુએ સૂત્રકાર અહીં સ્પષ્ટ કરે છે કે ભિક્ષુ કારણસર બીજા ભિક્ષુને અન્ન વસ્ત્રાદિ આપી શકે છે અને શારીરિક બીમારી કે એવા ખાસ કારણસર સેવા પણ કરી શકે છે. પરંતુ 'આદરપૂર્વક નહિ' એ પદ આપીને શાસ્ત્રકાર એ કહેવા માગે છે કે આ બધું ઉપયોગિતા પૂરતું જ હોય, કારણ વગર નહિ. ઘણીવાર કેટલાક મુનિ સાધકોને એવી ટેવ હોય છે કે તે બીજા મુનિ સાધક પાસે અન્ન વસ્ત્રાદિ સામગ્રી હોય તોયે પરાણે આપવા માંડે. આમાં સામાનો આદરભાવ મેળવવાની કે પોતે ઉદાર અને સેવાભાવી છે એવું બીજાને દેખાડવાની વૃત્તિ દેખાય છે. સૂત્રકાર કહે છે કે તે વૃત્તિ મુનિ સાધક માટે ઈષ્ટ નથી, તેમાં ઊંડે ઊંડે પણ દૂષિતતા છે.

**॥ અધ્યયન–૮/૧ સંપૂર્ણ ॥**

## આઠમું અધ્યયન : બીજો ઉદ્દેશક

**વધ પરીષહ :–**

**१** **से भिक्खू परक्कमेज्ज वा चिट्ठेज्ज वा णिसीएज्ज वा तुयट्टेज्ज**

**वा सुसाणंसि वा सुण्णागारंसि वा रुक्खमूलंसि वा गिरिगुहंसि वा कुंभारायतणंसि वा, हुरत्था वा कहिंचि विहरमाणं तं भिक्खुं उवसंकमित्तु गाहावई बूया–आउसंतो समणा! अहं खलु तव अट्ठाए असणं वा पाणं वा खाइमं वा साइमं वा वत्थं वा पडिग्गहं वा कंबलं वा पायपुंछणं वा पाणाइं भूयाइं जीवाइं सत्ताइं समारंभ समुद्दिस्स कीयं पामिच्चं अच्छिज्जं अणिसट्ठं अभिहडं आहट्टु चेएमि, आवसहं वा समुस्सिणामि, से भुंजह वसह ।**

**आउसंतो समणा ! भिक्खू तं गाहावइं समणसं सवयसं पडियाइक्खे– आउसंतो गाहावई ! णो खलु ते वयणं आढामि, णो खलु ते वयणं परिजाणामि, जो तुमं मम अट्ठाए असणं वा ४ वत्थं वा ४ पाणाइं ४ समारब्भ समुद्दिस्स कीयं पामिच्चं अच्छिज्जं अणिसट्ठं अभिहडं आहट्टु चेएसि, आवसहं वा समुस्सिणासि, से विरओ आउसो गाहावई ! एयस्स अकरणयाए ।**

**શબ્દાર્થ :–** **से** = તે (સાવદ્ય યોગના ત્યાગી), **परक्कमेज्ज** = વિહાર કરતા હોય, **चिट्ठेज्ज** = ઊભા હોય, **णिसीएज्ज** = બેઠા હોય, **तुयट्टेज्ज** = સૂતા હોય, **सुसाणंसि** = શ્મશાનમાં, **सुण्णागारंसि** = શૂન્ય ઘરમાં, **रुक्खमूलंसि** = વૃક્ષની નીચે, **गिरिगुहंसि** = પર્વતની ગુફામાં, **कुंभारायतणंसि** = કુંભારની શાળામાં, **हुरत्था** = કદાચિત્ , ક્યારે, **कहिंचि** = કોઈ જગ્યાએ, **विहरमाणं** = વિહાર કરતા હોય, **उवसंकमित्तु** = નજીક આવીને, **गाहावई** = કોઈ ગાથાપતિ, **बूया** = કહે કે, **तव अट्ठाए** = તમારા માટે, **समारब्भ** = આરંભ કરીને, **समुद्दिस्स** = ઉદ્દેશ કરીને તૈયાર કર્યું છે, **कीयं** = ખરીદ કર્યું હોય, **पामिच्चं** = કોઈની પાસેથી ઉધાર લીધું હોય, **अच्छिज्जं** = બીજા પાસેથી છીનવી લીધું છે, **अणिसट्ठं** = બીજાનું પોતાની પાસે રાખ્યું છે, **अभिहडं** = સામે લાવેલું છે, **आहट्टु** = મારા ઘરેથી લાવીને, **चेएमि** = આપને આપું છું, **आवसहं** = આપને માટે મકાન, **समुस्सिणामि** = બનાવું છું તેમજ મકાન સમારકામ કરાવું છું, **से** = આ અશનાદિને, **भुंजह** = ભોગવો, **वसह** = નિવાસ કરો, **समणसं** = ભાવથી અને,અભિપ્રાયવાળા અને સુમનસ–સરળ હૃદયી, **सवयसं** = વચનથી અપરિચિત, **पडियाइक्खे** = આ રીતે જવાબ આપે કે, **णो आढामि** = હું આદર કરતો નથી, **ते वयणं** = તમારા આ વચનોને, **णो परिजाणामि** = સ્વીકાર કરતો નથી, **जो** = જે, **तुमं** = તમે, **मम अट्ठाए** = મારા માટે, **से** = કારણ કે, **विरओ** = વિરત છું, આરંભાદિનો નવકોટીએ ત્યાગ કર્યો છે, **एयस्स** = આ કાર્યોને, **अकरणयाए** = નહીં કરવાની પ્રતિજ્ઞા કરેલ છે.

**ભાવાર્થ :–** સાવદ્યકાર્યોથી નિવૃત્ત ભિક્ષુ ભિક્ષાદિ કોઈ કાર્ય માટે ક્યાં ય જઈ રહ્યા હોય અથવા શ્મશાનમાં, શૂન્યઘરમાં, પર્વતની ગુફામાં, વૃક્ષની નીચે, કુંભાર શાળામાં કે ગામની બહાર કોઈ પણ સ્થાને ઊભા હોય, બેઠા હોય કે સૂતા હોય અથવા કોઈ પણ જગ્યામાં વિહાર કરી રહ્યા હોય, તે સમયે કોઈ

ગૃહપતિ તે ભિક્ષુની પાસે આવીને કહે– હે આયુષ્યમાન્ શ્રમણ ! હું આપના માટે અશન, પાન, ખાદિમ, સ્વાદિમ, વસ્ત્ર, પાત્ર, કામળી, કે પાદપ્રોંછન, પ્રાણી, ભૂત, જીવ અને સત્ત્વોનો સમારંભ કરીને આપના લક્ષ્યે બનાવી રહ્યો છું કે આપના માટે ખરીદીને, ઉધાર લઈને, કોઈની પાસેથી છીનવી લઈને, બીજાની વસ્તુ તેની આજ્ઞા લીધા વિના લાવીને કે ઘરેથી સામે ઉપાશ્રયે લાવીને, આપને આપું છું અથવા આપના માટે ઉપાશ્રય બનાવી દઉં છુ. હે આયુષ્યમાન્ શ્રમણ ! તમો આ અશનાદિનો ઉપભોગ કરો અને આ ઉપાશ્રયમાં રહો.

હે આયુષ્યમાન શ્રમણ ! ભિક્ષુ તે ગૃહસ્થને સરળ ભાવોથી અને યોગ્ય શબ્દોથી નિષેધ કરતાં કહે કે આયુષ્યમાન્ ગૃહપતિ ! હું તમારા આ વચનનો આદર કરતો નથી, તમારા વચનોનો સ્વીકાર કરતો નથી. તમે મારા માટે જે પ્રાણી, ભૂત, જીવ અને સત્ત્વોનો સમારંભ કરીને અશન, પાન, ખાદિમ, સ્વાદિમ, વસ્ત્ર, પાત્ર, કામળી કે પાદપ્રોંચ્છન બનાવી રહ્યા છો કે મારા લક્ષ્યે તે ખરીદી, ઉધાર લાવી, બીજા પાસેથી ઝૂંટવી, બીજાની વસ્તુ તેની આજ્ઞા વિના લાવીને કે તમારા ઘરેથી અહીં લાવી મને આપવા ઈચ્છો છો, મારા માટે ઉપાશ્રય બનાવવા ઈચ્છો છો. તો હે આયુષ્યમાન્ ગૃહસ્થ ! હું આ રીતના સાવદ્ય કાર્યથી સર્વથા વિરત થઈ ગયો છું. તમે કહેલી આ વાત મારા માટે અકરણીય છે, તેનો હું સ્વીકાર કરી શકતો નથી.

**૨ से भिक्खू परक्कमेज्ज वा** *जाव* **हुरत्था वा कहिंचि विहरमाणं तं भिक्खुं उवसंकमित्तु गाहावई आयगयाए पेहाए असणं वा ४ वत्थं वा ४ पाणाइं ४ समारब्भ** *जाव* **आहट्टु चेएइ आवसहं वा समुस्सिणाइ तं भिक्खुं परिघासेउं । तं च भिक्खू जाणेज्जा सहसम्मइयाए परवागरणेणं अण्णेसिं वा अंतिए सोच्चा– अयं खलु गाहावइ मम अट्ठाए असणं वा ४ वत्थं वा ४ पाणाइं ४ समारब्भ चेएइ आवसहं वा समुस्सिणाइ । तं च भिक्खू पडिलेहाए आगमेत्ता आणवेज्जा अणासेवणाए । त्ति बेमि ।**

**શબ્દાર્થ :– आयगयाए पेहाए** = પોતાના મનની ઈચ્છાથી, **परिघासेउं** = જમાડવા માટે.

**ભાવાર્થ :–** તે ભિક્ષુ કોઈ જગ્યાએ કોઈ કાર્યવશ જઈ રહ્યા હોય; શ્મશાન, શૂન્યઘર, ગુફા, વૃક્ષની નીચે, કે કુંભારની શાળામાં ઊભા, બેઠા કે સૂતા હોય અથવા કોઈ સ્થાને વિચરણ કરી રહ્યા હોય; તે સમયે તે ભિક્ષુની પાસે આવીને કોઈ ગૃહસ્થ પોતાના ભાવને પ્રગટ કર્યા વિના જ અર્થાત્ હું સાધુને અવશ્ય દાન આપીશ આ પ્રકારનો મનમાં નિર્ણય કરીને જ પ્રાણી, ભૂત, જીવ, સત્ત્વોના આરંભપૂર્વક અશનાદિ બનાવતા હોય; સાધુના લક્ષ્યે ખરીદી, ઉધાર લાવી, બીજા પાસેથી છીનવી, બીજાના અધિકારની વસ્તુ તેની આજ્ઞા વિના લાવીને અથવા ઘરેથી લાવીને આપવાની ઈચ્છા હોય કે ઉપાશ્રયનું નિર્માણ કે જીર્ણોદ્ધાર કરાવતા હોય.

તે સર્વ કાર્ય ભિક્ષુના ઉપભોગ કે નિવાસ માટે કરતા હોય તો આ આરંભને તે ભિક્ષુ પોતાની તીક્ષ્ણ

બુદ્ધિથી, બીજા–અતિશય જ્ઞાનીના કથનથી કે તીર્થંકરોની વાણીથી અથવા બીજા કોઈ તેના પરિજનો પાસેથી સાંભળીને જાણી જાય છે કે ગૃહસ્થે મારા માટે પ્રાણી, ભૂત, જીવ અને સત્ત્વોના સમારંભથી અશનાદિ કે વસ્ત્રાદિ બનાવીને કે મારા નિમિત્તે ખરીદી, ઉધાર લઈ, બીજા પાસેથી છીનવીને, બીજાની વસ્તુ તેના માલિકની આજ્ઞા લીધા વિના લાવીને અથવા પોતાની સંપત્તિથી ઉપાશ્રય બનાવીને તૈયાર કર્યો છે, સાધુ તેનું સારી રીતે નિરીક્ષણ કરીને, પૂર્ણ રીતે જાણીને તે ગૃહસ્થને સ્પષ્ટ રીતે કહે કે આ સર્વ પદાર્થ મારા માટે ગ્રહણ કરવા–સેવવા યોગ્ય નથી, તેથી હું તેને ગ્રહણ કરી શક્તો નથી.

**૩ भिक्खुं च खलु पुट्ठा वा अपुट्ठा वा जे इमे आहच्च गंथा फुसंति, से हंता हणह खणह छिंदह दहह पयह आलुंपह विलुंपह सहसक्कारेह विप्परामुसह । ते फासे पुट्ठो धीरो अहियासए । अदुवा आयारगोयरमाइक्खे तक्कियाणमणेलिसं । अदुवा वइगुत्तीए । गोयरस्स अणुपुव्वेण सम्मं पडिलेहाए आयगुत्ते । बुद्धेहिं एयं पवेइयं ।**

**શબ્દાર્થ :–** **पुट्ठा** = પૂછીને, **अपुट्ठा** = પૂછ્યા વિના, **जे** = જે, **इमे** = કોઈ ગૃહસ્થ, **आहच्च गंथा** = સાધુ માટે ખર્ચ કરીને બનાવેલ વસ્તુ ગ્રહણ નહિ કરવાથી ક્રોધાવેશમાં આવીને, **फुसंति** = સાધુને કષ્ટ આપે, **से हंता** = તે હનન કરે, **हणह** = તેને મારો, **खणह** = તેને જાનથી મારો, **छिंदह** = તેનું છેદન કરો, **दहह**= જલાવો, **पयह** = પકાવો, **आलुंपह** = તેના વસ્ત્રાદિ લૂંટી લ્યો, **विलुंपह** = તેનું સર્વસ્વ હરી લ્યો, **सहसक्कारेह** = તેનો જલદી ઘાત કરી નાંખો, **विप्परामुसह** = તેને વિવિધ પ્રકારે પીડા આપો, **अदुवा** = અને, **आयारगोयरं** = સાધુઓના આચારાદિનું, **आइक्खे** = કથન કરે, **तक्किया** = યોગ્યતાનો વિચાર કરીને, **णं** = તે પુરુષની, **अणेलिसं** = અનુપમ, અન્ય સમાન અર્થાત્ અન્યપક્ષના ખંડનપૂર્વક સ્વપક્ષની સ્થાપનારૂપ તત્ત્વ કથન કરે, **वइगुत्तीए** = વચન ગુપ્તિ રાખે અર્થાત્ મૌન રહે, **गोयरस्स** = પિંડ વિશુદ્ધિનું, **अणुपुव्वेण** = અનુક્રમથી, **सम्मं** = સમ્યક્ પ્રકારે, **पडिलेहाए** = પ્રતિલેખન કરી, હંમેશાં ઉપયોગ રાખે, **आयगुत्ते** = આત્મગુપ્ત સાધુ, **बुद्धेहिं** = તત્ત્વજ્ઞ પુરુષોએ, **एयं** = આ, **पवेइयं** = કહ્યું છે.

**ભાવાર્થ :–** ભિક્ષુને પૂછીને કે પૂછ્યા વિના જ "હું અવશ્ય આપીશ" એવા અભિપ્રાયથી કોઈ ગૃહસ્થ અંધભક્તિના કારણે ઘણું ધન ખર્ચીને બનાવેલા આ આહારાદિ પદાર્થ ભિક્ષુની સામે ભેટ રૂપે લાવીને રાખી દે અને મુનિ તેનો સ્વીકાર કરે નહિ ત્યારે તે ગૃહસ્થ સાધુને કષ્ટ આપે; શક્તિ સંપન્ન ગૃહસ્થ ક્રોધાવેશમાં આવીને ભિક્ષુને મારે અથવા નોકરોને આદેશ આપે કે મારા ધનનો વ્યર્થ વ્યય કરાવનાર આ સાધુને ડંડા આદિથી મારો, ઘાયલ કરો, તેના હાથ–પગાદિ અંગોને કાપી નાંખો, તેને બાળી નાંખો, તેનું માંસ પકાવો, તેના વસ્ત્રાદિ છીનવી લ્યો કે તેને નખથી ઉતરડી નાંખો અથવા તેનું સર્વ કાંઈ લૂંટી લ્યો, તેના પર બળજબરી કરો અથવા તેને જલ્દી મારી નાંખો, તેને અનેક રીતે પીડિત કરો. આ સર્વ દુઃખ રૂપ કષ્ટો આવવા પર ધીર સાધુ અક્ષુબ્ધ રહી તેને સમભાવથી સહન કરે.

તે આત્મગુપ્ત મુનિ પોતાના આચાર–ગોચરની ક્રમથી સમ્યક્ પ્રેક્ષા કરી, અશનાદિ બનાવનાર

વ્યક્તિના વિષયમાં સારી રીતે વિચાર કરી, જો તે મધ્યસ્થ કે પ્રકૃતિનો ભદ્ર લાગે તો તેની સામે પોતાના અનુપમ આચાર–ગોચર સાધ્વાચાર કહે, સમજાવે. જો તે વ્યક્તિ દુરાગ્રહી અને પ્રતિકૂળ લાગે અથવા પોતાની સમજાવવાની ક્ષમતા ન હોય તો વચનગુપ્તિ અર્થાત્ મૌન રાખે. એમ તીર્થંકરોએ પ્રતિપાદન કર્યું છે.

## વિવેચન :–

આ સૂત્રોમાં સાધુ માટે અનાચરણીય કે પોતાની કલ્પમર્યાદા અનુસાર કેટલીક અકરણીય બાબતોથી દૂર રહેવા માટે અનેક દૃષ્ટિકોણથી કથન કર્યું છે.

**से भिक्खू परक्कमेज्ज वा :–** વૃત્તિકારે વિમોક્ષને યોગ્ય ભિક્ષુની વિશેષતાઓ બતાવી છે. જેણે જીવન પર્યંત સામાયિકની પ્રતિજ્ઞા કરી છે, પાંચ મહાવ્રતોનો સ્વીકાર કર્યો છે, સર્વ પાપકારી કાર્યોનો ત્યાગ કર્યો છે અને જે ભિક્ષા જીવી છે, તે ભિક્ષા માટે કે અન્ય કોઈ આવશ્યક કાર્ય માટે વિચરણ કરી રહ્યા છે. અહીં **परकमेज्ज** નો સામાન્ય અર્થ ગમનાગમન કર્યો છે.

**सुसाणंसि :–** વર્તમાનમાં સામાન્યરૂપે સ્થવિરકલ્પી ગચ્છવાસી સાધુ વસ્તીમાં ગમે તે ઉપાશ્રય કે મકાનમાં રહે છે. જ્યારે વિહાર કરતા હોય ત્યારે ઘણીવાર જગ્યા નહિ મળવાથી તેમજ સૂર્યાસ્ત થઈ જવાથી શ્મશાનમાં, શૂન્યઘરમાં, વૃક્ષની નીચે કે જંગલમાં કોઈ પણ જગ્યામાં રહેવાનું થાય છે. સાધુ શ્મશાનાદિ કોઈ પણ જગ્યાએ રહ્યા હોય પરંતુ ગોચરી માટે ગૃહસ્થોના ઘરે જાય છે અને આહારાદિ આવશ્યક પદાર્થ પોતાની કલ્પમર્યાદા અનુસાર મળે ત્યારે લે છે. કોઈ ગૃહસ્થ ભક્તિવશ કે લૌકિક સ્વાર્થ વશ તેના માટે બનાવીને, ખરીદીને, કોઈની પાસેથી છીનવીને, ચોરીને કે પોતાના ઘરેથી સામે લાવીને આપે તો તે વસ્તુને ગ્રહણ કરવી તે સાધુની આચાર–મર્યાદાથી વિપરીત છે. આ રીતની વસ્તુને સાધક ગ્રહણ કરી શક્તો નથી, કારણ કે તેમાં સાધુના નિમિત્તે હિંસાદિ આરંભ થયો હોય છે.

કદાચ કોઈ એવી પરિસ્થિતિ આવી જાય અને કોઈ ભાવિક ગૃહસ્થ આ પ્રકારના આહારાદિ લાવીને દેવાનો અત્યંત આગ્રહ કરે તો તે ભાવિક ભક્તને ધર્મથી, પ્રેમથી, શાંતિથી સમજાવે કે મારે આ પ્રકારનો અકલ્પનીય આહાર લેવો કલ્પે નહીં.

આ સૂત્રોમાં શાસ્ત્રકારે ભિક્ષુની સામે આવતી ત્રણ અકલ્પનીય પરિસ્થિતિઓ અને તેનાથી મુક્ત થવાનો કે અનાચરણીય કાર્યોથી દૂર રહેવાનો ઉપાય પણ બતાવ્યો છે–

૧. કોઈ પણ પ્રકારના સંકટમાં આવેલા સાધુને જોઈને અથવા સાધુને આવતી મુશ્કેલીઓ જોઈને કોઈ ભાવિક ભક્ત તેની સામે આહારાદિ બનાવી દે, ખરીદે, છીનવીને લાવે તથા અન્ય કોઈ પણ પ્રકારે સામે લાવીને આપે તથા ઉપાશ્રય બનાવી દેવાનો પ્રસ્તાવ રાખે.

૨. સાધુને કહ્યા વિના, તેની વાત સાંભળ્યા વિના પોતાના મનથી જ ભક્તિવશ આહારાદિ બનાવીને કે ઉપર કહેલા કોઈ પણ પ્રકારથી લાવીને આપવા લાગે તથા ઉપાશ્રય બનાવવા લાગે.

૩. તે આહારાદિ તથા ઉપાશ્રય આરંભ–સમારંભ જનિત તેમજ અકલ્પનીય જાણીને ભિક્ષુ કોઈ પણ પરિસ્થિતિમાં તે સ્વીકારવાની સ્પષ્ટ ના કહી દે તો તે દાતા ક્રોધિત થઈને સાધુને અનેક પ્રકારે યાતનાઓ–કષ્ટ આપે.

આ ત્રણ પરિસ્થિતિથી મુક્ત થવાના ઉપાય આ પ્રમાણે છે– (૧) દાતાને સહુથી પ્રથમ પ્રેમથી કલ્પમર્યાદા સમજાવીને ગ્રહણ કરે નહિ. (૨) કોઈ પણ રીતે જાણીને, સાંભળીને તે આહારાદિને ગ્રહણ કરે નહિ, વાપરે નહિ અને (૩) ત્રીજી સ્થિતિ આવે ત્યારે સાધુ ધૈર્ય અને શાંતિથી સમભાવપૂર્વક તે પરીષહ કે ઉપસર્ગને સહન કરે, જો ગૃહસ્થની જરા પણ અનુકૂળતા જુએ તો સાધુના અનુપમ આચારની વાત સમજાવે, પ્રતિકૂળતા હોય તો મૌન રહે. આ રીતે શાસ્ત્રકારે અકલ્પનીય– વિમોક્ષની સુંદર ઝાંખી કરાવી છે.

**समणसं सवयसं :–** એક વાત વિશેષ રૂપે જાણવા યોગ્ય છે કે અકલ્પનીય વસ્તુઓને લેવી નહિ તેમજ ભાવિક ગૃહસ્થને સમજાવવાની રીત પણ સાધુની શાંતિ, ધૈર્ય અને પ્રેમપૂર્ણ હોવી જોઈએ. તે દાતા–ગૃહસ્થને દ્વેષી, વૈરી કે વિદ્રોહી સમજે નહિ પરંતુ સરળમના અને સવયસ્ક–મિત્ર સમજીને કહે. તાત્પર્ય એ પણ છે કે ભિક્ષુ ગૃહસ્થને સન્માન સહિત સુવચન સહ અકલ્પનીયનો નિષેધ કરે.

## સમનોજ્ઞ–અસમનોજ્ઞ સાધુઓનો પરસ્પર વ્યવહાર :–

**૪ से समणुण्णे असमणुण्णस्स असणं वां ४ वत्थं वा ४ णो पाएज्जा णो णिमंतेज्जा णो कुज्जा वेयावडियं परं आढायमाणे । त्ति बेमि ।**

**શબ્દાર્થ :– समणुण्णे** = સમનોજ્ઞ, તીર્થંકરની આજ્ઞાનું પાલન કરનાર સાધુ, **असमणुण्णस्स** = અસમનોજ્ઞ, કુશીલાદિ, **परं आढायमाणे** = અત્યંત આદર કરતાં.

**ભાવાર્થ :–** સમનોજ્ઞ મુનિ અસમનોજ્ઞ સાધુને અશન પાનાદિ તથા વસ્ત્ર પાત્રાદિ પદાર્થ અત્યંત આદર પૂર્વક આપે નહિ, તેને આપવા માટે નિમંત્રણ કરે નહિ અને આગ્રહપૂર્વક તેઓની વૈયાવચ્ચ કરે નહિ અર્થાત્ અત્યંત આવશ્યક હોય તો વૈયાવચ્ચ કરે.

**૫ धम्ममायाणह पवेइयं माहणेण मइमया–समणुण्णे समणुण्णस्स असणं वा ४ वत्थं वा ४ पाएज्जा णिमंतेज्जा कुज्जा वेयावडियं परं आढायमाणे त्ति बेमि ।**

**॥ बिइओ उद्देसो समत्तो ॥**

**શબ્દાર્થ :– धम्मं** = ધર્મને, **आयाणह** = તમે જાણો, **पवेइयं** = કહ્યો છે, **माहणेण** = ભગવાન મહાવીરે, **मइमया** = કેવળજ્ઞાની, **समणुण्णे** = સમનોજ્ઞ સાધુ, **समणुण्णस्स** = સમનોજ્ઞ સાધુને, **परं आढायमाणे** = અત્યંત આદર કરતાં.

**ભાવાર્થ :–** મતિમાન–કેવળજ્ઞાની મહામાહણ શ્રી વર્ધમાન સ્વામી દ્વારા પ્રતિપાદિત ધર્મ–આચારધર્મને સારી રીતે સમજો, સ્વીકાર કરો. સમનોજ્ઞ સાધુ સમનોજ્ઞ સાધુને આદરપૂર્વક અશનાદિ, વસ્ત્રાદિ આપે, તેઓને આપવા માટે નિમંત્રણ પણ કરે, અત્યંત આદરપૂર્વક તેઓની વૈયાવચ્ચ પણ કરે. એમ ભગવાને કહ્યું છે.

॥ બીજો ઉદ્દેશક સમાપ્ત ॥

## વિવેચન :–

પહેલા ઉદ્દેશકના પ્રથમ સૂત્રમાં અને આ બીજા ઉદ્દેશકના અંતિમ સૂત્રમાં પુનરુક્તિ જેવો આભાસ થાય છે. વાસ્તવમાં બંને જગ્યાએ શાસ્ત્રકારનો આશય આ પ્રકારે છે– પ્રથમ ઉદ્દેશકમાં સમનોજ્ઞ અને અસમનોજ્ઞ બંને પ્રકારના જૈન શ્રમણો સાથે કે જેના સાથે આહાર સંબંધ નથી તેની સાથે કોઈ પ્રકારની વિશેષ પરિસ્થિતિ ઉપસ્થિત થયા વિના આહારાદિના આદાન–પ્રદાનનો નિષેધ છે. તેનો આશય એ છે કે વ્યવહાર જેટલો ઓછો તેટલો સમયનો વ્યય ઓછો. આ દષ્ટિએ પહેલા ઉદ્દેશકમાં પોતાની મર્યાદા સિવાયના સમનોજ્ઞ કે અસમનોજ્ઞ સર્વ જૈન શ્રમણોની સાથે કારણ વિના માન, સન્માન માટે આહારાદિ, વસ્ત્રાદિ દેવાના નિમંત્રણનો નિષેધ કર્યો છે. આ ધ્રુવમાર્ગ છે, વ્યવહારથી, સંગથી પર થવાનો આદર્શ માર્ગ છે.

જ્યારે બીજા ઉદ્દેશકમાં વ્યવહારમાર્ગ કહ્યો છે. છટ્ઠા સૂત્ર અનુસાર આચારશીલ સમનોજ્ઞ શ્રમણોની સાથે આહારાદિનો વ્યવહાર સન્માન પૂર્વક કરી શકાય છે અને પાંચમા સૂત્ર અનુસાર અસમનોજ્ઞ શ્રમણોની સાથે આવશ્યક પરિસ્થિતિવશ કે સેવા સંયોગાદિ પ્રસંગોમાં વ્યવહાર કરી શકાય છે.

આત્મસાધનામાં આગળ વધતા સાધકે પોતાના બાહ્ય વ્યવહારોને ઓછા કરવા જોઈએ. એ અપેક્ષાએ સાધકો માટે આગમોમાં અનેક વિધાન છે. તે આ પ્રમાણે–

ઉત્તરાધ્યયન સૂત્રના ૨૯માં અધ્યયનમાં (૧) એક માંડલિક આહાર કરવાના પ્રત્યાખ્યાન કરવાનું, કોઈની સાથે આહાર ન કરવાનું વિશિષ્ટ ફળ બતાવ્યું છે. (૨) તેમજ ત્યાં બીજા સૂત્રમાં સહચારી સાધકની સહાયતા લેવાના પ્રત્યાખ્યાનનું પણ ફળ બતાવ્યું છે.

આ બંને પ્રસંગોથી એ કહ્યું છે કે પોતાના સહચારી સાધુઓ અને ગુરુની સાથે રહેવા છતાં વિશિષ્ટ સાધનાના લક્ષે શ્રમણ તેઓની સાથે આહાર–પાણીની આપ–લેનો ત્યાગ કરે છે તેમજ તેઓની સેવાનો ત્યાગ કરે છે. તાત્પર્ય એ છે કે આહારાદિ, વસ્ત્રાદિ દેવા–લેવાના સંપર્કને મર્યાદિત કરી શ્રમણ પોતાની વ્યાવહારિક પ્રવૃત્તિઓને ઓછી કરતાં સ્વાધ્યાય, ધ્યાન રૂપ આત્મસાધનામાં વિશેષ આગળ વધે છે, વિકાસ કરે છે. આ આત્મ સાધનામાં આગળ વધનાર વિશિષ્ટ સાધકોની ચર્યાનું સૂચન નિવૃત્તિપ્રધાન–સંગ ત્યાગ પ્રધાન છે. જે પ્રથમ ઉદ્દેશકમાં વર્ણવેલ છે.

બીજા ઉદ્દેશકના આ સૂત્રમાં વ્યવહારશીલતા સૂચવતાં કહેલ છે કે કોઈ પણ સમનોજ્ઞ આચારશીલ શ્રમણ મળે તો તેઓને સમ્માન સાથે આહારાદિ, વસ્ત્રાદિ આપે, નિમંત્રણ કરે પરંતુ જેના આચારમાં કંઈક

શિથિલતા હોય, સમાચારીમાં ભિન્નતા હોય તો તે અસમનોજ્ઞ જૈન શ્રમણોની સાથે પરાણે લેવડદેવડ ન કરતાં વિશેષ પરિસ્થિતિવશ, વિશેષ ગુરુ આજ્ઞાથી આહારાદિની આપ લે કરે.

**॥ અધ્યયન–૮/૨ સંપૂર્ણ ॥**

## આઠમું અધ્યયન : ત્રીજો ઉદ્દેશક

**મધ્યમવયમાં નિર્ગ્રંથ સાધના :–**

**१ मज्झिमेणं वयसा वि एगे संबुज्झमाणा समुट्ठिया, सोच्चा वई मेहावी पंडियाण णिसामिया । समियाए धम्मे आरिएहिं पवेइए ।**

**ते अणवकंखमाणा, अणइवाएमाणा, अपरिग्गहमाणा, णो परिग्गहावंति सव्वावंति च णं लोगंसि, णिहाय दंडं पाणेहिं पावं कम्मं अकुव्वमाणे एस महं अगंथे वियाहिए । ओए जुइमस्स खेयण्णे, उववायं चयणं च णच्चा ।**

**શબ્દાર્થ :– मज्झिमेणं** = મધ્યમ, **वयसावि** = અવસ્થામાં, **संबुज्झमाणा** = બોધને પ્રાપ્ત થઈને, **समुट्ठिया** = ધર્માચરણ માટે ઉદ્યત થાય છે, **वई** = વચનોને, **मेहावी** = મેધાવી–બુદ્ધિમાન પુરુષ, **पंडियाणं** = પંડિત અર્થાત્ તીર્થંકર ભગવાનના, **समियाए** = સમભાવથી, **ते** = તેઓ, **अणवकंखमाणा** = કામભોગોની ઈચ્છા નહિ કરતાં તથા, **अणइवाएमाणा** = પ્રાણીઓની હિંસા નહિ કરતાં અને, **अपरिग्गहमाणा** = પરિગ્રહ નહિ રાખતાં, **णो परिग्गहावंति** = કોઈપણ પ્રકારની મમતા ન કરતાં, પોતાના શરીર પર પણ મમત્વ ન કરનાર, પરિગ્રહ રહિત હોય છે, **सव्वावंति** = સંપૂર્ણ, **णिहाय** = છોડીને, **अकुव्वमाणे** = નહિ કરતાં, **एस** = આ પુરુષ, **महं** = મહાન, **अगंथे**= નિર્ગ્રંથ, પરિગ્રહ રહિત, ગ્રંથિ રહિત, **ओए** = રાગદ્વેષ રહિત, **जुइमस्स खेयण्णे** = સંયમ પાલનમાં નિપુણ.

**ભાવાર્થ :–** કોઈ વ્યક્તિ મધ્યમવયમાં પણ બોધિને પ્રાપ્ત કરીને મુનિધર્મમાં દીક્ષિત થવા માટે ઉદ્યત થાય છે. તીર્થંકર તથા શ્રુતજ્ઞાની આદિ પંડિતોના હિતાહિત–વિવેકપ્રેરિત વચનો સાંભળીને, તેમજ હૃદયમાં ધારણ કરીને, મેધાવી સાધક વિશ્વાસ, શ્રદ્ધા કરે છે. તીર્થંકરોએ શ્રુતચારિત્રરૂપ આ શ્રેષ્ઠ સંયમમાર્ગ આત્મકલ્યાણ માટે કહ્યો છે.

તે શ્રદ્ધા પ્રાપ્ત સાધક કામભોગોની આકાંક્ષા રાખતા નથી, પ્રાણીઓની હિંસા કરતા નથી અને પરિગ્રહ પણ રાખતા નથી, તે નિર્ગ્રંથમુનિ સમગ્ર લોકમાં અપરિગ્રહવાન હોય છે.

પ્રાણીઓને પરિતાપકારી એવી હિંસાનો ત્યાગ કરીને જે જરા માત્ર પણ મમત્વ ભાવ રાખતા નથી, પાપકર્મ કરતા નથી, તેને જ મહાન ગ્રંથ વિમુક્ત નિર્ગ્રંથ કહ્યા છે.

તે જન્મ અને મરણના સ્વરૂપને સમજીને રાગદ્વેષ રહિત અને સંયમાચરણમાં નિપુણ થઈ જાય છે.

## વિવેચન :–

**મુનિ–દીક્ષા ગ્રહણની ઉત્તમ અવસ્થા–** (૧) મનુષ્યની ત્રણ અવસ્થાઓ માનવામાં આવી છે– બાલ્યાવસ્થા, યુવાવસ્થા અને વૃદ્ધાવસ્થા. તેમાં પહેલી અને છેલ્લી અવસ્થામાં પણ દીક્ષા લઈ શકાય છે પરંતુ મધ્યમ અવસ્થા મુનિ દીક્ષા માટે સર્વ સામાન્ય માનવામાં આવે છે કારણ કે આ વયમાં બુદ્ધિ પરિપક્વ થઈ જાય છે. ભુક્તભોગી મનુષ્યનું ભોગ વિષયક આકર્ષણ ઓછું થઈ જાય છે, તેથી તેનો વૈરાગ્ય રંગ પરિપક્વ થઈ જાય છે, તેમ જ તે સ્વસ્થ અને સશક્ત હોવાના કારણે પરીષહો અને ઉપસર્ગોને સહી શકે છે, તપશ્ચર્યા આદિ ધર્મોનું પાલન પણ સુખપૂર્વક કરી શકે છે. તેનું શાસ્ત્રીય જ્ઞાન પણ અનુભવથી સમૃદ્ધ થઈ જાય છે, માટે મુનિધર્મના આચરણ માટે મધ્યમ અવસ્થા સર્વજન સ્વીકાર્ય છે તેથી આ સૂત્રમાં તેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ગણધરો પણ ઘણું કરીને મધ્યમ વયમાં દીક્ષિત થયા હતા. ભગવાન મહાવીર પણ પ્રથમ વયને પાર કરીને દીક્ષિત થયા હતા. બાલ્યાવસ્થા તેમજ વૃદ્ધાવસ્થામાં પણ મુનિધર્મની આરાધના થાય છે.

**संबुज्झमाणा :–** મુનિ દીક્ષાના સ્વીકાર પહેલા સંબોધિ પ્રાપ્ત કરવી અનિવાર્ય છે. સાધકને ત્રણ પ્રકારેથી સંબોધિ પ્રાપ્ત થાય છે– સ્વયંસંબુદ્ધ– પોતાની મેળે સંબોધિને પ્રાપ્ત, પ્રત્યેક બુદ્ધ– કોઈ નિમિત્તથી સંબોધિને પ્રાપ્ત, અથવા બુદ્ધબોધિત– કોઈના ઉપદેશથી સંબોધિને પ્રાપ્ત હોય. આ સૂત્રમાં કોઈ જ્ઞાની પાસેથી બોધ પામેલ સાધક અર્થાત્ બુદ્ધબોધિતની અપેક્ષાએ કથન છે.

**सोच्चा वई मेहावी पंडियाणं णिसामिया :–** ચૂર્ણિકારે આ સૂત્રનો આ પ્રમાણે અર્થ કર્યો છે. પંડિતો–ગણધરોએ સૂત્રરૂપમાં ગૂંથેલ, મેધાવી–તીર્થંકરના વચન સાંભળી તથા હૃદયમાં ધારણ કરીને, મધ્યમ વયમાં પ્રવ્રજિત થાય છે.

**ते अणवकंखमाणा :–** જે ગૃહવાસ છોડી મુનિધર્મમાં દીક્ષિત થયા છે અને મોક્ષ તરફનું જેઓનું ગમન છે તેઓ કામભોગોની આકાંક્ષા રાખતા નથી.

**अणइवाएमाणा अपरिग्गहेमाणा :–** આ શબ્દો પ્રાણાતિપાત વિરમણ અને પરિગ્રહ વિરમણ મહાવ્રતના દ્યોતક છે. પહેલું અને છેલ્લું મહાવ્રત ગ્રહણ કરવાથી મધ્યના મૃષાવાદ વિરમણ, અદત્તાદાન વિરમણ અને મૈથુન વિરમણ મહાવ્રતોનું ગ્રહણ થઈ જાય છે. આ પ્રકારે તે સાધક પાંચ મહાવ્રતના પાલન કરનારા થઈ જાય છે. તે મહાવ્રતી પોતાના શરીર પ્રત્યે પણ મમત્વ રહિત હોય છે. તેઓને જ તીર્થંકર, ગણધરાદિએ મહાનિર્ગ્રંથ કહ્યા છે.

**अगंथे :–** જે બાહ્ય અને આભ્યંતર ગ્રંથોથી મુક્ત થઈ ગયા છે, તે અગ્રંથ. અગ્રંથ કે નિર્ગ્રંથ બંનેનો અર્થ એક જ છે.

**उववायं–चयणं :–** ઉપપાત અને ચ્યવન, આ બંને શબ્દો જન્મ મરણના સૂચક છે. સામાન્ય રીતે આ શબ્દોનો પ્રયોગ દેવોના જન્મ–મરણ માટે થાય છે. દિવ્ય શરીરધારી દેવતાઓનું શરીર પણ જો જન્મ મરણના કારણે નાશવંત છે તો પછી મનુષ્યોના લોહી, માંસ, મજ્જાદિ અશુચિ પદાર્થોથી બનેલા શરીરની તો શું વાત કરવી ? આ દષ્ટિએ વિચાર કરતાં આ પદોથી શરીરની ક્ષણભંગુરતાને બતાવી છે. આ રીતે શરીરની ક્ષણભંગુરતાનું ચિંતન કરી આહારાદિ પ્રત્યે અનાસક્તિ રાખે.

### સંયમ નિપુણની ગુણવત્તા :–

**२** **आहारोवचया देहा, परीसहपभंगुरा । पासहेगे सव्विंदिएहिं परिगिलायमाणेहिं। ओए दयं दयइ ।**

**जे संणिहाणसत्थस्स खेयण्णे, से भिक्खू कालण्णे बलण्णे मायण्णे खणण्णे विणयण्णे समयण्णे परिग्गहं अममायमाणे कालेणुट्ठाई अपडिण्णे दुहओ छेत्ता णियाइ ।**

**શબ્દાર્થ :– आहारोवचया** = આહારથી વૃદ્ધિને પ્રાપ્ત થાય છે, **देहा** = શરીર, **परीसहपभंगुरा** = પરીષહથી નાશ પામે છે, **सव्विंदिएहिं** = સર્વ ઈન્દ્રિયોથી, સર્વ અંગોપાંગથી, **परिगिलायमाणेहिं** = ગ્લાનિ પામે છે, **दयं** = દયા જ, સંયમ, **दयइ** = પાલન કરે છે, **संणिहाणसत्थस्स** = કર્મરૂપ સંનિધાનનું શસ્ત્ર સંયમ, કર્મોના સ્વરૂપને બતાવનાર શાસ્ત્રના જ્ઞાનમાં, **अपडिण्णे** = પ્રતિજ્ઞા રહિત અર્થાત્ કોઈ પણ જાતના નિયાણા રહિત, **दुहओ** = બાહ્ય, આભ્યંતર બંને પ્રકારના બંધનોને, રાગદ્વેષને, **छेत्ता** = છેદન કરીને, **णियाइ** = સંયમ માર્ગમાં ગમન કરે છે, નિશ્ચિતરૂપથી સંયમ અનુષ્ઠાનમાં વિચરણ કરે છે.

**ભાવાર્થ :–** આહારથી શરીર વૃદ્ધિ પામે છે, પરીષહોના પ્રહારથી ક્ષીણ થાય છે. હે શિષ્ય ! તમે જુઓ કે આહારના અભાવમાં ભૂખથી પીડિત થવાના કારણે કોઈ સાધકની સર્વ ઈન્દ્રિયો અને સર્વ અંગોપાંગ શિથિલ થઈ જાય છે, ગ્લાન થઈ જાય છે. તોપણ દયાવાન રાગદ્વેષથી રહિત ભિક્ષુ દરેક પરિસ્થિતિમાં દયા–સંયમનું પાલન કરે છે.

જે ભિક્ષુ કર્મરૂપ સંનિધાનના શસ્ત્ર–સંયમને સારી રીતે સમજે છે, તે નિપુણ ભિક્ષુ કાલજ્ઞ, બલજ્ઞ, માત્રજ્ઞ, ક્ષણજ્ઞ (અવસરજ્ઞ), વિનયજ્ઞ–આચારના મર્મજ્ઞ, સમયજ્ઞ–સિદ્ધાંતના જ્ઞાતા હોય છે. તે ભિક્ષુ પરિગ્રહ પ્રતિ અનાસક્ત બની, યથાસમય યથોચિત અનુષ્ઠાન કરી, મિથ્યા આગ્રહયુક્ત પ્રતિજ્ઞાથી રહિત બની, રાગદ્વેષ રૂપ બંધનોને છેદી, સંયમની સાધના દ્વારા મોક્ષ તરફ પ્રયાણ કરે છે.

### વિવેચન :–

**सव्विंदिएहिं परिगिलायमाणेहिं :–** આ સૂત્રમાં આહાર કરવાનું કારણ સ્પષ્ટ કર્યું છે કે આહાર કરવાથી શરીર પુષ્ટ થાય છે, પરંતુ સાધક સંયમના પાલન માટે અને પરીષહ આદિને સહન કરવાની

ક્ષમતા માટે આહાર દ્વારા શરીરનું સંરક્ષણ કરે છે કારણ કે શરીર મોક્ષનું સાધન છે. જે કાયર પુરુષ સુખમાં આસક્ત અને ભોગાકાંક્ષી હોય છે, શરીરથી પુષ્ટ અને સશક્ત હોવા છતાં જે મનથી નબળા હોય છે તેમનું શરીર પરીષહો આવતાની સાથે વૃક્ષની ડાળીની જેમ તૂટી પડે છે. પરીષહોના પ્રહારથી શરીર જ ભાંગી પડે છે એમ નહિ પણ ઈન્દ્રિયો પણ કરમાઈ જાય છે. જેમ કે ભૂખની વેદના થતાં આંખે અંધારા આવે છે, કાનથી સાંભળવાનું તથા નાકથી સૂંઘવાનું ઓછું થઈ જાય છે.

આહાર ફક્ત શરીર પુષ્ટ કરવા માટે નથી, પરંતુ સંયમ પાલન માટે છે, તેથી જ શાસ્ત્રોક્ત છ કારણોથી આહાર લેવાનો છે. અકારણ આહારથી દૂર રહેવું જોઈએ. ઉત્તરાધ્યયન સૂત્રમાં સાધુને છ કારણે આહાર ગ્રહણ કરવાનું તથા આહાર ત્યાગ કરવાનું વિધાન છે–

**वेयण–वेयावच्चे, इरियट्ठाए संजमट्ठाए ।**
**तह पाणवत्तियाए, छट्ठं पुण धम्मचिंताए ॥**
**आयंके उवसग्गे, तितिक्खया बंभचेरगुत्तीसु ।**
**पाणिदया तवहेउं, सरीरं वोच्छेयणट्ठाए ॥** –(અ. ૨૬ ગાથા. ૩૩, ૩૫.)

(૧) ક્ષુધાવેદનીયને શાંત કરવા માટે. (૨) સાધુઓની સેવા કરવા માટે. (૩) ઈર્યાસમિતિના પાલન માટે. (૪) સંયમના પાલન માટે. (૫) જીવોની રક્ષા માટે. (૬) સ્વાધ્યાય, ધર્મધ્યાનાદિ કરવા માટે આહાર કરે.

(૧) રોગાદિ આતંક આવે ત્યારે. (૨) ઉપસર્ગ – પરીષહાદિને સહન કરવા માટે. (૩) બ્રહ્મચર્યની રક્ષા માટે. (૪) જીવોની દયા માટે. (૫) તપ કરવા માટે (૬) શરીરનો ત્યાગ કરવા, અનશનની આરાધના કરવા માટે આહાર ત્યાગ કરે.

આ શાસ્ત્રોક્ત કારણો સિવાય કેવળ બળ, વીર્યાદિ વધારવા માટે આહાર કરવો, તે દોષ રૂપ છે. તેમજ આહાર છોડવાના છ કારણોમાં આહાર ત્યાગ ન કરે, તો તે પણ દોષ રૂપ છે અને તે તેની આહાર પરની કે દેહ પરની આસક્તિ કહેવાય છે.

**ओए दयं दयइ :–** આ સૂત્રથી સ્પષ્ટ કર્યું છે કે ક્ષુધા–પિપાસાદિ પરીષહોથી ઘેરાઈ જાય ત્યારે રાગ દ્વેષ રહિત સાધુ જીવદયાનું, સંયમનું પાલન કરે છે, તે દોષવાળો કે અકારણ આહાર ગ્રહણ કરે નહિ.

**संणिहाणसत्थस्स :–** આ શબ્દના વૃત્તિકારે બે અર્થ કર્યા છે– (૧) સન્નિધાનશાસ્ત્ર (૨) સન્નિધાનશસ્ત્ર. સન્નિધાન એટલે કર્મ. કર્મના સ્વરૂપનું દિગ્દર્શન કરાવી, તેના ક્ષયનો ઉપાય બતાવનાર શાસ્ત્ર તે સન્નિધાન શાસ્ત્ર અને સન્નિધાન–કર્મનું શસ્ત્ર છે સંયમ. કર્મનું નાશક સંયમરૂપી શસ્ત્ર તે સન્નિધાનશસ્ત્ર કહેવાય છે. સન્નિધાનશસ્ત્રના ખેદજ્ઞ એટલે સંયમમાં નિપુણ.

સન્નિધાનનો એક બીજો અર્થ છે "આહાર યોગ્ય પદાર્થોની સન્નિધિ એટલે સંચય–સંગ્રહ." સન્નિધાન એટલે આહારાદિની સંગ્રહવૃત્તિ તેનું શસ્ત્ર તે સંયમ. તે સંયમના ખેદજ્ઞ–જ્ઞાતા. આ સૂત્રમાં આહાર

સંબંધી વાત હોવાથી આ ત્રીજો અર્થ વધુ સંગત થાય છે કે સાધક સંગ્રહવૃત્તિને છોડી આહારની માત્રા જાણે અને ક્ષુધા પરીષહને સમતાથી સહન કરે.

**कालण्णे बलण्णे :–** આ સર્વ વિશેષણો ભિક્ષાજીવી સાધકની યોગ્યતા બતાવવા માટે, લોક વિજય નામના બીજા અધ્યયનના પાંચમા ઉદ્દેશકમાં કહ્યા છે અને ત્યાં તેની વ્યાખ્યા પણ કરી છે. અહીં તે વિશેષણોને સામાન્ય રીતે સંયમીના વિશિષ્ટ ગુણરૂપે સમજી શકાય છે, તેથી સાધક આહારવિહાર વગેરે સર્વ વિષયમાં **કાલજ્ઞ** આદિ હોય છે.

**दुहओ छेत्ता णियाइ :–** 'દુહત' શબ્દના બે અર્થ છે– (૧) રાગદ્વેષને છેદીને (૨) બાહ્ય આભ્યંતર પરિગ્રહથી મુક્ત થઈને સાધક સંયમાનુષ્ઠાનમાં નિશ્ચયથી પ્રયાણ કરે છે. તાત્પર્ય એ છે કે– સાધક સંયમમાં નિશ્ચિત રૂપે પ્રગતિ કરે છે, મોક્ષાભિમુખ સાધનાને વેગવંતી બનાવીને મોક્ષ તરફ પ્રયાણ કરે છે.

### શીતપરીષહમાં આચારનિષ્ઠા :–

**३** **तं भिक्खुं सीयफासपरिवेवमाणगायं उवसंकमित्तु गाहावई बूया– आउसंतो समणा ! णो खलु ते गामधम्मा उब्बाहंति ? आउसंतो गाहावई ! णो खलु मम गामधम्मा उब्बाहंति । सीयफासं णो खलु अहं संचाएमि अहियासित्तए । णो खलु मे कप्पइ अगणिकायं उज्जालित्तए वा पज्जालित्तए वा कायं आयावित्तए वा पयावित्तए वा; अण्णेसिं वा वयणाओ ।**

**सिया एवं वदंतस्स परो अगणिकायं उज्जालेत्ता पज्जालेत्ता कायं आयावेज्जा वा पयावेज्जा वा । तं च भिक्खू पडिलेहाए आगमेत्ता आणवेज्जा अणासेवणाए त्ति बेमि ।**

**॥ तइओ उद्देसो समत्तो ॥**

**શબ્દાર્થ :– सीयफासपरिवेवमाणगायं** = ઠંડીના કારણે જેનું શરીર ધ્રૂજતું હોય તેવા, **उवसंकमित्तु** = પાસે આવીને, **गामधम्मा** = ઈન્દ્રિય વિષયો, **उब्बाहंति** = પીડિત કરે છે, **सीयफासं** = શીતસ્પર્શને, **णो संचाएमि** = સમર્થ નથી, **अहियासित्तए** = સહન કરવા માટે, **उज्जालित्तए** = કંઈક જલાવવું, **पज्जालित्तए** = વિશેષરૂપેથી પ્રજ્વલિત કરવું, **कायं** = શરીરને, **आयावित्तए** = કંઈક તાપ આપવો, તપાવવું, **पयावित्तए** = વિશેષરૂપથી તપાવવું, **अण्णेसिं वा वयणाओ** = વચનથી કહીને બીજા પાસેથી કરાવે નહિ.

**ભાવાર્થ :–** ઠંડીથી ધ્રૂજતા શરીરવાળા સાધુની પાસે આવીને કોઈ ગૃહસ્થ કહે– હે આયુષ્યમાન્ શ્રમણ ! તમોને ઈન્દ્રિય વિષયો તો પીડિત કરતા નથી ને ? ત્યારે મુનિ કહે– હે આયુષ્માન્ ગૃહસ્થ ! મને ઈન્દ્રિય વિષયો પીડા કરતા નથી, પરંતુ મારું શરીર નિર્બળ હોવાના કારણે હું ઠંડીને સહન કરવામાં અસમર્થ છું, તેથી મારું શરીર ઠંડીથી ધ્રૂજી રહ્યું છે.

[તમે અગ્નિ કેમ જલાવતા નથી ? આ પ્રમાણે ગૃહસ્થ પ્રશ્ન કરે ત્યારે ]મુનિ કહે કે અગ્નિકાયને થોડી જલાવવી, પ્રજ્વલિત કરવી, તેનાથી શરીરને થોડું પણ તપાવવું કે વિશેષ તપાવવું, બીજાને કહીને અગ્નિ પ્રજ્વલિત કરાવવી વગેરે અમોને કલ્પતું નથી, જૈન મુનિ એમ કરતા નથી.

કદાચ આ પ્રમાણે પ્રત્યુત્તર દેવા પર તે ગૃહસ્થ અગ્નિકાયને થોડી પ્રજ્વલિત કરી કે વિશેષ પ્રજ્વલિત કરી સાધુના શરીરને થોડું તપાવે કે વિશેષ રૂપથી તપાવે તો તે સમયે અગ્નિકાયના આરંભને પોતાની બુદ્ધિથી વિચારી આગમ દ્વારા સારી રીતે જાણી ભિક્ષુ તે ગૃહસ્થને કહે કે અગ્નિકાયનું સેવન હું કરી શકુ નહિ અથવા પોતાના આત્માને તે અગ્નિનું સેવન નહીં કરવા માટે આજ્ઞાપિત–અનુશાસિત કરે અને ભાવુક ગૃહસ્થની તે ભક્તિનું અનુમોદન પણ કરે નહીં. – એમ ભગવાને કહ્યું છે.

॥ ત્રીજો ઉદ્દેશક સમાપ્ત ॥

## વિવેચન :–

**गाम धम्मा उब्बाहंति :–** આ સૂત્રમાં કોઈ ભાવિક ગૃહસ્થની શંકા અને તેનું સમાધાન કર્યું છે. કોઈ યુવાન ભિક્ષાજીવી સાધુ ગોચરી માટે ફરી રહ્યા હોય. તે સમયે તેના શરીર પર પૂરા વસ્ત્રો નહિ હોવાના કારણે તે સાધક ઠંડીથી ધ્રૂજી રહ્યા હોય. તેને જોઈને તેની પાસે આવી કોઈ ભાવિક ગૃહસ્થ પૂછે કે તમો ધ્રૂજો છો શા માટે ? શું તમોને ઈન્દ્રિય વિષયો પીડા આપે છે ? તે સમયે આ ગૃહસ્થની શંકાનું સમાધાન કરે અને વાસ્તવિક સ્થિતિ સ્પષ્ટ કરે.

**सीयफासं णो खलु अहियासित्तए :–** હું ઠંડીને સહન કરી શકતો નથી. પોતાની કલ્પમર્યાદાના જાણકાર સાધુ અગ્નિકાયના સેવનને અનાચરણીય સમજે છે. કોઈ ભાવિક ભક્ત અગ્નિ પ્રગટાવી સાધુના શરીરને તપાવવા લાગે તો સાધુ તેને સમભાવ પૂર્વક સ્પષ્ટરૂપે અગ્નિ સેવનનો નિષેધ કરે.

ગૃહસ્થ આવા પ્રશ્ન પૂછે ત્યારે સાધુ ગુસ્સે ન થાય પરંતુ શાંતિથી કહે કે મારી શારીરિક ક્ષમતાથી વધારે ઠંડી હોવાના કારણે મારું શરીર સહેજે ધ્રૂજી રહ્યું છે, બીજું કોઈ કારણ નથી. આ રીતે કહેવાથી ગૃહસ્થ ભક્તિમાં આવીને અગ્નિના સાધનનું નિમંત્રણ આપે, તેનો સાધુ નિષેધ કરે અને તેને સ્પષ્ટ સમજાવે કે જૈન સિદ્ધાંતાનુસાર અગ્નિકાયમાં જીવોનું અસ્તિત્વ હોય છે. તેમાં અસંખ્ય જીવો સમયે સમયે જન્મે અને મરે છે, તેથી જૈન શ્રમણ અગ્નિ પ્રજ્વલિત કરવાની અનુમોદના પણ કરે નહીં અને અગ્નિથી શરીરને તપાવવું એ પણ સંયમવિધિ મુજબ કલ્પનીય નથી.

॥ અધ્યયન–૮/૩ સંપૂર્ણ ॥

# આઠમું અધ્યયન : ચોથો ઉદ્દેશક

## ત્રણ વસ્ત્રના અભિગ્રહધારી મુનિ :–

**૧** **जे भिक्खू तिहिं वत्थेहिं परिवुसिए पायचउत्थेहिं । तस्स णं णो एवं**

**भवइ–चउत्थं वत्थं जाइस्सामि । से अहेसणिज्जाइं वत्थाइं जाएज्जा, अहापरिग्गहियाइं वत्थाइं धारेज्जा, णो धोएज्जा, णो रएज्जा, णो धोयरत्ताइं वत्थाइं धारेज्जा, अपलिउंचमाणे गामंतरेसु, ओमचेलिए । एयं खु वत्थधारिस्स सामग्गियं ।**

**શબ્દાર્થ :–** **जे** = જે, **भिक्खू** = સાધુ, **तिहिं वत्थेहिं** = ત્રણ વસ્ત્રોથી, ત્રણ વસ્ત્રોની પ્રતિજ્ઞાથી, **परिवुसिए** = રહે છે, **पायचउत्थेहिं** = ચોથા પાત્રો રાખવાની મર્યાદા કરે છે, **तस्स णं** = તેને, **एवं** = આ પ્રમાણે, **णो भवइ** = થાય નહિ, **चउत्थं वत्थं** = ચોથા વસ્ત્રની, **जाइस्सामि** = યાચના કરીશ, **से** = તે સાધુ, **अहेसणिज्जाइं** = એષણા અનુસાર, **जाएज्जा** = યાચના કરે અને, **अहापरिग्गहियाइं** = જેવા વસ્ત્ર ગ્રહણ કર્યા છે તેવા જ, **णो धोएज्जा** = તે વસ્ત્રને ધોવે નહિ, **णो रएज्जा** = રંગે નહિ, **धोयरत्ताइं** = ધોયેલા કે રંગેલા અથવા પહેલા ધોઈને પછી રંગેલા, **अपलिउंचमाणे** = પોતાના વસ્ત્રને છુપાવ્યા વિના તથા, **गामंतरेसु** = બીજા ગામમાં જતા સાધુ, **ओमचेलिए** = અલ્પમૂલ્યવાળા વસ્ત્રોને ધારણ કરતા જાય, **सामग्गियं** = સામગ્રી, આચાર છે.

**ભાવાર્થ :–** જે ભિક્ષુએ ત્રણ વસ્ત્ર અને ચોથા પાત્રોને રાખવાની મર્યાદા–અભિગ્રહ કર્યો છે, તેના મનમાં એવો અધ્યવસાય થતો નથી કે– "હું ચોથા વસ્ત્રની યાચના કરીશ". તે એષણીય–મર્યાદાનુસાર ગ્રહણીય વસ્ત્રોની યાચના કરે અને જેવા વસ્ત્રો ગ્રહણ કર્યા છે તે વસ્ત્રોને ધારણ કરે. તે વસ્ત્રોને ધોવે નહીં, રંગે નહીં, અર્થાત્ ધોયા પછી ગળીના રંગથી રંગે નહીં, તે ધોયેલા–રંગેલા વસ્ત્રોને ધારણ કરે નહીં. બીજા ગામ આદિમાં વિચરતાં તે વસ્ત્રોને છુપાવે નહીં. તે અભિગ્રહધારી મુનિ પરિમાણ અને મૂલ્યની દષ્ટિએ થોડા અને અતિસામાન્ય વસ્ત્ર રાખે. વસ્ત્રના અભિગ્રહધારી મુનિનો આ આચાર છે.

**૨ अह पुण एवं जाणेज्जा–उवाइक्कंते खलु हेमंते, गिम्हे पडिवण्णे, से अहापरिजुण्णाइं वत्थाइं परिट्ठवेज्जा, अदुवा संतरुत्तरे, अदुवा ओमचेलिए, अदुवा एगसाडे, अदुवा अचेले । लाघवियं आगममाणे । तवे से अभिसमण्णागए भवइ। जहेयं भगवया पवेइयं तमेव अभिसमेच्चा सव्वओ सव्वत्ताए सम्मत्तमेव समभिजाणिज्जा ।**

**શબ્દાર્થ :–** **अह** = ત્યાર પછી, **पुण** = ફરી, **एवं** = એમ, **जाणेज्जा** = જાણે કે, **उवाइक्कंते** = વ્યતીત થઈ ગઈ છે, **हेमंते** = હેમંતઋતુ, **गिम्हे** = ગ્રીષ્મઋતુ, **पडिवण्णे** = આવી ગઈ છે, **अहापरिजुण्णाइं** = જીર્ણ વસ્ત્ર, **परिट्ठवेज्जा** = છોડી દે, **संतरुत्तरे** = ત્રણ વસ્ત્ર–પછેડી રાખે, એક પછી એક એમ ત્રણે ય વસ્ત્ર–પછેડીનો ઉપયોગ કરે, એકને ઓઢે એકને રાખે, **अदुवा** = અથવા તે, **ओमचेले** = ત્રણ વસ્ત્રમાંથી એક ઓછું થાય ત્યારે બે રહે, **एगसाडे** = એક જ વસ્ત્ર રહે, **अचेले** = વસ્ત્ર રહિત, અચેલ થઈ જાય, **लाघवियं** = લઘુતાને, અલ્પોપધિ, **आगममाणे** = પ્રાપ્ત કરતાં, **तवे** = તપની, **से** = સાધુને, **अभिसमण्णागए भवइ** = પ્રાપ્તિ થાય છે, **जहेयं** = જે કંઈ, **भगवया** = ભગવાને,

**पवेइयं** = ફરમાવ્યું છે, **तमेव** = તેને જ, **अभिसमेच्चा** = જાણીને.

**ભાવાર્થ :–** જ્યારે ભિક્ષુ એ જાણે કે 'હેમન્ત ઋતુ' હવે પસાર થઈ ગઈ છે, ' ગ્રીષ્મ ઋતુ' આવી ગઈ છે, ત્યારે જે જે વસ્ત્રો જીર્ણ થયા હોય તેને સંયમવિધિથી પરઠી દે, તે જીર્ણ વસ્ત્રનો ત્યાગ કરી દે. આ પ્રકારે કયારેક તે ત્રણ વસ્ત્રોને ધારણ કરે અને એક જીર્ણ વસ્ત્રને છોડી દે તો બે વસ્ત્રથી રહે, જો બે જીર્ણ વસ્ત્રોનો ત્યાગ કરે તો એક વસ્ત્રવાન થઈને રહે અને જો સર્વ વસ્ત્રોનો, ત્રણે ય પછેડીનો ત્યાગ કરે તો અચેલ રહે પરંતુ મર્યાદિત સમયનો અભિગ્રહ હોવાના કારણે નવું વસ્ત્ર ન લે.

આ રીતે અલ્પોપધિ રૂપ લાઘવતાને પ્રાપ્ત કરતાં તે વસ્ત્રત્યાગી મુનિને સહજ રીતે જ ઉપકરણ ઊણોદરી અને કાયક્લેશ આદિ તપ થઈ જાય છે. ભગવાને જે રીતે આ વસ્ત્ર–પ્રતિજ્ઞાનું પ્રતિપાદન કર્યું છે, તેને તે રૂપમાં ઊંડાણપૂર્વક જાણીને સર્વપ્રકારે, પૂર્ણ રૂપે સમ્યક્ રીતે કાર્યાન્વિત કરે–સેવન કરે.

## વિવેચન :–

મુક્તિ સાધનામાં લીન શ્રમણને સંયમ રક્ષા માટે વસ્ત્ર, પાત્રાદિ ઉપધિ રાખવી પડે છે. શાસ્ત્રમાં તેની આજ્ઞા આપી છે પરંતુ આજ્ઞાની સાથે વિવેક બતાવ્યો છે કે તે પોતાની આવશ્યકતાઓને ઓછી કરતા જાય અને ઉપધિ સંયમ વધારતા રહે. આ બે સૂત્રમાં વસ્ત્રની અલ્પતા 'લાઘવ ધર્મ'ની સાધના બતાવી છે.

**तिहिं वत्थेहिं परिवुसिए :–** આ બે સૂત્રમાં સાધુની ઉત્કૃષ્ટ કલ્પમર્યાદા અનુસાર ચાતુર્માસ પછી એકી સાથે ત્રણ ચાદર(પછેડી) ગ્રહણ કરી લીધા પછી શેષ કાળમાં બીજા વસ્ત્ર ગ્રહણ ન કરવાની પ્રતિજ્ઞાનું વર્ણન છે. અહીં **परिवुसिए** શબ્દનો અર્થ છે કે તે અભિગ્રહ કરનાર શ્રમણ ત્રણ વસ્ત્ર ધારણ કરતાં વિચરણ કરે છે.

**पायचउत्थेहिं :–** આ શબ્દથી તે વસ્ત્રાભિગ્રહધારી શ્રમણના પાત્રોનું કથન કર્યું છે. આ કથનમાં વસ્ત્રની જેમ સંખ્યાનો ઉલ્લેખ ન કરતાં બહુવચનવાળા શબ્દનો પ્રયોગ કરી કહ્યું છે કે ચોથા છે પાત્રો જેની પાસે. આ શબ્દથી સ્પષ્ટ છે કે તે શ્રમણને પાત્ર સંબંધી કોઈ વિશેષ પ્રતિજ્ઞા નથી. સ્વાભાવિક રીતે તેને પોતાની મર્યાદાનુસાર જે પાત્ર રાખ્યા છે તે પાત્ર તેની પાસે છે.

**પાત્રનિર્યોગ–પાત્ર સંબંધી ઉપકરણ :–** ટીકાકારે પાત્રના વિષયમાં સાત પ્રકારના ઉપકરણોનું કથન કર્યું છે. પાત્ર ગ્રહણની સાથે પાત્ર સાથે સંબંધિત તેની ઉપયોગી વસ્તુ પણ તેમાં ગણાય જાય છે. જેમ કે–

**पत्तं पत्ताबंधो, पायठवणं च पाय केसरिया ।**
**पडलाइ रयत्ताणं च, गोच्छओ पाय णिज्जोगो ॥**

(૧) પાત્ર (૨) પાત્રબંધન(ઝોળી) (૩) પાત્ર સ્થાપન (માંડલીયું) (૪) પાત્ર–કેસરી (પ્રમાર્જનિકા) (૫) પટલ(જીવરક્ષા માટે પાત્રની વચ્ચે રાખવાનું વસ્ત્ર) (૬) રજસ્ત્રાણ (૭) ગોચ્છગ (ગુચ્છા). આ સાતે ય મળીને પાત્ર નિર્યોગ કહેવાય છે.

સૂત્રમાં પાત્ર શબ્દ જાતિવાચક હોવાથી તેમજ બહુવચનમાં હોવાથી કેવળ એક પાત્ર હોવાનો અર્થ કરવો યોગ્ય નથી પરંતુ અનેક પાત્ર અને તદ્વિષયક સર્વ સામગ્રી તેમાં આવી જાય છે.

**तस्स णं भिक्खुस्स णो एवं भवइ– चउत्थं वत्थं जाइस्सामि :–** આ સૂત્રમાં વસ્ત્ર, પાત્રાદિ રૂપ બાહ્ય ઉપધિ અને રાગદ્વેષ, મોહ તેમજ આસક્તિ આદિ આભ્યંતર ઉપધિથી વિમોક્ષની સાધના દષ્ટિએ વિશિષ્ટ વસ્ત્રાભિગ્રહધારી શ્રમણના વિષયમાં પ્રતિપાદન કર્યું છે કે તે ભિક્ષુ ત્રણ વસ્ત્ર અને પાત્ર સિવાયની અન્ય ઔપગ્રાહિક દંડ પુસ્તક વગેરે ઉપધિ રાખતા નથી પરંતુ ઔઘિક ઉપધિ, મુખ વસ્ત્રિકા, રજોહરણ, ગોચ્છગ વગેરે સર્વ સાધારણ ઉપકરણો જ રાખે છે. જે મુનિએ આ કલ્પત્રયની પ્રતિજ્ઞા કરી છે, તે મુનિ ઠંડી આદિના પરીષહ આવવા પર પણ ચોથા વસ્ત્રને લેવાની ઈચ્છા કરતા નથી. જો તેની પાસે પ્રતિજ્ઞાથી વસ્ત્ર ઓછા થઈ જાય તોપણ તે મર્યાદિત સમય સુધી બીજા વસ્ત્ર લઈ શક્તા નથી.

**अहापरिगहियाइं, अहेसणिज्जाइं :–** આ વસ્ત્ર પ્રતિજ્ઞા સાથે શાસ્ત્રકાર અનાગ્રહ વૃત્તિનું પણ સૂચન કરે છે. એષણીય–કલ્પનીય વસ્ત્ર જ્યાં જેવું મળે ત્યાંથી તે લઈને ધારણ કરે, વસ્ત્ર અંગે કોઈ વિશેષ પ્રકારનો આગ્રહ કે સંકલ્પ રાખે નહીં. મળેલા તે વસ્ત્રને ફાડીને નાનું ન કરે કે ટૂકડા જોડીને મોટું ન કરે, તેને ધોવે નહિ અને રંગે નહિ. આ કથન એટલા માટે છે કે તે અભિગ્રહધારી શ્રમણને વસ્ત્ર સંબંધી કોઈ પ્રક્રિયા કરવાની હોતી નથી. સ્થવિરકલ્પી સામાન્ય મુનિ માટે કારણ વિશેષને લઈને વસ્ત્ર ધોવાનું વિધાન છે પરંતુ વિભૂષા તેમજ સૌન્દર્યની દષ્ટિએ, શ્રૃંગાર, શોભા શણગારની ભાવનાથી તેઓને પણ વસ્ત્રને ગ્રહણ કરવાની, પહેરવાની, ધોવાની મનાઈ છે. વસ્ત્ર સંબંધી વિશિષ્ટ અભિગ્રહધારી ગચ્છવાસી સાધુ, ભિક્ષુપડિમાધારી સાધુ અને જિનકલ્પી સાધુ આ સર્વ વિશિષ્ટ સાધકોને તો વિભૂષા સિવાય પણ વસ્ત્ર ધોવા, આદિની કોઈ પ્રકારની ક્રિયા કરવાની કલ્પતી નથી.તે સાધકો જીર્ણ થાય ત્યાં સુધી તે વસ્ત્રાદિ ઉપકરણોને ધારણ કરે છે અને જ્યારે ઉપયોગી ન રહે ત્યારે પરઠી દે છે.

**णो धोएज्जा णो रएज्जा :–** વિશેષરૂપે કર્મ નિર્જરાની સાધના માટે જ ભિક્ષુ ઊણોદરી તપરૂપમાં વસ્ત્રાભિગ્રહને ધારણ કરે છે. આ પ્રકારના દરેક અભિગ્રહધારી, પડિમાધારી સાધકોને શરીર લક્ષી કે ઉપકરણલક્ષી કોઈ પણ પ્રક્રિયા હોતી નથી. અહીં ધોવાની સાથે રંગવાનું કથન સહજ રૂપથી છે જે ધોવાની પ્રક્રિયામાં જ સમાવિષ્ટ છે. ધોયા પછી તેની સફેદાઈ માટે ગળી વગેરે પદાર્થોનો ઉપયોગ થાય છે. તેનું જ અહીં રંગવું શબ્દથી કથન કર્યું છે.

**अपलिउंचमाणे गामंतरेसु :–** આ શબ્દનો અર્થ છે તે વસ્ત્રાદિ ઉપકરણોને ન છુપાવતાં. તાત્પર્ય એ છે કે ત્રણ વસ્ત્ર(પછેડી)ના અભિગ્રહધારી મુનિ તે વસ્ત્રો પ્રતિ મમત્વ મૂર્ચ્છા ભાવ ન રાખે. તે વસ્ત્રોને કોઈ લઈ ન જાય, ચોરી ન જાય એવો ભય પણ ન રાખે તથા મારે સમયમર્યાદા સુધી બીજા વસ્ત્રની યાચના કરવાની નથી માટે એ વસ્ત્રોને બહુ સંભાળીને રાખવાના છે, એવો મમત્વ ભાવ ન રાખતાં નિષ્ફિકર થઈને રહે. કોઈ પ્રકારના સંકલ્પોથી તે વસ્ત્રોને છુપાવી છુપાવીને ન રાખે. વિહારના પ્રસંગે ક્યારેક સ્મશાન આદિ સ્થાનોમાં રહેવાનું થાય કે શૂન્ય જંગલમાંથી પસાર થવાનું હોય તોપણ તે વસ્ત્રો પ્રતિ મૂર્ચ્છા ભાવ ન રાખે કારણ કે અભિગ્રહ ધારણ કરનાર તે સાધક તો અચેલ થઈ જાય ત્યાં સુધીની હિંમત સાથે જ પ્રતિજ્ઞા કરે છે.

**ओमचेले :– अवम** નો અર્થ અલ્પ કે સાધારણ છે. **अवम** શબ્દ સંખ્યા, પરિમાણ (માપ) અને મૂલ્ય આ ત્રણે ય અપેક્ષાએ અલ્પતા કે સાધારણતાને બતાવે છે. સંખ્યાની અપેક્ષાએ અલ્પતા મૂળપાઠમાં જ સ્પષ્ટ છે. માપ અને મૂલ્યમાં પણ અલ્પતા અને ન્યૂનતાનું ધ્યાન રાખવું જરૂરી છે. અલ્પમૂલ્ય અને સામાન્ય, થોડા વસ્ત્રોથી જીવન યાપન કરનાર સાધુ **अवमचेलक** કહેવાય છે.

**अहापरिजुण्णाइं वत्थाइं परिट्ठवेज्जा :–** શ્રમણાચારની પાંચમી સમિતિ પરઠવા સંબંધી છે. તેમાં શરીરના અશુચિ પદાર્થોનો યોગ્ય સ્થાને વિવેકથી ત્યાગ કરવાનો હોય છે. તેમ જ અનુપયોગી કોઈ પણ જીર્ણ ઉપકરણ પરઠવાનો પણ તેમાં જ સમાવેશ થાય છે. અહીં જીર્ણ વસ્ત્રોને પરઠવાનું કથન છે. તેની વિધિ એ છે કે જંગલમાં એકાંત સ્થાને છોડી દેવું કે ટુકડે ટુકડા કરી રેતી કે પથ્થર વગેરેથી દબાવીને રાખી દેવું. આ સૂત્ર ચાદર–પછેડી સંબંધી અભિગ્રહધારી સાધકની દષ્ટિએ છે. પોતાના શરીરને જેટલું કસી શકે તેટલું કસે, ઓછાંમાં ઓછાં જેટલાં વસ્ત્રોથી રહી શકે તેટલાં વસ્ત્રોથી રહેવાનો અભ્યાસ કરે. માટે જ કહ્યું છે કે ગ્રીષ્મઋતુ આવે ત્યારે સાધક ત્રણ વસ્ત્રોમાંથી જે વસ્ત્ર અત્યંત જીર્ણ હોય તેનો ત્યાગ કરી દે. હવે બે વસ્ત્રો રહ્યા તેમાંથી પણ જીર્ણ થઈ જાય તો એક વસ્ત્ર ઓછું કરી નાખે. ફક્ત એક વસ્ત્રથી રહે, જો તે વસ્ત્ર પણ જીર્ણ થઈ જાય તો તેનો ત્યાગ કરી વસ્ત્રરહિત–ચાદર રહિત રહે. ચાદરની અપેક્ષાએ તે ભિક્ષુ અચેલ કહેવાય છે પરંતુ ચોલપટ્ટક, મુખવસ્ત્રિકા વગેરે ઉપકરણો તેને રહે જ છે. તેનાથી સાધકને તપનો લાભ તો થાય છે પણ વસ્ત્ર વિષયક જે ચિંતા છે તેનાથી તે મુક્ત બની જાય છે, લઘુભૂત–હળવા ફૂલ થવાનો મહાલાભ થાય છે.

શાસ્ત્રમાં કહ્યું છે કે પાંચ કારણોથી અચેલક પ્રશસ્ત છે, ૧. તેનું પ્રતિલેખન કાર્ય ઓછું હોય છે. ૨. તેનું લાઘવ–હળવાપણું પ્રશસ્ત હોય છે. ૩. તેનું રૂપ (વેશ) વિશ્વાસ યોગ્ય હોય છે અત્યંત સંગ્રહ કરનારના પ્રત્યે લોકોને સંદેહ થાય છે. ૪. તેનું તપ જિનેશ્વર દ્વારા અનુજ્ઞાત હોય છે. ૫. તેને ઈન્દ્રિયનો નિગ્રહ વિશેષ થાય છે.

**संतरुत्तरे :–** આ શબ્દના વિવિધ અર્થ છે. (૧) ઉત્તરા.અ. ૨૩ માં આ શબ્દનો અચેલ કે અલ્પ વસ્ત્રના પ્રતિપક્ષમાં પ્રયોગ થયો છે. ત્યાં ભગવાન મહાવીરના શ્રમણોનો અચેલ ધર્મ કહ્યો છે અને પાર્શ્વનાથ ભગવાનના શ્રમણોનો વસ્ત્રના વિષયમાં–સંતરુત્તર ધર્મ કહ્યો છે. (૨) એક પછી એક ઉપયોગમાં લઈ શકે એવા ત્રણ વસ્ત્ર (૩) ગ્રહણ કરેલા સર્વ વસ્ત્રો ધારણ કરે (૪) ઉપર નીચે સૂતરાઉ વસ્ત્ર અને વચ્ચે ગરમ કામળી એમ સાંતરુત્તર કરીને ઓઢવું એમ વ્યાખ્યામાં કહ્યું છે. તાત્પર્ય એ છે કે અહીં ત્રણ વસ્ત્રના અભિગ્રહનું પ્રકરણ હોવાથી **संतरुत्तर** શબ્દથી ત્રણ ચાદર–પછેડી ધારણ કરવાનો અર્થ સમજવો જોઈએ.

**सम्मत्तमेव समभिजाणिज्जा :–** વૃત્તિકારે **'सम्मत्त'**ના બે અર્થ કર્યા છે– (૧) સમ્યક્ અને (૨) સમત્વ. સમ્યક્ અર્થ ગ્રહણ કરતાં અર્થ થાય છે કે ભગવાને કહેલ આ ઉપધિ–વિમોક્ષની સત્યતા કે સચ્ચાઈને સારી રીતે જાણીને આચરણમાં લે અને 'સમત્વ' અર્થ ગ્રહણ કરતાં અર્થ થાય છે કે ભગવાને કહેલી ઉપધિ–વિમોક્ષને સર્વ પ્રકારે સર્વાત્મનાં(પૂર્ણરૂપથી) જાણીને સચેલક–અચેલક બંને અવસ્થાઓમાં સમભાવપૂર્વક રહે. આ રીતે વૃત્તિકાર દ્વારા કથિત બન્ને અર્થ યથોચિત જણાય છે.

**परिट्ठवेज्जा–परिट्ठवेत्ता :–** ઘણી પ્રતોમાં **परिट्ठवेज्जा** શબ્દ પછી **परिट्ठवेत्ता** શબ્દ મળે છે. તે સમજણના અભાવે વધી ગયેલો શબ્દ છે. તેના કારણે મૂળપાઠમાં વિભિન્નતા મળે છે. **परिट्ठवेज्जा** શબ્દ પછી **परिट्ठवेत्ता** શબ્દ આવી શકે છે પરંતુ અહીં **परिट्ठवेज्जा** શબ્દ પછી **अदुवा** શબ્દ આવ્યો છે. તેના કારણે **परिट्ठवेत्ता** શબ્દ આવી શકે નહીં. માટે આ સૂત્રના મૂળપાઠમાં એક જ શબ્દ **परिट्ठवेज्जा** સ્વીકાર્યો છે. **परिट्ठवेत्ता** શબ્દ રાખવાથી આ ઉદ્દેશકમાં આ વસ્ત્ર સંબંધી પાઠના મૂળપાઠ અને તેના અર્થમાં કેટલીય મુશ્કેલી કે મૂંઝવણ ઊભી થાય છે. જે વિવિધ સંસ્કરણોને જોતાં અનુભવાય છે.

આ અધ્યયનના ચોથા પાંચમા અને છટ્ઠા ત્રણ ઉદ્દેશકમાં ત્રણ, બે અને એક ચાદર સંબંધી અભિગ્રહનું વર્ણન છે. ત્રણેમાં એક સરખું વર્ણન છે. ત્યાં **परिट्ठवेत्ता** પછી પણ ત્રણ, બે અને એક પછેડી રહેવાનો પાઠ આવે છે અને **परिट्ठवेत्ता** પછી ત્રણે ઉદ્દેશકમાં **अदुवा** શબ્દ આવે છે જે **परिट्ठवेत्ता** શબ્દ પછી આવવો ઉપયુક્ત નથી, તેથી સ્પષ્ટ થાય છે કે **परिट्ठवेत्ता** વિનાનો પાઠ બરોબર છે.

### બ્રહ્મચર્યની અસમાધિમાં વૈહાનસ મરણ :–

**३ जस्स णं भिक्खुस्स एवं भवइ पुट्ठो खलु अहमंसि, णालमहमंसि सीयफासं अहियासित्तए, से वसुमं सव्वसमण्णागयपण्णाणेणं अप्पाणेणं केइ अकरणयाए आउट्टे ।**

**तवस्सिणो हु तं सेयं जमेगे विहमाइए । तत्थावि तस्स कालपरियाए । से वि तत्थ वियंतिकारए ।**

**इच्चेयं विमोहायतणं हियं सुहं खमं णिस्सेसं आणुगामियं । त्ति बेमि ।**

**॥ चउत्थो उद्देसो समत्तो ॥**

**શબ્દાર્થ :– जस्सणं** = જે, **भिक्खुस्स** = સાધુને, **एवं** = આવો વિચાર, **भवइ** = થાય છે, **'पुट्ठो अंसि'** = દુઃખોથી ઘેરાઈ ગયો છું, **खलु** = ખરેખર, **अहं** = હું, **अलं** = સમર્થ, **ण अंसि** = નથી, **सीयफासं** = શીત સ્પર્શ અર્થાત્ કામેચ્છાને, **अहियासित्तए** = સહન કરવામાં, **से** = તે, **वसुमं** = ચારિત્રવાન સાધુ, **सव्वसमण्णागयपण्णाणेणं अप्पाणेणं** = સર્વપ્રકારે જ્ઞાન સંપન્ન આત્માર્થી, **केइ** = કોઈ દ્વારા, **अकरणयाए आउट्टे** = અકરણીય માટે પ્રેરિત કરવા પર, ઉપસર્ગ કરવા પર, **तवस्सिणो** = તે તપસ્વી સાધુને માટે, **हु** = નિશ્ચયથી, **तं सेयं** = આ રીતે કરવું જ શ્રેષ્ઠ છે, **जं** = કે, **एगे**= કોઈ એક, તે સાધુ, **विहमाइए** = વૈહાનસ મરણનો સ્વીકાર કરે, ગળે ફાંસો ખાઈને મરે, **तत्थावि** = તે મરણ પણ, **तस्स** = તેના માટે, **कालपरियाए** = કાળની જ પર્યાય છે, **से वि** = મરનાર તે, **तत्थ** = તે મરણથી, **वियंतिकारए** = કર્મોનો અંત કરનાર છે, **इच्चेयं** = આ મરણ પણ, **विमोहायतणं** = મોહ રહિત પુરુષનો આશ્રય છે, **हियं** = હિતકારક, **सुहं** = સુખકારક, **खमं** = સમર્થ, યોગ્ય, **णिस्सेसं** = મોક્ષપ્રદાતા, કર્મક્ષયનું કારણ, કલ્યાણકારી, **आणुगामियं** = પરલોકગામી, શુભ ફળદાયી, પુણ્યનું ફળ છે.

**ભાવાર્થ :–** જે સાધુને એ સમજાય જાય કે હું શીત પરીષહ અર્થાત્ સ્ત્રી આદિના પરીષહથી ઘેરાઈ ગયો છું અને હું આ અનુકૂળ પરીષહને સહન કરવામાં અસમર્થ છું, તેવી પરિસ્થિતિમાં પોતાને પ્રાપ્ત સંપૂર્ણ પ્રજ્ઞાન તેમજ સ્વવિવેકથી સંપન્ન સંયમી મુનિ માટે શ્રેયસ્કર છે કે આવી સ્થિતિમાં તેણે વૈહાનસ અર્થાત્ ગળે ફાંસો નાખી મરણ સ્વીકારી લેવું જોઈએ પરંતુ બ્રહ્મચર્ય ખંડિત કરવું ન જોઈએ. આ રીતે કરવાથી તેનું તે મરણ કાલપર્યાય મરણ અર્થાત્ યોગ્ય સમયનું મરણ છે. તે ભિક્ષુ તે મૃત્યુથી પણ વિશિષ્ટ કર્મોના ક્ષયકર્તા થાય છે.

આ રીતે આ વિમોક્ષના આયતન રૂપ મોક્ષદાયક મરણ ભિક્ષુને માટે હિતકર, સુખકર, કર્મક્ષયમાં સમર્થ, નિઃશ્રેયસ્કર, પરલોકમાં સાથે આવનાર હોય છે. –એમ ભગવાને કહ્યું છે.

**॥ ચોથો ઉદ્દેશક સમાપ્ત ॥**

## વિવેચન :–

**जमेगे विहमाइए :–** શરીર જ્યારે ધર્મનું પાલન કરવામાં અક્ષમ, અસમર્થ તેમજ જીર્ણ–શીર્ણ, અશક્ત થઈ જાય ત્યારે ભિક્ષુને માટે સંલેખના દ્વારા ભક્તપરિજ્ઞા, ઈંગિત મરણ તેમજ પાદપોપગમન સ્વીકાર કરી સમાધિમરણ પ્રાપ્ત કરવાનું ઔત્સર્ગિક વિધાન છે, તેની પ્રક્રિયા ઘણા લાંબા કાળની છે. કોઈ આકસ્મિક કારણ આવી જાય અને તેના માટે તાત્કાલિક શરીર–વિમોક્ષનો નિર્ણય લેવાનો હોય તો તે શું કરે ? આવી આપવાદિક પરિસ્થિતિમાં શાસ્ત્રકારોએ વૈહાનસ મરણની અનુમતિ આપી છે અને તે ભગવાનની આજ્ઞારૂપ તેમજ કલ્યાણકારી માનેલ છે.

વ્યાખ્યાકારે વ્યાખ્યા કરતાં આ પ્રકારે મરણ માટે બે પ્રકારની સ્થિતિ પ્રકટ કરી છે– (૧) કોઈ ભિક્ષુ ગૃહસ્થને ત્યાં ભિક્ષા માટે ગયા. ત્યાં કોઈ કામ–પીડિતા, પુત્રાકાંક્ષિણી, પૂર્વાશ્રમ(ગૃહસ્થ–જીવન)ની પત્ની કે કોઈ વ્યક્તિ તેને એક રૂમમાં તે સ્ત્રીની સાથે પૂરી દે કે તે સ્ત્રી રતિદાન માટે બહુ અનુનય, વિનય કરે, તે સ્ત્રી કે તેના પારિવારિકજનો તેને ભાવભક્તિથી, પ્રલોભનથી, કામસુખને માટે ચલિત કરવાનું ઈચ્છે, તેને વિવશ કરી દે કે ઘેરી લે. આવી ધર્મસંકટાપન્ન સ્થિતિમાં સાધુ તે સ્ત્રીની સામે શ્વાસ બંધ કરી મૃતવત્ બની જાય, અવસર પામી ગળામાં ફાંસી નાખવાનો પ્રયત્ન કરે, જો આમ કરતાં તેનાથી છૂટકારો થઈ જાયતો સારું અને જો છૂટકારો ન થાય તો ગળામાં ફાંસી નાખી શરીરનો ત્યાગ કરી દે પરંતુ સ્ત્રીના સહવાસ આદિ ઉપસર્ગ કે સ્ત્રી પરીષહને વશ ન થાય, કોઈ પણ ભોગે તે મૈથુન સેવનનો સ્વીકાર કરે નહિ.

(૨) તે પોતે જ વાયુ આદિથી ઉત્પન્ન થયેલ કામપીડાથી પીડિત થઈ જાય, શાસ્ત્રોક્ત કોઈ પણ વિધિથી તેની કામવાસના શાંત ન થાય અને કુશીલ સેવન વિના તેની સમાધિ ન ટકે તો એવી સ્થિતિમાં તેને વ્રત આરાધના માટે વૈહાનસ મરણથી મરી જવું જ શ્રેષ્ઠ છે. એવો શાસ્ત્રકારનો આશય છે. કારણ કે એવી સ્થિતિમાં તે સાધુએ જલ્દી નિર્ણય કરવાનો હોય છે, થોડો પણ વિલંબ તેના માટે અહિતકારી કે અનુચિત બની શકે છે. ટીકાકારે અહીં ફાંસીના ઉપલક્ષણથી અન્ય પ્રકારે પણ મરવાનું કથન કર્યું છે. જેમ

કે જીભ ખેંચીને મરવું કે ઊંચેથી કૂદકો મારીને મરવું ઈત્યાદિ.

**सीयफासं :–** બાવીશ પરીષહોમાં સ્ત્રી અને સત્કાર આ બે પરીષહ શીત અનુકૂળ પરીષહ છે, બાકીના ઉષ્ણ(પ્રતિકૂળ) પરીષહો છે. આ સૂત્રમાં શીતસ્પર્શ શબ્દથી સ્ત્રી પરીષહ કે કામભોગ સેવન એવો અર્થ થાય છે. તેથી કહ્યું છે કે શીતસ્પર્શ સહન ન થઈ શકે તો સાધક પોતાના પ્રાણોનો ત્યાગ કરી દે.

**तत्थावि तस्स कालपरियाए :–** અહીં **कालपरियाए** ના વિવિધ અર્થ થાય છે. (૧) કાલની જ પર્યાય છે. (૨) મરણની જ પર્યાય છે. (૩) પંડિત મરણની જ એક અવસ્થા છે. (૪) આ પણ કાલ મરણ કહેવાય છે. અકાલમરણ કહેવાતું નથી, યોગ્ય સમયનું જ મરણ કહેવાય છે. પ્રશ્ન એ થાય છે કે વૈહાનસ મરણ તો બાલમરણ કહ્યું છે. માટે તે આત્મહત્યા કહેવાય છે, તો પછી સાધક માટે તે હિતકારી કેમ ? તેનું સમાધાન કરતા શાસ્ત્રકાર કહે છે કે બ્રહ્મચર્ય વ્રતની આરાધના માટે વૈહાનસ મરણ દ્વારા શરીર વિમોક્ષ કરવા છતાં તે કાળમૃત્યુ છે. જેમ કાળપર્યાય મરણ ગુણકારી હોય છે તેમ આવી સ્થિતિમાં વૈહાનસ મરણ પણ ગુણકારી છે પરંતુ આત્મહત્યા નથી. તેનાથી કર્મક્ષય થાય છે અને અંતે મુક્તિની પ્રાપ્તિ થાય છે. કારણ કે આ મરણ પાછળ તેનો ઉદ્દેશ્ય ધર્મ આરાધનાનો છે.

જૈનધર્મ અનેકાંત છે. તે સાપેક્ષ દૃષ્ટિએ કોઈ પણ વાતના ગુણાવગુણ પર વિચાર કરે છે. બ્રહ્મચર્ય સાધના સિવાય એકાંતરૂપે કોઈ પણ વાત ઉપર વિધિ–નિષેધ હોતા નથી, જે વાતનો નિષેધ કર્યો છે તેનો દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની અપેક્ષાએ સ્વીકાર પણ કરી શકાય છે. કાલજ્ઞ સાધુ જાણે છે કે ક્યારેક ઉત્સર્ગ પણ દોષકારક અને ક્યારેક અપવાદ પણ ગુણકારક થઈ જાય છે. માટે કહ્યું છે કે– **से वि तत्थ वियंति कारए** ક્રમથી ભક્ત પરિજ્ઞા અનશનાદિ કરનારા જ નહિ પણ વૈહાનસાદિ મરણને પામનારા ભિક્ષુ પણ કર્મથી મુક્ત થાય છે. આ મરણથી ભિક્ષુ આરાધક થઈ સદ્‌ગતિ પ્રાપ્ત કરે છે. તેથી શાસ્ત્રકારે આ આપવાદિક મરણને પણ પ્રશંસનીય બતાવતાં કહ્યું છે કે– **इच्चेयं विमोहायतणं** = આ તેની મોહરહિત અવસ્થા અર્થાત્ મોક્ષનું આયતન છે, સાધન છે. આ મરણથી તે મુક્તિની સાધના–આરાધના કરી લે છે કારણ કે આ મરણ કષાયયુક્ત નથી પરંતુ વૈરાગ્ય તેમજ વ્રતનિષ્ઠાયુક્ત મરણ છે.

**॥ અધ્યયન–૮/૪ સંપૂર્ણ ॥**

## આઠમું અધ્યયન : પાંચમો ઉદ્દેશક

**બે વસ્ત્રના અભિગ્રહધારી શ્રમણ :–**

**१ जे भिक्खू दोहिं वत्थेहिं परिवुसिए, पायतइएहिं । तस्स णं णो एवं भवइ– तइयं वत्थं जाइस्सामि ।**

**से अहेसणिज्जाइं वत्थाइं जाएज्जा** *जाव* **एयं खु वत्थधारिस्स सामग्गियं ।**

**ભાવાર્થ :–** જે ભિક્ષુ બે વસ્ત્ર અને ત્રીજા પાત્રોને રાખવાની પ્રતિજ્ઞા કરે છે, તેના મનમાં એવો વિકલ્પ– અધ્યવસાય થતો નથી કે હું ત્રીજા વસ્ત્રની યાચના કરીશ.

તે અભિગ્રહધારી સાધુ પોતાની કલ્પમર્યાદાનુસાર ગ્રહણીય વસ્ત્રોની યાચના કરે. શેષ કથન પૂર્વના ઉદ્દેશક અનુસાર જાણવું ***યાવત્*** આ પ્રમાણે તે વસ્ત્રના અભિગ્રહધારી મુનિનો આચાર છે.

**२ अह पुण एवं जाणेज्जा उवाइक्कंते खलु हेमंते, गिम्हे पडिवण्णे, से अहापरिजुण्णाइं वत्थाइं परिट्ठवेज्जा, अदुवा ओमचेले, अदुवा, एगसाडे, अदुवा अचेले । लाघवियं आगममाणे तवे से अभिसमण्णागए भवइ । जहेयं भगवया पवेइयं तमेव अभिसमेच्चा सव्वओ सव्वत्ताए सम्मत्तमेव समभिजाणिज्जा ।**

**ભાવાર્થ :–** જ્યારે તે અભિગ્રહધારી સાધુ એ જાણે કે હેમંતઋતુ પસાર થઈ ગઈ છે, ગ્રીષ્મઋતુ આવી ગઈ છે ત્યારે જે વસ્ત્ર જીર્ણ થઈ ગયા હોય તેનો ત્યાગ કરી દે. તે બે વસ્ત્રવાળા રહે, અથવા એક જીર્ણ વસ્ત્રનો ત્યાગ કરતાં એક વસ્ત્રવાળા રહે અથવા બન્ને વસ્ત્ર જીર્ણ થતાં, સંપૂર્ણપણે તેનો ત્યાગ કરી અચેલ રહે. આ રીતે તે મુનિ અલ્પોપધિરૂપ લાઘવતા પ્રાપ્ત કરે છે.

તે મુનિને ઉપકરણ–અવમૌદર્ય તેમજ કાયકલેશ તપ થઈ જાય છે. ભગવાને વસ્ત્ર પ્રતિજ્ઞાનાં વિધિ નિયમને જે રૂપે પ્રતિપાદન કર્યા છે તેને તે રૂપે ઊંડાણપૂર્વક વિચારીને સાધક સર્વપ્રકારે પૂર્ણતયા સમ્યક્ પાલન કરે.

**વિવેચન :–**

**दोहिं वत्थेहिं :–** આ સૂત્રમાં બે વસ્ત્ર સંબંધી પ્રતિજ્ઞાનું વિધાન કર્યું છે. આ પ્રતિજ્ઞા કરનાર સાધુ અંત સુધી પોતાની લીધેલી પ્રતિજ્ઞામાં દઢ રહે, ત્રીજું વસ્ત્ર ગ્રહણ કરવાનો સંકલ્પ કરે નહીં. શેષ વર્ણન ચતુર્થ ઉદ્દેશકની સમાન છે.

**સામે લાવેલ આહારાદિના ગ્રહણનો નિષેધ :–**

**३ जस्सं णं भिक्खुस्स एवं भवइ– पुट्ठो अबलो अहमंसि, णालमहमंसि गिहंतर संकमणं भिक्खायरियं गमणाए । से एवं वदंतस्स परो अभिहडं असणं वा ४ आहट्टु दलएज्जा, से पुव्वामेव आलोए ज्जा–आउसंतो गाहावई ! णो खलु मे कप्पइ अभिहडं असणं वा ४ भोत्तए वा पायए वा अण्णे वा एयप्पगारे ।**

**શબ્દાર્થ :– पुट्ठो** = રોગાદિથી આક્રાંત થવાના કારણે, **अबलो** = નિર્બળ, **अहमंसि** = હું છું,

**णालमहमंसि** = હું સમર્થ નથી, **गिहंतरसंकमणं** = એક ઘરથી બીજા ઘરમાં, **भिक्खायरियं** = ભિક્ષા માટે, **गमणाए** = જવામાં, **एवं** = આ પ્રમાણે, **वदंतस्स** = કહેતા, **परो** = કોઈ ગૃહસ્થ, **अभिहडं** = ઘરેથી સામે લાવેલ, **असणं वा ४** = અશનાદિ ચારે ય, **आहट्टु** = લાવીને, **दलएज्जा** = આપવા લાગે, **भोत्तए** = ખાવાનું, **पायए वा** = પીવાનું,**णो कप्पइ** = કલ્પતું નથી, **अण्णे वा** = અન્ય પદાર્થ પણ, **एयप्पगारे** = આ રીતે.

**ભાવાર્થ :–** જે સાધકને એમ લાગે કે હું રોગાદિથી ઘેરાઈ જવાના કારણે દુર્બળ થઈ ગયો છું તેથી હું ગોચરી માટે ઘેર ઘેર જવામાં સમર્થ નથી. આ રીતે તેને કહેતા સાંભળીને અથવા બીજી કોઈ રીતે ખબર પડી જાય અને કોઈ ગૃહસ્થ પોતાના ઘરેથી અશન, પાન, ખાદિમ, સ્વાદિમ લાવીને આપવા લાગે ત્યારે તે ભિક્ષુ પહેલાં જ અર્થાત્ પોતે જ કહી દે કે હે આયુષ્યમાન્ ગૃહસ્થ ! આ રીતે ઘરેથી સામે લાવેલા અશનાદિ ચારે ય આહાર મારા માટે કલ્પનીય નથી. એ જ રીતે બીજા વસ્ત્રાદિ પદાર્થો પણ મારા માટે ગ્રહણીય નથી.

## વિવેચન :–

વસ્ત્ર પ્રતિજ્ઞાના અભિગ્રહધારી કોઈ શ્રમણ અન્ય નિયમ, અભિગ્રહ પણ ધારણ કરી શકે છે. આ સૂત્રમાં સહાય ત્યાગના ત્યાગી એકાકી ભિક્ષુનું કથન છે.

**पुट्ठो अबलो :– पुट्ठो** ના ત્રણ અર્થ છે. (૧) રોગના કારણે (૨) તપસ્યાના કારણે (૩) વૃદ્ધાવસ્થાના કારણે. આ કોઈ પણ કારણે, **अबलो** = નિર્બળ, અસમર્થ થયેલ તે એકાકી અભિગ્રહધારી શ્રમણ ગોચરી માટે ફરી શકતા નથી. સાધકને દુર્બળ જાણીને કે સાંભળીને કોઈ ભાવિક હૃદયી ગૃહસ્થ અનુકંપા અને ભક્તિથી પ્રેરિત થઈને તેના માટે ભોજન ઉપાશ્રયાદિમાં લાવીને આપે તો તે સાધક તેને સદોષ જાણીને, ગૃહસ્થને પોતાનાં આચાર–વિચાર સમજાવીને નિષેધ કરે. આહાર સિવાય વસ્ત્ર, પાત્ર, ઔષધાદિનો પણ નિષેધ કરે.

**अभिहडं :–** શ્રમણાચારની ઈર્યા આદિ પાંચ સમિતિ છે. તેમાં ત્રીજી એષણા સમિતિમાં આહારની શુદ્ધ ગવેષણા માટે ગોચરીના ૪૨ દોષ કહ્યા છે. સાધુના માટે સામે લાવેલ આહાર વગેરેને **अभिहडं** દોષથી સૂચિત કરેલ છે. તેનું તાત્પર્ય એ છે કે સાધુ માટે આહારાદિ લઈ ઘરેથી આવતાં, માર્ગમાં પગે ચાલતાં કે વાહન દ્વારા આવતાં ગૃહસ્થ દ્વારા જીવોની વિરાધના થાય અથવા તો ઘરેથી તે આહાર લઈ આવવામાં વાસણ, હાથ ધોવાં કે તે વસ્તુને બનાવવી, તૈયાર કરવી વગેરે પ્રવૃત્તિ ગૃહસ્થ કરે તો તેમાં પણ જીવ વિરાધના થાય. આ કારણે તે આહાર દોષયુક્ત થઈ જાય છે. તે દોષને અહીં **अभिहडं** = સામે લાવેલ દોષ કહ્યો છે.

આ પ્રમાણે તે વિશિષ્ટ અભિગ્રહધારી શ્રમણ પોતાની સામાન્ય શ્રમણ ચર્યાના નિયમોનું અતિક્રમણ કરતા નથી અને ક્ષુધા પરીષહ સહન કરે છે. સાધુ પોતાના કરેલા વિશિષ્ટ ત્યાગ, નિયમ અથવા અભિગ્રહ માટે સંયમના સામાન્ય–ધ્રુવ નિયમોનો ક્યારે ય ભંગ કરે નહીં.

## આહાર અભિગ્રહ :–

**૪ जस्स णं भिक्खुस्स अयं पगप्पे– अहं च खलु पडिण्णत्तो अपडिण्णत्तेहिं**

**गिलाणो अगिलाणेहिं अभिकंख साहम्मिएहिं कीरमाणं वेयावडियं साइज्जिस्सामि। अहं वावि खलु अपडिण्णत्तो पडिण्णत्तस्स अगिलाणो गिलाणस्स अभिकंख साहम्मियस्स कुज्जा वेयावडियं करणाए ।**

**आहट्टु परिण्णं आणक्खेस्सामि आहडं च साइजिस्सामि । आहट्टु परिण्णं आणक्खेस्सामि आहडं च णो साइज्जिस्सामि । आहट्टु परिण्णं णो आणक्खेस्सामि आहडं च साइज्जिस्सामि । आहट्टु परिण्णं णो आणक्खेस्सामि आहडं च णो साइज्जिस्सामि । लाघवियं आगममाणे तवे से अभिसमण्णागए भवइ जहेयं भगवया पवेइयं तमेव अभिसमेच्चा सव्वओ सव्वत्ताए सम्मत्तमेव समभिजाणिज्जा।**

**શબ્દાર્થ :–** **पगप्पे** = વિકલ્પ, આગાર, વિશેષ નિયમ, **पडिण्णत्तो** = પ્રતિજ્ઞામાં સ્થિત, પ્રતિજ્ઞા યુક્ત, **अपडिण्णत्तेहिं** = કહ્યા વિના, **गिलाणो** = બીમાર હોઉં તો, **अगिलाणेहिं** = નીરોગ, ગ્લાનિ રહિત, **अभिकंख** = ઈચ્છાથી કરનાર, નિર્જરાની ઈચ્છાથી, **साहम्मिएहिं** = સાધર્મિક સાધુઓ દ્વારા, **कीरमाणं** = કરેલી, **वेयावडियं** = વૈયાવચ્ચને, **साइज्जिस्सामि** = હું સ્વીકાર કરીશ, **चावि** = પણ, **अपडिण्णत्तो** = બીજાના કહ્યા વિના જ, **पडिण्णत्तस्स** = પ્રતિજ્ઞા યુક્ત ભિક્ષુની, **कुज्जा** = કરીશ, **वेयावडियं** = વૈયાવચ્ચ, **करणाए** = કરણીય સમજીને, કર્તવ્ય સમજીને, **आहट्टु परिण्णं** = પ્રતિજ્ઞા કરીને, ધારીને, સંકલ્પ પૂર્વક, **आणक्खेस्सामि** = બીજા સાધર્મિક માટે આહારાદિની ગવેષણા કરીશ, **आहडं** = બીજા સાધર્મી દ્વારા લાવેલા આહારાદિને, **साइजिस्सामि** = ભોગવીશ.

**ભાવાર્થ :–** જે ભિક્ષુને આ પ્રકલ્પ–વિશેષ નિયમ હોય છે કે જો હું પ્રતિજ્ઞામાં હોઈશ અને અસ્વસ્થ થઈશ ત્યારે કોઈ સાધર્મિક સ્વસ્થ સાધુ કહ્યા વિના જ નિર્જરાની અભિલાષાથી સેવા કરે, તો સાધર્મી દ્વારા કરાતી તે સેવાને હું સ્વીકારીશ.

સાધર્મિક સાધુ પ્રતિજ્ઞામાં હોય અને બીમાર હોય ત્યારે હું સ્વસ્થ હોઈશ તો સાધર્મિક સાધુના કહ્યા વિના જ હું પણ નિર્જરાના લક્ષ્યે કર્તવ્ય સમજીને તે સાધર્મીની સેવા કરીશ.

આ બે પ્રકારના પ્રકલ્પ(આગાર સંકલ્પ) સાથે અભિગ્રહની ચોભંગી આ પ્રમાણે છે– ૧. હું મારા સાધર્મી ભિક્ષુ માટે સંકલ્પ પૂર્વક આહારાદિ લાવીશ તથા તેના દ્વારા લાવેલા આહારાદિનું સેવન પણ કરીશ. ૨. હું મારા સાધર્મી ભિક્ષુ માટે સંકલ્પ પૂર્વક આહારાદિ લાવીશ પરંતુ તેના લાવેલા આહારાદિનું સેવન કરીશ નહિ. ૩. હું સાધર્મીઓ માટે સંકલ્પ પૂર્વક આહારાદિ લાવીશ નહિ પરંતુ તેઓએ લાવેલા આહારાદિનું સેવન કરીશ. ૪. હું સાધર્મી માટે સંકલ્પ પૂર્વક આહારાદિ લાવીશ નહિ અને તેઓ દ્વારા લાવેલા આહારાદિનું સેવન કરીશ નહિ.

આ પ્રતિજ્ઞાઓમાંથી કોઈ પણ પ્રતિજ્ઞાને ગ્રહણ કરનાર શ્રમણ લાઘવતાને પ્રાપ્ત થાય છે અને

તેને વિવિધ પ્રકારે ઊણોદરી, વૃત્તિસંક્ષેપ વગેરે તપનો લાભ મળે છે. ભગવાને આ અભિગ્રહોનું સ્વરૂપ જે રૂપે પ્રતિપાદન કર્યું છે, તેને તે રૂપે ઊંડાણથી જાણીને શ્રમણ સર્વપ્રકારે, પૂર્ણ રૂપે તેનું સમ્યક્ પાલન કરે.

## વિવેચન :-

પૂર્વ સૂત્રમાં ગૃહસ્થ દ્વારા સામે લાવેલ આહારાદિ ન લેવાનું કથન છે. ત્યાં પ્રશ્ન ઊભો થાય છે કે તે અભિગ્રહધારી શ્રમણ પોતે ભિક્ષાર્થ જઈ શકે નહીં અને ગૃહસ્થ દ્વારા લાવેલ આહારને લઈ શકે નહીં, તો પછી તે શું કરે ? તેનું શું થશે ? આ પ્રશ્નના સમાધાન રૂપમાં આ સૂત્રમાં સહાય ત્યાગ અને અત્યાગ સંબંધી અભિગ્રહની ચૌભંગી સાથે પહેલાં જ તેમાં બે પ્રકારનો વિવેક અર્થાત્ બીમારીમાં સેવા કરવા અને સ્વીકારવા સંબંધી પ્રકલ્પ = વિશેષ કલ્પ, વિશેષ સંકલ્પ, પરિસ્થિતિવશ છૂટમય વિકલ્પ કહેલ છે તેથી પૂર્વ સૂત્રથી ઉત્પન્ન પ્રશ્નનું સમાધાન થઈ જાય કે તે શ્રમણ બીજા શ્રમણની સેવા સ્વીકાર કરી શકે છે પરંતુ ગૃહસ્થ દ્વારા લાવેલ કોઈ પણ પદાર્થ ગ્રહણ કરી શકે નહીં. આ સંયમની મર્યાદા છે.

શારીરિક અસમર્થતાનું બીજું સમાધાન એ છે કે શરીર જ્યારે રુગ્ણ કે અસ્વસ્થ થઈ જાય, હાડકાનો માળખો માત્ર રહે, ઊઠતા બેસતા તકલીફ થાય, શરીરમાંથી લોહી, માંસ અત્યંત ઓછા થઈ જાય, પોતાનું કાર્ય કરવાની કે ધર્મક્રિયા કરવાની શક્તિ ક્ષીણ થઈ જાય, ત્યારે ભિક્ષુ કોઈની આશા ન રાખતાં સમાધિમરણની, સંલેખનાની તૈયારી કરે, ભક્ત પ્રત્યાખ્યાન રૂપ પંડિત મરણ અંગીકાર કરે.

**अयं पगप्पे :–** અભિગ્રહધારી શ્રમણના આ બે વિશેષ કલ્પ, વિશેષ વિકલ્પ છે અર્થાત્ બીમારી વગેરે પરિસ્થિતિ સમયના વિકલ્પ છે, આગાર–છૂટ છે, તે આ પ્રમાણે છે–

૧. અભિગ્રહકાલમાં ક્યારેક હું ગ્લાન હોઉં, સાધર્મિક ભિક્ષુ અગ્લાન હોય અને સ્વેચ્છાએ તેઓ સેવા કરશે તો હું સહર્ષ સ્વીકાર કરીશ.

૨. મારા સાધર્મિક ભિક્ષુ ગ્લાન હોય, હું અગ્લાન હોઉં તો, તે ન કહે તોપણ નિર્જરાદિની દષ્ટિએ હું તેની સેવા કરીશ.

**आहट्टु परिण्णं :–** આ ચાર ભંગ સ્વીકાર કરનાર સાધક મૌલિકરૂપે અન્ય વસ્ત્રાદિના અભિગ્રહધારી હોય છે અથવા એકાકી સ્વતંત્ર ગોચરીના અભિગ્રહધારી હોય છે. તેમને આ ચાર ભંગમાંથી પહેલા ભંગમાં કોઈ વિશેષતા હોતી નથી. મૌલિક અભિગ્રહમાં જ રહે કારણ કે આ ભંગમાં આહાર મંગાવવાનો અને લાવવાનો બંને માર્ગ ખુલ્લા છે. શેષ ત્રણ ભંગનું તાત્પર્ય ભાવાર્થમાં જ સ્પષ્ટ કરેલ છે.

**अपडिणत्तेहिं :– अप्रतिज्ञप्तैः अनुक्तेः** = કહ્યા વિના જ સેવા કરનારથી. આવા દઢ પ્રતિજ્ઞ સાધક પણ પ્રતિજ્ઞાનુસાર જો પોતાના સાધર્મિક ભિક્ષુઓનો સહયોગ લે તોપણ અદીન ભાવથી લે, તેઓની સ્વેચ્છાથી લે, તે કોઈના ઉપર દબાણ કરતા નથી. તેને દીન સ્વરથી આજીજી પણ કરતા નથી. તે પોતાની અસ્વસ્થ અવસ્થામાં પણ પોતાના સાધર્મિકોને સેવા માટે કહેતા નથી. જો તે કર્મનિર્જરા સમજીને સેવા કરે તો જ તેની સેવાને સ્વીકારે છે. બીજા સાધર્મિક સાધુ આવી પ્રતિજ્ઞાવાળા હોય અને બીમાર થઈ જાય તો તેઓના કહ્યા વિના જ તે તેમની સેવા કરે છે.

ભિક્ષુ પોતાની શક્તિ, રુચિ અને યોગ્યતા જોઈને જે કોઈ પણ પ્રકારની પ્રતિજ્ઞા ગ્રહણ કરે, તેમાં છેક સુધી દઢ રહે. ભલે કદાચ શરીર શક્તિ ક્ષીણ થઈ જાય,પોતે અશક્ત, જીર્ણ, રોગી કે અત્યંત ગ્લાન થઈ જાય તો પણ લીધેલી પ્રતિજ્ઞાનો ભંગ કરે નહિ. તે પ્રતિજ્ઞામાં અડગ રહે. પ્રતિજ્ઞાનું પાલન કરતાં મરણ આવી જાય કે મારણાંતિક ઉપસર્ગ કે કષ્ટ આવે તો સાધક ભક્તપ્રત્યાખ્યાન નામનું અનશન કરી સમાધિ મરણનો સહર્ષ સ્વીકાર કરે પરંતુ કોઈ પણ પરિસ્થિતિમાં પ્રતિજ્ઞાનો ભંગ કરે નહિ.

**ભક્ત પ્રત્યાખ્યાન અનશન :–**

**૫ एवं से अहाकिट्टियमेव धम्मं समभिजाणमाणे भत्तं पगिण्हइ । से संते विरए सुसमाहियलेस्से । तत्थावि तस्स कालपरियाए । से वि तत्थ वियंति– कारए ।**

**इच्चेयं विमोहायतणं हियं सुहं खमं णिस्सेसं आणुगामियं । त्ति बेमि ।**

**॥ पंचमो उद्देसो समत्तो ॥**

**શબ્દાર્થ :– अहाकिट्टियमेव** = પોતાની પ્રતિજ્ઞા અનુસાર, **समभिजाणमाणे** = સેવન કરતા, **भत्तं** = ભક્ત પ્રત્યાખ્યાન, **पगिण्हइ** = ગ્રહણ કરે, **संते** = શાંત, **विरए** = વિરત અને, **सुसमाहियलेस्से** = શુભલેશ્યાવાળા થઈને પ્રતિજ્ઞાનું પાલન કરે, **तत्थावि** = તે પ્રતિજ્ઞા પાલનમાં, **तस्स** = તે સાધુને માટે, **कालपरियाए** = યોગ્ય સમયનું મરણ, ભક્ત પ્રત્યાખ્યાનથી મૃત્યુને પ્રાપ્ત કરવું તે પણ સુમૃત્યુનો જ અવસર છે, **से** =તે સાધુ, **तत्थ** = આ રીતે મરનાર, **वियंतिकारए** = કર્મોનો અંત કરે છે, **इच्चेयं** = આ, **विमोहायतणं** = મોહ રહિત થવાનો, કર્મરહિત થવાનું સ્થાન છે, **हियं** = હિતકારી, **सुहं** = સુખકારી, **खमं** = યોગ્ય, સમર્થ, **णिस्सेसं** = મોક્ષપ્રદાતા, કર્મોનો ક્ષય કરનાર, શ્રેયકારી, **आणुगामियं** = અનુગામિક– પુણ્યકારી, પરલોકગામી, મોક્ષ સુધી લઈ જનાર.

**ભાવાર્થ :–** આ રીતે તે ભિક્ષુ પોતાની પ્રતિજ્ઞા અનુસાર ધર્મનું સેવન કરતાં અથવા તીર્થંકરો દ્વારા જે રૂપે ભક્તપ્રત્યાખ્યાન અનશનનું સ્વરૂપ બતાવ્યું છે, તેને સમ્યક્ પ્રકારે જાણતાં અને આચરણ કરતાં અનુક્રમે કષાયોથી શાંત અને સર્વ પ્રવૃત્તિઓથી નિવૃત્ત થઈ જાય છે તથા પોતાના અંતઃકરણમાં પ્રશસ્ત લેશ્યાઓ અર્થાત્ શુભ અધ્યવસાયોથી સમાધિ ભાવમાં રહે છે.

તે ભિક્ષુ લીધેલી પ્રતિજ્ઞાનું પાલન કરતાં ભક્તપ્રત્યાખ્યાન આદિ દ્વારા શરીરનો ત્યાગ કરે છે. તેનું તે મૃત્યુ, કાલ મૃત્યુ છે. સમાધિ મરણ થવાથી તે ભિક્ષુ વિશિષ્ટ કર્મક્ષય કરનાર પણ થાય છે.

આ રીતે આ વિમોક્ષ આયતન–નિર્મોહિતા ભિક્ષુને માટે હિતકર છે, સુખકર છે, સક્ષમ–લક્ષ્ય પ્રાપ્ત કરાવવામાં સમર્થ છે, કલ્યાણકર છે અને પરલોકમાં પણ સાથે આવનાર છે. પરલોકને સુધારનાર છે. – એમ ભગવાને કહ્યું છે.

**॥ પાંચમો ઉદ્દેશક સમાપ્ત ॥**

**વિવેચન :–**

**काल परियाए वियंतिकारए :–** પ્રતિજ્ઞા કરવાથી સાધકને અનેક લાભ થાય છે– સાધકના જીવનમાં આત્મબળ વધે છે, સ્વાલંબનની ભાવના પરિપક્વ બને છે, આત્મવિશ્વાસની માત્રામાં વૃદ્ધિ થાય છે, ગમે તેવા પરીષહ, ઉપસર્ગ, સંકટ તેમજ કષ્ટ આવે તો તેને હસતાં હસતાં સહેવાનો આનંદ માણે છે. આ પ્રતિજ્ઞાઓ ભક્તપરિજ્ઞા અનશનની તૈયારી માટે ઘણી જ ઉપયોગી અને સહાયક છે. આવા સાધક આગળ વધીને મૃત્યુને પણ સહર્ષ સ્વીકારી લે છે. તેનું તે મૃત્યુ પણ કાયરનું મૃત્યુ નથી પરંતુ પ્રતિજ્ઞા–વીરનું મૃત્યુ કહેવાય છે. આ મૃત્યુ તેને કર્મનો વિશેષ ક્ષય કરાવનાર બને છે અને અંતે સર્વથા કર્મ ક્ષય થતાં મુક્તિની પ્રાપ્તિ કરાવે છે.

**भत्तं पगिण्हइ :–** આ ઉદ્દેશકમાં ભક્ત પ્રત્યાખ્યાન અનશનનું પ્રકરણ હોવા છતાં કેટલીક પ્રતોમાં આ પાઠ મળતો નથી. ટીકાકારે આ ઉદ્દેશકની વ્યાખ્યામાં પ્રારંભથી અંત સુધી અનેકવાર ભક્ત પ્રત્યાખ્યાનનું કથન કર્યું છે અને અભિધાન રાજેન્દ્ર કોષમાં પણ આ સંપૂર્ણ ઉદ્દેશકને ભક્ત પ્રત્યાખ્યાન શબ્દમાં રાખ્યો છે. અંતે **काल परियाए** શબ્દનો સંબંધ પણ ભક્ત પ્રત્યાખ્યાન અનશનથી જોડાયેલ છે માટે પ્રાચીન પ્રતોમાં ભક્ત પ્રત્યાખ્યાન સૂચક બે શબ્દો હશે પરંતુ લિપિ કાળમાં ક્યારેક છૂટી ગયા હશે, તેથી આ સંસ્કરણમાં યથાસ્થાન તેને સુધારીને પાઠ આપેલ છે.

**॥ અધ્યયન–૮/૫ સંપૂર્ણ ॥**

## આઠમું અધ્યયન : છઠ્ઠો ઉદ્દેશક

**એક વસ્ત્રના અભિગ્રહધારી શ્રમણ :–**

**१** **जे भिक्खू एगेण वत्थेण परिवुसिए पायबिइएण । तस्स णं णो एवं भवइ– बिइयं वत्थं जाइस्सामि ।**

**से अहेसणिज्जं वत्थं जाएज्जा, अहापरिग्गहियं वत्थं धारेज्जा** *जाव* **एवं खु वत्थ धारिस्स सामग्गियं ।**

**अह पुण एवं जाणेज्जा– उवाइक्कंते खलु हेमंते, गिम्हे पडिवण्णे, से अहापरिजुण्णं वत्थं परिट्ठवेज्जा, अदुवा एगसाडे, अदुवा अचेले, लाघवियं आगममाणे** *जाव* **सम्मत्तमेव समभिजाणिज्जा ।**

**ભાવાર્થ :–** જે ભિક્ષુએ એક વસ્ત્ર અને બીજા પાત્રો રાખવાની પ્રતિજ્ઞા કરી છે તેના મનમાં એવો વિચાર આવતો નથી કે હું બીજા વસ્ત્રની યાચના કરીશ.

તે એષણીય વસ્ત્રની યાચના કરે અને ગ્રહણ કરેલાં તે વસ્ત્રને ધારણ કરે ***યાવત્*** આ વસ્ત્રના અભિગ્રહધારી ભિક્ષુનો આચાર છે.

જ્યારે અભિગ્રહધારી ભિક્ષુ એ જાણે કે હેમંતઋતુ પસાર થઈ ગઈ છે, હવે ઉનાળો આવી ગયો છે, ત્યારે તે પરિજીર્ણ થયેલ વસ્ત્રનો ત્યાગ કરે. આ પ્રકારે ક્યારેક તો તે એક વસ્ત્રથી રહે અને ક્યારેક તે જીર્ણ વસ્ત્રને છોડી અચેલ રહે. આ પ્રમાણે અલ્પોપધિરૂપ લાઘવતાને પ્રાપ્ત કરતાં તે મુનિને સહજ જ તપની પ્રાપ્તિ થઈ જાય છે. ભગવાને જે રીતે આ પ્રતિજ્ઞાનું નિરૂપણ કર્યું છે, તેને તે રૂપમાં સારી રીતે જાણી સર્વપ્રકારથી પૂર્ણ રૂપે, સમ્યક્ રીતે આચરણમાં લાવે.

## વિવેચન :–

આ સૂત્રમાં એક ચાદર–પછેડી રાખવાના અભિગ્રહધારી શ્રમણનું વર્ણન છે. વસ્ત્રવિમોક્ષનો ઉત્તરોત્તર દઢતર અભ્યાસ કરવો એ જ આ પ્રતિજ્ઞાનો ઉદ્દેશ છે. આત્માના પૂર્ણ વિકાસ માટે આવી પ્રતિજ્ઞા સોપાન રૂપ છે. વસ્ત્ર, પાત્રાદિ ઉપધિની આવશ્યકતા ઠંડી આદિથી શરીરની સુરક્ષા માટે છે, જો સાધક ઠંડી આદિ પરીષહોને સહન કરવામાં સમર્થ થઈ જાય તો તેને વસ્ત્રાદિ રાખવાની જરૂર રહેતી નથી. ઉપધિ જેટલી ઓછી થાય તેટલું આત્મચિંતન વધે, સાધકને પોતાના જીવનમાં લાઘવતાનો અનુભવ થાય અને તપનો લાભ સહજ મળી જાય. શેષ વિવેચન પૂર્વના ચોથા ઉદ્દેશક પ્રમાણે જ જાણવું.

**परिट्ठवेज्जा :–** પ્રતોમાં **अहा परिजुण्णं वत्थं परिट्ठवेज्जा** પછી **परिट्ठवेत्ता** શબ્દ છે અને તે પછી **अदुवा एग साडे** પાઠ પણ છે. તેનો અર્થ થાય છે કે "જીર્ણ વસ્ત્રને પરઠી દે, પરઠીને અથવા એક વસ્ત્ર ધારણ કરે." અહીં અભિગ્રહધારી ભિક્ષુને એક વસ્ત્રનો જ અભિગ્રહ છે તો પરઠયાં પછી પણ એક વસ્ત્રને ધારણ કરવાનો અર્થ બરોબર નથી માટે મૂળપાઠમાં **'परिट्ठवेत्ता'** શબ્દ ન હોવો જોઈએ, આ વાત આ સૂત્રથી સારી રીતે સ્પષ્ટ થઈ જાય છે.

## ભિક્ષુની એકત્ત્વ અનુપ્રેક્ષા :–

**૨ जस्स णं भिक्खुस्स एवं भवइ– एगो अहमंसि, ण मे अत्थि कोइ, ण याहमवि कस्सइ । एवं से एगागिणमेव अप्पाणं समभिजाणेज्जा । लाघवियं आगममाणे तवे से अभिसमण्णागए भवइ । जहेयं भगवया पवेइयं तमेव अभिसमेच्चा सव्वओ सव्वत्ताए सम्मत्तमेव समभिजाणिज्जा ।**

**શબ્દાર્થ :– एगो** = એકલો, **अहमंसि** = હું છું, **मे** = મારું, **कोइ ण अत्थि** = કોઈ નથી, **वा** = અને, **अहमवि** = હું પણ, **ण कस्सइ** = કોઈનો નથી, **एगागिणमेव** = એકલો જ, **अप्पाणं** = પોતાને, **समभिजाणेज्जा** = જાણે.

**ભાવાર્થ :–** જે સાધુને એવી સમજણ આવી જાય કે 'હું એકલો છું, મારું કોઈ નથી, હું કોઈનો નથી અને

પોતાના આત્માને સર્વપ્રકારે એકલો જ સમજે. તેને લાઘવતાની પ્રાપ્તિ થાય છે અને સહજમાં તપ પ્રાપ્ત થઈ જાય છે. ભગવાને જેને જે સ્વરૂપે પ્રતિપાદિત કર્યું છે, તેને તે રૂપે જાણીને સર્વપ્રકારથી, પૂર્ણરૂપે સમ્યક્ રીતે ક્રિયાન્વિત કરે.

## વિવેચન :–

**પરસહાય વિમોક્ષ :–** આત્માના પૂર્ણ વિકાસ તેમજ પૂર્ણ સ્વાતંત્ર્ય માટે પરસહાય વિમોક્ષ આવશ્યક છે. આત્માની પૂર્ણ સ્વતંત્રતા પણ ત્યારે જ સિદ્ધ થઈ શકે છે જ્યારે તે ઉપકરણ, આહાર, શરીર, સંઘ તથા સહાય આદિથી પણ નિરપેક્ષ થઈને એક માત્ર આત્માનો આધાર લઈને જીવન પસાર કરે સમાધિ મરણની તૈયારી માટે સહાય વિમોક્ષ પણ અત્યંત મહત્વપૂર્ણ છે. ઉત્તરાધ્યયન સૂત્રના ૨૯માં અધ્યયનમાં અપ્રતિબદ્ધતા, સંભોગ પ્રત્યાખ્યાન, ઉપધિપ્રત્યાખ્યાન, આહાર પ્રત્યાખ્યાન, શરીર પ્રત્યાખ્યાન, ભક્ત પ્રત્યાખ્યાન તેમજ સહાય પ્રત્યાખ્યાનાદિ વિષયો અત્યંત મહત્વપૂર્ણ તેમજ મનનીય છે. તે આ વિષયનું વિશ્લેષણ કરે છે.

**સહાય વિમોક્ષથી આધ્યાત્મિક લાભ :–** ઉત્તરાધ્યયન સૂત્રમાં સહાય– પ્રત્યાખ્યાનથી થતા લાભને બતાવતાં કહ્યું છે કે– સહાય પ્રત્યાખ્યાનથી જીવ એકલા હોવાના ભાવને પ્રાપ્ત કરે છે. એકલાપણાના ભાવમાં ઓતપ્રોત સાધક એકત્વ ભાવના કરતો હોવાથી ઘણું ઓછું બોલે છે. તેની ઝંઝટો ઘણી ઓછી થઈ જાય છે. તેના કલેશ, કષાય ઓછા થઈ જાય છે, તું–તું, હું–હું, તારું–મારું આવા ભાવ ઘણું કરીને દૂર થઈ જાય છે. તેના જીવનમાં સંયમ અને સંવરના ભાવોની અભિવૃદ્ધિ થાય છે. તે આત્મ સમાહિત થઈ જાય છે.

આ સૂત્રમાં વર્ણિત સાધકની પણ આવી જ સ્થિતિ હોય છે, તેને અનુભવ થઈ જાય છે કે હું એકલો છું, સંસાર પરિભ્રમણ કરતાં મને મારા આત્મા સિવાય બીજા કોઈ પારમાર્થિક ઉપકાર કર્તા નથી. તેમજ હું બીજા કોઈના દુઃખ નિવારણ કરવામાં નિશ્ચયદષ્ટિથી સમર્થ નથી, માટે હું કોઈનો નથી, સર્વ જીવો પોતાના કરેલાં કર્મોનું ફળ ભોગવે છે. આ રીતે તે સાધક અંતરાત્માથી પોતાને સારી રીતે એકલો જ સમજે, નરકાદિ દુઃખોથી રક્ષણ કરનાર શરણભૂત આત્મા સિવાય બીજું કોઈ નથી, એવું સમજીને રોગાદિ પરીષહોના સમયે અન્યના શરણની અપેક્ષા રાખ્યા વિના સમભાવથી સહન કરે.

**लाघवियं आगममाणे :–** લાઘવતાની પ્રાપ્તિ થવાથી તે હળવાશ અનુભવે છે. એકત્વ ભાવમાં રમણ કરનારા સાધક આત્માને ભારે બનાવનારા મમત્વભાવ અને આસક્તિથી દૂર થાય છે. આસક્તિ તે તીવ્રતમ રાગનું રૂપ છે. આસક્તિથી દૂર થનાર સાધક વ્યક્તિ અને વસ્તુ પ્રત્યેના રાગભાવથી મુક્ત થાય છે, તેમ જ તેની ભોગેચ્છા પણ છૂટી જાય છે. ભોગેચ્છાથી મુક્ત થનાર આત્માના નવા કર્મબંધન અટકી જાય છે. આ આખી પ્રક્રિયા આભ્યંતર તપની છે. આમ એકલપણાની ભાવનામાં, આત્મભાવમાં રમણ કરનાર આત્મા આભ્યંતર તપ કરીને હળવો બને છે.

## અભિગ્રહધારીનો સ્વાદ–પરિત્યાગ :–

**३ से भिक्खू वा भिक्खूणी वा असणं वा ४ आहारेमाणे णो**

**वामाओ हणुयाओ दाहिणं हणुयं संचारेज्जा आसाएमाणे, दाहिणाओ वा हणुयाओ वामं हणुयं णो संचारेज्जा आसाएमाणे । से अणासाए माणे लाघवियं आगममाणे, तवे से अभिसमण्णागए भवइ । जहेयं भगवया पवेइयं तमेव अभिसमेच्चा सव्वओ सव्वत्ताए सम्मत्तमेव समभिजाणिज्जा ।**

**શબ્દાર્થ :–** **आहारेमाणे** = આહાર કરતાં મુનિ, **वामाओ** = ડાબા, **हणुयाओ** = ગલોફાથી, **दाहिणं हणुयं** = જમણા ગલોફા તરફ, **णो संचारेज्जा** = સંચારિત કરે નહિ, લઈ જાય નહિ, **आसाए माणे** = સ્વાદ લેવા માટે.

**ભાવાર્થ :–** ભિક્ષુ કે ભિક્ષુણી અશનાદિ ચારે પ્રકારનો આહાર કરતાં કવલનો આસ્વાદ લેવા ડાબા ગલોફાથી જમણા ગલોફે લઈ ન જાય, એ જ રીતે આસ્વાદ લેતાં જમણા ગલોફેથી ડાબા ગલોફે ન લઈ જાય. તે અનાસ્વાદ વૃત્તિથી પદાર્થોનો સ્વાદ નહિ લેતાં લાઘવતાને પ્રાપ્ત કરે છે, તેમજ તેને સહજ અવમૌદર્ય, વૃત્તિ સંક્ષેપ તેમજ કાયકલેશાદિ તપની ઉપલબ્ધિ થાય છે. ભગવાને જે રૂપે આહાર વિધિનું પ્રતિપાદન કર્યું છે, તેને તે રૂપે જાણીને સર્વપ્રકારે, પૂર્ણ રૂપે સમ્યક્ રીતે પાલન કરે.

**વિવેચન :–**

સામાન્યતયા દરેક શ્રમણ સ્વાદવૃત્તિના ત્યાગી હોય છે. છતાં આ સૂત્રમાં વિશિષ્ટ આત્મસાધક શ્રમણને વિશેષ જાગૃતિ માટે સ્વાદવૃત્તિના ત્યાગનું કથન કર્યું છે. ભિક્ષુ શરીર દ્વારા ધર્માચરણ તેમજ તપ, સંયમની આરાધના માટે આહાર કરે છે પરંતુ શરીરને પુષ્ટ કરવા, સુકોમળ રાખવા, વિલાસી તેમજ સ્વાદલોલુપ બનાવવા માટે આહાર કરતા નથી. સાધુએ શરીર અને શરીર સંબંધિત પદાર્થો પ્રત્યેની આસક્તિ તેમજ મોહનો ત્યાગ કરવાનો હોય છે. જો તે શરીર નિર્વાહ માટે યથોચિત આહારનો સ્વાદ લેશે તો સ્વાદવૃત્તિ વધતાં તેની એષણા સમિતિ દૂષિત થશે. આ કારણે સાધકની સાધનાના સુરક્ષાર્થે શાસ્ત્રકારે આ સૂત્રથી અનાસ્વાદવૃત્તિનો ઉપદેશ કર્યો છે. ઉત્ત. અ. ૩૫ ગા. ૧૭ માં પણ કહ્યું છે કે–

**अलोले ण रसे गिद्धे, जिब्भादंते अमुच्छिए ।**
**ण रसट्ठाए भुंजिज्जा, जवणट्ठाए महामुणी ॥**

જીભને વશમાં રાખનાર અનાસક્ત મુનિ સરસ આહારમાં કે સ્વાદમાં લોલુપ થાય નહિ અને ગૃદ્ધ ન થાય. મહામુનિ સ્વાદ માટે નહિ પરંતુ સંયમી જીવન પસાર કરવા માટે ભોજન કરે.

પાંચમા ઉદ્દેશકમાં અભિહત દોષના માધ્યમે એષણાના દોષ રહિત નિર્દોષ આહાર લેવાનો નિર્દેશ કર્યો હતો. આ સૂત્રમાં શાસ્ત્રકારે પરિભોગૈષણાના દોષોથી દૂર રહીને આહાર કરવાનો સંકેત કર્યો છે. અંગારાદિ માંડલાના પાંચ દોષોના કારણે રાગદ્વેષ, મોહાદિ ઉત્પન્ન થાય છે માટે સંયમનિર્વાહાર્થ આહાર કરવામાં સ્વાદ વિજય જરૂરી છે.

**णो संचारेज्जा आसाएमाणे :–** આહાર કરવાની જે રીત હોય તે રીતથી જ શ્રમણ આહાર કરે છે પરંતુ આ સૂત્રમાં શ્રમણને કહેવામાં આવ્યું છે કે સ્વાદની આસક્તિથી મનોજ્ઞ ખાદ્યપદાર્થને મુખના એક ભાગથી બીજા ભાગ તરફ ન લઈ જાય. કવલને ચાવવાની વિધિથી ભલે ચાવે પરંતુ તેમાં સ્વાદવૃત્તિને ભેળવે નહીં. સ્વાદ માટે આહારને મમળાવે નહીં. વાસ્તવમાં આહાર પ્રત્યેના રાગદ્વેષ કે મોહાદિનો ત્યાગ કરવો એ જ શાસ્ત્રકારનો આશય છે.

**સંલેખના–ઈંગિતમરણ :–**

**४ जस्स णं भिक्खुस्स एवं भवइ– से गिलामि च खलु अहं इमंसि समए इमं सरीरगं अणुपुव्वेण परिवहित्तए । से आणुपुव्वेण आहारं संवट्टेज्जा, आणुपुव्वेण आहारं संवट्टेत्ता कसाए पयणुए किच्चा, समाहियच्चे फलगावयट्ठी उट्ठाय भिक्खू अभिणिव्वुडच्चे, अणुपविसित्ता गामं वा णगरं वा खेडं वा कब्बडं वा मडंबं वा पट्टणं वा दोणमुहं वा आगरं वा आसमं वा सण्णिवेसं वा णिगमं वा रायहाणिं वा तणाइं जाएज्जा, तणाइं जाएत्ता से तमायाए एगंतमवक्कमिज्जा, एगंतमवक्कमित्ता अप्पंडे अप्पपाणे अप्पबीए अप्पहरिए अप्पोसे अप्पोदए अप्पुत्तिंगपणग–दगमट्टिय–मक्कडासंताणए पडिलेहिय पडिलेहिय पमज्जिय पमज्जिय तणाइं संथरेज्जा, तणाइं संथरेत्ता एत्थ वि समए इत्तरियं कुज्जा ।**

**तं सच्चं सच्चवाई ओए तिण्णे छिण्णकहंकहे आतीतट्ठे अणातीते चिच्चाण भेउरं कायं संविहुणिय विरूवरूवे परीसहोवसग्गे अस्सिं विस्संभणयाए भेरवं अणुचिण्णे । तत्थावि तस्स कालपरियाए । से वि तत्थ वियंतिकारए ।**

**इच्चेयं विमोहायतणं हियं सुहं खमं णिस्सेसं आणुगामियं । त्ति बेमि ।**

**॥ छट्ठो उद्देसो समत्तो ॥**

**શબ્દાર્થ :– गिलामि** = ગ્લાન થઈ ગયો છું, **इमंसि** = આ, **समए** = સમયમાં, **इमं सरीरगं** = આ શરીરને, **अणुपुव्वेण** = અનુક્રમથી, **परिवहित्तए** = ધારણ કરવામાં તેમજ સંયમની આવશ્યક ક્રિયાઓમાં પ્રવૃત્તિ કરવામાં, **संवट्टेज्जा** = ઓછો કરે, **आहारं संवट्टेत्ता** = આહારને ઓછો કરીને, **कसाए पयणुए** = કષાયને પાતળા, **किच्चा** = કરીને, **समाहियच्चे** = શરીરના વ્યાપારને નિયમિત રાખનાર, **फलगावयट्ठी** = પાટિયાની સમાન સહનશીલ બની, **उट्ठाय** = મરણ માટે ઊઠીને, તત્પર થઈને, **अभिणिव्वुडच्चे** = શરીરના સંતાપથી રહિત થઈ જાય, **अणुपविसित्ता** = પ્રવેશ કરીને, **एत्थ वि** =

આ પ્રમાણે, **समए** = તે સમયમાં, **इत्तरियं** = ઈંગિનીમરણની પ્રતિજ્ઞા, **कुज्जा** = કરે.

**तं** = તે, **सच्चं** = સત્ય હિતકારી છે, **सच्चवाई** = સત્યવાદી હોય છે, **ओए** = રાગદ્વેષ રહિત, **तिण्णे** = સંસાર સાગરને તરનારા, **छिण्णकहंकहे** = રાગ, દ્વેષાદિની કથાનું છેદન કરનાર, **आतीतट्ठे** = જીવાદિ પદાર્થોના જ્ઞાતા, **अणातीते** = કર્મબંધનથી મુક્ત, સંસાર સાગરને પાર કરનારા, **चिच्चाण** = છોડીને, **भेउरं कायं** = નશ્વર શરીરને, **संविहूणिय** = સમભાવપૂર્વક સહન કરીને, **विरूवरूवे** = વિવિધ પ્રકારના, **परीसहोवसग्गे** = પરીષહ, ઉપસર્ગને, **अस्सिं** = છે, **विस्संभणयाए** = વિશ્વાસ હોવાથી, **भेरवं** = કઠિન, **अणुचिण्णे** = આચરણ કરે છે.

**ભાવાર્થ :–** જે ભિક્ષુના મનમાં એવો અધ્યવસાય થાય કે હવે હું અત્યંત વૃદ્ધ તેમજ અશક્ત શરીરના કારણે સાધુ જીવનની આવશ્યક ક્રિયાઓ કરવામાં અસમર્થ થઈ ગયો છું, તે ભિક્ષુ ક્રમથી તપ દ્વારા આહારને ઓછો કરે અને ક્રમથી આહારને ઘટાડતા તે કષાયોને કૃશ કરે. કષાયોને ઓછા કરી શાંત કષાયી થઈ પાટિયાની જેમ સહનશીલ એવા તે ભિક્ષુ સમાધિ મરણ માટે ઉપસ્થિત થાય શરીરના સંતાપને શાંત કરી તેનાથી મુક્ત થઈ જાય છે.

તે સંલેખનાના ઈચ્છુક ભિક્ષુ ગામમાં, નગરમાં, ખેડમાં, કર્બટમાં, મડંબમાં, પટ્ટનમાં, દ્રોણમુખમાં, આકરમાં, આશ્રમમાં, સન્નિવેશમાં, નિગમમાં, રાજધાનીમાં આદિ વસ્તીમાં આવી સૂકું ઘાસ, તૃણ, પરાળ વગેરેની યાચના કરે. યાચના કરી, તે લઈ ગામ આદિની બહાર એકાંતમાં ચાલ્યા જાય, જઈને તે કીડા, ઈંડા, જીવજંતુ, બીજ, લીલોતરી, ઝાકળ, પાણી, કીડિયારું, લીલફૂગ, ભીની માટી કે કરોળીયાના જાળા ન હોય તેવી જગ્યાનું સારી રીતે પ્રતિલેખન–નિરીક્ષણ કરે, પ્રમાર્જન કરી ઘાસનો સંથારો પાથરે. ઘાસનો સંથારો પાથરી, તેના પર બેસી, પછી તે સમયે ઈત્વરિક અનશન ગ્રહણ કરે.

તે ઈત્વરિક અનશન સત્ય હિતકારી છે, તેને અંગીકાર કરનાર સત્યવાદી દઢ પ્રતિજ્ઞ છે. રાગદ્વેષ રહિત, સંસાર સાગરને તરનાર છે. ઈંગિત મરણની પ્રતિજ્ઞા અંગે નિઃશંક, સાધક રાગદ્વેષાદિની કથાને છેદનાર, સંસાર પ્રપંચથી મુક્ત, જીવાદિ પદાર્થોના જ્ઞાતા અને પરિસ્થિતિઓથી અપ્રભાવિત રહે છે.

તે ભિક્ષુ પ્રતિક્ષણ વિનાશશીલ શરીરને છોડી, અનેક પ્રકારના પરીષહો અને ઉપસર્ગો પર વિજય પ્રાપ્ત કરવા, શરીર અને કર્મોથી આત્માને અલગ કરવા માટે આ સર્વજ્ઞ શાસનમાં પૂર્ણ વિશ્વાસ સાથે ઘોર અનશનનો શાસ્ત્રની વિધિ અનુસાર સ્વીકાર કરે છે. આ મરણથી મરતાં તેનું કાળમરણ થાય છે અને તે સમાધિમરણ તેના કર્મોનો વિશેષ ક્ષય કરાવનાર થાય છે.

આ ઈંગિનીમરણ અનશન શરીર મોહથી મુક્ત થવાનું સ્થાન છે, મોક્ષદાયક સાધન છે, હિતકર છે, સુખકર છે, સમર્થ છે, કલ્યાણકર અને ભવાંતરમાં સાથે જનાર છે અર્થાત્ પરભવને સુધારી દેનાર છે. એમ હું કહું છું.

**॥ છઠ્ઠો ઉદ્દેશક સમાપ્ત ॥**

## વિવેચન :–

આ અધ્યયનના ચોથા ઉદ્દેશકમાં વૈહાનસમરણ, પાંચમા ઉદ્દેશકમાં ભક્તપ્રત્યાખ્યાન મરણ

અને છઠ્ઠા ઉદ્દેશકમાં શરીર વિમોક્ષના વિષયમાં ઈંગિની મરણનું વિધાન કર્યું છે. તેની પૂર્વ તૈયારી રૂપે શાસ્ત્રકારે ઉપધિ વિમોક્ષ, વસ્ત્ર વિમોક્ષ, આહાર વિમોક્ષ, સ્વાદ વિમોક્ષ, સહાય વિમોક્ષ આદિ અનેક દષ્ટિકોણથી શરીર વિમોક્ષનો અભ્યાસ કરવાનો નિર્દેશ કર્યો છે. આ સૂત્રમાં સંલેખનાની વિધિનું વિધાન કર્યું છે.

આ પ્રમાણે સાધના કરતાં સાધકનું શરીર અત્યંત ક્ષીણ થઈ જાય અને સંયમ જીવનની પ્રવૃત્તિ કરતાં કષ્ટાનુભૂતિ થાય, શરીર સંયમ સાધનામાં સહયોગ દેવા યોગ્ય ન રહે ત્યારે સાધુએ ત્રણ પ્રકારના સમાધિ મરણમાંથી પોતાની યોગ્યતા, ક્ષમતા અને શક્તિ અનુસાર કોઈ એકને પસંદ કરીને તે પંડિતમરણને સ્વીકાર કરવાનો નિર્ણય કરી, જીવવાની આશા છોડી અંતિમ સાધનામાં જોડાઈ જવું જોઈએ.

**से गिलामि च खलु अहं :–** સંલેખનાનો અવસર ક્યારે આવે છે ? આ વિષયમાં વૃતિકારે સ્પષ્ટીકરણ કર્યું છે– (૧) લૂખા–સૂકા નિરસ આહાર લેવાથી કે તપશ્ચર્યાથી શરીર અત્યંત ગ્લાન–ક્ષીણ થઈ ગયું હોય. (૨) શરીર રોગોથી ઘેરાઈ ગયું હોય. (૩) શરીર આવશ્યક ક્રિયાઓ કરવામાં અત્યંત અસમર્થ થઈ ગયું હોય. (૪) ઊઠવા, બેસવા, પડખા ફેરવવા આદિ રોજની ક્રિયાઓ કરવામાં સ્વયં અશક્ત થઈ ગયા હોય, ત્યારે સંલેખના કરવાનો અવસર સમજવો જોઈએ.

**आहारं संवट्टेज्जा :–** સંયમ સાધનામાં શરીરની અસમર્થતાની ઝાંખી થઈ જાય ત્યારે સાધક સંલેખનાની સાધના આ પ્રમાણે કરે–

૧. ક્રમશઃ આહારને ઓછો કરે, બેઆસણા, એકાસણા, વિગયત્યાગ કરે, આયંબિલ ઈત્યાદિ કરે. આ પ્રકારનો ક્રમિક અભ્યાસ ચાલુ કરે.

૨. કષાયોને ઓછા કરે, તેનું ઉપશમન કરે, વચનસંયમ, કાયસંયમ રાખતાં પ્રવૃત્તિઓ ઘટાડતાં ક્રોધાદિ દરેક કષાયથી પૂર્ણ શાંત થવાનો પ્રયત્ન કરે.

૩. શરીર તેમજ મનને સમાધિસ્થ, શાંત તથા સ્થિર રાખવાનો અભ્યાસ કરે.

જોકે સંલેખનાની ઉત્કૃષ્ટ અવધિ તો બાર વર્ષની હોય છે પરંતુ અહીં તે વિવક્ષિત નથી. ગ્લાનના શરીરની સ્થિતિ તેટલા સમય સુધી ટકી રહે તેવી શક્યતા હોતી નથી માટે સંલેખના કરનાર સાધક પોતાની શારીરિક સ્થિતિને જોઈને તદનુરૂપ યોગ્યતાનુસાર સમયનો નિર્ણય કરી દ્રવ્ય સંલેખના માટે છઠ, અઠ્ઠમ, ચોલું, પાંચ ઉપવાસ, આયંબિલાદિ તપ આરાધનાથી આહાર ઓછો કરે અને ભાવ સંલેખના માટે ક્રોધ, માન, માયા, લોભ રૂપ કષાયોને અત્યંત શાંત તેમજ ઓછા કરે. સાથે જ શરીર, મન અને વચનની પ્રવૃત્તિઓને સ્થિર તેમજ આત્મામાં એકાગ્ર કરે. આ પ્રકારના સાધકે લાકડાના પાટિયાની જેમ શરીર અને કષાય બંનેને કૃશ કરવા જોઈએ.

**उट्ठाय भिक्खू अभिणिव्वुडच्चे :–** આ પ્રકારે પંડિતમરણની સાધના માટે ઉત્થિત, તત્પર અને કષાયરૂપી અગ્નિ જેની શાંત–પ્રશાંત થઈ ગઈ છે એવા તે નિવૃત્ત કષાયવાળા અણગાર સાધકનું ઉત્થાન

ત્રણ પ્રકારે થાય છે– ૧. મુનિ દીક્ષા માટે ઉદ્યત થાય તે સંયમમાં ઉત્થાન. ૨. ગ્રામાનુગ્રામ ઉગ્ર તેમજ અપ્રતિબદ્ધ વિહાર કરે તે–અભ્યુદ્યત વિહારનું ઉત્થાન તથા ૩. ગ્લાન થવા પર સંલેખના કરીને સમાધિ મરણ માટે ઉદ્યત થાય તે સમાધિ મરણનું ઉત્થાન. આ ત્રીજું ઉત્થાન અહીં વિવક્ષિત છે.

**इत्तरियं कुज्जा :–** આ સૂત્રમાં વર્ણિત પંડિત મરણને ઈંગતમરણ અથવા ઈંગિનીમરણ કહે છે. સમવાયાંગ સૂત્રમાં તેનું નામ ઈંગિનીમરણ કહેલ છે, પ્રચલનમાં ઈંગિતમરણ શબ્દ વપરાય છે અને આ સૂત્રમાં **इत्तरियं** શબ્દનો પ્રયોગ કરેલ છે. ઈત્તરિય–ઈત્વરિકનો અર્થ છે થોડું. આ ઈત્વરિક શબ્દને ક્ષેત્ર અને કાળ બંને સાથે જોડી શકાય છે. કાળ સંબંધિત ઈત્વરિક શબ્દ દ્વારા ઈત્વરિક સામાયિક, ઈત્વરિક અનશન તપ વગેરે શબ્દ નિર્મિત થાય છે. અલ્પકાળની સામાયિક, થોડા ઉપવાસ તેવો તેનો અર્થ થાય છે. આ સૂત્રમાં ઈત્વરિક શબ્દ ક્ષેત્ર વિવક્ષિત છે. મર્યાદિત ક્ષેત્રમાં રહી અંતિમ આરાધના રૂપ ઈંગિતમરણના અર્થમાં આ શબ્દ યોજાયેલ છે.

ઈંગિત એટલે હલનચલનના ક્ષેત્રને નિયત કરવું. આ અનશનમાં નિયત પ્રદેશમાં જ સંચરણ કરી શકાય છે માટે તેને ઈંગિતમરણ કહેવામાં આવે છે. આ ઈંગિનીમરણરૂપ પંડિતમરણ ભક્ત પ્રત્યાખ્યાનથી કંઈક વિશિષ્ટ હોય છે અને પાદપોપગમન પંડિત મરણની અપેક્ષાએ એમાં કંઈક છૂટ હોય છે અર્થાત્ શરીર સંચાલન, હલનચલન કે સંક્રમણની ક્રિયા સ્વયં કરી શકાય છે. તેઓ બીજા કોઈનો સહારો લેતા નથી. જ્યારે ભક્ત પ્રત્યાખ્યાન સંથારામાં બીજાની વિવિધ પ્રકારની યોગ્ય મદદ લઈ શકાય છે અને પાદપોપગમન સંથારામાં સર્વથા હલન ચલન બંધ કરી નિશ્ચેષ્ટ રહેવાનું હોય છે.

**ઈંગિત મરણની વિધિ :–** સંલેખના દ્વારા આહાર અને કષાયને કૃશ કરતાં કરતાં જ્યારે શરીર એકદમ ક્ષીણ થઈ જાય ત્યારે ગુરુ અથવા આચાર્યાદિ પાસેથી આજ્ઞા પ્રાપ્ત કરીને અનશન–સંથારાનો નિર્ણય કરે, પછી આલોચના પ્રાયશ્ચિત્તથી શુદ્ધિકરણ કરી સર્વને ખમાવી નજીકમાં રહેલા ગામાદિમાંથી સૂકું ઘાસ લાવીને ગામાદિથી બહાર કોઈ એકાંત નિરવદ્ય, જીવજંતુ રહિત શુદ્ધ સ્થાન હોય ત્યાં જાય અને તે સ્થાનનું વ્યવસ્થિત રીતે નિરીક્ષણ કરે. તેનું સારી રીતે પ્રમાર્જન કરે પછી ત્યાં ઘાસને પાથરે. લઘુનીત, વડીનીત પરઠવાની જગ્યાને જોઈ, ઘાસની પથારી પર પૂર્વાભિમુખ થઈને બેસે. બંને હાથોને લલાટ પર અડાડી સિદ્ધ ભગવાનને નમસ્કાર કરી પંચ પરમેષ્ઠીને નમસ્કાર કરી, 'નમોત્થુણં'નો પાઠ બોલે પછી ઈંગિતમરણરૂપ અનશનનો સંકલ્પી ધૃતિ–સંહનન આદિ બળોથી યુક્ત તથા પડખા ફેરવવા આદિ ક્રિયાઓ પોતે કરવામાં સમર્થ સાધક જીવન પર્યંત ચારે આહારના પ્રત્યાખ્યાન ગુરુ કે દીક્ષા જયેષ્ઠ સાધુની પાસે કરે. સંચરણ ક્ષેત્રની મર્યાદા કરી શાંતિ, સમતા અને સમાધિપૂર્વક આત્મ આરાધનામાં લીન બનીને રહે.

**सच्चं सच्चवाई :–** આ શબ્દોથી શાસ્ત્રકારે પંડિત મરણનું મહાત્મ્ય પ્રગટ કર્યું છે. સર્વપ્રથમ તેને સત્ય કહેલ છે અર્થાત્ જીવનનું સાચું કર્તવ્ય એ જ છે તથા તેનો સ્વીકાર કરનાર સત્યવાદી અર્થાત્ લીધેલી પ્રતિજ્ઞા પ્રત્યે અંત સમય સુધી વફાદાર રહે છે. તે સત્યવાદી, રાગદ્વેષ રહિત, દઢ નિશ્ચયી, સાંસારિક પ્રપંચોથી રહિત, પરીષહ–ઉપસર્ગોથી વ્યાકુળ નહિ થનાર, આ અનશન ઉપર દઢ વિશ્વાસ હોવાના

કારણે ભયંકર ઉપસર્ગ આવી પડે તો પણ ઉદ્વેગ રહિત રહેનાર, કૃત કૃત્ય તેમજ સંસાર સાગરના પારગામી બને છે. આ સમાધિમરણથી પોતાના જીવનને સાર્થક કરી ચરમ લક્ષ્ય મોક્ષને એક દિવસ પ્રાપ્ત કરી લે છે. ખરેખર સમભાવ અને ધૈર્યપૂર્વક ઈંગિનીમરણની સાધનાથી શરીરનો તો વિમોક્ષ થાય છે, તેની સાથે તે અનેક મુમુક્ષુઓ તેમજ વિમોક્ષ સાધકોને માટે પ્રેરણાદાયક પણ બની જાય છે.

**छिण्णकहंकहे :–** આ શબ્દના વૃત્તિકારે બે અર્થ કર્યા છે– (૧) રાગદ્વેષાત્મક વાતોને સર્વથા બંધ કરી દીધી છે. (૨) હું કેવી રીતે આ ઈંગતમરણની પ્રતિજ્ઞાને નિભાવી શકીશ ? આ પ્રકારની શંકા જેની ચાલી ગઈ છે, તેવા સંશય મુક્ત. આ શબ્દના બીજા પણ અર્થો છે, જેમ કે– સંસાર પ્રપંચથી કે ભવભ્રમણથી મુક્ત. વિકથાઓથી દૂર રહેનાર.

**आतीतट्ठे :–** આ શબ્દનો અર્થ વૃત્તિકારે અલગ અલગ નયોથી ચાર પ્રકારે કર્યો છે– ૧. જેણે જીવાદિ પદાર્થોને સર્વ રીતે જાણી લીધા છે, તે આતીતાર્થ. ૨. જેણે પદાર્થોને ગ્રહણ કરી લીધા છે, તે આદતાર્થ. ૩. જે અનાદિ અનંત સંસારમાં ગમનથી દૂર થઈ ગયા છે તે અનાતીતાર્થ. ૪. સંસારને જેણે આદત્ત–ગ્રહણ કર્યો નથી–અર્થાત્ જે હવે નિશ્ચયથી સંસાર સાગરના પારગામી થઈ ગયા છે, તે અણાદતાર્થ. અહીં સૂત્રમાં પ્રયુક્ત શબ્દનો મૌલિક અર્થ એ છે કે પદાર્થોના સાંગોપાંગ જ્ઞાતા કે પ્રયોજનસિદ્ધ પુરુષ.

**अणातीते :–** 'અનાતીત' ના અનેક અર્થો થાય છે. (૧) પરીષહ ઉપસર્ગોથી પરાભવ ન પામનાર (૨) ઉદ્વેગરહિત (૩) આશ્રવોથી રહિત (૪) પરિસ્થિતિઓથી અપ્રભાવિત (૫) સંસાર પારગામી વગેરે
**अस्सिं विसंभणयाए :–** આ શબ્દના બે અર્થ છે. (૧) આ જૈન શાસનમાં દઢ શ્રદ્ધાના કારણે, આગમપ્રત્યે આસ્થાના કારણે (૨) શરીર અને આત્માને પૃથક્ કરવા માટે.

**भेरवमणुचिण्णे :–** ભૈરવ શબ્દ ઈંગતમરણનું વિશેષણ છે. તેનો અર્થ થાય છે કે કાયરો દ્વારા જેનો વિચાર કરવો પણ દુષ્કર છે તેવા ઘોર અનુષ્ઠાન. 'અનુચીર્ણ' શબ્દ આચરણ કરવાના અર્થમાં છે. ચૂર્ણિકારે **अणुविण्णे** પાઠ માનીને અર્થ કર્યો છે કે જે ભયને ઉત્પન્ન કરનારા પરીષહો અને ઉપસર્ગોથી તથા ડાંસ, મચ્છર, સિંહ, વાઘાદિથી તેમજ રાક્ષસ, પિશાચાદિથી ઉદ્વિગ્ન થતા નથી, તે ભૈરવોથી અનુદ્વિગ્ન હોય છે.

**॥ અધ્યયન–૮/૬ સંપૂર્ણ ॥**

## આઠમું અધ્યયન : સાતમો ઉદ્દેશક

### અચેલક મુનિ :–

**१ जे भिक्खू अचेले परिवुसिए तस्स णं एवं भवइ– चाएमि अहं तणफासं अहियासित्तए, सीयफासं अहियासित्तए, तेउफासं अहियासित्तए, दंसमसगफासं अहियासित्तए, एगयरे अण्णयरे विरूवरूवे**

**फासे अहियासित्तए, हिरीपडिच्छादणं च हं णो संचाएमि अहियासित्तए । एवं से कप्पइ कडिबंधणं धारित्तए ।**

**શબ્દાર્થ :– चाएमि** = સમર્થ છું, **अहियासित्तए** = સહન કરવા માટે, **एगयरे** = આમાંથી કોઈ એકને અથવા, **अण्णयरे** = બીજા કોઈ કષ્ટને તેમજ, **विरूवरूवे फासे** = વિવિધ પ્રકારના કષ્ટોને, **हिरीपडिच्छादणं** = ગુપ્ત અંગની લજ્જાના નિવારણ માટે વસ્ત્રત્યાગના કષ્ટને, **णो संचाएमि** = સમર્થ નથી, **कडिबंधणं** = કટિબંધન–ચોલપટ્ટક, **धारित्तए** = ધારણ કરવો, **कप्पइ** = કલ્પે છે.

**ભાવાર્થ :–** જે અભિગ્રહધારી ભિક્ષુ ચાદર[પછેડી]ની અપેક્ષાએ અચેલ થઈને રહે છે, તે સાધુનો એવો અભિપ્રાય હોય કે હું ઘાસના તીક્ષ્ણ સ્પર્શને સહન કરવા સમર્થ છું, ઠંડીના સ્પર્શને સહી શકું છું, ગરમીને સહન કરી શકું છું, ડાંસ–મચ્છરના ડંખને સહી શકું છું, એક જાતના કે જુદા–જુદા અનેક જાતના, વિવિધ પ્રકારના અનુકૂળ કે પ્રતિકૂળ કષ્ટોને સહન કરવામાં સમર્થ છું પરંતુ હું લજ્જા નિવારણ માટે ગુપ્તાંગોને ઢાંકવાના ચોલપટ્ટકને છોડવા સમર્થ નથી. આ અભિપ્રાયથી તે સાધુ કટિબંધન–કમ્મરે બાંધવાનું વસ્ત્ર અર્થાત્ ચોલપટ્ટક ધારણ કરી શકે છે.

**૨ अदुवा तत्थ परक्कमंतं भुज्जो अचेलं तणफासा फुसंति, सीयफासा फुसंति, तेउफासा फुसंति, दंस–मसगफासा फुसंति, एगयरे अण्णयरे विरूवरूवे फासे अहियासेइ । अचेले लाघवियं आगममाणे तवे से अभिसमण्णागए भवइ ।**

**जहेयं भगवया पवेइयं तमेव अभिसमेच्च सव्वओ सव्वयाए सम्मत्तमेव समभिजाणिज्जा ।**

**શબ્દાર્થ :– अदुवा** = ત્યારે, ક્યારેક, **तत्थ** = ત્યાં, અચેલ સાધનામાં, **परक्कमंते** = પરાક્રમ કરતા, વિચરતા સાધુને, **भुज्जो** = વારંવાર, **अचेलं** = અચેલત્વના કારણે.

**ભાવાર્થ :–** તે અચેલ કલ્પમાં પરાક્રમ કરતા ભિક્ષુને ક્યારેક વસ્ત્રના અભાવમાં વારંવાર ઘાસની તીક્ષ્ણતા સ્પર્શી જાય છે, ઠંડીનો અનુભવ થાય છે, ગરમી સ્પર્શે છે, ડાંસ અને મચ્છર કરડે છે, છતાં તે અચેલ અવસ્થામાં રહીને એક જાતના કે ભિન્ન જાતના કે વિવિધ પ્રકારના કષ્ટોને સહન કરે છે. લાઘવતાને પ્રાપ્ત કરતા તેને સહજ તપનો લાભ મળી જાય છે. ભગવાને જેવું આ અચેલત્વના આચારનું પ્રતિપાદન કર્યું છે તેને તે રીતે જાણીને સર્વ પ્રકારે, પૂર્ણરૂપે, સમ્યક્ આચરણમાં લાવે છે.

**વિવેચન :–**

ચાદર–પછેડી સંબંધી અભિગ્રહધારી શ્રમણોના ત્રણ પ્રકાર પૂર્વ ઉદ્દેશકમાં વર્ણવ્યા છે. તેમાં ક્રમથી ત્રણ, બે અને એક વસ્ત્ર–પછેડીના અભિગ્રહનું વર્ણન છે. આ સૂત્રમાં ત્રણે ય વસ્ત્ર–પછેડીના ત્યાગની અપેક્ષાએ અચેલ ભિક્ષુનું વર્ણન છે. આ અભિગ્રહધારી શ્રમણ ચોલપટ્ટકને ધારણ કરે છે. સામાન્ય

રૂપે સ્થવિરકલ્પી શ્રમણને પ્રશ્નવ્યાકરણ સૂત્ર અનુસાર ચૌદ ઉપકરણ હોય છે. ત્રણે ય પછેડી ત્યાગી આ અચેલ શ્રમણને શેષ સર્વ ઉપકરણ હોઈ શકે છે. ટીકામાં કહ્યું છે કે વસ્ત્ર ત્યાગ કરનાર શ્રમણને પાત્ર ત્યાગ કરવો જરૂરી નથી. જિનકલ્પી પણ પછેડીના ત્યાગી હોવા છતાં પાત્રધારી હોઈ શકે છે માટે આ સૂત્ર વર્ણિત અચેલ અભિગ્રહધારી શ્રમણને ત્રણ પછેડી સિવાય મુખવસ્ત્રિકા, રજોહરણ, ચોલપટ્ટક, પાત્રોના સાત ઉપકરણ અને આસન આ અગિયાર ઉપકરણ સમજવા. જો તે સર્વ પાત્રનો ત્યાગ કરે તો તેને ચાર ઉપકરણ સમજવા.

**चाएमि अहं तणफासं अहियासित्तए :–** આ કલ્પને સ્વીકાર કરનાર સાધકનું અંતઃકરણ ધૈર્ય, સંહનન, મનોબળ, વૈરાગ્ય ભાવના આદિ રંગમાં રંગાયેલું હોય છે અને તે આગમોમાં વર્ણવેલા નારકોના દુઃખોને સ્મૃતિમાં રાખીને ઘાસ, ઠંડી, ગરમી, ડાંસ–મચ્છર આદિના તીવ્ર સ્પર્શો કે અનુકૂળ, પ્રતિકૂળ સ્પર્શોને સહન કરવામાં દુઃખ અનુભવતા નથી પરંતુ તે સર્વ કષ્ટોને સહન કરવા સહર્ષ તત્પર રહે છે અને સ્વેચ્છાએ અંત સુધી તે કષ્ટોને સહે છે.

**हिरिपडिच्छादणं :–** આ ચાર ઉદ્દેશકોમાં વર્ણિત પછેડી સંબંધી અભિગ્રહધારી શ્રમણ સ્થવિર કલ્પી છે અને સહાય ત્યાગ કરનાર હોવા છતાં ગચ્છના ત્યાગી નથી. આ પ્રકારના શ્રમણ ત્રણે પછેડી ત્યાગવાની હિંમતવાળા હોવા છતાં તેમને ચોલપટ્ટકનો ત્યાગ કરવાનો અધ્યવસાય નથી. લજ્જા પ્રતિછાદનનો ત્યાગ કરવામાં તે પોતાને અસમર્થ માને છે. માટે તેઓ લજ્જા પ્રતિછાદક ચોલપટ્ટક રાખે છે, શેષ શરીરથી તે નિર્વસ્ત્ર રહે છે.

**कडिबंधणं :–** આ શબ્દ ચોલપટ્ટકનો પર્યાયવાચી છે. વ્યાખ્યાકારે ચોલપટ્ટકની વ્યાખ્યા બે પ્રકારે કરી છે– (૧) **चोल** નો અર્થ છે ગુપ્તેન્દ્રિય, તેના ઉપર પાટલી સાથે ધારણ કરાતું ઉપકરણ તે ચોલપટ્ટક કહેવાય છે. (૨) **चुल्लपट्टक** શબ્દની અપેક્ષા પાટલી રૂપે કમરમાં ધારણ કરાનાર નાનું એટલે અલ્પ પનાવાળું ઉપકરણ તે ચોલપટ્ટક. ટીકાકારે ચોલપટ્ટકની લંબાઈ(પના)માં સવાહાથ કહેલ છે. તે પ્રશ્નવ્યાકરણ સૂત્રોક્ત ચૌદ ઉપધિમાં ચોલપટ્ટક જ છે. આ પ્રમાણે કડિબંધન અને ચોલપટ્ટક બંને એક જ ઉપકરણ છે.

### આહારના આદાનપ્રદાન સંબંધી અભિગ્રહ :–

**३** **जस्स णं भिक्खुस्स एवं भवइ– अहं च खलु अण्णेसिं भिक्खूणं असणं वा ४ आहट्टु दलयिस्सामि आहडं च साइज्जिस्सामि, जस्स णं भिक्खुस्स एवं भवइ– अहं च खलु अण्णेसिं भिक्खूणं असणं वा ४ आहट्टु दलयिस्सामि आहडं च णो साइज्जिस्सामि, जस्स णं भिक्खुस्स एवं भवइ– अहं च खलु अण्णेसिं भिक्खूणं असणं वा ४ आहट्टु णो दलयिस्सामि आहडं च साइज्जिस्सामि, जस्स णं भिक्खुस्स एवं भवइ– अहं च खलु अण्णेसिं भिक्खूणं असणं वा ४ आहट्टु णो दलयिस्सामि**

**आहडं च णो साइज्जिस्सामि ।**

**जस्स णं भिक्खुस्स एवं भवइ– अहं च खलु तेण अहातिरित्तेण अहेसणिज्जेण अहापरिग्गहिएण असणेण वा ४ अभिकंख साहम्मियस्स कुज्जा वेयावडियं करणाए । अहं वा वि तेण अहातिरित्तेण अहेसणिज्जेण अहापरिग्गहिएण असणेण वा ४ अभिकंख साहम्मिएहिं कीरमाणं वेयावडियं साइज्जिस्सामि । लाघवियं आगममाणे** *जाव* **सम्मत्तमेव समभिजाणिज्जा ।**

**શબ્દાર્થ :– आहट्टु** = લાવીને, **दलयिस्सामि** = હું આપીશ, **अहातिरित्तेण** = પોતાના ઉપયોગ પછી વધેલા, **अहेसणिज्जेण** = એષણીય, **अहापरिग्गहिएण** = જેવા ગ્રહણ કર્યા છે તેવા, **अभिकंख** = નિર્જરાની ભાવનાથી, **साहम्मियस्स** = પોતાના સાધર્મિક સાધુની, **कुज्जा** = કરીશ, **वेयावडियं** = વૈયાવચ્ચ, **करणाय** = ઉપકારાર્થે, કર્તવ્યાર્થે.

**ભાવાર્થ :–** જે સાધુ એવી પ્રતિજ્ઞા–સંકલ્પ કરે છે કે હું બીજા ભિક્ષુઓને અશન પાન, ખાદિમ, સ્વાદિમ લાવીને આપીશ અને તેના દ્વારા લાવેલા આહારને વાપરીશ. (૧)

જે સાધુની એવી પ્રતિજ્ઞા છે કે હું બીજા સાધુઓને અશન, પાન, ખાદિમ કે સ્વાદિમ લાવીને આપીશ, પરંતુ તેના દ્વારા લાવેલા આહારાદિનું સેવન કરીશ નહિ. (૨)

જે ભિક્ષુની એવી પ્રતિજ્ઞા હોય છે કે હું બીજા ભિક્ષુઓને અશનાદિ લાવીને આપીશ નહિ પરંતુ તેઓ દ્વારા લાવેલા આહારાદિનું સેવન કરીશ. (૩)

જે ભિક્ષુની એવી પ્રતિજ્ઞા હોય છે કે હું બીજા ભિક્ષુઓને અશનાદિ લાવીને આપીશ નહિ અને તેઓ દ્વારા લાવેલા આહારાદિનું સેવન પણ કરીશ નહિ. (૪)

(૧) જે ભિક્ષુની એવી પ્રતિજ્ઞા(છૂટ)હોય કે હું મારી આવશ્યકતાથી વધારે પોતાની કલ્પમર્યાદાનુસાર એષણીય તેમજ ગ્રહણીય તથા પોતાના માટે જ લાવેલા અશનાદિમાંથી નિર્જરાના લક્ષ્યે પરસ્પર શાતા ઉપજાવવાના ભાવથી સાધર્મિક મુનિઓની સેવા કરીશ. (૨) હું પણ સાધર્મિક મુનિઓ દ્વારા પોતાની આવશ્યકતાથી વધારે પોતાના કલ્પ મર્યાદાનુસાર એષણીય–ગ્રહણીય તથા પોતાના માટે લાવેલા અશનાદિમાંથી નિર્જરાના લક્ષ્યે તેઓ દ્વારા કરાતી સેવાને રુચિ પૂર્વક સ્વીકાર કરીશ.

આ પ્રકારની પ્રતિજ્ઞાઓથી તે સાધકને લાઘવતાની પ્રાપ્તિ થાય છે અને તપનો લાભ સહજ રીતે પ્રાપ્ત થાય છે.

ભગવાને જે રીતે આ સેવાભાવનું તેમજ અભિગ્રહનું પ્રતિપાદન કર્યું છે, તેને તે રૂપમાં જાણીને–સમજીને સર્વ પ્રકારથી પૂર્ણરૂપે સારી રીતે આચરણ કરે.

**વિવેચન :–**

પૂર્વે પાંચમાં ઉદ્દેશકમાં સહાય ત્યાગના આહાર અભિગ્રહધારી શ્રમણ માટેની ચૌભંગી(ચાર ભંગ) કહી છે. ત્યાં સેવા માટેના બે આગારના વિકલ્પ કહ્યા છે. આ સૂત્રમાં પણ સહાય ત્યાગની તેવી જ ચૌભંગી છે પરંતુ વિકલ્પ રૂપે વધારાના આહાર સંબંધી આદાન પ્રદાનનું કથન છે અર્થાત્ આ સૂત્ર વર્ણિત અભિગ્રહધારી શ્રમણ પોતાના અભિગ્રહ અનુસાર સદાય ત્યાગમાં રહે. ક્યારેક તેની પાસે આહાર વધી જાય તો આહારને અન્ય શ્રમણને દેવાનો વિકલ્પ–આગાર રાખે છે અને બીજા શ્રમણને ક્યારેક આહાર વધી જાય તેઓ આપે તો સ્વીકાર કરવાનો પણ આગાર રાખે છે. પૂર્વ ઉદ્દેશકથી આ સૂત્રમાં એટલો જ તફાવત છે કે આ શ્રમણ બીમારી વિના જ વધેલા આહારના આપ–લે ની છૂટ રાખે છે. બીજી વિશેષતા એ છે કે પૂર્વ ઉદ્દેશકમાં આહારની ગવેષણા અન્ય શ્રમણ માટે કરવાની છૂટ છે જ્યારે આ સૂત્રમાં પોતાને માટે ગવેષણા કરી લાવેલ આહારમાંથી દેવાનો વિકલ્પ છે.

આ સૂત્રનો બીજી રીતે પણ અર્થ થાય છે કે પોતાના માટે ગ્રહણ કરેલ આહારમાંથી બીજા શ્રમણને સેવાર્થે શાતા પહોંચાડવા માટે આપવાનો વિકલ્પ હોય છે તેમજ બીજા શ્રમણના સ્વયં માટે લાવેલા આહારમાંથી તે સેવાર્થે કે શાતા ઉપજાવવા દેવા ઈચ્છે તો આહાર લેવાનો પણ તેને વિકલ્પ હોય છે. આ પ્રકારના વિકલ્પમાં વિશેષતા એ છે કે તે બીજા માટે આહારાદિ લાવતા નથી અને તેના માટે કોઈ લાવીને દે તો લેતા નથી પરંતુ પોતપોતાના માટે લાવેલા આહારમાંથી સેવાર્થે આપ–લે કરવાનો તેઓને વિકલ્પ–આગાર હોય છે. પોતાના આહારમાંથી અન્ય સાધુને દેતાં ઊણોદરી તપ થાય છે. દીધા પછી પોતાના માટે બીજી વાર લેવા જતાં નથી.

**अहातिरित्तेण :–** આ શબ્દના ત્રણ પ્રકારે અર્થ થાય છે. (૧) આહાર કર્યા પછી વધેલો આહાર. (૨) આહાર કર્યા પહેલાં વધારે દેખાતો આહાર. (૩) સ્વયં ઊણોદરી કરી શકે, ઓછા આહારથી ચલાવી શકે, આ અપેક્ષાએ વધારાનો આહાર.

**वेयावडियं करणाए :–** (૧) વૈયાવૃત્ય કરવાના ભાવોથી અર્થાત્ શાતા પહોંચાડવા માટે (૨) સેવાનો અર્થ ન કરતાં કેવળ ઉપયોગ માટે આહાર દેવામાં આવે તેને અહીં વૈયાવૃત્ય જ કહેલ છે (૩)વ્યવહારસૂત્રમાં પોતાના માટે ગોચરી લાવવાને પણ વૈયાવૃત્ય શબ્દથી કહેલ છે તેથી **अहातिरित्तेण** ના ત્રણે ય અર્થમાં વૈયાવૃત્ય શબ્દ ઘટિત થાય છે.

સૂત્રોક્ત ચાર અભિગ્રહોમાંથી જેમાં બીજા પાસેથી આહાર મંગાવવાનો કે બીજા માટે લાવવાનો ત્યાગ હોય તેમાં આ બે આગાર હોય છે. (૧) યથાપ્રાપ્ત આહારમાંથી આપીને નિર્જરા તેમજ પરસ્પર ઉપકારની દષ્ટિથી સાધર્મિકોની સેવા કરીશ. (૨) તે સાધર્મિકો પાસેથી પણ આ જ દષ્ટિથી સેવા લઈશ. ચૂર્ણિકારે આને પણ પ્રતિમા તથા અભિગ્રહ વિશેષ કહ્યા છે.

**પાદપોપગમન અનશન :–**

**૪ जस्स णं भिक्खुस्स एवं भवइ– से गिलामि च खलु अहं इमम्मि**

**समए इमं सरीरगं अणुपुव्वेणं परिवहित्तए । से अणुपुव्वेणं आहारं संवट्टेज्जा, अणुपुव्वेणं आहारं संवट्टेत्ता कसाए पयणुए किच्चा समाहियच्चे फलगावतट्ठी उट्ठाय भिक्खू अभिणिव्वुडच्चे अणुपविसित्ता गामं वा *जाव* रायहाणिं वा तणाइं जाएज्जा, तणाइं जाएत्ता से तमायाए एगंतमवक्कमेज्जा एगंतमवक्कमेत्ता अप्पंडे *जाव* मकडासंताणए तणाइं संथरेज्जा, तणाइं संथरेत्ता एत्थ वि समए कायं च जोगं च इरियं च पच्चक्खाएज्जा ।**

**तं सच्चं सच्चवाई ओए तिण्णे छिण्णकहंकहे आतीतट्ठे अणातीते चिच्चाण भेउरं कायं संविहुणिय विरूवरूवे परीसहोवसग्गे अस्सिं विसंभणयाए भेरवमणु चिण्णे । तत्थावि तस्स कालपरियाए । से वि तत्थ विअंतिकारए ।**

**इच्चेयं विमोहायतणं हियं सुहं खमं णिस्सेसं आणुगामियं । त्ति बेमि ।**

**॥ सत्तमो उद्देसो समत्तो ॥**

**શબ્દાર્થ :–** **एत्थ** = આ, **वि** = પણ, **समये** = સમયમાં, **कायं** = કાયાને, **च** = અને, **जोगं** = યોગને, **च** = અને, **इरियं** = ઈર્યાના, **पच्चक्खाएज्जा** = પચ્ચકખાણ કરે.

**ભાવાર્થ :–** જે સાધુના મનમાં એવો અધ્યવસાય ઉત્પન્ન થાય છે હું આ અત્યંત વૃદ્ધ તેમજ અશક્ત શરીર દ્વારા આવશ્યક ક્રિયાઓ કરવા માટે અસમર્થ થઈ ગયો છું, ત્યારે તે ભિક્ષુ ક્રમથી આહારને ઘટાડતાં કષાયોને પણ કૃશ કરે.

આમ કરવા સમાધિપૂર્ણ લેશ્યા(અંતઃકરણની વૃત્તિ) વાળા તથા લાકડાના પાટિયાની જેમ શરીર અને કષાયો બંને રીતે કૃશ થયેલ તે સાધક સમાધિ મરણ માટે ઉત્થિત થઈ શરીરના સંતાપને પૂર્ણતયા શાંત કરે છે.

આ પ્રમાણે સંલેખનાની ભૂમિકા યુક્ત તે ભિક્ષુ ગામ ***યાવત્*** રાજધાનીમાં પ્રવેશ કરીને ઘાસની યાચના કરે. જે ઘાસ મળ્યું હોય તેને લઈને તે ગામાદિની બહાર એકાંતમાં ચાલ્યા જાય, ત્યાં જઈને જ્યાં કીડા, ઈંડા ***યાવત્*** કરોળીયાના જાળા ન હોય તેવા સ્થાનનું સારી રીતે પ્રતિલેખન કરી, પ્રમાર્જન કરી ઘાસની પથારી કરે. ઘાસની પથારી કરી તે શરીર, શરીરની પ્રવૃત્તિ અને ગમનાગમનાદિ ક્રિયાઓનો ત્યાગ કરે અર્થાત્ પાદપોપગમન સંથારાને સ્વીકારે.

આ પાદપોપગમન અનશન સત્ય છે. તેને સ્વીકારનારા સત્યવાદી છે, જીવનના અંત સુધી દઢ રહેનાર છે. તેઓ વીતરાગ, સંસાર–પારગામી, શંકાઓથી મુક્ત, સર્વથા કૃતાર્થ, જીવાદિ પદાર્થોના સાંગોપાંગ જ્ઞાતા અથવા સમસ્ત પ્રયોજનોથી અતીત, પરિસ્થિતિઓથી અપ્રભાવિત રહે છે.

તે ભિક્ષુ પ્રતિક્ષણ નાશવંત શરીરને છોડી, વિવિધ પ્રકારના ઉપસર્ગો અને પરીષહો ઉપર વિજય

પ્રાપ્ત કરીને, "શરીર અને આત્મા અલગ–અલગ છે," આ સર્વજ્ઞ પ્રરૂપિત ભેદ–વિજ્ઞાનમાં પૂર્ણ વિશ્વાસ સાથે જ જેણે આ ઘોર અનશનનો શાસ્ત્રીય વિધિ અનુસાર સ્વીકાર કર્યો છે, તે સાધકનું મૃત્યુ સ્વાભાવિક જ હોય છે, તે મૃત્યુથી તે સર્વ કર્મ ક્ષય કરનાર પણ થઈ જાય છે.

આ રીતે આ પાદપોપગમનરૂપ અનશન મોહથી મુક્ત કરાવનાર છે, હિતકર, સુખકર, સક્ષમ, કલ્યાણકર અને જન્માન્તરમાં પણ સાથે ચાલનાર છે અર્થાત્ સર્વ ભવોને સુધારનાર છે. – એમ ભગવાને કહ્યું છે.

**॥ સાતમો ઉદ્દેશક સમાપ્ત ॥**

## વિવેચન :–

આ સૂત્રમાં સમાધિ મરણનો ત્રીજો પ્રકાર–પાદપોપગમન અનશનનું વર્ણન છે. આ અનશન વિશિષ્ટ સંહનનવાળા જ સ્વીકારી શકે છે. આ સૂત્રમાં શાસ્ત્રકારે આ અનશનના નામનું સૂચન કરેલ નથી છતાં સૂત્રના વર્ણન ક્રમથી સહજ સ્પષ્ટ થાય છે કે આ પાદપોપગમન અનશનનું વર્ણન છે. સમવાયાંગ સૂત્ર ૧૭ માં તેનું નામ **पाओवगमण** કહેલ છે. ટીકાકારે આ શબ્દની બે પ્રકારે છાયા કરીને અર્થ કર્યો છે.

**(૧) પાદપોપગમન :–** પાદપ એટલે વૃક્ષ, જે રીતે વિષમ કે સમ અવસ્થામાં નિશ્ચેષ્ટ રહે છે. ગમે તે પરિસ્થિતિમાં પોતાના સ્થાનથી ચલ વિચલ થાય નહીં. તે રીતે આ અનશન સાધક જે સ્થિતિમાં હોય તે સ્થિતિમાં જ જીવન પર્યંત નિશ્ચલ –નિશ્ચેષ્ટ રહે છે. આ પ્રકારે પાદપની જેમ તેઓનો ઉપગમન–જીવન વ્યવહાર હોય છે તેથી તેઓના અનશનને 'પાદપોપગમન' કહેવાય છે. પાદપોપગમન અનશનના સાધક શરીરના સંબંધમાં કોઈ પણ પ્રકારે બીજાની સેવા લેતા નથી.

**(૨) પ્રાયોપગમન :–** જ્યાં અને જે રૂપે સાધકે પોતાના શરીરને રાખ્યું હોય ત્યાં તે જ રૂપે આયુ પૂર્ણ થાય ત્યાં સુધી નિશ્ચલ રહે, શરીરને જરાપાત્ર પણ હલાવે નહિ. સ્વ અને પર બંનેની સેવા શુશ્રૂષાથી રહિતનું જે મરણ થાય, તે પ્રાયોપગમન મરણ છે. બંને શબ્દોના પ્રયોગમાં 'પાદપોપગમન' શબ્દપ્રયોગ વધારે પ્રચલિત છે.

આ સંથારાની સર્વ વિધિ ઈંગિતમરણ જેવી જ છે, પરંતુ ઈંગિતમરણમાં પૂર્વના નિયત ક્ષેત્રમાં હાથ–પગાદિ અવયવોનું સંચાલન કરી શકાય છે જ્યારે પાદપોપગમનમાં એક જ નિયત સ્થાન પર ભિક્ષુ નિશ્ચેષ્ટ રહે છે. શરીર સંબંધી કોઈ પણ સેવા પોતે કરતા નથી અને બીજાની સેવા પણ લેતા નથી. તેની સેવામાં રહેનાર શ્રમણ તેમની ઉપધિ પ્રતિલેખન દેખરેખ વગેરે કરે છે. સૂત્રમાં આ પ્રત્યાખ્યાન વિષયક ત્રણ શબ્દો કહ્યા છે–

**कायं च जोगं च इरियं च पच्चक्खाएज्जा :–** પાદપોપગમનમાં વિશેષ રૂપે ત્રણ બાબતોના પ્રત્યાખ્યાન અનિવાર્ય હોય છે. **૧. कायं च**– શરીરના મમત્વનો પૂર્ણ રૂપે ત્યાગ. **૨. जोगं च**–શરીરગત યોગ–આકુંચન, પ્રસારણ આદિ કાય વ્યાપાર, મન–વચનના સ્થૂલ યોગ. આ પ્રકારે ત્રણે યોગનો ત્યાગ

કરે છે. ૩. **ईरियं च**–ઈર્યા–સમસ્ત ગમનાગમન વગેરે પ્રવૃત્તિનો ત્યાગ કરે છે.

વિશેષ એ છે કે પાદપોપગમન અનશનના સાધક મળ–મૂત્રના ત્યાગ માટે બીજી જગ્યાએ જઈને પાછા પોતાની જગ્યાએ આવી, જે સ્થિતિમાં હતા તે સ્થિતિમાં સ્થિર થઈ જાય છે. આ અનશન ગ્રહણ કરવાની સર્વ વિધિ ઘાસનો સંથારો કરવો અને પર્વત, વન આદિ એકાંત સ્થાનમાં જવું વગેરે ઈંગિનીમરણની જેમ સમજવું.

શરીર વિમોક્ષમાં પાદપોપગમન અનશન પ્રબળ તેમજ ઉત્કૃષ્ટ સહાયક છે.

**॥ અધ્યયન–૮/૭ સંપૂર્ણ ॥**

## આઠમું અધ્યયન : આઠમો ઉદ્દેશક

### વિમોક્ષનું જ્ઞાન :–

**૧ अणुपुव्वेण विमोहाइं, जाइं धीरा समासज्ज ।**
**वसुमंतो मइमंतो, सव्वं णच्चा अणेलिसं ॥**

**શબ્દાર્થ :– अणुपुव्वेण** = અનુક્રમથી, **विमोहाइं** = મોહ રહિત ત્રણ મરણોમાંથી કોઈ એકને, **जाइं** = જેનું વિધાન કર્યું છે તે, **समासज्ज** = પ્રાપ્ત કરીને સમાધિ પૂર્વક શરીરનો ત્યાગ કરે, ધારણ કરે, **सव्वं** = પૂર્ણ રૂપથી, સર્વ પ્રકારે, **णच्चा** = સમજીને, જાણીને, **अणेलिसं** = જેના સમાન બીજા કોઈ નથી એવું અનુપમ.

**ભાવાર્થ :–** જે ભક્ત પ્રત્યાખ્યાન, ઈંગિતમરણ તેમજ પાદપોપગમન આ ત્રણ વિમોક્ષ ક્રમથી સમાધિ મરણ રૂપે બતાવ્યા છે, તે અનુપમ વિમોક્ષને ધૈર્યવાન, સંયમરૂપ ધનથી યુક્ત, તેમજ હેયોપાદેયના પરિજ્ઞાતા મતિમાન ભિક્ષુ પૂર્ણરૂપે સમજીને ધારણ કરે છે.

### વિવેચન :–

પૂર્વ ઉદ્દેશકોમાં જે ત્રણ સમાધિ મરણરૂપ અનશનોનું નિરૂપણ કર્યું છે, તેઓના વિશેષ આંતરિક વિધિ–વિધાનોના વિષયમાં આ ઉદ્દેશકમાં ક્રમથી પદ્યરૂપે વર્ણન કર્યું છે.

અનશન સાધના બે પ્રકારે થાય છે તે આ પ્રમાણે છે– (૧) સવિચાર અને, (૨) અવિચાર.

**सविचार अनशन :–** ક્રમિક સાધના–સંલેખના યુક્ત અનશન. તેમાં જઘન્ય છ મહીના ઉત્કૃષ્ટ બાર વર્ષ સુધીની સાધના હોય છે. ત્યાર પછી અનશન ધારણ કરે છે.

**अविचार अनशन :–** એકાએક ઉપસર્ગ આવે, શરીર શૂન્ય કે બેહોશ થઈ જાય, મૃત્યુ પ્રાપ્ત કરાવે તેવી

બીમારી આવે ત્યારે આકસ્મિક નિર્ણય કરી અનશન કરે તો તે અવિચાર અનશન કહેવાય છે. આ બંને પ્રકારોમાં ત્રણે ય પ્રકારના પંડિતમરણનું આરાધન કરી શકાય છે.

આ અધ્યયનમાં વિશેષ કરીને સવિચાર અનશનનું વિવરણ છે. તેને આનુપૂર્વી અનશન, અવ્યાઘાત અનશન, સપરાક્રમ અનશન પણ કહેવાય છે.

**अणुपुव्वेण विमोहाइं :–** આ ગાથામાં ત્રણે પ્રકારના પંડિત મરણોને વિમોહ કહેલ છે કારણ કે આ સર્વમાં શરીરાદિ પ્રત્યેનો મોહ સર્વથા છોડવાનો હોય છે. સમાધિમરણ માટે ચાર વાત આવશ્યક છે જેમ કે– (૧) આ સર્વ વિમોહોને, સર્વ પ્રકારથી સારી રીતે જાણીને, તેમના વિધિ–વિધાનો, કૃત્ય–અકૃત્યોને સમજીને (૨) પોતાની ધૃતિ, સંહનન, બલાબલ આદિનું માપ કાઢીને (૩) સંયમરૂપ ધનથી ધનવાન, (૪) ધીર અને હેયોપાદેયની વિવેક બુદ્ધિથી ઓતપ્રોત ભિક્ષુએ, આમાંથી યથાયોગ્ય એક સમાધિમરણને પસંદ કરી સમાધિપૂર્વક તેનું પાલન કરવું જોઈએ.

**ભક્તપ્રત્યાખ્યાન અનશન આરાધના :–**

**૨** **दुविहं पि विदित्ताणं, बुद्धा धम्मस्स पारगा ।**
**अणुपुव्वीए संखाए, कम्मुणाओ तिउट्टइ ॥**

**શબ્દાર્થ :– दुविहं पि** = બંને પ્રકારના અર્થાત્ બાહ્ય અને આભ્યંતર પરિગ્રહને, **विदित्ताणं** = જાણીને તેમજ ત્યાગ કરીને, **बुद्धा** = તત્ત્વજ્ઞ પુરુષ, **धम्मस्स पारगा** = શ્રુત ચારિત્રરૂપ ધર્મના પારગામી, **अणुपुव्वीए** = અનુક્રમથી સંયમની ક્રિયાઓનું પાલન કરે, **संखाए** = યથાયોગ્ય મરણનો નિશ્ચય કરીને, **कम्मुणाओ (आरंभाओ)** = કર્મોથી, આરંભથી, **तिउट्टइ** = છૂટી જાય છે.

**ભાવાર્થ :–** ધર્મના પારગામી પ્રબુદ્ધ ભિક્ષુ બંને પ્રકારે શરીર ઉપકરણાદિ બાહ્ય પદાર્થો તથા રાગાદિ આંતરિક વિકારોની હેયતાનો અનુભવ કરી અનુક્રમથી વિચાર કરીને કોઈ એક અનશન દ્વારા કર્મનો ક્ષય કરે છે.

**३** **कसाए पयणुए किच्चा, अप्पाहारो तितिक्खए ।**
**अह भिक्खू गिलाएज्जा, आहारस्सेव अंतियं ॥**

**શબ્દાર્થ :– कसाए** = કષાયોને, **पयणुए** = મંદ, પાતળા, **किच्चा** = કરીને, **अप्पाहारे** = અલ્પઆહાર કરે, **तितिक्खए** = સહન કરે, **अह** = જો આ રીતે કરતાં, **भिक्खू** = સાધુ, **गिलाएज्जा** = ગ્લાન થાય તો, **आहारस्सेव** = આહારનો જ, **अंतियं** = અંત કરે.

**ભાવાર્થ :–** પૂર્વે કહેલ સંલેખનાથી કષાયોને કૃશ કરીને, અલ્પાહારી બની પરીષહો તેમજ દુર્વચનોને સહન કરે, જો ભિક્ષુ આ પ્રકારે કરતાં સંલેખનાની મધ્યમાં ક્યારેક ગ્લાન થઈ જાય ત્યારે આહારનો જ

ત્યાગ કરી તપ કરે.

**૪** **जीवियं णाभिकंखेज्जा, मरणं णो वि पत्थए ।**
**दुहओ वि ण सज्जेज्जा, जीविए मरणे तहा ॥**

**શબ્દાર્થ :– जीवियं** = જીવનની, **णाभिकंखेज्जा** = ઈચ્છા કરે નહિ, **मरणं वि** = મરણની પણ, **णो पत्थए** = ઈચ્છા કરે નહિ, **दुहओ वि** = બંનેમાં પણ, **ण सज्जेज्जा** = આસક્ત ન થાય.

**ભાવાર્થ :–** સંલેખના તેમજ અનશન સાધનામાં સ્થિત શ્રમણ જીવવાની આકાંક્ષા કરે નહિ, મરવાની અભિલાષા કરે નહિ. જીવન અને મરણ બંનેમાં આસક્ત થાય નહિ. બંનેમાં અનાસક્ત રહે.

**૫** **मज्झत्थो णिज्जरापेही, समाहिमणुपालए ।**
**अंतो बहिं विउसिज्ज, अज्झत्थं सुद्धमेसए ॥**

**શબ્દાર્થ :– मज्झत्थो** = મધ્યસ્થ ભાવમાં સ્થિત, જીવન મરણની આકાંક્ષાથી રહિત, **णिज्जरापेही** = નિર્જરાની અપેક્ષા રાખનાર, **समाहिमणुपालए** = સમાધિનું પાલન કરે અને, **अंतो** = આંતરિક કષાયોને તથા, **बहिं** = બાહ્ય અર્થાત્ શરીરના ઉપકરણોને, **विउसिज्ज** = ત્યાગીને, **अज्झत्थं** = અંતઃકરણની, **सुद्धमेसए** = શુદ્ધિની કામના કરે.

**ભાવાર્થ :–** મધ્યસ્થભાવમાં અર્થાત્ સુખ દુઃખમાં સમ પરિણામી બનીને અને નિર્જરાની ભાવના યુક્ત બની ભિક્ષુ સમાધિનું અનુપાલન કરે, સમાધિ ભાવમાં સ્થિર રહે અને રાગદ્વેષ, કષાયાદિ આંતરિક [પરિગ્રહ]તથા શરીર ઉપકરણાદિ બાહ્ય પદાર્થોનો ત્યાગ કરી શુદ્ધ અધ્યાત્મની એષણા કરે અર્થાત્ અધ્યાત્મ ભાવમાં રમણ કરે.

**૬** **जं किंचुवक्कमं जाणे, आउक्खेमस्स अप्पणो ।**
**तस्सेव अंतरद्धाए, खिप्पं सिक्खेज्ज पंडिए ॥**

**શબ્દાર્થ :– जं किं च** = જે કંઈક, **उवक्कमं** = ઉપક્રમ, વિઘ્ન, બાધા, **जाणे** = સમજે, **आउक्खेमस्स** = આયુની કુશળતામાં પાળવા યોગ્ય, **तस्सेव** = તે જ, **अंतरद्धाए** = સંલેખના કાળમાં, **खिप्पं** = જલ્દી, **सिक्खेज्ज** = આત્માને શિક્ષિત કરે.

**ભાવાર્થ :–** (૧૨ વર્ષીય ક્રમ પ્રાપ્ત) સંલેખનાકાળમાં ભિક્ષુને જો પોતાના આયુના ક્ષેમ કુશલતામાં થોડું પણ ઉપક્રમ–સંકટ આવ્યું જણાય તો તે પંડિત ભિક્ષુ સંલેખના કાલમાં જ શીઘ્રતાપૂર્વક ભક્ત–પ્રત્યાખ્યાનાદિ કોઈ પણ પંડિત મરણ સ્વીકાર કરવા માટે તત્પર થઈ જાય.

**૭** **गामे अदुवा रण्णे, थंडिलं पडिलेहिया ।**
**अप्पपाणं तु विण्णाय, तणाइं संथरे मुणी ॥**

**શબ્દાર્થ :– थंडिलं** = સ્થંડિલભૂમિનું, **पडिलेहिया** = પ્રતિલેખન–પ્રમાર્જન કરીને, **अप्पपाणं** = બેઈન્દ્રિયાદિ જીવોથી રહિત, **तु** = નિશ્ચયથી, **विण्णाय** = જાણીને.

**ભાવાર્થ :–** ભક્ત પ્રત્યાખ્યાનાદિ સ્વીકારવા માટે સાધક ગામ કે વનમાં જઈને સ્થંડિલભૂમિનું પ્રતિલેખન–અવલોકન કરે તેમજ જીવજંતુ રહિતનું સ્થાન જાણીને ત્યાં સંથારો કરવા મુનિ ઘાસ પાથરે.

**૮ अणाहारो तुयट्टेज्जा, पुट्ठो तत्थऽहियासए ।**
**णाइवेलं उवचरे, माणुस्सेहिं वि पुट्ठओ ॥**

**શબ્દાર્થ :– अणाहारो** = આહારનો ત્યાગ કરીને, **तुयट्टेज्जा** = તે શય્યા ઉપર સૂઈ જાય, **पुट्ठो** = પરીષહ, ઉપસર્ગનો સ્પર્શ થવા પર, **तत्थ** = ત્યાં, **अहियासए** = સહન કરે, **अइवेलं ण उवचरे** = પોતાની મર્યાદાનું ઉલ્લંઘન કરે નહિ, **माणुस्सेहिं** = મનુષ્યાદિ વિષયક અનુકૂળ, પ્રતિકૂળ ઉપસર્ગોને, **वि पुट्ठओं** = પ્રાપ્ત થવા પર.

**ભાવાર્થ :–** સાધુ તે ઘાસની પથારી પર નિરાહારી બનીને ત્રિવિધ કે ચતુર્વિધ આહારના પ્રત્યાખ્યાન કરીને શાંતભાવથી સૂઈ જાય. તે સમયે મનુષ્યકૃત અનુકૂળ કે પ્રતિકૂળ ઉપસર્ગોથી ઘેરાવા પર સમભાવપૂર્વક સહન કરે પણ મર્યાદાનું ઉલ્લંઘન કરે નહિ.

**९ संसप्पगा य जे पाणा, जे य उड्ढमहेचरा ।**
**भुंजंते मंससोणियं, ण छणे ण पमज्जए ॥**

**શબ્દાર્થ :– संसप्पगा** = કીડી, શિયાળાદિ ભૂમિ પર ચાલનારા, **उड्ढं** = ઉપર આકાશમાં ઊડનારા ગીધાદિ, **अहेचरा** = નીચે અર્થાત્ બિલમાં રહેનારા સર્પાદિ જીવો, **भुंजंते** = ભક્ષણ કરતાં, **मंससोणियं** = માંસ અને લોહીનું, **ण छणे** = સાધુ તેને મારે નહિ, **ण पमज्जए** = રજોહરણથી પ્રમાર્જન કરે નહિ, હટાવે નહીં.

**ભાવાર્થ :–** ભૂમિ પર ચાલનારા કીડી, શિયાળાદિ જે જીવો છે અને ગીધ આદિ આકાશમાં ઊડનારા છે કે નીચે બિલોમાં રહેનારા સર્પાદિ પ્રાણીઓ છે, તેઓ કદાચ અનશનધારી મુનિના શરીરનું માંસ ટોંચે અને લોહી પીવે તો મુનિ તેઓને મારે નહિ અને રજોહરણાદિથી પ્રમાર્જન પણ કરે નહિ અર્થાત્ દૂર હટાવે નહીં.

**१० पाणा देहं विहिंसंति, ठाणाओ ण वि उब्भमे ।**
**आसवेहिं विवित्तेहिं, तिप्पमाणोऽहियासए ॥**

**શબ્દાર્થ :– पाणा** = ઉપર કહેલા પ્રાણીઓ, **देहं** = શરીરનો, **विहिंसंति** = નાશ કરે છે **ठाणाओ** = તે જગ્યાએથી, **ण वि उब्भमे** = દૂર પણ ન જાય, **आसवेहिं** = આસ્રવોથી, **विवित्तेहिं** = અલગ

થઈને, **तिप्पमाणो** = પ્રસન્નતાપૂર્વક, આત્મિક સુખથી તૃપ્ત થઈ, **अहियासए** = સર્વ કષ્ટોને સમભાવપૂર્વક સહન કરે.

**ભાવાર્થ :–** આ પ્રાણીઓ મારા શરીરનો નાશ કરી રહ્યા છે, મારા જ્ઞાનાદિ આત્મગુણોનો નહિ, આવો વિચાર કરીને મુનિ તે જગ્યાએથી ઊઠીને બીજે જાય નહિ. હિંસાદિ આસ્રવોથી પૃથક્ થઈ અમૃત સિંચનની સમાન આત્મામાં તૃપ્તિનો અનુભવ કરતાં અર્થાત્ પ્રસન્ન ભાવે તે ઉપસર્ગોને સહન કરે.

**૧૧ गंथेहिं विवित्तेहिं, आउकालस्स पारए ।**
**पग्गहियतरगं चेयं, दवियस्स वियाणओ ॥**

**શબ્દાર્થ :– गंथेहिं** = ગાંઠ અર્થાત્ બાહ્ય, આભ્યંતર બંને પ્રકારના બંધનોથી, **विवित्तेहिं** = રહિત થઈને, **आउकालस्स** = મૃત્યુ પર્યંત, **पारए** = ભક્ત પ્રત્યાખ્યાનને પાર કરે, **चेयं** = અને આ ઈંગિતમરણ, **पग्गहियतरगं** = વિશેષ રીતે ગ્રહણ કરાય છે, **दवियस्स** = સંયમી, **वियाणओ** = ગીતાર્થ મુનિ દ્વારા.

**ભાવાર્થ :–** શરીર ઉપકરણાદિ બાહ્ય અને રાગાદિ અંતરંગ ગ્રંથિઓથી રહિત તે સાધક મૃત્યુ પર્યંત ભક્તપ્રત્યાખ્યાનને પાર પહોંચાડનાર હોય છે. તેમજ આ અનશન સાધના સંયમવાન ગીતાર્થ મુનિઓ દ્વારા વિશિષ્ટ ધૈર્ય સાથે ગ્રહણ કરાય છે.

## વિવેચન :–

**ભક્તપ્રત્યાખ્યાન અનશનની પૂર્વ તૈયારી :–** અનશનનું વિસ્તૃત વર્ણન આ ગાથાઓમાં કર્યું છે. સમાધિ મરણ માટે પૂર્વોક્ત ત્રણ અનશનોમાંથી ભક્તપ્રત્યાખ્યાન રૂપ એક અનશનને પસંદ કરીને પછી ક્રમથી પૂર્વ તૈયારી કરવામાં આવે છે. અહીં સવિચાર ભક્તપ્રત્યાખ્યાનનો પ્રસંગ છે. ભક્તપ્રત્યાખ્યાન અનશનને પૂર્ણરૂપે સફળ બનાવવા અનશનનો પૂર્ણ સંકલ્પ કરતાં પહેલાં મુખ્યરૂપે જે ક્રમ અપનાવવો આવશ્યક છે, તે આ પ્રમાણે છે– (૧) સંલેખનાના બાહ્ય અને આભ્યંતર બંને સ્વરૂપને જાણી અને હેયનો ત્યાગ કરે. (૨) પ્રવ્રજ્યાગ્રહણ, સૂત્રાર્થ ગ્રહણશિક્ષા, આસેવનશિક્ષા આદિ ક્રમથી ચાલતાં સંયમપાલનમાં શરીર અસમર્થ થઈ જાય ત્યારે શરીરવિમોક્ષનો અવસર આવી ગયો છે તેવું જાણે. (૩) સમાધિમરણ માટે ઉદ્યત સાધક ક્રમથી કષાય તેમજ આહારની સંલેખના કરે. (૪) સંલેખના કાળમાં આવતા રોગ, આતંક, ઉપદ્રવ તેમજ દુર્વચનાદિ પરીષહોને સમભાવથી સહન કરે. (૫) સંલેખના કાળમાં આહાર ઓછો કરતાં કોઈ પ્રકારની ગ્લાનતા થાય તો આહારનો ત્યાગ કરી ઉપવાસાદિ દ્વારા તેની ચિકિત્સા કરીને અનશન સ્વીકારી લે. (૬) જીવન અને મરણમાં સમભાવ રાખે. (૭) અનુકૂળ અને પ્રતિકૂળ પરિસ્થિતિઓમાં મધ્યસ્થ અને નિર્જરાલક્ષી રહે. (૮) જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને વીર્ય આ પાંચ સમાધિના અંગો છે, તેનું સેવન કરે. (૯) રાગદ્વેષની ગાંઠોને અને શરીર આદિ સંબંધિત પ્રવૃત્તિઓનો તથા મમતાનો ત્યાગ કરીને શુદ્ધ આત્મભાવમાં રમણ કરે. (૧૦) નિરાબાધ સંલેખનામાં આકસ્મિક બાધા આવી જાય તો તે સંલેખનાના

ક્રમને વચમાંથી જ છોડીને ભક્તપ્રત્યાખ્યાન અનશનનો સંકલ્પ કરી લે. (૧૧) વિઘ્ન–બાધા ન હોય તો સંલેખનાકાળ પૂર્ણ થવા પર જ ભક્તપ્રત્યાખ્યાન ગ્રહણ કરે.

**अंतो बहिं विउसिज्ज :–** સંલેખનામાં બાહ્ય વિસર્જન શરીરનું અને આભ્યંતર વિસર્જન કષાયોનું હોય છે. આત્મ સંસ્કાર માટે ક્રોધાદિ કષાયથી રહિત થઈ જ્ઞાનાદિ ગુણોથી સંપન્ન બની રાગાદિ વિકલ્પોને કૃશ કરાય તે જ ભાવ સંલેખના છે. ભાવ સંલેખનાની સહાયતા માટે કાયક્લેશરૂપ અનુષ્ઠાન તથા ભોજનાદિનો ત્યાગ કરીને શરીરને કૃશ કરવું તે દ્રવ્યસંલેખના છે. આ રીતે આભ્યંતર અને બાહ્ય બંને પ્રકારે વિસર્જન કરી શુદ્ધ અધ્યાત્મભાવને પ્રાપ્ત કરવો તે જ સંલેખના છે.

કાળની અપેક્ષાએ સંલેખનાના ત્રણ પ્રકાર છે– જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ. જઘન્ય સંલેખના ૧૨ પખવાડિયાની, મધ્યમ સંલેખના ૧૨ માસની અને ઉત્કૃષ્ટ ૧૨ વર્ષની હોય છે. શરીર સંલેખનાની સાથે રાગદ્વેષ, કષાયાદિ રૂપ પરિણામોની વિશુદ્ધિ અનિવાર્ય છે, કેવળ શરીરને કૃશ કરવાથી સંલેખનાનો ઉદ્દેશ પૂર્ણ થતો નથી.

**जीवियं णाभिकंखेज्जा :–** ચોથી ગાથામાં બતાવ્યું છે કે સંલેખનાના ક્રમમાં જીવન અને મરણની આકાંક્ષાઓ સર્વથા છોડી દેવી જોઈએ. એટલે હું વધારે જીવું કે મારું મૃત્યુ જલ્દી થઈ જાય તો આ રોગાદિથી છૂટી જવાય' આવો વિકલ્પ મનમાં ઊઠવો ન જોઈએ. કામભોગોની તથા આલોક સંબંધી, પરલોક સંબંધી કોઈ પણ અભિલાષા કે નિદાન કરવું જોઈએ નહિ. સંલેખનાના આરાધકે સંલેખનાના પાંચ અતિચારોથી સાવધાન રહેવું જોઈએ.

**कम्मुणाओ तिउट्टइ :–** કર્મોને તોડે છે, કર્મોથી છૂટી જાય છે, સંલેખના–સંથારાનો અવસર હોવાથી કર્મોથી મુક્ત થવું તે પાઠ યોગ્ય છે. છતાં કોઈ પ્રતિઓમાં વિકલ્પે **आरंभाओ** શબ્દ આવે છે. તેનો અર્થ એ છે કે આરંભથી દૂર થાય છે. મુનિ આરંભના ત્યાગી જ હોય છે તેથી **कम्मुणाओ** શબ્દ પ્રસંગ સંગત છે.

ટીકાકારે **'आरंभाओ'** પાઠ પણ સ્વીકારેલ છે અને તેની વ્યાખ્યા આ પ્રમાણે કરી છે– **आरंभणमारंभः शरीर धारणाय अन्नापानाद्यन्वेषणात्मकः तस्मात् त्रुटयति–अपगच्छतीत्यर्थः ।** આ વ્યાખ્યાનું તાત્પર્ય એ છે કે શરીર ધારણાર્થે જે આહારાદિની ગવેષણા વગેરે પ્રવૃત્તિ કરવી પડે છે તેને અપેક્ષાથી આરંભ પ્રવૃત્તિઓ માની છે. સંલેખના સંથારાના સાધક તે પ્રવૃત્તિઓથી છૂટી જાય છે. આ પ્રકારે **आरंभाओ** શબ્દ ઘટિત કર્યો છે અને પાઠાંતર રૂપે **कम्मुणाओ तिउट्टइ** પાઠ માની તેની પણ વ્યાખ્યા કરી છે.

**अह भिक्खु गिलाएज्जा :–** વૃત્તિકારે આ સૂત્રના બે અર્થ બતાવ્યા છે (૧) સંલેખનાની સાધનામાં સ્થિત ભિક્ષુને આહાર ઓછો કરી દેવાથી કદાચ આહાર વિના મૂર્ચ્છા ચક્કર આદિ ગ્લાનિ અનુભવાય તો સંલેખનાના ક્રમને છોડી વિશેષ કષ્ટદાયી તપ નહિ કરતાં આહાર લઈ લે (૨) સંલેખના વિધિમાં આહાર ઓછો કરતાં ક્યારેક કોઈ રોગ આવી જાય તો આહાર છોડી ઉપવાસાદિ દ્વારા તેની ચિકિત્સા કરે. બીજો અર્થ સાધનામાં દઢતાનો સૂચક છે. જ્યારે પહેલા અર્થમાં સમાધિ ભાવને સાચવવાનું લક્ષ્ય દેખાય છે.

**जं किंचुवक्कमं जाणे :–** આ વાત પણ સંલેખનામાં સાવધાન રાખવા માટે છે. સંલેખનાના સમયમાં જો આયુના પુદ્‌ગલો એકાએક ક્ષીણ થઈ રહ્યા છે તેમ જણાય તો વિચક્ષણ સાધકે, તે જ સમયે સંલેખનાના ક્રમને છોડી ભક્તપ્રત્યાખ્યાન આદિ અનશનનો સ્વીકાર કરી લેવો જોઈએ.

**गामे वा अदुवा रण्णे :–** પૂર્વ ગાથા છ અનુસાર સંથારાનો નિર્ણય કર્યા પછી સાધકે ગામમાં કે ગામની બહાર થંડિલભૂમિનું પ્રતિલેખન–પ્રમાર્જન કરીને જીવજંતુ રહિત નિરવદ્ય સ્થાનમાં ઘાસનો સંથારો પાથરીને પૂર્વોક્ત વિધિથી અનશનની પ્રતિજ્ઞા કરી લેવી જોઈએ. ભક્તપ્રત્યાખ્યાનને સ્વીકારી લીધા પછી જે કોઈ અનુકૂળ કે પ્રતિકૂળ ઉપસર્ગ કે પરીષહ આવે, તેને સમભાવપૂર્વક સહન કરે, ગૃહસ્થાશ્રમની કે સાધુ સમાજની પારિવારિક વ્યક્તિઓ પ્રત્યે મોહવશ બની આર્તધ્યાન ન કરે, પીડા આપનાર કોઈ મનુષ્ય કે જલચર, સ્થળચર, ખેચર, ઉરપરિસર્પ, ભુજપરિસર્પ આદિ પ્રાણીઓથી ગભરાઈને રૌદ્રધ્યાન પણ ન કરે, ડાંસ–મચ્છર આદિ કે સર્પ, વીંછી આદિ કોઈ પ્રાણી શરીર ઉપર આક્રમણ કરી રહ્યા હોય, તો તે સમયે ચલિત ન થાય કે સ્થાન પરિવર્તન ન કરે. અનશન સાધક પોતાના આત્માને આસ્રવોથી, શરીરાદિથી તથા રાગદ્વેષ, કષાયાદિથી સર્વથા ભિન્ન કરે. જીવનના અંત સુધી શુભ અધ્યવસાયોમાં લીન રહે.

**पग्गहियतरगं :–** આ ભક્ત પ્રત્યાખ્યાન અનશન સાધના સંયમ કરતાં કંઈક વધારે ધૈર્યની સાથે ગ્રહણ કરાય છે. **पग्गहियतरगं** શબ્દના કારણે આ ગાથાના ઉત્તરાર્ધને ઈંગિનીમરણ સૂચક માનવામાં આવે છે. ખરેખર બારમી ગાથામાં તે અનશનની શરૂઆતનો પાઠ છે.

### ઈંગિતમરણ અનશન સાધના :–

**१२ अयं से अवरे धम्मे, णायपुत्तेण साहिए ।**
**आयवज्जं पडियारं, विजहेज्जा तिहा तिहा ॥**

**શબ્દાર્થ :– अयं** = આ, **से** = તે મુનિ, **अवरे धम्मे** = ભક્ત પ્રત્યાખ્યાનથી ભિન્ન ઈંગિનીમરણરૂપ ધર્મ, **णायपुत्तेण** = જ્ઞાતપુત્ર ભગવાન મહાવીરે, **साहिए** = બતાવ્યો છે, **आयवज्जं** = પોતાના સિવાય બીજાની, **पडियारं** = સેવાનો, **विजहेज्जा** = ત્યાગ કરે, **तिहा तिहा** = ત્રણ કરણ ત્રણ યોગથી.

**ભાવાર્થ :–** જ્ઞાતપુત્ર ભગવાન મહાવીરે ભક્તપ્રત્યાખ્યાનથી ભિન્ન એવા ઈંગિતમરણ અનશનનો આ બીજો આચારધર્મ બતાવ્યો છે. આ અનશનમાં ભિક્ષુ ઊઠવા, બેસવાદિ ક્રિયાઓમાં પોતાના સિવાય બીજા કોઈની સહાય લેવાનો ત્રણ કરણ, ત્રણ યોગથી અર્થાત્ મન, વચન અને કાયાથી તથા કરવું, કરાવવું–અનુમોદવું, આ સર્વ પ્રકારે ત્યાગ કરે છે.

**१३ हरिएसु ण णिवज्जेज्जा, थंडिलं मुणिआ सए ।**
**विउसिज्ज अणाहारो, पुट्ठो तत्थऽहियासए ॥**

**શબ્દાર્થ :– हरिएसु** = લીલોતરી ઉપર, **ण णिवज्जेज्जा** = સૂવે નહિ પરંતુ, **थंडिलं** = નિર્જીવ થંડિલ ભૂમિ, **मुणिआ** = જાણીને, **सए** = સૂવે, **विउसिज्ज** = બાહ્ય અને આભ્યંતર બંને પ્રકારની ઉપાધિઓનો ત્યાગ કરીને, **अणाहारो** = નિરાહાર રહેતા મુનિ, **पुट्ठो** = પરીષહ, ઉપસર્ગ આવવા પર, **तत्थ** = ત્યાં, **अहियासए**= તેને સમભાવપૂર્વક સહન કરે.

**ભાવાર્થ :–** તે મુનિ લીલોતરી ઉપર સૂવે નહિ. લીલોતરી તેમજ જીવજંતુ રહિત સ્થંડિલ ભૂમિને જોઈને ત્યાં સૂવે. તે નિરાહારી ભિક્ષુ બાહ્ય તેમજ આભ્યંતર ઉપધિનો ત્યાગ કરીને ભૂખ, તરસ આદિ પરીષહો તથા ઉપસર્ગોને સહન કરે.

**१४ इंदिएहिं गिलायंतो, समियं साहरे मुणी ।**
**तहावि से अगरिहे, अचले जे समाहिए ॥**

**શબ્દાર્થ :– इंदिएहिं** = ઈન્દ્રિયોથી, અંગોપાંગથી, **गिलायंतो** = ગ્લાનિને પ્રાપ્ત થતા, **समियं** = સમ્યક્ રીતે, યતનાથી, **साहरे** = સંચારિત કરે, સંકોચે ફેલાવે, **मुणी** = મુનિ, **तहावि** = છતાં પણ, તોપણ, **अगरिहे** = અગર્હિત, પ્રશંસનીય જ છે, નિંદનીય નથી, **अचले** = ચલિત નથી, નિશ્ચલ છે, **जे** = જે, **समाहिए** = સમાધિથી.

**ભાવાર્થ :–** આહારાદિના પરિત્યાગી મુનિ ઈન્દ્રિયોથી ગ્લાન થાય ત્યારે યતનાથી હાથ, પગાદિ સંકોચે– ફેલાવે. જે સમાધિભાવમાં અચલ છે અર્થાત્ ધર્મધ્યાન તથા શુક્લધ્યાનમાં મનને જોડેલું રાખે છે, તે પરિમિત ભૂમિમાં શરીરની ચેષ્ટા કરવા છતાં નિંદાને પાત્ર બનતા નથી.

**१५ अभिक्कमे पडिक्कमे, संकुचए पसारए ।**
**कायसाहारणट्ठाए, एत्थं वा वि अचेयणं ॥**

**શબ્દાર્થ :– अभिक्कमे** = પોતાની પથારીમાંથી ઉતરીને સામે જઈ શકે છે અને, **पडिक्कमे** = ત્યાંથી પાછા ફરી શકે છે, **संकुचए** = પોતાના અંગોને સંકોચી શકે છે, **पसारए** = ફેલાવી પણ શકે છે, **कायसाहारणट्ठाए** = પોતાના શરીરની સુવિધા માટે ઈંગિતપ્રદેશમાં, **एत्थं वावि** = આ અનશનમાં પણ, તેમાં શક્તિ હોય તો, **अचेयणं** = અચેતન પદાર્થની જેમ, સ્થિર પણ રહી શકે છે.

**ભાવાર્થ :–** આ અનશનમાં સ્થિત મુનિ શરીરની સામાન્ય પ્રવૃત્તિ માટે સીમિત ક્ષેત્રમાં ગમનાગમન કરે, હાથ પગાદિને સંકોચે અને ફેલાવે. જો શરીરમાં ક્ષમતા હોય તો આ ઈંગિતમરણ અનશનમાં પણ અચેતનની જેમ નિચેષ્ટ થઈને રહે અર્થાત્ હલન ચલનાદિ કરે નહિ.

**१६ परिक्कमे परिकिलंते, अदुवा चिट्ठे अहायते ।**
**ठाणेण परिकिलंते, णिसीएज्जा य अंतसो ॥**

**શબ્દાર્થ :– परिकिलंते** = બેઠા– બેઠા કે સૂતા–સૂતા જો સાધુના અંગો અકડાવા લાગે તો, **परिक्कमे** = ચંક્રમણ કરે, ફરે, **चिट्ठे** = સ્થિત રહે, **अहायते** = પોતાના અંગોને સ્થિર, **ठाणेण** = ઊભા થવાથી, **परिकिलंते** = ક્યારેક કષ્ટ થવા લાગે તો, **णिसीएज्ज** = બેસી જાય, **य** = અને, **अंतसो** = અંતમાં.

**ભાવાર્થ :–** આ અનશનમાં રહેલા મુનિ સૂતાં કે બેઠા થાકી જાય તો નિયત પ્રદેશમાં ચાલવા લાગે, ચાલવાથી થાકી જવા પર સીધા ઊભા રહી જાય, જો ઊભા રહેવામાં કષ્ટ થાય તો અંતે બેસી જાય.

**૧૭ आसीणेऽणेलिसं मरणं, इंदियाणि समीरए ।**
**कोलावासं समासज्ज, वितहं पाउरेसए ॥**

**શબ્દાર્થ :– आसीणे** = સ્વીકાર કરેલ મુનિ, **अणेलिसं** = અનન્ય સદશ અર્થાત્ જે મરણને સાધારણ મનુષ્ય અંગીકાર કરી શકે નહિ, **मरणं** = મરણને, **इंदियाणि** = ઈન્દ્રિયોને, **समीरए** = પોતાના વિષયોથી દૂર કરે, **कोलावासं** = ઘુણાદિ જંતુઓવાળી જગ્યા કે પાટાદિ, **समासज्ज** = મળવા પર તેને છોડીને, **वितहं** = જીવ રહિત સ્થાન કે પાટનું, **पाउरेसए** = અન્વેષણ કરે.

**ભાવાર્થ :–** આ અદ્વિતીય મરણની સાધનામાં લીન મુનિ પોતાની ઈન્દ્રિયોને સમ્યક્રૂપે સંચાલિત કરે. જો તેને કોઈ સહારાની આવશ્યકતા હોય તો ઘુણાદિ(જીવ)યુક્ત થાંભલો કે પાટિયું હોય તો તેનો સહારો લે નહિ પરંતુ ઘુણાદિથી રહિત, છિદ્રથી રહિત સ્થાન પાટનું અન્વેષણ કરે.

**૧૮ जओ वज्जं समुप्पज्जे, ण तत्थ अवलंबए ।**
**तओ उक्कसे अप्पाणं, सव्वे फासेऽहियासए ॥**

**શબ્દાર્થ :– जओ** = જેનાથી, **वज्जं** = વજ્રની સમાન ભારે કર્મની, પાપની, **समुप्पज्जे** = ઉત્પત્તિ થાય છે, **तत्थ** = તે પાટ આદિનું, **ण अवलंबए** = અવલંબન લે નહિ, **तओ** = તેથી, ત્યાંથી, **उक्कसे** = દૂર કરી લે, **अप्पाणं** = પોતાના આત્માને, **सव्वे** = સર્વ, **फासे** = જે કષ્ટ થાય તેને, **अहियासए** = સમભાવપૂર્વક સહન કરે.

**ભાવાર્થ :–** જેનાથી વજ્ર સમાન કર્મ કે વર્જ્ય પાપ ઉત્પન્ન થાય, એવા ઘુણ, ઊધઈ આદિ જીવયુક્ત હોય તેવી વસ્તુઓનો સહારો લે નહિ. તેનાથી અથવા દુર્ધ્યાન તેમજ દુષ્ટ યોગોથી પોતાના આત્માને બચાવે અને સર્વ દુઃખોને સહન કરે.

### વિવેચન :–

**ઈંગિતમરણ :–** ઉપરોક્ત ગાથાઓમાં ઈંગિનીમરણનું નિરૂપણ કર્યું છે, તે સમાધિમરણરૂપ અનશનનો બીજો પ્રકાર છે. ભક્તપ્રત્યાખ્યાન કરતાં આ વિશિષ્ટતર છે. તેની પણ પૂર્વ તૈયારી તથા સંકલ્પ કરવા સુધીની સર્વ વિધિ ભક્તપ્રત્યાખ્યાનની જેમ જ સમજવી જોઈએ. ભક્તપ્રત્યાખ્યાનમાં જે કાળજી, સાવધાની

કહેવામાં આવી છે તે સાવધાની અહીં પણ જાળવવી જરૂરી છે.

ઈંગિનીમરણમાં કેટલીક વિશિષ્ટ વાતોનું કથન શાસ્ત્રકારે કર્યું છે. જેમ કે આ અનશનને સાધુ જ સ્વીકારી શકે છે. શ્રમણોપાસક કે સાધ્વીઓ તેનો સ્વીકાર કરતા નથી. તેમજ આ અનશનમાં બીજા કોઈની સેવા સહયોગ લેવાય નહીં. ઈંગિતમરણમાં સાધક તેના અંગોને હલાવવા, ઊઠવું, બેસવું, પડખા ફેરવવા, વડીનીત, લઘુશંકા આદિ સર્વ શારીરિક કાર્યો પોતે કરે છે પરંતુ બીજા દ્વારા કરવું–કરાવવું, કે અનુમોદન કરવું મન, વચન, કાયાથી તે સર્વનો તેણે ત્યાગ હોય છે. તે છૂટ રાખેલ મર્યાદિત ભૂમિમાં જ ગમનાગમન આદિ કરે છે. જીવજંતુ રહિત, લીલોતરી વિનાની ભૂમિમાં ઈચ્છાનુસાર બેસે, ઊઠે, સૂવે છે. શરીરની ચેષ્ટાઓને બની શકે તેટલી ઓછી કરે છે. બની શકે તો તે પાદપોપગમનની જેમ અચેતન થઈ જાય અર્થાત્ આ અનશનમાં પણ સર્વથા નિશ્ચેષ્ટ થઈને રહે. જો બેઠા–બેઠા કે સૂતા–સૂતા થાકી જાય તો જીવજંતુ રહિત લાકડાના પાટિયાદિ કોઈ પણ વસ્તુનો આધાર લઈ શકે છે પરંતુ સચિત કે જીવયુક્ત કાષ્ટનો સહારો લે નહીં અને કોઈ પણ પરિસ્થિતિમાં આર્તધ્યાન કે રાગદ્વેષાદિનો વિકલ્પ જરા પણ મનમાં થવા દે નહિં. તે સાધક અત્યંત અપ્રમત્ત ભાવે, સાવધાનીપૂર્વક આત્મભાવમાં સ્થિર થવાનું જ એક માત્ર લક્ષ રાખે.

**अदुवा चिट्ठे अहायते :–** સોળમી ગાથાના આ ચરણની ટીકા આ પ્રકારે છે– **तेनापि श्रांतःसन् अथवोपविष्टः तिष्ठेत्, 'यथायतो' यथाप्रणिहितशास्त्रः इति ।** આ ટીકાના આધારથી વિભિન્ન અર્થ થાય છે. (૧) ગમનાગમનથી થાકી જાય તો બેસી જાય અને બેસવાથી થાકી જાય તો સૂઈ જાય. તેમજ પર્યંકાસાન, અર્ધ પર્યંકાસન કરે અને તેમાં પણ કષ્ટ થવા લાગે તો બેસી જાય. જે રીતે તેને સમાધિ રહે તેમ કરે (૨) ચંક્રમણથી થાકી જાય તો સીધા ઊભા રહે અને ઊભા રહેવાથી થાકી જાય તો અંતે બેસી જાય (૩) સીધા થઈને સૂઈ જાય (૪) બેસવા સૂવાના વિવિધ આસન કરે.

**वज्जं :–** ટીકામાં આ શબ્દના બે રૂપ સ્વીકારીને બે અર્થ કર્યા છે– (૧) વજની સમાન ભારે એવું મોહકર્મ (૨) **अवद्य** = પાપ (૩) **वर्ज्य** = છોડવા યોગ્ય પાપ.

**परिकम्मे परिकिलंते :–** આ સોળમી ગાથાનો સાર એ છે કે ઈંગિનીમરણ અનશનના આરાધક પોતાની ચિત્તસમાધિ કે શરીર સમાધિ માટે મર્યાદિત ક્ષેત્રમાં ચંક્રમણ–ગમનાગમન, ઊભા રહેવું અને કોઈ આસને બેસવું, સૂવું આદિ ક્રિયા કરે પરંતુ પોતાની સમાધિ ટકી રહે તેમ કરે. આ અનશન આરાધક વિશેષતઃ સૂતા કે બેઠા આત્મભાવમાં લીન રહે છે. જ્યારે સૂતા કે બેસતા થાકી જાય ત્યારે થોડીકવાર ચંક્રમણ કરે, ફરે. તેનાથી થાકી જાય તો ઊભા રહે. ઊભા રહેવાથી થાકી જાય તો વિવિધ આસને બેસે કે સૂવે અર્થાત્ તેને બેસવા, સૂવા કે ચંક્રમણ કરવા કે કોઈ પણ આસને રહેવા ન રહેવાનો પ્રતિબંધ હોતો નથી. જો ક્ષમતા હોય તો તે પાદપોપગમન અનશનની જેમ નિશ્ચેષ્ટ રહીને પણ સમય પસાર કરે.

### પાદપોપગમન અનશન સાધના :–

**१९ अयं चायततरे सिया, जे एवं अणुपालए ।**
**सव्वगायणिरोहे वि, ठाणाओ ण वि उब्भमे ॥**

**શબ્દાર્થ :– अयं** = આ હવે આગળ કહેવામાં આવતા પાદપોપગમનરૂપ મરણ, **आयततरे** = ઈંગિતમરણથી પણ વધુ શ્રેષ્ઠ, **सिया** = છે, **जे** = જો, **एवं** = આ રીતે, **अणुपालए** = તેનું પાલન કરે છે, **सव्वगायणिरोहे वि** = શરીરના સર્વ અંગોનો નિરોધ થતાં, **ठाणाओ** = તે સ્થાનથી, **ण वि उब्भमे** = જરા માત્ર પણ દૂર થાય નહિ.

**ભાવાર્થ :–** આ પાદપોપગમન અનશન ભક્તપ્રત્યાખ્યાન અને ઈંગિતમરણથી પણ વિશિષ્ટતર છે અને વિશિષ્ટ યતનાથી પાર કરવા યોગ્ય છે. જે સાધુ આ વિધિથી તેનું પાલન કરે છે, તે શરીરના સર્વ અંગ–ભંગ થઈ જવા છતાં પોતાના સ્થાનથી ચલિત થતા નથી.

**૨૦ अयं से उत्तमे धम्मे, पुव्वट्ठाणस्स पग्गहे ।**
**अचिरं पडिलेहित्ता, विहरे चिट्ठ माहणे ॥**

**શબ્દાર્થ :– अयं** = આ, **से** = તે પાદપોપગમન મરણરૂપ ધર્મ, **उत्तमे** = સર્વથી ઉત્તમ, **धम्मे** = ધર્મ છે કારણ કે, **पुव्वट्ठाणस्स** = પૂર્વ સ્થાનોથી અર્થાત્ ભકતપરિજ્ઞા અને ઈંગિતમરણથી, **पग्गहे** = અધિક કષ્ટસાધ્ય છે. પાદપોપગમન મરણાર્થી, **अचिरं** = જીવ રહિત સ્થંડિલભૂમિને, **पडिलेहित्ता** = પ્રતિલેખન કરીને તેના ઉપર, **विहरे** = વિચરે એટલે કે આ મરણની વિધિનું પાલન કરે અને, **चिट्ठ** = સ્થિર રહે, **माहणे** = સાધુ.

**ભાવાર્થ :–** આ પાદપોપગમન અનશન ઉત્તમ ધર્મ છે. તે પૂર્વના બે સંથારા ભક્તપ્રત્યાખ્યાન અને ઈંગિતમરણ કરતા પ્રકૃષ્ટતર છે. પાદપોપગમન અનશન આરાધક માહણ–ભિક્ષુ જીવજંતુ રહિત સ્થાનનું સમ્યક્ નિરીક્ષણ કરીને ત્યાં અચેતનની જેમ સ્થિર થઈને રહે.

**૨૧ अचित्तं तु समासज्ज, ठावए तत्थ अप्पगं ।**
**वोसिरे सव्वसो कायं, ण मे देहे परीसहा ॥**

**શબ્દાર્થ :– अचित्तं** = જીવ રહિત સ્થાનને, **तु** = નિશ્ચયથી, **समासज्ज** = પ્રાપ્ત કરીને, **ठावए** = સ્થિત કરે, **तत्थ** = ત્યાં, **अप्पगं** = પોતે પોતાને, **वोसिरे** = ત્યાગી દે અને, **सव्वसो** = સર્વપ્રકારથી, **कायं** = શરીરને, **ण मे परीसहा** = પરીષહ મને નથી, **देहे** = મારા શરીરમાં છે.

**ભાવાર્થ :–** અચિત્ત સ્થાન પાટાદિ પ્રાપ્ત કરી ત્યાં પોતાને સ્થિર કરે. શરીરનો સર્વ પ્રકારથી ત્યાગ કરે. પરીષહ આવે ત્યારે એવી ભાવના કરે– "આ શરીર જ મારું નથી, તો પછી પરીષહ જનિત દુઃખ મને કેમ થાય ?

**૨૨ जावज्जीवं परीसहा, उवसग्गा इति संखाय ।**
**संवुडे देहभेयाए, इति पण्णेऽहियासए ॥**

**શબ્દાર્થ :– जावज्जीवं** = જ્યાં સુધી જીવન છે ત્યાં સુધી, **परीसहा** = પરીષહ, **उवसग्गा** =

ઉપસર્ગ, **इति** = આ પ્રમાણે, **संखाय** = જાણીને, **संवुडे** = સંયમી, **देहभेयाए** = શરીરનો ભેદ થાય ત્યાં સુધી, **इति** = આ પ્રમાણે, **पण्णे** = બુદ્ધિમાન, **अहियासए** = સમભાવપૂર્વક સહન કરે.

**ભાવાર્થ :–** જ્યાં સુધી જીવન છે, ત્યાં સુધી જ આ પરીષહ અને ઉપસર્ગ છે, એમ જાણીને સંવૃત પ્રજ્ઞાવાન ભિક્ષુ શરીરના ભેદપર્યંત–જીવનના છેલ્લા શ્વાસ સુધી પરીષહાદિને સમભાવથી સહન કરે.

**२३** **भेउरेसु ण रज्जेज्जा, कामेसु बहुयरेसु वि ।**
**इच्छालोभं ण सेवेज्जा, धुववण्णं सपेहिया ॥**

**શબ્દાર્થ :– भेउरेसु** = વિનાશી, **ण रज्जेज्जा** = તેમાં અનુરક્ત ન થાય, **कामेसु** = કામભોગ, **बहुयरेसु वि** = વધારે પ્રમાણમાં ભલે પ્રાપ્ત થઈ રહ્યા હોય, **इच्छालोभं** = કામની ઈચ્છા અને લોભ ને, **ण सेवेज्जा** = સેવન કરે નહિ, **धुववण्णं** = ધ્રુવવર્ણ, મોક્ષ અને સંયમની તરફ, **सपेहिया** = દષ્ટિ, લક્ષ્ય રાખતા.

**ભાવાર્થ :–** શબ્દ આદિ સર્વ કામભોગો નાશવંત છે, તે ઘણા પ્રમાણમાં પ્રાપ્ત હોય તો પણ ભિક્ષુ તેમાં અનુરક્ત થાય નહિ. શાશ્વત મોક્ષ કે નિશ્ચલ સંયમના સ્વરૂપનો સમ્યક્ વિચાર કરીને ભિક્ષુ ઈચ્છા રૂપ લોભનું સેવન કરે નહિ.

**२४** **सासएहिं णिमंतेज्जा, दिव्वमायं ण सद्दहे ।**
**तं पडिबुज्झ माहणे, सव्वं णूमं विहुणिया ॥**

**શબ્દાર્થ :– सासएहिं** = શાશ્વત એટલે કે જીવન પર્યંત નાશ નહિ થનારી સંપત્તિ આપવા માટે, **णिमंतेज्जा** = નિમંત્રણ કરે તો, **दिव्वमायं** = દેવ સંબંધી માયા, ઋદ્ધિમાં, **ण सद्दहे** = તેમાં શ્રદ્ધા ન કરે, તેનાથી આકર્ષિત ન થાય, **तं** = તેને, **पडिबुज्झ** = કર્મબંધનું કારણ સમજીને, **माहणे** = સાધુ, **सव्वं** = સમસ્ત, **णूमं** = માયાને, કષાય ને, **विहुणिया** = દૂર કરી સમાધિ ભાવમાં સ્થિર રહે.

**ભાવાર્થ :–** જીવનપર્યંત ટકી રહે તેવા દૈવી વૈભવ કે કામભોગો માટે કોઈ દેવ ભિક્ષુને નિમંત્રણ કરે, તો તે તેને માયાજાળ સમજે, તે દૈવી માયા પર શ્રદ્ધા કરે નહિ. હે શિષ્ય ! તે માયાને કર્મબંધનું કારણ જાણીને તેનાથી દૂર રહી સમાધિ ભાવમાં સ્થિર રહે. માહણ–સાધુ તે સમસ્ત માયાને સારી રીતે જાણીને તેનો ત્યાગ કરે.

**२५** **सव्वट्ठेहिं अमुच्छिए, आउकालस्स पारए ।**
**तितिक्खं परमं णच्चा, विमोहण्णयरं हियं ॥ त्ति बेमि ।**
**॥ अट्ठमो उद्देसो समत्तो ॥ अट्ठमं अज्झयणं समत्तं ॥**

**શબ્દાર્થ :– सव्वट्ठेहिं** = સર્વ અર્થોમાં, પાંચ પ્રકારના વિષયના સાધનભૂત દ્રવ્યોમાં, **अमुच्छिए** = મૂર્ચ્છિત નહિ થતા સાધુ, **आउकालस्स** = જીવનપર્યંત, મૃત્યુ પર્યંત, **पारए** = પાર કરે, **तितिक्खं** =

તિતિક્ષા અર્થાત્ પરીષહો, ઉપસર્ગોને સહન કરવા, **परमं** = પરમ–પ્રધાન ધર્મ છે, **णच्चा** = એવું જાણીને સાધુ યથાશક્તિ, **विमोहण्णयरं** = ત્રણેમાંથી કોઈ એક પંડિતમરણનો સ્વીકાર કરે, **हियं** = હિતકારી.

**ભાવાર્થ :–** મુનિ શબ્દાદિ સર્વ પ્રકારના વિષયોમાં અનાસક્ત રહે અને જીવનપર્યંત તેનાથી નિવૃત્ત રહે, તિતિક્ષાને સર્વશ્રેષ્ઠ જાણીને તથા હિતકર સમજીને, ભક્ત પ્રત્યાખ્યાન, ઈંગિનીમરણ, પાદપોપગમન રૂપ ત્રિવિધ વિમોક્ષમાંથી કોઈ એક વિમોક્ષનો આશ્રય લે, અવશ્ય સ્વીકાર કરે. – એમ ભગવાને કહ્યું છે.

**॥ આઠમો ઉદ્દેશક સમાપ્ત ॥ આઠમું અધ્યયન સમાપ્ત ॥**

## વિવેચન :–

ઉપરોક્ત ગાથાઓમાં પાદપોપગમન અનશનનું નિરૂપણ કરેલ છે. પાદપોપગમન અનશનમાં સાધક પાદપ–વૃક્ષની જેમ નિશ્ચલ–નિષ્પંદ રહે છે. તે જે સ્થાનમાં બેસે છે, સૂવે છે, તે સ્થાનમાં જ જીવન પર્યંત સ્થિર રહે છે, બીજા સ્થાનમાં જતા નથી.

આ ગાથાઓમાં પાદપોપગમન અનશનના સાત વિશિષ્ટ આચારનું કથન છે– (૧) નિશ્ચેષ્ટ શરીરને જોઈ આ વ્યક્તિ મૃત્યુ પામી છે તેમ જાણી કોઈ જનાવર તેના સર્વ ગાત્રનો ભંગ કરી નાંખે અર્થાત્ ખાઈ જાય તોપણ નિર્ધારિત જગ્યાએથી ચલાયમાન થાય નહિ (૨) શરીરનો સર્વથા ત્યાગ (૩) પરીષહો અને ઉપસર્ગોથી જરા પણ વિચલિત થવું નહિ, અનુકૂળ–પ્રતિકૂળને સમભાવથી સહેવા (૪) આલોક–પરલોક સંબંધી કામભોગોમાં જરા પણ આસક્તિ રાખવી નહિ (૫) સાંસારિક વાસનાઓ અને લોલુપતાઓ રાખવી નહિ (૬) દેવો દ્વારા ભોગો માટે આમંત્રણ કરવામાં આવે તો પણ લલચાવું નહિ (૭) સર્વ પદાર્થો પ્રત્યે જીવનપર્યંત અનાસક્ત થઈને રહેવુ.

ભગવતીસૂત્રમાં પાદપોપગમના બે પ્રકાર કહ્યા છે– નિર્હારિમ અને અનિર્હારિમ. (૧) આ અનશન જો ગામ આદિ (વસ્તી)માં કરવામાં આવે તો તે નિર્હારિમ હોય છે કારણ કે તેમાં પ્રાણ ત્યાગ પછી શરીરનો અગ્નિસંસ્કાર કરવામાં આવે છે (૨) જો અનશન વસ્તીથી બહાર જંગલમાં કરવામાં આવે અને તેમાં અગ્નિસંસ્કાર કરવામાં આવતો ન હોય, તો તે અનિર્હારિમ કહેવાય છે.

**अयं चाययतरे :–** આ પંડિતમરણ સર્વથી કઠિન છે, વિશાળ છે, મહાન છે, સર્વોત્કૃષ્ટ છે અર્થાત્ સર્વ પંડિતમરણમાં આ પ્રધાન–વિશેષ છે.

**अचिरं पडिलेहित्ता :–** અહીં 'અચિરં' શબ્દના વિવિધ અર્થ થાય છે. ટીકાકારે અચિર શબ્દની વ્યાખ્યા આ પ્રમાણે કરી છે– **अचिरं स्थानं, तच्च स्थंडिलं तत्पूर्वविधिना प्रत्युप्रेक्ष्य तस्मिन् प्रत्युप्रेक्षिते स्थंडिले विहरेत्, अत्रपादपोपगमन अधिकारात् विहरणं तद्विधि पालनमुक्तम् ।** આ વ્યાખ્યામાં ટીકાકારે 'અચિર સ્થાન' કહીને તેને જ સ્થંડિલ ભૂમિ કહેતાં તેની પ્રતિલેખના કરી ત્યાં પાદપોપગમન અનશન ધારણ કરી તેમાં વિચરણ કરવાનું કથન કર્યું છે. હિંદી ભાષાંતર કર્તાએ સ્થંડિલ શબ્દથી ઉચ્ચાર પ્રસ્રવણ પરિષ્ઠાપન ભૂમિની પ્રતિલેખના કરવાનું કથન કર્યું છે. સંથારો ગ્રહણ કર્યા

પહેલાં પરઠવાની ભૂમિનું પ્રતિલેખન કરવું પણ અત્યાવશ્યક આચાર છે. અહીં 'અચિર' શબ્દથી 'સ્થંડિલ' ભૂમિ અર્થ કેમ થયો તે વિષયમાં વ્યાખ્યાકારે કોઈ સ્પષ્ટીકરણ કર્યું નથી પરંતુ ઉત્તરા.અ.૨૪ ગા.૧૦ માં **अचिर काल कयम्मि** શબ્દ પરઠવાની સ્થંડિલ ભૂમિના ગુણો માટે આવ્યો છે. ત્યાં તેનો અર્થ છે કે જે ભૂમિને અચેત્ત થયાને વધારે કાલ થયો ન હોય અર્થાત્ અલ્પકાલીન અચિત્ત ભૂમિ પરઠવાને યોગ્ય હોય છે. અથવા જ્યાં તાપ વગેરેથી થોડા સમયમાં જ પરઠેલા પદાર્થ સૂકાઈ જાય એવી ભૂમિ, આ પ્રમાણે અર્થ પણ કરી શકાય છે. સાર એ છે કે અચિર શબ્દ સ્થંડિલ ભૂમિ માટે છે અને તેનાથી પરઠવા યોગ્ય ભૂમિ અને સંથારો કરવા યોગ્ય ભૂમિ એમ બંને અર્થ સમજી શકાય છે.

**ण मे देहे परीसहा :–** આ વાક્યથી શાસ્ત્રકારે આત્મા અને શરીરની ભિન્નતાનો બોધ આપ્યો છે કે આ સમસ્ત પરીષહો શરીર પર આવે છે. મારો આત્મા શરીરથી ભિન્ન છે માટે પરીષહોથી મારે દુઃખી થવાનું નથી. સાથે એ પણ કહ્યું છે કે જ્યાં સુધી જીવન છે ત્યાં સુધી જ પરીષહ અને ઉપસર્ગ છે. અનશન સાધક સ્વયં જ શરીરના ભેદ માટે ઉદ્યમવંત થયા છે તો પછી આ પરીષહ, ઉપસર્ગથી શા માટે ગભરાય ? તે તો પરીષહાદિને શરીરના ભેદમાં સહાયક કે મિત્ર માને.

**धुववण्णं सपेहिया :–** આ સૂત્ર દ્વારા એ ભાવ પ્રગટ થાય છે કે પાદપોપગમન અનશનના સાધકની દૃષ્ટિ એક માત્ર મોક્ષ કે શુદ્ધ સંયમ તરફ જ રહે, મોક્ષમાં બાધક કે સંયમને દૂષિત બનાવનાર તત્ત્વોમાં અર્થાત્ વિનશ્વર કામભોગોમાં કે ચક્રવર્તી–ઈન્દ્ર આદિના દિવ્ય સુખોમાં ખેંચાય નહીં. તે આ સર્વ સાંસારિક સજીવ, નિર્જીવ પદાર્થો પ્રત્યે અનાસક્ત તેમજ સર્વથા મોહ મુક્ત રહે. આમાં જ તેના પાદપોપગમન અનશનની વિશેષતા છે.

**दिव्वमायं ण सद्दहे :–** સાધક દિવ્ય માયામાં વિશ્વાસ કરે નહિ. ફક્ત મોક્ષમાં જ તેનો વિશ્વાસ હોવો જોઈએ. સાધકની દૃષ્ટિ માત્ર મોક્ષની જ હોય છે તેથી તેના વિરોધી સંસાર પ્રત્યેની દૃષ્ટિ કે લક્ષ્ય ન જ હોવા જોઈએ. તેમાં જ તેની સાધનાની સફળતા છે.

**पग्गहियतरगं, आययतरं :–** ગાથા ૧૧ માં ભક્ત પ્રત્યાખ્યાન અનશનથી ઈંગિનીમરણ અનશનને વિશિષ્ટતર બતાવવામાં આવ્યું છે અને **आययतरं** શબ્દ દ્વારા ગાથા ૧૯ માં ઈંગિનીમરણ અનશનથી પાદપોપગમન અનશનને વિશિષ્ટતર તપ કહ્યું છે. તાત્પર્ય એ છે કે ભક્તપ્રત્યાખ્યાન અનશનથી ઈંગિનીમરણ અનશન વિશિષ્ટતર છે અને તેથી પાદપોપગમન અનશન વિશિષ્ટતર છે. આ બંને શબ્દો પરથી એમ પણ સમજી શકાય છે કે– ભક્તપ્રત્યાખ્યાન અનશન વિશિષ્ટ સાધના છે, ઈંગિનીમરણ અનશન વિશિષ્ટતર સાધના છે અને પાદપોપગમન વિશિષ્ટતમ સાધના છે.

## આઠમો ઉદ્દેશક સંપૂર્ણ

**ઉપસંહાર :–** વસ્તુ સ્વરૂપનું દર્શન અનેકાંત દૃષ્ટિથી થઈ શકે છે. જ્યાં એકાંત છે ત્યાં આગ્રહ છે. આગ્રહ વ્યક્તિને દુર્ગતિમાં ખેંચી જાય છે. આગ્રહના અભિનિવેશમાં આવી ન જવાય માટે યોગ્ય સંગની જરૂર છે. સત્સંગ જીવનને નંદનવન બનાવી સુખદ અનુભૂતિ કરાવે છે. કુસંગતિ એ દુરાગ્રહ–કદાગ્રહના કારણે

અનેક ક્લેશો, ઝંઝટોને ઊભી કરે છે. તેથી સાધક કુસંગનો ત્યાગ કરી, પ્રલોભનોથી પરોક્ષ બની સત્યની સાધના સ્વયં કરે અને અન્યને સાધનામાં ત્રિયોગથી પ્રેરક બને.

જગતમાં અનેક પ્રકારના વાદો, દર્શનો, માર્ગો છે. તેની સામે ત્રિકાલાબાધિત, વીતરાગી, જ્ઞાની આપ્તજનનું સત્યદર્શન અકાટય છે. તેના દ્વારા સમાધાન મેળવી કઠિનાઈઓથી પર બની જવાય છે. તેવા સમતાયોગી સાધક દેહની મમતા છોડી વૃત્તિને સંયમિત કરે છે. વસ્ત્ર, પાત્રાદિની મર્યાદા કરી દઢ સંકલ્પી બને છે. સિદ્ધિ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી પ્રતિજ્ઞા એ સાધકનું જીવન વ્રત છે. દિન પ્રતિદિન તે બાહ્ય સાધનોને ઘટાડતા આભ્યંતર ઉપાધિથી પણ હળવો બને છે કારણ કે જેટલી ઉપધિ ઓછી તેટલી ઉપાધિ ઓછી. ખાવામાં, પીવામાં કે બીજાની સેવા લેવાની પણ જીવનમાં મર્યાદા કરે છે. લઘુભાવને પ્રાપ્ત કરી, રસેન્દ્રિય ઉપર સંયમ કેળવી, શરીર ક્ષીણ થવા પર આયુના અણુબંધો જેટલા છે તેને પૂરા કરવા સતત સાવધાની પૂર્વક મર્યાદિત ક્ષેત્રમાં રહી ત્રણ પ્રકારના સંથારામાંથી કોઈ એક સંથારાને ગ્રહણ કરે. હર્ષ કે વિષાદ વિના સ્વેચ્છાએ શરીર સાધનનો ત્યાગ કરી આત્મભાવમાં લીન રહે. આ પ્રકારે સાધક સંયમ ગ્રહણથી સમાધિ મરણ સુધીની સર્વ અવસ્થાઓમાં ક્રમથી ધૈર્યતા પૂર્વક પાર પામે છે.

જગતના સર્વ જીવોને આત્મસમ જાણી તેના પરિભ્રમણના સ્થાન પર વિજય મેળવવા સર્વ કષ્ટોને સહી, જ્ઞાનદષ્ટિ પૂર્વક નિરંજન, નિરાકાર આત્મ તત્ત્વને પ્રાપ્ત કરવા કર્મને ખંખેરી અનાદિના સંબંધે સંબંધિત એવા જીવ અને કર્મને સમાધિભાવ પૂર્વક વિયુક્ત કરી આત્માની શુદ્ધ દશા અર્થાત્ વિમોક્ષ ભાવને પ્રાપ્ત કરે છે.

**॥ અધ્યયન–૮/૮ સંપૂર્ણ ॥**

# નવમું અધ્યયન

## પરિચય

આ અધ્યયનનું નામ 'ઉપધાનશ્રુત' છે.

ઉપધાનનો સામાન્ય અર્થ થાય છે–શય્યા આદિ પર સુખે સૂવા માટે મસ્તક નીચે કે બાજુમાં આધાર માટે રખાતો તકિયો, પરંતુ આ દ્રવ્ય ઉપધાન છે.

ભાવ–ઉપધાન જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ છે. ચારિત્ર પરિણત ભાવને સુરક્ષિત રાખવા માટે જે આધારભૂત છે અને તેનાથી સાધકને અત્યંત સુખ–શાંતિ તેમજ આનંદની અનુભૂતિ થાય છે. તેથી રત્નત્રય એ જ  સાધકના શાશ્વત સુખદાયક ઉપધાન છે.

ઉપધાનનો અર્થ ઉપધૂનન પણ કરાય છે. જેમ મેલા વસ્ત્રો પાણી આદિ દ્રવ્યોથી ધોઈને શુદ્ધ કરાય છે, ત્યાં પાણી આદિ દ્રવ્ય ઉપધાન છે, તેમ આત્મા પર લાગેલો કર્મ મેલ બાહ્ય અને આભ્યંતર તપથી દૂર થઈ જાય છે, નાશ પામે છે, આત્મા શુદ્ધ બની જાય છે. તેથી કર્મમલિનતાને દૂર કરવા માટે અહીં ઉપધાનનો અર્થ 'તપ' છે.

ઉપધાનની સાથે શ્રુત શબ્દ જોડાયેલો છે, તેનો અર્થ છે– સાંભળેલું. તેથી 'ઉપધાન શ્રુત' એટલે દીર્ઘ તપસ્વી ભગવાન મહાવીરના તપોનિષ્ઠ જ્ઞાન, દર્શન, ચારિત્ર સાધના રૂપ જીવનનું તેઓના શ્રીમુખેથી સાંભળેલું વર્ણન.

આ અધ્યયનમાં ભગવાન મહાવીરની દીક્ષાથી લઈને કેવળજ્ઞાન પ્રાપ્તિ પહેલાના જીવનની મુખ્ય ઘટનાઓનો ઉલ્લેખ છે.

આ અધ્યયનના ચારે ય ઉદ્દેશકોમાં પ્રભુ મહાવીરના તપોનિષ્ઠ જીવનની સુંદર ઝલક છે. તે આ પ્રમાણે છે–

**પ્રથમ ઉદ્દેશકમાં** સંયમ ગ્રહણ પૂર્વેનું આચરણ, સંયમ ગ્રહણ કર્યા પછીની સાધના અને ધર્મ સંબંધી સિદ્ધાંત, સમિતિ–ગુપ્તિના પાલનની વિધિ અને દેવદૂષ્ય વસ્ત્ર ગ્રહણ અને તેનું વ્યુત્સર્જન અર્થાત્ છોડવાનું વર્ણન છે.

**બીજા ઉદ્દેશકમાં** સંયમના વિચરણ કાળમાં નિવાસ કરવાના મકાનો, શય્યાઓનું તથા તેમાં થનારા કષ્ટો અને ઉપસર્ગોનું તેમજ ભગવાનની સહનશીલતાનું વર્ણન છે.

**ત્રીજા ઉદ્દેશકમાં** ભગવાનના અનાર્યક્ષેત્રમાં વિચરણનું, અનાર્ય લોકો દ્વારા અપાયેલા ઘોર,

હૃદયદ્રાવક ઉપસર્ગોનું અને ભગવાનની શૂરવીરતાનું વર્ણન છે.

**ચોથા ઉદ્દેશકમાં** ભગવાનની અનશન, ઊણોદરી, રસ પરિત્યાગ આદિ તપસ્યાઓ, ગોચરીની ગવેષણા વિધિ, ધ્યાનસાધના અને પ્રભુની અપ્રમત્ત અવસ્થાઓનું નિરૂપણ છે.

પૂર્વના આઠ અધ્યયનમાં કહેલ સાધ્વાચાર વિષયક સાધના કેવળ કલ્પના માત્ર નથી પરંતુ ભગવાન મહાવીરે આ સાધના પોતાના જીવનમાં આચરી હતી, એવો દઢ વિશ્વાસ પ્રત્યેક સાધકના હૃદયમાં જાગૃત થાય અને તે પોતાની સાધનાને શંકા રહિત નિશ્ચલભાવ સાથે પૂર્ણ કરી શકે, તે આ અધ્યયનનો ઉદ્દેશ છે.

❖❖❖❖❖

# નવમું અધ્યયન–ઉપધાનશ્રુત

## પહેલો ઉદ્દેશક

### ભગવાન મહાવીરની દીક્ષા :–

**१ अहासुयं वइस्सामि, जहा से समणे भगवं उट्ठाय ।**
**संखाए तंसि हेमंते, अहुणा पव्वइए रीइत्था ॥**

**શબ્દાર્થ :– अहासुयं** = તેનું વર્ણન જેવું મેં સાંભળ્યું છે તેવું જ, **वइस्सामि** = હું કહીશ, **जहा** = જે રીતે, **उट्ठाय** = ઊઠીને, તત્પર થઈને, **संखाए** = સમજીને, **तंसि** = તે, **हेमंते** = હેમન્ત ઋતુમાં, **अहुणा** = તરત જ, **पव्वइए** = દીક્ષા ગ્રહણ કર્યા પછી, **रीइत्था** = વિહાર કર્યો હતો.

**ભાવાર્થ :–** શ્રમણ ભગવાન મહાવીરે દીક્ષા લઈને વિહારચર્યા શરૂ કરી, તે વિષયમાં જેમ મેં સાંભળ્યું છે, તેમ તમોને કહીશ. દીક્ષાનો અવસર જાણીને ભગવાન હેમંત ઋતુમાં માગસર વદ ૧૦ ના(ગુજરાતી તિથિ અનુસાર કારતક વદ ૧૦ ના) પ્રવ્રજિત થયા અને તરત જ ત્યાંથી ક્ષત્રિયકુંડ નગરથી વિહાર કરી ગયા.

**२ णो चेविमेण वत्थेण, पिहिस्सामि तंसि हेमंते ।**
**से पारए आवकहाए, एयं खु अणुधम्मियं तस्स ॥**

**શબ્દાર્થ :– इमेण** = આ, **वत्थेण** = વસ્ત્રથી, **णो चेव पिहिस्सामि** = મારા શરીરને ઢાંકીશ નહીં. **तंसि हेमंते** = તે હેમંતઋતુમાં, **पारए** = પ્રતિજ્ઞાનું પાલન કર્યું, **आवकहाए** = જીવનભરના માટે, **एयं** = આ દેવદૂષ્ય વસ્ત્રને ધારણ કરવું, **अणुधम्मियं** = પરંપરાનુગત ધર્મ, પૂર્વના તીર્થંકરો દ્વારા આચરણ કરેલ કાર્ય, **तस्स** = ભગવાન માટે.

**ભાવાર્થ :–** દીક્ષા સમયે ખભા પર નાખેલા દેવદૂષ્ય વસ્ત્ર માટે તેઓએ સંકલ્પ કર્યો કે "હું આ હેમંત ઋતુમાં આ વસ્ત્રથી શરીરને ઢાંકીશ નહિ." તેઓએ આ પ્રતિજ્ઞાનું જીવનપર્યંત પાલન કર્યું. આ દેવદૂષ્ય વસ્ત્ર ધારણ તેઓની અનુધર્મિતા–આનુગામિકતા પ્રણાલિકા હતી.

**३ चत्तारि साहिए मासे, बहवे पाणजाइया आगम्म ।**
**अभिरुज्झ कायं विहरिंसु, आरुसियाणं तत्थ हिंसिंसु ॥**

**શબ્દાર્થ :– चत्तारि साहिए मासे** = કંઈક અધિક ચાર માસ સુધી, **बहवे** = ઘણાં, **पाणजाइया** = પ્રાણી, ભ્રમર વગેરે, **आगम्म** = આવીને, **अभिरुज्झ** = ચઢીને, **कायं** = શરીર પર, **विहरिंसु** = ફરતા હતા તથા, **आरुसियाणं** = રુષ્ટ થઈને, **तत्थ** = તેમના શરીરને, **हिंसिंसु** = ડંસતા હતા.

**ભાવાર્થ :–** અભિનિષ્ક્રમણના સમયે ભગવાનના શરીર અને વસ્ત્ર ઉપર લાગેલા દિવ્ય સુગંધિત દ્રવ્યથી ખેંચાઈ ભમરાદિ ઘણા પ્રાણીઓ આવી તેના શરીર પર ચઢીને ફરતા હતા. કોઈ કોઈ ક્રોધિત થઈ ડંખ મારતા હતા અને કરડતા હતા. આ ક્રમ સાધિક ચાર માસ પર્યંત ચાલ્યો.

**૪ संवच्छरं साहियं मासं, जं ण रिक्कासि वत्थगं भगवं ।**
**अचेलए तओ चाई, तं वोसज्ज वत्थमणगारे ॥**

**શબ્દાર્થ :– संवच्छरं साहियं मासं** = એક માસ અધિક એક વર્ષ સુધી, **जं** = જેને, **ण रिक्कासि** = ત્યાગ કર્યો ન હતો, **चाई** = છકાયના રક્ષક, **अणगारे** = અણગાર ભગવાન મહાવીર સ્વામી, **वोसज्ज** = ત્યાગ કરીને.

**ભાવાર્થ :–** ભગવાને તેર મહિના સુધી તે વસ્ત્રનો ત્યાગ કર્યો નહિ ત્યાર પછી તે વસ્ત્રનો ત્યાગ કરીને છકાયના રક્ષક અણગાર ભગવાન મહાવીર સ્વામી અચેલક બની ગયા.

## વિવેચન :–

આ ચાર ગાથાઓમાં ભગવાન મહાવીરની દીક્ષા ક્યારે, કેવી રીતે થઈ ? વસ્ત્ર વિષયક શું પ્રતિજ્ઞા લીધી ? શા માટે અને ક્યાં સુધી તેને ધારણ કર્યું, ક્યારે છોડ્યું ? તેમના સુગંધિત શરીર પર સુગંધના લોલુપી જીવો તેમને કેવી રીતે હેરાન કરતા હતા ? વગેરે વર્ણન છે.

**उट्ठाए :–** મુનિદીક્ષા માટે ઉદ્યત થવું. વૃત્તિકાર તેની વ્યાખ્યા કરે છે– સર્વ આભૂષણોને છોડી, પંચમુષ્ટિ લોચ કરી, ઈન્દ્ર દ્વારા ખભા ઉપર નાખેલા એક દેવદૂષ્ય વસ્ત્રથી યુક્ત, દીક્ષા માટે ઉદ્યત થઈ સામાયિકની પ્રતિજ્ઞા લેતા જ મનઃપર્યાયજ્ઞાનને પામેલા ભગવાન આઠ કર્મોનો ક્ષય કરવા માટે તથા તીર્થ પ્રવર્તાવવા ઉદ્યત થયા.

**अहुणा पव्वइए रीइत्था :–** ભગવાન દીક્ષા લઈ કુંડગ્રામથી વિહાર કરી, એક મુહૂર્ત જેટલો સમય શેષ રહેતાં કુમારગ્રામ પહોંચ્યા. દીક્ષા લીધા પછી તરત જ કુંડગ્રામ છોડવાની પાછળ રહસ્ય એ હતું કે પોતાના પૂર્વ પરિચિત સગા–સંબંધીઓની સાથે સાધકે વધારે રહેવાથી અનુરાગ તેમજ મોહ ઉત્પન્ન થવાની સંભાવના રહે છે. મોહ, સાધકને પતનના માર્ગે ખેંચી જાય છે તથા તેથી ભવિષ્યમાં થનારા સાધકોના અનુસરણ માટે પોતે સ્વયં આચરણ કરીને સમજાવ્યું કે પૂર્વપરિચિત સ્થાનમાંથી તરતજ નીકળી જવું, તે જ સાધકોને માટે હિતાવહ છે.

**एयं खु अणुधम्मियंतस्स :–** ભગવાનનું આ અનુધાર્મિક આચરણ હતું. સામાયિક ચારિત્રના

સ્વીકાર સાથે જ ઈન્દ્રે તેમના ખભા ઉપર દેવદૂષ્ય વસ્ત્ર રાખ્યું. ભગવાને પણ નિઃસંગતા સાથે તથા બીજા મુમુક્ષુઓ ધર્મોપકરણ વિના સંયમનું પાલન ન કરી શકે તેવી ભાવીની અપેક્ષાએ મધ્યસ્થવૃત્તિથી તે વસ્ત્રને ધારણ કરી લીધું, તેઓના મનમાં વસ્ત્રના ઉપભોગની કોઈ ઈચ્છા ન હતી તેથી તેઓએ પ્રતિજ્ઞા કરી કે "હું લજ્જા નિવારવા માટે કે શરીરના રક્ષણ માટે વસ્ત્રથી મારા શરીરને ઢાંકીશ નહિ".

પ્રશ્ન થાય કે જો તેઓને વસ્ત્રનો ઉપયોગ કરવો ન હતો તો પછી વસ્ત્રને શા માટે ધારણ કર્યું ? તેનું સમાધાન ગાથામાં કરેલ છે કે– **'एयं खु अणुधम्मियं तस्स'** તેઓનું આ આચરણ અનુધાર્મિક હતું. વૃત્તિકારે તેનો અર્થ આ પ્રમાણે કર્યો છે– આ વસ્ત્ર ધારણ, પૂર્વ તીર્થંકરો દ્વારા આચરિત ધર્મનું અનુસરણ માત્ર હતું અથવા શાસનમાં થનારા સાધુ, સાધ્વીઓ વસ્ત્ર ધારણ કરી શકે તે અપેક્ષાએ ધારણ કર્યું હતું.

ચૂર્ણિકારે અનુધર્મિતાના બે અર્થ કર્યા છે– ગતાનુગતિકતા અને અનુકૂલ ધર્મ. પહેલો અર્થ સ્પષ્ટ છે. બીજાનો અભિપ્રાય છે–શિષ્યોની રુચિ, શક્તિ, સહિષ્ણુતા, દેશ, કાળ, પાત્રતા આદિ જોઈને તીર્થંકરોએ ભવિષ્યમાં વસ્ત્ર, પાત્ર આદિ ઉપકરણ સહિત ધર્માચરણનો ઉપદેશ દેવાનો હોય છે. તેને અનુધર્મિતા કહે છે. આ અનુધર્મિતા શબ્દથી એ પણ સ્પષ્ટ થાય છે કે ભગવાને કોઈ અભિનવ આચરણ કર્યું ન હતું પરંતુ પૂર્વ તીર્થંકરોએ આચરેલ ધર્મનું જ આચરણ કર્યું હતું.

**संवच्छरं साहियं मासं :–** અહીં ત્રીજી ગાથામાં કહ્યું છે કે ભગવાન મહાવીર સ્વામીએ તેર માસ સુધી વસ્ત્રનો ત્યાગ કર્યો નહિ. ત્યાર પછી વસ્ત્રને સંયમવિધિથી વોસિરાવીને–ત્યાગ કરીને (**तं वोसिज्ज वत्थं**) અચેલક બની ગયા. ટીકાકારે પણ આ પ્રમાણે જ અર્થ કર્યો છે. બીજી કોઈ ઘટનાનું વર્ણન કર્યું નથી. પરંતુ મહાવીર ચરિત્ર ગ્રંથમાં એક દરિદ્ર બ્રાહ્મણને અર્ધ વસ્ત્ર દેવાની વાત કહી છે. આચારાંગ સૂત્રની ચૂર્ણિમાં પણ આ વિષયમાં વિશેષ કોઈ ઉલ્લેખ નથી. તેર મહીના સુધી ખભા ઉપર રહેવાનું જ કથન કરેલ છે.

**आरुसियाणं :–** આ શબ્દના બે પ્રકારે અર્થ કર્યા છે. (૧) અત્યંત રુષ્ટ થઈને. (૨) માંસ અને લોહી માટે શરીર ઉપર ચડીને તે ભ્રમરાદિ પ્રાણી ભગવાને ડંખ દેતા હતા.

### વિહારચર્યામાં જન વ્યવહાર :–

**૫** **अदु पोरिसिं तिरियभित्तिं, चक्खुमासज्ज अंतसो झाइ ।**
**अह चक्खुभीया संहिया, ते हंता हंता बहवे कंदिंसु ॥**

**શબ્દાર્થ :– अदु** = ત્યાર પછી, **पोरिसिं** = પુરુષ પરિમાણ, **तिरियभित्तिं** = તિરછા ભાગની ઉપર, **चक्खुमासज्ज** = દૃષ્ટિ રાખીને, **अंतसो** = તેની મધ્યમાં, **झाइ** = ધ્યાન રાખતા ભગવાન ઈર્યા સમિતિ પૂર્વક ગમન કરતા હતા, **अह** = આ રીતે, **चक्खुभीया** = ભગવાનની એકાગ્ર દૃષ્ટિથી ભયભીત બનેલા, **संहिया** = એકત્રિત થઈને, **ते** = તેઓ, **हंता–हंता** = મારો ! મારો ! એમ સંબોધન કરીને, **बहवे** = ઘણાં બાળકો, ઘણા લોકો, **कंदिंसु** = કોલાહલ કરતા, ગોકીરો કરતા હતા, હલ્લો મચાવતા હતા.

**ભાવાર્થ :–** ભગવાન મહાવીર પુરુષ પરિમાણ અર્થાત્ ધૂંસર પરિમાણ (સાડા ત્રણ હાથ)આગળ તિરછા ક્ષેત્રમાં દષ્ટિને કેન્દ્રિત રાખીને, એકાગ્રદષ્ટિથી ઈર્યાસમિતિપૂર્વક ચાલતા હતા. આ પ્રમાણે એકાગ્ર દષ્ટિથી ચાલતા ભગવાનને જોઈને ભયભીત થઈને કેટલાક બાળકો આદિ એકત્રિત થઈને 'મારો–મારો' એમ કહેતાં હલ્લો મચાવતા હતા.

**૬ सयणेहिं वितिमिस्सेहिं, इत्थीओ तत्थ से परिण्णाय ।**
**सागारियं ण सेवेइ, से सयं पवेसिया झाइ ॥**

**શબ્દાર્થ :– सयणेहिं** = શય્યા, રહેવાનું સ્થાન, **वितिमिस्सेहिं** = ગૃહસ્થ અને અન્ય તીર્થિકોથી જોડાયેલ, **से** = ભગવાન, **परिण्णाय** = જાણીને, **सागारियं** = મૈથનનું, **ण सेवेइ** = સેવન કરતા ન હતા, **से** = તેઓ, **सयं** = સ્વયં, **पवेसिया** = પોતાના આત્માને વૈરાગ્ય ભાવમાં પ્રવેશ કરાવીને, **झाइ** = ધર્મ ધ્યાન–શુક્લધ્યાન ધ્યાવતા હતા.

**ભાવાર્થ :–** ક્યારેક ગૃહસ્થ અને અન્યતીર્થિકથી વ્યાપ્ત સ્થાનમાં ભગવાનને ઊભેલા જોઈને, કામાસક્ત સ્ત્રીઓ ત્યાં આવીને પ્રાર્થના કરતી ત્યારે પ્રભુ ભોગને કર્મબંધનું કારણ જાણીને સાગારિક–મૈથુન સેવન કરતા ન હતા પરંતુ તેઓ તેમના અંતરાત્મામાં ઊંડાણપૂર્વક પ્રવેશ કરીને ધ્યાનમાં લીન રહેતા હતા.

**૭ जे के इमे अगारत्था, मीसीभावं पहाय से झाइ ।**
**पुट्ठो वि णाभिभासिंसु, गच्छइ णाइवत्तइ अंजू ॥**

**શબ્દાર્થ :– के** = કોઈ, **अगारत्था** = ગૃહસ્થ છે તેઓને, **मीसीभावं** = સંસર્ગને, **पहाय** = છોડીને, **से** = તે ભગવાન, **पुट्ठो वि** = પૂછવા પર, **णाभिभासिंसु** = બોલતા ન હતા, જવાબ આપતા ન હતા, **गच्छइ** = ચાલ્યા જતા હતા, **णाइवत्तइ** = મોક્ષમાર્ગનું અતિક્રમણ કરતા ન હતા, **अंजू** = સરળ, સંયમ અનુષ્ઠાનમાં તત્પર ભગવાન.

**ભાવાર્થ :–** સંયમ અનુષ્ઠાનમાં તત્પર ભગવાન જો કોઈ વાર ગૃહસ્થોથી યુક્ત સ્થાન મળી જાય તો પણ તેઓ તેમાં ભળતા ન હતા પરંતુ ગૃહસ્થના સંસર્ગનો ત્યાગ કરીને ધર્મધ્યાનમાં લીન રહેતા હતા. તેઓ કોઈના પૂછવા પર પણ જવાબ આપતા ન હતા પરંતુ પોતાના અધ્યાત્મ માર્ગે ચાલતા હતા, તેમજ પોતાની કોઈ પણ સંયમ મર્યાદાનું ઉલ્લંઘન કરતા ન હતા

**૮ णो सुकरमेयमेगेसिं, णाभिभासे अभिवायमाणे ।**
**हयपुव्वो तत्थ दंडेहिं, लूसियपुव्वो अप्पपुण्णेहिं ॥**

**શબ્દાર્થ :– णो सुकरं** = સરળ વાત નથી કે, **एयं** = આ, **एगेसिं** = બીજા સામાન્ય પુરુષો માટે, **णाभिभासे** = બોલે નહિ, **अभिवायमाणे** = વંદન કરનારા પ્રત્યે, **हयपुव्वो** = હનન કરતા હતા,

**दंडेहिं** = દંડ આદિથી, **लूसियपुव्वे** = ઈજા પહોંચાડતા, ખેંચતા હતા, **अप्पपुण्णेहिं** = પુણ્ય રહિત, પાપી, અનાર્ય પુરુષો દ્વારા.

**ભાવાર્થ :–** માણસો વંદન કરે તોપણ ભગવાન પોતાના ધ્યાનમાં રહેતા અને તેઓ સાથે બોલતા ન હતા. આ રીતે વર્તવું બીજા સાધકો માટે ઘણું કઠિન હોય છે. આ જ કારણે ક્યારેક ક્રોધિત થઈ કોઈ પુણ્યહીન વ્યક્તિ ભગવાનને દંડાથી મારતા અને ખેંચતા, શરીરને ઈજા પહોંચાડતા.

**९ फरूसाइं दुतितिक्खाइं, अइअच्च मुणी परक्कममाणे ।**
**आघाय–णट्ट–गीयाइं, दंडजुद्धाइं मुट्ठिजुद्धाइं ॥**

**શબ્દાર્થ :– फरूसाइं** = કઠોર વચનોને, **दुतितिक्खाइं** = મુશ્કેલીથી સહન કરવા યોગ્ય, **अइअच्च** = કાંઈ ગણતા ન હતા પરંતુ સમભાવપૂર્વક તેને સહન કરતા હતા, **मुणी** = ભગવાન, **परक्कममाणे** = પરાક્રમ કરતા હતા, તેઓ પરમ પરાક્રમી, **आघाय–णट्ट–गीयाइं** = આખ્યાત, નૃત્ય અને ગીત તથા, **दंडजुद्धाइं** = દંડ યુદ્ધ અને, **मुट्ठिजुद्धाइं** = મુષ્ટિ યુધ્ધને જોવાની ઈચ્છા રાખતા નહિ.

**ભાવાર્થ :–** અનાર્ય પુરુષો દ્વારા કરેલા અત્યંત દુઃસહ્ય કષ્ટોની પરવા કર્યા વિના મુનીન્દ્ર ભગવાન સહન કરવાનું પરાક્રમ કરતા હતા. તેઓ આખ્યાયિકા, નૃત્ય, ગીત, દંડયુદ્ધ અને મુષ્ટિયુદ્ધ આદિ કુતૂહલ ઉત્પન્ન કરનાર પ્રવૃત્તિઓમાં રસ લેતા ન હતા.

**१० गढिए मिहोकहासु, समयम्मि णायसुए विसोगे अदक्खु ।**
**एयाइं से उरालाइं, गच्छइ णायपुत्ते असरणाए ॥**

**શબ્દાર્થ :– गढिए** = તલ્લીન, **मिहोकहासु** = પરસ્પર વાર્તાલાપમાં, **समयम्मि** = તે સમયમાં, **णायसुए** = જ્ઞાતપુત્ર ભગવાન મહાવીર સ્વામી, **विसोगे** = હર્ષ શોક રહિત થઈ મધ્યસ્થ રહેતા હતા, **अदक्खु** = જોતા હતા, **एयाइं** = આ, **उरालाइं** = મોટામાં મોટા અનુકૂળ અને પ્રતિકૂળ ઉપસર્ગોને, **गच्छइ** = સંયમમાર્ગમાં ગમન કરતા હતા, **णायपुत्ते** = જ્ઞાતપુત્ર ભગવાન મહાવીર, **असरणाए** = શરણ ઈચ્છતા નહીં, દુઃખોનું સ્મરણ કરતા નહીં.

**ભાવાર્થ :–** પરસ્પર વિકથાઓમાં આસક્ત લોકોને જોઈને જ્ઞાતપુત્ર ભગવાન મહાવીર હર્ષ–શોકથી રહિત થઈ પોતાની આરાધનામાં લીન રહેતા હતા. તેઓ વિવિધ પરીષહો, ઉપસર્ગોના દુઃખથી દીન બની કોઈનું શરણ ઈચ્છતા નહીં પરંતુ અદીન અને અશરણ ભાવે પોતાના લક્ષ્ય તરફ વિચરણ કરતા હતા.

## વિવેચન :–

આ ગાથાઓમાં ભગવાન મહાવીરના ધ્યાનમય જીવનનું અને વિચરણ સમયે લોકોના વ્યવહારનું દિગ્દર્શન કરાવ્યું છે.

**पोरिसिं तिरियभित्तिं :–** ભગવાન પોતાના શરીર પ્રમાણ પ્રારંભમાં સાંકડા અને પછી પહોળા ધૂંસરના આકાર જેવા માર્ગને ઉપયોગ પૂર્વક જોતાં, ઈર્યાસમિતિથી ચાલતા હતા.

**झाइ :–** આચાર્ય શીલાંકે આ સૂત્રનો અર્થ ધ્યાનપરક નહિ પરંતુ ગમનપરક માન્યો છે. '**झाइ**' શબ્દનો અર્થ તેઓએ ઈર્યા સમિતિ યુક્ત ગમન કરવું, કર્યો છે.

**हंता हंता बहवे कंदिंसु :–** ઘણાં બાળકો ભેગા થઈને ભગવાન પર ધૂળ ઉડાડી હલ્લો મચાવતા અને દેકારો કરતાં તેઓ કહેતા હતા કે જુઓ આ નગ્ન મુંડિતને, આ કોણ છે ? ક્યાંથી આવ્યો છે ? તે કોના સંબંધી છે ? બાળકોની ટોળી ભેગી થઈ, આ પ્રમાણે અવાજ કરતી અને તેઓ પ્રત્યેનું પોતાનું કુતૂહલ પ્રગટ કરતી હતી.

**सागारियं ण सेवेइ :–** ક્યારેક ભગવાન એકાંત સ્થાન ન મળતાં ગૃહસ્થો અને અન્ય તીર્થિકોથી ઘેરાયેલા સ્થાનમાં રહેતા, તો તેના અદ્‌ભૂત રૂપ યૌવનથી આકર્ષાઈને કામાતુર સ્ત્રીઓ તેમની પાસે આવી પ્રાર્થના કરતી અને ધ્યાનમાં અનેક પ્રકારના વિઘ્નો નાંખતી પરંતુ મહાવીર પ્રભુ પોતાના અંતરાત્મામાં પ્રવિષ્ટ થઈ ધ્યાનમાં લીન રહેતા, ક્યારે ય અબ્રહ્મચર્યનું સેવન કર્યું નહીં.

**पुट्ठो वि णाभिभासिंसु :–** વિચરણકાળમાં કે ગૃહસ્થ સંકુલ સ્થાનમાં ક્યારે ય લોકો ભગવાનને કંઈ પણ પૂછતા તો તેનો કશોય ઉત્તર ન આપતા, મૌન ગ્રહણ કરી પોતાની સાધનામાં જ દત્તચિત્ત રહેતા હતા. વિહાર કરતા ભગવાનને કોઈ કંઈ પૂછતા તોપણ જવાબ ન આપતાં ચાલતા રહેતા.

**णो सूकर मेयं एगेसिं :–** ભગવાન અભિવાદન કરનારની સાથે પણ બોલતા ન હતા. તેમાં રાગ ન કરતા. ડંડા વગેરેથી મારનાર પ્રત્યે પણ કંઈ રોષ પ્રગટ કરતા નહિ પરંતુ પોતાના ધ્યાનમાં જ લીન રહેતા હતા. સાધનાની આવી ઉચ્ચ અવસ્થા હરકોઈ સાધક માટે સુલભ નથી. આવી સમતાની અવસ્થા માટે ઘણાં જ અભ્યાસની આવશ્યકતા હોય છે. નહીં બોલવાના કારણે લોકો મારપીટ કરતા તેમજ અનેક રીતે રોષ પ્રગટ કરતા હતા.

### દીક્ષા પૂર્વે ત્યાગ સાધના :–

**૧૧ अवि साहिए दुवे वासे, सीओदं अभोच्चा णिक्खंते ।**
**एगत्तगए पिहियच्चे, से अहिण्णायदंसणे संते ॥**

**શબ્દાર્થ :– अवि दुवे वासे साहिए** = બે વર્ષથી કંઈક અધિક સમય સુધી, **सीओदं** = ઠંડા–કાચા પાણીનું, **अभोच्चा** = સેવન કર્યું નહિ, **णिक्खंते** = ભગવાને દીક્ષા ગ્રહણ કરી હતી, **एगत्तगए** = એકત્વભાવનાથી ભાવિત ચિત્તવાળા, એકાંતમાં રહ્યા હતા, **पिहियच्चे** = શરીર સંસ્કારનો ત્યાગ કરી, ક્રોધની જ્વાળાને જેણે શાંત કરેલ છે તથા, **से** = તે ભગવાન, **अहिण्णायदंसणे** = સમ્યક્ત્વની ભાવનાથી ભાવિત, જ્ઞાનદર્શનથી યુક્ત અને, **संते** = શાંત હતા.

**ભાવાર્થ :–** માતા પિતાના સ્વર્ગવાસ પછી ભગવાને બે વર્ષથી વધારે સમય સુધી ગૃહસ્થવાસમાં રહેવા છતાં સચેત્ત પાણીનો ઉપયોગ કર્યો નહિ. તેઓ એકત્વભાવનામાં ઓતપ્રોત થઈ એકાંતમાં રહેતા હતા કષાયને શાંત કરી, તેઓએ શરીરના સંસ્કાર, સ્નાનાદિનો ત્યાગ કરી દીધો હતો. તેઓ અવધિ જ્ઞાન, દર્શનથી યુક્ત હતા. બે વર્ષની ત્યાગ સાધના પછી તેઓએ નિષ્ક્રમણ કર્યું.

## વિવેચન :–

**अवि साहिए दुवे वासे :–** માતાપિતાના સ્વર્ગવાસ પછી ૨૮ વર્ષની ઉંમરે પ્રભુએ સંયમ સ્વીકારની ઈચ્છા પ્રગટ કરી પરંતુ માતા–પિતાના વિયોગના કારણે વડીલબંધુ નંદીવર્ધનની સંમતિ મળી નહીં. તેથી બે વર્ષ પર્યંત અનાસક્ત ભાવે પ્રભુ ગૃહવાસમાં રહ્યા. ધ્યાનમાં બાધા કારક એવા ગૃહવાસમાં પણ પ્રભુએ નિર્લેપ રહી સાધુ જીવનની સાધના કરી.

**एगत्तगए :–** એકાંતવાસથી એકત્વભાવનાથી ભગવાનનું અંતઃકરણ ભાવિત થઈ ગયું. વધારે સમય તો તેઓ એકલા જ પોતાના ધર્મધ્યાનમાં લીન રહેતા હતા.આ શબ્દથી એ પણ સમજી શકાય છે કે પ્રભુએ બે વર્ષ સુધી સ્ત્રી સહવાસનો ત્યાગ કરી બ્રહ્મચર્યનું પાલન કર્યું હતું.

**पिहियच्चे :–** અર્ચા એટલે શરીર સંસ્કાર, સ્નાનાદિનો તેઓએ ત્યાગ કરી દીધો હતો. તાત્પર્ય એ છે કે ભાઈના કહેવાથી તેઓને બે વર્ષ સંસારમાં રહેવું પડયું, છતાં તેઓ ત્યાગ–સાધના પૂર્વક રહ્યા. સચેતનો ત્યાગ, બ્રહ્મચર્ય, એકાંતવાસ, સ્નાનાદિનો ત્યાગ વગેરે અનેક નિયમોના પાલન સાથે તેઓએ ઉદાસીનતા અને વૈરાગ્યપૂર્ણ અવસ્થાથી સમય પસાર કર્યો.

## અહિંસા આરાધના :–

**१२** **पुढविं च आउकायं च, तेउकायं च वायुकायं च ।**
**पणगाइं बीयहरियाइं, तसकायं च सव्वसो णच्चा ॥**

**ભાવાર્થ :–** પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય, પંચવર્ણી લીલફૂગ, લીલણ ફૂલણ, બીજ અને અનેક પ્રકારની લીલોતરી, વનસ્પતિ તેમજ ત્રસકાય આ સર્વને સર્વ રીતે જાણીને.

**१३** **एयाइं संति पडिलेहे, चितमंताइ से अभिण्णाय ।**
**परिवज्जियाण विहरित्था, इति संखाय से महावीरे ॥**

**શબ્દાર્થ :– एयाइं** = આ સર્વ, **संति** = છે, **पडिलेहे** = એવો વિચાર કર, **चित्तमंताइं** = સચિત્ત, **से** = તેઓની હિંસાથી પાપ લાગે છે, **अभिण्णाय** = જાણીને તથા, **परिवज्जियाण** = તેની હિંસાનો ત્યાગ કરીને, **विहरित्था** = વિચરતા હતા, **इति** = આ પ્રમાણે, **संखाय** = જાણીને, **महावीरे** = ભગવાન મહાવીર.

**भावार्थ :–** પૃથ્વીકાયાદિના અસ્તિત્વને સમજી, તેઓને સચેત જાણી, તેના સ્વરૂપને સારી રીતે સમજી તે ભગવાન મહાવીર તેના આરંભનો ત્યાગ કરીને વિહાર કરતા હતા.

**१४ अदु थावरा तसत्ताए, तसजीवा य थावरत्ताए ।**
**अदुवा सव्वजोणिया सत्ता, कम्मुणा कप्पिया पुढो बाला ॥**

**शब्दार्थ :– अदु** = અથવા, **थावरा** = સ્થાવરજીવ, **तसत्ताए** = ત્રસરૂપમાં પરણિત થાય છે, **तसा** = ત્રસ, **थावरत्ताए** = સ્થાવરરૂપમાં પરિણત થાય છે, **सव्वजोणिया** = સર્વ યોનિવાળા, **सत्ता** = જીવ કર્મોને આધીન થઈને, **कम्मुणा** = કર્મથી, કર્મોને વશ થઈને, **कप्पिया** = પરિવર્તિત થતા રહે છે, **पुढो** = ભિન્ન ભિન્ન યોનિઓમાં, **बाला** = અજ્ઞાની.

**भावार्थ :–** સ્થાવર જીવ ત્રસરૂપે ઉત્પન્ન થાય છે અને ત્રસજીવ સ્થાવર રૂપે ઉત્પન્ન થઈ જાય છે. અથવા સંસારી જીવ સર્વ યોનિઓમાં પોત–પોતાના કર્મો અનુસાર ભિન્ન–ભિન્ન સ્વરૂપે ઉત્પન્ન થાય છે અર્થાત્ જન્મ મરણ કરતા રહે છે.

**१५ भगवं च एवमण्णेसिं, सोवहिए हु लुप्पइ बाले ।**
**कम्मं च सव्वसो णच्चा, तं पडियाइक्खे पावगं भगवं ॥**

**शब्दार्थ :– भगवं** = ભગવાન મહાવીર સ્વામીએ, **एवं** = આ રીતે, **अण्णेसिं** = જાણી લીધુ હતું કે, **सोवहिए** = ઉપધિવાળા હોય છે તે, **लुप्पइ** = કલેશને પ્રાપ્ત થાય છે, **तं** = કર્મોને ઉત્પન્ન કરનાર, **पडियाइक्खे** = ત્યાગ કરી દીધો હતો, **पावगं** = પાપકર્મને.

**भावार्थ :–** ભગવાને એ સારી રીતે જાણી લીધુ હતું કે સંસારમાં અજ્ઞાની પ્રાણી પરિગ્રહના કારણે કર્મોથી લેપાઈને કલેશ પામે છે. તેથી પ્રભુએ કર્મબંધનને સંપૂર્ણ રીતે જાણીને કર્મના ઉપાદાન રૂપ પાપના પ્રત્યાખ્યાન કર્યા હતા.

**१६ दुविहं समिच्च मेहावी, किरियमक्खायमणेलिसं णाणी ।**
**आयाणसोयमइवायसोयं, जोगं च सव्वसो णच्चा ॥**

**शब्दार्थ :– दुविहं** = બે પ્રકારના કર્મોને, **समिच्च** = જાણીને, **मेहावी** = મેધાવી, સર્વભાવો ને જાણનાર, **किरियं** = ક્રિયાને, **अक्खायं** = કથન કર્યું હતું, **अणेलिसं** = અનુપમ, **णाणी** = કેવળજ્ઞાની, **आयाणसोयं** = આદાન સ્રોત, **अइवायसोयं** = અતિપાત સ્રોત.

**भावार्थ :–** જ્ઞાની અને મેધાવી ભગવાને ઈન્દ્રિયાશ્રવ, હિંસાદિ આશ્રવ અને યોગ આશ્રવ જાણી, સારી રીતે વિચારી અને ઈર્યાપથિક અને સાંપરાયિક કર્મબંધ રૂપ બે પ્રકારની ક્રિયાને જાણી, તેનાથી મુક્ત થવા માટે અનુપમ સંયમાનુષ્ઠાનનું પ્રતિપાદન કર્યું છે.

**૧૭** **अइवत्तियं अणाउट्टिं, सयमण्णेसिं अकरणयाए ।**
**जस्सित्थीओ परिण्णाया, सव्वकम्मावहाओ सेऽदक्खू ॥**

**શબ્દાર્થ :–** **अइवत्तियं** = હિંસાની પ્રવૃત્તિ, **अणाउट्टिं** = સંકલ્પ વિનાની, **सयं** = પોતે, **अण्णेसिं** = બીજા પાસે, **अकरणयाए** = કરે નહિ, કરાવે નહિ, **जस्स** = જેણે, **इत्थीओ** = સ્ત્રીઓનો, સ્ત્રી સંસર્ગને, **परिण्णाया** = જાણીને ત્યાગ કર્યો છે, **सव्वकम्मावहाओ** = સર્વ પાપોનું કારણ, **सेऽदक्खू** = તે યથાર્થદર્શી છે.

**ભાવાર્થ :–** તે સમ્યગ્દષ્ટિ ભગવાન મહાવીરે સંકલ્પપૂર્વકની અને સંકલ્પ રહિતની સર્વ હિંસા કરવી કે બીજા પાસે કરાવવી તે સર્વનો ત્યાગ કરી દીધો હતો, સ્ત્રી સંસર્ગને પણ કર્મ પરંપરાનું અને પાપ પરંપરાની વૃદ્ધિનું કારણ સમજીને તેનો સમ્યક્ પ્રકારે ત્યાગ કરી દીધો હતો .

**વિવેચન :–**

ગાથા ૧૨ થી ૧૭ સુધીમાં ભગવાનની અહિંસાયુક્ત વિવેકચર્યાનું વર્ણન છે. સાથે જ છકાય જીવોના અસ્તિત્વ તથા એક યોનિમાંથી બીજી યોનિમાં જન્મ પરિવર્તનનું વર્ણન કર્યું છે.

**चित्तमंताइं से अभिण्णाय :–** શ્રમણ ભગવાન મહાવીરના આ અતીન્દ્રિય જ્ઞાનની પ્રતીતિ છે. જૈનદર્શન સિવાય કોઈ પણ દર્શનમાં પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ કે વનસ્પતિ જેવા સ્થિર તત્ત્વોમાં ચેતન છે, એવું વિધાન મળતું નથી. ભગવાન મહાવીરે પૃથ્વી, પાણી, અગ્નિ વગેરે છકાયજીવોનું અસ્તિત્વ અને સ્વરૂપ સ્પષ્ટ કર્યું છે. તે ગાથા ૧૨, ૧૩ માં સ્પષ્ટ છે. તેનું તાત્પર્ય એ છે કે પૃથ્વી પાણી આદિ સ્થાવર જીવોમાં પણ ચેતના છે.

**अदु थावरा तसत्ताए, तस जीवा य थावरत्ताए :–** આ ગાથામાં જીવોના પુનર્જન્મ અને યોનિ પરિવર્તનની માન્યતા સ્પષ્ટ કરી છે. પાશ્ચાત્ય તેમજ વિદેશી ધર્મ પુનર્જન્મને સ્વીકારતા નથી. ચાર્વાકાદિ નાસ્તિકો શરીરમાં આત્મા જેવા કોઈ તત્ત્વને જ માનતા નથી. તેઓ વર્તમાનના ભવ પછી જીવના અસ્તિત્વને જ સ્વીકારતા નથી પરંતુ પૂર્વજન્મની ઘટનાઓને પ્રગટ કરનારી કેટલીય વ્યક્તિઓના પ્રત્યક્ષ મળવાથી અને તેનો અભ્યાસ કરવાથી પરામનોવૈજ્ઞાનિકો પણ આ નિર્ણય ઉપર આવ્યા છે કે પુનર્જન્મ છે, પૂર્વજન્મ છે, ચેતના આ જન્મની સાથે નાશ પામતી નથી.

ભગવાન મહાવીરના સમયમાં એક માન્યતા પ્રચલિત હતી અને આજે પણ બ્રહ્માકુમારીવાળા માને છે કે સ્ત્રી મરીને સ્ત્રી જ થાય છે, પુરુષ મરીને પુરુષ જ થાય છે. જે જીવ વર્તમાને જે યોનિમાં છે, તે જીવ આવતા ભવમાં પણ તે જ યોનિમાં ઉત્પન્ન થાય છે. પૃથ્વીકાયાદિ સ્થાવર જીવ પૃથ્વીકાયિક આદિ સ્થાવર જીવ રૂપે જ ઉત્પન્ન થાય છે. ત્રસકાયિક જીવ ત્રસયોનિમાં જ ઉત્પન્ન થાય છે. ભગવાને આ માન્યતાનું ખંડન કર્યું અને યુક્તિ તથા અનુભૂતિ દ્વારા નિશ્ચિત રૂપે કથન કર્યું કે પોત–પોતાના કર્મોદયને વશ જીવ એક યોનિમાંથી બીજી યોનિમાં જન્મ લે છે. ત્રસ, સ્થાવર રૂપે જન્મ લઈ શકે છે અને સ્થાવર ત્રસ રૂપે જન્મ લઈ શકે છે.

ભગવતી સૂત્રમાં ગૌતમ સ્વામીએ પ્રભુને પ્રશ્ન પૂછ્યો છે કે " હે ભગવન્ ! આ જીવ પૃથ્વીકાયથી લઈને ત્રસકાય સ્વરૂપે પહેલાં પણ ઉત્પન્ન થયો છે ?" તેનો જવાબ આપતા પ્રભુએ કહ્યું કે "આ જીવ વારંવાર નહિ પણ અનંતવાર સર્વ યોનિઓમાં જન્મ લઈ ચૂક્યો છે"

**कम्मुणा कप्पिया पुढो बाला :–** રાગ, દ્વેષથી પ્રેરિત થયેલા અજ્ઞાની જીવ પોતાના કર્મોના કારણે પૃથક્–પૃથક્, વારંવાર સર્વ યોનિઓમાં જાય છે, આવે છે.

**सोवहिए हु लुप्पइ :–** આ ચરણમાં 'ઉપધિ' શબ્દ વિશેષ અર્થને બતાવે છે. ઉપધિ ત્રણ પ્રકારની છે– (૧) શરીર, (૨) કર્મ (૩) પરિગ્રહ, બાહ્ય– આભ્યંતર પરિગ્રહને પણ ઉપધિ કહે છે. ભગવાન સમજતા હતા કે આ સર્વ ઉપધિઓથી મનુષ્યનું સંયમી જીવન દબાઈ જાય છે. આ ઉપધિઓ આત્મ ગુણોને લૂંટનાર છે.

**दुविहं समिच्च :–** આ સોળમી ગાથામાં બે પ્રકારની ક્રિયાનો સંકેત છે. તેનો સંબંધ ત્રીજા ચરણમાં કહેલ આદાનશ્રોત અને અતિપાત સ્રોત રૂપ બે પ્રકારના આશ્રવથી પણ થાય છે અને ટીકાકારે ઈરિયાવહિ અને સાંપરાયિક ક્રિયાથી સંબંધ કર્યો છે. સાર એ છે કે ક્રિયા અને કર્મ તથા આશ્રવોને જાણી તેનાથી છૂટવા માટે પ્રભુએ અનુપમ સંયમ માર્ગનું પ્રતિપાદન કર્યું છે અને તેનું આચરણ કર્યું છે.

**अणेलिसं किरियं :–** ભગવાન મહાવીરે સંસાર પરંપરાના ચીલે નહિ ચાલતાં પોતાની સ્વતંત્ર પ્રજ્ઞા અને અનુભૂતિથી સત્યની શોધ કરી, આત્મા જેનાથી બંધાયો છે તેવા કર્મોથી સર્વથા મુક્ત થવાની સાધના કરી, તે સાધના પદ્ધતિ ઘણી અનુપમ હતી. કર્મોના સ્રોતને તેઓએ સર્વથા જાણી લીધા હતા–તે નીચે પ્રમાણે છે–

૧. **आयाणसोयं(આદાનસ્રોત)** ઈન્દ્રિય વિષયોથી સંબંધિત જે કર્માશ્રવ છે તેને આદાન સ્રોત કહેલ છે.

૨. **अइवायसोयं(અતિપાત સ્રોત)** આદિ પદના ગ્રહણથી સર્વનું ગ્રહણ થઈ જાય છે, તે ન્યાયે અતિપાત–હિંસાના ગ્રહણથી અસત્ય, ચોરી, મૈથુન, પરિગ્રહ,આ સર્વનું ગ્રહણ થઈ જાય છે. આ આસ્રવ પણ કર્મોના સ્રોત છે. જેનાથી અતિપાતક(પાપ) થાય છે, તે સર્વ હિંસા આદિ અતિપાત છે.

**जोगं च :–** ઉપર કહેલા બંને પ્રકારના સ્રોતોને જો એક શબ્દમાં સમાવેશ કરવામાં આવે તો યોગ શબ્દમાં સમાવેશ થઈ જાય છે. તેથી પુનઃ **योगं च** કહેલ છે. મન, વચન, કાયાનો વ્યાપાર જ્યાં સુધી ચાલતો રહે, ત્યાં સુધી શુભ કે અશુભ કર્મોનો પ્રવાહ ચાલુ જ રહે છે.

ભગવાને અશુભયોગથી સર્વથા નિવૃત્તિ લઈ સહજ વૃત્તિરૂપ શુભયોગમાં પ્રવૃત્તિ કરી. કર્મોના સ્રોતોને બંધ કરવાની સાથે તેઓએ પાપકાર્યોથી સર્વથા મુક્ત થઈ કર્મમુક્તિની સાધના કરી.

આ ગાથાના આદાનસ્રોત આદિ શબ્દોને લઈને જૈન વિશ્વભારતી લાડનૂંના આચારાંગ સૂત્રમાં દીક્ષાર્થી વર્ધમાન કુમાર અને નંદીવર્ધનનો એક સંવાદ પ્રસ્તુત કરેલ છે, તે આ પ્રમાણે છે–

ગૃહસ્થાવાસમાં ભગવાનને અનાસક્ત જીવન જીવતા જોઈને તેમના કાકા, ભાઈ નંદીવર્ધન તથા

અન્ય મિત્રોએ કહ્યું કે તમે શબ્દ, રૂપ આદિ વિષયોનો ઉપભોગ કેમ કરતા નથી ? ત્યારે ભગવાને કહ્યું કે– ઈન્દ્રિયો સ્રોત છે. તેનાથી કર્મબંધન થાય છે. મારો આત્મા તો સ્વતંત્ર થવા તલસી રહ્યો છે તેથી હું આ વિષયોનો ઉપભોગ કરી શકતો નથી.

આ સાંભળીને તેઓએ કહ્યું કે કુમાર તમે ઠંડુ પાણી કેમ પીતા નથી ? સચિત્ત આહાર કેમ કરતા નથી ? ભગવાને ઉત્તર આપ્યો કે– હિંસા સ્રોત છે. તેનાથી બંધન થાય છે. મારો આત્મા બંધનથી મુક્ત થવા ઝંખી રહ્યો છે તેથી હું મારા સમાન જ અન્ય જીવોના પ્રાણ વિનાશ કરી શકતો નથી.

તેઓએ કહ્યું– કુમાર તમે પ્રાયઃ ધ્યાનની મુદ્રામાં જ બેસો છો, તો મનોરંજન કેમ કરતા નથી ?

ભગવાને કહ્યું– મન, વચન અને કાયા આ ત્રણે ય સ્રોત છે. તેનાથી કર્મબંધન થાય છે. મારો આત્મા તેનાથી અલિપ્ત બની સ્વતંત્ર થવા ઈચ્છે છે તેથી હું મનોરંજન દ્વારા તેને ચંચળ બનાવવા ઈચ્છતો નથી. તેઓએ કહ્યું– કુમાર ! તમે સ્નાન કેમ કરતા નથી ? ધરતી પર શા માટે સૂવો છો ? ભગવાને કહ્યું– દેહાસક્તિ અને આરામ આ બંને સ્રોત છે. હું તો સ્રોતનો સંવર ઈચ્છું છું માટે મેં આ પ્રકારની ચર્યા સ્વીકારી છે.

### સમિતિમય સાધના :–

**૧૮** **अहाकडं ण से सेवे, सव्वसो कम्मुणा य अदक्खू ।**
**जं किंचि पावगं भगवं, तं अकुव्वं वियडं भुंजित्था ॥**

**શબ્દાર્થ :– अहाकडं** = આધાકર્મી આહારનું, **ण सेवे** = સેવન કર્યું નહિ, **से** = તેઓ, **सव्वसो** = સર્વ પ્રકારે, **कम्मुणा** = કર્મોના બંધને, **अदक्खू** = જોતા હતા, **जं किं चि** = જે કાંઈ, **पावगं** = પાપનું કારણ હતું, **तं** = તેનું, **भगवं** = ભગવાન મહાવીર, **अकुव्वं** = સેવન કરતા ન હતા પરંતુ, **वियडं भुंजित्था** = પ્રાસુક આહારનું સેવન કરતા હતા.

**ભાવાર્થ :–** ભગવાન મહાવીર સ્વામીએ આધાકર્મ દોષવાળા આહારને કર્મબંધનું કારણ જાણીને તેના ગ્રહણનો તેમજ સંકલ્પમાત્રનો ત્યાગ કરી દીધો હતો અને આહાર વિષયક અન્ય પણ સર્વ દોષોનું સેવન નહિ કરતાં નિર્દોષ તેમજ પ્રાસુક આહારનું સેવન કરતા હતા.

**૧૯** **णो सेवइ य परवत्थं, परपाए वि से ण भुंजित्था ।**
**परिवज्जियाण ओमाणं, गच्छइ संखडिं असरणाए ॥**

**શબ્દાર્થ :– णो सेवइ** = સેવન કરતા ન હતા, **परवत्थं** = ગૃહસ્થના વસ્ત્ર, બીજાના વસ્ત્રને, **परपाए वि** = બીજાના પાત્રમાં પણ, **से** = તેઓ, **ण भुंजित्था** = જમતા ન હતા, **परिवज्जियाण** = ત્યાગ કરીને, **ओमाणं** = અપમાનોને, **गच्छइ** = જતા હતા, **संखडिं** = આહારની જગ્યામાં, **असरणाए** = દીન ભાવથી રહિત,

અદીન ભાવથી.

**ભાવાર્થ :–** ભગવાન ગૃહસ્થના વસ્ત્રનું સેવન કરતા ન હતા, બીજાના પાત્રમાં ભોજન પણ કરતા ન હતા. તેઓ અપમાનની પરવા કર્યા વિના, કોઈનું શરણ લીધા વિના, અદીનભાવે ભિક્ષાના સ્થળે ભિક્ષા માટે જતા હતા.

**૨૦** **मायण्णे असणपाणस्स, णाणुगिद्धे रसेसु अपडिण्णे ।**
**अच्छिंपि णो पमज्जिज्जा, णो वि य कंडूयए मुणी गायं ॥**

**શબ્દાર્થ :– मायण्णे** = માત્રાને જાણતા હતા, માત્રજ્ઞ હતા, **असणपाणस्स** = આહાર પાણીની, **णाणुगिद्धे** = આસક્ત થતા ન હતા તથા, **रसेसु** = રસોમાં, **अपडिण्णे** = પ્રતિજ્ઞાથી રહિત, **अच्छि** = આંખનું, **णो पि पमज्जिज्जा** = પ્રમાર્જન કરતા ન હતા, સાફ કરતા ન હતા, **णो वि कंडूयए** = ક્યારે ય ખંજવાળતા ન હતા, **गायं** = પોતાના શરીરને.

**ભાવાર્થ :–** ભગવાન અશન, પાનની માત્રા જાણતા હતા, તેઓ રસમાં આસક્ત ન હતા, તેઓ અનુકૂળતા માટે ભોજન વિષયક પ્રતિજ્ઞા કે સંકલ્પ કરતા ન હતા. આંખમાં રજકણાદિ પડે તો તેઓ તેનું પ્રમાર્જન કરતા ન હતા, તેને સાફ કરતા ન હતા અને શરીરને ક્યારે ય પણ ખંજવાળતા ન હતા.

**૨૧** **अप्पं तिरियं पेहाए, अप्पं पिट्ठओ उ पेहाए ।**
**अप्पं बुइए अपडिभाणी, पंथपेही चरे जयमाणे ॥**

**શબ્દાર્થ :– अप्पं पेहाए** = નહિ જોતા, **तिरियं** = તિરછા, **पिट्ठओ** = પાછળ પણ, **अप्पं पेहाए** = નહિ જોતા, **उ** = પણ, **अप्पं बुइए** = મૌન રહેતા હતા, **अपडिभाणी** = કોઈના બોલાવવા પર પણ ન બોલતા, પ્રત્યુત્તર ન આપતા, **पंथपेही** = કેવળ પોતાના રસ્તાને જોતા, **चरे** = ચાલતા હતા, **जयमाणं** = યત્નાપૂર્વક.

**ભાવાર્થ :–** ભગવાન ચાલતા સમયે જમણી બાજુ, ડાબી બાજુ, તિરછા તથા પાછળ જોતા ન હતા. તેઓ મૌનપૂર્વક ચાલતાં, કોઈ પૂછે તો તેનો જવાબ પણ ન આપતા, યત્નાપૂર્વક માર્ગને જોઈને ચાલતા હતા.

## વિવેચન :–

ગાથા ૧૮ થી ૨૧ સુધીની ચાર ગાથાઓમાં પ્રભુની ઈર્યા, ભાષા અને એષણા સમિતિનું વર્ણન છે. જેમ કે– ૧.આધાકર્મ આદિ દોષયુક્ત આહાર ત્યાગ.૨.સચેત આહાર ત્યાગ.૩.પર–પાત્રમાં આહાર ન વાપરવો.૪.ગૃહસ્થાદિ પાસેથી આહાર મંગાવીને લેવાનો ત્યાગ, નિમંત્રણ પૂર્વકના આહારનો, આગ્રહ કે સન્માનની અપેક્ષાનો ત્યાગ.૫.જેટલી જરૂર છે તે કરતા વધારે આહાર કરવાનો ત્યાગ.૬.સ્વાદની લોલુપતાનો ત્યાગ. ૭.મનોજ્ઞ આહારના સંકલ્પનો ત્યાગ.

**परवत्थं परपायं :–** ચૂર્ણિ અનુસાર ભગવાને દીક્ષાના સમયે જે દેવદૂષ્ય વસ્ત્ર ધારણ કર્યું હતુ તે તેર માસ સુધી ધારણ કર્યું પરંતુ ઠંડી આદિથી રક્ષણ માટે તેનો ઉપયોગ કર્યો ન હતો. તેર માસ પછી વસ્ત્રનો ત્યાગ કર્યો. ત્યાર પછી પ્રભુએ અન્ય વસ્ત્ર ગ્રહણ કર્યું ન હતું. તેમજ તેઓ કરપાત્રી હોવાથી ગૃહસ્થના પાત્રનો પણ ઉપયોગ કર્યો ન હતો. ગૃહસ્થના વસ્ત્ર પાત્રનો ઉપયોગ શ્રમણો માટે નિષિદ્ધ છે કારણ કે તેને સાફ કરવામાં ગૃહસ્થને સચેત પાણી આદિનો ઉપયોગ કરવો પડે છે, જેથી પશ્ચાત્કર્મ આદિ દોષોની સંભાવના રહે છે.

નાલંદાની તંતુવાયશાળામાં જ્યારે ભગવાન બિરાજતા હતા, ત્યારે ગોશાલકે પ્રભુ માટે આહાર લાવવાની આજ્ઞા માગી તો પ્રભુએ ના પાડી કારણ કે તે કદાચ ગૃહસ્થના પાત્રમાં આહાર લાવતો. કેવળજ્ઞાની થયા પછી સિંહા અણગાર દ્વારા લાવવામાં આવેલી ઔષધિ પણ ભગવાને પોતાના હાથમાં લઈને વાપરી હતી.

**अप्पं तिरियं** આદિ ગાથા ૨૧માં આવેલો 'અપ્પ' શબ્દ અલ્પ અર્થમાં નહીં પણ નિષેધ અર્થમાં છે. ચાલતા સમયે ભગવાનનું ધ્યાન પોતાની સામેના રસ્તા ઉપર જ રહેતું હતું, તેથી તેઓ પાછળ કે આજુ–બાજુ પણ જોતા નહિ અને રસ્તે ચાલતા કોઈની સાથે બોલતા ન હતા. અહિંસાના પાલક પ્રભુ જીવ દયાની દૃષ્ટિ કેળવતાં, ક્યાંય આડું અવળું ન જોતાં ઈર્યાસમિતિ પૂર્વક ચાલતા હતા.

### વસ્ત્રત્યાગ શીત આતાપના :–

**૨૨** **सिसिरंसि अद्धपडिवण्णे, तं वोसज्ज वत्थमणगारे ।**
**पसारित्तु बाहुं परक्कमे, णो अवलंबियाण खंधंसि ॥**

**શબ્દાર્થ :– सिसिरंसि** = શિશિર ઋતુમાં, શીતકાળમાં, **अद्धपडिवण्णे** = માર્ગમાં, ચાલતાં, **पसारित्तु** = ફેલાવીને, **बाहुं** = ભુજાઓને, **परक्कमे** = ચાલતા હતા, **णो अवलंबियाण** = અવલંબન લેતા ન હતા, **खंधंसि** = ખભાનો.

**ભાવાર્થ :–** અણગાર ભગવાન મહાવીર સ્વામીએ શિશિર ઋતુમાં વિહાર કરતાં રસ્તામાં તે ઈન્દ્રપ્રદત્ત વસ્ત્રને વોસિરાવી દીધું તેમજ ઠંડીના પરીષહને સહન કરવા માટે બંને ભુજાઓને ફેલાવીને ઊભા રહેતા હતા પરંતુ બંને હાથને ખભા પર બાંધી છાતીને ઢાંકી રાખતા ન હતા અર્થાત્ ઠંડીથી બચવા શરીરને સંકોચતા ન હતા.

### વિવેચન :–

**सिसिरंसि अद्धपडिवण्णे :–** ઠંડીમાં ભગવાન જ્યારે વિહારમાં હતા ત્યારે તેઓએ તે વસ્ત્રને વોસરાવી દીધું અર્થાત્ યોગ્ય જગ્યા જોઈ તે વસ્ત્રને ત્યાગી દીધું. આ ગાથામાં વસ્ત્ર ફાડીને કોઈને પણ આપવાનું કથન નથી અને સંયમ મર્યાદામાં વસ્ત્ર કોઈને દેવાનું હોતું નથી. ભગવાને પોતાની સાધના કાળમાં કોઈ

સંયમ મર્યાદાનો ભંગ કર્યો નથી. દેવદૂષ્ય વસ્ત્ર પરઠવા સંબંધી વર્ણન આ ઉદ્દેશકની ત્રીજી અને બાવીસમી બે ગાથાઓમાં છે પરંતુ કોઈને દેવાનું કથન નથી.

**ઉદ્દેશકનો ઉપસંહાર :–**

**૨૩** **एस विही अणुक्कंतो, माहणेण मईमया ।**
**अपडिण्णेण वीरेण, कासवेण महेसिणा ॥ त्ति बेमि ॥**
**(बहुसो अपडिण्णेण, भगवया एवं रीयंति ॥ त्ति बेमि ॥)**

**॥ पढमो उद्देसो समत्तो ॥**

**શબ્દાર્થ :– एस** = આ, **विही** = વિધિનું, **अणुक्कंतो** = આચરણ કર્યું હતું, **माहणेण** = માહણ, **मईमया** = મતિમાન, **अपडिण्णेण** = નિદાન રહિત, **वीरेण** = વીર, **कासवेण** = કાશ્યપ ગોત્રી, **महेसिणा** = મહર્ષિ, **बहुसो** = અનેકવાર,( **एवं रीयंति** = આ પ્રમાણે આચરણ કરવું જોઈએ.)

**ભાવાર્થ :–** જ્ઞાનવાન, અપ્રતિજ્ઞ, મહામાહણ (અહિંસક) કાશ્યપગોત્રીય મહર્ષિ ભગવાન મહાવીરે આ રીતની ઉપરોક્ત સંયમ વિધિનું આચરણ કર્યું હતું. તેથી મુમુક્ષુજનોએ આ વિધિનું આચરણ કરવું જોઈએ. –એમ ભગવાને કહ્યું છે.

**॥ પ્રથમ ઉદ્દેશક સમાપ્ત ॥**

**વિવેચન :–**

**अणुक्कंतो :–** ભગવાને આ ઉદ્દેશકની ૧ થી ૨૩ ગાથા સુધીમાં વર્ણિત આચારનું આચરણ કર્યું પરંતુ ચૂર્ણિકાર તેના બે અર્થ કહે છે– ૧.અન્ય તીર્થંકરો દ્વારા આચરિતનું આચરણ કર્યું. ૨. તીર્થંકરોના માર્ગનું અતિક્રમણ ન કર્યું અર્થાત્ તેઓની પ્રણાલિકાને જાળવી તેથી આ અન્યાનતિક્રાંત વિધિ છે.

**अपडिण्णेण भगवया :–** ભગવાન કોઈ વિધિ– વિધાનમાં પૂર્વગ્રહ, નિદાન કે હઠાગ્રહ પૂર્વક વર્તતા ન હતા. તેઓ સાપેક્ષ–અનેકાંતવાદી હતા. આહારના વિષયમાં કોઈ મનોજ્ઞ આહારની સુવિધા માટે તેઓ સંકલ્પ કે આગ્રહ રાખતા ન હતા પરંતુ ત્યાગની ભાવના સાથે અભિગ્રહ ધારણ કરતા હતા.

**एसविही :–** આ નવમાં અધ્યયનના ચારે ય ઉદ્દેશકની અંતિમ ગાથા એક સરખી છે. તેના ત્રીજા અને ચોથા ચરણના મૂળપાઠમાં ભિન્નતા જણાય છે. તેનું કારણ એ છે કે એક પ્રકારનો પાઠ ચૂર્ણિકારે સ્વીકારેલ છે અને બીજા પ્રકારનો પાઠ ટીકાકારે સ્વીકારેલ છે. ચૂર્ણિકારે સ્વીકારેલ પાઠની સંરચના અને અર્થઘટના વધારે સુસંગત હોવાના કારણે અહીં તે પાઠને સ્પષ્ટ રૂપે સ્વીકારેલ છે. સાથે ટીકાકારે સ્વીકારેલ પાઠને કોષ્ટકમાં રાખ્યો છે.

**॥ અધ્યયન–૯/૧ સંપૂર્ણ ॥**

# નવમું અધ્યયન : બીજો ઉદ્દેશક

**સાધનાકાળમાં પ્રભુના સ્થાનો :–**

**૧** चरियासणाइं सेज्जाओ, एगइयाओ जाओ बुइयाओ ।
आइक्ख ताइं सयणासणाइं, जाइं सेवित्था से महावीरे ॥

**શબ્દાર્થ :–** **चरिया** = ભગવાન મહાવીર સ્વામીની ચર્યામાં, **आसणाइं** = આસન **सेज्जाओ** = શય્યાઓ, **एगइयाओ** = કેટલાંક, **जाओ** = જે, **बुइयाओ** = કહેલી છે, **आइक्ख** = આપ મને કહો, **ताइं** = તે, **सयणासणाइं** = શય્યા અને આસનોના વિષયમાં, **जाइं** = જેઓને, **सेवित्था** = સેવન કર્યું હતું, **से** = તે, **महावीरे** = ભગવાન મહાવીર સ્વામીએ.

**ભાવાર્થ :–** જે વિહારચર્યા, આસન, શય્યા આદિનું ભગવાન મહાવીરે સેવન કર્યું હતું અને તેમાંથી કેટલાક પ્રસિદ્ધ છે તે શયન, આસનાદિના વિષયમાં આપ મને કહો.

**૨** आवेसण–सभा–पवासु, पणियसालासु एगया वासो ।
अदुवा पलियट्ठाणेसु, पलालपुंजेसु एगया वासो ॥

**શબ્દાર્થ :–** **आवेसण** = જેની ચારે બાજુ દીવાલ બનેલી હોય એવા શૂન્ય ઘરમાં, **सभा** = સભાભવન, **पवासु** = પરબમાં, **पणियसालासु** = દુકાનોમાં, **एगया** = ક્યારેક, **वासो** = રહેતા હતા, **पलियट्ठाणेसु** = સુથાર અને લુહારાદિને કાર્ય કરવાની જગ્યામાં, **पलालपुंजेसु** = મંચના ઉપર રાખેલ ઘાસના સમૂહની નીચે.

**ભાવાર્થ :–** ભગવાન ક્યારેક શૂન્ય ખંડેરોમાં, ક્યારેક સભા ભવનોમાં ક્યારેક પરબોમાં અને ક્યારેક દુકાનોમાં નિવાસ કરતા હતા અથવા ક્યારેક લુહાર, સુથાર, સોની આદિની દુકાનો–કારખાનામાં અને ક્યારેક પલાલપુંજથી બનેલી ઝૂંપડીમાં નિવાસ કરતા હતા.

**૩** आगंतारे आरामागारे, गामे णगरे वि एगया वासो ।
सुसाणे सुण्णगारे वा, रुक्खमूले वि एगया वासो ॥

**શબ્દાર્થ :–** **आगंतारे** = મુસાફરોને ઉતરવાની જગ્યા–ધર્મશાળા આદિમાં, **आरामागारे** = બગીચામાં બનેલા મકાનમાં, **सुसाणे** = સ્મશાનમાં, **सुण्णगारे** = શૂન્યઘરોમાં, **रुक्खमूले वि** = વૃક્ષની નીચે પણ.

**ભાવાર્થ :–** ભગવાન ક્યારેક ધર્મશાળાઓમાં, ક્યારેક બગીચામાં બનેલા મકાનમાં અર્થાત્ આરામગૃહમાં અથવા ગામ કે નગરમાં રહેતા હતા. તેઓ ક્યારેક સ્મશાનમાં, ક્યારેક શૂન્ય ઘરમાં, તો ક્યારેક વૃક્ષની

નીચે પણ રહેતા હતા.

**૪ एतेहिं मुणी सयणेहिं, समणे आसि पतेरस वासे ।**
**राइंदिवं पि जयमाणे, अप्पमत्ते समाहिए झाइ ॥**

**શબ્દાર્થ :– पतेरसवासे** = ઉત્કૃષ્ટ તેર વર્ષ સુધી અર્થાત્ તેરવર્ષથી કંઈક ઓછું, **राइंदिवं पि** = રાત દિન, **जयमाणे**= સંયમ અનુષ્ઠાનમાં યત્નાવાન રહેતા હતા.

**ભાવાર્થ :–** મુનીશ્વર મહાવીર આ પૂર્વોક્ત શય્યા સ્થાનોમાં સાધના કાળના બાર વર્ષ, પાંચ માસ, પંદર દિવસ સુધી હંમેશાં પ્રત્યેક પ્રવૃત્તિમાં યત્નાશીલ થઈને રહ્યા હતા અને અપ્રમત્ત ભાવથી સમાધિ પૂર્વક ધ્યાન કરતા હતા.

**વિવેચન :–**

આ ગાથાઓમાં ભગવાને વિહાર કરતાં જે જે સ્થાનોમાં નિવાસ કર્યો હતો અને જ્યાં ધ્યાન સાધના કરી હતી તેનું વર્ણન કર્યું છે. તે સ્થાન આ પ્રમાણે છે– (૧) ખંડેર (૨) સભા ભવન (૩) પરબ (૪) દુકાન (૫) કારખાના (૬) મંચ (૭) પ્રવાસી ગૃહ(ધર્મશાળા) (૮) આરામગૃહ (૯) ગામ કે નગર (૧૦) શ્મશાન (૧૧) શૂન્યઘર (૧૨) વૃક્ષની નીચે.

આ પ્રકારના નિવાસ સ્થાનોના વર્ણનથી એ સ્પષ્ટ થાય છે કે તીર્થંકર અથવા શ્રમણોના નિવાસ સ્થાનના સંબંધમાં કોઈ એકાંતિક આગ્રહ હોતો નથી. ભગવતી સૂત્ર શતક ૧૫ વગેરેથી પણ આ વાતની પુષ્ટી થાય છે જે લોકો કહે છે કે પહેલાંના જૈન શ્રમણો જંગલમાં અને નગરની બહાર રહેતા હતા. કાલક્રમે શિથિલતા થવાથી તેઓ ગામ કે નગરની અંદર રહેવા લાગ્યા. આ કથન કલ્પિત છે અને તે લોકોની આગમ જ્ઞાનની અપૂર્ણતા અથવા ભ્રમણાને જ પ્રગટ કરે છે. જૈન શ્રમણ પ્રસંગાનુસાર ગામ નગરની બહાર કે અંદર, જંગલમાં કે ધર્મશાળામાં સંયમ સાધનામાં અબાધક કોઈ પણ સ્થાનમાં રહી શકે છે. તીર્થંકર પણ કોઈ સ્થાનમાં રહી શકે છે અને વ્યક્તિગત સ્થાન પણ સંયમાનુકૂળ હોય તો ત્યાં પણ રહી શકે છે. ભગવાન મહાવીરનું અંતિમ ચાતુર્માસ વ્યક્તિગત હસ્તીશાળામાં થયું હતું.

**ભગવાનની નિદ્રા અને અપ્રમત્ત દશા :–**

**૫ णिद्दं पि णो पगामाए, सेवइ भगवं उट्ठाए ।**
**जग्गावई य अप्पाणं, ईसिं साई आसी अपडिण्णे ॥**

**શબ્દાર્થ :– णिद्दं पि** = નિદ્રાનું પણ, **पगामाए** = અત્યધિક, **उट्ठाए** = પરંતુ જલ્દી ઊઠીને, **जग्गावई** = જાગૃત કરી લેતા હતા, ધર્મ જાગરણ કરતા હતા, તલ્લીન રહેતા હતા પરંતુ, **ईसिं साई** = ક્યારેક કિંચિત્ શયન કરી લેતા હતા, **अपडिण्णे** = અધિક સમયના આગ્રહ વિના અથવા હંમેશાં સૂવું કે અમુક સમય

સૂવું એવો કોઈ આગ્રહ રાખતા ન હતા. શરીરની આવશ્યતા જોઈને સૂઈ જતા હતા.

**ભાવાર્થ :–** ભગવાન પ્રકામ– અત્યંત નિદ્રાનું સેવન કરતા ન હતા, જલ્દી ઊઠીને સાવધાન થઈ ધર્મજાગરણ કરી લેતા હતા,અધિક સમયના આગ્રહ વિના ક્યારેક શરીરની આવશ્યકતા જાણી કિંચિત્ સૂઈ જતા હતા.

**६ संबुज्झमाणे पुणरवि, आसिंसु भगवं उट्ठाए ।**
**णिक्खम्म एगया राओ, बहिं चंकमिया मुहुत्तागं ॥**

**શબ્દાર્થ :– संबुज्झमाणे** = સારી રીતે જાગૃત થઈને, **पुणरवि** = ફરી નિદ્રા પ્રમાદથી છૂટવા, **आसिंसु** = અપ્રમાદભાવે રહેતા હતા, **उट्ठाए** = ઊઠીને ઊભા થતા, **णिक्खम्म** = નીકળીને, **बहिं** = પોતાની જગ્યાથી બહાર, **मुहुत्तागं** = થોડાક સમય સુધી, **चंकमिया** = ચંક્રમણ કરીને થોડા પગલા ચાલીને ધ્યાનમાં સ્થિર થતા હતા.

**ભાવાર્થ :–** નિદ્રાથી જાગૃત થઈને ભગવાન નિદ્રા પ્રમાદથી છૂટવા ઊભા થઈ જતા હતા અને ક્યારેક ક્યારેક રાત્રિમાં મકાનમાંથી નીકળીને નિદ્રા પ્રમાદને દૂર કરવા માટે થોડો સમય ચંક્રમણ કરી, આંટા મારી ધ્યાનમાં સ્થિર થઈ જતા હતા.

## વિવેચન :–

ભગવાનની નિદ્રાની વિધિ પણ ઘણી જ અદ્ભુત હતી. તેઓ ધ્યાન દ્વારા નિદ્રા ઉપર સંયમ કરતા હતા. નિદ્રા ઉપર વિજય મેળવવા તેઓ ક્યારેક ઊભા થઈ જતા, ક્યારેક સ્થાનથી બહાર જતા, ક્યારેક બહાર જઈને ચંક્રમણ કરતા અને ક્યારેક કાયોત્સર્ગ કરી લેતા હતા. આ રીતે બનતા ઉપાયોથી નિદ્રા પર વિજય મેળવતા હતા.

**ईसिं साई आसी :–** ભગવાન મહાવીર સ્વામીના છદ્મસ્થકાળની અપ્રમત્તતાને લઈને તેઓની નિદ્રા અને શયન સંબંધી લોકશ્રુતિ એવી છે કે તેઓ છદ્મસ્થ કાળના સાડા બાર વર્ષમાં ક્યારે ય સૂતા ન હતા અને સંકલ્પપૂર્વક ક્યારે ય નિદ્રા લીધી ન હતી પરંતુ આ પાંચમી ગાથાના ભાવોને જોતા એવો એકાંતિક પ્રરૂપણાનો ભાવ નીકળતો નથી. આ ગાથાનુસાર ભગવાન ક્યારેક થોડાક સૂઈ જતા હતા અને ક્યારેક અલ્પ નિદ્રા પણ લેતા હતા કારણ કે આ ગાથામાં ભગવાન માટે પ્રકામ શબ્દ આપીને એ બતાવ્યું છે કે ભગવાન અત્યધિક નિદ્રા લેતા ન હતા.

**अपडिण्णे :–** અપ્રતિજ્ઞ એટલે આહાર, નિદ્રા સ્થાન આદિ અંગે તેઓને કોઈ અપેક્ષા, સંકલ્પ ન હતો. આ બાબતમાં તેઓ અનુકૂળતા–પ્રતિકૂળતાથી નિરપેક્ષ હતા. તેઓ શરીરની આવશ્યકતા પૂર્તિ માટે જ આહારાદિનું સેવન અનુગ્રહ ભાવથી કરતા હતા. આ પ્રમાણે સહજભાવે સાધનાને અનુકૂળ જે આચરણ શક્ય હોય તેને સ્વીકારી લેતા હતા. અમુક આસનો તથા સહજ યોગની ક્રિયાઓથી શરીરને સ્થિર,

સંતુલિત અને મોહ–મમતા રહિત સ્ફૂર્તિમાન રાખવાનો તેઓ પ્રયત્ન કરતા હતા. તેઓ સંયમની કોઈ પણ પ્રવૃત્તિને આંતરિક આનંદ, આત્મદર્શન, વિશ્વાત્મચિંતન આદિના માધ્યમથી કરતા હતા.

**સાધના કાળમાં વિવિધ ઉપસર્ગ :–**

**૭** **सयणेहिं तस्सुवसग्गा, भीमा आसी अणेगरूवा य ।**
**संसप्पगा य जे पाणा, अदुवा पक्खिणो उवचरंति ॥**

**શબ્દાર્થ :– भीमा** = ભયંકર, **आसी** = થયા હતા, **अणेगरूवा** = અનેક પ્રકારના, **संसप्पगा पाणा** = સરકીને ચાલનારા પ્રાણી છે તે સર્પ, નોળિયાદિ દ્વારા, **पक्खिणो** = પક્ષી, **उवचरंति** = ઉપસર્ગ કરતા હતા,નજીક આવીને માંસ ભક્ષણ કરતા હતા.

**ભાવાર્થ :–** તે સ્થાનોમાં ભગવાનને અનેક પ્રકારના ભયંકર ઉપસર્ગો આવતા હતા, ક્યારેક સર્પ, નોળીયા આદિ પેટે ચાલનારા પ્રાણીઓ ડંખ મારતા હતા, ક્યારેક ગીધ આદિ પક્ષીઓ કષ્ટ દેતા હતા.

**૮** **अदु कुचरा उवचरंति, गामरक्खा य सत्तिहत्था य ।**
**अदु गामिया उवसग्गा, इत्थी एगइया पुरिसा य ॥**

**શબ્દાર્થ :– अदु** = ક્યારેક, અથવા, **कुचरा** = ચોર અને પારધિ આદિ, **उवचरंति** = ઉપસર્ગ કરતા હતા, **गामरक्खा** = ગ્રામરક્ષક, **सत्तिहत्था** = શક્તિ અને ભાલા આદિ શસ્ત્ર હાથમાં રાખનારા, **गामिया** = ગામના સ્ત્રી પુરુષો, **उवसग्गा** = ઉપસર્ગ આપતા હતા.

**ભાવાર્થ :–** ક્યારેક તેઓને ચોર કે કુશીલ પુરુષો આવીને તંગ કરતા, ક્યારેક હાથમાં ભાલા આદિ શસ્ત્ર લીધેલા ગ્રામરક્ષક–પહેરેગીર કે કોટવાળ તેઓને કષ્ટ આપતા, ક્યારેક ગામના કેટલાંક સ્ત્રી પુરુષો પણ કષ્ટ આપતા હતા, પરેશાન કરતા હતા.

**સ્થાન પરીષહ :–**

**૯** **इहलोइयाइं परलोइयाइं, भीमाइं अणेगरूवाइं ।**
**अवि सुब्भिदुब्भिगंधाइं, सद्दाइं अणेगरूवाइं ॥**

**શબ્દાર્થ :– अवि** = અને, **सुब्भिदुब्भिगंधाइं** = સુગંધ અને દુર્ગંધ સંબંધી.

**ભાવાર્થ :–** ભગવાને મનુષ્ય–તિર્યંચ સંબંધી અને દેવ સંબંધી અનેક પ્રકારના ભયંકર ઉપસર્ગ સહન કર્યા. તેઓ અનેક પ્રકારના પદાર્થોની સુગંધ અને દુર્ગંધમાં તથા પ્રિય અને અપ્રિય શબ્દોમાં હર્ષ–શોક રહિત મધ્યસ્થ રહેતા હતા.

**१०** **अहियासए सया समिए, फासाइं विरूवरूवाइं ।**
**अरइं रइं अभिभूय, रीयइ माहणे अबहुवाई ॥**

**શબ્દાર્થ :– अहियासए** = સમભાવપૂર્વક સહન કરતા હતા, **समिए** = સમિતિથી યુક્ત થઈને, **अभिभूय** = દૂર કરીને, **रीयइ** = વિચરતા હતા, **अबहुवाई** = થોડું બોલનારા, બહુ નહિ બોલનારા.

**ભાવાર્થ :–** તેઓ વિવિધ પ્રકારના સ્પર્શો–કષ્ટોને હંમેશાં સમભાવપૂર્વક સહન કરતા હતા. તેઓ સંયમમાં થનારી અરતિ(ગ્લાનિ) અને અસંયમમાં થનારી રતિ(હર્ષ)ને ધ્યાન દ્વારા શાંત કરી દેતા હતા. તેઓ થોડું બોલતા અને પોતાના સંયમાનુષ્ઠાનમાં પ્રવૃત્ત રહેતા હતા.

**११** **स जणेहिं तत्थ पुच्छिसु, एगचरा वि एगया राओ ।**
**अव्वाहिए कसाइत्था, पेहमाणे समाहिं अपडिण्णे ॥**

**શબ્દાર્થ :– स** = તે ભગવાન મહાવીર, **जणेहिं** = પુરુષ દ્વારા, **पुच्छिसु** = પૂછતા હતા, **एगचरा** = એકલા ફરનારા સ્ત્રી લંપટાદિ, **वि** = પણ, **अव्वाहिए** = ભગવાન પ્રત્યુત્તર ન આપે ત્યારે, **कसाइत्था** = ક્રોધિત થતા હતા, **पेहमाणे** = આ સર્વને જોતા, આત્મપ્રેક્ષા કરતા, **समाहिं** = સમાધિમાં, **अपडिण्णे** = બદલો લેવાની ઈચ્છા સંકલ્પ કરતા ન હતા.

**ભાવાર્થ :–** ક્યારેક ભગવાન પાસે આવીને લોકો પૂછતા– "તમો કોણ છો ? અહીં શા માટે ઊભા છો ?" ક્યારેક એકલા ફરનારા લોકો રાતે આવીને પૂછતા કે– "આ ખંડેરમાં– શૂન્ય ઘરમાં તમે શું કરી રહ્યા છો ?" ત્યારે ભગવાન કાંઈ પણ બોલતા નહિ, તેથી તેઓ ક્રોધિત થઈને દુર્વ્યવહાર કરતા. આ સર્વ ક્રિયાઓ પ્રત્યે ભગવાન આત્માનુપ્રેક્ષા કરતાં સમાધિમાં લીન રહેતા પરંતુ તેનો બદલો લેવાનો વિચાર કરતા ન હતા.

**१२** **अयमंतरंसि को एत्थ, अहमंसि त्ति भिक्खू आहट्टु ।**
**अयमुत्तमे से धम्मे, तुसिणीए सकसाइए झाइ ॥**

**શબ્દાર્થ :– अयं** = આ, **अंतरंसि** = આ મકાનની અંદર, સ્થાનમાં, **को** = કોણ છે, **एत्थ** = અહીં, **अहं** = હું, **अंसि त्ति** = છું, એ રીતે, **भिक्खू** = ભિક્ષુ, **आहट्टु**= કહીને ઉત્તર સાંભળી, **अयं** = આ, **उत्तमे** = ઉત્તમ, **से** = તે, **धम्मे** = ધર્મ છે એમ જાણીને, **तुसिणीए** = મૌન રહી જતા હતા, **सकसाइए** = જો તેઓ ક્રોધિત થાય તો, **झाइ** = શુભ ધ્યાનમાં લીન રહેતા હતા.

**ભાવાર્થ :–** કોઈ વ્યક્તિ ભગવાનને પૂછતી કે આ જગ્યાની અંદર રહેલ તમે કોણ છો ? ત્યારે ક્યારેક ભગવાન કહેતા કે– "હું ભિક્ષુ છું." આ ઉત્તર સાંભળી પૂછનાર ગમે તેવો વ્યવહાર કરે તો પણ ભગવાન સમજતા કે સહિષ્ણુતા એ ઉત્તમધર્મ છે. એમ સમજીને મૌન ભાવથી તેઓના કષ્ટોને સહન કરતાં ધ્યાનમાં

લીન રહેતા.

## વિવેચન :–

**सयणेहिं तस्सुवसग्गा, अणेगरूवा :–** નિવાસસ્થાનોમાં ભગવાનને મુખ્યરૂપે આ પ્રમાણે ઉપસર્ગો આવ્યા– (૧) સર્પ અને નોળિયાદિ દ્વારા કરડવું. (૨) ગીધ આદિ પક્ષીઓ દ્વારા ચાંચથી માંસ કાઢવું. (૩) કીડી, ડાંસ, મચ્છર, માખી આદિનો ઉપદ્રવ. (૪) શૂન્યઘરમાં ચોર કે કુશીલ પુરુષો દ્વારા સતામણી થવી.(૫) સશસ્ત્ર કોટવાળાદિની સતામણી. (૬) ગામના સ્ત્રી પુરુષો દ્વારા પજવણી. (૭) ક્યારેક મનુષ્ય, તિર્યંચ અને ક્યારેક દેવો દ્વારા ઉપસર્ગ. (૮) નિર્જન સ્થાનોમાં એકલા કે લુચ્ચા–લફંગા લોકો દ્વારા ઢંગધડા વગરના પ્રશ્ન–પૃચ્છા દ્વારા તંગ કરવા. (૯) આ કોણ છે ? કેમ બેઠા છે ? બહાર નીકળો. આમ અજ્ઞાની લોકો દ્વારા ક્રોધમય વ્યવહાર થવો.

**નિવાસ સ્થાનોમાં પરીષહ :–** (૧) દુર્ગંધિત સ્થાન, (૨) ઊંચું–નીચું, વિષમ કે ભયંકર સ્થાન, (૩) ઠંડીનો પ્રકોપ, (૪) ચારે બાજુથી બંધ હોય તેવી જગ્યાનો અભાવ આદિ. આવા નિવાસ સ્થાનોમાં સાધના માટે ભગવાન સાડા બાર વર્ષ સુધી હંમેશાં યત્નાપૂર્વક, અપ્રમત્તભાવે સમાધિવંત બનીને રહ્યા હતા.

**कुचरा उवचरंति :–** વૃત્તિકારે કુચરનો અર્થ કર્યો છે– ચોર, પરસ્ત્રીલંપટ આદિ લોકો ક્યાંક શૂન્ય ઘરાદિમાં આવી ઉપસર્ગ કરતા હતા. જ્યારે ભગવાન ત્રણ રસ્તા કે ચાર રસ્તા ઉપર ધ્યાનમાં ઊભા રહેતા ત્યારે સશસ્ત્ર કોટવાળ વગેરે તેમને હેરાન કરતા હતા.

**अदु गामिया ... इत्थी एगइया पुरिसा य :–** આ ગાથાનો અર્થ વૃત્તિકારે આ પ્રમાણે કર્યો છે– ક્યારેક ભગવાન એકલા એકાંત સ્થાનમાં હોય તો ગ્રામિક–ઈન્દ્રિય વિષય સંબંધી ઉપસર્ગ આવતા હતા. કામાસક્ત કોઈ સ્ત્રી કે કોઈ કામુક પુરુષ આવીને ઉપસર્ગ આપતા હતા. ભગવાનના રૂપમાં મુગ્ધ બનીને સ્ત્રીઓ તેમની પાસે કામભોગોની યાચના કરતી હતી. ભગવાન ચલિત થતા નહિ, તો તે વ્યાકુળ અને ઉત્તેજિત થયેલ સ્ત્રીઓ તેમના પતિને ભગવાન વિરુદ્ધ વાત કરીને ચડાવતી, તેઓના પતિ, સ્વજનાદિ આવીને ભગવાનને રોષ યુક્ત થઈ, પીડા આપતા હતા.

**अयमुत्तमे से धम्मे तुसिणीए :–** ક્યારેક ભગવાન પોતાનો પરિચય પૂછવા પર હું ભિક્ષુ છું એમ કહેતા અને ક્યારેક મૌન રાખવું જ શ્રેષ્ઠ છે, ઉત્તમ માર્ગ છે એમ વિચારી મૌન ધારણ કરતા હતા. ભગવાન કાંઈ ન બોલે કે જવાબ ન આપે તો તે હલકી પ્રકૃતિના લોકો ક્રોધિત થઈ જતા, મારતા, સતાવતા તથા ત્યાંથી નીકળી જવાનું કહેતા હતા.

આ સર્વ પરીષહ ઉપસર્ગના સમયે ભગવાન દુર્વ્યવહાર કરનાર પ્રત્યે બદલો લેવાનો જરા પણ વિચાર મનમાં લાવતા નહિ.

આ ગાથામાં **आहट्टु** શબ્દની વ્યાખ્યા કરતાં વ્યાખ્યાકારોએ કહ્યું છે કે કોઈ પુરુષ ભગવાનને ત્યાંથી નીકળી જવાનું કહેતા તો ભગવાન મુનિધર્મ સમજી ત્યાંથી નીકળી જતાં.

**શીત–પરીષહ :–**

**१३ जंसिप्पेगे पवेयंति, सिसिरे मारुए पवायंते ।**
**तंसिप्पेगे अणगारा, हिमवाए णिवायमेसंति ॥**

**શબ્દાર્થ :– जंसिप्पेगे** = જે શિશિરઋતુમાં કેટલાક પુરુષ, **पवेयंति** = ઠંડીથી ધ્રૂજવા લાગે છે અને જ્યારે, **सिसिरे** = ઠંડી ઋતુમાં (શિયાળામાં), **मारुए** = હવા, **पवायंते** = વાય છે, **तंसिप्पेगे अणगारा** = ત્યારે કેટલાક અણગાર, **हिमवाए** = હિમવર્ષા થવાથી, હિમવાળી ઠંડી હવાના સમયે, **णिवायं** = વાયુ રહિત સ્થાન, **एसंति** = શોધે છે.

**ભાવાર્થ :–** શિયાળાની ઋતુમાં ઠંડા પવનના કારણે લોકો ધ્રૂજતા હોય તેવી ઋતુમાં હિમવર્ષા થાય ત્યારે સાધક હવા વિનાની જગ્યાને શોધે છે.

**१४ संघाडीओ पविसिस्सामो, एहा य समादहमाणा ।**
**पिहिया वा सक्खामो, अइदुक्खं हिमगसंफासा ॥**

**શબ્દાર્થ :– संघाडीओ** = કાંબળી આદિ વસ્ત્રો, **पविसिस्सामो** = ઓઢીને અમે રહીશું, **एहा** = કાષ્ઠાદિ, (અન્ય તીર્થિકો ઠંડી દૂર કરવા માટે), **समादहमाणा** = સળગાવે છે તેઓ કહે છે કે, **पिहिया** = દરવાજા બંધ કરીને, પોતાના શરીરને વસ્ત્રોથી ઢાંકીને જ, **सक्खामो** = ઠંડીને સહન કરી શકશું, **अइदुक्खं** = ઘણું કઠિન છે, **हिमगसंफासा** = ઠંડી–હિમને સહન કરવી".

**ભાવાર્થ :–** હિમપાતનો ઠંડો સ્પર્શ અત્યંત દુખઃદાયી છે, એમ વિચારી કેટલાક સાધુઓ સંકલ્પ કરે કે કાંબળી ઓઢી લઈશું. કેટલાક સંન્યાસી લાકડા જલાવીને ઠંડીથી સુરક્ષિત થાય છે અને કોઈ દરવાજા બંધ કરીને જ આ ઠંડી સહન કરી શકે છે.

**१५ तंसि भगवं अपडिण्णे, अहे वियडे अहियासए दविए ।**
**णिक्खम्म एगया राओ, ठाएइ भगवं समियाए ॥**

**શબ્દાર્થ :– तंसि** = તે ઠંડીમાં, **अपडिण्णे**= હવા વગરની જગ્યા મળે તેવા સંકલ્પથી રહિત, **अहे वियडे** = ખુલ્લા મકાનમાં, **ठाएइ** = ઊભા રહેતા હતા, કાયોત્સર્ગ કરતા હતા, **समियाए** = શાંતિપૂર્વક ઠંડીને સહન કરતા.

**ભાવાર્થ :–** આવી હિમપાતની ઠંડી ઋતુમાં પણ સંયમશીલ ભગવાન ઠંડીથી બચવા માટે કોઈ પણ જાતનો સંકલ્પ કરતા નહીં, પરંતુ ચારે બાજુથી ખુલ્લા મકાનમાં રહીને ઠંડી સહન કરતા ક્યારેક તો રાત્રિમાં મકાનમાંથી બહાર નીકળી ભગવાન ઠંડીમાં સમ્યક્ પ્રકારે (વિધિપૂર્વક)ઊભા રહી કાયોત્સર્ગ કરતા હતા.

**१६** एस विही अणुक्कंतो, माहणेण मईमया ।
अपडिण्णेण वीरेण, कासवेण महेसिणा ॥ त्ति बेमि ॥
(बहुसो अपडिण्णेण भगवया एवं रीयंति ॥ त्ति बेमि ॥)
॥ बिइओ उद्देसो समत्तो ॥

**ભાવાર્થ :–** જ્ઞાનવાન, અપ્રતિજ્ઞ, મહામાહણ (અહિંસક) કાશ્યપ ગોત્રીય મહર્ષિ ભગવાન મહાવીરે આ રીતની ઉપરોક્ત સંયમ વિધિનું આચરણ કર્યું હતું. (તેથી મુમુક્ષુજનોએ આ વિધિનું આચરણ કરવું જોઈએ.) – એમ ભગવાને કહ્યું છે.

॥ બીજો ઉદ્દેશક સમાપ્ત ॥

**વિવેચન :–**

ગાથા ૧૩ થી ૧૬ સુધીની આ ગાથાઓમાં અન્ય ગૃહત્યાગી શ્રમણ, પરિવ્રાજક કે અણગારોની શીતકાલીન સ્થિતિ, આચરણ અને મનોદશાને બતાવી, તેની તુલનામાં ભગવાનની સહનશીલતાનો મહિમા દર્શાવ્યો છે. ભગવાનની મહાન શૂરવીરતા દર્શાવતાં કહ્યું છે કે જ્યાં અન્ય શ્રમણો ઠંડીથી બચવાના પ્રયત્નો કરે છે ત્યાં તે જ હિમપાતની ઠંડીને ભગવાન ચારે તરફથી ખુલ્લી જગ્યામાં કોઈ સંકલ્પ વિકલ્પ કર્યા વિના જ ઠંડીને સહન કરતા અને ક્યારેક એવી ઠંડીમાં મકાનની બહાર જઈ કાયોત્સર્ગ કરી લેતા હતા. આ પ્રમાણે પ્રભુની અદ્ભુત કષ્ટ સહિષ્ણુતા હતી.

**वियडे :–** આ શબ્દ આગમોમાં અનેક અર્થમાં પ્રયુક્ત થયો છે. તેનું વિવરણ નિશીથ સૂત્ર ઉદ્દેશક ૧૯માં આપેલ છે. અહીં આ શબ્દ ચારે ય તરફથી ખુલ્લા અને ઉપરથી ઢાંકેલા સ્થાન માટે વપરાયો છે. એવા સ્થાનમાં પ્રભુ સહજ રોકાઈ જતા અને હિમપાતની ઠંડીને પણ પ્રસન્નતાથી સહન કરી લેતા.

આ રીતે આ સંપૂર્ણ ઉદ્દેશકમાં પ્રભુના રહેવાના સ્થાનો, તેમાં આવતા કષ્ટો તથા ભગવાનની અપ્રમત્ત દશાનું વર્ણન છે.

॥ અધ્યયન–૯/૨ સંપૂર્ણ ॥

## નવમું અધ્યયન : ત્રીજો ઉદ્દેશક

**લાઢદેશમાં પ્રભુની ઉપસર્ગમય સાધના :–**

**१** तणफासे सीयफासे य, तेउफासे य दंसमसगे य ।
अहियासए सया समिए, फासाइं विरूवरूवाइं ॥

**ભાવાર્થ :–** લાઢ દેશમાં વિહાર સમયે ભગવાન ઘાસ, કાંટાદિના કઠોર સ્પર્શ, શીતસ્પર્શ, ભયંકર ગરમીનો સ્પર્શ, ડાંસ અને મચ્છરોના કષ્ટ; આવા વિવિધ પ્રકારના કષ્ટો–પરીષહો હંમેશાં સમ્યક્ પ્રકારે સહન કરતા.

**२ अह दुच्चरलाढमचारी, वज्जभूमिं च सुब्भभूमिं च ।**
**पंतं सेज्जं सेविंसु, आसणगाइं चेव पंताइं ॥**

**શબ્દાર્થ :– अह** = આ અવ્યય છે, વાક્યાલંકાર માટે કે પાદપૂર્તિ માટે, **दुच्चरं** = જ્યાં વિચરવું કઠિન છે, **लाढं** = લાઢ દેશમાં, **अचारी** = ભગવાને વિહાર કર્યો હતો, **वज्जभूमिं** = વજ્રભૂમિ, **सुब्भभूमिं** = શુભ્ર ભૂમિમાં, **पंतं** = પ્રાંત, **सेज्जं** = શય્યાને, **सेविंसु** = સેવન કર્યું હતું, **आसणगाइं** = આસનોને.

**ભાવાર્થ :–** દુર્ગમ લાઢ દેશના વજ્ર ભૂમિ અને શુભ્ર ભૂમિ નામના બંને પ્રદેશમાં ભગવાને વિચરણ કર્યું હતું. ત્યાં તેઓએ ઊબડ–ખાબડ નિવાસ સ્થાનોનું અને સામાન્ય તેમજ કઠિન આસનોનું સેવન કર્યું હતું.

**३ लाढेहिं तस्सुवसग्गा, बहवे जाणवया लूसिंसु ।**
**अह लूहदेसिए भत्ते, कुक्कुरा तत्थ हिंसिंसु णिवतिंसु ॥**

**શબ્દાર્થ :– तस्स** = તે ભગવાન મહાવીર સ્વામીને, **जाणवया** = તે દેશના અનાર્ય લોકો, **लूसिंसु** = ભગવાનને મારતા હતા, **लूहदेसिए** = લૂખા–સૂકા જ મળતા હતા, **भत्ते** = આહાર, **कुक्कुरा** = કૂતરા, **हिंसिंसु** = તેઓને કરડતા હતા, **णिवतिंसु** = તેઓની ઉપર તૂટી પડતા હતા.

**ભાવાર્થ :–** લાઢ દેશના ક્ષેત્રમાં ભગવાને અનેક ઉપસર્ગો સહ્યા. ત્યાંના ઘણા અનાર્ય લોકો ભગવાનને દંડાથી મારતા; તે દેશમાં આહાર પણ લૂખા–સૂકા જ મળતા હતા. ત્યાંના કૂતરાઓ ભગવાન પર તૂટી પડતાં અને કરડી ખાતાં હતાં.

**४ अप्पे जणे णिवारेइ, लूसणए सुणए डसमाणे ।**
**छुच्छुकारेंति आहंसु, समणं कुक्कुरा दसंतु त्ति ॥८३॥**

**શબ્દાર્થ :– अप्पे जणे** = કોઈક જ લોક, **णिवारेइ** = નિવારણ કરનારા, અટકાવનારા હતા, **लूसणए** = કરડનારા, **सुणए** = તે કૂતરાને, **डसमाणे** = કરડતા, **छुच्छुकारेंति** = છુ છુ શબ્દો દ્વારા, **आहंसु** = કૂતરાને ઉત્સાહિત કરતા હતા, **समणं** = સાધુને, **कुक्कुरा** = કૂતરાઓ, **दसंतु त्ति** = કરડો.

**ભાવાર્થ :–** કૂતરા કરડવા લાગે કે ભસે તો તે કરડતાં અને ભસતાં કૂતરાને અટકાવે–રોકે તેવા લોકો તે અનાર્ય દેશમાં ઓછા હતા પરંતુ વધારે લોકો તો આ શ્રમણને કૂતરા કરડે, એ ભાવથી કૂતરાને બોલાવી ઉશ્કેરતા અને 'છુ છુ કરી' તેમની પાછળ દોડાવતા હતા.

**૫** **एलिक्खए जणे भुज्जो, बहवे वज्जभूमि फरुसासी ।**
**लट्ठिं गहाय णालीयं, समणा तत्थ य विहरिंसु ॥**

**શબ્દાર્થ :– एलिक्खए** = આ રીતના, **जणे** = લોકો, **भुज्जो** = વારંવાર, **बहवे** = ઘણા, **फरुसासी** = રૂક્ષ આહાર કરનારા, **लट्ठिं** = પોતાના શરીર પ્રમાણ લાકડી, **णालियं** = નાલિકા,પોતાના શરીરથી ચાર અંગુલ મોટી લાકડી, **समणा** = અન્ય તીર્થિક ભિક્ષુ, **तत्थ य** = ત્યાં, આ પ્રમાણે, **विहरिंसु** = વિહાર કરતા હતા.

**ભાવાર્થ :–** તે વજ્જભૂમિમાં કઠોર સ્વભાવવાળા ઘણાં લોકો હતા. તે જનપદમાં બીજા અનેક શ્રમણ શરીર પ્રમાણ લાકડી અને નાલિકા–શરીરથી ચાર અંગુલ લાંબી લાકડી લઈને વિહાર કરતા હતા.

**૬** **एवं पि तत्थ विहरंता, पुट्ठपुव्वा अहेसि सुणएहिं ।**
**संलुंचमाणा सुणएहिं, दुच्चरगाणि तत्थ लाढेहिं ॥**

**શબ્દાર્થ :– विहरंता** = વિચરતા પણ અન્ય તીર્થિક ભિક્ષુ, **पुट्ठपुव्वा अहेसि** = કરડાતા હતા, **सुणिएहिं** = કૂતરાઓ દ્વારા, **संलुंचमाणा** = ચામડી ઉખેડી નાખતા, **सुणएहिं** = કૂતરા દ્વારા, **दुच्चरगाणि** = વિચરવું ઘણું કઠિન હતું.

**ભાવાર્થ :–** આ પ્રમાણે લાકડી આદિ લઈને પણ ત્યાં વિચરણ કરતા શ્રમણોને પણ ઘણીવાર કૂતરા કરડી જાતાં અને ક્યારેક તો ચામડી ઉતેડી નાખતાં હતાં તેથી ખરેખર તે લાઢદેશમાં વિચરણ કરવું ઘણું જ દુષ્કર હતું.

**૭** **णिहाय दंडं पाणेहिं, तं वोसिज्ज कायमणगारे ।**
**अह गामकंटए भगवं, ते अहियासए अभिसमेच्चा ॥**

**શબ્દાર્થ :– णिहाय** = સર્વથા ત્યાગ કરીને, **दंडं** = દંડ દેવાનું, મારવાનું, **पाणेहिं** = પ્રાણીઓને, **तं** = પોતાના, **वोसिज्ज** = મમત્વનો ત્યાગ કરીને, **गामकंटए** = ગ્રામ્ય લોકોના કઠોર વચનોને, અન્ય પરીષહોને, **अभिसमेच्चा** = નિર્જરાનું કારણ જાણીને.

**ભાવાર્થ :–** અણગાર ભગવાન મહાવીર તે કૂતરાદિ પ્રાણીઓ પ્રત્યે હિંસક પરિણામોનો ત્યાગ કરી તથા પોતાના શરીર પ્રત્યેના મમત્વનો પણ ત્યાગ કરી સંયમમાં વિચરણ કરતા હતા અને તે ભગવાન નિર્જરાનું કારણ સમજીને તે ગ્રામ્યજનોનાં કાંટા જેવા તીક્ષ્ણ વચનોને સહન કરતા હતા.

**૮** **णागो संगामसीसे वा, पारए तत्थ से महावीरे ।**
**एवं पि तत्थ लाढेहिं, अलद्धपुव्वो वि एगया गामो ॥**

**શબ્દાર્થ :– णागो व** = જેમ હાથી, **संगामसीसे** = સંગ્રામના મોરચે શત્રુઓના પ્રહારને સહન કરતા, **वा** = જેમ, **पारए** = શત્રુસેનાને પાર કરી જાય છે, **अलद्धपुव्वो** = મળ્યા ન હતા, **वि** = પણ, **एगया** = ક્યારેક ક્યારેક તો, **गामो** = ગામ પણ.

**ભાવાર્થ :–** જેવી રીતે હાથી યુદ્ધના મોરચે શસ્ત્રથી વીંધાવા છતાં પાછો ફરતો નથી, શત્રુને જીતીને યુદ્ધનો પાર પામે છે, તેવી રીતે ભગવાન મહાવીર તે લાઢ દેશમાં પરીષહ સેનાને જીતીને પારગામી થયા. ક્યારેક ક્યારેક તો લાઢ દેશમાં તેઓને લાંબા અંતર સુધી ગામ જ મળતાં ન હતાં અને જંગલમાં રહેવું પડતું હતું.

**९ उवसंकमंतमपडिण्णं, गामंतियं पि अपत्तं ।**
**पडिणिक्खमित्तु लूसिंसु, एताओ परं पलेहि त्ति ॥**

**શબ્દાર્થ :– उवसंकमंतं** = ભિક્ષાર્થ કે નિવાસાર્થ જતા, **अपडिण्णं** = પ્રતિજ્ઞા રહિત, **गामंति यं पि** = ગામની નજીક પણ, **अपत्तं** = નહિ પહોંચેલા ભગવાનને, **पडिणिक्खमित्तु** = ગામથી નીકળીને તે અનાર્ય લોકો, **लूसिंसु** = મારતા હતા, **एताओ** = અહીંથી, **परं** = દૂર, **पलेहिं त्ति** = ચાલ્યા જાવ એ પ્રમાણે.

**ભાવાર્થ :–** નિવાસસ્થાનની પ્રતિજ્ઞાથી રહિત સહજ રીતે ચાલતા ભગવાન ગામની નજદીક પહોંચે તે પહેલા જ, ગામથી દૂર હોય ત્યાં જ લોકો ગામમાંથી નીકળીને ભગવાનને રોકી દેતા. તેઓના પર પ્રહાર કરી કહેતા કે અહીંથી બીજી કોઈ પણ જગ્યાએ ચાલ્યા જાવ. અમારા ગામમાં આવવાનું નથી બીજે જાવ.

**१० हयपुव्वो तत्थ डंडेणं, अदुवा मुट्ठिणा अदु कुंतफलेणं ।**
**अदु लेलुणा कवालेणं, हंता हंता बहवे कंदिंसु ॥**

**શબ્દાર્થ :– हयपुव्वो** = ભગવાનને મારતા હતા, **कुतफलेणं** = ભાલાથી, **लेलुणा** = માટીના ઢેફાથી, **कवालेणं** = તૂટેલા ઘડાના ઠીકરાથી.

**ભાવાર્થ :–** તે લાઢ દેશમાં ઘણા લોકો દંડાથી, મુઠ્ઠીથી, ભાલાદિ શસ્ત્રથી, માટીના ઢેફાથી કે ઠીકરાથી મારતા અને હલ્લો મચાવતા, ગોકીરો કરતા હતા.

**११ मंसाणि छिण्णपुव्वाइं, उट्ठंभिया एगया कायं ।**
**परीसहाइं लुंचिंसु, अदुवा पंसुणा अवकरिंसु ॥**

**શબ્દાર્થ :– मंसाणि** = માંસ, **छिण्णपुव्वाइं** = કાપતા હતા, બટકા ભરતા, **उट्ठंभिया** = ચામડી ઊંચી કરવી, ચૂંટી ભરવી, પકડીને થકવી દેતા હતા, **लुंचिंसु** = તેમને મારતા હતા, **पंसुणा** = ધૂળથી, **अवकरिंसु** = ભગવાનનું શરીર ભરી દેતા હતા.

**ભાવાર્થ :–** તે અનાર્ય લોકો ભગવાનના શરીરમાંથી માંસ કાપતા, ક્યારેક શરીર ઉપરથી ચામડી ઉતરડતા, ચૂંટીઓ ભરતા અને પ્રતિકૂળ પરીષહોથી પીડિત કરતા હતા. ક્યારેક તેમના શરીરને ધૂળથી ભરી દેતા હતા.

**१२ उच्चालइय णिहणिंसु, अदुवा आसणाओ खलइंसु ।**
**वोसट्ठकाए पणयासी, दुक्खसहे भगवं अपडिण्णे ॥**

**શબ્દાર્થ :– उच्चालइय** = ભગવાનને ઉપર ઊપાડીને, **णिहणिंसु** = ધરતી ઉપર પછાડતા હતા, **आसणाओ** = આસનથી, **खलइंसु** = નીચે પાડી દેતા હતા, **वोसट्ठकाए** = ભગવાન કાયાની મમતા છોડીને, **पणयासी** = પરીષહ સહન કરવામાં તત્પર હતા, **दुक्खसहे** = તે સર્વ કષ્ટોને સહતા હતા.

**ભાવાર્થ :–** કોઈ દુષ્ટ લોકો ધ્યાનસ્થ ભગવાનને ઊંચા ઉઠાવીને નીચે પછાડતા હતા. કોઈ લોકો ગોદુહાસન આદિ આસનથી બેઠેલા ભગવાનને ધક્કો મારીને દૂર હડસેલી દેતા હતા પરંતુ ભગવાને શરીરની મમતા છોડી હતી, પરીષહને સહન કરવા માટે કટિબદ્ધ હતા, તેમજ દુઃખના પ્રતિકારની પ્રતિજ્ઞાથી મુક્ત હતા તેથી જ તેઓ આ સર્વ દુઃખોને સારી રીતે સહન કરતા હતા.

**१३ सूरो संगामसीसे वा, संवुडे तत्थ से महावीरे ।**
**पडिसेवमाणे फरुसाइं, अचले भगवं रीइत्था ॥**

**શબ્દાર્થ :– सूरो वा** = જેમ શૂરવીર પુરુષ, **संवुडे** = પોતાની સર્વ ઈન્દ્રિયોને ગુપ્ત રાખતા, **पडिसेवमाणे** = સમભાવપૂર્વક સહન કરતાં, **फरुसाइं** = તે કઠોર પરીષહોને, **अचले** = વ્રતોમાં દઢ રહીને, **रीइत्था** = વિચર્યા હતા.

**ભાવાર્થ :–** જેમ કવચધારી યોદ્ધો યુધ્ધના મોરચે શસ્ત્રોથી વીંધાય તો પણ આગળ વધતો રહે છે. તેમ સંવરનું કવચ ધારણ કરી ભગવાન મહાવીર લાઢ આદિ દેશમાં પરીષહ સેનાથી પીડિત થવા છતાં કઠોરતમ કષ્ટોને સહન કરવામાં મેરુ પર્વતની જેમ અડગ રહીને મોક્ષમાર્ગમાં ગતિશીલ રહેતા હતા.

**१४ एस विही अणुक्कंतो, माहणेण मईमया ।**
**अपडिण्णेण वीरेण, कासवेण महेसिणा ॥ त्ति बेमि ॥**

**(बहुसो अपडिण्णेण भगवया एवं रीयंति ॥ त्ति बेमि ॥)**

**॥ तइओ उद्देसो समत्तो ॥**

**ભાવાર્થ :–** જ્ઞાનવાન, અપ્રતિજ્ઞ, મહામાહણ (અહિંસક) કાશ્યપ ગોત્રીય મહર્ષિ ભગવાન મહાવીરે આ રીતની ઉપરોક્ત સંયમ વિધિનું આચરણ કર્યું હતું. (તેથી મુમુક્ષુજનોએ આ વિધિનું આચરણ કરવું

જોઈએ. ) –એમ ભગવાને કહ્યું છે.

**॥ ત્રીજો ઉદ્દેશક સમાપ્ત ॥**

## વિવેચન :–

આ ઉદ્દેશકની ૧૪ ગાથાઓમાં એક જ વિષયનું વર્ણન છે કે ભગવાને સાધના કાળમાં વિશેષ કર્મક્ષય કરવા માટે લાઢ દેશમાં વિચરણ કર્યું હતું અને ત્યાં અનાર્ય લોકોના વિવિધ પ્રકારના કષ્ટ, ઉપસર્ગો સહન કર્યા હતા. તે બધી ઘટનાઓનું ચિત્ર આ ઉદ્દેશકમાં ચિત્રિત કર્યું છે. આવશ્યક ચૂર્ણિમાં કહ્યું છે કે ભગવાન એવું ચિંતન કરતા હતા કે હજુ મારે ઘણાં કર્મોની નિર્જરા કરવાની છે. લાઢ દેશમાં જવું મારા માટે ઉચિત છે કારણ કે ત્યાંના લોકો અનાર્ય છે, કર્મ નિર્જરાનાં કારણો ત્યાં વધારે ઉપલબ્ધ થશે. આવો વિચાર કરીને ભગવાને લાઢ દેશ તરફ વિહાર કર્યો.

**લાઢ દેશ ક્યાં અને દુર્ગમ–દુશ્ચર શા માટે ?** ઐતિહાસિક સંશોધનથી જાણવા મળે છે કે વર્તમાનના વીરભૂમ, સિંહભૂમ તેમજ માનભૂમ (ધનબાદાદિ) જિલ્લો તથા પશ્ચિમ બંગાળનું તમલૂક, મિદનાપુર, હુગલી તથા બર્દવાન જિલ્લાનો ભાગ લાઢ દેશરૂપે પ્રખ્યાત હશે તેમ માનવામાં આવે છે.

લાઢદેશ પર્વતો, ઝાડીઓ અને સઘન જંગલોના કારણે ઘણો જ દુર્ગમ હતો. તે દેશમાં ઘાસ ઘણું થતું હતું. ચારે બાજુ પર્વતોથી ઘેરાયેલ હોવાના કારણે ત્યાં ઠંડી અને ગરમી વધારે હતી. તે સિવાય ચોમાસામાં પાણી વધારે હોવાથી ત્યાં કીચડ થઈ જતો. જેથી ડાંસ, મચ્છર, ઈતડી આદિ અનેક જીવ–જંતુઓનો ઉપદ્રવ રહેતો હતો. લાઢ દેશની વજ્જભૂમિ અને શુભ્રભૂમિ નામના જનપદોમાં નગર ઘણા ઓછાં હતાં. ગામમાં વસ્તી પણ ઘણી ઓછી હતી.

ત્યાંના લોકો અનાર્ય, ક્રૂર અને અસભ્ય હતા. સાધુઓ અને તેમાં પણ નગ્ન સાધુઓથી અપરિચિત હોવાના કારણે તેઓ સાધુને જોતા જ તેના ઉપર તૂટી પડતા હતા. કોઈ કુતૂહલવશ અને કોઈ જિજ્ઞાસાના કારણે એક સાથે કેટલાય પ્રશ્નો પૂછતા હતા પરંતુ ભગવાન તરફથી એક પણ જવાબ ન મળતાં, તેઓ ઉશ્કેરાઈ, શંકાશીલ બની તેમને મારવા લાગતા હતા. ભગવાનને નગ્ન જોઈને કેટલીક વાર ગામના લોકો ગામમાં પ્રવેશ કરવા ન દેતા. ભગવાનને વિશેષ તો શૂન્યઘરોમાં, ખંડેરોમાં, ખુલ્લા છાપરા નીચે કે વૃક્ષ નીચે, વન અથવા સ્મશાનમાં જ રહેવાનું મળતું હતું. ત્યાંની જગ્યા પણ ઊંચી–નીચી, ખાડા–ટેકરા–વાળી, ધૂળ, માટી તેમજ છાણવાળી હતી.

લાઢ દેશમાં તલ થતા ન હતા, ગાયો પણ ઘણી ઓછી હતી તેથી ઘી, તેલ મળવા મુશ્કેલ હતા. ત્યાંના લોકો લૂખું–સૂકું ખાતા હતા તેથી તેઓ સ્વભાવથી રૂક્ષ વૃત્તિવાળા હતા. વાતવાતમાં ઉશ્કેરાઈ જવું, ગાળો દેવી કે ઝઘડા કરવા તે તેઓનો સ્વભાવ હતો. ભગવાનને આહાર પણ ઘણું કરીને લૂખો–સૂકો મળતો હતો.

ત્યાં સિંહાદિ વન્ય હિંસક પ્રાણીઓ કે સર્પાદિ ઝેરીલા જીવોનો ઉપદ્રવ હતો કે નહિ આ વિષયમાં

અહીં કોઈ ઉલ્લેખ મળતો નથી પરંતુ ત્યાં કૂતરાઓનો ઉપદ્રવ વધારે હતો. તે કૂતરાઓ હિંસક, ખૂનખાર હતા. કૂતરાથી બચવા માટે ત્યાંના રહેવાસી કે તે ક્ષેત્રમાં વિચરણ કરતા અન્ય તીર્થિક ભિક્ષુઓ પોતાની રક્ષા માટે લાકડી અને દંડાઓ રાખતા હતા. ભગવાન તો પરમ અહિંસક હતા તેથી તેમની પાસે ન હતી લાકડી કે ન હતા દંડા. કૂતરાઓ નિઃશંક બનીને તેમના ઉપર આક્રમણ કરતાં હતાં. કોઈ અનાર્ય લોકો છૂ–છૂ કરીને કૂતરાને બોલાવતા અને ભગવાનને કરડે તે રીતે તેમને ઉશ્કેરતા હતા છતાં ય ભગવાન નિર્ભય, નીડર બની ચાલ્યા જ જતા.

સંક્ષેપમાં કઠિન ક્ષેત્ર, કઠોર લોકો, લૂખા–સૂકા આહારપાણી, કઠોર અને રૂક્ષ વ્યવહાર તેમજ ઊબડ–ખાબડ ભૂમિના કારણે લાઢ દેશ સાધુઓના વિચરણ માટે દુષ્કર અને દુર્ગમ હતો પરંતુ પરીષહો અને ઉપસર્ગો સામે ઝઝૂમનારા મહાયોદ્ધા ભગવાન મહાવીરે તો તે દેશમાં તેમની સાધનાની અલખ જગાવી. આવી વિકટ પરિસ્થિતિમાં તેઓએ સમતાની સાધનાને અખંડ રાખી.

**णागो संगामसीसे वा पारए तत्थ से महावीरे :–** સંગ્રામના મોરચે ઊભેલો યોદ્ધો કે હાથી ભાલાદિથી વીંધાઈ જવા છતાં પણ પાછો ફરતો નથી અને યુદ્ધમાં વિજયને પ્રાપ્ત કરે છે, તેવી જ રીતે ભગવાન મહાવીર પરીષહ–ઉપસર્ગોની સેનાનો સામનો કરવામાં અડગ રહ્યા અને પાર પામી પારગામી થયા. વાસ્તવમાં કર્મક્ષયના લક્ષ્યે તે દેશમાં ભગવાન પધાર્યા હતા, તેમાં તેઓને પૂર્ણ સફળતા મળી.

**॥ અધ્યયન–૯/૩ સંપૂર્ણ ॥**

## નવમું અધ્યયન : ચોથો ઉદ્દેશક

**ભગવાન મહાવીરની ઉગ્ર તપશ્ચર્યા :– :–**

**१** **ओमोयरियं चाएइ, अपुट्ठे वि भगवं रोगेहिं ।**
**पुट्ठे वा से अपुट्ठे वा, णो से साइज्जइ तेइच्छं ॥**

**શબ્દાર્થ :– ओमोयरियं** = ઊણોદરીતપ, **चाएइ** = કરતા હતા, **रोगेहिं अपुट्ठे वि** = નીરોગી હોવા છતાં, અસ્પૃષ્ટ હોવા છતાં, **णो साइज्जइ** = ઈચ્છતા ન હતા, **तेइच्छं** = ચિકિત્સા–દવા કરાવવી.

**ભાવાર્થ :–** ભગવાન નીરોગી હોવા છતાં ઊણોદરી તપ કરતા હતા. આગંતુક (પરીષહ ઉપસર્ગજન્ય) કોઈ પણ વેદના થાય કે ન થાય તેઓ ઔષધની અભિલાષા કરતા ન હતા.

**२** **संसोहणं च वमणं च, गायब्भंगणं सिणाणं च ।**
**संबाहणं ण से कप्पे, दंतपक्खालणं परिण्णाए ॥**

**શબ્દાર્થ :– संसोहणं** = કોઈ પણ જાતના જુલાબ, **वमणं** = વમન, **गायब्भंगणं** = તેલાદિ દ્વારા

શરીરનું માલિશ કરવું, **सिणाणं** = સ્નાન, **संबाहणं** = હાથ, પગ દબાવવા આદિ, **ण कप्पे** = કરતા ન હતા, **दंतपक्खालणं** = દાંત સાફ કરવાનો, **परिण्णाए** = ત્યાગ કરતા હતા.

**ભાવાર્થ :–** તે ભગવાન વિરેચન, વમન, તેલાદિનું માલિશ, સ્નાન અને પગચંપી આદિ શરીર પરિકર્મ કરતા ન હતા તથા દાંત સાફ કરતા ન હતા.

**३ विरए य गामधम्मेहिं, रीयइ माहणे अबहुवाई ।**
**सिसिरंमि एगया भगवं, छायाए झाइ आसी य ॥**

**શબ્દાર્થ :– विरए** = વિરક્ત, **गामधम्मेहिं** = ઈન્દ્રિયોના વિષયોથી, **रीयइ** = વિચરતા હતા, **अबहुवाई** = અલ્પભાષી થઈને, **सिसिरंमि** = ઠંડીમાં, **छायाए** = છાયામાં, **झाइ आसी** = ધ્યાન કરતા હતા.

**ભાવાર્થ :–** મહામાહણ ભગવાન શબ્દાદિ ઈન્દ્રિય વિષયોથી વિરક્ત થઈને, અલ્પભાષી બની વિચરણ કરતા અને ક્યારેક ઠંડીના સમયે પણ છાયામાં રહી ધર્મધ્યાન અને શુક્લધ્યાન કરતા હતા.

**તપ તેમજ આહારચર્યા :–**

**४ आयावई य गिम्हाणं, अच्छइ उक्कुडुए अभितावे ।**
**अदु जावइत्थ लूहेणं, ओयण–मंथु–कुम्मासेणं ॥**

**શબ્દાર્થ :– आयावई** = આતાપના લેતા હતા, **गिम्हाणं** = ઉનાળામાં, **अच्छइ** = બેસતા હતા, **उक्कुडुए** = ઉત્કટુક આસનથી, **अभितावे** = સૂર્યની સામે તડકામાં, **जावइत्थं** = શરીરનો નિર્વાહ કરતા હતા, **लूहेणं** = રૂક્ષ, **ओयणं–मंथु–कुम्मासेणं** = ભાત, બોરકૂટ અને અડદ આદિના આહારથી.

**ભાવાર્થ :–** ભગવાન ઉનાળામાં ઉત્કટ આસન કરી સૂર્યાભિમુખ બેસી આતાપના લેતા અને તેઓ ભાત–કોદ્રવ, બોરકૂટ, અડદાદિ રૂક્ષ આહારથી શરીરનો નિર્વાહ કરતા હતા.

**५ एयाणि तिण्णि पडिसेवे, अट्ठ मासे य जावए भगवं ।**
**अवि इत्थ एगया भगवं, अद्धमासं अदुवा मासं पि ॥**

**શબ્દાર્થ :– एयाणि तिण्णि** = આ ત્રણ પ્રકારના આહારનું, **पडिसेवे** = સેવન કરતા હતા, **अट्ठमासे** = આઠ માસ, **जावए** = સુધી, નિર્વાહ કર્યો, **अवि इत्थ एगया** = અને ક્યારેક.

**ભાવાર્થ :–** ભગવાને ભાત, બોરકૂટ, અડદ આ ત્રણ વસ્તુ જ વાપરતાં આઠ માસ સુધીનો સમય પસાર કર્યો હતો. ક્યારેક ભગવાને પંદર દિવસ તો ક્યારેક એક માસના ચૌવિહારા ઉપવાસ કર્યા હતા.

**६** **अवि साहिए दुवे मासे, छप्पि मासे अदुवा अपिबित्था ।**
**राओवरायं अपडिण्णे, अण्णगिलायमेगया भुंजे ॥**

**શબ્દાર્થ :–** **अवि** = ક્યારેક, **साहिए दुवे मासे** = બે માસ કે બે માસથી વધારે, **छप्पि मासे** = છ મહિના સુધી, **अपिबित्था** = પાણી પીધા વિના, **राओवरायं** = રાત દિવસ, **अपडिण्णे** = અપ્રતિજ્ઞ, નિદાન રહિત, **अण्णगिलायं** = ઠંડો અમનોજ્ઞ આહાર, **एगया** = ક્યારેક, **भुंजे** = આહાર કરતા હતા.

**ભાવાર્થ :–** તેઓએ ક્યારેક બે માસથી વધારે તો ક્યારેક છ મહીના ચૌવિહારા ઉપવાસ કર્યા હતા. તેઓ હંમેશાં મનોજ્ઞ આહારની પ્રતિજ્ઞાથી રહિત હતા. ભગવાન ક્યારેક તો ઠંડા, વાસી કે ફેંકી દેવા યોગ્ય અર્થાત્ બિલકુલ અમનોજ્ઞ આહાર કરી લેતા.

**૭** **छट्ठेण एगया भुंजे, अदुवा अट्ठमेण दसमेण ।**
**दुवालसमेण एगया भुंजे, पेहमाणे समाहिं अपडिण्णे ॥**

**શબ્દાર્થ :–** **छट्ठेण** = છઠ કરીને, **अट्ठमेण** = અઠ્ઠમ કરીને, **दसमेण** = ચોલા, **दुवालसमेण** = પાંચ દિવસના ઉપવાસ, પંચોલા.

**ભાવાર્થ :–** ભગવાન ક્યારેક છઠ, અઠ્ઠમ, ચોલું અને પાંચ ઉપવાસ કરી પારણું કરતા હતા. આહારની અનુકૂળતા વિષયક પ્રતિજ્ઞાથી રહિત થઈને પોતાની સમાધિનું અવલોકન કરતાં તપ કરતા હતા.

**વિવેચન :–**

આ ગાથાઓમાં ભગવાનની સંયમચર્યા અને તપશ્ચર્યાનું વર્ણન છે.

**ભગવાનની તપ સાધના :–** ભગવાનની તપ સાધના આહાર પાણીના સ્વૈચ્છિક નિયંત્રણ પૂર્વકની હતી. આ ચર્યાની સાથે તેમની સતત જાગૃતિ, યતના અને ધ્યાનમગ્નતાનું વર્ણન છે.

ભગવાનનું શરીર ધર્મયાત્રામાં બાધક ન હતું, પરંતુ સાધક હતું. તો પછી તેને કષ્ટ શા માટે આપતા હતા ? ભગવાન સંયમ અને તપની આ ચર્યાઓમાં એટલા બધા તલ્લીન બની જતા હતા કે શરીરની બાહ્ય અપેક્ષાઓની પૂર્તિનો પ્રશ્ન ગૌણ થઈ ગયો હતો. શારીરિક કષ્ટોની અનુભૂતિ તે વ્યક્તિઓને વધારે થાય છે કે જેની અધ્યાત્મ ચેતનાનું સ્તર નીચે હોય છે. ભગવાનની અધ્યાત્મ ચેતનાનું સ્તર ઊંચા દરજ્જાનું હતું. ભગવાનની તપ સાધનાની સાથે જાગૃતિની બે પાંખો જોડાયેલી હતી–(૧) સમાધિપ્રેક્ષા અને (૨) અપ્રતિજ્ઞા. અર્થાત્ તેઓ ગમે તેટલું કઠિન તપ કરતા પરંતુ તે સાથે તેઓ સમાધિનું સતત નિરીક્ષણ કરતા રહેતા અને કોઈ પણ પ્રકારના પૂર્વાગ્રહ કે હઠાગ્રહથી પ્રેરિત સંકલ્પવાળા ન હતા.

**ओमोयरियं :–** ભોજન સામે આવવા પર મનને રોકવું કઠિન કામ છે. જ્યારે વ્યક્તિ રોગથી ઘેરાય છે

ત્યારે સામાન્ય રૂપે અલ્પ આહાર કરે છે. સામાન્ય રીતે મનુષ્યો સ્વાદિષ્ટ મનોજ્ઞ ભોજન સ્વાદને વશ થઈને વધારે જ કરે છે પરંતુ ભગવાનને વાયુ આદિથી ઉત્પન્ન થયેલ કોઈ રોગ ન હતો, તેઓનું સ્વાસ્થ્ય દરેક દૃષ્ટિથી ઉત્તમ અને નિરોગી હતું અને સ્વાદિષ્ટ ભોજન મળી શક્તું હતું પરંતુ સાધનાની દૃષ્ટિથી કોઈ પણ પ્રકારનો સ્વાદ લીધા વિના તેઓ અલ્પ આહાર કરતા હતા.

**णो से साइज्जइ तेइच्छं :–** રોગ બે પ્રકારના હોય છે. (૧) આભ્યંતર કારણથી થતાં રોગો. જેમ કે વાયુની વિષમતા અને પ્રકોપના કારણે ઉધરસ, દમ, પેટનો દુઃખાવો વગેરે (૨) બાહ્ય કારણથી થતાં રોગો જેમ કે– શસ્ત્ર પ્રહાર, કૂતરા વગેરે પ્રાણીઓના કરડવાથી થતાં રોગો ભગવાનને પોતાના અતિશયના કારણે આભ્યંતર કારણ વાયુ વગેરેના પ્રકોપથી કોઈ રોગ થતાં નથી પરંતુ શસ્ત્રપ્રહાર જેવા બાહ્ય કારણથી રોગ થવાની સંભાવના રહે છે. મહાવીર સ્વામીને લાઢ દેશમાં અનાર્ય લોકો પ્રહાર કરતાં કૂતરા કરડાવતાં પણ ભગવાન ઔષધ ઉપચાર કરવાની ઈચ્છા પણ કરતા નહીં.

**શરીર પરિકર્મથી વિરત :–** ભગવાને દીક્ષા લઈ શરીર પરિચર્યા ત્યાગનો સંકલ્પ કર્યો હતો તેથી તેઓ તે શરીરની સેવા–શુશ્રૂષા, શોભા, વિભૂષા, ધઠારવું–મઠારવું, સાર–સંભાળ લેવી આદિ ક્રિયાઓથી મુક્ત હતા. તેઓ આત્મમાં જ સમર્પિત હતા. એક દૃષ્ટિએ જોઈએ તો તેઓ શરીરને ભૂલીને સાધનામાં લીન રહેતા હતા. તેથી જ તેઓ વમન, જુલાબ, માલિશ, આદિ ક્રિયાઓથી બિલકુલ ઉદાસીન હતા. શબ્દાદિ વિષયોથી તેઓ વિરક્ત હતા. મન, વચન, કાયાની પ્રવૃત્તિઓ પણ અત્યંત અલ્પ કરતા હતા.

**एयाणि तिण्णि पडिसेवे :–** ભગવાને સંયમ સાધનાના કાળમાં એકવાર આઠ માસ સુધીનો અભિગ્રહ ધારણ કર્યો હતો, જેમાં કેવળ ભાત, બોરકૂટ અને અડદ, આ ત્રણ વસ્તુ સિવાય સંપૂર્ણ ખાદ્ય પદાર્થોનો ત્યાગ કર્યો હતો આઠ મહિનામાં ભગવાને છઠથી લઈને જે કંઈ પણ તપસ્યા કરી હતી તેના પારણામાં આ ત્રણ વસ્તુઓ જ વાપરી હતી.

**अपडिण्णे :–** શરીરના નિર્વાહની તેઓ ચિંતા કરતા ન હતા. "સરસ આહાર મળશે ત્યારે લઈશ, અન્યથા લઈશ નહીં" તેવા પ્રકારે તેઓ મનમાં વિચાર પણ ન કરતા.

**ગવેષણા શુદ્ધિ :–** (૧) આહાર–પાણી માટે પાપ–દોષ લગાડવો તેમને માન્ય ન હતો. (૨) આહારની ગવેષણા કરવા જતાં રસ્તામાં કોઈ પણ પ્રાણીઓને આહારની અંતરાય ન પડે, કોઈની પણ આજીવિકાનો નાશ ન થાય, કોઈને પણ અપ્રતીતિ, ભય કે દ્વેષ ન થાય, એ વાતની તેઓ પૂરી કાળજી રાખતા હતા.

**अण्णगिलायं एगया भुंजे :–** પ્રભુએ અનેક વાર ગ્લાન અન્ન અર્થાત્ તુચ્છ, અમનોજ્ઞ, જેને સામાન્ય લોકો પણ ગ્રહણ કરવા ઈચ્છે નહીં તેવો ઉજ્ઝિતધર્મા આહાર અર્થાત્ ફેંકવા યોગ્ય ખાદ્ય પદાર્થનું સેવન કર્યું હતું.

**छट्ठेणं एगया भुंजे :–** ભગવાને સાધના કાળમાં છઠથી લઈને છ માસ સુધીની તપશ્ચર્યાઓ કરી હતી. ભગવાનની સર્વ તપશ્ચર્યાઓમાં ચારે ય પ્રકારના આહારનો ત્યાગ હતો. આ પાઠથી વ્યાખ્યાકારોએ

સ્પષ્ટ કર્યું છે કે ભગવાને સાધના કાળમાં ક્યારે ય એક ઉપવાસ કે લગાતાર આહાર કર્યો નથી.

**ભગવાનની એષણા સમિતિ :–**

**૮** **णच्चाण से महावीरे, णो वि य पावगं सयमकासी ।**
**अण्णेहिं वि ण कारित्था, कीरंतं पि णाणुजाणित्था ॥**

**શબ્દાર્થ :– णच्चाणं** = હેય, ઉપાદેય પદાર્થોને જાણીને, સંયમ વિધિઓને જાણીને, **णो वि सयमकासी** = પોતે કર્યું ન હતું, **ण कारित्था** = કરાવ્યું ન હતું, **करंतं पि** = કરતાને પણ, **णाणुजाणित्था** = સારું જાણ્યું નહિ.

**ભાવાર્થ :–** તે ભગવાન મહાવીર આહારના દોષોને કે સંયમ વિધિઓને સારી રીતે જાણી ક્યારે ય પાપનો આરંભ–સમારંભ કરતા નહિ, બીજા પાસે પાપ કરાવતા નહિ અને પાપ કરનારની અનુમોદના પણ કરતા નહિ.

**૯** **गामं पविस्स णगरं वा, घासमेसे कडं परट्ठाए ।**
**सुविसुद्धमेसिया भगवं, आयतजोगयाए सेवित्था ॥**

**શબ્દાર્થ :– घासमेसे** = આહારની ગવેષણા કરે, **परट्ठाए** = બીજા માટે, **कडं** = કરેલા, **सुविसुद्धं** = સુવિશુદ્ધ અર્થાત્ ઉદ્ગમ, ઉત્પાદન અને એષણાના દોષથી રહિત આહારની, **एसिया** = ગવેષણા કરીને, **आयतजोगयाए** = મન, વચન, કાયાના યોગોની સ્થિરતાપૂર્વક, **सेवित्था** = તે આહારનું સેવન કરતા હતા.

**ભાવાર્થ :–** ભગવાન ગામ કે નગરમાં પ્રવેશ કરી ગૃહસ્થો માટે બનાવેલા ભોજનમાંથી આહારની ગવેષણા કરતા. એષણાના દોષોથી રહિત સુવિશુદ્ધ આહાર ગ્રહણ કરી ભગવાન મન, વચન, કાયાની સાવધાનીપૂર્વક તે આહારનું સેવન કરતા.

**૧૦** **अदु वायसा दिगिंछत्ता, जे अण्णे रसेसिणो सत्ता ।**
**घासेसणाए चिट्ठंते, सययं णिवइए य पेहाए ॥**

**શબ્દાર્થ :– वायसा** = કાગડા, **दिगिंछत्ता** = ભૂખથી વ્યાકુળ, **जे अण्णे** = જો અન્ય, **रसेसिणो** = આહારના ઈચ્છુક, **सत्ता** = પ્રાણી, **घासेसणाए** = આહાર, પાણી માટે, **चिट्ठंते** = બેઠેલા, **सययं** = નિરંતર, સતત, **णिवइए** = જમીન ઉપર ઊતરતાં.

**ભાવાર્થ :–** ભગવાન રસ્તામાં ભૂખ્યા કાગડા અને અન્ય આહારના ઈચ્છુક પક્ષીઓને આહાર પાણી માટે ભૂમિ પર નિરંતર ઊતરતા અને એકત્રિત થઈ ચણતા જોઈને તેઓને વિઘ્ન ન થાય તે રીતે ભિક્ષા માટે જતા.

**११** **अदु माहणं व समणं वा, गामपिंडोलगं च अतिहिं वा ।**
**सोवागं मूसियारिं वा, कुक्कुरं वा विविहं ट्ठियं पुरओ ॥**

**શબ્દાર્થ :–** **माहणं व समणं** = બ્રાહ્મણ કે શ્રમણને, **गामपिंडोलगं** = ગામના ભિખારીને, **अतिहिं** = બહારથી આવેલા માગણ, અતિથિને, **सोवागं** = ચાંડાલ, **मूसियारिं** = બિલાડી, **विविहं** = વિવિધ પ્રકારના પશુ, **ट्ठियं** = બેઠેલા જોઈને, **पुरओ** = સામે.

**ભાવાર્થ :–** બ્રાહ્મણ, શ્રમણ, ગામના ભિખારી કે અતિથિ–બહારના આવેલ ભિખારી, ચાંડાલ, બિલાડી કે કૂતરા આદિ વિવિધ પ્રાણીઓને ઘર આગળ બેઠેલા કે ઊભેલા જોઈને તેઓની આજીવિકામાં ભંગ ન થાય તે રીતે ભગવાન ભિક્ષા માટે જતા.

**१२** **वित्तिच्छेयं वज्जेंतो, तेसिंऽप्पत्तियं परिहरंतो ।**
**मंदं परक्कमे भगवं, अहिंसमाणो घासमेसित्था ॥**

**શબ્દાર્થ :–** **वित्तिच्छेयं** = વૃત્તિ–આજીવિકાના છેદને, **वज्जेंतो** = વર્જતાં, તેઓને કોઈ પણ જાતની અંતરાય ન કરતાં, **तेसिं** = તેઓની, **अप्पत्तियं** = કોઈપણ પ્રકારની અપ્રીતિ, **परिहरंतो** = ન ઉપજાવતાં, **मंदं परक्कमे** = ધીરે ધીરે ત્યાંથી નીકળી જતા હતા, **अहिंसमाणो** = કોઈ પણ જીવની હિંસા કર્યા વિના, **घासमेसित्था** = આહાર પાણીની ગવેષણા કરતા હતા.

**ભાવાર્થ :–** ઉપરોક્ત દરેક જીવોની આજીવિકાનો વિચ્છેદ ન થાય તથા તેઓના મનમાં દ્વેષ, ભય કે અપ્રીતિ ઉત્પન્ન ન થાય, તેને ધ્યાનમાં રાખી ભગવાન ધીરે ધીરે ચાલતા પ્રાણીઓને જરામાત્ર પણ ત્રાસ ન થાય એવી અહિંસક વૃત્તિથી તેઓ આહારની ગવેષણા કરતા.

**१३** **अवि सूइयं वा सुक्कं वा, सीयपिंडं पुराणकुम्मासं ।**
**अदु बुक्कसं पुलागं वा, लद्धे पिंडे अलद्धे दविए ॥**

**શબ્દાર્થ :–** **अवि** = ક્યારેક, **सूइयं** = સંસ્કારિત પદાર્થ, **सुक्कं** = શુષ્ક પદાર્થ, અસંસ્કારિત પદાર્થ, વ્યંજનરહિત, **सीयपिंडं** = ઠંડા આહારને, **पुराणकुम्मासं** = જૂના અડદનો, જૂની કળથીનો આહાર, **बुक्कसं** = ધાન્યનું ભૂંસું, કુશકા, જૂના ધાન્યનો આહાર, **पुलागं** = જવ આદિ નીરસ અનાજમાંથી બનેલ, **पिंडे** = આહાર, **लद्धे** = મળવા પર, **अलद्धे** = નહિ મળવા પર, **दविए** = ભગવાન શાંત રહેતા હતા.

**ભાવાર્થ :–** ભોજન વ્યંજન સહિત હોય કે વ્યંજન રહિત, ઠંડા ભાત હોય કે કુશકા, વાસી અડદ કે સાથવો હોય કે ચણા આદિનું રૂક્ષ ભોજન હોય, આહાર મળે કે ન મળે આ સર્વ પરિસ્થિતિમાં સંયમનિષ્ઠ ભગવાન રાગદ્વેષ કરતા ન હતા.

## વિવેચન :–

આ ગાથાઓમાં ભગવાનની એષણા સમિતિ અંગે વિશિષ્ટ સાવધાની અને અહિંસક વૃત્તિનું આબેહૂબ વર્ણન છે. કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી તીર્થંકર પણ સાધક અવસ્થામાં જ હોય છે. તેઓને પણ સમિતિ અને ગુપ્તિની અને અન્ય વિધિ નિયમોની આરાધના કરવાની હોય છે. આ વાત આ ગાથાઓથી સ્પષ્ટ થાય છે.

**आयतजोगयाए :–** આયત યોગ એટલે મન, વચન કાયાની સંયત પ્રવૃત્તિ. આયત યોગને તન્મયતા યોગ પણ કહી શકાય. ભગવાન કોઈ પણ ક્રિયા કરતા હતા તેમાં તન્મય બની જતા હતા. ભૂતકાળનું સ્મરણ અને ભવિષ્યની કલ્પનાથી દૂર રહીને કેવળ વર્તમાનમાં રહેવાની આ યોગ પ્રક્રિયા છે. તેઓ ચાલવા, ખાવા–પીવા, ઊઠવા–બેસવા, સૂવા, જાગવા; આ સર્વ ક્રિયાઓમાં હંમેશાં આયતયોગનો આશ્રય લેતા હતા. ચાલવાના સમયે તેઓ જ્યાં–ત્યાં નજર દોડાવતા નહિ, પરસ્પર વાતો, સ્વાધ્યાય કે ચિંતન પણ કરતા નહિ. કેવળ ઈર્યાસમિતિનું જ ધ્યાન રાખતા હતા. આ રીતે વર્તમાનમાં જે ક્રિયા હોય તેમાં તે સંપૂર્ણ સમર્પિત રહેતા હતા તેથી તેઓ આત્મવિભોર બની જતા અને તેથી જ તેઓને ભૂખ, તરસ, ઠંડી, ગરમી આદિની અનુભૂતિ થતી ન હતી. તેઓએ ચેતનાની સંપૂર્ણ ધારાને આત્મા તરફ વાળી લીધી હતી. તેઓનું મન, બુદ્ધિ, ઈન્દ્રિય, અધ્યવસાય અને ભાવના એ સર્વ એક જ દિશામાં ગતિમાન થઈ ગયા હતા.

**सूइयं :–** આ શબ્દના અનેક અર્થ છે – (૧) દહીં આદિથી પલાળેલા ભાત. (૨) દહીં સાથે ભાત મિશ્ર કરીને બનાવેલી ઘેંસ. (૩) સંસ્કારિત પદાર્થ. (૪) વ્યંજનસહિત પદાર્થ. (૫) રસાળ પદાર્થ.

**लद्धे पिंडे अलद्धे :–** લૂખા, સૂકા, નીરસ પદાર્થોનો આહાર પણ ભગવાનને ક્યારેક પૂરતો મળે, ક્યારેક ન મળે તોપણ તેઓ રાગદ્વેષ રહિત થઈ સંયમ ભાવમાં લીન રહેતા હતા.

### ભગવાનની ધ્યાન પરાયણતા :–

**૧૪ अवि झाइ से महावीरे, आसणत्थे अकुक्कुए झाणं ।**
**उड्ढं अहे य तिरियं च, पेहमाणे समाहिमपडिण्णे ॥**

**શબ્દાર્થ :– झाइ** = ધ્યાન કરતા હતા, **आसणत्थे** = ઉત્કટુક, વીરાસન આદિ આસનોમાં બેસીને, **अकुक्कुए** = નિર્વિકાર ભાવથી, ચંચળતા રહિત, **झाणं** = ધર્મધ્યાન, શુક્લધ્યાન, **उड्ढं** = ઊર્ધ્વલોક, **अहे** = અધોલોક, **तिरियं** = મધ્યલોક, **पेहमाणे** = જીવાદિ પદાર્થોને જોતાં, **समाहिं** = પોતાના અંતઃકરણની શુદ્ધિને, **अपडिण्णे** = પ્રતિજ્ઞાથી કે સંકલ્પથી રહિત થઈને.

**ભાવાર્થ :–** ભગવાન મહાવીર ઉકકડુ આસન, વીરાસનાદિ આસનોમાં સ્થિત અને સ્થિરચિત્ત બનીને ધ્યાન કરતા. ઊર્ધ્વ, અધો અને મધ્યમ લોકમાં રહેલા જીવાદિ પદાર્થોના દ્રવ્ય–પર્યાય, નિત્યાનિત્યને ધ્યાનનો વિષય બનાવતા હતા અને સંકલ્પો વિકલ્પોથી દૂર રહીને આત્મસમાધિમાં જ લીન રહેતા હતા.

**१५** **अकसायी विगयगेही य सद्द-रूवेसु अमुच्छिए झाइ ।**
**छउमत्थे विप्परक्कममाणे, ण पमायं सइं पि कुव्वित्था ॥**

**શબ્દાર્થ :–** **विगयगेही** = આસક્તિભાવથી રહિત, **अमुच्छिए** = મૂર્ચ્છિત ન થતા, **छउमत्थे वि** = છદ્મસ્થાવસ્થામાં પણ, **परक्कममाणे** = શુભ અનુષ્ઠાનોમાં પરાક્રમ કરતા ભગવાનને, **ण कुव्वित्था** = કર્યો ન હતો, **पमायं** = પ્રમાદ, દોષ સેવન, **सइं पि** = એકવાર પણ, ક્યારે ય પણ.

**ભાવાર્થ :–** ભગવાન ક્રોધાદિ કષાયોને શાંત કરી, આસક્તિનો ત્યાગ કરી, શબ્દ રૂપ આદિના વિષયો પ્રત્યે અમૂર્ચ્છિત થઈ ધ્યાન કરતા હતા. આ રીતે છદ્મસ્થ અવસ્થામાં વિચરણ કરતાં તેઓએ ક્યારે ય પણ પ્રમાદ કર્યો ન હતો અર્થાત્ સંયમમાં કોઈ પણ પ્રકારનો દોષ લગાડ્યો ન હતો.

**१६** **सयमेव अभिसमागम्म, आयतजोगमायसोहीए ।**
**अभिणिव्वुडे अमाइल्ले, आवकहं भगवं समियासी ॥**

**શબ્દાર્થ :–** **सयमेव** = સ્વયં જ, **अभिसमागम्म** = તત્ત્વને સારી રીતે જાણીને, **आयतजोगं** = મન, વચન, કાયાના યોગોને પોતાના વશમાં કરીને, **आयसोहीए** = આત્મશુદ્ધિ દ્વારા, **अभिणिव्वुडे** = શાંત, **अमाइल्ले** = માયા રહિત, **आवकहं** = જીવનપર્યંત, **समियासी** = પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિથી યુક્ત હતા.

**ભાવાર્થ :–** સ્વતઃ તત્ત્વોને સારી રીતે જાણીને ભગવાને આત્મશુદ્ધિ દ્વારા મન, વચન, કાયાની સંયમ પ્રવૃત્તિ પ્રાપ્ત કરી હતી. તેઓ કષાયોને પૂર્ણ રૂપે શાંત કરી ચૂક્યા હતા તેમજ માયાથી રહિત થઈને પૂરી સાવધાનીથી જીવન પર્યંત પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિથી યુક્ત રહ્યા હતા.

**१७** **एस विही अणुक्कंतो, माहणेण मईमया ।**
**अपडिण्णेण वीरेण, कासवेण महेसिणा ॥ त्ति बेमि ॥**
**(बहुसो अपडिण्णेण भगवया एवं रीयंति ॥ त्ति बेमि ॥)**
**॥ चउत्थो उद्देसो समत्तो ॥ णवमं अज्झयणं समत्तं ॥**

**ભાવાર્થ :–** જ્ઞાનવાન, અપ્રતિજ્ઞ, મહામાહણ (અહિંસક) કાશ્યપ ગોત્રીય મહર્ષિ ભગવાન મહાવીરે આ રીતની ઉપરોક્ત સંયમ વિધિનું આચરણ કર્યું હતું. (તેથી મુમુક્ષુજનોએ આ વિધિનું આચરણ કરવું જોઈએ. ) – એમ ભગવાને કહ્યું છે.

**॥ ચોથો ઉદ્દેશક સમાપ્ત ॥ નવમું અધ્યયન સમાપ્ત ॥**

## વિવેચન :–

આ ગાથાઓમાં ભગવાનની ધ્યાન પરાયણતા અને અપ્રમત્ત સાધના વિષયક વર્ણન કર્યું છે.

ભગવાન છદ્મસ્થકાળમાં શરીરની આવશ્કતાઓને સહજભાવથી પૂરી કરી લેતા અને તુરંત ધ્યાન–સાધનામાં જોડાઈ જતા હતા. ધ્યાન માટે તેઓ ગોદુહાસન, વીરાસન, ઉત્કટુકાસન આદિ આસનોમાંથી કોઈ પણ આસનમાં સ્થિત થઈને ધ્યાન કરતા હતા.

**उड्ढं अहे य तिरियं :–** ભગવાનના ધ્યાનનું આલંબન મુખ્યરૂપે ઊર્ધ્વલોક, અધોલોક અને મધ્યલોકમાં રહેલ જીવ, અજીવાદિ પદાર્થો હતા. આ વાક્યની મુખ્યરૂપે પાંચ વ્યાખ્યા થાય છે–

૧. ઊર્ધ્વલોક–આકાશ દર્શન, અધોલોક–ભૂગર્ભ દર્શન અને મધ્યલોક–તિર્યક્‌લોક દર્શન. આ ત્રણે ય લોકમાં રહેલા જીવાદિ તત્ત્વોનું અને તેના દ્રવ્ય ગુણ પર્યાયનું નિત્ય અનિત્યતાનું ભગવાન ધ્યાન કરતા હતા.

૨. દીર્ઘદર્શી સાધક–ઊર્ધ્વગતિ, અધોગતિ અને તિર્યક્‌ગતિમાં જવાના જે કારણો છે, તેના ભાવોને ત્રણે લોકના દર્શનથી જાણતા હતા.

૩. આંખોને ખુલ્લી રાખી અનિમેષદષ્ટિથી ઊર્ધ્વ, અધો અને મધ્યલોકના બિંદુ ઉપર ચિત્તને સ્થિર કરીને ત્રણે લોકને જાણતા હતા.

૪. ઊર્ધ્વ, અધો અને મધ્યલોકના જીવો વિષય–વાસનામાં આસક્ત થઈને શોકથી પીડિત છે. આ પ્રમાણે દીર્ઘદર્શી ત્રિલોકનું દર્શન કરતા હતા.

૫. લોકનો એક અર્થ એ છે કે–ભોગ્યવસ્તુ અથવા વિષય. શરીર ભોગ્યવસ્તુ છે. તેના ત્રણ ભાગ કરીને ત્રિલોક દર્શન કરવાથી ચિત્ત કામવાસનાથી મુક્ત બને છે. નાભિથી નીચે અધોભાગ, નાભિની ઉપર ઉર્ધ્વભાગ અને નાભિસ્થાન તિર્યક્‌ ભાગ છે.

**अकसाई विगयगेही :–** ભગવાન અકષાયી, અનાસક્ત, શબ્દ અને રૂપાદિમાં અમૂર્ચ્છિત તેમજ આત્મસમાધિ (તપ સમાધિ કે નિર્વાણ સમાધિ)માં સ્થિત થઈને ધ્યાન કરતા હતા. તેઓ ધ્યાન માટે સમય, સ્થાન કે વાતાવરણના આગ્રહી ન હતા.

**ण पमायं सइं वि कुव्वित्था :–** જ્યાં સુધી જ્ઞાનાવરણીયાદિ ચાર ઘાતિ કર્મનો સર્વથા ક્ષય ન થાય ત્યાં સુધી છદ્‌મસ્થ અવસ્થા કહેવાય છે. ભગવાને તેમની છદ્‌મસ્થ કાળની સાધનામાં પ્રમાદ કર્યો ન હતો પ્રત્યેક ક્ષણ તેઓ અપ્રમત્ત રહેતા હતા. તાત્પર્ય એ છે કે સંયમમાં કોઈ પણ જાતના દોષ સેવનરૂપ પ્રમાદનું આચરણ તેઓએ કર્યું ન હતું.

## ચોથો ઉદ્દેશક સંપૂર્ણ

**ઉપસંહાર :–** જીવથી લઈને શિવ સુધીની અવસ્થા જેમણે પ્રાપ્ત કરી છે એવા ચરમ તીર્થંકર શ્રમણ ભગવાન મહાવીરે પોતાના જીવનમાં અનુભવેલી અવસ્થાને સામે રાખી સાધકની સાધનામાં ઉપયોગી સૂત્રોને આ અધ્યયનમાં બતાવ્યા છે. કેવળ **'बोलेमि भंते'** નહિ પરંતુ **'करेमि भंते'** અર્થાત્‌ આચરણ

પૂર્વકની વાતો કહી સાધકને સાવધાન કર્યા છે. સાધકનું જીવન, જાગૃતિનું જીવન છે. તેણે પરિચિત સ્થાનોથી દૂર થઈ લોક સંજ્ઞામાં ખેંચાઈ ન જવાય માટે પ્રતિક્ષણ સતર્ક રહેવું આવશ્યક છે.

ધ્યેયને સામે રાખીને જે ક્રિયા થાય છે તેની અસર જીવન પર જરૂર પડે છે. ગૃહસ્થાશ્રમ અને ગૃહત્યાગાશ્રમ આ બંને અવસ્થામાં પ્રભુએ પોતાના ધ્યેયને છોડ્યું નથી. વિહારચર્યાના ક્ષેત્ર કે સ્થાનો ગમે તેવા દુર્ગમ, દુરાશ્રયી હોય, સમય, કાળ ગમે તેવો કઠિન હોય, બાહ્ય સંજોગો અનેક પ્રકારની મુશ્કેલીઓથી ઘેરાયેલા હોય તેમજ આહાર–પાણીની રૂક્ષતા હોય તોપણ પ્રભુના જીવનમાં સમતા અને સહજતા હતી. બે દિવસથી લઈને છ માસ સુધીની તપશ્ચર્યામાં પણ તેઓ આળસ, પ્રમાદથી દૂર રહી સ્વાધ્યાય, ધ્યાનમાં જ લીન બની સમય પસાર કરતા હતા. અલ્પનિદ્રા, તપશ્ચર્યા, કષ્ટ સહિષ્ણુતાના અમોઘ શસ્ત્રો દ્વારા તેઓએ માનવની સહજવૃત્તિ ઉપર વિજય મેળવી સત્યનો સાક્ષાત્કાર કર્યો હતો. આવા શસ્ત્રોના માધ્યમે જ પૂર્વાધ્યાસને અને પૂર્વ સંસ્કારોને જડમૂળથી નષ્ટ કરી ચિદાનંદની અનુભૂતિ કરી, તેમજ આત્માની સહજતા, શુદ્ધતા પ્રાપ્ત કરી. તે સાથે સહુને આ રીતે સાધના કરવાનો માર્ગ પ્રશસ્ત કરી ગયા. મોક્ષાર્થી સાધકોએ આ ઉપધાન શ્રુત અધ્યયનરૂપ પ્રભુના સાધના જીવનની ઝાંખીનું ચિંતન મનન અને પ્રેક્ષણ કરીને અનંત ભવોના અનંત પરિભ્રમણનો અંત કરવા, વિવેકનો દીપક લઈ લોકના સારભૂત અપ્રમત્ત સંયત અવસ્થાને પ્રાપ્ત કરી, તેની સાથે સાંયોગિક સંબંધે રહેતાં કર્મોનો નાશ કરી, આત્માને તેનાથી વિમુક્ત કરી, પ્રભુ મહાવીરની જેમ પોતાના સ્વભાવની ઉપધાનતાને પ્રાપ્ત કરવા પુરુષાર્થ કરવો જોઈએ. એ જ આ અધ્યયનનો આદ્ય અને અંતિમ ઘોષ છે.

**॥ અધ્યયન–૯/૪ સંપૂર્ણ ॥**

**આચારાંગ સૂત્ર પ્રથમ શ્રુતસ્કંધ – સમાપ્ત**

## પરિશિષ્ટ–૧

# મુનિશ્રી સંતબાલજીના ચિંતનો

## પ્રથમ અધ્યયન

(ઉદ્દેશક ૧, સૂત્ર ૧) વસ્તુતઃ જન્મ, જરા કે મરણ એ આત્માના ધર્મ જ નથી. આત્મા નિત્ય, અખંડ અને જ્યોતિર્મય છે છતાં કર્મસંસર્ગથી જડરૂપ કર્મના ધર્મોની આત્મા પર પણ અસર થયા વિના રહેતી નથી અને તેથી કર્મસંગી ચૈતન્યને જન્મ, મરણાદિ ધર્મોમાં યોજાવું પડે છે. જો કર્મ છે તો કર્મના પરિણામરૂપ પુનર્ભવ છે જ.

(ઉદ્દેશક ૧, સૂત્ર ૨) આત્મા નિત્ય છે, તદ્રૂપ ચોક્કસ પ્રતીતિ થવી એ આત્મવાદ. સંસારના કાર્યકારણનું સ્પષ્ટ ભાન તે લોકવાદ. આત્મા પોતે કર્તા અને ભોક્તા છે તેવું ચોક્કસ કર્મજ્ઞાન તે કર્મવાદ અને કર્મબંધનથી છૂટી જવાની ક્રિયાઓનું જ્ઞાન થવું તેને ક્રિયાવાદ કહેવાય. આત્મવાદ, લોકવાદ, કર્મવાદ અને ક્રિયાવાદ આ ચારે વાદોના એકીકરણથી જ સાચો આત્મવાદ સમજાય.

(ઉદ્દેશક ૨, સૂત્ર ૧) કષ્ટ એટલે અજ્ઞાનથી ઉત્પન્ન થયેલી પરિસ્થિતિ કે અજ્ઞાનજન્ય ક્રિયાઓનું કટુ પરિણામ. અજ્ઞાનથી માત્ર અજ્ઞાનીને કષ્ટ થાય છે એવું નથી, અજ્ઞાનીનું અજ્ઞાન બીજાઓને પણ પીડે છે. વ્યક્તિ એ સમષ્ટિનું અંગ છે. તેની પ્રત્યેક ક્રિયાનો સમષ્ટિ સાથે ગાઢ સંબંધ છે.

(ઉદ્દેશક ૨, સૂત્ર ૬) જે વૃત્તિની મન પર અસર વિશેષ રહેતી હોય તે વૃત્તિ પછી ટેવરૂપે થઈ જાય છે અને તે ટેવરૂપે થઈ ગયા પછી મનુષ્ય હંમેશાં એમાં જ વલખાં મારે છે અને આ રીતે વિવેકનો નાશ અને અનર્થની પરંપરા નોતરાતી જાય છે.

(ઉદ્દેશક ૩, સૂત્ર ૧) જેવા વિચારો હોય તેવું જ બોલે અને જેવું બોલે તેવું જ ચાલે અર્થાત્ મન, વચન અને કાર્યની એક વાક્યતા એ સાધુતાનું પ્રથમ લક્ષણ છે. ત્યાગ ગ્રહણ કરી સતત જાગૃત રહે તે સાધુ કારણ કે સમર્થ આત્માઓ માટે પણ પૂર્વ સંસ્કારોને લઈને નિર્બળતા થવી સંભવિત છે.

(ઉદ્દેશક ૩, સૂત્ર ૩) તે જ સાચો નિર્ભય છે કે જેનાથી સૌ કોઈ નાનામોટા જીવોને અભય મળે છે. પોતાનાથી જ્યારે કોઈ ભય ન પામે તેવો નિઃસ્વાર્થી અને નિર્વિકારી પ્રેમ અખંડ વહે, ત્યારે જ નિર્ભયતા પ્રાપ્ત થાય. નિર્ભય દશા પ્રાપ્ત કરવાનું ધ્યેય એ સર્વોત્તમ અને કાર્યકારી ધ્યેય છે. જે નિર્ભયતામાં અસંયમ અને સ્વચ્છંદતા છે તે નિર્ભયતા ભયાનક છે અને એ નિર્ભયતા બહાર દેખાતી હોય તોયે એ નિર્ભયતા નથી પણ મહાન ડરપોકતા છે.

(ઉદ્દેશક ૩, સૂત્ર ૪) જળમાં અનેક જીવો છે તે વૈજ્ઞાનિક શોધથી જગજાહેર થઈ ચૂક્યું છે. વૈજ્ઞાનિકોએ વનસ્પતિમાં હાસ્ય, શોક, ભય, ક્રોધ, રાગ, અહંકાર એવી એવી લાગણીઓનો સ્પષ્ટ અનુભવ કરાવ્યો છે. એ પરથી હવે

ચર્મચક્ષુથી પ્રત્યક્ષ ન દેખાવા છતાં સ્થાવર જીવોમાં ચૈતન્ય છે એ સિદ્ધ કરવાપણું આ વિજ્ઞાનયુગમાં અવશેષ રહ્યું નથી.

(ઉદ્દેશક ૪, સૂત્ર ૧) આત્મા અને સંસારના અન્ય પ્રાણીગણ આ જગતમાં પ્રત્યક્ષ વિદ્યમાન દેખાય છે. જુઓ– ઘાટીલું શરીર, પુષ્ટ ઈન્દ્રિયો અને મનોહર અંગોપાંગ હોવા છતાં એક વસ્તુ વિના ક્ષણવારમાં તે સડવા લાગે છે; તેમાં મનોહરતાને બદલે બેડોળતા આવે છે; આકર્ષણ ને બદલે ઘૃણા થાય છે. જે ચૈતન્ય વિના સઘળું નિરર્થક છે, એ વસ્તુ કઈ ? તેનું જ નામ આત્મા. એ આત્માના ઉત્કર્ષ માટે સૌ જીવો શક્તિ અને સાધનોના પ્રમાણમાં સતત પ્રયત્ન કરે છે. આ રીતે તેનું અસ્તિત્વ અનુમાનથી સ્પષ્ટ થાય છે. તે વિષે શંકા કરવાનું કશું પ્રયોજન નથી.

(ઉદ્દેશક ૪, સૂત્ર ૧) જે આ મહાસંસારમાં હિંસા તરફ બેદરકાર રહેતો નથી, તે જ સાચા સંયમનો રહસ્યવેત્તા છે અને જે સંયમનો જાણકાર છે, તે જ સાચી અહિંસાનો આરાધક છે. આ રીતે અહિંસા અને સંયમનો પરસ્પર પોષ્યપોષક ભાવ છે. અસંયમી કદી અહિંસક રહી શકે નહિ અને હિંસક કદી સંયમી બની શકે નહિ. ઈન્દ્રિયસંયમ, વાણીસંયમ અને મનસંયમ એ અહિંસકભાવ અને પ્રેમભાવના જનક છે.

(ઉદ્દેશક ૪, સૂત્ર ૫) અવિવેકી ક્ષણે ક્ષણે પાપ પરંપરા વધારે છે જ્યારે વિવેકી સાધક કાર્ય કરવા છતાં વિવેક દ્વારા જ પાપને ઘટાડે છે.

(ઉદ્દેશક ૫, સૂત્ર ૨) સંસારનું ઉપાદાન (મૂળ) કારણ તો આસક્તિ જ છે અને વિષયો તો માત્ર નિમિત્ત (ગૌણ–આનુષંગિક) કારણો છે પરંતુ નિમિત્ત કારણો પણ ઉપાદાનનાં ઉત્તેજક તો છે જ. આથી નિમિત્ત કારણોથી સાવધ રહેવું એ સાધકની સાધનાનું પ્રથમ લક્ષ્ય હોવું ઘટે. વિષયોના દર્શનથી ગુપ્ત વિષયવાસના જાગી ઊઠે છે; વિષયવાસના ઉદ્ભવ થવાથી ગાઢ આસક્તિ થાય છે અને ગાઢ આસક્તિને પરિણામે જડતા આવે છે. જ્યાં જડતા છે ત્યાં ચૈતન્યનો હ્રાસ છે અને સંસારની વૃદ્ધિ છે.

વીતરાગતા પ્રાપ્ત કરવાની સાધનાનો પ્રારંભ વિષયવિરક્તિથી થાય છે. આથી એ સાધના કરવી અને વીતરાગની આજ્ઞા આરાધવી એ બંન્ને સમાન છે.

(ઉદ્દેશક ૭, સૂત્ર ૧) પોતાનું ચૈતન્ય અને અન્ય જીવોનું ચૈતન્ય એકસરખું છે. કર્મોની અસર પણ ઓછાવત્તા સ્વરૂપમાં સૌ જીવોને (તેવા જ રૂપે) થતી રહે છે. આટલું જ વિચારી શકે છે, તે બીજાના ભોગે પોતાનું સુખ કદી વાંછતો નથી. અન્યને દુઃખ ઉપજાવી પ્રાપ્ત કરેલું સુખ એ સુખ નથી પણ સુખાભાસ છે. જ્યારે અન્યને શાંતિ પહોંચાડવાથી કદાચ સંકટ પ્રાપ્ત થાય, તો પણ તેના ગર્ભમાં સુખ જ છે.

(ઉદ્દેશક ૭, સૂત્ર ૬) જીવનું અસ્તિત્વ, કર્મબંધન અને મુક્તિ ઈત્યાદિ તત્ત્વો બતાવી તથા જીવનવિકાસ સારુ વિચાર, વિવેક અને સંયમ એ ત્રણ અંગોનું વર્ણન આપી આ અધ્યયનમાં ભાવહિંસાથી છૂટવાના સફળ અને સરળ ઉપાયોનું નિદર્શન કર્યું છે કારણ કે, અહિંસા એ જ એક પ્રકારનો સંયમ છે. અથવા બીજી રીતે એમ પણ કહી શકાય કે અહિંસા માત્ર સંયમથી જ સાધ્ય છે. કોઈને પ્રત્યક્ષ મારવું એ દ્રવ્યહિંસા છે અને અવિવેક, માનસિક દુષ્ટતા, વૈરવૃત્તિ, ઈર્ષ્યા વગેરેને આશ્રય આપવો તે ભાવહિંસા છે. ભાવહિંસા દ્રવ્યહિંસામાં પરિણમે છે અને એમ આત્મપતન થાય છે–

કારણ કે જીવ માત્ર પોતારૂપ છે, તેથી બીજાને હણવાથી પોતે જ હણાય છે. વાસનામાં બંધ છે અને વિરતિમાં મુક્તિ છે. તે ભાવના આપી, નાનાં મોટાં બધાં પ્રાણીઓમાં ચૈતન્ય છે માટે સૌ તરફ અનુકંપા રાખો; પ્રેમની પરબો માંડો; વિવેકથી જીવો અને વિકાસપંથમાં આગળ ધપો.

# બીજું અધ્યયન

ઉદ્દેશક ૧, સૂત્ર ૧) વિષયો, જે પરંપરાથી સંસારનું મૂળ થાય છે તે ક્રમ આ પ્રમાણે છે– શબ્દાદિ વિષયોથી કામેચ્છા– વાસનાને વેગ મળે છે. વાસનાથી ચિત્તનો વિકાર થાય છે. વિકૃત ચિત્તવાળો જીવાત્મા વિષયોપભોગમાં વાસ્તવિક આનંદ ન હોવા છતાં ચૈતન્ય આનંદની પ્રાપ્તિ અનુભવવાને આતુર બને છે. આ આતુરતા, આ મુગ્ધતા, આ આસક્તિ, આ મોહાદિની સ્થિતિ, તે જ સંસારનું મૂળ છે. આ રીતે વિષયો ક્રમશઃ સંસારના મૂળભૂત બની રહે છે.

(ઉદ્દેશક ૧, સૂત્ર ૨) યૌવન અતિ ચંચલ છે. થોડા જ દિવસો પહેલાં જેના અંગમાં યુવાનીની મસ્તી અને આંખમાં યુવાનીનું નૂર હોય તે જ માનવ દહાડા જતાં હીન, દીન અને ક્ષીણ બની જાય છે. યુવાન વય જ ચૈતન્યવિકાસ સાધવાની સાધનાની વય છે. તે ગયા પછી જરાવસ્થામાં શરીર પણ પરવશ સમું બની રહે છે.

(ઉદ્દેશક ૧, સૂત્ર ૩) પુત્ર કે કુટુંબને અર્થે ધન ભેળું કરી આપવામાં જ માત્ર કર્તવ્યધર્મ પૂર્ણ થઈ જતો નથી. આપેલું ધન પણ જો સંસ્કારો ન હોય તો ધૂળમાં મળે છે અને સંસ્કારો હોય તો નિર્ધનતા હોવા છતાં પ્રભુત્વ પ્રાપ્ત થાય છે. એટલે તે સારુ પરિગ્રહ વધાર્યે જવો એ કેવળ ભ્રમમૂલક માન્યતા છે.

(ઉદ્દેશક ૨, સૂત્ર ૧–૨) સાધનાનો માર્ગ કપરો છે. ઘડીમાં પ્રલોભન, ઘડીમાં વિપત્તિ એવાં એવા અનેક પતનના નિમિત્તો ખડાં થાય છે, ઘડીમાં પ્રશંસા તો ઘડીમાં નિંદા, એવાં અનેક કારણો ઉપસ્થિત થાય છે, ત્યાં નટની જેમ એક લક્ષ્ય પર સમભાવ રાખી જે સાધક જીવન નિર્વહે છે તે તરત પાર ઉતરે છે, પરંતુ જે નિમિત્ત કારણોની આંટીમાં સપડાય છે, રાગદ્વેષ, વિષમતા અને ચંચળતાના શિકાર થઈ જાય છે, તેની ગૂંચવણનો પાર રહેતો નથી. મુનિવેશ હોવાથી તે ગૃહસ્થી નથી અને મુનિપદની જવાબદારી પ્રમાણે ન વર્તતા હોવાથી તે મુનિ પણ નથી.

(ઉદ્દેશક ૨, સૂત્ર ૪) આસક્તિ અને મધ્યસ્થતા બન્ને વિરોધી વસ્તુ છે. આત્માના સહજ ગુણનો આસક્તિથી લોપ થાય છે અને સમજ, કાર્યદક્ષતા તથા એવા અનેક ગુણોને ધારણ કરનારો સાધક પણ આસક્તિમાં પડી અક્ષમ્ય એવી ઘણી ભૂલો કરી બેસે છે. આથી આસક્તિને દૂર કરવી એ સાધનાનું મુખ્ય અંગ હોવું ઘટે.

(ઉદ્દેશક ૨, સૂત્ર ૫) આત્મસાક્ષાત્કાર ન થયો હોય ત્યાં સુધી વૃત્તિના પૂર્વ અધ્યાસોને લઈને તે સાધકને ડગુમગુ સ્થિતિ થવાનો ભય રહે છે. આવે સમયે જે પુરુષોએ પરમરસ ચાખ્યો છે તેમનાં વચનો પરની અપૂર્વ શ્રદ્ધા અને તેવા સત્પુરુષોની આજ્ઞાની આરાધના એ જ અપૂર્વ અવલંબન છે.

(ઉદ્દેશક ૩, સૂત્ર ૩) ઈન્દ્રિયદમન, મનોદમન, સંયમ એ બધાં આત્મવિકાસનાં મુખ્ય અને ઉપયોગી અંગો છે. એમના પાલનથી શારીરિક અને માનસિક તંદુરસ્તી રહે છે; અને શરીર તથા મન સ્વસ્થ રહેવાથી વિકાસમાર્ગમાં

આગળ વધી શકાય છે. એટલે કોઈ પણ સાધકને માટે યમનિયમો વગેરેની ખૂબ આવશ્યક્તા છે પરંતુ મોહ અને આસક્તિ એવી વસ્તુ છે કે જે સમર્થ આત્માને પણ એક પામર જેવો બનાવી મૂકે છે. આથી તે પોતે ઈન્દ્રિયોનો ગુલામ બની જાય છે અને યમનિયમ આચરી શકતો નથી માટે સાધકને સહુથી જરૂરી છે મોહ અને આસક્તિથી સાવધાન રહેવું.

(ઉદ્દેશક ૩, સૂત્ર ૪) જન્મેલાનું મૃત્યુ એ નિશ્ચિત વસ્તુ છે અને તે ક્યારે આવે તેનો પણ ભરોસો નથી છતાંયે બધા જીવો જીવવા ઈચ્છે છે. મરણપથારીએ પડેલાનેય મૃત્યુ ભયંકર ભાસે છે. તેનું કારણ જો કંઈ હોય તો તે એ છે કે એણે જે ધ્યેય રાખ્યું હતું તે પાર પડ્યું નથી. સાધ્યની સાધના થઈ નથી તેથી જ તે જીવને પોતાની અપૂર્ણતાને લીધે જ દુઃખ થાય છે. જે ગૃહસ્થ કે સાધકે પોતાના લક્ષ્યને પૂર્ણ કરી લીધું હોય તેને માટે મૃત્યુની ભયંકરતા ઓછી થઈ જાય છે.

(ઉદ્દેશક ૪, સૂત્ર ૧) વિષયો તરફની ગાઢ આસક્તિને કારણે ચિત્તતાપ સતત રહ્યા કરે છે. ચિત્તગ્લાનિને લીધે સ્થાનાસ્થાન કે નીતિ અનીતિનો ખ્યાલ કર્યા વગર એ જીવ વિષયો મેળવવા અર્થે ઝાંવા મારવાં મંડી પડે છે. એવા કુપ્રયત્ન, કુસંગ તથા ચિત્તગ્લાનિને પરિણામે શારીરિક રોગો પણ અવશ્ય જન્મે છે; અને એ રીતે **भोगे रोगभय** સૂત્ર સાર્થક થાય છે.

(ઉદ્દેશક ૪, સૂત્ર ૩) પદાર્થોનો ત્યાગ કર્યા પછી વૃત્તિનો સંયમ શા અર્થે છે ? તેનું સમાધાન એ છે કે વાસનાનો વેગ પ્રદીપ્ત થાય તેવાં નિમિત્તોથી બચવાનો પ્રયત્ન કરવો તે તો આવશ્યક જ છે પરંતુ તેટલે થી જ કંઈ પતી જતું નથી. તે વાસનાના મૂળને નાબૂદ કરવા માટે પણ સતત માનસિક પ્રયત્ન ચાલુ રાખવો જોઈએ. એટલે સાધકે પ્રતિક્ષણે અપ્રમત્ત રીતે જાગ્રત રહેવું જોઈએ.

(ઉદ્દેશક ૪, સૂત્ર ૫) સંયમીને સાધનો મળે કે ન મળે; તોય રાગ કે દ્વેષ ન થાય અને સમતા રહે એ એના સંયમની કસોટી છે. બીજી પ્રજાની ફરજ છે કે સંયમીને ઉપયોગી સાધનો પુરાં પાડવાં, પણ પ્રજા એ ફરજ ચૂકે, તોય સાચો સંયમી એનું દુઃખ મનમાં ન લાવે તેમજ સંયમના સાધનો મેળવવા માટે ગૃહસ્થના અતિ સંસર્ગમાં ન આવે.

(ઉદ્દેશક ૫, સૂત્ર ૨) ઘર અને ઘરનું મમત્વ ન હોય તે અણગાર; જેનું અંતઃકરણ નિર્મળ હોય તે આર્ય; જેની બુદ્ધિ પરમાર્થ તરફ ઢળે તે આર્યપ્રજ્ઞ; અને ન્યાયમાં જ જેનું સતત રમણ હોય તે આર્યદર્શી; અને સમયને યોગ્ય ક્રિયા કરનાર હોય તે સમયજ્ઞ કહેવાય છે. આ બધાં વિશેષણો સાર્થક છે અને તેટલી વધુ જવાબદારીના સૂચક છે.

(ઉદ્દેશક ૫, સૂત્ર ૩) અહીં સાધકે અવસર જોઈને જ કાર્ય કરવાનું હોય છે કારણ કે એક જ કાર્ય કોઈ કાળ માટે આચરણીય હોય છે તે જ કાર્ય બીજા કાળમાં ત્યાજ્ય થઈ જાય છે. જો કાળને ન ઓળખે તો તે કાર્ય રૂઢિમય થઈ અનિષ્ટ ઉત્પન્ન કરે. વળી પોતાની શરીરશક્તિ જોઈને જ યોગ્ય રૂપે ધર્માચરણ કરવું તેમ પણ અહીં બલજ્ઞ શબ્દથી કહ્યું છે. આથી જૈનદર્શનમાં વિવેકની પળેપળે આવશ્યક્તા બતાવી છે, એમ સ્પષ્ટ દેખાય છે. સ્વદર્શનનાં શાસ્ત્રો અને પરદર્શનનાં શાસ્ત્રોનું અધ્યયન કરવું, માનસિક ભાવોનું અવલોકન કરવાની શક્તિ મેળવવી, એ પણ મુનિ માટે અતિ આવશ્યક છે, એમ અહીં સ્વસમયજ્ઞ, પરસમયજ્ઞ શબ્દથી બતાવ્યું છે.

(ઉદ્દેશક, ૫ સૂત્ર ૫) એક જ પદાર્થ એકને ઈષ્ટ લાગે છે, બીજાને તે જ અનિષ્ટ લાગે છે. એકને જે મિત્ર લાગે છે

તે જ બીજાને શત્રુ લાગે છે. એકનું જ્યાં બંધન છે, ત્યાં બીજાની મુક્તિ છે. આ બધી સંસારની વિચિત્રતાને જે જાણે છે, તે લોકના ઊંચા, નીચા અને તીરછા ભાગને એટલે લોકમાનસની વિવિધ પ્રકૃતિઓને પણ જાણી શકે છે. અહીં અવલોકનબુદ્ધિનું રહસ્યસૂચન છે.

(ઉદ્દેશક, ૫ સૂત્ર ૬) બાળકના મુખમાંથી જેમ લાળ પડે તેમ ઉગતા સાધકને અનેક ઈચ્છનીય અને અનિચ્છનીય વૃત્તિઓ તો આવ્યા જ કરે, પણ એ વૃત્તિઓને બાળકની લાળ માફક ચૂસી ન જાય પણ ફેંકી દે, અર્થાત્ વમવા જેવી ખોટી વૃત્તિ જાગે તેને મૂર્ત સ્વરૂપ ન આપતાં, શરીર જેમ બાહ્ય અને આંતરિક અસાર છે તેમ તજજન્ય વૃત્તિને પણ અસાર તેમજ મલિન છે એમ સમજીને તુરત જ વમી નાંખે. મનુષ્ય અકાર્યને જ્યારે અકાર્યરૂપે જુએ છે, ત્યારે જોયા પછી પણ કર્મને દોષ આપે છે, પણ ખરી રીતે ત્યાં એના સાચા પુરુષાર્થની જ ખામી છે.

(ઉદ્દેશક, ૫ સૂત્ર ૧) શરીર ધર્મનું સાધન છે તેમ જાણીને તેને સ્વસ્થ અને નિરાબાધ રાખવું એ સાધકનું અનિવાર્ય કર્તવ્ય છે. પરંતુ આસક્તિથી કાંઈ દેહાદિની સ્વસ્થતા રહી શકતી નથી. માટે વ્યામોહ ન રાખતાં શરીર માત્ર એક ઉપયોગી સાધન છે એમ સમજીને જ તેનો ઉપયોગ કરવો જોઈએ.

(ઉદ્દેશક, ૬ સૂત્ર ૧) સુખનું યથાર્થ મૂળ શોધ્યા વિના જેઓ સુખ માટે દોડધામ કરે છે, તેમાં તેમને સુખની પ્રાપ્તિને બદલે એકાંત દુઃખની ગર્તામાં ગબડવું પડે છે. તાત્પર્ય એ છે કે સાધકમાં જેમ જેમ વિવેક શક્તિની જાગૃતિ થાય છે તેમ તેમ તે સ્વયં અહિંસક બનતો જાય છે.

(ઉદ્દેશક, ૬ સૂત્ર ૨) જ્યાં સુધી મમત્વની વૃત્તિ અંતઃકરણ સાથે જડાયેલી છે, ત્યાં સુધી કોઈ પણ પદાર્થને જોઈને આસક્તિ થવાની જ. અર્થાત્ પદાર્થ પોતે કંઈ આસક્તિનો જનક નથી આથી પદાર્થ પ્રત્યે વૈર રાખવું એ કંઈ વિકાસનો માર્ગ નથી અને પદાર્થોથી દૂર રહેવું એ કંઈ બહુ કપરું કામ પણ નથી. સારાંશ એ છે કે પદાર્થ પ્રત્યે કાબૂ લાવવાનો પ્રયત્ન વૃત્તિ પર કાબૂ લાવવા અર્થે જ છે, તે ધ્યેય ન ભૂલવું ઘટે.

બાહ્ય પદાર્થોનો ત્યાગ સાધનાની પ્રાથમિક ભૂમિકા માટે ઉપયોગી છે કારણ કે પહેલાં તે પરથી ચિત્તવૃત્તિને હટાવવાનો પ્રયોગ કરવો અને પછી તે ચિત્તવૃત્તિની આંતરિક વાસનાનું રહસ્ય સમજી તેના પર વિજય મેળવતા જવું, એ સાધકના વિકાસનો સાચો માર્ગ છે.

ઘણા સાધકો વૈરાગ્યપૂર્વક સાધનામાર્ગમાં જોડાય છે, ત્યારે પદાર્થો પર તેને જરાયે આસક્તિ નથી એવો અનુભવ થાય છે. છતાં કોઈ પ્રસંગ એવો આવી પડે છે કે તેનો કોઈ ને કોઈ પદાર્થ પર મમત્વભાવ સહસા જાગી ઊઠે છે. આવે પ્રસંગે તેને પોતાને પણ આશ્ચર્ય થાય છે કે આ શું ? પરંતુ તેમાં આશ્ચર્ય પામવા જેવું કશું નથી. એમ થવું એ મમત્વબુદ્ધિનું પરિણામ છે. જ્યાં સુધી વૈરાગ્યના પ્રબળ વેગનું આચ્છાદન હતું ત્યાં સુધી તે મમત્વબુદ્ધિનો પ્રકાશ પદાર્થ પર પડતો નહોતો અને તેથી પદાર્થ પ્રત્યે તે વૃત્તિ મનને પ્રેરી શકતી નહોતી, પણ તે વૈરાગ્યનું આવિષ્કરણ (પ્રગટીકરણ–પ્રભાવ) દેખાય તો તે જરાયે અસ્વાભાવિક નથી.

વૈરાગ્ય એ જિજ્ઞાસુનું સૌથી પ્રથમ ચિહ્ન છે. તે પ્રગટ્યા પછી જે સાધક પૂર્ણતા ન માની લેતાં મમત્વબુદ્ધિના સ્વરૂપને સમજી તેના પર કાબૂ લાવવાનો પુરુષાર્થ આદરે છે તે શીઘ્ર આગળ ધપે છે. આ સ્થળે સંસારનો સર્વ સામાન્ય પ્રવાહ જે તરફ ઢળી રહ્યો છે અને જેણે રૂઢિનું પણ સ્વરૂપ લીધું હોય છે તેના તરફ પણ લક્ષ ન આપતાં

પોતાનો પંથ કાપવો એ જ સાધક માટે ઈષ્ટ અને આચરણીય છે.

લોકસંજ્ઞામાં કીર્તિ, મોહ, અહંકાર, વાસના વગેરેનો સમાવેશ થાય છે. ધર્મિષ્ઠના ઉત્તમ ધર્મકાર્યો પણ આવી વૃત્તિના ધ્યેયથી નિષ્ફળ જાય છે અને વિકાસના માર્ગે આગળ ધપેલા સાધકનું પણ આવી લોકસંજ્ઞાના અંધાનુકરણથી પતન થતાં વાર લાગતી નથી.

(ઉદ્દેશક ૬, સૂત્ર ૬) જે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ તથા સ્વશાસ્ત્ર અને પરશાસ્ત્રના જાણનાર હોય તેવો દીર્ઘદષ્ટિ, સમદર્શી અને જ્ઞાની પુરુષ જ ઉપદેશક થવાને યોગ્ય છે.

આમાં લખાયેલા ધર્મ, મત, પંથ અને દેવનો અર્થ એમ દેખાય છે કે અનુક્રમે શ્રોતાનું સાધ્ય, તેની માન્યતા, સાધ્યને પહોંચવાનો માર્ગ અને તેની પૂજાપાત્ર વસ્તુ શી છે તે સમજીને, તેનું ધ્યેય જાણીને, તેના યોગ્ય વિકાસ માટે માનસશાસ્ત્રથી અવલોકીને, તેની શક્તિ અનુસાર ઉપદેશ અપાય તે યોગ્ય ગણાય. જો એ ઉપદેશથી સાધકનું હિત ન સધાયું હોય, એનો વિકાસ ન થયો હોય, તો ઉપદેશકે માનવું ઘટે કે ઉપદેશમાં ક્યાંક ભૂલ છે, અને એમ જાણી દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ અનુસાર એ ક્રિયાની રીત ભાત રાખવી જોઈએ.

# ત્રીજું અધ્યયન

(ઉદ્દેશક ૧, સૂત્ર ૧) નિદ્રા બે પ્રકારની હોય છે :– (૧) દ્રવ્યનિદ્રા (૨) ભાવનિદ્રા. દ્રવ્યનિદ્રા કેવળ દેહ તથા ઈન્દ્રિયોના શ્રમ નિવારણાર્થે છે. તે નિદ્રાથી સૂનારને શીઘ્ર જાગૃતિ છે. પરંતુ જેઓ ભાવનિદ્રામાં સૂતેલા છે, તેઓ જાગતા દેખાવા છતાંયે સુષુપ્ત છે. અજ્ઞાનથી પ્રાપ્ત થયેલી ચૈતન્યની સુષુપ્તિ એ ભાવ નિદ્રા છે. આ સંસારના પ્રાણીઓ લગભગ ભાવનિદ્રાથી સૂતાં છે. કોઈ કોઈ વિરલ મહાપુરુષો અજ્ઞાનનો અંધકાર દૂર થવાથી જાગૃત દેખાય છે, બાકી આખો સંસાર દીર્ઘ નિદ્રામાં સૂતો છે અને એવી ગાઢ સુષુપ્તિ હોવાથી જ તેની સામે આ વિશ્વની નાટ્યશાળામાં જન્મ, જરા, મૃત્યુ, રોગ, દુઃખ, સંકટ વગેરે અનેક અનુભવપૂર્ણ નાટકો ભજવાયે જાય છે. છતાં **पश्यन्नपि न पश्यति ।** આંખ ખુલ્લી હોવા છતાંયે તેઓ જોઈ શકતા નથી, એટલે મેળવવા યોગ્ય અનુભવ મેળવી શકતા નથી. આનું નામ જ ભાવનિદ્રા છે.

(ઉદ્દેશક ૧, સૂત્ર ૩) જૈનદર્શન વિશ્વદર્શન છે એવી ભાવના આમાં નીતરે છે. જૈન સાધુ કેવો હોય ? કોને કહેવાય? એ આમાં સ્પષ્ટ છે. ચૈતન્યને જાણવું કે જ્ઞાની કહેવડાવવું, વેદાંતના અભ્યાસી કે ધર્મના ધુરંધર દેખાવું અને નિર્વિકલ્પ બ્રહ્મમય સ્વરૂપની સ્થિતિમાં હોવાનું માનવું, એ પહેલાં એને માપવાનું જે માપક યંત્ર છે તે અહીં બતાવ્યું છે. એ બધા ગુણો કે ભિન્ન ગુણો ધરાવનાર એ છે કે જેને સુખ અને દુઃખ પ્રત્યે સમભાવ છે, જે કર્તવ્ય કરતાં છતાં નિરાસક્ત છે, એને જે કહો તે; મુનિ કહો, જ્ઞાની કહો, સાધુ કહો, આ ધર્મનો કહો, કે અન્ય ધર્મનો કહો. ત્યાં ગમે તે હોય માત્ર વ્યક્તિની પૂજા નથી, ગુણની છે. વ્યક્તિનો આગ્રહ નથી, ગુણનો છે. ત્યાં વિશ્વના બધાં તત્ત્વોને દાખલ થવાનો અવકાશ છે. એ સાધુ કેવો હોય ? એને આ સંસારના બધા ચકરાવાના મૂળ રૂપે આસક્તિ જ છે એવું જ્ઞાન હોય, સંસારચક્ર કેમ ફરે છે તેનું ભાન હોય. તે વિરલ પુરુષ પોતાના માર્ગમાં આવતા પ્રસંગોને, એ સુખદ હોય કે દુઃખદ પણ તટસ્થભાવે હસતે મુખે સ્વીકારી લે. આવા સાધુને જૈન સાધુ કહેવાય.

(ઉદ્દેશક ૧, સૂત્ર ૫) જ્ઞાન એટલે સ્વભાવ અને પરભાવની ભિન્નતાનું ભાન. એવા સાચા જ્ઞાન વગર સાચો વૈરાગ્ય જાગતો નથી અને સાચા વૈરાગ્ય વગરનો ત્યાગ પાપકર્મોથી બચાવી શકતો નથી, એમ કહેવાનો સૂત્રકારનો આશય દેખાય છે.

(ઉદ્દેશક ૧, સૂત્ર ૭) જ્યાં રાગ દેખાય છે ત્યાં દ્વેષ છે જ એમ માનવું, કારણ કે રાગ અને દ્વેષ બન્નેનું ઉત્પતિસ્થાન એક જ છે. જ્યાં રાગદ્વેષ છે ત્યાં સંસાર છે જ અને સંસાર છે ત્યાં દુઃખ પણ છે જ. હૃદય સાથે આટલો નિશ્ચય થયા પછી દુઃખથી આત્યંતિક નિવૃત્તિ ઈચ્છનાર સાધક લોકોની પ્રવૃત્તિ તરફ ન ઢળતાં કે સ્વ પર પ્રત્યે મોહ, વાસના કે રાગ ન ધરતાં, કેવળ પ્રેમમય જીવન બનાવે. સત્ય પ્રત્યેનો પ્રેમ જાગ્યા પછી અનુકંપા, સંયમ, ત્યાગ, અર્પણતા અને નિર્ભયતા એ બધું ક્રમશઃ જન્મે છે જ.

(ઉદ્દેશક, ૨ સૂત્ર ૧) પાપકર્મ શબ્દથી પાપક્રિયા એટલો જ પરિમિત અર્થ ઘટાવવાનો સામાન્ય રીતે સ્વભાવ થઈ પડે છે, એટલા ખાતર સૂત્રકાર મહાત્મા પોતે જ પાપકર્મની વાસ્તવિક વ્યાખ્યા સમજાવતાં કહે છે કે "કર્મો બે પ્રકારનાં છે; મૂળ કર્મ અને અગ્રકર્મ."

કેટલીક વખત ક્રિયા પરથી જ ધર્મ કે અધર્મની વ્યાખ્યા બાંધી લેવાતી હોય છે. સૂત્રકાર અહીં કહે છે કે તેમ નથી. ક્રિયા પોતે એકાંતધર્મ કે અધર્મયુક્ત નથી. (૧) જે ક્રિયા પાછળ આસક્તિ હોય છે તે જ મૂળકર્મ એટલે મોહનીય કર્મ–મૂળિયાંવાળી આસક્તિપૂર્વકની ક્રિયા; (૨) અને અગ્રકર્મ એટલે મોહનીયથી ઈતર કર્મો કે જે ક્રિયા પોતે ભલે શુભ કે અશુભરૂપે દેખાતી હોય, પરંતુ જેની પાછળ આસક્તિ ન હોય, તે મૂળિયાવાળી નહિ, પણ કેવળ અગ્ર એટલે ટોચવાળી ક્રિયા કહેવાય. આવી ક્રિયાઓ જ્યાં સુધી સાધક જીવન છે ત્યાં સુધી રહેવાની જ; પણ તેમની પાછળ આસક્તિ નહિ હોવાથી તેવી અગ્ર કર્મવાળી ક્રિયાઓમાં આત્મવિકાસ રુંધાતો નથી; એટલું જ નહિ પણ તેવી ક્રિયાઓને લીધે બંધાતા કર્મોનો અંત પણ શીઘ્ર આણી શકાય છે. એવા ભેદજ્ઞાનના અનુભવ પછી જ સાધક વિધિનિષેધોના રહસ્યને ઉકેલી શકે છે અને નિરાસક્ત બની શકે છે. કર્મોના ઊંડા ભેદને સમજ્યા વગર નિરાસક્તિ અસંભવનીય છે. પણ એ નિરાસક્તિ લોકસંસર્ગ અને પદાર્થોના સંગમાં રહીને કેળવવી એ કંઈ ઉત્સર્ગમાર્ગ નથી પણ અપવાદમાર્ગ છે. ઉત્સર્ગ માર્ગે નિરાસક્તિ માટે લોક સંસર્ગ અને પદાર્થોનો ત્યાગ આવશ્યક છે.

(ઉદ્દેશક, ૨ સૂત્ર ૩) સાચા સુખની પ્રાપ્તિ માટે ત્યાગમાર્ગ એ રાજમાર્ગ છે. જેણે બાહ્ય પદાર્થોમાં સુખ માન્યું હતું તેવા અનેકોને પણ સુખપ્રાપ્તિ માટે એ સ્વીકારવો પડ્યો છે.

જૈનદર્શન કહે છે કે :– ભરત વગેરે અનેક ચક્રવર્તીઓ છ ખંડના અધિપતિઓ હતા તો પણ તેમાં તેમને આત્મસંતોષ મળ્યો નહિ અને તેઓ તૃષ્ણાની બેડીને તોડી આખરે મુક્ત થયા ત્યારે જ સુખના અધિકારી બન્યા. આવો જેનો નિશ્ચય છે તે કામભોગોની સામગ્રીમાં હોવા છતાં અલિપ્ત રહેવા પ્રયત્ન સેવે છે અને તે છૂટ્યા પછી તો કદી તેમની તરફ દષ્ટિ સુદ્ધાં ઠેરવતા નથી, કારણ કે તેમને અનંત જ્ઞાની જનોના અને પોતાના અનુભવ પરથી તેનું સ્વરૂપ યથાર્થ સમજાઈ ગયું છે.

(ઉદ્દેશક, ૩ સૂત્ર ૧) પદાર્થોથી કે વિષયોથી વેગળા રહ્યા એટલે ત્યાગ થઈ ગયો, એવી ભ્રાન્તિ ઘણાખરા શાણા ગણાતા સાધકોમાં પણ પ્રવર્તતી હોય છે. સૂત્રકાર મહાત્મા અહીં એ ભેદ ટાળી નાખે છે અને સમજાવે છે કે

પદાર્થોનો ત્યાગ એટલે કેવળ નિમિત્તોનો ત્યાગ. તે ત્યાગ ઉપાદાનની–સત્ત્વની સંશુદ્ધિ અર્થે ઉપયોગી નિવડે એટલા માટે છે તેથી હવે તો સાધનાનો ઉત્તમ અવસર મળેલો જાણી ઊલટું બેવડી રીતે જાગૃત રહેવું ઘટે, એટલે કે ક્ષણ પણ પ્રમાદ ન કરવો ઘટે.

પ્રવૃત્તિમાનને નિષ્ક્રિયતા તેટલી નથી પીડતી, જેટલી નિવૃત્તિમાનને પીડે છે. સર્વત્ર નિવૃત્તિને ઈચ્છતો સાધક જો ઈન્દ્રિયો અને ચિત્ત પર સાવધાની ન રાખે તો પૂર્વની અધ્યાસેલી અને બીજરૂપે રહેલી વાસનાઓને તે બમણા જોરથી બહાર લાવે છે, એટલે નિવૃત સાધકને ચિત્તના ધર્મો પર ખૂબ જ લક્ષ્ય રાખવું રહ્યું. અનુભવ પણ એમ જ છે કે જે સાધકો પદાર્થ ત્યાગને ત્યાગ કલ્પી ગાફેલ રહ્યા છે– પ્રમત્ત થયા છે, તેઓને પસ્તાવું જ પડ્યું છે. પદાર્થો, વિષયોનો ત્યાગ એટલે ત્યાગનો સંકલ્પ જમાવવો તે. સંકલ્પબળ પછીની સાધનાથી સહજત્યાગ પર જવું એ જ ત્યાગની સિદ્ધિ ગણાય.

(ઉદ્દેશક, ૩ સૂત્ર ૧) અહીં જે અહિંસાનું પ્રતિપાદન છે તે અહિંસા વિશ્વૈક્યના અર્થમાં છે. ત્યાગી સાધક આત્મવત્ સર્વને જુએ એટલે કે ત્યાગીના માનસની ઊંડાણમાં પણ કોઈ વ્યક્તિ પરત્વે દ્વેષ, તિરસ્કાર કે ઘૃણા ન હોય એટલું જ નહિ, પરંતુ આ મારાથી અધમ ને હલકો છે, અલ્પગુણી છે એવી યે ભાવના ન હોય. ત્યાગ એટલે એક નાનીશી નિર્ઝરિણીનું વિશ્વના મહાસાગરમાં મળી જવું તે, પોતાના વ્યક્તિત્વનું વિશ્વના વ્યક્તિત્વમાં સમર્પણ કરવું તે. પણ વ્યક્તિત્વ જાગ્યા વિના વ્યક્તિત્વનું સમર્પણ પણ ન સંભવે ! એટલે પ્રથમ વ્યક્તિત્વ વિકસે અને પછી સમર્પણ થાય.

(ઉદ્દેશક, ૩ સૂત્ર ૧) વિશ્વ સાથેનું ઐક્ય એટલે **यद्यपि शुद्धं लोकविरुद्धं नाकरणीयम् नाचरणीयम् ।** જગત શું કહે છે ? કેમ ચાલે છે ? તેની રાહે રાહે ચાલવામાં ડહાપણ છે એવી દૃષ્ટિ નહિ. જોકે કેટલાક ત્યાગી સાધકો પણ આવું માની પોતાનું ગાડું ગબડાવ્યે જાય છે અને બાહ્ય રીતે એ પૂર્ણ ત્યાગી પણ દેખાય છે છતાં બીજાની એટલે બીજા ગૃહસ્થોની શરમથી, પરસ્પરની એટલે સાધકોની પોતપોતામાં શરમ લાગવાથી રખે આ ક્રિયા જોઈ બીજાઓ મને નિંદશે, કે મારી પૂજા કે પ્રતિષ્ઠામાં ક્ષતિ પહોંચશે, એવી એવી સમાજૈષણા કે લૌકેષણા ખાતર ડરીને જે પાપકર્મ નથી કરતા તેઓ આદર્શ ત્યાગી નથી. જ્યાં સમતા છે ત્યાં જ ત્યાગ છે, જે ત્યાગમાં નિર્ભયતા અને સ્વાભાવિકતા નથી, તે ત્યાગ વિકાસમાં ઉપયોગી નીવડતો નથી, એમ બતાવી સૂત્રકાર મહાત્મા સમભાવની સિદ્ધિ એ જ ત્યાગનું ફળ છે, તેવું આ સૂત્રમાં સમજાવે છે.

ત્યાગથી પદાર્થો પ્રત્યે તિરસ્કાર ન જન્મે, ઘૃણાયે ન જન્મે, આવેશજન્ય કિંવા લાગણીજન્ય (માની લીધેલો) આનંદ પણ ન જન્મે, પરંતુ આત્માની સમતોલતા જાગે અને આ સમતોલતા એ જ આત્માના સહજ આનંદનો યથાર્થ અનુભવ.

(ઉદ્દેશક, ૩ સૂત્ર ૬) સમતાયોગની જેમ જેમ સાધના થતી જાય, તેમ તેમ રાગ અને દ્વેષ ઘટતો જાય અને રાગદ્વેષ ગયા પછી આત્મસંવેદન દેહ હોવા છતાં આત્મભાવે સહજ રીતે થતું જાય. આવા યોગી પુરુષને કોઈ શસ્ત્રો છેદીભેદી કે બાળી શકતા નથી, એનો અર્થ એ કે દેહ પર થતી તેવી કોઈ પણ અસર તેની આત્મીય એકાગ્રતામાં ડખલ કરી શકતી નથી. આ દશા અધ્યાત્મ યોગીઓની સહજ દશા છે. યોગીઓ આ ભૂમિકા પર સહજ રીતે હોય છે. દેહને લેશ પણ ઈજા ન થાય તેવી સિદ્ધિઓ તેમને પ્રાપ્ત હોવા છતાં તેઓ તેને તુચ્છ ગણે છે. જગતમાં

તેમની આ સિદ્ધિઓ સ્પષ્ટ દેખાતાં તેમની તરફ લોકાકર્ષણ ખૂબ વધે છે, છતાં તેમને મન સિદ્ધિઓ કેવળ તુચ્છ વસ્તુ હોય છે, તેઓ કદી તેનો ઉપયોગ કરતા નથી અને કરવા ઈચ્છતા પણ નથી. તેઓ તો કેવળ કર્મજન્ય પરિણામને જાણીને દેહકષ્ટને સમભાવે વેદી લે છે. એમના આત્મા પર દેહદુઃખની અસર થવા પામતી નથી.

(ઉદ્દેશક, ૩ સૂત્ર ૨) અહીં કર્મના અચળ કાયદાનું પ્રતિપાદન છે. કર્મનો સિદ્ધાંત, ગીતાજી પણ કહે છે કે તે કોઈ ઈશ્વર કે શક્તિ પર અવલંબિત નથી પણ સ્વાભાવિક છે. માનસિક, વાચિક કે કાયિક કોઈ પણ એવી ક્રિયા નથી થતી કે જેનું પરિણામ ન હોય એટલે 'ક્રિયા હિ ફલવતિ' એ સિદ્ધાંત સર્વવ્યાપક અને સનાતન સિદ્ધ થાય છે પણ જગતના માનવો કર્મના અચળ કાયદાનો શુદ્ધ સમજણે સ્વીકાર કરતા નથી. શુદ્ધ સમજણપૂર્વકનો સ્વીકાર થયો ત્યારે જ ગણાય કે જ્યારે એ ભાનપૂર્વક જીવન વણાતું હોય. ઘણીવાર એવું બને છે કે કર્મનું પરિણામ સાક્ષાત્ ન દેખાય. એક માણસ દુષ્ટ કર્મ કરતો હોય છતાં સુખી દેખાય, જ્યારે એક સત્કર્મ કરતો હોય છતાં દુઃખી દેખાય. પણ આવું તો માત્ર ઉપરના બાહ્ય દેખાવારૂપ કે કર્મના કાળની અપક્વતાને લીધે દેખાય છે. વાસ્તવિક રીતે કર્મ તેના કર્તાને છોડતું નથી, સંસ્કારરૂપે તે સ્થાયી રૂપ ધારણ કરે છે, અને જીવાત્માને તેનું ફળ આપે જ છે, ભલે તે આ જન્મમાં આપે કે પછીના જન્મમાં આપે. પણ જીવમાંથી જ્યારે વિભાવિકતા જાય છે ત્યારે તેને સ્વાભાવિક સ્થિતિ અને કુદરતનો અચળ કાયદો સમજાય છે. અમુક સ્થિતિએ પહોંચ્યા વગર આ વાત કદાચ ન પણ સમજાય, પરંતુ આપણે ઝેર એ ઝેર છે એમ અનુભવીને જ નથી સમજતા. એવા તો ઘણાયે વિષયો છે કે જેનો જ્યાં સુધી આપણને સાક્ષાત્કાર ન થાય ત્યાં સુધી પણ સ્વીકાર કરવો જ પડે. ભલે સ્વાનુભવ થતાં સુધી એ આપણી શોધનો વિષય રહે; તોયે સમય આવ્યે એ સત્ય આપણને જડવાનું છે, એવી આપણે ખાતરી રાખવી જ પડે કે જેથી એમ કરતાં કરતાં પણ એ શોધ પૂરી થાય.

(ઉદ્દેશક ૩, સૂત્ર ૫) સાધના માર્ગમાં જોડાયા પછી વિષયલિપ્સા શમી ગઈ હોય એવા ઘણા સાધકો મળી આવે છે પરંતુ તેવા સાધકોને ય કીર્તિ, માન, પૂજા કે પ્રતિષ્ઠાનું ભૂત વળગી જાય છે અને તેને સત્યમાર્ગે જતાં પકડી રાખે છે. સૂત્રકાર કહે છે કે એ પણ રાગદ્વેષનું મહાન કારણ છે. એના ફાંસામાં ફસાયેલો સાધક પણ એક યા બીજા પ્રકારનો સંસાર વધારે છે. સારાંશ એ છે કે સાધક જીવનનું ધ્યેય કે શ્રેયાર્થીનું લક્ષ્ય કોઈ પણ જાતના બાહ્ય આકર્ષણ તરફ નહિ પણ કેવળ આત્માભિમુખ એટલે સત્ય તરફ જ હોવું ઘટે. આમાં ઉપરના સૂત્રનો સબંધ સમજીએ તો સત્યનું સ્થાન પહેલું છે, અને તે જ ધ્યેય છે, એમ દેખાયા વગર રહેતું નથી.

(ઉદ્દેશક ૪, સૂત્ર ૪) જે પોતાને જીતે છે, તે જગતને જીતે છે; અને જેટલે અંશે જે જગતને જીતી શકે છે એમ દેખાયું હોય ત્યાં સમજવું કે તેણે તેટલે અંશે પોતાને જીત્યો હોવો જોઈએ. આમ કહીને સૂત્રકાર બે વસ્તુ કહે છેઃ એક તો આત્મવિશ્વાસની અને બીજી વૃત્તિવિજયની. આત્માની અનંત શક્તિ છે તેથી આત્માને સાધે છે, તે અનંત શક્તિઓને સાધી લે છે; એટલે કોઈ પણ સાધનાનો હેતુ આત્મપ્રાપ્તિનો જ હોવો ઘટે. આથી એમ પણ ફલિત થાય છે કે જે દ્વારા આત્મપ્રાપ્તિ ન થાય તે માર્ગ સાધનાનો માર્ગ કહી શકાય નહિ. વૃત્તિના વિજય વિના આત્મપ્રાપ્તિ લભ્ય નથી, એટલે જ સંયમ અને ત્યાગ માર્ગ બતાવ્યો. આ રીતે વૃત્તિનો વિજય એ જ ત્યાગનો આદર્શ અને વૃત્તિનો વિજય થયો એટલે લોકનો વિજય અને આત્માનું દર્શન પણ થયું જ સમજવું. જ્યાં આત્મદર્શીપણું છે, ત્યાં ભય અને ઈચ્છા બન્નેને વિરામ છે; પણ જ્યાં વૃત્તિની અધીનતા છે, ત્યાં સંસારની પરાધીનતા અને દુઃખ બધુંયે છે.

(ઉદ્દેશક ૪, સૂત્ર ૭) જ્યાં સુધી સત્પુરુષોની આજ્ઞામાં શ્રદ્ધા હોતી નથી, ત્યાં સુધી સાધનામાં નિશ્ચયતા આવતી નથી. આજ્ઞામાં શ્રદ્ધા ન હોય, ત્યાં સુધી અંતઃકરણ ઈચ્છે તોય આજ્ઞાનું યથાર્થ પાલન ન જ થઈ શકે. અર્પણતા વિના આજ્ઞાપાલન ન થાય, અને અર્પણતા તો શ્રદ્ધા પછી જ આવે તેથી જ અનુભવી પુરુષો ભાખે છે કે, **'श्रद्धावान् लभते ज्ञानम्'** । આત્મજ્ઞાન શ્રદ્ધાથી જ જન્મે છે. સારાંશ એ છે કે શ્રદ્ધા જ સૌથી પ્રથમ અગત્યની વસ્તુ છે. શ્રદ્ધા પછી જ સાચું જ્ઞાન જાગે છે, અને તેવા જ્ઞાન પછી જ શાન્તિ સાધ્ય બને છે.

**શ્રદ્ધા એ હૃદયની વસ્તુ છે, તોયે તે સાચી રીતે ત્યારે જ જાગે છે કે જ્યારે સદ્‌બુદ્ધિના અંશો સર્વ રીતે ખીલ્યા હોય, નિરાભિમાનતા આવી હોય અને આજ્ઞામાં અર્પણ થઈ જવા જેટલી બુદ્ધિ ઘડાઈ ગઈ હોય. આ વાત ભૂલવી જોઈએ નહિ.** સત્પુરુષ , શાસ્ત્ર અને સદ્‌બુદ્ધિ દ્વારા કરેલો નિશ્ચય એ ત્રિપુટિના મેળથી સાચી શ્રદ્ધા જાગે છે, એમ મહાપુરુષો વદે છે. આવી સાચી શ્રદ્ધા કેવળ તર્કબુદ્ધિથી કે કેવળ લાગણીના ઉછાળાથી આવી શકે નહિ. તે માટે શુદ્ધ હૃદય અને સદ્‌બુદ્ધિ બન્ને તૈયાર જોઈએ, અર્થાત્ જિજ્ઞાસા જોઈએ, વૈરાગ્ય જોઈએ અને વિવેક પણ જોઈએ. શ્રદ્ધા દ્વારા સાચું આત્મજ્ઞાન થાય અને આ થયા પછી જ ભય વિરમે. જે પોતે નિર્ભય બને છે, તેનાથી જગત પણ નિર્ભય જ બને છે. આ સ્થિતિ સહજતાની છે; સંપૂર્ણ અહિંસાની છે. કારણ કે જે અંદર છે તેનું જ બહાર પ્રતિબિંબ દેખાય છે. અંદરની વૃત્તિ જ બહારની ક્રિયાનું મૂળ કારણ છે. સ્થિત પ્રજ્ઞ અને ભક્ત સાધક પોતે લોકથી બીતો નથી અને લોક તેનાથી બીતા નથી, કારણ કે તે પોતે નિર્ભય બન્યો હોય છે. અને જે પોતે નિર્ભય હોય, તે જ બીજાને નિર્ભય બનાવી શકે છે.

(ઉદ્દેશક ૪, સૂત્ર ૯) હવે ત્યાગના ફળનો ઉપસંહાર કરતાં કરતાં સૂત્રકાર કષાયો અને તેનાથી જન્મતી સ્થિતિથી માંડીને ઠેઠ ભવભ્રમણ સુધીનો આખોયે ક્રમ વર્ણવી દે છે.

આ સૂત્રમાં સમસ્ત પ્રાણીસમાજની ગંભીર ચિકિત્સા છે, જડ અને જીવાત્માના સંબંધનું બયાન છે, અને સંસારના મૂળભૂત કારણોની રહસ્યપૂર્ણ સમીક્ષા છે.

ક્રોધનું સ્થાન અહીં પ્રથમ મૂક્યું છે, તેમાં પણ રહસ્ય છે. ક્રોધનો ક્રિયારૂપે જે અનુભવ થાય છે તે પોતે ક્રોધ નથી, પણ ક્રોધનું પરિણામ છે. ક્રોધ એટલે જુસ્સો, આવેશ. આવો આવેશ પદાર્થ પ્રત્યેની આસક્તિના પરિણામથી જન્મે છે. ગીતાજીમાં પણ કામથી ક્રોધ, ક્રોધથી સંમોહ, સંમોહથી સ્મૃતિવિભ્રમ, સ્મૃતિવિભ્રમથી બુદ્ધિનાશ, બુદ્ધિનાશથી આત્મઘાત, આત્મઘાતથી અયુક્તતા, અયુક્તતાથી ભાવનાનો વિધ્વંસ, ભાવનાના વિધ્વંસથી સંપૂર્ણ અશાંતિ અને અશાંતિથી દુઃખ આ જ ક્રમ દર્શાવેલો છે. પણ આ ક્રમને કોઈ પણ સાધક પગથિયા રૂપે સમજીને પ્રથમ પહેલે પછી બીજે અને પછી ત્રીજે જવાય એમ ન સમજી લે ! કારણ કે આવો ક્રમ સમજનાર ઘણીવાર ભૂલમાં પડે છે. જો કે ઘણા ખરા માણસોને ઉપલક રીતે જોઈએ એટલે કે ક્રિયા પરથી તપાસીએ તો તે ક્રોધી નથી દેખાતા પણ માની દેખાય છે. કોઈ અભિમાની દેખાય છે, પણ ક્રોધી નથી દેખાતા. પરંતુ આ દેખીતી સ્થિતિ એ વાસ્તવિક સ્થિતિ નથી, તેનામાં જે નથી દેખાતું તે માત્ર નિમિત્તકારણોની ગેરહાજરીને લઈને છે, મૂળકારણના નાશને લીધે નહિ. જે એક ક્ષેત્રનો દુર્ગુણ છે તે નિમિત્ત મળતાં બીજા ક્ષેત્રનો દુર્ગુણ બને એ સ્વાભાવિક છે.

જેનામાં એક સદ્‌ગુણ સ્વાભાવિકતાથી જાગે, તેનામાં બધાંયે ક્ષેત્રોમાં તે સદ્‌ગુણોનો પ્રકાશ પડવો જોઈએ.

પછી નિમિત્તોની અપેક્ષાએ ઓછા કે વધુ પ્રમાણમાં દેખાવું એ જુદી વાત છે અને જો એમ ન હોય તો વાસ્તવિક વિકાસ ન ગણાય. ધર્મને પણ આવી વિજ્ઞાનબુદ્ધિથી તપાસવો જોઈએ. જે સાધક ધર્મ સ્થાનમાં અસત્ય ન બોલે, પણ જીવન વ્યવહારને લગતી ક્રિયાઓમાં એટલે કે કાપડ માપતાં કે માલ લેતાં દેતાં જૂઠું બોલે તે સાધકે ધર્મની આરાધના કરી નથી એમ મનાય. એક ક્રિયા થાય એટલે બીજું તેની સાથે ને સાથે જ થાય છે. ઘડિયાળનું એક મુખ્ય ચક્ર ચાલે, એટલે બધાં ચક્રો અને તેના કાંટાઓ તેની સાથે જ ફરવાના. તેમ એક ક્રિયામાં સાચી શુદ્ધિ આવે એટલે આખા જીવનમાં શુદ્ધિનો સંચાર થયા વિના રહે નહિ.

(ઉદ્દેશક ૪, સૂત્ર ૧૦) સૌ સુખને, આત્મસ્વરૂપને ઝંખે છે અને તે મેળવવા ભિન્ન ભિન્ન દિશામાં– કોઈ બાહ્ય ભૌતિક ક્ષેત્રમાં, કોઈ માનસક્ષેત્રમાં અને કોઈ આધ્યાત્મિક ક્ષેત્રમાં એમ ભિન્ન ભિન્ન પ્રયત્નો પણ કરે છે; છતાં જે વસ્તુને એ ઈચ્છે છે તે શાથી નથી મળતી ? એનો સૂત્રમાં સૂક્ષ્મ ખુલાસો છે. એ સૂત્રમાં પ્રથમ કર્મોના મૂળ કારણોને છેદવાનું કહી એમ કેવા માગે છે કે જ્યાં સુધી બાધક કારણોનો નાશ ન થાય ત્યાં સુધી ઈષ્ટસિદ્ધિ ન થાય, પછી ગમે તેટલી અને ગમે તેવી એ ક્રિયા સુંદર દેખાય તોયે તેમાંથી સંતોષ ન મળે. જેમ કે કોઈ ધ્રુવકાંટાને હાથમાં લઈ ગમે તેટલી આકરી પ્રતિજ્ઞાઓ આપે તોયે તે ઉત્તર દિશાભિમુખ રહેવાનો. તેને આંગળી વતી પૂર્વદિશાભિમુખ રાખવા પ્રબળ પ્રયત્ન કરો, તોયે તે સ્થાન પર આંગળી હોય ત્યાં સુધી જ તે પૂર્વ દિશા તરફ રહે અને આંગળી લઈ લો એટલે ફરીને તે ઉત્તર દિશા તરફ વળી જવાનો. આ રીતે સેંકડો વર્ષ સુધી કોઈ યત્ન કરે તોયે તેનું મૂળ કારણ જાણી તે બાધક કારણ દૂર ન કરાય ત્યાં સુધી તે સ્થિતિમાં ફેર પડે નહિ. પણ જ્યારે તે પહેલાં તેનું બાધક કારણ શોધે, એટલે કે જ્યારે તેને ખ્યાલ આવે કે ધ્રુવકાંટા પર રહેલા લોહચુંબક નામનો ધાતુ ઉત્તર દિશામાં તેને આકર્ષે તેવા તેના ડુંગરાઓ છે અને તેથી તે  તે દિશા તરફ ખેંચાય છે અને આમ જાણ્યા પછી તે ધાતુને ઉપરથી દૂર કરે ત્યારે તે મનુષ્ય તે કાંટાને ઈચ્છિત માર્ગે વાળી શકે. તે રીતે જો સાધક પોતાની થતી ભૂલનું મૂળ શોધી તેને દૂર કરે તો જ તે ઈચ્છિત પંથે આગળ ધપે અને ધ્યેયની પ્રાપ્તિ કરી શકે.

(ઉદ્દેશક ૪, સૂત્ર ૧૦) કષાયો એ જ ભવભ્રમણાનું મૂળ છે એટલે જેટલે અંશે કષાયોનું શમન તેટલી જ નિરાસક્તિ કે ત્યાગની સફળતા છે. કષાયોના શમનથી આત્મશુદ્ધિ થાય છે. આત્મશુદ્ધિની પરાકાષ્ઠાનું પ્રમાણ સર્વજ્ઞતાની પ્રાપ્તિ. કારણ કે જે એકને સંપૂર્ણપણે જાણે તે સમસ્તને સંપૂર્ણપણે જાણી શકે, એવો નૈસર્ગિક નિયમ છે. મહાન આત્માઓ જ આ સત્યમાર્ગનો પાર પામી શકે અને સર્વજ્ઞ બની શકે. જીવિતની આકાંક્ષાનો ત્યાગ પૂર્ણ નિર્ભયતા અને સત્યની અખંડ આરાધના એ વીરતાના લક્ષણો છે. જેની એક માર્ગે શક્તિ હશે તે બીજે માર્ગે પણ વળી શકશે.

જ્ઞાનના મૂળમાં શ્રદ્ધાના અપૂર્વ બળની પ્રાપ્તિ છે. સત્પુરુષ દર્શિત સત્ય માર્ગમાં પ્રવર્તવાની તાલાવેલી એ શ્રદ્ધાનું ચિહ્ન ગણાય. શ્રદ્ધાવાનને આત્મોન્નતિનો માર્ગ વધુ સરળ છે.

## ચોથું અધ્યયન

(ઉદ્દેશક ૧, સૂત્ર ૧) વ્યાપક અહિંસાના પાલનમાં સમસ્ત પ્રાણીજાતની રક્ષા અને નિર્ભયતા સમાયેલાં હોઈ તેમાં વિશ્વશાંતિનું મૂળ છે, એમ પ્રથમ સૂત્રથી ફલિત થયું. આ સૂત્ર એમ કહે છે કે જે આવી જાતના વિશ્વપ્રેમના સંસ્કારોને સ્થાપિત કરાવે એ જ ધર્મ સાચો અને સનાતન ગણાય.

ધર્મની સત્યતા અને પ્રાચીનતા કાળ પરથી નિયત કરવામાં આવે છે, ત્યાં ભૂલ છે. કાળ કે સંયોગો પર ધર્મનું નિર્માણ જ નથી. ધર્મનિર્માણનો આધાર પ્રત્યેક જીવના પૃથક્પૃથક જીવનવિકાસ પર નિર્ભર છે. જીવનનાં ક્ષેત્રો અને ભૂમિકાઓમાં જેમ જેમ વિવિધતા દેખાય તેમ તેમ તે પાત્ર પરત્વે ધર્મમાં પણ તેવું વૈવિધ્ય હોય અને હોવું ઘટે.

આથી જ કહે છે કે ધર્મતત્ત્વ કોઈ અમુક સાધક, અમુક સંપ્રદાય કે અમુક સમાજ માટે જ નથી. સૂર્યના કિરણોની માફક પ્રાણીમાત્રમાં તેનો ચિરાગ સળગે છે. માનવજાતમાં બુદ્ધિ અને પુરુષાર્થનો સ્વાધીન વિકાસ હોઈ તેમાં આ તત્ત્વ વધુ વિકસિત બનવાનો સંભવ છે અને તેથી તેમને ઉદ્બોધીને અહીં કહ્યું છે કે ગૃહસ્થ કે ત્યાગી, આ મતને માનનારો કે બીજા મતને માનનારો અને ભોગી કે યોગી સૌ કોઈને આ ધર્મનું પાલન એક સરખું અનિવાર્ય બને છે.

જો કે ધર્મ પણ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, ભૂમિકા તથા માનવપ્રકૃતિને અપેક્ષિત હોઈ તેમાં વિકાસભેદે તરતમતા હોઈ શકે, પરંતુ જગતમાં જીવતી કોઈ પણ વ્યક્તિ ધર્મતત્ત્વથી પૃથક્ તો ન જ હોઈ શકે અને રહી શકે.

આ રીતે જીવનમાં જેટલે અંશે ધર્મનું સ્થાન, ધર્મની વ્યાપકતા અને ધર્મની વિવિધતા હોય, તેટલે અંશે અહિંસાનુંયે સ્થાન, વ્યાપકતા અને વૈવિધ્ય હોવાં સ્વાભાવિક છે. આથી કોઈ પણ ક્ષેત્ર કે ભૂમિકાએ વસતાં વિકાસેચ્છુ માનવને તેનું પાલન સંભાવ્ય અને સુશક્ય બની રહે છે.

(ઉદ્દેશક ૧, સૂત્ર ૩) લોકૈષણા જ સંસારનું મૂળ છે. હું બહાર સારો દેખાઉં એ જાતની આસક્તિથી જ પાપબંધનની ક્રિયાઓ થાય છે. એ લોકૈષણા જેમ જેમ ઘટતી જાય તેમ તેમ તે સાધકની પ્રત્યેક ક્રિયામાં, પ્રત્યેક પ્રવૃત્તિમાં શુદ્ધિનું તત્ત્વ વધતું જાય. આવો શુદ્ધ મનુષ્ય કોઈનું અનિષ્ટ કરતોયે નથી અને ચાહતોયે નથી. તે પોતાનું જીવન હળવું બનાવી માત્ર પરકલ્યાણના શુભ આશયથી જ પ્રવૃત્તિ સેવે છે, એટલે એની પ્રવૃત્તિ કર્મબંધનના કારણભૂત હોતી નથી.

(ઉદ્દેશક ૧, સૂત્ર ૪) અપ્રમાદ એ જ અમૃત છે, એ જ ધર્મ છે. પ્રમાદ એ અધ્યાત્મ મૃત્યુ છે. તે દર્દનો ચેપ એવો ભૂંડો છે કે તેના દર્દીને જ માત્ર નહિ પરંતુ તે દર્દીના સંસર્ગમાં આવનારા પ્રત્યેકને પકડી પાડે છે અને પતનની ગર્તામાં ધકેલી દે છે. આથી ધર્મમાર્ગને યથાર્થ સમજીને શ્રદ્ધા–દઢ નિશ્ચયપૂર્વક પોતાના માર્ગમાં અપ્રમત રહેવું, એ જ સમ્યક્ત્વનું પરિણમન છે.

(ઉદ્દેશક ૨, સૂત્ર ૧) જ્યારે ધર્મમાં કે વ્યવહારમાં નિમિત્તોને જ મહત્ત્વ અપાય અને એ મહત્ત્વ પણ એટલું વધી જાય કે તેમાં ઉપાદાનને તો લગભગ ભૂલી જ જવાય, ત્યારે ધર્મ જીવનવ્યાપી ક્ષેત્રને બદલે કર્મકાંડો, શુષ્કત્યાગ અથવા એવાં જ કંઈ બાહ્ય આચરણમાં સમાપ્ત થઈ જતો હોય એમ દેખાય છે. વાસ્તવિક રીતે જોતાં કર્મકાંડો તો માત્ર નિમિત્ત પૂરતાં છે અને તેમનો હેતુ ઉપાદાન (અંતઃકરણસ્થિત સંસ્કારો)ની શુદ્ધિઅર્થે હોવો ઘટે. જે નિમિત્તો ઉપાદાનની શુદ્ધિમાં ઉપયોગી ન નીવડતાં હોય તે નિમિત્તોને મહત્ત્વ આપવું નિરર્થક ગણાય, એ પ્રતિપાદન આ બન્ને સૂત્રો સચોટપણે કરે છે. સારાંશ કે બહાર દેખાતો સંસાર એ સંસાર નથી, પણ સંસાર તો અંતરની વાસનામાં

છે. એટલે બાહ્ય સંસાર એ કાળો કોલસો નહિ, પણ એનો જેવો જે ઉપયોગ કે દુરુપયોગ કરી શકે તેટલી અને તેવી તેના ઉપાદાનની શુદ્ધિઅશુદ્ધિ માટેનું માત્ર નિમિત્ત બને. એટલું જ વિચારવું રહ્યું.

આ સૂત્ર નિરાસક્તિયોગનું સૂચક છે. **मन एव मनुष्याणां कारणं बंधमोक्षयोः** । એ ભાવ પણ અહીં બહુ સ્પષ્ટ થાય છે. વિશ્વમાં એક પણ નિરર્થક વસ્તુ નથી. પદાર્થ માત્રમાંથી જ્ઞાન મળે છે. એક જ પદાર્થ એકને અમૃતરૂપ બને છે અને બીજાને ઝેર પણ બની શકે છે. મિથ્યાદષ્ટિ જીવ જ્યાં જઈ પાપનાં પોટલાં બાંધે છે, ત્યાં જ સમ્યક્દષ્ટિ જીવ કર્મ બાંધવાને બદલે છોડે છે. કોશા જેવી લાવણ્યવંતી અને ચતુર વેશ્યાના વિલાસગૃહમાં લાંબાકાળ સુધી અહોરાત્ર વસવા છતાં શ્રી સ્થૂલિભદ્ર નિર્વિકાર રહ્યા. એક તરફ વિકારોત્તેજક વાસનાનું તીવ્ર વાતાવરણ અને બીજી તરફ શાંતમૂર્તિ યોગીશ્વરની અડગતા. એ બન્નેના ઉગ્ર દ્વંદ્વમાં આખરે યોગી જીત્યા,ને વૈશ્યા પર પોતાના સત્ચારિત્રની અખંડ છાપ પાડી. આ રીતે કર્મબંધનના સ્થાનમાં કર્મબંધન તોડ્યાં એવો ઉલ્લેખ જૈનગ્રંથોમાં મળે છે. તેજ રીતે કેટલાક જીવો એવા પણ હોય છે, કે જે ઉત્તમ કોટિના પવિત્ર વાતાવરણમાં પણ પોતાની ગંદી વાસનાના પ્રબળપણાથી–પાપિષ્ઠ વૃત્તિથી કર્મના તીવ્ર બંધન બાંધે છે.

સારાંશ કે નિમિત્તો કરતાં ઉપાદાનનું પ્રાબલ્ય છે. જેનું ઉપાદાન પવિત્ર છે, તેને નિમિત્તો ગમે તેવાં મળે તોયે તેની પવિત્રતા જશે નહિ, પણ જેનું ઉપાદાન અપવિત્ર હશે, તે પવિત્ર નિમિત્તોમાંથીયે પતન પામશે. આથી સાધકે ઉપાદાનને પવિત્ર બનાવવાનો પ્રત્યેક સાધનામાં પ્રયત્ન કરવો, અને તે જ ધ્યેયે આગળ વધવું ઘટે. પરંતુ આ ઉપરથી નિરાસક્તિ કેળવીએ તો કર્મબંધનના સ્થાનમાં તટસ્થ, મધ્યસ્થ કે સમભાવી રહી શકાય છે એમ માની કોઈ સાધક પોતાની કસોટી માટે સ્વયં તેવા સ્થાનમાં યોજવાનું સાહસ ન કરે; કારણ કે નિરાસક્તિ કહેવામાં જેટલી સરળ છે તેટલી આચરણીયતામાં વિકટ છે.

(ઉદ્દેશક ૨, સૂત્ર ૩) જીવાત્મા જે પ્રકારનાં કર્મો કરે છે, તેવા તેવા આકારમાં ચૈતન્ય વિકૃત થતું જાય છે અને તે વિકૃત ચૈતન્ય કર્મોને વશ હોવાથી જે પ્રકારના કર્મોને યોગ્ય વાતાવરણ હોય છે, તેવા તેવા નિકૃષ્ટ (હલકા) સ્થાનમાં એને યોજાઈ જવું પડે છે. આટલું સ્વરૂપ જાણી જે સાધકો અધમ કૃત્ય કરતાં ડરે છે, તે અધમ સ્થાનમાં જવું પડે તેવું કલુષિત માનસ ઘડતા નથી.

(ઉદ્દેશક ૨, સૂત્ર ૪) જૈનદર્શનમાં દશપૂર્વથી માંડીને ચૌદપૂર્વ સુધીના જ્ઞાનના ધરનાર હોય તે શ્રુતકેવળી કહેવાય છે. આ સત્પુરુષો તીર્થંકર દેવોના ઉપદેશ પ્રમાણે જ પ્રવર્તે છે. તેથી આ સત્પુરુષોની વાણીમાં સર્વજ્ઞ દેવોની વાણીની એકવાક્યતા બરાબર જળવાઈ રહે છે. આવા સમયજ્ઞ અને સદ્વર્તનવાળા મહાપુરુષોની શિક્ષાને અનુસરવું એ સાધકનું કર્તવ્ય થઈ પડે છે.

(ઉદ્દેશક ૨, સૂત્ર ૫) જાતિથી અનાર્ય ગણાતા લોકો કરતાં ક્રિયાથી જેઓ અનાર્ય છે તે વધુ ભયંકર છે; કારણ કે પેલા તો બિચારા પાપપુણ્ય કે ધર્મ અધર્મને જ સમજતા નથી, તેથી જ ભૂલ કરે છે. પરંતુ જેઓ ધર્મને સમજે છે છતાં ધર્મને નામે અધર્મ આદરે છે, તે ખરેખર ઉપર્યુક્ત અનાર્યો કરતાં વધુ દૂષિત છે. અનાર્યમાત્ર પોતે જ પાપ કરે છે અને ડૂબે છે, પરંતુ આર્યને નામે અનાર્યત્વમાં પ્રવર્તનારાઓ પોતે ડૂબે છે અને તેમને અનુસરનારા બીજા પણ અનેકને ડૂબાડે છે. આ સૂત્ર એમ કહે છે કે કોઈ પણ હેતુ માટે હિંસા કરવી એ આર્યના સ્વભાવમાં ન હોય.

(ઉદ્દેશક ૨, સૂત્ર ૫) જે કોઈ મહાપુરુષોએ વિકાસ સાધ્યો છે, તે અન્યનો ભોગ લઈને નહિ પણ અન્યને

બચાવીને. આ ભાવનાનો પ્રચાર કરવો અને વર્તવું, એ જ આર્યત્વ છે. એમાં જ આર્ય ધર્મ છે. બીજાનો નાશ કરીને સ્વાર્થાંધ અને અત્યાચારી બનવું અને વિકાસ સાધવો, એ બંન્ને વાતો પરસ્પર વિરુદ્ધ છે. આર્યભાવનાનો અહીં અચ્છો પરિચય મળે છે. આર્ય સંસ્કૃતિ એટલે જૈન કે વેદસંસ્કૃતિ એમ નહિ, પણ આર્ય એટલે તો સંસ્કારી પુરુષ અને આર્યત્વ એટલે સંસ્કારિતા એમ સમજાય છે.

(ઉદ્દેશક ૨, સૂત્ર ૫) આત્મા જેવું પોતે ઈચ્છે છે, તેવું જ આખું જગત ઈચ્છી રહ્યું છે. એટલે સ્વ અને પરની એકવાક્યતા સાધવા માટે ધર્મની ઉત્પત્તિ થાય છે અને તેથી પ્રત્યેક ધર્મ, પછી તે ગમે તે ધર્મ સંસ્થાપકોએ નિર્દેશ્યો હોય, પણ જો તે ધર્મ તરીકે ઓળખાતો હોય તો તેમાં અહિંસાનું સ્થાન હોવું જ જોઈએ. વળી દરેક ધર્મના અભ્યાસ અને અનુભવ પછી પણ અમે એમ કહીએ છીએ કે હિંસા એ ધર્મનું લક્ષણ નથી, પરંતુ ધર્મને નામે ઘુસાડી દીધેલો અનર્થ છે. આમ કહી વાસ્તવિક ધર્મ તે છે કે જ્યાં અહિંસાના સિદ્ધાંતનો સંપૂર્ણ આદર છે, એમ સચોટપણે ઠસાવે છે.

અહીં એ પ્રશ્ન થઈ શકે છે કે જો અહિંસા એ જ ધર્મ હોય તો ધર્મ, પંથ, મત વગેરે આ બધા ભેદો શા માટે જોઈએ ? વિશ્વ પર એક જ ધર્મ પ્રવર્તે એટલે આ બધી મૂંઝવણ ટળે. પણ આ વસ્તુ જેટલી સુંદર છે તેટલી શક્ય નથી. ભિન્ન ભિન્ન પ્રકૃતિનાં માણસો માટે ભિન્ન ભિન્ન સાધનો હોવાં અસ્વાભાવિક નથી. સત્ય એક જ છે, છતાંયે તે દશે દિશામાં વ્યાપક છે. પંથ, મત, સંપ્રદાય અને વાડાઓની અનેકતા એ એનાં જ વિવિધ સ્વરૂપો છે. એક કિરણ બીજા કિરણ સાથે લડે તે કરતાં જેટલું ઐક્ય સાધે તેટલું જ તે વિસ્તરે અને અનંતતામાં મળે. આથી જે સાધકો જ્યોતિ અને અનંતત્વના પૂજારી છે, તે ગમે તે વિભાગમાં રહી અને ગમે ત્યાંથી એ મેળવી આગળ ધપે છે. પરંતુ જેઓ એક કિરણમાં જ અનંતતા કલ્પી લે છે, તેઓ કદાગ્રહ અને સાંપ્રાદાયિકતમાં ચુસ્ત રહી પોતે ભૂલે છે અને બીજાને પણ ભુલાવે છે. તે સંકુચિતતામાં ન પુરાતાં શાણો સાધક પોતાવત સર્વત્ર જુએ અને આગળ ધપે એ સમ્યક્ત્વનો પણ સાર છે.

આ સૂત્રમાં એક વિશેષતા ઝરે છે કેઃ– કોઈ ભિન્ન મતવાળાઓને તેમણે મિથ્યા માન્યા નથી કે પોતાના દર્શનની લાલચમાં પ્રેર્યા નથી. માત્ર તેમની માન્યતામાં ભૂલ છે તે માનસશાસ્ત્રની દૃષ્ટિએ કસી બતાવી છે. અહીં જ જૈનદર્શનનાં સ્યાદ્વાદનો પ્રત્યક્ષ અનુભવ થાય છે. જે દર્શન જેટલું વ્યાપક હોય તેટલું જ ઉદાર અને સ્વાભાવિક હોય. નૈસર્ગિક દર્શન જેણે પચાવ્યું હોય તેવા મહાપુરુષોને પોતાના અનુયાયીઓ વધારવાની લાલસા ન હોય; પણ તે તો પોતે સત્યની જે અનુભૂતિ લીધી છે, તે અનુભૂતિ જગતને થાળે ધરે છે; જગત તેમાંથી લેવું હોય તેટલું લે. આ બોધપાઠ નૈસર્ગિક ધર્મને માનનાર પ્રત્યેક સાધકે જીવનમાં વણવા યોગ્ય છે.

(ઉદ્દેશક ૩, સૂત્ર ૧) દેવ ગુરુ અને ધર્મ પરની શ્રદ્ધાને પણ આટલી મર્યાદા છે. પણ તે રહસ્ય ન સમજતાં જો સાધક વ્યક્તિગત ખંડનમાં પડી જાય, તો અંતઃકરણની શુદ્ધિનું કાર્ય કરવાને બદલે ઊલટો મળ વધે. એટલે બહિર્મુખ દૃષ્ટિને સૌથી પ્રથમ સંકોચી લેવી જોઈએ. તો જ આત્માભિમુખ પ્રવૃત્તિ તરફ વળાય.

(ઉદ્દેશક ૩, સૂત્ર ૩) તત્ત્વદર્શી પુરુષો માત્ર વિદ્વાન હોય છે, માટે તેમના પર શ્રદ્ધા રાખવી ઘટે, એમ નહિ. પણ તેમણે પોતાનું સાધકજીવન વિકસાવીને અનુભવ પ્રાપ્ત કર્યો છે, માટે તેમનું વચન શ્રદ્ધેય અને આચરણીય છે, એવું બતાવવા માટે સૂત્રકાર તત્ત્વદર્શીના ગુણો વર્ણવે છે. આ રીતે વિદ્વાનની વ્યાખ્યા પણ જે પ્રચલિત છે તે

કરતાં જુદી જ દેખાય છે. જ્યાં વર્તન અને વાણીની એકવાક્યતા છે, ત્યાં જ વિદ્વત્તા છે એમ સમજાવ્યું છે. અને આવા તત્ત્વદર્શીઓને જ તત્ત્વ બતાવવાની યોગ્યતાવાળા તરીકે સ્વીકાર્યા છે. તેનું કારણ એ છે કે તેવા મહાપુરુષો જ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, વસ્તુ સ્વભાવ તથા સ્વપરના ભેદજ્ઞાનના અનુભવી હોવાથી સત્યમાર્ગનું યથાર્થ નિરૂપણ અને ભાન કરાવી શકે છે.

(ઉદ્દેશક ૩, સૂત્ર ૫–૬) લીલાં લાકડાંને સૂકાં બનાવવાં, એટલે પ્રથમ તો ક્રિયામાં થતી ભૂલોને પશ્ચાત્તાપ અને સંયમનો તાપ આપવો; પછી નિમિત્તમાત્રના ત્યાગ દ્વારા આસક્તિના બીજને જીર્ણ બનાવવું; અને આસક્તિનું બીજ જીર્ણ થયા પછી તેને અગ્નિનો સ્પર્શ કરાવવો, એટલે કે નિરાસક્તિ જગાડવાના પ્રયોગો કરવા. આ ક્રમનું પાલન કરવામાં શ્રમ અલ્પ છે અને સફળતા સાધ્ય છે. ક્રમના ઉલ્લંઘનમાં સફળતા નથી અને સંતોષે ય નથી; તો સિદ્ધિની તો વાત જ શી ? આથી અપ્રમત્તતા, નિરાસક્તિ અને આત્મનિષ્ઠા જાળવી આગળ ધપવું ઘટે.

(ઉદ્દેશક ૩, સૂત્ર ૭) અહીં મનુષ્યભવનું આયુષ્ય અલ્પ છે, એમ કહી સતત જાગ્રૃતિ રાખવાનું સૂચવે છે. એક પણ ક્રિયા તેના પરિણામની જાણ સિવાય આદરવી કે આચરવી ન ઘટે. જે ક્રિયાનું પરિણામ વિચારતાં તેમાં સ્વાર્થ, અભિમાન કે તેવા મહાદોષો જણાય, તે ક્રિયા ગમે તેટલી સુંદર હોય તો પણ મારે ન કરવી, એવો સાધકમાં જે વિવેક જાગે એ વિવેકનું નામ જ જાગૃતિ. પણ સતત જાગૃતિ રાખવાં જતાં સાધકની સામે પોતાની જે ભૂલો દેખાય તે ભૂલો જોઈ તે નિર્બળ, પામર અકરાંતિયો કે ઉતાવળો ન બની જાય ! એટલા માટે સાધકને ફરી ચોંકાવતાં સૂત્રકાર કહે છે કે, જોજે, રખે જાગૃતિની ઘેલછામાં સાહસ કરી બેસતો ! દુષ્ટ વૃત્તિને જીર્ણ કરવાની સાધનામાં ધૈર્ય રાખજે. ભૂલોને કરનાર કરતાંય ઘણીવાર ભૂલો જાણ્યા પછી તેમના ભયથી ભાન ભૂલનાર વધુ ચકરાવે ચડે છે. એ પોતાની સાધનાયે ચૂકે છે અને આત્મ શ્રદ્ધાયે ગુમાવે છે. માટે ભૂલોને જાણ્યા પછી ભૂલો જલદી નીકળી જાય કે તરત કાઢી નાખું એવાં માનસિક ભૂત કે ભ્રાંતિમાં ઉતાવળો ન થતાં વિવેકબુદ્ધિથી બધું કસજે, ધીરો થજે. એમ કહી ભૂલોનું મૂળ ક્રોધ છે, આવેશ છે, માટે સૌથી પ્રથમ ક્રોધને તારા આત્માથી અળગો કર, એમ કહ્યું છે.

(ઉદ્દેશક ૩, સૂત્ર ૯) સિદ્ધાંત એટલે અંતઃ કરણની ચોક્કસતા થયા પછી બંધાયેલી માન્યતા. સિદ્ધાંત આવે તો તેની પાછળ શક્તિ આવે અને અનુભવ થાય જ, વૃત્તિ વિજયના પ્રયોગ કર્યા વિના આ અનુભવ સહજલભ્ય નથી, તોયે તેમ કર્યે જ છૂટકો છે, એવો અહીં ધ્વનિ છે. જ્યાં સુધી પોતાના શુદ્ધ વિચારોની સ્વયંસ્ફુરણા અને તેને વિવેકબુદ્ધિપૂર્વક વળગી રહેવાની વફાદારી ન જાગે, ત્યાં સુધી તે સાધકના જીવનમાં સિદ્ધાંત, શક્તિ કે અનુભવ જાગૃત થાય નહિ અને સ્થિરતા વિનાના લોકોની જેમ એવો સાધક અહીં તહીં જ્યાં નમાવો ત્યાં નમે. આ રીતે વિચારોની ચોક્કસતા એ વિકાસનું પ્રાથમિક ચિહ્ન છે.

(ઉદ્દેશક ૪, સૂત્ર ૪) વીરતાનો કોઈ અર્થ સમજ્યા વિના શરીરને પુષ્ટ કરવામાં વીરતા માની બેસે માટે સૂત્રકાર કહે છે– શરીરની પુષ્ટિમાંથી વીરતા નથી જન્મતી પણ વીરતા તો ચૈતન્યનો ગુણ છે. બ્રહ્મચર્ય, સંકલ્પબળ અને વૃત્તિવિજય પર વીરતાનો આધાર છે. સાચા વીરને માટે વૃત્તિવિજય એ જ સાચો વિજય છે. આથી તે અહંકાર તથા કામવાસનાને જીતવા માટે શરીર અને મન બન્નેને કસે છે. શરીર અને ઈન્દ્રિયોનું અતિ પુષ્ટપણું ઘણીવાર વૃત્તિને ઉશ્કેરી મૂકે છે. એટલે આ રીતે કેવળ પૂર્વકર્મો જ નહિ બલકે નવાં કર્મો કરી વિલાસમાં સુખ માની વિલાસ

વધારી મૂકવો એ આત્મવિશ્વાસની ત્રુટિનું જ પરિણામ છે. આત્મવિશ્વાસ ન હોય ત્યાં ઉત્પન્ન કરવા માટે બાહ્ય ત્યાગની પણ આવશ્યકતા છે. એમ કહી અહીં બાહ્યતપની આચરણીયતા બતાવી છે; પરંતુ તે તપ વિવેકપૂર્વક અને ધ્યેયના ભાનપૂર્વક હોવું ઘટે.

(ઉદ્દેશક ૪, સૂત્ર ૬) અત્યંત પ્રયત્ન હોવા છતાં ઘણી વાર સાધકની આંતરિક મનોદશા જ એવી વિચિત્ર હોય છે કે તે વૃત્તિવિજયમાં વારંવાર નિષ્ફળતા અનુભવે છે. તેનું કારણ તેનાં પૂર્વકર્મો પણ હોય છે, એવું આ સૂત્રમાં શાસ્ત્રકાર વદે છે અને કર્મની સળંગ સંકલના આપી દે છે. ક્રિયામાત્રનું ફળ છે એ સિદ્ધાંત નિર્ણિત છે, તો ક્રિયાના ફળ માટે પુનર્ભવ હોવો સહજ રીતે સમજાય છે. આ રીતે સંસ્કારો પર જ ધર્મ પાલનનો આધાર છે. એથી સંસ્કારોની શુદ્ધિ કરે તેવી ક્રિયા કરતા રહીને જ વૃત્તિ પર કાબૂ મેળવવો શક્ય બને છે.

સાધનો અને સંયોગો સુંદર મળવા છતાં જેણે વૃત્તિ પર કાબુ ધર્યો નથી તે સાધક સાધનામાં બેસે તો પણ સફળ થઈ શકતો નથી. યુગયુગના સતત પ્રયત્ન પછી જ જડવૃત્તિના પળેપળે થતા પરાભવને જીતવાનું સામર્થ્ય પ્રાપ્ત થાય છે. સાધનાનો માર્ગ જેટલો બહારથી સુંદર, સરળ અને સહજ સાધ્ય લાગે છે તેટલો જ તે ઊંડે જતાં કઠિન અને કપરો અનુભવાય છે. છતાંયે તે માર્ગે ગયા વિના ઈચ્છિતની પ્રાપ્તિ નથી. માટે વહેલામોડા પણ તે માર્ગે ચાલવાનું જ રહ્યું.

## પાંચમું અધ્યયન

(ઉદ્દેશક ૧, સૂત્ર ૨) સૂક્ષ્મ શરીરની સાથે સ્થૂલ શરીરનો સંબંધ તો છે જ. સૂક્ષ્મ શરીર જ સ્થૂળ શરીર સર્જે છે. સ્થૂળ શરીર એક આરસી છે. જે ભાવો સૂક્ષ્મ શરીરમાં હોય છે તેનું પ્રતિબિંબ સ્થૂળ શરીરરૂપી આરસીમાં પડે છે, એમ કહી શકાય. આકૃતિના થતા ફેરફારો તેની પ્રતીતિરૂપે છે. વિષયો તરફ ઢળતી વૃત્તિથી જન્મતો ચિત્તનો પરિતાપ દેહ પર કારમી અસર ઉપજાવે તેમાં આશ્ચર્ય જેવું કશું નથી. આ રીતે વાસનાથી વિકૃત થયેલા જીવોનું આયુષ્ય ક્ષણે ક્ષણે ભયગ્રસ્ત રહે છે. મૃત્યુનો ભય એ પણ મૃત્યુનું પૂર્વરૂપ છે. જેટલું અજ્ઞાન તેટલો મૃત્યુનો ભય વિશેષ.

(ઉદ્દેશક ૧, સૂત્ર ૬) ભૂલ કરનાર કરતાં ભૂલ છુપાવનાર વધુ દૂષિત ગણાય છે. અનુભવ પણ એમ જ કહે છે. એક ભૂલને છુપાવવા માટે સેંકડો ભૂલોના ચકરાવામાં પડવું પડે છે. જાગૃત સાધક પોતાની પ્રત્યેક ક્રિયા ખૂબ ઊંડાણથી વિચારે, તપાસે અને પછી જ કરે; પણ છતાંયે ભૂલ થાય તો તે ભૂલનું પરિણામ આનંદપૂર્વક ભોગવી લે. ચિકિત્સાશાસ્ત્રીઓ એમ કહે છે કે ઊગતો રોગ ન દબાવવાથી વધ્યે જ જાય તો પછી દેહને જે કષ્ટ વેઠવું પડે છે, તેનાથી કેંકગણું કષ્ટ ભૂલને નિભાવી લેવાથી વેઠવું પડે છે માટે એક પણ ભૂલને સાધક જતી ન કરે.

(ઉદ્દેશક ૨, સૂત્ર ૧) સાધક સંયમી બન્યા પછી પણ જાગૃત દશાને ભૂલી ન જાય, પૂર્વઅધ્યાસો તેને પુનઃ પોતા તરફ ખેંચી ન જાય, એટલા માટે પળે પળે જાગ્રત રહેવાનું છે. ઘણીવાર એવું બને છે કે સાધક જીવનમાં પણ સતત સંયમનું વલણ કંટાળો ઉત્પન્ન કરે છે અને એ કંટાળો કે પ્રમાદ પણ જાણે કોઈ નિરાસક્તિનો ગુણ હોય તેમ મનાવવા તેની વૃત્તિ તે સાધક પર આક્રમણ કરે છે. આનું મૂળકારણ પૂર્વનો અધ્યાસ જ છે. છતાં તે સાધકને તેવે વખતે તેનું ભાન હોતું નથી, તેથી તે લોકપ્રવાહમાં ખેંચાઈ જાય છે. આ ખેંચાણ કેટલું પતન કરે છે, તે તો અનુભવગમ્ય બીના છે. પરંતુ તે પ્રસંગ ન આવે એમ સૂત્રકાર ઈચ્છે છે અને તેથી ચોંકાવે છે કે, હે સાધક ! આ

અવસર ફરીફરી નહિ આવે અને કહે છે કે, એ વાત અહીં શા માટે કહેવામાં આવી છે તેનું પણ તું તારા જીવનમાં શોધન કર, ત્યારે જ તને એનો મર્મ સમજાશે.

જાગ્રત સાધકને પણ અધ્યાસો વશ કરી નાખે તો બીજાનું શું ગજું ? એમ માની કોઈ સાધનાના માર્ગે જવામાં નિરાશા ન અનુભવે એ ખાતર સૂત્રકાર તે ગૂંચ ઉકેલી નાખે છે અને એમ થવાના કારણને સ્પષ્ટ કરી મૂકે છે. "બધા જીવોને સુખ અને દુઃખ જુદું જુદું થાય છે," એ વાક્યના ભાવાર્થમાં તે વાત સમાવી છે. અનુભવ પણ આ વાતને સ્વીકારે છે કે જે એક વસ્તુ એકને સુખરૂપ હોય છે, તે જ વસ્તુ બીજાને દુઃખરૂપ હોય છે અથવા ઓછું સુખ કે દુઃખ આપી શકે છે. આટલી વાતને ઊંડાણથી વિચારાય તો પછી પદાર્થ પોતે સુખ કે દુઃખ આપનાર નથી એ સમજાય અને વૃત્તિમાંથી પાપ સહેજે છૂટતું જાય.

પૂર્વ અધ્યાસો ક્રિયા કરાવી નાખે એવું બને, તોપણ તે ક્રિયામાં વૃત્તિ પાપી ન હોય એટલે તે ક્રિયા વિકાસમાં બાધક ન નીવડે. જ્યાં સુધી આ વાત હૈયે ન ચોંટી હોય ત્યાં સુધી પૂર્વઅધ્યાસોને લઈને કે પ્રસંગની અધીનતાને લઈને કે ગમે તે નિમિત્તે જે પાપની ક્રિયા થાય તે આત્મામાં કુસંસ્કારને મૂકતી જાય છે અને એ કુસંસ્કાર નિમિત્ત મળતાં જ પુનઃ તે સ્વરૂપે આવીને ઊભા રહે છે. આ રીતે ચક્ર ચાલ્યા કરે. એટલે જ્યાં સુધી સમજણના મૂળમાં રહેલી ભૂલ નીકળી શુદ્ધ સમજ ન થાય ત્યાં સુધી જાગૃતિ હોય તોયે તે કાર્યકારી નીવડે નહિ.

(ઉદ્દેશક ૨, સૂત્ર ૨) દેહના સ્વરૂપનું જ્ઞાન એટલે દેહ મળવાના મૂળકારણનું જ્ઞાન. આ જ્ઞાન થતાં સહેજે સમજાશે કે દેહની નશ્વરતા એટલે દેહનો નાશ નહિ પણ દેહનું પરિવર્તન. માત્ર એના સાધનનો જ ફેરફાર, એનો નહિ. જેને માત્ર આટલું દેહ સંબંધી જ્ઞાન થાય તેને મૃત્યુની ભીતિ સહેજે ટળી જાય અને નિર્ભય બને.

અવસર ઓળખવો એટલે એક પળ નિરર્થક નથી એમ માની અપ્રમત્તતા જાળવવી તે. આવો જ્ઞાની અને અપ્રમત્ત સાધક પણ દેહની શુશ્રૂષા કરશે જ. પણ તે માત્ર દેહને સાધન સમજીને, આત્માનું રક્ષણ કરીને, દેહને સાચવશે; આત્માને વેચીને કે હણીને નહિ.

(ઉદ્દેશક ૨, સૂત્ર ૩) જે નિરાસક્તિની ભાવના પૂર્વસૂત્રમાં વ્યક્ત કરી તેને હવે સ્પષ્ટ શબ્દોમાં સૂત્રકાર કહે છે કેઃ– વેશ પહેરવાથી નિરાસક્તિ આવી શકતી નથી, વેશનું ત્યાગચિહ્ન પુરતું સ્થાન ભલે હોય પરંતુ એ ત્યાગ નથી, એટલું જ નહિ પણ પદાર્થ ત્યાગ એ પણ ત્યાગ નથી. નિરાસક્તિ જે દ્વારા ઉત્પન્ન થાય તેમાં જ વાસ્તવિક ત્યાગનો સમાવેશ છે. જે સાધક નિરાસક્તિના ધ્યેય વિના પદાર્થોનો ત્યાગ કરે છે, તે સાધક ધનનો પરિગ્રહ છોડશે પણ પદાર્થો પરનું મમત્વ નહિ છોડે; બાલબચ્ચા અને સંબંધીને છોડશે, પણ કોઈનો સેવક તરીકે ઉપયોગ કરવાની સંજ્ઞા નહિ છોડે.

(ઉદ્દેશક ૨, સૂત્ર ૪) સુખને બહાર ઢૂંઢનારાઓને આ સૂત્રમાં બહુ સુંદર નિર્દેશ કર્યો છે. જીવન ગમે તેવું નિર્દય વિતાવનારા અને મોક્ષના ઈજારદારોને લાંચ આપી મોક્ષ કે સ્વર્ગની ચિટ્ઠી મેળવી સંતોષ માનનારાઓને આમાં સાચું માર્ગદર્શન મળી રહે છે. મુક્તિ કે સ્વર્ગની ચિટ્ઠી આપી દેવી એ બીજા કોઈના સામર્થ્યની વાત નથી. આપ્ત પુરુષ હોય, સર્વજ્ઞ હોય કે મુક્ત પુરુષ હોય, તે માત્ર એટલું જ કહી શકે કે આ માર્ગ નિષ્કંટક છે એવો મને અનુભવ છે, એ માર્ગે જવામાં સુખ અને શાંતિ અમે વેદ્યા છે. પછી એ માર્ગે ચાલવું કે ન ચાલવું તે ક્રિયા તો

સાધકના પોતાના જ હાથમાં છે. તેને ચાલવું હોય તો બહાર એવી કોઈ શક્તિ નથી કે તેને અટકાવી શકે માર્ગદર્શકનું આથી વધુ મહત્ત્વ જીવનવિકાસમાં સમજવું એ ભૂલ છે.

(ઉદ્દેશક ૩, સૂત્ર ૧) પરિગ્રહ હોવા છતાં, રાખવા છતાં, તે ભોગવવા છતાં હું તો નિરાસક્ત રહી શકું છું, કે નિરાસક્ત રહી શકીશ એમ જ બોલે છે કે માને છે, તે પાખંડ, દંભ કે આત્મવંચના સેવે છે, એવો કંઈક ભાવાર્થ સૂત્રમાં છે. અનુભવ પણ એમ જ કહે છે કે પરિગ્રહનો સંપર્ક રાખીને નિષ્પરિગ્રહી વૃત્તિ કેળવાઈ શકતી નથી. એટલે નિષ્પરિગ્રહી વૃત્તિ કેળવવા માટે બાહ્ય પદાર્થોનો પરિગ્રહ, તે પર થતો મોહ અને આકર્ષણ સૌથી પ્રથમ તકે છોડવા જરૂરી છે. જેમ કોઈ અગ્નિને હાથમાં રાખી ઠંડક મેળવવાની ઈચ્છા રાખે કે ઠંડીના જાપ જપે તોપણ ઠંડક ન થવી અને અગ્નિની ઉષ્ણતા સહવી તેને માટે અનિવાર્ય છે, તેમજ જે સાધક પરિગ્રહના અગ્નિને સાથે રાખીને નિરાસક્તિની ઠંડક શોધે છે તે નિષ્ફળતા અનુભવે છે.

ઘણીવાર એવું બને છે કે એ પરિગ્રહ પાછળ તેનો આશય નીચ, શૂદ્ર કે સ્વાર્થી નહિ પણ ઉચ્ચ, ઉદાર અને પરમાર્થી દેખાતો હોય. માત્ર પરોપકાર અને પરમાર્થ ખાતર તે પદાર્થોનો સંગ્રહ કરતો હોય તોયે તેની પાછળ છુપાયેલી પરિગ્રહવૃત્તિ ફૂલીફાલી આખરે ઉન્નતિ અને યશના શિખરે ચડેલા એ સાધકને પાડવામાં મદદરૂપ બનવાનો સંભવ રહે છે. એટલે જ નિષ્પરિગ્રહવૃત્તિ કેળવવા માટે બાહ્ય ત્યાગની આવશ્યક્તા છે. પછી ભલે તે ગૃહસ્થ સાધક હોય કે ભિક્ષુ સાધક હોય. દરેકને પોતાની યોગ્યતા અને શક્તિ મુજબ પદાર્થત્યાગ કરવો ઉપયોગી નીવડે છે. જોકે એ આવશ્યક્તા સૌને અનિવાર્ય છે એમ જાણ્યા પછી પણ બાહ્ય ત્યાગની ભાવના પ્રગટવી એ કંઈ સહજ વસ્તુ નથી; કારણ કે પોતે જે કંઈ ઈચ્છે છે તે બાહ્ય પદાર્થોમાં છુપાયું છે એવો ઘણા કાળનો જીવનો અધ્યાસ છે. એટલે એ કેમ છૂટે ? તેના ઉપાયમાં સૂત્રકાર વિચાર અને વિવેક બતાવે છે. સત્યાસત્યને પારખવાની વિવેકબુદ્ધિ જાગે, એટલે અનંતકાલનો અસત્યને સત્ય માનવાનો અભ્યાસ હોય તોયે છૂટી જાય છે પરંતુ જ્યાં સુધી એ જાગે નહિ, ત્યાં સુધી તો મનુષ્ય કશું હિતાહિત પણ સમજી શકે નહિ, તો છોડવાની તો વાત જ શી ? આવી વિવેકબુદ્ધિ સદ્‌વિચાર પછી જ આવે છે, એમ સૂત્રમાં સૂત્રકાર વદે છે.

પણ એ "વિચાર" શબ્દ એટલો તો રૂઢ થઈ ગયો છે કે હાલતાં ને ચાલતાં સૌ કોઈ એનો ઉપયોગ કરી નાખે છે. પણ વિચારનું સ્વરૂપ આપણે માનીએ છીએ એટલું સરલ કે સુસાધ્ય નથી. જેને ઘણીવાર વિચાર તરીકે ઓળખીએ છીએ તે વિચાર નથી હોતો પણ કેવળ વિકલ્પ હોય છે. જીવનમાં અદ્‌ભુતતા, નવીનતા અને દિવ્યદષ્ટિ પ્રેરે એ વિચાર. બાકી તો ઉપરના મન ઉપર આવતા વિચારો એ તો વિકલ્પો માત્ર છે. છતાં એ વિકલ્પો પર વિચારોનો આરોપ મુકાય છે. એ તો સમુદ્રના ઉપરના ફીણને તરંગ માનવા જેવી ભૂલ છે. તરંગ જેમ જલનું ઊર્ધ્વગમન છે, તેમ વિચાર એ અંતઃકરણનું ઊર્ધ્વકરણ છે. તરંગ જેમ સમુદ્રને આહ્‌લાદિત કરે છે, ઉદાર બનાવે છે, તીરને ભેટવાની તાલાવેલી જગાડે છે અને વેગ આપે છે, તેમજ વિચારમાં શક્તિ છે. સદ્‌વિચારનું એક કિરણ જીવનમાં જ્યોત જગાવી દે છે. અનેક કાળના અજ્ઞાન અને મોહના તિમિરને તે વિખેરી નાખે છે. જીવનના ગૂંચવાયેલા કોકડાને તે ઉકેલી દે છે અને પ્રત્યેક કાર્યના પરિણામ સુધી પહોંચવાની દિવ્ય શક્તિ સમર્પે છે. જે પરથી ક્રિયાના મૂળકારણ અને પરિણામ સુધી દષ્ટિ પહોંચે તે વિચાર કહેવાય.

પણ આવો ઊંડો વિચાર અનુભવી જનોના પ્રગટદ્યોતન વિના પ્રાપ્ય નથી. આથી જ આપ્તપુરુષોનાં વચનો કે સત્સંગ તેમાં કારણભૂત બતાવ્યાં છે. આપ્તપુરુષ એટલે નિખાલસતા, નિઃસ્પૃહતા અને સત્યની સાક્ષાત્

મૂર્તિ. નિઃસ્પૃહતા વિના સ્વાનુભાવ ન જાગે. બીજાં વચનો અનેક વાર સાંભળ્યા છતાં હૃદયના તાર ન જગાડે, હૃદયે ન સ્પર્શે, પણ સાચા સંતનું એક વાક્ય જીવન પલટી શકે.

સત્સંગની મહત્તા આ દષ્ટિએ છે પરંતુ જ્યાં વ્યક્તિના વ્યક્તિત્વને બદલે વ્યક્તિના ખોખાં તરફ ઢળવાની ક્રિયા થાય ત્યાં સત્સંગ ફળદાયી ન નીવડે અને વાસ્તવિક રીતે તો એ સત્સંગ પણ ન કહેવાય. વ્યક્તિરાગમાં બંધાયેલાને મુક્ત કરે, સ્વતંત્ર બનાવે અને પોતાનો અનંતકાળનો પૂર્વગ્રહ દુરાગ્રહ છોડાવે, તે જ સત્સંગ.

સૂત્રમાં બાહ્ય પદાર્થના ત્યાગની જરૂરિયાત બતાવી અને ત્યાગભાવના ક્યારે અને કઈ રીતે જાગે તેના ઉપાયો વર્ણવ્યા. પરંતુ ત્યાગના સંબંધમાં કેટલીક વાર ગેરસમજ ઊભી થવાનો સંભવ રહે તેથી તેનો ઉકેલ સૂત્રમાં આપવા પ્રયાસ કરે છે.

ધર્મ સમતામાં છે એમ બોલીને સૂત્રકાર કહે છે કે, ત્યાગ સમભાવથી જાગ્યો હોવો જોઈએ. ત્યાગમાં સમતા જોઈએ જ. આમ કહેવાનો આશય એ છે કે, પદાર્થ ત્યાગમાં બે ભાવના દેખાય છે. એક તો પદાર્થો પ્રત્યેની ઘૃણા અને બીજી પદાર્થો પ્રત્યેની અતૃપ્તિ(પદાર્થો વડે થતી અતૃપ્તિની સમજ). આ ભાવનાના મૂળ ઉપર જ ત્યાગની શુદ્ધિ અશુદ્ધિનો આધાર છે. જે ત્યાગમાં પદાર્થ પર તિરસ્કાર છે તે ત્યાગમાં શુદ્ધિ કે સમજણ નથી, એમ કહી શકાય; કારણ કે જે વૃત્તિનો આજે પદાર્થ પર તિરસ્કાર છે તે વૃત્તિનો પ્રસંગ આવ્યે સંયમ પર પણ તિરસ્કાર નહિ થાય એની ખાતરી શી ? કથિતાશય એ છે કે વૃત્તિના મૂળમાં જે દોષ હોય તે આજે એક જ ક્ષેત્રમાં દેખાતો હોય તો પણ વહેલો યા મોડો એ બીજા ક્ષેત્રમાં પણ દેખાવાનો જ. જે સાધકે પદાર્થત્યાગથી સુખ છે એવું મીઠું પ્રલોભન કયાંકથી સાંભળી ત્યાગ કર્યો છે અને આજે તેની વૃત્તિનો વેગ સંયમ તરફ વાળવા પ્રયત્ન કરી રહ્યો છે, તે સાધક કદાચ એ માર્ગમાં સુખનો અનુભવ ન કરી શકે અને બીજા બાધક કારણો નડે, ત્યારે બીજી તરફ ઢળ્યા વગર કેમ રહી શકશે ? ત્યાગનો હેતુ વેગની દિશા બદલવાનો નહિ પણ વેગને શમાવવાનો છે અને એ વેગનું શમન ઊંડી વિચારણા વગર શક્ય નથી. જ્યારે માનવીને ભાન થાય કે પદાર્થોમાં સુખ કે દુઃખ આપવાની શક્તિ નથી, તે તો નિમિત્ત માત્ર છે, મારી વૃત્તિએ જ અજ્ઞાનથી પદાર્થોમાં સુખ કે દુઃખની કલ્પના કરી છે. જેને એક વસ્તુ જોઈએ છે તે વસ્તુ નહિ મળે તો તેને દુઃખ થશે, અગર એને એ વસ્તુ સંબંધીનું કંઈ પણ સુખદુઃખ થવાનું નથી. સુખ કે દુઃખનું કારણ બહાર નથી પણ મારી સમજણમાં છે– ત્યારે જ સાચો ત્યાગ જન્મશે. એટલે જ સૂત્રકાર કહે છે કે, ત્યાગ સમતાથી જન્મવો જોઈએ અને આ ભાવના પ્રગટયા પછી જ વૃત્તિને શુદ્ધ કરવા માટે નિમિત્તોથી દૂર રહેવાની આવશ્યક્તા જણાય છે અને એ સમજણપૂર્વક જે ત્યાગ થાય છે તે ત્યાગમાં સમભાવ હોવાની પૂર્ણ સંભાવના છે.

સર્વજ્ઞ પુરુષોએ સમભાવની પરાકાષ્ઠા પોતે અનુભવી છે. એથી જ તેઓ ધર્મને સમતાથી વર્ણવી શકે છે. સત્યનો અનુભવી જ સત્ય દર્શાવી શકે, બીજાં નહિ; એવો ભાવ પણ આ સૂત્રમાં ટપકે છે. આ સૂત્રના બીજા ભાગમાં શ્રી તીર્થંકર ભગવાનના શ્રીમુખેથી **"મેં અહીં કર્મ ખપાવ્યા છે તે રીતે બીજે ખપાવવાં મુશ્કેલ છે"** એમ કહેવાયું છે, એ કથનમાંથી એ સાર નીકળે છે કે આ માર્ગ– સમતાનો માર્ગ જેટલો સરળ છે તેટલો બીજો નથી. અમે સમતાયોગની સાધના કરી કર્મ ખપાવ્યા છે. તમે પણ ખપાવી શકશો એમ એ જ્ઞાની પુરુષો પોતાના અનુભવની ચોક્કસતા બતાવે છે.

(ઉદ્દેશક ૩, સૂત્ર ૨) તીર્થંકર દેવની આજ્ઞામાં રહેવું એટલે સચ્ચારિત્રને જીવનમાં વણવું. નિરાસક્તિ અને વિવેકબુદ્ધિનો સહચારી જ ચારિત્ર આરાધી શકે એમ સાધકનાં વિશેષણોથી અહીં ફલિત થાય છે પરંતુ ઘણીવાર નિરાસક્ત અને વિવેકી સાધકને પણ જ્યાં સુધી રાગદ્વેષના બીજ સંપૂર્ણ રીતે ન બળી ગયાં હોય ત્યાં સુધી જરાયે તે ગાફેલ થાય તો ઘણું સહેવું પડે છે. એટલે અહીં રાત્રિના પ્રથમ અને પાછલા પહોરે ચિંતન કરવાનું કહી સંપૂર્ણ જાગૃત રહેવાનું સૂચવ્યું છે. જો કે અહીં કાળને અપેક્ષીને પ્રથમ અને અંતિમ પળો માટે સાવધાન રહેવાનું સૂચવ્યું છે પરંતુ ખરી રીતે તો આ વાત પ્રત્યેક ક્રિયાપરત્વે ઘટાડવાની છે. પ્રતિક્રમણ ક્રિયા કે જેને અનુભવી પુરુષોએ, ગૃહસ્થ હોય કે ત્યાગી હોય તે બન્નેને કરણીય બતાવી છે, તેમાં પણ આ જ જાતનું રહસ્ય સમાયું છે.

નિરાસક્તિ અને વિવેકબુદ્ધિ પ્રાપ્ત થાય ત્યાંયે અહંકાર ન હોવો જોઈએ, એમ કહેવા સારુ ક્રિયા થતાં પહેલા તે ક્રિયાના પરિણામનો વિચાર અને ક્રિયા થયા પછી તેના ફળનો ત્યાગ, આ બન્ને વાત સૂત્રકાર અહીં સાથે કહી નાંખે છે. એટલે એનો સારાંશ એ નીકળ્યો કે નિરાસક્તિ અને વિવેક એ માત્ર વાણી કે મનનો વિષય નથી. એનો પ્રત્યેક ક્રિયા સાથે સંબંધ છે. એટલે જ પ્રત્યેક ક્રિયા કરતાં પહેલા સાધકે તેની જરૂરિયાત, ઉપયોગિતા અને સ્વપરહિતતાનો ખ્યાલ કર્યા વગર ન ચાલે. આ પ્રમાણે ક્રિયાના પરિણામનો અને હેતુનો વિચાર એ વિવેક અને ક્રિયા કર્યા પછી તેનું જે કંઈ ફળ મળે તેનો ત્યાગ; અર્થાત્ કે તે ક્રિયા જે હેતુએ કરી હોય તે હેતુ સરે કે ન સરે, તેનું પરિણામ સુંદર આવે કે અસુંદર આવે, તોયે ચિત્ત ઉપર કશી અસર ન થાય તેવી સમતા રહે, એવી ચિત્તની સહજદશા થવી એ નિરાસક્તિ.

જીવનમકાનમાં ચારિત્રનું ચણતર હોવું જ જોઈએ. તો જ તે રસમય, સૌંદર્યમય અને નિષ્કંપ, અડોલ, બને; એવો અનુભવીજનોનો આગ્રહ શા માટે છે, તેનો સૂત્રમાં ઉકેલ છે. એક સંસ્કૃતિ એમ પણ માને છે કે વ્યવસ્થા અને નિયમન બન્ને જાળવી પદાર્થોમાંથી બને તેટલાં રસ, સૌન્દર્ય અને કળાનો ઉપયોગ કરવો, એ વિકાસને બાધક નથી. આજે વૈજ્ઞાનિક શોધખોળનો આ રીતે ઉપયોગ થતો હોય એમ મનાય છે. વિશ્વમાં આજે આ સંસ્કૃતિનો ખૂબ પ્રચાર પણ થયેલો અને થતો નજરે પડે છે.

પરંતુ મહાપુરુષોનો અનુભવ અહીં જુદું જ વદે છે. તેઓ કહે છે કે અનુભવ પછી અમોએ સિદ્ધ કર્યું છે કે કળા, રસ અને સૌંદર્ય જીવનનું સંવાદન છે. પદાર્થોનું દબાણ તેમાં માત્ર નિમિત્તભૂત છે. તે નિમિત્તથી જે સૂરો નીકળે છે, સંવાદન સાધી જે સંગીત સ્ફૂરે છે, તે અંતરનું છે. જે બહારથી આવતું દેખાય છે તે શોધના અભાવે જ છે, સ્વાભાવિક તેમ નથી. પદાર્થોમાં સૌંદર્ય, કળા કે રસ, સૌંદર્ય અને આનંદને બાહ્યરૂપે પ્રગટ થવાના નિમિત્તરૂપ બની શકે અને તેવું પણ ત્યારે જ બને કે જ્યારે વાસના અને લાલસાના ચિત્ત પર સ્થાપિત થયેલા સંસ્કારોનો એ પદાર્થો પર આરોપ ન હોય. પદાર્થોનાં બાહ્ય આકાર પર જે મોહ જાગે છે તેનું મૂળ વાસના છે અને પદાર્થોને પકડી રાખનારો પરિગ્રહ જાગે છે તેનું મૂળ લાલસા છે. લાલસા અને વાસનાનાં મૂળમાં શાંતિ અશક્ય છે એમ ફરીફરી સૂત્રકાર કહે છે. એટલે જેટલે અંશે મોહ અને પરિગ્રહ છૂટે તેટલે અંશે સદાચારનું પાલન થાય.

(ઉદ્દેશક ૩, સૂત્ર ૫) આંતરડોકિયું મારવું એટલે શું ? એની વ્યવહારુ સમજ સૂત્રમાં છે. વિવેકબુદ્ધિ જાગે ત્યારે આંતરડોકિયું કરાય. પરંતુ વિવેકબુદ્ધિના સંબંધમાં પણ કંઈ ઓછી ગૂંચ ઊભી થઈ નથી. ડહાપણ અને વિવેકબુદ્ધિને જગતના ડાહ્યા પુરુષો એક માને છે, પણ ડહાપણનું વલણ બહારનાં જગત તરફ હોય છે અને વિવેકબુદ્ધિનું વલણ પોતાના અંતઃકરણ તરફ હોય છે. એ બન્નેનું આ તારતમ્ય છે.

એક જ ક્રિયાપરત્વે વિવિધ અભિપ્રાયો બાંધી લેવા અને મત જાહેર કરી દેવો, એ રીતે જનતાનું માનસ ઘડાયું હોય છે, એટલે તે તરફ જોનાર સાધકનું માનસ પણ તેવું જ ચંચલ અને ભીરુ બની રહે છે. આવો સાધક પ્રત્યેક ક્રિયામાં લોકોથી જેટલો ડરે છે તેટલો આત્માથી ડરતો નથી. દંભ, પાખંડ અને આત્મવંચનાનો પ્રારંભ આવા સંયોગવશ જ જન્મે છે. સાધકને પ્રથમ તો આ સ્થિતિ સાલે છે. તેનાથી દૂર રહેવા તેનું માનસ બળ પોકારે છે પરંતુ સમાજ કે જનતાની વચ્ચે તેની પ્રતિષ્ઠા બંધાયેલી જે તેણે માની લીધી છે તે જ તેના પગની બેડી બની વિકાસને રુંધે છે. આ જ દૃષ્ટિએ લોકસંજ્ઞાનો ત્યાગ કરવાનું અનુભવી પુરુષોએ ઠેરઠેર સૂચવ્યું છે. એકાંત વૃત્તિ, ધ્યાન, પ્રતિક્રમણ એવી એવી ક્રિયાઓ યોજી અધ્યવસાયો (વૃત્તિથી ઊઠતા સંકલ્પવિકલ્પો)ના સમાધાન અર્થે તેનો ઉપયોગ બતાવ્યો છે.

અહીં સૂત્રકાર ભાખે છે કે, અધ્યવસાયના શુભાશુભ પર કર્મબંધનની નિબિડતા કે શિથિલતાનો મુખ્ય આધાર છે. જે સમજ જ્ઞાની પુરુષોએ આપી છે તેને તે જ રૂપે સ્વીકારી એટલે કે અમલ કરવો. બીજું બહારનું જોવા કરતાં પ્રતિપળે પોતાની વૃત્તિની ચિકિત્સા કર્યા કરવી. આ સમજ જેમનામાં ન હોય તે વિકાસના માર્ગમાં બાળક છે અને તેઓ સત્યધર્મ પાળી શકતા નથી. આથી ધર્મ એટલે સંસ્કારિતા, એટલી વ્યાખ્યા ફલિત થઈ. જે જીવનમાં સંસ્કારિતા ન હોય તે જીવન જીવન ન ગણી શકાય. એટલે કે માણસ જીવે છે એ જીવન નથી, પણ જ્યાં વિકસે છે તે જીવન છે. તે જીવન ટકાવવાની પણ આ દૃષ્ટિ હોવી ઘટે. એટલે જ જ્ઞાની પુરુષોએ કહ્યું છે કે, "જીવન ટકાવવું સહેલું છે પણ જીવન જીવવું સહેલું નથી."

(ઉદ્દેશક ૪, સૂત્ર ૧) ગૃહસ્થ સાધકો માટે પણ ગુરુકુળની પ્રથા પ્રાચીન કાળમાં હતી. આજે ભિક્ષુઓ, સાધુઓ કે સંન્યાસીઓ માટે ગચ્છ, સંપ્રદાય કે મતને નામે ગુરુકુળો પ્રવર્તે છે અને આ બધા સાધકોમાં ગુરુસાનિધ્યનો મહિમા આજ સુધી ચાલ્યો આવે છે. અહીં તો ભિક્ષુ સાધકને ઉદ્દેશીને કહેલું છે. સદ્‌ગુરુ કે ઉપસાધકનું પાસે હોવું સાધકને અનેક રીતે ઉપયોગી છે, એમાં જરાયે શંકા નથી.

સાધક અને સિદ્ધ વચ્ચેનું અંતર વિચારવા જેવું છે. સિદ્ધ હોય તેની પાસે સાધક હોય તોયે શું અને ન હોય તોયે શું ? તેને તેની પરવા હોતી નથી. જોકે તોય તે સાધકોનું પાસે હોવું બાધક નહિ ગણે અને સાધકને અવલંબનની ક્ષણે ક્ષણે જરૂર ઊભી હોય છે.

સાધનાની નાની કેડીની આસપાસ વાસના અને લાલસાની બે મોટી ખાઈઓ છે. પ્રતિપળે પદાર્થોના આકર્ષક પ્રલોભનો સાધકની આંખને ખેંચવા પ્રયત્ન કરે છે. ભય અને વહેમની દેખાતી ભૂતાવળો તેને ભડકાવે છે. જો સહેજે પણ ગોથું ખાધું કે ગયો સમજવો. આથી તેની પીઠ પાછળ જાગૃતિ આપનાર કે દોરનારની અનિવાર્ય આવશ્યક્તા રહે છે. એ દૃષ્ટિબિંદુએ જે કોઈ સાધકની સાધનાના વિકાસમાં નિમિત્તભૂત થાય તે તેના ગુરુ ગણાય. ગૃહસ્થ સાધકને પણ વિકાસમાર્ગમાં માતા, પિતા કે વડીલ અવલંબનરૂપ હોઈ ગુરુજન ગણાય છે. પણ એ અવલંબન તરીકે ઉપયોગ કરતાં આવડવો જોઈએ; નહિ તો સાધક અવલંબનને સાધન ન માનતા વેડફી નાખે છે. આવા સાધકની સ્થિતિ ઊલટી કફોડી અને વિષમ થઈ જાય છે. એટલે જ સૂત્રકારે 'ગ્રામાનુગ્રામ વિચરતાં' એ વિશેષણ મૂકી પ્રગતિ વિકાસની પ્રેરણા આપી છે અને જ્યાં સુધી સાધક જ્ઞાન અને વયમાં અપરિપક્વ હોય ત્યાં સુધી જ અવલંબનની આવશ્યકતા છે એમ સમજાવી અવલંબનનીયે મર્યાદા સૂચવી છે.

પરંતુ સાધકની આ અપરિપક્વતા પુરુષાર્થી, વ્યવસ્થિત અને નિયમિત સાધકની દૃષ્ટિએ સમજવી. અન્યથા ચુસ્ત અને જડ પ્રકૃતિવાળાને તો હંમેશાં અવલંબન પાસે હોય તોયે અપરિપક્વતા રહેવાની જ છે. આવા પુરુષને તો અવલંબન ઊલટું બાધક નીવડે તથા વહેમ, લાલચ અને પાખંડ વધારે છે; કારણ કે અવલંબન પણ જે સાધક જાગૃત થયો છે તેને જ ઉપયોગી હોય. જાગૃતિ કરાવવાની અવલંબનમાં શક્તિ નથી, તેમ ચલવી પહોંચાડવાનીયે એમાં તાકાત નથી. તે માત્ર પ્રેરણા આપી શકે. જાગવું અને ચાલવું એ કેવળ સાધકની પોતાની સ્વેચ્છાનો પ્રશ્ન છે. અહીં સૂત્રકારે જાગૃત અને પ્રગતિશીલને જ પ્રેરણાની સાચી આવશ્યક્તા અને ઈચ્છા હોય છે એ દૃષ્ટિબિંદુ સમજાવ્યું છે.

સૂત્રના પ્રથમ વિભાગમાં સાધક સહજ મળતી પ્રેરણાને છોડી દેવા કેમ તૈયાર થાય છે તેનાં કારણો જણાવતાં કહે છે કે, જો સાધકમાં જિજ્ઞાસુ બુદ્ધિ હોય છે તો તે કોઈ પણ સ્થાન, વ્યક્તિ કે બનાવોમાંથી કંઈ પણ લેવા મથે છે અને લે છે. પણ જો સાધક ઉપયોગશૂન્ય–ગાફેલ બને તો બહારના દૃશ્યો તેનાં ચક્ષુ આગળ ખડાં થવાથી પૂર્વાધ્યાસોને લઈને તે સાધક એ નિમિત્તોને વશ થાય છે. જોકે આવા પ્રસંગોમાં જિજ્ઞાસા, વૈરાગ્ય અને સંયમના પ્રબળ વેગ આગળ શરૂશરૂમાં નિમિત્તોના જોરનો દબાવ થઈ ગયેલો દેખાય છે, પરંતુ પૂર્વાધ્યાસોથી વવાયેલું એ વાસનાનું ઝેરી બીજ ધીમેધીમે વૃત્તિ પર અસર ઉપજાવી બીજા તેવા જ પ્રસંગો મળ્યે ગુપ્ત રીતે વિકસી જાય છે. આ વૃક્ષ ધીમે ધીમે સાધકની ચાલુ સાધનામાં કેફ રેડે છે અને તેથી જ સંકુચિતતા પેસે છે, અહંકારનું ક્રિયામાં દર્શન થાય છે અને વિકાસ રૂંધાય છે.

અહંકાર આવે એટલે વિશ્વ જેવડા અફાટ આત્મસ્વરૂપને તે પુરુષ નાનકડી વ્યક્તિમાં સમાવવા મથે છે. જેમ જેમ તે માર્ગે શક્તિ વધુ વધુ વેડફાય તેમ તેમ તે સાધક વિશ્વથી અતડો અને એકલપેટો થતો જાય અને જેમ જેમ વિશ્વથી તે અતડો થતો જાય, તેમ તેમ તે મોહની અંધાર ખાઈમાં ડૂબતો જાય અને વ્યક્તિત્વ વિકસાવવાને બહાને વ્યક્તિત્વને પોતાને હાથે જ હણતો જાય.

અહીં અજાણ અને અતત્ત્વદર્શી વિશેષણો વાપરી સૂત્રકાર મહાપુરુષે અવલંબનની મર્યાદા સૂચવી છે. એ અનુભવી પુરુષોએ જ આ મર્યાદા સૂચવી છે એવું સૂત્રમાં આવતું કથન "આ વાત ઉપલક દૃષ્ટિએ જોઈને દૂર કરવા જેવી નથી પણ ખૂબ ખૂબ ચિંતવવા યોગ્ય છે" એમ વદે છે.

(ઉદ્દેશક ૪, સૂત્ર ૨) વાસ્તવિક રીતે અહીં આજ્ઞાની આરાધના બતાવી છે. ઘણી વખત સાધક સદ્‌ગુરુ કે ઉપસાધકોની સાથે રહેવા છતાંયે એક ભૂલને બદલે બીજી ભૂલો કરતો હોય છે એ પણ સ્વચ્છંદનો એક વિભાગ જ છે. સદ્‌ગુરુનું અવલંબન જે હેતુએ છે તે હેતુ ન સરતો હોય, તો સાધક એ અવલંબન પ્રત્યે ગમે તેટલું માન દર્શાવતો હોય તોયે તે વિકાસ ન સાધી શકે. સદ્‌ગુરુની સેવા, ભક્તિ કે સંગ ક્યારે ફળ્યો ગણાય, તેની સ્પષ્ટતા બતાવી છે. પ્રત્યેક સાધકને આ વાત મનનીય છે.

(૧) સદ્‌ગુરુએ બતાવેલી દૃષ્ટિથી જોતાં શીખવું એ સદ્‌ગુરુની ભક્તિનું પ્રથમ રૂપ છે. ઘણીવાર સાધક પોતાની દૃષ્ટિ સાથે રાખીને સદ્‌ગુરુનું શરણ શોધતો ફરે છે. આવા સાધકને સદ્‌ગુરુની પ્રાપ્તિ થવી સંભવતી નથી અને કદાચ થાય તો પચતી નથી. થોડો વખત કદાચ તે માની લીધેલી ભક્તિ કે લાગણીના વેગમાં તણાયે જાય છે. તે સદ્‌ગુરુની આજ્ઞામાં વર્તવાના કોડ સેવે છે અને ઘણીવાર આચરે પણ છે; તોયે જ્યાં સુધી તે પોતાની પ્રથમની

દષ્ટિને સાથે ને સાથે રાખી ગુરુદેવની આજ્ઞાને નિહાળે ત્યાં સુધી તે તેની વાસ્તવિક દષ્ટિને પહોંચી શકે નહિ કે લાભ પણ મેળવી શકે નહિ. સૌથી પ્રથમ પોતાનાં પૂર્વ દષ્ટિબિંદુઓને સાવ ભૂંસી નાંખવા જોઈએ, નહિ તો એક યા બીજી રીતે તે દષ્ટિબિંદુઓ આવીને તેની સાધનામાં ડખલ કર્યા વગર રહે નહિ.

(૨) એટલે જ પૂર્વ અધ્યાસોને ભૂલી જવા જોઈએ અને આજ સુધી પોતે જેને નિરાસક્તિ માની હોય તે નહિ પણ પૂર્વ અધ્યાસોને તદ્દન ભૂલી જવાની નિરાસક્તિ કેળવવી જોઈએ.

(૩) સદ્‌ગુરુ જ્યારે એને જે કંઈ આપે તેને ભેટ તરીકે સ્વીકારવી, એટલે કે તેઓ શિક્ષા કે પ્રાયશ્ચિત, જે કંઈ આપે તે પ્રકૃતિને પ્રતિકૂળ હોવા છતાં તેને સપ્રેમ સ્વીકારવી.

(૪) તેમની વાણી પર પૂર્ણ શ્રદ્ધા રાખી, તદ્‌નુસાર જીવન ઘડવું જોઈએ. જેટલા પ્રમાણમાં શ્રદ્ધા હોય તેટલા પ્રમાણમાં સદ્‌ગુરુનો સંગ ફળે.

આ ચારે જીવનવિકાસના પરમ ઉચ્ચ સદ્‌ગુણો છે. પણ અહંકાર અને મોહને મોડ્યા વિના તે સદ્‌ગુણો જીવનમાં પ્રવેશી શકે નહિ.

આટલું કહીને પછી સૂત્રકાર ઉપયોગપૂર્વક વિહરવાનું કહી સદ્‌ગુરુ પ્રત્યે એ બધું અંધઅનુકરણથી નહિ પણ વિવેકબુદ્ધિ પૂર્વક કરવાનું સૂચવે છે. આમાં સદ્‌ગુરુ કેવા હોવા જોઈએ, તેઓની કઈ આજ્ઞાને વશ થવું જોઈએ, તેનો વિવેક છે. અન્યથા સદ્‌ગુરુના બહાના તળે કોઈ પણ વ્યક્તિ પોતાના સ્વાર્થ કે વાસનાનું પોષણ ભક્તો દ્વારા સહેલાઈથી કરી શકે છે, એ ગેરસમજ દૂર કરવા ખાતર ભક્તિ આંધળી ન હોય પણ જાગૃત હોય એમ સૂચવ્યું છે. ભક્ત તો વીર, વિવેકી, વિનમ્ર અને વિચારક હોવો ઘટે.

છેવટ છેવટ પ્રત્યેક ક્રિયામાં સાવધાની રાખવાનું બતાવે છે. તેમાં તે સદ્‌ગુરુ અને શિષ્ય બન્નેની યોગ્યતાનો આબેહૂબ ચિતાર છે. શિષ્યની એક પણ ક્રિયા સદ્‌ગુરુની આજ્ઞાબહાર ન હોય, **એટલે કે જે સર્વથા અર્પણ થઈ ગયો હોય એ શિષ્ય અને સદ્‌ગુરુ એટલે જેની એક પણ આજ્ઞા શિષ્યના એકાંતહિત વિનાની ન હોય. સદ્‌ગુરુ એટલે નિઃસ્પૃહતાની મૂર્તિ, પ્રેમનો મહાસાગર અને પુણ્યની ગંગા.** તેમાં શિષ્યની સ્પૃહા લય પામે, અભિમાનનું ખાબોચિયું ગળીને સુકાઈ જાય અને પાતકનો પુંજ શુદ્ધ થાય.

(ઉદ્દેશક ૪, સૂત્ર ૩) સદ્‌ગુરુ જો ચાલવામાં સહાય ન કરે તો તેની આવશ્યક્તા પણ શી ? એવો કદાચ કોઈને પ્રશ્ન થાય તેનું નિરાકરણ આ સૂત્રમાં છે. સાધકને સદ્‌ગુરુ ઘણી જાતની સહાય કરે છે.

કેટલીકવાર સાધક એટલી હદ સુધી પાપ શબ્દથી જ ભીરુ બની જાય કે તે પોતાના જીવનવિકાસને લગતી ઉપયોગી ક્રિયા કરતાં કરતાં પણ પાપથી ડરે છે. આથી આવે વખતે ગુરુદેવ તેમને સાચો માર્ગ બતાવી પાપનો વિવેક સમજાવે છે અને પાપનો સંબંધ શબ્દ સાથે નહિ, પણ મુખ્યત્વે અધ્યવસાયો અને ગૌણરૂપે જ ક્રિયા સાથે છે તેમ બતાવે છે.

પણ જ્યારે પાપ કરી નાખ્યા પછી પણ પોતાનું પાપ રખે બહાર આવે એ માટે છુપાવવાનો પ્રયાસ કરી

બીજાં પાપો વધારતો હોય છે, ત્યારે એના પાપના મૂળને શોધીને સદ્ગુરુ તુરત નિર્મૂળ કરવાનું ઔષધ આપે છે. કદાચ વૃત્તિની અધીનતાને લઈને શિષ્ય તેમ ન કરે માટે કહ્યું છે કે ગુરુદેવની પૂર્ણ અધીનતા સ્વીકારી હોય ત્યારે જ પાપ નિવારી શકાય અને પ્રાયશ્ચિત્ત સફળ થાય.

(ઉદ્દેશક ૪, સૂત્ર ૩–૪) સ્ત્રીમોહમાં રહેલું, સાધકના સ્વચ્છંદી માનસ પર અસર કરનારું પ્રલોભન અને એ સ્વચ્છંદી માનસમાં મુખ્ય ભાગ ભજવી શકે તેવી નાટ્યવૃત્તિઓ વિકાસમાર્ગના પથિકને ડગલે ને પગલે રુંધનારું આવરણ તથા મહાસમર્થ શક્તિધરોને નમાવનારી શક્તિ છે. સાધકને સદ્ગુરુ તથા સત્સંગની અસરતળે સતત જાગૃત રહેવાની જરૂરિયાત આ દૃષ્ટિએ છે. એમ બતાવવા સૂત્રકાર હવે એ જ વસ્તુને બહુ ગંભીર રીતે અને ઊંડાણથી ચર્ચે છે.

(ઉદ્દેશક ૪, સૂત્ર ૬) વિષયોની ઉત્તેજનાનો ખોરાક પર મોટો આધાર છે. "જેવું અન્ન તેવું મન" એ સૂત્ર વિચારવા યોગ્ય છે. રસાળ, સ્વાદુ અને તીખાં ભોજન વિષયવૃત્તિને ઉગ્ર બનાવે છે. એટલે અહીં લૂખોસૂકો ખોરાક ખાવાનું સૂચવ્યું છે. અલ્પ ભોજન પણ એટલી જ મહત્વની વસ્તુ છે, ઈન્દ્રિયોને ઉત્તેજના કરવા માટે નહિ. આટલી સાદી વાત સૌ કોઈ સાધક સમજતો જ હશે; તોયે પદાર્થોમાંના સ્વાભાવિક રસને બદલે તેલ, મરચું, મીઠાશ, ખટાશ વગેરે અનેક વસ્તુઓને રસમિશ્રિત કરીને ખાણાંઓ ખવાય છે. એ જોતા જણાશે કે તેમ કરવાથી ખોરાક માટે ખાવાનું નથી રહેતું ખાવા માટે ખોરાક બની જાય છે.

આ રીતે વ્યય તથા પાપ બન્ને વધે છે અને શરીરને શ્રમ પૂરતો ન મળવાથી ઈન્દ્રિયો પર તે ખાણાંની ખોટી અસર થાય છે. એટલે લૂખું અને અલ્પ ભોજન પ્રત્યેક સાધકના શરીર અને મન બન્નેના આરોગ્ય માટે ઉપયોગી છે, એ વાત નિર્વિવાદ છે.

એક સ્થાને ઊભા રહી કાયોત્સર્ગ કરવાનું સૂત્રમાં છે. તે શરીરને કસવાની દૃષ્ટિએ છે. આ બધા પ્રયોગો ખૂબ ઉપયોગી નીવડે છે, સાધકને ઘણીવાર પતનમાંથી ઉગારી લે છે. છતાં આટલું કર્યે પતી જતું નથી. બહારના ઉપચારોથી વિષયોનું શમન થાય. તે ન પીડે એવું બને તોયે તેથી વાસનાનો વિજય પ્રાપ્ત થાય તેવી નિશ્ચિતતા નથી. એટલે સ્થાનાંતર કરવાનું સૂચવ્યું છે. તેમાં બે દૃષ્ટિબિંદુઓ છે. એક તો ઘણીવાર અમુક સ્થાનો જ એવા હોય છે કે મનુષ્ય પર ત્યાંના પ્રબળ આંદોલનોની અસર પડે છે. ત્યાગી તત્ત્વજ્ઞાની કે ચિંતનશીલ પુરુષોનું રહેવાનું જ્યાં બહુ બન્યું હોય ત્યાંનું વાતાવરણ ત્યાં બેસનાર કે રહેનાર પર તેની તેવી અસર ઉપજાવ્યાના અનુભવો થાય છે. તે જ રીતે ખરાબ વાતાવરણની પણ તેવી ખરાબ અસર પડ્યા વિના રહે નહિ અને બીજું તે સ્થાનમાં વાસનાને ઉત્તેજિત કરે તેવાં બાહ્ય નિમિત્તો હોય તોયે બાધાકર નિવડે. આ બન્ને દૃષ્ટિએ સ્થાન પરિવર્તન આવશ્યક છે અને તેથી લાભ પણ થાય છે, એ સ્વાભાવિક છે.

ભિક્ષુ ગામેગામ અપ્રતિબંધ વિહરતા હોવા છતાં ચોમાસાના ચાર માસ તેને એક સ્થાને રહેવાની આજ્ઞા છે. તેનું કારણ એ છે કે ચોમાસામાં જીવોની અધિક ઉત્પત્તિ થવાથી અજતનાથી બચી જવાય, વર્ષાવિહારમાં ઉપસ્થિત થતી અશક્યતાઓ ટળી જાય અને જ્ઞાન, ધ્યાન તથા તપને માટે પણ ઋતુ વધુ અનુકૂળ છે તેથી ચાતુર્માસ માટે વિહારની મુનિ સાધકને જૈનશાસનમાં મના કરી છે. તોયે અહીં ચાતુર્માસમાં પણ વિહાર કરવાનું સૂચવ્યું છે તેની પાછળ મહાન હેતુ છે. જૈનદર્શન નૈસર્ગિક દર્શન હોઈ તેનાં નિયમો નૈસર્ગિક બંધારણપૂર્વક અને

હેતુપુરઃસર યોજાયા હોય છે. માત્ર હેતુને યથાર્થ સમજીને તે નિયમોનું પાલન કરવું ઘટે, તે એની મર્યાદા છે.

વિષયોનું ધ્યાન સાધકને જે નુકસાન કરે છે, તે વર્ષાઋતુનો વિહાર નથી કરતો. વર્ષાઋતુના વિહારમાં જે દોષો છે તેના કરતાં વિષયોના ધ્યાનમાં વધુ છે તે દષ્ટિએ વિહાર ક્ષમ્ય છે અને અહીં તો ત્યાં સુધી સૂચવ્યું છે કે આહારનો સર્વથા ત્યાગ કરી જીવન ટુંકાવવું એ યોગ્ય છે પણ અબ્રહ્મચર્યનું સેવન કરવું યોગ્ય નથી. અબ્રહ્મચર્યમાં આત્મઘાત છે. શરીરઘાત કરતાં આત્મઘાત વધુ ભયંકર છે. આથી સાધકને બીજાં બધાં વ્રતોમાં અશક્ય–પરિહારને સ્થાન આપી મર્યાદાપૂરતા અપવાદનું સ્થાન રખાયું છે પણ બ્રહ્મચર્યવ્રતમાં તેમ નથી કર્યું. મન, વાણી અને કાયાનો અવ્યભિચાર એ બ્રહ્મચર્યની સર્વાંગસાધના.

(ઉદ્દેશક ૫, સૂત્ર ૧) સાચી સમજનું ફળ–પરિણામ વૈરાગ્ય, ત્યાગ અને નિરાસક્તિમાં પરિણમે છે. એ સિદ્ધાંત જેટલો નક્કર છે, એટલો જ સાચી સમજ શ્રદ્ધા પછી જ આવે છે, એ સિદ્ધાંત પણ નિશ્ચિત છે. અહીં જળાશયનું દષ્ટાંત આપ્યું છે, તેની પાછળ ઘણા હેતુઓ છે. તેને વપરાયેલું એકે એક વિશેષણ પણ તેટલું જ સહેતુક છે. દા. ત. જળાશયમાં પવિત્રતા છે. પણ તેની પવિત્રતા બીજાથી અભડાઈ જાય એવી કૃત્રિમ નથી. સાચી પવિત્રતા પોતે પવિત્ર રહે છે અને બીજા મળને પણ પવિત્ર બનાવી શકે છે. આ વાત મનનીય છે.

જળાશયમાં જે મીઠાશ છે તે માત્ર દેખવા પૂરતી નથી, હજારો તૃષાતુરની તૃષા છુપાવે તેવી તેનામાં દિવ્ય શક્તિ છે. "સમભૂમિમાં રહેલું જળાશય" એવું જળાશયનું જે વિશેષણ વપરાયું છે એમાં એ ભાવ છે કે, જળાશય પોતે બીજી બધી સ્થળ ભૂમિ એટલે કે પોતાથી વિજાતીય ભૂમિની વચ્ચે હોવા છતાં પોતાની ચારે કાંઠાની મર્યાદા જાળવીને ગેલ કરી રહ્યો છે, એટલું જ નહિ બલકે પોતે પોતાના સ્વરૂપમાં–નિર્મળતામાં મસ્ત રહીને મોજ માણી રહ્યો છે, એમ સૂચવે છે. આટલું જાળવવા છતાંયે બહારનું આક્રમણ આવે તો તેને જીતવાની તેનામાં ગંભીર છતાં અમોઘ શક્તિ છે. બહારની વિજાતીય ભૂમિની રજ આવે તો તેના પર પોતે વિજય મેળવી તેને નીચે દબાવી નિર્મળતામાં ઊલટી વૃદ્ધિ કરે છે.

જુઓ– જળાશયની આસપાસ બીજી બધી સ્થળભૂમી હોવા છતાં તેના પ્રત્યે દ્વેષ કે ઘૃણા નહિ બલકે કેટલું અને કેવું ઔદાર્ય રાખે છે ? અનેક દશ્યો પાસે હોવા છતાં પણ એ કેટલો નિરાસક્ત અને સ્વરૂપમગ્ન છે ? આટલી યોગ્યતા છતાંયે એ કેટલો જાગૃત છે ? પણ આ બધું તેના આત્મવિશ્વાસ પછી જ તેનામાં આવ્યું છે એ વાત ભૂલી જવી ન જોઈએ. બીજાની સાથે વસવા છતાં કે બીજાને અવકાશ આપવા છતાં, "જે કંઈ મારું છે તે કોઈ છીનવી લેવાનું નથી અને છીનવી લેવા જેવું હશે તો મારું નથી. તો પછી ચિંતા શી ?" એટલી પ્રતીતિ થયા પછી જ આ યોગ્યતા પ્રગટે છે.

જળાશયની જેમ વિવેકી, જાગ્રત અને આરંભક્રિયાથી પર થયેલા મહર્ષિ પુરુષો પણ એવી જ સહજ ઉદારતા, સહજ નિરાસક્તિ અને સ્વરૂપમગ્નતા રાખી શકે છે. હજારો પાતકીઓ તેની જ્ઞાનગંગામાં પવિત્ર થઈ શકે છે. તે લોકો જગતની દષ્ટિએ અધમ, નીચ, નાસ્તિક, પાપી કે મિથ્યાત્વી દેખાતા હોય તે પણ તેમના દષ્ટિબિંદુમાં એવા નથી દેખાતા. એમને મન તો કાંચન અને લોષ્ઠ બન્ને સમાન હોય છે, એમની દષ્ટિ એમાનાં એક પર લોભાતી કે ખેંચાતી નથી. એકાંત એમને અતિપ્રિય હોય, તોયે જનતાનો ખળભળાટ તેમને ખળભળાવતો નથી. હજારો જનો એમના જ્ઞાનની મીઠાશ ચાખી શકે એટલા તે જ્ઞાનના ભંડાર હોય છે. છતાંયે

નિત્યનવીન જનના સંસર્ગથી પોતાના અનુભવને નક્કર બનાવવાની એમની જિજ્ઞાસા તાજી જ રહે છે. એ પારસ કરતાંયે વધુ ઉદાર હોય છે, એમનો સંસર્ગ પાપીને પણ સંતના રૂપમાં પલટાવે છે. એ પુણ્યના પુંજ સમા છે, એમનું વાતાવરણ જ સમસ્ત જગતને પાવન કરે છે. એમને મરણની લેશ પણ પરવા હોતી નથી. આ પુરુષો પોતે મુક્તિ તરફનો માર્ગ કાપે છે, બીજાને પણ પ્રેરણા આપે છે, છતાંયે જગત પર અમે ઉપકાર કરીએ છીએ, એવું એમને ભાન હોતું નથી.

અહીં આત્મવિશ્વાસ અને કુદરતી કાનૂનને આધીન થઈ વહેતા જીવનો સુમેળ ચિતાર છે. આવું જીવન મહર્ષિ સાધકને તો સહજ હોય; બીજા સાધકો આ રીતે દ્રહ (જળાશય) અને મહર્ષિના દષ્ટાંતનો ધડો લઈ પોતાનું જીવન કેળવે, એમ કહેવાનો સૂત્રાશય છે.

(ઉદ્દેશક ૫, સૂત્ર ૨) સૂત્ર એમ કહે છે કે ઉપર વર્ણવેલો માર્ગ અનુભવીએ બતાવેલો નિશ્ચિત માર્ગ છે, તેમાં સંશય ન કરતાં શ્રદ્ધા કેળવો. કારણ કે શ્રદ્ધા વિના જ્ઞાન નથી અને જ્ઞાન વિના સમાધિ નથી. સૌ માનસિક સમાધિ ઈચ્છે છે. એટલે શ્રદ્ધા સૌ કોઈએ કેળવવી જ રહી. શ્રદ્ધા એટલે અનુભવી પુરુષોનો અનુભવ, શાસ્ત્રીય વચન અને પોતાની સત્યશોધક બુદ્ધિ એ ત્રણેનો સમન્વય કર્યા પછી સત્કાર્યની પાછળ પુરુષાર્થ કરવાનો અટલ નિશ્ચય કરવો તે. શ્રદ્ધામાં વિવેકબુદ્ધિ તથા હૃદય બંન્નેનો અવકાશ છે. જ્યાં એ ત્રણેયનો સુમેળ ન હોય ત્યાં અંધશ્રદ્ધા કે અશ્રદ્ધા હોવાની. એક નાનામાં નાના કાર્ય પાછળ પણ જ્યાં શ્રદ્ધા નથી, ત્યાં તે કાર્ય પ્રાણવિહોણું નિશ્ચેત ખોખું બની રહે છે.

શ્રદ્ધા પ્રત્યેક કાર્યનો પ્રાણ છે. નીરસમાં નીરસ જણાતા કાર્યમાં પણ શ્રદ્ધા રસ રેડે છે, સૌંદર્યની સૌરભ ફેલાવે છે. આ રસ કોને ન ગમે ? પરંતુ માનવના હૃદયમાં એક એવું તત્ત્વ હોય છે કે જે તેને આમ કરતાં, શ્રદ્ધાળું બનતા રોકી રાખે છે. રખે શ્રદ્ધા કરીશ તો કંઈ ગુમાવીશ, એવી ચિંતા પમાડે છે. પણ "કોઈ પણ ક્રિયા ફળ રહિત હોતી નથી." એવા કુદરતના અવિચળ સિદ્ધાંતમાં શંકા હોવી એ અજ્ઞાન છે, એને વિચિકિત્સા અથવા બીજા શબ્દોમાં વિકલ્પ કહેવાય છે.

જેટલો એક ખનિજથી માંડીને વનસ્પતિને કે કીડી, ઊધઈ, ભમરા કે પશુ જાનવરોને નૈસર્ગિક શક્તિ પરનો વિશ્વાસ દેખાય છે, જોકે તેઓનો પરાધીન વિશ્વાસ છે તેટલો માનવમાં નથી દેખાતો. એનું મુખ્ય કારણ આ જાતની ફળ વિષેની શંકા છે.

માનવને અંતઃકરણનો વિકાસ અને બુદ્ધિ એ બે તત્ત્વો ઈતર પ્રાણી દુનિયાથી વિશેષ મળ્યાં છે. એથી એણે સ્વાધીન થઈ નૈસર્ગિક નિયમને વધુ અનુકૂળ થવું જોઈએ, તે સાધનોથી વધુ સંસ્કૃત થવું જોઈએ, છતાં માનવજાતનો મોટો ભાગ તે સાધનોથી વધુ વિકૃત થતો જાય છે, તેનું કારણ પણ મુખ્યત્વે આ જાતની વૃત્તિ જ છે. સંગ્રહબુદ્ધિ, હાયલાલસા, ચિત્તના બળાપા, એવું એવું બધું આથી જન્મે છે. આ જાતનો વિકલ્પ એ કંઈ સામાન્ય દુર્ગુણ નથી પણ પ્રત્યેક ક્ષેત્રમાં વિહ્વળતા, ચંચળતા, ભય અને ક્ષોભ ઉત્પન્ન કરનાર ભયંકર દુર્ગુણ છે. આવું બધું પ્રાયઃ આવા વિકલ્પોથી જ થાય છે તેથી અનુભવી પુરુષો કહે છે કે, વિચિકિત્સાને સાથે લઈને સુખ કે શાંતિ શોધવા મથે છે તે કદી સુખ કે શાંતિ મેળવી શકતો નથી.

પણ આટલું જાણી કે સમજી લેવાથી એ દૂર થઈ જશે એવું, કિંવા વિકલ્પ એ તો મનનો એક સ્વાભાવિક અને સ્વતંત્ર ગુણ છે તેને દૂર કેમ કરી શકાય એવું માની કોઈ તે તરફ બેદરકાર ન રહે.

વિકલ્પ એ વૃત્તિનું એક પ્રકારનું સ્પંદન (કંપન) છે, મનોદ્રવ્યની એક ક્રિયા છે એ ખરું; પરંતુ તોય એ નિવાર્ય તો છે જ. એટલે મનમાં ઉત્પન્ન થતા વિકલ્પોનું વિવેકબુદ્ધિ દ્વારા સમાધાન કરી તેમને શાંત કરવાનો પ્રયાસ કરવો જોઈએ.

જે સાધકો વિકલ્પોનું શમન ન કરતાં વધુ વેગ આપે છે એમનું મન એટલું જ ઉગ્ર અને ચંચળ બને છે, એમની સ્મૃતિ પણ શુદ્ધ રહેતી નથી અને એથી જ તેઓ ઉપયોગભ્રષ્ટ થઈ નિમિત્તો મળતાં દંભ, અભિમાન, ક્રોધ અને એવા તામસી ગુણો તરફ ખેંચાઈ જાય છે. આવા સાધકને શાંતિ કયાંથી હોય !

વિકલ્પવાન પ્રત્યેક સ્થળે શંકાશીલ હોવાથી કશી પ્રગતિ સાધી શકતો નથી. આ સ્થળે એ પણ કહી દેવું ઉચિત છે કે વિકલ્પોને કેટલાક અજ્ઞાન સાધકો વિચાર કે ચિંતન માને છે. એ તેમનો મહાન ભ્રમ છે. વિચાર અને ચિંતનમાં નિર્ણય હોય છે, વિકલ્પમાં નિર્ણય હોતો નથી. વિકલ્પવાન સાધક ગૂંચવાયેલા સૂતરની જેમ ઉકેલવા જતાં વધુ ગૂંચવાતો જાય છે અને એને આવા વિકલ્પોથી માનસિક દર્દો પણ શીઘ્ર લાગુ પડી જવાનો સંભવ રહે છે.

(ઉદ્દેશક ૫, સૂત્ર ૩) ઉપરના કથનથી એમ કહે છે કે સાચો કે ખોટો નિર્ણય તુરત સ્વીકારવા કરતાં ભલેને મોડો થાય તોયે સાચો જ નિર્ણય કરવો એ સારો સિદ્ધાંત છે અને સાધકને સૂત્રકાર કહે છે કે, બંધુ ! મૌન ભજ. તારી શક્તિ અને અનુભવથી આ બીના પર છે, હજુ જેને નિર્ણયનું યે દર્શન ન થયું હોય તે શુદ્ધ નિર્ણય કયાંથી કરી શકે? અને નિર્ણયની શુદ્ધિ વિના સિદ્ધાંત કેવો ? એટલે અહીં જે કહેવાય છે તે ઉપર જ લક્ષ્ય આપ. તારા અનુભવ કે કલ્પનાને કોરે મૂક અને આ બીનાને ફરીથી તપાસ.

"જેની શ્રદ્ધા પવિત્ર છે" આ વાક્યમાં તો સૂત્રકાર વિલક્ષણ કહી નાખે છે. શ્રદ્ધા અહીં આશયના અર્થમાં છે. જેનો આશય શુદ્ધ છે તેને સત્ય હોય કે અસત્ય હોય તેની કંઈ ચિંતા નથી. અસત્ય હોય તોયે તેને તે સત્ય રૂપમાં પરિણમે છે.

આ વાત ખૂબ ઊંડી છે, અનુભવ વિના ગમ્ય પણ નથી. આનો ટૂંકસાર એ છે કે, સાધક સત્યાસત્યની બહારની ભાંજગડમાં ન પડતાં કેવળ આશયની પવિત્રતા પર વધુ લક્ષ આપે, એ યોગ્ય છે; કારણ કે સાધક દશામાં રહેલો માનવી સત્યાસત્યને પોતાની દષ્ટિથી જ માપતો હોય છે. આથી ઘણીવાર એવું પણ બને કે જે એની દષ્ટિમાં અસત્ય દેખાતું હોય તે સત્ય હોય અને સત્ય દેખાતું હોય તે અસત્ય હોય. સારાંશ કે સત્ય કે અસત્ય એ તેની દષ્ટિએ સાપેક્ષ છે. નિશ્ચિત સત્યને તો પૂર્ણ જ્ઞાનની દષ્ટિ જ તોલી શકે. એ તોલ કાઢવાની બીજાનાં છાબડામાં શક્તિ નથી હોતી અને ન હોઈ શકે. તોયે આખા જગતને જાણે ન્યાય આપી દેવા માટે પોતાને ન્યાયાધીશ તરીકે મોકલ્યો ન હોય, તેમ માનવ બીજાના ગુણદોષો જોયા કરે છે. એટલું જ નહિ પણ ઉપલક દષ્ટિએ જોયું ન જોયું, ને ન્યાય આપી દેવા એ બહાર પડે છે.

આનો અર્થ એ નથી કે સત્ય કે અસત્યને સાધકે તપાસ્યા વગર હાંકયે રાખવું. આનો અર્થ એ છે કે, પોતે

પોતા તરફ જ જોવું. જગતને જોવું હોય તો તે પણ પોતા માટે, બીજા માટે નહિ. જે પોતાને જુએ છે તે જ જગતમાંથી સાર ખેંચી શકે છે. સારાંશ કે સાધક જગતના ગુણદોષો જોવાનું છોડી દઈ અંતર શુદ્ધ કરે. જગત તો આરસી છે, તેમાં જે કંઈ દેખાય છે તે પોતાનું પ્રતિબિંબ માત્ર છે. જે જેવો હોય છે, તે તેવું જગતમાંથી જુએ છે અને મેળવે છે. લાલ રંગની શીશીમાં પડેલું સફેદ દૂધ રક્તવર્ણું છે તેમ ન કહી શકાય. તે જ રીતે જે દષ્ટિથી મનુષ્ય બીજાને જુએ છે, તેવું જ તેને દેખાય છે. આવી દષ્ટિમાં પદાર્થ કે વ્યક્તિત્વ નથી દેખાતું, ખોખું જ દેખાય છે અને તે પણ પોતાની આંખો પર જેવાં ચશ્મા હોય તેવા રંગનું.

(ઉદ્દેશક ૫, સૂત્ર ૪) "જેને હણવા લાયક, પીડવા લાયક કે દૂર કરવા લાયક માને છે તે તું જ છે." સૂત્રમાં એ ભાવ ફલિત થાય છે કે જે બીજા જીવોને હણે છે તેણે માનવું જોઈએ કે તે બીજાને નથી હણતો પણ પોતાને હણી રહ્યો છે; કારણ કે વિશ્વના પ્રત્યેક પ્રાણી સાથે પોતાનો સંબંધ છે. વૃત્તિમાં હિંસા પેઠી એટલે આત્મા હણાયો, એ બે ભાવનામાંથી સાર એ નીકળ્યો કે કોઈ પણ પ્રાણીને દુઃખ આપવાનો કે દુઃખ થાય તેવું વિચારવાનો અધિકાર નથી. આ વાત સ્થૂળ અહિંસાની દષ્ટિએ થઈ. અહીં એથીએ ઊંડી વાત છે.

વિચિકિત્સા કે વિકલ્પવાળાને જગત પ્રત્યે અવિશ્વાસ હોઈ વિકલ્પો દ્વારા કે ભાવના દ્વારા તે અનેક પ્રકારની હિંસા કરી રહ્યો હોય છે. બીજા દુષ્ટ છે એમ માનવું એ પણ હિંસા જ છે. મદ, વિષય, કષાય, ઈર્ષ્યા, દ્રોહ એ બધા હિંસાભાવનાનાં રૂપો છે. તેથી અહીં સૂત્રકાર કહે છે કે, તને જે બહાર ખરાબ લાગે છે, તેને દૂર કરવા મથે છે અને હણવા જેવાં માને છે, તેનાં કારણભૂત તે નથી પણ તું છે.

તું એટલે કે, બહિરાત્મા છે. વિકલ્પવાન હંમેશાં બહિરાત્મ સ્વરૂપમાં જ આત્મા માની પ્રવૃત્તિ કરતો હોય છે. બહિરાત્મભાવ જ વિકલ્પો અને તે દ્વારા હિંસા ભાવના પ્રેરે છે. આથી જ અહીં કહ્યું છે કે, આજે તું અને હિંસાવૃત્તિ એક થઈ ગયા છે, માટે તને જ તું હણી નાખ અર્થાત્ કે તું તારાપણું ભૂલી જા. વિકલ્પલય ક્યારે થાય? ને શ્રદ્ધા ક્યારે પ્રગટે ? એના ઉત્તરમાં અપાયેલો આ અજોડ અને સરળ ઉપાય છે.

પણ ઘણીવાર સાધકને એમ લાગે છે કે, હું જો મને ભૂલી જાઉં તો પછી રહે શું ? સૂત્રકાર મહાત્મા ખાતરીપૂર્વક કહે છે કે, તેમાં ડરવાનું કંઈ કારણ નથી. તું જેને ભૂલશે તે તું પોતે નથી. માત્ર "આ હું છું, આ હું છું." એવો એના પર હુંપણાનો તે પરાણે આરોપ કર્યો છે. પણ વાસ્તવિક રીતે તો જે દ્વારા જે જાતનું ભાન થાય તે જ તું છે. "રખે હું મારા વ્યક્તિત્વને અને મને ભૂલી જાઉં !" એ જાતનું જે ફરી ભાન થાય છે તે જ તું પોતે છે. એટલે તારા વ્યક્તિત્વને ભૂલતાં રખે હું મને ભૂલું, તેવો ભય રાખવાનું કંઈ કારણ નથી. ખરી વાત તો એમ છે કે વ્યક્તિત્વ ભૂલ્યું ભૂલાય તેમ નથી અને જે ભુલાઈ શકે તે વ્યક્તિત્વ નથી. એ તો માત્ર શરીરાદિ પર આરોપિત કરેલું અહંત્વ કે જેને અભિમાન કહેવામાં આવે છે તે છે; એનો નાશ તો અભીષ્ટ છે, એમાં જ વિકાસ છે. એમ કહી અહીં આત્માનું આબેહુબ સ્વરૂપ વર્ણવ્યું છે. શબ્દમાં આથી વધુ શું આવી શકે ?

(ઉદ્દેશક ૬, સૂત્ર ૧) સદ્‌ગુરુની આજ્ઞા સંબંધમાં ખૂબ ભ્રમ પ્રવર્તતો હોય છે, તેનો આમાં સ્પષ્ટાર્થ છે. "તું બહાર શોધે છે તે બહાર નથી પણ તારામાં છે." એવી અંતઃકરણને દઢ પ્રતીતિ કરાવીને પુરુષાર્થી બનવું, એ સદ્‌ગુરુની આજ્ઞાની આરાધના ગણાય. આ માર્ગથી વિપરીત રીતે એટલે કે જેઓ બહાર શોધવા માટે પ્રયત્ન કરી રહ્યા છે, કીર્તિ, માન, પૂજા, ઋદ્ધિસિદ્ધિ કે સમૃદ્ધિ માટે સદગુરુ શરણ શોધી રહ્યા છે, તેઓ સદ્‌ગુરુની આજ્ઞામાં નથી એમ

માનવું અને જેઓ બાહ્ય કે આંતરિક કશો પુરુષાર્થ નથી કરતા એટલે કે કેવળ વિકલ્પમય જીવન ગાળે છે તેઓ પણ સદ્ગુરુદેવની આજ્ઞામાં નથી એમ માનવું. અહીં એક શક્તિનો દુરુપયોગ કરે છે અને બીજો શક્તિ હોવા છતાં અશક્ત છે. આ બન્ને સ્થિતિ સાધકને માટે યોગ્ય નથી. અખંડ શ્રદ્ધાની સાથે અખંડ પુરુષાર્થ હોવો ઘટે. નૈસર્ગિક જીવન ગાળનાર પરમ પુરુષાર્થી હોય છે. જે સુસ્ત જીવન ગાળે છે, તે પોતે નૈસર્ગિક જીવન ગાળે છે એમ ન કહી શકે.

(ઉદ્દેશક ૬, સૂત્ર ૭) જ્યાં કર્મબંધન નથી, ઈચ્છા નથી, પ્રવૃત્તિ નથી, રાગાદિ રિપુઓ નથી કે સંસાર પ્રત્યે પુનરાગમન નથી તે મુક્ત દશા છે.

કર્મબંધન ન હોય ત્યાં ઈચ્છાયે ન હોય, ઈચ્છા ન હોય ત્યાં પ્રવૃત્તિ પણ ન જ હોય.

સર્વથા ઈચ્છા રહિતપણું એજ વીતરાગતા. વીતરાગ પુરુષને સંસાર કે તેનાં કાર્યકરણ સાથે કશોય સંબંધ ન હોવાથી તે સંસારી જીવોના ન્યાયાધીશ બનતા નથી કે ફરીથી અવતાર ધારણ કરતા નથી.

જ્યાં જ્ઞાન છે, ચૈતન્ય છે અને તન્મય આનંદ છે, ત્યાં જ તેઓ નવી સ્થિતિમાં રહે છે.

## છઠ્ઠું અધ્યયન

(ઉદ્દેશક ૧, સૂત્ર ૧) સાધકની બીજી અનેક યોગ્યતાઓ હોવા છતાં જેનામાં મહાવીરતા–સાચું વીરત્વ નથી હોતું, તે ત્યાગને પચાવી શકતા નથી, એમ કહી અહીં શક્તિની જ કેવળ પૂજા બતાવી છે. શક્તિ વિના શુદ્ધિ શક્ય નથી. શક્તિમાન જ વિકલ્પોને રોકી શકે અને અર્પણ થઈ શકે. અન્ય પક્ષે એમ પણ કહેવા માગે છે કે, મુક્તિમાર્ગ પણ તેના અધિકારીને બતાવી શકાય. શક્તિવિહીનને જે કાંઈ પણ અપાય તે ઉત્તમ હોય તોયે અપથ્ય નીવડે. મિષ્ટાન સુંદર હોય તોયે તે દર્દીને ન આપી શકાય, નીરોગીને જ અપાય. તેમ જ ત્યાગ પણ સિંહણના દૂધ સમો છે. સોનાનું પાત્ર જ તેને જીરવી શકે અને તેનો સંસર્ગ ઝીલી શકે. જે ત્યાગમાં આત્મભાન નથી તે ત્યાગ બોજારૂપ બને, એમ પણ અહીં ફલિત થાય છે. ત્યાગરુચિ, અહિંસક ભાવના, વિવેકબુદ્ધિ અને સમાધિની પિપાસા એ ચાર ગુણો ધરાવનાર જ મુક્તિમાર્ગને આરાધી શકે છે. પૂર્ણ ત્યાગ એને જ પચે. આત્મવિશ્વાસમાં અડોલ પણ એવો વીર જ રહી શકે.

આત્મવિશ્વાસ ગયો એટલે વિકલ્પો, ખેદ, શોક, ચિંતા અને પરિતાપ એ બધું આવે જ અને આત્મવિશ્વાસ આવે એટલે એ બધું પલાયમાન થઈ જાય અને વિચાર, વિવેકબુદ્ધિ, વૈરાગ્ય, જાગૃતિ, ત્યાગ, અર્પણતા અને નિરાસક્તિ એ બધું ક્રમશઃ જન્મે. એટલે સૌથી પ્રથમ આત્મવિશ્વાસ સર્વાંગે દઢ કરવો જોઈએ.

(ઉદ્દેશક ૧, સૂત્ર ૭) માતાપિતાના પ્રેમ અને ઋણાનુબંધોને યથાર્થ જાણીને જે સાધક સાચા વૈરાગ્યપૂર્વક માતા પિતાના હૃદયને જીતીને અર્થાત્ કે પોતાના સચ્ચારિત્રની છાપ પાડીને ત્યાગ અંગીકાર કરે છે, તે જ સાંગોપાંગ પાર ઊતરી શકે છે. જે ગૃહસ્થાશ્રમમાં પણ આદર્શ નથી, તે ત્યાગ જેવો મહાભાર શી રીતે વહી શકે ?

જૈનદર્શનમાં ગૃહસ્થ સાધક અને ભિક્ષુ સાધક બન્નેને માટે ત્યાગ પ્રતિ પૂર્ણ ભાર આપ્યો છે. તેની પાછળ

તત્ત્વ છે. નિરાસક્તિની સાધના પદાર્થોના ત્યાગ વિના સંપૂર્ણ રીતે સફળ થવી કઠિન છે. એવો કૈંક જ્ઞાનીઓએ અનુભવ કર્યા પછી ત્યાગમાર્ગનું વલણ વિકાસના માર્ગ તરીકે સ્વીકારાયું છે. ભોગ અને નિરાસક્તિ એ બન્ને સાથે સાથે તો કોઈ અપવાદિત અસાધારણ વ્યક્તિને જ સહજ હોઈ શકે. એટલે ત્યાગ આવશ્યક છે. ત્યાગ માર્ગે જવું એટલે આસક્તિનાં નિમિત્તોથી પર રહી નિરાસક્તિની સાધના કરવાનો પ્રયત્ન કરવો.

તેથી અહીં માતા, પિતા, સ્ત્રી, સ્નેહી કે કુટુંબીજનના વાસ્તવિક સ્નેહને અવગણવાની વાત નથી. તેમ ઘૃણાજન્ય સંબંધત્યાગનીયે વાત નથી; કારણ કે તેવો ત્યાગ આવેશ જતાં જ વિરમી જાય છે. વળી જે સાધક ઋણાનુબંધ અને કર્તવ્ય ખાતર જ સ્નેહસંબંધ રાખે છે, તે સ્નેહ સ્વ કે પર કોઈનું પતન કરતો નથી. પરંતુ જે સ્નેહ કર્તવ્યના બહાના નીચે કેવળ મોહ અને વાસનાની વૃદ્ધિ કરતો હોય છે તે પોતાનો અને પરનો કશો વિકાસ સાધી શકતો નથી. અહીં સંબંધ ત્યાગની વાત મોહત્યાગની ભાવનાને અનુલક્ષીને છે.

(ઉદ્દેશક ૨, સૂત્ર ૧) "સ્ત્રી પુત્રાદિના પૂર્વસંયોગને ત્યજીને" આ વાક્યનો અર્થ 'મોહ સંબંધ ત્યજીને' છે, 'કર્તવ્યસંબંધ ત્યજીને' નહિ. ઊલટું જ્યારે કર્તવ્યસંબંધ વિકસે છે, ત્યારે આપોઆપ જ ત્યાગ થઈ જાય છે, ત્યાગમાં તો સંકુચિતતાનો ત્યાગ કરીને આખા વિશ્વનો સ્વીકાર જ છે. એક ત્યાગી કેવળ માતા કે સ્ત્રીને તજે છે એનો અર્થ એ કે, હવે એ સંકીર્ણતા તથા મોહ સંબંધને છોડીને વિશ્વની સમસ્ત વ્યક્તિઓની સાથે નિર્મળ સંબંધ બાંધે છે. અહીં ગૃહસ્થ સાધકને લગતી વાત છે.

અત્યારે તો ગૃહસ્થ સાધક સ્ત્રીપુરુષનો સંબંધ એટલે કેવળ શરીર ભોગસંબંધ સમજે છે અને માતાપિતાનો સંબંધ એટલે રક્ષણપોષણ કરવાનો ક્રિયાસંબંધ છે. પણ શાસ્ત્રકારના કથન પ્રમાણે આ બધા સ્વાર્થી અને મૌહિક સંબંધો છે, કર્તવ્યસંબંધ નથી. ગૃહસ્થ સાધક જ્યારે સાધના માર્ગમાં જોડાય ત્યારે એણે આ બધા સંબંધોમાંથી વાસના અને લાલસાના તત્ત્વો દૂર કરી સૌ સાથે કર્તવ્ય સંબંધ જોડવો જોઈએ. કર્તવ્ય સંબંધમાં વિકાસ છે, પતન નથી.

ગૃહસ્થ સાધક જો પોતાની પત્ની, કુટુંબાદિક વૈભવો કે પદાર્થોમાં મોહસંબંધ બાંધે તો પતન જ થાય. ખરી રીતે ગૃહસ્થાશ્રમનો હેતુ મોહ સંબંધ બાંધવાનો નથી, પણ કેવળ કર્તવ્યસંબંધ બાંધવાનો છે. કર્તવ્ય સંબંધમાં પતન નથી, કારણ કે તેમાં મોહ કે ઘેલછા ન હોવાને કારણે વિશ્વની કોઈ પણ વ્યક્તિને બાધા ન પહોંચાડવા છતાં તે સંબંધ નભી રહેવાનો સંભવ છે. પણ મોહસંબંધમાં તેવું નથી. મોહસંબંધમાં તો એક વ્યક્તિને પોતાનો સ્વાર્થ સાધવા જતાં સમસ્ત વિશ્વના અહિતનીયે પરવા ન રહે એવું ઘણીવાર બને છે; કારણ કે કર્તવ્યસંબંધમાં જે વિવેક બુદ્ધિ જાગૃત હોય છે એ મોહસંબંધમાં હોતી નથી.

મેં શેનો ત્યાગ કર્યો છે અને શા માટે કર્યો છે, એ ઉદ્દેશ ભૂલી જવાથી એ બન્નેમાંના કેટલાક સાધકો પુનઃ પૂર્વવેગને વશ થઈ સાધના છોડી દે છે. આમ થવાના કારણો બે છે; એક તો મોહસંબંધ શા માટે છોડ્યો છે તેની સ્મૃતિ ચાલી જવાથી, મોહસંબંધ છોડવો એટલે પદાર્થો છોડવા એટલો સંકુચિત અર્થ થાય છે. પણ ખરી રીતે પદાર્થોનો વિષયભોગની દષ્ટિએ ઉપયોગ કરવાનું છોડવું એટલો એનો વ્યાપક અર્થ છે. કારણ કે વાસનાથી જ્યારે પદાર્થોનો ઉપયોગ થાય છે, ત્યારે પદાર્થ લાભને બદલે હાનિ કરે છે, સંસ્કારને બદલે વિકાર વધારે છે અને સુખને બદલે દુઃખ જન્માવે છે. આ ભાવનાએ જ એટલે કે ભોગની દષ્ટિએ, જે જે પદાર્થો વપરાય છે તે ત્યાજ્ય

બને છે. આ સ્મૃતિ કાયમ રખાય તો પૂર્વઅધ્યાસો (કામભોગથી સુખ મળે છે તેવા પૂર્વે પોષેલા સંસ્કારો) જોર ન કરી શકે અને સાધના ચ્યુત થવાનું બીજું કારણ પૂર્વઅધ્યાસોનું ખેંચાણ થાય ત્યારે તેમને શમાવવાના પુરુષાર્થની ખામી છે. આ બે કારણોથી પ્રતિજ્ઞાની જરૂરિયાત અનિવાર્યરૂપે સિદ્ધ થાય છે. તોયે અહીં પ્રતિજ્ઞા એટલે પ્રાણના ભોગે પણ નિયમોમાં અવિચલ ટકી રહેવાનો દઢ સંકલ્પ એટલો જ અર્થ લેવો; કારણ કે જે સાધકો પ્રતિજ્ઞાને જ ત્યાગ સમજી બેસે છે તે સાધકો પ્રતિજ્ઞા લીધા પછી અસાવધ બની જાય છે અને શુદ્ધ હેતુથી ચ્યુત થાય છે.

(ઉદ્દેશક ૨, સૂત્ર ૩) આ ઉદ્દેશકમાં જ્ઞાનમાર્ગ અને સત્કર્મનો માર્ગ બતાવીને પછી સ્વાર્પણનો સરળ માર્ગ બતાવ્યો છે. આજ્ઞાથી મારો ધર્મ પાળવો એમ કહેવાની પાછળ ખૂબ રહસ્ય છે. વિકલ્પો અને શંકાથી જેનું અંતઃકરણ ઘેરાયેલું છે એવો સાધક સંસારની પ્રત્યેક વ્યક્તિની ભિન્નભિન્ન માન્યતા, ભિન્ન ભિન્ન મતો અને ભિન્ન ભિન્ન ધર્મોને જોઈ વધુને વધુ ગૂંચવણમાં રખે પડી જાય ! એ ખાતર અહીં આજ્ઞાપાલનમાં જ ધર્મ બતાવ્યો છે. ભક્તિમાર્ગની જે અર્પણતાની ભાવના છે તે સ્વાર્પણનું અહીં પ્રતિપાદન છે. આ માર્ગે જનાર સાધકને બુદ્ધિના વિકલ્પો કે તર્ક વિતર્કો સતાવી શકતા નથી. લાગણીપ્રધાન સાધકોમાં અર્પણતાનું તત્ત્વ વિકસેલું હોઈ એમને માટે આ માર્ગ અતિ સરળ અને સાધક નિવડે છે. પણ તે જ્યાં ત્યાં અર્પણ ન થઈ જાય તે ખાતર અહીં સર્વજ્ઞ દેવની આજ્ઞામાં અર્પણ થવાનું સૂચવ્યું છે અને તે યોગ્ય છે.

જે જ્ઞાની પુરુષે સાધકના માર્ગની પૂર્ણ ચિકિત્સા કરી છે એ જ જ્ઞાન આપવાના અધિકારી છે, તે વાત તો આગળ સ્પષ્ટ જ કરી છે. એટલે આ રીતે સત્પુરુષની આજ્ઞા એ સાધકનું પરમ અવલંબન બની શકે, તેમાં સંદેહ રાખવાનું કારણ રહેતું નથી અને આજ્ઞાની અધીનતા આવી એટલે સાધક હળવો ફૂલ જેવો થઈ રહે એ સ્વાભાવિક છે.

પરંતુ 'હું કંઈક છું' એ જાતનો કાંટો આ સંસારના સામાન્ય કોટીના માણસોમાં પણ રહ્યો હોય છે. તે જાય ત્યારે જ આજ્ઞાની અધીનતા આવે. જો કે આ સ્થિતિમાં પ્રથમ તો સાધકને પોતાનું વ્યક્તિત્વ જતું રહેતું હોય એવો ભય લાગે છે. પરંતુ ખરી રીતે તો વ્યક્તિત્વનો તેમાં વિકાસ છે. જેને પોતાના વ્યક્તિત્વનું સાચું ભાન થયું છે, તેનામાં તો વિશ્વ જેવડા મહાસાગરનું પોતે એક અવિભક્ત બિંદુ છે એવું જ્ઞાન સહેજે પ્રગટે અને આટલું સમજ્યા પછી ભય શાનો ? ઊલટું મહાસાગરમાં અર્પણ થવામાં તેને મોજ લાગે. પણ જેને વ્યક્તિત્વનું જ્ઞાન નથી, તેને માટે તો 'હું કંઈક છું' એ ભાન કેવળ શરીરની આસપાસની યંત્ર સામગ્રી અને સંકીર્ણતાને લઈને જ જન્મ્યું હોય છે અને એને માટે તો એ શલ્યનું જ કામ કરે છે. એટલે એ શલ્ય કાઢયે જ છૂટકો. વિશ્વબંધુત્વની ભાવના પણ આ શલ્ય દૂર થયા પછી જ જાગે છે.

(ઉદ્દેશક ૩, સૂત્ર ૩) જ્ઞાની હોય એ દેહ દમનની મર્યાદા જાણી યથાર્થ તપશ્ચરણ અવશ્ય કરે એવી ભાવના મૂકી, જે જ્ઞાનનું ફળ જીવનમાં પરિણમે એ જ જ્ઞાન એમ બતાવ્યું છે. પણ આથી જેનાં હાડમાંસ સુકાયેલાં હોય એ જ જ્ઞાની કે મુક્તિના અધિકારી છે, એવું કોઈ રખે માની લે ! આ કથનથી એટલું જ સમજવાનું છે કે, મોક્ષાર્થી સાધકને શરીર શુશ્રૂષાનો મોહ ન હોય, અને દીર્ઘ તપશ્ચર્યા એને સહજ હોય. સૂત્રકાર જણાવે છે કે, બધું વિવેકપૂર્વક હોય, એટલે કે તેમની બધી ક્રિયા હેતુપૂર્વક અને સહજ હોય. તે તપસ્વીનું શરીર, કષાયો ઘટ્યા હોય અને ક્ષમાદિ ગુણો વધ્યા હોય. આવા સાધકો સંસારમાં હોવા છતાં સંસારસમુદ્રથી પાર જાણવા. એમ કહીને સૂત્રકાર સમજાવે છે કે સંસાર પોતે બંધનકર્તા નથી પણ રાગાદિ આંતરિક શત્રુઓને અંગે જે સંસાર નિર્માય છે એ

બંધનકર્તા છે. આથી એ ફલિત થયું કે સંસારનો અંત આંતરિક રિપુઓના નાશ વિના થઈ શકે નહિ.

(ઉદ્દેશક ૩, સૂત્ર ૪) વિરત, ભિક્ષુ, ચિરસંયમી એ ત્રણ વિશેષણો મુનિ સાધકને માટે વાપરી એવા સાધકને પણ શું કંટાળો ઉપજે ? એવો સૂત્રકારે જ અહીં પ્રશ્ન કર્યો છે. આ પ્રશ્નની પાછળ એમનો દઢ અનુભવપૂર્વકનો નિશ્ચય રજૂ કરવા માગે છે. આવા સુયોગ્ય ભિક્ષુ સાધકને કોઈ સ્થળે કંટાળો હોય નહિ, એવી પાકી પ્રતીતિ તેઓ આપે છેક અને કહેવા માગે છે કે, આવા ભિક્ષુને કોઈ પણ પ્રલોભન કે સંકટના પ્રસંગો સ્પર્શી શકતા નથી અને સ્પર્શે તોય એમની વૃત્તિ ચલિત થતી નથી. આ ભૂમિકા ઘણી જ ઉચ્ચકોટિની છે. આટલી હદે પહોંચેલો સાધક નિરાસક્તિથી પરાકાષ્ઠાએ પહોંચ્યો ગણાય. અહીં ત્યાગના ફળનું માપ બતાવ્યું છે. સુંદર કે અસુંદર પ્રસંગો સાધકના મન પર કે કર્મ પર કેવી અસર ઉપજાવે છે, તે પરથી એ સાધકે કેટલો વિકાસ સાધ્યો છે અને કેટલી દિવ્યતા મેળવી છે, એનું માપ કાઢી શકાય. સારાંશ કે, જેમનામાં સમતા છે, એમને સારા કે માઠા પ્રસંગો કશી અસર કરી શકતા નથી.

(ઉદ્દેશક ૪, સૂત્ર ૧) આ વિશ્વના રંગમંડપ પર ઘણા નટ થઈ નાચે છે અને ઘણા દ્દષ્ટા બની જુએ છે. પણ નાચનારા કે જોનારામાંના વિરલને જ આ બધું નાટક માત્ર છે તેવું ભાન થાય છે. આવું કંઈક ભાન જાગે કે જાગવાની તૈયારી થાય ત્યારે જ સાધનાનો માર્ગ ગમે. ત્યાં સુધી તો માનવમાત્ર સાધનનો જ દુરુપયોગ કરે એ સ્વાભાવિક છે. જગતમાં આવું જ કંઈ દેખાય છે. પણ સૂત્રકાર માનવને સંબોધીને માનવજાતને સંબોધે છે; કારણ એ છે કે તેઓને સાધનામાં જોડાવાની યોગ્ય સામગ્રી સહજ પ્રાપ્ત હોય છે અને એથી કુદરતનો સંકેત એમને માટે સ્વતંત્ર અને સહજ છે. એટલે માનવ ધારે તો આવી સંસારની ગતાનુગતિક પ્રવૃતિનો તે પલટો કરી શકે છે અને એમ કરવું એ માનવજીવનનો પ્રધાન હેતુ પણ છે.

પરંતુ અહીં સાધનામાર્ગ ગમે, તોયે કેવળ ગમવા માત્રથી તે માર્ગે જવાતું નથી, એ વાત ભૂલવી જોઈએ નહીં. એટલે જેણે એ માર્ગે જવા યોગ્ય આંતરિક બળ ખીલવ્યું હોય તે જ અહીં પગ મૂકી શકે.

ઘણીવાર કેટલાક સાધકોના સંબંધમાં એવું પણ બને છે કે એકને આકસ્મિક રીતે પ્રથમ બધા અનુકૂળ સંયોગો મળી રહે છે; જેવા કે, સદ્‌ગુરુ કે સરળ ઉપસાધકોનો યોગ, સુંદર અને સરળદર્શન, ભક્તિમાન અને ગુણાન્વેષી ભક્તમંડળ અને સાધના માટે સહજપ્રાપ્ત થતાં ભોજન, વસ્ત્રાદિ સાધનો વગેરે. આથી 'અમે પૂર્વે આંતરિક બળ કેળવ્યું હશે તેથી તો આજે સાધનો પામી આંતરિક બળને લીધે જ આગળ ધપીએ છીએ' એમ માની એ સાધકો હવે જાણે આંતરિક બળ ખીલવવાની એમને જરૂર જ ન હોય તેમ વર્તવા માંડે છે. પણ કસોટીના સંયોગો ઉપસ્થિત થતાં એમની માન્યતા જૂઠી પડે છે અને એમને પોતાની આંતરિક નબળાઈઓનું ભાન પણ થાય છે. એટલે સૂત્રકારના આશય પ્રમાણે પ્રથમથી જ આંતરિક તૈયારી કરવી જોઈએ, જેથી પાછળ થી પસ્તાવું ન પડે. પૂર્ણ આંતરિક તૈયારી વિના અનુકૂળ પ્રતિકૂળ કોઈ પણ સંયોગો પચતા નથી. એક સંયોગ ઉદ્ધત બનાવે છે, તો બીજો સંયમમાં શિથિલતા લાવે છે. આટલું સાધક અવશ્ય વિચારે.

જ્ઞાનનું અજીર્ણ થયું હોય તેવા સાધકોનો સૂત્રમાં નિર્દેશ છે. 'અનુભવ વિના જ્ઞાન પચે નહિ,' એ સૂત્ર ખરેખર મનનીય છે. જ્યારે ગુરુ શિષ્યની પૂર્ણ રીતે માનસચિકિત્સા કર્યા વગર, એ શિષ્યની અનુભવદષ્ટિ જ્યાં ન પહોંચી શકતી હોય એવું જ્ઞાન આપી દે છે, ત્યારે જ આવું અજીર્ણ થવાનો ભય છે.

જેમ માત્રાની દવાઓ પુષ્ટિકારક હોય છે અને માયાળુ વૈદ્ય પોતાના પ્રિય દર્દીને જલ્દી શક્તિમાન થવા ઈચ્છે છે, તો યે તે દર્દીની હોજરી બરાબર જીરવી શકે ત્યારે જ એને આપી શકે અને ત્યારે જ એને ફાયદો પડતો થાય. આમાં જેટલી ઉતાવળ તેટલું દર્દીને દુઃખ થવાનો સંભવ વિશેષ. આ વાત અનુભવસિદ્ધ હોવાથી હિતૈષી વૈદ્ય, દર્દી ઉતાવળ કરે તો યે આવી ભૂલ કરતા નથી. તેમ જ્ઞાની પુરુષોએ પણ સાધકો પ્રત્યે તેટલું અને તેવું જ લક્ષ આપવું ઘટે. આ જ દષ્ટિબિંદુએ જ્ઞાની પુરુષો એવા સાધકોને માટે અમુક જ વાચન, અમુક જ સંગ, અમુક જ ખાનપાન અને વસ્ત્રાદિ સામગ્રી તથા અમુક જ સ્થાન નિયત કરી નિયમબદ્ધતા યોજી દે છે અને એમની પ્રત્યેક પ્રવૃત્તિ પર પછી પણ દષ્ટિપાત કરતા રહે છે. અમુક સાધકો એ કોટિના હોય છે કે જેઓ કાયમ ગુરુ આજ્ઞામાં ટકી રહે છે.

પણ અહીં એવા સાધકોની વાત છે કે જે સાધકો પૂર્વગ્રહોને અધીન હોય છે. આવા સાધકો સત્પુરુષને સંપૂર્ણ અધીન થઈ કે રહી શકતા નથી અને તે કારણે એમની સ્થિતિ ત્રિશંકુ જેવી બની જાય છે. આવા સાધકો ગુરુઆજ્ઞાને બંધન માને છે. તોયે પોતાની વૃત્તિના બંધનમાં બરાબર જકડાઈ જાય છે અને તેથી જ કેવળ ઉદ્ધત બની ઊલટી પ્રવૃત્તિમાં પડી જાય છે. આ એક પ્રકારના પતનનો માર્ગ છે અને એવા સાધકોને એ વધુ પીડે છે. વધુ એટલા માટે કે એવા સાધકોનું શાસ્ત્રીય જ્ઞાન કેવળ વાચાળતારૂપ પરિણમવાથી તેઓ જ્ઞાનનો વેપાર કરવા મંડી પડે છે અને બીજાઓને સંબોધી બ્રહ્મચર્ય, સંયમ, ત્યાગ, તપ, અર્પણતા એવા એવા અનેક વિષયો પર સુંદર વક્તવ્ય કે લખાણ કરવા છતાં પોતાના જીવનમાં ઉતારવાનું ભૂલી જાય છે. આવા સાધકો જગતની દષ્ટિએ ત્યાગી કે સંયમી દેખાય છે; બહારની પૂજા, પ્રતિષ્ઠા અને સન્માન મેળવી શકે છે; પણ આત્માના સન્માન પામી શકતા નથી. આખરે તો એમને પટકાઈને પણ સન્માર્ગે વળવું જ પડે છે અને તેમાંના ઘણાખરા વળે છેય ખરા. પણ જેટલો એ માર્ગે સમય વધુ પસાર કરે તેટલું જ તેમને પાછળથી પસ્તાવું અને સહવું પડે. કદાચ જન્મ આખો વીતી જાય તો યે યોગભ્રષ્ટ થઈ અન્ય જન્મે ફરીથી સાધનાના માર્ગે જોડાયે જ એમનો છૂટકારો થાય છે.

બીજા સૂત્રમાં બીજી કોટીના સાધકોની વાત છે. એમાં આજ્ઞાની આરાધનાનો બહિષ્કાર તો છે જ, તોયે એમાં ઉદ્ધતાઈના અંશો નથી. એટલો ફેર છે. એટલે અહીં સાધકોનો બલાત્કૃત દોષ ન ગણાય. તેમના પૂર્વઅધ્યવસાયો જ એને વિષયો તરફ ખેંચી જાય છે અને તેઓ ખેંચાઈ જાય છે. જો કે આમ થવામાં મુખ્ય કારણભૂત તેમની અસાવધતા તો છે જ, કે જે ક્ષમ્ય ન ગણાય અને તે લગભગ સમજફેરથી જન્મી હોય છે; કારણ કે ત્યાગ એટલે પદાર્થ પર થતી લાલસા અને વિષયો તરફ ખેંચાતી વૃત્તિઓને રોકવાનો પ્રયોગ, અને તપ એટલે ઈચ્છાનો નિરોધ, એવું એને ભાન ન હોવાથી આ ગેરસમજ જન્મે છે અને તેથી એ માત્ર પદાર્થ ત્યાગ કરી સાધનાની ઈતિ સમાપ્તિ માની લે છે, અથવા આ વેગથી ખેંચાઈને પ્રયોગ કરવા માંડે છે. પણ આખરે સમજ વિનાનો આ વેગ અમુક સમય જ ટકે છે. એ ચાલ્યો જાય એટલે એમનો વેગ બદલાય છે અને પૂર્વઅધ્યાસો જાગૃત થતાં તે ખેંચાઈ જાય છે. આવા સાધકોને અવલંબન મળી જાય તો તે જલ્દી ઠેકાણે આવી જવાનો સંભવ રહે ખરો.

(ઉદ્દેશક ૪, સૂત્ર ૮) અહીં સૂત્રકાર એવી કોટિના સાધકોની વાત કરે છે કે જે ધર્મચુસ્ત કહેવાય છે છતાં સાચા ધર્મથી વિમુખ હોય છે. વિમુખ શા સારું? એનો આકાર પણ ઉપરના સૂત્રમાં આપ્યો છે. એ પરથી સાપેક્ષવાદનું રહસ્ય પણ સમજાય તેમ છે. સૂત્રકારના આશય પ્રમાણે જોતાં ભિન્ન ભિન્ન ધર્મ મત કે સંપ્રદાયો ભિન્ન ભિન્ન

ભૂમિકાએ રહેલા સાધકોના મંડળરૂપે નિર્માય છે, નિર્માયા હોય છે, કે નિર્માયા હોવા ઘટે. કારણ કે મંડળનો હેતુ ભેદ પાડવાનો નહિ પણ સમતાથી સહકાર સાધવાનો હોય છે. એક સ્થળ કે એક ભૂમિકા સૌને લાગુ ન પડે, એટલે ભિન્ન ભિન્ન દષ્ટિબિંદુએ ભિન્ન ભિન્ન દેશકાળને અનુલક્ષીને મંડળ યોજાય છે અને એથી જે સાધક જ્યાં એ યોજાયો હોય ત્યાંથી તે ધારે તો પોતાનો વિકાસ સાધી શકે છે અને એમ કરવું એને માટે વધુ સરળ અને ઉચિત હોવું ઘટે.

બાકી આ ધર્મ સારો છે કે આ બૂરો છે એ માત્ર દષ્ટિભેદ છે. અપેક્ષાવાદની દષ્ટિએ બધા ધર્મો, મતો કે સંપ્રદાયોને નિરખતાં શીખવું એ જ સાચા કે ઊંચા ધર્મનું રહસ્ય છે. પણ એ હેતુ ભૂલી જઈ મારો જ ધર્મ ઊંચો છે અથવા **હું જ ઊંચો છું, હું જ જ્ઞાની છું, હું જ ચારિત્રવાન છું, મારી જ ઉચ્ચ જ્ઞાતિ કે ઉચ્ચસમાજ છે, આવું આવું એક યા બીજા પ્રકારનું મિથ્યાભિમાન સાધકદશામાં ગયા પછી પણ જે સાધકોમાં રહી જાય છે, એ સાધકોની સ્થિતિને સૂત્રકારે ઉપરની બધી સ્થિતિઓમાં અધમ વર્ણવી છે.** બીજા પતનોમાં કયાંય જન્મોજન્મ સુધી સંસારનું પરિભ્રમણ કહ્યું નથી, પણ એ અહીં કહ્યું છે. અનુભવથી પણ આટલું તો સમજાય તેવું છે કે પોતાની કે બીજાની દષ્ટિએ બીજાં પતનો પતનરૂપે દેખાય છે. આ પતન છેવટ સુધી પતનરૂપે પોતાના કે બીજાને દેખાતું નથી અને એથી જ એ વધુ ભયંકર છે.

એક વ્યક્તિને એક ધર્મમાંથી ખેંચી પરાણે બીજા ધર્મમાં લાવવો અને વાણીથી, પ્રલોભનથી શક્ય ન બને તો બળાત્કારથીયે લાવવો અને છતાં એ પાપક્રિયા નથી પણ ધર્મ છે, ધર્મ ખાતર હિંસા પણ ક્ષમ્ય છે, એવા એવા ઉપદેશો આપી ઝનુનનો પ્રચાર કરવો, ધર્મને નામે રક્તની નદીઓ વહેવડાવવી, માનવ માનવ વચ્ચેની સહજ પ્રેમાળ વૃત્તિમાં ઝેર રેડી એમની વચ્ચે ભેદોની દીવાલો ખડી કરવી, માણસાઈ વિસરાવવી અને માનવસભ્યતા ભૂલવી, એ બધાનું મૂળ કારણ ઝનૂનભરી ધર્મની આપણી વૃત્તિ છે એમ કહ્યા વિના કેમ ચાલશે ? બાકી હિંસ્ર પશુઓ પણ પોતપોતાની જાતિ પ્રત્યે માયાળુ હોય છે, તો માનવ માનવ વચ્ચે આવી ' માણસ ગંધાય, માણસ ખાઉં ' જેવી વૃત્તિ હોય, એ માનવસંસ્કૃતિને વિઘાતક જ છે. આ વૃત્તિને પોષવામાં વિશ્વના અકલ્યાણની અનિષ્ટતાનો સંભવ છે. આથી જ સૂત્રકાર "ધર્મનું રહસ્ય યથાર્થ જાણો" એમ કહીને એમ સ્પષ્ટ કથે છે કે એવી વૃત્તિ મહાન હાનિકર છે. તેમાં ધર્મ નથી, પણ ધર્મને નામે આવેલો ધર્મનો વિકાર છે.

માન્યતાઓ, મત કે ધર્મનો આગ્રહ, હું ઊંચ અને બીજા નીચ એવા જ કોઈ મિથ્યાભિમાનથી જાગે છે અને એ મિથ્યાભિમાનને લઈને જ આત્મશ્રદ્ધા હણાય છે. ઝનૂન પોષાય છે, તેમજ બીજા પ્રત્યે ઘૃણા અને તિરસ્કાર પણ જાગે છે. કેટલીક વાર તો આવા ઝનૂની માનવોની હિંસાભાવના એટલી તો બળવત્તર બને છે કે જો તેઓનું ચાલતું હોય તો આખા જગતને હણીને પણ પોતાનું મહત્ત્વ સ્થાપે અને તેમના વાસનામય જગતમાં તો તેઓ જગતને હણી જ રહ્યા હોય છે. અહીં માનવતા નથી, તો પછી સંયમ કે જ્ઞાન શાનું સંભવે ? આથી જ્ઞાની પુરુષો આવા સાધકોને ઠેકાણે લાવવા કેવી જાતનો પ્રયત્ન કરે છે તે આવતા સૂત્રમાં સૂત્રકાર વર્ણવવા માગે છે.

(ઉદ્દેશક ૪, સૂત્ર ૭) સાધનાની વિકટ કેડી પરથી અનેક સાધકોના પગ લપસવાનું બને છે. કોઈના અલ્પ અને કોઈના વધુ પતનનું મૂળ કારણ તો કલ્પના અને અનુભવ વચ્ચેના ભેદની અણસમજણ જ મુખ્યત્વે હોય છે. જે સાધક વિચારોને જીવનમાં વણીને જ પછી આગળની કલ્પના કરે છે, તે ક્રમપૂર્વક આગળ વધે છે. પણ જે કલ્પનાના ઘોડાને દોડાવ્યે રાખે છે અને એ ક્રિયાને પોતાના જીવન પર અંકિત અને અનુભૂત કરતો નથી, તે

સાધક ઘણું ખરું પાછળ જ રહી જાય છે.

સામાન્ય રીતે આપણે પતન શબ્દનો જ્યાં ને ત્યાં ઉપયોગ કરીએ છીએ પરંતુ પતનના પણ અનેક પ્રકારો હોય છે. જગતની દૃષ્ટિએ ડાહ્યા ગણાતા માનવોની દૃષ્ટિએ જે પતનો મહાન હોય છે, તેમાંના ઘણાંખરાં જ્ઞાનીઓની દૃષ્ટિએ સામાન્ય હોય છે અને જે સામાન્ય હોય છે તે જ ઘણી વાર મહાન હોય છે. કારણ કે જગતની દૃષ્ટિ બહાર તરફ હોય છે, જ્ઞાનીઓની દૃષ્ટિ અંતઃકરણ તરફ હોય છે. જ્ઞાનીઓ તો પતનનો પણ વિકાસનું પૂર્વરૂપ માને છે, એને એ બનવા યોગ્ય હોય છે એમ પણ કહે છે, એટલે જ એ જ્ઞાની પુરુષો પુનઃપુનઃ પોકારીને ભાખે છે કે, સત્યાર્થી સાધકે પ્રત્યેક સ્થળે સમભાવી રહેવું અને બનવું એ જ ઉત્તમ માર્ગ છે. આ પરથી પંડિત અને મોક્ષાર્થી સાધક આટલું ખાસ અવધારે કે સમતાયોગની પરાકાષ્ઠાએ પહોંચવું એ જ સફળ સાધનાની સંપૂર્ણ સિદ્ધિ છે. સમતામાં વ્યક્તિની દૃષ્ટિએ કોઈ ઊંચ કે નીચ નથી.

(ઉદ્દેશક ૫, સૂત્ર ૧) મુનિ સાધકને માટે જ ભિક્ષા ક્ષમ્ય છે, એમ અહીં ફલિત થાય છે. જે મુનિ સાધકે પ્રાપ્ત થયેલા કે થનારા પ્રત્યેક પદાર્થ પરથી પોતાની માલિકી ઉતારી હોય, એટલું જ નહિ પણ પોતાનું શરીર સુદ્ધાં વિશ્વના ચરણે ધરી દીધું હોય અને જે સંયમના સાધનરૂપ જે દેહ તથા તેને લગતાં સાધનોનો ઉપયોગ કરતો હોય એને જ ભિક્ષાનો હક છે. અર્થાત્ આટલી હદનો જેણે ત્યાગ કર્યો છે, એ જ ભિક્ષા લઈ શકે.

આટલા ત્યાગ પછી યે ભિક્ષા કે વસ્ત્રાદિ સાધનો ન મળો, કોઈ નિંદો કે પ્રશંસો, કોઈ પૂજો કે તિરસ્કારો, તોયે ત્યાગીની દૃષ્ટિમાં ન વિષમતા આવે કે ન મન પર સારી કે માઠી અસર થાય. એની દૃષ્ટિ કેવળ દિવ્ય અને સત્યમય હોય. એ સત્ય અને દિવ્ય અંશો જ ગ્રહણ કરે, બીજા છોડી દે, અસત્ય અને અનિષ્ટને વરજે; કારણ કે મહાપુરુષો એમ સમજે છે કે જગતના માનવો જે કંઈ કરી નાખે છે એ વૃત્તિની અધીનતાને લઈને કરે છે અને એથી એમને કોઈ કષ્ટ આપે ત્યારે એ માને છે કે એમાં એમનો નહિ પણ એમની વૃત્તિનો દોષ છે અને એ વૃત્તિને પણ અમારું નિમિત્ત મળ્યે જ વેગ આવ્યો, એટલે અમારી આંતરિક વૃત્તિ પણ એમાં કારણભૂત હોવી જ જોઈએ; કારણ કે પૂર્વકાળે કે વર્તમાન કાળે જે જે જીવાત્માઓના પ્રસંગમાં આવી જેવા જેવા સંસ્કારોથી સારું કે બૂરું જે કર્મ કર્યું હોય તે કર્મ જ તેવાં નિમિત્તો મેળવી આવું પરિણામ લાવે.

આવી રીતે આવા જ્ઞાનીઓ અને ત્યાગી પુરુષો કર્મના અચળ કાયદાને અતંઃકરણપૂર્વક સમજતા હોઈ વિવેકબુદ્ધિથી આ બધું સમભાવપૂર્વક વેદી શકે છે. સહેજ પણ હર્ષ કે શોકની લાગણી તેમને સ્પર્શવા પામતી નથી અને આ રીતે વૃત્તિના નિર્બળ સંસ્કારોને નિર્મૂળ કરતાં કરતાં તેઓ વધુને વધુ સાત્ત્વિક જીવન ઘડ્યે જાય છે. આનું જ નામ ચારિત્રનું ઘડતર.

(ઉદ્દેશક ૫, સૂત્ર ૨) સૌ કોઈ ઉપદેશક બનવાનું સાહસ ન કરે ! ઉપદેશ તો જ્ઞાની, અનુભવી, માનસશાસ્ત્રનો અભ્યાસી, સ્વપર શાસ્ત્રો તથા દેશકાળનો જાણકાર, વિવેકી અને વિચારશીલ હોવો જોઈએ તેમ અગાઉ પણ સ્પષ્ટ કર્યું છે. આટલી ઉચ્ચ યોગ્યતાવાળો જ ઉપદેશ આપે એમ કહેવાનો આશય એ છે કે, ઉપદેશ ઉપર જ શાસ્ત્રનો મોટો આધાર હોઈ લોકો તેના ઉપદેશ પર રખે ખોટે માર્ગે દોરવાઈ જાય એ ભય રહે જ. એટલે ઉપદેશની પૂર્ણ યોગ્યતા પછી જ એ કાર્ય એમને સોંપવું જોઈએ એવો ભાવ સૂત્રમાં પ્રધાનરૂપે દેખાઈ આવે છે.

સૂત્રમાં ચારે દિશાઓનો નિર્દેશ કરવાનું કારણ એ છે કે ધર્મ તો સૂર્યના પ્રકાશ જેવો વ્યાપક છે. અમુક

માટે હોય અને અમુક માટે નહિ એવા ધર્મમાં પક્ષપાત ન હોય કે ન હોવો ઘટે. તેમ જ મુનિ સાધક પણ પોતાનો અનુભવ અભેદ ભાવે અને નિઃસંકોચ રીતે કોઈ પણ જાતિ, દેશ કે ધર્મને માનનારાને કહે. એને પણ પક્ષપાત ન હોવો જોઈએ. કોઈને અહીં પ્રશ્ન થાય કે એવા મસ્ત અને નિષ્પક્ષપાતી મુનિ સાધકને ઉપદેશ આપવાની શી જરૂર ? આથી જ સૂત્રકાર કહે છે કે, જેઓનું માનસ ઉપદેશ ગ્રહણ કરવાને યોગ્ય લાગે તેમને જ એ આપે અથવા જે આવે કે માગે તેને જ આપે. પણ કોઈ જાતની સ્પૃહા રાખી આપવાની ઉતાવળ ન કરે.

જોકે ઘણા સાધકોમાં તો સૌ કોઈને ઉપદેશ આપવાની પ્રથા થઈ પડે છે, તેઓ પોતાની પાસે જે કંઈ હોય તે જલદી બીજાને આપવા મંડી પડે છે, પણ એ વૃત્તિ ઉચ્ચ કોટિના સાધક માટે યોગ્ય નથી. આ વૃત્તિ જન્મવાનાં કારણોમાં પોપટિયું જ્ઞાન અને આત્મશ્રદ્ધાની અલ્પતા મુખ્યત્વે હોય છે છતાં તેને ઉદારતાનું રૂપ અપાય છે ત્યાંય ભૂલ થાય છે. જળાશય ઉદાર છે, છતાં કોઈની પાસે તે પોતાની ઉદારતાનો પરિચય આપવા જતું નથી. કાંઠે આવી જે પાત્ર મૂકે તે લઈ શકે છે, એટલે ઉપદેશ એ મુનિ સાધકનો સંપ્રદાય ચલાવવાનું સાધન નથી, પણ જિજ્ઞાસુની જિજ્ઞાસા પ્રાપ્તિનું સહજ નિમિત્ત માત્ર છે.

ત્રીજી વાત અહીં સૂત્રકાર એ પણ કહી દે છે કે, ધર્મોપદેશ સૌને માટે એક જ જાતનો ન હોવો જોઈએ, પણ ભૂમિકાભેદે ભિન્ન ભિન્ન હોવો ઘટે. આકાર એક છતાં પ્રકારો અનેક રહે છે. જેમ વૈદ્યને ત્યાં દવાઓ અનેક હોવા છતાં તેઓ બધી દવાને એકીસાથે એકી વખતે કોઈ પણ દર્દીને આપી દેતા નથી, તેમ આધ્યાત્મિક વૈદ્યો પણ જે પ્રકારનું જે માનવીને દર્દ હોય તે દર્દનું મૂળ શોધી એને યોગ્ય જ ધર્મરૂપી ઔષધ આપે અને તો જ એને એ પથ્ય થાય. ધર્મ આખા વિશ્વને આપી શકાય એવું ઉદાર અને વ્યાપક તત્ત્વ છે, એટલે તેની વ્યાપકતા અને મૃદુતા પણ તેવી જ ઉદાર હોવી સ્વાભાવિક છે. કોઈ પણ સાધક પોતાની યોગ્યતા પ્રમાણે એ ધર્મનો લાભ લઈ શકે તે રીતે જ્ઞાની પુરુષો એને ધર્મ સમજાવે, એના વર્તમાન જીવન પર એની તાત્કાલિક અસર કરાવે. ઘણીવાર કેટલાક સાધકો ધર્મને નામે ઉધાર ખાતાની પેઢીઓ ચલાવતા હોય છે, એ યોગ્ય નથી. ધર્મનું ફળ જીવન પર તાત્કાલિક અસર પણ જરૂર કરી શકે અને જીવનને સંસ્કારી બનાવી શકે છે. એટલે ધર્મ નગદ છે, ઉધાર નથી. પરંતુ જ્ઞાની પુરુષ જ આવો સાચો ધર્મ દેખાડી શકે અને સાધક જેટલું જીરવી શકે તેટલું અને તેવું જ તે આપી શકે, એ વાત ભૂલવી જોઈતી નથી.

(ઉદ્દેશક ૫, સૂત્ર ૪) ઈચ્છાનો નિરોધ એટલે ક્રિયાના ફળની ઝંખનાનો નિરોધ. કોઈ પણ ક્રિયા કરી તેના ફળ માત્રની ઈચ્છા છોડી દેવી કે છૂટી જવી તે ઈચ્છાનો નિરોધ સાધનાના માર્ગમાં અતિ અગત્યનો છે. સૌની વૃત્તિમાં ઓછા યા વધુ પ્રમાણમાં ઐહિક લાલસા જડાયેલી હોય છે. જે સાધના પાછળ લાલસાનું તત્ત્વ છે તે સાધના કદી સફળ થતી નથી.

જોકે લાલાસાનો નિરોધ જીવનમાં ઉતારવો કઠિન તો છે જ, તોયે એ સાધ્ય છે. જેમને કર્મના નિયમોનું ભાન થયું હોય તે ક્રિયાના પરિણામથી નિરપેક્ષ રહી શકે છે. અહીં મુનિ સાધકને સૂત્રકાર એવી દશામાં પ્રવર્તવાની પ્રેરણા કરે છે.

ક્રિયાના પરિણામની અપેક્ષા છોડનારની ક્રિયાનું પરિણામ આવતું નથી, આવે તોયે વેદવું પડતું નથી; અથવા તેઓ ધ્યેયશૂન્ય ક્રિયા કરે છે, એવું કોઈ ન માને !" ક્રિયાનો કર્તા જ ક્રિયાના ફળનો ભોક્તા છે" એ

વિશ્વનો અતૂટ સિદ્ધાંત છે. એમાં કોઈને માટે અપવાદ નથી. પણ ફળની અપેક્ષા છોડનાર ફળને પચાવી શકે છે. એટલે કે ક્રિયાનું ફળ શુભ મળો કે અશુભ મળો, એ બન્ને સ્થિતિમાં એ સમભાવે રહી શકે છે, સમાન સ્થિતિ રાખી શકે છે. અહીં કથિતાશય પણ એટલો જ છે. આ એક નિરાસક્તિનો જ પ્રકાર છે. આવી દશામાં વર્તતા સાધકને સ્થિતપ્રજ્ઞ મુનિ કે જૈન પરિભાષામાં સ્થિતાત્મ તરીકે ઓળખવામાં આવે છે. પરંતુ સ્થિતપ્રજ્ઞને પણ અચંચળ ચિત્તે પ્રવૃત્તિ તો કરવાની છે એમ સૂત્રકાર કહી દે છે. પણ એની પ્રવૃત્તિમાં ફેર એટલો જ કે એવા યોગી સાધકની પ્રવૃત્તિ બંધનકારક હોતી નથી; કારણ કે એમાં આસક્તિનું તત્ત્વ નથી હોતું. અને એથી જ એ સત્પ્રવૃત્તિ છે. એ પ્રવૃત્તિ હોવા છતાં એની ગણના નિવૃત્તિમાં થાય છે. આવા સાધકનું લક્ષ્ય આત્માભિમુખ જ રહે છે. આ રીતે આત્માભિમુખ વૃત્તિવાળા એ સાધકની પ્રવૃત્તિમાં જગતકલ્યાણ અને સંયમ એ બન્ને હેતુઓ જળવાઈ રહે છે.

(ઉદ્દેશક ૫, સૂત્ર ૬) મોક્ષ સાધકની વીરતા લૌકિક પરિભાષાની વીરતાથી કંઈ જુદી જ છે. બહારના યુદ્ધે ચડેલા વીરને આપણે વીર કહીએ છીએ પરંતુ ત્યાં સાચી વીરતા નથી. રણમાં લડતો યોદ્ધો 'મને વિજય મળશે કે પરલોકમાં સ્વર્ગ મળશે' એવા કંઈક પ્રલોભનમાં મૂંઝાઈ, વશ થઈ, જીવનને ન્યોછાવર કરે છે. એમાં દેહદાનની અર્પણતા તો છે, પણ ઊંડાણથી જોતાં જણાઈ રહેશે કે એ દેહાર્પણ માત્ર એક પ્રકારના આવેશથી જ જન્મયું હોય છે.

સાચી વીરતામાં કોઈ પણ પ્રકારની લાલસા કે આવેશને અવકાશ નથી. એ વીરતાનો સંબંધ મુખ્યત્વે આંતરિક બળ સાથે છે અને એથી એનો ઉપયોગ કેવળ અંતઃકરણ પર સ્થાન પામેલી દુષ્ટ વૃત્તિઓ સામે લડવામાં અને તેમને હટાડવામાં થાય છે. "આવા વીરને એ દ્વંદ્વમાં લડતાં શરીરનો નાશ થાય તોયે પરવા ન હોય" એ વાક્યનો આશય એ નથી કે તે આપઘાત કરે. આની પાછળ એ આશય છે કે, આવા વીર સાધકને શરીરના મૂલ્ય માત્ર સાધન તરીકે હોય. સાધ્યમાં સાધન ડખલ કરતું હોય તો તે જાય તો તેનીયે તેને પરવા ન હોય. સારાંશ કે તેવો સાધક શરીરનો નાશ થતો હોય તો થવા દે, પણ વૃત્તિને આધિન ન બને. એટલો એ સ્વમાની, મસ્ત અને સ્વતંત્ર હોય.

"જે મૃત્યુથી ન મૂંઝાય તે સંસારનો પાર પામે છે." આ વાક્યમાં ગૂઢ રહસ્ય છે. વિશ્વનું પ્રત્યેક પ્રાણી મૃત્યુથી મૂંઝાય છે. ગમે તેવી દુઃખી સ્થિતિમાં એ હોય તોયે જીવવું પસંદ કરે છે, મૃત્યુ નહિ; એવું આપણે અનુભવીએ છીએ. એની પાછળ એક મહાન કારણ છે અને તે એ છે કે, આ જીવાત્મા ઝંખનાપૂર્વક આ જ જીવનમાંથી જે વસ્તુને શોધી રહ્યો છે તે ન મળે ત્યાં સુધી એને મૃત્યુ આકરું લાગે. એમાં જરાય આશ્ચર્ય કે અસ્વાભાવિકતા નથી. મૃત્યુ પાછળ પણ બીજું જીવન છે અને જ્યાં સુધી સંપૂર્ણ વિકાસ ન થાય ત્યાં સુધી એ મળે જ છે, એવું એને ભાન ન હોવાથી મૃત્યુ એ એને મન જાણે બધા જીવનનો અંતિમ છેડો ન હોય તેમ એથી ડરે છે. બીજી બાજુ એ જે ઈચ્છે છે તે હજુ એને મળ્યું નથી. એટલે જ બધા ભયો કરતાં મૃત્યુનો ભય જીવ માત્રને ભયંકર લાગે છે. સેંકડો, લાખો કે કરોડોને માત્ર પોતાની બે ભુજાથી કંપાવનાર વીર ગણાતો યોદ્ધો પણ આ ભય આગળ કંપે છે અને પામર બને છે. મૃત્યુની અંતિમ પળોનો જેને અનુભવ થયો હોય કે અનુભવ જોયો હોય એમને આ વાતની યથાર્થતા સહેલાઈથી સમજાશે.

આથી જ અહીં સૂત્રકારે સાધક સારું એની સાધનાની પરાકાષ્ઠાની કસોટીરૂપે આ વાત કહી નાખી છે કે, જે સાધક ધ્યેયને પામ્યો હોય કે તે માર્ગે વળ્યો હોય તે જ માત્ર મૃત્યુના ભયને જીતી શકે; કારણ કે મૃત્યુ એ મૃત્યુ

નથી, પણ જીવનનો પૂર્વ રંગ છે. જ્યારે શરીર રૂપી સાધન જીવન લંબાવવાને યોગ્ય ન રહે, ત્યારે જ નિસર્ગ શક્તિ (જૈન દર્શનમાં જેને કાર્મણયોગ કહેવામાં આવે છે તે) શરીર સમેટી લઈ તે જીવને બીજી નવી ભેટ આપે છે, એવી એને પ્રતીતિ થઈ ગઈ હોય છે.

પણ જેણે શરીરને સાધ્ય માની લીધું છે, તેવા જીવો શરીરમાં મૂંઝાઈ ગયેલા હોઈ એમને આ પ્રસંગ અકારો થઈ પડે છે. તોયે કર્મનો કાયદો તો અનિવાર્ય રહ્યો. એટલે આવા જીવો સહજ રીતે શરીર મોહથી છૂટી શકતા ન હોવાથી એમનું શરીર ઝૂંટવવા માટે નિસર્ગને કોઈ મહાન રોગો કે તેવાં મહાન કારણો યોજી દેવા પડે છે અને તો યે તેવા જીવો અતિ કલ્પાંત કરતાં કરતાં આખરે શરીર છોડી શકે છે.

સાધકને જેટલો શરીર મોહ ઓછો તેટલું જ કુદરતનું કાર્ય ઓછા પ્રયત્ને થાય. પણ શરીર મોહ ત્યારે જ ઘટે કે જ્યારે એનું સાચું સ્વરૂપ સમજાય. આ સ્વરૂપ સમજનાર સાધકને જીર્ણ વસ્ત્ર થઈ ગયા પછી નવું મળવાનું જ છે એવો વિશ્વાસ હોય અને એથી જ એ આનંદિત રહે.

અહીં લાકડાના પાટિયાનું દષ્ટાંત આપી મૃત્યુના વિજેતાની અડગતા કેવી હોય તે બતાવ્યું છે. જેમ લાકડાના પાટિયાને કોઈ છોલે કે તેમ જ રાખે તો યે કશું થતું નથી, બલકે છોલવાથી ઊલટી દુઃખની અસર થવાને બદલે ચમક બહાર આવે છે, તેમ જ સાધકને જેમ જેમ કષ્ટ આવે તેમ તેમ તે વધુ ચમકે, અર્થાત્ કર્મના નિયમો પ્રત્યે તે સહજ બની જાય.

આવો વીર અને નિર્ભય સાધક જ મૃત્યુ આવ્યા પહેલાં એનો જે સંદેશો આવે છે તે સાંભળી કે સમજી શકે છે, અને મૃત્યુની અંતિમ મહામૂલી પળોને સફળ પણ કરી શકે છે. જો કે આવો સંદેશ તો મૃત્યુ પહેલા પ્રત્યેક જીવને મળે છે. પણ જેઓ મોહની આંધીથી ઘેરાયેલા અને બધિર થઈ ગયા હોય છે, તેઓ આ ગૂઢ સંદેશાને જોઈ, સાંભળી કે ઉકેલી શકતા નથી.

આત્મલક્ષી પ્રવૃત્તિ એ જ નિવૃત્તિ. નિવૃત્ત સાધકો અનુભવમાં જેમ જેમ પીઢ થતા જાય તેમ તેમ જિજ્ઞાસુને પોતાના અનુભવનું અમૃત યોગ્યતા અનુસાર આપતા જાય. સારાંશ કે સદુપદેશ એ આવા સાધકનો સહજધર્મ બની રહે. તેઓ પ્રત્યેક ક્રિયામાં આ રીતે સહજ હોય તથા ક્રિયાના ફળમાં પણ સમભાવી અને સમાધિવંત હોય. આવા અડગ સાધકોને કોઈ પણ નિમિત્ત ન કંપાવી શકે, કે કોઈ પણ કર્મ એમની સાગર શી ગંભીરતાને ન ક્ષુબ્ધ કરી શકે. એવા સાધકો ગમે તે સંયોગોમાં કેવળ સાધનાની લહેર ઝીલતા રહે.

## આઠમું અધ્યયન

(ઉદ્દેશક ૧, સૂત્ર ૩) સૂત્રમાં સૂત્રકારનો આશય અતિ સ્પષ્ટ છે કે સંગદોષ અપાકટ સાધકને અસર ઉપજાવી શકે છે, માટે તેમને સારુએ ત્યાજ્ય છે. આ વાતમાં સંશયને સ્થાન નથી અને તેનું પરિણામ શું આવે છે તે પણ એમાં વર્ણવ્યું છે. એટલે તે બીના માનસશાસ્ત્રને વધુ સુસંગત છે એમ પણ સહેજે જણાઈ રહે છે.

સાધનામાર્ગમાં હિંસા, પરિગ્રહ અને કુતર્ક એ ત્રણે મહાન દૂષણો છે. તે દૂષણો આવા સંગથી અપાકટ સાધકમાં પેસી જાય છે, તેથી તે સંગ ક્ષમ્ય નથી. આ સૂત્રના ઉત્તરાર્ધમાં આ ત્રણે દૂષણો શાથી જન્મે છે તેની

વિગત છે.

(ઉદ્દેશક ૧, સૂત્ર ૩) જૈન દર્શનનો સ્યાદ્‌વાદ વિશ્વ પરના બધા મત, પંથ, સંપ્રદાય કે ધર્મોનો આ રીતે સમન્વય સાધી આપે છે. તે એમ શીખવે છે કે જગતના બધાં દર્શનો અમુક અમુક અપેક્ષાએ સત્યના જ અંશો છે, કોઈ વિકસિત અને કોઈ અવિકસિત. પરંતુ અમુક અંશ જ્યારે બીજા અંશોમાં ભળી ન શકે, એક બીજાને તિરસ્કાર કરે ત્યારે એ વિકૃત થાય છે અને સત્ય મટી સત્યાભાસ બને છે. જ્યારે આ સ્થિતિ થાય ત્યારે તે મત અને તેના અનુયાયીઓ માટે તે નાવ મટી પથ્થરરૂપ બને છે; આ સંસારરૂપી મહાસાગરમાં પોતે ડૂબે છે અને તેને પકડનારને પણ ડૂબાડે છે. પણ જે મત, પંથ કે દર્શન બીજા સત્યોને પચાવવાનો અવકાશ રાખે છે, તે ઉદાર અને સંગઠિત બની પૂર્ણ સત્યના માર્ગે ગતિ કરે છે અને પોતાના અનુયાયીઓને પણ વિકાસનો માર્ગ શોધી આપે છે.

(ઉદ્દેશક ૧, સૂત્ર ૩) આ સૂત્રમાં અનેકાંતવાદનાં કિરણો વધુ પ્રકાશિત રૂપે નજરે પડે છે. અહીં જૈનદર્શન શું છે એ સ્પષ્ટ સમજાય છે. સૂત્રકાર કહે છે કે માન્યતાના ભ્રમમાં આગ્રહ બુદ્ધિને વધુ અવકાશ છે અને આગ્રહ કદાગ્રહનું સ્વરૂપ પકડે છે. કદાગ્રહ એટલે પોતાના મતને પકડી રાખવાની જટિલ અને જડ વૃત્તિ. આ વૃત્તિને મહાપુરુષોએ જળોનું સ્વરૂપ આપ્યું છે. આ વૃત્તિ અનિષ્ટ કરાવે છે, તે કોનાથી અજાણ છે ? ધર્મને ઓઠે થયેલા અનર્થોનો તથા વટાળ વૃત્તિ માટે થયેલી હિંસાઓનો ઈતિહાસ આ વાતના પુષ્ટ પ્રમાણરૂપ છે.

(ઉદ્દેશક ૧, સૂત્ર ૪) ધર્મ વિવેકમય દષ્ટિમાં છે એવું ઉપરનાં સૂત્રમાં સ્પષ્ટ કથન છે. જે માન્યતા, વિચારણા કે ક્રિયામાં વિવેકબુદ્ધિનું સ્થાન ન હોય તેમાં અનેક દોષોનો સંભવ છે. એમ કહી સૂત્રકાર એ બતાવે છે કે વિવેકબુદ્ધિ પર ધર્મનો મોટો આધાર છે. બીજી વાત એ છે કે સ્થાનની કશી મહત્તા નથી. જોઈએ તો વસતિવાસ કરો કે જોઈએ તો જંગલમાં જઈ વસો. અનુભવ એમ જ કહે છે કે જેનામાં વિવેકબુદ્ધિ જાગૃત થઈ નથી તેને વસતિ અને જંગલ બન્ને સમાન અસર ઉત્પન્ન કરે છે, જંગલમાં જઈને પણ અવિવેકી પોતાના સંસારને કલ્પના દ્વારા ખડો કરી શકે છે; જ્યારે વિવેકી સાધક વસતિમાં રહેવા છતાં સંસારથી નિર્લેપ રહી શકે છે. સારાંશ કે પતન અને વિકાસનો સંબંધ સ્થાન, ક્ષેત્ર કે તેવાં કોઈ બાહ્ય નિમિત્તો સાથે નથી, ઉપાદાન સાથે છે. આથી એટલું ફલિત થયું કે કોઈ પણ બાહ્ય નિમિત્તો, સંયોગ કે ક્રિયા જેટજેટલે અંશે ઉપાદાનની શુદ્ધિમાં સહાય કરે તેટલું જ તેનું મહત્ત્વ અને ઉપયોગીપણું છે.

(ઉદ્દેશક ૧, સૂત્ર ૪) જે સાધક વૃત્તિમાં નિર્મમત્વ લાવવાનો પ્રયત્ન કરતો હોય તે જનનેન્દ્રિયનો અને બીજી ઈન્દ્રિયોનો પણ સંયમી તો હોય જ . સૌથી પ્રથમ સ્ત્રી મોહનો ત્યાગ અને પછી પદાર્થની સંગ્રહબુદ્ધિનો ત્યાગ, એ બન્ને નિર્મમત્વમાં પ્રવેશવાની પ્રથમ ભૂમિકાઓ છે. એટલે આ રીતે એ ત્રણે વ્રતોમાં પાંચે વ્રતોનો એક યા બીજી રીતે સમાવેશ થઈ જાય છે.

(ઉદ્દેશક ૧, સૂત્ર ૪) ક્રોધાદિ રિપુઓ સાથેનું દ્વંદ્વ તો વીતરાગભાવની પૂર્ણ પરાકાષ્ઠાએ ન પહોંચાય ત્યાં સુધી ચાલવાનું જ. પરંતુ સાધકમાં અને સામાન્ય જીવમાં એટલો જ ફેર કે એક એની સામે લડવા ઊભો રહે અને બીજો એને વશ થાય. જે લડવાને તૈયાર થયો છે તે કદાચ પ્રથમ હારે તોય તેમાં જીતવાની અભિલાષાનું હોવાપણું છે, એટલે બમણા જોરથી સામગ્રી મેળવવાના પુરુષાર્થની તક છે, અને બીજાને એ નથી. જ્યાં સુધી આટલી તૈયારી ન થાય ત્યાં સુધી પદાર્થોથી દૂર રહેવું ભલે શક્ય થાય, પણ પાપકર્મથી છૂટવું શક્ય નથી અને જે

પાપકર્મથી છૂટવાને શક્તિમાન નથી તે પોતાના આત્માનું ક્ષણે ક્ષણે દેવાળું કાઢે તેમાં આશ્ચર્ય જેવું કશું નથી.

(ઉદ્દેશક ૧, સૂત્ર ૫) જે અહિંસા, સત્ય અને નિર્મમત્વને સાથી બનાવવાનું કહ્યું તે જીવન વ્યવહારમાં કેમ ઉતરે એનો માર્ગ બતાવે છે અને આ બે સૂત્રોમાં તો સૂત્રકાર મહાત્માએ અધર્મની અને પાપની આખી ગૂંચવણનો ઉકેલ પણ આપી દીધો છે. આ વાત પ્રત્યેક સાધકને ખૂબ ખૂબ મનનીય છે. તેઓ પ્રથમ સૂત્રમાં એમ કહે છે કે આ જગતમાં કોઈ પણ દેહધારી એવો જીવાત્મા નથી, કે જે કર્મ સમારંભથી એટલે કે ક્રિયાઓથી મુક્ત હોય. સાધકો પછી ભલે તેઓ નિવૃત્તિક્ષેત્ર કે પ્રવૃત્તિક્ષેત્ર, જ્ઞાનયોગ કે કર્મયોગ, કે એવા બીજા કોઈ ક્ષેત્રમાં યોજાયા હોય તે સૌને ક્રિયાઓ કરવી પડે એ બનવા યોગ્ય છે. કોઈ કોઈ પ્રસંગે શારીરિક કે માનસિક એ બન્ને ક્રિયાઓ પૈકી કોઈ એક મુખ્ય હોય અને બીજી ગૌણ હોય, પણ ક્રિયાઓ નથી એમ તો ન જ કહી શકાય. એટલે બીજા સૂત્રમાં કહે છે કે ક્રિયાઓ છે માટે પાપકર્મ છે એવું એકાંત નથી. જે મેધાવી સાધક તે ક્રિયાઓમાં વિવેક રાખે છે તે પાપકર્મથી બચી શકે છે.

અધર્મમાં આત્માનું પતન છે જ. પાપમાં આત્માનું પતન હોય અને ન પણ હોય. અધર્મ અને પાપની આ તરતમતા ખૂબ વિચારવા યોગ્ય છે.

વિવેકબુદ્ધિ, સંયમ અને પાપભીરુતા સફળ થયાં ત્યારે જ ગણાય કે જ્યારે હિંસાના સંસ્કારો નિર્મૂળ થઈ વૃત્તિમાં અહિંસકતાનો સંચાર થાય.

જ્યાં પાપ નથી, પાપી વૃત્તિ નથી, સ્વાર્થ નથી, વાસના નથી, કલેશ કંકાસ નથી તથા કદાગ્રહ પણ નથી અને 'સાચુ એ જ મારું' એવી ભાવના પ્રબળપણે વર્તે છે, ત્યાંજ સદ્ધર્મ ટકે છે. આવો સદ્ધર્મી સાધક ગમે ત્યાં વસીને કે રહીને સત્યની સાધના પોતે કરે અને અન્ય સાધકોને મતિથી જ નહિ, માત્ર વાણીથી જ નહિ, પણ વર્તનથી પ્રેરક બને.

કદાગ્રહનો કુહાડો વિકાસ વૃક્ષના મૂળને જ કાપી નાખે છે.

(ઉદ્દેશક ૨, સૂત્ર ૧,૨,૩) ભિક્ષુને ભોજનની આવશ્યક્તા હોય અને તેવા વખતે કોઈ આદર્શ ભક્ત બની ભક્તિપૂર્વક ભોજન લાવે કે સુંદર સ્થાનનું આમંત્રણ કરે તો એ પણ એક જબ્બર પ્રલોભન ગણાય. તો યે ભિક્ષુ પોતાની પ્રતિજ્ઞાનું, ત્યાગના નિયમોનું યથાર્થ પાલન કરે અને ત્યાંજ એ ત્યાગીના દઢ સંકલ્પની કસોટી છે.

જોકે સૂત્રમાં આહારાદિ સામગ્રીના આમંત્રણની જ વાત છે. એથી પ્રત્યક્ષ તેટલી હાનિ દેખાતી ન હોય તો પણ આટલી છૂટથી પ્રલોભનની વૃત્તિને જે વેગ મળે છે, એ વેગનું પરિણામ અવશ્ય ભયંકર નીવડે છે. એટલે એવા ભવિષ્યથી બચવા માટે જ આ વિષય પર અતિ મહત્ત્વ અપાયું છે.

આ સૂત્રમાંથી મૂળ નિયમો પર પ્રાણાંત ટકી રહેવાની અડગતા અને કોઈને લેશ પણ ભારભૂત ન થાય એવી સાધુતા સ્પષ્ટ દેખાઈ રહે છે. કોઈ ભક્તનું મન રાખવા ખાતર નિયમોમાં શિથિલ થવું એમાં વૃત્તિની દૂષિતતા છે અને દાતા કુપિત થયો છે કે થશે તેવા ભયથી તેનો કોપ શમાવવા માટે નિયમોને ઢીલા કરવા તેમાં વૃત્તિની નિર્બળતા છે. આ બન્ને દશા પવિત્ર અને પૂર્ણ નિર્ભીક એવા ત્યાગી જીવનને સંગત નથી.

આ સૂત્ર પરથી બીજી વાત એ ફલિત થાય છે કે જે અન્ન પવિત્ર અને સંયમજન્ય હોય તે અન્નની અસર સંયમી જીવનને વધુ સુંદર સહાયક બને છે. એટલે તેવી ભિક્ષા મેળવવા માટે પ્રયાસ કરવો ઉચિત છે. પોતાને માટે બનાવેલું અન્ન અનેક દૃષ્ટિએ ત્યાગી માટે ગ્રહણ કરવું દૂષિત હોઈ ત્યાજ્ય છે. ત્યાજ્ય એટલા માટે છે કે તે અન્ન સંયમ જન્ય ન ગણાય અને જે અન્ન સંયમ જન્ય ન હોય તેનો બદલો આપવો જ રહ્યો. તો જ તે ગ્રહણ થઈ શકે. જગતની કોઈ પણ વસ્તુ પર જેનો માલિકી હક નથી એવો ત્યાગી બદલો શો આપી શકે ? જેનું કોઈ ક્રિયાપર મમત્વ નથી ત્યાં હું આટલું કરું છું એ ભાવના પણ કયાંથી હોય ? ત્યાગી જગતનો પરમ ઉપકારી અને આદર્શ હોવા છતાં હું જગતને આપું છું એવું એના મનમાંય ન હોય એ તો એની સહજ ક્રિયા હોય. આથી જ જેના પર પોતાપણું સ્થાપિત થયું હોય તેવું કોઈ પણ સાધન કે અન્ન લેવું એ ત્યાગી માટે યોગ્ય નથી. પણ જે ગૃહસ્થ પોતે પોતાની જરૂરિયાતમાં સંયમ કરી મુનિને આપે તે જ સાધન ગ્રહણ કરવું ત્યાગી માટે યોગ્ય છે. કારણ કે તે અન્ન પર સાધુના વ્યક્તિત્વનું આરોપણ નથી અને તેમાં સંયમના જ આંદોલનો વસ્યાં છે. આ વાત ખૂબ ઊંડાણથી મનનીય છે. આ સૂત્ર ત્યાગીની સ્વાભાવિકતાનો આદર્શ સ્પષ્ટ કરે છે, એટલું જ નહિ પણ ભક્ત કેવી ભક્તિ કરે અને ભક્તિનો ઉપયોગ મુનિ પણ કયા પ્રમાણમાં કરે, તેનુંયે અહીં આબેહૂબ ચિત્ર દેખાય છે.

(ઉદ્દેશક ૨, સૂત્ર ૬) સાંકળ સુવર્ણની હોય તો યે સાંકળ છે. વિકાસના માર્ગનું એ ગતિ રોધક બાધક કારણ છે. નિર્ભયતા અને આત્મસ્વાતંત્ર્ય એ બે સાધુતાના મુદ્રાલેખો છે. સાધક પોતાના માર્ગમાં એક બાજુ સંકટના કાંટા અને બીજી બાજુ પ્રલોભનનાં પુષ્પો હોવા છતાં ન કંટાળે, ન તે મુગ્ધ બને, સ્થિર અને સમભાવી રહે, પવિત્ર અને નિર્દોષ રીતે સાધના કર્યા કરે અને પોતાનામાં (આત્મામાં) જે સદા મસ્ત રહે એ અભિષ્ટ છે.

(ઉદ્દેશક ૩, સૂત્ર ૧) યૌવનવય એટલે જીવનનો મધ્યાહ્ન, જીવન નૌકાનું હોકાયંત્ર અને ઉન્નત કે અવનત જીવન ઘડવાની મૂળ ચાવી. બાળવયમાં દેહ અને ઈન્દ્રિયોની સ્પષ્ટતા હોવી શક્ય નથી અને વૃદ્ધાવસ્થામાંયે દેહ અને ઈન્દ્રિયો જીર્ણ થઈ ગયેલા હોઈ પ્રગતિ સાધવાની સંપૂર્ણ અનુકૂળતા શક્ય નથી. પરંતુ એક યૌવન જ એવું વય છે કે ત્યારે બુદ્ધિ, મન, અહંકાર, ચિત્ત કે બાહ્ય તથા આંતરિક મન, જ્ઞાનેન્દ્રિયો, કર્મેન્દ્રિયો અને દેહ વગેરે જે જે જીવન વિકાસને ઉપયોગી સાધન સંપત્તિ પ્રાપ્ત થવી ઘટે તે તે બધી સામગ્રી યોગ્યતા મુજબ દરેકને પ્રાપ્ત થાય છે. યૌવન વયે દેહ અને મુખ પર જે સૌંદર્ય, ઉત્સાહ, ઓજસ અને પ્રતિબિંબ દેખાય છે, તે એની પ્રતીતિરૂપ છે.

આવે વખતે જાગૃતિ આવવી કે જાગૃતિ આવે તેવાં નિમિત્તો મળવાં એનો આધાર પૂર્વ પુરુષાર્થ પર છે, જેને આપણે પૂર્વ સંસ્કારો, ઉચ્ચ પ્રારબ્ધયોગ કે મહાપુરુષોની કૃપાને નામે ઓળખીએ છીએ.

વિવેકબુદ્ધિ જાગ્યા પછી જ ધ્યેયની સ્પષ્ટતા થાય અને સાચો પુરુષાર્થ સધાય, પણ સૂત્રકાર કહે છે કે યૌવનવયે આ દશા પ્રાપ્ત થવી ભાગ્યે જ શક્ય છે. એટલે જ "સાધકોએ" એવો નિર્દેશ કર્યો છે. વળી અહીં "કેટલાક" પદના નિર્દેશનો બીજો આશય એ છે કે ત્યાગ સૌ કોઈને સુલભ નથી. સૂત્રનો સાર એટલો છે કે ત્યાગ તરફનું વલણ એ જ પુરુષાર્થનો પ્રધાન હેતુ હોવો ઘટે.

સંયમ વિના જગતમૈત્રી સાધી ન શકાય એ વાતને વધુ સમજાવવી પડે તેમ નથી. અને મિત્રભાવ આવ્યા વિના સમભાવે વર્તી ન શકાય તે પણ તેટલું જ સ્પષ્ટ છે. અતડાઈ, મોહ, જડતા, સ્વાર્થાંધતા અને નિર્દયતા ઈત્યાદિ દોષો અસંયમના ચિહ્નરૂપે છે.

સંયમ એટલે પરિગ્રહનો ત્યાગ એટલું જ નહિ પણ અહીં પરિગ્રહ વૃત્તિનો ત્યાગ બતાવ્યો છે, એ ખૂબ મનનીય છે. જે પરિગ્રહવૃત્તિના ત્યાગના ધ્યેયે પરિગ્રહને ત્યાગે છે, એ જ આદર્શ નિષ્પરિગ્રહી બની રહી શકે છે. નહિ તો એ એક ક્ષેત્ર મૂકી બીજા ક્ષેત્રમાં જતાં, ત્યાંય એક મૂકી બીજો પરિગ્રહ વધારવાનો. આ બીના અનુભવગમ્ય પણ છે. પરંતુ જેણે વૃત્તિમાં નિષ્પરિગ્રહીપણું કેળવ્યું હશે, તે જગતના કોઈ પણ ક્ષેત્રમાં યોજાય તો યે નિષ્પરિગ્રહી રહી શકવાનો. જૈનદર્શનમાં જે "રાવી"ની પરિપાટી ચાલે છે તે આ અપેક્ષાએ છે. ઉપયોગિતાની દૃષ્ટિએ પદાર્થોની મર્યાદા કરી પરિગ્રહવૃત્તિને રોકવાનો પ્રયોગ આદરવો એનું નામ સંયમ અને આત્મરક્ષાનું ધ્યેય જાળવીને સંયમી ભાવનાથી જે ક્રિયા થાય તેનું નામ અહિંસા.

જે અહિંસામાં સંયમ નથી હોતો તે અહિંસા વાસ્તવિક હોતી નથી અને વાસ્તવિક અહિંસાની કોઈ પણ ક્રિયા બીજાને દંડ દેતી નથી, આ વાત વિચારણીય છે. તેમજ કદાચ વૃત્તિને અંગે ઈતરને દંડરૂપ બનવા જતી હોય તો આ ક્રિયા અટકાવવાનું તપશ્ચર્યા એ પ્રબળ નિમિત્ત બની રહે છે. આમ અહિંસા, સંયમ અને તપની ત્રિપુટીથી યુક્ત ધર્મદ્વારા કોઈ પણ અધર્મ થતો નથી.

આ સૂત્રમાં સૂત્રકાર એક બીજી વાત કહે છે, તે એ છે કે આવા સાધકો જન્મ અને મૃત્યુનું વાસ્તવિક રહસ્ય ઉકેલી મૂકે છે. કથિતાશય એ છે કે "મૃત્યુ એ મૃત્યુ નથી પણ નવા દેહની પ્રાપ્તિનું પૂર્વરૂપ એટલે કે નવા જન્મનું શુભ કારણ છે" એમ જ્ઞાની સાધકો સમજે છે. એટલે એમની પ્રત્યેક ક્રિયા નિર્ભય અને પ્રકાશમય હોય છે. પછી આવો સાધક બાહ્ય નિમિત્તો સાથે લડતો નથી. પણ ઊલટો એમના પ્રત્યે વધુ ઉદાર અને દયાળુ બને છે. જગતની અને એની સમજણ વચ્ચે એક મહાન અંતર છે અને એથી જ જગતની દૃષ્ટિએ તે અદ્વિતીય અને તેજસ્વી લાગે છે.

જે વસ્તુ અદ્વિતીય અને તેજસ્વી હોય છે એની ક્રિયા કે ધ્યેયને જગત ન પહોંચે કે ન પરખી શકે, એવું ઘણીવાર બને ખરું; તો યે તે તરફ જગતના બહોળા વર્ગનો પૂજ્યભાવ અને અનુકરણશીલ બુદ્ધિ તો જરૂર પ્રગટે જ છે.

(ઉદ્દેશક ૩, સૂત્ર ૨) જગત અને તેવા સાધકની વચ્ચેનું અંતર કઈ જાતનું છે, સૂત્રકાર તે વધુ સ્પષ્ટ કરે છે. તે બેની વચ્ચેનું અંતર, એટલે એ બન્ને નિરાળાં છે, એમ જાણી જગતથી તે ઊલટો બને કે અતડો રહે એમ કોઈ રખે માની લે ! કે રખે તેવું અસહજ આચરવા માંડે ! તે વાતની અહીં ચેતવણી છે. જે જગતમાં જીવે છે, તે જગતનો સંબંધી તો રહેવાનો જ. માત્ર ફેર છે ભાવનાનો અને તે જ તારતમ્ય અહીં બતાવ્યું છે. ઈતર જગત દેહના રક્ષણને જીવનનું ધ્યેય માને છે, જ્યારે સાધકજગત દેહને જીવન વિકાસનું સાધન માને છે. ભાવનાના ભેદે જ એક શ્રમ કે સંયમથી ડરે છે, તપ કે ત્યાગથી આનંદ અને રસ લૂંટાઈ જતો હોય તેમ માને છે. બીજો તેમાં જીવનનો આનંદ માણે છે. આથી બન્નેની ક્રિયા એક હોય, તો યે તે ક્રિયાજન્ય ફળમાં અસંતોષ અને સંતોષ જેવો મહાન ભેદ અનુભવાય છે. દિવ્યદૃષ્ટિ સાધક અને સામાન્ય દૃષ્ટિવાળા જન વચ્ચેના અંતરના રહસ્યનો અહીં ઉકેલ છે.

(ઉદ્દેશક ૩, સૂત્ર ૩) સાધકે જીવનમાં કેટલો સમભાવ ઉતાર્યો છે તેની કસોટીનો સમય પણ આવે છે. બ્રહ્મચારી, ત્યાગી, તપસ્વી કે કોઈ પણ સાધક ઉચ્ચ છે, એમ સ્વીકારવામાં જરાયે ખોટું નથી. પણ આવા સાધકો પ્રસંગ પડ્યે ઘણીવાર સમતાને ગુમાવી બેસતા હોય છે. આ ત્રુટિ કંઈ સાધારણ ન ગણાય. વિકાસમાં જો કોઈ ખાસ

બાધક આવરણ હોય તો એ પણ આ એક જ છે એમ કહીએ તો ચાલે. તે આવરણનું નામ છે અભિમાન. ઘણીવાર ચારિત્રવાન ગણાતા સાધકોના જીવનમાંય ઊંડા અવલોકનથી જણાશે કે તેઓ પોતાની ક્રિયા પાછળ અભિમાનનો કાંટો લઈને ફરતા હોય છે અને તેથી જ જો કોઈ તેમને તેઓ કરતા હોય તેની વિરુદ્ધ કહે તો તેઓ વાતવાતમાં છેડાઈ પડતા હોય છે. આ કાંટો સમભાવના મૂળમાં જ કાપ મૂકે છે.

સમભાવી સાધકને પોતામાં પૂરેપૂરી ખાતરી હોય છે. તે જાણે છે કે જો હું મારે માટે ક્રિયા કરું છું તો તેનું ફળ મારા વિકાસઅર્થે જ હોઈ શકે. જગત તેને ઊલટું રૂપ આપે કે ઊલટી રીતે જુએ તોય એમાં મારે શું?" આવા આત્મવિશ્વાસીને બહારનાં વચનો લેશ પણ ક્રોધ ઉત્પન્ન કરાવી શકે નહિ અને સમભાવથી ડગાવી શકે નહિ.

પણ હજુ જે સાધકની દૃષ્ટિ બહાર હોય છે, એની ચિત્તશાન્તિના જળાશયને આ બહારના વચનોરૂપી કાંકરાઓ ક્ષણે ક્ષણે પડીને ખળભળાવે છે. જેની આંતરદૃષ્ટિ હોય છે તેને ઉપરનો ખળભળાટ લેશ પણ ખળ–ભળાવી શકતો નથી અને એ પુરુષો જે કંઈ બોલે છે તે પોતાના ઉપરના પ્રતિકાર માટે નહિ, પણ કેવળ સામાના સમાધાન અર્થે બોલે છે અથવા મૌન ભજે છે; એવો આ સૂત્રમાં રહસ્યસ્ફોટ છે.

(ઉદ્દેશક ૪, સૂત્ર ૧) જે સાધક સાધના માર્ગને બરાબર સમજ્યો છે તે શરીરશૃંગાર માટે તો કશું ન જ વાપરે અને જેને ઉપયોગમય દૃષ્ટિ અને વિવેકબુદ્ધિ હોય તે જરૂરિયાત કરતાં વધુ પદાર્થો પણ ન લે; કારણ કે તેમ કરી ઉપાધિમાં પડવું એને ગમે નહિ એ સ્વાભાવિક છે. તો યે સાધક માટે વસ્ત્ર, પાત્રાદિ સંયમના ઉપયોગી સાધનોની અહીં મર્યાદા બતાવી છે. એ મર્યાદા અભિગ્રહધારી ભિક્ષુની અપેક્ષાએ જ છે, એમ વૃત્તિકાર મહાત્મા માને છે. તે ગમે તે હો ! પરંતુ સૂત્રકાર આ સૂત્ર રજૂ કરીને એ સમજાવે છે કે જ્યારે પદાર્થોમાં જરૂરિયાત પૂરતી મર્યાદા બંધાય છે, ત્યારે મર્યાદા બહારના પદાર્થો પરનું મમત્વ સહેજે છૂટે છે. બીજી ચિંતા સ્વયં ક્ષીણ થાય છે અને સંકલ્પબળ દૃઢ થાય છે. એ દૃષ્ટિએ મર્યાદાપ્રતિજ્ઞા આવશ્યક છે.

બીજી વાત, મર્યાદિત રાખેલાં સાધનો પર પણ મમત્વ ન થાય તે સારું છે. તે પરથી વસ્ત્ર ન ધોવા કે ન ધોઈને રંગેલા પહેરવાં એ ઉપલક અર્થ માની તેનો દુરુપયોગ કોઈ ન કરે ? એમ કહેવાની પાછળ સૂત્રકારનો આશય શરીર વિલાસની દૃષ્ટિએ છે, સ્વચ્છતાની દૃષ્ટિએ નહિ; કારણ કે સાધક મર્યાદિત વસ્તુઓ વાપરે તો ય જેમ જેમ ટાપટીપમાં પડી જાય છે, તેમ તેમ તેનું તે પર મમત્વ બંધાય છે.

આત્માથી પર રહેલા પદાર્થો પરથી મમત્વ બુદ્ધિ ઉઠાવી લેવી એજ સાધકનું ધ્યેય હોય તેને આટલુંય મમત્વ બંધનકારક છે. વસ્ત્રો કે બીજાં સાધનો માત્ર શરીર જરૂરિયાતની દૃષ્ટિએ ઉપયોગી છે અને શરીર પોતે પણ એક સાધનરૂપે જરૂરનું છે એટલું જે જાણે છે તે સાધક વસ્ત્રોને રંગવાની કે તેવી ટાપટીપમાં ન પડે એ સ્વાભાવિક છે.

(ઉદ્દેશક ૪, સૂત્ર ૨) ઘણીવાર એવું બને છે કે ઉત્કૃષ્ટ ક્રિયાને પાળતો એક સાધક પોતાના મનમાં બીજા સાધકને પોતાનાથી જરા હલકો માનતો હોય, તોય પ્રેમ, સન્માન ઈત્યાદિ ભાવો જાળવી શકે છે. પણ સૂત્રકાર કહે છે કે એમાંય સાચો સમભાવ નથી. સમભાવી સાધક હંમેશાં સૌના ચૈતન્ય તરફ જૂએ; કારણ કે ચૈતન્ય તો સૌને સમાન છે. કોઈને આવરણ અલ્પ હોય તો તેનો વિકાસ વધુ દેખાય, કોઈને આવરણ વધુ હોય તો તેનો વિકાસ અલ્પ દેખાય. એટલે બહિર્દૃષ્ટિનો ત્યાગ કરી કેવળ ગુણગ્રાહી અને આત્માભિમુખ દૃષ્ટિથી જોઈને સૌ સાથે

સમત્વ કેળવવું ઘટે.

(ઉદ્દેશક ૪, સૂત્ર ૩) વૃત્તિકાર અને ટીકાકારનો મત એ છે કે શીતસ્પર્શ પદથી મૂળ વ્રતની વાત કહેવાનો સૂત્રકારનો આશય છે અને આ વાત વધુ બંધ બેસતી છે; કારણ કે ઠંડી સહન ન થાય તો તે માટે તો પ્રથમ સૂત્રમાં સૂત્રકાર મહાત્માએ વધુ વસ્ત્રો રાખવાની છૂટ આપી છે. એટલે અહીં તો મૂળ વ્રતને લગતી વાત જ સુઘટિત છે અને તે પણ જે વ્રતમાં અપવાદને લેશ પણ સ્થાન નથી એવા ચોથા વ્રતને લગતી વાત વધુ પ્રાસંગિક છે. કારણ કે આપઘાત કરવાથી જૈનદર્શનમાં અનેક જન્મ મરણો અને અધમ ગતિ પ્રાપ્ત થાય છે તેવું સ્પષ્ટ કથન છે અને ભગવતી સૂત્રાદિ સૂત્રો એની સાખ પૂરે છે. છતાં અહીં આપઘાત કરવા સુધીનું કહે છે. તેની પાછળ એટલો જ મહાન આશય હોવો ઘટે. ઊંડા ઊતરતા એ વાત સહેજે સમજાશે.

બ્રહ્મચર્ય ખંડનથી સંયમમય જીવન હણાય છે, આત્મા હણાય છે. એ વાત તો છે જ. પણ અહીં તો સાધકે જે વસ્તુની પ્રતિજ્ઞા કરી હોય, પછી તે પ્રતિજ્ઞા ભલે સામાન્ય હોય, તો યે પ્રતિજ્ઞામાં પ્રાણાંત ટકી રહેવું, પણ પ્રતિજ્ઞાભંગ ન કરવો એવું જ મુખ્યત્વે ફલિત થાય છે. કારણ કે દેહભંગથી નવો દેહ સાંપડી શકે છે, પણ પ્રતિજ્ઞાભંગથી પ્રતિજ્ઞા નથી સાંપડતી અને તેથી જ અહીં એક વાત નવીન અને ખાસ યાદ રાખવા જેવી એ મળે છે કે પ્રતિજ્ઞાભંગ એ મહા પતન છે. પણ એ પતન માત્ર પ્રતિજ્ઞા ભંગથી થતી ક્રિયા માત્રથી થાય છે એમ નથી; ક્રિયા તો ગમે તેવી અધઃપતનકર્તા હોય, તો ય એ વૃત્તિના સંસ્કારો સુંદર હોય તો પતનનું નિવારણ સહજ શક્ય છે; પણ પ્રતિજ્ઞાભંગથી વૃત્તિ પર સંકલ્પબળની ક્ષતિના જે સંસ્કારો સ્થાપિત થાય છે તેનું નિવારણ સહજ શક્ય નથી અને એ જ દષ્ટિએ પ્રતિજ્ઞા ભંગની ભયંકરતા છે.

વસ્ત્રપાત્રાદિ સાધનોના ત્યાગ કે સ્વીકારની પાછળ દેહ પરનું મમત્વ ઉતારી દેહની મર્યાદા અને સ્વાસ્થ્ય જાળવવાનો હેતુ છે. વૃત્તિના પૂર્વ અધ્યાસોને લઈને ભૂલી ન જવાય એ સાવધાનતા માટે પ્રતિજ્ઞાની પૂર્ણ આવશ્યક્તા છે. એવા સાધકોને માટે પ્રતિજ્ઞા માતાની ગરજ સારે છે. તે માતા દઢ સંકલ્પથી ટકે છે. ગમે તેવી કસોટીને પ્રસંગે પણ તેને ટકાવી રાખવા વીર અને ધીર બની તત્પર રહેવું ઘટે.

(ઉદ્દેશક ૫, સૂત્ર ૩) મૌલિક સિદ્ધાંતના નિયમોને છોડીને અપવાદ દરેક સ્થળે હોઈ શકે છે. પરંતુ અપવાદ માર્ગનો ઉપયોગ પાકટ સાધક દ્વારા જ સમજીને વિવેકપૂર્વક થવો ઘટે, અન્યથા અર્થને બદલે અનર્થ થઈ જાય. આવે સ્થળે ગૃહસ્થોને બદલે શ્રમણ સાધકો લાવી આપે તો તે લઈ શકાય એવું વિધાન યાદ રાખવા યોગ્ય છે; કારણ કે ભિક્ષુઓ કોઈને તકલીફ આપ્યા વગર જુદે જુદે સ્થળેથી ભિક્ષાદિ સામગ્રી લાવીને એ બીમાર ભિક્ષુને આપી શકે છે. વળી ગૃહસ્થોનો આ રીતે અતિ પરિચય થઈ જાય અને રાગ બંધાય તો ભવિષ્યમાં કદાચ ત્યાગ માર્ગમાં કંઈક શિથિલતા આવવાનો ભય પણ રહે, એ દષ્ટિબિંદુ આ કથનની પાછળ મુખ્ય છે, તે ભૂલવું ન જોઈએ અને આ વાત સૂત્રકાર મહાત્મા પોતે પણ સ્પષ્ટ કરી દે છે. એટલે આ સૂત્ર પરથી એટલું ફલિત થયું કે મુનિ સાધકની માંદગીમાં મુનિ સાધકોની સેવા ઉપયુક્ત છે, કારણ કે મુનિનું જીવન કોઈને પણ દુઃખરૂપ કે બોજારૂપ ન થાય એ મુખ્ય હેતુ છે. બીજી વાત એ છે કે એક પ્રસંગે પણ ગૃહસ્થ ઉપાશ્રયમાં ભોજન લાવી આપે તો તે અપવાદ પછી બીજાને અનુકરણરૂપ થઈ જવાનો તથા વિવેકચક્ષુથી ન જોતાં જનતામાં ધીમે ધીમે એવી રૂઢિ ચાલુ થઈ જવાનો સંભવ રહે છે. તેમ જ એવી રૂઢિમાં ગૃહસ્થનો ગાઢ વ્યાસંગ થવાનો અને સાધુજીવન

શિથિલ, પરાવલંબી તેમજ આશ્રમજીવી બનવાનો પણ ભય રહે છે. એટલે ઉપાશ્રયમાં ભોજન લાવી આપવું એ ગૃહસ્થનું નહિ પણ મુનિ સાધકોનું કર્તવ્ય છે.

(ઉદ્દેશક ૫, સૂત્ર ૪) બને ત્યાં સુધી અન્યની સેવા ન લેવી એ મુનિ સાધકને ઈષ્ટ હોય છે એવો સૂત્રમાં ભાવ છે, કારણ કે સેવા અને સ્વાવલંબીત્વ એ શ્રમણનું જીવનવ્રત છે. અહીં પણ પ્રતિજ્ઞા ખાતર પ્રાણાર્પણની વાત છે અને તે વધુ સ્પષ્ટ છે. ક્રિયામાં ભૂલ થવી શક્ય છે અને તે ક્ષમ્ય છે પણ પ્રતિજ્ઞાની ભૂલ કોઈ રીતે ક્ષમ્ય નથી. પ્રતિજ્ઞાભંગ કરતાં પ્રાણભંગ વધુ સારો અને તેવા મરણને આપઘાત નહિ પણ સમાધિમરણ ગણાય. એની પાછળ એક જ ભાવ છે કે પ્રતિજ્ઞાભંગથી સંસ્કૃતિ અને વિકાસના માર્ગનો જ ભંગ થાય છે. સાધનાની દઢતામાં જરા પણ શિથિલતા આવી તો તે શિથિલતાના સંસ્કારો પ્રત્યેક જીવનમાં પીડવાના, કારણ કે તે ઉપાદાનરૂપ બને છે. એટલે નિમિત્ત કરતાં ઉપાદાનની પરવા વધુ કરવી એ ઉચિત છે. ઉપાદાનની શુદ્ધિ થતાં નિમિત્તશુદ્ધિ સુલભ છે પણ કેવળ નિમિત્તની શુદ્ધિથી ઉપાદાનની શુદ્ધિ સુલભ નથી. આ વાત સાધકે પ્રત્યેક પળે વિચારવી ઘટે.

આ સૂત્ર પરથી એક તો સાધકમાત્રને પ્રતિજ્ઞા હોવી ઘટે એ સિદ્ધાંત નીકળે છે અને બીજો સિદ્ધાંત એ છે કે, સાધકમાત્રને પોતે સ્વાવલંબી થવું ઘટે. સામાન્ય રીતે સાધકોની સ્થિતિ બહુ જ પરાધીન બની ગઈ હોય છે. તેઓ શ્રમને શત્રુ સમજતા હોય છે તેથી એમનું શરીર સ્વાસ્થ્ય બરાબર ન હોવાને કારણે બીજા સાધકોને એમનું જીવન બોજારૂપ બની રહે છે. આ સ્થિતિ સાધકદશા માટે યોગ્ય નથી. એણે પ્રથમ તો પોતે બીમારીને આવવાનાં કારણોથી દૂર રહેવું ઘટે, છતાં કર્મવશાત્ કે બીજી ભૂલને લઈને કદાચ આવે તોય એ સમયે બીજા સાધકોને બોજારૂપ ન થવું ઘટે.

સાધક સિદ્ધ ન બને ત્યાં સુધી પ્રત્યેક સાધનામાં પ્રતિજ્ઞા એ સાધકનું જીવનવ્રત હોવું ઘટે. ખાવામાં, પીવામાં કે બીજાની સેવા લેવામાં મર્યાદિત રહેવાની પ્રતિજ્ઞા, મહાવ્રતોને સંપૂર્ણ રીતે પાળવાની પ્રતિજ્ઞા તથા અન્ય સાધકોની સેવાશુશ્રૂષા કરવાની ટેક ઈત્યાદિ પ્રતિજ્ઞાઓ સ્વીકારવી જોઈએ અને પ્રાણાન્તપર્યંત પાળવી જોઈએ. પ્રતિજ્ઞા ગઈ, એટલે મૃત્યુ જ થયું સમજવું. પ્રતિજ્ઞાના ભંગ માટે અપવાદને લેશ પણ સ્થાન નથી. એક નાની સરખી પ્રતિજ્ઞા ખાતર જીવન ઓવારી નાખવું જોઈએ. સંકલ્પબળની સિદ્ધિ પ્રતિજ્ઞાની દઢતા પર અવલંબે છે. પ્રતિજ્ઞા એ સાધકની સગી જનેતા છે, પ્રતિજ્ઞા પડતાને બચાવે છે, પડેલાને ઉગારે છે; પ્રતિજ્ઞાથી ઉપાધિઓ ઓસરે છે ને જીવન હળવું ફૂલ બને છે.

પ્રતિજ્ઞામાં મેરુને કંપાવે, ધરાને ધ્રુજાવે અને હિમાલયને હઠાવે એવી દિવ્ય અને ભવ્ય ચેતનાશક્તિ છે. પ્રતિજ્ઞાની અપૂર્વ શક્તિ પૂર્વાધ્યાસોમાં ખેંચાતી સાધકની વૃત્તિને સ્થિર રાખે છે. પ્રતિજ્ઞાવાન જ સાચું સ્વાવલંબીત્વ સાંગોપાંગ ટકાવી શકે છે. એક પ્રતિજ્ઞાસિદ્ધ સાધક નિખિલ વિશ્વને નચાવી શકે છે, નમાવી શકે છે.

(ઉદ્દેશક ૬, સૂત્ર ૧) સૂત્રકારે અહીં લઘુભાવ લાવવાનો ઊંડો છતાં સ્પષ્ટ નિર્દેશ કર્યો છે અને તે પ્રાસંગિક છે કારણ કે વિકાસના માર્ગમાં અભિમાનનો કાંટો સાધકના પગને સ્તંભી રાખે છે. જેમ જેમ જીવાત્મા કર્મના અચળ કાનુનની અશ્રદ્ધાથી આત્માના અફાટ અને અનંત સ્વરૂપને દેહ અને એવા બાહ્ય અમુક પદાર્થોમાં મમત્વ આરોપીને પૂરી દે છે, તેમ તેમ એ કાંટો ઊંડો જતો જાય છે અને અનેક પ્રકારની આધિ, વ્યાધિ અને ઉપાધિઓ

જન્માવે છે. જેમ રાગ અને દ્વેષ સંસારના મૂળભૂત કારણો છે, તેમ અભિમાન પણ મૂળભૂત કારણ છે. અહંના અજ્ઞાનથી અભિમાન જન્મે છે. આથી તેનો લય કરવા માટે સાધનાનો માર્ગ આવશ્યક છે. જેમ જેમ એ કાંટો નીકળતો જાય તેમ તેમ સરળતા, ઉદારતા અને સત્યનિષ્ઠા જાગે, આથી જ સાધનાનો મુખ્ય હેતુ અભિમાનનો લય કરવાનો છે એ વાત ફરી ફરી એક યા બીજી રીતે સૂત્રકાર મહાત્મા કહેતા આવ્યા છે અને તે "આત્મા આ સર્વ બાહ્ય ભાવોથી પૃથક્ છે, આ દેખાતા વિકૃત ભાવો એના ધર્મો નથી, જડના સંસર્ગથી અહંત્વની જે ભાવના જાગે છે તે વાસ્તવિક નથી" એવા એવા વિચારોથી ક્રમશઃ ક્ષીણ થવાનો સંભવ છે, પણ આ વિચારો કોઈના ઉછીના લીધેલા કે વારસાથી મળેલા ન હોવા જોઈએ. પોતાના જ અંતઃકરણથી ઉદ્ભવે છે તે વિચારો જ જીવનના સંસ્કારો પર ગાઢ અસર કરે છે અને જીવનના સંસ્કારો પર અસર થવાથી તેનું જીવન અને જીવન વ્યવહાર સુધરતાં જાય છે.

(ઉદ્દેશક ૬, સૂત્ર ૩) આ આખું આઠમું અધ્યયન ખાસ કરીને પ્રતિજ્ઞાનું મહત્વ અને સંયમની વાસ્તવિકતા સમજાવે છે. આગળના ઉદ્દેશકોમાં અને સૂત્રોમાં વસ્ત્રપાત્રના સંયમમાં સૌથી પ્રથમ બ્રહ્મચર્યવ્રતનો સમાવેશ છે. એટલે બ્રહ્મચર્ય જ સાધનામંદિરનો મુખ્ય પાયો છે એમ કહીએ તો ચાલે. એટલે બ્રહ્મચર્યની રક્ષા માટે વાસનાક્ષેત્રની વિશુદ્ધિ કરે તેવા બહારના ઉપચારો અને વિચારોના વ્યવહારુ માર્ગો પણ અગાઉ ચર્ચાઈ ગયા છે. અહીં અબ્રહ્મચર્યની વાસનાને ઉત્તેજિત કરવામાં સ્વાદ જે કારમી અસર ઉપજાવે છે તે બતાવતો ઉલ્લેખ છે.

સ્વાદની દષ્ટિએ ડાબા ગલોફામાંથી જમણા ગલોફામાં પણ અન્ન ન લઈ જવાય ત્યાં સુધીનો સૂત્રમાં વ્યક્ત થતો કાબૂ, સ્વાદજય એ સાધનાનું અગત્યનું અંગ છે, તેની ખાતરી આપે છે. બધી ઈન્દ્રિયોના સંયમની વાત તો સૂત્રકારે અગાઉ કરી છે પણ આટલે હદ સુધી કડક નિયમન કેવળ જીભ માટે કહ્યું છે અને તેટલું જ તેની પાછળ રહસ્ય છે. સૂત્રકાર મહાત્મા એ રહસ્યને ટૂંક શબ્દોમાં પણ વધુ સ્પષ્ટ કરી દે છે. તેઓ કહે છે કે સ્વાદજયથી બધી પંચાત પતી જવાની.

સ્વાદના અસંયમ પર જ મુખ્યત્વે જગતના સર્વ પ્રપંચોનું મંડાણ છે, પણ આ વાત ખૂબ ઊંડેથી વિચારતાં જ યત્કિંચિત્ પણ સમજાય તેવી છે. જીવનના પ્રત્યેક પ્રસંગને અવલોકવાથી જણાશે કે સ્વાદ એકલી જીભનો જ વિષય નથી પણ પ્રત્યેક ઈન્દ્રિયનો વિષય છે. આ વાત સ્વાદની વ્યાખ્યાથી કંઈક વધુ સ્પષ્ટ થશે. માટે ટૂંકમાં કહું છું– સ્વાદ એટલે રસની વિકૃતિમાંથી રસ મેળવવાની ઝંખના અને એની પૂર્તિ માટેનો પ્રયાસ, એ જ સ્વાદ પરનો અસંયમ–અકાબુની ક્રિયા. પદાર્થમાત્રમાં રસ તો હોય જ છે અને ભૂખ લાગે ત્યારે પદાર્થમાત્રમાં રસ છે, તેવી સૌને ઓછી વધતી પ્રતીતિ પણ થઈ હશે. ભૂખ લાગે ત્યારે ખાવું એ ધર્મ, કારણ કે ત્યાં જરૂરિયાત છે અને જ્યાં સુધી વસ્તુ જરૂરિયાતની દષ્ટિએ વપરાય છે ત્યાં સુધી વસ્તુને કે વૃત્તિને વિકૃત કરવાનું મન કોઈને ય થતું નથી. પણ જ્યારે ખાવું એ ધર્મને બદલે પદાર્થો ભોગવવા એ ધર્મ એટલું જ અંગ રહે છે અને જરૂરિયાતનું લક્ષ્ય ચૂકાય છે, ત્યારે ખાવામાં કે સ્વાભાવિક પદાર્થો વાપરવામાં રસ આવતો નથી.

રસ મેળવવાની ઈચ્છા તો વૃત્તિમાં છે જ અને તે સહેતુક છે. પણ જરૂરિયાત જ રસ સર્જે છે, જરૂરિયાતમાંથી રસ ઉત્પન્ન થાય છે, એ વાત જ્યાં ભુલાય છે એટલે પદાર્થોમાંથી રસ નહિ અનુભવાતાં રસ મેળવવાની ઝંખનામાં માનવ પદાર્થોને વિકૃત કરે છે, ચૂંથે છે અને જેમ જેમ તે પદાર્થોને વિકૃત કરે છે, તેમ તેમ વિકૃત રસથી તેને વાસ્તવિક રસ મળતો નથી પણ ઊલટી રસની ઝંખના વધતી જાય છે. માનવજીવનના અસંતોષનું મૂળ અહીં છે.

પણ જીવનનાં મહત્વના અંગો જેવા કે ચિત્ત, બુદ્ધિ, મન, પ્રાણ ઈન્દ્રિયો વગેરે બધા વિકૃત થઈ ગયાં હોય, વિકૃતિના અધ્યાસથી ટેવાયેલાં હોય, ત્યાં આ વાત સાધક વિચારે તોયે સહસા હૃદયગ્રાહ્ય ન થાય. એટલે જ પ્રથમ અહીં દર્શાવેલ છે કે પદાર્થો, ઉપયોગિતાની દૃષ્ટિએ જ વાપરી શકાય અને ઉપયોગિતાનું ભાન તો સહજ રીતે થાય. જ્યાં સહજતા હોય ત્યાં ઉશ્કેરાટ ન હોય, ઉદીરણાયે ન હોય. આવા સંસ્કારો વિચાર અને ક્રિયા દ્વારા જેમ જેમ ઘડાતા જાય તેમ તેમ નૈસર્ગિક જીવન બનતું જાય, નૈસર્ગિક જીવનની સાધના કરાવે એ ધર્મ અને નૈસર્ગિક જીવન જિવાડે એ સંયમ.

(ઉદ્દેશક ૬, સૂત્ર ૪) ઉપયોગિતાની દૃષ્ટિએ દેહરૂપી સાધનનો જે સંયમીએ ઉપયોગ કર્યો છે તેને એ સાધન જીર્ણ થયે મોહ ન હોય એ સ્વાભાવિક છે. અણસણ એ એક છેલ્લી કસોટી છે. જીવનસાધનામાં એ સાધકે કેટલું મેળવ્યું એ આ પ્રસંગથી સહેજે મપાઈ રહે છે પણ સત્યાર્થી, આત્મલક્ષી, વીર અને ધીર એવા વિશેષણો વાપરી એવા જ પુરુષો તે પરીક્ષામાં પાર ઊતરે છે અને તેવા સાધકને અણસણ શ્રેયસાધક બને છે બીજાને નહિ, એમ સૂત્રકારે કહ્યું છે. એનો સારાંશ એ છે કે અણસણથી મૃત્યુને ભેટવું એ જેને સહજ હોય તે જ એનું શરણ લે.

(ઉદ્દેશક ૭, સૂત્ર ૧) વસ્ત્રત્યાગ કરો કે ધારણ કરો, માત્ર તે ક્રિયા તો સાધન છે, તેનું ક્ષણે ક્ષણે ભાન રહેવું ઘટે. વસ્ત્ર ધારણ કરવાં જ જોઈએ, નહિ તો આદર્શ ન ગણાય, તેમ જ વસ્ત્ર ત્યાગવાં જ જોઈએ તો જ મુક્તિ મળે, આ બન્ને આગ્રહોમાં સત્યનો અપલાપ છે. તેથી જ સૂત્રકાર કહે છે કે, વસ્ત્ર ત્યાગ કે વસ્ત્રધારણ એ માત્ર બાહ્ય વ્યવહાર તો એક સાધન માત્ર છે. જેમ જેમ ભૂમિકા ફરે તેમ તેમ તેમાં પલટો થાય એ સ્વાભાવિક છે, થવો પણ જોઈએ, એને એક જ સ્વરૂપે પકડી રાખવામાં ઊલટું ધ્યાન હણાય છે. માટે કહ્યું છે કે સાધકને ક્યારેક વસ્ત્ર હોય ક્યારેક અચેલ થાય, બંને ધર્મો આત્માને હિતકારી છે. આ જાણી જ્ઞાની કોઈ સ્થિતનું દુઃખ ન કરે.–*(ઉત્તરા. અ.ર.)*

દા. ત. : જે સાધક સમાજની ચાલી આવતી રૂઢિને વશ થઈને કે પ્રશંસા ખાતર કે એવા બીજા કોઈ કારણને વશ થઈને વસ્ત્ર ત્યાગી શકે છે પણ અભિમાન કે કદાગ્રહ ત્યાગી શકતો નથી, એ સાધક આ જાતનો બાહ્ય ત્યાગ કર્યાથી કઈ શાંતિ મેળવી શકવાનો ? સારાંશ કે બાહ્ય ત્યાગ આંતરિક ઉપાધિ ઘટાડવાની દૃષ્ટિએ ઉપયોગી છે. આંતરિક ઉપાધિ તો સમજ અને શક્તિપૂર્વક કરાયેલા ત્યાગથી જ ઘટી શકે. એટલે જ્યાં સુધી તેવી સ્થિતિ રહેતી હોય ત્યાં સુધી જ ત્યાગ પથ્ય બને છે અને શક્તિ કે સમજ વિનાનો ત્યાગ પ્રાયઃ દંભ, માયા અને પતનના કારણભૂત બની રહે છે, આ વાત ચિંતનીય છે.

(ઉદ્દેશક ૭, સૂત્ર ૩) સૂત્રકાર પ્રતિજ્ઞા પર ભાર મૂકતા કહે છે કે પ્રતિજ્ઞા એ સંકલ્પબળ વધારવાનું પ્રબળ સાધન છે. સાધકની સાધનામાં પ્રતિજ્ઞા એ સહચરી જેવું કાર્ય કરે છે. રખે એ કોઈ પ્રતિજ્ઞાને બંધનરૂપ માનીને અવગણે! જે સાધકો પ્રતિજ્ઞાને પરતંત્રતા માની દૂર રહ્યા છે, તેમાંના અપવાદ બાદ કરીએ તો તે લગભગ સ્વચ્છંદતા અને ઉચ્છૃંખલતાનાં ચક્રોમાં ફસાઈને સ્વતંત્ર નહિ પણ પ્રકૃતિ અધીન બની પતન પામ્યા છે. પણ આટલું સાંભળી કોઈ સમજ્યા વિના ગમે તે જાતની પ્રતિજ્ઞા લઈ સંતોષ ન માને, પણ એને સમજીને સ્વીકારે; એટલા ખાતર ઉપર પ્રતિજ્ઞાનું સ્વરૂપ સ્પષ્ટ કર્યું છે. જો કે ઉપરની પ્રતિજ્ઞા તો ભિક્ષુ અને શ્રમણ સાધકને અનુલક્ષીને છે, પરંતુ તેમાંથી ભાવ એ નીકળે છે કે પ્રત્યેક સાધકે એવી પ્રતિજ્ઞા લેવી જોઈએ કે જે પ્રતિજ્ઞાથી વૃત્તિ પર કાબૂ આવે અને વિકાસ થાય. સૂત્રકારે એમ પણ કહી દીધું છે કે પ્રતિજ્ઞાનું ફળ ઉધાર નથી, રોકડું છે. જે જાતની પ્રતિજ્ઞા કરી હોય

એટલા દઢતાના સંસ્કારો સ્થાપિત થાય.

(ઉદ્દેશક ૭, સૂત્ર ૪) અહીં સૂત્રકારે જીવનકાળ પૂરો થાય ત્યારે કઈ જાતનું સમાધિમરણ સાધવું એ વાત કહી છે. આવાં મરણો પ્રાયઃ વિશિષ્ટ ત્યાગી પુરુષોના હોઈ શકે કે જેઓ પોતાના આયુષ્યને, અંતસમયને પણ યથાર્થ જાણી શકે. આવાં મરણો પૂર્વકાળના શ્રમણ સાધકોમાં સહજ રીતે થતાં હતાં. જેનું જીવન સમાધિમાં ગયું હોય, એનું મરણ સમાધિપૂર્વકનું હોઈ શકે.

આ મરણો ઈચ્છાપૂર્વકના હોય છે. એમાં આગ્રહ, પ્રતિષ્ઠાનો મોહ કે વિષાદના અનિષ્ટ તત્ત્વો હોતાં નથી; કારણ કે એ તત્ત્વો હોય તો એ મરણ સમાધિમરણ ન ગણાય. આ મરણને જૈન પરિભાષામાં અણસણ કહેવામાં આવે છે અને શાસ્ત્રકારો એના ત્રણ ભેદો પાડે છે : ભક્તપરિજ્ઞા, ઈંગિનીમરણ અને પાદપોપ—ગમન.

ભક્ત પરિજ્ઞામાં માત્ર ચતુર્વિધ આહારનો પરિહાર હોય છે. ઈંગિત મરણમાં ચારે પ્રકારના આહારના ત્યાગ ઉપરાંત ક્ષેત્રસ્થાનની પણ મર્યાદા હોય છે કે આટલાં જ ક્ષેત્ર કે સ્થાન સિવાય બીજું ન કલ્પે ઈત્યાદિ. તેમજ પાદપોગમનમાં તો પ્રાણાંતપર્યંત વૃક્ષની માફક સ્થિર, નિશ્ચેષ્ટ અર્થાત્ કે વ્યાપાર રહિત રહેવાનું હોય છે.

(ઉદ્દેશક ૮, ગાથા ૧) મૃત્યુ એટલે એક દેહ છોડવાની અંતિમ પળ અને બીજો દેહ ધારણ કરવાની પૂર્વ પળ. આમ હોવા છતાં જીવમાત્રને પછીની સ્થિતિના અજ્ઞાનથી પૂર્વસાધન પર મોહ અને મમતા રહે છે. જોકે એક ઘરમાં જ્યાં સુધી રહેવાનું થતું હોય ત્યાં સુધી તેના પ્રત્યે મોહ કે મમત્વ હોવા છતાં સમભાવ હોય એવું લાગે ખરું; પણ જ્યારે એ છોડવું પડે ત્યારે કોઈ એક પ્રકારનો વિચિત્ર અનુભવ થાય છે. તેમ દેહ છોડતી વખતે આ જીવાત્માને પણ તેવું જ કંઈ લાગે એ સ્વાભાવિક છે. પણ આ તો સામાન્ય જગતની વાત થઈ. સાધક જીવનથી આ ભાવનાનો પલટો થાય છે અને થવો જોઈએ. દેહભાનથી હું પર છું એનો જેટલો અનુભવ કરે, તેટલાં એનાં બાહ્ય પદાર્થો પરથી મોહ અને મમતા ઘટે.

સાધકોને સંબોધીને અહીં સૂત્રકાર મૃત્યુ વખતે સમાધિ જાળવવાની વાત વદે છે. સમાધિ એટલે આત્મલીનતા. સાધકે જીવનભર જાગરુક રહેવાનો પ્રયત્ન કર્યો હોય તો યે, અંતિમ પળ એ એની અંતિમ પરીક્ષા છે. અનુભવથી એમ જણાય છે કે, ઘણીવાર એક વિદ્યાર્થી ચાલાક અને હોશિયાર હોવા છતાં ય પરીક્ષાની પળો એને ગભરાવે છે, એમ જ્ઞાની સાધકના સંબંધમાં પણ ઘણીવાર બને છે. એ જીવનભર સુંદર જીવ્યો હોય, તો ય મૃત્યુની પળો એને મૂંઝવે છે. એટલે જ મૃત્યુની પળે પૂર્ણ સાવધ રહેવું એવું મહાપુરુષો પુનઃપુનઃ કહે છે.

અહીં સંયમી, ધીર અને જ્ઞાની એ ત્રણે વિશેષણો સાર્થક છે. સંયમી એટલે સંયમને જીવનમાં વણનાર. પણ સંયમી તો ધીર—સહિષ્ણુ હોવા જોઈએ. એને આ બન્ને ગુણો હોય તોય જ્ઞાનવિવેક ન હોય તો પરિણામ ઊંધુ આવે. એટલે કે સંયમ, ધીરજ અને વિવેક એ ત્રણે ગુણો સાધકમાં હોવા ઘટે. સમાધિ કેળવવામાં આ ત્રણે સદ્‌ગુણો જરૂરના છે.

સૂત્રકાર મહાત્મા અહીં 'શક્તિ પ્રમાણે' એવું પદ મૂકી 'પથારી હોય તેવડી સોડ તાણવી' 'શક્તિ હોય તેટલું કરવાની હામ ભીડવી' એવું સૂચન કરે છે. આ વાત તો વ્યવહારમાં પણ પ્રસિદ્ધ છે. એટલે એ તો સહેજે

સમજાય તેવું છે. પણ શક્તિનો અર્થ અહીં એ છે કે, પોતાનાં નિશ્ચયબળ અને વિવેકબુદ્ધિ એ બેનો વિચાર કરી કોઈ પણ ક્રિયાનો પ્રારંભ કરવો, કે જેથી એ કાર્ય સાંગોપાંગ પાર ઉતરે. ઘણીવાર શક્તિ નથી એમ માનીને ઘણા મનુષ્યો વિકાસની ક્રિયા તરફ લક્ષ્ય આપતા નથી, એ યોગ્ય નથી, કારણ કે શક્તિ તો સૌમાં છે જ; માત્ર એને કેળ વવી જોઈએ. એ કેળવવા માટે માનવને ઈતર પ્રાણીઓ કરતાં વધુ સુંદર અને અનુકૂળ સાધનો તથા અવસર બન્ને છે. એટલે શક્તિ નથી એમ કહીને એ પોતાની ફરજથી ન જ છૂટી શકે, અને છૂટે તો તે બેવડો ગુનેગાર ગણાય.

સારાંશ કે અહીં શક્તિ પ્રમાણેનો ઉલ્લેખ ક્રિયા ઉતાવળથી ન કરવી ઘટે એટલું સમજાવવા પૂરતો છે, ક્રિયા ન કરવી એ માટે નહિ. શક્તિ નથી એમ માનવામાં ભૂલ અને દંભ છે. હા, એ બનવા યોગ્ય છે કે તેમાં અલ્પતા કે બહુતા હોય તોયે શક્તિ અલ્પ હોય તો એને વધુ કેળવી અને સમાધી સાધવી એ સૌનું કર્તવ્ય થઈ પડે છે અને શક્તિ ક્રમપૂર્વક ચાલવાથી આવે જ છે, એ વાત જો નિશ્ચિત છે તો પછી શુદ્ધ માર્ગે પુરુષાર્થ કરવો જ રહ્યો.

(ઉદ્દેશક ૮, ગાથા ૪, ૫) સમાધિનું લક્ષ્ય હોય એ સાધક મરણ અને જીવન બન્ને માત્ર કર્મજન્ય સહજ અવસ્થા છે એમ સમજે. જેને આવું સમજાય એને જીવનનો મોહ કે મરણનો ભય એ બેમાંથી કશુંયે ન હોય એ સ્વાભાવિક છે. એવો સાધક જીવે ત્યાં સુધી મધ્યસ્થ ભાવથી જીવી શકે અને મરણ આવે તો તેને પ્રસન્ન હૈયે ભેટી પણ શકે. એ વખતની તપશ્ચર્યા પણ એ જ હેતુએ ઉપયોગી છે.

પ્રત્યેક સમયે ધ્યેય તરફ લક્ષ્ય રાખવું; ધ્યેયને બાધિત હોય તે ક્રિયાને ન પકડવી અને ધ્યેયને બાધક થાય તેવી ક્રિયા પકડી હોય તો યે એને છોડી દેવી અથવા વિવેકબુદ્ધિથી આચરવી.

(ઉદ્દેશક ૮, ગાથા ૮–૯) અણસણ કરવા માટે અમુક જ ક્ષેત્ર જોઈએ, બીજું હોય તો ન ચાલે એવા આગ્રહને સ્થાન નથી; કારણ કે સ્થાન એ તો માત્ર નિમિત્ત છે. ઉપાદાનની પૂર્ણ તૈયારી હોય તો નિમિત્તની પ્રતિકૂળતા તદ્દન ગૌણ બને છે. પણ માત્ર એટલો વિવેક રાખવો જોઈએ કે તે સ્થાન પવિત્ર હોવું ઘટે. સ્થાનના શુદ્ધ આંદોલનો સમાધિમાં સહકારી નીવડે છે અને બીજી વાત અંતિમ સમયે આવી પડતી આફતોના સંબંધમાં કહી છે. પ્રથમ ક્ષુધા, રોગ વગેરે સ્વજન્ય સંકટોની વાત હતી. જોકે આફત એ આફત જ છે. પણ તોયે પોતે આફતને જાણે છે તે સહન કરવી સહેલી છે. પરંતુ અન્ય તરફથી અને તે પણ કોઈ જાતના વાંકગુના વગર જે આફત આવે છે એ અપરિચિત હોવાથી સહવી કઠિન થઈ પડે છે. જો કે સ્વજન્ય કે પરજન્ય કોઈ પણ જાતની આફતો આવે છે એ આકસ્મિક નથી, પણ એ દેખાતાં કે નહિ દેખાતાં એવાં પોતાનાં જ કરેલા કર્મોનું પરિણામ છે અને તે પોતાને જ ભોગવવા રહ્યાં, એવી જેની શુદ્ધ સમજ છે તેને માટે સહનશક્તિનો પ્રશ્ન ગૌણ છે. કારણ કે વિવેકી સાધક એ બધું પ્રેમપૂર્વક સહી શકે છે. સહવું એટલે કેવળ ભોગવી લેવું એટલું જ નહિ, બલકે એ સંકટોનાં નિમિત્તો પર લેશ માત્ર પણ મનમાં કલુષિત ભાવ કે પ્રતિકારક ભાવ ન આવવા દેવો એ જ આદર્શ સહિષ્ણુતા છે.

જોકે આવા ઉચ્ચ સાધકો પાસે એવી સિદ્ધિ, શક્તિઓ અને એટલું સામર્થ્ય હોય છે કે તેઓ ધારે તો બેઠાં બેઠાં પણ અનેક બળો સામે પ્રતિકાર કરી શકે છે; તો યે તેઓ એનો પ્રયોગ કરવાનું ઈચ્છતા નથી, એટલું જ નહિ પણ બીજાનું અનિષ્ટ સુદ્ધાં ચિંતવતા નથી. આ દશા જ એમની સાચી સહિષ્ણુતાની કે સમભાવની પ્રતીતિરૂપ છે.

મચ્છરના એક નાના સરખા ચટકાને સહન કરવામાં પણ કેટલી સહિષ્ણુતા કે બળની આવશ્યક્તા પડે છે, એનો ખ્યાલ અનુભવથી આવી શકે તેમ છે. પણ એ બળ જેમ વાતો કરવાથી કે માત્ર શરીરશક્તિ કેળવવાથી આવી જતું નથી, તેમ સહવાથીયે આવી જતું નથી. એ માટે તો જબ્બર નિશ્ચયબળ જોઈએ. "જગતની કોઈ પણ ક્રિયા અસહજ થતી નથી. સર્પ કે સિંહનું અમુકને કરડવું, અમુકનું અમુકને જ ઉદ્દેશીને રંજાડવું વગેરે થાય છે તે એનામાં પરસ્પર રહેલા વૈર અને ભયના સંસ્કારોને લીધે જ થાય છે. આવો જેને દઢ નિશ્ચય છે," તે જ સાધકમાં આટલું બળ આવી શકે છે. એ જાતના બળ વિના સહન કરવું સહેલું છે, પણ સમભાવ જાળવવો દુર્લભ નહિ તો અશક્ય છે. એથી જ સૂત્રકાર મહાત્મા કહે છે કે, જે સમાધિ ઈચ્છતો હોય તેણે આ બાહ્ય પ્રતિકારથી મનને પર રાખવું.

(ઉદ્દેશક ૮, ગાથા ૨૩, ૨૪) જોકે જીવનમાંય પળેપળે દ્વંદ્વ તો છે જ. પરંતુ એ એટલું ધીમું હોય છે કે સામાન્ય માનવીને તે સ્પષ્ટ દેખાતું નથી અને એથી એ અનેક દ્વંદ્વો વચ્ચે પણ જીવનની આશાના મધુબિંદુએ ચાલ્યો જ જાય છે. પણ જ્યારે મૃત્યુની નોબત વાગે છે ત્યારે એની ઊંઘ ઊડી જાય.

એક તરફની એની જીવનઆશા રૂંધાય છે અને બીજી તરફ એના બાંધેલા અનેક આશાઓ, મહેચ્છાઓ અને કલ્પનાઓના કોટ ટૂટી પડે છે. આ બે તરફના મારા વચ્ચે રહેલો માનવી મૂંઝાય છે, અકડાય છે, ચોમેર ઝાવાં મારે છે, કરુણ કાકલૂદી કરે છે અને ભાન ભૂલે છે. એટલા જ સારુ સૂત્રકાર મહાત્મા મરણકાલીન સ્થિતિને સમાધિમય રાખવાના વ્યવહારુ ઉપાયો દર્શાવી પુનઃપુનઃ તે યાદીને તાજી કરાવે છે. આગળ પ્રતિકૂળ પ્રસંગોનું વર્ણન થયું. આ બન્ને સૂત્રોમાં અનુકૂળ પ્રસંગોનું વર્ણન છે. પ્રતિકૂળ પ્રસંગોમાં સમભાવ જેટલો સુલભ અને શક્ય છે તેટલો અનુકૂળ સંયોગોમાં નથી. તો યે જેને આત્મભાન થયું છે તેને એ અશક્ય તો નથી જ. શાસ્ત્રકારે મનુષ્ય સંબંધી અને દેવ સંબંધી બંન્ને પ્રકારના કામભોગોનો અહીં ઉલ્લેખ આપ્યો છે.

કામભોગોથી આ આખો સંસાર જકડાયો છે એમ તો સૌનો અનુભવ છે. પણ તે કામભોગો શાથી ઈચ્છાય છે ? એનો ઉકેલ એ કે તેમાં સુખ કલ્પ્યું છે માટે એની ઝંખના છે. પછી સૂત્રકાર કહે છે કે, સુખ જગતની કોઈ પણ અંતવાન વસ્તુમાં નથી, તે અનંતમાં છે અને અનંતનું સુખ તો અનંતમાં જ હોય ને ? જગતના જીવો જેમાં સુખ કલ્પે છે તે પદાર્થો પોતે નશ્વર છે, માટે જ સાચું સુખ નથી. દેવના ભોગોને રખે કોઈ સુખદ માને ! તે સારુ કહે છે કે દિવ્ય પદાર્થો પણ નશ્વર છે. સુખ જોઈતું હોય તો અનંતમાં શોધો, એવો આ સૂત્રનો સાર છે.

અણસણ એ શરીર છૂટતી વખતે શરીરજન્ય આસક્તિ જીવાત્માને જકડી ન લે તે સારુ એક ઉપયોગી સાધન છે. એટલા પુરતું તેનું અહીં ખૂબ મહત્ત્વ વર્ણવાયું છે. પણ તે ઉત્તમ છે, તેમાં ધર્મ છે, માટે સૌએ કરવું જ જોઈએ એવો આગ્રહ નથી. શક્તિ હોય એ જ એનું શરણું લે. પણ લીધા પછી છોડવું પડે એવું કોઈ ન કરે. જે ક્રિયા પ્રેમ, શ્રદ્ધા અને નિર્ભયતાથી સ્વીકારાય અને પ્રેમ, શ્રદ્ધા તથા નિર્ભયતાથી પળાય તે જ ક્રિયા સાધક નીવડે. જૈન મુનિ સાધકની કોઈ પણ ક્રિયા પ્રમાદ, અંધાનુકરણ, સ્વાભાવિકતા કે અવિવેક બુદ્ધિથી યુક્ત ન હોવી ઘટે. એટલું પ્રત્યેક સાધક વિચારે.

## નવમું અધ્યયન

(ઉદ્દેશક ૧, સૂત્ર ૧) ભગવાન મહાવીરનું મૂળ ગામ ક્ષત્રિયકુંડ. તેમના પિતાનું નામ સિદ્ધાર્થ. માતાનું નામ

ત્રિશલા. તેઓએ પ્રથમ તો ગૃહસ્થાશ્રમી જીવન ગાળ્યું અને દયા, દાન, આતિથ્ય સન્માન, કૌટુંબિક ફરજો, રાષ્ટ્રધર્મ વગેરે ગુણો દ્વારા પોતાનું જીવન ખીલવીને જીવન વિકાસના પાદચિહ્નોની સાધના કરી લીધા પછી પોતાનું ક્ષેત્ર વિસ્તારી ત્યાગમાર્ગ અંગીકાર કર્યો હતો.

ત્યાગ એટલે જગતના અમુક ક્ષેત્રમાં કલ્પેલા કે બાંધેલા મોહજન્ય સંબંધને ખસેડી વિશ્વના સકળ જીવો સાથેના પ્રેમસંબંધમાં જોડાવાની તાલાવેલી જાગવી તે. આ તાલાવેલીને લીધે જ શ્રીમહાવીર પોતાનાં માનેલાં સ્ત્રી, પુત્ર, રાજપાટના સંકુચિત વર્તુળની મમતા છોડી વિશ્વના સકળ જીવજંતુઓ અને વનસ્પતિ જેવા સૂક્ષ્મ ચેતનો સાથે મૈત્રી જોડવા તત્પર થયા.

પોતાનું સ્થાન છોડવાનું પણ પ્રથમ પ્રયોજન તો એ જ કે પોતાને મમતા ન હોય તોયે બીજા મમતાળુ જીવો તાજા છૂટેલા સંબંધને લીધે દુઃખી થાય અને એમાંય એમને પોતાનું તથા પરનું અનિષ્ટ દેખાયું હોય અને બીજું કારણ એ પણ ખરું કે પોતે બીજાના મિત્ર છે એમ તો સૌ કોઈ કહે. પરંતુ એનો ખરો અનુભવ તો બીજાના સંસર્ગમાં આવ્યા પછી જ થઈ શકે. આ અનુભવની કસોટી ખાતર ત્યાગીએ શક્ય તેટલાં સ્થાનાંતરો કરવા અને વિવિધ પ્રકૃતિવાળા લોકોના માનસનો સમભાવે અભ્યાસ કરવો, એ એમની ફરજ હોવી ઘટે. પણ ત્યાંય એના ત્યાગનો ઉદ્દેશ એ ન ચૂકે, કે કોઈને બોજારૂપ પણ ન બને, એ રીતે એટલે કે ભિક્ષાચરીથી જીવન નિર્વાહ અને પાદવિહારથી સ્થાનાંતર ગમન કરે. આ બે વાતો લક્ષગત રાખી વિહરે.

(ઉદ્દેશક ૧, સૂત્ર ૨) શ્રી મહાવીરની બે ઉત્તમ ભાવનાઓ સ્પષ્ટ થાય છે. એક તો તીર્થંકરોની વાસ્તવિક પ્રણાલિકાને જાળવી રાખવાની અને બીજી નિરાસક્ત ભાવે પદાર્થ ગ્રહણ કરવાની. શ્રી મહાવીર ધારત તો એ એટલા સમર્થ પુરુષ હતા કે તદ્દન નવો પંથ સ્થાપી શકત, પણ એમણે સત્યની સહજ ઉપાસનાને જ જૈનદર્શન માન્યું હતું. પરંપરાથી જૈનદર્શન પ્રણાલિકા ચાલી આવતી હતી, પણ આસપાસના વાતાવરણને અંગે એ દર્શનમાં જે સંકુચિતતા કે અવાસ્તવિકતા પેસી ગઈ હતી તે જ દૂર કરવાની તે કાળે તેમને ખાસ જરૂરિયાત હતી.

જૈનદર્શનમાં જે જે તીર્થંકરો થાય છે તે નવું તીર્થ ઊભું નથી કરતા પણ માત્ર તીર્થનો પુનરુદ્ધાર કરે છે. શ્રી મહાવીરે ભગવાન મહાવીર થયા પછી પણ તે જ કાર્ય કર્યું છે અને પૂર્વની પ્રણાલિકામાં જે જે સિદ્ધાંતભૂત વસ્તુઓ હતી તે કાયમ રાખી માત્ર રૂઢીનું જ ભંજન કર્યું છે. સમાજ, દેશ કે વિશ્વમાં કાર્ય કરનાર પ્રત્યેક શક્તિધરને આ વાત ખૂબ મનનીય છે.

ઘણા સમર્થ સાધકોય વિકારના નાશને બદલે કેટલીકવાર વસ્તુનો નાશ કરવા મથી પડે છે. એ માર્ગે શક્તિના વ્યય સિવાય સ્થાયી ફળ કશું મળતું નથી; કારણ કે વસ્તુમાત્ર નિત્ય છે, તેનો સંપૂર્ણ નાશ કદી સંભવિત નથી. માત્ર સ્થિતિ અંતર થાય છે. એમ છતાં નાશનો પ્રયોગ થાય તો તે પ્રયોગથી તો ઊલટો એક વિકાર મટી બીજો વિકાર પેસી જાય છે.

આ સૂત્રની દૃષ્ટિએ અહીં શ્રી મહાવીરનો આ સાધનાનો કાળ છે. એટલે સાધકે સમર્થ હોય તોયે તેણે સાધનાના નિયમો પાળવા જ રહ્યા; અને એ દૃષ્ટિએ એમણે દિવ્ય દૂષ્ય સ્વીકાર્યું ખરું, પણ એ ભોગઅર્થે નહિ; ટાઢના નિવારણના અર્થેય નહિ, માત્ર પૂર્વપ્રણાલિકાની અપેક્ષાએ લીધું. એમ કહી સૂત્રકારે ત્યાગી સાધક પદાર્થોનો

ઉપયોગ કઈ ભાવનાથી કરે એ સમજાવી દીધું છે. ત્યાગીઓની દષ્ટિ સાધનોમાંય વિવેકબુદ્ધિ પૂર્વકની અને જરૂરિયાત જેટલી મર્યાદિત હોય. અને જે વસ્તુ જરૂરિયાત પૂરતી લેવાય તેમાં મોહ કે આસક્તિનું નિમિત્ત ભાગ્યે જ બને એ તો દેખીતી વાત છે. અહીં પણ આસક્તિના ત્યાગનો આશય ધ્વનિત થાય છે.

(ઉદ્દેશક ૧, ગાથા ૩) સાધનાનો ઘણો સમય તેઓ ચિંતન, મનન અને ધ્યાન ધરવા પાછળ પસાર કરતા હતા. ધ્યાન સમયે તો તેઓ એટલા એકાગ્ર થઈ જતા કે ત્યાં દીક્ષાભિષેકમાં પ્રયોજાયેલ સુગંધી દ્રવ્યોની ગંધથી આકર્ષાઈને ભ્રમરાદિ નાના જીવજંતુઓ આવી ગણગણાટ કરતા કે દેહ ઉપર બેસતા, તોયે તેમની એકાગ્રતાનો ભંગ થતો નહિ.

પ્રથમ તો આ સૂત્રમાંથી સાધુ પુરુષના ચોમાસાનો સ્થિરવાસ શા હેતુએ છે, તે વ્યક્ત થાય છે. ધરતી પટ પર વર્ષાઋતુમાં વનસ્પતિ તથા સૂક્ષ્મ જીવોની ઉત્પત્તિ ખૂબ બહોળા પ્રમાણમાં થઈ જવાથી વિહારને માટે એ ઋતુ પ્રતિકૂળ બને છે. પરંતુ નિસર્ગજન્ય પ્રતિકૂળતાઓ અનુકૂળતાઓના સર્જન માટે પૂર્વકારણરૂપ બને છે એ નિયમ પણ માનવીએ ભૂલવો જોઈતો નથી. સાધુ પુરુષોએ આઠ માસમાં ફરીને, બોલીને, અનેકના પ્રસંગોમાં આવીને પોતાની શક્તિઓ ને વાપરી નાખી હોય છે, તેનો સંગ્રહ કરવાનું આ ચાર્તુમાસમાં ઉપયોગી નીવડે છે અને જ્ઞાન, ધ્યાન, મૌન, ચિંતન અને કાયમી સ્થિરતાથી નવીન ચેતના જગવવવાનું પ્રબળ નિમિત્ત થાય છે. આ લક્ષ્ય જેટલે અંશે ન જળવાય તેટલે અંશે સાધકજીવન ફીકું દેખાય. વર્તમાનમાં દષ્ટિગોચર થતી ફીકાશ આ લક્ષ્ય તરફની બેદરકારીથી જન્મી છે એમ માનવામાં હરકત જેવું નથી. આજે શ્રમણ મહાવીરના જીવનમાંના આવા વાસ્તવિક અનુકરણ ભુલાયા છે.

(ઉદ્દેશક ૧, ગાથા ૪) આંખના ઉપયોગની આ વાત છે. પણ તે પરથી અહીં એ કહેવું પ્રાપ્ત થાય છે કે શ્રમણ મહાવીર પ્રત્યેક ઈન્દ્રિય અને દેહનો ઉપયોગ યથાર્થ જાળવતા. આંખથી જોવું એટલે આંખનો ઉપયોગ જાળવી લીધો એવું કોઈ ન સમજે ! જોવું એ આંખનો સ્વભાવ ખરો, પણ તે અને તેટલું જ જોવું જોઈએ કે જે અને જેટલું સંયમની દષ્ટિએ ઉપયોગી હોય. જેને આટલું ભાન રહે તેણે જ ખરી રીતે ઉપયોગ સાધ્યો છે એમ કહી શકાય.

ઉપ એટલે સમીપે, યોગ એટલે જોડાવું. જે ક્રિયા આત્માની સમીપ જવામાં સહકારી નીવડે એ ઉપયોગ ગણાય. આ રીતે ઉપયોગી પુરુષ પોતાની એક સૂક્ષ્મ ક્રિયા પણ વિવેક કે વિચારશૂન્યપણે નહિ કરે અને વિવેક તથા વિચારપૂર્વક કરેલી ક્રિયા પરપીડાકારી કે નિરર્થક પણ નહિ હોય. સારાંશ કે ઉપયોગ પૂર્વકની ક્રિયામાં અને સંયમમાં અહિંસાનો સમાવેશ સહેજે થઈ જાય છે.

નાનાં બાળકો ભયભીત થતાં કોઈ રડવા લાગતાં અને કોઈ ધૂળ પણ ઉડાડતા. આનું કારણ શ્રી મહાવીરનો શ્રમણવેશ હોય એવો અહીં ધ્વનિ છે. બાળકોની દષ્ટિમાં કોઈ નવીન પદાર્થ ચડે એટલે પ્રથમ તેમનામાં કુતૂહલબુદ્ધિ જાગે કે ભય પણ લાગે, એ સ્વાભાવિક છે. બીજું આ ઉપરથી એમ માનવાનું કારણ મળે છે કે તે વખતે શ્રમણ મહાવીર જેવો ત્યાગી વર્ગ ક્વચિત જ દેખાતો હોય; અને એ બાળકોની અપરિચિતતાનું પ્રબળ કારણ તો ખરું જ ને !

આ જ સૂત્રમાં વળી શ્રી મહાવીરની એકાગ્રતાનું યે આબેહૂબ બયાન વર્ણવાયું છે. શ્રી મહાવીર એટલે દયાના સાગર. અનુકંપાભાવના તો તેમની નસેનસમાં ઊભરાતી; એટલે બાળરુદનના નિમિત્ત ન બનવા વધુ વધુ

ઈચ્છે એ સંભવિત છે. છતાં માનો કે અપવાદ બને તો ય બાળકો રડે, છતાં તેમને છાનાં રાખવાં કે તેમના તરફ સહાનુભૂતિ દર્શાવવા ઊભા ન રહેવું એની પાછળ શ્રી મહાવીરની અજોડ એકાગ્રતા દેખાય છે. બીજાઓ પોતા પ્રત્યે કઈ દષ્ટિથી જુએ છે એવી જેને લોકેષણા નથી તે જ પુરુષની રસ્તે જતાં પણ આટલી ક્રિયા એકાગ્રતા હોઈ શકે.

(ઉદ્દેશક ૧, ગાથા ૫, ૬) શ્રી મહાવીર સાધના કાળમાં સર્વથા લોકસંગથી અલગ જ રહેતાં. ગુફા, વનખંડ કે તેવાં સ્થાનોમાં તેમનો એકાંત નિવાસ હતો. તોય આહારાદિ લેવા જતાં કે બીજે ગામ વિચરતાં માર્ગે વસતિ પરિચયનો પ્રસંગ પડતો એ સ્વાભાવિક હતું. સૂત્રકાર એ બીનાને અનુલક્ષીને અહીં આ વાત કહી નાખે છે.

વિશ્વમાં સ્ત્રી નિમિત્ત એ બીજા અનેક પ્રલોભનો કરતાં બળવાન નિમિત્ત છે. વાસનાનું સૂક્ષ્મ પણ બીજ રહ્યું હોય, ત્યાં આ નિમિત્ત અસર કર્યા વગર રહેતું નથી. સ્ત્રીદેહ પરનું આકર્ષણ અને નિરીક્ષણ એ બંને ય અંતર્મનમાં વાસના હોય ત્યારે જ સંભવે છે. દેહસૌંદર્યથી ભરપૂર સ્ત્રીઓ સ્વયં આવીને આ રીતે યાચના કરે છતાં મનથી પણ અડોલ રહેવું, એમાં શ્રી મહાવીરનો કેવળ સંયમ કે ત્યાગ જ નહિ, પણ ત્યાગની પાછળના આદર્શનું, નિરાસક્તિયોગનું, વાસના વિનાની આત્મલીનતાનું દર્શન થાય છે.

અહીં એક પ્રશ્ન થવો સંબંધિત છે કે જેણે વાસનાજય મેળવ્યો છે, તેવા યોગીને જોઈને સામા પાત્રને વિકારી ભાવના કેમ જન્મે ? આ પ્રશ્ન ખૂબ તાત્ત્વિક છે. સ્વજાતીય તત્ત્વ વિના આકર્ષણ સંભવિત નથી, તેમ નિર્સગનો કે કર્મનો અબાધિત નિયમ સાક્ષી પૂરે છે. પણ એક વાત અહીં ભૂલવા જેવી નથી કે કેટલીક વાર એક વ્યક્તિ બીજામાં તે ભાવ ન હોય તો યે તેનું આરોપણ કરી શકે છે. જો કે ક્રિયા થવી કે ન થવી, આકર્ષણનું વધુ વખત ટકવું કે ન ટકવું, એ સામા પાત્રની વાસનાની તરતમતા ઉપર આધાર રાખે છે. પણ કોઈ નિર્વાસનામય પદાર્થ પર પણ આરોપિત કલ્પના દ્વારા આ રીતે આકર્ષણ સંભવે છે. કોઈની આકૃતિ કે તેવું કંઈક જડ પદાર્થનું નિમિત્ત મળતાં યે આવું આકર્ષણ થતું અનુભવાય છે. પણ તે આકષર્ણ ક્રિયામાં ન પરિણમે એટલો જ ફેર.

(ઉદ્દેશક ૧, ગાથા ૧૨) અહીં શ્રમણ મહાવીરના આ અતીન્દ્રિય જ્ઞાનની પ્રતીતિ છે. જૈનદર્શન સિવાય કોઈ પણ દર્શનમાં મહાવીરના કાળ સુધી પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ કે વનસ્પતિ જેવા સ્થિર તત્ત્વોમાં ચેતન છે એવું વિધાન મળતું નહોતું. તેવા વખતે શ્રી મહાવીરના ધ્યાનદ્વારા આત્મજ્ઞાનનો વિકાસ થતો ગયો તેમ તેમ આખા જગતનો કોયડો ઉકેલાતો ગયો અને શ્રમણ મહાવીરની અહિંસાની વ્યાખ્યા વધુ વ્યાપક થતી ગઈ.

આખા વિશ્વ સાથે જેને મૈત્રી સાધવાનો કોડ હોય, જેને જગતના જીવો સાથે પ્રેમનો મહાસાગર ઢોળવો હોય તે એક સૂક્ષ્મ ચૈતન્ય પરત્વે પણ ઉપયોગ શૂન્ય વ્યવહાર ન રાખી શકે, લેશ પણ ગફલતભર્યું જીવન ન જીવી શકે, એમ શ્રમણ મહાવીરે ત્યાગમાર્ગમાં જીવીને બતાવ્યું અને સમજાવ્યું કે ત્યાગ વિના પૂર્ણ દયા કે અહિંસા જીવનના એક એક વ્યવહારમાં વણાઈ શકતી નથી. આરંભથી મુક્તિ પણ આ જાતના સાચા જ્ઞાન પછી જ મેળ વી શકાય છે. ત્યાં સુધી નિમિત્ત ન મળે, તો આરંભની ક્રિયા ભલે ન દેખાય પણ આરંભ તો છે જ, આરંભનું મૂળ વૃત્તિમાં છે. તે વૃત્તિના સંસ્કારો પછી પલટાઈ જાય છે અને એ રીતે આરંભક્રિયાથી મનનો વેગ પાછો હટી જાય છે.

શ્રી મહાવીર પણ આવું જીવન જીવીને છ કાયના પિયર અને છ કાયના નાથ બન્યા. આજે તો વિજ્ઞાન

દ્વારા આખું જગત સ્વીકારતું થઈ ગયું છે કે પાણી અને વનસ્પતિમાં ચેતન છે અને લાગણી પણ છે. આ જગતકલ્યાણનો અનુપમ ઉપકાર કશાય બાહ્ય સાધન વિના આત્મજ્ઞાનથી જ જાણનાર એ મહાન તત્ત્વચિંતક તપસ્વી શ્રી મહાવીરના ઉદાર ચરિત્રની, પ્રભાવની અને વાણીની પ્રસાદીરૂપ છે, એમ આજે પાશ્ચાત્ય વિદ્વાનો પણ મુક્તકંઠે ઉચ્ચારે છે. આ ઉપરથી એ પણ ફલિત થયું કે જ્ઞાન બહાર નથી; બહાર દેખાય છે તે જ્ઞાનના માત્ર સાધનો છે, જ્ઞાન નહિ. એટલું જાણ્યા પછી કયો આત્માર્થી અંતર તરફ નહિ વળે ?

(ઉદ્દેશક ૧, ગાથા ૧૩) કર્મ એ જ ભવભ્રમણનું અને સંસારની વિચિત્રતાનું કારણ છે. આ વાતને એક યા બીજી રીતે બધા આસ્તિકવાદી દર્શનો, મતો અને ધર્મો સ્વીકારે છે. કર્મ પોતે જડ હોવા છતાં જ્યાં સુધી જીવને તેનો સંગ હોય ત્યાં સુધી તેને જન્મમરણના ચક્રમાં ફરવું અને જગત સાથે સંબંધિત રહેવું અનિવાર્ય છે. એટલે જો કર્મ છે તો પુનર્ભવનો સ્વીકાર પણ કરવો જ પડે છે અને હવે તો પ્રત્યેક પાશ્ચાત્ય તત્ત્વજ્ઞાની પણ એ વાત કબૂલ કરતા થઈ ગયા છે. એટલે આ સિદ્ધાંતને આથી વધુ દલીલોની આવશ્યકતા દેખાતી નથી. પરંતુ કર્મવાદનો સ્વીકાર કરવા છતાંયે આજે બહોળા વર્ગની એ માન્યતા છે કે આખો સંસાર સ્વયં નિયમિત અને વ્યવસ્થિત ચાલે છે. **એટલે કે જે જીવાત્માઓ જે યોનિમાં જન્મે છે તે પાછા ત્યાં જ જન્મી કર્મ એકત્રિત કરી મરીને પુનઃ તે તે સ્થાનોમાં અને યોનિઓમાં જન્મે છે. જ્યાંના કર્મ હોય ત્યાં જ તેને અવતરવું રહ્યું.** જગતમાં જે કંઈ નિયમિતતા અને વ્યવસ્થિતિ દેખાય છે તેનું કારણ કર્મનો નૈસર્ગિક કાયદો જ છે. પણ નિયમિતતા અને વ્યવસ્થિતિ બીજા પદાર્થોને તેની યોગ્યતા પ્રમાણે નિયમિત અને વ્યસ્થિત રાખે એટલું જ એનું કાર્ય. કર્મ એ પોતે તો વિચિત્ર છે જ. મોરને પીંછા આવે, ગાયને શિંગડા આવે અને ગજરાજ ને સૂંઢ આવે એ દેખાતી જગતની વિચિત્રતા કર્મની વિચિત્રતાને જ આભારી છે અને વિચિત્ર કર્મોનું પરિણામ પણ ભિન્ન હોવું જ જોઈએ. બધાં કર્મોનું પરિણામ એક જ રૂપે કેમ હોઈ શકે ?

ભગવાન મહાવીરે પોતાની સર્વજ્ઞતા દ્વારા એમ સ્વીકાર્યું છે કે સ્થાવર અને ત્રસ કોઈ પણ જીવો પોતાના શુભાશુભ કર્મદ્વારા નીચ કે ઉચ્ચ યોનિઓમાં જઈ શકે છે. તે ત્યાંના ત્યાં જન્મે એવો જરૂરી નથી અને ન્યાયપૂર્ણ પણ નથી. અનુભવ પણ એમ જ કહે છે કે જે કર્મમાં જીવાત્માને વિકાસ આપવાની શક્તિ હોય તે કર્મમાં જીવને પતન આપવાની પણ શક્તિ હોવી અસ્વાભાવિક નથી. જો કર્મ એક જ પ્રકારનાં હોતાં નથી તો તેનાં પરિણામો પણ ભિન્ન ભિન્ન કોઈ યોનિમાં ઉત્પન્ન થવું એ આત્માના ઉચ્ચ કે નીચ સંસ્કારો પર નિર્ભર છે. જે જાતના જીવન સંસ્કારો હોય તે જાતની યોનિમાં તે જીવ યોજાઈ રહે એ કર્મના અચળ અને વ્યાપક કાયદાને આભારી છે અને તે ઊંડું વિચારતાં સ્પષ્ટ સમજાય તેવી બીના છે. સંસ્કારોમાં અજ્ઞાનજન્ય ક્રૂરતા અને સ્વાર્થ હોય તો તે સંસ્કારો જંગલી ભયંકર પશુયોનિમાં જ લઈ જાય, કારણ કે તેમનું સ્વજાતિય તત્ત્વ ત્યાં હોય. સારાંશ કે કર્મની વિચિત્રતાનું મુખ્ય કાર્ય તો યોનિનું પરિવર્તન કરવું એ છે. સાધન સંપત્તિ મળવી કે ન મળવી એ તેના કર્મની ઉપલી બાજુ છે કે જેનો સીધો સંબંધ આત્મા સાથે નહિ પણ માત્ર દેહ સાથે છે. આને પુણ્ય અને પાપ તરીકે ઓળખવામાં આવે છે. પણ તે સાધનરૂપ હોય છે. સાધનનો સંબંધ સાધ્ય સાથે સમવાયરૂપે નિત્ય અને અનિવાર્ય હોતો નથી. ચિત્ત ઉપર જે સંસ્કારો પડે છે તે તો જીવાત્માની સ્થિતિ જ છે અને તે સ્થિતિ જુદી જુદી ગતિ અને ગતિમાં રહેલી ભિન્ન ભિન્ન યોનિઓમાં નિયમને અધીન બની જીવને ખેંચી જાય છે. પરિણામે,એકની એક ગતિ કે એકની એક યોનિમાં જીવની રહેવાની વિચારણા આ સૂત્રથી નિરસ્ત થઈ જાય છે.

રાગ અને દ્વેષ બે જ જીવનું ભિન્ન ભિન્ન યોનિઓમાં ગમન કરાવે છે, તે સંસ્કારોનું અને જુદી જુદી સાધન–સંપત્તિ મેળવવાનું અને ગુમાવવાનું મૂળ છે, આથી એનો ક્રમિક સંક્ષય કરવો એ જ વિકાસનો હેતુ છે અને એનો સંપૂર્ણ ક્ષય કરવો એજ વિકાસની પરાકાષ્ઠા. આવુ શ્રી મહાવીરે જાણ્યું અને તેથી જ રાગદ્વેષના વિનાશાર્થે સાધના આદરી. આ સાધનાનું મુખ્ય સાધન તે સમભાવ.

(ઉદ્દેશક ૧, ગાથા ૧૪) સ્વાનુભવની આ સચોટ સાધના ક્રમપૂર્વક થવાથી જ તે ભગવાનના પદને પ્રાપ્ત થયા હતા તે બતાવવા પૂરતું 'ભગવાન' વિશેષણ વપરાયું છે. ઉત્તમ પ્રકારનું બીજ કે જે ફલિત થયા વગર રહેતું જ નથી, એવા ક્ષાયિક સમક્તિની ઉચ્ચકોટિની ક્ષપકશ્રેણીનો ઉપર નિર્દેશ છે. (ક્ષપકશ્રેણી ૮ થી ૧૨ ગુણસ્થાનક સુધી હોય છે.) ક્ષપકશ્રેણીવાળા જીવને હવે પતન નથી. તેથી જ એને ભગવાન વિશેષણ ઉપયુક્ત છે. બીજે સ્થળે તો ઉપરનાં સૂત્રોમાં મુનિ, શ્રમણ, જ્ઞાતપુત્ર, મહાવીર વગેરે વિશેષણો આવ્યાં હતાં. દિવ્યવસ્ત્ર પાસે આવેલું 'ભગવાન' એ વિશેષણ ભાવી તીર્થકૃતની પ્રતીતિરૂપ સમજવાનું છે.

મમત્વ એ સમભાવનું ઘાતક શસ્ત્ર છે. એટલે પહેલા શ્રી મહાવીરને એ બાધક કારણોનો નાશ કરવો આવશ્યક લાગ્યો તથા મમતા ઉતારવી ઈષ્ટ થઈ. એટલે પહેલાં એમણે ગૃહસ્થાશ્રમમાં અર્પણતાના ગુણને ખીલવ્યો, વરસીદાન કર્યું, અનુકંપા સેવી, કુટુંબ, સમાજ અને રાષ્ટ્ર સાથેની ઉચિત કર્તવ્યપ્રણાલિકા જાળવી, પછી જ વૈરાગ્યભાવની જાગૃતિ થતાં પદાર્થોનો ત્યાગ રાજમાર્ગ તરીકે સ્વીકાર્યો. પરંતુ બાહ્યત્યાગ પછી સંતોષ ન પકડી લેતાં જિજ્ઞાસા જાગૃત રાખી એમણે આ રીતે ધ્યાન, ચિંતન અને નિરીક્ષણ દ્વારા આંતરિક મમત્વને ઘટાડવા માંડ્યું. એ મનની ક્રિયા હેતુએ નહોતી થતી, પણ મમત્વવૃત્તિના પલટા માટે થતી હતી.

(ઉદ્દેશક ૧,ગાથા ૧૫) દેહ છે ત્યાં સુધી હલન, ચલન, ખાન, પાન અને એવી આવશ્યક ક્રિયાઓ રહે, અને એ ક્રિયાઓ દેહ, ઈન્દ્રિયો, મન અને આત્માની એકવાક્યતા વિના જન્મે નહિ; એટલે કર્મબંધન તો છે જ. પરંતુ નિરાસક્ત ભાવે બંધાયેલું કર્મ નિબિડ કે સ્નિગ્ધ નથી હોતું. તેનું આલોચના કે એવાં બીજા સાધનો દ્વારા તુરત નિવારણ થઈ જાય છે. તે ઈર્યાપ્રત્યયિકી કર્મ કહેવાય છે અને જે ક્રિયા આસક્તિપૂર્વક થાય છે, તે દ્વારા બંધાયેલું કર્મ સાંપરાયિક એટલે સંસાર વધારનારું કર્મ હોવાથી સાંપરાયિક કર્મ કહેવાય છે. આ બન્ને પ્રકારના કર્મોમાં બીજું બંધનકર્તા, દુઃખકર્તા અને સંસારકર્તા છે. તેથી એના ક્ષય તરફ જ પ્રધાન લક્ષ્ય હોવું ઘટે. શ્રી મહાવીરે તે તરફ જ વધુ લક્ષ આપ્યું હતું અને તેથી જ તે ક્રમિક વિકાસ પામ્યા હતા. એમ કહી સૂત્રકાર એમ ચોખ્ખું સમજાવી દે છે કે ક્રિયા તરફ જોવા કરતાં એ ક્રિયા શાથી અને શા સારુ થાય છે તે તરફ જુઓ; એટલે કે તમારી કઈ વૃત્તિ તમારી પાસે એ ક્રિયા કરાવે છે અને એ ક્રિયા પછી તેનું પરિણામ વૃત્તિ પર કેવા આકારમાં આવે છે એ તપાસતા રહો, પછી તે ક્રિયા વ્યવહારની હો કે ધર્મની હો. આનું જ નામ ઉપયોગ, જાગૃતિ કે સાવધાનતા.

(ઉદ્દેશક ૧,ગાથા ૧૮) સાધકે માનાપમાનમાં સમતા કેટલી કેળવી છે ? તેની ભિક્ષામય જીવનથી કસોટી થાય છે. ભિક્ષા એ ત્યાગી જીવનનું કપરું અને કઠિન વ્રત છે. ભિક્ષા અને પાદવિહાર એ બે એવા જ્ઞાનમાં સાધનો છે કે જે જ્ઞાન ભૂગોળના કે માનસશાસ્ત્રના અનંત ગ્રંથોથી ય ન મળી શકે. એવું લોક માનસનું જ્ઞાન આ બે સાધનો દ્વારા મળી રહે છે અને ત્યાગી જીવનના આદર્શનો પ્રચાર પણ આ બે સાધનો દ્વારા સહેલાઈથી ગામડે ગામડે ઘેર ઘેર પહોંચી વળે છે. એ દષ્ટિએ જ શ્રમણસંસ્થા માટે આ બે સાધનો નિમાયા છે.

શ્રમણ મહાવીર પૂર્વકાળના યોગી હતા અને જ્ઞાની પણ હતા, છતાં ગૃહસ્થ જીવનના આદર્શથી માંડીને ત્યાગના ઉત્કૃષ્ટ આદર્શ સુધી તેઓએ ક્રમ જાળવી જગત કલ્યાણ સારુ સાધકની વિકાસસીડી સમજાવી.

ગૃહસ્થાશ્રમમાં રહ્યાં તો યે ધ્યેયપૂર્વક રહ્યા, ગૃહસ્થાશ્રમ છોડયો તોયે ધ્યેયપૂર્વક છોડયો. સંબંધો છોડયા તે પણ સમજીને છોડયા. ત્યાગને આરાધ્યો તે પણ ક્રમપૂર્વક આરાધ્યો તથા સંયમનો અને તપશ્ચરણનો ક્રમ વગેરે બધુ ક્રમશઃ અને હેતુપૂર્વક પાળ્યું અને પ્રરૂપ્યું. વસ્ત્ર ધારણ કરો કે ત્યાગો એમાં મુક્તિના મૌક્તિક નથી, પણ મુક્તિ તો મૂર્છાના ત્યાગથી છે, એમ એમણે જીવી બતાવ્યું. તેઓના ત્યાગ માર્ગની વચ્ચે કંઈક સ્ત્રીઓનાં મધુર, ભોજનોનાં, મંજુલ સાધનોનાં અને ભક્તોના યશોનાં ઈત્યાદિ પ્રલોભનો હતાં તો યે તેઓ સંયમમાં સ્થિર રહ્યા અને કર્કશ વચનો, કલુષિત નિંદા તાડન તથા અપમાનનાં દુઃખો સામે પણ તેઓ અડોલ રહ્યા. આ રીતે એમણે પોતાના જીવનદ્વારા સાધકોને સમતાયોગની સાધનાનું રહસ્ય સમજાવ્યું. પોતાના પગ ઉપર ઊભા રહી જેમ શ્રી મહાવીર અલ્પમાંથી મહાન બન્યા અને ક્રમશઃ સંપૂર્ણ થયા, તેમ તે માર્ગે પ્રત્યેક સાધક પોતાની શક્તિ તપાસી, ક્રમપૂર્વક આગળ વધી, પોતાનું ધ્યેય નિશ્ચિત કરીને તે દ્વારા અભીષ્ટ સાધવાનો પ્રયાસ કરે.

(ઉદ્દેશક ૨, ગાથા ૫) "જેનો આત્મા જાગૃત થયો છે, તેની નિદ્રા પ્રમાદમય હોતી નથી; તે સૂતાં સૂતાં જાગૃત રહી શકે છે." જોકે આ વસ્તુ અનુભવગોચર છે. પણ આથી આંતર જાગૃતિ જોઈએ, બાહ્ય જાગૃતિની શી જરૂર છે એમ માની રખે કોઈ આનો દુરુપયોગ કરે ! બાહ્ય જાગૃતિ પણ આંતર જાગૃતિ જગવવાનું એક પ્રબળ સાધન છે અને જેની આંતર જાગૃતિ થઈ છે તે બહાર નથી જાગતો એમ સમજવાનું નથી, તે તો ઊલટો વધુ જાગૃત રહે છે. એટલે બાહ્ય જાગૃતિની જરૂર તે રહેવાની જ. અલ્પાહાર, રસત્યાગ, આસનબદ્ધતા, ઉપવાસ ઈત્યાદિ તપશ્ચર્યાઓ નિદ્રા ઘટાડવામાં સહકારી નીવડે છે. આ પદ્ધતિએ ઘટાડેલી નિદ્રા શરીરને હાનિકર પણ થતી નથી અને સાધનામાં સાથ પૂરે છે.

શ્રમણ મહાવીરે પોતાની સાધનાને વધુ સબળ બનાવવા અને આવી જાગૃતિ રાખવા અતિ દીર્ઘ તપશ્ચર્યાઓ કરી હતી; પણ તેમની જાગૃતિ એટલે માત્ર નિદ્રાનો ત્યાગ જ નહોતો, પણ એ જાગૃતિ આત્મભાનની જાગૃતિ હતી. શ્રમણ મહાવીર પણ સાધક દશામાં તો સાધક જ હતા. સિદ્ધ નહોતા; એ વાત અહીં ભૂલવી જોઈતી નથી. એટલે તેમની પણ ગફલત થવી સંભવિત જ હોય. તેથી ટીકાકાર સૂત્રકારના **जग्गावइ य अप्पाणं** એ પદના આશયને અનુસરીને એ વાતને સ્પષ્ટ કરે છે. સારાંશ કે જેમ પ્રમત્ત સાધક ચૂકે છે તેમ પ્રબળ નિમિત્ત મળે તો અપ્રમત્ત સાધક પણ ચૂકી જાય છે. બન્નેમાં ફેર એટલો કે અપ્રમત્ત સાધક તુરત જ પાછો ઠેકાણે આવી જાય છે અને પ્રમત્ત તેમાં ને તેમાં ગોથા ખાઈ ઊંડો ને ઊંડો ખૂંચે છે. આ જ તે બન્ને વચ્ચેનું તારતમ્ય છે. 'શ્રમણ મહાવીર તુરત જાગૃત થઈ જતા" એ પરથી એમનું આત્મભાન જણાઈ રહે છે. એ અખંડ આત્મભાનને લીધે તે શીઘ્ર પૂર્વાધ્યાસોનો પાર પામી શક્યા. આ પરથી શ્રમણ મહાવીર નિદ્રા નહોતા લેતા એમ નહિ પણ તેમના આસનસ્થ શયનમાં ધ્યાનસમાધિ તથા યોગનું વલણ અધિક જાગૃત હોવાથી એ નિદ્રા નિરર્થક નિદ્રા નહોતી, એટલો આશય ફલિત થયો.

(ઉદ્દેશક ૨, ગાથા ૭ થી ૧૦) સહેવું એટલે માત્ર ખમવું, એમ નહિ. કારણ કે આવું સહવાનું તો પરતંત્ર રહેલા જીવમાત્રને થાય છે. પશુ પોતાના અવિવેકી માલિકનો ભાર અને માર બન્ને સહી લે છે. ઘણાએ મનુષ્યો આવી સ્થિતિમાંથી પસાર થાય છે અને કુદરતના કોયડા આગળ સૌને સહ્યા વગર છૂટકો ય થતો નથી. પ્રલય, જળસંકટ,

અકસ્માત અને રોગોની આફતથી કોઈ છૂટી શકતું નથી. એવો અનુભવ પણ કયાં નથી ? પણ એ બધું જ્યારે સહન થાય છે ત્યારે એની સામે વૃત્તિ બળવો પોકારે છે. પ્રત્યક્ષ પ્રતિકાર કરવાની શક્તિ ન હોય તો બહારની ક્રિયામાં પ્રતિકાર ન દેખાય એવું ઘણીવાર બને ખરું, પણ પ્રતિકારની ભાવના રહે જ અને એ પ્રતિકારની ભાવનાનો જે સંસ્કાર વૃત્તિ પર દઢ થઈ જાય તે જ સંસ્કાર જે સ્થાનમાં સહવાથી કર્મમુક્તિ થઈ જવી જોઈએ તે જ સ્થાનમાં કષ્ટ સહીને પણ કર્મબંધન વધુ કરે. અહીં જ જ્ઞાની અને અજ્ઞાનીનું તારતમ્ય સમજાય છે.

જ્યારે માત્ર ક્રિયા પર લક્ષ્ય ન જતાં એ ક્રિયાના મૂળકારણ તરફ એટલે પોતા તરફ લક્ષ્ય જાય ત્યારે એ બહારની ક્રિયાઓ અસ્વાભાવિક નથી, એમ લાગે અને તે સહેતી વખતે પણ આ થવું જોઈતું હતું માટે જ થયું છે, એનું બરાબર ભાન રહે તો જ કર્મબંધનને બદલે કર્મથી છૂટી શકાય. આવી ભાવના થવી સત્યાર્થી સાધકને સુલભ હોઈ, એ ભાવનામાં સત્યાર્થી મહાવીર દઢ રહેતા.

પ્રસંગોચિત એ પણ કહેવું પ્રાપ્ત થાય છે કે ઘણા સાધકો કષ્ટ સહી શકે છે. કષ્ટ આપનાર પર દ્વેષ પણ નથી કરતા. તોયે એ કષ્ટ છે એવું તો તેમને ભાન હોય જ છે. યાદ રાખવું જોઈએ કે આવું ભાન પણ જ્યાં સુધી છે ત્યા સુધી એ સાધક શુદ્ધ છે એમ ન ગણાય. આજે એ પ્રતિકાર ભલે ન કરે પણ પ્રતિકારની વૃત્તિ જ્યાં સુધી પલટે નહિ ત્યાં સુધી એ સાધકમાં સાચો સમભાવ ન પ્રગટે. જગતમાં જે કંઈ સુંદર કે અસુંદર દેખાય છે કે બને છે તે કેવળ મારી દષ્ટિનો જ દોષ છે. સૌમાં હું જ જવાબદાર છું, આટલું નૈસર્ગિક વલણ જે સાધકનું હોય તે જ આવે પ્રસંગે સમભાવ જાળવી શકે.

બાકી વૃત્તિમાં દુષ્ટોનો પ્રતિકાર કરવો એ અયોગ્ય નથી. **'शठं प्रति शाठयं कुर्यात्'** એ પણ કર્તવ્યધર્મ છે. પણ હું તો એક ઉચ્ચ કોટિનો સાધક છું કે કહેવાઉં છું માટે મારાથી તેમ ન થાય એવી ભાવના પણ જ્યાં છે ત્યાંય કર્મબંધન તો છે જ. એટલું જ નહિ બલકે વૃત્તિમાં પ્રતિકારના સંસ્કારો દઢ કરવાનું પણ એ નિમિત્ત છે. માત્ર પોતાના ડહાપણથી તેમને હાલ તુરત શમાવી દેવાનો તેણે પ્રયાસ કર્યો છે, માટે એ બહાર દેખાતા નથી, એટલું જ કહી શકાય. આ સાધક સમભાવી ન કહેવાય અને તે સમભાવી રહી પણ ન શકે. અહીં આટલું યાદ રાખવું જરૂરી છે કે દુષ્ટતા વ્યક્તિમાં નથી હોતી વૃત્તિમાં હોય છે અને સામા પાત્રની દુષ્ટ વૃત્તિ તો એમાં માત્ર નિમિત્તરૂપ બને છે. તેનું મૂળ કારણ તો પોતાની વૃત્તિ જ છે. એટલે **'शठं प्रति शाठयं कुर्यात्'** એ સૂત્ર બહાર લાગુ નથી પડતું, પણ પોતાની વૃત્તિને લાગુ પડે છે. આટલું સમજનાર સાધક બહાર જે કંઈ દેખાય છે તે અંદરનું છે એમ ધારી જો લડશે, તો તે કેવળ પોતાની વૃત્તિ સાથે જ લડશે, બહારનો પ્રતિકાર નહિ કરે; એટલું જ નહિ બલકે બહાર પ્રતિકાર કરવા જેવું એને જણાશે પણ નહિ.

શ્રમણ મહાવીર ઉપરના ભાનમાં હતા એથી જ સમતા રહી. અન્યથા જો પ્રતિકાર કરવાનો તેમને સંકલ્પ માત્ર થાત તોયે તેમની પાસે યોગદ્વારા પ્રાપ્ત થયેલી અસાધારણ અને સહજ શક્તિઓથી પ્રતિકાર કરીને આ બધા પ્રસંગોનું નિવારણ કરી નાખત. પરંતુ કર્મના અચળ કાયદાનું એમને ભાન હતું એટલે એવો સંકલ્પ પણ કેમ સંભવે ? આ દશા સ્થિતપ્રજ્ઞની સહજ સામ્યાવસ્થાની દશા કહેવાય. આવા સાધકને હર્ષ પણ ન હોય અને શોક પણ ન હોય; કારણ કે નિમિત્તજન્ય સંયોગોને અધીન થનારું તત્ત્વ એમનામાંથી નીકળી ગયું હોય છે. એટલે સંયોગોને એમને અધીન થવું હોય તો ભલે થાય, પણ તે પોતે કદી સંયોગોને અધીન નહિ થાય.

આ રીતે શ્રમણ મહાવીરને કાયાથી સંયમ, વાણીથી મૌન અને મનથી સમભાવ એ ત્રણે યોગો સહજ પ્રાપ્ત હતા. આ યોગ તેમની સાધનાને વિકસાવ્યે જતા હતા. શ્રમણ મહાવીરને એ પ્રબળ પ્રતીતિ હતી કે સાધક ગમે તેટલો સમર્થ હોય તોય મુક્તિના માર્ગમાં, કર્મ ખપાવ્યા વિના મુક્તિ મળી જવાનો કોઈને માટે અપવાદ હોતો નથી. કર્મમુક્તિ તો કર્મ ભોગવ્યા પછી જ મળી શકે અને કર્મ કાપવાના માર્ગમાં કષ્ટ તો સ્વાભાવિક જ હોય.

(ઉદ્દેશક ૩, ગાથા ૨) લાઢ દેશમાં વજ્રભૂમિ અને શુભ્રભૂમિ એ બન્ને ભૂમિનો વિભાગ તે કાળે પ્રાયઃ અનાર્ય લોકોની વસતિથી વ્યાપ્ત હોવો જોઈએ. જેનામાં આર્યના ગુણો જેવા કે માનવતા, દયા, પ્રેમ, ઉદારતા, પરોપકાર, સંયમ કે ત્યાગ ઈત્યાદિ ન હોય પણ મૂઢ સ્વાર્થ અને નિર્દયતા જ હોય કે એને લઈને જેઓ પાશવી અને પૈશાચિક કર્મો કરતાં હોય તથા પરલોકનો કે સ્વકૃત કર્મોના પરિણામનો ડર ન રાખતા હોય, તેમને અનાર્ય કહેવાય. આજે પણ આવી વસતિ પ્રાયઃ જંગલો અને ખીણોમાં મળી આવે છે. તેમનું જીવન વ્યવસ્થિત શ્રમજીવી નથી હોતું. પ્રાયઃ લૂંટીને કે જે તે ખાઈને તેઓ જીવન લંબાવતા હોય છે. તેઓમાં માંહે માંહે પણ ખાસ સામાજિક નિયમો નથી હોતા. શક્તિ એ જ એમનો નિયમ. એટલે જ સૂત્રકાર કહે છે કે તે વિભાગો સાધુજનોને જવા માટે દુર્ગમ્ય હતા. એ પ્રદેશો જંગલ, ખીણો અને પહાડોને લઈને કેવળ માર્ગની દૃષ્ટિએ જ નહિ બલકે ત્યાં વસતી માનવજાતિની સંસ્કૃતિની દૃષ્ટિએ પણ દુર્ગમ્ય હતા છતાં શ્રમણ મહાવીરે ત્યાં વિચરવું યોગ્ય ધાર્યું. અહીં જ તેમની સહજ ઉદારતાની પૂરેપૂરી પ્રતીતિ થાય છે. જ્યાં આર્યો હોય ત્યાં આર્યોનું સન્માન હોય જ અને ત્યાં ખાસ ઉપસર્ગો–પરજન્ય બાધક સંકટો આવવાના પ્રસંગો પણ ભાગ્યે જ મળે, પણ અનાર્ય ભૂમિમાં તો એવા પ્રસંગો પળેપળે સાંપડે અને ત્યાં સમભાવનો નમૂનો પૂરો પાડવાથી પોતાને અને પરને બન્નેને લાભ થાય. પરને એટલા માટે કે આવા ચારિત્રની અનાર્યોને પણ અસર થવાનો સંભવ રહે કારણ કે તેઓ પણ મનુષ્ય છે, તેઓમાં પણ લાગણી જેવું તત્ત્વ છે. માત્ર નિમિત્ત ન મળવાના કારણે વાતાવરણ વશ તેમનું અનાર્યત્વ વધતું જાય છે. એટલે અનાર્યોને આર્યત્વના આંદોલનો મળે એ શુભ નિષ્ઠા પણ શ્રમણ મહાવીરના અનાર્ય ભૂમિના ગમન પાછળ ફલિત થાય છે. જગતકલ્યાણના ઈચ્છુક શ્રમણ ભગવાન મહાવીરની આ યોગ્યતાએ જ તેઓ વિશ્વકલ્યાણના સાધક, સર્વજ્ઞ અને ભગવાન બની શક્યા.

(ઉદ્દેશક ૩, ગાથા ૫, ૬) **असमर्थो भवेत्साधुः** એવું કોઈ સમજતા હોય તે ખાતર શ્રમણ મહાવીરની વીરતાને સૂત્રકારે પ્રશંસી છે અને તે સમુચિત છે. પ્રત્યેક કાર્યમાં વીરતાની આવશ્યક્તા છે. અહિંસા પણ સાચો વીર જ પાળી શકે. કર્તવ્ય ધર્મ પણ વીર જ બજાવી શકે. આ વાત અનુભવગમ્ય છે. જે વીર નથી હોતો તે કોઈને ક્રિયાથી ન મારે તો ય વૃત્તિનો તો તે પામર અને નિર્માલ્ય હોઈ અનેકગણી માનસિક હિંસા કરી નાંખે છે. એટલે જેની વૃત્તિમાં સાચી વીરતા છે તે જ સાધક આ સંગ્રામમાં પાર ઊતરે છે, એમ સમજવું. શ્રમણ જ્ઞાતપુત્ર બહારનું યુદ્ધ છોડી તેના કારણને શોધ્યા પછી કેવળ આંતરિક સંગ્રામના અખંડ વિજેતા બન્યા અને રહ્યા હતા, માટે જ મહાવીર તરીકે પંકાયા.

બહારના સંગ્રામનો વિજેતા સાચો વીર નથી. જે આંતરિક સંગ્રામનો વિજેતા છે તે જ વીર છે. બહારના સંગ્રામમાં બહારના સાધનો હોય, પણ આત્મસંગ્રામમાં તો કેવળ આંતરિક સાધનો જ હોય. બહારનો વિજેતા પોતાને કે પોતાના સાચા શત્રુઓને ભાગ્યે જ પીછાની શકવાથી લડે છે કે હણે છે ખરો; પણ એ કેવળ સાધનરૂપ

દેહને–શત્રુતાને નહિ ! પણ દેહ મરવાથી વૈર શમે એ માન્યતા જ ખોટી છે, એ તો ઊલટું વધીને અન્ય જન્મમાં વધુ પીડવાનું. આ વાત યાદ રાખવા યોગ્ય છે. સાચો વીર એ બધાનાં મૂળને તપાસી કેવળ શત્રુઓને એટલે કે પોતાના આંતરિક ક્રોધાદિ રિપુઓને જ હણવાનું પસંદ કરે છે અને સર્વ પ્રયત્ન એમની પાછળ જ ખર્ચી વિકાસ સાધે છે.

(ઉદ્દેશક ૪) સાહિત્ય, સંગીત, કળા, વિજ્ઞાન અર્થોપાર્જન કે એવી બીજી સર્જનાત્મક બાહ્ય પ્રવૃત્તિઓમાંયે કોઈ પણ ક્ષેત્ર એવું નથી કે જેમાં તપશ્ચરણને અવકાશ ન હોય ! પરંતુ અહીં તો જે તપશ્ચરણનું વિધાન છે તે મુખ્યત્વે આધ્યાત્મિક વિકાસને અનુલક્ષીને છે.

બહિર્ભૂત–પરભાવથી થતી ક્રિયાઓમાં ચૈતન્યની જે શક્તિઓ વહેંચાઈને વિખરાઈ જાય છે એને એકત્રિત કરવી એટલે કે ચૈતન્યની વિખરાતી શક્તિઓ સંગ્રહિત કરી એમનો એક પ્રખર સંચય કરવો, એનું નામ તપ. જુદી જુદી રીતે વહી જતી અનેક નિર્ઝરણીઓના જલનો સંગ્રહ કરવાથી જેમ સ્થાયી સંચય થાય છે અને મહાન કાર્ય આપી શકે છે, તેમ ચૈતન્યની સંગૃહીત શક્તિ પણ અનંતગણું કાર્ય આપી શકે છે. છૂટાં છવાયાં કિરણો કશું કાર્ય કરી શકે નહિ. પણ એ એકત્રિત થાય છે અને જ્વલંત શક્તિ પ્રગટે છે. તેમ ચૈતન્યની શક્તિઓના સંગ્રહથી પણ એક અજોડ નવચેતન પ્રગટે છે. આથી કોઈ પણ ધર્મ તપાસશો તો પ્રત્યેક ધર્મસંસ્થાપકે તપઃશક્તિની અનિવાર્ય આવશ્યકતા સ્વીકારી છે એમ જણાયા વિના રહેશે નહિ.

પરંતુ એ સંગ્રહિત થયેલી શક્તિ ખોટે માર્ગે ન વેડફાઈ જાય, તે બાંધેલા પુલમાં ગાબડું પડીને પાણી ચાલી ન જાય, કિંવા તે વિશુદ્ધ પ્રવાહમાં બીજું કોઈ ઉપરથી, બાજુમાંથી કે નીચેથી અનિષ્ટ તત્ત્વ ન ભળી જાય તે પૂરતી સંભાળ રાખવાની પણ જરૂર પડે છે. આથી જ મહાશ્રમણ મહાવીરે પોતાની સાધનામાં તપનું સ્થાન જ્ઞાન અને ધ્યાન પછી આપ્યું છે.

જ્યાં સુધી મોહનીય કર્મનું જોર હોય, પર પદાર્થોથી દૂર રહેવાની કાળજી ધરાવતાં છતાં મમતા કે અહંતાનું આરોપણ થઈ જાય અને એમાં સુખ છે, એવી ઊંડી ઊંડી વૃત્તિ રહે ત્યાં સુધી આત્મશાન્તિ સાધવી એ કેવળ વલખાં માત્ર છે. આવું ધારી સંયમ અને ત્યાગ કર્યા પછી પણ શ્રમણ મહાવીરે સાડાબાર જેટલા વર્ષો સુધી દીર્ઘ તપશ્ચર્યા આદરી અને તેઓ દીર્ઘ તપસ્વી મહાવીર કહેવાયા.

જ્ઞાન એટલે વિવેકબુદ્ધિ અથવા સમજશક્તિ. ચૈતન્ય શક્તિના સંગ્રહમાં કયાંય ગાબડું ન પડે એની આ શક્તિ પૂરતી સંભાળ રાખે છે. અર્થાત્ કે તપશ્ચર્યા કેવળ નિર્વ્યાજ અને નિષ્કામ રહે એની એ અહર્નિશ કાળજી કર્યા કરે છે; કારણ કે કોઈ પણ ક્રિયા કર્યા બાદ તેના ફળની ઈચ્છા માનવમાત્રમાં રહે છે. એટલું જ નહિ બલકે કંઈ પણ નવીન જુએ એટલે આવું મને મળે તો ઠીક એવી એને ઊંડી ઊંડી સ્પૃહા કે જેને જૈન પરિભાષામાં નિદાન તરીકે ઓળખવામાં આવે છે, તે રહ્યા કરે છે. સામાન્ય રીતે જીવમાત્રમાં અને પ્રગટ સ્વરૂપે માનવમાત્રમાં એ લાલસા અતિ સ્પષ્ટ દેખાય છે. આ એક વાસનાનું જ સ્વરૂપ છે અથવા એની જ બીજી બાજુ છે, એમ કહી શકાય. એ સ્પૃહાના સંગથી શક્તિઓના સંગ્રહમાં ગાબડું પડે છે અર્થાત્ કે એ તપશ્ચર્યા અશુદ્ધ બની જાય છે. પણ આવી તુચ્છ વૃત્તિ કે જે શલ્યની પેઠે જીવનને ડગલેને પગલે ખૂંચ્યા કરે છે તે કાંટાને સાચું જ્ઞાન ફેંકી દે છે અને આત્મવિશ્વાસમાં લેશ પણ ગાબડું પડવા દેતું નથી. એ દૃષ્ટિએ જ્ઞાનની સર્વ પ્રથમ અગત્ય(આવશ્યકતા)છે.

જ્ઞાની સાધકને જગતના અભિપ્રાયોની કશી પડી હોતી નથી. માત્ર આત્માની જ પડી હોય છે. એની તપશ્ચર્યા અહંતાની વૃદ્ધિ માટે, ગૌરવ માટે, મહત્વકાંક્ષા માટે અથવા લોકપૂજા કે લોકપ્રતિષ્ઠા માટે થતી નથી, એટલે જ એ તપશ્ચર્યા આદર્શ અને સફળ ગણાય છે.

તપશ્ચર્યામાં જ્ઞાન સાથે ધ્યાનનું પણ સ્થાન આવશ્યક છે કારણ કે બહારથી ઘૂસતા વિકલ્પોના અનિષ્ટની ચોકી તો ધ્યાન જ રાખી શકે છે. સર્વ ઈન્દ્રિયો, મન, વાણી અને કર્મને સત્ય પર એકાગ્ર કરી રાખવાની અદ્‌ભુત શક્તિ પણ ધ્યાન દ્વારા જ સાંપડે છે. એટલે આ રીતે જ્ઞાન અને ધ્યાન એ બન્ને તપસ્વીને અનિવાર્ય આવશ્યક છે. જે એ બન્નેને મેળવે છે એને એ સૌ શક્તિમાં ગાબડું ય નથી પડતું અને દુર્વ્યય પણ નથી થતો અને ધ્યાનપૂર્વકની તપશ્ચર્યા કેવળ આત્મ વિકાસમાં સાંગોપાંગ ઉપયોગી બની રહે છે.

આવી તપશ્ચર્યા એટલે જ્વલંત ભઠ્ઠી, એમાં અનેક જન્મોના સંચિત થયેલાં કર્મકાષ્ઠો ક્ષણવારમાં બળીને ભસ્મીભૂત થાય છે અને ચૈતન્યનો અપ્રતિહત પ્રકાશ જીવનના સર્વ ભાગોમાં પથરાઈ જવાથી અંધકાર દૂર થાય છે.

આથી જ શ્રમણ મહાવીરના આયુષ્યકાળના છઠ્ઠા કરતાંયે વધુ હિસ્સો કેવળ તપશ્ચર્યાની ક્રિયાને ખોળે આવે છે અને એમના સાધનાકાળનું તો એ મુખ્ય કેન્દ્ર છે.

દીર્ઘ તપસ્વી મહાવીરે તપશ્ચર્યાનો સંબંધ સીધી રીતે આંતરિક વૃત્તિઓ સાથે છે એ હેતુ બરાબર જળવાઈ રહે એટલા ખાતર તપશ્ચરણના મુખ્ય આંતરિક અને બાહ્ય એવા બે ભેદો અને તેના પેટા વિભાગો મળી કુલ બાર ભેદો વર્ણવ્યા છે.

એ બધા ભેદોને એમણે પોતાના જીવનમાં કેવી રીતે ઉતાર્યા હતા એ વર્ણન આ ઉદ્દેશકમાં છે.

(ઉદ્દેશક ૪, ગાથા ૩) અહીં મૌનનું પણ અધિક મહત્ત્વ અંકાયું છે અને તે વાસ્તવિક છે. મૌનનો વ્યાપક અર્થ તો ઠેઠ મનના સંયમ સુધી પહોંચે છે. પણ અહીં એની મર્યાદા વાણી સંયમ સુધી છે. સાધકની શક્તિનો બહુ મોટો હિસ્સો કેવળ વાણીદ્વારા જ વેડફાઈ જાય છે, એટલે કારણ વિના પણ ગમે ત્યારે અને ગમે ત્યાં બોલવું જ જોઈએ એવી આદત પાડવી યોગ્ય નથી. વાચામાં જે અલૌકિક શક્તિ અને અદ્‌ભુત ચમત્કૃતિ છે તે પણ વાણીના આવા દુર્વ્યયથી શીઘ્ર નષ્ટ થાય છે. પરંતુ વાણીનો સંયમ રાખવો એટલે કેવળ મીઠા બની જવું એવો અવળો અર્થ કોઈ ન લઈ લે ! ખાસ પ્રસંગ પડે ત્યારે જ મૃદુ, મિષ્ઠ, પરિમિત અને સત્ય બોલવાનો પ્રયત્ન કરવો, એવો અહીં કથિતાશય છે. પણ જેમને વાચળતાનો અભ્યાસ બહુ થઈ જાય છે, તેમનામાં આટલી વિવેકબુદ્ધિ હોવી અશક્ય છે. તેથી એમને વાણીનું મૌન પણ હિતાવહ છે.

(ઉદ્દેશક ૪, ગાથા ૪) ઊકડું આસન એટલે બે પગ પર બે હાથની કોણીઓને ટેકવી એ બે હાથની અંજલિ મસ્તક પાસે લઈને જોડવી તે. આ આસનનો ગુરુ પાસે બેસતી વખતે વિશેષ ઉપયોગ થાય છે. આ સૂત્ર એમ કહે છે કે ધ્યાનમાંય આસનોની અગત્ય મહત્ત્વની છે. આસનોથી દેહની અડોલતા બરાબર ટકી શકે છે અને દેહ તથા ઈન્દ્રિયો બન્ને ચિત્તની એકાગ્રતામાં સહાયક થાય છે. એથી જ આસનને યોગનું પણ અંગ ગણવામાં આવ્યું છે. અહીં આસનોની આવશ્યકતા સમજાવી છે. પણ અહીં એટલું યાદ રાખવું જોઈએ કે જે આસન શરીરને અતિ

કષ્ટ આપે તેવા આસનની ધ્યાન સારુ જરા પણ આવશ્યક્તા નથી. ઊકડું આસન બહુ જ સરળ અને સુસાધ્ય હોઈ એનું અહીં ઉત્કૃષ્ટ સ્થાન છે. એજ રીતે પદ્માસન, સુખાસન, ગોદોહિકાસન, વગેરે આસનો પણ જૈનદર્શનનાં વ્યાપક આસનો છે. એટલું જ નહિ બલકે એનું બાહ્ય તપશ્ચર્યામાં પણ સ્થાન છે.

(ઉદ્દેશક ૪, ગાથા ૫) ભોજન એ ક્ષુધા નિવારવા અર્થે ઉપયોગી છે અને જીવન માટે પદાર્થ છે, પદાર્થ માટે જીવન નથી. આટલો જ સાધકને સતત ઉપયોગ હોય તે સ્વાદજય જરૂર કરી શકે. આ સૂત્રમાં શ્રમણ મહાવીરે સ્વાદ પર કેટલો પ્રબળ વિજય મેળવ્યો હતો એનું અનુભવપૂર્ણ પ્રમાણ છે. તેઓ આઠ આઠ માસ સુધી લૂખા ભાત, બોરના ભૂકાનો બનેલો બોરકૂટ તથા અડદના બાકળા પર જીવન નિર્વાહ કરી શકતા અને એ પણ ભૂખ લાગે ત્યારે જ. આ બીના એમની શરીરસ્થિતિની સહજતા અને નિર્મોહતાને પણ સ્પષ્ટ કરે છે.

ઐતિહાસિક દષ્ટિએ અવલોકતાં તે કાળે લોકોમાં ભાત, બોરકૂટ અને અડદના બાકળાનો રિવાજ બહુ પ્રમાણમાં પ્રચલિત લાગે છે. એથી એ સહજ પ્રાપ્ત થવો શક્ય હોઈ શ્રમણ મહાવીરને એ મળે અને એમાંથી પણ એ ક્ષુધાતૃપ્તિ મેળવી લે, એ એમને માટે તદન સ્વાભાવિક છે.

અહીં જીવનપોષક તત્ત્વનો પ્રશ્ન રહે ખરો. પણ એ યાદ રાખવું જોઈએ કે ઉપર દેખાતા રસાળ પદાર્થો સાથે જ જીવનપોષક તત્ત્વોનો સંબંધ નથી. ઘણા પદાર્થો ખાવામાં નીરસ લાગે છતાંયે એમાં જીવનપોષક તત્ત્વ સારા પ્રમાણમાં હોય. ઉપરની ત્રણે વસ્તુઓના સંબંધમાં પણ એવું જ છે. એ ત્રણેમાં રસમાધુર્ય ન દેખાય તોયે જીવનપોષક તત્ત્વ તો પૂરા પ્રમાણમાં છે જ અને રસના સંબંધમાં તો એવું છે કે જેને સાચા રસની પ્રતીતિ થઈ છે તે સૂકા દેખાતા પદાર્થમાંથી પણ રસ લઈ શકે છે અને એ નથી એને તો રસાળ પદાર્થ પણ નીરસ નીવડે છે. જીભમાં અમી સાથે મળેલો લૂખો આહાર પણ જે રસાનંદ જન્માવે છે અને અર્પે છે, તે રસ કૃત્રિમ સ્વાદ કે કૃત્રિમ રસથી તરબોળ કરેલાં ભોજન નથી જન્માવી કે અર્પી શકતાં. આવો અનુભવ કોને નહિ હોય ?

આ પ્રકારનો આહાર જ લેવો એ એમને આગ્રહ પણ નહોતો. જ્યાં આગ્રહ છે, ત્યાં સહજતાનો લોપ થાય છે. એટલે આઠ માસ સુધી અને તે પણ તેવા પ્રસંગને અનુસરીને જ આ પ્રયોગ તેમના જીવનમાં થયો હતો. બાકી તેમની સાધનાનો ઘણોખરો ભાગ તો કાયમી તપશ્ચર્યાનો છે. એમની તપશ્ચર્યા પણ સહજ તપશ્ચર્યા હતી. સહજ તપશ્ચર્યા એટલે જેનો પોતે ત્યાગ કર્યો છે એવા આહાર પ્રત્યે મન સુદ્ધાં ન જાય અને સ્વાધ્યાય કે ધ્યાનમાં અડોલ એકતારતા રહે. આ પરથી ઉપવાસ, ઊણોદરી, સ્વાદત્યાગ, ઈત્યાદિ બાહ્ય તપશ્ચર્યાઓ જે છે એ આભ્યંતર તપશ્ચર્યાના સાધન છે અને એ સાધનો પણ એટલા માટે જરૂરી છે કે દેહની નિત્ય નૈમિત્તિક ક્રિયા જેટલી અલ્પ થાય તેટલી વૃત્તિનિરોધના પ્રયોગમાં અનુકૂળતા થાય. આ વાત સૌ કોઈ યાદ રાખે.

(ઉદ્દેશક ૪, ગાથા ૧૨) અહીં ધ્યાનસ્થ સાધકને માટે આસનોની અગત્ય તથા ધ્યાનનો હેતુ ચિત્તસમાધિ જાળવવાનો છે એમ સમજાવ્યું છે અને ચિત્તશુદ્ધ વિના ચિત્તસમાધિ કે ધ્યાન સંભવતા નથી, એમ પણ દર્શાવ્યું છે અને ચિત્તશુદ્ધિ કેમ થાય એના આકાર તથા પ્રકારો અગાઉ જ બતાવ્યા છે એટલે આટલું વિચારીને પછી જ ધ્યાતા બનનાર સાધકે યોગ્ય માર્ગમાં પ્રવેશ કરવો સમુચિત થઈ પડશે.

પદસ્થ, પિંડસ્થ, રૂપસ્થ અને રૂપાતીત પૈકીના અહીં ઉચ્ચ કોટિના ધ્યાનની બીના છે. જૈનદર્શનમાં આવા ધ્યાનને ધર્મધ્યાન કહે છે અને ત્યાંથી જ તે ધ્યાનનો પ્રારંભ માને છે. પણ એ ધ્યાન માનવતા, શ્રવણ

વિચાર, જ્ઞાન, ચિંતન અને મંથન પછી જ જન્મે છે, એટલે તેટલી યોગ્યતા સૌથી પ્રથમ પ્રાપ્ત કરવી જોઈએ. તે યોગ્યતા મેળવ્યા વિના ધરેલું ધ્યાન વિકાસનું સાધક નીવડતું નથી.

જ્યાં સંયમ નથી ત્યાં જ્ઞાન નથી અને જ્ઞાન નથી ત્યાં ધ્યાન શાનું હોય ? પ્રત્યેક ક્રિયા પાછળ સૌથી પ્રથમ આંતરિક વિકાસ જોઈએ એવું જૈનદર્શનનું મંતવ્ય છે. બહારનો સાધનવિકાસ થયા પછી સ્વયં આંતરિક વિકાસ થઈ શકે છે એવો કેટલાંક દર્શનો, મતો કે પંથોનો મત છે, તેને એ સ્વીકાર્ય ગણતું નથી. જૈનદર્શનમાં યોગનો પ્રારંભ આ રીતની વિકાસમય દષ્ટિથી થાય છે.

જૈનદર્શન મન, વાણી અને કાયાની એકવાક્યતાને યોગ માને છે. મન, વાણી અને કર્મમાં એકવાક્યતા આવ્યેથી ધીમે ધીમે ચિત્તના સંસ્કારો વક્ર મટી સરળ બને છે. આવી સરળતાથી ચિત્તશુદ્ધિ સહેજ થઈ રહે છે અને ચિત્તશુદ્ધિ થયા પછી ચિત્તશાંતિ મેળવવાની જિજ્ઞાસાનો પ્રયોગ શરૂ થાય છે. આ સ્થિતિને કે આ ભૂમિકાને જૈન પરિભાષા પ્રમાણે ઉપયોગમય જીવનદશા કહેવાય છે. આ રીતે ક્રમિક વિકાસ થતાં જ્યારે ધ્યાતા, ધ્યાન અને ધ્યેય એ ત્રણે કેવળ આત્મભાવમાં એકાગ્ર બની જાય, ત્યારે એને આદર્શ ધ્યાન તરીકે ઓળખવામાં આવે છે. આ ધ્યાન એ જ ધર્મધ્યાન.

અપ્રમત્ત દશામાં આગળ વધતાં પછીનું સહજધ્યાન એ શુકલધ્યાન અને તેનું આલંબન એ ધર્મધ્યાન. પણ ધર્મધ્યાન પોતે કોઈનું અવલંબન લેતું નથી. રૂપાતીત પરમાત્માનું કે તેમના ઉચ્ચ ગુણોનું ધ્યાન ધરવું તે જ ધર્મધ્યાન છે અને તે જ વિકાસમાં ઉપયોગી છે. ધ્યાનસ્થ મહાવીર લોકસ્વરૂપ વિચારતાં, એવો જે અહીં ભાવ દર્શાવ્યો છે, તેની પાછળ પણ તે જ આશય છે. અહીં ધ્યાન અને પ્રચલિત યોગસંબંધમાં થોડી વિચારણા કરવી પ્રસંગોચિત લાગે છે.

મહર્ષિ પાંતજલિપ્રણીત પાતંજલ યોગદર્શનમાં યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધ્યાન, ધારણા અને સમાધિ એવી અષ્ટાંગયોગ પ્રણાલિકા નજરે પડે છે અને ચિત્તવૃત્તિનો નિરોધ એ તેની યોગ પ્રણાલિકાનું ધ્યેય છે.

પાછળથી એ યોગ બે પ્રકારે વિભક્ત થઈ ગયો છે : (૧) હઠયોગ અને (૨) રાજયોગ, હઠયોગમાં આસન અને શરીરની આંતરશુદ્ધિની ક્રિયાઓને બહુ મહત્ત્વનું સ્થાન છે. વાત તો એમ છે કે શરીરની આંતરશુદ્ધિ પર, નાડીશુદ્ધિ પર, શુદ્ધ વાયુસંચાર અને પ્રાણવાયુની શુદ્ધિ પર મનઃશુદ્ધિનો આધાર છે અને મનશુદ્ધિ થયા પછી જ ચિત્તવૃત્તિનો નિરોધ થાય છે કે જે યોગની પ્રણાલિકાનું પ્રધાન ધ્યેય છે. પણ પાછળથી એની સાધનભૂત ક્રિયાઓ પર માત્ર મહત્ત્વ જ નહિ પણ હઠ પકડાઈ ગઈ, જેટલે અંશે એ હઠ યોગ થયો તેટલે અંશે એનું ધ્યેય પણ પલટાયું અને હઠયોગનો પ્રયોગ કેવળ ભૌતિક હેતુ અર્થે જ હોય એવું બની ગયું.

હિપ્નોટીઝમ, મેસમેરીઝમ, અને એવા બાહ્ય માનસ શક્તિના પ્રયોગો કે ઉચ્ચાટના મારણ અને તેવી હલકી શક્તિઓના વિકાસ તથા તંત્ર, મંત્ર અને યંત્રોની ઉપાસના એ બધા યોગની વિકૃતિના અંગો છે.

રાજયોગ આ વિકૃતિથી દૂર રહ્યો છે. આંતરિક શક્તિઓના વિકાસ તરફ તેનું પ્રધાન વલણ છે. ચિત્તવૃત્તિના નિરોધથી આંતરિક શક્તિઓ વિકસે છે, અણિમાં લઘિમાં, ગરિમાદિ અષ્ટ સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે તથા ઋદ્ધિ

અને સમૃદ્ધિ પણ ચરણે ઢળે છે. તોયે તે પ્રલોભનમાં ન લોભાતાં કેવળ આત્મલક્ષી રહેવું એમ રાજયોગ ભલામણ કરે છે અને જે યોગીની ભૌતિક પ્રલોભનમાં વૃત્તિ પ્રેરાતી નથી તેને યુક્તયોગી તથા જે યોગીની વૃત્તિ પ્રેરાવા છતાં ય તેની પ્રવૃત્તિમાં પડી જતાં પહેલાં જે તુરત જ સાવધાન થઈ જાય છે અર્થાત્ કેવળ આત્મલક્ષી બની જાય છે તેને યુંજાનયોગી કહે છે.

જૈનદર્શનની યોગ પ્રણાલિકા આથી કંઈ જુદી જ જાતની છે. તેનો મદાર કેવળ આંતરિક વિકાસ પર છે. બહારનાં સાધનોને તે બહુ ગૌણ સ્વરૂપ આપે છે. પ્રાણશુદ્ધિ માટે શરીરની આંતરિક શુદ્ધિ આવશ્યક જ છે, તેવો એનો આગ્રહ નથી. પ્રાણ તત્ત્વને તે સ્વતંત્ર તત્ત્વ છે, એમ પણ નથી માનતું. પ્રાણને તે માત્ર ચેતનની શરીરમાં અભિવ્યક્ત થતી શક્તિરૂપ માને છે અને તે શક્તિ મન, વચન, ક્રિયા, ઈન્દ્રિયો, આયુષ્ય અને શ્વાસોચ્છ્વાસમાં પણ કામ કરે છે એમ એ કહે છે. જૈનદર્શન જેમ પ્રાણને સ્વતંત્ર તત્ત્વ નથી માનતું તેમ મન અને ચિત્ત જુદાં છે, અંતઃકરણના બે વિભાગો છે એમ પણ નથી માનતું. જૈનદર્શન મન, ચિત્ત અને અંતઃકરણને માત્ર એક જ શક્તિસૂચક પર્યાય શબ્દો સ્વીકારે છે. એટલે પ્રાણનો આયામ તથા મનનું પ્રાણ સાથે નિયમન એવાં જે પ્રાણાયામ અને પ્રત્યાહાર નામનાં જે બે અંગો યોગદર્શન પ્રણાલિકામાં નજરે પડે છે તે જૈનદષ્ટિએ વિરમી જાય છે અને એને લીધે જ નવલી કે તેવી એક પણ હઠયોગની પ્રક્રિયાને અહીં સ્થાન અપાયું નથી. આ સ્થળે એટલું કહેવું જોઈએ કે જૈનદર્શન આંતરિક અને બાહ્ય મનના પણ બીજા બે વિભાગ કલ્પે છે. એ ચારે નામો આ પ્રમાણે છે. (૧) નિવૃત્ત (૨) ઉપકરણ (૩) લબ્ધિ (૪) ઉપયોગ. પરંતુ એ બધા વિભાગો માત્ર કાર્ય પરત્વે છે, પૃથક તત્ત્વ રૂપે નહિ. જૈનદર્શનના ધ્યાન અને યોગદર્શનના યોગ વચ્ચે માત્ર આટલો જ પ્રણાલિકાભેદ છે એમ નહિ, બલકે તે બન્ને વચ્ચે ધ્યેયનું પણ અંતર છે. યોગદર્શનના યોગનું ધ્યેય ચિત્ત અને વૃત્તિના નિરોધ પૂરતું જ છે. પણ જૈનદર્શનની ધ્યાન પ્રણાલિકાનું ધ્યેય માત્ર ચિત્તવૃત્તિનો નિરોધ કરીને જ વિરમતું નથી. ચિત્તવૃત્તિ નિરોધ પછી પણ ઠેઠ એ ચિત્તવૃત્તિનાં મૂળભૂત કારણો અને તેનો નાશ કરી આત્મસ્વરૂપી પૂર્ણતા અને વીતરાગ ભાવની પરાકાષ્ઠાએ પહોંચવું એ એનું અંતિમ ધ્યેય છે. એથી જૈનદર્શનને સહજયોગ માન્ય છે. તે બીજી બાહ્ય ભાંજગડમાં વધુ માથું મારતું નથી. બાહ્ય શક્તિઓ ગમે તેટલી ઊંચી, ઉપકારક કે જગત કલ્યાણના હેતુરૂપ લાગતી હોય તોયે તેને તે આદર નથી આપતું. એ આધ્યાત્મિક વિકાસમાં જગત શાંતિનું મૂળ જુએ છે અને નિખિલ વિશ્વનું સંપૂર્ણ જ્ઞાન પણ આધ્યાત્મિક જ્ઞાન પછી પોતાનામાંથી જ જન્મે છે એવો એનો દૃઢ વિશ્વાસ છે. એટલે જૈનદષ્ટિના યોગમાં કેવળ આત્મલક્ષ્ય અભીષ્ટ છે. કોઈ પણ જાતના મંત્ર, તંત્ર, ઋદ્ધિ, સંપત્તિ, સિદ્ધિ કે સમૃદ્ધિની જાળમાં તે જીવન સાધના બગાડવા કે ફસાવવા ઈચ્છતું નથી અને જે કર્મકાંડો આંતરિક વિકાસમાં ઉપયોગી ન હોય તેને એ કેવળ ઢોંગ માને છે. આ સૂત્રમાં શ્રમણ મહાવીરના જે ધ્યાનનો નિર્દેશ છે એ ધ્યાનનું ધ્યેય અને એની સાધનપ્રણાલિકા સંબંધી આટલું સારભૂત કથન છે.

તપશ્ચર્યા એ કર્મ બાળવાની પ્રચંડ ભઠ્ઠી છે. વર્તમાન કર્મોની શુદ્ધિ અને ભાવિ કર્મોથી બચવાના બીજા અનેક ઉપાયો હશે પરંતુ પૂર્વાધ્યાસો તથા પૂર્વકર્મોના વેગને દાબવાનો કે પૂર્વસંસ્કારોની શુદ્ધિ કરવાનો માત્ર એ એક જ ઉપાય છે. આધ્યાત્મિક દર્દો મટાડવાનું એ એક જ અજોડ રસાયણ છે. પણ તે રસાયણનો ઉપયોગ પથ્યપૂર્વક થવો જોઈએ તો જ તે પચે.

તપશ્ચર્યાનો લાભ પણ વીર પુરુષ જ લઈ શકે છે. બાહ્ય દેખાતી ઈન્દ્રિયદમન અને દેહદમનની તપશ્ચર્યા

પણ આવશ્યક તો છે જ, પણ તેની આવશ્યક્તા આંતરશુદ્ધિ અને આંતરવિકાસની અપેક્ષાએ છે. બાહ્ય તપશ્ચર્યાથી ચિંતન, ચિત્તપ્રસાદ અને ધ્યાનલક્ષિતાને ટેકો મળે છે અને આત્મસ્વરૂપ તથા જગતસ્વરૂપને સમજવાની તક સાંપડે છે. જે તપશ્ચર્યા આ રીતે વૃત્તિના સંસ્કારો પલટી ચિત્ત ખિન્નતાને ઠેકાણે ચિદાનંદ સ્ફુરાવે છે, તે તપશ્ચર્યા જીવનમાં વણવાનો સૌ કોઈ પ્રયાસ કરે.

તપશ્ચર્યાથી કાયા કરમાય છે, એ ભ્રમ માત્ર છે. તપશ્ચર્યા એ તો નૈસર્ગિક ઔષધ છે. પાશ્ચાત્ય વૈદ્યકમાં પણ હવે તપશ્ચર્યાનું મહામૂલ્ય અંકાયું છે અને અખતરાઓ પણ થયા છે. એટલે આ રીતે તપશ્ચર્યા એ શરીર, મન અને આત્મા એ ત્રણેને તંદુરસ્ત કરનારી સફળ જડીબુટી છે અને વૈરાગ્યવૃત્તિ તથા અભ્યાસથી એ સહજ અને સુસાધ્ય બને છે. વિશેષ શું ? યોગમાત્રનો સમાવેશ તપશ્ચર્યામાં છે. શ્રમણ મહાવીરને પલટી સર્વજ્ઞ તથા ભગવાન મહાવીર બનાવનાર સાધનામાં તપશ્ચર્યાનો પ્રધાન હિસ્સો છે.

## પરિશિષ્ટ–૨

# વિવેચિત વિષયોની અકારાદિ અનુક્રમણિકા



| | વિષય | પૃષ્ટાંક | | વિષય | પૃષ્ટાંક |
|---|---|---|---|---|---|
| અ | अइयच्च सव्वओ संगं | २३६ | | अदिज्जमाणेहिं | १९० |
| | अइवाय सोयं | ३४७ | | अपइट्ठाणस्य रवेयण्णे | २१८ |
| | अकम्मा | २१५ | | अपडिण्णे | ७९ |
| | अकामे | १८५ | | अप्पलीयमाणे | २३६ |
| | अकुतोभयं | १९ | | अपडिणत्तेहिं | ३०४ |
| | अग्गं च मूलं च | ११६ | | अपमत्तस्स णत्थि भयं | १३३ |
| | अचिरं पडिलेहित्ता | ३३३ | | अपलिउंचमाणे | २९६ |
| | अच्चेइ लोग संजोगं | ९४ | | अब्भाइवखेज्जा | १९ |
| | अज्जवियं | २६० | | अभिसमण्णागया | १०५ |
| | अज्झत्थं जाणइ | ४१ | | अभिहडं | ३०२ |
| | अजिणाए | ३८ | | अभिसंबुद्धा | २३१ |
| | अझंझे | १८५ | | अमायं | १७ |
| | अट्ठाए अणट्ठाए | १६७ | | अमुणी–मुणी | १०३ |
| | अणइवत्तियं | २६० | | अयं खणे | १७६ |
| | अणण्णं | १२० | | अयं संधि | १७६ |
| | अणण्णदंसी अणण्णरामे | ९५ | | अरइं रइं | ९२ |
| | अण्णहाणं | ८१ | | अलं बालस्स संगेण | ११६ |
| | अणागमणधम्मिणो | २३९ | | अविज्जाए | १७४ |
| | अणाढायमाणे | २७३ | | अवियाणओ | १६९ |
| | अणातीते | ३१४ | | असत्थस्स | २४ |
| | अणियाणा | २७८ | | અસંદીન દ્વીપ | २४७ |
| | अणिहे | १५५ | | अहतिरित्तेणं | ३१८ |
| | अणिहे | १८५ | | अहा परिगहियाइं | २९६ |
| | अणुग्घायणस्स रवेयण्णे | ९८ | | अहा परिजुण्णाइं | २९७ |
| | अणुघम्मियं तस्स | ३३९ | | अहेसणिज्जाइं | २९६ |
| | अणोमदंसी | १२० | | अहे संभवंता विदायमाणा | २५३ |
| | अत्तसमाहिए | १५६ | | अहोविहार | ५३ |
| | अतिविज्जो | ११५ | | अंजू | १०५ |
| | अत्थि सत्थं परेण परं | १३६ | | अंधा | २२८ |

| | વિષય | પૃષ્ટાંક | | વિષય | પૃષ્ટાંક |
|---|---|---|---|---|---|
| | अंतो बहिं विउसिज्ज | ૩૨૬ | | उड्ढं अहे य तिरियं | ૩૭૩ |
| આ | आइवखइ भासइ | ૧૪૧ | | उड्ढं सोया | ૨૧૪ |
| | आउरं लोगमायाए | ૨૩૪ | | उप्पइए पडिवयमाणे | ૨૫૫ |
| | आउरेपाणे | ૧૦૮ | | उभयाणुपस्सी | ૧૫૫ |
| | आगइं गइं परिण्णाय | ૧૨૪ | | उववायं चवणं | ૧૨૦ |
| | आघाइ से णरे | ૨૨૩ | | उववायं–चवणं | ૨૯૦ |
| | आढायमाणे | ૨૭૨ | એ | एगमप्पाणं संपेहाए | ૧૫૫ |
| | आणाए मामगं धम्मं | ૨૩૯ | | एगो अहंमसि | ૨૩૬ |
| | आणाकंखी | ૧૫૪/૯૪ | | एगं जाणइ | ૧૩૨ |
| | आतीतट्ठे | ૩૧૪ | | एगं विगिंचमाणे | ૧૩૫ |
| | आयओ बहिया पास | ૧૨૩ | | एगंतगए | ૩૪૪ |
| | आयट्ठं | ૫૫ | | एस णाए | ૯૪ |
| | आयतचकखु | ૮૨ | | एस से परमारामो | ૧૯૭ |
| | आयतन | ૭૩ | ઓ | ओए | ૨૫૮ |
| | आयतजोगयाए | ૩૭૧ | | ओमोयरियं | ૩૬૭ |
| | आयत्ताए | ૨૨૬ | ઋ | ઋજુ | ૧૭ |
| | आयाणं | ૨૪૪ | ક | कडिबंघणं | ૩૧૬ |
| | आयाणसोयं | ૩૪૭ | | कम्मं च पडिलेहाए | ૧૧૦ |
| | आयाणीय | ૧૨ | | कम्ममूलं च जं छणं | ૧૧૦ |
| | आयाणसोय गढिए | ૧૬૧ | | कसेहिं अप्पाणं | ૧૫૬ |
| | आयवं | ૧૦૫ | | कालकंखी | ૧૧૭ |
| | आयंकदंसी | ૧૧૬/૧૧૩/૪૦ | | कालपरियाए | ૩૦૦ |
| | आरंभजीवी | ૧૧૫ | | कालण्णे | ૭૯ |
| | आवट्टसोयं | ૧૦૫ | | कालेणुट्ठाइ | ૭૯ |
| | आवीलए पवीलए णिप्पीलए | ૧૫૯ | | किदृए | ૨૬૦ |
| | आहारं संवट्टेज्वा | ૩૧૨ | | किसा बाहा भवंति | ૨૪૫ |
| ઈ | इमेण चेव जुज्झाहि | ૧૮૫ | | कुचरा उवचरंति | ૩૫૭ |
| | ईसिं साई आसी | ૩૫૪ | | कुसले पुणे णो बद्धे | ૯૮ |
| | ઈંગિત મરણ | ૩૧૩ | | कोहदंसी | ૧૩૭ |
| ઉ | उग्गहं | ૮૦ | | कंखेज्ज कालं | ૨૬૫ |
| | उच्चइलयं दूरालइयं | ૧૨૮ | ખ | खणं | ૫૬ |
| | उट्ठाए | ૩૩૯ | | खणयण्णे | ૭૯ |
| | उट्ठियस्स ठियस्स नइं | ૨૦૭ | | खेयण्णे | ૨૪/૭૯ |
| | उड्ढं ठाणं ठाएज्जा | ૧૯૯ | ગ | गाम धम्मा उब्बाहंति | ૨૯૩ |

| | વિષય | પૃષ્ટાંક | | વિષય | પૃષ્ટાંક |
|---|---|---|---|---|---|
| | गारमावसंतहिं | ૧૯૦ | | तद्दिट्ठिए | ૧૯૪ |
| | गुत्ति वओ गोयरस्स | ૨૭૬ | | તદ્દુભય શસ્ત્ર | ૧૦ |
| | गुरु से कामा | ૧૬૮ | | तप्पुरक्कारे | ૧૯૪ |
| | गंथे | ૧૨ | | तम्मुत्तीए | ૧૯૪ |
| ચ | चइत्ता पुव्वसंजोगं | ૨૩૪ | | तस्सण्णी | ૧૯૪ |
| | चिच्चा सव्वं विसोत्तिगं | ૨૩૮ | | ताणाए – सरणाए | ૫૨ |
| છ | छण्णकहं कहे | ૩૧૪ | | तिविहेण | ૬૮ |
| | छणं छणं | ૯૮ | | तुमं सि णाम सच्चेव | ૨૦૮ |
| | छसु अण्णयरम्मि कप्पइ | ૮૯ | દ | दयं लोगस्स | ૨૫૯ |
| જ | जमेगे विहरमाइए | ૨૯૯ | | दविएहिं | ૨૫૬ |
| | जहा अंतो तहा बाहिं | ૮૪ | | दविया | ૪૧ |
| | जहा से दीया पोए | ૨૪૮ | | दिट्ठेहिं णिव्वयं गच्छेज्ज | ૧૪૩ |
| | जागरवेरोवरए | ૧૦૭ | | दिसाओ | ૩ |
| | जाणइ – पासइ | ૨૧૫ | | दीहरायं | ૧૮૧ |
| | जामा – યામ | ૨૭૮ | | दीहलोगसत्यस्स | ૨૪ |
| | जे अचेले परिवुच्चिए | ૨૪૪ | | दुहओ | ૧૨૯ |
| | जे आया से विण्णाया | ૨૦૯ | | दोहिं अंतेहिं अदिस्समाणे | ૧૧૧ |
| | जे कोहदंसी | ૧૩૭ | | દંડના પ્રકાર | ૨૭૯ |
| | जे य हिरि जेय अहिरिमाणा | ૨૩૮ | ધ | धम्मवं | ૧૦૫ |
| | जोगं | ૩૪૭ | | धुणे कम्मसरीरगं | ૯૩ |
| | झंझाए | ૧૩૦ | | धुयवायं | ૨૩૦ |
| ણ | ण छणे ण छणावए | ૧૨૦ | ન | નિયાગ પ્રતિપન્ન | ૧૭ |
| | ण हंतव्वा...(६) | ૧૪૧ | પ | पज्जवजायसत्थस्स | ૧૦૯ |
| | णत्थि मग्गे विरयस्स | ૧૭૮ | | पडिलेहाए | ૫૯ |
| | णाणब्भट्ठा दंसणलूसिणो | ૨૫૬ | | पडिलेहाए णावकंखइ | ૨૧૫ |
| | णायवं | ૧૦૫ | | पण्णाणेहिं | ૧૦૫ |
| | णिक्कम्मदंसी | ૧૬૨ | | पण्णाणमुवलब्भ | ૨૫૦ |
| | णिद्दियट्ठि | ૨૫૭ | | पभू णिरालंबणयाए | ૨૧૨ |
| | णेव से अंतो णेव से दूरे | ૧૬૯ | | पमत्ते | ૨૫ |
| | णो अत्ताणं आसाएज्जा | ૨૬૧ | | पमाई | ૧૦૮ |
| | णो घोएज्जा णो रएज्जा | ૨૯૬ | | પરકાય શસ્ત્ર | ૧૦ |
| | णो पडिसंजलिज्जासि | ૧૫૮ | | परमचक्खू | ૧૮૦ |
| | णो से साइज्जाइ तेइच्छं | ૩૬૮ | | પર સહાય વિમોક્ષ | ૩૦૮ |
| ત | तण्णिवेसणे | ૧૯૪ | | परिग्गहं अममायमाणे | ૭૯ |

| | વિષય | પૃષ્ટાંક | | વિષય | પૃષ્ટાંક |
|---|---|---|---|---|---|
| | **परिण्णा** | ૭ | | **बंभचेरं** | ૧૭૯ |
| | **परिण्णाय** | ૨૪૫ | | **बंभवं** | ૧૦૫ |
| | **परिण्णा विवेगे** | ૧૮૬ | ભ | ભક્તપ્રત્યાખ્યાન | ૩૨૫ |
| | **परिण्णे सण्णे** | ૨૧૮ | | **भावण्णे** | ૭૯ |
| | પરિનિર્વાણ | ૩૫ | | **भेरवयाणा** | ૨૪૧ |
| | **परिहरेज्जा** | ૮૧ | | **भोगामेव अणुसोयंति** | ૭૧ |
| | પરિજ્ઞાત કર્મા | ૮ | મ | **मद्दवियं** | ૨૬૦ |
| | **परेण परं** | ૧૩૪ | | **महामुणी** | ૨૬૦ |
| | **पलिछिंदियाणं** | ૧૧૭ | | **महेसिणो** | ૨૦૨ |
| | પ્રમાદ | ૧૦૮ | | **मायण्णे** | ૭૯ |
| | પાદપોગમન | ૩૨૦ | | **मायं जाणेज्जा** | ૮૦ |
| | પાત્ર સંબંધી ઉપકરણ | ૨૯૫ | | **मुयच्चा** | ૧૫૩ |
| | **पारगामिणो** | ૫૮ | | **मोणं** | ૯૩ |
| | પાસગસ્સ | ૬૯ | | **मंदस्स** | ૧૬૯ |
| | **पासगस्स उवरय सत्थस्स** | ૧૩૮ | ર | **रुवंसि वा छणंसि** | ૧૮૭ |
| | **पासं** | ૧૧૫ | લ | **लहुभूयगामी** | ૧૨૨ |
| | પ્રાણ–ભૂત–જીવ–સત્ત્વ | ૩૫/૩૬ | | **लाघवियं** | ૨૬૦ |
| | **पिहियच्चे** | ૩૪૪ | | લાઢદેશ | ૩૬૪ |
| | **पुट्ठो अबलो** | ૩૦૨ | | **लूसगा भवंति** | ૨૫૮ |
| | **पुण्णस्स** | ૯૬ | | **लोकैषणा** | ૧૪૪ |
| | **पुव्वावररायं जयमाणं** | ૧૮૫ | | **लोगवित्तं** | ૧૭૯ |
| | **पोरिसिं तिरियभित्ति** | ૩૪૩ | | **लोगविपस्सी** | ૮૨ |
| | **पंडिए** | ૧૮૫ | | **लोगसण्णं** | ૧૧૧/૯૧ |
| | **पंतं लूहं च सेवंति** | ૧૯૦ | | **लोगसण्णं** | ૧૧૧ |
| ફ | **फरुसियं णो वेदेइ** | ૧૦૬ | | **लोभस्स पासे** | ૧૨૧ |
| | **फलगावतट्ठी** | ૨૬૫ | વ | **वण्णाएसी** | ૧૮૮ |
| | **फासा** | ૭ | | **वसित्ता बंभचेरंसि** | ૧૬૦ |
| | **फासा य असमंजसा** | ૨૨૬ | | **वसुमं** | ૧૮૮ |
| બ | **बद्धे पडिमोयए** | ૯૭ | | **वसु वा अणुवसुवा** | ૨૩૪ |
| | **बलण्णे** | ૭૯ | | **वासगा** | ૨૨૮ |
| | **बालस्स** | ૧૬૯ | | **विगिंच मंस सोणियं** | ૧૬૦ |
| | **बालाए** | ૩૮ | | **विणयण्णे** | ૭૯ |
| | **बिइया मंदस्स बालया** | ૨૫૧ | | **वितद्दे** | ૨૫૪ |
| | **बंधप्पमोक्खमण्णेसि** | ૯૮ | | **वितिगिच्छाए** | ૧૨૪ |

| | વિષય | પૃષ્ટાંક |
|---|---|---|
| | वितिगिच्छा समावण्णेणं | ૨૦૩ |
| | विदित्तालोगं | ૧૧૧ |
| | विघूतकप्पे | ૧૨૬ |
| | विप्परामुसंति | ૧૬૭ |
| | विभए | ૨૬૦ |
| | वियडे | ૩૫૯ |
| | विरइ | ૨૬૦ |
| | विस्सेणिं कट्ठु | ૨૪૫ |
| | विसोतियं | ૧૮ |
| | वेयव्वं | ૧૦૫ |
| | वेयावडियं करणाए | ૩૧૮ |
| | वेरं वड्ढइ अप्पणो | ૧૧૬ |
| | वंक समायोरेहिं | ૧૯૦ |
| | वंताकोहं | ૧૩૧ |
| સ | सच्चं सच्चवाइ | ૩૧૩ |
| | सच्चंम्मि | ૧૧૭ |
| | सच्चमेव समभिजाणाहि | ૧૨૯ |
| | सड्ढिस्स णं समणुण्णस्स | ૨૦૫ |
| | सण्णा | ૩ |
| | सत्थस्स, असत्यस्य | ૧૦૯ |
| | सत्थारमेव फरुसं वयंति | ૨૫૧ |
| | समणाविब्भंत्ते | ૨૫૬ |
| | समणुण्णा जीविस्सामो | ૨૫૦ |
| | समणुण्णस्स–असमणुण्णस्स | ૨૭૧ |
| | समत्तदंसिणो | ૧૫૩ |
| | समयं | ૧૨૪/૧૦૪ |
| | समयण्णे | ૭૯ |
| | समाहिं | ૨૦૩ |
| | समियदंसणे | ૨૫૮ |
| | समियंति मण्णामाणस्स | ૨૦૬ |
| | सम्मत्तदंसी | ૧૧૫ |
| | सम्मत्तमेव समभिजाणिज्जा | ૨૪૪ |
| | सम्ममेयं ति पासह | ૨૦૨ |
| | समुट्ठियाणं | ૨૧૫ |
| | सव्वओ पमत्तस्स भयं | ૧૩૩ |
| | सव्वओ मुंडे रीयंति | ૨૩૬ |
| | सव्वामगंधं | ૭૮ |
| | સવિચાર–અવિચાર અનશન | ૩૨૧ |
| | सव्विंदिएहिं परिगिलायमाणेहिं | ૨૯૦ |
| | સ્વકાયશસ્ત્ર | ૧૦ |
| | सीओसिणच्चाइ | ૧૦૬ |
| | सीयफासं | ૩૦૦ |
| | सीलं सुपेहाए | ૧૮૫ |
| | सुत्ता | ૧૦૩ |
| | सुद्धेसणाए सव्वेसणाए | ૨૪૦ |
| | सुसाणंसि | ૨૮૫ |
| | सुस्सूसमाणेसु | ૨૬૦ |
| | सूइयं | ૩૭૧ |
| | से णो काहिए | ૨૦૦ |
| | से बेमि | ૧૪૧ |
| | सोयं | ૨૬૦ |
| | सोवट्ठाणा णिरुवट्ठाणा | ૨૧૧ |
| | संगामसीसे | ૨૬૪ |
| | संणिहाणसत्थस्स | ૨૯૧ |
| | संतरुत्तरे | ૨૯૭ |
| | संति | ૨૬૦ |
| | संतिगइया | ૪૧ |
| | संदीनद्वीप | ૨૪૭ |
| | संधिं लोगस्स जाणित्ता | ૧૨૩ |
| | संधिं विदित्ता | ૮૩ |
| | संबुज्झमाणा संबोधि | ૨૮૯ |
| | संवच्छर साहियं मासं | ૩૪૦ |
| | संसयं परियाणओ | ૧૭૦ |
| | संसयं अपरियाणओ | ૧૭૧ |
| હ | હિંસામાં અદત્ત | ૨૧ |

# ગુરુ પ્રાણ આગમ બત્રીસીના
# શ્રુત સહયોગી દાતાઓ

**: પ્રથમ આગમ વિમોચક :**

માતુશ્રી ચંપાબેન શાંતીલાલ પરષોત્તમદાસ સંઘવી તથા
માતુશ્રી મૃદુલાબેન નવનીતરાય શાંતીલાલ સંઘવી ના સ્મરણ સાથે
સૌ. કુંદનબેન જયંતીલાલ શાંતીલાલ સંઘવી
શ્રી નવનીતરાય શાંતીલાલ સંઘવી
શ્રી રાજીવ જયંતીલાલ, શ્રી શૈલેશ નવનીતરાય, શ્રી હિરેન નવનીતરાય સંઘવી

**શ્રુતાધાર**

- માતુશ્રી કુસુમબેન શાંતિલાલ શાહ
  હસ્તે – સુપુત્ર શ્રી ઈપ્સિત – ડો. નીતા શાહ, શ્રી ભાષિત – દર્શિતા શાહ — મુંબઈ
- માતુશ્રી સવિતાબેન ડો. નાનાલાલ શાહ (હેમાણી)
  સુપુત્ર શ્રી સતીષ – રશ્મિ શાહ, સુપુત્રી શ્રીમતી ડો. ભારતી – ડો. રશ્મિકાંત શાહ — U.S.A.
- સાધ્વી સુબોધિકા (ભદ્રા) જૈન ટ્રસ્ટ, માતુશ્રી લલિતાબેન પોપટલાલ શાહ (હેમાણી)
  બહેન–શ્રીમતી લતા શરદ શાહ, શ્રીમતી હર્ષા ભૂપેન્દ્ર મોદી — આકોલા
- શ્રીમતી દત્તા ગિરીશ શાહ (પૂ. સુબોધિકાબાઈ મ. ના ભાઈ–ભાભી) સુપુત્ર
  શ્રી મુંજાલ – વિજ્યા , શ્રી ભાવિન – તેજલ, સુપુત્રી નિવિશા મનીષ મહેતા — U.S.A.
- પૂ. આરતીબાઈ મ. ના બહેનો – શ્રીમતી સરોજબેન જશવંતરાય દોમડિયા
  શ્રીમતી હર્ષાબેન વસંતરાય લાઠીયા હસ્તે – શ્રી અલકેશ, શ્રી પ્રિયેશ, શ્રી હેમલ — મુંબઈ
- માતુશ્રી જયાબેન શાંતીલાલ કામદાર, માતુશ્રી રમાબેન છોટાલાલ દફતરી
  હસ્તે શ્રીમતી પ્રેમિલાબેન કિરીટભાઈ દફતરી — U.S.A.
- ડો. ભરતભાઈ ચીમનલાલ મહેતા
  સુપુત્ર–ચી. મલય, સુપુત્રી શ્રીમતી વિરલ આશિષ મહેતા — રાજકોટ
- માતુશ્રી વિજયાલક્ષ્મીબહેન માણેકચંદ શેઠ
  સુપુત્ર શ્રી દિલસુખભાઈ શેઠ, શ્રી ચંદ્રકાંતભાઈ શેઠ (શેઠ બિલ્ડર્સ) — રાજકોટ
- શ્રી રતિગુરુ ચેરીટેબલ ટ્રસ્ટ, હસ્તે ટી. આર. દોશી — રાજકોટ
- શ્રી રતિગુરુ ચેરીટેબલ ટ્રસ્ટ, હસ્તે ટી. આર. દોશી — રાજકોટ
- શ્રી રતિગુરુ ચેરીટેબલ ટ્રસ્ટ, હસ્તે ટી. આર. દોશી — રાજકોટ
- શ્રી રતિગુરુ ચેરીટેબલ ટ્રસ્ટ, હસ્તે ટી. આર. દોશી — રાજકોટ
- માતુશ્રી હીરાગૌરી હરિલાલ દોશી, શ્રીમતી પૂર્ણિમાબેન નરેન્દ્ર દોશી
  હસ્તે – નરેન્દ્ર – મીના દોશી, કુ. મેઘના, કુ. દેશના — રાજકોટ

- માતુશ્રી કાશ્મીરાબેન કાંતિભાઈ શેઠ
  હસ્તે – શ્રીમતી હેતલ સંજય શેઠ, કુ. ઉપાસના, કુ. કીંજલ — રાજકોટ
- માતુશ્રી જશવંતીબેન શાંતીલાલ તુરખીયા, શ્રીમતી ભાવના દિલીપ તુરખીયા
  હસ્તે – દિલીપ એસ. તુરખીયા, સુપુત્ર – શ્રી પારસ – રિદ્ધિ તુરખીયા — મુંબઈ
- માતુશ્રી કિરણબેન પ્રવીણચંદ્ર દોશી
  હસ્તે સુપુત્ર શ્રી નીરવ – તેજલ દોશી, કુ. પ્રિયાંશી, કુ. ઝીલ — મુંબઈ
- માતુશ્રી મંજુલાબેન છબીલદાસ ચૂડગર
  હસ્તે – સુપુત્ર શ્રી કેતન – આરતી ચૂડગર, કુ. ધ્રુવી — મુંબઈ
- શ્રી લક્ષ્મીચંદભાઈ જસાણી પરિવાર — રાજકોટ
- શ્રી પ્રવિણભાઈ ગંભીરદાસ પારેખ — મુંબઈ
- કુ. વિધિ ગિરીશ જોશી, કુમાર કુશાન ગિરીશ જોશી
  હસ્તે – શ્રીમતી નીલાબેન ગિરીશભાઈ જોશી — મુંબઈ
- શ્રી પરેશભાઈ સુમતીભાઈ શાહ — મુંબઈ
- શ્રી કિશોરભાઈ શાહ — મુંબઈ
- શ્રી રમેશભાઈ ગટુલાલ કામદાર — ચેમ્બુર
- માતુશ્રી લીલાવતીબેન નીમચંદ નથુભાઈ દોશી, સ્વ. કિશોરકુમાર નીમચંદ દોશી,
  સ્વ. મૃદુલા કુંદનકુમાર મહેતા. હસ્તે – હર્ષદ અને કુમકુમ દોશી — કલકત્તા
- માતુશ્રી તારાબેન મોદી — કલકત્તા
- માતુશ્રી મધુકાંતાબેન નંદલાલ ભીમાણી
  હસ્તે – શ્રી રાજેશભાઈ ભીમાણી — કલકત્તા
- માતુશ્રી કીકીબેન દેસાઈ, હસ્તે – શ્રી શૈલેશભાઈ–મીનાબેન દેસાઈ — મુંબઈ
- શ્રી અંજલભાઈ ઢાંકી — મુંબઈ
- ગુરુભક્ત — રાજકોટ
- શ્રી હેમેન્દ્રભાઈ પૂંજાણી
- માતુશ્રી ચંપકબેન શશીકાંતભાઈ મહેતા, હસ્તે – સુપુત્રી શ્રી કિરીટ–અરૂણા,
  શ્રી અજય – નીતા, શ્રી કમલેશ – દિવ્યા, સુપુત્રી – નિરૂપમા – નિરંજન દોશી — મુંબઈ
- માતુશ્રી નર્મદાબેન રૂગનાથ દોશી, હસ્તે – શ્રી કાંતીભાઈ રૂગનાથ દોશી — કલકત્તા
- શ્રી હેમલતાબેન નટવરલાલ મણીયાર — વડોદરા
- માતુશ્રી અમૃતબેન ભગવાનજી અવલાણી પરિવાર
  હસ્તે – શ્રી રમણીકભાઈ ભગવાનજી અવલાણી — કલકત્તા
- શ્રી કેશવજીભાઈ શાહ પરિવાર — કલકત્તા

## શ્રુત અનુમોદક

- શ્રીમતી ડો. ભારતીબેન – ડો. રશ્મિકાંત કાંતીલાલ શાહ — U.S.A.
- શ્રીમતી લતાબેન – શ્રી શરદભાઈ કાંતીલાલ શાહ — U.S.A.
- શ્રીમતી હર્ષા ભૂપેન્દ્ર મોદી, શ્રીમતી જીમિતા હિરેન મોદી,
  શ્રીમતી ડો. શ્રુતિ મહેશ વર્મા, શ્રીમતી ભવિતા જયંત ઈંગળે — આકોલા
- શ્રી સૌરાષ્ટ્ર દશાશ્રીમાળી પ્રાણ મહિલા મંડળ, હસ્તે – અધ્યક્ષા સૌ. હર્ષાબેન મોદી — આકોલા
- માતુશ્રી નિર્મળાબેન લાલચંદ ભરવાડા — કોલ્હાપુર
- શ્રી પરેશભાઈ રમેશચંદ્ર સુતરીયા — મુંબઈ
- માતુશ્રી સુશીલાબેન કાંતીલાલ પંચમીયા — મુંબઈ
- શ્રી મીનાબેન હરીશભાઈ દેસાઈ — કલકત્તા

## શ્રુત સદસ્ય

- શ્રી પારિતોષ આર. શાહ — મુંબઈ
- શ્રીમતી રાજુલ રજનીકાંત શાહ — મુંબઈ
- જૈન જાગૃતિ સેન્ટર — વાશી (મુંબઈ)
- શ્રી મુકુન્દ આર. શેઠ — મુંબઈ
- શ્રી કેતનભાઈ શાહ — મુંબઈ
- શ્રીમતી ગુણવંતીબેન પ્રફુલ્લચંદ્ર દોમડીયા — મુંબઈ
- શ્રી સુધીરભાઈ પી. શાહ — મુંબઈ
- શ્રી રાજેશ કલ્યાણભાઈ ગાલા — મુંબઈ
- શ્રીમતી મૃદુલાબેન નવનીતરાય સંઘવી
  હસ્તે – સૌ. હીના શૈલેશ સંઘવી, સૌ. સોનલ હિરેન સંઘવી — કલકત્તા


આગમ શાસ્ત્ર
આગમ શાસ્ત્ર


આગમ શાસ્ત્ર
આગમ શાસ્ત્ર

# PARASDHAM

Vallabh Baug Lane, Tilak Road,
Ghatkopar (E), Mumbai - 400 077.
Tel : 32043232.

www.parasdham.org
www.jainaagam.org